

શ્રી કનક જૈન
જ્યોતિષ સંગ્રહ
સંપાદક : પ.પૂ. મુનિશ્રી
હરિપ્રભ વિજયજી મ.સા.
શુકન શાસ્ત્ર
સામુદ્રીક શાસ્ત્ર
વૈદ્ય શાસ્ત્ર
સંગીત શાસ્ત્ર
વાસ્તુ શાસ્ત્ર
યોગાસનો
યંત્ર
મંત્ર

## જ્યોતિષ દીપક

જ્યોતિષ કાંઈ ફેરફાર કરતું નથી પણ દીપકની માફક બનનારા બનાવોને દેખાડે છે. કેવળી ભગવંતો પોતાના આત્મિક જ્ઞાનથી સઘળું જુવે છે તથા જાણે છે. જ્યારે આપણા જેવા છદ્મસ્થ જ્યોતિષાદિ દ્વારા કંઈક જાણી શકે છે. જ્યોતિષ જાણવામાં પાપ નથી, પણ તેનો દુરુપયોગ કરવામાં પાપ છે. જ્યોતિષાદિને જે માનતો નથી તેને મિથ્યાત્વ લાગે છે, કેમકે જ્યોતિષાદિ જિનેશ્વરોએ પણ કહ્યું છે. તથા ઉત્તમ પુરુષોએ તેનો સદુપયોગ કરી શાસન પ્રભાવના પણ કરી હતી.

મુનિ હરિ પ્રભ વિજય

આ પુસ્તક જ્ઞાન ખાતામાંથી પ્રકાશીત થયેલ છે. તેથી
ગૃહસ્થોએ માલિકી કરવી હોય તો વેચાણમાં લેવું.

# શ્રી કનક જૈન જ્યોતિષ સંગ્રહ

સચિત્ર

ૐ હ્રીં અર્હં નમઃ

શ્રી જિત - હીર - બુદ્ધિ - તિલક - સદ્ ગુરુભ્યો નમઃ
શાંતિચંદ્ર - કનકપ્રભ સૂરિ સદ્ગુરુભ્યો નમઃ

: પ્રકાશક :
કનક કીર્તિ હરિગ્રંથ માળા, અમદાવાદ
ગ્રંથાંક-૩

© સર્વહક્ક પ્રકાશકને સ્વાધીન

: વિમોચન સ્થળ :
શ્રી ઝવેરીપાર્ક આદીશ્વર જૈન સંઘ, અમદાવાદ - ૧૩.
દિનાંક : ૨૭-૯-૯૮ આસો સુદ-૬

વિવિધ સંગ્રહ પ્રકાશન : તૃતીય

સંપાદક
પ.પૂ. મુનિરાજશ્રી હરિપ્રભ વિજય મ.સા.

# શ્રી કનક જૈન જ્યોતિષ સંગ્રહ

## સચિત્ર

શાસન પતિ શ્રી મહાવીર સ્વામીને નમઃ
શ્રી જિત - હીર - બુદ્ધિ - તિલક - શાંતિચંદ્ર - કનપ્રભ સૂરિ ગુરૂભ્યો નમઃ


**: સંગ્રાહક :**
મુનિરાજ શ્રી કીર્તિપ્રભ મ.સા.ના
શિષ્યરત્ન મુનિશ્રી હરિપ્રભ વિજય મ.સા.



**: પ્રકાશક સહાયક :**
શ્રી ઝવેરીપાર્ક આદીશ્વર જૈન સંઘ
શ્રી હાડેચા જૈન સંઘ - હાડેચા (રાજસ્થાન)

**: પ્રાપ્તિ સ્થાન :**
શ્રી હાડેચા જૈન સંઘ - હાડેચા (રાજસ્થાન)
શ્રી કંચન ગ્રુપ - હાડેચા (મુંબઈ)

**: સંપર્ક સૂત્ર :**
**મહેતા કીર્તિલાલ ચીમનલાલ ગાંધી - ફોન નં. ૫૬૨૦૫૦૩**
**રમણલાલ વાડીલાલ શાહ (કટોસણ વાળા) ફોન નં. ૬૭૫૧૭૪૯, ૬૭૪૨૭૪૯.**

**મુદ્રક : નવનીત પ્રીન્ટર્સ (નિકુંજ શાહ)**

૨૭૩૩, કુવાવાળી પોળ, શાહપુર,
અમદાવાદ. ફોન નં. (૦૭૯) ૫૬૨૫૩૨૬.

**નકલ : ૨,૦૦૦** **કિંમત : ૧૨૫=૦૦**

# શ્રી

# કનક જૈન જ્યોતિષ સંગ્રહ

## પ્રસ્તાવના

### 卐 પ્રથમ આવૃતિ 卐

'કનક જૈન જ્યોતિષ સંગ્રહ' આ બૃહદ ગ્રંથનું નામકરણ કનક એટલે સુવર્ણ (Gold) પરમ પૂજ્ય આચાર્ય **શ્રીમદ્ વિજય કનક પ્રભ સુરીશ્વરજી મહારાજા સાહેબ**ના શુભનામ ઉપરથી પાડવામાં આવ્યું છે.

આ ગ્રંથમાં આશરે ૭૨૦ જેટલાં પૃષ્ઠો આવેલાં છે. જેમાં જૈન ધર્મના વિવિધ ધર્મશાસ્ત્રો તથા વિવિધ અન્ય જ્યોતિષગ્રંથોના આધાર રૂપ સાર દોહન સ્વરૂપ મહાન - ભવ્ય અને દિવ્ય જ્ઞાનકોશ આપવાનો નમ્ર પ્રયત્ન કર્યો છે. ભારતીય સંસ્કૃતિમાં જ્યોતિષના ગ્રંથો અગણિત છે. એમાંથી યથા યોગ્ય વિગતોને ધ્યાનમાં રાખી સમગ્ર જૈન ધાર્મિક સમાજ સમક્ષ પ્રાચીન તથા અર્વાચીન જ્ઞાન ભંડારનું દર્શન કરાવવાનો શુભ પ્રયત્ન **મુનિશ્રી હરિપ્રભ વિજય** મહારાજ સાહેબે કર્યો છે. જેને તેઓશ્રીએ યથાશક્તિ સ્વયં કંઠસ્થ મોંઢે કરી, તેની શાસ્ત્રીય પદ્ધતિ તથા વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરી બહાર પ્રગટ કર્યો છે. આ મહાન ગ્રંથની લોકપ્રિયતાની સાબિતી સમયની કસોટી દ્વારા થશે.

જૈન ધર્મના મહાન આચાર્યો કચ્છ વાગડ સમુદાયમાં **શ્રી જિત-હીર-બુદ્ધિ-તિલક-શાંતિચંદ્ર-કનકપ્રભ સુરીશ્વરજી**થી સમગ્ર કચ્છ-વાગડ સમુદાય સુશોભિત છે. આ સમુદાયના પ.પૂ. આચાર્ય **શ્રીમદ્ વિજય કનક પ્રભ સુરીશ્વરજી** મહારાજા સાહેબના શિષ્ય **મુનિવર શ્રી કીર્તિપ્રભ વિજય** મ.સા.ના **સુશિષ્ય મુનિશ્રી હરિપ્રભ વિજય** મ.સા. એ અતિશય શ્રમ લઈને, ઝવેરીપાર્ક જૈન સંઘ અમદાવાદમાં સવંત ૨૦૫૪ના ચાર્તુમાસમાં આ મહાન દિવ્ય ગ્રંથની રચના કરી છે.

આ ગ્રંથમાં જૈન ધર્મનાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા, નાનાં મોટા સૌ સુજ્ઞ-જૈનોને સરળ -સહજ ભાવે જયોતિષ વિષયક તથા સંગીત, દેશી વૈદક વિગેરે વિષયક સામાન્ય જ્ઞાન - વિજ્ઞાન મળી રહે, સમજૂતી મળી રહે એવો નમ્ર પ્રયાસ છે. અન્ય વિદ્વાન અને અભ્યાસીઓને ઉપયોગી નીવડશે એવી અપેક્ષા છે.

આ નવયુવાન **મુનિશ્રી હરિપ્રભ વિજય મ.સા.**વિષે થોડીક નોંધ લેવી અસ્થાને નહિ ગણાય.

એઓશ્રી આજે માત્ર ઓગણીસ વર્ષનાં છે. માત્ર બાર વર્ષની બાલવયે જૈન ધર્મમાં દીક્ષિત બની જૈન મુનિ મહારાજ બન્યા છે. જૈનધર્મની ચેતના અને જાગૃતિનું સત્ય સ્વરૂપ તથા જૈનધર્મના જૈન આગમોમાં સ્થિર બુદ્ધિનું સ્વરૂપ સાચા અર્થમાં આ મુનિમાં દ્રષ્ટિગોચર થાય છે.

જૈનધર્મમાં કુલ પીસ્તાલીશ આગમ શાસ્ત્રો છે. એમાંથી બાર આગમો એમને કંઠસ્થ મુખપાઠ છે.

દર વર્ષે સંવત્સરિ મહાપર્વમાં જૈન ધર્મના શ્રી કલ્પસૂત્ર બારસો ગાથાના શ્લોકોને માત્ર એક કલાક અને વીશ મિનિટમાં વ્યાખ્યાન વાચના આપતા નિહાળવાં, એ આ મુનિને જોવાં અને અનુભવવાં એ જીંદગીનો અનેરો લાહવો છે. એ ઓ પુસ્તક પોથીમાં જોયા વિના જ કંઠસ્થ રીતે મુખપાઠથી શ્રી કલ્પસૂત્રનું શ્રવણ કરાવે છે.

તદ્ ઉપરાંત, એમને સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, હિન્દી, તથા અંગ્રેજી ભાષાઓનું વ્યવહારિક જ્ઞાન છે. એઓએ આ ભવ્ય તથા મહાન ગ્રંથનું સંપાદન કરેલું છે.

**મુનિશ્રી હરિપ્રભ વિજય મહારાજ સાહેબ** એમના જીવનનાં નવયુવાનીના શરૂઆતના વર્ષોમાં જૈનધર્મનાં આગમાદિ પવિત્ર ધર્મશાસ્ત્રોમાં શાંત ચિત્તે, એક જ ધ્યાન, આનંદ તથા પ્રેમથી અભ્યાસ રત છે. એમની ભાવના પીસ્તાળીશ આગમો કંઠસ્થ કરવાની છે. એમણે આ જયોતિષ સંગ્રહ ગ્રંથને પોતાના જાત અનુભવ, જ્ઞાનની એરણ ઉપર કસોટીએ ચઢાવીને રચના કરી છે; છતાં તેઓશ્રી તંત્ર-મંત્ર-યંત્રં- કે જયોતિષ વિદ્યાના કંઈપણ પ્રયોગો કરી આપતા નથી. તથા કોઈનો પણ હાથ વિગેરે જોતા નથી. આ સર્વેથી સદા અલિપ્ત રહીને તેઓ પોતે ધર્મશાસ્ત્રોના અભ્યાસ અને જ્ઞાન પ્રાપ્તિમાં સદાય લયલીન રહે છે. તેઓશ્રી શુદ્ધ આત્મ ધ્યાન, ચિંતન, મનન તથા આત્મ નિદિધ્યાસનની શુભમ ભાવ-શૂકલભાવની આત્મ

પરિણતિમાં સ્થિર રહે છે. એ એમની સવિશેષ આનંદજનક વિશિષ્ટ વિશેષતા છે.

પાઠકવર્ગ - વાંચક વર્ગ સ્વંયમેવ આ દિવ્યગ્રંથમાંથી યથા યોગ્ય પ્રેરણા મેળવીને સ્વ-પર કલ્યાણને સાધી શકે છે.

જેમ શુદ્ધ સ્ફટિક જેવાં જળમાં સ્પષ્ટ પ્રતિબિંબ દેખાય છે. જેમ સ્વચ્છ દર્પણમાં સ્વચ્છ અને સુંદર પ્રતિબિંબ દેખાય છે, એમ, સ્થિર અને પવિત્ર શુદ્ધ બુદ્ધિ દ્વારા ભાવીમાં બનનારા બનાવોની આગાહી થઈ શકે છે.

આવાં ઉદાહરણમાં કલિકાલ સર્વજ્ઞ **શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય, આચાર્ય હરિભદ્ર** સુરિજી, મહાન ભક્તામર સ્તોત્ર રચયિતા **આચાર્ય શ્રી માનતુંગ સૂરિજી, આચાર્ય શ્રી સિદ્ધસેન દીવાકર સૂરિજી, આચાર્યશ્રી ઉમાસ્વાતિ મહારાજ, આચાર્ય શ્રી ભદ્રબાહુ સૂરિજી, અધ્યાત્મયોગી મહાત્મા આનંદઘન મહારાજા,** વિગેરે વિગેરે ગણાવી શકાય છે.

દરેક પાઠક વર્ગને છેવટની એક જ વિનંતિ છે કે, માત્ર જ્યોતિષ એક માર્ગદર્શક ભોમિયો છે. જ્યોતિષ કે જ્યોતિષી આપને કાંઈજ આપી શકે એમ નથી. જો એમનામાં એવી શક્તિ હોય તો, તે લોકો જ શા માટે કરોડપતિ બની જતાં નથી ?

આથી સારું - સુંદર, સુઘડ - ભવ્ય અને મહાન ભવિષ્ય ઉત્પન્ન કરવા માટે જ્યોતિષનો માત્ર માર્ગદર્શક તરીકે ઉપયોગ કરી, પ્રચંડ અને ભવ્ય પુરુષાર્થની ચાવી દ્વારા ભાવીનાં દ્વાર ખોલવાં આવશ્યક છે. તેથી જ સર્વ કાંઈની પ્રાપ્તિ થાય છે.

## પદાર્થ જ્ઞાન

કનક જૈન જ્યોતિષ સંગ્રહ ગ્રંથમાં પદાર્થજ્ઞાન વિષયવસ્તુની ટૂંકીનોંધ નીચે મુજબ છે.

બાળકનો જન્મ થાય એ સમયે શુભાશુભ શુકનનું એકવિશિષ્ટ શાસ્ત્ર છે. કિન્તુ આપણને તેની સાચી અને યોગ્ય સમજ હોતી નથી. સામાન્ય રીતે પ્રકૃતિ કે કુદરતનાં વિવિધ તત્ત્વોની વિશિષ્ટ રચના અને પરિસ્થિતિ ઉપરથી બાળકનું જીવન, સૂતિકાની વિશિષ્ટ પરિસ્થિતિ વિગેરેની સમજૂતી મળી રહે છે. વિવાહનાં શુકન, સંતાનનાં શુકન, દેશાંતરનાં શુકન, વ્યાપારના શુકન વરસાદનાં શુકન, નવું ઘર બાંધવાના શુકન, સ્ત્રીને ગર્ભ રહેવા સંબંધ શુકન વિગેરે.

શ્રી મહાલક્ષ્મી દેવીનું શાસ્ત્રોકત વર્ણન, લક્ષ્મી પ્રાપ્તિનાં વિવિધ ઉપાયો

મંત્રો, શ્લોકો તથા તંત્ર-યંત્રોની સુચારુ અને સુયોગ્ય ગોઠવણી અને મેળવણીની રજુઆત સુંદર-સરસ-ભવ્ય છે. સદ્‌ગૃહસ્થો માટે સુરુચીકર બની રહેશે.

દ્વાદશ ભાવ ફળનાં વિધાનો વિવિધ જ્યોતિષ સંગ્રહ ગ્રંથોનાં સાર દોહન સ્વરૂપે આપેલાં છે. જેમાં નવગ્રહો જુદાં જુદાં ભાવમાં હોય તો શું ફળ આપશે ? એનું વર્ણન આપેલું છે. રિષ્ટભંગ યોગનું ફળ, એક વર્ષથી હજારો વર્ષ જીવન જીવવાનાં યોગોનું વર્ણન રસપ્રદ છે.

દશા-મહાદશા-આંતરદશા, આષ્ટોત્તરી દશા, વિશોત્તરી દશાઓનું ફલ શુભ-અશુભ ફલાદેશ જાણવા લાયક છે. બધી જ દશા કે ગ્રહો કોઈ ખરાબ કે અયોગ્ય અને દુ:ખદાયી હોતાં નથી. પરતું તેનાં શુભાશુભ પરિણામો હોય છે

જન્મવર્ષના ફળના વિભાગમાં કુલ ૬૦ સવંત્સર હોય છે. જે પ્રભવ સંવત્તસર થી ક્ષય સંવત્તસર સુધી ગણાય છે. જેનો ફલાદેશ ખૂબ જ આનંદદાયી છે, જેની ગણતરી અતિ સરળ છે. વિક્રમ સંવતના વર્ષમાં નવ ઉમેરી, જે સંખ્યા આવે તેને ૬૦ વડે ભાગવાથી જે શેષ આવે તે સંવત્સર ગણવો. અને તેનો ફળાદેશ, જે તે સવંત્સર માં જોવો.

**ઉદાહરણ :** વિક્રમ સંવત : ૨૦૩૫માં ૯ ઉમેરવાં, કુલ ૨૦૪૪ થશે. તેને ૬૦ વડે ભાગાકાર કરો, જેથી શેષ ૪ આવશે. આથી ૪ નંબરનો સંવત્સર પ્રમોદ સંવત્સર આવે છે. તેનું ફળ

**પ્રમોદ સંવત્સર :** દાતા, પુત્રથી આનંદ પામનારો, ગુણવાન,કાંતિવાળો, ચતુર, ધૂતારો અને પારકાનું કામ કરનારો થાય છે.

અયનફલ, ઋતુફળ, બારમાસ ફળ, તિથિફળ, વારફળ, પક્ષફળ, નક્ષત્ર ફળ, જન્મફળ, કરણમાં જન્મનારનું ફળ, લગ્નફળ વિગેરે વિવિધ જાત-ભાતનાં ફળોનો આદેશ જાણવા યોગ્ય છે.

મનુષ્ય માત્રનાં જન્મની સાથે જ તેનાં વિવિધ જાતનાં કર્મોને આધિન તેમનું ભાવિ અને જાતકનાં ફળાદેશ પ્રગટ થતાં હોય છે. જ્ઞાની અને વિદ્વાન અભ્યાસીઓ અને સ્વયંમેવ જાણી શકે છે. જેમ નક્ષત્રો, ગ્રહો વિગેરેનું જ્યોતિષ વિજ્ઞાન છે, એમ હસ્તરેખાનું પણ વિજ્ઞાન છે. દરેક સ્ત્રી-પુરુષના ડાબા-જમણા હાથમાં વિવિધ પ્રકારનાં સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર અને શનિનાં પહાડ તથા સૂર્યરેખા, આયુષ્યરેખા, ભાગ્યરેખા, સંતાનરેખા, વિદ્યારેખા વિગેરે વિગેરે....જે તે વ્યક્તિના શુભાશુભ કર્મો પ્રમાણે પ્રાકૃતિક રીતે હસ્તમાં જન્મની સાથે જ ઉત્પન્ન થાય છે.

આ માટે જ્યોતિષમાં અદ્‌ભુત જ્ઞાન-વિજ્ઞાન પૂર્વાચાર્યોએ પ્રગટ કરેલું છે. જેને અહીં પ્રગટ કરવામાં આવેલું છે. હસ્તની વિવિધ મુદ્રાઓ, ચિત્રો રેખાઓ, પહાડોની વિશિષ્ટ પ્રકારની જ્યોતિષ શાસ્ત્રની દૃષ્ટિએ માહિતી પ્રસ્તુત કરી છે. જે અભ્યાસી અને વિદ્વાન સ્ત્રી-પુરુષોમાટે આવશ્યક બની રહેશે.

ઘોડા, બળદ અને હાથીનાં લક્ષણો,શુભાશુભ શુકનોનો વિભાગ જાણવા તથા સમજવા લાયક છે.

જૈનધર્મમાં વિવિધ ધર્મશાસ્ત્રોમાંથી અદ્‌ભુત કલ્યાણકારી મંત્રો, શ્લોકો, યંત્રો-મંત્રોનો વિભાગ રસપ્રદ બની રહેશે. જેમાં શ્રી વર્ધમાન, વિદ્યા, અભયદેવ સૂરિમંત્ર, ચક્રેશ્વરી દેવી મંત્રો, પદ્માવતી દેવી મંત્રો, સરસ્વતી દેવી મંત્રો, વ્યાખ્યાન શ્રેષ્ઠ કેવી રીતે આપવું તેનો મંત્ર, લક્ષ્મીદેવી મંત્ર, નવગ્રહોનાં સંયુક્ત મંત્રો, શ્રી માણીભદ્ર મંત્ર, નવગ્રહની વિધિ શ્રી પાર્શ્વનાથ યંત્ર ૧૩૦નો સર્વતોભદ્ર સિદ્ધમંત્ર, તાવનિવારણ યંત્ર, ભુતપ્રેતનિવારણ યંત્ર, શંખકલ્પ એકાક્ષી નાળિયેર યંત્ર વિગેરે વિગેરે અનેક જાત-ભાતનાં યંત્રો, મંત્રો, શ્લોકોથી ભરપૂર વિભાગ છે, જે જૈન ધર્મી-પ્રેમી સર્વેને માટે ઉપયોગી નીવડશે.

સ્વપ્નશાસ્ત્ર, સ્વપ્નના નવ પ્રકારો, શુભાશુભ ફળ, ભગવાન મહાવીર સ્વામીએ જોયેલાં ૧૦ સ્વપ્નનો ગર્ભવતી સ્ત્રીનાં આહાર-વિહારનું ફળ, ગર્ભ પડી જવાનાં ફળ વિગેરે ગૃહસ્થો માટે આવશ્યક સમજવા લાયક છે.

શાસ્ત્રીય સંગીત વિભાગમાં, ભૂપાલી, દુર્ગા, યમન, કાફી, ભીમ પલાસી, સારંગ, બિલાવર માલકંસ આશાવરી, ત્રિતાલ, ભૈરવ વિગેરે રાગમાં જૈન સ્તવનોની સુંદર રજુઆત **મુનિશ્રી હરિપ્રભ વિજય મ.સા**એ સ્વરચના કરી છે. તથા તેઓશ્રીના રચેલાં સ્તવનો આશરે ૪૦ જેટલાં નવતર સુંદર અને ભાવવાહી સ્તવનો-સ્તુતિઓનો સંગ્રહ રાગ સહિત કરેલો છે. જે સંગીત-ભજન કીર્તન પ્રેમી જનોને આનંદદાયક બનશે. શ્રી ભાવેશભાઈ તથા શ્રી મહેન્દ્રભાઈ કુકણા જૈનની સંગીત-સરગમ સારેગમપધનિસાની સુરાવલિ-કેસીયો વાજિંત્ર શીખવાની પદ્ધતિ, સંગીત જાતે શીખી શકાય છે. એવી સરળ પદ્ધતિની વિશેષ વિગતોનો વિભાગ સત્યમ શિવમ સુંદરમ્ જેવો ભાસે છે.

**વૈદકશાસ્ત્રમાં** શુદ્ધ દેશી ઔષધીઓ, ઘરગથ્થું દવાઓનો વિવિધ અનેક પ્રકારનાં શારીરિક રોગ, ઉપર આયુર્વેદિક નિર્દોષ ઉપચારોનો વિભાગ સર્વકોઈને માટે ઉપયોગી નીવડશે, એવી અપેક્ષા છે. આશરે ૫૦ જેટલા દરદો માટે ઉપચારોની

વિગતો પ્રગટ કરી છે, જેનો સહુ જનો સહું કોઈ સદ્ઉપયોગ કરી શકે છે.

આજકાલ એલોપથી વિગેરે આધુનિક પદ્ધતિઓથી ભારે નુકસાન થાય છે, ત્યારે કુદરતી ઉપચાર અને આર્યુવેદિક ઉપચારોથી,નિર્દોષ ઔષધોથી સુવાંગ-સંપૂર્ણ લાભ-ફાયદા થાય છે. એ નિર્વિવાદ વસ્તુ સાબિત થઈ છે. શ્રી મહેન્દ્રભાઈ વૈધ સરકારમાંથી ઉચ્ચ હોદ્દા ઉપરથી નિવૃત્ત થઈ શ્રી નવકાર સારવાર કેન્દ્રમાં છેલ્લા ત્રણ વર્ષથી આર્યુવેદ ચિકિત્સક તરીકે સેવા આપે છે.

**મુનિશ્રી હરિપ્રભ વિજયજી મ.સા.** એ પોતાની નાની ઉંમરમાં આ પુસ્તક પ્રગટ કરેલું છે. કદાચિત્ ભાષાદોષ, મુદ્રણદોષ, શબ્દ રચના, વાક્ય રચનામાં ક્ષતિ કે ભૂલ હોવાનો સંભવ છે. જો આપ સર્વેના ધ્યાનમાં આવે તો મુનિશ્રીનું ધ્યાન દોરશો તો, દ્વિતીય આવૃત્તિમાં સુધારી શકાય

પરમ ઉપકારી, દીર્ઘસંયમી મહાપુરુષ એવાં પૂજ્યપાદ ગુરુદેવ આચાર્ય **શ્રીમદ્ વિજય શ્રી કનકપ્રભ સુરીશ્વરજી મહારાજા સાહેબ**નાં અનંત ગુણોને કદી વિસરી શકાય નહિ. ઓશ્રી એ ગામે ગામ ઉપાશ્રય, જિનમંદિર તથા પાઠશાળા તથા અનેક વિવિધ સ્થળોએ પાંજરાપોળ આદિની સ્થાપના કરાવી છે. નાના-મોટાં સહુંના પ્રતિ એમનો સમાન ભાવ હતો. ભાભર નગરે જન્મ્યા, અને **હાડેચામાં** દેહ છોડ્યો, ૭૬ વર્ષની ઉંમર અને ૬૦ વર્ષનો દીક્ષા પર્યાય, જપ, તપ, ત્યાગ, વૈરાગ્યમય જીવન જીવ્યા. શાસન પ્રભાવનાના અગણિત કાર્યો કરી જૈન શાસનનો વિજય ધ્વજ લહેરાવી તથા અનેક જીવોને તેઓશ્રીએ ધર્મ સન્મુખ બનાવ્યાં છે.

દયાના સાગર સમા સૂરિવરના ચાલ્યાં જવાથી હજારો હૈયાં હતાશા - નિરાશા અનુભવી રહ્યાં છે. નાસ્તિકોને આસ્તિક બનાવ્યાં, અને અધર્મીઓને પરમ ધાર્મિક બનાવ્યાં છે. હજારો લોકોને વ્યસનથી વિમુક્ત બનાવ્યાં, એવા પૂજ્યશ્રી જ્યાં પણ હોય ત્યાંથી અમારા ઉપર કરૂણાનો ધોધ વરસાવો, એ જ એક અંતરની અભિલાષા અમે સેવીએ છીએ.

બનાસકાંઠા સાંચોરી પટ્ટી વિસ્તારમાં ઠેર ઠેર વિચરી ઘેર ઘેર જૈન ધર્મ આરાધનાની ધજા બાંધનાર સુરીશ્વર **શ્રીમદ્ વિજય કનકપ્રભ સુરીશ્વરજી મહારાજા સાહેબના** શ્રી ચરણોમાં અમારાં અગણિત વંદન હોજો. પ્રણામ હોજો....

**વડોદરાના** શેઠ શ્રી જે.બી. પરીખ-મામાની પોળના પ્રમુખ શ્રી રમણલાલ વકીલ તથા આશકરણભાઈ જૈન, શ્રી કિરિટભાઈ ધ્રુવ, તથા શ્રી હસમુખભાઈ, શ્રી સોસાયટી, વડોદરા, સાંચોરી જૈન સંઘ વડોદરા, શ્રી હાડેચા જૈન સંઘ, હાડેચા

કંચન ગ્રુપ, શ્રી તારાચંદભાઈ ભલાજી સંઘવી - સાચોરવાળા, શ્રી કીર્તિલાલ ચીમનલાલ ગાંધી - વાવવાળા, **શ્રી પાંચપોળ જૈન સંઘ, શાહપુર**ના શ્રી રતિલાલ મણિલાલ શાહ, શ્રી રજનીકાંત નટવરલાલ શાહ, શ્રી છગનલાલ મલુકચંદ બુર્ડ **ઝવેરી પાર્ક જૈનસંઘ- અમદાવાદ**નાં ટ્રસ્ટી ગણ શ્રી ગુણવંતભાઈ વાડીલાલ શાહ તથા સુબોધભાઈ એચ. મહેતા વિગેરે, શ્રી માડકા જૈનસંઘ, શ્રી ઢીમા જૈન સંઘ, શ્રી રામપુરા જૈનસંઘ (થરાદ), શ્રી શાંતિનગર જૈન સંઘ, શ્રી ખાનપુર જૈન સંઘ, શ્રી કૃષ્ણનગર જૈન સંઘ, શ્રી કેશવનગર જૈન સંઘ, શ્રી ગીરધર નગર જૈન સંઘ, શ્રી સાબરમતી જૈન સંઘ, શ્રી વિજયનગર જૈન સંઘ, શ્રી નારણપુરા જૈન સંઘ, શ્રી આંબાવાડી જૈન સંઘ, શ્રી પેટલાદ જૈન સંઘ વિગેરે વિગેરે અનેકાનેક નામી-અનામી સુશ્રાવકો તથા વિદ્વાન અભ્યાસીઓએ આ ગ્રંથના નિર્માણમાં સાથ-સહકાર અને સહયોગ તન-મન-ધનથી આપેલો છે, એ સર્વ મહાનુભાવોને અહીં અમે આભાર માનીએ છીએ.

આ ગ્રંથનું પ્રુફ રીડીંગ કરી આપનાર શ્રી હિંમ્મતભાઈ મણીલાલ શાહ - જશુભાઈ એલ. શાહ તથા દિપકભાઈ વિરમગામવાળાનો અમો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

આવાં મહાન આત્માના દિવ્ય અને પવિત્ર જ્ઞાનભંડારનો મહાન વારસો **પ. પૂ. મુનિશ્રી હરિપ્રભ વિજય મ. સા.** ને મળ્યો છે. તેમને ચાર બાળમુનિઓ શિષ્યો પણ છે. **(૧) મુનિ શ્રી જ્ઞાન પ્રભ વિજય (૨) મુનિ શ્રી દર્શન પ્રભ વિજય (૩) મુનિ શ્રી ચારિત્ર પ્રભ વિજય (૪) મુનિશ્રી તપ પ્રભ વિજય** તેઓ પણ સારા તૈયાર થઈ શાસનની શોભા વધારશે એવી પ્રભુ આગળ પ્રાર્થના...

અંતમાં, આ વિશાળ અને માહિતીસભર ગ્રંથમાં જે કાંઈ માહિતી - વસ્તુઓ વિગતો વિગેરે આપવામાં આવેલી છે. જેમાં કોઈપણ દોષ, ત્રુટિ, ક્ષતિ વિગેરે રહી ગઈ હોય તો, શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ લખાઈ ગયું હોય તો, મિચ્છામી દુક્કડમ વાંછીએ છીએ.

આ ગ્રંથ વાંચવા તથા વંચાવવા જેવો છે તથા મોંઢે કંઠસ્થ કરવા જેવો છે. સૌ કોઈ આ ગ્રંથને વાંચન કરી, પોતાના સ્વ-પર કલ્યાણને સાધે એવી શુભ અભિલાષા છે, એવી શુભ ભાવના છે. તથાસ્તુ....!!!

દિનાંક :- ૨૭ - સપ્ટેમ્બર - ૧૯૯૮
આસો સુદ - ૬, રવિવાર,
વિક્રમ સંવત : ૨૦૫૪

**વીરેન્દ્ર કુમાર રમણલાલ શાહ**
એમ.કોમ. એડવોકેટ
૫, નંદનવન સોસાયટી, શાહપુર દરવાજા બહાર, કર્ણાવતી --૩૮૦ ૦૦૪.

# ગુરુ સ્તુતિ

(રાગ : પ્રભુ આજ તારા ચરણમાં)

ગુરુ કનક તારા શરણમાં મને રાખજે મને રાખજે
હે કરૂણા સાગર કલ્પતરૂ મને તારજે મને તારજે
તમે દયા તણા ભંડાર છો, તમે શાન્તિના દાતાર છો.
તમે સંઘના આધાર છો, તમે જગતમાં એક સારા છો.
હે કરૂણાનિધિ કરૂણા કરી, મને તારજે,મને તારજે
ગુરુ કનક તારા ૦...૧

તમે જગતમાં જલતી મૂકી, શુદ્ધ તેજ જયોત દયા તણી
તમે જગતમાં વહેતી મૂકી, શુદ્ધ નીર ગંગા જ્ઞાનની
હે જ્ઞાનનાં દેનાર, ગુરુમને ધારજે, મને ધારજે.
ગુરુ કનક તારા ૦...૨

તુજ નામથી કામો સરે, તુજ સ્મરણની પાપો ડરે,
તુજ વિનયથી વિદ્યા મળે, તુજ ધ્યાનથી દુ:ખો ટળે,
મારા અંતરની અશાંતિને તું ઠારજે, તું ઠારજે
ગુરુ કનક તારા ૦...૩

ગુણતો તમારા શું કહું, તુજ ચરણોની રજ હું ગ્રહું,
ભવોભવના પાપો દહું, તુજ ચરણોમાં નિશ દિન રહું,
હે શરણના દેનાર, ગુરુમને સારજે મને સારજે
ગુરુ કનક તારા ૦...૪

તમેં શિષ્યછો સોહામણા, શ્રી શાન્તિચંદ્ર સૂરિ તણા,
ગુરુ કીર્તિપ્રભ ગુણીયલ ઘણા, જે શિષ્ય છે. શુભ તુમતણા,
મુનિહરિતણા શિરતાજ, ગુરુમને પાળ જે, મને પાળ જે
ગુરુ કનક તારા ૦...૫

રચના સમય વિ. સં. ૨૦૫૪. શ્રાવણ સુદ-૪, સોમવાર,
તા. ૨૭-૭-૧૯૯૮. ૧૭:૩૦ કલાકે રચના સમાપ્ત.
રચના સ્થળ : અમદાવાદ, ઝવેરી પાર્ક ઉપાશ્રયે - નારણપુરા

# ઉપકારીનું અજવાળું પુસ્તક બન્યું મતવાળું

## ગુરુ પરંપરાથી પ્રાપ્ત થએલ વિદ્યા

પ.પૂ. આ. ભ. શ્રી મદ્ વિજય કનક પ્રભ સૂરીશ્વર જી મ.સા. આ (જ્યોતિષ) વિષયમાં વિશેષ કરીને જણકાર હતા. તેઓ શ્રી અનેક પ્રકારના શુકન, મંત્રો વિગેરેની વિદ્યા ને સારી રીતે જાણતા હતા તે ગુરુપરંપરાએ પ્રાપ્ત થએલ વિદ્યા અત્રે આ પુસ્તકમાં સંગ્રહીત કરીને આપવામાં આવી છે. તથા અન્ય પણ અનેક વસ્તુ માહીતી આ પુસ્તકમાં આપી છે.

આ જગતમાં ખરેખર ગુરુ વિના ક્યાંય ચાલતું નથી વ્યક્તિ ભલે ગમે તેટલો શક્તિ શાળી હોય બુદ્ધીમાન હોય પણ ગુરુની તો જરૂર અવશ્ય પડે છે. (કૃપા વિના તેની શક્તિ નિરર્થક જાય છે.) જે ભલે ઠોઠ હોય અબુજ હોય પણ જો ગુરુની કૃપા દ્રષ્ટિ તેના પર પડી જાય તો જરૂર તે મહાન વિદ્વાન બની જાય છે.

જેમ પારસમણિ લોઢાને અડે તો લોઢાનું સોનું બને છે. તેમ લોઢા જેવો અબુજ વ્યક્તિ ભલેને હોય પણ ગુરુરૂપિ પારસમણિનો તેને સ્પર્શ થયો કે તરત જ સોનું બન્યા વિના નહી રહેવાનો. સંગીતની કળા શીખવી હોય તો માથે સંગીત કાર ગુરુ જોઈએ. ચિત્ર કળા શીખવી હોય તો ચિત્રકાર ગુરુ જોઈએ. જ્યોતિષ મંત્ર વિગેરે શીખવું હોય તો તેમજ જ્યોતિષ જાણકાર ગુરુ જોઈએ. મંત્ર જાણકાર ગુરુ જોઈએ, કાંઈ પણ શીખવું જાણવું હોય તો માથે ગુરુ તો જોઈએજ ગુરુ ગમ વિના પ્રાપ્ત કરેલ કળાદિ ઘણી વખત નુકશાન કર્તા પણ બની શકે છે. જ્યારે ગુરુ દ્વારા વિદ્યા ખુલાશા બદ્ધ પ્રાપ્ત થાય છે, શંકા રહીત વિદ્યા પ્રાપ્તિ થાય છે. ગુરુ પાસેથી લીધેલા જ્ઞાન વાળો ક્યાંય પાછો પડતો નથી ગુરુ કૃપા પાત્ર જીવ દરેક જગ્યાએ યશને પાત્ર થાય છે.

ગુરુકૃપામાં આજ્ઞામાં એવો અદ્ભૂત ચમત્કાર રહેલો છે કે જે સામાન્ય માણસને જલ્દી ખ્યાલ ન આવે અબુજ જનો ગુરુને ઓળખી શકતા નથી અને ખોટી ભ્રમણામાં ભમે છે. ગુરુની સાચી ઓળખ તો તથા સાચો અનુભવતો એજ કરી શકે છે કે જે સાથે રહેતો હોય અને ગુરુ આજ્ઞા પાળતો હોય.

જે ગુરુનો અવિનય અવિવેક કરતા હોય આજ્ઞા બહાર હોય (આજ્ઞા પાળતા

ન હોય) તેઓ ગુરુના ચમત્કારને અનુભવી શક્તા નથી, લાભ લઈ શક્તા નથી. મે તો મારા જીવનમાં સાક્ષાત અનુભવ્યું છે. તેથી કહું છું. અજ્ઞાન મૂઢ લોકો તો ખોટી ભ્રમણાામાં જ રહી ગયા કે આ મહારાજ શુ સમજે ? શુ ભણ્યા ? શું જાણે ? વિગેરે ખોટી ભ્રમણાઓમાં જ ભમી ગયા જ્યારે મેં તો મારા જીવનમાં સાક્ષાત અનુભવ્યું છે કે આવા ગુરુતો મળવા ચોથા આરામાં પણ દુર્લભ છે. હું તો વિચારમાંજ પડી ગયો અરે! શું આવા અદ્‌ભુત પરમ પવિત્ર મહાપુરુષ આ કાળમાં પણ છે ? અરે ! આવા પરમ પવિત્ર ગુરુની સમીપે તેમના શિષ્ય થઈ તે રહેવાનું પરમ ભાગ્ય મને સાંપડ્યું છે ! ખરેખરતો આ મોટું આશ્ચર્ય છે.

એમના ગુણો વિષે હું શું કહું ? કેટલી અદ્‌ભુત જ્ઞાન આપવાની કળા છે ! અરે અબુજ માં અબુજ માણસ પણ મહા વિદ્વાન બને છે. આવા ચમત્કાર તો અહીં સાક્ષાત જોવા મળે છે.

ચાલાક બુદ્ધિમાનને ભણાવી તૈયાર કરવો તે તો ઠીક છે. પણ અબુજ ઠોઠને વિદ્વાન બનાવવો તે માં ખરૂ તો આશ્ચર્ય છે. ગમે તેવા કઠીનમાં કઠીન વિષયને પણ સરળ બનાવી અબુજને પણ સમજાવવો તથા તત્વ મગજમાં ઠસાવવું વિગેરે મેં તો તેમની સમીપે રહીને ઘણું અનુભવ્યું કે જે હું મુખથી વર્ણવા કે લખવા સમર્થ નથી એટલી અદ્‌ભુત મહાનતાના દર્શન મેં તેઓશ્રીમાં કર્યા છે.

મેં એક સામાન્ય ગામડામાં જન્મ લીધો, ભારત પાકિસ્તાનના ખુણામાં રહેલ થરાદ તાલુકાનું નાનકડું ગામ ભરડાસર ત્યાં નહી જૈન નું એકપણ ઘર જૈન જેવી વસ્તુનું પણ મને ભાન નહી, છતાં શું થયું કે ગુરુ ભગવંતના પગલાં ગામમાં થયાં જૈન સાધુ જોઈ મન હર્ષીત થયું તેમાં કાકા મહારાજ હતા, પછી સમય જતાં એકવખત ઘરે રાત્રે બેઠા પિતાજી સાથે વાત કરી રહ્યા હતા, હવે સાતમું ધોરણ પત્યા પછી શું કરવું છે ? નારોલીગામ ભણવા જવું છે કે મહારાજ પાસે ? મેંકહ્યું મહારાજ પાસે જવું છે અને બીજે જ દિવસે ગુરુવર્યની ટપાલ આવીકે છોકરાને ભણવા મોકલી દેશો વિષેનો પત્ર શુકનવંતો આવ્યો તેજ દિવસે હાડેચા ગામે ગુરુપાસે આવ્યા સંગ કર્યો રંગ લાગ્યો શું ય ચમત્કાર થયો આખું જીવનનું પરિવર્તન થઈ ગયું.

જૈન ધર્મનું જ્ઞાન મલ્યું સંયમ સ્વાદ ચાખ્યો. અત્યારે પણ તેઓશ્રીના કૃપાથી સાધના આરાધના સારી રીતે ચાલી રહી છે.

આ પુસ્તક પણ ગુરુ ભગવંતની પરમ કૃપાથી પ્રકાશીત થએલ છે.

---

જ્યોતિષના વિશેષ કરીને જાણકાર એવા ગુરુભગવંત પ.પૂ. મૂનિરાજ શ્રી કીર્તિ પ્રભ વિજયજી મ.સા. પાસેથી મને પણ જ્યોતિષની અનેક પ્રકારોની જાણકારી મળી તથા તેઓશ્રીના માર્ગદર્શન મુજબ આ પુસ્તક તૈયાર થયું છે. તેમાં કોઈપણ પ્રકારની ક્ષતિ ભૂલ દોષ રહી ગયા હોય તો મચ્છામિ દુક્કડમ માગીએ છીએ.

મુનિ હરિપ્રભ વિજય

## પુસ્તક પરિચય (ટૂંકમાં)

આ પુસ્તકમાં મંત્રો - યંત્રો - જ્યોતિષ વિગેરે ઘણું આપવામાં આવ્યું છે તે ક્રમ બદ્ધ આપ્યું છે. વ્યક્તિ જન્મ થાય અને અંત થાય ત્યાં સુધીનું ક્રમસર આપ્યું છે. જન્મ સંબંધી શુકન, જન્મ સંબંધી રેખા, જન્મ સંબંધી ગ્રહો, જન્મ સંબંધી મંત્ર, જન્મ સંબંધી યંત્ર, જન્મ સંબંધી તત્વ આ ક્રમે અમુક સુધી ચાલે છે. તેવીજ રીતે ઘર સંબંધી - શુકન - ગ્રહો - મંત્ર - યંત્ર - તત્વ તેમજ આયુષ્ય સંબંધી શુકન - રેખા - ગ્રહ - મંત્ર વિગેરે ક્રમે આપવામાં આવ્યું છે. વચ્ચે વચ્ચે જ્યોતિષ સિવાયનું તત્વજ્ઞાન પણ આપવામાં આવ્યું છે. તથા સંગીત, વૈદ્યશાસ્ત્ર - યોગાસન વિગેરે વિવિધ વસ્તુ સંગ્રહીત કરવામાં આવી છે. આ પુસ્તકમાં મંત્રો આપ્યા છે, તેમાં સહુથી મહાપ્રભાવિક હોય અને સઘળા દુ:ખો દુર કરી અનંત સુખ આપનાર હોયતો શ્રી નવકાર મહામંત્ર છે. તથા યંત્રોમાં સર્વશ્રેષ્ઠ યંત્ર હોયતો શ્રી સિદ્ધચક્રજી યંત્ર સર્વ યંત્ર શિરોમણિ છે. શ્રી નવકાર મહામંત્ર અદ્‌ભુત છે કે અપશુકનોનો પણ નાશ કરી નાખે છે. અપશુકન થયું હોય અને ૯ નવકાર ગણી ચાલી ને કામકરીએ તો તે અશુભ શુકનનું કાંઈ ચાલતું નથી અશુભ ટળી જાય છે.

મંત્ર યંત્રાદિથી કામ ન થાય તો છેવટ નવકાર મહામંત્ર તથા શ્રી સિદ્ધ ચક્રજીની આરાધના કરવામાં આવે તો સઘળું કામ સિદ્ધ થઈ જાય ક્યાંય અટકે નહી.

એટલો ખ્યાલ રાખવો કે આ (વિદ્યા ઓનો) પુસ્તકનો દુરૂપયોગ થવો ના જોઈએ.

મારાથી આ વિષયમાં કોઈ પ્રકારની ભૂલ થઈ હોય જિનાજ્ઞા વિરૂદ્ધ કોઈ લખાયું હોય તો હું મિચ્છામિ દુક્કડમ માગુ છું.

મુનિ હરિપ્રભ વિજય

# અનુક્રમણિકા

| નંબર | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧. | ઘર સંબંધી શુકન | ૩ |
| ૨. | ઘર સંબંધી રેખા | ૪ |
| ૩. | ઘર સંબંધી ગ્રહો | ૪ |
| ૪. | ઘર સંબંધી મંત્રો તથા યંત્ર | ૫ |
| ૫. | ઘર સંબંધી તત્વ | ૬ |
| ૬. | સ્ત્રીને સંતાન સંબંધી શુકનો | ૭ |
| ૭. | સ્ત્રી સંતાન રેખા | ૧૦ |
| ૮. | સ્ત્રી સંતાન ગ્રહો | ૧૬ |
| ૯. | ગર્ભ સંબંધી તત્વો | ૧૯ |
| ૧૦. | સૂતિકા સંબંધી શુકનો | ૧૯ |
| ૧૧. | જન્મ વર્ષ ફળ | ૨૫ |
| ૧૨. | જન્મ અયનનું ફળ | ૩૨ |
| ૧૩. | જન્મ ઋતુનું ફળ | ૩૨ |
| ૧૪. | જન્મ માસ ફળ | ૩૩ |
| ૧૫. | જન્મ પક્ષનું ફળ | ૩૫ |
| ૧૬. | જન્મ દિવસ કે રાત્રીનું ફળ | ૩૫ |
| ૧૭. | જન્મ તિથિઓનું ફળ | ૩૬ |
| ૧૮. | જન્મ વાર ફળ | ૩૭ |
| ૧૯. | જન્મ નક્ષત્રનું ફળ | ૩૮ |
| ૨૦. | જન્મ યોગનું ફળ | ૪૨ |
| ૨૧. | જન્મ કરણનું ફળ | ૪૫ |
| ૨૨. | જન્મ યોનિનું ફળ | ૪૬ |
| ૨૩. | જન્મ ગણનું ફળ | ૪૮ |
| ૨૪. | જન્મ લગ્નનું ફળ | ૪૯ |
| ૨૫. | જન્મ નવમાંશનું ફળ | ૫૦ |

| | | |
|---|---|---|
| ૨૬. | જન્મ હોરાનું ફળ | ૫૩ |
| ૨૭. | જન્મ દ્રેષ્કોણનું ફળ | ૫૬ |
| ૨૮. | જન્મ સપ્તમાંશનું ફળ | ૬૨ |
| ૨૯. | જન્મ દ્વાદશાંશનું ફળ | ૮૫ |
| ૩૦. | જન્મ ત્રિશાંશ ફળ | ૮૬ |
| ૩૧. | સંતાન દાંત સંબંધી | ૮૭ |
| ૩૨. | સંતાન વિષયક તત્વો. | ૮૮ |
| ૩૩. | શૈય્યા શુકન વિધિ | ૮૮ |
| | શૈય્યા સંબંધી મંત્ર | ૯૦ |
| ૩૪. | શૈય્યા સંબંધી ગ્રહો | ૯૦ |
| ૩૫. | શૈય્યા સંબંધી તત્વો | ૯૧ |
| ૩૬. | સ્વપ્ન શાસ્ત્ર | ૯૨ |
| ૩૭. | સ્વપ્ન વિષયક તત્વો | ૯૭ |
| ૩૮. | દાંતણ સંબંધી શુકન | ૯૮ |
| ૩૯. | દાંતણ સંબંધી મંત્ર | ૯૮ |
| ૪૦. | દંત વિષયક તત્વ | ૯૯ |
| ૪૧. | સ્નાન સંબંધી શુકનો | ૯૯ |
| ૪૨. | સ્નાન વિષયક તત્વો | ૧૦૦ |
| ૪૩. | પ્રભુ મહાવીરનો જન્માભિષેક | ૧૦૧ |
| ૪૪. | સ્નાન કરી પ્રભુ પૂજા | ૧૦૨ |
| ૪૫. | વિવાહ સંબંધી શુકનો | ૧૦૪ |
| ૪૬. | વિવાહ સંબંધી રેખા | ૧૦૬ |
| ૪૭. | વિવાહ સંબંધી ગ્રહો | ૧૧૧ |
| ૪૮. | વિવાહ સંબંધી મંત્રો | ૧૧૪ |
| ૪૯. | વિવાહ સંબંધી યંત્રો | ૧૧૫ |
| ૫૦. | વિવાહ સંબંધી તત્વો | ૧૧૫ |
| ૫૧. | વેપાર - ધન સંબંધી શુકનો | ૧૧૮ |
| ૫૨. | દેશાંતર જતી વખતે સન્મુખ જોવાના શુકનો | ૧૧૯ |
| ૫૩. | કૂતરાનાં શુકન - અપશુકન | ૧૨૨ |

| | | |
|---|---|---|
| ૫૪. | વેપાર સંબંધી શુકનોનાં દુહા | ૧૨૫ |
| ૫૫. | છીંકનું શુભાશુભ ફળ | ૧૨૭ |
| ૫૬. | નગર પ્રવેશ શુકનો | ૧૨૭ |
| ૫૭. | વરસાદ સંબંધી શુકનો | ૧૨૮ |
| ૫૮. | પૃથ્વી-જળ સંબંધી (પાણી સંબંધી) | ૧૩૪ |
| ૫૯. | કાગડાનું શુભાશુભ ફળ | ૧૩૭ |
| ૬૦. | વાર્ષિક વ્યાપારના શુકનો | ૧૪૩ |
| ૬૧. | વેપાર - ધન સંબંધી રેખા | ૧૪૬ |
| ૬૨. | વેપાર ધન સંબંધી ગ્રહો | ૧૬૨ |
| ૬૩. | વેપાર (ધન) સંબંધી મંત્રો | ૧૬૭ |
| ૬૪. | વેપાર ધન સંબંધી યંત્રો | ૧૭૯ |
| ૬૫. | વેપાર ધન વિષયક તત્વો | ૧૮૧ |
| ૬૬. | આયુષ્ય સંબંધી શુકનો | ૧૮૨ |
| ૬૭. | આયુષ્ય સંબંધી રેખાઓ | ૧૮૩ |
| ૬૮. | આયુષ્ય સંબંધી ગ્રહો | ૧૯૩ |
| ૬૯. | આયુષ્ય સંબંધી મંત્રો | ૨૪૦ |
| ૭૦. | આયુષ્ય સંબંધી યંત્રો | ૨૪૧ |
| ૭૧. | આયુષ્ય સંબંધી તત્વો | ૨૪૫ |
| ૭૨. | લક્ષ્મીદેવીનું વર્ણન (મંત્ર શાસ્ત્ર) | ૨૪૫ |
| ૭૩. | યંત્ર શાસ્ત્ર (મંત્ર શાસ્ત્ર) | ૩૧૭ |
| ૭૪. | બાર ભાવનો ફળા દેશ | ૩૩૧ |
| ૭૫. | સામુદ્રિક શાસ્ત્ર | ૩૮૯ |
| ૭૬. | હસ્તરેખા શાસ્ત્ર | ૪૩૫ |
| ૭૭. | વાસ્તુ શાસ્ત્ર | ૫૪૯ |
| ૭૮. | વૈદક શાસ્ત્ર | ૫૬૧ |
| ૭૯. | યોગાસનો | ૬૧૫ |
| ૮૦. | ગ્રહોની તેજ છાયા | ૬૨૩ |
| ૮૧. | સંગીત સરગમ (સંગીત શાસ્ત્ર) | ૬૪૬ |
| ૮૨. | ભક્તિ ગીતો તથા સ્તવનો | ૬૬૭ |

પ.પૂ. પંન્યાસ પ્રવર ભાભરનગર-
ભૂષણ, શ્રીમાન્ ગુરૂદેવ
સ્વ. શ્રીતિલક વિજયજી ગણીવર્ય

પ.પૂ. શાન્તમૂર્તિ ભાભરનગર-
ભૂષણ, શ્રીમાન્ ગુરૂદેવ
સ્વ. શ્રીબુધ્ધિ વિજયજી મ.સા.



જન્મ : વિ.સ. ૧૯૩૮ ભાભર.
દિક્ષા : વિ.સં. ૧૯૬૭ ભાભર.
પંન્યાસ : વિ.સં. ૧૯૮૮ રાધનપુર.
સ્વર્ગવાસ : વિ.સં. ૧૯૯૮ પાટણ.

જન્મ : વિ.સ. ૧૯૪૦ ભાભર.
દિક્ષા : વિ.સં. ૧૯૬૧ પાલીતાણા.
સ્વર્ગવાસ : વિ.સં. ૨૦૦૮ ભાભર.

## મંગલાચરણ
## શ્રી નવકાર મંત્ર

॥ નમો અરિહંતાણં ॥
॥ નમો સિદ્ધાણં ॥
॥ નમો આયરિયાણં ॥
॥ નમો ઉવજ્ઝાયાણં ॥
॥ નમો લોએ સવ્વસાહૂણં ॥
॥ એસો પંચ નમુક્કારો ॥
॥ સવ્વ પાવપ્પણાસણો ॥
॥ મંગલાણં ચ સવ્વેસિં ॥
॥ પઢમં હવઈ મંગલં. ॥

મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમઃ પ્રભુઃ
મંગલં સ્થુલિભદ્રાદ્યા જૈન ધર્મોસ્તુ મંગલમ્.....(૧)
નાભેયાદ્યા જિનાઃસર્વે, ભરતાદ્યાશ્ચક્રવર્તિનઃ
કુર્વન્તુ મંગલં સર્વે, વિષ્ણવઃ પ્રતિવિષ્ણવં.......(૨)
પુંડરીક ગૌતમાદ્યાઃ પ્રમુખા ગણધારિણઃ
શ્રુત કેવલી નોડન્યેપિ, મંગલાય દિશન્તુમે......(૩)
બ્રાહ્મી ચંદનબાલાદ્યા, મહા સત્યો મહત્તરાઃ
અખંડ શીલ લીલાઢયા, યચ્છન્તુ મમ મંગલમ્....(૪)
ચક્રેશ્વરી સિદ્ધાયિકા, મુખ્યાઃ શાસન દેવતાઃ
સમ્યગ્ દેવ્યો વિધ્ન હરા, રચયંતુ જયશ્રિયં.......(૫)
કપર્દિ માતંગ મુખ્યા, યક્ષા વિખ્યાત વિક્રમાઃ
જૈન વિધ્નહરા નિત્યં, દેયા સુમંગલાની મે........(૬)

# શ્રી નવકાર મહા મંત્રનું વર્ણન

શ્રી નવકાર મંત્ર સર્વ મંત્રોમાં શિરોમણી છે તે નવકાર મંત્રનું ચિંતન કરવાથી સર્વ પ્રકારના ભય, વિઘ્ન, કષ્ટ, નરક વિગેરે ટળી જાય છે, સવાલાખ વિધિ પૂર્વક જાપ કરવાથી સિદ્ધ થાય છે, સિદ્ધ થયા પછી સર્વ કાર્ય સિદ્ધ થાય છે. તે નવકારના એકજ અક્ષરનો ભારપૂર્વક જાપ કરવાથી સાતસાગરોપમના પાપનો નાશ થાય છે. નવકારના એકજ પદનો જાપ (કરવાથી) પચાસ સાગરોપમનું પાપ હણે છે. સંપૂર્ણ નવકારનો જાપ કરવાથી પાંચસો (૫૦૦) સાગરોપમના પાપનો નાશ થાય છે. ૮૦૮૦૮૮૦૮ નવકાર મંત્ર ગણનાર જીવ ચોક્કસ (અવશ્ય) મુક્તિ પદને પામે છે.

તર્જની - આંગળી વડે નવકાર વાળી ગણનાર મુક્તિ પદને પામે છે.

મધ્યમા - આંગળી વડે ગણનારને ધનની વૃદ્ધિ થાય છે.

અનામિકા - આંગળી વડે ગણનારને સર્વ પ્રકારની શાંતિ મળે છે.

કનિષ્ટા - આંગળી વડે ગણનાર શત્રુને વશ કરનાર બને છે.

શ્રી નવકાર મહામંત્ર જૈન શાસનનો સાર છે. ૧૪ પૂર્વમાંથી ઉદ્ધરેલો છે. જેના મનમાં નવકાર મહામંત્રનું સ્મરણ થતું હોય તેને સંસાર કશું જ કરી શકે નહી.. નવકાર મહામંત્રને યાદ કરવાથી પાણી અટકી જાય છે, અગ્નિ શાંત પડી જાય છે, શત્રુઓ નમી જાય છે. ચોરોના ઉપદ્રવ મટી જાય છે, સર્વ રોગો નાશ થઈ જાય છે, સર્વ ઘોર ઊપસર્ગો વિગેરે દુષ્ટ તત્વોનો નાશ થઈ જાય છે.

નવકાર મંત્ર દુઃખને હરે છે, સુખને કરે છે, જશનો જન્મ આપે છે. ભવ સમુદ્રનું શોષણ કરે છે. આ લોકને પરલોકમાં નવકાર સુખનું મૂળ છે. નવકારથી બીજો કોઈ મંત્ર ત્રણ લોકમાં ચડિયાતો નથી, તેથી રોજ પરમ ભક્તિથી નવકાર મહામંત્રનું સ્મરણ કરવું જોઈએ.

અહો-આ જગતમાં નવકાર મહામંત્ર કેટલો ઉદાર છે ! કે પોતાની પાસે એક સંપદા છે જયારે સજ્જનોને અનંત સંપદા આપે છે. માટે બેસતાં - ઉઠતાં - ખાતાં - પીતાં - હરતાં - ફરતાં સર્વ કાળમાં નવકાર મહામંત્રનું અવશ્ય સ્મરણ કરવું જોઈએ. મરતી વખતે નવકાર યાદ આવે તો મોક્ષ મળે છે. મોક્ષ ચુકી જાય તો વૈમાનિક દેવ થાય છે.

નવકાર થી સુખી થનાર જીવોના નામ - મયણા, શ્રીપાળ, શ્રીમતી, શીવકુમાર, પીંગલ અને હુંડક ચોર, સમળી, અમરકુમાર, સર્પ, વિગેરે અનેક જીવો સુખ પામ્યા છે.

# ૧. ઘર સંબંધી શુકનો

卐 નવું ઘર બંધાવવા માટે જે ભૂમિ પર પીપળો, ઉબરો, નાગરવૃક્ષ અથવા રાયણનું વૃક્ષ ઉગેલું હોય તેવી ભૂમિ પર ઘર બાંધવાથી તથા વાપરવાથી પોતાના સંતાનોનો નાશ થાય છે.

卐 જે ભૂમિ પર આંબલીનું વૃક્ષ ઉગેલું હોય તે ભૂમિ પર જો પોતાનું ઘર બાંધવામાં આવે તો પોતાના દ્રવ્યનો નાશ થાય છે.

卐 જે ભૂમિ પર એરંડાનું વૃક્ષ ઉગેલું હોય તેવી ભૂમિ પર પોતાનું ઘર નવું બાંધવાથી કીર્તિનો નાશ થાય છે.

卐 જે ભૂમિ પર કદંમનું વૃક્ષ ઉગેલું હોય તે ભૂમિ પર ઘર બાંધવાથી કુટુંબનો ક્ષય થાય છે.

卐 જે ભૂમિ પર લીંબુ નું વૃક્ષ ઉગેલું હોય તેવી ભૂમિ પર ઘર બાંધવાથી ધનની વૃદ્ધિ થાય છે.

卐 જે ભૂમિપર નાગરવેલીઓ ઉગેલી હોય તેવી ભૂમિ પર ઘર બાંધવાથી ધન સંતાન તથા કીર્તિની વૃદ્ધિ થાય છે.

卐 જે ભૂમિ પર દ્રાક્ષની વેલીઓ ઉગેલી હોય તે ભૂમિ પર ઘર બાંધવાથી લક્ષ્મિની પ્રાપ્તિ થાય છે.

卐 જે ભૂમિ પર આકડાનું વૃક્ષ ઉગેલું હોય તેવી ભૂમિ પર ઘર બાંધવાથી કુટુંબીઓને અર્શનો રોગ થાય છે.

卐 જે ભૂમિ પર કમળનાં પુષ્પો ઉગતાં માલુમ પડે તેવી ભૂમિ પર ઘર બાંધવાથી લક્ષ્મિ તુરત મળે છે.

<u>સુચનો :-</u> ઉપર પ્રમાણે જે વૃક્ષોનું કહ્યું તેતે વૃક્ષોની હદ તે ઘરની ત્રીસ હાથ સુધીની જાણવું અથવા પોતાના ઘરની ત્રીસ હાથ સુધીમાં ઉપર જણાવેલું જે વૃક્ષ હોયતેનું ફલ ઉપર પ્રમાણે જાણવું.

卐 ઘર બાંધવા માટે જમીનમાં પાયો ખોદતી વેળાએ જમીનમાંથી જો પશુનું હાડકું નીકળે તો તે દ્રવ્યનો નાશ થાય છે.

卐 ઘર બાંધવા માટે જમીનમાં પાયો ખોદતી વેળાએ જમીનમાંથી એક હાથ ખોદતામાંજ જો મનુષ્યનું હાડકું નીકળે તો તે કુંટુંબના નાશને સુચવે છે.

卐 ઘર બાંધવા માટે જમીનમાં પાયો ખોદતી વખતે જમીનમાંથી ત્રણ

હાથની નીચે જો લવણનો સમુહ માલુમ પડે તો જાણવું કે પોતાને અત્યંત જવાહીર પ્રાપ્ત થશે.

卐 ઘર બાંધવા માટે જમીન ખોદતાં જમીનમાંથી કુંકુમથી ભરેલું પાત્ર નીકળે તો તે પણ શુભને સુચવે છે.

卐 જે ભૂમિકા પર ઘર બાંધવું છે તે ભૂમિકાના મધ્ય ભાગમાં ખાડો હોય તો જાણવું કે કુટુંબની સ્ત્રીઓને વંધત્વ પ્રાપ્ત થશે જે ભૂમિકા પર ઘર બાંધવું છે તે ભૂમિકા મધ્યાહન કાળે જો કોઈ દેવ મંદિરની છાયા પડતી હોય તો જાણવું કે પોતાની લક્ષ્મીનો નાશ થશે.

卐 જે ભૂમિકા ઉપર ઘણા મશકોની ઉત્પત્તિ થતી હોય તેવી ભૂમિકા પર ઘર બાંધીને રહેવાથી દ્રવ્યનો નાશ થાય છે.

卐 જે ભૂમિકા પર ઘર બાંધવું હોય તે ભૂમિકાનો આકાર જો કમળના પુષ્પ સરીખો હોય તો તે લક્ષ્મીના નાશને સુચવે છે.

卐 જે ભૂમિમાં ઘણી ફાટો પડેલી હોય તેવી ભૂમિમાં ઘર બાંધીને વસવાથી કુટુંબમાં કલેશની ઉત્પત્તિ થાય છે.

## ૨. ઘર સબંધી રેખા

卐 જેની વૈભવ રેખા પાતળી સીધી અને સારી હોય તો ઘર સારું પ્રાપ્ત થાય છે.

## ૩. ઘર સંબંધી ગ્રહો

❋ ચોથે સૂર્ય હોય તો તેનું ઘર મજબૂત હોતું નથી ને સંપૂર્ણ કળાના ચંદ્રથી નવું ઘર, ને મંગળથી બળેલું ઘર હોય ને શુક્ર હોય તો મનને ખુશી કરે તેવું ઘર હોય,

❋ ચોથે શનિ ને રાહુ હોય તો જૂનું ઘર હોય, ચોથે શુક્ર ચંદ્ર હોય તો, ચાંદી રત્ન, ધન, ને ધાન્યનો લાભ થાય.

❋ લગ્નનો સ્વામી ચોથાના સ્વામી સાથે લગ્નમાં હોય તો ઘરનો લાભ થાય. ચોથાનો સ્વામી ઉચ્ચનો, સ્વગૃહી, મિત્રના ઘરનો, કે બળવાન હોય ને શુભગ્રહો જોતા હોય, તો વગર મહેનતે ઘરનો લાભ આપે.

તેમજ બળવાન થઈ કેન્દ્રમાં હોય ને શુભ ગ્રહ જોતા હોય, તો ઘરનો લાભ થાય ને ચોથાનો સ્વામી વૈવેષિકાંશનો પરમ ઉચ્ચમાં હોય તો ઘરનો લાભ આપે.

- નવમાનો સ્વામી કેન્દ્રમાં ચોથાનો સ્વામી ઉચ્ચ કે મિત્રની રાશી ને ચોથે ઉચ્ચનો ગ્રહ હોય તો ઘણું જ ચિત્ર વિચિત્ર (રંગબેરંગી) ઘર મળે.
- ચોથાનો સ્વામી પારાવતાંશ બળ પામ્યો હોયકે ગોપુરાદિકમાં હોયને ગુરૂ ચંદ્ર જોતા હોય તેનો મહેલ દેવતાઇ હોય.
- ચોથા દશમાના સ્વામી શનિ સાથે કેન્દ્રમાં હોય તો ઘર મજબૂત , રંગ-બેરંગી શોભાયમાન, અટારીઓથી ઝુકી રહેલું હોય.
- સુખેશ દશમે હોય, ને દશમેષ ચોથે હોય, ને મંગળ બળવાન હોય તો ઘણાં ક્ષેત્રો (જમીન) હોય.
- ચોથા ને દશમાના સ્વામીઓ બળવાન હોય ને પરસ્પર મિત્ર હોય, તો ઘણી જમીન (જાગીરદાર) વાળો હોય.

## જ, ઘર સંબંધી મંત્ર

નવકાર મંત્રને સર્વ મંત્રોમાં શ્રેષ્ઠ ગણવામાં આવ્યો છે.

જીવનમાં સર્વ સુખ, ભોગ આ નવકાર મંત્ર પ્રયોગથી પ્રાપ્ત થાય છે.

આ પ્રયોગમાં દિવસ કે જપસંખ્યા સંબંધમાં કોઈ નિશ્ચિત પરિમાણ નથી. રોજ એક માળા ફેરવવી પર્યાપ્ત છે. પુરુષ કે સ્ત્રી કોઈ પણ વ્યક્તિ આ પ્રયોગ કરી શકે છે. પ્રાતઃકાળ અથવા રાત્રે જાપ કરી શકાય છે.

આર્થિક ઉન્નતિ અને ભૂમિ સંબંધિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરવા માટે આ મંત્ર પ્રયોગ કરવામાં આવે છે.

પોતાનું મકાન બનાવવાની ઈચ્છા હોય અને તે પરિપૂર્ણ ન થતી હોય અથવા મકાનનું કાર્ય અધુરું રહી ગયું હોય તેવા સંજોગોમાં આ પ્રયોગથી જે કાંઈ અવરોધો હોય તો તે દૂર થાય છે અને સાધકનું કાર્ય પરિપૂર્ણ બને

છે. જમીન સંબંધી વિવાદનો પણ ઉકેલ આવી જાય છે.

શ્રીયંત્ર સામે આ પ્રયોગ કરવામાં આવે તો તે વધારે ઉચિત ગણાય છે. જાપ દરમ્યાન ધૂપ-દીપ અવશ્ય કરવા. યંત્રને બાજઠ પર લાલ વસ્ત્ર પર રાખવો અને રોજ એક માળા ગણવી. કોઈ દિવસ માળા ન ગણી શકાય તો બીજા દિવસે બે માળા કરવી.

**મકાનનો મંત્ર**

**ૐ ગ્લૌં શ્રીં અન્નંમહયન્નં મે તે હ્યાન્નાધિપતયે મમાન્નં પ્રદાપયા સ્વાહા શ્રીં ગ્લૌં ૐ**

અઢાર અક્ષરવાળો આ મંત્ર જીવનમાં પરિપૂર્ણતા આપે છે.

**ઘર સંબંધી યંત્ર**

મહા પ્રભાવિક શ્રી જીરાવલા પાર્શ્વનાથ યંત્ર




આ યંત્રની આરાધના કરવાથી ઘરની (મકાનની) પ્રાપ્તિ થાય છે.

## ૫. ઘર સંબંધી તથ્ય

દાંતાક શેઠનો મહેલ-

❃ ઉજ્જૈની નગરીમાં દાંતાક શેઠે-૧૮ કરોડ સોનૈયા ખર્ચીને શાસ્ત્રીય

નિયમ પ્રમાણે સાતમાળનો મહેલ બંધાવ્યો હતો. તેમાંથી "પડું છું" એવો શબ્દ- સંભળાતા વિક્રમ રાજાને વેચ્યો, રાજાને શબ્દ સંભળાતાં કહ્યું પડ ત્યારે સુવર્ણ પુરૂષ પડયો.

- સિદ્ધરાજ જયસિંહનું રૂદ્રમહાલય - જેમાં ૧૪૪૪ થાંભલા, ૧૮ મણિમાણેકના સ્વયંવર, ૩૦,૦૦૦ ધજા દંડ, ૧૦૦ પુતળીયો, ૧૦,૦૦૦ સોનાના કળશ, અને ૫૬ કરોડ હાથી ઘોડા કોતરણીમાં હતાં.

- ચક્રવર્તીને ૪૨ માળના ૬૪ હજાર મહેલ હોય છે.

## આમરાજાની પૌષધશાળા

- આ.શ્રી બપ્પભટ્ટસૂરિની પ્રેરણાથી આમરાજાએ પોતાના નગરમાં એક ભવ્યપૌષધશાળા બંધાવી હતી. આ પૌષધશાળાને ૧૦૦૦ થાંભલા હતા, જવા આવવાની સુગમતા માટે ત્રણ દ્વાર હતા, સાધુઓને પડીલેહણ તથા સ્વાધ્યાય વિગેરેના સાત માંડલા સમયની જાણ કરવા માટે અંદરના ભાગમાં ઘંટ બંધાવ્યો હતો, ૩ લાખના જંગી ખર્ચથી તેમાં વ્યાખ્યાન મંડપ બંધાવામાં આવ્યો હતો, આ મંડપનું તળીયું ચંદ્રકાંત મણિથી બાંધેલું હતું, અને તેની દીવાલો મણિથી કંડારેલી હતી, આ મણિના લીધે બાર સૂર્યના જેવું તેજ તેમાં રહેતું હતું, રાત્રે અંધકાર પણ જણાતો નહોતો.

## ૬, સ્ત્રીને સંતાન સંબંધી શુકનો

- ઋતુવંતી સ્ત્રી જો સંધ્યાકાલે નિદ્રા કરે તો તેને ગર્ભ રહેતો નથી.
- ઋતુવંતી સ્ત્રીજો કાંસાના તથા તાંબાના પાત્રમાં ભોજન કરે તો તેને ગર્ભ રહેતો નથી.
- ઋતુવંતી સ્ત્રીને જો કંદમૂળનું ભોજન દેવામાં આવે તો ગર્ભ રહેતો નથી.
- ઋતુવંતી સ્ત્રી જો નાગરવેલના પત્રનું ભક્ષણ કરે તો પણ ગર્ભ રહેતો નથી.

- ૠતુવંતી સ્ત્રી જો વરસાદની પડતી ધારામાં પાણીથી જો સ્નાન કરે તો પણ તેને ગર્ભ રહેતો નથી.
- ૠતુવંતી સ્ત્રીને અત્યંત તેલવાળું ભોજન દેવામાં આવે તો પણ તેણીને ગર્ભ રહેતો નથી.
- ૠતુવંતી સ્ત્રીને દહીં આદિક અત્યંત ખાટા પદાર્થોનું ભોજન દેવામાં આવે તો તેણીને ગર્ભ રહેતો નથી.
- ૠતુવંતી સ્ત્રી પગેથી ચાલીને ઘણો પંથ કાપે તો તેણીને ગર્ભ રહેતો નથી.
- ૠતુવંતી સ્ત્રી જો રાત્રીએ ચંદ્રની ચાંદનીમાં નીદ્રા કરે તો પણ તેણીને ગર્ભ રહેતો નથી.
- ૠતુવંતી સ્ત્રી દિવસે ઘણો વખત સુર્યના તાપમાં બેસે તો પણ તેને ગર્ભ રહેતો નથી.
- ૠતુવંતી સ્ત્રી જો અગ્નિથી પોતાનું શરીર તપાવે તો પણ તેણીને ગર્ભ રહેતો નથી.
- ૠતુવંતી સ્ત્રી તુરત નહી પચે તેવું ભોજન કરે તો તેણીને ગર્ભ રહેતો નથી.
- ૠતુવંતી સ્ત્રી જો મદ્ય પાન કરે તો તેણીને ગર્ભ રહેતો નથી.
- ૠતુવંતી સ્ત્રી જો લીંમડો, આમલી અથવા સિરીસની વૃક્ષ નીચે જો લઘુનીતિ તથા વડીનીતિ કરવા બેસે તો પણ તેણીને ગર્ભ રહેતો નથી.
- ૠતુવંતી સ્ત્રીને જો માટી, કેળાં જેવા, ખટાશ હોય તેવા પદાર્થો અને ફળો ખાય તેવી સ્ત્રીને બિલકુલ ગર્ભ રહેશે નહી.
- જો ૠતુવંતી સ્ત્રીને અત્યંત મૈથુન સેવવાની ઈચ્છા થાય તો તેવી સ્ત્રીને વંધ્યત્વ પ્રાપ્ત થશે અથવા તેવી સ્ત્રીને બિલકુલ ગર્ભ રહેશે નહી.
- ૠતુવંતી સ્ત્રી નહી પકાવેલું અનાજ ખાય તો પણ તેણીને ગર્ભ રહેતો નથી.
- ૠતુવંતી સ્ત્રી જો જલમાં દર્પણમાં અથવા તેલમાં પોતાનું મુખ જુએ તો પણ ગર્ભ રહેતો નથી એમ પણ કહેલું છે કે ૠતુવંતી સ્ત્રી દર્પણમાં

પોતાનું મુખ જોવે તો તેણીનો ગર્ભ ગાંડો થાય છે.

- ઋતુવંતી સ્ત્રી ગાય, મુની, દેવમુર્તિ તથા પોતાના પતિને સ્પર્શ કરે તેણીને નિશ્ચે કરીને, ગર્ભ રહેતો નથી, અને વંધ્યત્વ પ્રાપ્ત થાય છે.
- ઋતુવંતી સ્ત્રી જો સુર્ય અથવા ચંદ્ર ગ્રહણ જોવે તો તેણી જે સંતાન થાય તે ગાંડા થાય છે.
- ઋતુવંતી સ્ત્રીએ અલ્પ દુધપાકનું ભોજન કરવું તે લાભકારક છે.

## ગર્ભવતિનો આહાર અને તેનુ ફળ

**વાગ્ભટ્ટ નામના વૈદ્યક ગ્રંથમાં કહ્યું છે કે :-**

**वातालैश्च भवेद् गर्भः कुब्जा - डन्ध - जड - वामनः ।**

**पित्तलैः खलतिः पिङ्गः, श्वित्रि पान्डुः कफात्मभिः ॥१॥**

- ગર્ભવતિ સ્ત્રી જો વાયુકરનારા પદાર્થો ખાય તો-ગર્ભ કુબડો, આંધળો, જડ અને ઠીંગણો થાય છે.
- પિત્ત કરનારા પદાર્થો ખાયતો - ગર્ભ ટાલવાળો અથવા પીળા વર્ણવાળો થાય છે.
- કફ કરનારા પદાર્થો ખાવાથી - ગર્ભ સફેદ કોઢવાળો, અથવા પાંડુરોગવાળો થાય છે.

**अति ळवणं नेत्र हरं, अति शीतं मारुतं प्रकोपयति ।**

**अत्युष्णं हरति बळं अतिकामं जीवीत हरति ॥२॥**

- ગર્ભવતિ સ્ત્રી જો અતિ ખારા પદાર્થો ખાય તો ગર્ભના નેત્રને હરણ કરનારા થાય છે.
- અતિ ઠંડો આહાર ગર્ભને વાયુનો પ્રકોપ કરે છે.
- અતિ ગરમ આહાર ગર્ભના બળને હરે છે.
- અને અતિ વિષમ સેવન ગર્ભના જીવિતને હરે છે.

## ગર્ભ પડી જવાનાં કારણો

મૈથુન સેવન, પાલખી વિગેરે યાન પર બેસીને મુસાફરી કરવી, ઘોડો, ઊંટ વિગેરે વાહનપર બેસવું, માર્ગમાં ઘણું ચાલવું, ચાલતાં સ્ખલના પામવી - લચકાવું, પડી જવું, પેટ દબાવવું, મસલાવવું, અથવા પેટમાં પીડા આવવી, અતિ દોડવું, અથડાવવું ઉંચાનીચું સૂવું, ઉંચીનીચી જગ્યાએ બેસવું, સાંકડા સ્થાનમાં બેસવું, અથવા ઉભડક બેસવું, વેગનો વિઘાત પામવો, અતિલુખો આહાર કરવો, અતિકડવા પદાર્થો વાપરવા, અતિ તીખા પદાર્થો વાપરવા, અતિશય ભોજન કરવું. અતિરાગ કરવો, અતિશોક કરવો, અતિખારા પદાર્થો વાપરવા, અતિસાર રોગ થવો એટલે ઝાડા થવા, ઉલટી થવી, જુલાબ લેવો, હીંચકા ખાવા, અજીર્ણ થવું; વિગેરે કારણોથી ગર્ભ પડી જાય છે. ગળી જાય છે.

## ગર્ભવતિનું વર્તન અને તેનું ફળ

**સુશ્રુત નામના વૈદ્યક ગ્રંથમાં કહ્યું છે કે :-**

- ગર્ભવતી સ્ત્રીજો આખો દિવસ સૂવે તો ગર્ભ ઉંઘણશી થાય છે.
- અંજન કરવાથી ગર્ભ આંધળો થાય છે.
- રડવાથી વાંકી નજરવાળો થાય છે.
- દોડવાથી ચંચળ થાય છે.
- હસવાથી ગર્ભના દાંત, હોઠ, તાલુ અને જીભ એ સર્વે કાળા થાય છે.
- બહુબોલવાથી બોલકણો, બક બકીયો, નિર્થક બોલબોલ કરનારો થાય છે.
- ઘણા શબ્દો સાંભળવાથી બહેરો થાય છે.
- પંખા વિગેરેથી બહુપવન લેવાથી ગર્ભ ઉન્મત્ત થાય છે.

## ૭, શ્રી સંતાનરેખા

હસ્તરેખા શાસ્ત્રમાં જો કોઈ ગૂંચવણ ભરેલો પ્રશ્ન હોય તો આ એક જ છે. અને જો તેના ઉપરથી જ આ શાસ્ત્રની કિંમત આંકવામાં આવે તો કંઈ જ નથી.

કારણ કે આ બાબતમાં ભિન્ન ભિન્ન મત છે. કેટલાક જયોતિષીઓ શુક્રના પર્વતની ઉપલી ધાર પર પડેલી આડી રેખાઓને સંતાનરેખા માને છે, ત્યારે કેટલાક ચંદ્ર તેમજ ઉપલા મંગળની નજીક આડી રેખાઓને સંતાનરેખાઓ કહે છે.

પરંતુ આ બાબતમાં જો કોઈ કંઈક પણ ભરોસાલાયક રેખાઓ હોય તો લગ્નરેખાની ઉપર નાની બારીક આડી રેખાઓ છે. છતાં પણ ફક્ત આ એક જ બાબતથી આપણે ચોક્કસ તો ન જ કહી શકીએ કે આટલા સંતાન થશે જ : જેટલાં સંતાન થશે તેમાં કેટલી છોકરીઓને કેટલાં છોકરા તેમજ કેટલા જીવશે અને મરશે, ઉપરાંત કસુવાવડ કે અધૂરાં અવતરશે.

હવે આ રેખાઓ જોતાં પહેલાં પ્રથમ સવાલ એ ઉત્પન્ન થાય છે કે આ રેખાઓ પુરુષના હાથમાં જોવી કે સ્ત્રીના હાથમાં ? તેના સમર્થનમાં જો બહુ જ ચોક્કસ કહેવું હોય તો સ્ત્રી-પુરુષના બંનેના હાથ સાથે જોવામાં આવે તો કંઈક આધારભુત કહી-શકાય.

જો હસ્તરેખાની સાથે સાથે જન્મકુંડળીની મદદ લેવામાં આવે તો ઘણું ચોક્કસ રીતે કહી શકાય.

બીજી મુશ્કેલી એ છે કે આ રેખાઓ એટલી બધી બારીક હોય છે કે નરી આંખે તો આપણાથી જોઈ શકાતી નથી. જેથી કરીને જયારે આ રેખાઓ જોવી હોય તો તે ભાગ ઉપર જોરથી અંગૂઠો દાબીને ઘસવાથી રેખાઓ ઉપસી આવે છે.

સંતાનરેખાઓ જોતાં પહેલાં પ્રથમ તો એ જોવું જોઈએ કે સંતાન થવાનો યોગ છે કે કેમ, કારણ કે લક્ષ્મીયોગ જોઈએ પણ આયુષ્યનો યોગ ન હોય તો પછી તે શું કરવાનો ? આ બાબતમાં હસ્તરેખા શાસ્ત્રમાં થોડી એવી ચોક્કસ નિશાનીઓ છે કે જેનાથી આપણે કહી શકીએ કે સંતાન માટેનો યોગ છે કે કેમ.

હવે જે સ્ત્રીના હાથમાં શુક્રનો પર્વત બહુ જ ઉપસેલો હોય તેમજ તેના પર જાળું હોય તેમજ જીવનરેખાનો ઘેરાવો સાંકડો બનતો હોય તો તેવી સ્ત્રીઓને સંતાન ઓછાં થાય છે, ત્યારે કેટલીકવાર નથી પણ થતાં.

જો શુક્રનો પર્વત બહુ જ ઉપસેલો ન હોય તેમજ જીવનરેખાનો ઘેરાવો શુક્રના પર્વત આગળ પહોળો બનતો હોય અને જો કોઈ જાતનું શુક્રના પર્વત પર જાળાનું નિશાન ન હોય તો સંતાન વધારે થાય છે.

જો સ્વાસ્થ્ય રેખા તૂટક હોય અને મસ્તકરેખાને કાપતી હોય અને ચોકડી બનતી હોય તેમજ જો શુક્રનો પર્વતવાળો ભાગ સાંકડો બનતો હોય તો સંતાન થતા નથી.

ચંદ્રના પર્વત પર આડીઅવળી રેખાઓ હોય અને મસ્તકરેખા પર ચોકડી કે તારકનું નિશાન હોય તે ગર્ભાશયના દોષ હોય છે, જેના પરિણામે કસુવાવડો થાય છે; તેથી ભવિષ્યમાં સંતાન થતા નથી.



સંતાન રેખાની સમજ

૧-૧. તૂટક તૂટક સ્વાસ્થ્ય રેખા અને જેનાથી મસ્તકરેખા કપાય છે, જે નબળાઈનું સૂચન કરે છે. અને જેના પરિણામે સંતાન થતાં નથી.

૨-૨. શુક્રના પર્વત પરથી આવતી અવરોધક રેખા કે જે મસ્તકરેખાને તેમજ સ્વાસ્થ્યરેખાને કાપે છે. જેથી ચોકડી જેવો દેખાવ બને છે; જે પણ સંતાન થવામાં અવરોધક છે.

૩. મસ્તકરેખા તેમજ સ્વાસ્થ્યરેખા પર પડતો તારક જે પણ અવરોધક છે.

૪-૪. મણિબંધની ઉપલી સાંકળી આકારની રેખા કે જે અર્ધચંદ્રાકાર છે. તે પણ સંતાન ન થવામાં ઘણો જ ભાગ ભજવે છે.

૫. કે જે ઘણું જ સચોટ નિશાન છે તે શનિના પર્વત પરની ચોકડી.

સામાન્ય રીતે આપણા શારિરીક વિજ્ઞાનશાસ્ત્રનો નિયમ છે કે જે સ્ત્રીમાં વિષયવાસના વધારે હોય છે તેને ઓછાં સંતાન થાય છે, જયારે જેનામાં વિષયવાસના ઓછી છે તેને સંતાન સારા થાય છે, તેમજ બીજો પણ નિયમ છે, જે સ્ત્રીઓ બહુ જ બુદ્ધિશાળી અને તીવ્ર હોય છે તેમને પણ ઓછાં સંતાન થાય છે.

બીજું એક સચોટ નિશાન છે કે જે સ્ત્રીઓના હાથમાં મણિબંધ પરની પહેલી સાંકળી આકારની રેખા જો મધ્યભાગમાં હથેળી પર ચઢી ને અર્ધચંદ્રાકાર જેવો દેખાવ કરતી હોય તો તેવી સ્ત્રીઓને સંતાન થતાં નથી.

અને જો કોઈવાર ગર્ભ રહે તો ચોક્કસ ઓપરેશન કરાવવું પડે છે. આ પ્રમાણેની રેખા હોય અને શુક્રના પર્વત પરથી રેખા જીવનરેખાને કાપીને સ્વાસ્થ્યરેખાને કાપતી હોય તો ઓપરેશન કરાવતી વખતે મરણ થાય છે.

બીજું એ કે જો શનિના પર્વત પર ચોખ્ખી ચોખ્ખી ચોકડી હોય તો સંતાન થતાં નથી, પરંતુ આ ચોકડી હોય અને બીજાં સારાં નિશાન હોય તો અલ્પ સંતાન થાય પરંતુ તે સંતાન ભાગ્યે જ જીવે છે.

સંતાનરેખાનું નિરિક્ષણ બુધના પર્વત પરની લગ્નરેખા પર પડેલી બારિક આડી રેખાઓથી કરવું જોઈએ અને તેની શરૂઆત હથેળીના અંદરની બાજુથી પ્રથમ ગણવી જોઈએ.

## સંતાન રેખા

આગળ આપણે હસ્તરેખાના કેટલાક સચોટ ચિન્હો જોઈ ગયા કે જેનાથી આપણે પ્રથમ એક વાત નક્કી કરી શકીએ કે આ સ્ત્રીને સંતાન થાય કે કેમ.

હવે સંતાન થાય તો કેટલાં થાય અને તેમાં છોકરાં કેટલા કે કેટલી છોકરીઓ થાય તે વિશે જોઈએ.

બુધના પર્વત પર હથેળીની બાજુમાંથી આવતી લગ્નરેખા પર ઊભી બારિક જે રેખાઓ પડે છે, તેને સંતાનરેખા કહે છે.

હવે જ્યાંથી લગ્નરેખા શરૂ થાય છે તે જ વખતે શરૂઆતમાં જો સંતાનરેખા પડતી હોય તો આપણે કહી શકીએ કે આ સ્ત્રીને લગ્ન પછી તરત જ થોડા સમયમાં દિવસ રહેશે. કોઈ વાર આ રેખાઓ હોતી નથી અને નાની બારિક આડી અવળી રેખાઓ હોય છે ત્યારે સમજવું કે કસુવાવડ થવાનો યોગ છે.

હવે આપણે પ્રથમ એક રેખાને બરાબર નક્કી કરી લઈએ. ત્યારબાદ તે રેખાથી સમાન અંતરને પડતી બીજી રેખાઓથી કહી શકીએ આ સ્ત્રીને બે વરસ કે ત્રણ વરસના ગાળે બીજુ સંતાન થશે.

હવે પ્રથમ રેખા સારી હોય અને ત્યારબાદ બીજી રેખાઓ અવ્યક્ત હોય કે બારિક રીતે છેદાયેલી હોય તો સમજવું કે



૧-૧. લગ્નરેખા

૨-૨. સંતાનરેખા પુત્ર-સંતાન

૩-૩. કસુવાવડ કે ગર્ભનાશ.

૪-૪. નાની પાતળી રેખા : પુત્રી સંતાન.

૫. નાની ઊભી રેખાઓ વાચાળતા

૬. નંબર જેવી બુધના પર્વત ઉપર ઊભી રેખાઓ હોય તો નર્સનું કામ કરે છે.

મંગળ ઉપર આડી અવળી રેખા અનિયમિત માસિક, પ્રદર લોહીવા જેવા રોગ.

ચંદ્ર પર આડીઅવળી રેખાઓ ગર્ભાશયની વિકૃતિ.

ગર્ભનાશ થવાની યા કસુવાવડની શક્યતા છે. આ બાબત બહુ જ ઝીણવટપૂર્વક જોવી જોઈએ. કોઈને પણ કંઈ જ કહેતાં પહેલાં ખૂબ વિચાર કરીને કહેવું જોઈએ.

સંતાનરેખા માટે લગ્નરેખા પર પડેલી ઊભી રેખાઓને જ સંતાનરેખા માનવી. બાકી લગ્નરેખાઓ આગળના ભાગમાં બુધના પર્વત પર પડેલી ઊભી રેખાઓને સંતાનરેખા માનવાની કદી ભૂલ કરવી નહિ. તે રેખાઓ, નર્સ કે દાકતરી લાઈનનું સૂચન કરે છે.

ઘણી વખત આ નાનીમોટી ઊભી રેખા બહુજ બોલકણી અને વાચાળ સ્ત્રીના હાથમાં પણ જોવા મળે છે. માટે ફક્ત લગ્નરેખા પર સીધી અને સ્પષ્ટ રેખાઓને જ સંતાનરેખા કહેવી જોઈએ.

હવે સંતાનમાં કેટલા છોકરા અને કેટલી છોકરીઓ થશે તે પણ એક ગૂંચવણ ભરેલો પ્રશ્ન છે, પરંતુ જેટલી રેખાઓ કંઈક જાડી અને લાંબી હોય તેટલા છોકરા અને જેટલી રેખાઓ પાતળી અને ટૂંકીહોય તેટલી છોકરીઓ થશે, તેમ કહી શકાય છે.

જે રેખાઓ પાતળી અને વળી ગયેલી હોય તેટલા સંતાન સ્પષ્ટ નષ્ટ થાય છે, તેમજ જો તેના પર કાળો કે ભૂરો ડાઘો હોય તો પણ નષ્ટ થાય છે.

બીજું જો આ પ્રમાણેની સંતાનરેખા તદ્દન ઝાંખી હોય અને વળી ગયેલી હોય તેમજ એક યા બીજી રેખાથી કપાતી હોય તો સુવાવડમાં કષ્ટ થાય છે.

અને આગળ જણાવેલા ચિન્હોમાંથી કોઈ અશુભ ચિન્હ હાથમાં હોય તો ઓપરેશન કરાવવું પડે છે.

જો સંતાનરેખાના ઉપરના ભાગમાં ચીપિયો હોય તો તે સંતાન નબળું

થાય છે. શરીર નરમ ગરમ રહ્યા કરે છે.

અને જો નીચેના ભાગમાં ચીપિયો હોય તો તેવા સંતાનો માબાપના કહ્યામાં રહેતાં નથી, જેથી કરીને માબાપ સાથે મેળ રહે નહિ.

જો સીધી અને સરળ રેખા હોય તો તેવાં સંતાનો લાંબા આયુષ્યનાં અને માબાપના કહ્યામાં રહેનારા થાય છે.

આ પ્રમાણે દરેક બાબતનો નિર્ણય કરતાં પહેલાં હથેળીમાં પડેલાં ચિન્હોનો વિચાર કરી લેવો સારો છે.

કારણકે સંતાનરેખા અસ્પષ્ટ હોય અને હથેળીમાં ચંદ્રના પર્વત પર આડીઅવળી રેખાઓ હોય તો ગર્ભાશયની વિકૃતિને કારણે સંતાનો નષ્ટ થાય છે.

તે જ પ્રમાણે મંગળ પર પણ જો ખરાબ નિશાનો હોય તો માસિક અનિયમિત આવે છે. કોઈ વાર વધુ પડતું આવે અને કોઈવાર બિલકુલ નહિ. આવી સ્ત્રીઓને લોહીવા-પ્રદર જેવા રોગો થાય છે. જેના પરિણામે સંતાન પ્રાપ્તિ થતી નથી.

ખાસ કરીને ઘણાં ખરાં જે ખરાબ નિશાનો છે અને જે દવા કે યોગ્ય ઉપચારથી ઠીક થઈ શકે અને જેના પરિણામે જીવન સુખરૂપ બને તે જ આ શાસ્ત્રોનો આશય છે.

## ૮, શ્રી સંતાન ગ્રહો

- પાંચમે શુભગ્રહની રાશિમાં શુભગ્રહ બેઠા હોય ને શુભગ્રહ જોતા હોય, તો તેને સંતાનનો યોગ કહેવો. પાપગ્રહ યુક્ત પાપ રાશિને પાપ દ્રષ્ટી હોય તો સંતાનનો યોગ કહેવો નહિ.
- પાંચમાના સ્વામીને શુભગ્રહ જોતા હોય પાંચમે દ્રષ્ટિ હોય, તો સંતાનની પ્રાપ્તિ કરે. પાંચમે પોતાનો સ્વામી ન જોતો હોય ને પાપગ્રહો જોતા કે યુક્ત હોયતો સંતાનની પ્રાપ્તિ કહેવી નહિ.
- લગ્નનો સ્વામી લગ્નમાં બીજે કે ત્રીજે હોય તો પ્રથમ ગર્ભે પુત્ર થાય. ચોથે હોય તો બીજા ગર્ભે પુત્ર થાય પછી પાંચમે હોય તો પુત્રી છઠ્ઠે પુત્ર

એમ આગળના ભાવોમાં પુત્રી તથા પુત્રની કલ્પના કરવી.

- પાંચમે રાશિનો જેટલો અંક હોય તેટલી સંતાન સંખ્યા કહેવી. એમ અને ઉચ્ચ મૂળ ત્રિકોણ કે પોતાની રાશિના શુભગ્રહોની દૃષ્ટિ હોય તો સંતાન સારાં થાય.

- પાંચમો ભાવ જેટલા નવમાંશમાં હોય તેટલી સંતાનની સંખ્યા કહેવી. તેમાં શુભગ્રહોની દ્રષ્ટી હોય તો બમણી સંખ્યા કહેવી અને પાપ ગ્રહોની દૃષ્ટિ કે યોગ હોયતો ઓછી કહેવી, ને મિશ્ર ગ્રહની દૃષ્ટિ હોય તો મિશ્ર સંખ્યા કહેવી.

- પાંચમે પાપગ્રહની રાશિ, પાપગ્રહયુક્ત હોય ને શુભગ્રહ ન જોતા હોય તો, સંતાનહીન થાય.

- પાંચમે શુક્ર કે ચંદ્રની રાશિ હોય ને શુક્ર ચંદ્રયુક્ત કે ગ્રહ ચંદ્રયુક્ત કે દ્રષ્ટી હોય, ને બેકી રાશિ હોય તો, પુત્રીને એકી રાશિ હોય તો પુત્ર કહેવો.

- પાંચમે શનિ પોતાની રાશિનો હોય, ને ચંદ્ર જોતો હોય તો, દત્તક લીધેલી પ્રજા હોય. તેમજ જો બુધ જોતો હોય તો વેચાતી લીધેલી પ્રજા હોય એમ કહેવું.

- પાંચમાના સ્વામી સાથે કે ૫-૬-૧૨ મે પાપગ્રહ હોય તો સંતાન થતાં નથી ને થાય તો જીવતાં નથી.

- પાંચમે શનિની રાશિમાં ચંદ્ર હોય, ને સૂર્ય શુક્ર જોતા હોય તો બીજી સ્ત્રીથી સંતાનનું સુખ થાય.

- પાંચમે શનિની રાશિ ને શનિનો નવમાંશ હોય, ને બુધ જોતો હોય, સૂર્ય મંગળ ન જોતા હોય તો પોતાની સ્ત્રીમાં બીજા પુરૂષથી પુત્ર થાય. તેમજ પાંચમામાં બુધની રાશિને નવમાંશ હોય ને શનિ જોતો હોય તો તેજપ્રમાણે થાય.

- પાંચમે મંગળ હોય તો જેટલાં સંતાન થાય તેટલાં નાશ પામે પણ ગુરૂ

શુક્ર જોતો હોય તો માત્ર પહેલા સંતાનનો જ નાશ કરે.

- પાંચમે શુભગ્રહો હોય તો, સારી બુદ્ધિને સારા પુત્રનો લાભ કરે. પાંચમે પાપગ્રહો હોય તો ખોટી બુદ્ધિ, ને સંતાન લાંબે વખતે થાય.

- પાંચમે ધન કે મીન રાશિ હોય તો સંતાન ઉત્પન્ન થતાં નથી ને ગુરૂ રહ્યો હોય તો મૃત પ્રજા થાય ને જો ગુરૂની દૃષ્ટિ હોય તો પ્રજાનું સુખ થાય છે.

- પાંચમે ગુરૂ હોય, સૂર્ય સિંહનો ને પાંચમાનો સ્વામી બળવાન હોય તો તેને પાંચ કે આઠ પુત્રનું સુખ કહેવું.

- પાંચમે કુંભનો શનિ હોય તો પાંચ પુત્ર થાય, જો મકરનો હોય તો ત્રણ પુત્રીઓ થાય, જો ત્યાં મકરનો મંગળ હોય તો ત્રણ પુત્ર થાય. ને બુધ, શુક્ર કે ચંદ્ર, હોય તો પુત્રીઓ થાય. જો એકલો ગુરૂ હોય તો પાંચ પુત્ર થાય ને પાંચમા ભાવમાં મેષ, વૃષભ, કે કર્ક નો રાહુ, કે કેતુ હોય, તો જલદી સંતાન થાય.

## સ્ત્રી સંતાન મંત્ર - યંત્ર

**ઋદ્ધિ ૐ હ્રી અહ નમો વિપ્પોસહિ પતાણું**

મંત્ર ૐ હ્રી કલિકુન્ડ દન્ડસ્વામિત્ આગચ્છ આગચ્છ આત્મ મંત્રાન આકર્ષય આત્મમંત્રાન્ રક્ષ રક્ષ પરમ ત્રાન છિન્દ છિન્દ મમ સમીહિતં કુરુ કુરુ સ્વાહા ॥



વિધિ :- ઋદ્ધિ મંત્રની આરાધનાથી અને યંત્ર પાસે રાખવાથી સંપત્તિ લાભ થાય છે. ૧૨૦૦૦ જાપ લાલ પુષ્પ વડે કરવા અને યંત્રનું પુજન પણ સાથે કરવું

## ૯, ગર્ભ સંબંધી બાબતો

૨૪ જિનનો ગર્ભકાળ

- પ્રથમ ભગવાન ૯ માસ અને ૪ દિવસ ગર્ભમાં રહ્યા હતા. બીજા - ૮ માસ ૨૫ દિન. ૩જા, ૫મા, ૬ઠા, ૧૦મા, ૧૧મા, ૧૪મા, ૧૬મા, અને ૨૩મા પ્રભુ ૯ માસ ૬ દિન ગર્ભમાં રહ્યા હતા. ૪થા-૮માસ ૨૮ દિન, ૭મા-૯માસ ૧૯ દિન. ૮મા-૯માસ ૭ દિન, ૯મા-૮માસ ૨૬ દિન ૧૨મા-૮માસ ૨૦ દિન. ૧૩મા -૮માસ ૨૧ દિન, ૧૫મા-૮માસ ૨૬ દિન, ૧૭મા-૯માસ ૫દિન, ૧૮મા-૯માસ ૮ દિન ૧૯માં-૯માસ-૭દિન ૨૦મા, ૨૧મા, ૨૨મા - ૯ માસ ૮ દિન. ૨૪માં ૯માસ ૭॥દિન ગર્ભમાં રહ્યા હતા.
- સિદ્ધરાજ જયસિંહ રાજા ૧૨ વર્ષ માતાના ગર્ભમાં રહેલા હતા.
- મનુષ્ય ઉત્કૃષ્ટ ૧૨ વર્ષ ગર્ભમાં રહી શકે. જો ફરી ત્યાં ઉત્પન્ન થાય તો ૨૪ વર્ષ પણ રહી શકે.

## ૧૦, સૂતિકા સંબંધી શુકનો

**બાલકના જન્મ સમયે સૂતિકા ઘરની ઉપર**

- જો પોપટ આવીને બોલે તો જન્મનાર બાળક વિદ્વાન થાય છે.
- જો ત્યાં કબુતર બેસીને શબ્દ કરે તો તે સંતાન ધર્માનુરાગી થાય છે.
- જો ત્યાં બગલું બેસીને શબ્દ કરે તો તે સંતાન મહા પરાક્રમી થાય છે.
- જો ત્યાં ચકલી આવીને શબ્દ કરે તો તે બાળક લક્ષ્મીની વૃદ્ધિ કરનારું થાય છે.
- ત્યાં જો મયૂર પક્ષી બેસીને શબ્દ કરે તો તે સંતાનને રાજ્ય પદવી મળે છે.
- જો કાગડો આવીને બોલે તો તેનાં માતાપિતાનો છ માસની અંદર નાશ થાય છે.

- જો કોકીલ આવીને બોલે તો બાળકની માતાનું એક માસની અંદર મૃત્યુ નીપજે છે.
- જો ત્યાં બાજ પક્ષી બેસીને શબ્દ કરે તો પિતાનું તુરત મરણ થાય છે.
- જો ત્યાં ગીધ પક્ષી આવીને શબ્દ કરે તો તેના સર્વે કુટુંબનું તુરત મૃત્યુ થાય છે.
- જો ત્યાં ઉંદર આવીને બોલે તો સંતાન પોતાના ભાઈ-બહેનોનો નાશ કરનારો થાય છે.
- ત્યાં જો રૂપારેલ નામનું પક્ષી બેસીને શબ્દ કરે તો બાળક બહેરૂં તથા મુંગુ થાય છે.
- જો ત્યાં ક્રૌંચ પક્ષી બેસીને શબ્દ કરે તો તે બાળક આંખે આંધળું થાય છે.
- જો ત્યાં કોઈ કુતરો ચઢીને ભસવા લાગે તો તે સંતાનને આગામી કાળમાં ચોરી કરવાનું વ્યસન લાગુ પડે છે,
- જો ત્યાં કોઈ સ્ત્રી તથા પુરુષ ઘર ઉપર ઊભેલ હોય તો તે સંતાનની માતાનું છ માસની અંદરજ મૃત્યુ નીપજે છે.

**સુતિકાના ઘરમાં જન્મસમય**

- બીલાડી દાખલ થાય તો તે સંતાનનું ત્રણ દિવસની અંદરજ મૃત્યું થાય.
- જો કોઈ સ્ત્રી પોતાની કટી ઉપર રૂદન કરતા બાળકને લઈને દાખલ થાય તો તે બાળકનું આઠ દિવસની અંદર મૃત્યુ થાય છે.
- અકસ્માતે તે ઘરમાં જો ગાય પ્રવેશ કરતી જણાય તો તે સંતાન પોતાના માતા પિતાને ઘણીજ લક્ષ્મી મેળવી આપે છે.
- જો કોઈ સ્ત્રી પોતાના મસ્તક ઉપર જલથી, દહીંથી અથવા મધથી ભરેલું માટીનું વાસણ લઈને અકસ્માતે દાખલ થાય તો તે સંતાન મહા ભાગ્યશાળી નીવડે છે.
- જો કોઈ સ્ત્રી પોતાનું મુખ વસ્ત્રથી આચ્છાદન કરીને ત્યાં જો દાખલ થાય તો તે સંતાન દરિદ્રી થાય છે.
- કોઈ સ્ત્રી ખુલ્લા મસ્તકથી ત્યાં દાખલ થાય તો તે સંતાન વિષયી થાય છે. ત્યાં કોઈ પુરુષ દાખલ થાય તો તે બાળકની માતાનું દસ

દિવસની અંદર મૃત્યુ થાય છે.

- જો ત્યાં કોઈ સ્ત્રી પોતાના મસ્તક પર અથવા હાથમાં અડદથી ભરેલું વાસણ લઈને દાખલ થાય તો તે સંતાન તથા તેની માતાને પિશાચ્યાદિક દુષ્ટ તત્વોનો ઉપદ્રવ થાય છે.
- જો ત્યાં કોઈ સ્ત્રી રૂદન કરતી દાખલ થાય તો તે સંતાનનું ચાર માસની અંદર મૃત્યુ થાય છે.
- જો ત્યાં વિધવા સ્ત્રી દાખલ થાય તો તે સંતાન લક્ષ્મીનો નાશ કરનારો થાય છે.
- જો ત્યાં કોઈ સ્ત્રી ધૃત એટલે ઘીથી ભરેલ પાત્ર લઈને દાખલ થાય તો તે સંતાન પોતાનાં માતા-પિતાની કીર્તિની વૃદ્ધિ કરે છે.
- ત્યાં જો કોઈ સ્ત્રી ઘણી છીંકો ખાતી દાખલ થાય તો તે સંતાનનું આઠ દિવસની અંદરજ મૃત્યુ નીપજે છે.
- જો ત્યાં કોઈ સ્ત્રી પોતાના હાથમાં દુધથી ભરેલું પાત્ર લઈને દાખલ થાય તો તે સંતાન માતા-પિતાને ત્યાં મોટો કલેશ ઉત્પન્ન કરે છે.
- ત્યાં જો કોઈ સ્ત્રી પોતાના મસ્તકપર ખાલી માટીનું વાસણ લઈને દાખલ થાય તો તે સંતાન લક્ષ્મીમાં વૃદ્ધિ કરે છે.
- પ્રસવ થતી વખતે જો માતા ને છીંક આવે તો તે પુત્ર કે પુત્રીનું જન્મતાજ મૃત્યુ પામે છે.
- ત્યાં ઉભેલી અથવા બેઠેલી બીજી કોઈ સ્ત્રીને છીંક આવે તો તે સંતાન કુટુંબની લક્ષ્મીનો નાશ કરે છે.
- માતાને જો ખાંસી આવે તો તે સંતાનનું લાબું આયુષ્ય થાય છે.
- માતાને જો બગાસું આવે તો તે બાળક આળસું થાય છે.
- માતાને જન્મ સમય જો ગર્દભનો શબ્દ સંભળાય તો તે સંતાન મૂર્ખ નિવડે છે.
- માતાને જો ઊંટનો શબ્દ સંભળાય તો તે સંતાન ચપળગતિવાળું થાય.
- માતાને ગાયનો શબ્દ સંભળાયતો તે સંતાન સુશીલ થાય છે.
- માતાને જો ઘોડાનો હેંષારવ સંભળાય તો તે સંતાન રાજ્ય લક્ષ્મી મેળવે છે.
- જો માતાને મેઘની ગર્જનાનો શબ્દ સંભળાય તો તે સંતાન બહેરો

થાય.

- જો માતાને ભેંસનો શબ્દ સંભળાયે તો તે સંતાન કુબ્જ એટલે કુબડો થાય છે.
- માતાને કુતરા ભસવાનો શબ્દ સંભળાય તો તે સંતાન બહું બોલકણું થાય.
- માતાને જો અકસ્માતથી કોઈ કવિતા સંભળાય તો તે સંતાન મહા કવિ થાય છે.
- માતાને જો શિયાળ નો શબ્દ સંભળાય તો તે સંતાનના માતા-પિતાને બહુ આપદા સહન કરવી પડે છે.

## પ્રસવતી વેળાએ માતાની દ્રષ્ટિ

- જો શેરડીના સાંઠા પર પડે તો તે સંતાન ઉત્તમ ગુણોને ધારણ કરનારૂં થાય છે.
- માતાની દ્રષ્ટિ જો પુષ્પની માળા પર પડે તો તે સંતાનનું આઠ દિવસની અંદર સર્પના ડંસ થકી મૃત્યુ થાય છે.
- માતાની દ્રષ્ટિ જો સાંબેલા ઉપર પડે તો તે સંતાન નપુંસક થાય છે.
- માતાની દ્રષ્ટિ જો ઘીના દીપક પર પડે તો તે સંતાન મહા તેજસ્વી થાય.
- માતાની દ્રષ્ટિ જો સુર્ય ઉપર પડે તો અથવા સુર્ય સામું મુખ પડે તો તે સંતાનને ચક્ષુનો રોગ થાય છે.
- માતાની દ્રષ્ટિ જો ચંદ્ર તરફ પડે તો તે સંતાનની આંખો તેજસ્વી થાય છે.
- માતાની દ્રષ્ટિ જો તારા ઉપર પડે તો તે સંતાનને કુષ્ટનો રોગ થાય છે.
- માતાની દ્રષ્ટિ જો મોદક પર પડે તો તે સંતાનનું ક્ષુધાથી મૃત્યુ થાય છે.
- વળી તે સમયે જો સુર્ય ગ્રહણ અથવા ચંદ્ર ગ્રહણ થતું હોય અથવા થયેલું હોય તો તે સંતાન ગાંડુ થાય છે. અથવા તેની માતા ગાંડી થાય છે.
- માતાની દ્રષ્ટિ કોઈ વૃક્ષ ઉપર પડે તો તે સંતાનને ભગંદરઆદી

અસાધ્ય રોગની ઉત્પત્તિ થાય છે.

- માતાની દ્રષ્ટિ જો કોઈ પુસ્તક પર પડે તો તે સંતાન મહા વૈરાગ્ય વાળું થાય છે.
- માતાની દ્રષ્ટિ જો ગોળથી ભરેલા વાસણ ઉપર પડે તો તે સંતાન મહા ભાગ્યશાળી થાય છે.
- માતાની દ્રષ્ટિ જો કોઈ ભિક્ષુકની સ્ત્રી ઉપર પડે તો તે સંતાન મહા દાનેશ્વરી થાય છે.
- માતાની દ્રષ્ટિ જો નોળીયા પર પડે તો તે સંતાન કુટુંબનું દ્રોહી થાય છે.
- માતાની દ્રષ્ટિ જો કોઈ બીજી સ્ત્રીની યોની પર પડે તો તે સંતાન નપુંસક થાય છે.

## તિથીનો જન્મ

- પુત્રનો જન્મ જો પુનમને દિવસે થાય તો તે લક્ષ્મી તથા કીર્તિનો નાશ કરનારો થાય છે. પણ જો તે દિવસે મધ્યાનકાલે અથવા મધ્યાન રાત્રીએ પુત્રનો જન્મ થાય તો તે સંતાન લક્ષ્મીની વૃદ્ધિ કરે છે.
- પુત્રીનો જન્મપુર્ણિમાને દિવસે થાય તો તે પોતાનાં માતા-પિતાને ચિંતા ઉત્પન્ન કરે છે.
- પુત્ર અથવા પુત્રીનો જન્મ અષ્ટમીને દિવસે થાય અને તે દિવસે શુક્રવાર હોય તો તે પુત્ર અથવા પુત્રી પોતાનાં માતા-પિતાને રાજ્ય તરફનો ભય ઉપજાવે છે.
- જો સંતાનનો જન્મ શુક્લ પક્ષની ચતુર્થિને દિવસે થાય તથા માતાની દ્રષ્ટિ તે દિવસે પ્રસવ થયા પેલાં અથવા પ્રસવતી વખતે અગર પ્રસવ થયા પછી તરતજ જો રાત્રીએ ચંદ્ર પર પડે તો તે સંતાન દ્રવ્ય કીર્તિ અને કુટુંબના માણસોનો પણ નાશ કરનારો થાય છે. કેમકે કોઈ પણ સ્ત્રી અથવા પુરૂષે શુક્લપક્ષની ચતુર્થિના ચંદ્ર તરફ દ્રષ્ટિ કરવી નહી કેમકે વ્યવહાર કલ્પમાં શ્રી હરિભદ્રસૂરી મહારાજે પણ કહ્યું છે.
- વળી જે સંતાનને જન્મ અમાવસ્યની સંધ્યાકાલે થાય તો તે સંતાન પોતાના બંને પક્ષનો નાશ કરે છે.

## જન્મનિમિત્તો

- સંતાનના જન્મને વખતે કોઈ માણસ આભૂષણની ભેટ દેવાં આવે તો તે સંતાન નિર્ધન થાય છે.
- જો કોઈ માણસ કોઈ ખાવાની વસ્તુની ભેટ દેવા આવે તો તે સંતાન પોતાના કુટુંબને દુકાળની આપદામાં નાંખનારૂં થાય છે.
- સંતાનના જન્મ પછી અંતર મુહુર્તની અંદરજ જો કોઈ વૈદ્ય તેની માતાની ખબર લેવા આવે તો તે સંતાન અને તેની માતાનું ત્રણ દિવસની અંદરજ મૃત્યુ થાય છે.
- સંતાનના જન્મ પછી તુરતજ જો આકાશમાં અકસ્માત વીજળી થવા લાગે અને મેઘની ગર્જના સંભળાય તો તે સંતાન પોતાના કુટુંબને નાશ કરનારૂં થાય છે.
- પુત્રીના જન્મ પછી બે ઘટીકાની અંદરજ માતાને જો ઘણી ક્ષુધા વ્યાપે તો તે પુત્રી પોતાના પતિનો આગામી કાળમાં નાશ કરનારી થાય છે.
- પુત્રના જન્મ પછી તુરતજ માતાને જો ક્ષુધા વ્યાપે તો તે પુત્ર માતાનું મૃત્યુનીપજાવનારો થાય છે.
- વળી પુત્રના જન્મ પછી ચાર ઘટીકાની અંદરજ જો માતાને અત્યંત તૃષા લાગે તો તે પુત્ર મહાતેજસ્વી તથા દયાળુ થાય છે.
- વળી પુત્રના જન્મ પછી ચાર ઘટીક ગયા બાદ માતાને જો રડવું આવે તો તે પુત્રનું એક માસની અંદરજ મૃત્યુ નીપજે છે.
- વળી સંતાનનો જન્મ થયા બાદ તુરતજ માતા જો હાસ્ય કરવા લાગે તો જાણવું કે તે સંતાનનું તથા તે માતાનું ત્રણ દિવસની અંદરજ મૃત્યુ થશે.
- જે સંતાન જન્મ થયા પછી બીલકુલ રડતું નથી તે સંતાન અત્યંત રોગીષ્ટ થાય છે.
- જે સંતાનના જન્મ પછી માતાને પાંચ દિવસ સુધીમાં બિલકુલ ક્ષુધા લાગતી નથી તે સંતાનનું આઠ દિવસની અંદરજ મૃત્યું નીપજે છે.
- વળી જે સંતાનના જન્મ સમયે માતાને કાંઈ પણ કષ્ટ થતું નથી તે સંતાન મહાભાગ્યશાળી નીપજે છે.
- વળી જે સંતાનના મસ્તક પર જન્મતી વખતે જ ત્રણ આંગળથી વધારે

લાંબા કેશો હોયે તેવું સંતાન કુટુંબનો નાશ કરનારૂં થાય છે.

- જે સંતાનના જન્મ સમયે આકાશમાંથી તારાઓ ખરવા માંડે તેવા સંતાનના જન્મથી દેશપર મોટી આપદા પડે છે.
- વળી જે સંતાનના જન્મ સમયે માતાનું મુખ જો દક્ષિણ દિશા સન્મુખ હોય તે સંતાનનું સાત દિવસની અંદર મૃત્યુ નીપજે છે.
- પ્રસવ થયા પછી તુરતજ માતાને અત્યંત ખાટાખારા પદાર્થો ખાવાની ઈચ્છા થાય તો તે સંતાનને કુષ્ટનો રોગ થાય છે.
- સંતાનના જન્મ સમયે ઘરમાં રહેલો દીપક જો અકસ્માતે ઠરી જાય તો જાણવું કે તે સંતાનના જન્મથી કુટુંબની લક્ષ્મીનો નાશ થશે તે સમયે દીપકમાંથી જો તડતડ અવાજ નીકળતો માલુ પડે તો જાણવું તે સંતાનનું દસ દિવસની અંદર મૃત્યુ થશે તે સમયે તે દીપક વાયુ વિના કંપાયમાન થતો દેખાય તો જાણવું કે તે સંતાનથી કુટુંબને મોટો ભય ઉત્પન્ન થશે. તે સમયે દીપકે જો સ્થિર અને તેજસ્વી માલુમ પડે તો જાણવું કે તે સંતાન કુટુંબનો ઉદ્ધારક થશે. તે સમયે અકસ્માત જો તે દીપકનું વાસણ નીચે પડી જાય તો જાણવું કે તે સંતાનનું બે દિવસની અંદર મૃત્યુ થશે.

## ૧૧. જન્મવર્ષ ફળ

### સંવત્સર - (જન્મ વર્ષ) ફળ જાણવાની રીત

વિક્રમ સંવતમાં નવ ઉમેરીને, જે સંખ્યા આવે તેને ૬૦ થી ભાગવાથી જે શેષ આવે તે સંવત્સર ગણવું

દા.ત. : વિક્રમ સંવત ૨૦૩૫

+ ૯

૨૦૪૪ ÷ ૬૦ = શેષ ૪ વધે છે.

આથી ૪ નંબરમાં પ્રમોદ જન્મ વર્ષ ફળ આવે છે. તેનું ફળ જે હોય તે તેને લાગુ પડે છે.

(૧) **પ્રભવ સંવત્સર** - જે મનુષ્યનો જન્મ પ્રભવ સંવત્સરમાં થાય છે તે માણસ સર્વ વસ્તુઓનો સંગ્રહ કરે છે. પુત્ર પ્રજા અને સારી બુદ્ધિવાળો સર્વ

ઉપભોગ (વૈભવ)યુક્ત લાંબા આયુષ્યવાળો થાય છે.

(૨) **વિભવ** - સંવત્સરનો જન્મ થયો હોય, તે પોતે ઉત્પન્ન કરેલા ભોગો ભોગવે છે. તેનું દર્શન (જોવું) મનુષ્યોને પ્રિય લાગે છે અને ઘણા બળવાળો ચતુર કળાઓને જાણનાર પોતાના કુળમાં રાજા સમાન સારા સ્વભાવવાળો પંડિત થાય છે.

(૩) **શુક્લમાં** - જેનો જન્મ હોય તે હંમેશાં હર્ષમાં રહેવાવાળો ઉદાર સારા પુરુષને સારી સ્ત્રી, નવા વૈભવ, શ્રેષ્ઠ ભાગ્ય, વિદ્યા અને નમ્રતાયુક્ત મળે છે.

(૪) **પ્રમોદ** - હોય તો દાતા પુત્રથી આનંદ પામનાર ગુણવાન, કાંતિવાળો, ચતુર, ધુતારો અને પારકાનું કામ કરવાવાળો થાય છે.

(૫) **પ્રજાધીશ** - સ્ત્રીનું અભિમાન રાખનાર, દયાળુ, કુળ પ્રમાણે ચાલનાર, સારા સ્વભાવવાળો દેવતા અને પૂજનમાં તત્પર અને નમ્રતાવાળો થાય છે.

(૬) **અંગીર**-મનોહર(સુંદર), વૈભવ સાથે માન મેળવનાર, મીઠું બોલનાર, ઘણા પુત્રોવાળો, ગુપ્ત (છુપી) બુદ્ધિવાળો, ને લાંબી આવરદાવાળો થાય છે.

(૭) **શ્રીમુખ**-લક્ષ્મીવાળો, મોટો પ્રતાપી ઘણાં શસ્ત્રોને જાણવાવાળો, મિત્રોને વહાલો, બુદ્ધિશાળી, બળવાન, ઉદાર અને સારી કીર્તિ મેળવનાર થાય છે.

(૮) **ભાવ**-સારા મનવાળો, યશ મેળવનાર, ગુણવાન, દાન કરનાર, નમ્ર હંમેશાં આનંદમાં રહેનાર બહુ માણસોને માનવા યોગ્ય થાય છે.

(૯) **યુવા** - આનંદમાં રહેનાર, ગુણવાન, નમ્ર, શાંત ચિત્ત, દાન કરનાર, સારી બુદ્ધિ લાંબી ઉંમર અને મજબૂત શરીરવાળો થાય છે.

(૧૦) **ધાતુ**-સર્વલોકમાં વધારે ગુણવાન અને મોટાઈ સુંદર સ્વરૂપ, નિરંતર ગુરુનો ભક્ત, શિલ્પશાસ્ત્ર (કોતરકામ)માં કુશલને સારા સ્વભાવવાળો થાય છે.

(૧૧) **ઈશ્વર** - જલદી ક્રોધ કરનાર, ગુણવાન, પ્રતાપી, ચતુર, કળાઓમાં

કુશળ સ્વભાવવાળો થાય છે.

(૧૨) બહુધાન્ય-વ્યાપારમાં ચતુર, રાજાનો માનીતો, દાન કરનાર, અભિમાની, શાસ્ત્ર જાણનારો, અનેક પ્રકારે બહુ અનાજ અને પૈસાવાળો થાય છે.

(૧૩) **પ્રમાથી** - રથ, ધજા (વાવટો) છત્ર અને ઘોડાદિ વાહનવાળો, શાસ્ત્રમાં પ્રીતિ રાખનાર, શત્રુઓનો નાશ કરનાર, રાજાનો પ્રધાન, શાસ્ત્રને જાણવાવાળો થાય છે.

(૧૪) **વિક્રમ**-મોટાં મોટાં કાર્ય કરનાર, સર્વે શત્રુનો નાશ કરનાર, ચતુર, શૂરવીર, ધીરજવાળો, ઘણો ઉદારને બળવાન થાય છે.

(૧૫) **વૃષ**-વિના કારણ પારકા કામની વચ્ચે બોલનાર, દુષ્ટ (ખરાબ) સ્વભાવવાળો, ખરાબ માણસની સાથે ફરનાર, પારકાનું કામ કરનાર ઘણા માણસોનો સ્વામિ (ઉપરી), મલિન (મેલો) આળસુ, લોભી થાય છે.

(૧૬) **ચિત્રભાનુ** - નાના પ્રકારનાં વસ્ત્ર પુષ્પોને ધારણ કરવાવાળો, હંમેશાં મનમાં ચિંતા રાખનાર, સારા સ્વભાવવાળો સારી સારી કલાઓ જાણનાર થાય છે.

(૧૭) **સુભાનુ**-વાંકડીયા (વાળ) વાળો, સારી કાંતિવાળો, શત્રુઓને જીતનાર, બુદ્ધિમાન, નમ્ર (વિનયવાળો) આનંદી, સુંદર વૈભવવાળો થાય છે.

(૧૮) **તારણ**-ધૂતારો શૂરવીર, ચપળ કળાઓને જાણનાર, દયા વગરનો, નિંદિત કામ કરનાર પેદા કરીને ભોગવનાર અને ધનવાન થાય છે.

(૧૯) **પાર્થિવ** - પોતાના ધર્મ કર્મને પાળનાર, સારાં શાસ્ત્રોને જાણનાર, દરેક કળાઓમાં હોશિયાર, વિલાસ કરનાર, કુળમાં રાજા જેવો થાય છે.

(૨૦) **વ્યય**-સુખમાં પ્રીતિ રાખનાર, વ્યસનો કરનાર, કોઈથી ભય ન પામનાર, કરજદાર, ભ્રમ મનનો, ખર્ચ કરવાવાળો થાય છે.

(૨૧) **સર્વજીત્** - રાજાથી માન પામનાર, ઉત્સાહી, પવિત્ર મોટા શરીરવાળો

રાજા અને શત્રુઓને જીતનાર થાય છે.

(૨૨) સર્વધારી - બહુ નોકરવાળો, ઘણા ભોગ ભોગવનાર, સુંદર અને મીઠું અનાજ ખાનાર, ધીરજ રાખનાર, ઘણાઓનું પોષણ કરનાર થાય છે.

(૨૩) વિરોધી-મોટાં ભાષણો આપનાર, પરદેશમાં ફરનાર, કુટુંબને સુખી કરવા મોટો ધુતારો, દરેક માણસ સાથે વિરોધ કરનાર થાય.

(૨૪) વિકૃતિ - ગરીબ સ્થિતિવાળો, વિકરાળ આગલો ભાગ જેનો લાંબો છે એવો, અભિમાની, ખરાબ બુદ્ધિવાળો, મિત્ર વગરનો થાય છે.

(૨૫) ખર-કામી, કદરૂપો, કઠોર અને લાંબો, ખોટું બોલનાર, કજીઆ કરનાર, શરમ વગરનો અને ઘણો ઊંચો થાય છે.

(૨૬) નંદન - તલાવ, વાવ, કૂવા, મકાનો બનાવનાર, હંમેશાં અનાજનું દાન આપનાર, પવિત્ર, વૈભવની સાથે આનંદ ભોગવનાર થાય છે.

(૨૭) વિજય-યુદ્ધમાં કુશળ નિરંતર (હંમેશાં) સારા સ્વભાવવાળો, રાજાને માનવા લાયક, બોલવામાં ચતુર, દાન આપનાર, દયાવાન, શત્રુઓનો નાશ કરનાર થાય છે.

(૨૮) જય-શાસ્ત્ર - પ્રસંગમાં પંડિતો સાથે વાદ કરનાર, માનવાયોગ્ય, શત્રુઓને મારનાર, જયની ઈચ્છા રાખનાર, વિષયોમાં આસક્ત, મોટો પરાક્રમી થાય છે.

(૨૯) મન્મથ-નાના પ્રકારના પોષાક (કપડાં) પહેરનાર, સ્ત્રીઓ સાથે વિલાસ કરનાર, મીઠી વાણી બોલનાર, કળાઓને જાણનાર, સારાં ગાનમાં નાચમાં પ્રીતિ રાખનાર અને ભોગ ભોગવનાર થાય છે.

(૩૦) દુર્મુખ-ક્રુર - (ઘાતકી), ખરાબ બુદ્ધિવાળો, લોભી, જેના હાથ, પગ, થોડું વાંકુ છે એવો, પાપી, અવળા સ્વભાવવાળો અને ઘણો નીચ થાય છે

(૩૧) હેવિલંબ-ઘોડાઓ, સોનું, વસ્ત્ર અને રત્નો (ઝવેરાત)વાળો થાય છે. હંમેશાં પુત્ર, સ્ત્રીઓનું સુખ ભોગવનાર, દરેક વસ્તુનો સંગ્રહ કરનાર થાય છે.

(૩૨) **વિલંબ** - ધુતારો, લોભી, આળસુ, કફપ્રકૃતિવાળો નિર્મળ, ભવિષ્ય કાર્યના મોટા મોટા વિચાર કરનાર થાય છે.

(૩૩) **વિકારી**-ખોટી હઠ કરનાર, બધી કળાઓમાં હોંશિયાર, સર્વે ચીજોનો સંગ્રહ કરનાર, ચંચળબુદ્ધિ, ધુતારો, બહુ જ બોલનાર, મિત્રોને માટે જુદા જુદા વહેમ રાખનાર થાય છે.

(૩૪) **શાર્વરી**-વ્યાપાર કામમાં ચતુર, વિલાસ કરનાર, મિત્રોનો શત્રુ, ઘણી વિદ્યાઓનો અભ્યાસ કરનાર થાય છે.

(૩૫) **પ્લવ**-કામી, ધનવાન, ચાકરીમાં માન મેળવનાર સ્ત્રીઓથી દુ:ખી ગુપ્ત બુદ્ધિ અને ચપળ સ્વભાવવાળો થાય છે.

(૩૬) **શુભકૃત્** - સૌ ભોગ વિદ્યા અને નમ્રતાવાળો વધારે પુણ્ય કરનાર લાંબી આવરદાવાળો ગુણ, ધન અને સંપત્તિથી સુખી થાય છે.

(૩૭) **શોભન**-ઉંચા શરીરવાળો સારો, ગુણવાન, દયાવાન, સારાં કર્મ કરનાર, વિજય મેળવનાર, શક્તિમાન વિનય નીતિવાન, સારી દષ્ટિ નજરવાળો અને હોંશિયાર થાય છે.

(૩૮) **ક્રોધી** - ખરાબદષ્ટિવાળો ખરાબ સ્વભાવવાળો. સ્ત્રીઓને વ્હાલો, પહાડ જેવો અભિમાની, પારકા કાર્યને બગાડનાર થાય છે.

(૩૯) **વિશ્વાસુ**-પુત્ર, સ્ત્રીવાળો, નિરંતર ઉદાર, સદાચાર પાળનાર, ધીરજવાન, સ્વાદિષ્ટ ખાનાર, અને ગુણવાન થાય છે.

(૪૦) **પરાભવ**-ધન ધાન્ય વગરનો કંઈક થોડો સંગ્રહ કરનાર, અત્યંત કઠીન વચન બોલનાર, થોડો આચાર પાળનાર અને લુચ્ચો થાય છે.

(૪૧) **પ્લવડંગ**-પરિપૂર્ણ ચંચળ ચિત્ત (મન)વાળો, સારૂં કાર્ય કરવા તત્પર નહિ થનાર, ધૂતારો, સારો આચાર નહિ પાળનાર અને વિચાર વગરનો દુર્બળ શરીરવાળો થાય છે.

(૪૨) **કીલક**-રૂપમાં મધ્યમ, મીઠી વાણી, દયાવાન, વારંવાર જળ (પાણી) પીનાર, જાડા પગ, સુંદર મસ્તકવાળોને બળવાન થાય છે.

(૪૩) **સૌમ્ય**-પંડિત, ધનવાન, મોટો ભોગી, દેવતા અને યાચકમાં પ્રીતિવાળો, સાચો પવિત્ર, સાત્વિક સ્વભાવ, દુર્બળ દેહવાળો થાય

છે.

(૪૪) **સાધારણ** - જ્યાં ત્યાં જવામાં તૈયાર, લખવામાં હોંશિયાર, વિવેકી, ક્રોધીષ્ટ, પવિત્ર અને ભોગોમાં પ્રીતિ ન રાખનાર થાય છે.

(૪૫) **વિરોધ** - ભગવાનની સેવા કરનાર, ક્રોધી, વિરોધ કરનાર અને બાપના વચનને ન માનનાર થાય છે.

(૪૬) **પરિધાવી** - વિદ્વાન, સારા આચરણ વાળા, કળાઓ જાણનાર, સારી બુદ્ધિ, રાજા ઓથી માન મેળવનાર વેપારમાં સારો લાભ મેળવનાર, સારી પ્રતિષ્ઠા મેળવનાર થાય છે.

(૪૭) **પ્રમાદિ-દુષ્ટ** અભિમાની, કજીયાઓ કરનાર, લોભી કુટુંબમાં પ્રીતિ રાખનાર, ગરીબ, થોડી બુદ્ધિવાળો, ખરાબ કામ કરનાર થાય છે.

(૪૮) **આનંદ**-બહુ સ્ત્રીઓવાળો ચતુર, સદા પુત્રોના સુખથી આનંદ ભોગવનાર, પંડિત, કરેલા ઉપકારને જાણનાર, નમ્ર અને ઉદાર થાય છે.

(૪૯) **રાક્ષસ-ક્રુર** ખરાબ કર્મ કરનાર, કજીયા કરનાર, સારો ધર્મ અને સારા વિચારોને છોડી દેનાર, દયા વગરનો, સાહસ કામ કરનાર, થાય છે.

(૫૦) **નળ**-સારી બુદ્ધિવાળો, ખેતીથી ધન પેદા કરનાર, વેપાર કરવામાં કુશળ, હોંશિયાર, સારા સ્વભાવવાળો, થોડો ધનવાન, ઘણા માણસોનું પાલન કરનાર ચપળ થાય છે.

(૫૧) **પિંગલ**-પીળી આંખોવાળો, ખરાબ કામ કરનાર, ઉધ્ધત, ચંચળ, વૈભવવાળો, ત્યાગી, લુચ્ચો, ઘણાં કઠિન વચન બોલનાર થાય છે.

(૫૨) **કાલયુક્ત** - બહુ બોલવામાં પ્રીતિ રાખનાર ખોટી બુદ્ધિવાળો, કજીયાના સમયે કાળ જેવો વિકરાળ થાય છે.

(૫૩) **સિદ્ધાર્થિ** - ઉદાર, દયાળુ, લડાઈમાં યશ મેળવનાર, સુંદર પોષાક રાખનાર રાજાનો પ્રધાન, ઘણા મનુષ્યોને પુજવા લાયક થાય છે.

(૫૪) **રૌદ્ર-ભયંકર** - પશુઓને પાળનાર, જલદી વિવાદ કરનાર, ધુતારો, અપયશ મેળવનાર, દુષ્ટ ચિત્તવાળો, ભયંકર સ્વરૂપવાન થાય છે.

(૫૫) **દુર્મતિ** - પોતાના વચનને પાળનાર, મોટો અભિમાની, શોકમાં રહેનાર, ઘણો કામી, પાપકર્મ કરનાર, દુષ્ટ બુદ્ધિવાળો થાય છે.

(૫૬) **દુંદુભિ** - રાજાથી બહુ માન પામનાર, હાથી, ઘોડા, જમીન, સોનું ભોગવનાર, ગાયન, વાજીંત્ર નૃત્યમાં પ્રીતિ રાખનાર થાય છે.

(૫૭) **રુધિરોદગારી** - લાલ આંખોવાળો બહુ કામી હોવાથી એક પ્રકારના રોગોવડે દુર્બળ શરીરવાળો અને બહુ ક્રોધ કરનાર, બે પગના અથવા હાથના કાળા નખવાળો, અને શસ્ત્રથી દુઃખ પામે છે.

(૫૮) **રક્તાદિ** - આચાર, ધર્મ પાળનાર, કામી, બીજાની ઉન્નતિ ચડતીને નહિ સહન કરનાર, રોગી આંખોવાળો થાય છે.

(૫૯) **ક્રોધન**-પારકાના કાર્યમાં વિઘ્ન કરનાર, ઘણો ક્રોધી, ભયંકર સ્વરૂપવાળો, પારકાની બુદ્ધિએ પામનાર થાય છે.

(૬૦) **ક્ષય** - પોતે પેદા કરેલા ધનને ખર્ચનાર, હંમેશાં નોકરી કરનાર, કઠોર ચિત્તવાળો, સારા કાર્યમાં ઢીલ કરનાર થાય છે.

એ પ્રમાણે ૬૦ સંવત્સરનું ફળ જાણવું.

## વર્ષ ફલ જાણવાની રીત

તમને જેટલામું વર્ષ જતું હોય તે વર્ષના આંકડામાં ચંદ્રની જેટલામી રાશી હોયતેનો આંકડો અને તેમાં જે નક્ષત્રમાં જન્મ થયો હોય તે નક્ષત્રનો આંકડો ઉમેરો એ ત્રણેનો સરવાળો ત્રણ જગ્યાએ લખો. એક જગ્યાએ ૨ થી ગુણી ૭ થી ભાગો, બીજી જગ્યાએ ૪ થી ગુણી ૮થી ભાગો, ત્રીજી જગ્યાએ ૩ થી ગુણી ૬ થી ભાગો ત્રણે સ્થળે શુન્ય ન વધતા કોઈ આંકડો વધે તો વર્ષ ઘણું સારુ નિવડે જો પહેલા ત્રીજામાં ૦ શેષ રહેતો દુઃખ થાય. બીજામાં ૦ શેષ રહે તો ધનનો નાશ થાય. પહેલા બીજા કે બીજા ત્રીજામાં ૦ શેષ રહે તો દુઃખ સાથે ધનનો નાશ થાય. જો ત્રણે સ્થળ ૦ શેષ રહે મરણ તુલ્ય કષ્ટ થાય.

## ૧૨, જન્મ અયનનું ફળ

❋ ઉત્તરાયનમાં જન્મ પામેલો, સદા પ્રસન્ન, પુત્ર અને સ્ત્રી સુખ ભોગવનાર, લાંબા આયુષ્યવાળો સદાચારમાં તત્પર ઉદાર અને ધીરજવાન થાય છે.

❋ દક્ષિણાયન-બહુ અભિમાની, ખેતી કરનાર, ગાય, બળદ, ભેંસાદિ પશુવાળો, અતિકઠણ ચિત્તવાળો, લુચ્ચો, કોઈનું ન સહન કરનાર થાય છે.

## ૧૩, જન્મ ઋતુનું ફળ

### વસંત ઋતુમાં જન્મેલાં

❋ કામદેવ જેવો રૂપવાન, બુદ્ધિમાન, પ્રતાપી, ગાવા-બજાવવામાં હોંશિયાર, ગણિતશાસ્ત્રમાં કુશળ, બહુ શસ્ત્રો જાણનાર, સારાં કપડાં પહેરનાર, પ્રસન્ન મનવાળો વસંતમાં જન્મેલો થાય છે.

### ગ્રિષ્મઋતુમાં જન્મેલા

❋ ઐશ્વર્ય વિદ્યા, ધન, અનાજવાળો બોલવામાં હોંશિયાર, શરીરે ઉંચો સુંદર કેશવાળો ભોગી, પાણીને વિષે તરવામાં ચાલાક, ગ્રીષ્મઋતુમાં થાય છે.

### વર્ષા ઋતુમાં જન્મેલા

❋ લડાઈમાં ધીરજવાન, બુદ્ધિવાન, પ્રતાપી ઘોડાઓ ઉપર પ્રીતિ રાખનાર, રૂપવાન, કફ વાયુવાળો, સ્ત્રીઓ સાથે વિલાસ કરનાર ઊંધી સલાહ આપનાર વર્ષામાં થાય છે.

### શરદ ઋતુમાં જન્મેલા

❋ ક્રોધ રહિત, વાયુ પ્રકૃતિવાળો, અભિમાની, ધનવાન ધર્મમાં પ્રીતિ રાખનાર, પવિત્ર, લડાઈ કરવામાં તત્પર, હાથી ઘોડાગાડીવાળો શરદમાં થાય છે.



પ.પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય
શાંતિચંદ્રસૂરીશ્વરજી મ.સા.

જન્મ : સંવત ૧૯૫૨, જેઠ સુદ - ૨, માંડલ
દિક્ષા : સંવત ૧૯૮૨, ફાગણ વદ-૭
સ્વર્ગવાસ : સંવત ૨૦૨૯, જેઠ વદ - ૪, ભાભરગામ

## હેમંત ઋતુમાં જન્મેલા

રાજાનો પ્રધાન, ચતુર, ઉદાર, ગુણવાન, સારા કર્મ અને ધર્મ પાળનાર, મનસ્વી નમ્ર હેમંતમાં થાય છે.

## શિશિર ઋતુમાં જન્મેલા

લાડુ ઈત્યાદિ મીઠા પદાર્થ ખાવામાં પ્રીતિ રાખનાર, ભુખથી પીડા પામનાર, સ્ત્રી પુત્રના સુખવાળો, સારાં કામ કરનાર, સારો પોષાક પહેરનાર, ક્રોધી અને ઘણો બળવાન શિશિરમાં થાય છે.

## ૧૪, જન્મ માસનું ફળ

**ચૈત્રમાં** સારાં કામ કરનાર, વિદ્યાવાન, નમ્ર, ભોગી, સ્વાદિષ્ટ ખાનાર, સારા મનુષ્યોની મિત્રાચારી કરનાર, રાજાનો વજીર, વિચિત્ર, મંત્રવાળો થાય છે.

* **વૈશાખમાં** સારાં લક્ષણવાળો, પુણ્ય અને ગુણવાન, બળવાન, ગુરુ અને દેવતાઓને પુજનાર, કામી, લાંબા આયુષ્યવાળો, વારંવાર પાણી પીનાર, ભાઈઓનું સુખ ભોગવનાર થાય છે.

* **જયેષ્ઠમાં** ક્ષમા (દયા) વાન, ચંચળ ચિત્તવાળો, પરદેશમાં રહેનાર, તીવ્ર (ઝીણી) વિચિત્ર બુદ્ધિવાળો ધીમેથી કામ કરનાર સારો માણસ થાય છે.

* **આષાઢમાં** બહું ખર્ચ કરનાર બહું બોલનાર, દરેક કાર્યમાં ભુલ કરનાર, ગુરુની મોટી સેવા કરનાર, હંમેશાં મંદ જઠરાગ્નિવાળો સારાં કામ કરનાર, અભિમાની થાય છે.

* **શ્રાવણમાં** છોકરા, છોકરાનાં છોકરાં, સ્ત્રી અને મિત્રોથી સુખ ભોગવનાર બાપનો હુકમ પાળનાર, લોકોમાં પ્રસિદ્ધ, ક્ષય રોગવાળો, ઉદાર, ગુણવાન થાય છે.

* **ભાદરવામાં** લક્ષ્મીવાળો, દુર્બળ (નબળું) શરીરવાળો, દાન આપનાર, સ્ત્રી અને શાસ્ત્રથી સુખ ભોગવનાર સુખ અને દુઃખમાં વિકૃત થાય છે.

**આશ્વિનમાં** વિદ્વાન ધનવાન, રાજાઓને પ્રિય, સારાં કામ કરનાર,

ઘણા નોકરવાળો, દાતાર, ગુણને જાણનાર ઘણા પુત્ર અને સંપત્તિવાન, ઘોડાદિ સમૃદ્ધિવાળો થાય છે.

- **કારતકમાં** સારાં કામ કરનાર બહુ બોલનાર, ધનવાન, સુંદર વાંકા કેશવાળો, કામી વેપાર કરનાર, સારાં કર્મ કરનાર થાય છે.
- **માગશરમાં** શ્રેષ્ઠતીર્થોની યાત્રા કરનાર, સારા સ્વભાવવાળો, કળાઓમાં ચતુર, વિલાસી, પરોપકાર કરનાર, સારા માર્ગે ચાલનાર, વૈભવવાળો થાય છે.
- **પોષ માસમાં** પરોપકાર કરનાર, બાપના ધનથી રહિત, દુ:ખથી પૈસા પેદા કરનાર છુપી મસલત કરનાર, શાસ્ત્રમાં પ્રયત્ન કરનાર, દુર્બળ શરીરવાળો થાયછે.
- **માઘમાં** જન્મેલો સારા મંત્ર જાણનારો, શાસ્ત્રો જાણનારો, સારા માણસનો સમાગમ કરનાર, યોગવિદ્યામાં પ્રીતિ રાખનાર, બુદ્ધિવાન, શત્રુઓનો નાશ કરનાર પવિત્ર થાય છે.
- **ફાગણમાં** પરોપકારી, કુશળ, દયાવાન, બળવાન, કોમળ શરીરવાળો, સ્ત્રીઓ સાથે વિલાસ કરનાર, ફોગટ વચન બોલનાર થાય છે.
- **અધિકમાસમાં** વિષયમાં બુદ્ધિરહિત, સારાં ચરિત્ર અને દૃષ્ટિવાળો, પોતાનું હિત કરનાર, જાત્રા કરનાર, સર્વેને વહાલો થાય છે.

## માસ ફલ જાણવાની રીત

- પોતાના જન્મ નામ ઉપરથી તે ખબર ન હોય તો ચાલુ નામ ઉપર જન્મ નક્ષત્ર કાઢવું. પછી જે માસનું ફળ જોવું હોય તે માસની સુદ ૧ ના દિવસે જે નક્ષત્ર હોય તે જન્મ નક્ષત્રથી કેટલામું છે તે સંખ્યા જોઈ પછી તે સંખ્યાને ૭ થી ગુણીને તેને ૯ થી ભાગો જે શેષ રહે તે આંકડો ગ્રહ તે માસમાં બળવાન છે તેમ જાણવું. ૦ વધે તો મંગળ, ૧ શેષે રવિ, ૨ શેષે બુધ, ૩ શેષે રાહુ, ૪ શેષે ગુરૂ, ૫ શેષે કેતુ, ૬ શેષે ચંદ્ર, ૭ શેષે શનિ, ૮ શેષે શુક્ર બળવાન છે. તેનું ફળ-
- મંગળ - કોઈ કામમાં જશ ના મળે, શારીરિક માનસિક પીડા.

- રવિ-પ્રવાસ, મસ્તકમાં વિકાર, મનમાં ચિંતા, છાતીને શરીરમાં દાહ જેવી પીડા,
- બુધ-સ્નેહીનો સમાગમ, ઈશ્વર સેવા, ધનલાભ
- રાહુ-ઉદર વિકાર, દ્રવ્યનાશ નીચજનથી દુઃખ ખાવા પીવાનું ન રુચે.
- ગુરૂ-ધન મળે, ગુરૂ થવાનો લાભ, સ્થાવર મિલકત, તત્ત્વ જ્ઞાનની એકાદ કળા મેળવવા મન ખેંચાય.
- કેતુ-સ્નેહી સાથે વિરોધ, નવો શત્રુ થાય, સર્પ, વીંછી કુતરો, ઝેરી જાનવરથી ભય.
- ચંદ્ર-મન સ્વચ્છ, ધનલાભ, મિષ્ટાન્ન મળવા સંભવ.
- શનિ-ઉદર પીડા, ખોટો આરોપ, શત્રુ તરફની ચિંતા.
- શુક્ર-સ્ત્રી સુખ મળે, વ્યાપારે લાભ, ચિંતાનો નાશ

## ૧૫, જન્મ પક્ષનું ફળ

- લાંબા આયુષ્યવાળો, સારા સ્વભાવવાળો, લક્ષ્મીવાન, પુત્રવાન, સારી કાંતિવાળો, હંમેશાં આનંદમાં રહેનાર અને નમ્ર **શુક્લપક્ષમાં** થાય છે.
- પ્રતાપી, નિર્બળ, ચંચળ કજીયા કરનાર, પોતાના કુળથી અવળો ચાલનાર, ઘણો કામી **કૃષ્ણપક્ષમાં** થાય છે.

## ૧૬, જન્મ દિવસે કે રાત્રિનું ફળ

- **દિવસે** તેજસ્વી, બાપ જેવો, સુંદર આંખોવાળો, રાજાથી માન પામનાર, ભાઈઓમાં પૂજાતો, ધનવાન થાય છે.
- રાત્રે મંદ દષ્ટિવાળો, બહુ કામી, ક્ષય રોગી, મેલા ચિત્તવાળો દુષ્ટ, પાપી, રાત્રિએ જન્મેલો થાય છે.

## ૧૭, જન્મ તિથિઓનું ફળ

- પડવે જન્મેલો ઘણા માણસના પરિવારવાળો, સાચો, વિદ્વાન, વિવેકી, સોનાના દાગીના, મણિ, સારાં વસ્ત્રો પહેરનાર, સારા સ્વભાવવાળો, સારો કાંતિવાન, રાજા પાસેથી ધન મેળવનાર થાય છે.
- બીજ-દાતાર દયાવાન, ગુણવાન, વિવેકી, સારા આચાર વિચારમાં પ્રીતિવાન, હંમેશાં આનંદમાં રહેનાર ઘણો યશ મેળવનાર થાય છે.
- ત્રીજ - કામી, સારો વિદ્યાવાન, બળવાન, રાજાથી ધન મેળવનાર, પરદેશમાં રહેનાર, ચતુરવિલાસી અને અભિમાની થાય છે.
- ચોથ - દેવું કરનાર, સાહસિક, શૂરવીર લોભી, જુગાર રમનાર. ચંચળ મનવાળો વિવાદ કરનાર થાય છે.
- પાંચમ શરીરે પુષ્ટ (મજબુત) સ્ત્રી, પુત્ર મિત્રવાળો, દરેક જીવ પર દયા કરનાર, રાજાથી માન પામનાર, ઉદાર થાય છે.
- છઠ - સાચી પ્રતિજ્ઞા કરનાર, ધન, પુત્ર, સંપત્તિવાળો, જાડી સાથળ અને ઘુંટણવાળો, પરાક્રમી, બહુ કીર્તિવાળો, ચતુર, શરીર પર છિદ્ર (નિશાન)વાળો થાય છે.
- સાતમ-જ્ઞાની, ગુણવાન, મોટી આંખોવાળો સારા માણસ અને દેવતાઓનો પુજનાર, છોકરીઓવાળો, પારકાનું ધન લઈ લેનાર, શત્રુઓનો નાશ કરનાર થાય છે.
- આઠમ - ઘણા પુત્ર અને સંપત્તિવાળો, દયાવાન, રાજાના પૈસાથી વિદ્યા ભણનાર, સ્ત્રીઓ સાથે પ્રીતિ કરનાર, ચંચળ ચિત્તવાળો થાયછે.
- નોમ-કુટુંબીઓનું કામ નહિ કરનાર, કઠણ વચન બોલનાર, બુદ્ધિવાન, વિરોધ કરનાર, હંમેશાં આચાર અને સદાચારથી રહિત થાય છે.
- દશમ - ધર્મ કરનાર, સુખ અને વૈભવવાળો, લાંબી ગરદનવાળો, ઘણાં શાસ્ત્ર ભણનાર, ઉદાર, અત્યંત નમ્ર, સુંદર અને કામી થાય છે.
- અગીઆરસ-ગુરુ અને દેવને પૂજનાર, અને દાન કરનાર, નિર્મળ

અંતઃકરણવાળો, હોશિયાર, પુણ્યમાં પ્રીતિ રાખનાર, સારાં કર્મ કરનાર, પ્રસન્ન રહેનાર થાય છે.

- **બારસ** - પાણીમાં પ્રીતિ રાખનાર, વ્યવહાર સાચવનાર, પોતાના ઘેર રહેનાર, શોખીન હંમેશાં અન્ન આપનાર, રાજાથી ધન મેળવનાર, પ્રજાવાળો થાયછે.
- **તેરસ** - રૂપવાન, સત્વ ગુણવાળો, લાંબી ગરદનવાળો, સારા પુત્રોને જન્મ આપનાર, શૂરવીર, ઘણો ચતુર થાય છે.
- **ચૌદસ** - ખરાબ સ્વભાવવાળો, શુરવીર, ચતુર, હાસ્યયુક્ત, કામદેવની કળાથી વ્યાકુળ ચિત્તવાળો, કોઈથી ન સહન થઈ શકે એવો સર્વેથી વિરુદ્ધ બોલનાર, ક્રોધી થાય છે.
- **પુનમ** - અત્યંત સુંદર શરીરવાળો, ન્યાયથી ધન મેળવનાર, બહુ સ્ત્રી પરણનાર, હંમેશાં આનંદમાં રહેનાર, ઘણો વિલાસી, દયાવાન, પુણ્યવાન, ગુણવાન થાય છે.
- **અમાવસ્યાને** દિવસે શાંત, બાપ, માતાની ચાકરી કરનાર, મનસ્વી, દુઃખથી ધન મેળવનાર, ધન મેળવવાની ઈચ્છા રાખનાર, મનુષ્યોમાં પુજાનાર, ક્રાંતિ અને આનંદ વગરનો દુર્બળ થાય છે.

## ૧૮, જન્મ વાર ફળ

- **રવિવારે** - જન્મનાર શૂરવીર, થોડા કેશવાળો, યશ મેળવનાર, ઘઉં જેવા લાલ રંગવાળો, પિત્તરોગી, ગાનાર, ઉત્સાહી, બળવાન થાય છે.
- **સોમવાર** - .ડાહ્યો, શાંત મધુર બોલનાર વિધિ જાણનાર, હંમેશાં રાજા તરફથી પોષણ ચલાવનાર, સુખ અને દુઃખને સમાન માનનાર થાય છે.
- **મંગળવાર** - વાંકું બોલનાર, લડાઈમાં તૈયાર થનાર, રાજાનો પ્રધાન, જમીનથી ગુજરાન કરનાર, બળવાન, તીવ્ર સ્વભાવવાળો થાય છે.
- **બુધવાર** - રૂપવાન, મીઠું બોલનાર, લક્ષ્મીવાન, કળાઓમાં કુશળ, વેપારમાં હોંશિયાર, ચતુર ગુણોનો જાણનાર થાય છે.

※ **ગુરુવાર** - વિદ્વાન, ધનવાન, ગુણવાન, મનને ખુશી કરનાર રાજા પાસેથી ઈચ્છા પુરી કરનાર, આચાર્યો, અને સારા માણસોને વહાલો થાય છે.

※ **શુક્રવાર**-સુંદર કાળા વાંકા વળેલા કેશવાળો, મરજી પ્રમાણે પોષાક પહેરનાર, બુદ્ધિમાન, સફેદ કપડાં પહેરનાર, પ્રીતિ રાખનાર, સારા માર્ગે ચાલનાર થાય છે.

※ **શનિવાર** - સમય વગર ઘડપણવાળો, નિર્બળ, દુર્બળ શરીરવાળો, તમોગુણી કુર સ્વભાવવાળો થાય છે.

## ૧૯. જન્મ નક્ષત્રોનું ફળ

※ **અશ્વિનીમાં** - જન્મેલો ચાકરી કરનાર, નમ્ર, સત્ય બોલનાર, સર્વ સંપત્તિને મેળવનાર, સ્ત્રી આભુષણ, છોકરાં, તેઓથી ઘણો સંતોષ પામનાર થાય છે.

※ **ભરણી** - હંમેશાં અપયશ ભોગવનાર, નિંદા અને નાના પ્રકારની વાતોથી વખત કાઢનાર, પાણીથી ભય પામનાર. ચપળ, નમ્ર અને ખલ થાય છે.

※ **કૃતિકા** - વધારે ક્ષુધા (ભુખ) વાળો, જુઠો, નિર્ધન, ફોકટ ફરનાર, કરેલા ઉપકારને જાણનાર, કઠોર વચન બોલનાર, ખરાબ કામ કરનાર થાય છે.

※ **રોહિણી** - ધર્મ અને કર્મમાં કુશળ, ખેતી કરનાર, સારા સ્વભાવવાળો, સુંદર શરીરવાળો, બોલવામાં ઘણો ચતુર થાય છે.

※ **મૃગશીર્ષ** - ધનુષ વિદ્યામાં પ્રીતિ રાખનાર, નમ્રતાવાળો, ગુણવાન માણસોના ગુણોમાં પ્રીતિ રાખનાર, ભોગ કરનાર, રાજાનો સંપૂર્ણ સ્નેહ મેળવનાર, સારા માર્ગે ચાલનાર થાય છે.

※ **આર્દ્રા** - ઘણો ભુખાળ, ખરાબ રૂપવાળો, ભાઈઓને વહાલો, ક્રોધી, કૃતઘ્ની અને નિર્દય થાય છે.

※ **પુનર્વસુ** - ઘણા મિત્રોવાળો, શાસ્ત્રને ભણનાર, સારાં રત્ન, સોનાના દાગીના અને આભુષણ ભોગવનાર, દાતાર, જમીનદાર અને ધનવાન

થાયછે.

- પુષ્ય-પ્રસન્નતામાં રહેનાર, પિતા, માતાની સેવા કરનાર, પોતાના ધર્મને માનનાર. વિનયવાળો, ઘણું માન, ધન અને વાહનોને ભોગવનાર થાય છે.

- આશ્લેષા - ફોકટ ફરનાર, ઘણા દુષ્ટ મનવાળો, વૃથા બીજાઓને દુઃખ દેનાર, નકામો પૈસો ખર્ચનાર, કામી થાય છે.

- મઘા - કઠોર ચિત્તવાળો, પિતાની સેવા કરનાર, તીવ્ર સ્વભાવવાળો, પવિત્ર, સારી બુદ્ધિવાળો, હંમેશાં શત્રુઓનો નાશ કરનાર થાય છે.

- પૂર્વાફાલ્ગુની - શૂરવીર, ત્યાગી, સાહસી, ઘણા નોકરવાળો, કામી, કેશવાળો, અત્યંત ચતુર, ધૂતારો. બહુ અભિમાની થાય છે.

- ઉત્તર ફાલ્ગુની - દાન આપનાર, દયાવાન, સારા સ્વભાવવાળો, મોટી કીર્તિને મેળવનાર, રાજાનો પ્રધાન, ધીરજવાળો, અત્યંત મીઠું બોલનાર થાય છે.

- હસ્ત-દાની, યશવાન, મનસ્વી, ગુરુ અને દેવતાઓને પૂજનાર, પોતાના હાથથી સર્વે સંપત્તિ એકઠી કરનાર થાય છે.

- ચિત્રા - પોતાના પ્રતાપથી શત્રુઓને કંપાવનાર, નીતિવાન ચતુર વિચિત્ર વસ્ત્ર પહેરનાર, શાસ્ત્રમાં વિચિત્ર બુદ્ધિવાળો થાય છે.

- સ્વાતી કામદેવ જેવો રૂપવાન, વૈભવવાળો, સ્ત્રીઓ ઉપર પ્રીતિ રાખનાર, પ્રસન્નતામાં રહેનાર, રાજા પાસેથી વૈભવ મેળવનાર થાય છે.

- વિશાખા - દેવતાઓની ક્રિયામાં તત્પર, ધાતુ ક્રિયાને જાણનાર, ઉગ્ર, શાંત, કોઈની મિત્રતા ન કરનાર થાય છે.

- અનુરાધા - સારી કાંતિ અને કીર્તિવાળો, ઉત્સાહી શત્રુઓને જીતનાર, કળાઓમાં હોંશિયાર. સંપત્તિવાન થાય છે.

- જ્યેષ્ટા-શ્રેષ્ઠ કાંતિવાળો, કીર્તિવાન, વૈભવવાળો, ધનવાન, પ્રતાપથી શોભનાર, સારી પ્રતિષ્ઠાવાળો, બોલવાવાળાઓમાં શ્રેષ્ઠ થાય છે.

- **અભુક્તમૂળ** - આખા કુળનો નાશ કરે છે અને અભુક્તમૂળ ન હોય તો સૌભાગ્યવાળો લાંબા આવરદાવાળો અને કુળની વૃદ્ધિ કરે છે.
- **જ્યેષ્ટા-અંતની એક ઘડી અને મૂળની પહેલાની બે ઘડી, એ બેને અભુક્તમૂળ કહે છે.** તેમાં જન્મેલાનું મોઢું પોતાનું ભલું ઈચ્છનાર, બાળકના બાપે, આઠ વર્ષ સુધી જોવું નહિ.

## અભુક્ત મૂળનો વિધિ

- નવ જાતનાં રત્ન, સો જાતની ૧૦૦ ઔષધી, સારી જાતની માટી, એ એકઠાં કરી ૧૦૦ કાણાં પાડેલા માટીના ઘડામાં નાંખી ઘડામાં પાણી રેડવું, તે ઘડાના સો વીંધાઓમાંથી પડતા પાણી વડે જન્મેલું બાળક, માતા, પિતા ત્રણે જણે વિધિ સહિત નાહવું
- જે બાળકનો જન્મ મૂળમાં પહેલા ચરણમાં (પાયામાં કે ભાગમાં) હોય તો પિતાને કષ્ટ કરે. બીજામાં માતાને દુઃખ કરે. ત્રીજામાં ધનનો નાશ કરે. **ચોથા ચરણમાં હંમેશાં શુભ ફળ આપનાર છે. આશ્લેષામાં** અર્થાત વિપરિત સમજવુ. અર્થાત્ ચોથા ચરણમાં પિતાનો નાશ, ત્રીજામાં માતાનો નાશ, બીજામાં ધનનો નાશ, આશ્લેષાનું પહેલું ચરણ શુભ છે.
- જે મનુષ્યનો જન્મ વદી ૩ ત્રીજને મંગળવાર અને દશમને શનિવાર સુદ ૧૪ને બુધવારે હોય, ને મૂળ નક્ષત્ર હોય તો જન્મેલો બાળક આખા કુળનો નાશ કરે છે.
- દિવસ, સંધ્યાકાળ, રાત્રિ કે સવારમાં જન્મ હોય તો ક્રમથી બાપ, માતા, પશુ, મિત્રવર્ગને મૂળ ખરાબ ફળ આપે છે.
- હવે **પુરુષાકૃતિ**ને વિષે મૂળ અને આશ્લેષા ફળ કહે છે. લલાટમાં પાંચ ઘડી, મુખમાં પાંચ ઘડી, બે ખભામાં આઠ ઘડી, બે હાથમાં આઠ ઘડી, બે હાથનાં તળીયામાં બે ઘડી, છાતિમાં આઠ ઘડી.
- ડુંટીમાં બે, ગુહ્ય સ્થાનમાં દશ, જાંઘોમાં છ, બે પગમાં છ ઘડી, આ પ્રમાણે પુરુષાક્ષર ચક્રમાં લખી મૂળ નક્ષત્રનું ફળ કહેવું
- પુરુષાકૃતિ મૂળ વાડીનું ફળ માથાની ઘડીઓમાં જન્મેલો છત્રનો લાભ

કરાવે. મુખની ઘડીઓમાં પિતાનો નાશ કરે. ખભાની ઘડીઓમાં જન્મ થયો હોય તો ભાર ઉપાડનાર હોય. બે હાથની ઘડીઓમાં ખરાબ કામ કરનાર થાય છે.

- બે હાથનાં તળિયાંની ઘડીઓમાં હત્યા કરનાર છાતીની ઘડીઓમાં જન્મ થયો હોય તો રાજ્ય મળે. નાભિની ઘડીઓમાં થોડી ઉંમર કરે. ગુહ્યની ઘડીમાં હોય તો સારું સુખ મળે.
- જાંઘની ઘડીઓમાં જન્મ હોય તો ફરવામાં પ્રીતિ રાખનાર, પગની ઘડીઓમાં થોડું જીવે. આ પ્રમાણે મુળની ઘડીઓનું ફળ
- જે મુળની ઘડી તથા ઘડીનું ફળ પુરુષાકૃતિમાં કહ્યું છે તે આશ્લેષાનું પુરુષાકૃતિમાં ઘડી તેમ જ ઘડીનું ફળ ઉલટું સમજવું
- એક નક્ષત્રમાં ત્રીશ મુહુર્ત હોય છે એક મુહુર્ત બે ઘડીનું થાય છે.
- પહેલા બીજા છઠ્ઠા આઠમા અઢારમા તેવીસમા નવમા એ મુહુર્તમાં જન્મ પામેલો બાળક કુટુંબનો નાશ કરે છે.
- હવે મૂળ નક્ષત્રને ઝાડની કલ્પના કરી ફળ કહે છે - મૂળના ઝાડના થડમાં ૪, સ્તંભમાં ૭, છાલમાં ૮, શાખાઓમાં ૧૦, પાનમાં ૯, ફૂલોમાં ૫, ફળોમાં ૬, શિખામાં ૧૧ એ પ્રમાણે ઘડીઓ મૂળ ઝાડમાં મૂકવી
- મૂળ ઝાડના ફળની ઘડીઓમાં અને ફૂલની ઘડીઓમાં જન્મ થાય તો શુભફળ જાણવું, અને બીજા અંગના ભાગની ઘડીઓમાં જન્મ થાય તો ખરાબ ફળ જાણવું
- મૂળ નક્ષત્રનું ચરણ મુહૂર્ત વખત ઝાડ અને પુરુષાકૃતિ તે સર્વેના વિચારથી વધારે જગ્યાઓએ શુભ ફળ આવે તો શુભ ફળ કહેવું અને વધારે અશુભ આવે તો ખરાબ ફળ કહેવું.
- **બાપના નક્ષત્ર જન્મ બાબત** - જેનો જન્મ બાપના નક્ષત્રમાં થાય છે. તે બાપને અથવા મોટા ભાઈને રોગી કરે છે અથવા નાશ કરે છે.
- પિતાના નક્ષત્રમાં જન્મ થયો હોય તો ચતુર માણસોએ મૂળની માફક શાંતિ કરવી અને જમીન, રત્ન, સોનું, અન્ન આપવું જોઈએ

* જેનો જન્મ મૂળ નક્ષત્રમાં હોય તે સુખી ધનવાન, ઘોડા વગેરે વાહનવાળો, હિંસા કરનાર, બળવાન, સ્થિર કામ કરનાર, શત્રુઓને દુઃખ દેનાર થાય છે
* **પૂર્વાષાઢામાં** જન્મ હોય તો વારંવાર પાણી પીનાર, ભોગી, બોલવામાં ચતુર, સારા સ્વભાવવાળો બહુ ધનવાન થાય છે.
* ઉત્તરાષાઢા - દાતાર, દયાવાન, યુદ્ધમાં જય મેળવનાર, નમ્રતાવાળો, સારાં કામ કરનાર, વૈભવવાળો સ્ત્રી અને છોકરાઓનું સુખ ભોગવનાર અને અભિમાની થાય છે.
* **અભિજિત્** સુંદર કાંતિવાળો, સારા મનુષ્યોને માનવા યોગ્ય, નમ્ર, સારી કીર્તિવાળો, રૂપવાન, દેવતાનું પૂજન કરનાર, સ્પષ્ટ બોલનાર અને પોતાના વંશમાં રાજા જેવો થાય છે.
* **શ્રવણ** - શાસ્ત્રમાં પ્રીતિ રાખનાર ઘણા પુત્ર અને મિત્રોવાળો, સત્પુરુષોનો ભક્ત, શત્રુઓને જીતનાર, સાંભળવામાં હોંશિયાર થાય છે.
* **ઘનિષ્ટા**-આચારવાળો, આવકાર દેનાર, સારા સ્વભાવવાળો, અધિક ધનવાન, બળવાન, દયાળું, મોટા માન પ્રતિષ્ઠાવાળો થાય છે.
* **શતભિષા** - ઠંડીથી ભય પામનાર, સાહસ કરનાર, દાની, કઠોર ચિત્તવાળો, ચતુર, શત્રુઓને પીડા દેનાર થાય છે.
* **પૂર્વાભાદ્રપદ** -ઈંદ્રિયોને જીતનાર, સર્વ કળાઓમાં ચતુર, શત્રુઓને જીતનાર, બહુ બુદ્ધિવાળો થાય છે.
* **ઉત્તરાભાદ્રપદ** - પોતાના કુળમાં મોટાઈ ભોગવનાર, મધ્યમ કદનો, સારાં કામ કરનાર, યશરૂપી ધન મેળવનાર, ચતુર થાય છે.
* **રેવતી** નક્ષત્રમાં જન્મનાર સારા સ્વભાવવાળો, વૈભવવાળો, ઈંદ્રિયોને જીતનાર, સારો ધનવાનને બુદ્ધિવાળો થાય છે.

## ૨૦, જન્મ યોગનું ફળ

* **જાતકાભરણ : ૨૭ યોગનું ફળ** - વિષ્કુંભયોગમાં જન્મેલો સ્ત્રી, પુત્ર અને મિત્રોથી સુખી, બધા કામોમાં સ્વતંત્રતા ભોગવનાર, શરીરને

સ્વચ્છ રાખનાર થાય છે.

- **પ્રીતિ** યોગમાં બોલવામાં ચતુર, સુંદર, રૂપવાન, સંપત્તિવાન, મોટો દાની, પ્રસન્નતામાં રહેનાર, આનંદને જાણનાર, વિનોદવાળો, ધર્મમાં પ્રીતિ રાખનાર થાય છે.
- **આયુષ્યમાન** ધનવાન, જલ્દી સાહસ કરનાર, ઘણી જગ્યા અને વગડામાં ફરનાર, આબરૂદાર, બહુ વરસ જીવનાર થાય છે.
- **સૌભાગ્યમાં** જ્ઞાનવાન, બળવાન, સત્ય પાલન, આચારવાળો, બળવાન, વિવેકી, સારા પ્રતિષ્ઠિત માણસોથી વખણાયેલો, સારા નસીબવાળો, મોટો અભિમાની થાય છે.
- **શોભન** - યોગમાં જન્મેલો, જલ્દી ચતુરાઈથી જવાબ દેનાર, સુંદર, ગોરો, બુદ્ધિશાળી, હંમેશાં સારાં કાર્યમાં તત્પર સારો થાય છે.
- અતિગંડ - અભિમાની, ગળાની બીમારીવાળો, ક્રોધી, મોટા હાથ અને પગવાળો, ઘણો ધૂતારો, કજીઆ કરનાર, મોટી હડપચીવાળો પાખંડી માણસ થાય છે.
- સુકર્મ - હર્ષમાં રહેનાર, બધી કળાઓમાં હોંશિયાર, સાહસ કરનાર, ઉત્સાહી, પારકા પર ઉપકાર કરનાર, હંમેશાં સારા કામ કરનાર થાય છે.
- ધૃતિ-ડાહ્યો, બોલવામાં ચતુર, હર્ષમાં રહેનાર, સજ્જન, સભામાં ચપળ, સારા સ્વભાવવાળો, નીતિવાન, નિયમવાળો, બુદ્ધિશાળી થાય છે.
- શૂળ ઘણો નિર્ધન, રોગી, સારાં કામ ન કરનાર, વિદ્યા વિનાનો, વિનયથી રહિત, કોઈ કોઈવાર શૂળ નામનો રોગ થાય છે.
- ગંડ - ધૂતારો, દોસ્તારોનું કામ ન કરનાર, ક્લેશ કરનાર, કઠોર સ્વભાવવાળો, મોટો ક્રોધી થાય છે.
- વૃદ્ધિ - સર્વ વસ્તુ મેળવવામાં પ્રીતિ રાખનાર ઘણો ચતુર, વેપારથી ધનવાન, નિયમથી ભાગ્યનો વધારો ભોગવનાર થાય છે.
- ધ્રુવ-ઘરમાં અચળ લક્ષ્મી રહે છે અને મુખમાં સરસ્વતી (વિદ્યાવાળો)

રહે છે. સુંદર યશવાન સ્થિર કામ કરનાર થાય છે.

- **વ્યાઘ્યાત** - ખરાબ સ્વભાવવાળો થોડી દષ્ટિ પહોંચાડનાર, નિર્દય, ઊંચી હડપચીવાળો, જુઠો કંલક મુકનાર, જુઠામાં પ્રીતિ રાખનાર, કોઈની ઘાત કરનાર થાય છે.
- **હર્ષણ** - ચીકણા શરીરવાળો, શાસ્ત્રને જાણનાર, લાલ કપડાંને પહેરનાર, શત્રુઓનો નાશ કરનાર થાય છે.
- **વજ્ર**-સારો બુદ્ધિવાન ભાઈઓવાળો, ગુણવાન, બળવાન, સત્ય બોલનાર, રત્નની પરીક્ષા કરનાર, હીરા જડેલાં ઉત્તમ ઘરેણાંવાળો, થાય છે. શાસ્ત્ર જાણનાર, બળથી શોભનાર, નિરંતર ભાગ્યનો વધારો જોનાર થાય છે
- **વ્યતીપાત** - ઉદાર બુદ્ધિવાળો, માતા પિતાના વિચારને માનનાર, રોગવાળો, કઠોર ચિત્તવાળો, પારકાના કામમાં બગાડ કરનાર થાય છે.
- **વરીયાન** પોતે પેદા કરેલું ભોગવનાર, નમ્રતાવાળો, થોડા ધનવાળો, સારા માર્ગે પૈસો ખરચનાર, સારાં કામ કરનાર શ્રેષ્ઠ માણસ થાય છે.
- **પરિઘ** - ખોટી સાક્ષી આપનાર, બહુ માણસોનો જામીન થનાર, પોતાનું કામ કરનાર, દયારહિત ચતુર, થોડું ખાનાર, શત્રુઓને જીતનાર નિર્ભય થાય છે.
- **શિવ** - મંત્ર શાસ્ત્ર પર પ્રીતિ રાખનાર, હંમેશાં ઈંદ્રિયોને જીતનાર, સુંદર, શરીરવાળો, હંમેશાં સુખ ભોગવનાર થાય છે.
- **સિદ્ધ** - ઈંદ્રિયોને જીતનાર, સત્ય બોલનાર, વધારે ગોરો, સર્વ કામમાં ચતુર થાય છે અને તેનાં બધા કામ સિદ્ધ થાય છે.
- **સાધ્ય** - નમ્રતાવાળો, ચતુર, હાસ્યવાળો, પોતાના કામમાં ચુતર, શત્રુઓને જીતનાર, મંત્રવિદ્યાથી પોતનાં કાર્ય સાધનાર થાય છે.
- **શુભ** - શુભ કાર્યનો ફેલાવો કરનાર, સારી વાણી બોલનાર, સારું કરનાર, સારાં લક્ષણવાળો, મનુષ્યોને સારો ઉપદેશ કરનાર થાય છે.

**શુક્લ** - ઈંદ્રિયોને જીતનાર, સાચું બોલનાર, મોટો પરાક્રમી શાસ્ત્રાર્થ કરવામાં (ધર્મની બાબતનો નિર્ણય) અને યુદ્ધમાં (લડાઈમાં) જય મેળવનાર (જીતનાર) આબરૂને ઈચ્છનાર, સફેદ કપડાંને પહેરનાર, વૈભવવાળો થાય છે.

**બ્રહ્મા** - વિદ્યા ભણવામાં ઘણી પ્રીતિવાળો, સત્ય આચારને પાળનાર દરેકનો સત્કાર કરનાર, શાંત, દાન આપનાર, સારાં કામ કરનાર થાય છે.

**ઐંદ્ર**-ડાહ્યો, બળવાન, બહુ ધનવાન, કફ પ્રકૃતિવાળો, પરાક્રમી, મોટા પ્રભાવવાળો, પોતાના કુળમાં રાજ સમાન થાય છે.

**વૈધ્રુતિ** ચંચળ, કુટીલ, ખરાબ માણસોથી દોસ્તારી કરનાર, શાસ્ત્રને નહિ માનનાર, બીકણ, અધીરા સ્વભાવવાળો થાય છે.

## ૨૧. જન્મ કરણનું ફળ

**બવકરણમાં જન્મેલો**, કામી, દયાવાન, બળવાન, સારા સ્વભાવવાળો, ચતુર, જલ્દી ચાલનાર, ભાગ્યવાનને ઘણા પ્રકારની સંપત્તિવાળો થાય છે.

**બાલવમાં** જન્મનાર શૂરવીર, ઘણો બળવાન, સુંદર વિલાસ કરનાર, કાવ્ય બનાવનાર, દાન આપનાર, મલિન બુદ્ધિવાળો, કળાઓને જાણનાર થાય છે.

**કૌલવમાં જન્મેલો**, કામી, બુદ્ધિમાન, બહુ માણસોને વહાલો, સ્વતંત્રતામાં રહેનાર, બહુ માણસો સાથે મિત્રાચારી કરનાર, બળવાન, કોમળ વાણી બોલનાર, કુળમાં શ્રેષ્ઠ થાય છે.

તૈતિલ - સુંદર કોમળ શરીરવાળો, હસવાને વિલાસમાં પ્રીતિ રાખનાર, કળાઓને જાણનાર, વાણી બોલવામાં ચતુર, સારા સ્વભાવવાળો, બુદ્ધિવાન અને ચપળ થાય છે.

ગરકરણ - પારકા પર ઉપકાર કરનાર, વિચાર કરવાવાળો, ચતુર, શત્રુઓને જીતનાર, શૂરવીર, ધીરજતાવાળો, ઘણો ઉદાર, સુંદર, શરીરવાળો થાય છે.

- વણિજકરણ - બધી કળાઓમાં હોંશિયાર, હસમુખો, સમજુ, સારા માનવાળો, વેપારથી પૈસો મેળવનાર થાય છે.
- વિષ્ટિકરણ સુંદર મુખવાળો ચપળ, બળવાન, હાસ્ય વડે શત્રુઓના કુળને નાશ કરનાર ખરાબ બુદ્ધિવાળો, બહુ સુઈ રહેનાર થાય છે, વિશિષ્ટયોગને ભદ્રા પણ કહે છે.
- શકુનિકરણ - સારી બુદ્ધિવાળો, મંત્રવિદ્યાની વિધિમાં સાવધાન, ગુણવાન, મનુષ્યોથી મિત્રાચારી કરનાર, વૈભવવાળો, શુકન ફળ જાણનાર થાય છે.
- ચતુષ્પાદકરણ - અપવિત્ર કોઈ વસ્તુનો સંગ્રહ નહિ કરનાર, નિર્બલ શરીરવાળો. ગાય, ભેંસ વગેરે પશુવાળો થાય છે.
- નાગકરણમાં જન્મેલો ખરાબ સ્વભાવવાળો, અવળો ચાલનાર, બળવાન, દુષ્ટ, ક્રોધાગ્નિથી નાશ પામેલી બુદ્ધિવાળો, કુળના માણસોથી ક્લેશ કરનાર, દ્રોહથી કુળનો નાશ કરનાર, રણસંગ્રામમાં લડનાર થાય છે.
- કિંસ્તુઘ્ન-કરણમાં ધર્મ અને અધર્મમાં સરખી બુદ્ધિવાળો, શરીર અને કામ ક્રીડામાં નિર્બળ, ઘડીકમાં મિત્રને, ઘડીકમાં શત્રુ એ પ્રમાણે વર્તનાર થાય છે.

## ૨૨. જન્મ યોનિનું ફળ

અશ્વિની અને શત તારકા નક્ષત્રની અશ્વયોની, રેવતી અને ભરણીની ગજયોની, પુષ્ય અને કૃત્તિકાની છાગ (બકરો) યોનિ, રોહીણી અને મૃગશિરની નાગયોનિ, આદ્રા અને મૂળની શ્વાન યોનિ, પૂર્વા ફાલ્ગુની અને મઘાની મૂષક યોનિ, પુનર્વસુ અને અશ્વિની માર્જાર (બિલાડી) ની યોનિ, ઉત્તરા ફાલ્ગુની ઉત્તરા ભાદ્રપદાની ગાય યોનિ, સ્વાતિ અને હસ્તની ભેંસ યોનિ જયેષ્ઠા અને અનુરાધાની મૃગયોનિ, ચિત્રા અને વિશાખાની વાઘ યોનિ, પૂર્વાષાઢા અને શ્રાવણની વાનર યોનિ, ધનિષ્ઠા અને પૂર્વા ભાદ્રપદાની સિંહ યોનિ, અભિજિત અને ઉત્તરાષાઢા નક્ષત્રની નોળીઆની યોનિ.

આ પ્રમાણે યોનિઓ જાણીને પરસ્પર વચ્ચેના વૈરભાવ અને મૈત્રીભાવ વિચારવા.

# યોનિ વિચાર ચક્ર

| | | |
|---|---|---|
| અશ્વિ | શત | અશ્વ |
| રેવતી | ભરણી | ગજ |
| પુષ્ય | કૃતિકા | બકરો |
| રો. | મૃગ | નાગ |
| આર્દ્રા | મૂળ | શ્વાન |
| પૂ. ફા. | મઘા | મૂષક |
| પુન. | અશ્લે. | બિલાડી |
| ઉ.રી. | ઉ.ભા. | ગાય |
| સ્વા. | હ. | ભેંસ |
| જ્યે. | અનુ. | મૃગ |
| ચિત્રા | વિ. | વાઘ |
| પૂષ્ય | શ્ર. | વાનર |
| ધ. | પૂ.ભા. | સિંહ |
| અભિ. | ઉ.સા. | નોળિઓ |

- ઘોડાની યોનિમાં જન્મેલો માણસ સ્વચ્છંદી, (પોતાની મતિ પ્રમાણે ચાલનારો) સદ્‌ગુણી, શુરાતનવાળો, પ્રતાપી, વાજિંત્રમાં પ્રવિણ અને સ્વામિભક્ત હોય છે.
- હાથીની યોનિમાં જન્મેલો માણસ રાજમાન્ય, બળવાન ભોગી, રાજાનો સત્કાર પામનારો અને આત્મોત્સાહી બને છે.
- પશુની યોનિમાં જન્મેલો માણસ સ્ત્રીઓને પ્રિય, નિત્ય ઉત્સાહવંત વાક્ય રચનામાં નિપુણ અને અલ્પ આયુષ્યવાળો હોય છે.
- સર્પની યોનિમાં જન્મેલો માણસ ભારે ક્રોધી, પરના ઉપકારની અપેક્ષા કરનારો અને પારકા ઘરને પચાવી પાડનારો હોય છે.
- શ્વાન યોનિમાં જન્મેલો માણસ ઉદ્યમી, મહા ઉત્સાહી, શુરવીર, પોતાની જ્ઞાતિથી ઝઘડનારો અને માતા-પિતાનો ભક્ત હોય છે.
- માર્જાર (બિલાડા)ની યોનિમાં જન્મેલો માણસ પોતાના કાર્યમાં શુરો તથા કુશળ, મિષ્ટ અન્નનું ભોજન કરનારો, દયાહીન, દુષ્ટ અને સારા ભાગ્યવાળો હોય છે.
- મેષ યોનિમાં જન્મેલો માણસ મહા પરાક્રમી, યોદ્ધા, ઈષ્ટવરવાળા, સમર્થ ધનપતિ અને પરોપકાર, વ્યસની હોય છે.
- મૂષ (ઉંદર) યોનિમાં જન્મેલો માણસ બુદ્ધિમાન, ધનવાન, પોતાનું કાર્ય

કરવામાં ઉદ્યમી, સદા જાગ્રત અને અવિશ્વાસુ હોય છે.

- સિંહ યોનિમાં જન્મેલો માણસ સ્વર્ધમાં તત્પર, શુભ આચારવાળો સારી ક્રિયાઓ કરનારો, સારા ગુણવાળો, તેમજ પોતાના કુટુંબનો ઉદ્ધાર કરનારો હોય છે.
- મહિષ (પાડો) યોનિમાં જન્મેલો માણસ યુદ્ધમાં વિજય મેળવનારો, યોદ્ધો કામી, અધિક સંતાનવાળો, વાયુની પ્રકૃતિ અને મંદ બુદ્ધિવાળો હોય છે.
- વાઘની યોનિમાં જન્મેલો માણસ સ્વચ્છંદી, ધનલોલુપ ગ્રાહી, દીક્ષાવાન અને આત્મપ્રશંસામાં રાચનારો હોય છે.
- મૃગ યોનિમાં જન્મેલો માણસ સ્વચ્છંદી, શાંત સ્વભાવનો, સારી વૃત્તિવાળો, સાચું બોલનારો, સ્વજનોને વહાલો ધર્મનિષ્ટ અને રણશૂરો હોય છે.
- વાનર યોનિમાં જન્મેલો ચપળ, મિષ્ટ પદાર્થો વાપરનારો, ધનલોભી, કજીઆ ટંટા કરનારો, કામી, સંતાનવાળો અને શૂરો હોય છે.
- નોળીયાની યોનિમાં જન્મેલો માણસ પરોપકાર પરાયણ, ધનપતિ, ચતુર, પિતા માતાનો ભક્ત હોય છે.

## ૨૩, જન્મ ગણનું ફળ

- દેવગણમાં જન્મેલા જે બાળક દેવગણમાં જન્મ્યું હોય તે સુંદર સ્વર (રાગ) વાળો, સાચું બોલનાર, બુદ્ધિમાન, થોડું ખાનાર, બીજાના ગુણોને જાણનાર, પંડિતોને વખાણવા લાયક ગુણવાળો, ધનવાન થાય છે.
- મનુષ્યગણમાં જન્મેલો દેવ અનેગુરુની પૂજા કરનાર, અભિમાની, ધનવાન, દયાવાન, બળવાન, કળાઓને જાણનાર ચતુર, સારી કાંતિવાળો, બહુ માણસોને સુખ આપનાર થાય છે.
- રાક્ષસગણમાં જન્મેલો બહુ બોલનાર, કઠોર ચિત્તવાળો, સાહસ કરનાર, ક્રોધી ખરાબ સ્વભાવવાળો, કજીઆ કરનાર, બળવાનને સર્વે સાથે વિરોધ કરનારો થાય છે

# કનક જૈન વિવિધ સંગ્રહ

## સમર્પણ




**પ.પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય કનકપ્રભસૂરીશ્વરજી મ.સા.**

**તથા**

અમારા પરમ ઉપકારી પ.પૂ આચાર્ય વિજય શ્રી ભુવન શેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબ
શ્રીના પરમ પવિત્ર કરકમળમાં શ્રીકનક જૈન વિવિધ સંગ્રહ ગ્રંથ સમર્પિત કરીએ છીએ.

લી.
મુનિ કીર્તિપ્રભ વિજય
મુનિ હરિપ્રભ વિજય

દિનાંક : ૫, નવેમ્બર, ૧૯૯૭, બુધવાર
કાર્તિક શૂકલા પંચમી, વિક્રમ સંવત ૨૦૫૪

# પ.પૂ. આ.ભ. શ્રી કનકપ્રભ સૂરીશ્વરજીનું ગીત

## (રાગ : મારો બેડો લગા દીજો પાર)

ગુરૂ કનક પ્રભ સૂરિરાજ, ગુરૂવર ભજીએરે
જગ ઉપકારી કર્મ નિવારી, કરો પાવન મુજ કામ ગુરૂવર...૧
કરૂણા સાગર કનક ગુરૂવર, કૃપા કરો કિરતાર ગુરૂવર...૨
કર્મખાણથી દૂર થઈને, થયા શુધ્ધ કંચન ગુરૂવર...૩
ભાભર નગરે માતની કુખે, જન્મ લીધો ગુણધામ ગુરૂવર...૪
હાડેચા નગરમાં કાળ કર્યો રે, થયો કનક કીર્તિસ્થંભ ગુરૂવર...૫
શાન્તિચંદ્રસૂરિ જશ હિત કર્તા, તપાગચ્છ ધરનાર ગુરૂવર...૬
કામકુંભ ગુરૂ કામધેનુ રે, સિધ્યાં સહુનાં કામ ગુરૂવર...૭
કષ્ટ કુમતીને કુગતિ કાઢો, નાવ કરો કિનાર ગુરૂવર...૮
''કનક'' તણી ઘણી ''કીરતિ'' કરતાં, હરિ થયા કૃતાર્થ ગુરૂવર...૯

પ.પૂ.આ.શ્રી કનકપ્રભ સૂરીશ્વરજી મ.સા.નું નામ ''ક'' થી શરૂ થતું હોવાથી તથા આચાર્યના ૩૬ ગુણો હોવાથી આ ગીતમાં ૩૬ વખત ''ક'' નો ઉપયોગ કર્યો છે.

| | | |
|---|---|---|
| જન્મ | : | ભાભર (ગુજરાત) સંવત ૧૯૭૨ માગશીર્ષ સુદ ૫ |
| બાળપણનું નામ | : | જોઈતાભાઈ |
| માતાનું નામ | : | કકલબેન |
| પિતાનું નામ | : | ચુનીલાલભાઈ |
| દીક્ષા | : | સંવત ૧૯૮૭ વૈશાખ સુદ ૩, અમદાવાદ (ગુજરાત) |
| ગુરૂનું નામ | : | આ.શ્રી. શાન્તિચંદ્ર સૂરીશ્વરજી મ.સા. |
| દીક્ષિત નામ | : | કંચનવિજયજી |
| પન્યાસ પદ | : | ભાભર, સંવત ૨૦૧૫, મહા સુદ ૧૫ |
| આચાર્ય પદ | : | ભાભર, સંવત ૨૦૨૯, મહા સુદ ૬ |
| નામ | : | આચાર્ય શ્રી કનકપ્રભસૂરીશ્વરજી |
| સ્વર્ગવાસ | : | ૨૦૪૬ ચૈત્ર વદ ૭ મંગળવાર<br>દિનાંક ૧૭-૪-૧૯૯૦, હાડેચાનગર (રાજસ્થાન) |

## ૩૪, જન્મ લગ્નનું ફળ

- મેષ લગ્નમાં જેનો જન્મ હોય તે મોટો અભિમાની ગુણવાન ક્રોધવાળો મિત્રો સાથે ક્લેશ કરનાર બીજા મિત્ર કરનાર પરાક્રમી યશવાન થાય છે
- વૃષભ લગ્નમાં જન્મનાર ગુણવાનોમાં અગ્રેસર ધનવાન, ગુરુઓની સેવા કરનાર, સંગ્રામમમાં પ્રીતિ રાખનાર, ધીરજવાળો શૂરવીર મીઠી વાણી બોલનાર શાંત સ્વરૂપવાળો (ચહેરાવાળો) થાય છે.
- મિથુન લગ્નમાં જન્મેલો ભોગી, ઉદાર, બહુ પુત્ર અને મિત્રોવાળો છાની સલાહવાળો, ધનવાન, સારા સ્વભાવવાળો, રાજા પાસે રહેનારો થાય છે.
- કર્ક લગ્નમાં મીઠું (ગળ્યું) અનાજ ખાનાર, સાધુઓમાં પ્રીતીવાળો, નમ્રતાવાળો, અવળી બુદ્ધિવાળો, પાણીમાં તરનાર, ઘણી ચીજોના સારને જાણનાર, હંમેશા ઉદાર થાય છે.
- સિંહ લગ્નમાં દુબળા પેટવાળો, સારા પરાક્રમવાળો, ભોગી, થોડા પુત્રવાળો, થોડું જમનાર, અભિમાની થાય છે.
- કન્યા લગ્નમાં કામી, સારા ગુણવાળો, જ્ઞાની, બળવાન, ચતુર, પ્રસન્નતામાં રહેનાર, લક્ષ્મીવાળો થાય છે.
- તુલા લગ્નમાં જન્મનાર ઘણો ગુણવાન હોવાથી ધનવાન ને વેપારના કામમાં ઘણો હોંશિયાર થાય છે ને તેના ઘરમાંથી લક્ષ્મી નાશ પામતી નથી તે કુળમાં ઘરેણા રૂપ (શણગાર રૂપ) થાય છે.
- વૃશ્ચિક લગ્નમાં શૂરવીર, અત્યંત સારા વિચાર કરવાવાળો, સારી વિદ્યાઓમાં અધિક્તા ભોગવનાર, હંમેશા ક્લેશી થાય છે.
- ધન. લગ્નમાં જન્મેલો ચતુર, રાજાની સેવા કરનાર, સત્ય પ્રતિજ્ઞાવાળો, નિરંતર મનની ઈચ્છા જાણનાર, વિદ્વાન, કળાઓને જાણનાર, ધનુષ્ય વિદ્યાને જાણનાર થાય છે.
- મકર લગ્નમાં કઠોર શરીરવાળો, અત્યંત લુચ્ચો, પોતાના મનની ઈચ્છા પ્રમાણે કરનાર, બહુ પુત્રોવાળો, ચતુર, લોભી થાય છે.

- કુંભ લગ્નમાં જન્મનારો, ચંચળ, હૃદયમાં કામની ઈચ્છા રાખનાર સુંદર શરીરવાળો, મિત્રવર્ગમાં સ્નેહ રાખનાર, ખેતી કરનાર, દંભી થાય છે.

- મીન લગ્નમાં જન્મ હોય તે ચતુર, થોડું જમનાર, થોડો કામી, શ્રેષ્ઠ રત્નો સોના વડે યુક્ત, ચપળ, ઘણો ધુતારો, અનેક રચના કરનાર થાય છે.

- જો જન્મ વખતે લગ્ન બળવાન હોય તો કહેલું સંપૂર્ણ ફળ આપે છે, ને જો નિર્બળ હોય, અથવા પાપગ્રહની સાથે હોય કે પાપ ગ્રહો દેખતા હોય તો થોડું ફળ આપે છે.

## ૩૫. જન્મ નવમાંશનું ફળ

- પહેલા નવમાંશમાં જન્મેલો, નમ્રતાવાળો, ધર્મવાળો, સત્ય બોલનાર, દૃઢ પ્રતિજ્ઞાવાળો વિદ્યાને ભણનાર થાય છે.

- બીજા નવમાંશમાં જન્મ્યો હોય તે પોતે પેદા કરેલા વૈભવને ભોગવનાર લડાઈમાં હારનાર, વેશ્યા સ્ત્રીમાં પ્રીતિવાળો થાય છે.

- ત્રીજામાં સ્ત્રીઓને વશ, પુત્રરહિત, માયાવી, થોડા બળવાળો, શૂરવીર, વિદ્યાના વિચારને જાણનાર થાય છે.

- ચોથામાં જન્મેલો, વધારે સ્ત્રીઓવાળો, ભાગ્યશાળી, પૂજવા યોગ્ય, પ્રાણીમાં પ્રીતિ રાખનાર, ધનવાન, રાજાની ચાકરી કરનાર અથવા પ્રધાન થાય છે.

- પાંચમામાં જન્મેલો ઘણા મિત્રોવાળો. રાજાનો પ્રધાન, કુટુંબવાળો, મિત્રોથી સુખ ભોગવનાર, મોટી પ્રતિષ્ઠાવાળો થાય છે.

- છટ્ઠામાં શત્રુઓને જીતનાર, શૂરવીર, પાકી દોસ્તારી કરનાર કોઈ દેશનો સ્વામી થાય છે.

- સાતમામાં જન્મનાર સર્વે જગ્યાએ કોઈની બીક સિવાય ફરનાર, રાજાઓની કળાવાળો ફોજનો ઉપરી થાય છે.

- આઠમામાં જન્મનાર ઉદાર બુદ્ધિવાળો, પૃથ્વી પર પ્રસિદ્ધ, ધન અને

અનાજ વગરનો, ક્રોધી, દુર્જનોથી દુઃખ પામનાર થાયછે.

* **નવમામાં** જન્મ પામેલો, ઘણું જીવનાર પ્રસન્નતામાં રહેનાર, વિદ્યા ભણનાર, હંમેશા સુખી જાણનાર, ધર્મ કરનાર, ધનવાન બધાને માનવા યોગ્ય થાય છે.

## ખાસ સમજવા જેવું

- પહેલાં સંવત્સરાદિના ફળ કહ્યા છે. તે મળવાનો વખત કહે છે. સંવત્સરનું ફળ માસ અને વર્ષના પતિની દશામાં કહેવું. ને અયન અને ઋતુનું ફળ સૂર્યની દશામાં કહેવું.

- માસોનું ફળ માસપતિની દશામાં કહેવું. ગણ અને નક્ષત્રનું ફળ તેમ જ પક્ષનું ચંદ્રમાની દશામાં કહેવું. તિથિ અને કરણનું ફળ ચંદ્રમાના અંતરમાં સૂર્યની ઉપદશા હોય ત્યારે કહેવું.

- વારનું ફળ પોતાની ભાષામાં કહેવું અને યોગોનું ફળ સૂર્ય ચંદ્રમામાં જે અધિક બલી હોય તેની દિશામાં કહેવું. લગ્નનું ફળ લગ્નપતિ (માલિક)ની દશામાં કહેવું. દષ્ટિ, ભાવ, રાશિનું ફળ તે તે સ્વામીની દશામાં કહેવું.

- સંવત્સરથી તે અહીં સુધીના ફળો સાધારણ જાણવાં પણ ખોટાં સમજવાં નહીં. જો કે સંવત્સરનું ફળ સારું હોય, ત્યારે તિથિનું ફળ ખરાબ હોય છે જેથી શંકા ઊભી થાય છે. કે સંવત્સરનું સારૂં ફળ મળશે, કે તિથિનું ખરાબ ફળ મળશે. બેમાંથી ખરૂં શું ? તો જાણવાનું જે એક માણસ માટે કેટલાક સારો મત ધરાવે છે તો કેટલાક બુરો મત ધરાવે છે. પણ બુરો મત ધરાવનાર માણસોની સંખ્યા કમતી છે ને સારો મત ધરાવનારની વધારે છે જેથી તે માણસ સારો છે તેમ ખાત્રી થાય છે, તેવી જ રીતે સંવત્સરાદિમાંથી સારૂં ફળ આપનારની સંખ્યા વધારે હોય તો સારૂં ફળ મળશે ને બુરુ ફળ આપનારી સંખ્યા વધારે હોય તો બુરૂ મળશે, બેઉની સરખી સંખ્યા હોય તો સાધારણ (ઘણું, બુરુ પણ નહીં તેમ સારૂં પણ નહીં) ફળ મળશે છતાં બુરૂં ને સારૂં ફળ આપનાર સંવત્સરાદિકમાંથી જે હોય તે તેના બતાવેલા ગ્રહોની દશા વખતે પાછળ બતાવી ગયા મુજબ બુરૂં કે સારું ફળ આપશે એમ

જાણવું. જેથી શંકા રહેવાનું કારણ નથી.

- સૂર્યના નક્ષત્રથી ચંદ્રમાના જન્મના દિવસના નક્ષત્રની સંખ્યા ગણી, માથા પર ત્રણ ને ત્રણ મોઢામાં, બે ખાંધો ઉપર એક એક, અને બે હાથ ઉપર એક એક હાથના તળીયામાં એકેક, છાતી ઉપર પાંચ, એ પ્રમાણે નક્ષત્રો મૂકવાં

- ડુંટીમાં એક, લિંગ પર એક, બે જાંઘમાં, બે પગો પર ત્રણ ત્રણ એ પ્રમાણે પુરુષોની કલ્પના હંમેશા કરવી. હવે ડિંભાખ્ય ચક્રનું મુનિઓએ કહેલું ફળ કહે છે.

- જે બાળક માથાના નક્ષત્રમાં જન્મ્યું હોય તે સારાં રત્ન, સોનું, સુંદર કપડાં, નાના પ્રકારના વીંજણા અને છત્રો વડે શોભનાર, અને સૂર્યના માથાના નક્ષત્રમાં જન્મ હોવાથી મનુષ્ય સુંદરતાને પ્રાપ્ત થાય છે

- અને જે સૂર્યના મુખના નક્ષત્રમાં જન્મ્યો હોય તે મીઠું ભોજન પથારી અને આસનને ભોગવનાર બોલનાર અને હંમેશાં પ્રસન્ન મસ્તક મુખવાળો માણસ થાય છે.

- અને જે કાંધોના નક્ષત્રમાં જન્મ્યો હોય તે વંશમાં ભૂષણરૂપ મોટો ઉત્સાહી પ્રસિદ્ધ, પ્રતાપવાળો શૂરવીર અને ઘણો ઉદાર થાય છે.

- જેનો હાથના નક્ષત્રોમાં જન્મ થયો હોય તે ઘણું કરીને પોતાના દેશને છોડી દે છે ને મોટો અભિમાની શૂરવીર પરદેશમાં રહેનાર મોટી પ્રતિજ્ઞાવાળો થાય છે.

- જે હાથોના તળીયાના નક્ષત્રોમાં પેદા થયો હોય તે ઉદાર ખરાબ ગુણવાળો વ્યાપારમાં રત્નોની પરીક્ષા કરનાર ખોટું સાચું બોલનાર થાય છે.

- અને જે સૂર્યની છાતીના નક્ષત્રમાં જન્મ્યો હોય તે રાજા જેવો પોતાના કુળમાં થાય છે. સારા સ્વભાવવાળો, મોટો, સારો, યશવાન, અને શાસ્ત્રમાં હોંશિયાર થાય છે.

- સૂર્યની નાભિના નક્ષત્રમાં જન્મનાર દયાવાન, લડાઈમાં બીકણ, કળાશાસ્ત્રમાં હોશિયાર ધર્મમાં વૃત્તિ રાખનાર, ને નિરંતર ઉદાર થાય

છે.

- સૂર્યના ગુહ્ય સ્થળના નક્ષત્રમાં જેનો જન્મ હોય તે ઘણો કામી, સારાં કામ નહિ કરનાર ગાયન અને નાચમાં પ્રીતિ રાખનાર, કળાને જાણનાર અને મોટો આબરૂદાર થાય છે
- સૂર્યની જાંઘના નક્ષત્રમાં જન્મ હોય તે ઘણા દેશોમાં ઘણા પ્રકારની બાબતોનો ફેલાવો કરનાર, કામમાં ઉત્સાહી, ચંચળ, દુર્બળ શરીરવાળો, ધુતારો અને જુઠો હોય છે.
- જે સૂર્યના પગોના નક્ષત્રમાં જન્મ્યો હોય, તે મનુષ્ય ખેતી કરવામાં ચાલાક, થોડો ધર્મ કરનાર, શત્રુરહિત પરાઈ તાબેદારીનું કામ કરનાર થાય છે.

## ૨૯, જન્મ હોરાનું ફળ

- ૧ મેષ. લગ્નની <u>પહેલી હોરામાં</u> જન્મે તે રાતી આંખવાળો, લાંબી નજરવાળો, શૂરવીર, ધન, પોપટના જેવી નાકની અણીવાળો, ઉત્તમ સ્ત્રીનો ભોગી, પુષ્ટ, ઊંચા દેહવાળોને ચોરોનો સરદાર થાય છે.
- <u>બીજી હોરામાં જન્મેલો</u> ચોર, ઘણો મસ્તીખોર, કઠણ પગ અને આંગળીઓવાળો, સુશોભીત મોટી આંખોવાળો ડાહ્યો, પુષ્ટ અને સારી બુદ્ધિવાળો થાય.
- <u>વૃષભ લગ્નની પહેલી હોરામાં</u> જન્મેલો સારા સ્વભાવનો, મોટી આંખ, માથું ને છાતીવાળો, વાહન ઉપર પ્રેમી, બીજાને તાબે થનારો, પુષ્ટ અને ઘણો ક્રોધી થાય. બીજીમાં મોટો પરાક્રમી, પુષ્ટ, શોભતા વાળવાળો, આડી કમ્મરવાળો અને બળદના જેવા મુખવાળો થાય.
- <u>મિથુન લગ્નની પેહલી હોરામાં,</u> મધ્યમ રૂપનો મોટી આંખોવાળો, ઠીંગણો મજબૂત માથા અને પગવાળો, શૂરો, ભાષણ કરનાર,

બુદ્ધિમાનને કામચેષ્ટાનો પ્રેમી થાય.

- બીજીમાં શોભતી આંખવાળો, કામી, શૂરવીર, કોમળ, અને સારી વાતો કરનારો, સદાચારી, શોભતો હોઠ, દાંત ને દેહવાળો થાય.

- **કર્ક લગ્નની પહેલી હોરામાં** વર્તુલાકાર દેહવાળો સારા મસ્તક વાળો, ધૂતારો ઝીણા અવાજવાળો, ચાલાક લુચ્ચો, કૃષ્ણદેહવાળો, કૃતઘ્ની ને આગળનો દાંત તુટેલો થાય.

- બીજીમાં જુગારી, મુસાફરી કરનાર, મોટા મુખવાળો, સમદેહી પ્રમાણસહિત વાત કરનારો મજબૂત શરીરવાળોને ક્રોધી થાય

- **સિંહની પહેલી હોરામાં** લાલ ખૂણાવાળી મોટી આંખોવાળો, ધૂતારો, મોટા શરીરવાળો, કપટી, છેલ્લી જિંદગીમાં સુખી, કાયમ પરાક્રમ કરનાર ને અચળ કામ કરનારો થાય. બીજીમાં, સ્ત્રી ભોગી, મીઠો પદાર્થ પીનાર, મીઠું જમનાર, સુશોભિત વસ્ત્રની ઈચ્છા કરનારો, કઠોર આંગવાળો, મશ્કરો દાતાર, મુસાફરી કરનાર, ભોગી અને કાયમના મિત્રોવાળો થાય.

- **કન્યાની પહેલી બીજી હોરામાં** સુકોમળ દેહવાળો, તેજસ્વી ઉત્તમ વચન બોલનારો, ગાયન કરનારી સ્ત્રીમાં પ્રેમ ધરાવનારો, મધના જેવી આંખોવાળો, ગાયન કળામાં ચતુર, નમ્ર શ્રેષ્ઠ ભાગ્યશાળી થાય.

- બીજીમાં ઠીંગણો, ચાકરી કરનારો, લેખક વિદ્યાને ગાયન જાણનાર, મોટા માથાંવાળો, પાપથી ધનનું સુખ મેળવનારો ને મોટી તીર્થ યાત્રાઓ કરવાવાળો થાય.

- **તુલાની પહેલી હોરામાં** ગોળ મુખવાળો, ઊંચા નાકવાળો, કામી, ચતુર, ધની, શ્રેષ્ઠ બુદ્ધિવાળો, પુષ્ટ, મંત્રી, ઉત્તમ મિત્રવાળો અને મજબુત હાડ અને તેના અંદરના ગલવાળો થાય.

- બીજીમાં ઘણો ધનવાન ને કાયમી ધનવાળો, વાંકડીયા વાળવાળો,

શ્યામ શરીરનો લુચ્ચો, ગોળ આંખોવાળો, પરાક્રમથી ફુલાઈ ગયેલો થાય.

❋ **વૃશ્ચિકની પહેલી હોરામાં** લાલ ખૂણાની ને પીળી આંખવાળો, ઉત્સાહી, લડાઈમાં શૂરો, દુષ્ટ સ્વભાવનો અને મિત્ર અથવા સ્ત્રીનું ધન લેનાર થાય.

❋ બીજીમાં રાજાની સેવા કરનારો, પુષ્ટ શરીરવાળો, ઘણો દેવાદાર, મિત્રોવાળો, મોટી આંખોવાળો થાય.

❋ **ધનની પહેલી હોરામાં** જેનો વાંસો છાતી અને મુખ ચીરાઈ ગયેલાં છે એવો, હાથી માફક ઝીણી અને ઢાંકેલી આંખોવાળો, મજબુત ગંડસ્થલ (લમણાં) વાળો, બચપણમાં વડીલોને તજીને સાધુ થનાર થાય,

❋ બીજીમાં કમળપત્રના જેવાં અને વિશાળ નેત્રવાળો, દીર્ઘ (લાંબા) હાથવાળો, શાસ્ત્રી, નીતિ જાણનાર, મીઠાં વચન બોલનાર, ધર્મીને કીર્તિવાળો થાય.

❋ **મકરની પહેલી હોરામાં** હરણના જેવી આંખોવાળો, વખાણવા લાયક સ્ત્રીઓને વહાલો, રૂપાળો, બચપણમાં લુચ્ચો, ભટકનાર, ક્રોધી, મુર્ખ ઊંચા નાકવાળો થાય.

❋ બીજીમાં લાલ ખુણાવાળી આંખોવાળો, આળસુ, પાતળો, લાંબા શરીરવાળો, શ્યામ, મૂર્ખ બહુ રૂંવાટાંવાળો અને સાહસિક ને પાપ કરનાર થાય.

❋ **કુંભની પહેલી હોરામાં** કાયમના મિત્રવાળો, થોડાં બળવાળો થોડાં છોકરાંવાળો, સારા ગુણવાળો, પાપીને શૂરો થાય,

❋ બીજીમાં કાળો અને દુર્બળ, વધઘટ અંગવાળો, હઠીલો, આળસુ, સ્ત્રીઓની માફક લાલ આંખોવાળો, કપટી થાય.

મીનલગ્નની પહેલી હોરામાં ઠીંગણો, પણ મજબુત શરીરવાળો, સ્ત્રીને પ્રિય, મોટા કપાળ અને મોટી છાતીવાળો, ચતુર, સારા યશવાળો,ને શૂરો,

બીજીમાં શ્રેષ્ઠ, સારી બુદ્ધિવાળો, ઉદાર સ્ત્રીવાળો રાજાને પ્રિય, ઊંચા નાકવાળો ને મીઠાબોલો , સુંદર શરીરવાળો થાય. જન્મકાળમાં ચંદ્રમા અથવા સૂર્ય બળવાનને કેન્દ્રસ્થાની થઈ લગ્નના સ્વામીને દેખતા હોય તો જ હોરામાં વર્ણવેલા ગુણ લાગુ પડે. હોરાનો સ્વામી પૂર્ણ બળી થઈ હોરામાં જ હોય ને જે ભાવમાં હોરાપતિ છે તેનો ભાવેશ સાથે હોય અથવા દેખતો હોય તો જ શુભ ફળ આપે અને એથી ઊલટું હોય તો તે નેષ્ટ ફળ આપે છે.

## ૨૭, જન્મ દ્રેષ્કોણનું ફળ

દ્રેષ્કોણ કુંડળીના લગ્નનો સ્વામી દ્રેષ્કોણમાં જે રાશિમાં બેઠો હોય, તે રાશિના આંક પ્રમાણે ભાંડુની સંખ્યા જાણવી. એટલે મેષ રાશિમાં બેઠો હોય તો ૧, ને કુંભરાશિમાં બેઠો હોય તો ૧૧ ભાંડુ પુછનારને કહેવાં.

દ્રેષ્કોણ કુંડળીના લગ્નના સ્વામી સાથે જેટલા પાપગ્રહો દ્રેષ્કોણમાં બેઠા હોય, અથવા દેખતા હોય તેટલા ભાંડુઓનો નાશ કરે છે. અને શુભ ગ્રહો જેટલા બેઠા હોય અથવા દેખતા હોય, તેટલા આરોગ્ય રહે છે.

દ્રેષ્કોણ લગ્નનો સ્વામી જન્મ લગ્નના સ્વામી સાથે મિત્રતા રાખતો હોય, તો ભાઈઓથી મિત્રતા રહે અને શત્રુ હોય તો શત્રુતા ને સમ હોય તો સમતા રાખે

દ્રેષ્કોણ કુંડળીનો સ્વામી બળવાન હોય અથવા તેના ભેગા બેઠેલા ગ્રહો બળવાન હોય તો તેના ભાઈઓ બળવાન અને પરાક્રમી જાણવા.

- દ્રેષ્કોણ લગ્નના સ્વામી સાથે સ્ત્રી ગ્રહો બેઠા હોય તો બેનનું, ને પુરુષ ગ્રહો બેઠા હોય તો ભાઈઓનું સુખ સારું રહે.

- લગ્નનું દ્રેષ્કોણ સ્ત્રી રાશિનું હોય તો બહેનનું સુખ વધારે ને પુરુષ રાશિનું હોય તો ભાઈઓનું સુખ વધારે જાણવું.

- દ્રેષ્કોણ લગ્નનો સ્વામી જન્મ કુંડળીમાં છઠ્ઠે આઠમે, બારમે બેઠો હોય તો તે મનુષ્ય આત્મજ્ઞાની થાય છે.

- દ્રેષ્કોણનો સ્વામી શત્રુના ઘરમાં બેઠો હોય અથવા શત્રુ ગ્રહ સાથે બેઠો હોય તેનું મરણ, દુ:ખી જિંદગી કાઢતાં શત્રુથી થાય છે.

- દ્રેષ્કોણનો પતિ (જન્મકુંડળીમાં) ચંદ્ર ભેગો બેઠો હોય તેના શરીર ઉપર ઘણાં રૂવાટાંને કાળા વર્ણનો સુંદર શરીરવાળો થાય. ચંદ્ર યુક્ત દ્રેષ્કોણનો માલિક પાપગ્રહ સાથે બેસવાથી કાનનો રોગી, બંધુઓ સાથે વેર રાખનાર ને શત્રુઓથી વિવાદ કરનાર થાય છે.

- દ્રેષ્કોણનો સ્વામી મંગળ આઠમા ભાવમાં (જન્મકુંડળીમાં) હોય, તેના ભાઈનું ઝાડ પાડવા જતાં અથવા પોતે પડી જવાથી મરણ પામે છે,

- દ્રેષ્કોણનો સ્વામી ગુરૂ શનિ સાથે આઠમાં ભાવે (જન્મ કુંડળીમાં) બેઠો હોય, તેનું મરણ વિષથી ને દ્રેષ્કોણનો સ્વામી સૂર્ય, આઠમે હોવાથી મિત્રો તરફથી, મૃત્યુ (મરણ) થાય.

- જો સૂર્ય, મંગળ આઠમે બેઠા હોય, તો વીજળી પડવાથી મૃત્યુ થાય છે ને ચિન્હ છે એ પ્રમાણે પૂછનારને કહેવું.

- દ્રેષ્કોણનો સ્વામી આઠમા ભાવમાં હોય ત્યારે હાથમાં કાંઈ ચિન્હ છે કે દ્રેષ્કોણ પતિ પાપગ્રહો સાથે આઠમે જન્મ કુંડળીમાં હોય તો માનું ને પોતાનું હેડકીથી મરણ થાય છે.

- જો શુભગ્રહ સાથે હોય તો અભિમાની મજબૂત શરીરવાળો, સૂર્ય જેવો

પ્રતાપી થાય.

- ક્રૂર દ્રેષ્કોણમાં જન્મેલો નીચ બુદ્ધિવાળો, ભમનાર, પાપી, કામ કરનાર ને બદનામ કરનાર, તોય દ્રેષ્કોણમાં જન્મેલો દાન આપનાર, ભોગી, દયાળુ અને વિમિશ્ર દ્રેષ્કોણમાં જન્મેલો ખરાબ સ્વભાવવાળો, પારકી સ્ત્રીમાં પ્રતિવાળો ક્રૂર દષ્ટિવાળો અને ચંચળ થાય.

- **દ્રેષ્કોણનું ફળ** - દ્રેષ્કોણમાં, ઉચ્ચગ્રહ હોય તો રાજ્ય પ્રાપ્તિ કરાવે પોતાના ઘરનો હોય તો સેનાપતિની પદવી આપેને મિત્રનો હોય તો ઉત્તમ સર્વને પ્રિય વાણીનો બોલનારો થાય.

- **ફળ મેષના પહેલા દ્રેષ્કોણમાં** જન્મે દાતાર, બીજાને નુકસાન કરનાર, લાંબો, વારંવાર ક્ષય વૃદ્ધિને પ્રાપ્ત થનાર, શૂરો, મિત્ર, દ્વેષી ને સગાં કુટુંબને હેરાન કરે છે

- **મેષના મધ્ય દ્રેષ્કોણમાં** સ્ત્રી, લંપટ, શાસ્ત્રમાં પ્રેમ, સ્ત્રી, ધન, મિત્ર ધનને ભોગવનારો, મીઠા બોલો , રૂપાળો ને ગાયન કળાનો શોખીન ને મનસ્વી થાય.

- **મેષના (છેલ્લા ત્રીજા) દ્રેષ્કોણમાં** જન્મે તો ગુણી, બીજાને નુકસાન કરનાર, બલવાન, પરાક્રમી, રાજસેવક, સજ્જનસંગી, ધર્મમાં બુદ્ધિવાળો ને મિત્રોને વ્હાલો થાય. વૃષભના સજ્જનસંગી, ધર્મમાં બુધ્ધિવાળો ને મિત્રોને વહાલો થાય.

- **વૃષભના પહેલા દ્રેષ્કોણમાં** મિત્ર વિયોગથી દુ:ખી, ખાનપાનને સ્ત્રીના વિયોગથી તપેલો, બાયલો, વસ્ત્રને આભુષણોમાં પ્રીતિવાળો થાય.

- **બીજામાં** (સ્નિગ્ધ) કોમળ દેહવાળો, સ્ત્રીને પ્યારો, ઘણાં નાણાંવાળો રૂપાળો, ભોગી, ઈચ્છાચારી, પહેરવા ઓઢવાનોને નહાવાનો શોખીન થાય

- **છેલ્લા (ત્રીજા)માં** ડાહ્યો દઢ વિચારનો, માનવંતો, ગૌરવર્ણનો મેલો,

બીકણ, નિર્ધન અને ભુંડાકામથી દુઃખી થાય.

**મિથુનના પહેલા દ્રેષ્કોણમાં** મોટા મસ્તકવાળો, ધની, ગુણી, લાંબા દેહવાળો, વિલાસી, ધૂતારો, આપવચની ને રાજાનો માનીતો થાય.

**બીજામાં** ઠીંગણો, કોમળ અને સારા દેહવાળો, કરજદાર, થોડા વાળવાળો, પ્રતાપીને યશસ્વી, વખાણવા લાયક, મોટા શત્રુઓવાળો થાય.

**ત્રીજામાં** રૂપાળો, સુંદર આંખોવાળો, મોટા માથાવાળો, શત્રુવાળો, લાંબા શરીરવાળો, કઠોર નખવાળો, ભટકવાવાળો ને કઠણ હાથ પગવાળો, ચળ ધનવાળો થાય.

**કર્કના પહેલા દ્રેષકોણમાં** માણસ,દેવને ગુરુ પર પ્રેમી, ચંચળ, ગોરો, પારકાની મજૂરી કરનારો, સ્ત્રીપુત્રના સુખવાળો, સારી બુદ્ધિવાળો ને રૂપવાન થાય.

**બીજામાં** ધનલોભી, દાની ઘણા સ્વપ્નનો જોનારો, અભિમાની સ્ત્રીને વશ ભાઈઓવાળો, વિલાસી, ચપળ અને બહુ રોગી થાય.

**ત્રીજામાં** જંગલની હવાનો શોખીન, પાણીમાં તરનારો પ્રેમી, પરદેશ જઈ ધન મેળવનારો પુષ્પ હાર ધરવાવાળો ફોગટ, લુચ્ચાઈ કરનારો, સાધુ થાય.

**સિંહના પ્રથમ દ્રેષ્કોણમાં** દાતાર. બીજાને સંતાપ દેનારો, ઘણી સ્ત્રી ધન અને શત્રુવાળો રાજાની સેવા કરનાર, શત્રુને જીતવાની ઇચ્છાવાળો,કાયમના ચિત્રવાળો, અને પરાક્રમી થાય. બીજામાં શ્રેષ્ઠ રૂચીવાળો, કામીદાતાર, મજબુત બાંધાનો, સુંદર શરીરવાળો, દાગીનાનો શોખીન, સુખી, ધર્મશાસ્ત્રી, ઊંચી બુદ્ધિનો થાય.

**ત્રીજામાં** લોભી, મોટી કાયાવાળો, ઉદ્ધત, પરધનહરનાર અનેક પુત્રોવાળો, ધૂતારો, સ્ત્રીને સંતાપનારોને મીઠાબોલો થાય.

કન્યાના પ્રથમ દ્રેષકાણમાં સુંદર કોમળ કાયાનો, મધના જેવી આંખોવાળો, મીઠાબોલો, શ્રેષ્ઠ બુદ્ધિવાળો, નીતિવાળો, સ્ત્રીનું નાણું ખાનારો ને લાંબા કંઠવાળો થાય.

બીજામાં યુદ્ધમાં શૂરો, વિલાસી, પુત્રોવાળો ઋષિ મુનિની પ્રતીધરનાર ધીરજવાન, થોડાબોલો, ઘણા ખરચવાળો, પરદેશ જનાર, થોડા હુન્નર જાણનાર થાય.

ત્રીજામાં ઠીંગણો સુંદરને મજબુત દેહવાળો, પારકા ધનનો ભોક્તા, ગાયનો પ્રેમી, મોટી આંખવાળો, રાજાના હુકમને માનનારો, કરડા સ્વભાવનો, ત્યાગી થાય.

તુલાના પ્રથમ દ્રેષ્કાણમાં કાળો, ચાકરની હુન્નર અક્કલને પામેલો, વેપારમાં હોશિયાર, બુદ્ધિવાળો મંત્રોને જાણનાર ને કામદેવના જેવો રૂપાળો થાય.

બીજામાં કમલપત્ર જેવી વિશાળ આંખોવાળો રૂપાળો રાજાનો દોસ્તાર, ઘણું બોલનારો, પ્રતાપી, પોતાના વંશને વધારનારો, બહુ ચાકરવાળોને ચતુર થાય

ત્રીજામાં મિત્ર વગરનો ધનને કીર્તિ વગરનો ટુંકી બુદ્ધિનો કાશદ કુરૂપો, ચપળ, લુચ્ચો કૃતઘ્ની ને શઠ થાય.

વૃશ્ચિકના પ્રથમ દ્રેષ્કોણમાં ગૌર શાંત સ્વભાવનો, ઘણો પ્રતાપી, કજીયામાં ઉતાવળો, ક્લેશ કરનાર મોટી આંખોવાળો, જાડા ને મોટા શરીરવાળો થાય,

બીજામાં મિષ્ટાન્ન ખાનારો, શાણો, ચાલાક, સોના જેવી દેહવાળો, કાંતિવાળો, પારકું નાણું રાખનારોને સાદાં કામ કરનાર થાય,

ત્રીજામાં શ્રેષ્ઠ હાથવાળો, મધના જેવી પીળી આંખ ને મોટા પેટવાળો થોડી દાઢીવાળો, ભાઈ વગરનો,

**ધનના પહેલા દ્રેષકોણમાં** નેત્રને ગોળ છાતીવાળો સર્વમાં શ્રેષ્ઠ, ધનવાન પવિત્ર આચારવાળો ને કોમળ હૈયાનો થાય,

**બીજામાં** શાસ્ત્રી ભાષણકર્તા સેંકડો પૂજનો કરનારને ઘણી દોલતવાળો, અનેક તીર્થો અને દેવસ્થાનમાં ફરનાર થાય,

**ત્રીજામાં** કુટુંબમાં મોટો, શાણો, સારા માણસોને સારી સલાહ આપનાર, ધર્મી, પરસ્ત્રીની જાળમાંથી મુક્ત થયેલો, યશપાત્ર, બહુ શ્રેષ્ઠ ને રૂપાળો થાય.

**મકરના પ્રથમ દ્રેષ્કોણમાં** લાંબા હાથનો, શ્યામ કાંતિવાળો, મોટી આંખવાળો, થોડાબોલો, મોટી.સાથળવાળો, સજ્જન શિરોમણી, મંદહાસ્યથી બોલનારો, સ્ત્રીઓથી નહીં જીતનાર, સુંદર ચેષ્ટાવાળો, ને ધનવાન થાય.

**બીજામાં** શ્યામ દેહવાળો, લુચ્ચો, થોડાબોલો મનમોજી, પરસ્ત્રીને પરધન હરનારો, ચાડી કરનાર, જાંઘોમાં બંધન ભોગવનાર, દુષ્ટવચનીને પ્રવાસી થાય,

**ત્રીજામાં** સુંદર કપાળને ઉત્તમ નાકવાળો, પાતળો, પાપી બાપથી દૂર રહેનારો,ને પરદેશમાં ખરાબ ફંદમાં તે ફસાય છે.

**કુંભમાં પહેલા દ્રેષ્કોણમાં** સ્ત્રીના માનનો પ્રેમી, લાંબો દઢ કામનો કરનાર, સુખની ઈચ્છા રાખનારો, નઠારો, શત્રુવાળો ને રાતા અંગવાળો થાય,

**બીજામાં** મશ્કરો, મીઠીવાણીવાળો, શ્રેષ્ઠ આચરણવાળો, ગાયનનો શોખીન, લોભી,, મધના જેવી પીળી આંખવાળો ને જોરાવર થાય,

**ત્રીજામાં** લાંબો શટ, બકવાદ કરનારો, દુર્બળ શરીરવાળો, ટૂંકા હાથનો, ઉછાંછળો,સારી દોલત મેળવનારો, કપટી, ઘણો જુઠ્ઠાબોલો, મોટી આંખવાળોને રતીવિલાસી થાય.

✻ **મીનના પ્રથમ દ્રેષ્કોણમાં** ગૌરવર્ણી, મધના જેવી પીળી આંખવાળો, જ્ઞાની સુખી, શ્રેષ્ટ બુદ્ધિવાળો, કરેલા કામને જાણનાર, નરમાશવાળોને પ્રસિદ્ધ થાય.

✻ **બીજામાં** ધનવાન કેમ થવાય, તેના પુરુષાર્થને જાણનારો, ધનભોક્ત, મિષ્ટાન્ન ભોજન કરનારો, વાચાળ, વડીલોની સલાહ લેનારો ને જ્ઞાની થાય,

✻ **ત્રીજામાં** શ્યામદેહવાળો', મોટા કદવાળો, ઉત્તમ અન્ન જમનારો, મિત્રોમાં સારૂં માન ધરાવનારો, ને ખુશ કરવાની યુક્તિને જાણનારો થાય. એ પ્રમાણે દ્રેષ્કોણનો સ્વામી બળવાન હોય ને મિત્રગ્રહો દેખતા હોય તો સંપૂર્ણ સ્વભાવ, ગુણ ચિન્હ વગેરે ફળ થાય છે.

## ૨૮, જન્મ સપ્તમાંશનું ફળ

✻ સપ્તમાંશનો સ્વામી (જન્મ કુંડળીમાં) જે રાશિમાં હોયતે રાશિના આંક પ્રમાણે સંતતિની સંખ્યા ઘણું કરીને કહેવી.

✻ સપ્તમાંશનો સ્વામી ઉચ્ચનો થઈ ગમે તે ભાવે અથવા મિત્રગ્રહની રાશિમાં હોય, મિત્રગ્રહો (જન્મ કુંડળીમાં) સાતમા ભાવે બેઠા હોય તેનાં સંતાન, રૂપવાન ધીરજવાળાં, ગુણવાન અને વાણી બોલવામાં ચતુર થાય.

✻ સપ્તમાંશાનો સ્વામી (જન્મ કુંડળીમાં) સૂર્ય સાથે રહ્યો હોય તેના પુત્રને, નેત્ર (આંખ)માં રોગ થાય ને તેથી બારમે ચંદ્ર અને શુક્ર હોય, તોપણ સંતતિને આઁખમાં રોગ કે આંખ રહિત કરે છે.

✻ સપ્તમાંશનો સ્વામી. (જન્મ કુંડળીમાં) ગુરૂ, શુક્ર સાથે તથા તેજ પ્રમાણે પ્રશ્ન કુંડળીમાં લગ્નમાં બેઠો હોય. તેનાં છોકરાં પુણ્યાશાળીને આયુષ્યવાળાં થાય.

✻ સપ્તમાંશનો સ્વામી (જન્મ કુંડળીમાં) લગ્ન વિષે બુધ સાથે બેઠો હોય,

તો પ્રજામાં બહુ છોકરીઓ થાય ને લગ્નના આંકની સંખ્યા પ્રમાણે સંતતિનું સુખ કરે.

(જન્મ કુંડળીના) લગ્નમાં સપ્તમાંશનો સ્વામી પાપગ્રહ સાથે રહ્યો હોય તેના છોકરાઓ માથાથી મરણ પામે છે.

સપ્તમાંશનો સ્વામી પાપગ્રહ સાથે જન્મ કુંડળીના લગ્નમાં હોયતો તે પુરુષની સ્ત્રીને ગર્ભ રહે નહિ ને પુત્રનું સુખ સ્વપ્નમાં પણ મળે નહિ.

સપ્તમાંશનો સ્વામી (જન્મ કુંડળીમાં) ૧૧ મા અથવા બારમા ભાવમાં બેઠો હોય, તેના માથામાં, ઢીંચણમાં, પગમાં વાયુની પીડા થાય. તેની સાથે પાપગ્રહ હોવાથી દુષ્ટ હૃદયવાળોને શુભગ્રહ હોવાથી સારા હૃદયવાળો થાય.

સપ્તમાંશનો સ્વામી (જન્મ કુંડળીમાં) શનિ ભાવમાં સાથે સાતમાં ભાવમાં હોય, તો પ્રશ્ન વખતમાં તેને સંતાનનું સુખ સારૂં નહિ ને શુભગ્રહ સાથે રહેવાથી પુત્ર સુખ આપે છે.

## સપ્તમાંશનું ફળ

**મેષના પહેલા સપ્તમાંશમાં** જન્મે છે તે નાની દાઢીવાળો, ઘણો કરડો રાતી આંખોવાળો શૂરો ચોર ને પાતળો થાય છે.

**બીજામાં** માથું, લમણાં ને મુખ વિશાળ થાય, કપાળ નાનું, સારી આંખોવાળો, માંસથી ભરેલો, ભોગી ને દાતાર તથા શરીરના દુર્લભ સાંધાઓવાળો હોય,

**ત્રીજામાં** ચતુરાઈવાળો, ચોરી કરનારો, કજીઆખોર, પાપી, લેખક,શાસ્ત્રજ્ઞ, કામી, રૂપાળો, ઘૂમવાવાળો, ભાષણ કરનારો અને કોમળ દેહવાળો થાય.

**ચોથામાં** મોટી આંખ, ગાલ, પેટ ને હાથવાળો, ગૌરવર્ણનો ગુરૂ,

ધર્મી, પુષ્પહાર, સ્નાન અને દાગીના પહેરવાનો શોખીન થાય.

❋ પાંચમામાં તાંબા જેવી કાંતિવાળો, લાલ ખૂણાની ને મધના જેવી આંખોવાળો થાય.

❋ છટ્ઠામાં વિશાળ દેહવાળો સુંદર મોટી ને મધ જેવી આંખોવાળો, ધનવાળો, વિદ્યા ભણનારો, જ્ઞાની, મીઠા બોલોને સારી બુદ્ધિવાળોને ગૌરવર્ણવાળો થાય.

❋ સાતમામાં મોટા કદનો, કાળો, યુદ્ધપ્રિય, કપાએલા નખવાળો, તૂટેલા દાંતવાળો ઘસાઈ ગયેલા કેશવાળો, કઠોર વચન બોલનારો, ચીડીઓને ધુતારો થાય.

❋ <u>વૃષભના પ્રથમ સપ્તમાંશમાં</u> જન્મેલો મોટા કપાળ, ગાલ, છાતી, ખભા સાથળ, અને ભુજાવાળો, આડી આંખોવાળો શ્યામ દેહવાળો, થોડા અને ઝીણા કેશવાળો થાય

❋ બીજામાં મનોહર, તેજવાળો , વિશાળ આંખવાળો, મીઠાબોલો, કામી અને હુન્નરકળામાં તેમજ જ્ઞાનમાં પ્રેમી થાય.

❋ ત્રીજામાં ચતુર પીત ગૌરવર્ણવાળો, મૃગના જેવી આંખ વાળો, ભાગ્યશાળી દાતાર, રતિકળામાં પ્રેમી, નાના કોમળ કેશવાળોને એક વચની થાય.

❋ ચોથામાં ઊંચા લમણાં, નાક અને મુખવાળો, ધનવાળો, ચોખ્ખી નજરનો, છટાદાર બોલનારો, ગૌર, રાતા નખવાળો, આડી કમ્મરવાળો, કઠોર અંગવાળો થાય,

❋ પાંચમામાં તાબાના જેવા લાલ વાદળના જેવા પીળા રંગવાળી આંખવાળો કઠોર વાણીવાળો, પારકું નાણું લેવાની ઇચ્છાવાળો, મરી ગયેલી સ્ત્રીવાળો,ને રોગી થાય.

❋ છઠ્ઠામાં કાન સુધી લાંબી આંખવાળો કામ કરવામાં ચતુર, અભિમાની ને આપદાથી દુઃખી થાય,

❋ સાતમાંમાં ઘેલા માણસના જેવા મુખવાળો ધોળા ખૂણાની આંખવાળો, કાળો ને દુબળો, શૂરો લોભી, ક્રોધી, વાચાળ, ચંચળ, ફોગટ ઘુમનારોને અલ્પ ઉદ્યોગી, લુચ્ચો થાય.

❋ <u>મિથુનના પ્રથમ સપ્તમાંશમાં</u> - જ્ઞાની, કવિતા બનાવનારો, પોતાનું વચનરાખનારો, પવિત્ર શ્યામને સુંદર દેહવાળો, વિલાસી પ્રેમને ગાયનનો રસીઓને પ્રસિદ્ધ થાય.

❋ બીજામાં ધની, મોટા અને ગૌરવર્ણના દેહવાળો, મોટી આંખવાળો, ચતુર ગવૈયો, ધર્મી, આળસુ, કોમળ થાય,

❋ ત્રીજામાં રાતી, મોટી આંખવાળો, હસમુખો, મોટી હડપીવાળો, મોટાં કામ કરનાર, ભાષણ કરનાર, શૂરો બીજાનાં દુઃખો નાશ કરનાર થાય.

❋ ચોથામાં વિશાળ દેહવાળો, શ્યામને સુંદર દેહાવળો વેપારમાં ચતુર ભાગ્યશાળી, શૂરવીરને થોડા બોલો થાય.

❋ પાંચમાંમાં રાતા, નખ હોઠ, ને આંખોવાળો, ક્રોધી વક્તા, ચોર,કપટી, કામી અને નરમ હાથવાળો થાય,

❋ છઠ્ઠામાં દીર્ઘ નેત્રવાળો, રૂપાળો, સારા નાકવાળો, શાસ્ત્ર કાવ્યોને ધર્મમાં પ્રેમી મીઠીવાણીવાળોને સારી બુદ્ધિવાળો થાય,

❋ સાતમામાં છેલ્લા સપ્તમાંશમાં સારી સ્ત્રીની કથા અને જુગારમાં પ્રેમી, પણ તેજવાળા રંગનો કાળો આળસુ, રોગી, થોડા પરાક્રમવાળો ઊંચો, ભટકનાર થાય.

❋ <u>કર્કના પ્રથમ સપ્તમાંશમાં</u> જન્મેલો દીર્ઘ બાહુ, મોટા કેશવાળો, ઊંચો

પંડિત વિશાળ આંખવાળો, ને મોટી છાતી, સાથળને પેઢુવાળો થાય,

❋ બીજામાં મોટા હોઠ લમણાંને કંઠવાળો, શૂરો લાલ, કાંતિવાળો, હસમુખો, અને પીળી આંખોવાળો, દુબળો, ઊંચો થાય.

❋ ત્રીજામાં પંડિત સૂક્ષ્મને કોમળ દેહવાળો, વિશાળ દ્રષ્ટિવાળો, ગાયનકળાના મર્મને જાણનાર, કવિ, ડાહ્યોને સારો થાય.

❋ ચોથામાં મોટી આંખવાળો, કોમળને સુક્ષ્મ કેશવાળો, આળસુ, ગવૈયો, લાંબી ભુજાવાળો ને સારા નાકવાળો થાય,

❋ પાંચમામાં ઊંચા ગાલને નાકવાળો, રાતા રંગનો ને પાતળા દેહનો પારકી સ્રીની ઈચ્છા કરનારો, પીળી દષ્ટિવાળોને શૂરવીર થાય.

❋ છઠ્ઠામાં લાંબા મુખવાળો, મોટી આંખ, નાક ને કાનવાળો, રૂપાળો, ને બુદ્ધિથી વિચાર કરી પછી તે કામનો આરંભ કરનારો ગૌરવર્ણી, ભાઈઓનો માનીતો સુંદર દેહવાળો થાય.

❋ સાતમામાં કઠોર વાણીવાળો કંઠાદિ ને ગ્લાનિ આપે એવો કેશવાળો, લાંબા દુર્બળને કાળા સ્વરૂપવાળો,દુષ્ટ, બાંડો, ઊંચુ નાક ને ઘૂમનારો થાય.

❋ <u>સિંહના પ્રથમ સપ્તમાંશમાં</u> રાતા રંગના અંગવાળો, રાતાંનેત્ર, લાંબો જાડાં રૂવાટાંવાળો હાડકામાં વિશેષ ગલવાળો, મોટા નાકવાળો, ચતુરને ક્રૂર થાય,

❋ બીજામાં તીક્ષ્ણ નખવાળો, લાંબો અને ભાષણ કર્તા, ઠગારો, શાસ્ર, નીતિને શાસ્ત્રના મર્મને જાણનારો થાય,

❋ ત્રીજામાં પુષ્ટ દેહવાળો મોટા માથા, આંખને કેશવાળો, ધૈર્યવાન પરાક્રમી સ્ત્રીવાળો, નાણું મેળવનાર,

❋ **ચોથામાં** લડાઈમાં શૂરવીર ખોટા સ્વભાવનો ક્રોધી, બાડો કવિ, સુખી રાતા વર્ણવાળો, ઊંચો ને અલ્પ પરાક્રમી,

❋ **પાંચમામાં** ઉમેદભરી વાણીવાળો, યશસ્વી માની, સારી દૃષ્ટિવાળોને મોટા વાળવાળો,

❋ **છઠ્ઠામાં** ઠંડો ને વિશાળ-ગોળ અંગવાળો, ભમેલાની માફક આંખવાળો, ઘુમનાર, ન્યાય કરવામાં શ્રેષ્ઠ મોટા નાકવાળો,

❋ **સાતમામાં** કોમળ ઊંચા ગૌર દેહવાળો, ડાહ્યો નાનું નાક, શ્રેષ્ઠ વાણી સુંદર વેશવાળો ગાયનને સ્ત્રીમાં પ્રેમી થાય.

❋ **કન્યાના પ્રથમ સપ્તમાંશમાં** ચતુર, ભાષણ કર્તા, સારી બુદ્ધિવાળો, નમ્ર વિશાળ દૃષ્ટિવાળો, સુંદર પણ શ્યામ દેહવાળો, સમ નાકવાળો અને સમ આકૃતિવાળો થાય,

❋ **બીજામાં** કઠણ સાથળનો, વાંસો પેટ ને હાથ પણ તેવા જ એકવચની, કોમળ પૂર્ણ મુખવાળો, કામાશક્ત થાય,

❋ **ત્રીજામાં** તે અભિમાની કુળમાં જન્મેલો, ટુંકા વાળ, ઊંચું મુખ, ચંચળ આંખોવાળો, ટૂંકી બુદ્ધિનો,

❋ **ચોથામાં** શિલ્પ (સલાહમીસ્ત્રી)નું કામ કરનાર, વેદ ધર્મશાસ્ત્રી, મોટી હડપચી, ક્રોધ, દૃષ્ટિને માથાળો દાન કરનાર, પ્રસિદ્ધનયણાંવાળોને ખુલ્લું બોલ નારો થાય,

❋ **પાંચમામાં** આળસુ બીકણ ડરામણું બોલનારા, ક્રોધી, કઠણ હડપચીસવાળો, લાંબા મુખવાળો, દેખાતી નસોવાળો નેહરણ જેવી આંખોવાળો,

❋ **છઠ્ઠામાં** ઘણી દોલતવાળો દૃઢતાથી બોલેલા વચનમાં વિશ્વાસું ધર્મી, કાળાં નેત્રવાળો, વિશાળ મુખ અને આડા ભમ્મરવાળો થાય,

❋ સાતમામાં ટૂંકા ટૂંકા પીળા કેશવાળો, મધ જેવી આંખોવાળો, મોટા હોઠ, ગાલ ગળું ને દાઢીવાળો, ક્રોધી તિક્ષ્ણ રક્તવર્ણી થાય.

❋ <u>તુલાના પહેલા સપ્તમાંશમાં</u> કમળ જેવા મુખવાળો, રૂપાળો, ઊંચા નાકવાળો, ભાષણ કરનાર, ધન મેળવનારોને ઘણાને પાળનારો થાય.

❋ બીજામાં ગોળ મુખવાળો, ખેડૂત, ઊંચા નાક ને હોઠવાળો, મુસાફરી કરનારો, હિંસક રાતાને કાળા રંગવાળો,

❋ ત્રીજામાં ધર્મી નાણું મેળવવામાં ચતુર શસ્ત્રાશસ્ત્રવિદ્યાનો જાણનારો, મોટું નાક, મુખ, હોઠ, આંખ ને મોટા દેહવાળો થાય.

❋ ચોથામાં કાળો, કઠોર અવાજવાળો, કઠોર અંગી, મોટા મુખવાળો, ભયંકર કામ કર્તા, ઊંધા વાંકા નખવાળો થાય,

❋ પાંચમામાં શ્રેષ્ઠ ભમ્મર, મુખ, સજ્જન માન્ય થાય,

❋ છઠ્ઠામાં નમેલી પાંપણ યુક્ત કાળી આંખવાળો, સરખા દેહવાળો, સ્ત્રીનું બળ દેખાડનાર, સુભાષી, સુંદર મુખવાળો, શ્રેષ્ઠ હોઠવાળો.

❋ સાતમામાં જાડા હોઠ, મજબૂત હાડકાને દાંતવાળો, પીળા કેશવાળો, ટૂંકી નજરનો, શૂરો ને નાજુક-કોમળ અંગવાળો થાય.

❋ <u>વૃશ્ચિકના પ્રથમ સપ્તમાંશમાં</u> જન્મેલો ઘાત, જૂઠું ભેદ અને કજિયામાં પ્રેમી, લાંબો, પીળી, રાતી આંખ, ને કઠોર, કેશવાળો, પળદેહી થાય,

❋ બીજામાં મોટી આંખવાળો, ઝીણા પગવાળો, સુંદર નાકવાળો, ઘઉં વર્ણો શાસ્ત્રવિધિ જાણનારને હુન્નરકળાને જાણનાર થાય,

❋ ત્રીજામાં તોતડું બોલનારો, ચતુરાઈથી વાત કરનાર, શિથિલ અંગવાળો, કાળો કઠણ શરીરને વડીલોની લાજ વગરનો થાય,

- ચોથામાં મોટા ગાલ, નાકને પેટવાળો, ઊંધુ વચન બોલનારો, અભિમાની સ્વાર્થી, મોટા બાહુવાળો,

- પાંચમામાં પાતળા પેટવાળો, મોટી છાતીવાળો, જૂગારી, ચાકરી કરનાર, બહુ બોલનાર, સુંદર મુખ અને હાથવાળો, થોડા બોલો, કોમળ અંગવાળો ધર્મી, ઉદાર બુદ્ધિમાનને મોટા પરાક્રમી.

- સાતમામાં યુદ્ધનો પ્રેમી, ઊંચી નાસિકાવાળો, મોટા માથાવાળો, પીળીઆંખોને રોમવાળો, દૃઢ બુદ્ધિવાળોને અવિશ્વાસી થાય.

- <u>ધનના પ્રથમ સપ્તમાંશમાં</u> મોટા હોઠ, ગાલ, નાક, છાતીને પેટવાળો, પરાક્રમી, મધના જેવી આંખોવાળો, મોટું માથું ને પગવાળો થાય,

- બીજામાં હરણ જેવી આંખવાળો, ગોળ સાથળનો, પારકું ધન હરનાર, પૂર્વાપરને જાણનાર, લાંબા હાથ મોટા કાનને નાકવાળો થાય,

- ત્રીજામાં ક્રોધી ભાષણકર્તા,ત્યાગી લાલ આંખવાળો, પાતળો સ્ત્રીમાં કજીઓ કરનાર અદેખો ને બકરાના શબ્દવાળો,

- ચોથામાં ઊંચી કાંધ અને નાક વાળો જાડો સ્થૂળ હડપચીવાળો, મૃગાક્ષવાળો. વાનર જેવા માથાવાળો ને ગાયનોનો શોખીન થાય,

- પાંચમામાં કઠોર દેહવાળો, સુંદર નાક મૂર્તિને આંખ વાળો, જીતેન્દ્રિયવાળો, કવિતા રચનાર થાય.

- છઠ્ઠામાં તપસ્વી કોમળ વાણીવાળો, સુકર્મી, મોટું મુખને આંખવાળો, ગુણી ધની, કમળના તંતુ જેવો ગૌર રંગનો ને કાળા કેશવાળો થાય,

- સાતમામાં લાંબા હોઠ, નાક, આંખવાળો, સત્યવાદી, શૂરો ત્યાગી મોટું માથું, કાન ને દાંતવાળો થાય.

- <u>મકરના પહેલા સપ્તમાંશમાં</u> ટૂંકો વાંસો જીભ ને નાકવાળો, યશવાળો,

કાળોને લાંબા મુખવાળોને બીકણ.

❋ બીજામાં ગૌરવર્ણી, સુંદર મોટા દેહને મુખવાળો, ધની, મસ્તીખોર, ચતુર, ચાલાકને કજીયાનો ઉમેદ ધરનાર,

❋ ત્રીજામાં રાતાં અંગને નેત્રવાળો, ક્રોધી, દુર્બળ, પારકી સ્ત્રીને ધનથી છકી ગએલો, ખોટા સ્વભાવનો થાય.

❋ ચોથામાં દસમુખો મધુર બોલો બુદ્ધિમાન મોટું મસ્તક ગાલ ચોખોને નાકવાળા સ્ત્રીની ઈચ્છાવાળો કમળ જેવા પોપવાળી કાળી થાય છે.

❋ પાંચમાં ગાયન, સલાટનું કામ, કજીઓ અને ચાકરીમાં પ્રેમી, માની,નાનો કાળોને મોટા ગાલવાળો.

❋ છઠ્ઠામાં સોના જેવી કાંતિવાળો, વિશાળ દેહવાળો, કમળ જેવાં નેત્રવાળો, પંડિ, તપસ્વીને કોમળ બોલો થાય,

❋ સાતમામાં બુઢો, મોટી કાયાવાળો, ક્રોધી સંતાન વગરનો રાતી આંખવાળો મોટા મુખ, નાક ગળું ને ભમરવાળોને ભટકનાર થાય.

❋ <u>કુંભના પ્રથમ સપ્તમાંશમાં</u>-નામરદ, બળહીન, તીખી નજરનો, ઊંચો, નીચી નાસિકાવાળોને મોટા માથાનો થાય,

❋ બીજામાં પાકેલાં આંબળાં જેવી કાંતિવાળો, થોડા બોલો, મોટા મુખ, કાનને આંખ વાળો, ઘણું પાણી પીનાર, શૂરોને મોજીલો,

❋ ત્રીજામાં બિલાડી જેવી આંખવાળો, રાતા દેહનો છળ, કપટ ચોરીને જૂઠું બોલનાર, ભૂરા વાળવાળો,

❋ ચોથામાં કોમળને થોડા બોલો, ઘણું પાણી પાનાર, ઊંચા નાકવાળો, રક્તગૌર વર્ણવાળો, હરણના જેવી આંખવાળો, કાળા વસ્ત્રોનો શોખીન, ચતુરનીતિવાળો થાય,

❋ **પાંચમામાં** લૂખા કેશવાળો, અવળા અંગવાળો કાળોને સોના જેવા રંગનો સારૂં વચન બોલનાર, પરદેશની ઇચ્છાવાળો ને શિલ્પકળાનો શોખીન ને પાન કરનાર થાય છે.

❋ છઠ્ઠામાં ગૌરવર્ણી, મોટા દેહવાળો, સુંદર મુખને આંખવાળો, નીતિવાળો, વ્રત પાળનારો, દેવોને માનનારો.

❋ **સાતમામાં** રાતી આંખવાળો, લાંબો, પ્રસિદ્ધને મોટો પરાક્રમી, મોટું નાક ને હોઠવાળો, બેદરકારીથી બોલનાર, સુંદર દેહવાળોને પીળા કેશવાળો થાય.

❋ **મીનના પ્રથમ સપ્તમાંશમાં** સુંદર નેત્ર, નાક ને દાંતવાળો, કમળના જેવી કાંતિવાળો, પવિત્રને વેદના મર્મને જાણનારો થાય

❋ **બીજામાં** આંબાના અંકુર જેવો લાલવર્ણવાળો ટુંકા મુખ, હાથવાળો થોડાં રૂવાંટાવાળો, શૂરોને મજબુત પરાક્રમી,

❋ **ત્રીજામાં** સુંદર મોટા મુખવાળો, વૃદ્ધાંગવાળો, ગાયન ને નીતિ જાણનાર, સુંદર ભમર, નાક ને કેશવાળો.

❋ **ચોથામાં** મંત્રી, મજબૂત વિચારનો, પૂર્ણ મુખવાળો, મીઠું બોલનાર, સુબુદ્ધિનો, કેસુડાનાં પાંદડાંની માફક સુંદર જુદાં જુદાં અંગવાળો,

❋ **પાંચમામાં** ગૌર કાંતિ વડે લાલવર્ણી, કમળ જેવી શ્યામ આંખવાળો, પવિત્ર, ચતુર, મુખવાળો,ને ઠંડા સ્વભાવનો,

❋ છઠ્ઠામાં ધર્મી, ચતુર, કમળના પાન જેવા રંગનો, મોટી આંખ, મુખને દાંતવાળોને ગોળ દેહવાળો,

❋ **સાતમામાં**-લુખા અંગવાળો, મેલો, નમેલા નાકવાળો, પવિત્ર, કપટ વગરનો ને શુદ્ધ થાય.

❋ સૂર્યના સપ્તમાંશમાં શૂરવીર, મોટો પ્રતાપી, તેજવાળો, સ્થિર, સભાનું કામ બજાવનારો, પ્રસિદ્ધિને બળી થાય, ચંદ્રમાના પવિત્ર, ફરી ફરી, ધર્મનો કરનાર, નમ્ર ને કામકળાનો પ્રેમી થાય, મંગળનાં ઘણો ક્રોધી ને પરાક્રમનો અભિમાની થાય.

❋ બુધનામાં કવિ કથાનો કરવાવાળો, શિલ્પશાસ્ત્રી, ઉત્તમ વાણી બોલનાર, પંડિતને ચતુર થાય,

❋ ગુરૂના મોટો ડાહ્યો, દૃઢ પરાક્રમી, સ્થિર બુદ્ધિવાળો ને જ્ઞાનીઓમાં ઊંચું જ્ઞાન ધરાવનારો થાયને કામી, વિલાસી, હાસ્ય વિનોદનો કરનારો અને ગાયનકળામાં પ્રીતિવાળો થાય,

❋ શનિના સપ્તમાંશમાં મૂર્ખ, આળસું, કપટી, ખોટાં કામ કરનારને પાપમાં પ્રીતિ કરનાર થાય છે. જે ગ્રહ પોતાના ઉચ્ચમાં મિત્રગૃહી, અથવા સ્વક્ષેત્રી હોય તે ગ્રહ યથાર્થ શ્રેષ્ઠ ફળ આપનાર અને જે ગ્રહ નીચ રાશિમાં શત્રુક્ષેત્રમાં રહેલો હોય તે ગ્રહ ખરાબ ફળ આપનાર થાય.

## નવમાંશનું ફળ

❋ ૧નવમાસનો સ્વામી (જન્મ કુંડળીમાં) અથવા પ્રશ્ન કુંડળીમાં લગ્ન વિષે બેઠો હોય તે નાની ઉંમરમાં સારી સમાન રૂપાળી સ્ત્રીને પરણે છે.

❋ પ્રશ્ન કુંડળી અથવા જન્મ કુંડળીમાં નવમાંશનો સ્વામી છઠ્ઠા આઠમા ભાવમાં હોય તો તેની સ્ત્રી લગ્ન થયા પછી ગુજરી જાય અને બીજી સ્ત્રી સાથે ફરીથી લગ્ન કરે.

❋ નવમાંશનો સ્વામી (જન્મ કુંડળીમાં) દશમે બેઠો હોય તો, ભાગ્યશાળી સ્ત્રી મળે ને તે બીજા ભાવમાં હોય તો પરણ્યા પછી ધનવાન થાય. બારમાં ભાવમાં હોય તો ચોરી કરનારી વ્યભિચારી સ્ત્રી મળે.

❋ નવમાંસનો સ્વામી બારમે કે નીચ ગ્રહની રાશિમાં હોય તો વચન બોલવામાં બહુ ચતુર, અને ઘણાં નીચ કામ કરનારી, સ્ત્રી મળે છે.

❋ નવમાંશનો સ્વામી સાતમાં, ત્રીજા, પાંચમાં, નવમાં, અગીયારમાં ભાવમાં જન્મ કુંડળીમાં હોય તેની સ્ત્રી ગુણવતી, પતિવૃત્તા,સારી આંખોવાળી, અતિશય રૂપવાન ને સતી થાય છે.

❋ નવમાંશનો સ્વામી (જન્મ કુંડળીમાં) કેન્દ્રમાં હોય તો તે સોળ વરસ સુધીમાં લગ્ન કરે ને પાંચમા તથા નવમા ભાવમાં હોય તો પચાશમે વર્ષે લગ્ન થાય.

❋ નવમાંશનો સ્વામી પાપગ્રહ થઈ જન્મ કુંડળીમાં હોય ને તેના ભેગા પાપગ્રહ હોય તો તેની સ્ત્રી ખોટું બોલનાર, કઠોર કેશવાળી, મોટા કુલાવાળી, વેશ્યા જેવી થાય છે.

❋ નવમાંશનો સ્વામી જન્મ કુંડળીમાં કે પ્રશ્નગ્રહને જોતા હોય તો તે પુરુષની સ્ત્રી ધણી સાથે સ્નેહ રાખનારી સારી ચાલની, ધીરજવાન, ચતુરને મીઠું બોલનારી થાય.

❋ નવમાંશનો સ્વામી (જન્મ કુંડળીમાં) જો આઠમે ભાવે હોય તો તેની સ્ત્રી પોતાના સ્વામીના હાથથી મરણ પામે છે ને નવમાંશપતિ સાથે ચંદ્ર બેઠો હોય તો તેની સ્ત્રી પાણીમાં ડૂબી મરણ પામે છે.

❋ નવમાંશમાં સૂર્ય અને રાહુ છઠ્ઠા ભાવમાં હોય તેની સ્ત્રી ઝેરથી ને સૂર્ય, શુક્ર સાથે બેઠો હોય તો અગ્નિથી ને બુધ સાથે સૂર્ય હોય કે બુધની દૃષ્ટિ હોય તો તેની સ્ત્રી દુઃખથી મરણ પામે છે.

❋ નવમાંશનો સ્વામી (જન્મ કુંડળીમાં) સાતમા ભાવમાં ચંદ્ર સાથે હોય, અથવા ચંદ્ર દેખતો હોય, તે પુરુષની સ્ત્રી વ્યભિચારી, કપટી, પતિ ઉપર થોડો સ્નેહ રાખનારી, ખરાબ મુખવાળી થાય.

❋ નવમાંશનો સ્વામી પાપગ્રહો સાથે કેન્દ્રમાં બેઠો હોય અથવા પાપ ગ્રહો

દેખતા હોય તેની સ્ત્રી બુદ્ધિ વિનાની જિંદગી પર્યંત શરીરે દુઃખી થાય ને તેનું મરણ હથિયારથી થાય છે.

- નવમાંશનો સ્વામી (જન્મ કુંડળીમાં) મિત્રના ઘરમાં બેઠો હોય ને તે શુભ ઉચ્ચનો તથા સ્વગૃહી હોય તેની સ્ત્રીને સ્વામી તરફથી બહુ સુખ થાય ને તે બુદ્ધિશાળી, ભાગ્યશાળીને શરીરે સુખી થાય, ચોથા સ્થાનમાં નવમાંશનો સ્વામી હોય તો સ્ત્રીનું મરણ કહેવું.

- <u>નવમાંશનું ફળ મેષના પ્રથમ નવમાંશમાં</u> જન્મ હોય તો બકરાના જેવા મુખવાળો, નાનું નાક, પાતળો દેહ, થોડાં રૂવાટાં વાળો, મોટા અવાજથી બોલનારો ને ઝીણી આંખોવાળો થાય,

- **બીજા નવમાંશમાં** હોય તો લાંબા મુખને ગાવાળો શ્યામ દેહી, પાતળી ઝંઘાને પગવાળો, મેઘ ગર્જના જેવી વાણીવાળો નાના મસ્તકનો ને વિશાળ આંખવાળો થાય,

- **ત્રીજામાં** ઘણા રોમવાળો, ટુંકીભુજા, ખભાવાળો, વાણી બોલવામાં પંડિત જેવો, વાળ યુક્ત મુખવાળો, પાતળી ઝંઘા, ઢીંચણ,ને ટુંકા કેશવાળો થાય,

- **ચોથામાં** ગેલા જેવા મુખને આંખવાળો, લંગડો, લાલ દેહવાળો, નાના માથા અને નાકવાળો, ફોકટ ઘુમનારો, કઠોર પગને વાળવાળો થાય,

- **પાંચમામાં** ઘોડાની આંખ જેવી આંખવાળો, હાથી જેવા માથાનો પુષ્ટ, ગોળદેહીને ક્રોધી, ધોલા વાળ, કઠોર મુખ કઠોર પગ, મોટું નાક ને મોટા માથાવાળો થાય,

- **છઠ્ઠામાં** કોમળ દિલનો, રૂપાળો, ઊંચા નાકવાળો, મોટા ખભાવાળો, યજ્ઞો, દુર્બળનેડાહ્યો થાય,

- **સાતમામાં** સુંદર નાક ને કાળાં નેત્રવાળો, દુર્વા (ધરો)નાં અંકુર જેવી દેહવાળો, વિલાસી, ધની, સ્વસ્ત્રી પ્રેમીને ઠંડો થાય,

❋ આઠમામાં વાંદરા જેવા મુખવાળો, ઘણો બકવાદ કરનાર, જાડી ચામડીનો ઊંચો છુપા રોગવાળો, હિંસા કરનાર જુઠો, મિત્રને વહાલો, ઘાતકી ક્રૂર થાય,

❋ નવમામાં લાંબો, પાતંળો, વિલાસી, આડા માથાનો, આડા હોઠ કાન ને મુખવાળો,પંડિત બહુંભાષી ક્રોધી ને સરળ થાય છે.

❋ વૃષભનાં પ્રથમ નવમાંશમાં કાળો, ખોટી નજરવાળો, લોભી, પારકું કામ કરનાર, નીચ, બાલ્યવાસ્થામાં દુઃખી ને ખરાબ સ્વભાવવાળો થાય,

❋ બીજામાં મોટું મુખ, ખભા ને કાનવાળો, લાંબી નજરનો થોડી બુદ્ધિનો, જૂઠા બોલો, આળસુ, સ્ત્રીથી બેમનવાળો ને ઊલટા સ્વભાવવાળો થાય,

❋ ત્રીજામાં ગૌરવર્ણી, કરડી આંખવાળો, ઘણા બોલો, ધની, સારા મીજાજનો ધર્મી અને ઘણા નોકરવાળો થાય,

❋ ચોથામાં ઠીંગણો, ઘુમનારો ક્રોધી, બકરા જેવી આંખવાળો, પીળા વર્ણનો ને પારકું નાણું હરી લેવાવાળો,

❋ પાંચમામાં ગોળ મોટી આંખવાળા, રૂપાળો, સ્ત્રીમાં અતિ પ્રેમી, બહુ બોલોને નઠારી સ્ત્રીમાં આશક્ત,

❋ છઠ્ઠામાં કોમળ ચિત્તવાળો, ઊંચા નાક ને ખભાવાળો, સંધિવાયુવાળો, મિત્રદ્રેષી, મોટા પગનો ને થોડા કેશવાળો

❋ આઠમામાં વાઘ જેવી આંખવાળો, રૂપાળો, તાલક, ઊંચા નાકવાળો, થોડું કામ કરનાર, રાક્ષસી સ્વભાવનો કરડા વાળને નખવાળો,

❋ નવમામાં થોડું હસનાર, થોડો પરાક્રમી, બીકણ, મધ્યમ અંગવાળો, ઠગ, પ્રમાણ વગરના ધનવાળો,પ્રસિદ્ધ શરીરના નીચલા અડધા ભાગથી પાતળો અને બહુબોલો થાય છે.

❋ **મિથુનના પ્રથમ** નવમાંશમાં હાથમાં વાળવાળો, કાળી આંખનો, દુર્વા જેવો કાળો, હાથ પગ પાતળા ને ઊંચા નાકવાળો થાય,

❋ **બીજામાં** ઘડા જેવું માથુને ખોટા કામ કરનાર, ઘાત કરવાની ઇચ્છા કરનાર, ચપટા નાકવાળો, બહુ ચેષ્ટા કરનાર, બહુબોલોને શૂરો થાય,

❋ **ત્રીજામાં** ગૌરવર્ણી, ઘણી રાતી આંખવાળો, સારૂં નાક ને બુદ્ધિવાળો, સમ દેહવાળો, લાંબુ મુખને કાળી ભમરનો, છટાદાર બોલનાર,

❋ **ચોથામાં** સુંદર ભ્રકુટીવાળો, સુંદર માથાનો કામી, શ્યામળો હસમુખો, સફેદ દાંતવાળો,ને મોટી છાતીવાળો.

❋ **પાંચમામાં** મોટી આંખવાળો, મજબુત કમ્મરનો, પુષ્ટ છાતીને હાથવાળો, કાળો, દુષ્ટ કપટના મર્મને સમજવાવાળો, મોટા માથાવાળો ને ધોળી આંખવાળો થાય,

❋ **છઠ્ઠામાં** મધ જેવાં નેત્રવાળો, ખોટા બોલો કદરૂપા મોંઢાવાળો, હૃદય ને રાતા હોઠ ને દાંતવાળો, ધૂતારો નહીં ઊંચો ને નહીં નીચો ને પરાક્રમી થાય,

❋ **સાતમામાં** તાંબોવા રાતા રંગનો મોટા પેટવાળો, સુંદર ઊંચી આંખનો મોટી છાતીવાળો, શિક્ષાશાસ્ત્રને જાણનાર, મિસ્ત્રી, હસવાની ટેવાવાળો થાય,

❋ **આઠમામાં** જુવાન, રૂપાળો, મનમોજી, મીઠાબોલો ‘ખોડવાળો, ઊંચો, કાળા નેત્રવાળો ને હુન્નર કળાને જાણનારો થાય,

❋ **નવમા નવમાંશમાં** ગોળ કાળી આંખોવાળો, રૂપાળો, બુદ્ધિબળવાળો, પંડિત કામી ને કાવ્યનો પ્રેમી થાય છે.

❋ **<u>કર્કના પહેલા નવમાંશમાં</u>** સ્વચ્છ જળ જેવા ગૌર દેહવાળો, સુંદર કેશ, છાતી, ગોળ મુખને ઊંચી આંખવાળો થાય,

❋ **બીજામાં** રાતી કાંતિનો,લડાઈમાં શુરો, બિલાડી જેવાં મુખને આંખવાળો, ત્યાગી, પાતળા ઢીંચણને પાતળી ઝંઘવાળો,

❋ **ત્રીજામાં** ગોરો શ્રેષ્ઠ આંખવાળો ભાષણ કર્તા, પંડિત, જાડી સ્ત્રીવાળો, જાડા શરીરનો બુદ્ધિવાળો નરમ કામ કરનારો, ને આળસુ થાય,

❋ **ચોથામાં** જુવાન, નમેલી ભમ્મરવાળો, વિશાળ પુષ્ટને ઊંચા દેહવાળો, શ્રેષ્ઠ નાક ને આંખોવાળો. આગલા દાંત વગરનો, દાતાર, ને સ્વજાતિમાં લુચ્ચાઈ કરનાર થાય,

❋ **પાંચમામાં** મોટા પેટવાળો, ક્રૂર વાહનવાળો, ખોટાં કામ કરનાર ઘડા જેવા માથાનો ટૂંકી મતિનો, નીચાં મુખવાળો, અને લાંબી આંખવાળોને ચંચળ સુંદર ભ્રમરોવાળો થાય,

❋ **છઠ્ઠામાં** લાંબા અને વિશાળ દેહવાળો,ગૌરવર્ણી, મોટી આંખવાળો મોટા પ્રતાપી, સારા નાકવાળો, ભાષણકર્તાને મોટો દાંતવાળો,

❋ **સાતમામાં** છુટા કેશવાળો, ધ્રુજતા હોઠવાળો, ઘણી નસોવાળો, ઝંઘાપર વાળવાળો, પારકે ઘેર રહેવાવાળો, કાગડા જેવો થાય,

❋ **આઠમામાં** ઘડા જેવા માથાનો, શીલ્પશાસ્ત્ર થોડું જાણનાર, દુબળા ઘોડાના જેવા મુખવાળો, પાતળા ઢીંચણ પાતળી ઝંઘા, ખોટી બુદ્ધિવાળો, દબાયેલા નાકવાળો ને કાળો થાય,

❋ **નવમા નવમાંશમાં** જન્મેલો, ગૌરવર્ણી, માછલા જેવી ચંચળ આંખવાળો, મોટા પેટનો, મોટી છાતીવાળો, લાંબી હડપચીવાળો, પાતળા ઢીંચણને ઘુંટણવાળો થાય.

❋ **સિંહના પહેલા નવમાંશમાં** અલ્પ પેટનો. ક્રોધી લાલ અણીના નાકવાળો, મોટી નસોવાળો, શૂરો ને ઊંચી છાતીવાળો,

❋ **બીજામાં** મોટાને ઊંચા માથાવાળો, ચાર ખુણાવાળા શરીરનો, મોટી

આંખ, મોટા હાથને મોટી નાસિકાનો ને ઊંચી છાતીવાળો થાય,

❋ ત્રીજામાં ઘણાં રૂંવાટાંવાળો, મોટા હાથને ચકોર જેવી આંખવાળો, સુંદર ચંચળ દેહવાળો, ઊંચા નાકવાળો, સુંદર દેહ અને હાથવાળો, ત્યાગીને ગોળ ગળાવાળો,

❋ ચોથામાં ઘીના પિંડ જેવો ગૌર, લાંબી ને કાળી આંખનો, કોમળ, મોટા પગવાળો, તુટેલા અવાજનો ને દેડકગાના જેવા પેટવાળો,

❋ પાંચમામાં ઘડા જેવા માથાનો,'અલ્પકેશી, સફેદ નાક ને આંખોવાળો, ઉપલા ભાગમાં ઘણા વાળવાળો લાંબા પેટવાળો, ક્રોધી ને મોટી દાઢીવાળો થાય,

❋ છઠ્ઠામાં ઢીલાં અંગવાળો, અલ્પવાળનો, રૂપાળો, સમમૂર્તિ કાળી આંખોવાળો, લાંબો, જુવાન, સ્ત્રીમાં ડાહ્યો, ઊંચી ભાષાનો પંડિત,

❋ સાતમામાં લંબમુખો, મોટા ચોટલાવાળો, કુટિલ ને કઠોરવાણી બોલનારા,

❋ આઠમામાં છાકટા જેવી વાણીવાળો, ચોટલાવાળો,કાળો, મિત્ર વિનાનો, ખોટાં કર્મ કરનારો, થોડી ચેષ્ટાવાળો, સ્થિર, ખોટા સ્વભાવવાળો થાય.

❋ નવમા નમવમાંશમાં લાંબા હાથવાળો, દુર્વા જેવો કાળો કરડાં મુખનો કળીને, દુઃખતી આંખવાળો, મજબૂત ઝંઘાને પાંસળાંનો ને રોગી થાય.

❋ કન્યાના પહેલા નવમાંશમાં આડા ઊંચાને હરણ જેવા મુખનો, ધની, દાતાર ભોગની ઈચ્છાવાળો, પુષ્ટ અંગવાળોને જુવાન,

❋ બીજામાં જુવાન, ઘડાની માફકને મોટા પેટવાળો, ચુગલીખોર,. કજીઆનો પ્રેમી, ગંભીર ને શ્રેષ્ઠ વચન બોલનારો, ને ચાલાક સ્ત્રીવાળો,

* ત્રીજામાં મોટું નાક ને મુખવાળો, સુંદર ગૌરવર્ણનો સારી ધારણાશક્તિવાળો શ્રેષ્ઠ બુદ્ધિવાળો મિત્રતા ધરાવનાર, તથા સ્ત્રીનો પ્રેમી

* ચોથામાં સુંદર મોટા હાથ ને ખભાવાળો, કોમળ મૂર્તિવાળો, લાંબો, મીઠા બોલો, થોડા રોમનો, મોટા હાથવાળો, લાલ રંગના નિચેના ભાગથી પાતળો,

* પાંચમામાં મોટા હાથને ભુજાવાળો, ઊંચા પુષ્ટ ને મોટા માથાનો, બીજાને આશ્રય રહેનાર, મોટી છાતીને ખભાવાળો ને ઝલાઈ ગયેલી ઝંઘાનો થાય,

* છઠ્ઠામાં, તેજસ્વી, કાંતિવાળો,પોતાનું વચન પાળનાર, ઢીલો, શાસ્ત્ર બનાવનાર, લેખક, મતિવાન્ ને વિલાસી,

* સાતમાં નવમાંશમાં ટૂંકા મુખનો, લાંબા ખભાવાળો, કોમળ ને તેજસ્વી અંગવાળો, સુંદર કેશવાળો, મોટા હાથ પગને પેટનો ને પાણીથી ડરવાવાળો

* આઠમામાં કોમળને તેજસ્વી અંગવાળો, લાંબો, સારી નજરનો ક્રોધી, માની દીર્ઘ બાહુવાળોને પીળા વર્ણના વાળવાળોને

* નવમાં નવમાંશમાં પ્રસિદ્ધ રૂપાળો મોટી આંખવાળો, નિર્બળ સ્વચ્છ મનવાળો, ચતુર, નીચા ખભાવાળો, લેખકને વિદ્વાન થાય.

* તુલાના પહેલા નવમાંશમાં ગૌરવર્ણી, મોટી આંખનો, વખાણવા લાયક ધની, મોટી દાઢીવાળો, ધર્મવાન, ધૂમનારને પ્રસિદ્ધ,

* બીજામાં ગોળ નેત્રવાળો, ભયંકર દાંતવાળો, શરીરના વચલા ભાગથી દુર્બળ, કાંતિવાળો રાતા તાંબા જેવા વર્ણનો, કાળીઝંઘાને મળેલી ભમ્મરવાળો થાય,

* ત્રીજામાં ગૌર, ઘોડા જેવા દાંતવાળો, સુંદર મુખવાળો, મધ જેવી ને ઊંચી આંખનો લાંબા સારા વાળવાળો, લાંબા નાકવાળો, ધની ને તાબેદારની રક્ષા કરનાર,

* ચોથામાં સુક્ષ્મ હાથને દેહવાળો, બીકરણ, નમેલા દાંત વાળો, દુબળો, ચપળ આંખવાળો, નાના નાકવાળો, ખેદ કરનાર, જુવાન, ખરાબ સ્વભાવનો,

* પાંચમામાં ગંભીર દષ્ટિવાળો, મોટા કેશવાળો, મિત્ર પ્રેમી, મોટી બુદ્ધિવાળો, ભારે ને ટૂંકા દેહવાળો, મોટા માથાવાળો, નીચલા દેહમાં નિર્બળતાવાળોને કીર્તિ આબરૂવાળો,

* છઠ્ઠામાં પુષ્ઠ અભાવાળો શાસ્ત્ર જાહાનાર, મોટો દેહ અને પેટનો, નિતિનો જાણનારો, સુંદર નાકની વાંસાવાળો તેજ દાર નખવાળો.

* સાતમામાં મોટી બુદ્ધિવાળો ભારેને ટુંકા દેહવાળો મોટા માથા વાળો નીચલા દેહમાં નિર્બળના વાળો, કીર્તિ આબરૂ વાળો થાય છે.

* આઠમામાં ઊંચા ખભા ને ગાલનો, ભોગી, કઠોર, મોટી ઝંઘાનો, કાળી ભમ્મરનો, વિચારને બોલનારોને શ્રેષ્ઠ છાતી મસ્તકનો અને શાંત સ્વભાવનો,

* નવમા નવમાંશમાં સુંદર આંખવાળો, હસમુખો, ગૌરવર્ણનો,સુંદર દેહવળો ડાહ્યો, હુન્નર વિદ્યા જાણનાર, ચતુરાઈથી હસનાર ને વેપારીના મનને મળતો થાય.

* વૃશ્ચિકના પહેલા નવમાંશમાં ઠીંગણો, ઊંચી નાસિકાને હોઠવાળો મજબૂત બાંધાનો ગૌરવર્ણનો દેડકા જેવી લાલ આંખનો, સુંદર ઘડા જેવું માથું

* બીજામાં ગૌર, મોટી છાતીનો, મોટા બાહુને લાલ આંખવાળો, બોલીને મારનારો, હઠીલો, અલ્પકેશવાળો,

❋ **ત્રીજામાં** ચતુર, દઢ ખભાને ભુજાવાળો, હસમુખો, ઉત્તમ વાણી બોલનાર, ચોર, દાસીમાં પ્રેમી, રાતા હોઠવાળો, ને સુંદરદેહવાળો થાય.

❋ **ચોથામાં** પરસ્ત્રી પ્રેમી, ઘાત કરનાર ઉતાવળો, લાંબો મોટા પેટવાળો, જુવાન, લુચ્ચો, કાળા કેશને આંખો વાળો થાય,

❋ **પાંચમામાં** તાંબા જેવી લાલ આંખવાળો, ગંભીર દબાયલા નાકવાળો, વેર કરનાર, અભિમાની ખોટાં કામનો કરનારો, ખરાબ ને મોટા ખભાવાળો ને યશવાળો થાય,

❋ છઠ્ઠા નવમાંશમાં, નીતિવાળો, ઘોરકર્મી, નાની આંખને યશવાળો, ને મુખ, માથું ને બાહુ, જેના મોટા છે એવા છૂટા દાંતનો નસોથી વિખરાઈ ગયેલ અંગનો થાય,

❋ **સાતમામાં** નીચી કેડને પેટનો, મોટી આંખનો આડા દાંતવાળો, કાળો, મોટા મુખવાળો, ઊંચો ટુંકી હડપચીવાળોને મોટી છાતીનો થાય,

❋ **આઠમામાં** બેઠેલું નાક, મોટું માથું, ભમેલી આંખ, મિત્રદ્વેષી બહુ ભાષણ કરનારા ને ગુરૂની આજ્ઞા પાળનારો.

❋ **નવમા નવમાંશમાં** ગૌર. મત્સ્ય (મચ્છી)ના જેવી ને પીળી આંખવાળો,પુષ્ટ, શાન્ત, અગમચેતી, ને સારાં કામ કરનારા દાતાર, ને દેવ ગુરૂ ભક્ત થાય.

❋ **ધનના પ્રથમ નવમાંશમાં** મોટું સુંદર નાક, બકરા જેવી આંખ, ગૌરવર્ણ, છુટાછુટા વાળવાળો, ઘણું હાસ્ય, મોટા વૃષણ ને ક્રોધી,

❋ **બીજામાં** ઊંચું માથું, સ્થિરમતિ, આગેવાન મોટી આંખ, વાંકું નાક ને લાંબા મોટા દેહવાળો,

❋ **ત્રીજામાં** શિક્ષા શાસ્ત્ર ભણનાર પૂર્ણાંગી સારા નસીબવાળો, સ્ત્રીને

ગમતો, મનમોજી, લુચ્ચો, સલાટ ને હસનારો,

❋ **ચોથામાં** ચતુર, મધના જેવી પીળી આંખ, ગૌર, કાચબાના જેવા પેટવાળો, રખડનાર મોટો આબરૂદાર ને સુંદર વાળવાળો થાય.

❋ **પાંચમામાં** મોટા કાન આંખને મુખવાળો મોટા શત્રુમાં શૂરો, સુંદર રૂવાટાંવાળો, મોટી ભ્રકુટી, ખભા ને દૃઢ બુદ્ધિવાળો થાય.

❋ **છઠ્ઠામાં** મનોહર કાળા ખૂણાવાળી આંખવાળો, મોટું માથું ને શ્રેષ્ઠ દેહવાળો કાવ્ય શાસ્ત્રી, પંડિત મોટા મુખવાળો ને કથા શાસ્ત્રનો પ્રેમી,

❋ **સાતમામાં** શ્યામ અને મજબૂત દેહનો આપ વચની, સર્વ ગ્રાહી ઊંચું માથું, કજીઓ પતાવનાર, ઊંચો ને મોટી આંખવાળો, ચપળને ડાહ્યો

❋ **આઠમામાં** નમેલું નાક, મોટી નસો, સગામાં વેરી ભ્રમિત આઁખ ઘણું બોલનાર ને ગુરૂની આજ્ઞા પાળનાર થાય,

❋ **નવમાંશમાં** ગૌર, ઘોડા જેવા મુખવાળો લાંબાં કાળાં નેત્રોવાળો, સારા બોલો, સભામાં મુખ્ય ને સભ્યતાથી વાદ કરનાર, મોટી ઝંઘાને ચોટલાવાળો થાય છે.

❋ **<u>મકરના પ્રથમ નવમાંશમાં</u>** મંદમંદ હસનાર, પ્રસિદ્ધ ચંચળ ધનવાળો, દુર્બળ આગળના નાજુક દાંતવાળો, કઠોર કેશવાળો, જુવાન બોલીને ફરી જનાર થાય,

❋ **બીજામાં** મોટી કાયાવાળો ધનવાન, પરદેશનો વાસી, શઠ, આળસુ, વાકું, નાક, જુવાન ઘણા રૂંવાટાંવાળો, ને ગીતનો પ્રેમી થાય,

❋ **ત્રીજામાં** ગવૈય ગૌર, લાંબી દ્રષ્ટિવાળો, નાના નાકવાળો, ઘણા મિત્રને ભાઈવાળો, પ્રસિદ્ધ બુદ્ધિમાન રૂડાં કામ કરનાર,

❋ **ચોથામાં** રાતી કાળીને ગોળ આંખવાળો, મોટા માથાનો થાય,

❋ **પાંચમામાં** મોટા ગાલ ને આંખવાળો, નઠારી સ્ત્રીનો ધણી શ્યામ ભોગી, સારું નાકને ગોળ હાથવાળોને દૃઢ વિચારનો

❋ છઠ્ઠામાં મનોહર કાંતિ, કામી રૂપાળો, સુક્ષ્મ દાંતવાળો, થોડા વચની, મોટા હોઠ ને કપાળવાળો,

❋ સાતમામાં શ્યામ, આળસુ, થોડા બોલો, વાંકડીઆ કેશવાળો, મોટા દેહવાળો, કોમળ હસ્ત પગવાળોને ખુશમિજાજનો, કઠણ હૃદયનો બુદ્ધિમાન થાય,

❋ **આઠમામાં** ગંભીર આખોવાળો, મોઢું નાક, જુદા વાળને નખવાળો, બંધાયેલાં શરીરનો, વાંકા મુખવાળો, મીઠા બોલો, ને ઘડા જેવા મસ્તકવાળો,

❋ નવમા નવમાંશમાં ઘણા મિત્રવાળો, મેદ અને રૂધિરવાળો સુંદર મુખવાળો, મીઠા બોલો, ગીત નૃત્યમાં પ્રેમી, પરાક્રમીને નીતિવાળો થાય છે.

❋ કુંભના પ્રથમ નવમાંશમાં શ્યામ કોમળ પાતળા અંગનો પીળા રંગનો, કામી, પ્રેમી દાતારને કાવ્ય વિનોદી થાય,

❋ **બીજામાં** કઠોર ચામડી, મુખ આંખને વાળવાળો, દીનબંધુ, સાધુ, લાંબુ મુખને લાંબી ડોક વાળો થાય,

❋ **ત્રીજામાં** ભોગી, પુષ્ટ, તેજસ્વી, મોટી લાલખૂણાવાળી આંખ, નાક ને દાંતવાળોને થોડું બોલનારો, થાય,

❋ **ચોથામાં** સ્ત્રીમાં પ્રેમી, ગૌર મોટા મુખવાળો, શત્રુને ત્રાસ આપનાર ભોગી, પ્રેમી, પરાક્રમીને ઘણો ધીરો,

❋ **પાંચમામાં** ખુલ્લી મતલબનો જાણનાર, કળા જાણનાર, કઠીન વાળ, રૂંવાટાં હાથ તથા પગવાળો, મોટું નાક ને કાળી આંખવાળો,

❋ છઠ્ઠામાં વાઘ જેવો મુખવાળો, લુચ્ચો, વાંકડીઆ કેશવાળો, દૃઢ નિશ્ચયવાળો, વાઘ મૃગને સાપને મારનાર ને રાજપ્રિય

❋ સાતમામાં નાની દાઢીવાળો,લાંબા મુખવાળો, આગળથી ઊંચુ નાક, નાની આંગળીથી ને દાંતવાળો, શિથીલ અંગવાળો, લાલ વર્ણનો પાતળો થાય,

❋ આઠમામાં બકરા જેવી આંખવાળો, ક્રૂરમુખો, રાજાની માફક ભોગ વિલાસી ધની, શ્રેષ્ઠ ભાગ્યવાળો, મોટા દાંતવાળો, ખરાબ શરીરનો થાય,

❋ નવમા નવમાંશમાં શ્યામ, કાળા દાંતવાળો, સુખનો વિયોગી, ધન પુત્ર સ્ત્રીથી યુક્ત છટાદાર બોલનાર પ્રસિદ્ધને સમર્થ થાય.

❋ <u>મીનના પ્રથમ નવમાંશમાં</u> ગૌર, બાયલો, જેના શરીરના સાંધા છુટા છે તેવો, ટુંકી ગરદનો, પાતળી કમ્મરનો ચંચળ, કોમળ ભ્રમિત ચિત્તવાળો થાય,

❋ બીજામાં મોટા મુખવાળો, મોટું નાક કામમાં શાણો ડહાપણથી બોલનાર, જંગલમાં ફરનાર, મોટા માથાવાળો, ને રૂપાળો થાય,

❋ ત્રીજામાં ગૌર, લુચ્ચો, સુંદર આંખવાળો, ઢીલો, ધર્મી પંડિત, ડાહ્યો રૂપાળો, બોલવામાં ચતુર ને નરમાશવાળો,

❋ ચોથામાં ગુણવાન, સુંદર સ્વભાવનો વડીલોની સેવા કરનાર કામ કરવામાં ચતુર, ઊંચા નાકવાળો, પંડિત પરાક્રમીને નીતિને જાણનાર

❋ પાંચમામાં લાંબો કાળો, પ્રતાપી, મતિમાન, સુંદર આંખોવાળો, હિંસક ભાગ્યશાળી ઘણો તેજસ્વી ને નાના નાકવાળો થાય,

❋ છઠ્ઠામાં રૂપાળો પ્રતાપી, ગુણી, સારો, વેશધારી પ્રસિદ્ધ, ઘોડા જેવા નાકવાળો, પ્રેમકથાનો રસિયો માની, આડું જોનાર

❋ **સાતમામાં** અભિમાની ધર્મી, સારો, પ્રધાન (આગેવાન) ચાલાક, નઠારા સ્વભાવનોને લુચ્ચો થાય,

❋ **આઠમામાં** લાંબો મોટા માથાવાળો, કાળો, આળસું, કઠોર કેશને આંખવાળો, નઠારા પુત્રવાળો, રસ્તામાં ફરનાર, ને યુદ્ધમાં શૂરો

❋ નવમા નવમાંશમાં ઠીંગણો, કોમળ મોટી છાતી, આંખને નાકવાળો, પંડિત તેજસ્વી ઊંચા ગુણ, સારી બુદ્ધિ શ્રેષ્ઠ અંગવાળોને પ્રસિદ્ધ થાય.

## ૨૯, જન્મ દ્વાદશાંશનું ફળ

❋ દ્વાદશાંશનો સ્વામી જન્મ કુંડળી કે પ્રશ્નમાં લગ્ને હોય તો પિતા (બાપ) કરતાં ઓછા ગુણવાળો, થોડા દ્રવ્ય (ધન) વાળો થાય.

❋ દ્વાદશાંશનો સ્વામી જન્મ કુંડળી કે પ્રશ્નમાં ભજા ભાવે બેઠો હોય તો બાપ કરતાં વધારે ધનવાન થાય.

❋ દ્વાદશાંશનો સ્વામી ત્રીજામાં હોય તો બાપ કરતાં બહુ યશ મેળવનાર ને દ્રવ્ય વિગેરે સર્વ બાબતોમાં પિતા કરતાં વધારે સુખી થાય. ચોથે હોય તો પિતા તરફથી દુઃખી પણ બાપ કરતાં બહુ ભાગ્યશાળી, દ્રવ્યવાળો થાય.

❋ પાંચમે પોતાના પરાક્રમથી પિતાને સુખી કરનાર, ભાગ્યશાળી, સારી બુદ્ધિવાળો થાય.

❋ છઠ્ઠે, બહુ શત્રુઓવાળો થાય. સાતમે રાજાની કૃપા (મહેરબાની) થી ઘણું ધન મેળવનાર, ઘણી કીર્તિવાળોને પરાક્રમી થાય.

❋ આઠમે પોતાના પિતાનું મરણ, ઝેરથી, શત્રુથી, હથિયારથી, પાણીથી, વીજળી પડવાથી કે આત્મઘાત કરવાથી થાય.

❋ નવમે, સઘળાં તીર્થ કરનાર. ગુરુ ભક્તિ કરનાર ધર્મ ઉપર આસ્થા

રાખનાર, ધર્મનાં કામ કરનાર થાય.

❋ દશમે બાપથી અને બાપના બાપથી પણ વધારે ભાગ્યશાળી, બાપ તરફથી સુખી થાય ને તેના જન્મ પછી બાપને પણ સારો લાભ થાય છે.

❋ અગીયારમે, તેને બાપનું છાનું રાખેલું ધન મળે ને તેથી ધનવાન થાય બારમે નીચ કામ કરનારો,દરેક ખરાબ કામમાં હુંશિયાર થાય.

❋ દ્વાદશાંશનો સ્વામી જન્મ કુંડળીમાં ઉચ્ચનો અથવા સ્વગૃહી હોય. તો શુભ યુક્ત હોય, યા શુભગ્રહો તેને દેખાતા હોય તો તે માણસોમાં આગેવાન, નાના પ્રકારનાં સુખ ભોગવનાર, શત્રુઓનો નાશ કરનાર થાય છે.

❋ દ્વાદશાંશનો સ્વામી (જન્મ કુંડળીમાં) શત્રુ ગ્રહ કે પાપગ્રહના ભેગો હોય, પાપગ્રહ જોતો હોય તો તે માણસ બહું શત્રુવાળો થાય છે.

❋ ને શત્રુથી પીડા પામનારો, રોગી અગ્નિ, રાજા, ચોર, વિગેરેથી દુઃખી શાપ બુદ્ધિવાળો મનમાં પરિતાપ રાખનાર, છોકરાં પ્રત્યે થોડા સ્નેહવાળો થાય છે.

## ૩૦, જન્મ ત્રિંશાંશ ફલમ્

❋ ત્રિંશાંશનો સ્વામી પાપગ્રહ જન્મ કુંડળીમાં નીચનો થઈ બેઠો હોય તો તે માણસ પોતાના કુટુંબીઓ સાથે વિરોધ કરનારો થાય ને શુભગ્રહ હોય તો શરીરે સુખી ને છઠ્ઠે બેઠો હોય તો રાજાથી બંધન થાય.

❋ ને આઠમા ભાવમાં બેઠો હોય તો, રાજાથી તેનું મૃત્યુ થાય. બારમે ભાવે તકરાર કજીઆ વિગેરે કરાવે ને તેથી રાજાના તરફથી દુઃખ થાય.

❋ બારમા બાવમાં શત્રુગ્રહ બેઠો હોય તો તેને રાજ્ય તરફથી સારૂં સુખ

મળે નહિ પણ બીજે સર્વ પ્રકારે સુખી થાય.

- ત્રિશાંશનો સ્વામી સાતમા ભાવમાં બેઠો હોય, તો બહુ સ્ત્રીયોવાળો થાય ને સ્ત્રી તરફથી સારું સુખ ભોગવનારો થાય.

- ત્રિંશાંશનું ફળ - ત્રિશાંશ કુંડળીમાં માણસોનું કષ્ટ તથા શુભ ગ્રહ હોય ને શુભ ગ્રહોથી યુક્તદ્રષ્ટ હોય તો કોઈ તીર્થ યાત્રામાં, કોઈ ઉત્તમ સ્થળમાં દાન, ધર્મને પવિત્રતામાં મરણ થાય અને જો આઠમા ઘરનો સ્વામી ક્રૂર હોય પાપ ગ્રહો દેખતા હોય તો અગ્નિ પાણી કે સર્પાદિકથી મરણ થાય

## ૩૧, સંતાન દાંત સંબંધી

### બાળકને કયા મહિને દાંત ફૂટે તેનું ફળ

- બાળકને પહેલા માસે દાંત ફૂટે તો કુળનો ધ્વંસ કરે.
- બાળકને બીજે માસે દાંત ફૂટે તો પિતાને હાની કરે.
- બાળકને ત્રીજે માસે દાંત ફૂટે તો પિતામહ અથવા પિતાનો નાશ કરે.
- બાળકને ચોથે માસે દાંત ફૂટે તો ભાઈઓનો નાશ કરે.
- બાળકને પાંચમે માસે દાંત ફૂટે તો શ્રેષ્ઠ હાથી, ઘોડા વાહન અથવા પુત્ર વૃદ્ધિ કરે
- બાળકને છઠ્ઠેમાસે દાંત ફુટે તો કુટુંબમાં ક્લેશ, સંતાપ કરાવે છે.

- બાળકને સાતમે માસે દાંત ફૂટે તો ધન, ધાન્યાં દિનો નાશ કરાવે
- જો બાળક દાંત સહીત જન્મે તો રાજ્ય મળે છે.

## ૩૨. સંતાન વિષયક બાબતો

* ૨૪ જિનનાં સંતાન-

પહેલા ભગવાનને - ૧૦૦ પુત્રો, ૨ પુત્રીઓ હતી, બીજા, ૧૩મા, ૧૯મા ૨૧મા, ૨૨મા, ૨૩મા ભગવાનને સંતાન હતું નહી. ૩જા, ૪થા, ૫મા પ્રભુને ત્રણ ત્રણ પુત્રો હતા. ૬ઠાને -૧૩પુત્રો, ૭માને ૧૭ પુત્રો. ૮માને ૧૮ પુત્રો. ૯માને - ૧૯ પુત્રો, ૧૦માને - ૧૨ પુત્રો. ૧૧માને ૯૯- પુત્રો. ૧૨ માને - ૨, પુત્રો. ૧૪માને - ૮૮ પુત્રો ૧૫માને - ૧૯ પુત્રો ૧૬માને - દોઢ કરોડ પુત્રો ૧૭માને દોઢ કરોડ પુત્રો ૧૮માને - સવા કરોડ પુત્રો ૨૦માને - ૧૧ પુત્રો હતા. મહાવીર સ્વામીને ૧ પુત્રી હતી.

* ભરત ચક્રવર્તીને સવા કરોડ પુત્રો હતા. તથા પૌત્રો સાડા-ત્રણ કરોડ હતા.
* ભરત ચક્રવર્તીના પુત્ર સૂર્યયશાને સવાલાખ પુત્રો હતા
* બાહુબલીને ૩ લાખ પુત્રો હતા.
* રાવણને સવા લાખ પુત્રીઓ હતી.

## ૩૩. શૈય્યા શુકન વિધિ

કઈ દિશાએ સુવું ?

પાક શિરઃશયને વિદ્યા, ધનલાભ શ્ચદક્ષિણે ।

પશ્ચિમે પ્રબલાચિંતા, મૃત્યુહાનિસ્તથોત્તરે ॥૧॥

* શૈય્યા શુકન વિધિ પર સુતી વેલાએ પોતાનુ મસ્તક પૂર્વ દિશાએ રાખવું તે ઉત્તમ છે
* પોતાના મસ્તક તથા પગ તરફ દીપક રાખવો નહીં પણ ડાબી બાજુએ અથવા જમણી બાજુએ ઓછામાં ઓછા શય્યાથી પાંચ હાથને છેટે દીપક રાખવો.

- સુતી વખતે પોતાના મસ્તકની બાજુએ ઓછામાં ઓછા ત્રણ હાથથી વધારે નજીક ભીંત હોવી ન જોઈએ.
- પોતાના પગ તરફ ખાંડણી તથા સાંબેલું રાખવું નહીં.
- સંધ્યા કાળે નિદ્રા લેવી નહીં
- શૈય્યા પર બેઠા નિદ્રા લેવી નહિ. દ્વારના ઉમ્બરા ઉપર મસ્તક રાખીને નિદ્રા લેવી નહિ.
- પોતાના હૃદય પર હાથ રાખી નિદ્રા લેવી તથા સુવું કે પોતાના એક પગ પર બીજો પગ રાખીને સુવું.
- સુર્યાસ્ત થાય પહેલા સુવું કે નિદ્રા કરવી નહિ. પોતાના પગની બાજુએ જો શૈય્યા ઉંચી હોય તો અશુભ છે. ચર્માસને શૈય્યા પર સુવું નહિ. શૈય્યા પર સુગુંધી પુષ્પો રાખીને સુવું નહિ.
- પોતાના શરીર પર પુષ્પો પહેરીને સુવું નહિ.
- શૈય્યા પર બેસીને કાંઈ ખાવું તે અશુભ છે.
- શૈય્યા પર જો શ્યામ અથવા પીળો રંગનું વસ્ત્ર પાથરવામાં આવેતે અશુભ છે.
- ફાટેલું અથવા જીર્ણ વસ્ત્ર પહેરીને સુવું નહી
- પોતાના મસ્તક પરના કેશ છુટા રાખીને સુવું અશુભ છે.
- શૈય્યા પર સુઈને પુસ્તક વાંચવું નહી.
- શૈય્યા પર સુતાંજ થુંકવું નહીં.
- શૈય્યા પર સુતાંજ મુખમાં તાંબુલ ચાવવું નહીં.
- શૈય્યા પર રહેલી ધુળ અથવા કચરાને સાવરણીથી દુર કરવો તે અશુભ છે.
- શૈય્યા પર સુતાં અથવા બેઠા અસ્ત્રવડે સોપારીના ટુકડા કરવા તે અશુભ છે.
- શૈય્યા પર સુઈને તેની ઉપર પોતાના હાથ પગ અથડાવવા તે સારૂં નથી.
- શૈય્યા પર સુતી વેળાએ પોતાના લલાટમાં રહેલું જે તિલક જો રહેવા દેવામાં આવે તો અશુભ કહેવાય છે.
- સુતી વેળાએ અકસ્માત જો પોતાના શરીર પર દુધના છાંટા પડે

બિંદુઓ પડે તો તે સર્વે અશુભનાં ચિન્હો છે. શૈય્યાપર પ્રાયે કરી ડાબુ પડખું દાબીને સુવું તે શુભને સુચવે છે.

- હવે જાગ્રત થતી વેળાના શુકનો પ્રથમ પોતાની જે નાસિકામાંથી વાયુ વહેતો હોય તે તરફનો પગ પ્રથમ ભુમિ પર મુકવો તે શુભને સુચવે છે.
- પોતાને એક છીંક આવે તો તે અશુભને સુચવે છે.
- પ્રથમ જો કોઈ રાંડેલી સ્ત્રીના મુખ પર કાગડા પર સાવરણી પર મુસલ પર અથવા પગરખાં પર પોતાની દ્રષ્ટિ પડે તો તે મહા અશુભને સુચવે છે.
- પ્રથમ જો દ્રષ્ટિ શંખ, મયુર, હંસ, કે દેડકું, દહીં થી ભરેલું પાત્ર, શ્રીફળ, પુષ્પ, લવણ, સૂર્ય, ગાય, હસ્તી, લલાટમાં કુંમકુમના તિલકવાળી સધવા સ્ત્રી, કુંમારીકા અથવા મસ્ત્યપર પોતાની દ્રષ્ટિ પડે તો તે મહા અશુભને સૂચવે છે.
- પ્રથમ જો શંખ અથવા ઝાલરનો શબ્દ સંભળાય તો શુભને સુચવે છે.
- પ્રભાતે સુર્ય ઉગ્યા પછી જો શય્યા પરથી ઉઠીએ તો પોતાને ભયંકર રોગની ઉત્પતિ થાય છે.
- પ્રભાતે સુર્ય ઉગ્યા પછી વડીનીતિ કરતી વેળાએ અકસ્માતે મુખધારાએ જો વિષ્ટાશ્રાવ થાય તો જાણવું કે પોતાનું સાત દિવસની અંદર મૃત્યુ થશે.
- પ્રભાતે જાગૃત થતાંજ જે જલપાન કરવું તે પણ મહા અપશુકન છે.

## ૩૩, શૈય્યા સંબંધી મંત્ર

વિધિ પાના નં ૧ ઉપર રહેલ નવકાર મંત્ર સાત વખત ગણી સુઈ જવાથી સર્વ ભય નાશ થાય છે. કુ સ્વપ્ન આવતાં નથી. તથા રક્ષણ થાય છે.

## ૩૪, શૈય્યા સંબંધી ગ્રહો

- બારમે ને બારમાના સ્વામી સાથે શુભગ્રહોનો સંબંધ હોય તો, પાલખી પલગં, સુવાનાં બીછાનાં વિગેરેનું સુખ કહેવું.
- બારમાનો સ્વામી પાપગ્રહના સંબંધોમાં હોય, અથવા ક્રૂર અઁશમાં હોય,

કે ક્રૂર ગ્રહ જોતો હોય, તો તેને પલગંનું સુખ હોય જ નહિ.

બારમાનો સ્વામી પાપગ્રહ હોય, પણ તે પોતાના ઉચ્ચની, મિત્રની, કે પોતાની રાશિમાં હોય તો, અથવા બારમાનાસ્વામીની રાશિનો સ્વામી પોતાના ઉચ્ચાદિકમાં હોય તોપણ પલંગ બીછાનાં વિગેરેનું સુખ સારૂ કહેવું.

## ૩૫, શૈય્યા સંબંધી તત્વ

### ત્રિશલામાતાના શયનનું વર્ણન

તે ત્રિશલા ક્ષત્રિયાણી તે તેવા પ્રકારના શયનમંદિરને વિષે, એટલે જેનું વાણીથી વર્ણન થઈ શકે નહિ, પોતાની આંખથી દેખ્યું હોયતો જ જાણી શકાય એવાઅવર્ણનીય, તથા અતિશય પુણ્યશાળી અને ભાગ્યશાળીને યોગ્ય એવા શયનમંદિરમાં. વળી જેની અંદરના ભાગમાં સર્વ ભીંતો વિવિધ પ્રકારના ચિત્રોથી ચીતરેલી હોવાથી રમણીય છે, એવું, બહારના ભાગમાં ચૂનો લગાવેલો હોવાથી ચાંદની જેવું સફેદ છે, વળી કોમળ અને ચીકણા પાષાણાદિથી ઘૂંટેલું હોવાથી સુંવાળું અને ચકચકીત છે. તે શયનમંદિરનો ઉપરનો ભાગ વિવિધ પ્રકારના ચિત્રોવાળો છે, અને તળીયું દેદીપ્યમાન છે, જેની ચારે તરફ મણિઓ અને રત્નો જડેલા હોવાથી અંધકાર નાશ પામ્યો છે એવું, તે શયનમંદિરનું આંગળું જરા પણ ઉંચું નીચું નથી, બરાબર સપાટ છે, વળી પાંચ વર્ણવાળા મણિઓથી બાંધેલું હોવાથી ભિન્ન ભિન્ન જાતના સ્વસ્તિકાદિની રચના વડે મનોહર છે. રસ સહિત અને સુગંધમ્ય એવા પંચવર્ણી પુષ્પોના સમૂહને યોગ્ય સ્થળે ગોઠવેલ હોવાથી સંસ્કાર યુક્ત છે, કાળો અગરુ, ઉંચી જાતનો કિંદુ, સેલારસ, અને બળી રહેલો દશાંગાદિ ધૂપ, એ બધા પદાર્થોની મહેક મારી રહેલી અને ચારે તરફ ફેલાઈ રહેલી જે સુગંધ, તે વડે રમણીય છે, ઉત્તમ ગંધવાળાં જે ઉંચી જાતનાં ચૂર્ણો, તેઓની સુગંધ યુક્ત છે. સુગંધી દ્રવ્યોની બનાવેલી જે ગુટિકા, તેના સદશ અતિશય સુગંધી છે. આવા પ્રકારના શયનમંદિરને વિષે ત્રિશલા ક્ષત્રિયાણી શય્યામાં એટલે પલંગમાં સૂતી હતી, તે શય્યાનું વર્ણન કરે છે- તે તેવા પ્રકારની શય્યામાં, એટલે જેનું વાણીથી વર્ણન

થઈ શકે નહિ, પોતાની આંખથી દેખી હોય તો જ જાણી શકાય એવી અવર્ણનીય, તથા અતિશય પુણ્યશાળી અને ભાગ્યશાળીને યોગ્ય એવી શય્યામાં વળી શરીર પ્રમાણ દીર્ઘ ગાદલાવાળી, જેની બન્ને બાજુએ એટલે જયાં મસ્તક રહે ત્યાં અને જયાં પગ રહે ત્યાં ઓશીકા રાખેલાં છે, મસ્તક અને પગને સ્થાને ઓશીકા રાખવાથી તે બન્ને બાજુએ ઉંચી છે, બન્ને બાજુએ ઉંચી હોવાથી વચ્ચેના ભાગમાં નમેલી અને ગંભીર છે, જેમ ગંગાને કાંઠે રહેલી રેતીમાં પગ મૂકતાં પગ ઉંડો ચાલ્યો જાય છે તેમ આ શય્યામાં પણ પગ મૂકતાં પગ ઉંડો ચાલ્યો જાય એવી અતિશય કોમળ છે, તે શય્યા ઉપર ઉત્તમ કારીગરીવાળો રેશમી ઓછાડ પાથર્યો છે, તે શય્યા જે વખતે સૂવા-બેસવાના ઉપયોગમાં આવતી નથી તે વખતે રજ વગેરેથી મેલી ન થાય માટે ઉતમ વસ્ત્રથી ઢાંકેલી રહે છે, વળી તે શય્યા ઉપર લાલ રંગની મચ્છરદાની લગાવેલી છે, તે શય્યા અતિશય મનોહર છે. સંસ્કારિત કરેલું ચામડું, રુ, બૂર નામની વનસ્પતિ, માખણ અને આકડાનું રુ, એટલી સુકોમળ વસ્તુઓના જેવા કોમળ સ્પર્શવાળી, સુગંધી ઉત્તમ જાતનાં પુષ્પો અને ચૂર્ણો વડે કરેલા સંસ્કારવાળી, આવા પ્રકારની શય્યામાં. - ત્રિશલા માતા સુતાં હતાં. આ પ્રમાણે ત્રિશલા માતાની શય્યાનુ વર્ણન કલ્પસૂત્રમાં કર્યું છે.

## ૩૬, સ્વપ્ન શાસ્ત્ર

अनुभूतः श्रुतो दृष्टः, प्रकृतेश्च विकारजः ।

स्वभावतः समुद्भूतश्चिन्ता सन्तति सम्भवः ॥१॥

देवता द्युप देशोत्थो, धर्म कर्म प्रभावजः ।

पापो द्रेक सुत्थश्च, स्वप्न स्पाद् नवधा नृणाम् ॥२॥ (युग्मम्)

**મનુષ્યોને નવ પ્રકારે સ્વપ્નો આવે છે. તે નવ સ્વપ્નો આ પ્રમાણે**

- અનુભવેલી વસ્તુ સ્વપ્નમાં દેખે.
- સાંભળેલી વસ્તુ સ્વપ્નમાં દેખે.

* જાગતા દેખેલ વસ્તુ સ્વપ્નમાં દેખે.
* પ્રકૃતિનાં વિકારથી ઉત્પન્ન થએલ સ્વપ્ન દેખે.
* સહજ સ્વભાવથી ઉત્પન્ન થએલ સ્વપ્ન દેખે.
* ચિંતાની પરમ્પરાથી ઉત્પન્ન થએલ સ્વપ્ન દેખે.
* દેવતાના સાનિધ્યથી સ્વપ્ન દેખે.
* ધર્મ કાર્યના પ્રભાવથી ઉત્પન્ન થએલ સ્વપ્ન દેખે.
* અને અતિશય પાપના ઉદયથી સ્વપ્ન દેખે

આ પ્રમાણે મનુષ્યો નવ પ્રકારે સ્વપ્ન દેખે છે.

આ નવ પ્રકારના સ્વપ્નોમાંથી પ્રથમના છ સ્વપ્નો શુભ અથવા અશુભ દેખે તો તે નિષ્ફળ જાણવા. પણ છેલ્લા ત્રણ આવેલા શુભ કે અશુભ સ્વપ્ન આવેતો શુભ અથવા અશુભ ફળ આપે છે.

## સ્વપ્ન ક્યારે ફળે ?

* રાત્રિ ના પ્રથમ પ્રહરમાં દેખેલ સ્વપ્ન બાર મહિને ફળે.
* રાત્રિના બીજા પ્રહરમાં દેખેલ સ્વપ્ન છ મહિને ફળે.
* રાત્રિના ત્રીજા પ્રહરમાં દેખેલ સ્વપ્ન ત્રણ મહિને ફળે.
* રાત્રિના ચોથા પ્રહરમાં દેખેલ સ્વપ્ન એક માહેને ફળે.

રાત્રિની છેલ્લી બે ઘડીમાં દેખેલ સ્વપ્ન નિશ્ચયથી દશ દિવસમાં ફળે છે. અને સૂર્યોદય થતાં દેખેલ સ્વપ્ન નિશ્ચયથી તુરત ફળે છે.

## સ્વપ્ન કોને ફળે

* મનુષ્યોએ જે શુભ અથવા અશુભ સ્વપ્ન પોતાના સબંધિદેખ્યા હોય તો શુભ અથવા અશુભ ફળ પોતાને મળે છે.
* જે શુભ અથવા અશુભ સ્વપ્નો પારકા સંબંધિ પોતે જોયા હોય તો તેનું શુભાશુભ ફળ પારકાને મળે છે પોતાને કંઈ નહી.
* જે મનુષ્ય ધર્મમાં આસક્ત હોય, રસ-રૂધિરાદિ ધાતુઓ જેની સમહોય,

સ્થિર ચિત્તવાળો હોય, ઈન્દ્રિઓને કાબુમાં રાખનાર હોય, અને દયાવાળો હોય; તેને આવેલા સ્વપ્ન પ્રાયઃ ઈચ્છિત અર્થને આપે છે.

## કેવાં સ્વપ્ન ફળતાં નથી ?

- માળાની જેમ ઉપરા ઉપર આવેલા સ્વપ્ન
- દિવસે દેખેલ સ્વપ્ન
- માનસિક ચિંતા અને શારીરિક વ્યાધિથી આવેલ સ્વપ્ન
- મળ મૂત્રાદિની રુકાવટ કરવાથી થએલ પીડાથી ઉત્પન્ન થએલ સ્વપ્ન એ સર્વે સ્વપ્નો નિરર્થક સમજવા એટલે કે એ સ્વપ્નોનું કાંઈ ફળ મળતું નથી.

## સ્વપ્ન આવ્યા બાદ શું કરવું ?

- ખરાબ સ્વપ્ન કોઈને પણ સંભળાવવું નહી, અને સારૂં સ્વપ્ન આવેલ હોયતો ગુરુ મહારાજ વિગેરે યોગ્યને સંભળાવવું, કદાચ સ્વપ્ન સાંભળનાર તેવા યોગ્ય આત્માનો સમાગમ ન થાય તો છેવટે ગાયના કાનમાં પણ કહેવું.
- ઉત્તમ સ્વપ્ન જોઈને બુદ્ધિમાન માણસે સૂવું નહી, કેમકે સૂઈજવાથી તે ઉત્તમ સ્વપ્નનું ફળ મળતું નથી; માટે સ્વપ્ન આવ્યા પછીની બાકીની રાત્રિ ધર્મના સ્મરણમાં વિતાવવી.
- ખરાબ સ્વપ્ન જોઈને રાત્રિએ ફરીથી સૂઈ જવું, તથા તે ખરાબ સ્વપ્ન કોઈને પણ કહેવું નહી, તેથી તે ફળદાયિ થતું નથી.
- જે મનુષ્ય પ્રથમ ખરાબ સ્વપ્ન જોઈ પાછળથી સારૂં દેખે તો શુભ ફળ મળે, તેમજ પ્રથમ શુભ દેખી પછી ખરાબ સ્વપ્ન દેખે તો ખરાબ સ્વપ્નનું ફળ મળે છે.
- દુષ્ટ સ્વપ્ન આવે ત્યારે દેવ, ગુરુની પૂજા કરવી, તથા શક્તિ પ્રમાણે તપ કરવું કારણ કે નિરંતર ધર્મમાં આસક્ત મનુષ્યોને દુષ્ટ સ્વપ્ન પણ શુભકર સ્વપ્ન થાય છે.

# વિવિધ સ્વપ્નો તથા તેનાં ફળો

- જે મનુષ્ય સ્વપ્નમાં માણસ, સિંહ, ઘોડા, હાથી, બળદ અથવા ગાય જોડેલા રથ ઉપર ચડેલો જાય તે રાજા થાય
- જો સ્વપ્નમાં ઘોડા, હાથી, વાહન, આસન ઘર અને વસ્ત્ર વગેરેનું હરણ દેખે તો તે સ્વપ્ન રાજા તરફનો શંકા કરનારું, શોક કરનારું, બંધુઓનો વિરોધ કરનારું અને ધનની નુકશાની કરનારું થાય છે.
- જે મનુષ્ય સ્વપ્નમાં સૂર્ય અને ચંદ્રમાના સંપૂર્ણ બિંબને ગળી જાય તે મનુષ્ય ગરીબ હોય તો પણ નિશ્ચયથી સુવર્ણસહિત અને સમુદ્રસહિત પૃથ્વીને મેળવે છે; એટલે કે, આખી પૃથ્વીનો રાજા થાય છે.
- જો સ્વપ્નમાં શસ્ત્ર, ઘરેણાં મણી, મોતી, સુવર્ણ, રુપું અને સુવર્ણ તથા રુપા સિવાયની બીજી ધાતુઓનું હરણ દેખે તો તે સ્વપ્ન ઘણીવાર ધનનો નાશ કરનારું, માનની મ્લાનિ કરનારું, અને ભયંકર મરણ નીપજાવનારું થાય છે.
- જે મનુષ્ય સ્વપ્નમાં  સફેદ હાથી ઉપર ચડ્યો છતો નદીને કાંઠે ભાતનું ભોજન કરે, તે મનુષ્ય કદાચ નીચ જાતિનો હોય તો પણ ધર્મરુપ ધનવાળો થયો છતો એટલે ધર્મિષ્ઠ થયો છતો સમગ્ર પૃથ્વીને ભોગવે છે.
- જે મનુષ્યો સ્વપ્નમાં પોતાની સ્ત્રીનું હરણ દેખે તેમને ધન-સંપતિનો નાશ થાય, પોતાની સ્ત્રીનો પરાભવ દેખે તો કલેશ - દુ:ખ પામે, અને ગોત્રની સ્ત્રીનું હરણ તથા પરાભવ દેખે તો બંધુઓનો વધ અને બંધુઓને બંધન થાય.
- જે મનુષ્ય સ્વપ્નની અંદર સફેદ સર્પ વડે પોતાની જમણી ભુજાએ ડંખાય,તે મનુષ્ય પાંચ રાત્રિમાં હજાર સોનામહોર મેળવે.
- જે મનુષ્યને સ્વપ્નમાં પોતાની શૈય્યા અને પગરખાનું હરણ થાય તેની સ્ત્રી મરણ પામે, અને પોતાને શરીરે સખત પીડા ભોગવે.
- જે મનુષ્ય સ્વપ્નમાં માણસના મસ્તકનું ભક્ષણ કરે તે રાજ્યને મેળવે, માણસના પગનું ભક્ષણ કરે તે હજાર ,સોનામહોર મેળવે, અને માણસની ભુજાનું ભક્ષણ કરે તે પાંચસો સોનામહોર મેળવે.

❁ જે મનુષ્ય સ્વપ્નમાં બારણાની ભોગળનો, શૈય્યા એટલે પલંગનો, હિંડોળાનો, પગરખાનો, તથા ઘરનો ભંગ એટલે ભાંગી જવું દેખે તેની સ્ત્રીનો નાશ થાય.

❁ જે મનુષ્ય સ્વપ્નમાં સરોવર, સમુદ્ર, પાણીથી ભરેલી નદી, તથા મિત્રનું મરણ દેખે; તે મનુષ્ય નિમિત્ત વિના પણ અચાનક ઘણું ધન મેળવે.

❁ જે માણસ સ્વપ્નમાં ઘણું તપેલું, છાળસહિત, ડોળાઈ ગયેલું, અને ઔષધ વડે યુક્ત પાણી પીવે છે. તે નિશ્ચયથી અતીસાર રોગ વડે એટલે ઝાડાના રોગથી મરણ પામે છે.

❁ જે મનુષ્ય સ્વપ્નમાં દેવની પ્રતિમાની યાત્રા દર્શન કરે, અભિષેક કરે, પ્રતિમા આગળ નૈવેદ્ય, ફળ-ફળાદિ ધરાવે, અને પ્રતિમાની પૂજા કરે વગેરે કરે; તે માણસની સર્વ પ્રકારે વૃદ્ધિ થાય છે.

❁ જે મનુષ્યને સ્વપ્નની અંદર પોતાના હૃદયરુપી સરોવરમાં ઘણા કમળો ઉગે છે, તે મનુષ્ય કોઢ રોગથી નષ્ટ શરીરવાળો થઈ જલદી યમને ઘેર પહોંચે છે; એટલે મરણને શરણ થાય છે.

❁ જે માણસ સ્વપ્નમાં ઘણું ઘી મેળવે છે તેનો યશ વૃદ્ધિ પામે છે, વળી સ્વપ્નમાં દૂધપાક અથવા ખીર સાથે ઘીનું ભોજન પણ પ્રસસ્થ કહેવાય છે.

❁ જે મનુષ્યો સ્વપ્નમાં હસે છે તેમને થોડા જ વખતમાં શોક પ્રવર્તે છે, નાચે તો વધ અને બંધન થાય, ભણે તો કલેશ થાય, એમ ડાહ્યા માણસે જાણવું

❁ ગાય, બળદ, ઘોડા, રાજા, હાથી અને દેવ; એટલા સિવાયની બાકીની બધી કાળી વસ્તુઓ જો સ્વપ્નમાં દેખે તો તે સ્વપ્ન અશુભ સમજવું. વળી કપાસ અને લવણાદિ સિવાયની બાકીની બધી સફેદ વસ્તુઓ જો સ્વપ્નમાં દેખે તો તે સ્વપ્ન શુભકર સમજવું.

❁ જે મનુષ્ય સ્વપ્નમાં હાથી, ગાય, બળદ, મહેલ કે પર્વત ઉપર ચડેલો પોતાને દેખે તો તે મોટાઈ પામે.

❁ શરીરે વિષ્ટાવિલેપન દેખે તો નિરોગી થાય.

❁ સ્વપ્નમાં રુદન કરે તો હર્ષની પ્રાપ્તિ થાય.

- સ્વપ્નમાં રાજા, હાથી, ઘોડા, સુવર્ણ, બળદ, ગાય કે કુટુંબ દેખે તો કુળની વૃદ્ધિ થાય.
- સ્વપ્નમાં મહેલ ઉપર ચડીને પોતાને ભોજન કરતો દેખે, અથવા સમુદ્ર તરતો દેખે તો તે નીચકુલમાં જન્મ્યો હોય તો પણ રાજા થાય.
- સ્વપ્નમાં દીવો, માંસ, ફળ, કન્યા, છત્ર કે ધ્વજા દેખે તો જય પામે.
- જો સ્વપ્નમાં પોતાના ઈષ્ટદેવની પ્રતિમા દેખે તો આયુષ્ય વધે, તેમજ કીર્તિ યશ અને ધનની પણ વૃદ્ધિ થાય. જો સ્વપ્નમાં કોઈ ફળ-ફૂલવાળા પ્રફુલ્લિત વૃક્ષ ઉપર અથવા રાયણના વૃક્ષ ઉપર પોતાને ચડેલો દેખે તો ઘણું ધન મળે.
- જો સ્વપ્નમાં ગધેડી, ઉંટ કે પાડા ઉપર પોતાને એકલો ચડેલો દેખે તો તે તત્કાલ મરણ પામે.
- જે પુરુષ સ્વપ્નમાં સફેદ કપડાવાળી અને સફેદ ચંદનનું વિલેપન કરેલી સ્ત્રીને ભોગવે તો તેને સર્વ પ્રકારની લક્ષ્મી મળે.
- જે પુરુષ સ્વપ્નમાં લાલ વસ્ત્રવાળી અને લાલ ચંદન, કૃષ્ણગંધ વિલેપન કરેલી સ્ત્રીને ભોગવે તો તે પુરુષનું રુધિર સૂકાઈ જાય.
- જે મનુષ્ય સ્વપ્નમાં રત્નના, સોનાના અને સીસાના ઢગલા ઉપર પોતાને ચડેલો દેખે તે મનુષ્ય અવશ્ય સમકિત પામીને મોક્ષે જાય.

## ૩૭, સ્વપ્ન વિષે તત્ત્વ

- તીર્થંકરની માતા તથા ચક્રવર્તીની માતા ૧૪ મહાસ્વપ્નો દેખે છે. (તીર્થંકરની માતા સ્પષ્ટ તથા ચક્રીની માતા થોડાં ઝાંખાં ૧૪ સ્વપ્નો દેખે છે.) તે આ પ્રમાણે - હાથી, બળદ, સિંહ, લક્ષ્મી, પુષ્પમાળા, ચંદ્ર, સૂર્ય, ધ્વજ, કુંભ, પદ્મસરોવર, ક્ષીરસમુદ્ર, વિમાન અથવા ભવન, રત્નરાશિ, નિર્ધુમઅગ્નિ.
- વાસુદેવની માતા ૧૪માંથી કોઈ પણ ૭ મહાસ્વપ્ન દેખે છે.
- બળદેવની માતા ૧૪ માંથી કોઈ પણ ૪ મહાસ્વપ્ન દેખે છે.
- માંડલિકની માતા ૧૪ માંથી કોઈ પણ ૧ મહાસ્વપ્ન દેખે છે.

❀ પ્રભુ મહાવીરને શૂલપાણિ યક્ષે કરેલ ઉપસર્ગ વખતે અલ્પનિદ્રામાં જોએલ વીરપ્રભુનાં ૧૦ સ્વપ્નો

૧. તાલપિશાચને હણ્યો
૨. સેવાકરતું પક્ષી જોયું
૩. સેવાકરતું વિચિત્ર કોયલ પક્ષી જોયું
૪. સેવા કરતો ગાયોનો સમુહ જોયો.
૫. સમુદ્ર તર્યા
૬. ઉગતો સૂર્ય જોયો
૭. આંતરડાઓ વડે માનુષોત્તર પર્વતને વીંટી લીધો
૮. મેરુ પર્વતના શિખર પર ચડ્યા
૯. દેવોથી શોભતું પદ્મ સરોવર જોયું.
૧૦. પુષ્પની બે માળાઓ જોઈ.

## ૩૮, દાતણ સંબંધી શુકનો

(✱) બાવળ "લિંબડો" આંમ્રવૃક્ષ, તથા જંબીરવૃક્ષ નીડાળીનું દાતણ કરવું ઉત્તમ છે. દંતધાવણ કરવાને પૂર્વ દિશા તથા ઉત્તર દિશા સન્મુખ બેસવું તે ઉત્તમ છે. પણ પશ્ચિમ દિશા તરફ દંત ધાવન કરવાને બેસવું નહિ. કેમ કે તે લક્ષ્મીનો નાશ કરે છે. વળી દક્ષિણ દિશા તથા વિદિના સન્મુખ દાતણ કરનારને બેસવું તે સંતાનના નાંશને સુચવે છે.

✠✠✠✠✠✠✠✠✠✠✠✠✠✠✠✠✠✠✠

## ૩૯, દાતણ સંબંધી મંત્ર

ૐ હ્રીં શ્રીં શ્રીં શ્રીં શ્રીં શ્રીં શ્રીં શ્રીં

લક્ષ્મી મમ ગૃહે ધનં પૂરય ચિંતા ચૂરય ચૂરય સ્વાહા

વિધી :- આ મંત્ર ૧૦૮ વાર ગણી દાતણ કરવું.

## ૪૦, દંત વિષયક તત્વ

- મેઘકુમારનો જીવ પૂર્વે હાથીના ભવમાં વૈતાઢ્ય પર્વતની ભૂમિમાં ૬ દંતશૂલ વાળો હાથી હતો. તથા અન્ય પૂર્વ ભવે. વિંધ્યાચલ પર્વતની ભૂમિમાં ચાર દંત શૂર વાળો હાથી હતો.
- વિક્રમ રાજાએ કાઢેલા શત્રુંજયના સંઘમાં ૫૦૦ દેરાસર હાથીદાંતનાં હતાં
- દશરથ રાજાએ કાઢેલ શત્રુંજયના સંઘમાં ૪ જિનાલય હાથીદાંતના હતાં
- વસ્તુપાળ તેજપાળના સંઘમાં ૨૪ રથ હાથીદાંતના હતા.

## ૪૧, સ્નાન સંબંધી શુકનો

- સ્નાન કરનારે પૂર્વ સન્મુખ બેસવાથી મહા લાભકારી થાય છે. પણ તે સિવાય બીજી કોઈ દિશા તરફ સ્નાન કરવા બેસવું તે અશુભ સુચવે છે.
- સ્નાન કરતી વેળાએ ઘોડાનો હેષારવ જોવાય તથા સિંહની ગર્જના જો સંભળાય તો તે શુભને સુચવે છે.
- સ્નાન કરતી વેળાએ પ્રથમ પોતાના હૃદય પોતાના હૃદય પરનો ભાગ જો પોતાની મેળેજ સુકાઈ જાય તો જાણવું કે છ માસની અંદર પોતાનું મૃત્યુ થશે.
- તે સમયે પ્રથમજ પોતાની પીઠ પર જે જળ રેડવામાં આવે તો તે અશુભને સુચવે છે.
- જળના વાસણમાંથી કાગડો આવીને પાણી પીવા લાગે તો તે અશુભને સુચવે છે.
- અકસ્માતે જો તે જળનું વાસણ પોતાનો હાથ તથા પગ લાગવાથી જો ઢોળાઈ જાય તો તે પણ અશુભને સુચવે છે.
- વસ્ત્ર રહિત થઈને નાહવાથી અથવા સ્નાન કરવાથી દ્રવ્ય તથા સંતતિનો

નાશ થાય છે.

- સ્નાન કરતી વેળાએ મુખદ્વારા જો રૂધીરનુ વમન થાએ તો તે જાણવું કે ત્રણ માસની અંદર પોતાનું મૃત્યુ થશે.
- સ્નાન કરતી વેળાએ અકસ્માતે મુત્રાશ્રાવ તથા વિષ્ટાશ્રાવ એકી વખતે થાઈ જાય તો જાણવું કે પોતાનું એક માસની અંદરજ મૃત્યુ થશે.
- તે વેળાએ અકસ્માત પોતાને ઘણી છીંકો આવવા લાગે તો જાણવું કે તે દિવસે વ્યાપાર કરવાથી પોતાને દ્રવ્યની હાની થશે.
- વૃક્ષની નીચે બેસીને સ્નાન કરવાથી પિસાચાદિકદુષ્ટીતત્વોનો પોતાને ઉપદ્રવ થાય છે.
- જો શ્યામ વસ્ત્ર પહેરવામાં આવે તો તે પણ અશુભ શુકન છે.
- વળી તે સમયે અકસ્માતે પોતાને બગાસું આવે તો તે પણ અશુભને સુચવે છે.

## ૪૨. સ્નાન વિષયક તત્વ

### સિદ્ધાર્થ રાજાના સ્નાનનું વર્ણન

ગુંથેલા મોતીઓ યુક્ત જે બારીઓ, તે વડે વ્યાપ્ત અને મનોહર, વળી તે વિચિત્ર પ્રકારના મણિઓ અને રત્નોથી જડેલા તળીયાવાળા, અને રમણીય, એવા સ્નાનમંડપમાં વિવિધ જાતના મણિઓ અને રત્નોની રચના વડે આશ્ચર્યકારી એવા સ્નાનપીઠ ઉપર એટલે સ્નાન કરવાના બાજોઠ ઉપર સુખપૂર્વક બેઠા છતા સિદ્ધાર્થ રાજાએ જળ વડે પુરુષો દ્વારા સ્નાન કર્યું. કેવા પ્રકારના જળ વડે સ્નાન કર્યું તે કહે છે પુષ્પોના રસ વડે મિશ્રિત જળ, ચંદનાદિ સુગંધી પદાર્થોના રસ વડે મિશ્રિત જળ, અગ્નિથી ગરમ કરેલ જળ પવિત્ર તીર્થોમાંથી મંગાવેલ જળ, અને સ્વાભાવિક નિર્મળ જળ, આવી રીતે જુદી જુદી જાતના જળ વડે કલ્યાણ કરવામાં પ્રવીણ-સમર્થ એવા સ્નાનવિધિપૂર્વક પૂર્વે વર્ણવેલા કુશલ પુરુષોદ્વારા સિદ્ધાર્થ રાજાએ સ્નાન કર્યું. તે સ્નાન અવસરે રક્ષાદિ બહુ પ્રકારના સેંકડો કૌતુકો કર્યા બાદ કલ્યાણકારી એવા તે પ્રધાન

સ્નાનના અંતમાં રુંવાટી વાળા, અતિ કોમળ સ્પર્શવાળા, અને સુગંધી એવા લાલ રંગના વસ્ત્ર વડે શરીર લુંછી નાખ્યું, એટલે જળ રહિત કર્યું, ત્યાર બાદ તેણે જરા પણ ફાટ્યા-તુટ્યા વગરનું, સ્વચ્છ અને અતિ મહામૂલ્યવાળુ દૂષ્યરત્ન એટલે વસ્ત્રરત્ન-ઉત્તમોત્તમ વસ્ત્ર પહેર્યું.

## ૪૩. પ્રભુ મહાવિરનો જન્માભિષેક

✱ પ્રભુ મહાવીરનો જન્માભિષેક ૬૪ ઇન્દ્રો મળીને આ પ્રમાણે કરે છે.

ચોસઠ ઇન્દ્રો પ્રભુના ચરણ સમીપે એકઠા થયા. ત્યાર પછી અચ્યુતેન્દ્રે આભિયોગિક દેવો પાસે - સુવર્ણ ના , રુપાના , રત્નના ,સુવર્ણ અને રુપાના , સુવર્ણ અને રત્નના, રત્ન અને રુપાના , સુવર્ણ રત્ન અને રુપાના , તથા માટીના ;;એવી રીતે એક યોજનના મુખવાલા આઠ જાતિના કળશો , પ્રેત્યેક જાતિના એક હજાર આઠ આઠ સંખ્યાના મંગાવ્યા. વળી ભૃંગાર એટલે કલશવિશેષ, દર્પણ, રત્નના કરંડિયા , સુપ્રતિષ્ઠ એટલે ભાજન વિશેષ થાળ , પાત્રી એટલે ભાજન વિશેષ , અને પુષ્પો ની છાબડી વગેરે પૂજાના ઉપકરણો કળશની જેમ દરેક આઠ આઠ જાતિ ના અને પ્રત્યેક જાતિના એક હજાર ને આઠ આઠ સંખ્યાના મંગાવ્યા . વળી માગધ વગેરે તીર્થો ની માટી અને જલ , ગંગા વગેરે મહાનદીઓ ના કમલ અને જલ , પદ્મહ્રદ વગેરેના કમળ અને જલ , તથા ક્ષુલ્લહિમવંત , વર્ષધર , વૈતાઢય, વિજય અને વક્ષસ્કારાદિ પર્વતો ઉપરથી સરસવ, પુષ્પો, સુગંધી પદાર્થો અને સર્વ પ્રકારની ઔષધી ઓ ને મંગાવી લીધી. આભિયોગિક દેવોયે પ્રભુનો સ્નાન કરાવવા માટે સર્વ કલશો ક્ષીરસમુદ્રાદિના જલથી ભરીને તૈયાર રખાવ્યા હતા . આવી રીતે અનેક તીર્થો ના જલથી ભરેલા કળશો રાખેલ છે વ્રક્ષઃસ્થલ પાસે જેઓએ એવા તે દેવો જાણે સંસારસમુદ્રને તરવા માટે ઘડા ધારણ કર્યા હોયની એવા શોભવા લાગ્યા . હવે આ અવસરે ભકિતથી કોમલ ચિત્ત વાલા શક્રને શંકા ઉત્પન્ન થઈ "લઘુશરીરવાલા પ્રભુ આટલો બધો જલનો ભાર શીરીતે સહન કરી શકશે?". આ પ્રમાણે ઇન્દ્ર ને થયેલો સંશય દૂર કરવા માટે પ્રભુએ પોતાના ડાબા પગના અંગુઠાના અગ્ર ભાગથી મેરુ પર્વતને દબાવ્યો, એટલામાં તો પ્રભુના અતુલ બલથી આખો મેરુ

પર્વત કંપી ઊઠયો , પર્વતના શિખરો ચારેતરફ થી પડવા લાગ્યા , પર્વત કંપાયમાન થતા પૃથ્વી પણ કંપી ઉઠી, સમુદ્ર ખળભળી ગયો, બ્રહ્માંડ ફુટી જાય એવા ઘોર શબ્દો થવા લાગ્યા, અને દેવો પણ ભયવિહ્વલ બની ગયા. આ વખતે ઈન્દ્રને ક્રોધ ચડ્યો કે, અરે ! આ પવિત્ર શાન્તિક્રિયા સમયે કોણે ઉત્પાત કર્યો ?. એવી રીતે વિચારતા ઈન્દ્રે જયોરે અવધિજ્ઞાનથી જોયું ત્યારે પ્રભુના પરાક્રમની લીલા તેના જાણવામાં આવી. પછી ઈન્દ્રે પ્રભુને કહ્યું કે "હે નાથ ! અસામાન્ય એવું આપનું મહાત્મ્ય મારા જેવો સામાન્ય પ્રાણી શી રીતે જાણી શકે ? અહો ! તીર્થંકરનું અનંત બળ મેં ન જાણ્યું માટે જે આવું વિપરીત ચિંતવ્યું તે મારું મિથ્યા દુષ્કૃત હોજો, હે પ્રભુ ! હું આપની પાસે મારા અપરાધની ક્ષમા માંગુ છું" આ પ્રમાણે ઈન્દ્રે પ્રભુ પાસે ક્ષમા માગી. ત્યાર પછી પહેલા અચ્યુતેન્દ્રે પ્રભુને સ્નાન કરાવ્યું, અને પછી અનુક્રમે બીજા ઈન્દ્રો યાવત્ છેક ચન્દ્ર સૂર્યાદિકે પ્રભુને સ્નાન કરાવ્યું. ત્યાર પછી શક્ર પોતે ચાર વૃષભનું રુપ કરીને તેઓના આઠ શીંગડાઓમાંથી પડતા જળ વડે પ્રભુને અભિષેક કર્યો. દેવોને જે વિબુધપંડિત કહ્યા છે તે સત્ય જ છે, કારણ કે તેઓ ચરમ તીર્થંકરને જળ વડે સ્નાન કરાવતા પોતે નિર્મળ બન્યા. પછી દેવોએ મંગલદીવો અને આરતી ઉતારીને નાચ, ગાયન વાજિંત્રાદિકથી વિવિધ પ્રકારે મહોત્સવ કર્યો. ત્યાર પછી ઈન્દ્રે ગંધકાષાયી નામના દિવ્ય વસ્ત્ર વડે પ્રભુના શરીરને લુંછી, ચંદનાદિ વડે વિલેપન કરી, પુષ્પાદિ વડે પૂજા કરી ત્યાર બાદ પ્રભુની સન્મુખ રત્નના પાટલા પર રુપાના ચોખાએ કરીને-દર્પણ, વર્ધમાન, કળશ, મત્સ્યુગલ, શ્રીવત્સ, સ્વસ્તિક, નન્દાવર્ત અને સિંહાસન, એ અષ્ટમંગલ આલેખીને પ્રભુની સ્તુતિ કરી. ત્યાર પછી ઈન્દ્રે પ્રભુને માતા પાસે લાવીને મૂક્યા.

## ૪૪, સ્નાન કરી પ્રભુ પુજા

- સર્વજ્ઞની સેવા કરવામાં તત્પર એવા પુરુષે મનમાં હિંસાનો ભય રાખીને સ્નાનાદિક સર્વ કાર્ય કરવાં.

- તમે સ્નાન કરવા માટે પાટલો, બાજોઠ કે બીજું કોઈ પણ સાધન વાપરતા હોય અથવા જમીન પર બેસીને સ્નાન કરવા બેસતા હો તો

તે સમયે પૂર્વ અથવા ઉત્તર દિશા તરફ મોં રાખવું. સ્નાન એવી જગાએ કરવું કે જે સ્થાન પર લીલ ન હોય. કીડી-મંકોડા કે કુંથુઆ વગેરેન હોય. એ જમીન- પોચી કે પોલી ન હોય અને જ્યાં તડકો આવેલો હોય તેવી ઉત્તમ જમીન-સ્થાન સ્નાન માટે પસંદ કરવું. પાટલો કે બાજોઠ ડગમગતો હોય તેવા સ્થાને સ્નાન ન કરવું. આ બધું કરતાં પહેલાં બરાબર જોઈ લેવું કે પાટલા કે બાજોઠ પર તેમજ સ્નાન કરવાના સ્થાન પર ને આસપાસ કોઈ જીવજંતુતો નથી ને. આ માટે તે બધાને પ્રમાજવા.

- સ્નાન કરવાનું પાણી ગળેલું હોવું જોઈએ. પ્રાસુક અને અચિત્ત હોવું જોઈએ. નહાવા માટે અલ્પ શરીર ભીનું થાય તેટલું જ પાણી લેવું. ચારે બાજુ પાણીના રેલા દદડી ન જાય તેવી સાવધતાથી નહાવું.

- દ્રવ્યથી બાહ્ય મેલ અને મળનો નાશ કરવા અને દેહથી પવિત્ર થઈ શ્રી જિનેશ્વર ભગવંતના પવિત્ર દેહનો સ્પર્શ કરવા માટે સ્નાન કરવાનું છે. અને ભાવથી ક્રોધાદિકષાયોથી વિશુદ્ધ થવા સ્નાન કરવાનું છે. ગૃહસ્થને દેવપૂજા કરવા માટે જ દ્રવ્ય સ્નાન કરવાનું કહ્યું છે. આ દ્રવ્યસ્નાન ભાવશુદ્ધિનું હેતુરૂપ હોવાથી તેને સંમત કરેલું છે. જિનપૂજા સિવાય બીજા કોઈ હેતુ માટે સ્નાન કરવાની અનુમતિ આપી નથી.

- હવે સ્નાન અંગે કોઈ શંકા કરે કે "દ્રવ્ય સ્નાન તો અપ્કાય જીવોની હિંસાનું કારણ છે. તો ગૃહસ્થે પૂજા માટે પણ તેવું સ્નાન શા માટે કરવું જોઈએ ? તેનો ઉત્તર આ પ્રમાણે છે. મળમૂત્રના બિંદુ જેનાં શરીર પર લાગેલા હોય છે તેવો કોઈપણ માણસ સમવસરણમાં રહેલા પ્રભુના પવિત્ર દેહનો સ્પર્શ કરતા નથી કારણ તેથી આશાતના થાય છે. તે પ્રમાણે અહીં પણ સ્ત્રીની શય્યા, સ્ત્રીસંગ, લઘુનીતિ, વડીનીતિ તેમ જ દુર્ગંધી વાતોથી મલીન થયેલું શરીર જિનપૂજામાં ભાવ શુદ્ધિ કરનારૂં થતું નથી. કારણ કે હું અપવિત્ર છું. અપવિત્ર છું એવું પૂજકને વારંવાર સ્મરણ થયા કરે છે અને શુદ્ધિ કરવાથી હું શુદ્ધ છું, પ્રભુની પૂજાને યોગ્ય છું એમ વિચાર કરતાં પૂજકને ભાવશુદ્ધિ થાય છે. અને ભાવની વૃદ્ધિ થાય છે. જે માણસ ભાવપૂર્વક યતનાથી દ્રવ્યસ્નાન કરે છે તેને મહાફળ પ્રાપ્ત થાય છે. ભાવસ્નાન વિષે કહ્યું છે કે "નિર્મળ બુદ્ધિના

કારણભૂત ધ્યાનરૂપ જળથી કર્મરૂપ મળને દૂર કરવો તે ભાવસ્નાન કહેવાય છે."

સ્નાન કર્યા પછી બાજોઠ નીચે મુકેલી કુંડીમાં આવેલા જળને તડકાવાળી જગ્યાએ પુંજણીથી તે જગ્યાને પુંજીને કોઈ દક્ષ માણસ પાસે પરઠાવવું.

## જપ, વિવાહ સંબંધી શુકનો

- પુરૂષ તથા કન્યાના વિવાહ માટે પોતાને ઘરે નિમિતિઆને તેડાવીને લગ્ન પુંછવાથી અશુભ થાય છે. પણ તે માટે વર કન્યાના પિતાદિક કુટુંબીઓએ જ્યોતિષીને ઘેર ચાલતાં જઈને લગ્નો જોવરાવવાં તે કલ્યાણકારી છે.
- જ્યોતિષ ને વિવાહ માટે લગ્ન જોવરાવવા જતાં થકી શુભાશુભ શુકનો. લગ્ન જોવરાવવા જતી વખતે એકી સંખ્યાએ પુરૂષોને લેવાથી શ્રેય થાય છે પણ તે વખતે સાથે જો બેકી સંખ્યાના પુરૂષોને સાથે લેવાથી અશુભને સુચવે છે.
- ત્યાં જતી વેળાએ સાથે કોઈ સ્ત્રી અથવા બાલીકા જો આવે તો તે પણ અશુભનેજ સુચવે છે.
- જે સમયે જે વર અથવા કન્યાનાં લગ્ન જોવરાવવાનાં હોય તેને જો સાથે લેવામાં આવે તો તે પણ અશુભ સુચવે છે.
- તે સમયે જનાર પુરૂષને શ્યામ વસ્ત્ર પહેરવું નહિ તે સમયે તે પુરૂષને લલાટમાં કુંકમ તથા કેસરનો તિલક કરવું તે કલ્યાણકારી છે.
- તે સમયે સાથે આવેલ કોઈ માણસ ઉઘાડે માથે હોય તો તે પણ અશુભ સુચવે છે.
- તે વખતે કોઈ પણ અપંગ અથવા લંગડા અગર કાણા માણસને સાથે લેવાથી અશુભ થાય છે.
- તે વખતે સાથે આવેલ કોઈ પુરૂષ અથવા છોકરો કોઈ કારણસર અકસ્માતે રડવા લાગે તો તે પણ અશુભને સુચવે છે.
- તે સમયે કોઈ માણસને એક છીંક આવે તો તે પણ અશુભને સુચવે છે.

- લગ્ન જોવરાવવા માટે ઉદ્દવેગ તથા કાળ ચોઘડીયામાં પ્રયાણ કરવું નહીં પણ જેમ બંને તેમ અમૃત અથવા લાભ ચોઘડીયામાં જવું તે કલ્યાણકારી છે. સંધ્યાકાલે લગ્ન જોવરાવવા બિલકુલ જવું નહી.
- લગ્ન જોવરાવવા માટે ઘરમાંથી બહાર નીકળતી વખતે વર અથવા કન્યાના પિતાને જો ઘરના ઉંબરા પર ઠેસ પગમાં વાગે તો જરા થોભીને પછી જવું
- લગ્ન જોવરાવવા માટે ઘરમાંથી બહાર નીકળતી વેળાએ વર કન્યાએ તથા તેમના માતા-પિતાએ બાથરૂમ જવું નહી.
- તે સમયે કુટુંબમાં કોઈ માણસનું મૃત્યુ થયાની ખબર સંભળાય તો તે વખતે લગ્ન જોવરાવવા જવું નહિ.
- તે સમયે વર અથવા કન્યા જો કોઈ કારણથી રડવા લાગે તો તે પણ અશુભને સુચવે છે.
- તે સમયે હાથમાં ચોટલીવાળું નાળીયેર લઈ જવું માંગલિક છે. તેના ઉપર કુકુંમનો સાથીઓ કરવો, તે જો સ્વસ્તિક રહિત શ્રીફળ હાથમાં રાખવામાં આવે તો તે અશુભ સુચવે છે.
- તે સમયે જે વડીલના હાથમાં રહેલું શ્રીફળ અકસ્માતે નીચે પડી જાય તો તે પણ અશુભને સુચવે છે.
- તે સમયે જો ઘરમાં દુધ તથા પાણીનું વાસણ ઢોળાય તો તે અશુભને સુચવે છે. માટે તે સમયે પણ જરા થોભીને જવું.
- તે સમયે સાથે આવતા કોઈ પણ કુટુંબીએ જલપાન કરવું નહીં.
- તે સમયે જેના લગ્ન જોવાનાં હોય તે વર અથવા કન્યાએ નિદ્રા, ભોજન, સ્નાન તથા હાસ્ય કરવું નહિ.
- તે સમયે જેના લગ્ન જોવાનાં હોય તે વર, તથા કન્યાનો ચહેરો પ્રફુલિત ગંભિર અને આનંદદાયક જો હોય તો તે શુભને સુચવે છે.
- તે સમયે વર અથવા કન્યાની માતાએ સ્નાન કરવું નહીં તેમ ઘરના ઉંબરા પર બેસવું નહિ.
- તે સમયે ઘરમાં શાહીનું વાસણ જો ઢોળાઈ જાય તો તે મહા શુભકારી છે.
- તે સમયે વર અથવા કન્યાના શરીર ઉપર ગરોળી આવી પડે તો તે

પણ મહા શુભને સુચવે છે.

- તે સમયે વર તથા કન્યાના મસ્તકપર અકસ્માતે દધી (દહીં) તથા શેરડી અથવા રસ અથવા મદ્યના બિંદુઓ પડે તો તે પણ મહાશુભને સુચવે છે.
- લગ્ન જોવરાવવા જતી વેળાએ વર અથવા કન્યાએ પોતાના કેશને કાંસકીથી ઓળવા નહી.
- લગ્ન જોવરાવતી વખતે વર અથવા કન્યાએ સુર્યના તડકામાં બેસવું નહિ.
- તે લગ્ન વર જો મુંડણ કરાવવા બેસેતો તે મહા અશુભ ને સુચવે છે.
- તે સમયે વર અથવા કન્યા જો પુષ્પોની માળા પહેરતાં માલુમ પડે તો તે શુભને સુચવે છે.
- તે સમયે કાગડો જો ડાબી બાજુએ શબ્દ કરતો જણાય તો તે અશુભને સુચવે છે.
- સન્મુખ જો કોઈ સ્ત્રી અથવા પુરૂષ મસ્તક પર ઘઊંથી ભરેલું વાસણ લઈને આવતા માલુમ પડે તો તે પણ અશુભને સુચવે છે.
- તે સમયે કોઈ સન્મુખ ધૃતથી ભરેલ વાસણ લઈ પુરૂષ આવતો હોય તો પણ અશુભ જાણવું.

<u>સુચન</u> :- ઉપર જણાવેલા કોઈ પણ શુભ શુકનો થાય તો તે વધારે લાભકારક છે. અને તેમ જો ના થાય તો થોડો વખત વિશ્રામ લઈને પણ શુભ શુકનો જોઈને જવું જેથી કોઈ પણ વિઘ્નો થાય નહીં. કેમકે શ્રી હરિભદ્રસુરીએ પણ પોતાના વ્યવહાર કલ્પમાં કહ્યું છે. નક્ષત્ર મુહૂર્ત તિથિ અને કરણ એ ચારેથી પણ સુકુન સર્વોપરી છે.

## ૪૬, વિવાહ સંબંધી રેખા

હસ્તરેખા શાસ્ત્રમાં જો કોઈ વિકટ પ્રશ્ન હોય તો લગ્નરેખાનો છે. હાથમાં પડેલા બીજા ચિન્હો કે રેખાઓ જોઈને જેટલું સચોટ ભાવિફળ કહી શકીએ તેટલું સચોટ લગ્નની બાબતમાં હાથ જોતાની સાથે નથી કહી શકાતું

હથેળીની બાજુમાંથી નીકળીને બુધના પર્વત પર આવતી રેખાને લગ્નરેખા કહે છે. આ રેખા જેટલી આંગળીની નજીક તેટલું વહેલું લગ્ન થાય.

સીધી અને સરળ બીજી કોઈપણ આડી અવળી રેખાથી કપાયા વગરની આ રેખા હોય તો લગ્નજીવન સુખી નીવડે છે.

હસ્તરેખા શાસ્ત્રમાં લગ્નની બાબતમાં ખાસ કરીને બુધના પર્વત પરની આડી રેખાઓને લગ્નરેખા માનવામાં આવે છે; જ્યારે કેટલીક વખતે ફક્ત એક જ રેખાવાળાનાં બે હાથ બે થી ત્રણ લગ્ન થયેલા હોય છે.



૧-૧. સ્ત્રીના નસીબથી ભાગ્યોદય થાય.

૨-૨. ધનાઢ્ય સ્ત્રી સાથે લગ્ન થાય.

૩-૩. સ્ત્રીનું મરણ.

૪-૪. અન્ય સ્ત્રીથી સારો લાભ.

૫-૫. ત્રૂટક ભાગ્યરેખા : પતિના હાથમાં પત્નીનું મરણ. અને પત્નીના હાથમાં પતિનું મરણ

આ રેખાઓને લગ્નરેખાની સાથે સાથે સ્નેહસંબંધની સૂચક રેખાઓ માનવી જોઈએ. કારણકે બ્રહ્મચારી પુરુષોના હાથમાં પણ બુધના પર્વત પર બે કે

ત્રણ રેખાઓ હોય છે. જ્યારે તેમણે લગ્ન કર્યું જ હોતું નથી તો પછી આ રેખાઓને માટે શું માનવું તેની બાબતમાં તેમને પોતાના શિષ્યો કે વ્યક્તિ પ્રત્યે વધારે સ્નેહ હોય તેનું સૂચન થાય છે.

તે જે પ્રમાણે કેટલીક સ્ત્રીઓના હાથમાં કે જેમનું ફક્ત એક જ લગ્ન થયેલું હોય છે; તો પણ બે ત્રણ રેખાઓ હોય છે. ત્યારે શું તેટલા તે સ્ત્રીના બીજા સંબંધ સમજવા ? નહીં જ કદાપિ તેવી ભૂલ કરવી નહિ.

તે સ્ત્રીને પોતાવી બહેનપણીઓ સાથે અતિ સ્નેહ હોય તો પણ આવી રેખા પડે છે. માટે આ પ્રમાણે આડી રેખાઓમાં જે તદ્દન સીધી પાતળી અને સરળ હથેળીમાં લાંબે સુધી ગયેલી હોય તેને જ લગ્નરેખા માનવી, બાકીની રેખાઓ કોઈપણ વ્યક્તિ પ્રત્યેના અનહદ સ્નેહનું સૂચન કરે છે પછી સ્ત્રી હોય કે પૂરૂષ માટે આ રેખાઓ જોતાની સાથે જ કદી અભિપ્રાય આપવો નહિ.

આ બાબતે ઘણી જ આધારભૂત જાણવી હોય તો તેના માટે જન્મકુંડળી એ ઘણું જ ઉત્તમ સાધન છે. જેના પરથી ઘણું જ સચોટ કહી શકાય છે.

છતાં હાથમાંના બીજા કેટલાંક ચિન્હોના આ બાબતમાં મદદકર્તા છે. અને દરેક ને જો બરાબર મેળવીને કહેવામાં આવે તો ઘણુ ખરું કહી સકાય પરંતુ ચોક્કસ ક્યારે જ થશે તે લગભગ ઓછું કહી શકાય છે.

તેના માટે નીચેની બાબતોનો જો બરાબર ખ્યાલ રાખવામાં આવે તો ઘણી સફળતા મળે.

**૧. બુધના પર્વત પરની આડી રેખાઓ બરાબર સીધી પાતળી અને સરળ હોવી જોઈએ.**



૧. લગ્નમાં રૂકાવટ

૨. સ્ત્રીનું બિમારીને લીધે મરણ.

૩. અનીતિમય સંબંધ અને બદનામી

૪. વિવાહ થાય બાદ વિચ્છેદ.

૫. વિવાહ માં ભંગાણ

૬. વિવાહ બાદ લગ્ન

૭. વિવાહમાંથી લગ્ન

૮. મોટી ઊંમરે લગ્ન

૯. લગ્ન બાદ સ્ત્રીનું મરણ જેથી આઘાત

૧૦. સફળ લગ્નમાં સહાય કરતી ચોકડી

(૨) ચંદ્રના પર્વત પરથી નીકળતી ઉર્ધ્વરેખાઓ કે જે ભાગ્યરેખાને આવીને મળતી હોય.

(૩) શુક્રના પર્વત પરતી નીકળીને ભાગ્યરેખાને મળતી ઉર્ધ્વરેખાઓ

(૪) ગુરુના પર્વત પર મધ્યમાં ચોખ્ખો ક્રોસ હોય.

બુધના પર્વત પરની આડી રેખા પરથી સમય કાઢવા માટે હ્રદયરેખા ને બુધની આંગળીના મૂળ સુધીનું પ્રથમ માપ લેવું જોઈએ. એ તેની જેટલી ઊંમર જીવનરેખા પરથી નક્કી થતી હોય તેને આ માપ બરોબર ગણી જે સમયે લગ્નરેખા પડી હોય તે વર્ષમાં લગ્ન થાય.

આ રેખા પર જો આડીઅવળી રેખાઓ હોય કે કપાતી હોય તો લગ્નમાં વિઘ્ન આવે.

લગ્નરેખાઓ જો ફક્ત હથેળીની ધારસુધી જ હોય બુધના પર્વત પર આગળ વધતી ન હોય તો વાતચીત થાય પણ લગ્ન થાય નહિ.

જો આ રેખા હ્રદયરેખા તરફ વળેલી હોય તો તેની પત્નીની તબિયત નરમગરમ રહ્યા કરે.

અને જો આ રેખા એથી પણ આગળ વધીને હ્રદયરેખાને કાપે તો તેની

પત્નીનું મરણ થાય છે.

જો આ રેખા ઉપરની તરફ બુધ અને સૂર્યની આંગળીની મધ્યમાં જતી હોય તો પતિ-પત્ની વચ્ચે અણબનાવ રહ્યા કરે છે.

જો આ રેખા વધુ પડતી જાડી હોય અને આગળ ઉપર ચાલીને તેના બે પાંખા બનતા હોય અને તેમાંનુ એક પાંખિયું નીચેની તરફ ઝૂકીને હૃદયરેખાને કાપે તો છૂટાછેડા લેવા પડે.

આ રેખાની આગળ જો બુધના પર્વત ઉપર એક સીધી રેખા હોય તો પત્નીના નસીબથી ધન સારું મળે છે. અને જો આ પ્રમાણે રેખા આગળ ચાલીને સૂર્યરેખાને મળતી હોય તો ધનાઢ્ય સ્ત્રી સાથે લગ્ન થાય છે, અને લગ્નજીવન સુખી બને છે.

હવે જો આ રેખાની નજીક સમાંતરે બીજી એક રેખા આ રેખાથી સહેજ ટૂંકી હોય તેવા આવા માણસો લગ્ન કર્યા છતાં બીજી સ્ત્રી સાથે સંબંધ રાખે છે.

જો આ રેખા પર ટપકાં હોય તો પત્નીની માંદગી રહે અને જુદા રેહવું પડે.

જો આ પ્રમાણે બે થી ત્રણ લગ્નરેખા હોય તો તેમનાં લગ્ન બે ત્રણવાર થાય છે, પરંતુ તેમ કહેતાં પહેલાં ખાસ કરીને ભાગ્ય રેખા જોઈ લેવી જોઈએ. કારણ કે સ્ત્રીના મરણ માટે ભાગ્યરેખા તૂટે તો અચૂક મરણ કરે છે.

જેમ કે એક હાથમાં ત્રણ લગ્નરેખાઓ હોય છે. પ્રથમની લગ્નરેખાને કોઈનાની રેખા કાપતી હોય અને તેજ સમયે હાથમાં ભાગ્યરેખા તૂટતી હોય કે પછી હૃદયરેખામાંથી નીચેની તરફ આડી રેખા નીકળીને ભાગ્યરેખાને કાપતી હોય તો આપણે કહી શકીએ કે પ્રથમવારની સ્ત્રીનું મરણ થશે અને બીજુવારનું લગ્ન થશે. આ પ્રમાણે દરેક ચિન્હો જોયા બાદ જ નિર્ણયો કરવા.

ચંદ્રના પર્વત પરથી ઉર્ધ્વરેખા નીકળીને જે સમયે ભાગ્યરેખાને મળે તે સમયે પણ લગ્ન થાય છે. પરંતુ આ રેખાથી ભાગ્યરેખા કપાતી હોય તો આ લગ્ન થતુ નથી.

તે જ પ્રમાણે શુક્રના પર્વત પરથી ઉર્ધ્વરેખા નીકળીને ભાગ્યરેખાને મળતી હોય તો તે સમયે લગ્ન થાય છે.

ખાસ કરીને આ પ્રમાણેની ઉર્ધ્વરેખાઓ કે જેને પ્રભાવ રેખાઓ કહેવામાં આવે છે. તે હાથમાં કોઈપણ જાતના અશુભ ચિન્હો વગરની હોય અને ગુરુના પર્વત પર ચોખ્ખા ક્રોસ હોય તો તેમનું લગ્નજીવન ઘણું જ સુખી નીવડે છે.

ગુરુના પર્વત પરનો ચોખ્ખા ક્રોસ સુધી લગ્નજીવનની નિસાની છે, ખાસ કરીને ચંદ્રના પર્વત પરની ઉર્ધ્વરેખાઓ પોતાની પસંદગીના લગ્ન સૂચવે છે.

જો આ પ્રમાણે બંને હાથમાં હોય તો જ લગ્નસંબંધ થાય, બાકી પ્રેમસંબંધ થાય, પરંતુ લગ્ન ન થાય.

## ૪૭. વિવાહ સંબંધી ગ્રહો

- સાતમે શુભ ગ્રહની રાશિને શુભ ગ્રહ યુક્ત કે જોતા હોય તેને બૈરી મળે છે. પાપગ્રહની રાશિને પાપગ્રહ જોતા કે યુક્ત હોય તે તેને સ્ત્રી (બૈરી) મળતી નથી. પાપને શુભગ્રહો ભેગા હોય તો સ્ત્રી મળતાં વાર થાય.
- લગ્નથી બારમે કે છઠ્ઠે સૂર્ય ને ચંદ્ર હોય તો તેને એક સ્ત્રી ને એક પુત્ર હોય છે.
- બારમે કે સાતમે પાપગ્રહો હોય ને પાંચમે ચંદ્ર હોય તો સ્ત્રી તથા સંતાન હોય નહિ.
- સાતમે બુધ શુક્ર હોય તો સ્ત્રીથી હાની થાય. ને શુભ ગ્રહો તેને જોતા હોય તો અવસ્થાના અંત ભાગમાં સ્ત્રી મળે છે.
- શુક્ર-ચંદ્ર-ગુરૂ-કે બુદ્ધની રાશિના સાતમે તે ચાર ત્રણ-બે કે એક ગ્રહ હોય ને નવમાંશમાં પણ તેજ રાશિયોમાં હોય, કે તે નવમાંશમાં પોતાની રાશિને જોતા હોય તો તેવા જેટલા ગ્રહો હોય તેટલી સ્ત્રીઓ થાય. ને નવમાંશની રાશિના સરખા સ્વભાવ, ગુણવાળી સ્ત્રીઓ થાય.
- સાતમાનો વર્ગ (નવમાંશ) શુક્રનો હોય ને શુક્ર જોતો હોય તો તેને

ઘણી સ્ત્રીઓ હોય સાતમાનો વર્ગ બુધનો હોય ને શુક્ર જોતો હોય તો ઘણી સ્ત્રીઓ હોય છે. પણ જો પાપગ્રહ જોતો ન હોય તો જ હોય.

- સાતમે મંગળ હોય તો સ્ત્રી રહિત થાય, સાતમે શનિ જોતો હોય ને શુભગ્રહ ન જોતો હોય તો બૈરી મળે પણ મરી જાય છે.
- સાતમે રાહુ હોય ને બે પાપગ્રહો જોતા હોય તો સ્ત્રી મળતી નથી કે કદાચ મળે તો જલદી મરી જાય છે.
- છઠ્ઠે મંગળ સાતમે રાહુ, આઠમે શનિ હોય તો સ્ત્રી જીવતી નથી.
- લગ્નેશ લગ્નમાં ને સપ્તમેશ સાતમે હોય કે બેઉ લગ્ને કે સાતમે હોય તો તે પુરૂષ સ્ત્રી બન્નેને પરસ્પર ઘણી પ્રતિ હોય.
- સાતમે હોય તો રત્ન જેવા પુત્ર ને તેવી જ સ્ત્રી હોય છે. ને પોતે સારા સ્વભાવવાળો, સુંદર, ને કુળમાં શ્રેષ્ઠ પુરૂષ થાય.
- લગ્નેશ સાતમે હોય તે સ્ત્રીના કહેવા પ્રમાણે ચાલનારો પતિ થાય અને સાતમાનો સ્વામી લગ્નમાં હોય તો સ્વામીના કહેવા પ્રમાણે ચાલનારી સ્ત્રી થાય.
- સાતમે પાપગ્રહ હોય તો સ્ત્રીથી સુખ મળે નહિ, ને શુભગ્રહ હોય તો સ્વામીને સારું સુખ આપે છે. ને સ્ત્રી ચંદ્ર સરખા મુખવાળી, બહુ રૂપાળી, ને ઘણા ગુણવાળી હોય છે.
- સાતમે ગુરૂ શુક્ર રહ્યા હોય ને શનિ જોતો કે યુક્ત હોય તો તેની સ્ત્રી ઘણી ચતુર અને હસમુખી, બહુ રૂપવાળી, ઘણા પુત્રવાળી, ને ધન ધાન્યથી સુખી હોય છે.
- સાતમે પાપગ્રહ હોય કે જોતા હોય અને પાપગ્રહની રાશિ હોય કે પાપગ્રહના મધ્યમાં સાતમો ભાવ હોય તો સ્ત્રી ઘણી ચપળ ને પુરૂષ પણ ચપળ હોય ને સ્ત્રીના કહેવાથી પરસ્ત્રીનું સુખ ભોગવનાર થાય.
- સાતમે શનિ મંગળ હોય, સપ્તમેશ આઠમે છઠ્ઠે કે બારમે હોય, તો



પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી
ભુવનશેખર સૂરીશ્વરજી મ.સા.



પ.પૂ. ગણિવર્ય શ્રી
મહિમા વિજયજી મ.સા.

પ.પૂ. મુનિરાજ શ્રી
યશોધર વિજયજી મ.સા.



પોતાની સ્ત્રીથી પુરુષનું મરણ થાય ને તેમાં સૂર્ય હોય તો ઝેરથી ધણીને મારે છે.

✿ સાતમે રહેલા ગ્રહોને સપ્તમેશ જોતો હોય તો સાતમે જેટલા ગ્રહો હોય તેટલી સ્ત્રીઓ થાય, ને સાતમે સૂર્ય ચંદ્ર મંગળ બળવાન હોય તો ને તેમાં સૂર્યનું બળ વધારે હોય તો ૬ ને ચંદ્રથી ૧૦ અને મંગળ વધારે બળવાન હોય તો ૨ સ્ત્રીઓ થાય છે.

✿ સાતમે ગુરૂને બુધ હોય તો એક સ્ત્રી થાય, અને સાતમે ચંદ્ર ને શુક્ર હોય તો ઘણી સ્ત્રીઓ થાય.

✿ સાતમા ભાવનો નવમાંશ ચંદ્ર શુક્રનો આવે ને ચંદ્ર શુક્ર તેને (૭મે) જોતા હોય તો ઘણી સ્ત્રીઓ થાય, તેમાં શુક્રના વર્ગથી સ્ત્રીઓ ઉપર બહુ પ્રતિ હોય છે.

✿ સાતમાનો સ્વામી સૂર્ય, કે મંગળ હોય, તો તેને એક સ્ત્રી થાય. ને સપ્તમેશનો નવમાંશ બુધનો આવે તો વેશ્યા સાથે પ્રીતિવાળો થાય.

✿ સાતમે શનિ હોય ને લગ્નનો નવમાંશ મંગળનો હોય તો વૃદ્ધ (ઘરડી) સ્ત્રી સાથે આસક્ત, ને સ્ત્રીઓની આશક્તિથી પીડાય છે.

✿ શનિ સિંહના નવમાંશનો થઈને લગ્નમાં બેઠો હોય કે સાતમે રહેલા શનિ ને, મંગળ જોતો હોય તો તે માણસ પશુ યોનિ (ઢોરાં સાથે ભોગ) ભોગવનારો થાય.

✿ કન્યા રાશિના નવમાંશનો થઈને શુક્ર લગ્નમાં હોય ને શુભ ગ્રહની દૃષ્ટિ ન હોય, તો કન્યાઓ સાથે પ્રિતિવાળો ને પાપ કર્મ કરનારો, સ્ત્રી લંપટ અને લાજ વિનાનો હોય છે.

✿ બારમે કે છઠ્ઠે સૂર્ય ચંદ્ર હોય તો બન્ને સ્ત્રી પુરૂષ સ્ત્રી પુરૂષને એક જ આંખ હોય છે, ને ચંદ્રથી સાતમે શનિ હોય તો પોતાના હાથથી વીર્યનો પાત કરે છે.

✿ સાતમે કર્કના ગુરૂ ચંદ્ર હોય તો તેની સ્ત્રી સત્ય બોલનારી, કમળ

મુખી સુંદર, ચતુર નમ્રતાઈથી બોલનારી સુકોમળ, રત્નાદિ આભૂષણને ધારણ કરવાવાળી, સ્વામીની સેવા કરનાર, સારા પુત્રવાળી, સદાચારી, એવા સદ્‌ગુણની ને સતિ હોય છે.

## ૪૮, વિવાહ સંબંધી મંત્રો

(૧) ઘરમાં બહેન કે દીકરી ઉમરલાયક થઈ હોય અને લગ્ન થતાં ન હોય આ પ્રયોગ વિવાહ ઈચ્છુક યુવક કે યુવતી પોતાની જાતે કરી શકે છે અથવા તેમના વડીલોમાંથી કોઈપણ વ્યક્તિ કુંવારા યુવક-યુવતી માટે પ્રયોગ કરી શકે છે.

આ પ્રયોગ મંગળવારથી પ્રારંભ કરવો જોઈએ. માત્ર ત્રણ દિવસ પ્રયોગ છે. બાજઠ પર લાલ વસ્ત્ર બિછાવી તેના પર શિયાળાશીંગી સ્થાપિ કરવી. તેની સામે દીવો - અગરબત્તી કરવા અને નિમ્નલિખિત મંત્રની માળા ગણવી.

**મંત્ર**

*॥ ૐ ક્લૈં મમ (અમુક) કાર્ય સિદ્ધિ કરિકરિ જનરંજિનિ સ્વાહા ॥*

યુવક - યુવતી આ પ્રયોગ જાતે કરે તો "મમ" શબ્દનું ઉચ્ચારણ કરે અને કોઈ વડીલ આ પ્રયોગ કરે તો "મમ" શબ્દની અપેક્ષા "અમુક"ના સ્થાને યુવક કે યુવતીનું નામ ઉચ્ચારવું. (વિવાહ યોગ્ય યુવક/યુવતીનું નામ ઉચ્ચારવું) આ પ્રયોગથી વિવાહનું કાર્ય સરળતાથી ઉકેલાઈ જાય છે.

(૨) ઘરમાં કંકાસ થતો હોય અથવા પતિ-પત્ની વચ્ચે મતભેદ હોય અથવા ઘર-ગૃહસ્થીમાં કોઈ બાધા હોય તો મદન સાધના કરવી જોઈએ.

ઘરમાં અણબનાવ હોય પત્નીનું સ્વાસ્થ્ય બરાબર ન રહેતું હોય તો આ પ્રયોગ અવશ્ય કરવો. તેથી લાભ થાય છે.

આ પ્રયોગમાં લાલ વસ્ત્ર પર શિયાળશીંગીને રાખવી. તેની સામે દીવો-અગરબત્તી કરવા અને નીચે લખેલ મંત્રની ૫૧ માળા ગણવી.

**મંત્ર**

**॥ ૐ મદને મદને દેવી મામા લિંગય સંગે દહિદહિ શ્રીં સ્વાહા ॥**

શુદ્ધતાપૂર્વક આ પ્રયોગ કરવામાં આવે તો ફક્ત ત્રણ જ દિવસમાં કાર્ય સફળ થાય છે. પ્રયોગ કયા હેતુથી કરો છો તેનો સંકલ્પ મંત્રજાપ અગાઉ કરી લેવો.

## ૪૯, વિવાહ સંબંધી યંત્ર

| | | | |
|---|---|---|---|
| ૪<br>१<br>६ | ठ ड<br>ढ ट<br>ण<br>४ ॐ<br>१२<br>न | त थ<br>द ध<br>न<br>ह्रीं<br>मः | प फ<br>व भ<br>म र<br>य<br>व ल |
| ८<br>३<br>२<br>७ | क<br>ख<br>ग.११<br>१ घ<br>ङ | छ<br>च<br>१० ह<br>ज ञ<br>ञ<br>झ | श ष<br>स<br>क्ष |

આ યંત્ર રવિવાર પુષ્ય નક્ષત્રમાં ચાંદી, સોનું કે ત્રાંબાના પતરા ઉપર કોતરાવી સુગંધી દ્રવ્યથી લખી. ૨૭ સત્તાવીશ દિવસ સુધી આયંબીલની તપસ્યા કરી, પૂજન કરે તેને જરૂર લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. તેમાં સંદેહ નથી (પુરાણિક) આ પ્રાચીન યંત્ર છે અને તે ચિંતામણી સમાન છે.

આ યંત્રને ૨૧ દિવસ સુધી આયંબીલની તપસ્યા કરી પૂજન કરે, તેને ઈચ્છિત કન્યાની પ્રાપ્તિ થાય.

## ૫૦, વિવાહ સંબંધી લગ્નો

- ૨૪ ભગવાનમાંથી ૧૯મા મલ્લિનાથ તથા ૨૨મા નેમિનાથેલગ્ન કર્યા નથી, બાકીના જિનેશ્વરોએ લગ્ન કર્યા.
- ગુણ સાગર લગ્ન કરતાં હસ્તમેળાપ વખતે કેવળ જ્ઞાન પામ્યા હતા. રતિસાર કુમાર સ્ત્રી શણગારતાં કેવળજ્ઞાન પામ્યા હતા.

- વાસુદેવને ૩૨ હજાર રાણીઓ હોય છે.
- બાહુબળીના પુત્ર ચંદ્ર યશાને ૨૪,૦૦૦ સ્ત્રીઓ હતી.
- ભરત ચક્રી પુત્ર સૂર્યયશાને ૩૦,૦૦૦ સ્ત્રીઓ હતી.
- મેઘકુમાર પૂર્વભવે વૈતાઢ્ય પર્વતની ભૂમિમાં હાથીના ભવમાં ૧૦૦૦ હાથણીઓનો સ્વામી હતો. તથા પૂર્વે વિંધ્યાચલ પર્વતની ભૂમિમાં હાથીના ભવે ૭૦૦ હાથણીઓનો સ્વામી હતો.

## માનવમાંથી જાનવર

વ્યક્તિ લગ્ન કર્યા પહેલાં ચેતી જાય અને સંયમ માર્ગ સ્વીકારી લે તો વાંધો આવતો નથી પણ લગ્ન બંધનમાં બંદાય પછી બંધનથી મુક્ત થવું દુષ્કર બને છે. જો કે લગ્ન કરવા જતાં શુભ સંકેત સ્વરૂપ અનેક પ્રસંગો બનતા હોય છે. છતાં મોહમાં મૂઢ બનેલો માનવી વૈરાગ્ય સભર સારભૂત અર્થને કાઢી શકતો નથી. **છોડવા જેવો સંસાર છે; લેવા જેવો સંયમ છે.**

લગ્ન વખતે બનતા પ્રસંગોના અર્થો આ પ્રમાણે છે.

લગ્ન કરવા જતાં સાસુ જમાઈને પોખાવે છે. તેમાં સાંબેલુ, ધુંસરૂં, રવૈયો, ત્રાક, તીરથી પોંખી બતાવી, ઈંડીયા, પીડીયા ફેંકી સંપુડીયું ફોડાવી પછી સાસુ નાક ખેંચે છે. **તેનો અર્થ ઘુંસરૂં**- બળદની જેમ બોજ વહન કરવો પડશે, અને નાક વિંધાશે સંસાર સંબંધી વાતો કચડવી પડશે.

**સાંબેલુ :**- જેમ સાંબેલાથી ડાગરનાં ફોતરાં ઉખડે તેમ તારાં પણ સંસારમાં છોતરાં નીકળી જશે અને કાકા મામાના મા-બાપના સંબંધો નહી રહે,

**રવૈયો :**- જેમ થીજેલા દહીનું પાણી થાય માખણ નિકળી જાય તેમ નિઃસત્વ થઈ તમારૂં પાણી નીકળી જશે અને રવૈયાને નીચે ચાર તકલીઓ હોય અને ભમે તેમ તું ચાર ગતિમાં ભમીશ માટે હજુ સાધુ થઈ જા વાંધોનથી, છતાં વરરાજા શિખામણ ના લહે અને આઘો આઘી આવે

**ત્રાક :**- દોરાનું તારનું ધ્યાન ના રાખો તો તુટી જાય તેમ સંસારમાં પણ સંબંધો ક્યારેય તુટી જાય માટે ચેત.

**તીર :**- તીરની જેમ પુત્ર-પુત્રી આદિ કુટુંબનું પુરું કરવા દુર દેશાવર જવું

પડશે.

ઈંડીયા :- ચોખાના બે મુઠીયા સાસુ માથે ઉતારી નાખે છે. પીડીયા રાખના મુઠીયા ચોખાજેવો તારો નિર્મળ આત્મા અભડાય નહી નહિતર ઈ...ડીયો નસીબમાં રહેશે તે વખતે તને પી...ડીયો પીડા થશે, તારા દેહની રાખ થશે. ભરી પગનીચે કચડાવે છે. સંપુડીયું બે કોડીયામાં દહી હજુ બાંધી મુઠી છે. કાંઈ બગડયું નથી સાધુ બનીજા છતાં વરરાજાના માને ત્યારે સાસુ નાક ખેંચે લે નાકટા તારા જેવુ કોણ થાય.

છેડા છેડી :- સંસાર બંધનમાં બંધાઈ ગયો.

ફેરા ફરે :- આ સંસાર ભમવાનું છે.

લગ્નવખતે બ્રાહ્મણ બોલે - “વરકન્યા સાવધાન” - છતાં જીવ સાવધાન થતો નથી અને સંસારને છોડતો નથી.

લગ્ન કર્યા પછી આગળ જાન પાછળ વર જાન+વર શું થાય ?

જાન+વર = જાનવર થાય. લગ્ન કરવા ગયો ત્યારે બે પગ વાળો માનવ હતો આવ્યો ત્યારે ચાર પગવાળો થઈ આવ્યો ૪ પગ કોને હોય ? જાનવરને બોલો જાનવર બની ગયો ? હવે જાનવર બન્યાપછી શું ધર્મ કરી શકવાનો ?

પછી આગળ જતાં ઘરના ૪ પગથીયાં આવે તે જણાવે છે-આ ઘરમાં ચાર કષાય છે, પાછો જા છતાં ન માન્યું થાંભલો આવ્યો તેણે કહ્યું થા ભલો અને પાછો જતાં રહે છતાં તેનું ય ના માન્યું પછી આવ્યો બારણાનો નચુકો ન...ચૂકો પળને ચૂકો નહી અને ધર્મ માટે જાઓ છતાં તેનુંય ના માન્યું ત્યારે આવ્યો ઓરડો તેણે જાણાવ્યું ઓ..રડો ઘણું સમજાવ્યો છતાં ના સમજયો હવે રડો.

ૠષભદાસ કવિએ બરોબર જ કહ્યું છે કે

ઘરને ધંધે ઘેરી લીધો કામીને વશ કીધો,

ૠષભ દાસ કહે દગો દીધો. રે સંસારીયામાં સગું તારૂં કોણ સાચું રે.

## ૫૧, વેપાર (ધન) સંબંધી શુકનો

### દેશાંતર સંબંધી શુકનો

- દેશાંતર જતી વખતે શ્યામ વસ્ત્રો પહેરવા નહિ. તેમાં પણ મુખ્યત્વે કરીને મસ્તકપર તો શ્યામ વસ્ત્ર પહેરવુંજ નહી. પોતાના હાથમાં શ્રીફળ રાખવું અથવા બીજું સારૂં ફલ રાખવું. પોતાના લલાટમાં કુંકુમ અથવા ચંદનનું તિલક કરવું ઉઘાડે માથે પ્રયાણ કરવું નહી.
- દેશાંતર જતી વેળાએ પોતાની ડાબી બાજુએ જો ઋષભનો, મયુરનો, રૂપારેલનો, શંખનો, ઝાલરનો, પારાવતનો, પોપટનો, કોયલનો, અથવા કાંઈપણ વાજીંત્રનો જો શબ્દ થાય સંભળાય તો તે શુભ શુકન જાણવા.
- તે વેળાએ જો જમણી બાજુએ સિંહનો, ઉંટનો, અશ્વનો, હસ્તિનો, કૌંચ પક્ષીનો, કાગડાનો, ટિટોડી નામના પક્ષીનો શબ્દ જો સંભળાય તો તે શુભને જ સુચવે છે.
- ઘરમાંથી બહાર નીકળ્યા બાદ પાછું વાળીને જોવું નહી, કેમકે તેમ કરવું તે અપશુકન છે.
- તે સમયે પોતાના મુખમાં દિવસ હોય તો તાંબુલ ચાવવું તે શુભને સુચવે છે.
- પોતાને અથવા પાસે રહેલા કોઈપણ મનુષ્યને જો છીક આવે તો થોડો સમય વિશ્રામ લઈને જવું, પાણી પીને ઘર બહાર નિકળવું નહિ.
- ઘરના આંગણા પર પાણી ઢોળવું નહિ.
- ઘરના આંગણા પર થુંકવું નહીં.
- લઘુનીતિ કરવા પણ બેસવું નહિ.
- મસ્તક પર ખણજ કરવી નહિ.
- રૂદન પણ કરવું નહી.
- વળી જે દિવસે દેશાંતર જવાનું હોય તે દિવસે શિરે મુંડણ કરાવવું નહિ.
- તથા દુધનું ભોજન પણ કરવું નહિ જે દિવસે દેશાંતર જવાનું હોય તે

દિવસે કાળ તથા ઉદ્વેગ નામના ચોઘડીયામાં પ્રયાણ કરવું નહિ.

- જે દિવસે દેશાંતર જવાનું હોય તે દિવસે કુટુંબમાં કોઈ માણસનું મૃત્યુ થાય તો તે દિવસે પ્રયાણ કરવું નહીં.
- જે દિવસે દેશાંતર જવું હોય તે દિવસે ગાય વિગેરે પશુઓને તાડન કરવું નહિ.

## ૫૨. દેશાંતર જતી વખતે સન્મુખ જોવાના શુકનો

- દેશાંતર જતી વેળાએ ઘરથી બહાર નીકળતી વેળાએ આડી જો બિલાડી ઉતરે અથવા જો સર્પ ઉતરે તો વિશ્રાંમ લીધા વિના બિલકુલ પ્રયાણ કરવું નહિ.
- સન્મુખ જો અશ્વપર બેસીને કોઈ હથિયારબંધ માણસ આવતો માલુમ પડે તો તે શુભને સુચવે છે.
- સન્મુખ જો સ્વાર વિના અશ્વ આવતો હોય એવું માલુમ પડે તો તે પણ શુભને સુચવે છે, પણ તે હેંષારવ કરતો આવતો હોય તો શુભ શુકન જાણવું. વળી પોતાનો સવારી કરવાનો અશ્વ આવતો હોય તો શુભ શુકન જાણવું. વળી પોતાનો સવારી કરવાનો અશ્વ હેંષાવર કરે તો પણ શુભને સુચવે છે સન્મુખ પોતાના પગથકી જો ભૂમિ ખોદવા લાગે તો તે અશુભને સુચવે છે.

### શુભ શુકનો

- સન્મુખ જો કોઈ હાથી આવતો માલુમ પડે.
- સન્મુખ પર દહીં પાણી અથવા મધથી ભરેલું માટીનું વાસણ લઈને સ્ત્રી સન્મુખ આવતી હોય તેવું માલુમ પડે.
- જો કોઈ સધવા સ્ત્રી પોતાના મસ્તકપર પાણીનું વાસણ લઈને તથા પોતાના બંને હાથ ઝુલાવતી સન્મુખ આવતી માલુમ પડે.
- કોઈ બળદ અથવા પાડો પાણીની પખાલથી લાદેલો સન્મુખ આવતો માલુમ પડે.
- જો કોઈ સધવા સ્ત્રી પોતાના મસ્તક પર મગ અથવા લવણથી ભરેલું વાસણ લઈને સન્મુખ આવતી હોય તેમ માલુમ પડે
- સન્મુખ જો કોઈ સધવા સ્ત્રી અથવા કુમારીકા પોતાના હાથમાં

ચોખાથી ભરેલું વાસણલઈને આવતી માલુમ પડે.

- સન્મુખ જો કોઈ નાયી (વાળંદ) પોતાના હથિયાર સહીત આવતો માલુમ પડે જો કોઈ કુંભાર પોતાના મસ્તક પર પોતાના ચાક અથવા માટીનું વાસણ લઈને જો સન્મુખ આવતો માલુમ પડે.
- લીલુ વસ્ત્ર પહેરીને તથા લલાટમાં કુંકુમના તિલકવાળી અને ધારણ કરેલ છે. હાથમાં શ્રીફળ જેણીએ એવી કોઈ સધવા સ્ત્રી અથવા કુમારીકા જો સન્મુખ આવતી માલુમ પડે
- જો કોઈ વેશ્યા સ્ત્રી કટાક્ષ મારતી થકી સન્મુખ આવતી માલુમ પડે.
- સન્મુખ કોઈ ઘોડી પોતાના બચ્ચા સહીત સવાર વિનાની આવતી માલુમ પડે
- જો કોઈ સધવા સ્ત્રી પોતાની કેડ પર મુગ્ધ બાળકને લઈને સન્મુખ આવતી માલુમ પડે
- કોઈ હરણિ સન્મુખ આવતી અથવા ઉભેલી હોય એવી માલુમ પડે.
- કોઈ સધવા સ્ત્રી પોતાના હાથમાં પુષ્પથી ભરેલું ત્રાંબાનું વાસણ લઈને જ આવતી માલુમ પડે.
- પોતાના મસ્તકપર રૂપાનો જળથી ભરેલો કળશ લઈને સન્મુખ આવતી માલુમ પડે. જો કોઈ સધવા સ્ત્રી પોતાના પગમાં ઝંકાર શબ્દ કરતાં ઝાંઝર પહેરીને સન્મુખ આવતી માલુમ પડે.
- જો કોઈ સધવા સ્ત્રી પોતાના જમણા હાથની આંગળીઓ કોઈ બાળકને વળગાડીને સન્મુખ આવતી માલુમ પડે.
- જો કોઈ ચંડાલણી પોતાના મસ્તક પર વિષ્ટાથી ભરેલું વાસણ લઈને સન્મુખ આવતી માલુમ પડે.
- જો કોઈ પુરૂષ અથવા સ્ત્રી પોતાના હાથમાં કુંકુમથી ભરેલું વાસણ લઈને આવતી માલુમ પડે.
- જો કોઈ પુરૂષ અથવા સ્ત્રી પોતાના હાથમાં પચરંગીફૂલડા લઈને આવતાં માલુમ પડે. જો કોઈ પુરૂષ અથવા સધવા સ્ત્રી પોતાના હાથમાં બીજોરૂં લઈને સન્મુખ આવતી માલુમ પડે.
- જો કોઈ પુરૂષ પોતાના હાથમાં શ્વેત અથવા લીલી પતાકા લઈને આવતો માલુમ પડે.

- જો કોઈ પુરૂષ પોતાના મસ્તક પર રૂનો સમુહ લઈને આવતો માલુમ પડે.
- સન્મુખ જો કોઈ પુરૂષ પોતાના હાથમાં શંખ લઈને આવતો માલુમ પડે.
- જો કોઈ પુરૂષ પોતાના હાથમાં શેરડીનો સાંઠો તથા નાગરવેલનાં પાંદડાથી ભરેલું વાસણ પોતાના મસ્તક ઉપર લઈને સન્મુખ આવતો હોય. જો કોઈ પુરૂષ પોતાના હાથમાં રૂપાનું અથવા ત્રાંબાનું ખાલી વાસણ લઈને આવતો માલુમ પડે.
- જો કોઈ પુરૂષ પોતાના હાથમાં કમળનું પુષ્પ તથા મીડોલનાં ફળો અથવા ગોળથી ભરેલું વાસણ અથવા હાથીદાંતના અખંડ વલયો તથા હાથમાં કપુરથી ભરેલું વાસણ લઈને આવતો સન્મુખ માલુમ પડે. એ સર્વ શુભને જ સુચવે છે. અર્થાત્ તે સર્વ શુભ શુકન ગણાય છે.

## અશુભ શુકનો

- જો રંડેલી કોઈ સ્ત્રી સન્મુખ આવતી માલુમ પડે.
- જો કોઈ ત્રીદંડી જોગી સન્મુખ આવતો માલુમ પડે સન્મુખ કોઈ ભિક્ષુક આવતો માલુમ પડે.
- સન્મુખ જો ગર્દભ અવાજ કરતો આવતો માલુમ પડે.
- પોતાની સન્મુખ જો કુમારીકા રોતી આવતી માલુમ પડે
- જો કોઈ ભેંસ આવતી માલુમ પડે
- જો કોઈ સધવા સ્ત્રી અથવા પુરૂષ પોતાના હાથમાં અથવા મસ્તક પર અડદથી ભરેલું વાસણ પોતાના મસ્તક ઉપર લઈને આવતી માલુમ પડે અને તે વાસણ અકસ્માત નીચે પડી જાય તેમાંથી જો પાણી ઢોલાઈ જાય જો કોઈ સધવા સ્ત્રી અથવા પુરૂષ ખુલ્લાં મસ્તકથી સન્મુખ આવતાં માલુમ પડે
- જો સન્મુખ વાંદરો આવતો માલુમ પડે
- જો કોઈ કુતરી પોતાના બચ્ચાં સહીત સન્મુખ આવતી માલુમ પડે
- જો કોઈ પુરૂષ અથવા સધવા સ્ત્રી પોતાના હાથમાં અથવા મસ્તકપર ઘી તથા તેલનું ભરેલું કાંઈ વાસણ લઈને સન્મુખ આવતી માલુમ

પડે

- જો કોઈ સ્ત્રી તથા પુરૂષ પોતાના કાન ખોતરતાં અથવા મસ્તકપર ખરજ કરતાં સન્મુખ આવતાં માલુમ પડે
- જો કોઈ ઉંટ સન્મુખ આવતું માલુમ પડે
- સન્મુખ જો મનુષ્ય મડદું આવતું માલુમ પડે અને તેની સાથે ના મનુષ્યો રડતા હોય જો સુર્ય અસ્ત થતો માલુમ પડે
- અકસ્માતે મેઘ ગર્જના થાય
- અકસ્માતે જો ઘુવડનો ધુત્કાર શબ્દ જો શિયાળનો અવાજ સંભળાય
- જો કોઈ સ્ત્રી તથા પુરૂષનો રડવાનો સંભળાય પોતાને
- જો કોઈ ભ્રમર આવીને અકસ્માતે ડંખ મારે
- અકસ્માતે જો પોતાના શરીર પર કાગડાની વિષ્ટા પડે **આ બધા અશુભ શુકનો છે.**
- શુભ શુકનો થતી વેળાએ વિલંબ રહિત પ્રયાણ કરવું. તથા અશુભ શુકનો થતી વેળાએ પાસેની કોઈ જગ્યાએ વિશ્રામ લઈને ઉપર જણાવેલાં કોઈ પણ અશુભ શુકનો નાશ થાય ત્યારે ત્યાંથી પ્રયાણ કરવું વળી અશુભ શુકનો થતી વેળાએ પણ પાછા વળી પોતાના ઘરમાં જવું નહીં.

## ૫૭, કુતરાના શુકન અપશુકન

- કોઈ પણ મુસાફર મુસાફરી કરતો હોય અને કૂતરો મનુષ્ય હાથી, ઘોડા, ઘડો પલાણ, દુધાળા વૃક્ષ, ઈંટનો ઢગલો, છત્ર, શય્યા, આસનો, ખાંડણીયો, ધજા, ચામર, ધરો અને ફૂલવાળા સ્થાનો પર પેસાબ કરી મુસાફરી કરનારની સામે આવે તો કાર્યસિદ્ધિ જાણવી.
- કૂતરો ભીના છાણ ઉપર પેસાબ કરી મુસાફરની સામે આવે તો મિષ્ટાન્નની પ્રાપ્તિ થાય.
- કૂતરો સુકી વસ્તુ પર પેસાબ કરી મુસાફરની સામે આવે તો અનાજ,

ગોળ, લાડુની પ્રાપ્તિ થાય.

❋ કૂતરો ઝેરી વૃક્ષો, કાંટાળા વૃક્ષો લાકડું, પત્થર, સુકુ ઝાડ, અથવા તો સ્મશાનમાં રહેલા લાકડા કે હાડકા ઉપર પેસાબ કરી, તેને લાત મારી મુસાફરની સામે આવે તો અશુભ જાણવું.

⚜ કૂતરો મોંમાં જોડો લઈને મુસાફરની નજીક આવે તો કાર્યસિદ્ધિ જાણવી.

⚜ કૂતરો માંસ લઈને મુસાફરની નજીક આવે તો ધનપ્રાપ્તિ જાણવી.

⚜ કૂતરો ભીનું લાકડું લઈને આવે તો શુભ ગણવું.

⚜ કૂતરો બળેલું લાકડું લઈ અથવા સુકું ઘાસ લઈને આવે તો મૃત્યુ જાણવું.

⚜ કૂતરો બુઝારેલું લાકડું લઈને મુસાફરની નજીક આવે તો મુસાફરને મુશ્કેલી છે એમ જાણવું.

⚜ કૂતરો વસ્ત્રસહિત હોય તો શુભ ફળ માનવું.

⚜ કૂતરો મનુષ્યનું હાડકું લઈ આવે તો ભૂમિ લાભ માનવો.

⚜ કૂતરો વલ્કલ કે વસ્ત્ર લઈને આવે તો મૃત્યુ જાણવું.

⚜ કૂતરો સુકા હાડકા સાથે ઘરમાં આવે તો વડીલનું મૃત્યુ ગણાય.

⚜ કૂતરો મુસાફરી કરનારના પગ ચાટે તેના ઉપર ચઢવાનો પ્રયત્ન કરે અથવા કાન પટપટાવે તો કામમાં વિઘ્ન જાણવું.

⚜ કૂતરો માર્ગમાં આડો ઉભો રહે અથવા ખંજવાળે તો માર્ગમાં વિરોધ જાણવો.

⚜ કૂતરો શય્યા અથવા તુટયા વગરના નિભાડા ઉપર પેસાબ કરે તો કન્યામાં દોષ જાણવો.

⚜ કૂતરો વાસણો ભરેલા નિભાડા ઉપર પેસાબ કરે તો પત્નીનો દોષ જાણવો.

- કૂતરો નવા જોડા ઉપર પેસાબ કરીને આવે તો કન્યામાં દોષ જાણવો.
- કૂતરો જૂના જોડા ઉપર પેસાબ કરીને આવે તો પત્નીમાં દોષ જાણવો.
- કૂતરો ગાય, બળદ, અથવા ગૌજાતિ ઉપર પેસાબ કરી મુસાફરી કરનારની સામે આવે તો તેના ઘરમાં હલકીજાતના સહયોગથી વર્ણસંકર પ્રજા પેદા થાય.
- કૂતરો ગાયની જોડે મસ્તી કરતો હોય તો સુકાળ પડે અને કલ્યાણ, આરોગ્ય, તથા હર્ષ થાય.
- એક અથવા ઘણાં કૂતરા સૂર્યોદય વખતે સૂર્ય સામે મોં રાખી રડે તો દેશમાં જલદી બીજાનું રાજય થવાનું એમ માનવું.
- કૂતરો મુસાફરની ડાબી જાંઘ સુંઘે તો ધન લાભ થાય.
- કૂતરો મુસાફરની જમણી જાંઘ સુંઘે તો સ્ત્રી કલેશ થાય.
- કૂતરો મુસાફરની ડાબી સાથળ સુંઘે તો બુદ્ધિનો ઉપયોગ કરવો પડે.
- કૂતરો મુસાફરની જમણી સાથળ સુંઘે તો મિત્રોની સાથે વિરોધ થાય.
- કૂતરો મુસાફરી કરનારાના બંને પગ સુંઘે તો યાત્રાનો વિરોધ અથવા યાત્રા-મુસાફરી નિષ્ફળ જાય.
- કૂતરો મુસાફરના બંને હાથ સુંઘે તો શત્રુ તેમજ ચોરનો ભય.
- કૂતરો ખાવાની વસ્તુ, હાડકા, અથવા માંસ રાખોડીમાં સંતાડે તો અગ્નિ પ્રકોપ સમજવો.
- કૂતરો મુસાફરની સામે આવી રડે તો યાત્રાની મનાઈ જાણવી.
- કૂતરો ઉ...ઉ...ઉ... કરીને અથવા તો. ઓ..ઓ... કરીને રડતો સંભળાય તો તે માણસને ધન પ્રાપ્તિ થાય.

❀ કૂતરો ઓ...ઓ... કરીને રડે તો ગભરામણ થાય.

❀ કૂતરો મુસાફરની પાછળ ગમે તે આવાજે રડે તો મુસાફરી ન કરવી.

❀ કૂતરો લાકડીથી મારવાને લીધે રડતો હોય એવો અવાજ કરી રડે તો અથવા વારે ઘડીએ ખંખ એવો અવાજ કરતો હોય અથવા બધા કૂતરા ભેગા થઈ દોડાદોડ કરતા હોય તો નગરીમાં મૃત્યુ ભય રહે.

❀ કૂતરો દાંત બહાર કાઢી હોઠના ચેડા ચાટતો હોય તો મિષ્ટાન્નનો લાભ જાણવો.

❀ કૂતરો મોં જોડે હોઠ ચાટતો હોય તો કોઈના તૈયાર ભોજનમાં વિઘ્ન બતાવે.

❀ ગામ અથવા નગરીની વચ્ચે ભેગાં થઈ બધા કૂતરા અવાજ કરે તો ગામના માલિકને ક્લેશનું સુચન.

❀ કૂતરો વૃક્ષ પાસે અવાજ કરે તો વરસાદ પડે.

❀ કૂતરો ઘરના મધ્યમાં અથવા વાયવ્ય ખૂણામાં રહી અવાજ કરે તો ધાન્ય ભય રહે.

❀ કૂતરો નગરના દરવાજે અવાજ કરે તો નગરને પીડા એમ સમજવું.

❀ કૂતરો પથારીમાં બેસીને અવાજ કરે તો પથારીમાં સુનારને ભય રહે.

❀ યાત્રામાં મુસાફરી કરનારની પાછળ કૂતરો રડે તો યાત્રા કરનારને ભય રહે.

## ૫જ, વેપાર સંબંધી શુકનોના દુહા

ખરઘુવડને ઘોડલો, શિવાદુર્ગાસાર,

શબ્દ કરે જો વામતો, અતિ કહ્યા શ્રીકાર

હાથી ઘોડો રાજવી, યતિ શિખીને બેલ,

પ્રયાણ પ્રસ્થાને સન્મુખા, સર્વ સિદ્ધિના મેલ.

વાજીંત્રો સામા મલે, મલે સવત્સા ગાય,

અપુષ્પા બાળા મળે, શકુન ઘણાં સુખદાય.

સાંઢ સારસને ખર તુરી, લાલીડાબી થાય,

પ્રયાણ કરતાં નરતણાં, સઘલા વિઘ્ન હણાય.

નાડી પાદ ધરી ચલે, જિનઘર ત્રિપ્રદક્ષિણા,

ત્રણ પૂજા પણ થાય તો, પામે લાભ અપાર.

નકુલ વામથી નીકળી, દક્ષિણ બાજુ જાય,

ચાલે સન્મુખ દેખતો, શકુન ઘણાં સુખદાય.

ખર વાયસ ને કુતરો, કરે શબ્દ જો વામ,

બોલે શબ્દ શિયાળવું, ધાર્યું થાય તમામ

વેસર વાજી ઉંટ ને, દુર્ગા તેતર સાર,

શબ્દ કરે જો વામ તો, અતિ કહ્યા શ્રીકાર

કૃષ્ણસારને કુતરો કાક મધુર વદનાર,

જમણાથી ડાબા ચલે અતિ કહ્યા શ્રીકાર.

નાની બાળા મળે, ખભા પર ભરેલ ઘડો હોય તેવો માણસ, સફેદ સૂત્રની ગાંસડી માથે હોય તેવી સધવાનાર, પકવાનનો થાળ, હાથી ઘોડો, પરણેલ નરનાર. આ કોઈ પણ પ્રસ્થાને સામા મળે તો શ્રીકાર શુકન જાણવા.

દ્વાર સ્થંભ માણસ થકી, અથડામણજો થાય,

હાથવસ્ત્ર પકડી કરી, ઉભા રહો બોલાય,

કયાં જાશો કહીને વદે અને છીક જો થાય,

તો તે ચારે અપશુકન ગણાય.

આંધળો, લુલો કોઢીયો, રોગી રાખનો ટોપલો સામા મળે તો પ્રસ્થાન ન કરવું. વૃદ્ધ કન્યા, વિધવા,વંધ્યા અને લાકડાનો ભારો પણ અપશુકન જાણવા દુધ પીને, ઝઘડો કરીને, નારી સેવીને, મુંડન કરાવીને ને પ્રસ્થાન ન કરવું.

## પપ, છિંકનું શુભાશુભ ફળ

પૂર્વદિશે નિશ્ચિતલાભ । અગ્નિ ખૂણે હાની । દક્ષિણે મરણ ।

નૈઋત્યે ઉદ્વેગ । પશ્ચિમે પરમ સંપત્તિ । વાયવ્યે શુભ વાર્તા ।

ઉત્તરે-ધનલાભ । ઈશાને-શ્રી, વિજય । બ્રહ્મસ્થાને રાજ્ય ।

ગધેડો - નીકળતા ડાબો ને પ્રવેશે જમણો ભૂંકે તો શુભ, પાછળ ભૂંકે તો જાવું જલ્દી સામે ગામ પહોંચાડે સામે ભુંકે તો ન જવું. ગધેડો એક વાર બોલે તો હાની, બે વાર સિદ્ધદાયક, ત્રણ વાર બોલે ન જવું, ચાર વાર બોલે સ્ત્રી સમાગમ, પાંચ વાર બોલે ભય જાણવો, છ વાર કલેશ, સાત વાર સફળ, આઠમી વાર બોલે તો લાભ.

### ઉત્પાત સંબંધી

અર્ધશ્ચ રાત્રૌ સુરભી રટન્તિ, કાકશ્ચશ્વાનૌ, પરમા રૂદન્તિ,

અરણ્યજીવા ગચ્છન્તિ પુરે, તત્પુર ભંગો મુનયોવદન્તિ. ॥૧॥

ગર્જન્તિ કૂપોયદિ ભૂમિકમ્પો, યતન્તિ તારા રવિરસ્ત કાલે,

નિર્ઘોષ શબ્દાં પ્રતિમા હસન્તિ, તત્પુરભંગો મુનયો વદન્તિ. ॥૨॥

ચંદ્રાર્ક છિદ્રં યદિ ધૂમકેતો, ષટ્માસ મધ્યે ગ્રહણં દ્વયં ચ

અકાલવૃષ્ટિ વહતી નદીનાં, તત્પુરભંગો મુનયો વદન્તિ. ॥૩॥

## પ૬, નગર પ્રવેશ શુકનો

- પહોંચતી વેળાએ તે ગામ અથવા નગરની આસપાસ જઘન્યથી ચાલીશ હાથ સુધીની ભુમિપર પેશાબ કરવો નહી. <u>નગરમાં દાખલ</u>

**થતી વેળાએ નીચે પ્રમાણે શુકનો જોવા**

- ગામ અથવા નગરની અંદર પ્રવેશ કરતી વેળાએ પોતાની જમણી બાજુએ જો મયુર બગલું ટિટિડ પક્ષી લકડ ખોદ પક્ષી બાજ નામનું પક્ષી તથા પારાપત (પારેવું) આટલામાંથી કોઈ પણ પક્ષી જો શબ્દ કરતું થકું બેઠેલું હોય અને માલુમ પડે તો તે શુભને સુચવે છે.
- પોતાની ડાબી બાજુએ જો રૂપારેલ નામનું પક્ષી હંસ પક્ષી કાગડો કુકડો કૌંચ નામનું પક્ષી તથા કોકીલા એટલામાંથી કોઈ પણ પક્ષી અવાજ કરતું બેઠેલું માલુમ પડે તો તે શુભનેજ સુચવે છે.
- પોતાની જમણી બાજુએ જો ઘુવડ, સારસ, ચકલી, ચર્મચિટિકા. તથા શ્વેતરંગનું કબુતર એટલામાંથી કઈ પણ પક્ષી અવાજ કરતું બેઠેલું માલમુ પડે **તો તે અશુભને સુચવે છે.**
- ડાબી બાજુએ કાબર, સમડી, તિતર અને પદમરેખા નામનું પક્ષી એટલાં પક્ષીઓમાંથી જો કોઈ પણ પક્ષી અવાજ કરતું બેઠેલું માલુમ પડે તો તે પણ **અશુભનેજ સુચવે છે.** હવે તે ગામ અથવા નગરમાં પ્રવેશ કરતી વેળાએ પાછું વળીને જોવું નહીં તે પણ **અશુભને** સુચવે છે. પોતાને છીંક આવે તો **અપશુકન છે.**
- પોતાના મસ્તક પરનું વસ્ત્ર ઉતારવું નહીં ઉઘાડે માથે પુરૂષ અથવા સ્ત્રી ગર્દભ, રંડેલી સ્ત્રી અને મહિષ આવતાં માલુમ પડે તો તે પણ **અશુભને** જ સુચવે છે. માટે તે વખતે નગરમાં પ્રવેશ કરવો નહિ.
- ગાય, હસ્તી, હરણી, અશ્વ, કુમારિકા અને હથિયાર બંધ પુરુષ જો સન્મુખ આવતાં માલુમ પડે તો તે ઉત્તમ પ્રકારનું શુકન જાણવું માટે વિલંબ રહીત પ્રવેશ કરવો.

✠✠✠✠✠✠✠✠✠✠✠✠✠✠✠✠✠

## ૫૭, વરસાદ સંબંધી શુકનો

**ચતુર્માસમાં વરસાદ થશે કે નહી તે માટે જયેષ્ઠ માસના શુક્લપક્ષમાં નીચે પ્રમાણે જોવું**

- જયેષ્ઠ માસના શુક્લપક્ષના પડવાને દિવસે પ્રભાતમાં સુર્યોદય સમયે

પૂર્વ દિશામાં જો સૂર્યની આસપાસ કંકણાકારે પીળા રંગનો ચલકાટ થયેલો માલુમ પડે તો જાણવું કે તે ચાતુર માસમાં ઘણો વરસાદ થશે.

- સૂર્યોદય પહેલાં પ્રભાતમાં પૂર્વ દિશામાં જો લીલો રંગનું મત્સ્યના આકારનું વાદળું સ્થિર રહેલું માલુમ પડે અને સૂર્યોદય થયા પછી એક ઘટીકાની અંદરજ તે વાદળું તે પૂર્વ દિશામાંજ ગુમ થઈ જાય તો જાણવું કે ચતુર માસમાં એક બિંદુ પણ વરસાદનું પડશે નહિ.
- પ્રભાતમાં સૂર્ય જો શ્યામ રંગના વાદળાઓથી ઘેરાએલો થકો ઉદય પામે અને પછી એક ઘટીકાની અંદરજ તે વાદળું જો ઈશાન દિશામાં જઈને અદ્રશ્ય થઈ જાય તો જાણવું કે તે ચતુર માસમાં ખેતીને અનુકુળ વરસાદ થશે નહિ.
- <u>જયેષ્ઠ માસની બીજને દિવસે</u> સંધ્યાકાળે આકાશમાં પૂર્વ દિશામાંથી જ લાલ રંગનું હસ્તીના આકારનું વાદળું જોવામાં આવેતો જાણવું કે તે દિવસથી આઠ દિવસની અંદર જરૂર વરસાદ થશે,
- તે દિવસે પ્રભાતમાં અગ્નિ ખુણા તરફ સૂર્યોદય થતી વખતે જ જો વીજળીઓ થતી માલુમ પડે તો જાણવું કે તેજ દિવસે ઘણો વરસાદ થશે
- તે દિવસે સૂર્યાસ્ત થવાને હજુ એક ઘટીકાનો વિલંબ હોય અને તે સમયે આકાશમાં પૂર્વ દિશામાં કોઈ તારો દ્રષ્ટિગોચર થાય તો જાણવું કે તે ચતુર્માસમાં એટલો બધો વરસાદ થશે કે જેથી અનાજ પાકી શકશે નહી.
- તે દિવસે સૂર્ય લીલા રંગના વાદળાઓથી આછાદન થઈને જો અસ્ત થાય તો જાણવું કે તેજ રાત્રીએ મુસળધાર વરસાદ થશે,
- તે દિવસે સંધ્યાકાળે જો ગાય પર વીજળી પડે તો જાણવું કે તે દેશમાં એવો વરસાદ પડે કે જેથી મરકીનો તથા રોગનો ઉપદ્રવ થાય.
- તે દિવસે પ્રભાતમાં સૂર્યોદય સમયે દક્ષિણ દિશામાંથી પ્રચંડ વાયુ આવીને જો ધુળના સમુહથી સૂર્યને આછાંદન કરી મુકે તો જાણવું કે ત્યાં અંત મુહુર્તમાંજ જરૂર વરસાદ થશે,
- <u>જયેષ્ઠ માસની ત્રીજને દિવસે</u>
- કોઈ પીળા રંગની વાદળી સંધ્યાકાલે અગ્નિ ખુણામાંથી આવીને જો

પશ્ચિમ દિશામાં અદ્રશ્ય થાય તો જાણવું કે ત્યાં ચર્તુમાસમાં ખેતીને અનુકુળ સારો વરસાદ થશે.

✡ તેજ દિવસે કોઈ લાલ રંગની વાદળી પ્રભાતમાં સૂર્યોદય સમયે પશ્ચિમ દિશામાંથી આવીને સૂર્યના બિંબને જો આચ્છાદન કરે તો જાણવું કે તે ચોમાસામાં થોડો વરસાદ થશે.

✡ તે દિવસે મધ્યાહન દિવસે એટલે મધ્યાહનકાળે આકાશમાં ઈશાન દિશામાંથી જો ધીમી ધીમી ગર્જના સંભળાય તો જાણવું કે તેજ રાત્રિએ વરસાદ થશે.

✡ તે દિવસે નૈઋત્ય અથવા પશ્ચિમ દિશા તરફ સંધ્યા કાળે જો શ્યામ રંગનું વાદળું દેખાય તો જાણવું કે તે વરસમાં બિલકુલ વરસાદ થશે નહીં.

✡ <u>જયેષ્ઠ માસની ચતુર્થિતિથિએ</u> આકાશમાં જો દક્ષિણ દિશા તરફ મધ્યાહનકાળે જો ધીમી ગર્જના થતી માલુમ પડે તો જાણવું કે બે દિવસની અંદર ત્યાં ઘણો વરસાદ થશે.

✡ <u>જયેષ્ઠ માસની પંચમીને દિવસે</u> પ્રભાતમાં સૂર્યની આસપાસ જો લાલ રંગનું કુંડાળું થયેલું માલુમ પડે તો જાણવું કે તેજ દિવસે વરસાદ થશે.

✡ તેજ દિવસે બે ઘડી દિવસ ચડ્યા બાદ આકાશમાં જો શ્વેત રંગના વાદળાઓ દેખાવામાં આવે તો જાણવું કે તે વરસમાં બિલકુલ વરસાદ થશે નહીં અને મોટો દુકાળ પડશે.

✡ તે જ દિવસે આકાશમાં સંધ્યાકાળે જો લાલ રંગના વાદળાઓ અગ્નિ દિશામાં જોવામાં આવે તો જાણવું કે પાંચદિવસની અંદર ઘણો વરસાદ થશે.

✡ તેજ દિવસે મંગળવાર આવેલો હોય તો જાણવું કે દુનિયાપર મોટી પાણીની રેલ આવશે.

✡ તેજ દિવસે પ્રભાતમાં જો દક્ષિણ દિશામાં સૂર્યોદય પહેલાં વીજળી થતી માલુમ પડે તો જાણવું કે ત્રણ દિવસની અંદર નિશ્ચીત વરસાદ થશે.

✡ તેજ દિવસે મધ્યાહનકાળે ઈશાન દિશા તરફ એક ઘટિકા રાત્રી ગયા બાદ જો વીજળી અને ગર્જના થતી માલુમ પડે તો તેજ રાત્રીએ ઘણો

વરસાદ આવે.

- ✡ તેજ દિવસે પશ્ચિમ દિશામાં સંધ્યાકાળે સોનેરી વાદળી આવતી જો માલુમ પડે તો જાણવું કે તે વરસમાં બિલકુલ વરસાદ થશે નહીં.
- ✡ તે દિવસે દક્ષિણ દિશામાંથી સંધ્યાકાળે લીલી રંગની વાદળી જો આવતી માલુમ પડે તો જાણવું કે એક અઠવાડિયામાં જરૂર વરસાદ થશે.
- ✡ તે દિવસે ગુરુવાર હોય અને પૂર્વ દિશામાંથી ગર્જના સંભળાતી હોય તો તેજ દિવસે વરસાદ થાય છે.
- ✡ તે દિવસે શનિવાર હોય અને ઉત્તર દિશામાં સંધ્યાકાળે જો વીજળી થતી હોય તો જાણવું કે ચાર દિવસની અંદર ઘણો વરસાદ થશે.
- ✡ તે દિવસે સૂર્યોદય સમયે સૂર્ય જો શ્યામ રંગના વાદળાઓથી ઘેરાયેલો અને અદ્રશ્ય હોય તો જાણવું કે તેજ દિવસે ઘણો વરસાદ થશે.
- ✡ તેજ દિવસે સૂર્યોસ્તસમયે સૂર્ય પીળા રંગના વાદળાઓથી અદ્રશ્ય રહીનેજ આથમી જાય તો જાણવું કે આઠ દિવસ પછી વરસાદ પડશે.
- ✡ **જયેષ્ઠ માસની અષ્ટમીને દિવસે** આકાશમાંથી સંધ્યાકાળે જો ઘણા તારાઓ માલુમ પડે તો જાણવું કે ચાર્તુમાસમાં વરસાદ પડશે.
- ✡ જયેષ્ઠ માસની અષ્ટમીને દિવસે આકાશમાં સંધ્યાકાળે જો ઘણા તારાઓ માલુમ પડે તો જાણવું કે શ્વેત રંગના વાદળાઓ મધ્યાહનકાળે જોવામાં આવે તો જાણવું કે ત્રણ દિવસની અંદર જરૂર વરસાદ થશે.
- ✡ તે દિવસે મધ્યાહન કાલે આકાશમાંથી વીજળી પડે ને ભયંકર ગર્જનાઓ જો થાય તો જાણવું કે વરસમાં બિલકુલ વરસાદ થશે નહિ.
- ✡ તે દિવસે સંધ્યાકાળે જો નૈઋત્ય દિશામાં વીજળીઓ થતી માલુમ પડે અને તે વખતે ગર્જના ન થતી હોય તો જાણવું કે અંતમુર્હુતમાં ઘણો વરસાદ થશે.
- ✡ તે દિવસે પ્રભાતમાં સૂર્યની આસપાસ પીળા રંગના વાદળાંઓ જો માલુમ પડે તો જાણવું કે તે દિવસથી છ દિવસની અંદર જરૂર વરસાદ થશે. **જયેષ્ઠ માસની નવમીને દિવસે** શનિવાર હોયઅને પ્રભાતમાં જ જો વરસાદ વરસવો શરૂ થાય જો વરશે તો તે જાણવું કે એકી

વખતે તે આઠ દિવસ સુધી આવીજ રીતે વરસાદ વરસ્યા કરશે.

✡ તે દિવસે પાછલી રાત્રીએ જો વીજળીઓ તથા ગર્જનાઓ થતી માલુમ પડે તો જાણવું કે તે ચતુર્માસમાં લાભકારક વરસાદ વરસશે.

✡ તે દિવસે આકાશમાં પ્રભાતમાં ઘણી ધુળ ઉડતી માલુમ પડે તો જાણવું કે અંતમુહુર્તને અંદર ઘણો વરસાદ થશે.

✡ તે દિવસે આકાશમાં પ્રભાતમાં જો દક્ષિણ દિશા તરફ વીજળી થતી માલુમ પડે તો જાણવું કે સંધ્યા કાળ સુધીમાં તે દિવસે ઘણો વરસાદ વરસશે.

✡ તે દિવસે સંધ્યા કાળે જો આકાશમાંથી તારાઓ ખરતાં માલુમ પડે અને તે દિવસે જો મંગળવાર હોય તો જાણવું કે ચર્તુમાસમાં ઘણો વરસાદ પડશે.

✡ તે દિવસે મધ્યાહન કાળે સૂર્ય જો શ્યામ રંગના વાદળોઓની છવાયલો હોય તો અને અગ્નિ દિશામાંથી જો ધીમી ગર્જના સંભળાતી હોય તો જાણવું કે તે દિવસે જ ઘણો વરસાદ પડશે.

✡ તે દિવસે સંધ્યા કાળે આકાશમાં જો વંટોળીઓ થઈને ઘણી ધુળ ઉડતી હોય તથા સાથેજ જો વરસાદના છાંટાઓ પડવા લાગે અને ગર્જના પણ થવા લાગેતો જાણવું કે તે સઘળું ફોગટ છે. કેમકે તેથી તે ચતુર્માસમાં પછીથી બિલકુલ વરસાદ થતો નથી.

✡ તે દિવસે ત્રણ ઘટીકા રાત્રી ગયા બાદ આકાશમાંથી જો ઉલ્કાપાત થાય તો જાણવું કે સમસ્ત જગતનો તે ચતુર્માસમાં થનારા વરસાદથી પ્રલય થશે.

✡ તે દિવસે એક પહોર દિવસ ચડ્યા બાદ જો ઘણા મયુર પક્ષીઓ બોલતાં માલુમ પડે તો જાણવું કે એક પહોરની અંદર ઘણો વરસાદ થશે.

✡ તે દિવસે ચાર ઘડી દિવસ ચડ્યા બાદ પ્રચંડ વાયુ જોવા લાગે તથા વીજળી તથા ગર્જનાઓ પણ થાય તો જાણવું કે તે દિવસથી ત્રણ દિવસની અંદર જરૂર વરસાદ થશે.

✡ <u>જયેષ્ઠ માસની દશમીને દિવસે</u> સંધ્યા કાળે જો ગર્જના થવા લાગે તો જાણવું કે તે મધ્યાહન માસમાં વરસાદ થશે નહિ.

✡ તે દિવસ જો રવિવાર હોય અથવા સોમવાર હોય તો તે દિવસથી

ત્રણ દિવસની અંદર જરૂર વરસાદ થાય.

✡ વળી તે દિવસ જો બુધવાર હોય તો અને પ્રભાતમાં જો શ્વેત રંગના વાદળાઓ પશ્ચિમ દિશામાં આવતા હોય તો તે માસમાં બિલકુલ વરસાદ થાય નહિ.

✡ <u>જયેષ્ઠ માસની એકાદશીને દિવસે</u> તે દિવસે રાત્રીએ આકાશમાંથી જો તારાઓ પૂર્વ દિશા તરફ ખરતાં માલુમ પડે તો જાણવું કે તે દિવસથી એક માસ સુધીમાં બિલકુલ વરસાદ પડશે નહિ.

✡ પ્રભાત માં શ્યામ રંગની વાદળી પશ્ચિમ દિશામાંથી આવતી માલુમ પડે અને તે વાદળી પાછી જો પૂર્વ દિશામાં સુર્યને ઢાંકીને સુર્યને અદ્રશ્ય થઈ જાય તો જાણવું કે તે ચતુર્માસમાં ઘણો વરસાદ થશે નહિ.

✡ તે દિવસે મધ્યાહન કાલે શ્વેત રંગની વાદળી અગ્નિ દિશામાંથી આવીને દક્ષિણ દિશામાં જો અદ્રશ્ય થઈ જાય તો જાણવું તે દિશાથી બે ચાર દિવસમાં ઘણો વરસાદ થશે.

✡ <u>જયેષ્ઠ માસની બારસને દિવસે</u> જો સોમવાર હોય તથા સુર્યોદય પછી બે ઘટિકા ગયા બાદ જો આકાશમાં દક્ષિણ દિશામાંથી સોનેરી રંગની વાદળી આવીને તુરત ઉત્તર દિશામાં જો અદ્રશ્ય થઈ જાય તો જાણવું કે તે દિવસથી ચાર દિવસ ગયા બાદ જરૂર ત્યાં વરસાદ થશે. તે દિવસ જો સોમવાર હોય અને વળી તે દિવસે મધ્યાહન રાત્રીએ જો વાયવ્ય ખૂણો દિશામાં તારાઓ ખરતા માલુમ પડે તો જાણવું કે ચતુર્માસમાં ઘણો વરસાદ પડશે, જેથી ખેતીને ઘણું નુકશાન થશે.

✡ તે દિવસે જો શુક્રવાર હોય અને સંધ્યા સમયે જો ચન્દ્રનો રંગ પીળા રંગનો માલુમ પડે તો જાણવું કે તે દિવસથી એક અઠવાડિયાના અંદર જરૂર વરસાદ થશે.

✡ તે દિવસે જો શનિવાર હોય અને દિવસને પાછલે પહોરે ઉત્તર દિશામાંથી શ્વેત રંગની વાદળી આવીને પશ્ચિમ દિશામાં જો તે પાછી તુરત અદ્રશ્ય થઈ જાય તો જાણવું કે સુર્યાસ્ત પહેલાં જરૂર વરસાદ વરસશે.

✡ તે દિવસે સુર્યોદય પછી એક ઘટીકા ગયા બાદ આકાશમાં જો શ્વેત રંગના ઘણાં વાદળાઓ થએલાં હોય અને ઉર્ધ્વ ભાગમાં ધીમી ધીમી ગર્જના જો સંભળાય તો જાણવું કે તે ગર્જના ફોગટ છે, અને તે

મહિનામાં બિલકુલ વરસાદ થશે નહિ.

✡ તે દિવસે સુર્યોદય થયાને હજુ બે ઘટિકાનો વખત થયો હોય ત્યારે પુર્વ દિશામાં રંગ જો શ્વેત હોય તો જાણવું કે તે ચતુર્માસમાં ઘણોજ થોડો વરસાદ થશે.

<u>સુચના :-</u> એવી રીતે વરસાદ માટે જયેષ્ઠ માસમાં શુકલ પક્ષની એકમથી છઠ અને સાતમ સિવાય શુક્લ પક્ષની બારસ સુધી ઉપર પ્રમાણે વાદળાં આદિ ચેષ્ટાઓ જોવી. તેમાં પણ પાછળની તિથિએ બનતો તેની પહેલાના તિથિએ બનાવનો વિનાશ કરે છે.

## ૫૮, પૃથ્વી જળ સંબંધી (પાણી સંબંધી)

- જ્યાં કોમળ પણ લાંબી ડાળવાળાં નવાનં પણ લીલાંછમ વૃક્ષો જોવામાં આવે તો તેની (પાસે) આસપાસ પચ્ચીસ હાથ ઊંડે જમીન ખોદતાં પાણી મળી આવે છે.
- જે જમીનમાં ભોયરીંગણી સાટોડી અને વજ્રદંતી જેવી - વનસ્પતિ થતી હોય તો ત્યાંથી દક્ષિણ દિશામાં ત્રીસ હાથ ઊંડે ખોદવાથી મીઠું અમૃત જેવું પાણી મળી આવે છે.
- સાપના રાફડાની આજુ બાજુ તાડ, નાળિયેરી કે ખજૂરના ઝાડ હોય તો તેની પશ્ચિમ દિશાની જમીનનાં ૩૨ (બત્રીસ) હાથ દૂર જમીન ખોદતાં ૨૫ હાથે મીઠું જળ મળી આવે છે.
- જે જમીનની આજુ બાજુ નદી, તળાવ કે ઝરણું ન હોય છતાં જમીન પર વેલ-ઘાસ, દરો લીલાછમ દેખાય તો ત્યાં સોળ હાથ ઊંડે ખોદતાં પાણી મળે છે.
- જે સ્થળે ગાયો રોજ લીલુ કાયમ ઘાસ ચરે છતાં કાયમ ઘાસના થર ચાલુ રહેતાં હોય ત્યાં પુષ્કળ પાણી મળે છે.
- જ્યાં મકાન, ઘર કે વસ્તી ન હોય છતાં કીડી - મંકોડાના રાફડા વધુ દેખાય છે. ત્યાં અગિયાર હાથ ઊંડે પાણી મળે છે.

- જે જમીન ખોદતાં માટીની કમળ જેવી સુગંધ આવતી હોય, અરણ્ય જેવી ભૂમિ હોય, હિંસક પશુ રહેતાં હોય, પક્ષીનાં ટોળે ટોળાં વૃક્ષ પર હોય ત્યાં પંદર હાથ ઊંડે ખોદતાં પાણી મળે છે.
- જે જમીન સુકાઈને તિરાડો પડી ગઈ હોય, પણ માટીનો સ્વાદ મીઠો લાગતો હોય નજીકમાં સાપનો રાફડો હોય તો જમીન પથ્થરવાળી હોવા છતાં પાણી મળી આવે છે.
- જે જમીન પર ભીની રેતી અને ચઢતી - ઉતરતી જમીન દેખાતી હોય ત્યાં છ હાથ ઊંડે જમીન ખોદવાથી પાણી મળે છે.
- કરેણનાં ફૂલ લાલ હોય, તેના પાનમાંથી દૂધ જેવો પદાર્થ મળે ત્યાંની જમીન જો લાલ હોય - તે ખોદતાં પથ્થર મળે - એ તોડતાં તેની નીચે અખૂટ પાણી મળે છે.
- જ્યાં ઠોકવાથી જમીનમાં ગંભીર અવાજ થાય તો જમીનમાં નવ હાથ જેટલું ખોદતાં પાણી મળે છે.
- જે વૃક્ષને ફળ આવતાં ન હોય, છતાં કોઈકવાર ફળ દેખાય તો વૃક્ષની પૂર્વે-લીલું ઘાસ કે સાપનો રાફડો દેખાય ત્યાં પાંચ હાથ દૂર દક્ષિણ દિશામાં (૪૧) એકતાલીસ હાથ ઊંચે પાણી મળે છે.
- જે જમીન જોતાં અગ્નિ વગર ધુમાડો નીકળતો માલૂમ પડે અથવા સખત બાફ કે ગરમી લાગે તો તે સ્થળે ૩૦ (ત્રીસ) હાથ ઊંડે ખોદતાં પાણી મળે છે.
- પીલુંના ઝાડના ઈશાન ખૂણામાં સાપ કે ઉધઈનો મોટો રાફડો હોય ત્યાં (૪૦) હાથ ઊંડે પાણી મળે છે.
- જે જમીન જોતાં અગ્નિ વગર ધુમાડો નીકળતો માલૂમ પડે અથવા બાફ કે ગરમી લાગે તો તે સ્થળે - આજુ બાજુ વડ, આંબો, કદમ, નેતર અને આસોપાલવ જેવા વૃક્ષો હોય તો તેવી જમીનમાં ૨૫ (પચ્ચીસ) હાથે પાણી મળે છે.
- જ્યાં જે વૃક્ષના પાને પાનમાં કાણાં પડેલાં હોય છતાં તે વૃક્ષ નીચે લીલુ ઘાસ ઊગતું માલૂમ પડે તે સ્થળે પંદર હાથ ઊંડે પાણી મળે છે.

- જ્યાં બધાં જ ઝાડ કાંટાવાળાં કે બાવળિયા હોય ત્યાં એક જ વૃક્ષ કાંટા વગરનું કોઈ બીજી જ જાતનું ઝાડ ઊગેલું હોય તે વૃક્ષની પશ્ચિમ દિશામાં પંદર હાથ ઊંડે ખોદતાં પાણી મળે છે.
- જ્યાં ગાંઠવાળા થડ, ડાળી દેખાય. વળી ત્યાં ખીજડાનું ઝાડ હોય તો ઉત્તર દિશામાં જમીનનો ટેકરો હોય. વળી સાપનો રાફડો દેખાય ત્યાંથી ખૂબ ઊંડે પાણી મળે છે.
- વૃક્ષ બોરડીના થડને લપેટાઈને ઊગ્યા હોય ત્યાં ૨૧ હાથ ઊંડે પાણી મળે છે.
- બોરડી અને કેરડાના થડ એકબીજામાં સમાઈને ઊગ્યા હોય, વળી હરિયાળા હોય તેની દક્ષિણે - પશ્ચિમે - ૧૦૦ હાથ ઊંડે અમૃત જેવું મીઠું પાણી મળશે.
- રોહિડાના વૃક્ષની પશ્ચિમે ઉધઈ કે સાપનો રાફડો હોય અથવા પાણી વગર છોડ કે લીલું ઘાસ રહેતું હોય તો ત્યાં ૨૧ હાથ ઊંડે મીઠું પાણી મળે છે.
- કેવડાના ઝાડની ઉત્તરમાં સાપ, કીડી, મંકોડાના સ્થાન હોય ત્યાં પાંચ હાથ દૂર દક્ષિણમાં ૭૦ હાથ પર મીઠું પાણી મળે છે.
- નેતર વૃક્ષની પશ્ચિમ દિશામાં ત્રણ હાથ દૂર સ્થળ નક્કી કરીને તે ભૂમિમાં વીસ હાથ ઊંડે ખોદતાં મીઠું પાણી મળે છે.
- જે જમીન ખોદતાં સફેદ દેડકાં મળે, પછી પીળી માટી નીકળે. આ પડ પૂર્ણ થયા પછી પથ્થર અને કાંકરાવાળી જમીન પછી મીઠું અમૃત જેવું પાણી મળે છે.
- નિર્જન પ્રદેશમાં ખાખરા કે ઉમરાના બે વૃક્ષો-જોડાજોડ હોય, એકબીજાના થડ ભેગાં હોય તેની પશ્ચિમ દિશામાં ખોદતાં સફેદ સાપ મળે, ત્યાર પછી કાળા પથ્થર જેવી જમીન મળે ત્યાં ૨૭ (સત્તાવીસ) હાથ ઊંડે ખોદવાથી અમૃત જેવું પાણી મળે છે.
- બીલી ઉંબરના વૃક્ષ થડથી જોડાયેલા હોય તો તેની દક્ષિણ દિશા તરફ ત્રણ હાથ ખોદતાં કાળો દેડકો મળે, બાદ લાલ, પીળી માટી મળે તો પંદર

હાથ પર પાણી મળે છે.

- કોઈ પણ ઝાડના મૂળમાં ઘણાં દેડકાં રહેતા હોય તો વૃક્ષની ઉત્તર દિશામાં દસ હાથ દૂર ત્રીસ હાથ ઊંડે ખોદવાથી અમૃત જેવું મીઠું પાણી મળે છે.
- જ્યાં રેતીવાળી ધરતી હોય છતાં કાળી ચાંચવાળા પુષ્કળ પક્ષી ટોળાબંધ રહેતા હોય ત્યાં બાવીસહાથ ઊંડે પાણી મળે છે.
- બહેડા વૃક્ષની દક્ષિણ દિશાએ સાપ કે ઉધઈનો રાફડો હોય તો પૂર્વ દિશામાં પંદર હાથ પર પાણી મળશે.
- સખત ઉનાળામાં પણ જે જમીન ભેજવાળી રહેતી હોય ત્યાં પાણી સમજવું.
- તદ્દન રેતાળ જમીનમાં મેઘવો કે ઝાકળ પડ્યું હોય છતાં તે ન સુકાય તો તે સ્થળે પુષ્કળ પાણી મળે છે.
- મહુડાની ઉત્તર દિશાએ સાપનો રાફડો હોય તો ત્યાંની જમીનમાં દસ હાથ દૂર, પચ્ચીસ હાથ ઊંડે પાણી મળે છે.
- જાંબુડાના ઝાડની પૂર્વ દિશાએ સાપનો રાફડો હોય ત્યાંથી દક્ષિણ દિશામાં સાડા અગિયાર હાથ દૂર પાણી સમજવું.

## ૫૯, કાગડાનું શુભાશુભ ફળ

- વૈશાખ માસમાં કાગડો સુકા ઝાડ ઉપર માળો બનાવે તો સુકાળ પડે તથા મંગળકારક ગણાય.
- કાગડો કાંટાવાળા વૃક્ષ ઉપર માળો બાંધે તો દુકાળ ભય થાય.
- શરદ ઋતુમાં કાગડોનો માળો પૂર્વ દિશા તરફની ડાળી ઉપર હોય તો પશ્ચિમ દિશા તરફનો વરસાદ વરસે.
- શરદઋતુમાં કાગડાનો માળો પૂર્વ દિશા તરફની ડાળી ઉપર હોય તો પશ્ચિમ દિશા તરફનો વરસાદ વરસે.
- દક્ષિણ કે ઉત્તર દિશામાં માળો હોય તો મધ્યમ વરસાદ પડે છે.

- કાગડાને માળો ઝાડની ટોચ ઉપર હોય તો પુષ્કળ વરસાદ પડે છે.
- કાગડો વગર ભયે કોઈ પણ માણસની સામે લડે તો તે માણસનો શત્રુ પેદા થાય.
- કાગડો ઉપર તરફ મોં કરી અન્નની ચોરી કરે તો માર્ગમાં રહેલા માણસને ખોરાકનો ભય રહે.
- કાગડો કોયલના જેવી આંખોવાળો હોય તો તે કાગડો ચોરીનો ભય દર્શાવે.
- કાગડો પથારી ઉપર હાડકાં, વાળ, ભસ્મ અથવા પાંદડા નાખે તો પતિનો વધ થાય.
- કાગડો પથારીમાં રત્નો, ફળ, ફુલ વિગેરે નાખે તો પુત્ર પુત્રીના જન્મનું સુચન કરે.
- કાગડો મુખમાં અનાજ, રેતી, ભીની માટી, ફુલ, ફળ વગેરે લાવે તો ધનપ્રાપ્તિ થાય.
- કાગડો મનુષ્યના નિવાસમાંથી વાસણ ઉપાડી લાવે તો ભયકારક કહેવાય.
- કાગડો વાહન, પથારી, જોડા, છત્રી વગેરે ઉપર વિષ્ટા કરે તો અન્નનો લાભ થાય.
- કાગડો કોઈ પણ વસ્તુ આપણી પાસે ઉપાડી લાવે તો તે વસ્તુનો આપણને લાભ થાય છે.
- કાગડો કોઈ પણ વસ્તુ આપણી પાસેથી લઈ જાય તો આપણને નુકસાન થાય.
- પીળી વસ્તુ કાગડો લાવે તો તથા કપાસમાંથી બનેલ સફેદ વસ્ત્ર કાગડો લાવે તો ચાંદીનો લાભ જાણવો.

- કાગડો દુધાળા વૃક્ષ કે નદી કિનારે અથવા રેતીમાં બેસીને રડે તો ખૂબ વરસાદ થાય.
- કાગડો બીજી ઋતુમાં પાણીથી અથવા રેતીથી સ્નાન કરે તો વાદળવાળો દિવસ થાય.
- ઝાડની બખોલમાં બેસી કાગડો દારૂણ અવાજ કરે તો મહા ભય સાંભળનારને આવે.
- કાગડો પાણી જોઈ અવાજ કરે અથવા મેઘના જેવો અવાજ કરે તો વરસાદ થાય.
- કાગડો પાંખો ફફડાવતો ઝાડ ઉપર બેસી દુઃખી થઈને અંગો ઉપર ચાંચ મારે તો અગ્નિભય રહે.
- કાગડો લાલ વસ્ત્ર ઘરમાં લાવે તો અગ્નિભય રહે.
- કાગડો બળેલા તણખલાં અથવા લાકડાં ઘરમાં લાવે તો અગ્નિ પ્રકોપ થાય.
- કાગડો પૂર્વ દિશામાં જોતો, ગૃહસ્થના ઘરનાં અવાજ કરે તો રાજભય રહે.
- કાગડો દક્ષિણ દિશામાં જોતો, ગૃહસ્થના ઘરમાં અવાજ કરે તો ચોર ભય રહે.
- કાગડો પશ્ચિમ દિશામાં જોતો, ગૃહસ્થના ઘરમાં અવાજ કરે તો તે માણસને જેલ થાય.
- કાગડો ઉત્તર દિશામાં જોતો ગૃહસ્થના ઘરમાં અવાજ કરે તો માણસને ક્લેશ થાય.
- કાગડો સૂર્ય તરફ જોઈને અવાજ કરે તો પશુ ભય ઉત્પન્ન થાય.
- શાંત કાગડો પૂર્વ દિશાને જોઈને અવાજ કરે તો સુવર્ણલાભ થાય.

- કાગડો દક્ષિણ દિશાને જોઈને અવાજ કરે તો ભોજન પ્રાપ્તિ થાય.
- કાગડો શાંત નૈઋત્ય ખૂણાને જોતો અવાજ કરતો હોય તો દુધ, સાધનો, દહીં, તેલ, તથા ભોજનની પ્રાપ્તિ થાય.
- કાગડો શાંત પશ્ચિમ દિશાને જોતો અવાજ કરતો હોય તો દારૂ, આસવ, અનાજ તથા સમુદ્રના રત્નોની પ્રાપ્તિ થાય.
- કાગડો શાંત વાયવ્ય ખૂણાને જોતો અવાજ કરતો હોય તો હથિયાર પ્રાપ્તિ થાય.
- કાગડો શાંત ઉત્તર દિશાને જોતો અવાજ કરતો હોય તો પાયસ, ભોજન ઘોડો અને વસ્ત્રની પ્રાપ્તિ થાય.
- કાગડો શાંત ઈશાન ખૂણાને જોતો અવાજ કરતો હોય તો ઘી ભરેલા વાસણ અને બળદની પ્રાપ્તિ થાય.
- નોંધ : કાગડો ઘરની પાછળ બેસી અવાજ કરે તો બધું ફળ ઘર માલિકને મળે.
- કાગડો મુસાફરના કાન પાસેથી પસાર થાય તો કલ્યાણ થાય.
- કાગડો સામે આવી ગમે તે અવાજ કરી જાય તો યાત્રાથી પાછું ફરવું પડે.
- કાગડો પહેલા ડાબી તરફ અને પછી જમણી તરફ અવાજ કરે તો ધનનો નાશ થાય.
- કાગડો પહેલા જમણી તરફ અને પછી ડાબી તરફ અવાજ કરે તો ધનલાભ થાય.
- કાગડો અવાજ કરતા કરતા મુસાફરની આગળ આગળ દોડે તો મુસાફરને પુષ્કળ ધનપ્રાપ્તિ થાય.
- કાગડો એક પગે ઊભો રહી સૂર્ય તરફ મુખ રાખી અવાજ કરે તો

યાત્રા કરનારના શરીરમાંથી લોહી નીકળે.

- કાગડો એક પગે સૂર્ય સામે ઊભો રહી ચાંચ વડે પોતાની પાંખો ફેંદે તો મહાન માણસનો વધ થવાનો.
- કાગડો વ્યાકુળ થઈને ગામની સીમમાં ખૂબ અવાજ કરે તો યાત્રીને ક્લેશ થાય.
- કાગડો કોમળ પત્ર, ફળ, ફૂલ, વગેરેથી નમ્ર બનેલ મધુર અથવા દુધાળા, વર્ણરહિત સારી રીતે ઊભા રહેલા વૃક્ષ ઉપર બેસીને અવાજ કરે તો કાર્યસિદ્ધિ થાય.
- કાગડો પાકેલા અનાજ, અને નવા ઘાસથી ઢાંકેલા ખેતર, પ્રસાદ, બારી અથવા આનાજના ઊંચા ઢગલા ઉપર બેસી અવાજ કરે તો ધનપ્રાપ્તિ થાય.
- કાગડો રાફડા ઉપર બેસીને બોલે તો સર્પદર્શન થાય.
- કાગડો ભેંસ ઉપર બેસીને બોલે તો મુસાફરને તાવ આવે.
- કાગડો તણખલાના ઢગલા ઉપર કે હાડકાં ઉપર બેસીને ડાબી તરફ મોં રાખી બોલે તો મુસાફરને કાર્યમાં વિઘ્ન આવે.
- ઉપરથી, આગળથી અથવા વીજળીથી દાઝેલા ઝાડ ઉપર બેસી કાગડો બોલે તો વધ સુચવે.
- કાગડો કાંટાવાળા ઝાડ ઉપર બેસીને બોલે તો ક્લેશ થાય
- કાગડો વેલથી વિટાળેલા ઝાડ ઉપર બેસીને બોલે તો જેલ થાય.
- કાગડો સુકા વૃક્ષ ઉપર બેસીને બોલે તો ક્લેશ થાય.
- કાગડો આગળ અથવા પાછળ છાણ ઉપર બેસીને અવાજ કરે તો ધનલાભ થાય.
- કાગડો મુસાફરને મળેલા માણસના અંગ ઉપર બોલે તો મુસાફરને

મૃત્યુભય રહે.

- કાગડો ચાંચથી હાડકું તોડે તો મુસાફરના હાડકાં તૂટવાનો ભય રહે.
- કાગડો મ્હોંમાં દોરડી રાખી બોલે તો યાત્રા કરનારને સાપ ભય રહે.
- કાગડો મ્હોંમાં હાડકું રાખી બોલે તો યાત્રા કરનારને રોગ ભય રહે.
- કાગડો લાકડું મ્હોંમાં રાખી બોલે તો યાત્રા કરનારને દાઢીવાળા પ્રાણી ભય ઉત્પન્ન કરે.
- કાગડો કાંટાદાર વસ્તુ મોંમા રાખી બોલે યાત્રા કરનારને ચોરનો ભય રહે.
- કાગડો નિઃસાર વસ્તુ મોંમા રાખી બોલે તો યાત્રા કરનારને હથીયારનો ભય રહે.
- કાગડો વાળ મોંમા રાખી બોલે તો યાત્રા કરનારને અગ્નિનો ભય રહે.
- કાગડો પાંખ ફફડાવતો ફફડાવતો ઊંચે જોઈ વારંવાર બોલે તો વિઘ્ન આવે.
- કાગડો જંજીર, હાથીનું કરોડરજ્જુ અથવા વેલો લઈને બોલે તો મુસાફરને જેલ થાય.
- કાગડો પથ્થર ઉપર બેસીને બોલે તો મુસાફરને ભય કલેશ થાય.
- બે કાગડા એકબીજાને ખવરાવતા હોય તો યાત્રીને સંતોષ થાય.
- નરમાદા ભેગા થઈને અવાજ કરે તો યાત્રીને સ્ત્રી લાભ થાય.
- સ્ત્રીના માથે ભરેલા ઘડા ઉપર કાગડો બેસે તો સ્ત્રીને ધનનો લાભ થાય.
- કાગડો ભરેલા ઘડાને ચાંચ મારે પુત્રને ઉપાધિ થાય.

✱ કાગડો ભરેલા ઘડા ઉપર વિષ્ટા કરો તો અન્નનો લાભ થાય.

✱ કાગડો છાવણી નાખતી વખતે પાંખો ફફડાવતો અવાજ કરે તો યાત્રીને બીજા સ્થાનનું સુચન જાણવું.

✱ કાગડો છાવણી નાખતી વખતે પાંખો ફફડાવ્યા વગર અવાજ કરે તો ભયનું સુચન જાણવું.

✱ કાગડો સુવ્વર ઉપર બેઠો હોય તો મુસાફરી કરનારને જેલ થાય.

✱ કાગડો કિચડવાળા બે સુવ્વર ઉપર બેસે તો મુસાફરી કરનારને ધનલાભ થાય.

✱ કાગડો ગધેડા કે ઉંટ ઉપર બેસે તો મુસાફરી કરનારનું મૃત્યુ થાય.

✱ કાગડો ઘોડા ઉપર બેસીને અવાજ કરે તો સવારી સામી મળે.

✱ સ્થળચર પ્રાણી પાણીમાં કે જળચર પ્રાણી જમીન ઉપર પ્રવેશે તો વર્ષા ૠતુમાં ખૂબ વરસાદ પડે. પરંતુ બીજી ૠતુમાં ભય જાણવો.

✱ ઘરમાં મધમાખી પુળો જમાવે તો ઘર જલ્દી શુન્ય થઈ જાય.

✱ લીલા રંગની માખી માથા ઉપર બેસે તો મૃત્યુ થાય.

✱ કીડી પોતાના ઈંડા પાણીમાં નાખે તો વરસાદ બંધ થઈ જાય.

## ૧૦, વાર્ષિક વ્યાપારના શુકનો

✱ હવે એક વર્ષ સુધીના વ્યાપારના ભાવોમાં થનારા ફેરફાર માટે તથા તે વરસમાં થનારા બીજા બનાવો માટે

<u>ચૈત્ર માસના શુકલ બીજને દિવસે સંધ્યાકાળે ચંદ્ર જોવો</u>

✱ તે ચંદ્ર જો લાલ રંગના વાદળાંઓમાં અદ્રશ્ય થએલો માલમુ પડે તો જાણવું કે તે વર્ષમાં ઘંઉની કિંમત ધીરે ધીરે વૃદ્ધિ પામશે.

✱ સંધ્યાકાળે ચંદ્રનું બિંબ જો શ્વેત રંગના વાદળોમાં અદ્રશ્ય રહીને જ અસ્ત થઈ જાય તો જાણવું કે તે વરસમાં કપાસ આદિ કાપડ

બનાવવાની વસ્તુઓની કિંમતમાં ઘણો ઘટાડો થશે.

❋ સંધ્યાકાળે ચંદ્રનું બિંબજો ઝાંખા લાલ રંગનું માલુમ પડે તો જાણવું કે તે વરસમાં પશુઓના ઉપયોગનું ઘાસ ઘણું થશે નહિ.

❋ સંધ્યાકાળે ચંદ્રનું બિંબ જો કંકણ આકારનું ગોળ માલુમ પડે તો જાણવું કે તે વર્ષમાં જગત પર, પ્રાણીઓ પર, ઘણો કષ્ટ પડશે તે સહન કરવું પડશે.

❋ સંધ્યાકાળે ચંદ્રનું બિંબ અસ્ત કાળ સુધી જો પીળા રંગના વાદળોથી છવાયેલું હોય તો જાણવું કે તે વરસમાં રૂની કિંમત ઘણીજ વધી જશે.

❋ સંધ્યાકાલે ચંદ્રના બિંબનો ફક્ત ઉત્તર દિશા તરફનો થોડોજ ભાગ માલુમ પડે તો જાણવું કે વર્ષમાં મરકી આદિ દુષ્ટ રોગોનો ઉપદ્રવ થશે.

❋ જો સંધ્યાકાળે ચંદ્રના બિંબ ઉત્તર તથા દક્ષિણ બન્ને બાજુએ જો સરખું માલુમ પડે તો જાણવું કે તે વર્ષમાં ગોળાદિક રસની વસ્તુઓની કિંમત ઘટી જશે.

❋ સંધ્યાકાલે ચંદ્ર ફક્ત તેના ઊર્ધ્વ ભાગમાંજ માલુમ પડે તો જાણવું કે ત્યાં વરસાદથી મોટી રેલ આવીને ઘણા પ્રાણીઓનો તેમાં નાશ થશે.

❋ સંધ્યાકાળે ચંદ્રના બિંબનો થોડો ભાગ જો દક્ષિણ તરફથી બાજુએ જોવામાં આવે તો જાણવું કે તે વર્ષમાં અનાજની કિંમત ઘણી વધી જશે.

❋ સંધ્યાકાળે ચંદ્ર બિંબનો ભાગ ખંડિત માલુમ પડે તો જાણવું કે તે વર્ષમાં મોટો દુકાળ પડશે અને તેથી ઘણા ખરા પ્રાણીઓ ક્ષુધાથી જ મરણ પામશે.

❋ સંધ્યાકાળે ચંદ્રનું બિંબ જો ચળકાટ વિનાનું તથા રૂપા સરખા સફેદ રંગનું માલુમ પડે તો જાણવું કે તે વર્ષમાં લોકોને રાજય તરફનો ઉપદ્રવ સહન કરવો પડશે.

❋ સંધ્યાકાળે ચંદ્રનું બિંબ જો તેજ વિનાનું પીળા રંગનું માલુમ પડે તો જાણવું કે તે વર્ષમાં શ્યામ રંગ વાળી વસ્તુઓની કિંમતમાં ઘણો વધારો થશે.

❋ સંધ્યાકાળે ચંદ્રના બિંબ આસપાસ જો લીલા રંગના વાદળાઓ જોવામાં

આવે તો જાણવું કે તે વર્ષમાં લાલ રંગની વસ્તુઓની કિંમતમાં ઘટાડો થશે.

❋ સંધ્યાકાળે ચંદ્રબિંબ જો દક્ષિણ દિશા તરફ વધારે ચઢતું માલુમ પડે તો જાણવું કે તે વર્ષમાં ખજુર આદિ મિઠાશવાળા ફળોની વસ્તુઓમાં ઘટાડો થશે.

❋ સંધ્યાકાળે ચંદ્રનું બિંબ અતિ તેજસ્વી અને ઉત્તર દિશા તરફ-વધારે ચઢતું જો માલુમ પડે તો જાણવું કે અનાજના ભાવો મધ્યમ સરના રહેશે.

❋ સંધ્યાકાલે ચંદ્રનું બિંબ ઝાંખા આકાશના રંગ સરખું જો માલુમ પડે તો જાણવું કે તે વર્ષમાં શિશિર ઋતુમાં ઘણી ઠંડી પડશે અને હિમ પડશે અને તેથી તે ઋતુમાં થતાં પાકનો વિનાશ થશે.

❋ ચૈત્ર સુદી બીજને દિવસે સંધ્યાકાલે ચંદ્ર જો શ્યામ રંગના વાદળાંઓથી ઢંકાયેલો હોય અને અસ્ત સમયે જો ફરીને પ્રાણીઓની દ્રષ્ટિએ પડે તો જાણવું કે તે વર્ષમાં ધૃત આદિક રસની વસ્તુઓની કિંમતમાં વૃધ્ધિ થશે.

❋ સંધ્યાકાલે ચંદ્રનું બિંબ નૈઋર્ત્ય દિશામાં તે થોડુ ઉદય પામેલું માલુમ પડે તો જાણવું કે તે વર્ષમાં સુર્યના અત્યંત તડકાથી અનાજ આદિ પાકોનો નાશ થશે.

❋ સંધ્યાકાલે ચંદ્રનું બિંબ જો શ્વેત રંગના વિખરાઈ ગએલાં વાદળાઓથી ઝાંખુ ઝાંખુ માલુમ પડે તો જાણવું કે તે વર્ષમાં તેલની વસ્તુઓની કિંમત ઘણી વધશે.

❋ સંધ્યાકાલે ચંદ્રનું બિંબ છે તે તરફ દ્રષ્ટિ કરતાં આપણી આંખોમાં જો અશ્રુઓ આવેતો જાણવું કે તે વર્ષમાં પક્ષીઓથી અનાજના પાકને મોટું નુકશાન થશે.

❋ સંધ્યાકાલે સુર્યાસ્ત પછી એક ઘટીકા ગયા બાદ જો ચંદ્રનું બિંબ નિર્મળ આકાશ છતાં દ્રષ્ટિએ ન પડે તો જાણવું કે તે વર્ષમાં શ્વેત વસ્તુઓની કિંમતમાં ઘણો વધારો થશે.

❋ સંધ્યાકાલે ચંદ્રનુ બિંબ પાટલ સરખા ગુલાબી રંગનું માલુમ પડે તો જાણવું કે આખા વર્ષમાં લોકોની આરોગ્યતામાં વૃદ્ધિ થશે.

# ૬૧. વેપાર (ધન) સંબંધી રેખા




૧-૧. ચંદ્રના પર્વત પરથી નીકળીને ગુરુના પર્વત પર જતી ભાગ્યરેખા : લગ્નબાદ સારો ભાગ્યોદય કે ભાગીદારીથી સારો લાભ.

૨-૨. જીવનરેખામાંથી નીકળીને ગુરુના પર્વત પર જતી ભાગ્યરેખા : જાત મહેનતથી સારી કીર્તિ અને દ્રવ્ય અપાવતી ભાગ્યરેખા.

૩-૩. જન્મથી જ સારો ભાગ્યશાળી અને જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ.

૪-૪. સૂર્યરેખા : પ્રતિષ્ઠા અને ધન અપાવવામાં મદદ કરતી રેખા

૫-૫. કોઈ પણ જાતના વેપારથી સારો ધનલાભ અપાવતી ભાગ્યરેખા.

ધનરેખા માટે પહેલા એટલું ધ્યાન રાખવું આવશ્યક છે કે ધનરેખા જ પૈસા આપે છે તે વાત મગજમાંથી બિલકુલ કાઢી નાખવી. ધનરેખા વગરના પણ લક્ષાધિપતિ હોય છે.

ત્યારે ધનરેખાનું મહત્વ શું, એ શંકા જન્મે તે સ્વભાવિક છે. તો તેના સમર્થનમાં જણાવવાનું કે ધનરેખા માર્ગસૂચક છે. તે દર્શાવે છે કે અમુક માણસને

અમુક જાતના ધંધાથી નોકરીથી લાભ મળશે. ત્યારે જેના હાથમાં ધનરેખા ન હોય તેમને તેમનાં હાથમાં રહેલાં પર્વતો (ગ્રહો) જોઈને કઈ જાતના ધંધાથી લાભ થશે તેમ કહી શકાય. આની સાથે સાથે હથેળીનો રંગ આકાર, આંગળીઓ વગેરે ઘણી બાબતોનું મહત્વ છે જ.

ઉપરાંત હસ્તરેખા શાસ્ત્રીની સાથે સામુદ્રિક શાસ્ત્રોનો બહુ (જુદું) જનિકટ સંબંધ છે, તે ભૂલવું જોઈએ નહિ, જેમ કે માણસના ચહેરાનો દેખાવ, આંખો, નાક, કપાળ, મોં આ બધી બાબતો પણ ઘણી જ મહત્વની છે. ઊંચાઈ નીચાઈ પગ તેમજ પગની આંગળીઓની લંબાઈ આ બધું જોવું જોઈએ. અને ત્યારબાદ દેશકાળ, જાતિધર્મ અને દેશ વગેરે દરેક પરિસ્થિતિનું પૂરેપૂરું ધ્યાન રાખીને જ ભાવિફળ કહેવું જોઈએ. દરેકને પોતાની પરિસ્થિતિ મુજબ ફળ મળે છે, તે ભૂલવું ન જોઈએ.

## ધનરેખાનાં ઉગમ સ્થાન

(૧) મણિબંધાના ઉપરના ભાગમાંથી નીકળીને સીધીને સરળ રીતે હથેળીના ઉપરનો પર્વતવાળા ભાગ તરફ જતી હોય તેને ધનરેખા કહે છે :

પછી તે ગમે તે પર્વત તરફ જતી હોય.

(૨) ચંદ્રના પર્વત પરથી નીકળી પર્વતો તરફ જતી રેખાને ધનરેખા કહે છે.

(૩) જીવનરેખામાંથી નીકળીને કોઈપણ પર્વતો તરફ જતી રેખાને ધનરેખા કહે છે.

(૪) હથેળીના મધ્યભાગમાંથી નીકળીને પર્વતો તરફ જતી રેખાને પણ ધનરેખા કહે છે.

આ જગ્યોએ વાચકો ને એક શંકા સૂર્યરેખાની ઓળખ બાબતમાં થાય તે સ્વભાવિક છે. તો સૂર્યરેખાનો ઉગમ ખાસ કરીને લગભગ ચંદ્રના પર્વતની ઉપરની બાજુથી થાય છે, અને આ રેખા સીધી સૂર્યના પર્વત તરફ જાય છે. તેમજ આ રેખા સહેજ ત્રાંસી કે વળાંકદાર હોય છે.




૧-૧ સૂર્યરેખા.

૨-૨. સૂર્યરેખામાં મળી જતી ભાગ્યરેખા. જાતમહેનતથી ઘણું જ સારું ધન એ કીર્તિ મળે. નામાકિંત માણસ થાય.

૩-૩. લાગણીઓથી દોરાઈને ઊંધા ધંધા કરવાથી હાનિ, આળસું પ્રકૃતિ



૧-૧. ભાગ્યરેખા.

૨-૨. ચંદ્રના પર્વત પરથી નીકળીને ભાગ્યરેખા તેમજ જીવનરેખાને કાપીને નીચલા મંગળ પર જતી રેખા. તેને બદલે.

૩-૩. શુક્રના પર્વત પર જતી રેખા, લુચ્ચા અને બદમાસ, બેવફા ખાય તેનુ જ ખોદે.

૪-૪. જીવનરેખા

૫-૫. ચંદ્ર પરથી નીકળીને જીવનરેખામાં મળતી રેખાને અંતે જીવનરેખા પર કાળું ટપકું નશાબાજ અને તેમજ પાયમાલ.

## પાયમાલી.

આપણે ભાગ્યરેખાના ઉગમ સ્થાન જોયાં હવે દરેક હાથમાં આ જ પ્રમાણેની રેખા સંપૂર્ણ હોતી નથી. કેટલીક રેખા અધવચ્ચે અટકી જતી હોય છે, જ્યારે કેટલીક અડધેથી જ નીકળીને બીજી રેખાઓમાં મળી જતી હોય છે.

(૧) પ્રથમ જે રેખા ચંદ્રના પર્વતથી નીકળીને ગુરુના પર્વત પર જતી હોય તેના માટે ભાગીદારીથી કે લગ્ન બાદ સારો ભાગ્યોદય થાય તેમ જણાવેલું છે. હવે જો આ રેખા ગુરુના જ પર્વત પર જતી હોય તો તેવા માણસોને ધાર્મિક વિષયોનું પણ સારું જ્ઞાન હોય છે. તેમજ પ્રતિષ્ઠા આબરૂ ઘણાં સારા હોય છે. ઉપરાંત આવા માણસો નીતિથી જ ધન મેળવવાના વિચારોવાળા હોય છે. તેની સાથે જો બીજા પર્વતો સારા હોય કે ગુરુના પર્વત પર ઉર્ધ્વરેખા હોય તો ધર્મગુરુ કે ધાર્મિક સંસ્થાના આગેવાનો કે પ્રમુખ જેવા સારા હોદ્દા પર હોય છે, અને તેને ઈમાનદારીથી સંભાળી શકે છે.

હવે જો આ રેખા ગુરુ પર ના જતાં શનિના પર્વત પર જાય તો કોન્ટ્રેકટના ધંધા - જમીન ખાણો ખેતી વગેરેના ધંધાથી સારા લાભ થાય છે.

બીજી ખાસ બાબત આ રેખાઓ જોતાં ધ્યાન એટલું રાખવાનું કે આ રેખા પર યવ, ચોકડી કે જાળું તેવું કોઈ અશુભ ચિન્હો હોવું ન જોઈએ તેમજ ન તો તેવા કોઈ અશુભ ચિન્હમાંથી નીકળવી જોઈએ કે ન તેવા અશુભ ચિન્હોમાં સમાઈ જવી જોઈએ.

ઉપરાંત આ રેખાઓ કોઈપણ પર્વતના મુખમાં છેક સુધી ન જતી હોય તો જ સારું ફળ મળે છે. બાકી સામાન્ય પ્રકારની જ રેખા માનવી ચંદ્રના પર્વતની છેક નીચાણમાં હથેળી બહારથી નીકળતી હોય તો શુભ ફળ ઓછું મળે છે, તેમજ બહુ જ જાડી રેખાનું પણ ખાસ ફળ મળતું નથી.




૧-૧. ભાગ્યરેખાની સાથે ૨-૨ ની માફક સમાંતરે રેખા ચાલતી હોય તો સાઈડ બિઝનેસથી આડ ધંધાથી સારો લાભ.

૩-૩. આ પ્રમાણેની રેખા જો ભાગ્યરેખામાં ગૂંથાતી હોય તો ચાલુ ધંધામાં હાનિ તેમજ નવા ધંધામાં પણ નુકશાન.

૪-૪. અતિશય જાડી ભાગ્યરેખા ફક્ત હૃદયરેખા સુધી જ. લાગણીવશ સ્વભાવથી ઊંધા ધંધા અને અંતે ગરીબાઈ.



ભાગ્યરેખામાં યવ નં. ૩ દેવાળું કે ધંધામાં પાયમાલી

યવ નં. ૧ શરૂઆતનો ગરીબાઈમાં જન્મ. છેડા પરનો યવ-ગરીબાઈનો અંત

૨ તારક - મુશ્કેલીઓવાળું જન્મ

૪ ચોકડી-ધંધામાં અપકીર્તિ

નં. ૫ ની ચોકડી - અવિશ્વાસુ લુચ્ચાઈ, રસ્તામાં કમોતે મરણ.



૧-૧. ભાગ્યરેખા પર ચોરસ ધંધાકીય આફતોમાંથી કુદરતી બચાવ.

૨-૨. તૂટક ભાગ્યરેકા - પત્નીનું મૃત્યું

૩-૩ ની રેખા હોય તો મૃત્યુના થાય. માંદગી મોટી આવે ને બચાવ થાય. તેમજ ધંધામાં ફેરબદલી.

૪-૪. મસ્તકરેખામાંથી ગુરુ પર જતી ભાગ્યરેખા.

૫-૫. તે જ પ્રમાણે ભાગ્યરેખામાંથી ગુરુ પર જતી રેખા તો ગમે તે ધંધામાં ફાવટ આવે અને સારું ધન પેદા કરી શકે.

૬. બુધ પર સમાંતર રેખાઓ હોય તેમજ જો નં. ૭ પ્રમાણે ભાગ્યરેખા બુધ પર જતી હોય તો ધંધામાં કે કમિશન એજન્ટના ધંધામાં પુષ્કળ ધન મળે.




ફોર્ક મસ્તક રેખાનો એક છેડો ઉપલા મંગળ પર જતો હોય તેમજ સૂર્યરેખાની સમાંતરે બીજી રેખા

૨-૨ બીજા નંબરની રેખા જીવનરેખાના જેટલા ઉપરના ભાગથી નીકળે

તેટલામાં વર્ષથી સારો ભાગ્યોદય શરૂ થાય

હવે આ પ્રમાણે નીકળતી ભાગ્યરેખાઓ જો આગળ પર્વતો સુધીન જતાં ફક્ત હૃદયરેખા આગળ જ અટકી જતી હોય તો આવા માણસો કંઈક આળસું પ્રકૃતિના વધારે હોય છે. તેમજ કેટલીક વાર લાગણીઓથી વધારે દોરવતા હોય છે, જેના પરિણામે જે કંઈ ધંધાથી જે લાભો મેળવવા જોઈએ તે લાભ તેવા માણસો મેળવી શકતા નથી.

જો ભાગ્યરેખા સૂર્યરેખામાં મળી જતી હોય તો પૈસાની સાથે પુષ્કળ કીર્તિ પણ મળે છે.

આ પ્રમાણે ની ભાગ્યરેખાઓની સાથે સાથે સમાંતરે જો બીજી રેખા ચાલતી હોય તો તેવે વખતે તે માણસ બીજો આડ-ધંધો કરે છે, જે માંથી સારું દ્રવ્ય મેળવે છે. જેટલાં સમય પૂરતી આ રેખા સાથે ચાલતી હોય તેટલા સમય માટે ! પરંતુ જો આ પ્રમાણેની સાથે ચાલતી રેખા તેની સમાંતરે ન ચાલતાં અસલ ભાગ્યરેખામાં ગૂંથાઈ જતી હોય તો તે માણસ તે સમયે બીજો સાઈડ (બિઝનેસ (આડ-ધંધો) કરે પરંતુ તે પોતાની જાણ બહારનો હોય કે બીજાના ભરોસે કરેલો હોય. જેના પરિણામે તે પોતાનો અસલ ધંધો પણ તેટલા સમય પૂરતો બગાડે છે અને નવા ધંધામાં ગૂંચવાઈ જઈ પૈસાનું પાણી કરે છે.

ઘણાં હાથમાં હથેળીના મધ્ય ભાગમાંથી નીકળતી સીધી રેખા હોય છે, પરંતુ તેમની પાસે ધન હોતું નથી. તો તેવા હાથમાં આ રેખા ફક્ત હૃદયરેખા સુધી જ મોટે ભાગે હોય છે; જેથી આવી રેખાઓવાળા અતિશય લાગણીઓથી દોરવાઈ જનાર હોય છે. અને જે કંઈ મનમાં આવે તેવા અવળા ધંધા કરી આખરે પૈસાનું પાણી કરી બરબાદ થાય છે.

જો કોઈપણ હાથમાં ચંદ્રના પર્વતના ઉપરના ભાગમાંથી એક સીધી રેખા નીકળીને ભાગ્યરેખા તેમજ જીવનરેખાને કાપીને ઉપલા મંગળ કે, શુક્રના પર્વત પર જતી હોય તો આવા માણસો જેનું ખાય તેનું જ ખોદે તેવા સ્વભાવના હોય છે, ઉપરાંત બદચલન હોય છે, માણસાઈ બિલકુલ હોતી નથી. જો અટકી જતી હોય અને ત્યાં ટપકાં-ડોટ્સ હોય તો આવા માણસો નશાબાજ હોય છે, અને તેમાં પોતાના ધંધો રોજગાર ભૂલીને છેવટે પાયમાલ થાય છે.

ભાગ્યરેખામાં યવ પડયો હોય તો તે વર્ષોમાં ધંધામાં મોટી ખોટ જાય છે.

જો શરૂઆતમાં યવ હોય તો ગરીબાઈમાં જન્મ થાય છે, અને જો ભાગ્યરેખાને છેડે ઉપરની તરફ યવ હોય તો દરેક ધંધામાં નાસીપાસ થાય અને ગરીબાઈ ભોગવે છે.

ભાગ્યરેખા પર ચોકડી-ધંધામાં નામોશી અપાવે છે. સારું ચિન્હ નથી. અને જો આ ચોકડી ભાગ્યરેખાના મથાળે હોય તો આવા માણસો અવિશ્વાસુ અને લુચ્ચાઈ હોય છે.

તેમાંય જો ભાગ્યરેખા શનિના પર્વત પર જતી હોય અને ત્યાં તેના પર ચોકડી હોય તો આવા માણસોનું મૃત્યુ બહુ જ ખરાબ રીતે થાય છે. (અકસ્માતથી)

ભાગ્યરેખા પર ચોરસ પડ્યો હોય તો ખરાબ સમયમાંથી કુદરતી મદદ મળે અને બચાવ થાય છે.

ભાગ્યરેખા પર તારકનું નિશાન બહુ જ મુશ્કેલીઓ લાવનારું છે.

ભાગ્યરેખાનું તૂટવું બહુ જ અશુભ ચિન્હ છે. ખાસ કરીને આવે વખતે પુરુષના હાથમાં સ્ત્રીનું અને સ્ત્રીના હાથમાં પુરુષનું મૃત્યું કરે છે. પરંતુ જો આ પ્રમાણે ભાગ્યરેખા તૂટતી હોય છતાં જો તેની બાજુમાં નાની બીજી રેખા સમાંતરે હોય તો ધંધામાં ફેરફાર થાય છે. અને મુશ્કેલી નડતી નથી.

મસ્તકરેખામાંથી જો ભાગ્યરેખા નીકળીને ગુરુના પર્વત પર જતી હોય તો આવા માણસો ગમે તે ધંધામાં ફાવી શકે છે. આ જ પ્રમાણે ભાગ્યરેખામાં ઉર્ધ્વરેખા નીકળીને ગુરુના પર્વત પર જતી હોય તો પણ ઉપર પ્રમાણે ગમે તે ધંધામાં ફાવે છે.

જીવનરેખામાંથી ભાગ્યરેખા નીકળીને જો બુધના પર્વત પર જતી હોય તો મોટો વેપારી બને છે, અને સારું ધન મેળવે છે. મસ્તકરેખામાંથી ભાગ્યરેખા નીકળીને બુધના પર્વત પર જતી હોય તો દલાલી, કમિશન એજન્ટ કે તેવા બુદ્ધિજીવી ધંધામાં સારા પૈસા મેળવે છે.

બુધના પર્વત પર સમાંતરે જો ત્રણ ઊભી રેખાઓ હોય તો મોટો એજન્ટ થાય છે, અને પુષ્કળ ધન મેળવે છે. આવા માણસોને અચાનક ધન પણ મળે છે.

સૂર્યની આગળની આંગળી કરતાં લાંબી હોય અને મસ્તકરેખા પાછળના

ભાગમાં ફોર્ક હોય અને તેનું એક પાંખિયું ઉપલા મંગળ ઉપર જતું હોય તેમજ જો સૂર્યરેખા ડબલ હોય તો સટ્ટામાંથી કરોડો રૂપિયા મેળવે છે.

સુપાત્ર દાન કરવાથી મહાન ધનવાન થવાય છે.

## ધંધાના પ્રકાર

ધંધાનો વિચાર કરતાં દરેક માણસને કઈ જાતના ધંધા અનુકુળ આવશે. તે ખાસ કરીને હાથમાં રહેલા પર્વતો (ગ્રહો) પરથી વધારે નક્કી કરી શકાય છે ભાગ્યરેખા જે પર્વત પર જતી હોય તે જાતના ધંધાઓ ઘણું કરીને વધારે અનુકુળ આવે છે, અને જો ભાગ્યરેખા ન હોય તો કયો પર્વત સારો છે તે જોઈએ તે જાતના ધંધામાં ફાવટ આવશે તેમ કહી શકાય.

હસ્તરેખા પ્રમાણે જોવા માટે ખાસ ઉપરની બાબતો પહેલી ધ્યાનમાં રાખવી. ત્યારબાદ બીજે નંબરે ખાસ મસ્તકરેખા બહુ જ બારીકાઈથી જોવી. કારણકે બાપદાદા તરફથી ઘણી સારી સંપત્તિ મળવા છતાં, બુદ્ધિવગરના માણસો બીજાઓથી બુદ્ધિથી ચાલીને અંતે ગરીબાઈ ભોગવે છે.

ત્રીજે નંબરે માણસના શારીરિક બાંધા પરથી પણ તેનું અનુમાન ઘણું થઈ શકે. કુદરતનો નિયમ છે કે જેને જે જાતના ઘંધા માફક આવવાના હોય તે પ્રમાણેનું તેનું શરીર પણ આપે છે. જ્યારે આપણને કુદરતે જેના માટે નિર્માણ કરેલા છે તેનાથી અવળા ધંધા કરીએ ત્યારે આપણે નિષ્ફળતા પ્રાપ્ત કરીએ છીએ અને પછી ભાગ્યને દોષ દઈએ છીએ.



અંગૂઠો મનોબળવાળો ભાગ વધારે લાંબો હોય તેમ જ બીજા પર્વતો સારા ઉઠાવદાર હોય, સહેજ ઢળતી મસ્તકરેખા તેમજ આગળીઓ લાંબી અને આગળથી ચોરસ હોય તો સારો એકટર થઈ શકે છે.

૩-૩. આ પ્રમાણેની રેખાવાળા સારા વેપારી થઈ શકે છે. સાથે જો ૨-૨ નંબરની રેખા હોય તો ધંધામાં સારા પૈસા મેળવે છે.

૧-૧. આ પ્રમાણેની રેખાવાળા સારા લેખક થઈ શકે છે.

૪-૪. આ પ્રમાણેની રેખાવાળા સારા લેખક થઈ શકે છે.

જો આ પ્રમાણેની રેખા હોય અને સૂર્યરેખા તેમજ સૂર્યની આંગળી લાંબી હોય તો સારા કલાકાર થઈ શકે છે.

સખત મજૂરી કરનારાઓનાં મજબૂત શરીર અને હથેળી જાડી અને કઠણ, તેમજ બહુ જ ઓછી રેખાઓ પ્રથમ થી જ હોય છે. આવા માણસોના હાથમાં મસ્તકરેખા પણ ટૂંકી જ હોય છે.

જ્યારે બુદ્ધિના ધંધા કરનારાના હાથમાં લાંબી મસ્તકરેખા તેમજ હથેળી કોમળ, સારા ઉઠાવદાર પર્વતો વગેરે પહેલેથી જ હોય છે.

જ્યારે મધ્યવર્ગના હાથમાં થોડી રેખાઓ સહેજ, ટૂંકી બુદ્ધિ રેખા, ટૂંકો અંગૂઠો અને આંગળીઓ અને હથેળી સમાન હોય છે. આવા માણસના જીવનમાં બહુ ઉથલપાથલ આવતી નથી એકધારું જીવન નોકરી કરીને પસાર થાય છે.

ઘણી વખતે આવા માણસો સારો પૈસો પણ ભેગો કરી શકે છે, પરંતુ તેમનું જીવન કોઈપણ જાતના રસ વગરનું હોય છે. તેમને બીજી કોઈ પ્રવૃતિમાં પણ રસ રહેતો નથી.

નોકરી કરનારાઓના હાથમાં ખાસ કરીને મસ્તકરેખા તેમજ જીવનરેખા જોડાયેલી હોય છે. તેમજ શરૂઆતમાં નોકરી કરી પાછળથી સ્વતંત્ર ધંધો કરનારાઓના હાથમાં ૩૦ થી ૩૨ ઉંમર પછીની જીવનરેખામાંથી ઉપરની તરફ જતી ઉર્ધ્વરેખા હોય છે. તે જો મસ્તકરેખાની ઉપર નીકળતી જતી હોય તો ધંધામાં સારા લાભ મળે છે, પરંતુ જો આ પ્રમાણેની નીકળેલી ઉર્ધ્વરેખા મસ્તકરેખામાં જ સમાઈ જતી હોય તેમણે નોકરી કરવી સલાહ ભરેલી ગણાય.

ગુરુના પર્વતની નજીકમાંથી જીવનરેખાથી અલગ રીતે નીકળનારી

મસ્તકરેખાવાળા સ્વતંત્ર ધંધામાં સારા ફાવે છે.

બુદ્ધિજન્ય ધંધાઓ જોવા જઈએ તો વકીલાત, ડોકટરી, પ્રોફેસર, શિક્ષક, કલાકાર, લેખક વગેરે ગણાવી શકાય.




આંગળીઓ ગાંઠદાર, ચંદ્ર તરફ વળાંકદાર ઢળતી, મસ્તકરેખા તેમજ બુધના પર્વત પર સમાંતરે ત્રણથી ચાર ઊભી રેખાઓ સારા ડોકટર થવાના ચિન્હો - નંબર પાંચની ઊભી રેખાઓ ન હોય અને ફક્ત મસ્તકરેખા ચિપિયાકાર હોય તો સારો વકીલ થાય.

૧. નંબરની રેખાવાળા લોહીના ભ્રમણની બિમારીને લગતા તેમજ મગજે પિત્ત ચઢી જવું વગેરે બિમારીઓના નિષ્ણાત થાય છે.

૨. નંબરની રેખાવાળા હાડકાંની નબળાઈ, વાત રોગના નિષ્ણાત થાય છે.

૩. નંબરની રેખાવાળા આંખોને લગતી બિમારીના નિષ્ણાત થાય છે.

૪. નંબરની રેખાવાળા પેટની, આંતરડાની બિમારીના નિષ્ણાત થાય

છે.

૬. નંબરની રેખાવાળા ગળું, છાતી અને ફેફસાને લગતી બિમારીના નિષ્ણાત થાય છે.

<u>વકીલ :</u> સારા વકીલ થવા માટે પોતાનામાં ખાસ વિશિષ્ટ પ્રકારની બુદ્ધિ હોવી જરૂરી છે, ઉપરાંત કોઈપણ ગૂઢ બાબતમાં તેનું રહસ્ય શોધી કાઢી સામાવાળાને સમજાવવાની કુનેહ બુદ્ધિ હોય તો જ સારા વકીલ થવાય. જે જોતાં પહેલી તો ઉત્તમ મસ્તકરેખા હોવી જોઈએ. તેમાંય જો પાછળના ભાગમાં ચીપિયાકાર હોય તો વધારે સારું અને સામા માણસ ઉપર પોતાની વાણી પ્રતિભા પાડી શકાય માટે બુધનો પર્વત સારો ઉઠાવદાર હોવો જોઈએ અને બુધની આંગળી સહેજ લાંબી અને આગળથી ગોળાકાર હોવી જોઈએ તો સારા વકીલ થઈ શકાય છે.

<u>ડોકટર :</u> ડોકટરમાં બે ભાગ પાડી શકાય. એક તો ફક્ત દવા જ આપનાર જ્યારે બીજા નંબરમાં વાઢકાપ કરનારા સર્જન ડોકટર. ડોકટર થવા માટે તો સચોટ ચિન્હ બુધના પર્વત પર સમાંતરે ત્રણથી ચાર ઊભી રેખાઓ છે. જેના હાથમાં આ પ્રમાણેની રેખાઓ હોય તેણે ડોકટરી લાઈન લેવી જોઈએ.

સારા ડોકટર થવા માટે જીવનરેખા ને મસ્તકરેખા જોડાયેલી હોવી જોઈએ તેમજ મસ્તકરેખા સહેજ વળાંકદાર થઈને ચંદ્ર તરફ ઢળતી હોવી જોઈએ. તેમજ મસ્તકરેખા સહેજ વળાંકદાર થઈને ચંદ્ર તરફ ઢળતી હોવી જોઈએ. ઉપરાંત તેમની આંગળીઓ ગાંઠદાર હોવી જોઈએ.

જ્યારે વાઢકાપ યાને સર્જન થવા માટે તદ્દન સીધી મસ્તકરેખા જીવનરેખાની સહેજ અલગ હોવી જોઈએ. ઉપરાંત હૃદયરેખા પાંખિયા વગરની અને બંને મંગળના પર્વતો ઉઠાવદાર હોવા જોઈએ. જેથી ઓપરેશન ઝડપથી કરી શકે અને મન મજબૂત રાખી શકે.

<u>પ્રોફેસર કે શિક્ષક :</u> સારા પ્રોફેસર થવા માટે બુદ્ધિરેખા સ્વચ્છ અને લાંબી હથેળીના બીજા છેડા સુધી પહોંચતી હોવી જોઈએ. તેમાંય જો પાછળના ભાગમાં ચીપિયાકાર હોય તો ઘણું જ સારું જ્ઞાન ધરાવી શકે છે. અને આવા

માણસો પોતાનું જ્ઞાન બીજાને સારી રીતે સમજાય તેવી રીતે રજૂ કરી શકે છે.

અને તેમાંય સૂર્ય તેમજ ગુરુના પર્વતો બીજા પર્વતો કરતાં સારા ઉઠાવદાર હોવા જોઈએ.

અને તેમાંય જો બુધનો પર્વત પણ સારો ઉઠાવદાર હોય અને બુધની આંગળી પ્રમાણ કરતાં વધારે લાંબી હોય તો આવા માણસ સારા પ્રોફેસર કે શિક્ષક તરીકે સારા ગુણો ધરાવી શકે છે.

**લેખક :** લેખક થવા માટે મસ્તકરેખા ચંદ્ર તરફ સહેજ ઢળતી હોવી જરૂરી છે. તેમજ બુધ અને શુક્રના પર્વતો સારા ઉઠાવદાર હોય તથા બુધની આંગળી સામાન્ય કદની ટૂંકી ને સહેજ વાંકી હોય તેમનામાં સારી લેખનશક્તિ હોય છે.

**કલાકાર :** લેખક થવા માટે ખાસ કરીને સારી સૂર્યરેખા તેમજ સારા ઉઠાવદાર સૂર્ય-બુધના પર્વતો અને સહેજ ઢળતી મસ્તકરેખા હોવી જોઈએ. અને સૂર્યની આંગળી લગભગ શનિની આંગળી જેટલી હોય તો વધારે સારું.

**વેપારી :** સારા વેપારી થવા માટે બુધનો પર્વત, મસ્તકરેખા તેમજ બીજા પર્વતો પણ સારા ઉઠાવદાર હોવા જોઈએ. અને જે પર્વત તરફ ઉર્ધ્વરેખા જતી હોય તે જાતના ધંધાથી સારા લાભ થાય છે.

## કેટલીક જાણવા જેવી રેખાઓ

### વિકાર રેખા

આ રેખા ચંદ્રના પર્વત પર વળાંકદાર હોય છે. જેને કેટલાક મુસાફરીની રેખા માનવાની ભૂલ કરે છે.

એ રેખાનો ઉગમ જીવનરેખામાંથી હાથના પહોંચાની નજીકમાંથી થાય છે, અને વળાંક લઈને ચંદ્રના પર્વત પર જાય છે.

આ રેખાવાળા લોકો બહુ જ કામી હોય છે. તેમજ ઘણી વખતે તેમના જીવનમાં વિષયવાસના મુખ્ય ભાગ ભજવે છે. અને તેને પરિણામે સુધરેલી બાજી બગડે છે. આ રેખાના પરિણામે તેમનું મન અતિ ચંચળ થઈ જાય છે.,

અને વિષયવાસનામાં ભટકતું હોય છે.

આ જ પ્રમાણે બીજી એક રેખા ચંદ્રના પર્વત પરથી નીકળીને સીધી શુક્રના પર્વત પર જાય છે, જેના પરિણામે હાથના લગભગ બે ભાગ પડી જાય છે.

આ રેખાવાળા માણસો બહુ જ વ્યસની હોય છે. દારુ તેમજ બીજા તેવાં કેફી પીણાં પીવાની ટેવવાળાની હાથમાં આ રેખા હોય છે. આવા માણસોને એક દિવસ પણ કેફી વ્યસન સિવાય ચાલતું નથી.

ઉપરાંત આવા માણસોનો જો અંગૂઠો નિર્બળ હોય તો વ્યસન આત્મસંયમ ઈજ્જત ગુમાવે છે. અને તેમનાં મોત પણ અકસ્માત થાય છે. બીજી તેમને ખાવાપીવાની બાબતોમાં કોઈપણ જાતનો બાધ આવતો નથી, અભક્ષ્યભક્ષ પણ કરે છે.

ઘણી વખતે જેમના પર્વતો સારા ઉઠાવદાર હોય છે, અને સમાજમાં સારો હોદ્દો કે માન મરબતો ધરાવતા માણસો પણ જે ખાનગીમાં આવા વ્યસનો વગેરે કરતા હોય છે, તેમના ચંદ્રના પર્વત પર ચોખ્ખો ક્રોસ હોય છે આ પણ એક નિશાન છે.

## ચોરી કરનાર માણસોની રેખાઓ

(૧) જેમનો હાથ બહુ જ નાનો હોય અને બહુ જ માંસલ જાડો હોય અને છેલ્લી બુધની આંગળી પર ત્રીજા વેઢામાં વાંકીચૂકી રેખાઓ હોય અને જો ક્રોસનું ચિન્હ હોય તો આવા માણસોનો બિલકુલ વિશ્વાસ કરવો નહિ.

(૨) તે જ પ્રમાણે જો બુધનો પર્વત ખૂબ ઉઠાવદાર હોય અને બુધની આંગળી આગળથી ખૂબ ગઠા જેવી હોય તો પણ માણસ ચોરી કરે છે.

(૩) બુધના પર્વત પર તારાનું નિશાન હોય તો તથા (૪) બુધના પર્વત પર જાળું હોય તો ઉપરના લક્ષણો ચોર મનુષ્યના છે. તેમાં જેટલાં વધારે તેટલો બહું જ ભયાનક માણસ સમજવો.

## ખૂની સ્વભાવ

મંગળનો પર્વત જો ખૂબ ઉઠાવદાર હોય અને તેના પર



૧-૧. વિકાર રેખા

૨-૨. અવિચારી ખાનપાન, વ્યસની.

૩-૩. વાસના તેમજ ખોટાં વ્યસનો માટે ઉશ્કેરતો ક્રોસ.

૪. મંગળ પરનો તારક.

૫. બુધ પર તારક.

૬. શનિ પરનો તારક.

૭-૭. મસ્તકરેખા તેમજ આરોગ્યરેખાના કપાવાથી બનતો ક્રોસ - ચોરીનું લક્ષણ

૯-૯. કોર્ટથી ફાંસી.

૧૦-૧૦. ધનરેખાના છેડે ક્રોસ કે નક્ષત્ર

તારાનું નિશાન હોય તેમજ અંગૂઠો ગદા જેવો હોય તો આવા માણસો મગજનો કાબુ ગમાવી બેસે છે. અને ખૂન પણ કરી નાખે છે. આવા માણસોની સાથેના પ્રસંગમાં બહુ જ સાવધાની રાખવી જોઈએ.

**કોર્ટથી (ફાંસી)**

ગુરુની આંગળીમાંથી રેખા નીકળીને જો અંગૂઠાના મૂળમાં જઈને મળી જતી હોય અને મસ્તકરેખા ટૂંકી હોય તો આવા માણસો મહાન અપરાધ કરી બેસે છે, અને જેના પરિણામે ફાંસીની સજા થાય છે.

__શસ્ત્રથી ઈજા__

શનિની આંગળીના ત્રીજા વેઢા પરના નક્ષત્રનું ચિન્હ હોય તો શસ્ત્રથી ભંયકર ઈજા થાય છે. જેનાથી મોત પણ થાય છે.

__જાનવરથી ભય__

શનિ કે મંગળના પર્વત પર નક્ષત્રનું ચિન્હ હોય તો જંગલી જાનવરથી ભય રહે છે.

કેટલાક માણસો આપઘાત કરે છે. તેમના હાથમાં નીચે મુજબના ચિન્હો ઘણું ખરું હોય છે.

(૧) આવા માણસોના ચંદ્રના પર્વત પર ક્રોસ હોય છે, તેમજ ધનરેખાને છેડે ક્રોસ હોય છે. જેના કારણમાં ધનનું આર્થિક મોટું નુકશાન થાય છે, અને મગજ ઉપર કાબૂ ગુમાવી આપઘાત કરે છે.

(૨) શનિનો પર્વત બહુ જ ઉઠાવદાર હોય, મસ્તકરેખા તેમજ આરોગ્યરેખા બંને મળી જતી હોય તો પણ આપઘાત કરે છે.

(૩) શનિની આંગળીઓનો પહેલો વેઢો ખૂબ લાંબો હોય અને તેના ઉપર ચોરસ હોય, તેમજ જો બુધના પર્વત ઉપર કે મંગળના પર્વત ઉપર ક્રોસ હોય તો માણસ આપઘાત કરે છે.

આ બધી બાબતો હસ્તરેખાથી જાણી શકાય છે અને જે માણસને જીવનમાં ઘણી જ ઉપયોગી છે. કારણકે કોઈના પણ હાથમાં આવા અશુભ ચિન્હો હોય તો પણ જેની રહેણીકરણી કે ખાનપાન માટે યોગ્ય સૂચન કરી સારી લાઈનમાં જવા કોશિશ કરવી જોઈએ.

## ૬૨. વેપાર (ધન) સંબંધી ગ્રહો

- સૂર્ય, મંગળ, શનિ, ધનભાવમાં હોય, કે જોતા હોય, તો ધનહીન થાય. તેમાં વળી ક્ષીણ ચંદ્રમા હોય કે જોતો હોય તો અતિ નિર્ધન થાય.
- બીજે રહેલા ગુરૂને શુભ ગ્રહો જુએ તો ધન આપે. બીજે બુધ હોય, ને ચંદ્ર જુવે તો ધનનો નાશ કરે.

- બીજે કૃષ્ણપક્ષનો ચંદ્ર હોય ને બુધ જોતો હોય, તો વડીલોએ મેળવેલું ધન નાશ કરે, ને ફરી નવું ધન પણ મળશે નહીં.

- બીજે સ્ત્રી રાશિમાં શનિ રાહુ હોય, તો નાટકો વિગેરેમાં ધન નાશ થાય. જો મંગળ બુધ સાથે હોય તો ગાયનના શોખથી, વેશ્યાના સંગથી, રુધિર વિકારથી ધનનો નાશ થાય.

- રાહુ શનિ બીજે હોય તો સંગ્રણીનો રોગ થાય, ને તેના ભેગો ચંદ્રમાં હોય તો શરદી તથા સન્નિપાત (સનેપાત) થાય. અને ધન ભાવમાં રાહુ અથવા કેતુ બીજે હોય તો દાંત મોટા થાય કે દાંતનો રોગ થાય.

- ધન ભાવમાં સૂર્ય, શનિ, કે શુક્ર હોય ત્યારે દરિદ્રયોગ થાય છે. એ યોગશંકરને થાય, તો પણ ભંડારનો નાશ કરે છે. તો માણસના ધનનો નાશ કરે તેમાં શું આશ્ચર્ય.

- બીજે, મંગળ, સૂર્ય ને શનિ હોય તો પણ ધનનો નાશ થાય. તેના ભેગો ક્ષીણચંદ્ર હોય, ને બીજે શુભગ્રહ ન રહ્યા હોય કે ન જોતા હોય તો અતિશય ધનનો નાશ કરે છે.

- ધન ભાવમાં ચંદ્ર મંગળ હોય, ને શનિ જોતો હોય તો ધનનો નાશ કરે બીજે શનિ હોય, ને બુધ જોતો હોય તો ધનની વૃદ્ધિ કરે.

- બીજાનો સ્વામી બીજે હોય તો શાસ્ત્રને જાણનાર થાય. અને કષ્ટ થકી ઘણું ધન મેળવે બીજે બુધ હોય, ચંદ્ર જોતો હોય તો ધનનો નાશ કરે ક્ષીણચંદ્ર હોય ને બુધ જોતા હોય તો ધનનો નાશ કરે.

- બીજે રહેલા શુભગ્રહને બીજાનો સ્વામી જોતો હોય તો બહુ કટુંબવાળો ને ધનવાન થાય ને શુભગ્રહ જોતા હોય, તો સુખી ને સમૃદ્ધિવાન થાય.

- બીજે પાપગ્રહો હોય, તો ધન વિનાનો, અને પોતાના માણસોને તજેલો, મોઢાનો રોગી, વાચાળ શેઠ ને રાજા કે ચોરથી ધનનો નાશ થાય.

❖ બીજે શુભ ને પાપગ્રહો હોય, તો ઘણી મહેનતે ધન મળે પોતાના માણસોથી કલેશ થાય, અગ્નિનો ભય ને પહેલું ધન મળે પછી ધનનો નાશ થાય છે.

❖ પહેલે શુભગ્રહ હોય, ને બારમે પાપગ્રહ હોય, ને ધનભાવમાં મિશ્રિત ગ્રહ હોય તો તે માણસનું ધન રહેતું નથી, ધન મળે છે, ને નાશ થાયને પાછુ મળે છે.

❖ બીજાનો સ્વામી શુભગ્રહ સાથે રહીને ધનભાવને જોતો હોય તો ૧૬ વર્ષ પછી સુખ, મોટા ભાગ્યનો ઉદય, ધનનો વધારો કરે છે.

❖ સૂર્યાદિ ગ્રહો ઉચ્ચના હોય, તો ધનની સંખ્યા નીચે પ્રમાણે જાણવી. સૂર્યસહસ્ત્રાધિપ, ચંદ્ર લાક્ષાધિપત, મંગળ શતાધિપ, બુધ કોટયાધિપ, ગુરૂ સર્વાધિરાજ શુક્ર ઇચ્છાનુસાર શનિ અલ્પ, ધનાધીશ કરે છે, ગ્રહ ઓછા બળવાન હોય તો ધન ઓછું કરે છે. એટલે ઉચ્ચનો ગ્રહ સંપૂર્ણ ધન આપે, ને મૂલ ત્રિકોણનો ત્રણ ગણું, સ્વગૃહી અર્ધુંને અધિમિત્રનો ગ્રહ ચોથા ભાગનું મિત્રનો, આઠમો ભાગ ધન આપે છે.

❖ લગ્નથી દશમે ચંદ્ર હોય તો, નાનાપ્રકારની કળાશૌલ્યતાથી બોલવાની ચતુરાઈથી, સર્વપ્રકારના ઉદ્યોગથી, ને સાહસ કર્મથી તેની હંમેશાં આજીવિકા ચાલે છે.

❖ લગ્નથી,કે ચંદ્રથી, દસમે જે બળવાન ગ્રહ હોય તે ગ્રહની વૃત્તિથી આજીવિકા ચાલે છે કે બળવાન નવમાંશના સ્વામીથી તે ગ્રહની દશામાં આજીવિકા થાય છે.

❖ ચંદ્ર કે લગ્નથી, દશમે સૂર્ય હોય તો તેને અનેક પ્રકારના ઉદ્યોગથી ધન મળે છે અને શરીરમાં બળનો વધારો અને માણસોનો ઉપરી શરીરથી સુખ અને મનનો આનંદ ઉપજાવે છે.

❖ લગ્ન કે ચંદ્રથી દશમે મંગળ હોય તો સાહસ કર્મથી, ક્રોધથી, કે નીચ જાતિથી ધન મળે. વિષયોમાં પ્રીતિવાળો થાય, ને કોઈ વખતે અકસ્માતે

પરદેશ જવું પડે.

લગ્ન કે ચંદ્રથી દસમે બુધ હોય તો તે ઘણા માણસોનો ઉપરી થાય. ને શિલ્પક્રિયા (નાના પ્રકારના હુન્નર ઉદ્યોગો) થી અને સર્વ કામોમાં સાહસ કર્મ કરીને ચતુરાઈથી આજીવિકા ચલાવનારો થાય.

✡ લગ્ન કે ચંદ્રથી દશમે ગુરૂ હોયતો તે નવા હુન્નરોથી નાના પ્રકારના ધન મેળવે, ને રાજયદ્વારામાં માનીતો થાય.

✡ લગ્ન કે ચંદ્રથી દશમે શુક્ર હોય તો નાના પ્રકારનાં શાસ્ત્રો જાણનારો અને શાસ્ત્રની યુક્તિ રચવાથી જીવન ચલાવે છે. દાન આપવામાં સારી બુદ્ધિવાળો થાય, ઘણી નમ્રતાવાળો, મનોરથ પૂર્ણ કરનાર , ધન મેળવનાર, રાજાઓથી માન મેળવનારો, ચોખ્ખા આચરણવાળો ને ઘણા યશવાળો થાય.

✡ લગ્ન કે ચંદ્રથી દશમે શનિ હોય તો નીચ ધંધો કરનારો, શરીરથી પાતળો, ખેદ કરનારો, વાદ ને ભય કરનારો, ધનધાન્યનો, નાશ કરનારો, મનને વિશે ઉદ્વેગી, ચપળ મનનો, ને ખોટા આચરણવાળો થાય.

✡ લગ્ન કે ચંદ્રથી દશમે સૂર્ય હોય, તો બાપથી, ચંદ્રમાંથી મંગળ શત્રુથી બુધ મિત્રથી, ગુરૂ ભાઈથી શુક્ર સ્ત્રીથી ને શનિ હોય તો ચાકરથી આજીવિકા મળે છે. લગ્ન તથા ચંદ્રથી દશમે ગ્રહ હોય તો લગ્ન ચંદ્ર ને સૂર્યથી દસમાના સ્વામીનો જે નવમાંશ હોય, તેના સ્વામીની વૃત્તિથી આજીવિકા મેળવે છે.

✡ નવમાંશપતિ ● સૂર્ય હોય તો, સુગંધ સુવર્ણ, ગરમ કપડાં, ઔષધીથી, (દાક્તરી ક્રિયાથી) ધન મળે છે. ચંદ્ર હોય તો ખેતી, જળ, (મોતીછીપ)ના આશ્રયથી ને સ્ત્રીઓના કારણથી, મંગળ ધાતુ ખનિજ પદાર્થ, અગ્નિ (એન્જીન ડ્રાઈવર, કે દીવાસળી જેવા વ્યાપારથી) હથિયારથી ને પરાક્રમથી બુધ લેખ ક્રિયાથી ગણીત, કાવ્ય ને શિલ્પ વિદ્યાથી ગુરૂ બ્રાહ્મણ દેવ, કે વિદ્વાન માણસોથી, સુવર્ણાદિ ખાણો ને તેવા બીજા પ્રકારની ને સત્યકાર્યથી પૈસો મળે, શુક્રમણિ, રૂપુ અને

બીજી ધાતુ, ને ગાય, ભેંસનાકારણથી ધન મળે. નવમાશપતિ શનિ હોય તો સખ્ત આજીવિકા મળે છે.

ઉપર મુજબ આજીવિકા (રોજી) આપનાર ગ્રહ મિત્રથી રાશિમાં હોય તો તે પોતાની દસા કે અર્ધ અંતરદશામાં મિત્રની મારફતે, ને શત્રુની રાશિમાં હોય તો શત્રુની મારફતે ધનનો લાભ થાય. ઉચ્ચનો સૂર્ય યોગકર્તા હોય તો પોતાના હાથથી ધન મેળવે જન્મકાળમાં ૧૧-૧-૨ ભાવમાં બળવાન શુભગ્રહ રહેલા હોય તો મનુષ્ય અનેક પ્રકારે ધન સંપાદન કરે છે.

દસમે રાહુ હોય તો નગર કે ગામનો ધણી, સેનાપતિ, શૂરવીર, પ્રધાન, ને ધનવાળો થાય.

અગીયારમે સૂર્ય બેઠો હોય કે જોતો હોય, અથવા શની ની રાશિ હોય અથવા સૂર્યની રાશિ હોય, તો રાજ્યદ્વારા ચોર, ફૂલ, ઝગડોને ઢોરોથી ઘણું ધન મળે.

અગીયારમે ચંદ્ર હોય કે ચંદ્ર જોતો હોય કે ચંદ્રની રાશિ હોય તો, જલાશ્રય, સ્ત્રી, હાથી, ને ઘોડાઓથી ધનની વૃદ્ધિ થાય, પૂર્ણ ચંદ્ર હોય તો, તે પ્રમાણે થાય, ને ક્ષીણ હોય તો વિપરીત ફળ આપે.

લાભમાં મંગળ યુક્ત કે જોતો હોય અથવા મંગળની રાશિ હોયતો, સારાં આભૂષણ મણી, ને સોનાની પ્રાપ્તિ થાય. નાના પ્રકારનો લાભો થાય. ને ઘણાં સાહસ કામ કરનારો થાય, નાના પ્રકારની કળા જાણનાર સર્વ પ્રકારના હુન્નરોમાં પ્રવીણ થાય.

લાભ ભાવમાં બુધની રાશિ બુધનું જોવું કે બુધ બેઠો હોયતો, નાના પ્રકારની કાવ્યની રચના, શિલ્પક્રિયા, અથવા લખવાથી ઘણું સુખને ધન મેળવે, સાહસ કર્મ ને ઉદ્યમથી તથા મિશ્રિત ધાતુઓની ક્રિયાથી ધન મેળવે. ને વ્યાપારી વર્ગના લોકની સાથે મિત્રતાવાળો અથવા નપુંશક માણસોની સાથે મિત્રતાવાળો થાય.

અગીયારમે ગુરૂ યુક્ત કે જોતો હોયકે તેની -રાશિ હોય, તો ઘણો ધર્મ

કરનાર કરવાવાળો, સારા સમાગમવાળો, રાજદ્વારથી માન મેળવાનર ને ઘણા ધનવાળો થાય.

❋ અગીયારમે શુક્ર બેઠો કે જોતો હોય કે અગીયારમે શુક્રની રાશિ હોય તો, વેશ્યાના સંગથી અથવા પરદેશ જવા આવવાથી, ચાંદી, મોતી વિગેરે ધનની પ્રાપ્તિ મેળવે.

❋ અગીયારમે શનિ બેઠો કે જોતો હોય, યા શનિની રાશિ હોય તો, નીલમણિ લોઢું, ભેંસો હાથી, તેનો લાભ મેળવે, તેમજ ઘણા ગામોનો અધિપતિ, ને નગરમાં શ્રેષ્ઠ હોય.

❋ લગ્નથી પાંચમા ભાવમાં શુભ ગ્રહો હોય તો, પ્રથમ અવસ્થામાં સારું સુખ મળે.

❋ પાંચમાથી નવમાં સુધીમાં શુભ ગ્રહો હોય તો મધ્યાવસ્થામાં સુખ મળે.

❋ નવમાંથી બારમાં સુધીમાં શુભ ગ્રહો હોય તો વૃદ્ધાવસ્થામાં સુખ મળે.

❋ ઉચ્ચ સ્વગૃહીને હર્ષિત ગ્રહોનો જ્યારે વખત હોય ત્યારે રાજ્યનું સુખ લક્ષ્મી ને પરાક્રમનો વધારો થાય છે.

❋ જે અવસ્થામાં નિર્બળ ગ્રહ પાપ સાથે હોય, કે પાપગ્રહ જોતા હોય, કે અસ્તના હોય, તો તે અવસ્થામાં રહેલા ગ્રહના વખતમાં હાનિ, રોગ, સ્થાન ભ્રષ્ટ, ને બુરી સોબત કરે છે.

❋ અગીયારમે ગ્રહ કે રાશિનો જે વર્ણ (રંગ) હોય તે વર્ણવાળી વસ્તુથી લાભ ને તે વર્ણવાળા માણસોથી કે મિત્રોથી ધનનું સુખ મળે.

## ૬૩. વેપાર (ધન) સંબંધી મંત્રો

### લક્ષ્મી બીજ પ્રયોગ

આ પ્રયોગ મહત્ત્વપૂર્ણ છે અને આ બીજ મંત્રનો પ્રયોગ ગમે તે સમયે થઈ શકે છે.

કોઈ એક સ્થાન - આસન - માળા કે દીપ વગર પણ થઈ શકે છે.

પુરુષ યા સ્ત્રી કોઈપણ વ્યક્તિ આ મંત્રનો જાપ કરી શકે છે.

મંત્ર

"શ્રી"

આ એકાક્ષરી બીજ મંત્ર છે અને લક્ષ્મીજીને તે અત્યંત પ્રિય છે. તેનો માનસિક રીતે જાપ કરવો તે પણ ઉચિત ગણાય છે. ગમે તેટલા જાપ થઈ શકે છે. ગણતરીની કોઈ આવશ્યકતા નથી.

## લક્ષ્મી મંત્ર

આ મંત્રને શ્રેષ્ઠ લક્ષ્મી-મંત્ર કહ્યો છે. આ મંત્રની સાધનાથી વિશેષ આર્થિક અનુકૂળતા અને વ્યાપારિક ઉન્નતિ સંભવિત બને છે. સ્ત્રી કે પુરુષ કોઈપણ વ્યક્તિ આ મંત્રનો જાપ કરી શકે છે.

પવિત્ર આસન પર પૂર્વાભિમુખ અથવા ઉત્તરાભિમુખ બેસીને નીચે જણાવેલ મંત્રના જાપ કરવા. ઘીનો દીવો અને અગરબત્તી જાપ દરમ્યાન ચાલુ રાખવા. સાધકે પોતાની સામે "ગજ લક્ષ્મી"નો ફોટો રાખવો. બે બાજુ હાથી અને વચ્ચે લક્ષ્મીજી હોય તેવો પોસ્ટકાર્ડ સાઈઝ ફોટો / કાર્ડ લાવી રાખવું. આ ચિત્રને કાચમાં મઢાવીને રાખવું. ત્યારબાદ મંત્રની એક અથવા અગિયાર માળા કરવી. કુલ ૧૨૫૦ માળા ગણવી. તેથી સવાલાખ જાપ થશે.

મંત્રનો જાપ પ્રાતઃકાળ અથવા રાત્રે કરવો. ચાલીસ દિવસમાં સવાલાખ જાપ પૂરા કરવા જોઈએ.

અનુષ્ઠાનના રૂપમાં ઉક્ત વિધિ મુજબ જાપ ન કરવા હોય તો રોજ લક્ષ્મી-કમલા મંત્રની એક માળા અવશ્ય કરવી. તેથી પણ લાભ થાય છે. અનુષ્ઠાન સહ વિધિપૂર્વક સવાલાખ જાપ પૂર્ણ થયે દૂધના માવાના પેંડાની મંત્રોચ્ચાર સાથે અગ્નિમાં આહુતિ આપવી.

મંત્ર

**"ૐ શ્રીં હ્રીં શ્રીં કમલે કમલાલયે પ્રસીદ પ્રસીદ શ્રીં હ્રીં શ્રીં ૐ મહાલક્ષ્મ્યૈ નમઃ**

આ મંત્રના જાપ વખતે રુદ્રાક્ષની માળા હરગિઝ ન લેવી. કમલગટ્ટાની

માળા હોય તો વધુ સારું આ માળા મંત્ર સિદ્ધ પ્રાણ પ્રતિષ્ઠાયુક્ત હોવી જોઈએ.

## મહાલક્ષ્મી મંત્ર

આ શ્રેષ્ઠ મંત્ર છે. જાપ શુક્રવારથી કરવો જોઈએ.

ચાંદી/કાંસાની થાળીમાં સવા પાશેર ચોખા પાથરી તેના પર નાળિયેરના ગોળાને પાણીથી ધોઈને મૂકવો. ગોળાની ઉપર સુખડથી "શ્રી" બીજ લખીને તેની પૂજા કરવી. ગોળા પર શ્વેત પુષ્પ ચડાવવાં તથા દૂધના માવાની મીઠાઈનો ભોગ ધરવો.

ત્યાર પછી નિમ્નલિખિત મંત્રની એક માળા કરવી. જાપ દરમિયાન ધૂપ-દીપ ચાલુ રાખવા. સફેદ આસન પર બેસવું. કમલગટ્ટાની માળા લેવી. રોજ એક સમય ભોજન કરવું. ઉપર જણાવેલ ચાંદી કે કાંસાની થાળી કાયમ માટે ચોખા સાથે પૂજા સ્થાનમાં રાખી મૂકવી.

અનુષ્ઠાનના રૂપમાં આ મંત્રની સાધના કરવી હોય તો સવાલાખ જાપ કરવા. ચાલીસ દિવસમાં જાપ અવશ્ય પૂરા કરવા જોઈએ. જાપ પૂરા થયે બદામની ૧૦૮ આહુતિઓ અગ્નિમાં આપવી.

અનુષ્ઠાનપૂર્વક સાધના ન કરવી હોય તો રોજ એક માળા ગણી શકાય છે. એક વર્ષ સુધી રોજ એક માળા ગણવી જોઈએ. વર્ષ પૂરું થયે સાધર્મિકને ભોજન કરાવવું તથા કાંસાની થાળી ચોખા-નાળિયેરનો ગોળો વગેરે દાનમાં આપી દેવા. આમ કરવાથી મનોવાંછિત લક્ષ્મી પ્રાપ્ત થાય છે. વ્યાપારમાં ઉન્નતિ તથા આર્થિક દૃષ્ટિએ પૂર્ણતા અને સંપન્નતા પ્રાપ્ત થાય છે.

**મંત્ર**

***ૐ ઐં મહાલક્ષ્મ્યૈ કમલ ધારિણ્યૈ ગરૂડવાહિન્યૈ શ્રીં હ્રીં ઐં સ્વાહા !***

આ મંત્ર અત્યંત શ્રેષ્ઠ અને વ્યાપાર વૃદ્ધિમાં વિશેષરૂપથી સહાયક બને છે. આ મંત્રને "વ્યાપાર લક્ષ્મી મંત્ર" તરીકે પણ ઓળખવામાં આવે છે. તેથી વ્યાપાર-ધંધામાં કશી બરકત ન હોય - વિઘ્નો આવતા હોય કે સંતોષજનક રીતે આર્થિક ઉન્નતિ ન થતી હોય તો આ મંત્રનો અનુષ્ઠાનપૂર્વક પ્રયોગ કરવો જરૂરી છે. તેમ કરવાથી વ્યાપાર -ધંધામાં ઘણી સારી સફળતા

મળે છે. આર્થિક ઉન્નતિ પણ થાય છે.

## ધનદાયક મંત્ર

| |
|---|
| ॐ શ્રીં મહાલક્ષ્મ્યૈ સ્વાહા ॥ |

બીલીના ઝાડનું આઠ આંગળ પહોળું અને દશ આંગળ લાબું લાકડું લાવી તેના પર લાલ સુખડ તથા કેશરથી "ॐ શ્રી મહાલક્ષ્મ્યૈ સ્વાહા" લખવું. પછી કોઈ પણ શુક્રવારે સૂર્યોદય વખતે તે લાકડાનું પાટિયું ઘરના પૂજાસ્થાનમાં સ્થાપિત કરવું.

કમલગટ્ટા અથવા હળદરની માળાથી નિમ્ન મંત્રના જાપ કરવા તથા દૂધના માવાના પેંડાની મંત્રોચ્ચાર સાથે સોળ આહુતિઓ પણ આપવી. આ ક્રિયા રોજ કરવી.

૪૮ દિવસ સુધી આ મંત્રની માળા ફેરવવી. ૪૯મા દિવસે ૧૦૮ આહુતિઓ આપવી. બીલીના પાટિયાને કાયમ માટે પૂજા સ્થાનમાં જ રાખવું અથવા દુકાન કે ફેક્ટરીમાં રાખવું. આમ કરવાથી નિશ્ચિત રૂપે ધનપ્રાપ્તિ થાય છે અને દરિદ્રતાનું નિવારણ પણ થાય છે.

### મંત્ર

દુર્ગે સ્મૃતા હરસિ ભીમિત શેષ જન્તો
સ્વસ્થૈં સ્મૃતા મતિમતીય શુભાદદાસિ ।
દારિદ્રય દુઃખ ભય હારિણી કાત્વ દન્યા
સર્વોપકાર કરણાય સદાદ્ર ચિત્તા ॥

આ મંત્ર અત્યંત મહત્ત્વપૂર્ણ છે. અનેક લોકોએ આ મંત્રની સાધનાથી વિશિષ્ટ લાભ પ્રાપ્ત કર્યો છે. મંત્રનું શુદ્ધતાપૂર્વક ઉચ્ચારણ કરવું. આ પ્રયોગથી આર્થિક યા વ્યાપારિક દૃષ્ટિએ કોઈ કમી રહેતી નથી.

## શ્રી મંજુઘોષા પ્રયોગ

આને ધાન્ય લક્ષ્મી પ્રયોગ પણ કહે છે. દરિદ્રતા નિવારણ અને ઘરમાં ધન-ધાન્યાની વૃદ્ધિની દૃષ્ટિએ આ મંત્ર પ્રયોગ અત્યંત મહત્ત્વપૂર્ણ મનાય છે. આ પ્રયોગ ભોજન કરતી વેળા કરવાનો હોય છે. સાધકે દિવસમાં એક

કે બે વખત સ્વચ્છ આસન પર બેસીને ભોજન કરવું. મનફાવે ત્યારે ખાવું નહીં. ભોજનની થાળી પીરસવામાં આવે ત્યારે જમવાની શરૂઆત કરતાં પહેલાં નિમ્નલિખિત મંજુઘોષા લક્ષ્મી યંત્રનું ધ્યાન ધરવું જોઈએ.

**મંત્ર**

"શશધરમિવ શુભ્રં ખડગ પુસ્તાંક પાણિ
ચુર ચિરમતિ-શાન્તં પંચ ચૂડં કુમારમ્ ।
પૃથુતર વરમુખ્યં પદ્મ પત્રત્રયાનક્ષં
કુમતિ દહન દક્ષં મંજુ ઘોષં નમામિ ॥

અર્થાત્ ચંદ્રમાં સમાન શુભ્ર વર્ણવાળા - એક હાથમાં ખડગ તથા બીજા હાથમાં પુસ્તક ધારણ કરનાર - અત્યંત શાંત અને મનોરમ મુખારવિંદયુક્ત જેમના મસ્તક પર પાંચ ચૂડાઓ છે તેવા સ્થૂલ શરીરવાળા - કમળની પાંખડીઓ જેવી મોટી આંખોવાળા - દુર્બુદ્ધિ નષ્ટ કરવામાં સમર્થ એવા મંજુઘોષાને હું પ્રણામ કરું છું.

આ પ્રકારે ધ્યાન કર્યા બાદ નિમ્નમંત્રની એક માળા ગણવી. માળા ન હોય તો આંગળાના વેઢા પર ૧૦૮ વખત મંત્ર જાપ કરવો.

**જમવાનો મંત્ર**

**નોંધ : નવકાર મંત્ર ગણ્યા પછી આ મંત્ર ગણવો.**

"અરવચલધી"

આ ષડાક્ષરી મંત્ર મહત્ત્વપૂર્ણ છે. ભોજન કરતાં કરતાં પણ મનમાં તેનો જાપ કરતા રહેવો.

ભોજન સમાપ્ત કર્યા બાદ થાળીમાં હાથ ધોયા બાદ તે પાણીમાં આંગળીઓ ડૂબાડી આ ષડાક્ષરી મંત્ર લખવો. પછી આસન પરથી ઊભાં થઈ જવું. ત્યાર પછી ફરીને તે મંત્રની એક માળા ગણવી. આ પ્રયોગથી શિઘ્ર ધનપ્રાપ્તિ થાય છે. આર્થિક અનુકૂળતા પ્રાપ્ત થતી જાય છે તથા ઘરમાં કોઈ ચીજનો અભાવ રહેતો નથી.

## દરિદ્રતા નિવારણ

આ પ્રયોગ ૨૦ દિવસનો છે.

સાધકે સવારે સ્નાનાદિકથી પરવારીને સફેદ આસન પર પૂર્વાભિમુખ

બેસવું. દીવો-અગરબત્તી કરવા. પછી હાથમાં પાણી લઈ મનોમન સંકલ્પ કરવો કે દરિદ્રતા નિવારણ અર્થે હું આ લક્ષ્મી અનુષ્ઠાનનો પ્રારંભ કરું છું.

આ રીતે પ્રતિદિન મંત્રજાપ અગાઉ આ સંકલ્પ કરવો. પછી હાથમાં પાણી લઈ વિનિયોગ કરવો. આ વિનિયોગ પણ રોજ કરવો. વિનિયોગમાં નીચેનો મંત્ર બોલવો અને પાણી ધીમે ધીમે કોઈ સ્વચ્છ પાત્રમાં ટપકાવતા જવું.

**"અસ્ય શ્રી સર્વા બાધા વિનિમુર્કતેતિ મંત્રસ્ય ધનેશ્વર ઋષિઅનુષ્ટુપ છંદ - શ્રી ધનદા દેવતા - હ્રીં બીજં - સ્વાહા શકિત મમાભીષ્ટ સિદ્ધયર્થે જપે વિનિયોગ ।"**

ત્યારબાદ નીચે જણાવેલ મંત્રના જાપ કરવા. રોજ ૫૦૦ જાપ કરવા ૨૦ દિવસ સુધી ઉપર જણાવ્યા પ્રમાણે જાપ કરવા. કુલ ૧૦ હજાર મંત્ર જાપ કરવાથી સાધન સંપન્ન થાય છે.

## ચતુરા લક્ષ્મી બીજ મંત્ર પ્રયોગ

આ પ્રયોગ ૩૬ દિવસનો છે.

રોજ સવારે સ્નાન પછી સ્વચ્છ વસ્ત્ર ધારણ કરી સફેદ આસન પૂર્વાભિમુખ બેસવું. કમલગટ્ટાની માળાથી નીચે મંત્રની ૨૧ માળા કરવી. પ્રથમ દિવસે જે સમયે જાપ શરૂ કરો તે જ સમય રોજ નિશ્ચિત રાખવા. આ સમયમાં ફેરફાર ન કરવો. કમલગટ્ટાની માળાના બદલે સ્ફટિકમણિની માળા પણ લઈ શકાય.

**મંત્ર**

**"ઐં શ્રીં હ્રીં ક્લીં"**

આ ચાર મંત્રાક્ષર લક્ષ્મીના ચાર બીજ મંત્ર છે. તેથી તેનો સંયુક્ત જાપ અત્યંત મહત્ત્વપૂર્ણ મનાય છે.

## દશાક્ષર લક્ષ્મીમંત્ર

શારદા તિલક ગ્રંથમાં આ મંત્રની ઘણી પ્રશંસા કરવામાં આવેલી છે. દરિદ્રતાના વિનાશ માટે તે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ઘરમાં દરિદ્રતા છવાઈ

ગઈ હોય અને પ્રયત્ન કરવા છતાં તે દૂર થતી ન હોય તો આ મંત્ર પ્રયોગ કરવો જોઈએ.

રોજ રાત્રે નીચે જણાવેલ મંત્રનો શુદ્ધિપૂર્વક જાપ કરવો. કુલ સવાલાખ જાપ કરવા. તેથી મંત્ર સિદ્ધિ પ્રાપ્ત થાય છે. મંત્ર સિદ્ધ થયા પછી સાધકની દરિદ્રતા દૂર થાય છે. ઘરમાં સુખ-સમૃદ્ધિ આવે છે.

જાપ દરમિયાન રોજ ધૂપ-દીપ કરવા. સાધકે રોજ એક ટાઈમ જમવું. મદ્-માંસ-મદીરા-લસણ-ડુંગળીનો ત્યાગ કરવો.

**મંત્ર**

**ૐ નમઃ કમલવાસિન્યૈ નમઃ ।**

આ દશાક્ષરી મંત્ર લક્ષ્મીને અત્યંત પ્રિય છે. દરિદ્રતા નિવારણ અર્થે વિશેષ રૂપથી ઉપયોગી છે.

## સિદ્ધ લક્ષ્મી પ્રયોગ

આ પ્રયોગ પણ ઘણો મહત્ત્વપૂર્ણ છે.

આ પ્રયોગમાં મંત્રના સવાલાખ જાપ કરવાના હોય છે અને તે ચાલીસ દિવસમાં પૂરા થવા જોઈએ. ત્યાર પછી તેનું પરચુરણ દશ હજાર આહુતિઓ આપીને કરવું જોઈએ. આહુતિઓ ન આપી શકાય તો સવા લાખ મંત્ર જાપ ઉપરાંત બીજા દશ હજાર મંત્ર જાપ કરવા. આહુતિમાં ફક્ત ગાયના શુદ્ધ ઘીનો ઉપયોગ કરવો.

મંત્ર જાપ શરૂ કરતાં પહેલાં હાથમાં પાણી લઈને વિનિયોગ કરવો.

ૐ અસ્ય શ્રી સિદ્ધ મંત્રસ્ય હિરણ્યગર્ભ ઋષિ ।
અનુષ્ટુપ છંદ, શ્રી મહાકાલી મહાસરસ્વત્યો દેવતાઃ ।
શ્રીં બીજમ્ । હ્રીં શક્તિ ક્લીં કીલકમ્ મમ સર્વક્લેશ પીડા
પરિહાર્યમ્ સર્વ દુઃખ દરિદ્ર નાશનાર્થ સર્વ કાર્ય સિદ્ધયર્થ ચ
શ્રી સિદ્ધ લક્ષ્મી મંત્ર જપે વિનિયોગઃ ॥

આ વિનિયોગ રોજ કરવો. પછી મંત્ર જાપ શરૂ કરવા.

મંત્ર

**ૐ શ્રીં હ્રીં ક્લીં શ્રી સિદ્ધ લક્ષ્મ્યૈ નમઃ ।**

જાપ માટે સ્ફટિકની જ માળા રાખવી. અન્ય પ્રકારની માળા કામ આવતી નથી. જાપ પૂર્ણ થયે સ્ફટિકની માળા સાધકે પોતાના ગળામાં ધારણ કરવી.

## દ્વાદશાક્ષર મહાલક્ષ્મી મંત્ર પ્રયોગ

જેના જીવનમાં વ્યાપારિક બાધાઓ અવારનવાર આવતી હોય - સખત પરિશ્રમ છતાં વ્યાપારમાં ઉન્નતિ ન થતી હોય - વેચાણ વધતું ન હોય. વ્યાપાર - ધંધામાં વિઘ્નો આવી પડતા હોય તેણે આ મંત્ર પ્રયોગ અવશ્ય કરવો જોઈએ. અનેક વ્યાપારીઓએ આ પ્રયોગનો લાભ ઊઠાવ્યો છે.

આ પ્રયોગ દરમિયાન બે વસ્તુઓનું ખાસ ધ્યાન રાખવું.

(૧) આ પ્રયોગ ૩૨ કે ૬૦ દિવસમાં પૂર્ણ થવો જોઈએ.
(૨) સવા લાખ મંત્ર જાપ કરવા જોઈએ.

જાપ પૂરા થયે મંત્રોચ્ચાર સાથે દશ હજાર આહુતિઓ આપવી. આહુતિઓ માટે શુદ્ધ ગાયના શુદ્ધ ઘી વાપરવું. આહુતિ ન આપી શકાય તો વધારાના દશ હજાર મંત્ર જાપ કરવા.

આ પ્રયોગ સ્વર્ણાકર્ષણગુટિકા પર જ સંપન્ન કરી શકાય છે. તેથી સાધકે આ ગુટિકા અવશ્ય મેળવી લેવી. આ ગુટિકાને બદલે પારદગુટિ પણ ચાલે. સ્વર્ણાકર્ષણગુટિ કાળા રંગની હોય છે. સૂર્ય સામે રાખવાથી તેમાં અન્ય રંગોની આછી ઝલક જોવા મળે છે.

**આ ગુટિકા મંત્ર સિદ્ધ પ્રાણપ્રતિષ્ઠા યુક્ત હોવી જોઈએ.**

મંત્ર પ્રયોગના પ્રારંભ અગાઉ આ ગુટિકાને ચાંદીની થાળી કે અન્ય કોઈ ધાતુની થાળીમાં ચોખાની ઢગલી પર સ્થાપિત કરવી. સ્થાપના માટે આ સિવાય બીજી કોઈ વિશેષ વિધિ નથી. ગુટિકાની સામે જાપ કરવા. જાપ દરમિયાન ધૂપ-દીપ ચાલુ રાખવા.

જાપ પૂરા થયે ગુટિકા દુકાન / ફેક્ટરી અથવા તીજોરીમાં રાખવી. આમ કરવાથી વ્યાપારવૃદ્ધિ અને આર્થિક ઉન્નતિ સ્વતઃ થતી જાય છે.

આ પ્રયોગ કોઈપણ વ્યક્તિ (સ્ત્રી / પુરુષ) કરી શકે છે.

સાધકે પ્રાતઃ કાળે સ્નાનાદિકથી પરવારી શુદ્ધ વસ્ત્રો ધારણ કરીને પવિત્ર આસન પર પૂર્વાભિમુખ બેસવું. ધૂપ-દીપ કરવા. કમલગટ્ટાની માળાથી જાપ કરવા.

કોઈ સાધક સવાલાખ જાપ ન કરી શકે તો તેણે એક દિવસમાં (૨૪ કલાકમાં) દશ હજાર જાપ કરી લેવા. તેથી પણ ઉક્ત સ્વર્ણાકર્ષગુટિકા સિદ્ધ થઈ જાય છે. પૂરું અનુષ્ઠાન કરવાની પછી જરૂર રહેતી નથી.

આ જાપ દરમિયાન સાધક ત્રણ વખત વિશ્રામ લઈ શકે છે. પ્રથમ વિશ્રામ ૩૫ માળા ગણ્યા પછી લેવો. બીજો વિશ્રામ ૬૦ માળા ગણ્યા પછી અને ત્રીજો વિશ્રામ ૮૧ માળા પછી કરવો.

મંત્ર

**।। ઐં હ્રીં શ્રીં ક્લીં સૌં જગત્પ્રસૂત્યૈ નમઃ ।।**

આ મંત્ર અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ઘણી મહેનત કરવા છતાં વ્યાપારમાં સફળતા ન મળતી હોય તેમણે આ મંત્ર પ્રયોગ કરવો. લાંબું અનુષ્ઠાન ન થઈ શકે તો ઉપર જણાવ્યા પ્રમાણે નાનું અનુષ્ઠાન કરવું અને તેમ કરીને સ્વર્ણાકર્ષણગુટિકા સિદ્ધ કરી લેવી. તેથી જીવનમાં કોઈ ચીજનો અભાવ રહેતો નથી.

## જયેષ્ઠા લક્ષ્મી પ્રયોગ

આ પ્રયોગ મહત્ત્વપૂર્ણ છે. જીવનમાં સર્વ પ્રકારની ઉન્નતિ ચાહનાર વ્યક્તિએ ઉપર જણાવેલ પ્રયોગ જરૂર કરવો જોઈએ. દૈનિક પૂજામાં આ પ્રયોગ સામેલ કરવો જોઈએ.

આ પ્રયોગમાં મંત્ર જાપનું પ્રમાણ નિશ્ચિત નથી. તેમ છતાં સાધકે રોજ મંત્રની એક માળા ગણવી જોઈએ. પ્રાતઃકાળે એક માળા ગણે તે વધારે યોગ્ય છે.

આ પ્રયોગ માટે શ્રીયંત્રની જરૂર હોય છે. આ યંત્ર ધાતુ નિર્મિત-મંત્રસિદ્ધ અને પ્રાણ પ્રતિષ્ઠા યુક્ત હોવો જોઈએ. કૂર્મ પૃષ્ઠીય શ્રીયંત્ર પ્રયોગ અગાઉ મેળવી લેવો જરૂરી છે.

કોઈપણ બુધવારે પ્રાતઃકાળ સૂર્યોદયના સમયથી દશ વાગ્યાની અંદર સ્નાનાદિકથી શુદ્ધ થઈ - સ્વચ્છ વસ્ત્રો ધારણ કરી આ યંત્રને પૂજાના સ્થાનમાં સ્થાપિત કરવો. આને માટે કોઈ વિશેષ વિધિ-વિધાનની જરૂર નથી. બાજઠ કે પાટિયા પર લાલ / પીળું વસ્ત્ર પાથરી તેની ઉપર આ યંત્ર રાખવો. ત્યારબાદ નિમ્નલિખિત મંત્રની એક માળા રોજ કરવી. ચાર મહિના સુધી આ પ્રમાણે કરવાથી મંત્ર સિદ્ધ થાય છે. કોઈ કાર્યના હિસાબે એક દિવસ ખાલી જાય તો બીજા દિવસે ૨ માળા કરવી. બહારગામ જવાનો પ્રસંગ ઊભો થાય તો સાધક પોતાની સાથે શ્રીયંત્ર લઈ જઈ શકે છે.

મંત્ર

"ઐં હ્રીં શ્રીં જયેષ્ઠાલક્ષ્મીં સ્વયંભવે જયેષ્ઠાયૈ નમઃ"

જાપ દરમિયાન ધૂપ-દીપ અવશ્ય કરવા. સ્નાન કર્યા બાદ અથવા હાથ-પગ ધોઈને સ્વચ્છ આસન પર જાપ માટે બેસવું.

આર્થિક ઉન્નતિ-વ્યાપારિક સમૃદ્ધિ - ઉન્નતિ - દરિદ્રતા નિવારણ લક્ષ્મી પ્રાપ્તિ અને જીવનમાં સર્વ પ્રકારની સમૃદ્ધિ માટે આ મંત્ર જાપ અત્યંત અનુકૂળ - અનુભૂત તથા શ્રેષ્ઠ કહેવાય છે.

## શ્રેષ્ઠ લક્ષ્મી મંત્ર પ્રયોગ

આ મંત્ર પણ આર્થિક ઉન્નતિ માટે અનુકૂળ છે. આ મંત્રની રોજ એક માળા કરવી જરૂરી છે. ફક્ત અગિયાર દિવસમાં જ આ મંત્ર સિદ્ધ થઈ જાય છે. શાસ્ત્રીય ગ્રંથોમાં આ મંત્રની ઘણી પ્રશંસા કરવામાં આવી છે. લક્ષ્મીના સર્વ મંત્રોમાં નિમ્નલિખિત મંત્ર શ્રેષ્ઠ અને અદ્ભુત સફળતાદાયક છે.

જે વ્યક્તિના જીવનમાં આર્થિક અભાવ હોય અથવા પ્રયત્ન કરવા છતાં આર્થિક ઉન્નતિ ન થતી હોય કે વ્યાપાર ધંધામાં વિઘ્નો આવતા હોય તેમણે આ શ્રેષ્ઠ અને રામબાણ લક્ષ્મી મંત્રનો પ્રયોગ કરવો જોઈએ. આ મંત્ર આર્થિક ઉન્નતિ માટે વિશેષ ફળદાયક છે.

આ પ્રયોગ ઓછા સમયનો અને શીઘ્ર અસરકર્તા છે. તેથી આર્થિક ઉન્નતિ માટે ઈચ્છુક સાધકે આ પ્રયોગ જરૂર કરવો જોઈએ. સાધક પ્રાતઃકાળે

સ્નાનાદિકથી પરવારી સ્વચ્છ વસ્ત્રો પહેરીને પૂર્વાભિમુખ બેસીને મંત્રના જાપ કરવા. આસન સફેદ રંગનું લેવું. સ્ફટિક યા કમલગટ્ટાની માળાથી જાપ કરવા. જાપ દરમિયાન દીવો-અગરબત્તી ચાલુ રાખવા.

જાપ શરૂ કરતા અગાઉ સાધકે પોતાની સામે એક થાળીમાં ચોખાની ઢગલી પર કનકધારા યંત્ર સ્થાપિત કરવો. આ યંત્ર ઉક્ત સાધના માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ યંત્ર સામે રાખીને જાપ કરવાથી લક્ષ્મી પ્રયોગ સફળ બને છે. થોડા દિવસમાં જ મંત્રના ચમત્કારનો અનુભવ થાય છે. યંત્ર સ્થાપના માટે કોઈ વિશેષ વિધિની જરૂર નથી. આ યંત્ર ધાતુ નિર્મિત મંત્રસિદ્ધ પ્રાણપ્રતિષ્ઠાયુક્ત હોવો જોઈએ. સાધના પૂરી થયે (અગિયાર દિવસ પછી) રોજ એક માળા આ યંત્ર સામે કરવી. તેથી સાધક કોઈ પણ મુશ્કેલીનો / અડચણનો કે વિઘ્નનો સારી રીતે સામનો કરી શકે છે.

**મંત્ર**

***ૐ શ્રીં ક્લીં શ્રીં લક્ષ્મીરાગચ્છ મમ મંદિરે તિષ્ઠતિષ્ઠ સ્વાહા //***

ત્રેવીસ અક્ષરનો આ મંત્ર છે. લક્ષ્મીને તે અત્યંત પ્રિય છે. લક્ષ્મીજીએ સ્વયં આ મંત્ર બતાવ્યો અને કહ્યું હતું કે, "આ મંત્ર સર્વદૃષ્ટિએ મને પ્રિય છે અને જે કોઈ આ મંત્રનું એક વાર ઉચ્ચારણ કરે તેના ઘરે હું વાસ કરું છું."

ઘરમાંથી દરિદ્રતા નિવારણ અને આર્થિક ઉન્નતિ માટે આની બરોબરીનો કોઈ મંત્ર નથી.

## મહાલક્ષ્મી મંત્ર

આ મંત્રની પ્રયોગ વિધિ શ્રેષ્ઠ લક્ષ્મીમંત્ર પ્રયોગમાં દર્શાવેલ મંત્ર જેવી છે.

આ પ્રયોગમાં પણ કનકધારા યંત્રની જરૂર પડે છે. ફક્ત મંત્ર જાપમાં જ થોડો ફેર છે. આ પ્રયોગમાં મંત્ર જાપ ૯ દિવસમાં કુલ નવ હજારની સંખ્યામાં કરવા પડે છે અથવા અગિયાર દિવસમાં નવ હજાર જાપ પૂરા કરવાના હોય છે.

મંત્ર

ૐ શ્રીં હ્રીં શ્રીં કમલે કમલાલયે પ્રસીદ પ્રસીદ
મમ ગૃહે આગચ્છ આગચ્છ મહાલક્ષ્મ્યૈ નમઃ ॥

આ મંત્ર વ્યાપાર-સમૃદ્ધિ અને આર્થિક ઉન્નતિ માટે અનુકૂળ છે. આ બન્ને હેતુ માટે સાધક આ પ્રયોગ કરી શકે છે.

## કુબેર મંત્ર પ્રયોગ

આ મંત્ર પ્રયોગ એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને દુર્લભ છે. પ્રાચીન ગ્રંથોમાં જણાવ્યા મુજબ તે સર્વ મંત્રોમાં શ્રેષ્ઠ મંત્ર છે.

જીવનમાં આર્થિક દૃષ્ટિએ રાવણે શ્રેષ્ઠ સંપન્નતા પ્રાપ્ત કરી હતી. બધી રીતે આ મંત્ર અત્યંત અનૂકુળ છે. સાત પેઢીથી ચાલી આવતી દરિદ્રતાને તે દૂર કરે છે. પ્રયોગથી અવશ્ય ઉન્નતિ-પ્રગતિ થાય છે. સાધકને અનુકૂળ વાતાવરણ પ્રાપ્ત થાય છે અને તે આગળ વધી શકે છે.

ધન-ધાન્ય-ભૂમિ-મકાન-કીર્તિ-યશ-સન્માન-વિજય અને દીર્ઘાયુ પ્રાપ્ત કરવા માટે તથા આર્થિક તંગી દૂર કરવા માટે આ પ્રયોગ અત્યંત શ્રેષ્ઠ છે. આ પ્રયોગ પુરુષ કે સ્ત્રી કોઈ પણ કરી શકે છે.

આ પ્રયોગ ૧૧ દિવસનો છે અને રોજ ૧ માળા કરવી જોઈએ. કુલ ૧૧ માળા ફેરવવાથી આ મંત્ર પ્રયોગ સિદ્ધ થાય છે તથા જીવનમાં પૂર્ણતા પ્રાપ્ત થાય છે.

સવારે સ્નાનાદિકથી શુદ્ધ થઈ - સ્વચ્છ વસ્ત્રો ધારણ કરી પૂર્વાભિમુખ બેસવું. શુદ્ધ ઘીનો દીવો તથા અગરબત્તી કરવા. આ પ્રયોગમાં કુબેર યંત્ર આવશ્યક છે. ધાતુ નિર્મિત મંત્રસિદ્ધ પ્રાણપ્રતિષ્ઠા યુક્ત યંત્ર જોઈએ. આ યંત્ર અદ્‌ભુત સફળતાદાયક છે. આ યંત્ર સામે નિમ્નલિખિત મંત્રના કરવાથી થોડા દિવસમાં જ તેનું ફળ પ્રાપ્ત થાય છે.

આ યંત્રની કિંમત ઘણી હોય છે. જેને તે ન પોષાય તો તેણે યંત્રને બદલે સિદ્ધ વિશાયંત્રની ત્રાંબા કે ચાંદીની વીંટીનો ઉપયોગ કરી શકે છે.

આ પ્રયોગ અત્યંત શ્રેષ્ઠ છે અને પૂર્ણ સમૃદ્ધિ - આર્થિક ઉન્નતિ - તથા સફળતા મેળવવા માટે આનો પ્રયોગ એક વખત અવશ્ય કરવો જોઈએ.

દિવાળીની રાત્રે આ યંત્ર સામે મંત્રની એક માળા કરવાથી સફળતા તુરત મળે છે. આ સિવાય કોઈ શુભ પર્વ / તહેવારના દિવસે આ યંત્ર સામે જાપ કરવાથી જીવનમાં નિરંતર ઉન્નતિ થતી રહે છે. જીવનમાં પછી કોઈ પ્રકારનો અભાવ રહેતો નથી.

**મંત્ર**

*ૐ યક્ષાય કુબેરાય વૈશ્રવણાય ધનધાન્યાદિ પતયે ધન ધાન્ય સમૃદ્ધિ મે દેહિ દાપય સ્વાહા ॥*

સાધના પૂર્ણ થયે રોજ આ યંત્ર સામે ઉક્ત મંત્ર ૧૧ વખત ગણવાથી પ્રતિદિન ઉન્નતિનો અનુભવ થાય છે.

કુબેર યંત્ર પર બીજા કેટલાક મંત્રો સિદ્ધ કરવામાં આવે છે. પરંતુ લક્ષ્મી મંત્રનો પ્રયોગ તે બધામાં શ્રેષ્ઠ છે.

## ૬જ. વેપાર ધન સંબંધી યંત્રો

### અદ્‌ભૂત લક્ષ્મી પ્રાપ્તિ યંત્ર

| | | | | |
|---|---|---|---|---|
| ૐ | ह्रीँ | श्रीँ | क्ल | महा |
| अ | हूँ | न | मः | लक्ष्म्यै |
| ध | र | णे | न्द्र | पद्मा |
| स | हि | ता | य | वती |
| ह्री | श्रीँ | न | मः | नमः |

આ યંત્ર વિ. સંવત ૧૨૦૯માં અનેક મંત્ર-યંત્રના જાણકાર મહાવિદ્વાન્ આચાર્ય મહેન્દ્રસૂરીશ્વરજી એ નાડોલ (મારવાડ) માં લખેલ છે. તે આચાર્ય ભગવંતે અનેક જૈનેતરોને શુધ્ધ શ્રાવક બનાવ્યા હતા. આ યંત્ર સોનું, ચાંદી કે ત્રાંબાના પતરા ઉપર રવિપુષ્ય નક્ષત્રમાં વિધિપૂર્વક કોતરાવી તેનું પૂજન

કરવું.

ॐ ह्रीं श्रीं क्लीं अर्हं नमः महालक्ष्म्यै धरणेन्द्र पद्मावती सहिताय ह्रीं श्रीं नमः ॥

આ મંત્રના સાડા બાર હજાર જાપ કરવા. રોજ એક માળા ફેરવવી. આ યંત્ર અત્યંત ઉપયોગી છે. પ્રત્યક્ષ લાભ આપનાર છે. પૂજન કરનારને ચમત્કાર જરૂર થાય છે. લક્ષ્મીની પ્રાપ્તિ ઘણી થાય છે અને ક્યારેય નિર્ધન અવસ્થા પ્રાપ્ત થતી નથી.

## મહાલક્ષ્મી યંત્ર

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧૧ | ૧૦ | ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૧૦ | ૧૧ | ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૯ | ૧૧ | ૧૦ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૮ | ૧૦ | ૧૧ | ૯ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૭ | ૯ | ૧૦ | ૧૧ | ૮ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૬ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૭ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૫ | ૪ | ૩ | ૨ | ૧ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧૧ | ૧૦ | ૯ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ॐ | ह्रीं | श्रीं | क्लीं | अ | रि | हं | त | दे | वे | स |

આ યંત્ર રવિપુષ્ય અગર દિવાળીને દિવસે ચાંદીના પતરા ઉપર કોતરાવી ત્રાંબાના ઘડામાં રાખી ઘરમાં એકાંત સ્થાને ઘડાની સ્થાપના કરીને હંમેશા યંત્રનું જળથી ન્હવણ કરી ચંદન તથા ફૂલથી પૂજન કરી. યંત્રમાં લખેલ મંત્રના સાડાબાર હજાર જાપ કરી રોજ પાંચ માળા ફેરવે તો ઘણી

લક્ષ્મી પ્રાપ્તિ થાય સંદેહ ન રાખવો મહા પ્રભાવિક છે. પૂજ્ય હેમચંદ્રસૂરીએ બનાવેલ છે અત્યારે પણ કલકત્તામાં આનું બહુ પૂજન થાય છે.

## ૬૫. વેપાર ધન વિષયક નોંધો

- મહેશ્વરદત્તશેઠની સંપત્તિ

  ૫૦૦ ગાડાં, ૫૦૦ વહાણો, ૫૦૦ ગોકુળ, ૫૦૦ દુકાનો, ૫૦૦ વણિક પુત્રો, ૫૦૦ હાથી, ૫૦૦ ઘોડા, ૫૦૦ જાતનાં વાજીંત્રો, ૫૦૦ સુભઠો, ૫ લાખ નોકર, તથા ૫૬ કરોડ સુવર્ણ ભંડારમાં, ૫૬ કરોડ સુવર્ણ વ્યાજમાં, ૫૬ કરોડ સુવર્ણ વ્યાપારમાં હતું.

- પેથડ મંત્રીએ-૭કરોડ દ્રવ્ય ખર્ચી ૪૫ આગમો લખાવી જ્ઞાન ભંડાર બનાવ્યા.

- પેથડમંત્રીએ -૫૬ ઘડી સોનું બોલી ગીરનાર તીર્થને શ્વેતામ્બર હસ્તક કરેલું છે.

- કલ્કીરાજાની રૂદ્ધિ - ૯૯ કરોડ સોનૈયા રાજ ભંડારમાં, ચૌદશો હાથી, ૪૫૦ હાથણી, ૮૭ લાખ ઘોડા, ૫ કરોડ પાયદળ, મૃગાંકનામનો મુગટ, દુર્વવાસાનામનો ભાલો, સૂર્ય-ચંદ્ર ૨ કડાં, દૈત્ય સુદન ખડ્ગ, અદંત નામે અશ્વ ૪ પુત્રો.

## તીર્થકરના વર્ષીદાનનું પ્રમાણ

- એક દિવસમાં ૧ ક્રોડ આઠ લાખ સોનૈયાનું દાન આપે છે. આ રીતે એક વર્ષ સુધી દાન ચાલુ રાખે. આમ એક વર્ષમાં ત્રણ અબજ, અઠયાસી ક્રોડ અને એશીં લાખ સૌનૈયાનું દાન આપે. બસોને પચ્ચીસ ગાડાં સુવર્ણ એક દિવસનું થયું એક વર્ષના દિવસ ૩૬૦ થાય તેને ૨૨૫ ગુણતાં ૮૧,૦૦૦ ગાડાં સુવર્ણ તીર્થકર એક વર્ષમાં દાન આપે. તે ગાડાં તે તે જિનવરના સમયનાં જાણવાં તીર્થકરના દાનનો પ્રભાવ એવો છે કે બાર વર્ષ સુધી છ ખંડમાં શાંતિ રહેને કલહ ન રહે. ભંડારમાં

મુકે તો બાર વર્ષ સુધી ખૂટે નહિ. રોગીનો રોગ જાય, નવિન રોગ થાય નહિ. મંદબુદ્ધિવાળાને દેવતા સદશ બુદ્ધિ થાય વિગેરે અપૂર્વ પ્રભાવ હોય છે.

## ૬૬, આયુષ્ય સંબંધી શુકનો

### આયુષ્ય પ્રમાણ જોવાની રીત

લક્ષં લક્ષણ લક્ષિતેન પયસા ભાનુપ્રભા મણ્ડલમ્,

ક્ષીણઃ દક્ષિણ પશ્ચિમોત્તરપુરઃ ષટ્ત્રિદ્વિમાસૈકકં

મધ્યં છિદ્રગતં ભવેદ્દશદિને, ધુમ્રાકુલે તદ્દિનં

સર્વજ્ઞૈં પરિભાષિતં સ્ફુટતરં, આયુઃપ્રમાણં ધ્રુવમ્ ॥૧॥

✡ પાણી ભરી કુંડીમાં સૂર્યબિંબ જોવું. દક્ષિણ તરફ ખંડિત દેખાય તો છ માસનું આયુ પશ્ચિમ બાજુ ખંડિત દેખાય તો ત્રણ માસનું, ઉત્તરબાજુ- તો બે માસનું પૂર્વ બાજુ ખંડિત દેખે તો એક માસનું બિંબમધ્યે છિદ્ર દેખે તો ૧૦ દિવસનું, અને ધુમાડા સહિત સૂર્ય દેખે એક દિવસનું આયુ જાણવું.

### વિવિધ સ્થાનમાંથી જતા જીવની ગતિ

બ્રહ્મદ્વારથી નિકળેતો મોક્ષમાં જાય
આંખમાંથી નિકળેતો દેવગતિમાં જાય
નાકમાંથી નિકળેતો મનુષ્યગતિમાં જાય
કાનમાંથી નિકળેતો અસુર થાય
વ્રક્ષઃ સ્થળથી નિકળેતો યક્ષ, રાક્ષસ થાય
લિંગ દ્વારથી નિકળેતો કીટક થાય
ગુદાદ્વારથી નિકળેતો નરકમાં જાય
**આ વિષે ઠાણાંગમાં કહ્યું છે કે :-**
પગમાંથી જીવ નિકળેતો નરકગતિમાં જાય
સાથળમાંથી જીવ નિકળેતો તિર્યંચ ગતિમાં જાય
હૃદયમાંથી જીવ નિકળેતો મનુષ્ય ગતિમાં જાય

મસ્તકમાંથી જીવ નિકળેતો દેવ ગતિમાં જાય

સર્વાંગથી જીવ નિકળેતો સિદ્ધિ ગતિમાં થાય

## ૬૭. આયુષ્ય સંબંધી રેખાઓ

માણસની પાસે ગમે તેટલો પૈસો કે વૈભવ હોય પરંતુ શરીરની તંદુરસ્તી સારી ન હોય તે બધુ નકામું છે. જેથી પ્રથમતો આપણે એ જાણવું જોઈએ કે આ માણસની તંદુરસ્તી કેમ રહેશે, આયુષ્ય કેટલું છે, ત્યારબાદ ધનદોલતની વાત થાય.

રેખા વિજ્ઞાનમાં બહુ જ ઉપયોગી રેખા વિષે પ્રથમ વિચાર કરીએ આ રેખાને જીવન રેખા કહેવામાં આવે છે.

આપણા ભારતીય જૂના શાસ્ત્રમાં હૃદયરેખાને જીવનરેખા તરીકે ઓળખાવામાં આવે છે. પરંતુ ઘણા હાથમાં તે રેખા હોતી નથી છતાં માણસનું લાંબુ આયુષ્ય હોય છે, ત્યારે તેવા હાથમાં આપણે જેને જીવનરેખા તરીકે ઓળખીએ છીએ તે રેખા સારી હોય છે. જેથી આ રેખામાં જ આયુષ્યની રેખા પરથી આયુષ્ય તેમજ જીવનમાં આવતી માંદગી વિષે કરેલું ભાવિ કથન સાચું નીવડે છે.

જીવનરેખાનું ઉગમ સ્થાન ગુરુના પર્વત તેમજ નીચલા મંગળના પર્વતની વચ્ચેનું છે. કોઈ કોઈ હાથમાં આ રેખા ગુરુના પર્વત પરથી પણ નીકળે છે, જ્યારે કેટલાક હાથમાં બહુ જ નીચાણ કે મધ્યમાંથી નીકળે છે. આ સિવાય હાથમાં બીજી કોઈ જગ્યાએથી આ રેખા નીકળતી નથી.

ઉપરનાં સ્થાનો પરથી નીકળીને આ રેખાને શુક્રના પર્વતને



ત્રણેય રેખાનું સાથે નીકળવું તેમજ સ્વાસ્થ્ય રેખાથી જીવનરેખા યાને આયુષ્યરેખાનું કપાવું.

ઘેરાવો લઈને હાથમાં પહોંચાના મૂળમાં અંગૂઠાના નીચલા ભાગ તરફ વળે છે.

ખાસ કરીને જમણા હાથની રેખા પરથી આવનારી મુશ્કેલીઓનું સુચન મળે છે, અને તેમાંથી માણસ કેવી રીતે પસાર થશે તેનું સૂચન ડાબા હાથની રેખા પરથી માલૂમ પડે છે.

બંને હાથમાં સંપૂર્ણ રેખા હોય તો જ લાબું આયુષ્ય સમજવું. આ બાકી જો ડાબા હાથમાં આ રેખા પૂર્ણ ન હોય તો તે મુજબનું ઓછુ - વત્તું આયુષ્ય સમજી લેવું જોઈએ.




<u>અકાળ અવસાનનાં ચિન્હો</u>

૧-૧. ટૂંકી હૃદયરેખા

૨-૨. મસ્તકરેખા હૃદયરેખાને કાપવું.

૩-૩. નિબર્ળ જીવનરેખા યાને આયુષ્યરેખા.

૪-૪. તૂટક સ્વાસ્થ્ય રેખા.

ખાસ કરીને પુરુષોના હાથમાં જમણા હાથની રેખા ડાબા હાથ કરતાં કંઈક લાંબી વધારે હોય છે. અને સ્ત્રીઓના જમણા હાથ કરતાં ડાબા હાથમાં વધારે લાંબી હોય છે.

જો આ રેખા બરાબર સ્વચ્છ ન હોય અને કોક સામાન્ય પ્રકારની ખંડિત થતી હોય તો તેનાથી ગભરાવાની કંઈ જરૂર નથી. જો આવા માણસો ખાનપાનમાં નિયમિત બને છે, તો તેમના હાથમાં આવી રેખા પછીથી સંધાઈ જાય છે, અને આવનારી બિમારી કંઈક ઓછી ભયકારક બને છે.

જો હાથમાં આ રેખા ખંડિત હોય પણ તેની જોડે ની માંગળની રેખા કે જે ને ભગિની રેખા કહેવામાં આવે છે. તે હોય તો તેવા માણસોની મોટી માંદગી આવે છે. પરંતુ તેમાંથી બચાવ થાય છે. અને જો આ પ્રમાણેની મંગળની રેખા બંને હાથમાં સંપૂર્ણ હોય તો તેવા માણસોનો ગમે તેવી ભયંકર માંદગીમાંથી પણ બચાવ થાય છે.

મંગળરેખા એ આયુષ્યની રેખાની ભગિની રેખા છે; અને આયુષ્યરેખાની ખોડખાંપણ આ રેખાથી દૂર થાય છે.

કોઈ વખતે આયુષ્ય રેખા પૂર્ણ હોવા છતાં પણ મૃત્યું થાય છે ત્યારે તેવા હાથમાં આ રેખા બહુ જ પાતળી હોય છે કે પછી આગળથી પહોળી, વચ્ચે પાતળી અને છેડેથી પહોળી. આ પ્રમાણેની જીવનરેખા બનતી હોય. તો મૃત્યુનો ભય રહેલો છે. આવા હાથમાં મંગળની રેખા હોતી નથી.

મતલબ કે આયુષ્યરેખા કંઈક બગડતી હોય પણ જો મંગળની રેખા સારી હોય તો મૃત્યુનો ભય દૂર થાય છે.

બીજા નંબરમાં આ રેખાને સહાય કરવામાં મસ્તક રેખા તેમજ હૃદયરેખાને પણ ગણવી જોઈએ.

જો જીવન રેખા તૂટક હોવાની સાથે હૃદયરેખા બંને હાથમાં પૂર્ણ હોય તેમજ મસ્તકરેખા પણ તે પ્રમાણે હોય તો અકાળ મૃત્યુનો ભય દૂર થાય છે.

માટે કોઈપણ હાથ જોઈને એકદમ ભાવિ કથન કરવાની ઉતાવળ કરવી નહિ, તેમજ વાંચક જાતે પણ જીવનરેખા નિર્બળ જોતાં ગભરાઈ ઊઠવું નહિ. આ રેખાની નિર્બળતાઓ ઉપરની બંને રેખાઓ પરિપૂર્ણ હોય તો દૂર થાય છે.




## લાંબુ આયુષ્ય સૂચવનારી રેખાઓ.

આયુષ્ય રેખાની અપૂર્ણતા પહેલે નંબરે મંગળની રેખા દૂર કરે છે. બીજે નંબરે હૃદયરેખા તેમજ મસ્તકરેખા સારી ઉઠાવદારની પરિપૂર્ણ હોય તો તે દૂર કરે છે, અને દરેક રેખા બાબતમાં કોઈ પણ પ્રકારનો મત બાંધતાં પહેલાં બંને હાથમાંની ઉપરની તમામ રેખાઓને સારી રીતે જોઈ લેવી જોઈએ. અને ત્યારબાદ જ કોઈ પણ મત ઉપર આવવું જોઈએ. ત્રીજે નંબરે આયુષ્ય રેખાને આરોગ્ય રેખા (સ્વાસ્થ્ય રેખા) સહાયક થાય છે. આ રેખા બહુ જ ઓછા હાથમાં જોવા મળે છે. આ રેખાની બાબતમાં પૂર્ણ ફળ ક્યારે મળે કે જયારે જો આ રેખાથી જીવનરેખાને કાપતી હોય તો તે જ વર્ષોમાં મોટી ઘાતક બિમારી આવવાનો ચોક્કસ સંભવ રહે છે.

ખાસ કરીને જીવનરેખા જે જગ્યાએ તૂટતી હોય કે ખરાબ થતી હોય છે તે સમય પર હૃદય રેખા પર તે જાતનાં ચિન્હો છે કે કેમ તેની પૂર્ણ ચોકસાઈ કરવી જોઈએ. જેમના હાથમાંથી મંગળની રેખા નથી હોતી તેવાં હાથમાં ક્યારેક

જીવનરેખા સળંગ હોવા છતાં ઘાતક બિમારીઓ આવે છે. તેવા પ્રસંગે તેમની હૃદયરેખા તે સમયે જરૂર તૂટેલી કે કપાયેલી હોય છે, માટે હૃદયરેખાનું મહત્વ મંગળની રેખાની ગેરહાજરીમાં ઘણું જ છે તે ભૂલવું ન જોઈએ.

જમણા હાથમાં જીવનરેખા સંપૂર્ણ હોય પરંતુ ડાબા હાથમાં વાંકી ટેડી હોય અને હૃદયરેખા છેક ગુરુના પર્વત સુધી ન ગઈ હોય, શનિની આંગળી નીચે રોકાઈ ગઈ હોય તથા તે જ પ્રમાણે મસ્તકરેકા ઉપર જઈને હૃદયરેખામાં ભેગી થઈ જતી હોય તો યુવાનીમાં અકાળ અવસાન થાય છે. આરોગ્ય રેખા જમણાં હાથમાં તેમજ ડાબા હાથમાં તૂટક હોય અને જીવનરેખા બરાબર ન હોય, તો પણ યુવાનીમાં અકાળ અવસાન થાય છે.

હૃદયરેખા ઝૂકીને જો મસ્તકરેખા તેમજ જીવનરેખા ભેગી થઈ જતી હોય અને જીવનરેખા લાંબી ન હોય તો પણ અકાળ અવસાન થાય છે.

જમણા હાથમાં હૃદયરેખા બાણાકાર હોય છે. અને જો તે જીવનરેખામાં મળતી હોય તેમજ ડાબા હાથમાં હૃદયરેખા તૂટલી હોય તો આવા માણસોનું અંગ રહી જાય છે. અને જેના પરિણામે મૃત્યુ થાય છે.

જીવનરેખા વચ્ચેથી પાતળી થઈ જતી હોય, અને તે જ મુજબ જો ડાબા હાથમાં પણ હોય અને મંગળની રેખા ન હોય તો આકળ મૃત્યુ થવાનો ભય રહે છે.

જેના હાથમાં ગુરુનો પર્વત ચોરસ હોય, અને જો મંગળની રેખા પણ હોય તો જીવનરેખાની નબળાઈથી મૃત્યુ સુધી ભય રહેતો નથી. મોટી માંદગી આવે પણ તેમાંથી બચાવ થાય.

જ્યાં જ્યાં જીવનરેખા ડબલ થતી હોય તેવા સમયે મોટી બિમારીથી બચાવ થાય છે.

જીવનરેખા લાંબી હોય પરંતુ વચ્ચેથી યવાકાર કે વધુ પડતી પહોળી થઈ જતી હોય કે સાંકળી આકારની હોય તેવાંનું સ્વાસ્થ્ય કાયમ કોઈને કોઈ રીતે બિમારે રહ્યા કરે છે. તેમજ આવા માણસો ક્રોધી ચીડિયા સ્વાભાવના અને અ પ્રમાણિક હોય છે. તેમજ આવા માણસોને પિતાની સાથે મેળ રહેતો નથી.

જીવનરેખાની શરૂઆતમાં તેના પર તારક આવા માણસોને પિતાનું મૃત્યું નાની વયમાં થાય છે.

જીવનરેખાની અંદરની બાજુમાં નીચલા મંગળ નજીક જો તારક નાનું હોય તો માતાનું મૃત્યુ નાની વયમાં થાય છે.

ખાસ કરીને જીવનરેખા પરનો જમણા હાથમાંનો તારક પિતાનું તેમજ ડાબા હાથ પરનો તારક માતાનું મૃત્યુ કરે છે.

જીવન રેખા પર બંને હાથમાં શરૂઆતમાં તારક હોય અને મંગળની રેખા ન હોય તો નાનપણમાં મોટા અકસ્માત થાય છે. અને કેટલીકવાર મૃત્યુ પણ થાય છે.

ખાસ કરીને જો બંને હાથમાં જીવનમાં જીવનરેકા પર તારક હોય તો આવા માણસોએ સાહસિક કાર્યોથી તેમજ વાહનોથી સંભાળ રાખવી જોઈએ. કારણ કે તેમને અકસ્માતનો ભય વધુ રેહ છે.



સ્ત્રીનો હાથ

વળાંકદાર મણિબંધ રેખા.

મંગળ પર ચોકડી

જીવનરેખાથી સાંકડો બનતો ભાગ : ગર્ભાશયના રોગ, પ્રસૂતિ વખતે ઓપરેશન.

જેમની જીવનરેખા શુક્રના પર્વતની બહુ જ નજીક ઘેરાવો લેતી હોય અને તેના પરિણામે શુક્રનો ભાગ સાંકડો બનતો હોયં તો તેમનામાં જીવનશક્તિ

બહુ જ ઓછી હોય છે. પોષક તત્ત્વોનો અભાવ હોય છે. તેમજ તેમને થોડા સંતાન થાય છે. જેમાંથી એકાદ મુશ્કેલીથી જીવિત રહે છે.

જો આ પ્રમાણેની જીવનરેખા સ્ત્રીઓના હાથમાં હોય તે તેમને સંતાન થવામાં ઢીલ થાય છે.અને પ્રસૂતિ વખતે બહુ જ પીડા થાય છે.અને તેમાંય જો મંગળના પર્વત પર ચોકડી હોય તો ઓપરેશન કરાવવું પડે છે, જેના પરિણામે મૃત્યુ થાય છે.

જીવનરેખા સાંકળી આકારની હોય તો કાયમ બિમારી આવ્યાં કરે છે. આવા માણસો મરવાની આળસે જીવતા હોય તેવા લાગે છે.

જીવનરેખા પહોળી તેમજ લાલસ પડતી વધારે હોય તો આવા માણસો મિથ્યાભિમાની, ક્રોધી તેમજ મૂર્ખ હોય છે. તેમાંયે જો આ રેખા કંઈક વધારે પડતી ઊંડી અને પહોળી હોય તો આવા માણસો બહેરા હોય છે. તેમાંયે કોઈ વખતે અંગ પણ વિકૃત હોય છે.

જીવનરેખાની શરૂઆતમાં ક્રોસ હોય તો મોટો રોગ થાય છે. કેટલીક વખતે નાનપણમાં માથામાં પણ વાગે છે.

જમણા હાથની જીવનરેખાની શરૂઆતમાં યવ હોય તો નાનપણમાં કોઈ ચેપી રોગ થાય છે. : જેવો કે કોલેરા, બળિયા વગેરે

ડાબા હાથની જીવનરેખા પર યવ હોય તો વારસાગત રોગ થાય છે. જેવા કે દમ,ક્ષય વગેરે. પરંતુ આ બાબતો કહેતાં પહેલા હૃદયરેખાનું નિરીક્ષણ કરવું જરૂરી છે. જો હૃદયરેખા સારી હોય અને જીવનરેખા મજબૂત હોય તો ભય ઓછો રહે છે. બાકી જેના હાથમાં આ પ્રમાણે જીવનરેખાની શરૂઆતણાં યવ હોય.



**તારક : નાનપણમાં પિતાનું મૃત્યુ**

**ઝાડું આકાર : વૃદ્ધાવસ્થામાં નબળાઈ**

**તૂટેલી જીવનરેખા : ઘાત બિમારી**

**યવ : વારસાગત રોગનું થવું**

તેમના માતાપિતાને જો આગળ જણાવેલા રોગ થયેલ હોય તો તેમણે પોતાના ખાનપાનમાં બહુ જ નિયમિત રહેવું જોઈએ. ખોટાં વ્યસનોનો ત્યાગ કરવો જોઈએ, નહિં. તો ૪૦ વર્ષની ઉંમર આસપાસ ઉપરના રોગ થાય છે.

જીવનરેખામાંથી નીચેના ભાગ તરફ જતી રેખા ભાગ્યને નબળું કરે છે, તેમજ મુસીબતો લાવે છે. તે જ પ્રમાણે ઉપરની તરફ જતી ઉર્ધ્વ રેખાઓ ભાગ્યને વધારે છે.

નીચેની તરફ જતી રેખાઓને જીવનરેખાની અંદરનાભાગમાં આવતી રેખાઓ કાપતી હોય તો મોટી બિમારી લાવે છે.

જીવનરેખાના છેડા પર તેમાંથી વધુ પડતી રેખા નીકળવાના પરિણામે જો ઝાડુ જેવો આકાર બનતો હોય તો પાછળના સમયમાં શરીર ઘણું જ નબળું પડી જાય છે.

જેમની જીવનરેખાઓ ગુરુના પર્વત પરથી નીકળી હોય તેવા માણસો નાનપણતી જ સુખી કુટુંબમાં જન્મેલા હોય છે, તેમજ તેઓને સફળતા પણ સારી મળે છે.

જીવનરેખાના મૂળમાંથી એક ઊર્ધ્વરેખા નીકળીને જો સીધી ગુરુના પર્વતપર જતી હોય તો તેમની મનોકામનાઓ પૂર્ણ થાય છે, તેમજ સારી કીર્તિ પણ મળે છે.

જો શરૂઆતમાં ઊર્ધ્વરેખા નીકળતી હોય તો ૩૨-૩૪ વર્ષની ઉમરે પછી સારી સફળતા મળે છે. પરંતુ જો આ ઊર્ધ્વરેખા આડી રેખાથી કપાતી હોય તો તેમના જીવનમાં સફળતા મળવામાં વિઘ્નો બહુ આવે છે, અને જો બે આડી રેખાઓથી આ રેખા કપાય તો આવા માણસો વિચારો તેમજ સાહસો મોટા કરે પણ સફળતા ન મળતાં નાસીપાસ થઈ જાય છે.

જીવનરેખામાંથી એક રેખા ત્રાંસી નીકળીને જો ચંન્દ્રના પર્વત પર બેસી

જતી હોય તો આવા માણસોના જીવનમાં ઝંપીને બેસવાનો વખત આવતો નથી. પુષ્કળ મુસાફરીઓ થાય છે. તેમાંય ખાસ કરીને દરિયાઈ મુસાફરીઓ વધુ પડતી થાય છે.

જીવનરેખામાંથી રેખા નીકળીને મણિબંધની નીચે જે ત્રણ રેખાઓ (બ્રેસલેટ) હોય છે : તેમાં વચ્ચેની રેખાઓ મળતી હોય અને તે જ પ્રમાણેની રેખાથી જો આ બંને રેખાઓ પર ત્રિકોણ બનતો હોય અને બીજા પર્વતો સારા હોય તો આવા માણસો શાહ સોદાગર થાય છે. અને તેની શાખાઓ દેશ પરદેશમાં હોય છે.

જીવનરેખાને જો વધુ પડતી આડી રેખાઓ કપાતી હોય તો અવારનવાર મુશ્કેલીઓ આવ્યા કરે છે.

તેમાંએ કૌટુંબિક અવરોધો વધુ પડતા તેમના જીવનમાં આવે છે, જેના પરિણામે ધંધામાં સફળતા ઓછી મેળવે છે.

જીવનરેખાની શરૂઆતમાં કે અંતમાં તારકનું ચિન્હ જીવનમાં અકસ્માતો વધુ કરાવે છે. માટે ધ્યાન રાખવું.

જીવનરેખાની ડબલ હોય તો તંદુરસ્તી ઘણીજ સારી રહે છે. તેમજ જો સાથે સાથે બુધનો પર્વત ઉઠાવદાર હોય તો ગમે તેવા રોગચાળામાં પણ આવા માણસોનો કુદરતી બચાવ થાય છે.

આ રેખા જો જાડી રેખાઓથી કપાતી હોય તો માણસોને બિમારીઓ વધારે પ્રમાણેમાં આવે છે. તેમજ કૌટુબિક સુખ પણ ઓછુ રહે છે. કાયમ કોઈને કોઈ રીતે ક્લેશ રહ્યાં જ કરે છે.

જો આ રેખાની શરૂઆતમાં અંદરના ભાગમાં તારા (★) નું નિશાન હોય તો બાળપણામાં માતાનું મૃત્યુ થાય છે.

જો આ રેખાની શરૂઆતમાં લગભગ ગુરુના પર્વતની નીચે જો ક્રોસ (x) હોય તો તેવા માણસો પર સંકટો આવે છે. ખરાં, પરંતુ જાતે દૂર થાય છે. આ રેખા તૂટલી હોય પણ જો તેની બાજુમાં ત્રિકોણ હોય તો ભયંકર માંદગીમાંથી બચાવ થાય છે.

આ રેખા જયાં તૂટે ત્યાં ચોરસ બનતો હોય ને તેના બીજા ભાગમાં તે જ

ચોરસમાંથી આગશ જીવનરેખાની શરૂઆત થતી હોય, તો પણ માંદગીમાંથી તેમજ કષ્ટમાંથી બચાવ થાય છે.



૧-૧. દરેક કાર્યમાં ફતેહ અને સારો ઉદય

૨-૨. સટ્ટો કોન્ટ્રાકટ કે જમીનમા ધંધાથી લાભ જાત મહેનતથી સારો ભાગ્યોદય

૩-૩. ખૂબ જ જાહેજલાલી અને વેપારધંધામાં ફતેહ

૪-૪. માન અને આબરૂમાં વધારો.

૫-૫. વેપારી અને કુનેહ બુદ્ધિને ધંધામાં સફળતા

૬-૬. પરદેશ - ગમન અને ત્યાંથી સારો લાભ.

જો આ રેખાના છેડા ઉપરથી ધનરેખાની શરૂઆત થતી હોય તેમજ જીવનરેખામાંથી ઉર્ધ્વરેખા નીકળીને મણિબંધ તરફ જતી હોય તો આવા માણસોને



પ.પૂ. મુનિરાજશ્રી
કીર્તિપ્રભ
વિજયજી મ.સા.
જન્મ : ભા.સુદ - ૩, સં. ૨૦૦૩,
મુ. ભરડાસર, તા. થરાદ
દીક્ષા : માગશર વદ-૬,
સં. ૨૦૨૫, હાડેચા (સાંચોર)



પ.પૂ. મુનિશ્રી
હરિપ્રભ
વિજયજી મ.સા.
જન્મ : મહા સુદ - ૫, સં. ૨૦૩૫,
મુ. ભરડાસર, તા. થરાદ
દીક્ષા : ફાગણ વદ-૩, સં. ૨૦૪૭,
તા. ૩-૩-૯૧, અમદાવાદ.

અચાનક ધનલાભ થાય છે. પણ જો ઉર્ધ્વરેખા જીવનરેખાને કાપીને નીકળતી હોય તો ધન મળવાને લીધે ઘેલો થઈ જાય ને મૃત્યુ પણ થાય છે.

જો આ રેખા પર કાળા રંગના ટપકાં હોય તો તે વખતમાં વિષય જવર (ટાઈફોઈડ) જેવી ગંભીર બિમારીઓ આવે છે.

જો આવા કાળાં ટપકાં આ રેખાના ઊંડાણમાં હોય અને સાથે મંગળની રેખા બરાબર ન હોય તો ઝેરી દવા ભૂલથી ખાવામાં આવે કે કોઈના તરફથી પણ ઝેર અપાવવાનો ભય રહે છે. અને જો આ પ્રમાણેના ચિન્હો બંને હાથમાં હોય અને જીવનરેખા તૂટેલી હોય તો ચોક્કસ વિષથી મૃત્યુ થાય છે.

## ૬૮, આયુષ્ય સંબંધી ગ્રહો

- લગ્નનો સ્વામી કેન્દ્રમાં ગુરૂ શુક્ર સાથે હોય, અથવા તેને ગુરૂ શુક્ર જોતા હોય, તો દીર્ઘાયુષ્ય જાણવું.
- ચોથે આઠમે શુભ ગ્રહ હોય ને લગ્નેશ શુભ ગ્રહ સાથે હોય ને ગુરૂ જોતો હોય, તો દીર્ઘાયુષ્ય જાણવું.
- ત્રીજે છઠ્ઠે અગીયારમે પાપગ્રહો હોય ને કેન્દ્ર ત્રિકોણમાં શુભ ગ્રહો હોય, ને લગ્નનો સ્વામી બળવાન હોય તો દીર્ઘાયુષ્ય જાણવું.
- ૬-૭-૮ મે શુભ ગ્રહ, ને ૩-૬-૧૧ મે પાપગ્રહ હોય તો દીર્ઘાયુષ્ય જાણવું.
- આઠમાનો સ્વામી લગ્નમાં હોય ને ગુરૂ શુક્ર જોતા હોય અથવા યુક્ત હોય, અને લગ્નેશ કેન્દ્રમાં હોય તો દીર્ઘાયુષ્ય જણાવું.
- ત્રણ ગ્રહ ઉચ્ચના હોય, ને આઠમાનો સ્વામી લગ્નમાં હોય, ને આઠમે પાપગ્રહ ન હોય , તો દીર્ઘાયુષ્ય જાણવું.
- કેન્દ્રમાં પાપ ગ્રહો હોય ને શુભ ગ્રહની દૃષ્ટિ ન હોય ને લગ્નનો સ્વામી નિર્બળ હોય તો અલ્પ આવરદા જાણવો.
- સૂર્ય મંગળ ચોથે કે દશમે ભેગા હોય, તો પથ્થર વાગવાગથી મરણ

થાય. ૪-૭-૧૦ મે અનુક્રમે શનિ, ચંદ્ર મંગળ, હોય તો કૂવામાં પડવાથી, કન્યાના ચંદ્ર સૂર્યને પાપગ્રહોની દૃષ્ટિ હોય તો, પોતાના માણસોથી, ને દ્વિસ્વભાવ રાશિના લગ્નમાં, સૂર્ય ચંદ્ર હોય તો જળ, (પાણી)માં ડૂબવાથી મૃત્યુ થાય છે.

- શનિ કર્કનો ને ચંદ્ર મકરનો હોય તો જલોદરા રોગથી, પાપગ્રહોના મધ્યમાં મંગળની રાશિનો ચંદ્ર હોય તો શસ્ત્ર કે અગ્નિથી આઠમે પાશ, સર્પ, કે નિગડ, દ્રેષ્કોણ હોય, તો બંધનથી, અને કન્યાનો ચંદ્ર પાપગ્રહ સાથે સાતમે હોય મેષનો શુક્ર હોય, ને લગ્નમાં સૂર્ય હોય, તો પોતાના ઘરમાં સ્ત્રીના કારણથી મૃત્યુ થાય.

- ચોથે મંગળ કે સૂર્ય હોય ને દશમે શનિ હોય તો ભાલો કે તીર વાગવાથી, સૂર્ય, મંગળ, શનિ ને ક્ષીણ ચંદ્ર પહેલે, પાંચમે, ને નવમે હોય તો ભાલો કે, તીરથી, ચોથે સૂર્ય, ને દશમે મંગળ ને ક્ષીણ ચંદ્ર જોતા હોય તોપણ ભાલા કે તીરથી, ને શનિ જોતો હોય તો લાકડું વાગવાથી મરણ થાય.

- ક્ષીણ ચંદ્ર, મંગળ, શનિ, ને સૂર્ય, અનુક્રમથી ૮-૧૦-૧-૪થે હોય, હોય તો લાકડી વાગવાથી, ને જો અનુક્રમે તે ગ્રહો ૧૦-૯-૧-૫ મે હોય, તો તેનું મૃત્યુ ધૂમાડો, અગ્નિ, કેદખાનું, કે ફટકા વાગવાથી થાય.

- ચોથે સાતમે દશમે, અનુક્રમે મંગળ, સૂર્ય શનિ, હોય તો આયુધ (હથિયાર) અગ્નિ, ને રાજાના કોપથી મૃત્યુથી મૃત્યુ થાય.

- બીજે ચોથે દશમે, શનિ, મંગળ, હોય તો શરીરમાં કૃત્રિના (ચરમીયાના) રોગથી મરણ થાય.

- દશમે સૂર્ય ને ચોથે મંગળ હોય, તો વાહનમાંથી પડી જવાથી, મંગળ સાતમે, સૂર્ય ચંદ્ર, શનિ, લગ્નમાં હોય તો, કોઈ યંત્ર (સાંચો) ના ઝપટામાં આવવાથી, તુલાનો મંગળ, મેષનો શનિ, મકર કે કુંભનો ચંદ્ર હોય, કે ક્ષીણ ચંદ્ર, સૂર્ય ને મંગળ, અનુક્રમે ૧૦-૭-૪ થે હોય તો વિષ્ટામાં, મરણ થાય.

❋ ક્ષીણ ચંદ્ર ઉપર બળવાન મંગળની દૃષ્ટિ હોય, ને શનિ આઠમે હોય તો, ગુહ્ય સ્થળના રોગોથી મરણ થાય, ને તે પીડાવાળા ભાગમાં કીડા પડે છે, કે હથિઆરથી કાપવો પડે છે, કે ડામવામાં આવે છે, કે મલમપટા લગાડવા જેવું થાય છે.

❋ સૂર્ય મંગળ સાતમે, શનિ આઠમે, ને ક્ષીણ ચંદ્ર ચોથે હોય તો પક્ષીઓથી સૂર્ય, મંગળ, શનિ, ને ચંદ્ર, અનુક્રમે ૧-૫-૮-૯ મે હોય તો, પર્વતના શિખર પરથી પડી જવાથી વિજળી પડવાથી અથવા ભીંત પડવાથી મરણ થાય.

❋ **સારાવલી** - રિષ્ટયોગ (મરણયોગ) આવરદા જાણ્યા વિના માણસોને સર્વ ફળ મિથ્યા કહ્યું છે,

❋ એકી રાશિમાં રહેલા ગ્રહો, શુક્લપક્ષ (અજવાળીયું) ને દિવસે પુરુષોને માટે બળવાન ગ્રહો કહ્યા છે. તેમ સમ રાશિમાં રહેલા સર્વે ગ્રહો, કૃષ્ણપક્ષ (અંધારિયું) ને રાત્રિ એ સ્ત્રીઓને માટે બળવાન કહ્યા છે.

❋ ત્રણ પ્રકારનું આયુષ્ય, શાસ્ત્ર જાણનારાઓએ કહ્યું છે તે નીચે પ્રમાણે. ૧ નિયમં ૨ અનિયમં ૩ યોગજં

❋ મંગળ, સૂર્ય ને શનિશ્ચર મંગળની રાશિના થઈ આઠમા ભાવમાં બેઠા હોય, તો જન્મેલો બાળક એક માસમાં અવશ્ય મરણ પામે છે.

❋ શુક્રની રાશિમાં એક પાપગ્રહ આઠમા ભાવમાં રહ્યો હોય, ને તેને પાપગ્રહ જોતો હોય, તો તે જન્મેલા બાળકને અમૃત પાયું હોય, છતાં પણ એક વર્ષથી વધારે જીવી શક્તો નથી.

❋ જે રાશિમાં કેતુનો ઉદય હોય તે રાશિમાં જન્મ થાય, તો જન્મેલો બાળક બે માસે મરી જાય છે.

❋ દશમા ભાવમાં રહેલા સૂર્યને પાપગ્રહો જોતા હોય, તો જન્મેલો બાળક તુરત નાશ પામે છે અને વળી મંગળ કે શનિની રાશિમાં સૂર્ય દશમા ભાવે પાપગ્રહોએ જોયેલો હોય, તો તુરત મરણ પામે. તેમાં સંશય કરવો નહિ.

- કેન્દ્ર સ્થાન (૧-૪-૭-૧૦)માં રાહૂ રહ્યો હોય, ને તેને પાપ જોતો હોય તો તેવામાં જન્મેલો બાળક દશ વર્ષે નાશ થાય છે. ને કેટલાક આચાર્ય સોળ વર્ષે નાશ થવાનું કહે છે.

- ત્રિકોણ (૫-૯) કે, કેન્દ્ર (૧-૪-૭-૧૦) સ્થાનમાં પાપગ્રહો પડ્યા હોય અને છઠ્ઠા આઠમા ને બારમા ભાવમાં શુભ ગ્રહો રહ્યા હોય, અને સૂર્યોદય વખતે જન્મ થાય, તો જન્મનાર બાળક તુરંત નાશ પામે છે.

- જેના જન્મ વખતે લગ્નનો સ્વામી નવમાંસનો સ્વામી, ને જન્મ રાશિનો સ્વામી અસ્તના હોય, તો તે જન્મનાર એક વર્ષમાં કારણ સિવાય નાશ પામે છે.

- લગ્નનો સ્વામી છઠ્ઠા ભાવે પડ્યો હોય, તો જેટલી રાશિનો હોય, તેટલા વર્ષે નાશ કરે છે. લગ્નના દ્રવેષ્કોણનો સ્વામી (દરેષ્કાણ લગ્નનો સ્વામી) છઠ્ઠા ભાવે જેટલી રાશિમાં હોય, તેટલા માસે નાશ કરે છે. લગ્નના નવમાંસનો સ્વામી (નવમાંશ લગ્નનો સ્વામી) છઠ્ઠા ભાવે જેટલી રાશિમાં પડ્યો હોય, તેટલા દિવસોમાં નાશ કરે છે.

- લગ્નમાં રહેલા શનિશ્વરને પાપગ્રહો જોતા હોય તો સોળ દિવસોમાં નાશ કરે છે. તેમ શનિ સાથે પાપગ્રહો બેઠા હોય તો એક માસે અને શુભ ગ્રહ સાથે હોય તો એક વર્ષે નાશ કરે છે.

- મેષ, વૃષભ અને કર્ક રાશિ સિવાયની રાશિમાં કૃષ્ણ પક્ષનો ચંદ્રમા લગ્નમાં બેઠો હોય અને પાપગ્રહ ચંદ્રને જોતા હોય, તો જન્મેલા માણસનો નાશ કરે છે.

- જન્મલગ્નથકી છઠ્ઠા ને આઠના ભાવે ચંદ્રમા રહ્યો હોય, તો એક વર્ષમાં ને ઉપર પ્રમાણે ચંદ્રને પાપગ્રહો જોતા હોય તો તુરત ને નામ ગ્રહો જોતા હોય તો આઠ વર્ષે જન્મેલાનો નાશ કરે છે.

- ઉપર પ્રમાણે છઠ્ઠે, આઠમે રહેલા ચંદ્રમાને શુભ ગ્રહ અને પાપગ્રહ સ્થિત બેઠા હોય તો ચાર વર્ષે નાશ કરે. અને કહેવા થકી ઓછા ગ્રહો જોતા હોય તો અનુપાત થકી મરણ કહેવું.

- છઠ્ઠાને આઠમા ભાવે શુભ ગ્રહો પડ્યા હોય, ને તેને વક્રી થયેલા પાપગ્રહો જોતા હોય, તેમ કોઈપણ શુભ ગ્રહ ન જોતો હોય તો તે જન્મેલા માણસને એક માસમાં નાશ કરે છે.
- લગ્નથકી બારમા અને બીજા ભાવમાં પાપગ્રહો હોય અથવા છઠ્ઠાને આઠમા ભાવે હોય, અને કોઈ પણ શુભ ગ્રહ સાથે ન હોય તો, જન્મેલો માણસ છઠ્ઠા કે આઠમા માસમાં નાશ પામે છે.
- જન્મ લગ્ન ને જન્મ રાશિના સ્વામીઓ જન્મ વખતે છઠ્ઠા આઠમા અને બારમા ભાવે અસ્ત ના થઈને રહ્યા હોય, તો જેટલી રાશિમાં હોય તેટલા વર્ષે મરણ કરે છે.
- પાપગ્રહોએ જીતેલો લગ્નનો સ્વામી સાતમા ભાવે હોય, તો મરણ નીપજાવે છે. તેમજ જન્મ રાશિનો સ્વામી પ્રથમની પેઠે હોય તો એક માસે મરણ નીપજાવે છે. પણ ચંદ્રમાને શુભ ગ્રહો જોતા હોય તો તેમ થતું નથી.
- જન્મ લગ્નનો સ્વામી આઠમા ભાવે બેઠો હોય, ને તેને બળ પામેલા સઘળા પાપગ્રહો જોતા હોય, તો ચોથા માસે મરણ નીપજાવે છે.
- જન્મ લગ્નનો સ્વામી સૂર્ય, શનિ સાથે આઠમા ભાવમાં બેઠો હોય, ને શુક્ર જોતો હોય, તો જેટલી રાશિમાં બેઠા હોય, તેટલા વર્ષે મરણ નીપજાવે છે.
- લગ્ન, છઠ્ઠા, આઠમા અને બારમા ભાવમાં પાપગ્રહ સાથે ચંદ્રમા બેઠો હોય અને તેને શુભ ગ્રહ ન જોતા હોય તેમ કોઈપણ કેન્દ્ર સ્થાનમાં શુભ ગ્રહ ન હોય, તો મરણ નીપજાવે છે.
- દશમા ભાવ થકી ચોથા ભાવ સુધીના કોઈ પણ ભાવમાં પાપ ગ્રહ બેઠા હોય અને ચોથા ભાવથી દશમા સુધી કોઈપણ ભાવમાં શુભ ગ્રહો હોય, ને વૃશ્ચિક રાશિનું લગ્ન હોય તો જન્મેલા માણસનું વજ્રમુષ્ટિ નામના યોગથી મરણ થાય છે.
- કૃષ્ણપક્ષનો ચંદ્રમા લગ્નમાં બેઠો હોય, અને પાપગ્રહો કેન્દ્રમાં કે આઠમા ભાવમાં હોય, તો તે માણસ અવશ્ય દુઃખી થાય.

- પાપગ્રહો હરકોઈ રાશિના છેલ્લા નવમાંશમાં હોય અને સંધ્યાકાળમાં જન્મ હોય, એટલે સૂર્યાસ્ત થકી તારા દેખાય ત્યાં સુધી સાયં, સંધ્યા ને સૂર્યના ઉદય વખતે પ્રાતઃ સંધ્યા સમજવી તથા ચંદ્રની વખતે હોય, તો મરણ નીપજે છે. તેમ જ દરેક ચાર કેન્દ્રમાં અનુક્રમે સૂર્ય, ચંદ્ર, મંગળ, શનિ, એમ રહેલા હોય તો પણ મરણ થાય છે.

- સાતમા ચોથા, ને આઠમા ભાવમાં ચંદ્રમા પાપગ્રહના મધ્યમાં રહ્યો હોય, તો તે બાળકનું દેવોએ રક્ષણ કર્યું હોય તો પણ મરણ કરે છે.

- બે પાપગ્રહના મધ્યમાં આવેલો ચંદ્રમા લગ્ન, સાતમા કે આઠમા ભાવે રહ્યો હોય. ને તેને નિર્બળ થયેલા શુભ ગ્રહો જોતા હોય, તો નિશ્ચય મરણ નિપજાવે છે.

- સાતમા ને આઠમા ભાવે પાપગ્રહ હોય, ને તેને પાપગ્રહ જોતા હોય. તો માતાની સાથે બાળક નાશ થાય છે. પણ શુભ ગ્રહો જોતા હોય, તો મરણ ન થતાં માતા તથા બાળક બન્ને દુઃખ પામે છે.

- ગ્રહણ વખતે જન્મ હોય અને પાપગ્રહ સાથે ચંદ્રમા લગ્નમાં રહ્યો હોય અને આઠમા ભાવે મંગળ હોય, તો માતા તથા બાળક સાથે મરી જાય છે. ચંદ્રની પેઠે સૂર્ય રહ્યો હોય તો શસ્ત્ર થકી બાળક તથા માતાનો નાશ થાય છે.

- કૃષ્ણપક્ષનો ચંદ્રમા, લગ્નમાં બેઠો હોય અને કેન્દ્ર સ્થાનમાં પાપગ્રહો બેઠા હોય અને શુભ ગ્રહ ચંદ્રને ન જોતા હોય, તો તુરત જન્મનાર મરી જાય છે.

- લગ્ન, સાતમા ને આઠમા ભાવે પાપગ્રહો રહ્યા હોય અને ચંદ્રમા ક્ષીણ એટલે (કૃષ્ણપક્ષની આઠમથી આરંભી પડવે સુધી ચંદ્ર ક્ષીણ થાય છે.) તેમ જાણવું એમ હોય તો જન્મેલા બાળકનું મરણ નીપજાવે છે.

- લગ્ન, બારમા, નવમા ને આઠમા ભાવે અનુક્રમથી ચંદ્ર, સૂર્ય,

શનિ ને મંગળ રહ્યા હોય ને ગુરુ લગ્નને જોતો હોય, તો હથિયાર લગાડી કે કાપીને બાળકને કાઢવામાં આવે છે.

- લગ્નમાં ચંદ્ર અથવા સૂર્ય હોય, ને બળવાન પાપગ્રહો નવમે, પાંચમે ને આઠમા ભાવે હોય, તેમને શુભ ગ્રહો જોતા કે યુક્ત ન હોય, તો જન્મ વખતે તુરત મરણ થાય છે.

- લગ્ન, છઠ્ઠા, સાતમા, આઠમા ને બારમા ભાવે પાપગ્રહો રહ્યા હોય તો બાળક સાથે માતા નાશ પામે છે. એમાં સંદેહ કરવો નહીં.

- છઠ્ઠા ને આઠમા ભાવે પાપગ્રહો બેઠેલા હોય, તો જન્મ વખતે બાળક નાશ પામે ને માતા બચે. તેમજ લગ્ન, સાતમા ને આઠમા ભાવે પાપગ્રહો રહ્યા હોય, તો બાળક માતા ઉગરે, ને માતાનો નાશ થાય.

- જેના જન્મ કાળમાં સૂર્ય મંગળ સાથે ચંદ્રથી સાતમા ભાવે રહ્યો હોય, તો જન્મેલો બાળક સાત દિવસ જીવે છે.

- જેની જન્મ કુંડળીમાં ઘણાં પાપગ્રહો આઠમા ભાવે બેઠા હોય, તો તે જન્મેલા બાળકનું આયુષ્ય સાત દિવસ અથવા એક માસનું જ હોય છે.

- લગ્નમાં શનિશ્વર હોય, ને આઠમા ભાવે મંગળ હોય, ને કેન્દ્ર સ્થાનમાં ગુરુ ન હોય, તો મરેલો ગર્ભ જન્મે છે.

- બૃહજ્જાતક લગ્ન અને સાતમા ભાવે પાપગ્રહો રહ્યા હોય અને ગમે તે ભાવમાં પાપગ્રહ સાથે ચંદ્રમાં રહ્યો હોય, ને શુભ ગ્રહ ન જોતા હોય, તો તે જન્મેલો બાળક થોડા વખતમાં નાશ પામે છે.

- ક્ષીણ ચંદ્રમા બારમા ભાવમાં રહ્યો હોય, ને લગ્નમાં ને આઠમા ભાવમાં પાપગ્રહ હોય, કોઈ શુભગ્રહ કેન્દ્રસ્થાનમાં ન હોય તો જન્મ વખતે જ બાળક નાશ થાય છે.

- હરકોઈ ભાવે હરકોઈ રાશિના અંત્ય નવમાંશમાં ચંદ્રમા રહ્યો

હોય, ને શુભ ગ્રહ ન જોતા હોય, ને પાપગ્રહો નવમા પાંચમા ભાવે હોય, તો જન્મેલો બાળક તુરત મરી જાય છે. અથવા લગ્નમાં ચંદ્રમા હોય, ને સાતમા ભાવે પાપગ્રહો હોય, તો તુરત નાશ પામે

- શનિ, સૂર્ય, ચંદ્રમા, મંગળ; અનુક્રમે ૧૨। ૯। ૧। ૨। આ ભાવમાં બેઠા હોય, તો તુરત જન્મેલનું મરણ નીપજાવે છે. પણ બળવાન ગુરુ, તેમને જોતો હોય તો તેમ થતું નથી.

- ૭। ૯। ૧૨। ૧ ને ૮-મા ભાવમાં ચંદ્રમા પાપગ્રહ સાથે રહ્યો હોય, તો મરણ નીપજાવે છે. પણ બળવાન થયેલા બુધ, ગુરુ કે શુક્ર, ચંદ્રને જોતા કે યુક્ત હોય તો તેમ થતું નથી.

- ઉપર બતાવેલ રિષ્ટ યોગો પૈકી જે યોગમાં મરવાનો વખત નક્કી જણાવેલો ન હોય, તો તેવા યોગ કરનાર ગ્રહોમાં જે બળવાન ગ્રહ જે રાશિનો છે, તે રાશિનો ચંદ્રમા જયારે આવે ત્યારે મરણ સમજવું. અથવા ચંદ્રમા જે રાશિનો છે તે રાશિમાં ફરીને આવે, ત્યારે પણ મરણ સમજવું. અથવા જે રાશિમાં જન્મ લગ્ન છે. તે રાશિમાંચંદ્રમા આવે ત્યારે મરણ સમજવું પણ બળવાન ગ્રહો તે તે વખતના ચંદ્રને જોતા હોય, તો જ મરણ કરે છે. એમ એક વર્ષના અંતમાં ઉપર પ્રમાણે ચંદ્રમા આવે, ત્યારે મરણ નિપજાવે

- **જાતકાભરણ** - મંગળની રાશિમાં એટલે મેષ ને વૃશ્ચિક રાશિનો ગુરુ આઠમા ભાવે બેઠેલો હોય, અને તેને સૂર્ય, મંગળ, શનિ ચંદ્રમાં, જોતા હોય અને શુક્ર ન જોતો હોય. તો જન્મેલા બાળકનો પ્રાણ દેહનો ત્યાગ કરે છે. (નાશ થાય)

- ચંદ્ર સૂર્ય સાથે શનિશ્ચર રહ્યો હોય, તો જન્મેલા બાળકનું નવ વર્ષે મરણ નીપજાવે છે. તેમ શનિ, મંગળ ને સૂર્ય આઠમા કે છઠ્ઠા ભાવમાં બેઠા હોય, તો એક માસમાં મરણ કરે છે.

- જેના જન્મકાળમાં એક પાપગ્રહ શત્રુની રાશિમાં રહી આઠમા ભાવમાં બેઠો હોય અને પાપગ્રહ શત્રુની રાશિમાં રહી આઠમા ઉપર દ્રષ્ટિ કરે તો અમૃત પાવા છતાં પણ તે એક વર્ષ ઉપરાંત

જીવી શકતું નથી.

- શત્રુ રાશિનો થઈને રહ્યો હોય, અને સૂર્યને ઘણા પાપગ્રહો જોતા હોય તો મૃત્યુ થાય છે.

- જેના જન્મકાળમાં બીજા બારમા ભાવમાં પાપગ્રહો હોય અથવા છઠ્ઠા, આઠમા ભાવે હોય અથવા આઠમા, નવમા ભાવે હોય, અથવા બારમા છઠ્ઠા ભાવમાં પાપગ્રહો બેઠા હોય, તો છઠ્ઠા કે આઠમા માસમાં મરણ નીપજાવે છે.

- જેના જન્મકાળમાં છઠ્ઠા આઠમા ભાવમાં શુભગ્રહો બેઠેલા હોય અને તેમને વક્રી થયેલા પાપગ્રહો જોતા હોય, અને શુભગ્રહ ન જોતા હોય, તો તેનું એક માસમાં મરણ કરે છે.

- જે માણસના જન્મકાળમાં જન્મ લગ્નનો સ્વામી ને રાશિનો સ્વામી મસ્તકમાં થઈને છઠ્ઠે આઠમે કે બારમો રહ્યો હોય, તો જેટલી રાશિમાં બેઠા હોય, તેટલામાં વર્ષે મરણ કરે છે.

- લગ્નનો સ્વામી પાપગ્રહ સાથે સાતમા ભાવમાં રહ્યો હોય, તો આયુષ્યનો નાશ કરે છે. તેમ જ જન્મ રાશિનો સ્વામી પાપાગ્રહ સાથે આઠમા ભાવમાં બેઠો હોય, તો પણ એક માસમાં મરણ થાય છે.

- લગ્ન, સાતમા આઠમા કે બારમા ભાવે પાપગ્રહ સાથે ચંદ્રમા હોય ને શુભ ગ્રહોએ, ન જોયો હોય, તેમ કેન્દ્રસ્થાનમાં કોઈપણ શુભ ગ્રહ ન હોય તો બાળકનું મરણ નીપજે છે.

- આઠમા ભાવમાં કે કેન્દ્રસ્થાનમાં ઘણા પાપગ્રહો બેઠા હોય, ને ક્ષીણ કળાનો ચંદ્રમા લગ્નમાં હોય, તો જન્મેલા બાળકનો નાશ કરે છે.

- કર્ક અથવા વૃશ્ચિક રાશિનું લગ્ન હોય, અને પાપગ્રહો ચક્રના પૂર્વ ભાગમાં એટલે ૧૦। ૧૧। ૧૨। ૧। ૨। ૩। ૪। આ ભાવો પૈકી હરકોઈ ભાવમાં બેઠા હોય અને શુભ ગ્રહો પરાર્ધમાં ૪-૫-૬-૭-૮-૯-૧૦ આ ભાવે પૈકી હરકોઈ ભાવમાં બેઠા હોય તો વર્ષ મુષ્ઠિ નામનો યોગ થાય છે. આ યોગમાં જન્મેલો બાળક મરણ

પામે છે.

- ૧, ૬, ૮ ભાવમાં શુભ ગ્રહ હોય, ને ૧, ૪, ૫, ૭, ૮, ૯, ૧૦મા ભાવમાં પાપગ્રહો હોય ને ચંદ્રમા લગ્નમાં બેઠો હોય, તો જન્મેલો બાળક તુરત નાશ થાય છે.

- શુભગ્રહોએ નહીં જોયેલા પાપગ્રહો કેન્દ્ર ત્રિકોણમાં બેઠા હોય ને લગ્નમાં સૂર્ય કે ચંદ્ર હોય તો રિષ્ટ ઉપજાવે છે.

- સૂર્ય, ચંદ્ર સાથે રહેલા બુધને પાપગ્રહ જોતા હોય, તો અગીયાર વર્ષે મરણ નીપજાવે છે. વળી લગ્નમાં સૂર્ય શનિ ને મંગળ બેઠા હોય, ને સાતમા ભાવમાં ક્ષીણચંદ્ર હોય, તો છ અથવા સાત વરસે નાશ કરે છે.

- જન્મકાળમાં આઠમાના સ્વામીએ જોયેલો લગ્નનો સ્વામી અસ્તનો હોય તો રાશિ તુલ્ય વરસે જન્મેલાનો નાશ થાય છે.

- કેતુનો ઉદય એટલે પુછડીઓ તારો જેટલા દિવસ જણાય, ત્યાં સુધી જાણવો. તેવામાં જન્મ થાય. ત્યાર પછી નિર્ઘાત એટલે વજ્રપાત થાય. ઘણો વાયુ વાય ને વીજળી પડે. રૌદ્રને સર્પ મુહુર્તમાં જન્મ થાય, તો તુરત નાશ થાય છે

- પાપગ્રહ સાથે રહેલા ક્ષીણ ચંદ્રમાને રાહુ જોતો હોય, તો જન્મેલો બાળક થોડા દિવસમાં મરી જાય છે.

- જન્મ વખતે સ્પષ્ટ ચંદ્રમા માના ૮, વૃષભના ૯, મિથુનના ૨૩, કર્કના ૨૨, સિંહના ૫, કન્યાના ૧, તુલાના ૪, વૃશ્ચિકના ૨૩, ધનના ૧૮, મકરના ૨૦, કુંભના ૨૧ને મીનના ૧૦ એ પ્રમાણે અનુક્રમે રાશિઓના અંશમાં હોય તો બતાવેલા અંશના તુલ્ય વર્ષે જન્મેલો માણસ નાશ થાય છે.

- **સર્વાર્થચિંતામણી** - સૂર્ય, ચંદ્ર, ત્રીજા ભાવમાં હોય, અથવા પાપગ્રહની રાશિમાં હોય, અથવા પાપગ્રહ જોતા હોય, તેવામાં પુરુષનો જન્મ હોય, તો રોગી થાય છે. અને સ્રીનો જન્મ હોય, તો તેને એક વર્ષ જીવવું દુર્લભ થાય.

- ચંદ્રમાથકી સાતમા ભાવમાં સૂર્ય, મંગળ હોય, અથવા ચંદ્રથકી સાતમા ભાવમાં સૂર્ય હોય, ને લગ્નમાં મંગળ હોય, તો જન્મેલા માણસનો દસ દિવસમાં નાશ થાય છે.
- સર્વે ગ્રહો નિર્બળ થઈને આપોક્લિમ સ્થાન ૩-૬-૯-૧૨માં બેઠા હોય, તો જન્મેલા બાળકનું છ માસે આયુષ્ય પુરું થાય છે.
- જન્મકાળમાં લગ્નનો સ્વામી નવમાંશનો પતિ, ને જન્મ રાશિનો પતિ અસ્તના હોય, તો કેટલાક દિવસમાં તેનું મરણ થાય છે.
- કેન્દ્રસ્થાનમાં રાહુ પાપગ્રહ યુક્તને જોયેલો હોય, તો તુરત નાશ કરે છે. શુભગ્રહે જોયેલો હોય તો તેમ થતું નથી. કેન્દ્રમાં પાપગ્રહો હોય, ને લગ્ન અથવા ત્રિકોણમાં શનિ હોય અને છઠ્ઠા આઠમા કે બારમા ભાવમાં શુભગ્રહ હોય, તો જન્મેલો બાળક નાશ થાય છે.
- ભાવસંધિ, તિથિસંધિ, રાશિસંધિ એમ એક યા બે અથવા ત્રણ સંધિમાં જન્મ થાય તો જન્મ થતાં જ તુરત મરણ થાય છે. પણ શુક્રવારનો દિવસ હોય તો બાળક જીવે છે.
- મંગળવારે જન્મ હોય, ને મંગળ લગ્નમાં હોય, ક્ષીણ ચંદ્રમાં હોય, ને લગ્નનો સ્વામી કેન્દ્ર બહાર પડ્યો હોય તો જન્મેલો બાળક તુરત નાશ થાય છે. તેમ જ શનિવાર, લગ્નમાં શનિ ને લગ્નનો સ્વામી કેન્દ્રની બહાર રહ્યો હોય, તો શનિ તેને તુરત નાશ કરે છે.
- જન્મ લગ્નને જન્મ રાશિના સ્વામીનો શત્રુ શુભ ગ્રહ હોય, અને લગ્નમાં બેઠો હોય તો તે ગ્રહ પોતાની ધાતુ પ્રમાણે જન્મેલા બાળકનું મરણ નીપજાવે છે
- સાતમા ભાવમાં રહેલા રાહુને સૂર્ય ચંદ્ર જોતા હોય, ને શુભગ્રહ ન જોતા હોય, તો જન્મેલા માણસને બારમે વર્ષે નાશ કરે છે.
- ક્ષીણ કળાવાળા ચંદ્રને પાપગ્રહો જોતા હોય, ઘણું કરી રાહુ જોતો હોય, તો જન્મેલા માણસનો નાશ કેટલાક દિવસમાં કરે છે.

લઘુજાતક - છઠ્ઠા અને આઠમા ભુવનને વિષે રહેલા ચંદ્રને પાપગ્રહ જોતા હોય તો તત્કાળ મરણ થાય અને જો શુભગ્રહ દષ્ટિ કરતા હોય તો આઠ વર્ષે મરણ પામે અને જો મિશ્ર એટલે શુભ તથા અશુભ ગ્રહ જોતા હોય તો ચાર વર્ષે મરણ પામે.

સાતમું, આઠમું, બારમું અને પહેલું એ ભુવનમાં પાપગ્રહ સહિત ચંદ્રમા હોય અને શુભગ્રહ સાથે પણ રહ્યા હોય નહિ તથા કોઈ કોઈ શુભ ગ્રહ કેન્દ્રમાં પણ હોય નહિ તેમ દષ્ટિ કરતા હોય નહિ તો મૃત્યુ યોગ જાણવો.

ચોથે આઠમે અને સાતમે પાપગ્રહની મધ્યમાં ચંદ્રમા રહ્યો હોય, અથવા ચંદ્ર હોય, તથા સાતમા ભાવને વિષે પાપગ્રહ રહ્યા હોય, તો તે માનવાચક રિષ્ટ યોગ જાણવો.

ક્ષીણ ચંદ્ર બારમા ભુવનને વિષે રહ્યો હોય, અને લગ્ન તથા આઠમા સ્થાનને વિષે પાપગ્રહ રહ્યા હોય, તથા સર્વ કેન્દ્ર સ્થાનોમાં સૌમ્યગ્રહ હોય નહીં. તો તત્કાળ મરણ યોગ કહેવો.

લગ્ન બારમું નવમું અને આઠમું એ સ્થાનને વિષે ક્રમથી ચંદ્ર, શનિ સૂર્ય અને મંગળ રહ્યા હોય, તેમ જો બૃહસ્પતિ બળવાન ન હોય તો જન્મેલાનું મરણ થાય છે.

પાંચમે, સાતમે, નવમે, બારમે, લગ્ને આઠમે પાપગ્રહ સહિત ચંદ્રમા રહ્યો હોય અને તેને જો શુક્ર, બુધ, ગુરુ વગેરે ગ્રહો બળવાન થઈ જોતા ન હોય, તથા તે ગ્રહો તેની સાથે ન રહ્યા હોય તો મરણ યોગ જાણવો.

સારાવલી - જેમ જન્મકુંડળીમાં રિષ્ટયોગ ઉપજે છે, તેમ રિષ્ટભંગ યોગ પણ ઉપજે છે. જેથી મુખ્ય કારણભૂત એવા, ભંગ યોગોનો જે પ્રકારે ઉપજે, તે આ પ્રમાણે છે.

ચંદ્રમા થકી થયેલા રિષ્ટ યોગોનો ભંગયોગ પ્રથમ કહેવામાં આવે છે. ત્યારે પછી બીજા ગ્રહોથી થયેલા રિષ્ટ યોગોનો ભગ્નયોગ કહેવાશે.

- સર્વે ગ્રહો ચંદ્રમાને જોતા હોય, તો રિષ્ટનો નાશ કરે છે. જેમ મોટો રાજા ન્યાય વખતે દ્વેષનો ત્યાગ કરે છે, તેવી રીતે સમજવું.
- મિત્રના નવમાંશમાં રહેલા સંપૂર્ણ કળાના ચંદ્રમાને શુક્ર જોતો હોય, તો તે રિષ્ટને નાશ કરવામાં ઘણો શ્રેષ્ટ થાય જેમ પવનને અટકાવનારાં દરેક સ્થાનોમાં જેમ ઘર શ્રેષ્ઠ છે, તેમ સમજવું.
- પરમ ઉચ્ચમાં રહેલા કૃષ્ણ પક્ષના ચંદ્રમાને શુક્ર જોતો હોય તે રિષ્ટનો નાશ કરે છે. જેમ કફ રોગવાળા માણસનો દોષ ઉલટી થવાથી મટે છે તેમ સમજવું.
- શુભ ગ્રહોએ જોયેલો કૃષ્ણ પક્ષનો ચંદ્રમા શુભ ગ્રહના નવમાંશમાં હોય તો રિષ્ટનો નાશ કરે છે. જેમ છાલ બગડ્યા છતાં અંદરના સારા કણોવાળુ દાડમ રોગનો નાશ કરે છે. તેમ સમજવું.
- ચંદ્રમા થકી છઠ્ઠા, સાતમા ને આઠમા સ્થાનમાં શુભ ગ્રહો પાપગ્રહ સિવાય રહયા હોય, તો રિષ્ટનો નાશ કરે છે. જેમ પવિત્ર વૃત્તિઓ અભિમાનનો નાશ કરે છે, તેમ જાણવું.
- સારા ફળને આપનાર શુભ ગ્રહ સાથે ચંદ્રમા હોય, તો રિષ્ટનો નાશ કરે છે. શુભ ગ્રહના દરેષ્કાણમાં ચંદ્રમા રહેલો હોય, તો પણ સઘળા રિષ્ટ યોગોનો નાશ કરે છે. જેમ કાનના વીંધેલા છિદ્રો ઉપર મીઠું લગાડવાથી રોગ નાશ થાય છે. તેમ જાણવું.
- વૃદ્ધિ થતી કળાનો ચંદ્રમા શુભ ગ્રહના દ્વાદશાંશમાં હોય, તો રિષ્ટ રોગને (સંઘરણીને) નાશ કરે. તેમ સમજવું.
- શુભ ગ્રહની રાશિમાં રહેલા ચંદ્રમાને લગ્નનો સ્વામી જોતો હોય, તો રિષ્ટ યોગનો નાશ કરે છે. અને તે વિના બીજા ગ્રહો જોતા હોય તો તેમ થતું નથી. જેમ કુલિન સ્ત્રીઓના કુલ પ્રત્યે બીજી કુલ વિનાની સ્ત્રીઓ કાંઈ કરી શક્તી નથી તેમ જાણવું.
- જન્મ કુંડળીમાં અથવા નવમાંશમાં પાપગ્રહની રાશિમાં ચંદ્રમા રહ્યો હોય, તે રાશિનો સ્વામી ચંદ્રને જોતો હોય, તો રિષ્ટ યોગમાં જન્મેલા બાળકનું રક્ષણ કરે છે. જેમ કૃપણ માણસ પોતાના ધનનું રક્ષણ સંપૂર્ણ પ્રકારથી કરે, તેમ સમજવું.

❈ જન્મ રાશિના સ્વામીને બળવાન પોતાનો મિત્ર જોતો હોય, ને રાશિનો સ્વામી ચંદ્રને જોતો હોય, તો રિષ્ટ યોગમાં જન્મેલા બાળકનું રક્ષણ કરે છે. જેમ કૃપણ માણસ પોતાના ધનનું રક્ષણ સંપૂર્ણ પ્રકારથી કરે, તેમ સમજવું.

❈ જન્મ રાશિના સ્વામીને બળવાન પોતાનો મિત્ર જોતો હોય, અથવા બળવાન શુભ ગ્રહ જોતો હોય, તો રિષ્ટનો ભંગ કરે છે. જેમ સંગ્રામમાંથી બીકણ પુરુષ ભાગી જાય, તેમ જાણવું.

❈ જન્મ રાશિનો સ્વામી લગ્નમાં બેઠો હોય, ને તેને સર્વે ગ્રહો જોતા હોય તો રિષ્ટનો નાશ કરે છે.

❈ ચંદ્ર પોતાના ઉચ્ચમાં હોય, તો અથવા પોતાની રાશિમાં હોય, અથવા સંપૂર્ણ કળાનો હોય, અથવા વૃષામ શુભગ્રહોએ જોયેલો હોય, અથવા પોતાના નવમાંશમાં હોય. તેમજ પોતાના શત્રુએ જોયેલો ન હોય, કે પાપગ્રહ સાથે ન હોય કે જોતા ન હોય, તો ખરાબ એવા દુષ્ટ યોગને તોડી નાંખે છે, જેમ સૂરજના ઉદયથી અંધારાનો નાશ થાય તેમ સમજવું.

❖ બારમા ભાવે ચંદ્રમા હોય,અગીયારમે બુધ, શુક્ર ને પાપ ગ્રહો હોય, દશમા ભાવે ગુરુ હોય, તો સર્વે રિષ્ટ યોગોને નાશ કરે છે. જેમ મુનિઓ ફુલરસના સેવનથી ચોથી અવસ્થાનાં દરેક દુઃખનો નાશ કરે છે તેમ સમજવું.

❖ લગ્નના સ્વામીથી છઠ્ઠા, ત્રીજા દશમા ને ચોથા ભાવમાં રહેલા ચંદ્રમાને શુભ ગ્રહો જોતા હોય, તો દુષ્ટ યોગનો નાશ કરે છે. જેમ રાજા સર્વને અટકાવે તેમ જાણવું.

❖ શુભ ગ્રહોએ જોયેલો, સંપૂર્ણ બળને પામેલો, એક જ જન્મ રાશિનો સ્વામી હોય, તો ચંદ્રના રિષ્ટ યોગને નાશ કરે છે. જેમ મદોન્મત્ત પારધી વનમાં મૃગનો નાશ કરે તેમ જાણવું.

❖ ઉચ્ચનો ઘણો બળવાન, અને ઉદયનો થઈ બૃહસ્પતિ (ગુરુ) લગ્નમાં બેઠો હોય, તો સર્વ પ્રકારે દુષ્ટ યોગોનો નાશ કરે છે,

❖ જન્મ કુંડળીમાં શુભ ગ્રહો ઘણા બળવાળા હોય, ને પાપગ્રહો

નિર્બળ હોય, તો તે પુરુષ સર્વ પ્રકારનાં દુઃખોથી રહિત થાય જેમ ખરાબ ફળ આપનારા ગ્રહોની પૂજા કરવાથી સારૂ ફળ મળે તેમ જાણવું.

❖ શુભ ગ્રહની રાશિમાં ને શુભ ગ્રહના વર્ગોમાં રહેલા પાપ ગ્રહોને શુભ ગ્રહો જોતા હોય, તો સર્વ પ્રકારના દુષ્ટ યોગોનો નાશ થાય છે, જેમ પતિ સાથે રહેલી સ્ત્રી સુખી થાય, તેમ તે સુખ પામે છે.

❖ લગ્નથી ત્રીજે છઠે ને અગીયારમા ભાવે રહેલા રાહુને શુભ ગ્રહો જોતા હોય, તો તુરત સર્વ પ્રકારના દુષ્ટ યોગોનો નાશ કરે છે, જેમ આકડાના ફૂલને પવન ઉડાડે, તેમ જાણવું.

❖ જેના જન્મ વખતે શીર્ષોદય રાશિ (૩-૫-૬-૭-૮-૧૧ મી રાશિઓ)માં સર્વે ગ્રહો રહ્યા હોય, તો સર્વ પ્રકારથી થયેલા રિષ્ટયોગો નાશ થાય છે. જેમ અગ્નિમાં હોમેલું ઘી તરત બળી જાય, તેમ જાણવું.

❖ જેની જન્મ કુંડળીમાં રિષ્ટયોગ થયો હોય, તે વખતે કોઈ પણ શુભ ગ્રહ યુદ્ધમાં જીતેલો શુભ ગ્રહની રાશિને શુભગ્રહના નવમાંશમાં બેઠો હોય, ને તે શુભ ગ્રહોએ જોયેલો હોય, તો સર્વ રિષ્ટનો નાશ કરે છે. જેમ બળવાન પવન વનના ઝાડોને ઉખેડી નાખે, તેમ જાણવું.

❋ મેષ વૃષભ, કર્ક રાશિનો રાહુ લગ્નમાં બેઠો હોય, તો તમામ દુઃખોથી બચાવે છે. જેમ રાજા પ્રસન્ન થઈ અપરાધી પુરુષનો અપરાધ ક્ષમા કરે તેમ સમજવું.

❋ ગુરુ, શુક્ર કેન્દ્ર સ્થાનમાં બેઠા હોય, તો તે જન્મનાર પુરુષ ૧૦૦ વર્ષ જીવે છે. ને ગ્રહો થકી થયેલા દુષ્ટ યોગો, ને ચંદ્ર થકી થયેલા દુષ્ટ યોગને તુરત નાશ કરે છે.

❋ **બૃહજ્જાતક** - જન્મ કુંડળીમાં સંપૂર્ણ કલાનો ચંદ્ર શુભ ગ્રહોની રાશિમાં કે શુભ ગ્રહોએ જોયેલો હોય તો રિષ્ટ યોગનો નાશ કરે છે. ઘણું કરી શુક્ર જોતો હોય, તો તુરત જ રિષ્ટનો નાશ કરે છે.

❋ બુધ, ગુરુ કે શનિ તેમાંનો એક પણ બળવાન થઈને કેન્દ્રમાં હોય,

તો પાપ ગ્રહની સહાયતાવાળા રિષ્ટ યોગોનો નાશ કરે છે.

❊ છઠ્ઠી ભાવમાં રહેલો ચંદ્રમા ગુરુ, શુક્ર કે બુધના દ્રેષ્કોણમાં હોય તો રિષ્ટયોગને નાશ કરે છે. જેમ સર્પદંશ થયેલાને ઔષધિ બચાવે છે. તેમ જાણવું.

❊ જન્મકુંડળીમાં બે શુભ ગ્રહના મધ્યમાં ચંદ્રમા સંપૂર્ણ તેજનો હોય તો તુરત રિષ્ટનો નાશ કરે છે, જેમ ગરૂડ સર્પનો નાશ કરે, તેમ જાણવું.

❊ જેનો જન્મ શુક્લ પક્ષની રાત્રિમાં હોય, ને પૂર્ણકળાનો ચંદ્રમાં હોય, તો તેને છઠ્ઠા ને આઠમા ભાવમાં રહેલા ચંદ્ર થકી રિષ્ટ થતો નથી એમ જાણવું.

❊ ઉદય થયેલો ને બળ પામેલો બૃહસ્પતિ કેન્દ્ર સ્થાનમાં બેઠો હોય, તો સર્વ પ્રકારના રિષ્ટ યોગોને નાશ કરે છે.

❊ જે રાશિનો ચંદ્ર હોય, તે રાશિનો સ્વામી અથવા શુભ ગ્રહ કેન્દ્રસ્થાનમાં હોય, તો સર્વ રિષ્ટ યોગ નાશ થાય છે.

❊ **જાતકાભરણ** - જ્યારે શુક્લ પક્ષમાં રાત્રિએ જન્મ હોય, ને શુભ ગ્રહો જોતા હોય, કૃષ્ણ પક્ષમાં દિવસે જન્મ હોય, ને પાપગ્રહો જોતા હોય તો આઠમાને છઠ્ઠા ભાવમાં રહેલો ચંદ્ર રિષ્ટ કરતો નથી. પણ જેમ પિતા પુત્રનું પાલન કરે, તેમ ચંદ્ર રક્ષણ કરે છે, એમ જાણવું.

❊ જેનો જન્મ રાત્રીએ હોય, અને ઉચ્ચ કે પોતાની રાશિમાં ચંદ્રમા બેઠો હોય, નવમાંશમાં ઉચ્ચનો, કે પોતાની રાશિમાં હોય, અથવા શુભ ગ્રહોએ જોયેલો હોય, અથવા પૂર્ણ કળાનો ચંદ્રમા હોય, તો રિષ્ટયોગનો નાશ કરે છે.

❊ જન્મ વખતે ચંદ્રમા અશ્વનીમાં, કે કૃતિકામાં કે પુષ્ય નક્ષત્રમાં હોય, કે વર્ગોત્તમ હોય, કે પૂર્ણ કળામાં હોય, કે ત્રિપુષ્કરયોગમાં હોય, તો બળવાન રિષ્ટયોગને તુરત નાશ કરે છે.

❊ જેના જન્મ વખતે આકાશ સાફ હોય, ને ગ્રહ સ્વસ્થ હોય, ને

મેઘ નીલવર્ણવાળા સાફ હોય, પવન મંદ મંદ ચાલતો હોય, શુભ મુહૂર્ત હોય એવા વખતમાં જન્મ થાય તો સર્વ રિષ્ટયોગો નાશ થાય છે.

❊ જેના જન્મ વખતે અગત્સ્ય મુનિ નામનો તારો ઉદય હોય, તો રિષ્ટયોગના નાશ કરે છે. કોની પેઠે, જેમ અગ્નિમાં લાખ ઓગળે તેમ જાણવું.

❊ જન્મ કુંડળીમાં મકર, કુંભ કે મીન રાશિમાં કેતુ અગીયારમા કે છઠ્ઠા કે ત્રીજા ભાવમાં બેઠો હોય. તો રિષ્ટ યોગને નાશ કરે છે. શુક્ર, ગુરુ ને બુધ પરસ્પર ત્રિકોણમાં બેઠાં હોય તો રિષ્ટયોગને નાશ કરે છે.

❊ સંધ્યા (સવાર-સાંજ) વખતે વૈધૂત, વ્યતિપાત, ભદ્રા (વિષ્ટિ) ગંડાંત, આ સમયે જન્મ થાય, પણ જો ગ્રહો, લગ્નથી આરંભી સાતમા ભાવ સુધીમાં હરકોઈ ભાવમાં સર્વે ગ્રહો સમાયા હોય, તો રિષ્ટયોગનો નાશ કરે છે.

❊ ત્રીજા અગીઆરમા કે છઠ્ઠા ભાવમાં ઉચ્ચનો સૂર્ય ગ્રહણ વિના હોય, તો રિષ્ટ યોગનો નાશ કરે છે. એક રાશિમાં રહેલા સર્વે ગ્રહો છઠ્ઠા, ત્રીજા, દશમા, કે અગિયારમા ભાવમાં રહ્યા હોય, તો રિષ્ટનો નાશ કરે છે.

❊ જેના જન્મ કાળમાં ધન, કે મીનનો ગુરુ ચોથા ભાવમાં બેઠો હોય, ને તેને બળવાન ચંદ્રમા જોતો હોય, તો રિષ્ટથી થયેલા અમંગળને તુરત તોડે છે.

❊ જેના જન્મ કાળમાં કોઈ ગ્રહ લગ્નમાં બેઠો હોય અને તેના થકી બીજે, ને બારમે ત્રણ ત્રણ ગ્રહો રહ્યા હોય, તો રિષ્ટયોગનું છેદન કરે છે.

❊ જેના જન્મકાળમાં કેન્દ્ર ૧-૪-૭-૧૦માં અથવા પણફર, ૨-૫-૯-૧૧માં અથવા આપોકિલમ ૩-૬-૯-૧૨માં, આ ભાવોમાં રહેલા સર્વે ગ્રહો શુભ ગ્રહના નવમાંશમાં હોય, તો રિષ્ટ યોગનો ભંગ કરે છે.

❋ સર્વાર્થચિંતામણિ- ઘણા બળવાળો લગ્નનો સ્વામી શુભ ગ્રહ સાથે રહેલો, શુભ ગ્રહોએ જોયેલો, કેન્દ્રસ્થાનમાં રહેલો, ને પાપ ગ્રહોએ નહીં જોયેલો, જો હોય તો જન્મેલો માણસ મોટો ભાગ્યવાન અને ઘણી આવરદાવાળો હોય.

❋ ચંદ્રમાને આઠમા ભાવનો સ્વામી શુભ ગ્રહના દ્રષ્ટિકોણમાં હોય તો જન્મેલા બાળકને પ્રયત્ન વડે કરીને રાત્રિને દિવસે રક્ષણ કરે છે.

❋ ચંદ્રમા શત્રુની રાશિનોહોય, તોયે પણ જો બુધ, ગુરુ કે શુક્રના દ્રેષ્કાણમાં હોય, તો દુષ્ટ યોગને દૂર કરે છે.

❋ ચંદ્રમા શુભ ગ્રહના નવમાંશમાં હોય, ને શુભ ગ્રહ જોતો હોય, ને પૂર્ણ કળાનો હોય, તો રિષ્ટને નાશ કરે છે. જેમ ગરૂડ વિષનો નાશ કરે તેમ જાણવું.

❋ ઉદયી બૃહસ્પતિ કેન્દ્રસ્થાનમાં હોય, તો જન્મેલા બાળકનું રક્ષણ કરે છે. શુભ ગ્રહોના નવમાંશમાં રહેલા ચંદ્ર, બુધ, ગુરુ ને શુક્ર સર્વ દોષને નાશ કરે છે.

❋ જન્મ લગ્નનો સ્વામી શુભ ગ્રહ હોય, ને કેન્દ્રસ્થાનમાં શુભ ગ્રહોએ જોયેલો હોય, તો બાળકને બચાવે છે. લગ્નનો સ્વામી શુભ અથવા પાપગ્રહ હોય, પણ જો તે પોતાના નવમાંશમાં શુભ ગ્રહોએ જોયેલો હોય, તો ખરાબ યોગનો નાશ કરે છે

## એકથી અસંખ્ય વર્ષ જીવવાના યોગો

સમય-વર્ષ ૩૩ સુધી અલ્પાયુષ્ય કહે છે રીષ્ટ ભંગયોગ થયો હોય તો તે ૩૨ વર્ષની અંદર નહિ મરતાં લાંબો વખત જીવે છે, પણ તેમાં રીષ્ટ કરનાર ગ્રહ કરતાં રિષ્ટ ભંગ કરનાર ગ્રહ બળવાન હોય તો જ મરણ નથી થતું, ને જો રિષ્ટ કરનાર બળવાન હોય તો રિષ્ટ (મરણ) કરે એમ જાણવું.

### ૧ વર્ષ જીવવાના યોગો (ચન્દ્રિકા)

❋ આઠમા ઘરમાં ચંદ્ર હોય કેન્દ્ર (૧।૪।૭।૧૦)માં પાપગ્રહો હોય

ને ચોથા ઘરમાં રાહુ હોય તો તે એક વર્ષ જીવે

- (શશવતી)-સૂર્ય, ચંદ્ર સાથે શનિ કોઈપણ ઘરમાં હોય તો જન્મ સમયમાં જ મૃત્યુ પામે. અને બ્રહ્મ સૌર નામના આચાર્ય કહે છે કે એક વર્ષ જીવે છે.

## ૨ વર્ષ જીવવાના યોગો (સારાવળી)

- વક્રગતિનો શનિ ગતિવાળની રાશિમાં હોય તેમ જ આઠમે, છઠ્ઠે કે કેન્દ્રમાં બળવાન મંત્રી જોયેલો ચંદ્રમાં હોય તો જન્મેલો માણસ બે વર્ષ જીવે.

- (જાતકાભરણ) બુધ સાથે ચંદ્રમા સૂર્યથી અસ્ત થઈ કેન્દ્રમાં ને તેને મંગળ શનિ જોતા હોય તો જન્મેલો બાળક, ૨ વરસે થાય જીવે છે.

- ક્ષીણકળાનો ચંદ્ર લગ્નના સ્વામી થકી આઠમા ભાવમાં હોય ને તેને પાપગ્રહો જોતા હોયને શુભ ગ્રહો ન જોતા હોય તો બે વર્ષ પૂરાં થયે નાશ કરે.

## ૩ વર્ષ જીવવાના યોગો (સારાવળી)

- જેનું જન્મનું ફળ બૃહસ્પતિ મંગળની રાશિનો થઈ આઠમા ભાવમાં બેઠો હોય તો તે સૂર્ય, મંગળ કે શનિ જોતા હોય ને શુક્ર ન જોતો હોય તો તે દર ત્રણ વર્ષે પરલોકમાં જાય છે.

- ઘણો ક્ષીણ થયેલો ચંદ્રમા સ્વામી થકી આઠમા ભાવમાં બેઠો હોય, ને બધા પાપગ્રહો જોતા તે ને બધા શુભ ગ્રહો ન જોતા હોય, તો ત્રણ વર્ષે નાશ કરે

- (શુદ્ધમતમાં)-ગુરૂ, બારમા ઘરમાં અથવા કેન્દ્રમાં હોવા છતાં લગ્નનો સ્વામી પાપગ્રહો સાથે છઠ્ઠા, ત્રીજા, નવમા, સ્થાનમાં હોય તો બાળક ત્રણ વર્ષમાં મરે.

- કર્ક લગ્નમાં ચંદ્ર, મંગળને કેન્દ્ર (૧।૪।૭।૧૦)ને આઠમા ઘરમાં કોઈ ગ્રહ ન હોય તો તે બાળકનું આયુષ્ય ત્રણ વર્ષનું જાણવું.

## ૪ વર્ષ જીવવાના યોગો (યોગસંગ્રહ)

- છઠ્ઠા, આઠમા અને પહેલા ઘરમાં, શત્રુના ઘરમાં ને પાપગ્રહોની વચમાં બુધ હોય તો બાળક ચાર વર્ષમાં મરે.
- (સારાવળી) - કર્કરાશિમાં રહેલો બુધ છઠ્ઠા કે આઠમા ભાવે બેઠો હોય ને ચંદ્રમા જોતો હોય તો ચાર વર્ષે નાશ કરે.
- સૂર્ય સાથે રહેલો ચંદ્ર કેન્દ્રસ્થાનમાં હોય ને મંગળ, શનિ જોતા હોય, અથવા યુક્ત હોય તો ચાર વર્ષે નાશ કરે છે. એમ ન થાય તો ગણિતનું શું પ્રયોજન ?

## ૫ વર્ષ જીવવાના યોગો (સારાવળી)

- હરકોઈ ભાવમાં એક રાશિમાં રહેલા સૂર્ય, ચંદ્ર, મંગળ ને ગુરુથી૧; મંગળ, ગુરુ, શનિ ને ચંદ્રથી ૨; સૂર્ય, શનિ, મંગળ ને ચંદ્રથી ૩; ઉપર બતાવેલા ત્રણ પ્રકાર પૈકીનો ગ્રહોનો યોગ થાય તો પાંચ વર્ષે મરણ નીપજે છે.
- જે માણસના જન્મ વખતે ૧।૨।૩।૪।૫।૬।૭ આ ભાવોમાં પાપગ્રહો રહ્યા હોય, અને ૭।૮।૯।૧૦।૧૧।૧૨।૧ આ ભાવોમાં હરકોઈ ભાવે શુભગ્રહો રહ્યા હોય, ને રાહુ લગ્નમાં બેઠો હોય તો તે માણસ પાંચ વર્ષે મરણ પામે છે.
- (જાતકાભરણ)-જેના જન્મકાળમાં (૧) ચંદ્ર, સૂર્ય, બુધને ગુરુ (૨) ચંદ્ર, શનિ, મંગળ ને શુક્ર (૩) ચંદ્ર, સૂર્ય, ને મંગળ, ઉપર પ્રમાણે ગ્રહો બેઠા હોય તો તે માણસ પાંચ વર્ષે મરણ પામે છે.
- (જાતકાભરણ) - જેના જન્મકાળમાં (૧) ચંદ્ર, સૂર્ય, બુધ ને ગુરુ (૨) ચંદ્ર, શનિ, મંગળ ને શુક્ર (૩) ચંદ્ર, સૂર્ય, શનિ ને મંગળ; ઉપર પ્રમાણે ગ્રહો બેઠા હોય તો તે બાળકનો પાંચ વર્ષે નાશ થાય.
- (યોગસંગ્રહ) - આઠમાનો સ્વામી લગ્નમાં હોય ને લગ્નનો સ્વામી આઠમા ઘરમાં તો જન્મેલું બાળક પાંચ વર્ષમાં મરે.

## ૬ વર્ષ જીવવાના યોગો (સત્યમત)

- લગ્ને પોતાના ઘરમાં ક્રૂર ગ્રહ હોય અથવા ચોથા દશમા માં ક્રૂર

ગ્રહ હોય તો છ વર્ષ પણ જીવતો નથી.

卐 (સારાવળી) શુક્ર સૂર્ય કે ચંદ્રની રાશિનો થઈ બારમા, છઠ્ઠા કે આઠમા ભાવમાં બેઠો હોય ને તેને બધા શુભગ્રહો જોતા હોય તો છ વર્ષે મરણ ઉપજાવે તેમાં આશ્ચર્ય સમજવું નહીં.

## ૭ વર્ષ જીવવાના યોગો (સારાવળી)

- નિગડ, વિહંગ ને પાશ, છેવણવાળું લગ્ન હોય ને પાપગ્રહ યુક્ત હોય, તેમ પોતાનો સ્વામી ન જોતો હોય તો સાત વર્ષે મરે

- કુંભ સિંહ ને વૃશ્ચિકનો રાહુ લગ્નમાં પાપગ્રહોએ જોયેલો હોય તો સાત વર્ષે આવરદાને તોડે છે.

- લગ્નમાં સૂર્ય મંગળ ને શનિશ્ચર શુક્રના ઘરમાં રહ્યા હોય ને ક્ષીણ ચંદ્રમા ભાવમાં ગુરુએ ન જોયો હોય તો સાત વર્ષે નાશ કરે છે.

- (જાતકાભરણ) ક્ષીણ ચંદ્રમા સાતમા ભાવે રહ્યો હોય ને શનિ મંગળને શુક્ર લગ્નમાં રહ્યા હોય ને તેમને ગુરુ ન જોતો હોય તો જન્મેલો માણસ સાત વર્ષે નાશ પામે છે

- (સત્યમત) ક્રૂર ગ્રહો સાથે શુક્ર લગ્નમાં હોય, તો સાત વર્ષમાં મરણ પામે છે. અથવા નિર્બળ ચંદ્ર, બારમા, અગીયારમા કે સાતમા ભાવમાં હોય ને ગુરુ ન દેખતો હોય તો સાત વર્ષમાં મરે.

- (ચંદ્રિકા) અસ્તને પામેલો, લગ્નનો સ્વામી પાપગ્રહની રાશિમાં હોય તો જન્મેલો કર્મભ્રષ્ટ (અધર્મી) થઈ સાત વર્ષ જીવે છે.

- સાતમા ઘરમાં રાહુ શત્રુના ઘરમાં હોય તો સાતમા અથવા ૧૬મા વર્ષમાં મરે.

## ૮ વર્ષ જીવવાના યોગો (યોગસંગ્રહ)

- વૃષભ લગ્ન સિવાય સ્થિર રાશિનું લગ્ન પંદર અંશથી ઉપરના ભાગનું હોય અને પાપગ્રહો દેખતા હોય તો, તેમજ પાપગ્રહો ચોથા અથવા આઠમા સ્થાનમાં હોય, ને ક્ષીણ ચંદ્ર લગ્નમાં હોય તો આઠ વર્ષમાં મરે.

- લગ્નમાં ચંદ્ર અથવા મંગળ હોય, સૂર્ય સાતમા ઘરમાં હોય, અથવા સાતમા ઘરમાં સૂર્ય, નવમાંશનો સ્વામી કે રાહુ, ચંદ્ર હોય ને ક્રૂર ગ્રહો દેખતા હોય તો આ વર્ષમાં મરે

- (ચન્દ્રિકા) લગ્ન, બીજા, બારમા અને આઠમા એ ત્રણ સ્થાનમાં પાપગ્રહ હોય તો દિશાએ જવાનો ગુણ ભાગ બંધ થાય છે. ને તે ગ્રહની દશા આઠમે વર્ષે હોય તો આઠમે વર્ષે મરે.

- (જાતકાભરણ) જ્યારે જન્મ લગ્નથકી છઠ્ઠા ને આઠમા ભાવે શુભ ગ્રહો હોય અને નવમાને પાંચમા ભાવે પાપગ્રહો હોય ને તેમને પાપગ્રહો જોતા હોય તો આઠ વર્ષે મરે.

## ૯ વર્ષ જીવવાના યોગો (સારાવળી)

- મંગળ સૂર્ય સાથે ચંદ્રમા બીજાને પાંચમા ભાવે રહ્યો હોય ને શુભગ્રહો ન જોતા હોય તો જન્મેલા બાળકનું નવ વર્ષે મરણ નિપજાવે છે. એમાં સંદેહ કરવો નહીં.

- હરકોઈ ભાવે સૂર્ય શનિ સાથે રહેલો શુક્ર ગુરુએ જોયેલો હોય, તો પણ નવ વર્ષે મરે એમાં સંદેહ ન જાણવો.

- ચંદ્રથકી બારમા ભાવે બેઠેલો ચંદ્રના નવમાંશમાં રહેલો પાપગ્રહ લગ્નનો સ્વામી હોય ને તેનો પાપગ્રહોએ જોયેલો હોય તે જન્મેલા બાળકને નવ વર્ષે નાશ કરે

- (સર્વાર્થચિંતામણિ) સૂર્ય, ચંદ્ર ને મંગળ, પાંચમા ભાવમાં રહેલા હોય ને શુભગ્રહ જોતાં કે યુક્ત ન હોય, તો નવ વર્ષે મરણ કરે છે.

- (જાતકાભરણ) સાતમા ભાવે ચંદ્રમા રહ્યો હોય ને લગ્નમાં આઠમા ભાવનો સ્વામી રહ્યો હોય ને શનિ જોતો હોય તો નવ વર્ષે રિષ્ટ કરે છે.

- (યોગસંગ્રહ) પાંચમા સ્થાનમાં રહેલા ચંદ્રને, મંગળ અને શનિ જોતા હોય ને શુભ ગ્રહો ન દેખાતા હોય, અથવા ચંદ્રના નવમાંશમાં લગ્નનો સ્વામી પાપગ્રહ થઈ રહ્યો હોય, ને કૃષ્ણપક્ષના ચંદ્રની દશા હોય તો ૯ વર્ષમાં મરે.

## ૧૦ વર્ષ જીવવાના યોગ (યોગસંગ્રહ)

- કેન્દ્ર (૧।૪।૭।૧૦) સ્થાનમાં રાહુ હોય ને પાપગ્રહો દેખતા હોય, તો દશ વર્ષમાં મરણ પામે છે. કેટલાક આચાર્યો ૧૬ વર્ષે મરણ કહે છે.

## ૧૧ વર્ષ જીવવાના યોગ. (સારાવળી)

- સૂર્ય, ચંદ્ર સાથે રહેલો બુધ, શુભ ગ્રહોએ જોયેલો હોય તો અગીયારમા વર્ષે નાશ કરે. કદાપિ બાળક દેવના ખોળામાં બેઠો હોય તો પણ ઉગરે નહીં

## ૧૨ વર્ષ જીવવાના યોગ (જાતકાભરણ)

- જેના જન્મકાળમાં રાહુ સાતમા ભાવમાં બેઠો હોય ને તેને શનિશ્ચર ને સૂર્ય જોતા હોય તો, ને કોઈ શુભ ગ્રહ ન જોતો હોય તો, તે માણસ બાર વર્ષ સુધી જીવે.
- (સર્વાર્થચિંતામણિ) જન્મ રાશિને જન્મ લગ્નના સ્વામીઓ લગ્નથકી છઠ્ઠા આઠમા ને બારમા ભાવમાં સૂર્ય સાથે પડ્યા હોય ને શુભ ગ્રહો જોતા કે યુક્ત ન હોય બારમા ભાવમાં સૂર્ય સાથે પડ્યા હોય ને શુભ ગ્રહો જોતા કે યુક્ત ન હોય બાર વર્ષે યમપુરીમાં જાય છે.
- ચંદ્ર લગ્નનો સ્વામી સૂર્ય, થઈને શનિ સાથે લગ્નથકી આઠમા ભાવમાં રહ્યો હોય તો બાર વર્ષે મરે.
- (ચન્દ્રિકા) આઠમે શનિ હોય ને જન્મ લગ્નમાં ચંદ્ર હોય તો બારમે વર્ષે મરે.
- શનિના ઘરમાં સૂર્ય અને સૂર્યના ઘરમાં શનિ બેઠો હોય તો જન્મેલો બારમા વર્ષે મરે.

## ૧૩ વર્ષ જીવવાનો યોગ - (સત્યમત)

- બારમા ઘરમાં રાહુ હોય તે શનિ વક્રગતિ પામેલો હોય તો દુષ્ટ દોષથી તેરમા વર્ષમાં મરણ પામે છે.

## ૧૪ વર્ષ જીવવાનોયોગ - (યોગસંગ્રહ)

- બુધ કે રાહુ, સાતમે કે ત્રીજે હોય તો રોગથી ચૌદ વર્ષમાં મરે છે

## ૧૫ વર્ષ જીવવાનો યોગ (યોગસંગ્રહ)

- પીડિત ચંદ્ર, ચોથા પંડ્યા કે છઠ્ઠા ઘરમાં હોય અને કેન્દ્રમાં કોઈ ગ્રહ ન હોય, તો પંદર વર્ષમાં રોગી મરે

## ૧૬ વર્ષ જીવવાના યોગ - (સર્વાર્થચિંતામણિ)

- જન્મ કુંડલી છઠ્ઠા ને આઠમા ભાવે પાપગ્રહો હોય ને શુભ ગ્રહોએ ન જોયેલો હોય આપોક્લિમ સ્થાનમાં લગ્નનો સ્વામી બેઠો હોય, તો ૧૬ વર્ષે મરણ કહેવું

- (યોગસંગ્રહ) ત્રીજા અગીયારમા ઘરમાં શનિ હોય અને નવમા પાંચમામાં સૂર્ય હોય, ગુરુ, શુક્ર કેન્દ્રસ્થાનમાં ન હોય તે ૧૬ વર્ષ જીવે

## ૧૭ વર્ષ જીવવાના યોગ (યોગસંગ્રહ)

- કર્ક અને કુંભ રાશિમાં સૂર્ય હોય અને મેષ રાશિમાં શનિ ને વરખ તુલામાં ગુરુ બેઠો હોય, તો ૧૭ મા વર્ષમાં કોલેરાના રોગથી મરે.

## ૧૮ વર્ષ જીવવાના યોગ (યોગસંગ્રહ)

- આઠમાનો સ્વામી નીચરાશિ વિશે કેન્દ્રમાં હોય તો અઢારમા વર્ષમાં મરે.
- સિંહ, વૃશ્ચિક ને કુંભ લગ્ન હોય ને રાહુ બેઠો હોય તો અઢારમા વર્ષમાં મરે.
- લગ્ન, સાતમા ને આઠમા ઘરમાં પાપગ્રહો હોય અથવા શુભગ્રહો તે ઘરોમાં નિર્બળી હોય તો અઢારમા વર્ષમાં મરે.

## ૧૯ વર્ષ જીવવાના યોગ - (યોગસંગ્રહ)

- કર્ક રાશિમાં મંગળ, મકર રાશિમાં સૂર્ય અથવા શુક્ર, શનિ ને સૂર્ય

હોય ને બુધ અસ્તનો હોય તો ૧૯ મા વર્ષમાં મરે.

## ૨૦ વર્ષ જીવવાના યોગ-(સર્વાર્થ ચિંતામણિ)

- કેન્દ્રસ્થાનમાં પાપગ્રહો હોય ને ચંદ્રમા કેન્દ્રમાં અથવા છઠ્ઠા કે આઠમા ભાવમાં હોયને શુભગ્રહો ન જોતા હોય તો તે માણસ ૨૦ વર્ષ સુધી જીવે
- (જગન્મોહન) લગ્નનો માલિક આઠમા ઘરમાં અથવા જન્મ રાશિનો સ્વામી આઠમા ઘરમાં હોય ને શુભગ્રહો જોતા હોય, પાપગ્રહો કેન્દ્રમાં હોય તો ૨૦ વર્ષમાં મરે.
- લગ્નમાં મંગળ હોય, અને સૂર્ય શનિ કેન્દ્રમાં હોય ને લગ્નનો સ્વામી નિર્બળ હોય તો ૨૦ વર્ષમાં મરે.
- છઠ્ઠા, આઠમા ઘરમાં શનિ અને ચંદ્ર હોય, શુભગ્રહો, આપોક્લિમ (૩।૬।૯।૧૨)માં હોય તો ૨૦ વર્ષનું આયુષ્ય જાણવું.
- રાહુ ચંદ્ર સિવાય પાપગ્રહ બીજા આઠમા અને બારમા એ ત્રણ ઘરોમાં બેઠા હોય તો ૨૦ વર્ષનું આયુષ્ય કહેવું.
- (યોગસંગ્રહ) લગ્નમાં સૂર્ય હોય અથવા ચંદ્ર ભેગો સૂર્ય હોય ને બીજા ગ્રહો સાથે હોય અથવા બીજા ગ્રહો જોતા હોય તો ૨૦ વર્ષમાં મરે.
- મંગળ અને સૂર્ય લગ્નમાં ગુરુચર રાશિમાં ને ચંદ્ર નવમા ઘરમાં હોય તો ૨૦ વર્ષમાં મરે.
- કેન્દ્ર અને આઠમા ને છઠ્ઠા ઘરમાં ચંદ્ર હોય, શુભગ્રહો આપોક્લિવમાં હોય (૩।૬।૯।૧૨) આઠમા ને છઠ્ઠા ઘરમાં ચંદ્ર હોય તો ૨૦ વર્ષોથી વધારે તેનું આયુષ્ય જાણવું.

## ૨૧ વર્ષ જીવવાના યોગો - (યોગસંગ્રહ)

- લગ્નથી આઠમા ઘરમાં પાપગ્રહ હોય, કન્યા, કુંભ ને વૃષભ રાશિમાં સૂર્ય હોય, મેષ રાશિમાં શનિ અને વૃષભ રાશિમાં બુધ હોય તો ૨૧ વર્ષમાં મરે.

## ૨૨ વર્ષ જીવવાના યોગો-(યોગસંગ્રહ)

- પાપગ્રહ સાથે ગુરુ લગ્નમાં હોય અને ચંદ્ર જોતો હોય, આઠમા સ્થાનમાં કોઈ ગ્રહ હોય તો ૨૨ વર્ષ જીવે છે.
- (સર્વાર્થ ચિંતામણિ) ગુરુ સાથે સૂર્ય લગ્નમાં બેઠેલો કીટ રાશિનો હોય ને આઠમા ભાવનો સ્વામી કેન્દ્ર સ્થાનમાં હોય તો માણસ ૨૨ વર્ષ સુધી જીવે છે.
- રાહુ સાથે ચંદ્રમા સાતમા કે આઠમા ભાવમાં હોય ને ગુરુ લગ્નમાં બેઠો હોય, તો તે માણસ ૨૨ વર્ષ સુધી જીવે.
- લગ્નને આઠમાના સ્વામી કેન્દ્ર સ્થાનમાં યુક્ત હોય અને આઠમા ભાવમાં કોઈપણ ગ્રહ રહ્યો હોય, તેમ કેન્દ્રમાં પાપગ્રહ રહ્યા હોય તે કોઈ શુભગ્રહ ન હોય તો ૨૨ વર્ષે મરણ થાય છે.

## ૨૩ વર્ષ જીવવાના યોગો - (યોગસંગ્રહ)

- ચંદ્ર ચોથા ઘરમાં, રાહુ આઠમા ઘરમાં, ગુરુ છઠ્ઠા ઘરમાં અને શનિ સાતમા ઘરમાં હોય ને તેની સાથે પાપગ્રહ ન હોય તો ૨૩ વર્ષમાં મરણનો ભય મનુષ્યોને થાય છે.

## ૨૪ વર્ષ જીવવાના યોગો (યોગો સંગ્રહ)

- છઠ્ઠા અને બારમા ઘરમાં બેઠેલા રાહુને ચંદ્ર દેખતો હોય, શત્રુના નવમાંશમાં પાપગ્રહ હોય, તો ૨૪ વર્ષમાં મરે.
- (સર્વાર્થ ચિંતામણિ) આઠમાનો સ્વામી નવમામાં, બીજામાં કે લગ્નમાં રહ્યો હોય ને લગ્નનો સ્વામી આઠમા ભાવે પાપગ્રહ સાથે હોય, તો શુભ ગ્રહની દૃષ્ટિ હોવા છતાં પણ ૨૪ વર્ષ સુધી જીવે છે.

## ૨૫ વર્ષ જીવવાના યોગો-(યોગસંગ્રહ)

- શનિની રાશિનો નવમાંશમાં કેતુ હોય અને તે કેતુ જન્મ લગ્નમાં બેઠો હોય તો તે પુરુષને હાડકું વાગવાથી ૨૫ વર્ષમાં મરે.
- નીચના નવમાંશમાં આઠમા સ્થાન વિશે ચંદ્ર બેઠો હોયા અને

મંગળ, શનિ દેખતા હોય તો ૨૫ વર્ષનું આયુષ્ય જાણવું.

(સર્વાર્થ ચિંતામણિ) બે પાપગ્રહના મધ્યમાં લગ્નનો સ્વામી રહ્યો હોય ને કોઈ શુભગ્રહ સાથે ન હોય, ને પિતાના જન્મ લગ્નનું જન્મ લગ્ન હોય, તો તે માણસ ૨૫ વર્ષે યમલોકને પામે છે.

## ૨૬-૨૭ વર્ષ જીવવાના યોગો - (સર્વાર્થ ચિંતામણિ)

- શત્રુની રાશિનો શનિ લગ્નમાં બેઠો હોય ને આપોક્લિમ સ્થાનમાં શુભગ્રહો રહ્યા હોય તો ૨૬ અથવા ૨૭ વર્ષમાં મરે.
- લગ્નને આઠમાના સ્વામીનો યોગ હોય અને તે પાપગ્રહો જ હોય, તેમની સાથે કોઈ શુભગ્રહ ન હોય તો ૨૭ વરસે મૃત્યુ કરે.
- લગ્નનો સ્વામી ને આઠમાનો સ્વામી જે ભાવમાં પડ્યા હોય, ને તેમના મધ્યમાં ચંદ્રમા આવતો હોય ને બારમે ગુરુ હોય તો ૨૭ કે ૩૦ વર્ષે મરે.
- (યોગસંગ્રહ) લગ્ન, સાતમા, આઠમા, બારમા, છઠ્ઠા, ઘરને વિશે પાપગ્રહો સાથે કે પાપગ્રહોની દૃષ્ટિવાળો ચંદ્ર હોય તો ૨૬ વર્ષમાં મરે.
- લગ્ન, સાતમા, આઠમા, બારમા તથા નવમા સ્થાનમાં પાપગ્રહ સાથે ચંદ્ર હોય તો ૨૭ વર્ષમાં મરે.
- હોરા અને આઠમાનો સ્વામી ચલિત કુંડળીમાં કેન્દ્ર અને આઠમા સ્થાનમાં હોય તેના સાથે પાપગ્રહ બેઠો હોય તો ૨૭મા વર્ષમાં મરે.
- ગુરુ પોતાના દ્રેષ્કાણમાં બેઠો હોય તો તે પુરુષનું ૨૭ વર્ષનું આયુષ્ય જાણવું. લગ્નનો સ્વામી ને આઠમા ઘરનો સ્વામી આઠમા ઘરમાં હોય તે માણસ ૨૭ વર્ષ જીવે છે.

## ૨૮ વર્ષ જીવવાના યોગો - (સર્વાર્થ ચિંતામણિ)

- પાપગ્રહો લગ્ન, આઠમા કે સાતમા ભાવોમાં હોય ને શુભગ્રહો કેન્દ્રથી બહાર હોય, આ યોગમાં જન્મ થાય તો ૨૮ વરસે મરે.
- આઠમા ભાવનો સ્વામી પાપગ્રહ હોય ને તેને ગુરુ ને પાપગ્રહ

જોતા હોય તો લગ્નનો સ્વામી આઠમા ભાવમાં રહ્યો હોય તો ૨૮ વર્ષમાં મરે છે.

- (યોગસંગ્રહ) સૂર્ય અને મંગળ બારમા ઘરમાં ચંદ્ર અને શનિ લગ્નમાં હોય ને લગ્નને બુધ દેખતો હોય તો તે માણસ ૨૮ વર્ષમાં મરે.

- સૂર્ય, ચંદ્ર અને રાહુ લગ્નમાં બેઠા હોય ને ગુરુ બીજા ઘરમાં બેઠો હોય તો ૨૮ વર્ષમાં મરે.

## ૨૯ વર્ષ જીવવાના યોગો-(યોગસંગ્રહ)

- સૂર્ય દશમા ઘરમાં બેઠો હોય અને બધા પાપગ્રહો દેખતા હોય તો ૨૯મા વર્ષમાં વ્રજના પડવાથી મરે.

- (સર્વાર્થ ચિંતામણિ) ચંદ્રમા શનિનો સંબંધી થઈ આઠમે હોય, સૂર્ય પણ આઠમે હોય તો ૨૯ વર્ષનું આયુષ્ય હોય છે.

## ૩૦ વર્ષ જીવવાના યોગો-(યોગસંગ્રહ)

- મંગળ લગ્નમાં હોય ને શુભગ્રહો ન દેખતા હોય અથવા છઠ્ઠે, આઠમે શનિની સાથે મંગળ હોય તો ૩૦ મા વર્ષમાં તાવ આવવાથી મરણ પામે છે. એમાં કંઈ નવાઈ નથી

- બુધ કેન્દ્રમાં હોય, આઠમા ઘરમાં કોઈપણ ગ્રહો ન હોય તો ૩૦ વર્ષમાં મરે ને શનિ દેખતો હોય તો ૪૦ વર્ષનું આયુષ્ય જામવું.

- શુક્ર સાથે ગુરુ ચોથા ઘરમાં અને મિત્રની રાશિમાં ચંદ્ર સાતમે હોય તો હાથી, ઘોડાવાળો થઈ ૪૦ વર્ષ સુધી જીવે છે.

- (શુક્રમત)બીજા કે બારમા ઘરમાં ગુરુ, શત્રુગ્રહ સાથે બેઠો હોય અથવા સાતમા કે આઠમા ઘરમાં શત્રુગ્રહ સાથે બેઠો હોય, તો ૩૦ વર્ષનું આયુષ્ય ભોગવે છે.

- ચંદ્ર પોતાના ઘરમાં આઠમા સ્થાનમાં યા પાપગ્રહ કેન્દ્ર અથવા આઠમા સ્થાનમાં હોય, લગ્નનો સ્વામી નિર્બળી હોય તો ૩૦ વર્ષનું આયુષ્ય જાણવું.

- કેન્દ્રમાં સૂર્ય સિવાયના કોઈ ગ્રહ શુભગ્રહ સાથે હોય ને આઠમા

સ્થાનમાં કોઈ ગ્રહ હોય તો ૩૦ વર્ષ જીવે છે.

- (સર્વાર્થ ચિંતામણિ) લગ્ન થકી બારમા ભાવમાં બુધ સાથે ચંદ્રમા બેઠો હોય, ને નિર્બળ હોય તો તે માણસનું પરમાયુષ્ય ૩૦ વર્ષનું જાણવું.

- આઠમા ભાવનો સ્વામી લગ્નમાં હોય, ને લગ્નેશ નિર્બળ હોય તો આ માણસ ૩૦ વરસ જીવે છે. ૩૦ ઉપર જઈ શક્તો નથી.

- ચંદ્રમા ને લગ્નનો સ્વામી નિર્બળ થઈ આપોકિલમ સ્થાનમાં રહ્યા હોય ને પાપગ્રહોએ જોયેલા હોય તો માણસ ૩૦ વરસ જીવે છે.

## ૩૧ વર્ષ જીવવાના યોગો-(શુકમત)

- બારમા ઘરમાં રહેલા ક્ષીણ ચંદ્રમાને શુભગ્રહો ન જોતા હોય, યા ક્ષીણચંદ્ર પહેલાં ને આઠમા ઘરમાં પાપગ્રહો સાથે બેઠો હોય, તો અદેખાઈ કરનાર, બહુ બળવાન, મહિમાવાળો, ૩૧ વર્ષ જીવનારો

- જન્મ વખતે પાપગ્રહોના વચમાં લગ્નમાં સૂર્ય હોય, ત્યારે તે માણસ ૩૧ વર્ષ જીવે છે.

## ૩૨ વર્ષ જીવવાના યોગો-(સર્વાર્થ ચિંતામણિ)

- ક્ષીણ ચંદ્રમા સૂર્ય સાથે હરકોઈ ભાવમાં હોય, આઠમા ભાવનો સ્વામી કેન્દ્ર સ્થાનમાં હોય, આઠમા ભાવમાં પાપગ્રહ હોય અને લગ્નમાં બેઠેલો કોઈ ગ્રહ નિર્બળ હોય તો તે માણસ ૩૨ વર્ષે મરે.

- (શુકમત) લગ્નનાં રાહુ ને કેન્દ્રમાં ચંદ્ર હોય તો ૩૨ વર્ષ પૂરાં થયેથી મરણ થાય છે.

- આઠમાનો સ્વામી કેન્દ્રમાં અને લગ્નનો સ્વામી નિર્બળી હોય, પાપગ્રહ સાથે કે પાપગ્રહ દષ્ટિવાળો હોય તો ૩૨ વર્ષમાં મરે.

- ચંદ્ર લગ્નમાં, સૂર્ય અગીયારમા સ્થાનમાં ને શનિ બારમા ઘરમાં હોય ને પાપગ્રહો સાથે શુભ ગ્રહોની દષ્ટિ રહિત હોય, તો ૩૨ વર્ષમાં મરે.

(જાતકસંગ્રહ) ચંદ્ર આપોકિલમ (૩।૬।૯।૧૨)માં હોય અથવા લગ્નનો સ્વામી હોય, ને નિર્બળી પાપગ્રહ જોતો હોય તો ૩૨ વર્ષ જીવે છે.

## ૩૩-૩૪ વર્ષ જીવવાના યોગો-(સર્વાર્થ ચિંતામણિ)

- મંગળના ઘરનો ચંદ્રમા લગ્નમાં બેઠો હોય ને તેને પાપગ્રહ જોતા હોય અને કેન્દ્ર સિવાય શુભ ગ્રહો રહ્યા હોય, તો માણસ ૩૩ વર્ષ સુધી જીવે છે.
- આઠમા ભાવનો સ્વામી પાપગ્રહ ચંદ્ર સાથે કેન્દ્ર સ્થાનમાં અથવા ત્રિકોણમાં બેઠા હોય ને દશમા ભાવમાં બેઠેલા પાપગ્રહો જોતા હોય તો તે માણસ ૩૩ વર્ષ જીવી શકે છે.
- લગ્નમાં શનિ ને ચંદ્રમા હોય, ને કુંભરાશિનો મંગળ હોય, તો તે માણસ ૩૩ વર્ષે મરણ પામે છે.
- (જાતક-સંગ્રહ) રાહુ ચોથા ઘરમાં મંગળ સાતમા ઘરમાં ને ચંદ્ર લગ્નમાં યા ચંદ્ પાપગ્રહોના વચમાં હોય તો ૩૩ વર્ષ જીવે છે.
- મંગળ વૃષભ રાશિમાં ને ગુરુ ત્રીજા ઘરમાં હોય બુધ છઠ્ઠા યા આઠમા ઘરમાં ને શુક્ર સાતમા ઘરમાં હોય તો તેને કાલ દંડ યોગ મુનિઓએ કહ્યો છે
- આ યોગમાં જન્મેલો જ્ઞાતિવાળાં પાસેથી તિરસ્કાર પામનાર, મૂંગો, મૂંગી સ્ત્રીવાળો, ૩૪ વર્ષ જીવનારો થાય.

## ૩૫ વર્ષ જીવવાના યોગો - (જાતકસંગ્રહ)

- મંગળ નીચ રાશિમાં આઠમે કે બારમે હોય, અને રાહુ પાંચમા ઘરમાં બેઠો હોય, તો ૩૫ વર્ષ જીવતો નથી.
- સૂર્ય, શત્રુ રાશિમાં બીજા ઘરમાં બેઠો હોય અને આઠમા બારમા ઘરમાં મંગળ હોય તો ૩૫ વર્ષમાં મરે.

## ૩૬ વર્ષ જીવવાના યોગો-(સર્વાર્થ ચિંતામણિ)

- ગુરુ, શુક્ર કેન્દ્ર સ્થાનમાં બેઠા હોય ને લગ્નનો સ્વામી પાપગ્રહ સાથે આપોકિલમમાં હોય, ને સંધ્યાકાલ વખતે જન્મ હોય તો

૩૬ વર્ષનું આયુષ્ય જાણવું.

- નિર્બળ સૂર્ય શત્રુની રાશિનો થઈ બે પાપગ્રહોના મધ્યમાં લગ્નમાં બેઠો હોય, ને શુભગ્રહો ન જોતા હોય, તો ૩૬ વર્ષનું આયુષ્ય જાણવું.
- ચંદ્ર ને મંગળ લગ્નમાં હોય, ને શુભ ગ્રહો કેન્દ્રમાં કે આઠમા ભાવમાં ન હોય કેતુ લગ્નમાં હોય તો ૩૬ વર્ષનું આયુષ્ય જાણવું.
- (જાતકસંગ્રહ) એક રાશિમાં યા એક નક્ષત્ર વિશે પાંચગ્રહો બેઠા હોય અથવા સૂર્ય સાથે બેઠા હોય તો તે પુરુષ ૩૬ વર્ષ જીવે છે.
- લગ્નમાં બારમા સ્થાનમાં ને દશમા ઘરમાં જો પાપગ્રહ ન હોય, તો યમનાર નો યોગ થાય છે. તે પુરુષનું ૩૬ વર્ષમાં મરણ કરે છે.
- (શુક્રમત) પાપગ્રહોના વચમાં શત્રુના ઘરમાં લગ્ન વિશે સૂર્ય બેઠો હોય તો રોગની પીડાથી ૩૬ વર્ષ સુધી આયુષ્ય ભોગવે છે.

## ૩૭ વર્ષ જીવવાના યોગ-(શુક્રમત)

- ચંદ્રમા પાપગ્રહોના વચમાં હોય ને મંગળ સાતમા ઘરમાં હોય તો કાલ દંડ યોગ થાય છે તેથી ૩૭ વર્ષમાં મરે.

## ૩૮ વર્ષ જીવવાના યોગો-(શુક્રમત)

- આઠમા છઠ્ઠા અને દશમા ઘરમાં ક્રૂર ગ્રહ હોય ને સૂર્ય સાતમા સ્થાનમાં હોય, તે પુરુષ ૩૮ વર્ષમાં અગ્નિથી મરે.
- મંગળ દશમા ઘરમાં ને રાહુ લગ્નમાં યા નવમા કે આઠમા ઘરમાં હોય, ગુરુ છઠ્ઠા ને શુક્ર બારમા ઘરમાં હોય, તો વજ્રનિપાતયોગ થાય છે.
- વજ્રયોગમાં જન્મેલો સ્ત્રીમાં આસક્ત મનવાળો, પ્રતાપવાળો, શરમ વિનાનો, કુળની ધજારૂપ, ૩૮ વર્ષમાં શસ્ત્રથી મરણ પામનાર થાય છે.

## ૩૯ વર્ષ જીવવાનો યોગ - (શુક્રમત)

* સૂર્ય સાથે રાહુ બેઠો હોય ને સર્વે પાપગ્રહો જોતા હોય તો શસ્ત્ર વિષ ને અગ્નિથી ૩૯ વર્ષમાં મરે.

## ૪૦ વર્ષ જીવવાના યોગો-(શુક્રમત)

* ચંદ્ર કેન્દ્રમાં હોય ને આઠમા ઘરમાં ગ્રહ ન હોય તો ૩૦ વર્ષનું આયુષ્યને શુભગ્રહો જોતા હોય તો ૪૦ વર્ષ જીવે.

* ગુરુ ત્રીજા, ને અગીયારમા ઘરમાં, શુક્ર નવમા ને પાંચમા ઘરમાં હોય તો ૮૦ વર્ષ જીવે ને પાપગ્રહો જોતા હોય તો ૪૦ વર્ષ જીવે છે.

* મંગળ બીજા ઘરમાં, શુક્ર સાતમા ઘરમાં હોય તો કાલાગ્નિ નામનો યોગ થાય છે તે નાશનુંકારણ છે. આ યોગમાં જન્મેલો મનુષ્ય ખર્ચ અને શોક વડે વિહવળ, વ્યભિચારી થાય છે.

* આ યોગમાં જન્મેલો નિર્ધન, આંધળો, સ્ત્રીપુત્ર વિનાનો, ૪૦ વર્ષે સ્ત્રીથી મરણ પામે છે.

* આઠમાનો સ્વામી લગ્નમાં સ્થિર રાશીમાં હોય તો તે ૪૦ વર્ષમાં મરે.

* બળવાન બુધ કેન્દ્રમાં હોય ને શુભ ગ્રહો જોતા હોય અને આઠમા સ્થાનમાં કોઈ ગ્રહ ન હોય તો ૪૦ વર્ષ જીવે છે

## ૪૧ વર્ષ જીવવાનો યોગ - (શુક્રમત)

* લગ્ન પાપગ્રહોના વચમાં લગ્નના બારમા ઘરમાં પાપગ્રહ હોય, તો શૃંગાલને શ્વાનયોગ થાય છે તે મરણ ૪૧ વર્ષે નીપજાવે છે.

## ૪૨ વર્ષ જીવવાનો યોગ - (શુક્રમત)

* ક્ષીણ ચંદ્ર લગ્નમાં ને પાપના કેન્દ્ર યા આઠમા ઘરમાં હોય તો દુ:ખ ભોગવી ૪૨ વર્ષમાં મરે

* રાહુ નવમાંશમાં સિંહ રાશિનો હોય, ને ચંદ્રને પાપગ્રહો દેખતા હોય, કેન્દ્રમાં કોઈ શુભ ગ્રહ ન હોય, તો ૪૨ વર્ષ જીવે છે.

## ૪૩ વર્ષ જીવવાનો યોગ - (શુકમત)

- સૂર્ય લગ્નમાં ગુરુ આઠમા ઘરમાં ને શુક્ર તુલા કે વૃશ્ચિક રાશિમાં હોય તો પુરુષ ૪૩ વર્ષમાં મરણ પામે છે.

## ૪૪ વર્ષ જીવવાના યોગો-(શુકમત)

- બારમા આઠમા સ્થાનમાં ગુરુ, સૂર્ય બારમા ઘરમાં હોય ને લગ્નમાં ચંદ્ર હોય તો ૪૪ વર્ષનું આયુષ્ય જાણવું.
- આઠમા ઘરનો સ્વામી કેન્દ્રમાં હોય ને મંગળ લગ્નમાં હોય, અથવા સૂર્ય થકી ત્રીજા છઠ્ઠા ઘરમાં મંગળ હોય તો ૪૪ વર્ષ જીવે છે.
- (સર્વાર્થ ચિંતામણિ) લગ્નમાં શનિ ઉચ્ચનો હોયને બૃહસ્પતિ સાતમા ભાવે હોય, યા શનિ દશમા ભાવે હોય, તો આ યોગમાં જન્મેલો માણસ ઘણા ધનવાળો ને બહુ શાસ્ત્ર જાણનાર ૪૪ વર્ષે મરણ પામે છે.
- પાપગ્રહ સાથે લગ્નનો સ્વામી આઠમા ભાવે બેઠો હોય ને શુભગ્રહો કેન્દ્ર બહાર પડ્યા હોય તો આવા યોગમાં જન્મેલો માણસ ૪૪ વર્ષે નાશ થાય એમ શાસ્ત્રમાં કહેલું છે.

## ૪૫ વર્ષ જીવવાના યોગો-(શુકમત)

- સૂર્ય, લગ્ન કે આઠમા ઘરમાં હોય ને મંગળ શનિ બારમા ઘરમાં હોય તો તેનું મરણ મુનિઓએ ૪૫માં વર્ષે કહ્યું છે.
- (સર્વાર્થ ચિંતામણિ) પાપગ્રહ સાથે લગ્નનો સ્વામી આઠમા ભાવમાં બેઠો હોય ને પાપગ્રહ સાથે આઠમાનો સ્વામી છઠ્ઠા ભાવે બળવાન થઈ બેઠો હોય, યા શુભગ્રહની દૃષ્ટિ (નજર) રહિત હોય, તો માણસ ૪૫ વર્ષે મરે.

## ૪૬ વર્ષ જીવવાનો યોગ (શુકમત)

- શનિ લગ્નમાં, મંગળ આઠમા ઘરમાં, ચંદ્ર બારમા ઘરમાં હોય અને કેતુ સાથે પાપગ્રહો હોય તો ૪૬ વર્ષનું આયુષ્ય જાણવું.

## ૪૭ વર્ષ જીવવાના યોગો - (સર્વાર્થ ચિંતામણિ)

- સંપૂર્ણ કળાનો ચંદ્રમા શુભગ્રહોએ જોયેલો મેષ રાશિમાં લગ્ને બેઠો હોય ને પાપ ગ્રહ ન જોતા હોય તો આ યોગમાં જન્મેલો રાજા થાય ને સુખ વિલાસો ભોગવીને ૪૭ વર્ષે મરણ પામે.
- (શુકમત) કેન્દ્રમાં સર્વે પાપગ્રહો હોય ને ચંદ્રમાં પાપગ્રહ સાથે બેઠો હોય તો માણસ ૪૭મા વર્ષમાં પીડાથી મરણ પામે છે.

## ૪૮ વર્ષ જીવવાના યોગો - (શુકમત)

- યંત્ર, વર્ગોત્તમ, નવમાંશમાં લગ્ને બેઠો હોય (જન્મ કુંડળીમાં જે રાશિનો હોય, તે જ રાશિનો નવમાંશમાં હોય) લગ્નમાં પાપગ્રહ ન હોય અને શુભગ્રહો નિર્બળી હોય તો ૪૮ વર્ષ જીવે છે.

## ૫૦ વર્ષ જીવવાના યોગો - (શુકમત)

- શુક્ર સાથે ગુરુ ચોથા ઘરમાં ને વૃષભ રાશિમાં ત્રીજે, પાંચમે, મંગળ, શનિ સાથે બેઠો હોય, ચોથા ને અગીયારમા સ્થાનમાં ચંદ્ર હોય તે મુનિઓએ રાજ હંસયોગ કહેલો છે.
- રાજ હંસયોગમાં જન્મેલો વેપારથી સુખી, ગોરા શરીરવાળો, રાજા થઈ ૫૦ વર્ષ જીવે છે.
- ગુરુ ચોથા, સૂર્ય દશમા, શુક્ર નવમા અને ચંદ્ર અગીયારમાં ઘરમાં હોય તો નૃપાસન નામને યોગ થાય છે.
- આ યોગમાં જન્મેલો પ્રસિદ્ધ ધનવાન, વિદ્યાવાળો, ભોગી ૫૦ વર્ષ જીવનાર થાય છે.
- (વૃદ્ધયવન) ત્રીજા ને અગીયારમા સ્થાનમાં ગુરુ નેનવમા અને પાંચમામાં શુક્ર હોય, તો ૫૦ વર્ષ જીવનારો થાય, નીચ રાશિમાં હોય તો ૨૫ વર્ષ જીવે છે
- એક પણ બળવાન શુભગ્રહ કેન્દ્રમાં હોય યા બુધ પોતાની ઉચ્ચ રાશીમાં શુભમાં કે મિત્રના ઘરમાં કેન્દ્રમાં હોય ને સાતમા ઘરમાં ચંદ્ર પર ગુરુની દૃષ્ટિ હોય તો બુદ્ધિમાન, સારા મિત્રોની સોબત કરનાર, કીર્તિવાળો, પોતાના કુળમાં મોટો, માયાવી, જુગાર

રમવામાં કુશળ, ૫૦ વર્ષ જીવના થાય છે.

- (શુકમત) લગ્નનો સ્વામી આઠમા ઘરના નવમાંશ ને આઠમા ઘરનો સ્વામી લગ્નના નવમાંશમાં હોય અને પાપગ્રહો સાથે બેઠા હોય તો તે માણસ ૫૦ વર્ષ જીવે છે.
- દશમા, ચોથા, આઠમા, બારમા તે પહેલા ઘરમાં બુધ હોય, ગુરુ અને શુક્ર એક રાશિમાં હોય, તો તે એ ૫૦ વર્ષ જીવે છે.

## ૫૧ વર્ષ જીવવાના યોગો-(શુકમત)

- લગ્નમાં ધન રાશિમાં ને રોગ ઘરમાં જો શુભગ્રહ હોય, તો તે માણસોની કીર્તિને વધારનારો ચન્દ્ર નામનો યોગ થાય છે.
- આ યોગમાં જન્મેલો પુરુષ સારી કીર્તિવાળો, ધનવાન, સેંકડો સ્ત્રીયોથી ઘેરાયેલો ૫૧ વર્ષ જીવનારો થાય છે.

## ૫૨ વર્ષ જીવવાના યોગો - (શુકમત)

- રાહુ સાથે સૂર્ય લગ્નમાં, દશમાં કે છઠ્ઠા ઘરમાં અને શનિ બારમા ઘરમાં હોય તો નૃપ યોગ થાય છે.
- આ યોગમાં જન્મેલો પ્રસિદ્ધ, ગુણવાન, ધનવાન, શૂરવીર, ૫૨ વર્ષ જીવનાર થાય છે.
- મીન રાશિનું લગ્ન હોય, આઠમા ને બારમા ઘરમાં શનિ હોય, તે યોગમાં જન્મેલો ૫૨ વર્ષ જીવે છે
- (સર્વાર્થ ચિંતામણિ) શનિશ્ચર કોઈ પણ ગ્રહ સાથે લગ્નમાં બેઠો હોય ને ચંદ્રમા બારમા અથવા આઠમા ભાવમાં બેઠો હોય, તો આ યોગમાં જન્મેલા માણસ તેનું મરણ ૫૨ વર્ષે થાય.

## ૫૩ વર્ષ જીવવાનો યોગ (શુકમત)

- સૂર્ય મેષ રાશિમાં, ચંદ્ર વૃષભ રાશિમાં ને ગુરુ લગ્નમાં હોય, તો ગજેન્દ્ર નામનો યોગ થાય છે. તે ૫૩ વર્ષ જીવે.

## ૫૪ વર્ષ જીવવાનો યોગ (શુકમત)

- ગુરુ કર્ક રાશિમાં, મીન રાશિમાં ને ચંદ્ર દશામા ઘરમાં હોય તો

સ્વર્ણછત્ર નામનો યોગ થાય છે. આ યોગમાં જન્મેલો પુરુષ રાજા જેવા ધર્મવાળો, ધનવાન, પુત્રવાન, જ્ઞાની અને ૫૪ વર્ષ જીવનારો થાય છે.

## ૫૫ વર્ષ જીવવાના યોગો-(જાતકસંગ્રહ)

- લગ્નમાં દ્વિસ્વભાવ રાશિ હોય અને શનિ ત્યાં બેઠો હોય, બારમાનો સ્વામી નિર્બળી થઈ આઠમા સ્થાનમાં હોય તો ૫૫ વર્ષ જીવે.
- પાપગ્રહા સર્વે લગ્નમાં હોય, ચંદ્ર દશમા ઘરમાં ને ગુરુ કેન્દ્રમાં હોય તો તેનું મરણ ૫૫ વર્ષમાં જાણવું.

## ૫૬ વર્ષ જીવવાનો યોગો-(જાતકસંગ્રહ)

- બળવાન શુક્ર લગ્નમાં બુધ સાથે હોય ને શુભ ગ્રહની દૃષ્ટિ હોય, તો ૫૬ મા વર્ષમાં મરે.

## ૫૭-૫૮ વર્ષ જીવવાનો યોગો-(જાતકસંગ્રહ)

- લગ્નનો સ્વામી લગ્નમાં યા કેન્દ્રમાં હોય, ને શુભગ્રહો જોતા હોય તો ૫૭ વર્ષ જીવે છે.
- (સર્વાર્થ ચિંતામણિ) ધન રાશિનો બૃહસ્પતિ લગ્નમાં બેઠો હોય ને રાહુ સાથે મંગળ આઠમા ભાવે બેઠો હોય, તો ૫૭ વર્ષમાં મરણ કરે છે. આઠમાનો સ્વામી સાતમા ભાવે હોય, ને પાપગ્રહ સાથે ચંદ્રમા છઠ્ઠા કે આઠમા ભાવે હોય, તો ૫૮ વરસે મરે.
- (જાતસંગ્રહ) બુધ શુક્રના ઘરમાં, ચંદ્રમા અને પાપગ્રહ સાથે બેઠો હોય તો મહીશ નામનો યોગ થાય છે. તે યોગમાં જન્મેલો ૫૮ વરસે મરે.

## ૫૯ વર્ષ જીવવાનો યોગ - (જાતકસંગ્રહ)

- રાહુ ને સંઘર્ષ ઘરમાં હોય, તો દુઃખ ને રોગ આપનારા છે. પાપગ્રહોનો આશ્રય લઈ રહ્યા હોય તો ૫૯ મા વર્ષમાં મરે.

## ૬૦ વર્ષ જીવવાના યોગ - (જગમોહન)

* લગ્નના સ્વામી પાપગ્રહો છઠ્ઠા આઠમા કે બારમા ઘરમાં હોય, સાતમા આઠમા ઘરમાં ગુરુ હોય તો તે માણસ ૬૦ વર્ષ જીવે છે.
* કેન્દ્રમાં પાપગ્રહો હોય અને લગ્નનો સ્વામી પાપગ્રહો સાથે બેઠો હોય, લગ્નમાં ગુરુ ન હોય તો તે ૬૦ વર્ષ જીવે છે.
* ત્રીજા અને અગીયારમા ઘરમાં શુક્ર, નવમા પાંચમા ઘરમાં ચંદ્ર હોય તો તે માણસ ૬૦ વર્ષમાં મરણ પામનાર કોઢનો રોગી થાય છે.
* કેન્દ્રમાં પાપગ્રહો હોય, લગ્નનો સ્વામી પાપગ્રહો સાથે ન બેઠો હોય અને પાંચમા ઘરમાં પાપગ્રહો બેઠા હોય તો તે ૬૦ વર્ષ જીવે છે.
* પાપગ્રહની રાશિ અને નવમાંશમાં શુભ ગ્રહો કેન્દ્રમાં હોય, તેનું ૮૦ વર્ષનું આયુષ્ય જાણવું. ને તેઓ સાથે પાપગ્રહો હોય તો ૬૦ વર્ષનું આયુષ્ય જાણવું.
* (જાતકભૂષણ) - બુધ, ગુરુ, શુક્ર પોતાના ઘરમાં હોય, ચંદ્ર ઉચ્ચ રાશિનો હોય અને બળવાન લગ્નનો માલિક લગ્નમાં હોય તે તો માણસનું ૬૦ વર્ષનું આયુષ્ય જાણવું.
* પોતાની રાશિ વિશે ચંદ્રમા લગ્નમાં હોય, શુભ ગ્રહ સાતમે હોય તો જન્મેલો ૬૦ વર્ષ જીવે છે.
* પોતાની રાશિમાં શુભ ગ્રહો ને વૃષભ રાશિમાં ચંદ્ર હોય તો ૬૦ વર્ષ જીવે છે,
* જન્મ રાશિનો સ્વામી સૂર્ય સાથે, લગ્નનો સ્વામી આઠમા ઘરમાં અને ગુરુ કેન્દ્રમાં હોય, તો ૬૦ વર્ષ જીવે છે.
* આઠમા ભાવ સિવાય બીજા ઘરમાં શુભગ્રહો બેઠા હોય અને પાપગ્રહો સાથે લગ્નનો સ્વામી ૬।૮।૧૨મા ભાવમાં હોય તો તેનું આયુષ્ય ૬૦ વર્ષનું જાણવું.

❁ (સર્વાર્થ ચિંતામણી) આઠમાના સ્વામી સાથે બૃહસ્પતિ-લગ્નમાં બેઠો હોય, અથવા કુંભ રાશિનો બૃહસ્પતિ પાપગ્રહ સાથે કેન્દ્રમાં હોય, તો આ યોગમાં જન્મનાર માણસ શાસ્ત્રના અર્થને જાણનાર, ચોખ્ખા મનનો ને પવિત્ર આચરણવાળો ૬૦ વર્ષે મરણ પામે.

❁ લગ્નમાં શનિશ્ચર હોય, ચોથે ચંદ્ર હોય, સાતમે મંગળ ને દશમે સૂર્ય આ ગ્રહો શુક્ર, ગુરુ કે બુધ સાથે હોય, તો આ યોગવાળો માણસ રાજા થાય. ને લોકમાં કીર્તિ મેળવી ૬૦ વરસે મરણ પામે છે.

❁ લગ્નમાં શુક્ર બેઠો હોય, તેને બુધ, ગુરુ ને ચંદ્રમા જોતા હોય, તો આ યોગમાં જન્મેલો માણસ રાજાને ધનવાન થાય છે. તથા પાંચમા ભાવે બૃહસ્પતિ બેઠો હોય, ને બુધ, ગુરુ ને ચંદ્ર જોતા હોય તો પણ ઉપર પ્રમાણે રાજા ને ધનાઢ્ય હોય છે. ને ૬૦ વર્ષ જીવે છે.

❁ લગ્નમાં શુક્ર બેઠો હોય, ને કેન્દ્રસ્થાનમાં બુધ શનિ બેઠા હોય ને ત્રીજા ને અગીયારમા ભાવે કોઈ ઉચ્ચના ગ્રહો બેઠા હોય તો આ યોગમાં જન્મેલો માણસ રાજા હોય ને ૬૦ વર્ષ જીવનાર થાય છે.

## ૬૧ વર્ષ જીવવાનો યોગ - (જાતકભૂષણ)

❁ બુધ, ગુરુ, શુક્ર, શનિ ક્રમથી લગ્ન બીજા, ત્રીજા અને ચોથા ઘરમાં હોય તો ૬૧ વર્ષે મરે.

## ૬૨ વર્ષ જીવવાનો યોગ - (જાતકભૂષણ)

❁ ધન, મીન અને કર્ક રાશિમાં યા લગ્નમાં ગુરુ હોય તો ઘણાઓ ઉપર અધિકાર ભોગવનાર ૬૨ વર્ષ જીવનાર થાય છે.

## ૬૩ વર્ષ જીવવાનો યોગ - (જાતકભૂષણ)

❁ શુક્ર ધન રાશિમાં, ગુરુ મીન રાશિમાં, બુધ કેન્દ્રમાં ને સૂર્ય સાથે ચંદ્રમા નીચ રાશિ ન હોય તો તે ૬૩ વર્ષ જીવનાર થાય છે.

## ૬૪ વર્ષ જીવવાના યોગ - (જાતકભૂષણ)

- જન્મ રાશિને જન્મ લગ્નનો સ્વામી સૂર્ય, જન્મ નક્ષત્રમાં હોય, ગુરુ કેન્દ્ર સિવાયના ઘરમાં હોય તો ૬૪ વર્ષ જીવે.

## ૬૫ વર્ષ જીવવાના યોગ - (જાતકભૂષણ)

- સિંહ રાશિમાં ચંદ્ર હોય ને ત્યાં બીજા ગ્રહો બેઠા હોય તો લોહીના વિકારવાળો ૬૫ વર્ષ જીવનારો થાય છે.
- (સર્વાર્થ ચિંતામણિ) કર્ક રાશિનો ચંદ્રમા લગ્નમાં બેઠો હોય ને શનિ નીચ રાશિમાં હોય ને સાતમે સૂર્ય હોય, તો આ યોગમાં જન્મેલો માણસ જ્ઞાતિઓમાં શ્રેષ્ઠ હોય છે.ને ૬૫ વર્ષ જીવે છે.

## ૬૬ વર્ષ જીવવાના યોગ - (સર્વાર્થ ચિંતામણિ)

- જન્મ વખતની હોરાનો સ્વામીને લગ્નનો સ્વામી આઠમા ભાવે બેઠા હોય ને આઠમાનો સ્વામી કેન્દ્રમાં બેઠો હોય તો આ યોગવાળો માણસ સારી કીર્તિવાળો, ને ધનવાન રાજા હોય છે ને ૬૬ વર્ષ જીવે છે. આ યોગમાં જન્મેલો રાજા થાય ને ૬૦ વર્ષ જીવે છે.
- લગ્નમાં બૃહસ્પતિ બુધ ને સૂર્ય સાથે હોય, મીન રાશિનો શનિ હરકોઈ ભાવે હોય ને બારમા ભાવે ચંદ્ર હોય તો આ યોગમાં જન્મેલો માણસ ધનવાન ને સુખી હોય છે અને ૬૬ વર્ષના આયુષ્યવાળો હોય છે.
- (જાતકભૂષણ) મકર રાશિના નવમાંશમાં બધા ગ્રહો હોય તો વાયુ અને પાણીથી પીડાનાર ૬૬ વર્ષ જીવનાર થાય એમ મુનિઓએ કહ્યું છે.

## ૬૮ વર્ષ જીવવાના યોગો - (સર્વાર્થ ચિંતામણિ)

- ચંદ્ર સાથે સૂર્ય દશમા ભાવમાં હોય, ને શનિશ્ચર લગ્નમાં હોય ને બૃહસ્પતિ ચોથા ભાવે હોય તો આ યોગવાળો પૃથ્વીને ભોગવનાર ૬૮ વર્ષ જીવે.
- (જાતકભૂષણ) એકલો ગુરુ લગ્નમાં સર્વની દષ્ટિવાળો હોય આ બુધ, શુક્ર સાથે ગુરુ બેઠો હોય તો ૬૮મા વર્ષમાં મરે.

- (જગન્મોહન) બધા ગ્રહો છઠ્ઠા, આઠમા, બારમા ઘરમાં હોય તો નૃપિત યોગ થાય છે. આ યોગમાં જન્મેલાનું આયુષ્ય ૬૮ વર્ષનું જાણવું.

## ૭૦ વર્ષ જીવવાના યોગો

- 'જગન્મોહન ગુરુ, નિર્બળી થઈ, સૂર્ય, મંગળ, શનિ સાથે હોય ને ચંદ્ર પાંચમા ભાવમાં હોય તો ૭૦ વર્ષ જીવે છે.
- શુક્ર મિત્રના ઘરમાં પોતાના ઘરમાં યા પોતાના ઉચ્ચમાં કેન્દ્રમાં હોય તો ૭૦ વર્ષે કોઈ તીર્થમાં મરે.
- શનિ પોતાના ઉચ્ચમાં પોતાની રાશિમાં રહ્યો હોય ને બધા ગ્રહો જોતા હોય તો ૭૦ વર્ષ જીવનારો, મોટો ચક્રવર્તી રાજા થાય છે.
- (જાતકભૂષણ) સૂર્ય પોતાના શત્રુ કે મંગળ સાથે હોય, ગુરુ લગ્નમાં નિર્બળી હોય, બારમા, પાંચમા સ્થાનમાં ચંદ્ર હોય તો ૭૦ વર્ષ જીવનારો થાય છે.
- (સર્વાર્થ ચિંતામણિ) નીચનો શનિ કેન્દ્રમાં અથવા ત્રિકોણ સ્થાનમાં બેઠો હોય ને શુભગ્રહ કેન્દ્રમાં હોય, અથવા બુધ સાથે સૂર્ય કેન્દ્રમાં હોય તો આ યોગવાળો માણસ પંડિત થાય, ધર્મને માનવાવાળો થાય, જ્ઞાની થાય ને ઘણો ચુતર હોય ને ૭૦ વર્ષ જીવે છે.
- પાંચમા ભાવમાં મંગળ હોય, ને નીચનો શનિ હરકોઈ ભાવે હોય ને સૂર્ય સાતમા ભાવે હોય, આ યોગવાળો માણસ ૭૦ વર્ષે મરે.
- લગ્નના સ્વામી થકી કેન્દ્રમાં કેવળ ગુરુ જ હોય તો ૭૦ વર્ષ આયુષ્યવાન થાય છે.

## ૭૧ વર્ષ જીવવાનો યોગ-(જાતકભૂષણ)

- મંગળ સાતમા ઘરમાં હોય અને લગ્નને પાપગ્રહો દેખતા હોય તો તે માણસ ૭૧ વર્ષમાં મરે.

## ૭૨ વર્ષ જીવવાનો યોગ

- જન્મકુંડળીમાં લગ્ને બેઠેલો કેતુનવમાં શનિની રાશિમાં હોય તો હાડકાના ભાગવાથી ૭૨ વર્ષમાં મરે.

## ૭૩ વર્ષ જીવવાનો યોગ

બુધ શત્રુના ઘરમાં હોય ને ચંદ્ર પાપ ગ્રહ સાથે હોય તો મહિષી ખડગ નામનો યોગ થાય છે. તેમાં જન્મેલો ૭૩ વર્ષમાં મરે છે.

## ૭૪ વર્ષ જીવવાનો યોગ

આઠમા કે બારમા ઘરમાં રહેલા રાહુ ચંદ્રમાની દૃષ્ટિ હોય, શત્રુ અને નીચ રાશિના નવમાંશમાં ક્રૂર ગ્રહ હોય તો ૭૪ વર્ષમાં મરે

## ૭૫ વર્ષ જીવવાનો યોગ

શુક્લ પક્ષનો ચંદ્ર લગ્નમાં હોય ને શુભગ્રહો દેખતા હોય તો નૃપચંદ્ર નામનો યોગ થાય છે તેથી ૭૫મા વર્ષમાં મરે.

## ૭૬ વર્ષ જીવવાનો યોગ

લગ્નનો સ્વામી લગ્નમાં અથવા કેન્દ્રમાં હોય, યા લગ્નને દેખતો હોય તો ૭૬ વર્ષે મરે.

## ૭૭ વર્ષ જીવવાનો યોગ

નવમા અને પાંચમા ઘરમાં શુક્ર હોય, ગુરુ સાતમા ઘરમાં અને બુધ ચોથા, દસમા ઘરમાં હોય તો ૭૭ વર્ષે મરે.

## ૭૮ વર્ષ જીવવાનો યોગ

જયારે સ્થિર રાશિમાં ગ્રહ હોય, અથવા દ્વિસ્વભાવ રાશિમાં હોય તો નીચ વંશમાં જન્મેલો પણ શ્રેષ્ઠ હોય છે ને ૭૮ વર્ષમાં મરે.

## ૭૯ વર્ષ જીવવાનો યોગ

ચાર ગ્રહો ઉચ્ચના થઈ કેન્દ્રમાં રહ્યા હોય, તે ધનવાન, પૂર્ણ ભંડારવાળો, ૭૯ વર્ષ જીવનાર થાય છે.

## ૮૦ વર્ષ જીવવાનો યોગ

ગુરુ લગ્નમાં, શુક્ર સાતમા ઘરમાં, શનિ ૧૧મા ઘરમાં હોય તો માણસ ૮૦ વર્ષ જીવે છે.

મૂળ ત્રિકોણમાં શુભગ્રહો રહ્યા હોય, ગુરુ ઉચ્ચ રાશિનો ને લગ્નનો

સ્વામી બળવાન હોય, તે પુરુષ ૮૦ વર્ષ જીવે છે.

(સર્વાર્થ ચિંતામણિ) શુભગ્રહોને પાપગ્રહો લગ્ન થકી છઠ્ઠા ભાવ સુધીમાં બેઠા હોય, અથવા સર્વે ગ્રહો સાતમાંથી બારમા સુધીમાં બેઠો હોય તો દીર્ઘાયુ ઉપજાવે છે. એટલે ૭૦ વર્ષ ઉપરનો આયુષ્ય થાય છે,

લગ્ન થકી છઠ્ઠા ભાવ સુધીમાં બધા શુભગ્રહો બળવાન થઈ બેઠા હોય ને સાતમા થકી બારમા ભાવ સુધીમાં સર્વે પાપગ્રહો બળવાન થઈ બેઠા હોય. તો આ યોગવાળો માણસ તેજવાન, ગુણવાન, સારા સ્વભાવનો ને ધનવાન હોય ને ૮૦ વર્ષે મરણ પામે.

ચંદ્ર સાથે બૃહસ્પતિ કેન્દ્રમાં હોય, શુભગ્રહ જોતા હોય અને બીજા સર્વ ગ્રહો દેશમા ભાવ થકી પાપમાં એટલે અગીયાર ને બારમા ભાવમાં હોય તો ૮૦ વર્ષે મરણ થાય.

## ૮૬ વર્ષ જીવવાનો યોગ

- શુભગ્રહ કેન્દ્ર સ્થાનમાં બેઠા હોય ને આઠમા સિવાય હરકોઈ ભાવે પાપગ્રહો બેઠા હોય, ને છઠ્ઠા ભાવમાં ચંદ્ર બેઠા હોય તો ૮૬ વર્ષે મરણ થાય છે.

## ૯૦ વર્ષ જીવવાનો યોગ (જાતકભુષણ)

- જ્યારે ગ્રહો રાશિના દ્વાદશાંશમાં હોય તો ૯૦ વર્ષ જીવે છે.

## ૧૦૦ વર્ષ જીવવાના યોગો (જગન્મોહન)

- પૂર્ણ ચંદ્ર લગ્નમાં હોય તો પૂર્ણ ૧૦૦ વર્ષનું આયુષ્ય ભોગવે છે અને સર્વ સંપત્તિવાળો મધ્યમ સુખ ભોગવનાર થાય છે
- ચોથા ને નવમા ઘરમાં રહેલા ગ્રહો નવમાંશમાં એકી રાશિના હોય, નવમાંશમાં બેકી રાશિના પાપગ્રહો હોય ને પૂર્ણચંદ્ર લગ્નમાં હોય તો નિરોગી, ૧૦૦ વર્ષ જીવે છે.
- કેન્દ્ર, પાંચમા, નવમા ને આઠમા ઘરમાં પાપગ્રહો ન હોય, લગ્નનો માલિક ને ગુરુ કેન્દ્રમાં હોય તો ઘણા પ્રકારના સુખવાળો, પુણ્ય કર્મ કરનાર, નિરોગી અને ૧૦૦ વર્ષના આયુષ્યવાળો થાય

છે.

- (જાતકભૂષણ) વૃષભ રાશિના લગ્નમાં ગુરુ હોય, શુક્ર, કેન્દ્રમાં હોય તો તે ૧૦૦ વર્ષ જીવે
- ગુરુ, શુક્ર, કેન્દ્રમાં હોય તો તે ૧૦૦ વર્ષ જીવે છે.
- ગુરુ, શુક્ર, કેન્દ્રમાં હોય તો તે ૧૦૦ વર્ષના આયુષ્યવાળો થાય. મીન રાશિના લગ્નમાં શુક્ર હોય, આઠમે ચંદ્ર શુભગ્રહની દૃષ્ટિવાળો હોય અને કેન્દ્રમાં ગુરુ હોય તો ૧૦૦ વર્ષ જીવે છે.
- લગ્નનો સ્વામી આઠમા ઘરમાં ને ચંદ્ર દશમા ઘરમાં હોય, બીજા ગ્રહો નવમા ઘરમાં હોય ગુરુ બળવાન હોય તો ૧૦૦ વર્ષ જીવે છે.
- કર્ક રાશિના લગ્નમાં ચંદ્ર અને ગુરુ બેઠા હોય. બુધ ને શુક્ર ત્રીજે છઠ્ઠે અગીયારમે ને કેન્દ્રમાં હોય તો તે ૧૦૦ વર્ષ જીવે છે.
- (સર્વાર્થ ચિંતામણિ) લગ્નના સ્વામી થકી કેન્દ્રમાં ગુરુ હોય કે કેન્દ્ર સ્થાન કે ત્રિકોણ સિવાય પાપગ્રહો રહ્યા હોય, આ યોગવાળો માણસ ઘણા સુખવાળો ને વૈભવવાળો હોય છે ને ૧૦૦ વર્ષ જીવે છે.

## ચિરાયુષ ૧૦૮ અને ૧૨૦ વર્ષ સુધી જીવવાના યોગો (સર્વાર્થ ચિંતામણિ)

- લગ્ન મીન રાશિના અંત્ય ભાગમાં એટલે છેલ્લા નવમાં હોય, ને કેન્દ્ર સ્થાનમાં ચાર ગ્રહો રહ્યા હોય, તો આ યોગવાળો માણસ ૧૦૮ વર્ષ જીવે છે. મીન કે કર્ક રાશિનો ચંદ્રમાં લગ્નમાં બેઠો હોય, ને કેન્દ્ર સ્થાનમાં ચાર ગ્રહો હોય તો આ યોગવાળો માણસ ૧૦૮ વર્ષ જીવે છે. સિંહ લગ્ન હોય ને નવમા, પાંચમા ભાવમાં ચાર ગ્રહો બેઠા હોય તો પણ ૧૦૮ વર્ષ જીવે છે.
- જન્મકુંડળીમાં ત્રણ ગ્રહ ઉચ્ચના હોય ને વૃષભ ને કર્ક રાશિના લગ્નમાં ન હોય તો આ યોગવાળો માણસ ૧૨૦ વર્ષ જીવે છે.

અથવા મંગળ મકરમાં હોય ને ગુરુ કર્કનો હોય ને બીજા ગ્રહો કેન્દ્ર સ્થાનમાં રહ્યા હોય તે આ માણસનું પરમ આયુષ્ય (૧૨૦) સમજવું.

- ચોથા ભાવમાં શુક્ર હોય ને ચંદ્ર સાથે ગુરુ લગ્નમાં હોય ને દશમા ભાવમાં શનિવાર પાપગ્રહ વિનાનો હોય તો આ યોગવાળો માણસ ઘણી વિદ્યાવાળો, મોટા યશવાળો ને ઘણાં વર્ષ જીવનારો થાય છે.

- મકર રાશિનું લગ્ન અંશ ઉપરનું હોય ને મંગળ ૧૫ અંશ અંદરનો લગ્નમાં બેઠો હોય ને ચંદ્ર સાથે ગુરુ કેન્દ્ર સ્થાનમાં બેઠો હોય, તો આ યોગવાળો માણસ ૧૨૦ વર્ષ જીવનારો થાય.

- મિથુન રાશિનું લગ્ન ૧૫ અંશ ઉપરનું હોય ને મંગળ મિથુનના ૨૫ અંશ અંદર રહ્યો હોય અને કેન્દ્રમાં શનિ બેઠો હોય ને ચંદ્ર સાથે શુક્ર હોય તો ૧૨૦ વર્ષનો આયુષ્ય થાય છે અથવા ધન રાશિનું લગ્ન ૧૫ અંશ ઉપરનું હોય ને ગુરુ ધનના ૧૫ અંશ અંદરનો રહ્યા હોય, ને શનિ કેન્દ્રમાં સહિત શુક્ર હોય તો પણ પરમ આયુષ્ય ૧૨૦નું હોય છે. તેમજ કન્યા રાશિનું લગ્ન ૧૫ અંશ ઉપરનું હોય ને બુધ કન્યાના ૧૫ અંશ રહ્યો હોય અથવા ત્રણ ગ્રહો ઉચ્ચના હરકોઈ ભાવે હોય તો ૧૦૦ વર્ષ થકી ઉપર આયુષ્ય હોય છે. તેમજ પાપગ્રહો ત્રીજા છઠ્ઠા ને અગીયારમાં ભાવમાં બેઠા હોય ને બુધ લગ્નના અંત્ય નવમાંશમાં બેઠો હોય ને કેન્દ્ર ગુરુ અથવા શુક્ર હોય તો પણ પરમાયુ ૧૨૦નું જાણવું.

- ત્રીજા બારમા ને છઠ્ઠા ભાવમાં પાપગ્રહ હોય, છઠ્ઠે કે આઠમે ચંદ્ર હોય તો કેન્દ્ર સ્થાનમાં ગુરુ હોય તો આ યોગવાળો માણસ ત્રણ હજાર ગ્રહને ધણી થાય ને દીર્ઘાયુષ્યવાળો થાય છે.

- લગ્નથકી ૫-૯-૮-૧૧-૨-૪-૭-૧૦ ઉપર બતાવેલા ભાવો પૈકી કોઈ ભાવમાં ત્રણ અથવા માણસ પાંચ ગ્રહોનો યોગ થાય તો આ યોગમાં જન્મવાળો માણસ સ્ત્રી થવા છતાં પણ જીતેન્દ્રિય હોય છે ને ઘણા વર્ષ જીવનાર થાય છે.

## પૂર્ણાયુષ ભોગવવાના યોગો - (જગન્મોહન)

- ગુરુ, શુક્ર કેન્દ્રમાંને અગીયારમાં ભાવમાં ચંદ્ર હોય તોપણ પૂર્ણાયુષ્ય જાણવું.
- શુભગ્રહ નવમાંશ ને પાપગ્રહો ત્રીજે છઠ્ઠે અગીયારમે હોય, આ શુભગ્રહો કેન્દ્રમાં હોય તો પૂર્ણ આયુષ્ય જાણવું.
- ક્રૂર ગ્રહો ક્રૂર રાશિમાં ને શુભ ગ્રહો શુભ રાશિમાં હોય, લગ્નનો સ્વામી બળવાન હોય તો પૂર્ણ આયુષ્ય ભોગવે છે.
- નવમાશમાં ચર રાશિમાં શુક્ર, મંગળ, શનિ રહેલા હોયને નવમાંશમાં સ્થિર રાશિના સૂર્ય, ગુરુ હોય, બાકીના મિથુન રાશિના નવમાંશમાં હોય, તો લાંબા આયુષ્યવાળો રાજા થાય છે.
- જન્મ કુંડળીને નવમાંશમાં સાથે બેઠેલા બુધ, ગુરુ, શુક્ર યોગને નવમા ઘરમાં શનિ હોય તો રસાયન દવાથી યુગપર્યંત જીવે છે.
- એક નવમાંશમાં રહેલા બુધ, ગુરુ, શનિ, નવમા ઘરમાં અથવા લગ્નમાં હોય, ચંદ્રમા છઠ્ઠા કે આઠમા ઘરમાં હોય, તો તે હજાર વર્ષ જીવે છે.
- ગુરુના નવમાંશમાં રહેલા બધા ગ્રહો કેન્દ્ર, નવમા કે બીજા હોય તો યોગી, બહુ શાસ્ત્ર કહેનાર, યુગપર્યંત જીવનાર થાય છે.
- નવમાંશમાં શનિની રાશિના સૂર્ય, ગુરુ ને મંગળ નવમા ને દશમા ઈર્ષા બળવાન થઈ બેઠા હોય, રાશિના છેલ્લા ભાગમાં રહેલો ચંદ્રલગ્નમાં હોય તો યુગ સુધી જીવે છે.
- લગ્ને કે અગીયારમે રહેલો પૂર્ણકળાનો, નવમાંશમાં મિત્રની રાશિમાં બેઠો હોય ને નવમા ઘરનો માલિક બળવાન હોય તો લાંબા આયુષ્યવાળો, બહુ વર્ષ જીવનારો થાય છે.
- ગુરુ, શનિ, જન્મ કુંડળીમાં ને નવમાંશમાં નવમા કે સાતમા ઈર્ષા સાથે હોય, ને સૂર્ય, બુધ સાથે લગ્નમાં હોય, ેત મુનિઓને વ્હાલો, લાંબા આયુષ્યવાળો થાય.
- (સર્વાર્થ ચિંતામણિ) કર્ક ગુરુ ને ચંદ્રમા રહ્યા હોય, ને બુધ શુક્ર

કેન્દ્રમાં બેઠા હોય ને ગ્રહો ૩-૬-૧૧ આ ભાવોમાં રહ્યા હોય, તો આ યોગવાળા લેખનું અમિત એટલે ૧૨૦ વર્ષ ઉપર ઘણા વર્ષ જાય તેનો નિયમ જ હોય તેવું આયુષ્ય થાય છે.

**૧૦૦૦-૨૦૦૦ અને અસંખ્ય વર્ષ જીવવાના યોગો**
**(સર્વાર્થતોમણિ)**

- સિંહ રાશિનો ગુરુ લગ્નમાં બેઠો હોય ને કર્કનો શુક્ર બેઠો હોય ને કન્યાનો બુધ ધન ભાવે હોય અને પાપગ્રહો ૩-૬-૭-૧૧ આ ભાવોમાં રહેલા હોય તો આ યોગવાળો માણસ હજાર પર્યંત આયુષ્યવાળો થાય છે.
- કુંભ રાશિના લગ્નમાં સૂર્ય હોય તો મીનનો ગુરુ બીજે ભાવે હોય, ને બારમા ભાવે શુક્ર મકરનો હોય, 'તો આ યોગવાળાનો આયુષ્ય રસાયનાદિક પ્રયોગોથી અમિત આયુ ૧૨૦ વર્ષથી દશ ઘણો વધારો થાય છે.
- સૂર્ય મંગળ ચોથા ભાવમાં હોય, લગ્નમાં શનિ બેઠો હોય ને બારમાં ભાવમાં રાહુ હોય અને બાકી રહેલા ગ્રહો આઠમા ભાવમાં બેઠા હોય તો આ યોગવાળો માણસ બે હજાર વર્ષ જીવે છે.
- મેષ રાશિનું લગ્ન હોય ને ચોથા ભાવે સૂર્ય હોય ને દશમા ભાવમાં શનિ રહ્યો હોય ને સાતમા ભાવમાં મંગળ હોય ને બારમા ભાવમાં સંપૂર્ણ બળ પામેલો ચંદ્રમા બેઠો હોય તો આ યોગવાળો માણસ રસાયન તથા આદિ પદ એટલે સંયમ યોગાભ્યાસ સત્ય વૃત્તાદીકથી બે હજાર વરસના આયુષ્યવાળો થાય છે.
- વૃષભરાશિને ચંદ્રમા લગ્નમાં બેઠો હોય ને તેની સાથે બુધ ગુરુ ને શુક્ર રહ્યા હોય અને બાકી રહેલા બધા ગ્રહો બીજા એટલે ધન ભાવમાં બેઠા હોય તો આ યોગવાળો માણસ ઈન્દ્રના પદને પામે.
- સર્વે ગ્રહો એક રાશિમાં આવેલા હોય ને કેન્દ્ર કે ત્રિકોણ સ્થાનમાં બેઠેલા હોય તો આ યોગમાં જન્મેલો બાળક તુરત નાશ પામે અને કદાપિ જીવે તો યુગાંત સુધી જીવનારો નીવડે છે.
- શનિ તુલા રાશિમાં, મકર રાશિમાં ગુરુ, કર્ક રાશિનું લગ્નને

વૃષભ રાશિનો ચંદ્રમા હોય તો આ યોગમાં જન્મેલો માણસ યોગાદિ સાધનાથી એ પ્રમાણે મંત્રસિદ્ધિથી બ્રહ્મપદને પામે છે.

- શુક્ર દેવ લોકાંશમાં હોય મંગળ કેન્દ્ર સ્થાનમાં હોય સિંહાસનાંશમાં બૃહસ્પતિ કેન્દ્ર સ્થાનમાં હોય તો આ યોગવાળા માણસનું અસંખ્ય વર્ષનું આયુષ્ય થાય છે.

- કર્ક લગ્ન ધનના નવમાંશમાં હોય ને તેમાં ગુરુ બેઠો હોય, ને કેન્દ્રમાં ત્રણ કે ચાર ગ્રહો રહ્યા હોય તો આ યોગવાળો માણસ બ્રહ્મપદને પામે

- ધન રાશિનું લગ્ન મેષના નવામાંશમાં હોય ને શુક્ર લગ્નમાં બેઠો હોય, સાતમે ગુરુ હોય ને રાશિમાં ચંદ્રમા હોય તો આ યોગવાળો માણસ પરમપદને પામે છે.

- ગુરુ શનિ, મંગળને શુક્ર આ ગ્રહો અનુક્રમે પરસ્પર કેન્દ્રમાં બેઠા હોય અથવા પરસ્પર ત્રિકોણમાં બેઠા હોય તો આ યોગમાં જન્મેલા માણસોનો દશ હજાર વર્ષનો આયુષ્ય થાય છે.

- મકર લગ્નમાં મંગળને આદિ લઈ સૂર્ય પર્યંત ગ્રહો રહેલા હોય, ત્રીજા ભાવમાં ગુરુ રહ્યો હોય ને દિવસનો જન્મકાળ હોય તો માણસ કલ્પ પર્યંત જીવે છે.

- સ્થિર રાશિમાં સૂર્ય ને બુધ રહ્યા હોય, વૃષભ રાશિમાં ચંદ્રમા રહ્યો હોય ને મિથુનમાં સુર્ય હોય ને કર્કનો ગુરુ લગ્નમાં બેઠો હોય ને તુલાનો શનિ હોય. ઉપર પ્રમાણે યોગમાં જન્મ થાય તે માણસ મુનિ તુલ્ય થાય છે. ઘણું જીવે છે.

- દેવલોકાંશમાં ચંદ્રમા હોય ને પારાવતાંશમાં મંગળ હોય, સિધાશનાંશમાં સૂર્ય લગ્નમાં બેઠો હોય તો આ યોગમાં જન્મેલો માણસ મુનિ સમાન થાય છે. ઘણું જીવે છે.

- મેષ લગ્ન હોય સૂર્ય દશમા ભાવમાં હોય ને ગુરુ પોતાના ઉચ્ચમાં હોય, ત્રીજા છઠ્ઠાને અગીયારમા ભાવમાં પાપગ્રહો બેઠા હોય, આ યોગવાળો માણસ મુનિ સમાન હોય છે.

## ૬૯, આયુષ્ય સંબંધી મંત્ર

## આયુ જાણવાનો મંત્ર વિધી

✡ શુભ દિવસે સંધ્યા સમયે "ૐ નમો ભગવતે વાસુપૂજ્યાય" એ મંત્ર યંત્રરૂપે કાંસાની થાળીમાં કેશર સુખડથી લખવો પછી પૂજા કરી ૧૦૮ વાર જાપ કરવો. સવારે રોગીને દેખાડવો. બારે અક્ષર આખા દેખે તો તે વર્ષમાં ન મરે. જે અક્ષર ન દેખે તેનું ફળ-

| | | | |
|---|---|---|---|
| ✡ ૧ લો અક્ષર ન દેખે તો | માગ વદ ૧૪ | બુધ | મૂળનક્ષત્રમાં મરે, |
| ✡ ૨જો અક્ષર ન દેખે તો | પોષ વદ ૫ | રવિ | પૂર્વાભાદ્રમાં મરે, |
| ✡ ૩જો અક્ષર ન દેખે તો | મહાસુદ ૫ | રવિ | મઘામાં મરે, |
| ✡ ૪થો અક્ષર ન દેખે તો | ફાગણ સુદ ૯ | શુક્ર | મૃગશીરમાં મરે, |
| ✡ ૫મો અક્ષર ન દેખે તો | ચૈત્ર સુદ ૩ | મંગળ | અશ્વિનીમાં મરે, |
| ✡ ૬ઠો અક્ષર ન દેખે તો | વૈ. સુદ ૧૩ | ગુરૂ | રાત્રે ૧ પ્રહરે ચિત્રામાં મરે, |
| ✡ ૭મો અક્ષર ન દેખે તો | જેઠ વદ ૧૪ | શનિ | રાત્રે મૃગશીર્ષમાં મરે, |
| ✡ ૮મો અક્ષર ન દેખે તો | અષાઢ સુ. ૯ | બુધ | કૃતિકામાં મરે, |
| ✡ ૯મો અક્ષર ન દેખે તો | શ્રાવણ સુ. ૧૧ | મંગળ | જયેષ્ઠામાં મરે, |
| ✡ ૧૦મો અક્ષર ન દેખે તો | ભાદ સુ. ૧૨ | રવિ | સર્પદંશથી શ્રવણમાં મરે, |
| ✡ ૧૧મો અક્ષર ન દેખે તો | આસો સુ. ૮ | રવિ | જલોદરથી અશ્લેષામાં મરે, |

✡ ૧૨મો અક્ષર ન દેખે તો કાર. સુ. ૫ અતિસારથી

પૂર્વાષાઢામાં મરે,

## ૭૦, આયુષ્ય સંબંધી યંત્ર

### રોગ નિવારણ યંત્ર




આ ચંદ્રનું યંત્ર રૂપાના પતરા ઉપર કોતરાવી, અષ્ટગંધથી ચંદ્રગ્રહણના દિવસે લખી પોતાના ઘરમાં રાખી મૂકે, જ્યારે કામ પડે ત્યારે તેને પખાળી ૩ દિવસ પિવરાવે તો ગમે તેવો રોગ હોય તે મટી જાય છે. શનિવાર, રવિવાર કે ગુરુવારે આ યંત્રનું ન્હવણ સવારમાં પીવરાવે તો બલ્ગમ-કફ આદિ મટી જાય છે તથા આ યંત્રનું ભક્તિથી પૂજન કરી ગમે ત્યાં જાય તો તેની સર્વ કામના સફળ થાય છે.

## આધાશીશી ઉતારવાનો યંત્ર

| | | |
|---|---|---|
| ૩૬ | ૩૬ | ૩૬ |
| ૩૬ | ૩૬ | ૩૬ |
| ૩૬ | ૩૬ | ૩૬ |

આ છત્રીસા યંત્ર આધાશીશીનો છે. સુગંધી દ્રવ્યથી લખી ધારણ કરવું.

# સર્વ રોગ નિવારણ યંત્ર

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ॐ | ह्रीँ | वि | स | ह | र | पा | स | नाह |
| ह्रीँ | ॐ | ह्रीँ | फु | लिं | ग | क | म | हु |
| श्रीँ | श्रीँ | ध | र | णे | न्द्र | ए | द्मा | व |
| क्लीँ | श्रीँ | ती | मा | तृ | दे | वी | मम | विस |
| झौँ | श्रीँ | रोग | शोकं | भयं | द्वेषं | जरा | मरणं | विघ्न |
| झौँ | श्रीँ | विघ्न | रा | जा | दि | म | य | चो |
| ह्रीँ | श्रीँ | रा | दि | भ | य | व्या | घ्रा | दि |
| ह्रौँ | क्षः | भ | य | र्ति | हा | दि | भ | य |
| ह्रैँ | क्षः | स | र्व | फु | ट्र | फु | ट्र | स्वा |
| हः | क्षः | हा | ठः | : | ठः | : | ठः | स्वाहा |

આ યંત્ર રવિપુષ્યમાં અથવા શુભ યોગે કાંસાની થાળીમાં કોતરાવી, અષ્ટગંધથી અથવા કેશરથી અક્ષરે અક્ષરે પૂજન કરી સૂકાઈ જાય પછી તેને પાણીથી ધોઈ તે પાણી દિવસના ત્રણ વખત પીવાથી સર્વ જાતિના વ્યાધિ, જરા, રોગ, શોક ભયાદિ બધા દરદો મટી થાય છે.

## આધાશીશીનો યંત્ર

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | ૬ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૮ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ |
| ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | ૩ | ૨ | ૧ | ૦ | ૮ |

આ યંત્ર ભોજપત્ર ઉપર અથવા સારા કાગળ ઉપર લખી માદળીયામાં નાખી, ભૂજાએ બાંધે તો આધાશીશી મટી જાય.

## આધાશીશીનો યંત્ર

| | | | |
|---|---|---|---|
| ૩૮ | ૪૬ | ૨૬ | ૭૭ |
| ૩ | ૮ | ૪ | ૭ |
| ૧ | ૮ | ૨ | ૩ |
| ૧૧ | ૭ | ૨૦ | ૯ |

આ યંત્રને રવિવારે ભોજપત્ર ઉપર લખી માથે બાંધવો આધાશીશી મટી જાય.

## દુઝતા હરસ માટેનું યંત્ર




આ યંત્ર હરતાલથી વડના પાંદડા ઉપર મંગળવારે લખી પોતાની ભૂજાએ બાંધે તો દુઝતા હરસ મટી જાય.

# ગુમડું મટાડવાનો યંત્ર

| | |
|---|---|
| हा क<br>७<br>स्वा | ख पा<br>६<br>श्री |
| घ<br>८ | ३ ग |
| र ९<br>म प | २ घ<br>१ य |
| भ<br>ट | प क्ष |

આ યંત્ર કોઈપણ જાતનું ગુમડું થયું હોય તો સુગંધી દ્રવ્યથી ભોજપત્ર ઉપર કે કાગળમાં લખી ભૂજાએ બાંધે તો ગુમડા મટી જાય.

# રોગ વશ્ય યંત્ર

| | | | |
|---|---|---|---|
| ह्रीं | श्रीं | श्रीं | श्रीं |
| ह्रीं | दे | व | ह्रीं |
| श्रीं | द | त | श्रीं |
| ह्रीं | ह्रीं | ह्रीं | ह्रीं |

આ યંત્ર કોઈપણ પ્રકારના રોગોને માટે તથા વશ કરવા માટે સુગંધી દ્રવ્યથી લખવું. દેવદત્તની જગ્યાએ પોતાનું નામ લખવું.

| | | |
|---|---|---|
| ૨ | ૧૦ | ૩ |
| ૩ | ૨ | ૧૦ |
| ૧૦ | ૩ | ૨ |

આ પંદરિયો યંત્ર ચમત્કારિક છે. કોઈપણ તાવવાળાને ધોઈને તેનું પાણી પીવરાવે તો તરત જ તાવ ઉતરે છે. ભૂત, પ્રેત વગેરે જાય છે.

# તાવ નિવારણ યંત્ર

| | |
|---|---|
| १<br>श्रीँ ह्रीँ<br>२ | क्लीँ<br>३ ४<br>ॐ |
| ७<br>हा खा<br>८ | घ्न<br>६ ५<br>क्षः |

આ યંત્ર આસોપાલવના પાન ઉપર મંગળવારે, ગુરુવારે કે શનિવારે સમી સાંજના જાઈની કલમથી લખી ભૂજાએ અગર ગળે બાંધે, અથવા સૂતી વખતે મસ્તક નીચે રાખે તો ગમે તેવા પ્રકારનો તાવ ઉતરી જાય છે.

# ૭૧, આયુષ્ય સંબંધી તત્વ

## આયુષ્ય વિષક તત્ત્વ

૨૪ તીર્થકરોનું આયુષ્ય ૧ લાખનું ૮૪ લાખ પૂર્વ, ૨જાનું - ૭૨ લાખ પૂર્વ, ૩જાનું - ૬૦ લાખ પૂર્વ, ૪ થાનું ૫૦ લાખ પૂર્વ, ૫ માનું - ૪૦ લાખપૂર્વ ૬ઠાનું - ૩૦ લાખ પૂર્વ ૭માનું - ૨૦ લાખપૂર્વ, ૮માનું - ૧૦ લાખ પૂર્વ, ૯માનું - ૨ લાખ પૂર્વ, ૧૦માનું ૧ લાખપૂર્વ, ૧૧માનું - ૮૪ લાખ વર્ષ, ૧૨ માનું ૭૨ લાખ વર્ષ ૧૩માનું ૬૦ લાખ વર્ષ, ૧૪માનુ ૩૦ લાખ વર્ષ, ૧૫માનુ ૧૦ લાખ વર્ષ, ૧૬માનું ૧ લાખ વર્ષ, ૧૭માનું ૯૫ હજાર વર્ષ, ૧૮માનું - ૮૪ હજાર વર્ષ, ૧૯માનું ૫૫ હજાર વર્ષ, ૨૦ માનું - ૩૦ હજાર વર્ષ, ૨૧માનું ૧૦ હજાર વર્ષ, ૨૨ માનું ૧ હજાર વર્ષ, ૨૩માનું ૧૦૦ વર્ષ, ૨૪માનું ૭૨ વર્ષનું આયુષ્ય હતું.

# ૭૨, લક્ષ્મી દેવીનું વર્ણન (મંત્ર શાસ્ત્ર)

## લક્ષ્મી દેવીના સ્થાનનું વર્ણન

**લક્ષ્મીદેવી કેવી છે. અને ક્યાં છે. તેનું વર્ણન અત્રે કરવામાં આવે છે.**

લક્ષ્મી દેવી હિમવાન નામના પર્વત પર રહેલ પદ્મ દ્રહને વિષે ઉત્પન્ન

થએલ કમળ રૂપી સ્થાનને વિષે રહેલી છે. તેનું વર્ણન આ પ્રમાણે છે.

## હિમવાન પર્વતનું વર્ણન

સો યોજન ઉંચો, એક હજાર બાવન યોજન બાર કળા પહોળો એવો સુવર્ણ મય હિમવાન નામનો પર્વત છે.

## પદ્મદ્રહનું વર્ણન

તે પર્વત ઉપર દશ યોજન ઉંડો, પાંચસો યોજન પહોળો, અને હજાર યોજન લાંબો, વજ્રના તળીયાવાળો પદ્મ નામનો દ્રહ એટલે સરોવર છે.

## કમલનું વર્ણન

તે પદ્મ દ્રહના મધ્યભાગમાં પાણીથી બે કોશ ઉંચુ, એક યોજન પહોળું એક યોજન લાંબુ, નીલરત્ન મય દશ યોજનનું નાળચું છે જેનું, વજ્ર મય છે, જેનું મૂલ રિષ્ટ રત્નમય છે કંદ જેનો, લાલ સુવર્ણ મય છે બહારનાં પાંદડા તથા જેના પીળા સુવર્ણમય છે અંદરના પાંદડા, આવા પ્રકારનું એક કમળ છે.

## કર્ણિકા સ્વરૂપ

તે કમળની અંદર બે કોશ પહોળી, બે કોશ લાંબી, એક કોશ ઉંચી, લાલ સુવર્ણમય કેસરાઓથી શોભતી એવા પ્રકારની સુવર્ણમય કર્ણિકા છે. (એટલે કમળનો બીજ કોષ ડોડો છે)

## લક્ષ્મી દેવીનું મંદિર

તે કર્ણિકાના મધ્યભાગમાં અડધો કોશ પહોળું, એક કોષ લાંબુ, એક કોશમાં કંઈક ન્યુન ઉંચુ, એવું લક્ષ્મી દેવીનું મંદિર છે.

## મંદિરના દરવાજા

તે મંદિરને પાંચસો ધનુષ્ય ઉંચા, અઢીસો ધનુષ્ય પહોળા, પૂર્વ-ઉત્તર-દક્ષિણ દિશામાં ત્રણ દરવાજા રહેલા છે.

## વેદિકા તથા લક્ષ્મીદેવીની શૈય્યા

તે મંદિરની મધ્યભાગમાં અઢીસો ધનુષ્ય પ્રમાણ વાળી મણિમય વેદિકા

છે. તે વેદિકા ઉપર લક્ષ્મીને યોગ્ય શૈય્યા છે.

## પ્રથમ વલય

ઉપર પ્રમાણે લક્ષ્મીદેવીના મુખ્ય કમળની વાત કરી. હવે તે મુખ્ય કમળની આજુ બાજુમાં આવેલા ગોળ વલયાકારે રહેલા કમળોનું વર્ણન કરવામાં આવે છે. તેમાં પ્રથમ વલયનું

**વર્ણન આ પ્રમાણે**

તે મુખ્ય કમળની ચારે તરફ ફરતા, વલયના આકારવાળા એટલે ગોળ આકારવાળા, તથા મુખ્યકમળ પ્રમાણથી અડધા લાંબા, પહોળા, અને ઉંચા એવા ૧૦૮ કમળ છે. લક્ષ્મી દેવીના આભૂષણોથી ભરેલા છે.

પ્રથમ વલયની જેમ બીજા પણ વલયોમાં અનુક્રમે અડધું અડધું પ્રમાણ જાણવું.

## બીજા વલયનું વર્ણન

બીજા વલયમાં વાયવ્ય, ઈશાન અને ઉત્તર દિશામાં ૪૦૦૦ સામાનિક દેવોને વસવાના ૪૦૦૦ કમળ છે. પૂર્વ દિશામાં-ચાર મહર્ધ્ધિક દેવીઓના ૪ કમળ છે. આગ્નેયી દિશામાં - અભ્યન્તર પર્ષદાના ગુરુ સ્થાનીય દેવોના ૮૦૦૦ કમળ છે. દક્ષિણ દિશામાં - મધ્યમ પર્ષદાના મિત્ર સ્થાનીય દેવોના ૧૦,૦૦૦ કમળ છે. નૈઋત્યમાં બાહ્ય પર્ષદાના નોકર તરીકે રહેલા દેવોના ૧૨૦૦૦ કમળ છે. પશ્ચિમ દિશામાં સાત સેના પતિના ૭ કમળ છે.

## ત્રીજા વલયનું વર્ણન

ત્રીજા વલયમાં સોળ હજાર અંગરક્ષક દેવો ને વસવાના ૧૬૦૦૦ કમળ છે.

## ચોથું વલય

ચોથા વલયમાં બત્રીશ લાખ અભ્યંતર આભિયોગિક દેવોને વસવાના ૩૨ લાખ કમળ છે.

## પાંચમું વલય

પાંચમા વલયમાં ચાલીસ લાખ મધ્યમ આભિયોગિક દેવોને વસવાના ૪૦ લાખ કમળ છે.

## છઠ્ઠું વલય

છઠ્ઠાવલયમાં અડતાલીસ લાખ બાહ્ય આભિયોગિક દેવોને વસવાના ૪૮ લાખ કમળ છે.

આ રીતે મુખ્ય કમળની સાથે ગણતાં સઘળા મળીને ૧ કરોડ, ૨૦ લાખ, ૫૦ હજાર, ૧સો, ૨૦ કમળ થયાં, આવા પ્રકારના કમળોથી પરિવરેલું જે મૂળ કમળ રૂપિ મનોહર સ્થાન તે ઉપર લક્ષ્મી દેવી રહેલી છે.

આ પ્રમાણે લક્ષ્મીદેવીના નિવાસ સ્થાનનું વર્ણન કર્યુ. હવે લક્ષ્મીદેવીનું (પોતાનું) વર્ણન કરવામાં આવે છે. તે આ પ્રમાણે

## લક્ષ્મી દેવીનું વર્ણન

મનોહર રૂપ લાવણ્ય અને ગુણવાળી, સુકુમાર હાથ-પગવાળી, રમણીય દેહ લતા વાળી, કાચબા જેવા પગ ગુપ્ત ઢીંચણ હાથીની સૂંઢ જેવા સાથળ, સુવર્ણ દોરાથી કમનીય કમ્મર, મુઠીમાં આવી જાય તેવો ઉદરનો ભાગ, મણિ અને રત્નોથી ખચીત હારવડે શોભી રહેલ વક્ષઃ સ્થળનો ભાગ આ રીતે અત્યન્ત શોભતી લક્ષ્મી દેવી ત્યાં રહે છે. બીજા પણ અંગોપાંગ ઉપર યોગ્ય મનોહર સુવર્ણ રત્નના અલંકારો વિગેરે દેવીએ પહેર્યા છે. દેવો વડે સેવા કરતા, કમલ સમ નેત્રો વાળી, હાથમાં વીંઝણો લઈને હવા નાખી ગરમીને દૂર કરતી (દેવતાઓને પરસેવો હોતો નથી માત્ર લીલા વડે જ ક્રીડા માટે જ પવન લેવા કંપાવેલો ફરકાવેલો જે વિંજણો તે વડે શોભતી) શ્યામ મેઘ અને ભ્રમર જેવા વાળ નો મહાકાય નાગજેવો ચોટલો ધારણ કરતી, ઐશ્વર્યથી યુક્ત અને દિગ્ગજેન્દ્રો વડે અભિષેક કરાતિ લક્ષ્મીદેવી હિમવાન પર્વતપર રહેલી છે.

ઈતિ શ્રી લક્ષ્મીદેવી સ્વરૂપ



# મંત્ર શાસ્ત્ર

## લક્ષ્મી પ્રાપ્તિનો મહામંત્ર

ૐ નમો શુકલે મહા શુકલે કમલ દલ નિવાસે શ્રી મહાલક્ષ્મી નમો નમ: લક્ષ્મી બાઈ સતકી સવાઈ આવો ચેતો કરો ભલાઈ નકરોતો સમુદ્રકી દુહાઈ, રિદ્ધિ-સિદ્ધિ ખગેતો નવનાથ ચોરાસી સિદ્ધકી દુહાઈ ગુરુકી શક્તિ મેરી ભક્તિ સ્ફૂરોમંત્ર ઈશ્વરી વાચા.

વિધી - આ લક્ષ્મી પ્રાપ્તિનો મહામંત્ર છે, દુકાને ગાદિ કે ખુરશી પર બેસતા પહેલાં ૧૦૮ વાર ગણી બેસવાથી ધંધામાં પ્રગતિ થાય છે.

# મંત્રોનું સ્વરૂપ

## મંત્રોનું બળ

મંત્ર !

મંત્ર વિદ્યા ! મંત્રજય !

❋ મંત્ર શું છે, એને જપવાથી શું લાભ થાય છે ? આવા પ્રશ્નો ઘણાના મનમાં ઉદ્‌ભવે છે. તોનો ઉત્તર એ કે મંત્ર એ આકર્ષણ શક્તિનું તીવ્ર દબાણ થાય છે કે જેની પ્રેરણા વડે મનુષ્ય મોહ પામે છે અને વશ થાય છે. મંત્રથી દેવતા પણ પ્રસન્ન થાય છે. તેથી તો મંત્ર આધિન દેવ એવું કહેવાય છે.

❋ મંત્ર એ કોઈ જાદુ નથી, કોઈ શક્તિ નથી. મંત્ર તો શાસ્ત્રોની ઋદ્ધિ છે. શુદ્ધ મંત્રોચ્ચારથી મનુષ્ય તો શું પથ્થર પણ પીગળી જાય છે. સંસારમાં અનેક પ્રકારના બળો છે. એથી તો ઋષિ-મુનિંઓએ એ બધાં બળોમાં મંત્રબળને ઉચ્ચ સ્થાન આપેલું છે, એથી તો ઋષિઓએ ઘણાં કલ્પનામાં ન આવે એવાં વિસ્મયજનક અદ્‌ભુત કાર્યો કરેલાં છે જે સર્વને વિદિત છે, અને તેથી મનુષ્યો પણ મંત્ર દ્વારા મનવાંછિત ફળ મેળવવા ઉત્સુક થાય છે. તે અનુકૂળ મંત્ર જપવા બેસે છે પણ ક્રિયા પૂર્ણ થયા વગર મંત્ર ફળ આપતા નથી, મંત્ર પ્રભાવ વગરના નથી.

❋ મંત્ર કેમ ફળતા નથી ?

મંત્રોનું બળ હજુ પણ પહેલાંના જેવું જ છે. કાયર માણસો તે ઉતાવળિયા માણસો જ એવું કહે કે મંત્રોમાં બળ નથી, શક્તિ નથી કે પ્રભાવ નથી. પરંતુ આ તેમની ભૂલ છે. મંત્ર તો તેના તેજ છે, નથી શુદ્ધ ઉચ્ચાર, આરાધના અને પ્રેમપરાયણતા.

## મંત્રના પ્રકાર

❋ મંત્રના પ્રકાર ઘણા છે અને અહીં વર્ણવ્યા છે.

* સાધકે સાત્વિક કાર્યો માટે મંત્રજાપ કરવા.
* **વશીકરણ મંત્ર :** આ મંત્રમાં બીજાઓને વશ કરવાની શક્તિ છે. પરંતુ વિધિપૂર્વક તેના જાપ થવા જોઈએ, જેને મંત્ર સિદ્ધ કરવો છે તે જો વિધાનપૂર્વક ક્રિયા કરે તેને અવશ્ય ફળસિદ્ધિ પ્રાપ્ત થાય છે.
* **મારણ મંત્ર :** આ મંત્રપ્રયોગ હાનિકારક છે. તે બીજાને નુકસાન કરે છે માટે સમજુએ તેનો પ્રયોગ કરવા તત્પર થવું નહિ. જીવન મરણની ચાવી કર્મને હાથ છે.
* **ઉચ્ચાટન મંત્ર :** આ મંત્રના પ્રયોગથી અન્યના મનમાં ઉચ્ચાટ થાય છે. પ્રેમ હોય તો પ્રેસંબંધ તૂટી જાય છે, સારા સંબંધો તૂટીજાય છે. ઉચ્ચાટન મંત્રથી બે પ્રેમીઓનું અલગ થવું પ્રતિત થાય છે.
* **મોહન મંત્ર :** આ મંત્રથી બીજા માણસ ઉપર મોહ ઉપજાવી તેને પોતાનો આશ્રિત-પોતના ઉપર મોહ કરતો કરી શકાય છે.
* **સ્તંભન મંત્ર :** આ મંત્ર ઉપરના મંત્રનો અંતર્ગત છે. આથી પ્રેમ અચળ થઈ જાય છે.કોઈ પણ બાબતને સ્થંભાવી દેવા માટે આ મંત્રના જાપ જપવામાં આવે છે.
* **વિદ્વેષણ મંત્ર :** આ મંત્રના જાપથી બે માણસમાં વિરોધ ખટરાગ ઊભો થાય છે.

  **દ્રાવણ મંત્ર :** આ મંત્ર ઉપરના મંત્રનો અંતર્ગત છે. આના જાપથી સ્ત્રીઓનું રજ સ્થિર કરાય છે.
* **આકર્ષક મંત્ર :** આ મંત્રથી દૂર વસતા મનુષ્યને પોતાની પાસે લાવીને તેની પાસેથી ઇચ્છા મુજબનું કાર્ય કરવી શકાય છે.
* **તંત્ર :** કેવળ ભોજપત્ર વગેરે પર તંત્ર લખાય છે. તંત્રોમાં કલ્પિત પૂતળું મનુષ્યાકારનું બનાવી પ્રયોગમાં લેવાય છે. આમ ક્રિયા દ્વારા કલ્પિત આકૃતિ વડે ફળ પ્રાપ્ત કરાય છે. કેટલાકની એવી માન્યતા છે કે ભૂત-પ્રેતોને વશ કરવા તે તંત્ર છે ખરી તરીતે જોતાં તો જેનો પ્રયોગ

આકૃતિ વિધાનથી કરવામાં આવે તેને તંત્ર કહે છે.

❋ **યંત્ર :** આ શબ્દનો અર્થ કળ કે મશીન થાય. આજ સુધીમાં દેશ-પરદેશમાં અનેક પ્રકારના યંત્રોની શોધ થઈ છે અને જેનો ઉપયોગ જગતમાં છૂટથી થઈ રહ્યો છે. ભૂવાઓની જે વિદ્યા હતી તે યુનાનીઓના હાથમાં જઈને વિકસી, પછીથી તેઓએ કોઈ વસ્તુ ઉપર મંત્રના સૂત્રને બદલીને ફારસીમાં લખી નાખ્યું અને તેનું નામ મંત્ર રાખી દીધુ તેઓએ મંત્રોને હજરત ના નામે પ્રસિદ્ધ કર્યા ફારસીમાં યંત્ર શબ્દ શુદ્ધ લખાતો નથી માટે યંત્રને બદલે જંત્ર લખે છે. પ્રાચીનકાળમાં ભારતીય યંત્ર ભોજપત્ર પર કંકુથી લખાતા હતા ભોજપત્રના પત્ર શબ્દનું ધીમે ધીમે યંત્ર નામ પડી ગયું.

❋ જેમ મંત્રો જુદી જુદી જાતના છે તેમ મંત્રને જપવાની માળાનો પણ જુદી જુદી જાતની છે, તેના પ્રકાર હવે જોઈએ :

## મંત્ર જપ માટે જુદી જુદી માળાઓ

❋ વશીકરણ અને પુષ્ટિકારક મંત્ર માટે મણિ-મુક્તા-હીરાના મણકાની માળા, મોહન મંત્ર માટે તુલસી, પીપળો ને વડના મણકાની માળા, આકર્ષણ મંત્ર માટે હાથીદાંતના મણકાની માળા, વિદ્વેષણ મંત્ર માટે ઊંટના દાંતનાંને મનુષ્યના વાળના મણકાની માળા, ઉચ્ચાટનમાં ઘોડાના દાંતના અથવા રણક્ષેત્રમાં મરણ ન થુયં હોય તેવા માણસના દાંતના મણકાની માળા અથવા ગધેડાના દાંતના મણકાની માળા, મારણ મંત્રમાં સિંહના દાંતના મણકા કે રીંછના દાંતના મણકાની માળા, મનોકામના સિદ્ધ મંત્રમાં શંખ અને મણિના મણકાની માળા, સ્વરક્ષા મંત્ર માટે રૂદ્રાક્ષનાકે કમળ કાકડીના મણકાની માળા, અને વિદ્યા પ્રાપ્તિના મંત્ર માટે મોતી અને રૂદ્રાક્ષના સંયુક્ત મણકાની માળા ઉપયોગ લેવાય છે.

## માળાના દોરો કેવા જોઈએ

❋ શાંતિ-પુત્રેષ્ઠિ કર્મમાં કમળાના સુતરની દોરીમાં ૨૭ મણકા પરોવી માળા બનાવાય છે. વશીકરણ મંત્ર માટે ઘોડાના વાળમાં ૧૫ મણકા

પરોવીને માળા બનાવાય છે.

❋ મોહન મંત્ર માટે કપાસના સુતરની દોરીમાં ૧૦૮ મણકા પરોવી માળા બનાવાય છે ઉચ્ચાટ મંત્ર માટે ગધેડાના વાળમાં ૨૭ મણકા પરોવી માળા બનાવાય છે. મારણ મંત્ર માટે ઊંટના વાળમાં ૧૦૦ મણકા પરોવી માળા બનાવાય છે.

**મંત્ર જાપ માટે દિશાઓ**

**દિશાઓનું મહત્ત્વ !**

❋ મંત્ર કરવા માટે દિશાઓનું જ્ઞાન પણ જરૂરી છે. વશીકરણ મંત્ર પૂર્વ દિશા તરફ મોં રાકીને ભણાય. મોહન મંત્ર ઈશાન કોણ તરફ મોં રાખીને ભણાય. મારણ મંત્ર દક્ષિણ દિશા તરફ મોં રાખીને ભણાય. વિદ્વેષણ મંત્ર આગ્રેય કોણ તરફ મોં રાખીને ભણાય. ઉચ્ચાટન મંત્ર પશ્ચિમ દિશા તરફ મોં રાખીને ભણાય. અને આકર્ષણ મંત્ર ઉત્તર દિશા તરફ મોં રાખી ભણાવાય છે.

## મંત્ર ફળ

મંત્ર ફળ ક્યારે ફળ આપે ?

કેટલાક મંત્રો એવા છે કે તુરત જ ફળ આપે છે.

આકર્ષણ મંત્રનું ફળ ૪૧ દિવસ મળે છે.

વશીકરણ મંત્રનું ફળ ૨૭ દિવસ મળે છે.

મરણ મંત્રનું ૬૧ દિવસમાં જણાય છે.

મોહન મંત્ર ૩૧ દિવસમાં ફળદાયી બને છે. ઉચ્ચાટન મંત્ર ૪૧ દિવસમાં ફળ આપે છે.

વિદ્વેષણ મંત્રનું ફળ ૫૧ દિવસમાં મળે છે.

શાસ્ત્રોમાં ધર્મ-અર્થ-કામ અને મોક્ષ ચાર પુરુષાર્થ કહ્યા છે. શાસ્ત્રાનુસાર જીવનમાં ધર્મનું પ્રથમ સ્થાન છે. ધર્મના નિયમોનું પાલન કરવું જોઈએ. ઈષ્ટદેવો તથા ગુરુ પ્રત્યે સન્માન અને શ્રદ્ધા હોવી જરૂરી છે. તેમ કરવાથી

ધર્મમાર્ગ અને ધર્મના માર્ગને સારી રીતે જાણી શકાય છે.

ધર્મજ્ઞાન અને ધર્મના પાલનની સાથે ન્યાયનીતિની મર્યાદામાં રહીને માનવી લક્ષ્મી પ્રાપ્તિના કાર્યમાં સફળ પણ બને છે.

ધર્મથી જ સપન્નતા આવે છે. તે સાથે કેટલીક વિશેષ સાધનાઓ તથા વિધિ - વિધાનો પણ સંપન્ન કરવાની જરૂરિયાત અવશ્ય રહે છે.

ભાગ-દોડ તથા તીવ્ર પ્રતિસ્પર્ધાયુક્ત આજના જીવનમાં ધન પ્રાપ્તિની સાધનાઓ શ્રેષ્ઠ ફળ અચૂક રીતે આપે છે. સાધનાના અનેક પ્રયોગો આ પુસ્તકમાં સમાવિષ્ટ કરેલા છે.

ધન સંપન્ન બનવા માટે ખોટો માર્ગ ન લેવો જોઈએ તથા અનૈતિક કાર્યોથી પણ દૂર રહેવું જોઈએ. દગા-ફટકાથી કોઈનું ધન હડપ કરવાની વૃત્તિ ત્યાગવી જરૂરી છે. માન-મર્યાદા જળવાય અને ઈજ્જત-આબરુ વધે તે રીતે ધન સંપન્ન બની શકાય. તેવો માર્ગ-લક્ષ્મી સાધનાનો છે. ધનનો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ તે એક અલગ વાત છે. કુમાર્ગે પણ તેનો ઉપયોગ થાય છે. સાંપ્રત સમયમાં કુમાર્ગે ધનના અપવ્યયનું વિશેષ પ્રમાણ મળી આવે છે. શાસ્ત્રમાં સન્માર્ગે ધનના વ્યયની પ્રશંસા કરવામાં આવી છે. સમાજની શાંતિ અને સુવ્યવસ્થા માટે ધનનો સદુપયોગ આવશ્યક છે.

માત્ર પરિશ્રમ અને શિક્ષણથી ધનવાન બની શકાતું નથી. આ ઉપરાંત એક વિલક્ષણ વસ્તુ છે ભાગ્ય. જે પૂર્વજન્મના કર્માનુસાર હોય છે. તેમાં વર્તમાન જીવનમાં સીધો હસ્તક્ષેપ થઈ શક્તો નથી.

ભાગ્ય બળવાન પણ હોય અને નબળું પણ હોય છે. નબળા ભાગ્યને સબળ બનાવનાર એક માત્ર સાધન લક્ષ્મી ઉપાસના છે. વિધિ-વિધાન સાથે લક્ષ્મી પ્રયોગો કરનાર ધનકુબેર બની શકે છે...

લક્ષ્મી સંબંધિત સાધના-અનુષ્ઠાન કરવાથી નીચે મુજબ લાભ પ્રાપ્ત થતા જાય છે.

- આર્થિક ઉન્નતિનો પ્રારંભ થાય છે.
- દરિદ્રતા સમાપ્ત થાય છે તથા પ્રતિદિન નવા નવા લાભ થાય છે.
- અર્થ પ્રાપ્તિના માર્ગમાં જે અવરોધો હોય તે દૂર થાય છે.

- નોકરી મળતી ન હોય તો આ લક્ષ્મી સાધના પછી નોકરીનો મેળ પડી જાય છે. બેકારી દૂર થાય છે. નોકરી પણ મનોવાંછિત ક્ષેત્રમાં મળે છે.
- નોકરિયાતોને તેની પ્રગતિમાં જે કોઈ બાધક તત્ત્વો હોય તે દૂર થાય છે અથવા અવરોધક સંજોગો સાધકને અનુકૂળ થવા લાગે છે.
- નોકરીમાં બઢતી મળે છે.
- નોકરીયાતને ઉપરી અધિકારી સાથેના મતભેદો દૂર થાય છે.
- સ્વતંત્ર વ્યાપાર કરવાની ઈચ્છા હોય તો તેને અનુરૂપ વાતાવરણ સર્જાય છે.
- વ્યાપારમાં શરૂઆતમાં પ્રતિકૂળતાઓ જણાય પરંતુ ધીરે ધીરે અનુકૂળતા આવતી જાય છે.
- વ્યાપારમાં સફળતા ન મળતી હોય તો આ સાધના પછી વ્યાપાર-ધંધામાં સારી પ્રગતિ થાય છે.
- મનોવાંછિત વ્યાપારિક ક્ષેત્ર મળે છે.
- વ્યાપારમાં સરકાર તરફથી (સેલ્સટેક્ષ/ઈન્કમટેક્ષ) કોઈ તકલીફ કે પરેશાની થયા કરતી હોય તો તે દૂર થાય છે.
- વ્યાપારિક સંબંધોમાં પ્રતિષ્ઠા ઘટતી જતી હોય તો તેમાં પરિવર્તન આવે છે. સાધકની પ્રતિષ્ઠા ફરી જામે છે.
- વ્યાપારમાં શ્રેષ્ઠ ઉપકારની ઉન્નતિ થાય છે.
- ભાગીદાર સાથેના મતભેદો નષ્ટ થાય છે.
- વ્યાપાર-ધંધામાં માન-સન્માન-યશ-પ્રતિષ્ઠા તથા શ્રેષ્ઠતા પ્રાપ્ત થવા લાગે છે.
- કોઈપણ વ્યવસાય - જેમકે વકીલાત - લેખક - સંપાદક - કર્મકાંડ વગેરેમાં પ્રતિદિન સફળતા મળે છે.
- કોઈપણ કાર્યના આયોજન અને તેના અમલીકરણમાં વિઘ્નો આવતાં નથી.
- આર્થિક અભાવ દૂર થઈ ધન સંચય થાય છે.

- મન પ્રસન્ન રહે છે. ચિંતાઓ દૂર થાય છે. તેમ જ આર્થિક સમસ્યાઓ હલ થાય છે.
- સમાજમાં યશ અને સન્માન પ્રાપ્ત થાય છે.
- વેપાર ધંધામાં કદાચ દેવાળું કાઢવાની સ્થિતિ આવી ગઈ હોય તો તે દૂર થાય છે અને વ્યાપારિક ક્ષેત્રમાં ફરીને પ્રતિષ્ઠા જામે છે.
- સંતાનો સહયોગ ન આપતા હોય કે મા-બાપની ઈચ્છાનુસાર ન ચાલતા હોય તો આ સાધના પછી સાધકને તેઓ અનુકૂળ અને આજ્ઞાન્વિત રહે છે.
- દંપતી વચ્ચેના મતભેદો દૂર થાય છે.
- જીવનની તમામ સમસ્યાઓ દૂર થાય છે.
- જીવનમાં પૂર્ણસુખ-સંતોષ-સન્માન-યશ અને વૈભવ પ્રાપ્ત થાય છે. પૂર્ણ સુખોને ભોગવતા સાધકને અંતરમાં ધર્મની પ્રાપ્તિ થઈને મોક્ષ પણ પ્રાપ્ત થાય છે.

કહેવાનો સારાંશ એ છે કે શ્રી સાધના યા લક્ષ્મી સાધના જીવનનું અતિ આવશ્યક અંગ છે. સાધના દરમિયાન કોઈ વિઘ્ન આવી જાય કે મંત્રોચ્ચારમાં કોઈ ભૂલ થાય તો પણ કશું નુકશાન થતું નથી, કારણ કે આ સૌમ્ય સાધના છે. સાત્ત્વિક સાધના છે.

## કામ્યપ્રયોગ

આ મંત્ર શ્રેષ્ઠ છે. ઘરમાં દરિદ્રતા / ગરીબી હોય તેવી વ્યક્તિએ આ પ્રયોગ કરવો જોઈએ.

આ પ્રયોગમાં નાળિયેરનો ઉપયોગ થાય છે. આ નાળિયેર પર વિજયકાળમાં (જપ યુક્ત પૂરું નાળિયેર) "અંગોર યંત્ર"માં ત્રિશૂળ બનાવવું તેના પર મૌલી બાંધવી. તે પછી તે રાત્રે જ "કીલન મંત્ર"થી તેને કીલિત કરવું અને સ્વર્ણાવતી મંત્રથી આબદ્ધ કરવું. કનકપ્રભા મંત્રથી સિદ્ધ કરી તે નાળિયેરને પ્રભાવયુક્ત બનાવવું.

પછી હોળીની રાત્રે તે નાળિયેર પર ચોખા રાખવા. હોળીની રાત્રે ન બને તો નવરાત્રિની પ્રથમ રાત્રિએ ચોખા રાખવા. આ ચોખા યુક્ત નાળિયેર રાત્રે ૧૧-૦૦ પહેલાં ચાર રસ્તા વચ્ચે અથવા જંગલમાં ચુપચાપ

(મૌન રહીને) મૂકી આવવું. આ કાર્ય સાધકે જાતે અથવા કુટુંબના કોઈ સભ્ય દ્વાર કરાવવું. સારા કુટુંબનો નોકર હોય તો તેની પાસે કરાવવું. આ વિધિથી જીવનમાં સુખ-શાંતિ આવે છે. ઘરમાંથી બહાર નાળિયેર લઈ જવાની સાથે જ દરિદ્રતા પણ દૂર થઈ જાય છે. અર્થાત્ આ વિધિ વિધાન થયા પછી ધીમે ધીમે આર્થિક બેહાલી દૂર થતી જાય છે. ઘરમાં બીમારી હોય તો તે પણ દૂર થાય છે. તાંત્રિક અસર હોય તે પણ નષ્ટ થાય છે. શત્રુઓ શાંત થાય છે. કોર્ટ કેસમાં સફળતા મળે છે. ભૂત-પ્રેત દૂર થાય છે. ક્લેશ-કંકાસ-પતિ-પત્ની વચ્ચે અણબનાવ દૂર થાય છે.

આ નાળિયેરને "બાધા નિવારક નાળિયેર" કહેવામાં આવે છે. દરવર્ષે એકવાર આ પ્રયોગ કરવો. તેથી આખું વર્ષ સુખ-શાંતિ અને સમૃદ્ધિમાં પસાર થાય છે.

## દક્ષિણાવર્તી શંખ સાધના

જમણેરી શંખ બહુ ઓછા મળે છે. આવા શંખને દક્ષિણાવર્તી શંખ કહે છે.

જેના ઘરમાં દક્ષિણાવર્તી શંખ છે, તો તે શંખ પૂજા વિધિ વગર પણ સુખ-શાંતિ અને સમૃદ્ધિ આપે છે. આર્થિક દષ્ટિએ પણ તે વ્યક્તિ સધ્ધર બને છે. આવો શંખ મંત્રસિધ્ધ - પ્રાણપ્રતિષ્ઠાયુક્ત હોય તો ઘણું સારું ફળ આપે છે.

આ શંખમાં પાણી ભરી ઉક્ત સ્તોત્ર ૧૧ વખત ભણીને ઘરમાં પાણી છાંટવાથી સર્વ પ્રકારે સુખ-શાંતિ થાય છે. શાંતિ-સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે.

વ્યાપારમાં વિશેષ અનુકૂળતા માટે રોજ અગિયાર દિવસ સુધી ૨૧ વખત ઉક્ત સ્તોત્ર ગણવું. તેથી જે કોઈ અભિલાષા હોય તે પણ પૂર્ણ થાય છે.

આ શંખમાં પાણી ભરી ૧૧ વાર સ્તોત્ર બોલીને દુકાનના દરવાજા પાસે છાંટવાથી વેપાર વધે છે. પાંચ દિવસ આ રીતે કરવું જોઈએ.

શંખમાં ચોખા ભરી સ્તોત્ર ૧૧ વખત ગણવું. પછી તે ચોખા રોગી વ્યક્તિ પરથી ઉતારીને દક્ષિણ દિશામાં ફેંકવા તેથી તે રોગ મુક્ત બને છે.

ઉપર જણાવેલ વિધિવિધાન મહત્ત્વપૂર્ણ છે.

## એકાક્ષી નાળિયેરનો પ્રયોગ

સંસારની દુર્લભ ચીજોમાં એકાક્ષી નાળિયેરનું પણ નામ છે. મોટાભાગના નાળિયેરની અંદરના ગોળા પર બે આંખો જોવા મળે છે. પરંતુ એ આંખવાળો ગોળો જવલ્લે જ જોવામાં આવે છે. આવું નાળિયેર સાક્ષાત્ લક્ષ્મી સ્વરૂપ મનાય છે. આના પર આર્થિક ઉન્નતિ માટે અનેક પ્રયોગો થઈ શકે છે.

આવું નાળિયેર ઘરમાં હોય તો સર્વથા આર્થિક ઉન્નતિ અને અનુકૂળતાઓ પ્રાપ્ત થતા રહે છે.

આ નાળિયેર પર મુખ્યત્વે ત્રણ અગત્યના પ્રયોગો છે.

## સાધનાઓ

### કનક યક્ષિણી સાધના

દિવાળીની રાત્રે એક થાળીમાં ચોખા પાથરી તેના પર શ્રીફળ રાખવું અને તેની પૂજા કંકુ - ચોખાથી કરવી. પછી તેની સામે દીવો, અગરબત્તી કરવા. ત્યારબાદ નિમ્નલિખિત મંત્રની એકાવન માળા ગણવી. આમ કરવાથી સાધક આશ્ચર્યજનક રીતે આર્થિક સફળતા મેળવે છે. પૂર્ણ સમૃદ્ધિ પ્રાપ્ત કરે છે.

**મંત્ર**

**ૐ જૂં કટ્ટ કટ્ટ કવકયક્ષિણી હ્રીં યઃ યઃ હું ફટ્ ।**

આ મંત્ર અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ૪-૫ કલાકમાં જ ૧૦૧ માળા કરી શકાય છે. કમલગટ્ટાની માળાનો જ ઉપયોગ કરવો. જાપ પૂરા થયે નાળિયેરને તીજોરીમાં / દુકાનમાં કે ઑફિસમાં રાખવું. પૂજા સ્થાનમાં રાખવામાં આવે તો તે વધારે ઉચિત ગણાય છે. નાળિયેરને ઉંદર વિગેરે નુક્સાન ન કરે તે માટે પિત્તળ કે ત્રાંબાના ડબ્બામાં રાખવું.

સામાન્યતઃ આ નાળિયેર સામે ઉક્ત મંત્રની ૧ માળા રોજ કરાય તો તે સાધકની ઉન્નતિ પ્રતિદિન થાય છે.

## ૨. સિધ્ધ યક્ષિણી સાધના

સાધકે કોઈપણ બુધવારે આ નાળિયેર પર સિંદુરથી ત્રિશૂલ બનાવવું અને પૂજાસ્થાનમાં રાખવું. ત્યારેપછી નિમ્નલિખિત મંત્રની ૨૧ માળા ગણવી. માળા ફેરવતી વખતે ઉત્તરાભિમુખ બેસવું. ૨૧ માળા પૂરી થયે નાળિયેરને શુદ્ધ જળથી ધોઈને પુનઃ પૂજા સ્થાનમાં સ્થાપિત કરવું. પાણીને ઘરમાં ચારે બાજુ છાંટવું.

આ રીતે પાંચ દિવસ પ્રયોગ કરવો. રોજ તેના પર ત્રિશૂલ બનાવવું. બાકીની વિધિ ઉપર મુજબ છે. પાંચમાં દિવસની રાત્રે સિધ્ધયક્ષિણી સ્વપ્નમાં દર્શન આપે છે. સાધક તેની પાસે જે કાંઈ માંગે છે તે શીઘ્ર તેને પ્રાપ્ત થાય છે.

જીવનમાં ઉન્નતિ થતી ન હોય, નોકરીમાં પ્રમોશન ન મળતું હોય અથવા અધિકારીઓ સાથે મતભેદ હોય તો આ પ્રયોગ અવશ્ય કરવો. આ પ્રયોગથી ઉન્નતિ થાય છે. કોઈપણ જાતની મુશ્કેલીઓ દૂર થાય છે.

**મંત્ર**

**"ૐ વિચિત્ર રૂપૈ સિધ્ધિ કુરુ કુરુ સ્વાહા ॥"**

રાજકીય સેવા સાથે સંબંધિત વ્યક્તિ માટે આ પ્રયોગ ખૂબ જ લાભપ્રદ છે.

## હંસ યક્ષિણી સાધના

આ પ્રયોગ પણ એકાક્ષી નાળિયેર પર થાય છે. આ પ્રયોગ અગિયાર દિવસનો છે. પ્રાતઃકાળે સ્નાનાદિકથી પરવારી શુદ્ધ વસ્ત્રો ધારણ કરવા. સાધકે પોતાની સામે એક થાળી રાખવી. તેમાં સરસવના દાણા પાથરી તેના પર એકાક્ષી નાળિયેર મૂકવું. ગુગળનો ધૂપ કરવો. દીવો કરવાની જરૂર નથી.

પછી પરવાળાની માળાથી નીચે લખેલ મંત્રની ૫૧ માળા ગણવી. મંત્રજાપના પ્રારંભ પહેલાં મનમાં નિશ્ચય કરવો કે મારે અમુક શત્રુ પર વિજય મેળવવો છે અથવા સાધકને કોઈ કોર્ટ કેસ ચાલતો હોય તો તેમાં વિજય પ્રાપ્ત કરવા અંગે સંકલ્પ કરવો. આ પ્રયોગથી કોર્ટ કેસમાં જીત અને શત્રુઓ પર વિજય મળે છે. જીવનમાં નિર્ભયતા માટે આશ્ચર્યજનક છે.

મંત્ર

**॥ હંસી હંસ હાં ન હીં સ્વાહા ॥**

જે વ્યક્તિ શત્રુઓ પર વિજય મેળવવા ચાહે છે અથવા જીવનમાં કોઈ વિપત્તિ આવી ગઈ હોય, કોર્ટ કેસમાં ફસાઈ ગયા હોય તો ઉક્ત સાધન અવશ્ય કરવી. તેથી મુકદ્દમામાં વિજય મળે છે અને દુશ્મનો પર જીત થાય છે. આ દૃષ્ટિએ ઉપરોકત સાધના મહત્ત્વપૂર્ણ મનાય છે.

## શિયાળશીંગીનો પ્રયોગ

સામાન્યતઃ શિયાળને માથે શીંગ ઊગતા નથી. પરંતુ કુદરતના ચમત્કારરૂપે કેટલાક અપવાદ જોવા મળે છે. કોઈ કોઈ શિયાળના માથા પર શીંગ ઊગી આવે છે. આ કારણે તે દુર્લભ છે અને ઘણી મહેનતે તે મેળવી શકાય છે. જે વ્યક્તિ પાસે મંત્ર સિદ્ધ પ્રાણપ્રતિષ્ઠાયુક્ત શિયાળ શીંગી હોય છે. તેને આર્થિક તંગી કદાપિ સતાવતી નથી. આ ઉપરાંત શત્રુઓ પર વિજય સહાય રીતે મળે છે. કોર્ટ કેશમાં સફળતા મળે છે.

બજારમાં નકલી શીયાળશીંગી ઘણી મળે છે. મંત્ર પ્રયોગમાં અસલ શિયાળશીંગી જોઈએ. શિયાળશીંગી નાની સોપારીના આકારની હોય છે. તેના પર લાંબા વાળ હોય છે. શિયાળશીંગીને સિંદુરમાં રખાય છે. અસલ શિયાળશીંગીના વાળ ધીરે ધીરે વધે છે. તેના પર અનેક પ્રકારના મંત્ર પ્રયાગો થઈ શકે છે.

## નર્મદેશ્વર લક્ષ્મી પ્રયોગ

કોઈપણ સોમવારે સવારે સૂર્યોદય સમયે પોતાની સામે ઉક્ત શાલીગ્રામ કોઈ ધાતુનાં પાત્રમાં રાખવું. તેના પર દૂધ મિશ્રિત જળની ધારા કરવી અને નીચે જણાવેલ ચંદ્રિકા લક્ષ્મી મંત્ર"નો જાપ કરવો. દૂધ ઓછું લેવું. પાણીનો ભાગ વધારે રાખો.

જેટલા થઈ શકે તેટલા જાપ કરવા. જાપની સંખ્યા નિર્ધારિત નથી.

આ રીતે ચાર સોમવાર કરવા. તેથી આર્થિક દૃષ્ટિએ વિશેષ અનુકૂળતા પ્રાપ્ત થાય છે. મનોવાંછિત પરિપૂર્ણ થાય છે.

**મંત્ર**

**॥ ૐ હ્રીં વિશાલે કાં દૂં ક્લીં એહ્યે યેહિ સ્વાહા ॥**

આ સાધનામાં માળાની આવશ્યક્તા નથી. મંત્ર સંખ્યા ગણવાની પણ જરૂર નથી. ફક્ત મનમાં જ ઉક્ત મંત્ર ગણવો. જેટલા થઈ શકે તેટલા જાપ કરવા. જાપ દરમિયાન દૂધમિશ્રિત જળની ધારા કરતા જવું. બે કલાક પછી અભિષેકનું જળ પવિત્ર સ્થાને નાખવું. આ રીતે દર સોમવારે કરવું. કુલ ચાર સોમવાર કરવા.

## રુદ્રાક્ષ પ્રયોગ

રુદ્રાક્ષ દેવને ખૂબ જ પ્રિય છે. તે એક મુખથી લઈને ૨૧ મુખી સુધીના હોય છે. આ બધામાં એક મુખી રૂદ્રાક્ષ પ્રાપ્ત થવો લગભગ અસંભવિત છે. અર્થાત્ આ પ્રકારનો રૂદ્રાક્ષ દુર્લભ છે.

જેની પાસે આ રૂદ્રાક્ષ હોય તે મહાભાગ્યશાળી મનાય છે. તે ગળામાં ધારણ કરવાથી જીવનમાં કોઈ ચીજનો અભાવ રહેતો નથી.

અહીં પંચમુખી રૂદ્રાક્ષ પર પ્રયોગ રજૂ કરેલ છે. આ પ્રકારનો રૂદ્રાક્ષ સહેલાઈથી મળી શકે છે. બજારમાં ઘણું કરીને નકલી રૂદ્રાક્ષ મળે છે. જે ભદ્રાક્ષ તરીકે ઓળખાય છે. રૂદ્રાક્ષ અને ભદ્રાક્ષ વચ્ચે ઘણું સામ્ય છે. ભદ્રાક્ષને રૂદ્રાક્ષ તરીકે ગ્રાહકોને ભટકાવવામાં આવે છે. માટે પરીક્ષા કરીને અથવા કરાવીને જ રૂદ્રાક્ષની ખરીદી કરવી. આ રૂદ્રાક્ષ સસ્તામાં મળી જાય છે. કોઈપણ સોમવારે આ પ્રયોગ પૂર્ણ કરવો. કુલ આઠ દિવસનો આ પ્રયોગ છે. રોજ બે કલાક સ્વચ્છ આસન પર બેસીને નીચે લખેલ મંત્રના જાપ કરવા. હથેળીમાં રૂદ્રાક્ષ રાખી મંત્ર જાપ મનમાં જ કરવા. જેટલા થઈ શકે તેટલા જાપ કરવા. માળાની જરૂર નથી.

**મંત્ર**

**॥ ૐ ઐં ક્લીં એન્દ્રિ માહેન્દ્રિ કુલુ કુલુ ચુલુ ચુલુ હંસઃ સ્વાહા ॥**

મંત્ર જાપની સંખ્યા નિર્ધારિત નથી. ઉપર જણાવ્યા મુજબ આઠ દિવસ સુધી નિયત સમયે મંત્ર જાપ કરવાથી લક્ષ્મી રૂદ્રાક્ષ સિદ્ધ થાય છે. આઠ દિવસ પૂરું થયે (આઠમા દિવસે) આ રૂદ્રાક્ષને ગળામાં ધારણ કરવો. આમ કરવાથી દરિદ્રતા હંમેશ માટે સમાપ્ત થઈ જાય છે.

## લઘુનાળિયેર પ્રયોગ

નાળિયેરને લક્ષ્મીનું પ્રતીક માનવામાં આવે છે. શાસ્ત્રાનુસાર શ્રીફળમાં સ્વયં લક્ષ્મીનો વાસ છે. પ્રકૃતિનો મહિમા અપરંપાર છે. બજારમાં મોટા નાળિયેર તો સહેલાઈથી મળી શકે છે. તે સાથે સોપારી જેવડા નાળિયેર પણ ઉપલબ્ધ થઈ જાય છે. આ પ્રકારના નાળિયેર લક્ષ્મીપ્રયોગ માટે વિશેષ મહત્ત્વના છે.

કોઈપણ બુધવારે સવારે સૂર્યોદયથી દશ વાગ્યા સુધી સ્નાનાદિકથી પરવારી શુદ્ધ વસ્ત્ર ધારણ કરી ઉક્ત નાળિયેરને કોઈ પાત્રમાં રાખવું. તેની પૂજા કરવી. જળથી સ્નાન કરાવવું. પછી સ્વચ્છ વસ્ત્રથી લૂછી નાખવું. તેના પર ચોખા-ફૂલ વગેરે ચઢાવવા. દીવો-અગરબત્તી કરવા. પછી લક્ષ્મીબીજ મંત્રની એક માળા કરવી. કમલગટ્ટાની માળા લેવી. આ માળા મંત્રસિદ્ધ-પ્રાણપ્રતિષ્ઠાયુક્ત હોવા જોઈએ.

આ પ્રયોગ નવ દિવસનો છે. એક લાખ જાપ કરવા જોઈએ. રોજ ૧૦ થી ૧૫ હજાર જાપ કરી શકાય છે. સ્ત્રી યા પુરુષ કોઈપણ વ્યક્તિ આ સાધના કરી શકે છે. પ્રાતઃકાળ અથવા રાત્રે પણ જાપ થઈ શકે છે.

**મંત્ર**

**"શ્રી"**

એક લાખ જાપ પૂરા થયે આ મંત્ર સાથે ૧૦૦ આહુતિઓ અગ્નિમાં આપવી. શુદ્ધ ગાયનું શુદ્ધ ઘી આહુતિ માટે વાપરવું. પછી યથાશક્તિ દાન કરવું કરાવવું. ત્યારબાદ આ લઘુ નાળિયેરને તિજોરીમાં રાખવું.

આ પ્રકારનો પ્રયોગ ઘણો મહત્ત્વપૂર્ણ છે. તેનો નિશ્ચિત અને અનુકૂળ પ્રભાવ જોવા મળે છે. પ્રયોગ સરળ અને વિશેષ પ્રભાવયુક્ત છે.

## આભાયુક્ત શાલિગ્રામ પ્રયોગ

આ પ્રયોગમાં આભાયુક્ત શાલિગ્રામનો ઉપયોગ કરવો જરૂરી છે. આ પ્રકારના શાલિગ્રામ દુર્લભ હોય છે. આ શાલિગ્રામને સૂર્ય સામે રાખવાથી તેની અંદર લાલ ઝાંઈ નીકળતી દેખાય છે.

નીચે જણાવેલ મંત્રના ૧૦ હજાર જાપ કરવાથી ઉક્ત પ્રયોગ સિદ્ધ થાય છે. પ્રાતઃકાળે / રાત્રે કોઈપણ સમયે પ્રયોગ થઈ શકે છે. પાંચ કે દશ દિવસની અંદર જાપ પૂરાં કરવા. સ્ત્રી કે પુરુષ કોઈપણ વ્યક્તિ આ પ્રયોગ કરી શકે છે.

કોઈપણ બુધવારે સૂર્યોદયથી દશ વાગ્યાની અંદર સ્નાનાદિકથી પરવારીને સ્વચ્છ આસન પર બેસવું. એક થાળીમાં શાલિગ્રામ મૂકવા. તેની સામે દીવો-અગરબત્તી કરવી. શાલિગ્રામને શુદ્ધજળથી સ્નાન કરાવવું. કેસર ઈત્યાદિ લગાવવું. ફૂલ-ચોખા પણ ચડાવવા. પછી કમલગટ્ટાની માળાથી જાપ શરૂ કરવા.

**શાલીગ્રામનો મંત્ર**

**ૐ શ્રીં ચ વિદમહે હ્રીં ધીમહિ**
**તન્નો લક્ષ્મી વિષ્ણુ પ્રચોદયાત્ ।**

મંત્ર જાપ પૂરા થયે શાલિગ્રામને પૂજા સ્થાનમાં સ્થાપિત કરવા. આ પ્રયોગથી મનવાંછિત સફળતા પ્રાપ્ત થાયછે.

## ગોમતીચક્રનો પ્રયોગ

ગોમતીચક્ર એ પ્રકૃતિનું માનવીને માટે શ્રેષ્ઠ વરદાન છે. જેના પર અનેક પ્રકારના તાંત્રિક-માંત્રિક પ્રયોગો થઈ શકે છે. તે સ્વયં વ્યાપાર તથા લક્ષ્મીનું પ્રતીક છે. દરેક ગૃહસ્થને ત્યાં તે પૂજા સ્થાનમાં હોવું જોઈએ.

લક્ષ્મી સંબંધિત ત્રણ પ્રયોગો નીચે મુજબ છે :

(૧) સાધકે (સ્ત્રી-પુરુષ) પ્રાતઃકાળે સૂર્યોદય સમયે આ ચક્રને પ્રથમ દૂધ પછી પાણીથી ધોવું. પછી કોઈ પાત્રમાં ૧ કિલો ચોખા પાથરી તેના પર ચક્ર રાખવું. ચક્ર સામે દીવો પ્રગટાવવો.

ત્યારબાદ નિમ્ન મંત્રની ૫ માળા કરવી. ચૌદ દિવસનો પ્રયોગ છે. મંત્રની કુલ સિત્તેર માળા કરવાની છે.

જાપ વખતે પરવાળાની માળા રાખવી. પ્રયોગ અને મંત્ર બન્ને મહત્ત્વપૂર્ણ છે. જેનાથી નિશ્ચિત અનુકૂળ ફળ પ્રાપ્ત થાય છે.

કોઈ વ્યક્તિ દુર્ભાગ્યથી સતત પરેશાન થતી હોય, આર્થિક સફળતા

ન મળતી હોય તો આ પ્રયોગ અવશ્ય કરવો. આ સાધના સરળ-લઘુ અને શ્રેષ્ઠ ફળદાયક છે.

**મંત્ર**

| |
|---|
| ૐ હ્રીં મહાલક્ષ્મી શ્રીં સ્થિરલક્ષ્મી ઐં મમગૃહે આગચ્છ આગચ્છ સ્વાહા॥ |

૧૪ દિવસ પછી આ ચક્રને પૂજા સ્થાનમાં રાખવું અથવા દુકાનમાં સ્થાપિત કરવું. આ ચક્ર જીવનમાં અનેકવિધ સફળતાઓ અપાવે છે.

(૨) એક થાળીમાં પીળા સરસવના દાણા પાથરી તેના પર ઉક્ત ચક્ર રાખવું. તે ચક્ર મંત્ર સિદ્ધ પ્રાણપ્રતિષ્ઠાયુક્ત હોવું જોઈએ. તેની સામે દીવો કરવો. કોઈપણ બુધવારે આ પ્રયોગ કરી શકાય છે.

**મંત્ર**

| |
|---|
| ૐ હ્રીં લક્ષ્મી દુર્ભાગ્યનાશિની સૌભાગ્ય પ્રદાયિની શ્રીં સ્વાહા ॥ |

આ મંત્રના જાપ સાધક તેની અનુકૂળતા મુજબ ગમે તે સમયે કરી શકે છે. કુલ ૧૦ હજાર જાપ કરવાના હોય છે. જે ૧૦ થી ૧૫ દિવસમાં પૂરા કરવા. જાપ પૂરા થયે સરસવના દાણા જંગલમાં દક્ષિણ દિશા તરફ ફેંકવા અથવા તળાવ કે નદીમાં વિસર્જિત કરી દેવા.

આ પ્રયોગ દરિદ્રતાના વિનાશ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. સાધક ઉપર તેના પરિવાર ઉપર સાધકના વ્યાપાર ઉપર કોઈ તાંત્રિક પ્રભાવ હોય તો તે પણ નષ્ટ થાય છે.

આ પ્રયોગથી વ્યાપારમાં આશ્ચર્યજનક ઉન્નતિ થાય છે. વેચાણ વધે છે તથા ધંધા-વ્યાપારમાં પૂર્ણ અનુકૂળતા આવે છે. શત્રુઓ પરાસ્ત થાય છે. તથા સાધકને કોઈ જાતની હાની પહોંચાડવાને શક્તિમાન થઈ શક્તા નથી.

વ્યાપારને શ્રેષ્ઠ સ્તર પર લઈ જવા ચાહનારે આ પ્રયોગ અવશ્ય કરવો.

(૩) અહીં દર્શાવેલ ગોમતીચક્ર સંબંધિત ત્રીજો પ્રયોગ શત્રુનાશ અને કોર્ટ કેસમાં જીત મેળવવા માટેનો છે. કોઈ વ્યક્તિ તમારા વ્યાપારને

હાની પહોંચાડતી હોય અથવા ધંધામાં તમારે ભારે સ્પર્ધા થતી હોય તો આ પ્રયોગ કરવાથી વ્યાપાર-ધંધાને નુકશાનકર્તા સર્વ અડચણો અચૂક દૂર થાય છે.

આ ઉપરાંત તમારા ધીરેલા નાણાં પાછાં ન આવતાં હોય - કોઈએ તમને નાણાંકીય બાબતોમાં ફસાવ્યા હોય અથવા કોઈએ ફાંદો કર્યો હોય તેવા સંજોગોમાં આ પ્રયોગ ખૂબ ઉપયોગી પૂરવાર થાય છે. તમારી ફસાયેલી મૂડી તમને પાછી મળી જાય છે.

મંગળવારે કોઈ પાત્રમાં એક મૂઠ્ઠી કાળા મરી રાખી તેના પર ગોમતીચક્ર મૂકવું. પછી સાધકે હાથમાં પાણી લઈને બોલવું કે "અમુક કાર્યોની સિદ્ધિ / સફળતા માટે હું આ પ્રયોગ કરું છું. ચક્ર સામે તેલનો દીવો કરવો. દીવા માટે કોઈપણ તેલ (સરસિયું તેલ / સિંગતેલ /દિવેલ / તલનું તેલ) વાપરી શકાય છે.

**મંત્ર**

**ૐ ક્લીં શત્રુન્નાશય ઐં કાર્ય સિદ્ધય હ્રીં લુપ્ત ધન પ્રાપ્તયર્થ શ્રીં નમઃ ॥**

આ પ્રયોગ સમાપ્ત થયે ગોમતીચક્રને પૂજા સ્થાનમાં સ્થાપિત કરવું. કાળા મરી કોઈપણ મંગળવારની રાત્રે ખાડામાં દાટી દેવા. આ કાર્ય જાતે અથવા ઉચ્ચ વર્ણના નોકર પાસે કરાવી લેવું.

આ પ્રયોગ પછી થોડા દિવસમાં જ સાધકને અનુકૂળ ફળ પ્રાપ્ત થાય છે.

વસ્તુતઃ આ પ્રયોગ અત્યંત મહત્ત્વપૂર્ણ - શ્રેષ્ઠ અને શીઘ્ર પ્રભાવદર્શક છે.

## મૂંગા પ્રયોગ

પરવાળાની ગણતરી રત્નમાં થાય છે. જે લાલ / સિંદૂરિયા રંગનું હોય છે.

પરવાળાના બે પ્રકાર છે. (૧) સિંદુરિયા રંગનું સામાન્ય પરવાળું (૨) લાલ રંગનું પરવાળું. જેને ઈટાલિયન મૂંગા કહે છે.

આ પરવાલા ઉપર મહાલક્ષ્મી પ્રયોગ થઈ શકે છે. પ્રયોગ માટે મંત્રસિદ્ધ પ્રાણપ્રતિષ્ઠાયુક્ત પરવાળું રાખી પાણીથી ધોઈને સ્વચ્છ કરવું.

પછી તેના પર કંકુ લગાવવું અને નિમ્ન મંત્રની ૧૧ માળા ગણવી.

**પરવાળાનો મંત્ર**

> ૐ વિરૂપાક્ષ વિલાસિની આગચ્છાગચ્છ
> હ્રીં પ્રિયા મે ભવ પ્રિયા મે ભવ ક્લીં સ્વાહા ॥

આ રીતે ૧૧ દિવસ સુધી ઉપર મુજબ કરવું. કુલ ૧૨૧ માળા થશે. જાપ પૂરા થયે પરવાળાને ચાંદી / સોનાની વીંટીમાં જડાવીને જમણા હાથની કોઈ પણ આંગળી પર તે વીંટી ધારણ કરવી.

આ રીતે સિદ્ધ પરવાળુ પાંચ પ્રકારની અનુકૂળતા આપવાને સમર્થ થાય છે.

(૧) જીવનમાં આર્થિક ઉન્નતિ આપે છે.
(૨) સાધકના શરીરને આકર્ષક અને ચહેરાને પ્રભાવશાળી બનાવે છે.
(૩) પતિ-પત્નીમાં મતભેદ હોય તે દૂર થાય છે.
(૪) શત્રુઓ પરાસ્ત થાય છે. બાધાઓ દૂર થાય છે.
(૫) વ્યાપારમાં ઉન્નતિ થાય છે. મન પ્રસન્ન રહે છે. સ્વાસ્થ્ય સારું રહે છે.

જીવનના પ્રત્યેક કાર્યમાં ઉમંગ અને ઉત્સાહ રહે છે.

આ મંત્રસિદ્ધ પરવાળું કોઈપણ વ્યક્તિને અનુકૂળ રહે છે. કેટલાકને પરવાળુ સદતું નથી. તેવી વ્યક્તિઓને પણ આ મંત્રસિદ્ધ પરવાળું સુખ-સમૃદ્ધિ આપે છે.

## સ્ફટિક મણિ માલા પ્રયોગ

સંસારની શ્રેષ્ઠ માલાઓમાં સ્ફટિકની માળાનું સ્થાન અગ્રિમ છે. આ માળા ચમકીલી-પ્રભાવયુક્ત અને અનુકૂળ ફળ આપનાર માનવામાં આવે છે.

બજારમાં નકલી સ્ફટિકમાળા વધારે પ્રમાણમાં જોવામાં આવે છે. સ્ફટિકના બદલે કાચના મણકાની માળા ગ્રાહકને ભટકાડવામાં આવે છે. તેથી બરાબર પરીક્ષા કરીને જ ઉક્ત માળા ખરીદવી.

સ્ફટિકની માળા પહેરવામાં આવે તો સાધન વગર પણ લાભ કરે છે

તથા સર્વ રીતે ઉન્નતિદાયક બને છે. તેમ છતાં આ માળા મંત્રસિદ્ધ પ્રાણપ્રતિષ્ઠાયુક્ત હોય તે વધુ જરૂરી છે. આ પ્રકારની માળા આશ્ચર્યજનક રીતે અનુકૂળ ફળ આપનાર - આર્થિક દષ્ટિએ પૂર્ણતા પ્રદાન કરનાર તથા ભાગ્યોદયકારક છે.

આ પ્રકારની માળા ઉપર લક્ષ્મીથી સંબંધિત અનેક પ્રયોગો થઈ શકે છે. દરેક ગૃહસ્થે આ માળા પોતાના ઘરમાં અવશ્ય રાખવી જોઈએ. આ માળા પર ચાર પ્રકારના પ્રયોગોકરી શકાય છે. દરેક પ્રયોગોના મંત્ર અલગ અલગ છે. પરંતુ વિધિ એક જ છે.

## મંત્ર

**(૧) લક્ષ્મી પ્રાપ્તિ માટે -**

ૐ શ્રીં હ્રીં ક્લીં મહાલક્ષ્મ્યૈ નમઃ ।

**(૨) વ્યાપાર વૃદ્ધિ માટે -**

ૐ ક્લીં વ્યાપારોન્નતિ હ્રીં નમઃ ।

**(૩) સમસ્ત પ્રકારની ઉન્નતિ માટે -**

ૐ હ્રીં કામરુપિણ્યૈ શ્રીં નમઃ ।

**(૪) શત્રુનાશ માટે -**

ૐ ક્લીં હું મમ (અમુક) શત્રુન્નાશયતિ હું ફટ્ ।

**(૫) મુકદ્દમામાં સફળતા માટે -**

ૐ ક્લીં બીજ રુપિણ્યૈ મહાકાલિકાયૈ ક્લીં ફટ્ ।

**(૬) રોગમુક્તિ માટે -**

ૐ વં મમ દેહ ચૈતન્ય જાગ્રય હ્રીં હૂં નમઃ ।

**(૭) સફળતા માટે -**

ૐ શ્રી હું કુશર્મિ નમઃ ।

**(૮) ભૂમિગત ધન પ્રાપ્ત કરવા માટે -**

ૐ હ્રાં શતપત્રિકે હ્રાં હ્રીં શ્રીં સ્વાહા ।

**(૯) પુત્ર પ્રાપ્તિ માટે -**

ૐ ક્લૌં સુલોચનાદિ દેવ પુત્રં દેહિ દેહિ નમઃ

**(૧૦) ગૃહસ્થ જીવનમાં સુખ માટે -**

ૐ શ્રીં ક્ષઃ સ્વાહા ।

(૧૧) ભાગ્યોદય માટે -

ૐ ઔં કમલિની હાં હાં હું ફટ્ સ્વાહા ।

(૧૨) રાજ્યપદ પ્રાપ્તિ માટે -

ૐ હૂં હાં કાલિ કરાલિની ક્ષૌં ફટ્ ।

આ પ્રમાણે સ્ફટિક માળા પર બાર પ્રયોગો છે. જે મહત્ત્વપૂર્ણ - શ્રેષ્ઠ આ પ્રભાવ યુક્ત છે.

સોમવારે પ્રાતઃકાળે સ્નાનાદિકથી શુદ્ધ થઈને સ્વચ્છ વસ્ત્રો ધારણ કરવા પવિત્ર આસન પર પૂર્વાભિમુખ બેસવું. દીવો-અગરબત્તી કરવાં. એક પાત્રમાં ઉક્ત માળા રાખી તેના પર પ્રથમ જળ પછી દૂધ રેડવું. ફરીથી પાણી રેડવું વસ્ત્રથી લૂંછી બીજા પાત્રમાં માળા રાખવી. માળા પર કેસર વગેરે લગાવી પછી તેનાથી જાપ કરવા. જે બાબતનો પ્રયોગ કરવો હોય તે પ્રયોગ સંબંધિત મંત્ર ૧૦,૦૦૦ જાપ કરવા. અર્થાત્ એક્સો માળા ગણવાથી જાપ પૂરા થાય. છે.

સાધક બીજાને માટે જાપ કરે તો પ્રયોગના પ્રારંભમાં હાથમાં જળ લઈ તેણે સંકલ્પ કરવો કે આ જાપ અમુક વ્યક્તિ માટે અમુક કાર્ય નિમિત્તે કરું છું તેનું ફળ તે વ્યક્તિને પ્રાપ્ત થાય.

આ પ્રયોગ પાંચ દિવસનો છે. પાંચ દિવસમાં ૧૦,૦૦૦ જાપ પૂરું કરવા. (રોજ ૨૦ માળા કરવી)

જાપ પૂરા થયે માળા ધારણ કરવી અને કાયમ પહેરી રાખવી. તેથી શીઘ્ર કાર્ય સફળતા મળે છે.

સ્ફટિક અસલી-મંત્ર સિદ્ધ અને પ્રાણપ્રતિષ્ઠાયુક્ત જ લેવી. મંત્રસિદ્ધ ના હોય તો અસલી માળાથી પ્રયોગ સિદ્ધ થતો નથી. આ માળા ધારણ કરવાથી જીવનમાં અનુકૂળતા પ્રાપ્ત થાય છે.

## કમલગટ્ટાની માળાનો પ્રયોગ

લક્ષ્મીનું નિવાસસ્થાન કમળ છે. કમલગટ્ટા એ કમળના જ બીજ છે. કાળા રંગના ગોળાકાર બી હોય છે. દોરામાં પોરવીને તેની માળા બનાવવા આવે છે. લક્ષ્મી સંબંધિત કોઈપણ પ્રકારના મંત્ર જાપઆ માળાથી ગણવાથી શીઘ્ર સફળતા મળે છે.

શાસ્ત્રોમાં આ માળા પર જે સાધના દર્શાવેલ છે તે અહીં રજૂ કરેલ છે.

પ્રથમ મંત્રસિદ્ધ પ્રાણપ્રતિષ્ઠા ચૈતન્ય કમલગટ્ટાની માળા મેળવવી. આ માળામાં ૧૦૦ - ૧૦૧ - ૧૦૨ - ૧૦૫ કે ૧૦૮ મણકા હોય છે. પૂરા ૧૦૮ મણકા ન હોય તો કશો વાંધો નથી.

કોઈપણ બુધવારે આ માળાને કોઈ એક સ્વચ્છ પાત્રમાં રાખી પ્રથમ જળથી પછી દૂધથી અને ફરીથી જળ વડે ધોઈને કપડાથી લૂંછી નાખવી. ત્યારાબાદ ગુલાબનું અત્તર માળા પર લગાવી નીચે લખેલ મંત્રના જાપ કરવા.

**મંત્ર**

**ૐ સ્વર્ણાવતિ મહાભગવતિ કામરૂપિણી મમ સમસ્ત કાર્ય સિદ્ધિ કરિકરિ અસીમિત દ્રવ્ય પ્રદાર્ય સ્થિર લક્ષ્મ્યૈ નમઃ ।**

જાપ વખતે સાધકે પોતાની સન્મુખ - સામે લક્ષ્મીની મૂર્તિ અથવા કાચમાં મઢેલ ફોટો રાખવો. દીવો-અગરબત્તી કરવાં. પછી જાપ શરૂ કરવા. કુલ ૧૦,૦૦૦ જાપ કરવાના છે.

ત્યારબાદ જાપ પૂરા થયે ઉક્ત માળા ગળામાં ધારણ કરવી. આ માળાનો તે પછી જાપ માટે પ્રયોગ ન કરવો. આ સાધના પછી ઘરમાં શ્રેષ્ઠ સંપદા અને અતુલનીય ધન પ્રાપ્ત થાય છે. જીવનમાં કોઈ જાતનો અભાવ રહેતો નથી.

## કામરૂપ મણિ પ્રયોગ

સંસારમાં અન્ય સર્વ ચીજો પ્રાપ્ત થઈ શકે છે. પરંતુ કામરૂપ મણિ મળવો અતિ દુર્લભ છે. પ્રકૃતિનો આ એક અનોખો ચમત્કાર છે કે, આ મણિ ગળામાં ધારણ કરવા માત્રથી જ સ્વતઃ કાર્ય સંપન્ન થવા લાગે છે. બાધાઓ દૂર થાય છે. તથા સહજ ઉન્નતિ - પ્રમોશન - સન્માન - યશ તથા ઐશ્વર્ય પ્રાપ્ત થવા લાગે છે.

આ પ્રકારના મણિ ઉપર લક્ષ્મી સંબંધિત અનેક પ્રયોગો કરી શકાય છે. અહીં એક અત્યંત શ્રેષ્ઠ ગોપનીય પ્રયોગ જે મહત્ત્વપૂર્ણ અને શીઘ્ર પ્રભાવપૂર્ણ છે.

આ મણિ મંત્ર સિદ્ધ પ્રાણપ્રતિષ્ઠાયુક્ત હોવો જોઈએ. મણિને વીંટીમાં જડાવીને / દોરો કે ચેનમાં પરોવીને ધારણ કરી શકાય છે.

કોઈપણ બુધવારે આ મણિને પ્રાતઃકાળે સૂર્યોદય સમયે એક પાત્રમાં મૂકી પાણીથી ધોઈને પછી લૂંછી નાખવું. ત્યારબાદ સુખડનું અત્તર મણિ પર લગાડવું અને નીચે લખેલ મંત્રના ૨૧ હજાર જાપ કરવા. જાપ જેટલા દિવસમાં પૂરા થઈ શકે તેટલા દિવસમાં પૂરા કરવા. દિવસની સંખ્યા નિર્ધારિત નથી. જાપની સંખ્યા નિર્ધારિત છે.

**મંત્ર**

**"ૐ આગચ્છ કામેશ્વરિ સ્વાહા ।"**

જાપ પૂર્ણ થયે ઉક્ત મણિને અંગૂઠીમાં જડાવીને પહેરી શકાય છે. દોરો કે ચેઈન પરોવીને ગળામાં પણ ધારણ કરી શકાય છે. આમ કરવાથી સાધકને કોઈ પ્રકારની આર્થિક તંગી રહેતી નથી. જીવનમાં સંપૂર્ણ ભોગો ભોગવવાની સાથે સાધકને યશ-માન-પ્રતિષ્ઠા પણ મળે છે.

## કામરૂપ મણિ સંબંધિત બીજો પ્રયોગ

**મંત્ર**

**ૐ ક્લીં દૌર્બલ્યનાશિની સુરસુંદરી સ્વાહા ।**

જાપ વખતે પરવાળાની માળા લેવી. જાપ પૂરા થયે ઉક્ત મણિને દોરો કે ચેઈનમાં પરોવીને ગળામાં ધારણ કરવો. તેથી તકલીફો દૂર થાય છે. જીવનમાં નવીન ઉત્સાહ-ઉમંગ અને જોશ પ્રાપ્ત થાય છે.

વસ્તુતઃ આ પ્રયોગ અત્યંત મહત્ત્વપૂર્ણ છે તથા જાતીય નબળાઈ વગેરે સમસ્યાઓનું અચૂક નિવારણ થાય છે. કુલ ૫૧૦૦૦ જાપ કરવાં.

## બિલ્લીની નાળનો પ્રયોગ

બિલાડી જ્યારે બચ્ચાને જન્મ આપે છે ત્યારે નાળ પડે છે. આ નાળ લક્ષ્મી સંબંધિત અનુષ્ઠાનમાં અને અન્ય પ્રયોગોમાં મહત્ત્વપૂર્ણ તથા બેજોડ હોય છે. અહીં અગત્યના બે પ્રયોગો રજૂ કરેલ છે.

પ્રથમ પ્રયોગ લક્ષ્મીથી સંબંધિત છે. બીજો પ્રયોગ વશીકરણ સાથે

સંબંધિત છે.

મંત્રોથી ચૈતન્ય કરેલ બિલ્લીની નાળ લેવી. તેવી નાળ વિશેષ પ્રભાવયુક્ત હોય છે.

કોઈપણ શનિવારે એક પાત્રમાં રાખી તેની સામે દીવો-અગરબત્તી કરવા અને નીચે જણાવેલ મંત્રના જાપ કરવા આ પ્રયોગમાં આસન કે માળા બાબત કોઈ વિશેષ વિધાન નથી. ગમે તે દિશામાં બેસીને જાપ થઈ શકે છે. હાથ-પગ ધોઈને જાપ કરી શકાય છે.

કુલ એક લાખ જાપ કરવાનું વિધાન છે. રોજ અનુકૂળતા મુજબ જાપ કરવા.

**નાળનો મંત્ર**

**ૐ નમો આગચ્છ સુરસુંદરી સ્વાહા ।**

એક લાખ મંત્ર પૂરા થયે બિલાડીની નાળને તીજોરીમાં રાખવી. તેથી આર્થિક તંગી હંમેશ માટે દૂર થાય છે તથા ભૌતિક દૃષ્ટિએ કોઈ પ્રકારનો અભાવ રહેતો નથી.

**વશીકરણ પ્રયોગ**

આ પ્રયોગ શનિવારના દિવસે જ પ્રારંભ કરવો. નાળને કોઈ પાત્રમાં રાખી તેની સામે તેલનો દીવો કરવો અને નીચે લખેલ મંત્રના એક લાખ જાપ કરવા.

**મંત્ર**

**ૐ ક્લીં હ્રીં આગચ્છ મનોહરે સ્વાહા ।**

એક લાખ જાપ પૂરા થયે ચાંદીના તાવીજમાં નાળને પરોવી અને ભુજા પર તે માદળિયું બાંધવું.

સાધક પર કોઈ તાંત્રિક પ્રભાવ અસર કરતો નથી. તે કામદેવ સમાન આકર્ષક બને છે.

આ પ્રયોગ અત્યંત મહત્ત્વપૂર્ણ છે અને સાવધાનીપૂર્વક તે કરવો જોઈએ.

# શૂકરદંત પ્રયોગ

શૂકર એ જંગલનું ભયાનક પ્રાણી છે. જેના દાંત કઠિણાઈથી પ્રાપ્ત થાય છે. આર્થિક-વ્યાપારિક ઉન્નતિમાં આને પ્રયોગ થાય છે.

શૂકરદંતને કોઈપણ રવિવારે એક પાત્રમાં રાખી તેના પર કંકુ લગાવી તેની સામે તેલનો દીવો કરવો અને નીચે જણાવેલ મંત્રના જાપ કરવા. કુલ એ રીતે લાખ જાપ કરવા.

**મંત્ર**

**ૐ ક્લીં શૂકરદંતાય ભૈરવાય નમઃ ।**

દાંત સિદ્ધ થયે ચાંદીમાં મઢાવીને તેને ગળામાં ધારણ કરવો અથવા ઘરેણા સાથે રાખવો. તેમ ન કરવું હોય તો ઘરમાં કોઈપણ સ્થાને લટકાવવું. આમ કરવાથી અનેક લાભ થાય છે. જે નીચે દર્શાવેલ છે.

(૧) બાળકના ગળે બાંધવાથી તેને નજર લાગતી નથી તથા કોઈપણ પ્રકારનો તાંત્રિક પ્રભાવ અસર કરતો નથી.

(૨) દુકાનની ચોખટ પર બાંધવાથી દુકાન પર કોઈ તાંત્રિક પ્રયોગ ચાલતાં નથી. વ્યાપારની વૃદ્ધિ થાય છે. ગ્રાહકો વધે છે. વ્યાપારમાં ખોટ જતી હોય તો આ પ્રયોગ કરવાથી પ્રતિદિન લાભ થવા લાગે છે.

(૩) ઘરમાં બાંધવાથી ઘર ઉપર કોઈ તાંત્રિક પ્રક્રિયા અસર કરતી નથી. ભૂત બાધા પણ દૂર થાય છે.

(૪) ભૂત-પ્રેત-બાધાવાળી વ્યક્તિના ગળામાં આ દાંત બાંધવાથી તેવી વ્યક્તિ ભૂત-પ્રેતથી મુક્ત થાય છે.

(૫) શત્રુભય હોય તો આ દાંત ગળામાં ધારણ કરવાથી ઉક્ત પ્રકારનો ભય નષ્ટ થાય છે.

(૬) આ દાંત ધારણ કરવાથી કોર્ટ કેસમાં સફળતા મળે છે.

(૭) આ દાંત ધારણ કર્યા પછી શત્રુ પરાસ્ત થાય તેવી ધારણા થોડા દિવસ સુધી કરવાથી શત્રુ અવશ્ય પરાજિત થાય છે.

આ પ્રકારનો દાંત અત્યંત મહત્ત્વપૂર્ણ મનાય છે અને આ પ્રકારનાં

પ્રયોગો અનેક રીતે અનુકૂળ ફળ આપનાર મનાય છે.

## પરવાળાની માળાનો પ્રયોગ

આગળના પ્રકરણમાં પ્રવાલરત્ન ઉપર લક્ષ્મી પ્રયોગ દર્શાવેલો છે. તે રીતે અહીં પરવાળાની માળા ઉપર પ્રયોગ રજૂ કરેલ છે.

આ પ્રયોગમાં પ્રથમ મંત્રસિદ્ધ પ્રાણપ્રતિષ્ઠાયુક્ત માળા જોઈએ. પછી કોઈપણ મંગળવારે પ્રાતઃ સૂર્યોદય સમયે કોઈ પાત્રમાં પરવાળાની માળા રાખી તેને પાણીથી ધોઈ સ્વચ્છ વસ્ત્રથી લૂછીને કેશર લગાવવું અને ઘીનો દીવો કરવો. ત્યારબાદ નીચે જણાવેલ મંત્રના જાપ કરવા.

**મંત્ર**

**ૐ કર્ક શાલ્મિલે સુવર્ણરખે સ્વાહા ।**

આ મંત્રના ૧૦ હજાર જાપ કરવા. (૧૦૦ માળા ગણવાથી જાપ પૂરા થાય છે) રોજ અનુકૂળતા પ્રમાણે જાપ કરવા. રોજ ૧૦૦૦ જાપ થાય તો દશ દિવસમાં અને રોજ ૨૦૦૦ જાપ થઈ શકે તો પાંચ દિવસમાં જાપ પૂરા થાય છે. જાપ પૂરા થયે માળા ગળામાં ધારણ કરવી. તેમ કરવાથી આર્થિક દૃષ્ટિએ વિશેષ અનુકૂળતા પ્રાપ્ત થાય છે. સ્થાયી સંપત્તિ પ્રાપ્ત કરવા માટે આ શ્રેષ્ઠ પ્રયોગ છે. ધીરેલ રૂપિયા ફસાઈ ગયા હોય તો અથવા કોઈ પાર્ટીને મોટી રકમ આપી હોય તો અને તે પરત કરવાની સાફ ના પાડતી હોય તો આ પ્રયોગ કરવાથી ફસાયેલી રકમ સાવકને પરત મળે છે.

આ માળા જીવનભર સહાયક નીવડે છે. અચલ સંપત્તિ પ્રાપ્ત થાય છે. ઘરમાં દાટેલું ધન હોય તો તે સ્વપ્નમાં દેખાય છે. મકાન બનાવવાની ઈચ્છા હોય કે પ્રોપર્ટી ખરીદવા યા વેચવાની ભાવના હોય તો તે પૂરી થાય છે.

આ માળા કાયમ માટે ગળામાં ધારણ કરી શકાય છે અથવા પૂજાના સ્થાનમાં રાખી શકાય છે અને સપ્તાહમાં ફક્ત એક વખત ધારણ કરે તો પણ કશો વાંધો નથી.

આ પ્રયોગથી આકસ્મિક ધનપ્રાપ્તિ - લોટરી કાર્યો શીઘ્ર સંપન્ન થાય છે.

આકસ્મિક ધનલાભની ઈચ્છા હોય તો આ પ્રયોગ અવશ્ય કરવા જેવો

છે. તેથી નિશ્ચિત રીતે આર્થિક સફળતા મળે છે. સાધક જાતે અથવા કોઈ પંડિત દ્વારા પણ આ પ્રયોગ કરી શકે છે.

## સ્વર્ણાકર્ષણ ગુટિકા પ્રયોગ

આ એક આશ્ચર્યજનક દુર્લભ અને અપ્રાપ્ય ગુટિકા છે. જે દરેક વ્યક્તિના ઘરમાં રાખવા યોગ્ય છે. આની પર લક્ષ્મીપ્રયોગ ન કરી શકાય તો પણ તે (વગર સાધનાએ પણ) કોર્ટકેસમાં વિજય-આર્થિક ઉન્નતિ - વ્યાપાર - વૃદ્ધિ - ઈત્યાદિ કાર્યોમાં સહાયક નીવડે છે.

આ ગુટિકા મંત્ર સિદ્ધ પ્રાણપ્રતિષ્ઠાયુક્ત જોઈએ.

આ ગુટિકા ઉપર લક્ષ્મી સંબંધિત અનેક પ્રયોગો થઈ શકે છે. નીચે મહત્ત્વના પ્રયોગો આપેલ છે.

(૧) કોઈપણ બુધવારે પ્રાતઃ સૂર્યોદય સમયે આ ગુટિકાને કોઈ એક પાત્રમાં રાખી સાધકે તેની સામે બેસવું. સાધકે પીળાં વસ્ત્ર ધારણ કરવાં. ગુટિકાની સામે ઘીનો દીવો કરવો તથા થોડું કેસર દીવાવાળા પાત્રમાં નાખવું. જે ઘીમાં મળી જશે. પછી ગુટિકાને પાણીથી ધોઈને લૂછી નાખવી અને થોડું કેસર લગાવવું. સાધકે ત્યારબાદ મનમાં સંકલ્પ કરવો કે "આ ગુટિકા પર લક્ષ્મી સંબંધિત પ્રયોગ કરું છું જેનાથી ઘરમાં અક્ષય ભંડાર તેને પ્રાપ્ત થાય." "દિન-પ્રતિદિન આર્થિક ઉન્નતિ થાય અને અર્થાભાવ ન રહે." આ પ્રમાણે દૃઢ સંકલ્પ કરવો. ત્યારબાદ માળાથી મંત્ર જાપ શરૂ કરવા. કુલ એક લાખ જાપ કરવા. રોજ બની શકે તેટલા જાપ કરી શકાય છે.

દિવસે કે રાત્રે જાપ કરી શકાય છે અથવા દિવસ અને રાત્રે એમ બન્ને સમય દરમિયાન પણ જાપ થઈ શકે છે. એક હજાર માળા ફેરવવાથી જાપ પૂરા થાય છે અને મંત્ર સિદ્ધ થાય છે.

**મંત્ર**

**ૐ હ્રીં સ્વર્ણાકર્ષણ દેવ્યૈ હ્રીં નમઃ ।**

જાપ પૂર્ણ થયે ગુટિકાની પૂજા સ્થાનમાં / તિજોરીમાં રાખવી. આ પ્રયોગથી સાધકની નિરંતર ઉન્નતિ થાય છે તથા આર્થિક દૃષ્ટિએ વિશેષ સંપન્નતા અને શ્રેષ્ઠતા મળે છે. આ પ્રયોગ અત્યંત શ્રેષ્ઠ છે.

(૨) આ બીજા પ્રકારના પ્રયોગમાં સાધકે શ્વેત (સફેદ) વસ્ત્ર ધારણ કરવા અને સફેદ રંગના આસન પર ઉત્તરાભિમુખ બેસવું. સોમવારે પ્રાતઃકાળે સૂર્યોદયથી દશ વાગ્યાની અંદર આ પ્રયોગનો પ્રારંભ કરવો. પછી કોઈ એક પાત્રમાં ગુટિકા રાખી તેને પાણીથી સ્નાન કરાવવું. ત્યારબાદ કપડાથી લૂછી નાખવી. ગુટિકા ઉપર કેસર લગાવી ફૂલ ચડાવવાં અને આકસ્મિક ધન પ્રાપ્તિ માટે ગુટિકા સમક્ષ નિવેદન કરવું. (મનોમન બોલવું કે "મને લૉટરી / સટ્ટા દ્વારા આકસ્મિક ધનની પ્રાપ્તિ થાય") ત્યારપછી જાપ શરૂ કરવા. નીચે દર્શાવેલ મંત્રના એક લાખ જાપ કરવાં.

**મંત્ર**

**ૐ ઐં સ્વપ્નેશ્વરી સ્વર્ણાકર્ષણ દેવયૈ આકસ્મિક નિધિ પ્રાપ્ત્યર્થ ત્વં પ્રસન્નાર્થં હ્રીં ઐં ૐ નમઃ ॥**

જાપ પૂરા થયે સાધકને સ્વપ્નમાં નિર્દેશ મળે છે કે અમુક નંબરની લોટરીની ટિકિટ ખરીદવી અથવા રેસમાં અમુક નંબરના ઘોડા પર દાવ લગાડવો. જમીનમાં દટાયેલ ધન બાબત પણ સૂચના મળે છે. દર બીજા કે ત્રીજા દિવસે આ રીતે સ્વપ્ના આવે છે. એક મહાત્માએ આ પ્રયોગ દર્શાવ્યો હતો. તેમનો દાવો છે કે આપ પ્રયોગથી ઉપર મુજબ ૧૦૦% સફળતા પ્રાપ્ત થાય છે.

(૩) આ પ્રયોગમાં શુક્રવારે સવારે સ્નાનાદિકથી પરવારીને સૂર્યોદયથીદશ વાગ્યાની અંદર જાપ શરૂ કરવા. ગુટિકાને જળથી સ્નાન કરાવીને કોઈ પાત્રમાં રાખવી. તેના પર ફૂલ ચડાવવાં. આ પ્રયોગ વશીકરણ સંબંધિત છે. સાધકે જાપના પ્રારંભમાં સંકલ્પ કરવા.

**મંત્ર**

**ૐ હ્રીં સ્વર્ણાકર્ષણ દેવ્યૈ મન મનોવાંછિત કામના સિદ્ધયર્થ હ્રીં ૐ નમઃ ॥**

કુલ એક લાખ જાપ કરવા. પ્રયોગ વખતે કોઈપણ પ્રકારના વસ્ત્ર ધારણ કરી શકાય છે. પીળાં કે સફેદ વસ્ત્ર જ જોઈએ તેવો આ પ્રયોગમાં કોઈ નિયમ નથી. જાપ પૂરા થાય તે તાવીજ બાંધવું. તેથી અલ્પ સમયમાં મનોવાંછિત કામના પૂર્ણ થાય છે.

## અષ્ટ લક્ષ્મીયંત્ર પ્રયોગ

આ યંત્ર અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ યંત્ર માદળિયાના આકારનું હોય છે. ચાંદીનું યંત્ર બનાવવામાં આવે છે. વિશેષ યંત્રોથી સંપુટ આપીને આ યંત્ર તૈયાર કરવામાં આવે છે. તે અત્યંત અનુકૂળ અને શ્રેષ્ઠ તથા ભાગ્યોદયકારક હોય છે.

જેના જીવનમાં ભાગ્યબાધા રહેતી હોય - આર્થિક ઉન્નતિ ન થતી હોય તેવી વ્યક્તિએ આ યંત્ર અવશ્ય ધારણ કરવું.

લક્ષ્મી સંબંધિત એક પ્રયોગ નીચે મુજબ છે.

કોઈપણ બુધવારે સૂર્યોદયથી દશ વાગ્યાની અંદર સ્નાનાદિકથી પરવારીને યંત્રને કોઈ પાત્રમાં સાધકે રાખવો. યંત્ર સામે સાધકે બેસવું. તેને પ્રથમ જળથી પછી દૂધથી સ્નાન કરાવવું. ફરીથી જળથી સ્નાન કરાવી સ્વચ્છ વસ્ત્રથી લૂછી નાખવું. યંત્ર પર કેસર-કંકુ લગાવવાં. ચોખા ચડાવવા. ફૂલ ચડાવવાં. પછી નીચેના મંત્રના દશ હજાર જપ કરવા.

**મંત્ર**

**ૐ હ્રીં અષ્ટ લક્ષ્મ્યૈ દારિદ્રય વિનાશિની**
**સર્વ સુખ સમૃદ્ધિ દેહિ દેહિ હ્રીં ૐ નમઃ ॥**

આ મંત્ર વિશેષ રૂપથી દરિદ્રતા નાશક છે. આર્થિક કમજોરી - પ્રયત્નો કરવા છતાં આર્થિક ઉન્નતિ ન થવી - વ્યાપારમાં અડચણો - ઈત્યાદિ તકલીફો ૧૦૦% આ પ્રયોગથી દૂર થાય છે.

જે વ્યક્તિ આ પ્રયોગ કરે છે તેની ગમે તેવી ભયંકર આર્થિક તકલીફો અવશ્ય દૂર થઈ જાય છે. આ યંત્ર શ્રેષ્ઠ ભાગ્યોદયકારક છે. તેનો પ્રયોગ અવશ્ય કરવો જોઈએ .

## કુબેર પ્રયોગ

સંસારમાં લક્ષ્મી સંબંધિત જેટલા મંત્રો છે, જેટલી સાધનાઓ છે તે બધામાં કુબેર અનુષ્ઠાનનું વિશેષ મહત્ત્વ છે.

આ પ્રયોગ માટે ધાતુનિર્મિત મંત્રસિદ્ધ - પ્રાણ પ્રતિષ્ઠાયુક્ત કુબેરયંત્રની

આવશ્યક્તા રહે છે. આવો યંત્ર કોઈ પંડિત પાસે તૈયાર કરાવી શકાય છે. અનુકૂળતા હોય ત્યારે આ યંત્ર ઘરમાં સ્થાપિત કરાવી લેવું જોઈએ.

કોઈપણ સોમવાર અગર બુધવારે સવારે સૂર્યોદયથી દશ વાગ્યાની અંદર સ્નાનાદિકથી પરવારીને સ્વચ્છ વસ્ત્રો ધારણ કરી આ યંત્રને પૂજાસ્થાનમાં મૂકવો. પ્રારંભમાં ફક્ત એક વખત યંત્રને જળથી સ્નાન કરાવવું. તે પછી સ્નાન કરાવવાની જરૂર નથી. રોજ સુખડ-કેસર લગાવવાં. ચોખા અને ફૂલ ચડાવવાં. યંત્ર સામે રોજ દીવો-અગરબત્તી કરવાં.

પછી નીચેના મંત્રના જાપ શરૂ કરવા, કુલ ૨૧,૦૦૦ જાપ કરવા. રોજ શક્ય હોય તેટલા જાપ કરવા. જાપ પૂરા થયે ઉક્ત યંત્રને પૂજાસ્થાનમાં મૂકવો અથવા દુકાનમાં કે તિજોરીમાં રાખવો.

સાધનામાં ઘણી શક્તિ છે. જો યોગ્ય રીતે સાધના સંપન્ન કરવામાં આવે તો ૧૦૦% અનુકૂળ ફળ તે આપે છે.

**મંત્ર**

**ૐ શ્રીં ૐ હ્રીં શ્રીં ક્લીં શ્રીં ક્લીં વિઘ્નેશ્વરાય નમઃ ॥**

આ મંત્ર અત્યંત મહત્ત્વપૂર્ણ છે. પ્રગતિ / ઉન્નતિના ઈચ્છુક સાધકે આ મંત્ર-યંત્ર પ્રયોગ અવશ્ય કરવો જોઈએ. આ પ્રયોગ શીઘ્રપણે આર્થિક ઉન્નતિ આપે છે. ઉક્ત પ્રયોગ જીવનમાં એક વખત જરૂર કરવો.

## શ્રી યંત્ર પ્રયોગ

તાંત્રિક-માંત્રિક ગ્રંથોમાં શ્રી યંત્ર પર જેટલું સાહિત્ય લખાયું છે તેટલું સાહિત્ય ભાગ્યે જ કોઈ અન્ય વિષય પર લખાયું હશે. ભારતના જ નહીં પરંતુ વિશ્વના શ્રેષ્ઠ વિદ્વાનોએ શ્રીયંત્રની પ્રસંશા કરી છે.

તેમણે તેમના અનુભવની વાત જણાવતા કહ્યું છે કે, આ યંત્ર પર કોઈ સાધના કરવામાં ન આવે તો પણ તે સંબંધિત વ્યક્તિને (જેની પાસે જેના ઘરમાં શ્રીયંત્ર છે તે વ્યક્તિ) આર્થિક અનુકૂળતા અચૂક આપે છે.

કોઈપણ બુધવારે પ્રાતઃ સૂર્યોદય સમયે ઘરમાં પૂજાસ્થાનમાં કોઈ પાત્રમાં આ યંત્ર (મંત્રસિદ્ધ અને પ્રાણપ્રતિષ્ઠાયુક્ત) મૂકવો. તેના પર કેસર લગાવી ફૂલ અને ચોખા યંત્ર પર ચડાવવાં. દીવો-અગરબત્તી કરવાં. પૂર્વ કે ઉત્તર

તરફ મુખ રાખીને બેસવું.

ત્યારપછી નીચે દર્શાવેલ મંત્રના જાપ કરવા. કમલગટ્ટાની માળાથી જાપ કરવા. કુલ એક લાખ જાપ કરવા.

**મંત્ર**

**ૐ શ્રીં હ્રીં શ્રીં કમલે કમલાલયે પ્રસીદ પ્રસીદ**
**શ્રીં હ્રીં શ્રીં ૐ મહાલક્ષ્મ્યૈ નમઃ ॥**

રોજ બની શકે તેટલા જાપ કરવા. જાપ પૂરા થયે આ યંત્રને ઘરમાં પૂજાસ્થાનમાં / દુકાન કે કાર્યાલયમાં રાખવો. આમ કરવાથી જીવનમાં નિરંતર આર્થિક ઉન્નતિ થાય છે તથા ભૌતિક દૃષ્ટિએ કોઈ જાતની ઊણપ રહેતી નથી.

આ યંત્ર નવા મકાનના પાયામાં રાખવાથી તેમાં રહેનારાઓને કદાપિ આર્થિક સંકટ ભોગવવું પડતું નથી તેમ જ કોઈ પ્રકારની તકલીફો - મુસીબતો ભોગવતી પડતી નથી.

(૨) આ બીજા પ્રકારમાં ફક્ત મંત્રનો ફેર છે. વિધિ આગળ મુજબ છે. દરિદ્રતાના નાશ માટે અને વ્યાપારવૃદ્ધિ માટે આ મંત્રનો પ્રયોગ થાય છે. વેપારી ભાઈઓ માટે આ પ્રયોગ અત્યંત ઉપયોગી છે.

**મંત્ર**

**ૐ યક્ષાય કુબેરાય વૈશ્રવણાય ધનધાન્યાદિ પતયે**
**ધનધાન્ય સમૃદ્ધિ મે દેહિ દાપય સ્વાહા ॥**

આ મંત્ર શ્રેષ્ઠ પ્રભાવોત્પાદક છે. જે વ્યક્તિ આશ્ચર્યજનક વ્યાપારવૃદ્ધિ અને આર્થિક ઉન્નતિ કરવાની ઈચ્છા રાખે છે, તેણે આ પ્રયોગ અવશ્ય કરવો.

## કનકધારા પ્રયોગ

શાસ્ત્રમાં એવું વિધાન છે કે જેના ઘરમાં ઉક્તયંત્ર ન હોય તેના ઘરમાં લક્ષ્મીનો નિવાસ કેવી રીતે શક્ય બને ?

કહેવાનું તાત્પર્ય એ છે કે કનકધારા યંત્ર અને આર્થિક ઉન્નતિને પરસ્પર

અતૂટ સંબંધ છે.

કોઈ સાધક પોતાના ઘરમાં મંત્ર સિદ્ધ પ્રાણપ્રતિષ્ઠા યુક્ત ઉક્ત યંત્ર રાખે અને રોજ યંત્ર સંબંધિત મંત્રની ૧ માળા કરે તો પણ તેને પ્રતિદિન આર્થિક લાભ થતો રહે છે.

સાધનાર્તે નીચે જણાવેલ મંત્રના એક લાખ જાપ કરવા.

મંત્ર

**ૐ વં શ્રીં વં ઐં હ્રીં શ્રીં ક્લીં કનકધારાયૈ સ્વાહા ।**

જાપ પૂરા થયે ઉક્ત યંત્ર ઘરમાં પૂજાસ્થાનમાં રાખવો અથવા કાર્યાલયમાં પણ રાખી શકાય છે. પ્રયોગ પૂર્ણ થયે સાધકને આર્થિક ઉન્નતિનો અનુભવ થતો જાય છે.

## લક્ષ્મી ચેટક પ્રયોગ

આગળ લક્ષ્મી પ્રાપ્તિથી સંબંધિત મંત્ર પ્રયોગો રજૂ કરેલ છે. અહીં કેટલાક ચેટક અને તંત્ર પ્રયોગો દર્શાવીશું. જે અનુભવસિદ્ધ છે.

### લક્ષ્મી ચેટક

આ પ્રયોગમાં કુલ એક લાખ જાપ કરવાના હોય છે. મંત્ર નીચે મુજબ છે.

મંત્ર

**ૐ શ્રીં કાકકમલવર્ધને સર્વકાર્ય સર્વાર્થદેહિ દેહિ સર્વકાર્ય કુરૂ કુરૂ પરિચર્ય્ય સર્વસિદ્ધિ પાદુકાયાં હં ક્ષં શ્રીં દ્વાદશન્નદાયિને સર્વસિદ્ધિ પ્રદાય સ્વાહા।।**

જાપ પૂરા થયે ઘઉં અને ચણાના ૫-૫ હજાર દાણા લઈને ઉક્ત મંત્રના ઉચ્ચારણ સાથે ૧૦ હજાર આહુતિ અગ્નિમાં આપવી. આમ કરવાથી લક્ષ્મી પ્રસન્ન થાય છે. સાધકના જીવનમાંથી સઘળાં દુઃખો અને દરિદ્રતા દૂર થાય છે.

## નાના સિદ્ધિ ચેટક

આ પ્રયોગ ગોપનીય અને મહત્ત્વપૂર્ણ છે. લક્ષ્મીદેવી સાધકને ઈચ્છાનુસાર વરદાન માગવાનું કહે છે. આ પ્રયોગ સિદ્ધ થયે જીવનમાં સઘળી ઈચ્છાઓ પરિપૂર્ણ થાય છે.

મંત્ર

**ૐ નમો ભૂતનાથાય નમઃ મમ સર્વ સિદ્ધિં દેહિ દેહિ શ્રીં ક્લીં સ્વાહા ॥**

જાપ પૂરા થયે લક્ષ્મીદેવી સાધક સામે પ્રગટ થાય છે અને વરદાન માગવાનું કહે છે. સાધકે ઈચ્છાનુસાર વરદાન માગી લેવું.

## જ્વાલામાલિની ચેટક પ્રયોગ

જે વ્યક્તિ આ પ્રયોગ સંપન્ન કરે છે તેને જ્વાલામાલિની દેવી પ્રતિદિન સુવર્ણ આપે છે.

આ પ્રયોગ કોઈપણ બુધવારના દિવસે શરૂ કરી શકાય છે. ૨૩ દિવસનો આ પ્રયોગ છે અને તે ફક્ત રાત્રે જ કરવો જોઈએ. એક રાતમાં આઠ હજાર જાપ કરવાનું વિધાન છે. જાપ દરમિયાન તેલનો દીવો ચાલુ રાખવો. પરવાળાની માળા / હાડકાની માળાથી જાપ કરવા.

મંત્ર

**ૐ નમો ભગવતિ જ્વાલામાલિની ગૃધ્ર ગણ પરિવૃત્તે સ્વાહા ॥**

જે આ પ્રકારે સાધના પૂર્ણ કરે છે તેને જીવનમાં સર્વ પ્રકારનાં ભૌતિક સુખો પ્રાપ્ત થાય છે. શત્રુઓ સાધકનો સામનો કરી શક્તા નથી.

૨૩ રાત્રિ સુધી રોજના આઠ હજાર પ્રમાણે જાપ કરનાર સાધકને જ્વાલામાલિની દેવી પ્રતિદિન સુવર્ણ આપે છે. તેમાં જરા પણ સંશય નથી.

## ઉચ્છિષ્ટ ચાંડાલિની પ્રયોગ

પ્રયોગથી જે વ્યક્તિ આ પ્રયોગ સિદ્ધ કરે છે, તેને આર્થિક દષ્ટિએ કોઈ પ્રકારની કમી રહેતી નથી. મંત્ર સિદ્ધ થાય પછી સાધક જ્યારે ભોજન કરવાની ઈચ્છા કરે છે. ત્યારે ઈચ્છિત ખાદ્ય પદાર્થ શીઘ્ર તેની સામે રજૂ

થાય છે. તે રીતે ધનાદિની ઈચ્છા વ્યક્ત કરે છે. ત્યારે વસ્તુઓ પણ આકસ્મિક રૂપે તેને પ્રાપ્ત થાય છે.

આ પ્રયોગમાં ભોજન કર્યા પછી નીચે જણાવેલા મંત્રના પાંચ હજાર જાપ કરવા. કુલ એક લાખ જાપ કરવાના છે. જાપ પૂરા થયે મંત્ર સિદ્ધ થયા છે. ત્યારબાદ સાધક ફક્ત પાંચ વખત મંત્રોચ્ચાર કરી જે વસ્તુની ઈચ્છા કરે છે તે વસ્તુ તેને અચૂક મળે છે.

**મંત્ર**

**ૐ નમઃ ઉચ્છિષ્ટ ચાંડાલિની વાગ્વાદિનિ**
**રાજમોહિનિ પ્રજામોહિનિ સ્ત્રીમોહિનિ**
**આર્ન આત યે વૈ વાયુ વાયુ ઉચ્છિષ્ટ ચાંડાલિની**
**સત્યાવાદિની કી શક્તિ ફુરે સ્વાહા ॥**

જેને આ પ્રકારની સાધનામાં રસ હોય તેમણે આ પ્રયોગ અવશ્ય કરવો.

## કામદેવ લક્ષ્મીબંધ પ્રયોગ

આગળના પ્રકરણમાં લક્ષ્મી સંબંધિત અનેક પ્રયોગો આપેલ છે. તેમજ બે ચેટક પ્રયોગો પણ રજૂ કર્યા છે. આ સિવાય બંધ પ્રયોગ કે જે વિશેષ મહત્ત્વપૂર્ણ છે તે અહીં દર્શાવેલ છે.

આ ઉડ્ડયનિ બંધ પ્રયોગ છે. જે વ્યક્તિ આ પ્રયોગ સિદ્ધ કરે છે તેને જરૂરતથી વધારે ધન પ્રાપ્ત થાય છે.

બે હાથે ધન ખર્ચ કરવા છતાં ખૂટતું નથી. જે સાધક અતુલનીય દ્રવ્ય વ્યાપાર ચાહે છે તેણે આ પ્રયોગ અવશ્ય કરવા જેવો છે.

સ્મશાનમાં બેસીને આ પ્રયોગ કરવો પડે છે. કોઈપણ મંગળવારે આ પ્રયોગ શરૂ કરવો. રોજ ૨૧૦૦ જાપ કરવા. ૨૧ દિવસનો પ્રયોગ છે અને રોજ સ્મશાનમાં જવું પડે છે. જાપ પૂરા થયે મંત્ર સિદ્ધ થાય છે.

**મંત્ર**

**ૐ નમઃ કામદેવાય મહાપ્રભવાય હ્રીં કામેશ્વર સ્વાહા ॥**

પરવાળાની માળા લેવી. પ્રયોગ દરમિયાન જવની રોટલી તથા શાક ખાવું. સાધના પૂરી થયે દાનકરવું આમ કરાવાથી આ પ્રયોગ પૂર્ણ થાય છે. આ પ્રયોગ અત્યંત મહત્ત્વપૂર્ણ અને અનુભૂત છે.

## દક્ષિણાવર્તી શંખ કલ્પ

અંતમાં લક્ષ્મી સંબંધિત ઉક્ત કલ્પ અહીં વાચકોના લાભાર્થે રજૂ કરેલ છે.

વામાવર્ત શંખ અસંખ્ય મળી આવે છે. દક્ષિણાવર્તી શંખ દુર્લભ છે. તેને પ્રકૃતિનો ચમત્કાર ગણાવવામાં આવે છે. આ શંખના નર-માદા એમ બે પ્રકારો છે. ત્રીજો પ્રકાર પણ છે. તે નપુંસક શંખ છે. લક્ષ્મીસાધનામાં આ શંખ વર્જ્ય છે.

જેના ઘરમાં દક્ષિણાવર્તી શંખ હોય છે તેને કોઈ ચીજનો અભાવ રહેતો નથી.

આ શંખને દિવાળીની રાત્રે પ્રયોગ માટે ઉપયોગમાં લેવો. સ્નાનાદિકથી પરવારીને સ્વચ્છ વસ્ત્રો ધારણ કરી પશ્ચિમ દિશા તરફ મોં રાખીને બેસવું. પછી ચાંદી કે કાંસાની થાળીમાં કંકુથી અષ્ટદલ કમળ બનાવી તેના પર શંખ મૂકવો. પછી જળથી શંખને સ્નાન કરાવવું. ત્યારબાદ પંચામૃતથી સ્નાન કરાવવું અને સફેદ વસ્ત્રથી શંખને કોરો પાડવો. શક્ય હોય તો આ શંખને સોનામાં મઢાવવો. ઉપર મુજબ વિધિ કર્યા પછી શંખની ચોખા-ફૂલ આદિથી પૂજા કરવી. તેની સામે દીવો-અગરબત્તી કરવાં. શંખનું મુખ સાધક સામે રહેવું જોઈએ. ત્યારબાદ શંખને ગુલાબ-અત્તર લગાવી તેની પાસે નૈવેદ્ય ધરવું અને નીચે જણાવેલ મંત્રની ૧૧ માળા કરવી. કમલગટ્ટાની માળા લેવી.

### મંત્ર

**ૐ હ્રીં શ્રીં ક્લીં બ્લું દક્ષિણમુખાય શંખ નિધેયે સમુદ્ર પ્રભવાય શંખાય નમઃ।।**

પછી બીજા દિવસે પ્રાતઃકાળે વહેલા ઊઠીને ઉક્ત શંખને પૂજા સ્થાનમાં રાખવો. ભાગ્યશાળીને ત્યાં જ આવો શંખ જોવા મળે છે.

ઉક્ત પ્રયોગ દિવાળીને રાત્રે / કોઈપણ બુધવારે કરવો.

આ પ્રયોગ સિદ્ધ કર્યા પછી આર્થિક દૃષ્ટિએ કોઈ અભાવ રહેતો નથી. તથા સાધકને ધર્મ-અર્થ-કામ અને મોક્ષ એમ ચારેય પુરુષાર્થમાં સફળતા મળે છે. જીવનમાં પૂર્ણતા આવે છે. આ જમણેરી શંખ મંત્રસિદ્ધ પ્રાણપ્રતિષ્ઠાયુક્ત હોવો જોઈએ.

આ સાધના નીચે મુજબ લાભ થાય છે.

(૧) જીવનમાં કોઈ પ્રકારનો અભાવ રહેતો નથી.

(૨) આ શંખમાં જળભરી માથા પર છાંટવાથી પાપનો નાશ થાય છે.

(૩) નં-૨ મુજબ કરવાથી લક્ષ્મી પ્રસન્ન રહે છે.

(૪) ઘરમાં આ શંખ હોય તો રોગ-સંકટ આવતા નથી.

(૫) પૂજા પછી શંખમાં દૂધ ભરીને વંધ્યા સ્ત્રી પીએ તો તેને સંતાન લાભ થાય છે.

(૬) શંખ સામે રોજ અગરબત્તી કરવાથી સાધકની સમાજમાં પણ પ્રતિષ્ઠા વધતી જાય છે.

(૭) ઘરમાં આ શંખ હોય તો ભંડાર અક્ષય રહે છે.

(૮) શંખમાં પાણી ભરી 'અમુક વશમાનય સ્વાહા' આ મંત્ર ૨૧ વાર ઉચ્ચારીને પાણી સાધ્ય વ્યક્તિ પર નાખવાથી તે વ્યક્તિ વશ થાય છે. 'અમુક'ના સ્થાને સાધ્ય વ્યક્તિનું નામ ઉચ્ચારવું.

## અમોઘ મહામંત્રો

| | | | |
|---|---|---|---|
| १. 'ॐ ह्रीं सिद्धेभ्यः | स्वाहा' | - | आ प्रमाणे पूर्वदिशामां लखवुं। |
| २. 'ॐ ह्रीं आचार्येभ्यः | स्वाहा' | - | आ प्रमाणे दक्षिणदिशामां लखवुं। |
| ३. 'ॐ ह्रीं उपाध्यायेभ्यः | स्वाहा' | - | आ प्रमाणे पश्चिमदिशामां लखवुं। |
| ४. 'ॐ ह्रीं सर्वसाधुभ्यः | स्वाहा' | - | आ प्रमाणे उत्तरदिशामां लखवुं। |
| ५. 'ॐ ह्रीं दर्शनाय | स्वाहा' | - | आ प्रमाणे अग्निकोणमां लखवुं। |
| ६. 'ॐ ह्रीं ज्ञानाय | स्वाहा' | - | आ प्रमाणे नैऋत्यकोणमां लखवुं। |

७. 'ॐ ह्रीं चारित्राय स्वाहा' – आ प्रमाणे वायव्यकोणमां लखवुं।

८. 'ॐ ह्रीं तपसे स्वाहा' – आ प्रमाणे ईशानकोणमां लखवुं।

१. ॐ ह्रीं अर्हं णमो जिणाणं। २. ॐ ह्रीं अर्हं णमो ओहिजिणाणं।

३. ॐ ह्रीं अर्हं णमो परमोहिजिणाणं। ४. ॐ ह्रीं अर्हं णमाो सव्वोहिजिणाणं।

५. ॐ ह्रीं अर्हं णमो अणंतोहिजिणाणं। ६. ॐ ह्रीं अर्हं णमो कुट्ठबुद्धिणं।

७. ॐ ह्रीं अर्हं णमो बीयबुद्धीणं। ८. ॐ ह्रीं अर्हं णमो पयाणुसारीणं।

९. ॐ ह्रीं अर्हं णमो आसीविसाणं। १०. ॐ ह्रीं अर्हं णमो पयाणुसारीणं।

११. ॐ ह्रीं अर्हं णमो संभिन्नसोयाणं। १२. ॐ ह्रीं अर्हं णमो सयंसंबुद्धाणं।

१३. ॐ ह्रीं अर्हं णमो पत्तेयबुद्धाणं। १४. ॐ ह्रीं अर्हं णमो बोहिवुद्धाणं।

१५. ॐ ह्रीं अर्हं णमो उज्जुमईणं। १६. ॐ ह्रीं अर्हं णमो विउलमईणं।

१७. ॐ ह्रीं अर्हं णमो दसपुव्वीणं। १८. ॐ ह्रीं णमो चउद्दपुव्वीणं।

१९. ॐ ह्रीं अर्हं णमो अट्ठंगनिमित्तकुसलाणं

२०. ॐ ह्रीं अर्हं णमो विउव्वणइड्ढिपत्ताणं

२१. ॐ ह्रीं अर्हं णणो विज्जाहराणं। २२. ॐ ह्रीं अर्हं णमो चारणलद्धीणं।

२३. ॐ ह्रीं अर्हं णमो पण्हसमणाणं। २४. ॐ ह्रीं अर्हं णमो आगासगामीणं।

२५. ॐ ह्रीं अर्हं णमो खीरासवीणं। २६. ॐ ह्रीं अर्हं णमो सप्पियासवीणं।

२७. ॐ ह्रीं अर्हं णमो महुआसवीणं। २८. ॐ ह्रीं अर्हं णमो अमियासवीणं।

२९. ॐ ह्रीं अर्हं णमो सिद्धायणाणं।

३०. ॐ ह्रीं अर्हं णमो भगओ महइ महावीरवद्धमाणबुद्धिरिखीणं।

३३. ॐ ह्रीं अर्हं णमो वड्ढमाणाणं। ३४. ॐ ह्रीं अर्हं णमो दित्ततवाणं।

३५. ॐ ह्रीं अर्हं णमो तत्ततवाणं। ३६. ॐ ह्रीं अर्हं णमो महत्तवाणं।

३७. ॐ ह्रीं अर्हं णमो घोरतवाणं। ३८. ॐ ह्रीं अर्हं घोरगुणाणं।

३९. ॐ ह्रीं अर्हं णमो घोरपरक्कमाणं। ४०. ॐ ह्रीं अर्हं णमो घोरगुणबंभयारीणं
।

४१. ॐ ह्रीं अर्हं णमो आमोसहिपत्ताणं। ४२. ॐ ह्रीं अर्हं णमो खेलोसहिपत्ताणं।

४३. ॐ ह्रीं अर्हं णमो जल्लोसहिपत्ताणं। ४४. ॐ ह्रीं अर्हं णमो विप्पोसहिपत्ताणं।

४५. ॐ ह्रीं अर्हं णमो सव्वोसहिपत्ताणं। ४६. ॐ ह्रीं अर्हं णमो मणवलीणं।
४७. ॐ ह्रीं अर्हं णमो थयणवलीणं। ४८. ॐ ह्रीं अर्हं णमो कायवलीणं।

## आठ गुरुपादुकाओ

१. ॐ ह्रीं अर्हत्पादुकाभ्यो नमः। २. ॐ ह्रीं सिद्धपादुकाभ्यो नमः।
३. ॐ ह्रीं गणधरपादुकाभ्यो नमः। ४. ॐ ह्रीं गुरुपादुकाभ्यो नमः।
५. ॐ ह्रीं परमगुरुपादुकाभ्यो नमः। ६. ॐ ह्रीं अदृष्टगुरुपादुकाभ्यो नमः।
७. ॐ ह्रीं अनन्तगुरुपादुकाभ्यो नमः।
८. ॐ ह्रीं अनन्तानन्तगुरु पादुकाभ्यो नमः।

## अमृत मंडल चार दिश-विदिशाओ

१. ॐ ह्रीं क्षयायै नमः। २. ॐ ह्रीं जम्भायै नमः।
३. ॐ ह्रीं विजयायै नमः। ४. ॐ ह्रीं स्तम्भायै नमः।
५. ॐ ह्रीं जयन्त्यै नमः। ६. ॐ ह्रीं मोहायै नमः।
७. ॐ ह्रीं अपराजितायै नमः। ८. ॐ ह्रीं बन्धायै नमः।

## अधिष्ठायक देव-देवीओना मंत्रो

१. ॐ ह्रीं विमलवाहनाय नमः। २. ॐ ह्रीं चक्रेश्वर्यै नमः।
३. ॐ ह्रीं अप्रसिद्धाधिष्ठायकाय नमः। ४. ॐ ह्रीं गणिपिटकयक्षराजाय नमः।
५. ॐ ह्रीं धरणेन्द्राय नमः। ६. ॐ ह्रीं कपर्दियक्षाय नमः।
७. ॐ ह्रीं शारदायै नमः। ८. ॐ ह्रीं शान्तिदेवतायै नमः।
९. ॐ ह्रीं अप्रतिचक्रायै नमः। १०. ॐ ह्रीं ज्वालामालिन्यै नमः।
११. ॐ ह्रीं त्रिभुवनस्वामिन्यै नमः। १२. ॐ ह्रीं देवतायै नमः।
१३. ॐ ह्रीं वैरोट्यायै नमः। १४. ॐ ह्रीं पद्मावत्यै नमः।
१५. ॐ ह्रीं कुरुकुल्लायै नमः। १६. ॐ ह्रीं अंबिकायै नमः।
१७. ॐ ह्रीं कुबेरदेवतायै नमः। १८. ॐ ह्रीं कुलदेवतायै नमः।

## १६ विद्यादेवीओ

१. ॐ ह्रीं रोहिण्यै नमः ।
२. ॐ ह्रीं प्रज्ञप्त्यै नमः ।
३. ॐ ह्रीं वज्रशृङ्खलायै नमः ।
४. ॐ ह्रीं वज्राङ्कुश्यै नमः ।
५. ॐ ह्रीं अप्रतिचक्रायै (चक्रेश्वर्यै) नमः ।
६. ॐ ह्रीं पुरुषदत्तायै नमः ।
७. ॐ ह्रीं काल्यै नमः ।
८. ॐ ह्रीं महाकाल्यै नमः ।
९. ॐ ह्रीं गौर्यै नमः ।
१०. ॐ ह्रीं गान्धार्यै नमः ।
११. ॐ ह्रीं सर्वास्त्रायै नमः ।
१२. ॐ ह्रीं महाज्वालायै नमः ।
१३. ॐ ह्रीं मानव्यै नमः ।
१४. ॐ ह्रीं वैरोट्यायै नमः ।
१५. ॐ ह्रीं मानस्यै नमः ।
१६. ॐ ह्रीं महामानस्यै नमः ।

## चोवीश शासनदेवो

१. ॐ गोमुखाय नमः ।
२. ॐ महायक्षाय नमः ।
३. ॐ त्रिमुखाय नमः ।
४. ॐ यक्षनायकाय नमः ।
५. ॐ तुम्बरवे नमः ।
६. ॐ कुसुमाय नमः ।
७. ॐ मातङ्गाय नमः ।
८. ॐ विजयाय नमः ।
९. ॐ अजिताय नमः ।
१० . ॐ ब्रह्माय नमः ।
११. ॐ यक्षराजाय नमः ।
१२. ॐ सुरकुमाराय नमः ।
१३. ॐ षण्मुखाय नमः ।
१४. ॐ पातालाय नमः ।
१५. ॐ किन्नराय नमः ।
१६. ॐ गरुडाय नमः ।
१७. ॐ गन्धर्वाय नमः ।
१८. ॐ यक्षराजाय नमः ।
१९. ॐ कुबेराय नमः ।
२०. ॐ वरुणाय नमः ।
२१. ॐ भृकुटये नमः ।
२२. ॐ गोमेधाय नमः ।
२३. ॐ पार्श्वाय नमः ।
२४. ॐ ब्रह्मशान्तये नमः ।

## चोवीश शासनदेवीओ

१. ॐ चक्रेश्वर्यै नमः ।
२. ॐ अजितबलायै नमः ।

३. ॐ दुरितार्यै नमः ।

४. ॐ काल्यै नमः ।

५. ॐ महाकाल्यै नमः ।

६. ॐ श्यामायै नमः ।

७. ॐ शान्तायै नमः ।

८. ॐ भृकुट्यै नमः ।

९. ॐ सुतारकायै नमः ।

१०. ॐ अशोकायै नमः ।

११. ॐ मानव्यै नमः ।

१२. ॐ चण्डायै नमः ।

१३. ॐ विदितायै नमः ।

१४. ॐ अङ्कुशायै नमः ।

१५. ॐ कन्दर्पायै नमः ।

१६. ॐ निर्वाण्यै नमः ।

१७. ॐ बलायै नमः ।

१८. ॐ धारण्यै नमः ।

१९. ॐ धरणप्रियायै नमः ।

२०. ॐ नरदत्तायै नमः ।

२१. ॐ गान्धार्यै नमः ।

२२. ॐ अम्बिकायै नमः ।

२३. ॐ पद्मावत्यै नमः ।

२४. ॐ सिद्धायिकायै नमः ।

## नव ग्रहोना मंत्रो

१. ॐ सूर्याय नमः ।

२. ॐ सोमाय नमः ।

३. ॐ भौमाय नमः ।

४. ॐ बुधाय नमः ।

५. ॐ बृहस्पतये नमः ।

६. ॐ शुक्राय नमः ।

७. ॐ शनैश्चराय नमः ।

८. ॐ राहवे नमः ।

९. ॐ केतवे नमः ।

## निधिओनां मंत्रो

१. ॐ नैसर्पिकाय नमः ।

२. ॐ पाण्डुकाय नमः ।

३. ॐ पिङ्गलाय नमः ।

४. ॐ सर्वरत्नाय नमः ।

५. ॐ महापद्माय नमः ।

६. ॐ कालाय नमः ।

७. ॐ महाकालाय नमः ।

८. ॐ माणवकाय नमः ।

९. ॐ शङ्खाय नमः ।

## चार प्रतीहारोना मंत्रो

१. ॐ कुमुदाय नमः (पूर्वमां)

२. ॐ अञ्जनाय नमः (दक्षिणमां)

३. ॐ वामनाथ नमः (पश्चिममां) ४. ॐ पुष्पदंताय नमः (उत्तरमां)।

## चार वीरोना मंत्रो

१. ॐ माणिभद्राय नमः (पूर्वमां) २. ॐ पूर्वभद्राय नमः (दक्षिणमां)

३. ॐ कपिलाय नमः (पश्चिममां) ४. ॐ पिङ्गलाय नमः (उत्तरमां)।

## दश दिकपालनां मंत्रो

१. ॐ इन्द्राय नमः (पूर्वमां), २. ॐ अग्नेये नमः (अग्निमां), ३. ॐ यमाय नमः (दक्षिणमां), ४. ॐ नैऋताय नमः (नैऋत्यमां), ५. ॐ वरुणाय नमः (पश्चिममां), ६. ॐ वायव्ये नमः (वायुमां), ७. ॐ कुबेराय नमः (उत्तरमां), ८. ॐ ईशानाय नमः (ईशानमां), ९. (सौथी उपर पूर्व दिशामां), ॐ ब्रह्मणे नमः। १०. (सौथी नीचे पश्चिमदिशामां) ॐ नागाय नमः।

**आत्मरक्षा मंत्र :**

परमेष्ठिनमस्कारं सारं नवपदात्मकम्।
आत्मरक्षाकरवज्र स्मराम्यहम् ॥१॥
ॐ नमो अरिहंताणं, शिरस्कं शिरसि स्थितम्।
ॐ नमो सव्वसिद्धाणं, मुखे मुखपटं वरम् ॥१॥
ॐ नमो आयरियाणं, अङ्गरक्षातिशायिनी।
ॐ नमो उवज्झायाणं, आयुधं हस्तयोर्दढम् ॥२॥
ॐ नमो लोए सव्वसाहूणं, मोचके पादयोः शुभे।
एसो पंच नमुक्कारो, शिलावज्रमयि तलो ॥३॥
सतळे पाव्वपणासणो वप्रो वज्रात्मना बहिः।
मंगलाणं च सव्वेसिं, खदिराङ्गारखातिका ॥४॥
स्वाहान्तं च पदं ज्ञेयं, पढमं मंगलं।
वप्रोपरि वज्रमयं, पिधानं देहरक्षणे ॥५॥
महाप्रभावा रक्षेयं क्षुद्रोपद्रवनाशिनी।
परमेष्टिपदोद्भूता कथिता पूर्वसूरिभिः ॥६॥

# વંદના પત્ર



॥ શ્રી જિત-હીર-બુધ્ધિ-તિલક-શાંતિચંદ્ર-કનકપ્રભ સૂરીશ્વરેભ્યો નમઃ ॥

શ્રી શાહપુર જૈન સંઘના મહાન પૂણ્યોદયે મહાન આચાર્ય ગચ્છાધિપતિ શ્રી વિજય કનકપ્રભ સૂરીશ્વરજી મ.સા. ના સુશિષ્ય પૂ. મુનિરાજ શ્રી કીર્તિપ્રભ વિજયજી મ.સા. તથા શિષ્ય પૂ. મુનિવર શ્રી હરિપ્રભ વિજય મ.સા. તથા ચાર બાલ મુનિ શિષ્યો પૂ. મુનિશ્રી જ્ઞાનપ્રભ વિજય, પૂ. મુનિશ્રી દર્શનપ્રભવિજય, પૂ. મુનિશ્રી ચારિત્રપ્રભવિજય તથા પૂ. મુનિશ્રી તપપ્રભવિજય આદિ અત્રે ચાતુર્માસ બીરાજમાન છે.

ધર્મ ધ્યાન તથા આરાધના આનંદ અને ઉત્સાહપૂર્વક થઈ રહી છે.

## જૈન ધર્મના મહાન રત્નો :

જૈન ધર્મમાં અનેક રત્નો પાકયાં છે. જેમને લબ્ધિ સ્મૃતિ-બુધ્ધિ ધનનો વિપુલ ભંડાર કહી શકાય. આવાં કેટલાંક દિવ્ય રત્નો નીચે મુજબ ગણાવી શકાય. જેવાં કે, કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય, શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય, આગમોધ્ધારક પ.પૂ.આચાર્યશ્રી આનંદસાગર સૂરીશ્વરજી, શાસન સમ્રાટ પ.પૂ.આ. નેમિસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા., પ.પૂ.આ.શ્રી ભુવનભાનુસૂરિ મ.સા. આ સર્વેને જૈન ધર્મના શાસ્ત્રો -આગમસૂત્રોનો વિશેષ અભ્યાસ હતો.

આજના ભયંકર કળિયુગમાં, વર્તમાન સમયમાં સ્મૃતિ શકિતનો ચમત્કાર મુનિશ્રી હરિપ્રભ વિજયજી મ.સા. માં જોવા મળે છે.

પ.પૂ. મુનિવરશ્રી હરિપ્રભ વિજય મહારાજ સાહેબની અનેરી તથા અદ્‌ભુત અને મહાન ધર્મશાસ્ત્ર જ્ઞાનની સિધ્ધિ માટે શ્રી પાંચપોળ જૈન સંઘ આનંદ તથા ગર્વ અને ધન્યતાની લાગણી અનુભવે છે. આવી સિદ્ધિ વિરલ વ્યકિતમાં જ હોઈ શકે છે.

અમો નમ્રતાપૂર્વક એમની ભવ્ય સિદ્ધિની નોંધ લઈએ છીએ.

## સંક્ષિપ્ત પરિચય :

કચ્છ - વાગડ સમુદાયના આ યુવાન મુનિનો ઈતિહાસ એમના વડવા મહાન આચાર્યો શ્રી જિત-હીર-બુદ્ધિ-તિલક-શાંતિચંદ્ર-કનકપ્રભ સૂરીશ્વરોથી સુશોભિત છે.

એમના માતાપિતાનું નામ શ્રી રઘુનાથભાઈ મોદી તથા પારૂબેન મોદી : એમનું મુળ નામ : ગંગદાસભાઈ મોદી ગામ : ભરડાસર, તાલુકો : થરાદ તથા જીલ્લો : બનાસકાંઠા - ઉત્તર ગુજરાત.

**: જન્મ દિનાંક :**
મહા સુદ પાંચમ, ૨૦૩૫,
વસંતપંચમી.

**: મહાસરસ્વતી દિન :**
તા. ૨-૨-૧૯૭૯.

**: દીક્ષા દિનાંક :**
ફાગણ વદ ત્રીજ - ૨૦૪૭, ૩ માર્ચ, ૧૯૯૧.

આજે એમની ઉંમર માત્ર અઢાર વર્ષની છે. બાર વર્ષની બાલ્ય વયે દીક્ષા ગ્રહણ કરી, ઉત્તમ ચારિત્ર પર્યાય પાળે છે. જૈન ધર્મની ચેતના અને જાગૃતિ એમના જીવનમાં ધબકે છે. જૈનાગમોમાં સ્થિર બુદ્ધિનું સ્વરૂપ દ્રષ્ટિગોચર થાય છે.

આ યુવાન મુનિશ્રી હરિપ્રભવિજયજી વ્યાખ્યાન તથા ધર્મોપદેશ કંઠસ્થ તથા મુખપાઠથી ચતુર્વિધ શ્રી સંઘ સમક્ષ આપે છે, ત્યારે શ્રી સંઘ ભાવવિભોર બની જાય છે. એમનો ધર્મનો અભ્યાસ અદ્‌ભુત છે. કુલ પીસ્તાલીશ જૈન આગમમાંથી દ્વાદશ આગમ એમને કંઠસ્થ છે.

દર વર્ષે સંવત્સરી મહાપર્વમાં જૈન ધર્મના શ્રી કલ્પસૂત્ર-બારસો ગાથા શ્લોકોને માત્ર એક કલાક પંદર મિનિટમાં વ્યાખ્યાન-વાચના આપતાં આ મુનિને જોવાં, અનુભવવાં એ જીંદગીનો અનેરો લાહવો છે. એઓ પુસ્તક પોથીમાં જોયા વિના જ કંઠસ્થ રીતે મુખપાઠથી શ્રી કલ્પસૂત્રનો મૂળ પાઠ સંભળાવે છે. ધન્ય મુનિવર ધન્ય . . ધન્ય . .

ધર્મ -શાસ્ત્રાભ્યાસની યાદી - નોંધ નીચે મુજબ છે.

**દ્વાદશ આગમો :**

શ્રી નંદિસૂત્ર, શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, શ્રી સમવાયાંગ સૂત્ર, શ્રી વિપાક સૂત્ર, શ્રી નિશિથ છેદ સૂત્ર, શ્રી વ્યવહાર છેદ સૂત્ર, શ્રી બૃહદ્‌કલ્પ છેદ સૂત્ર, અનુત્તરોવવાઈઅંગ આગમ, શ્રી પુષ્પ ચૂલિકા સૂત્ર, શ્રી વન્હિદશાસૂત્ર, શ્રી કપ્પવડિંસયા સૂત્ર, શ્રી પુષ્ફિયા ઉપાંગ સૂત્ર : કુલ ૧૦૫૮૪ શ્લોક મુખપાઠ - કંઠસ્થ છે.

ઉપરાંત સંસ્કૃત-પ્રાકૃત-અંગ્રેજી-ગુજરાતી-હિન્દી ભાષાઓનું વ્યવહારિક જ્ઞાન છે.

તદ્‌ઉપરાંત સંગીત, જયોતિષ-નવસ્મરણો-જીવવિચાર આદિ પ્રકરણો, તત્વજ્ઞાન, કથા-વાર્તા-ઉપદેશ પ્રાસાદ - વિક્રમ ચરિત્ર. શ્રીપાળ રાજાનો રાસ, ભીમસેન ચરિત્ર, જયાનંદ કેવળી ચરિત્રનો અભ્યાસ છે.

માત્ર પ્રાથમિક શિક્ષણ ધોરણ સાત ભણેલા આ મુનિએ પોતાની સ્મૃતિ - શકિતના - બુદ્ધિપ્રતિભાના આધારે પોતાના ટૂંકા દીક્ષા પર્યાયના માત્ર છ વર્ષમાં ઉપરોક્ત પ્રગતિ

કરી છે. જે ધન્યવાદ -અનુમોદના તથા વંદનને પાત્ર છે.

અમોશ્રી શાહપુર પાંચપોળ જૈન સંઘ - આપ સર્વેને અત્રે ચાતુર્માસ નિમિત્તે પધારવા માટે ધન્યતા અને કૃતકૃત્યતાની લાગણી અનુભવીએ છીએ. તથા પૂ. મુનિવર શ્રી હરિપ્રભવિજય મ.સા. એમના ધર્મ અભ્યાસ અને ધર્મ કાર્ય સાધનામાં વિશેષ રીતે આગળ પ્રગતિ કરે એવી શ્રી જિન શાસન દેવ પરમાત્મા પ્રતિ પ્રાર્થના કરીએ છીએ.

સાથોસાથ પ.પૂ. ગુરુવર્ય શ્રી કીર્તિપ્રભ વિજય મ.સા. નો ખંત તથા પુરુષાર્થ તેમજ શિષ્યો પ્રત્યેની ચીવટ, પ્રેમાળ લાગણી પણ અનુમોદના માંગી લે છે અને પુજનીય છે અને સકળ સંઘ ધન્યતા અનુભવે છે.

શ્રી પાંચપોળ જૈન સંઘના આ વંદના પત્ર તથા અનુમોદના પત્ર દ્વારા સકળ સંઘના નાના-મોટા સૌ ભાવ - વિભોર થઈ ધન્ય . . . ધન્ય . . . લાગણી અનુભવે છે. આપ ખૂબ ખૂબ આગળ વધો અને જિન -શાસનના એક મહાન દીપક બનો એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરે છે.

**રૂા. ૨૧,૦૦૦/- શ્રી પાંચપોળ જૈન સંઘ અમદાવાદ તરફથી પુસ્તક પ્રકાશન સહાયમાં આપેલ છે.**

**દિનાંક ૬, સપ્ટેબર, ૧૯૯૭**
**ભાદરવા સુદ - ૪, શનિવાર સં. ૨૦૫૩**
**શ્રી જૈન સંવત્સરી**

લી.

**શ્રી પાંચપોળ જૈન સંઘ**

શાહપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૪

### ईन्द्रकवच : मंत्र

"ॐ नमो अरिहंताणं ह्रां हृदयं रक्ष रक्ष हुं फट् स्वाहा।

ॐ नमो सिद्धाणं ह्रीं शिरो रक्ष रक्ष हुं फट् स्वाहा।

ॐ नमो आयरियाणं हूँ शिखां रक्ष रक्ष हुं फट् स्वाहा।

ॐ नमो उवज्झायाजं ह्रौं एहि एहि भगवति ! वज्रकवचवज्रिणि रक्ष रक्ष हुं फट् स्वाहा।

ॐ नमो लोए सव्वसाहूणं ह्रः क्षिप्रं साधय साधय वज्रहस्ते (स्त) शूलिनि दुष्टाद् रक्ष रक्ष हुं फट् स्वाहा।

एसो पंच नमुक्कारो वज्रशिलाप्रा सव्वपावप्पणासणो अम्ममयी परिखा, मंगलाणं च सव्वेसिं महावज्राग्निप्राकार:, पढमं हवइ मंगलं उपरि वज्रशिला।।"

इन्द्रकवचमिदं आत्मारक्षायै उपाध्यायादिभि: स्मरणीयम्।।

### वशीकरणमंत्र :

ॐ ह्रीं नमो अरिहंताणं, ॐ ह्रीं नमो सिद्धाणं, ॐ ह्रीं नमो आयरियाणं, ॐ ह्रीं नमो उवज्झायाणं, ॐ ह्रीं नमो लोए सव्वसाहूणं अमुकं वशीकुरु वशीकुरु स्वाहा ।।"

वार २१ भवित्वा वस्त्रे ग्रन्थिर्दीयते वशीभवति।

### भयनिवारणमंत्र :

"ॐ नमो अरिहंताणं, ॐ नमो सिद्धाणं, ॐ नमो आयरियाणं, ॐ नमो उवज्झायाणं, ॐ नमो लोए सव्वसाहूणं, ॐ अर्हं पार्श्वअर्हते ह्रीं नम:। ॐ ह्रीं क्लीं भगवती शत्रुभयविनाशिनी मम राजभयं दण्डभयं मन्त्रिभयं सर्वदुष्टव्यन्तरभयं उपशामय उपशामय हर हर ह्रौं स्वाहा ।।"

सर्ववारमेकचेतसा स्मर्यते।

### सर्वकर्मकरमंत्र :

"ॐ नमो अरिहंताणं, ॐ नमो सिद्धाणं, ॐ नमो आयरियाणं, ॐ नमो

उवज्झायाणं, ॐ नमो लोए सव्वसाहूणं, ॐ नमो नाणाय(णस्स), ॐ नमो दंसणाय(णस्स), ॐ नमो चरित्ताय(त्तस्स), ॐ त्रैलोक्यवशङ्करी ह्रीं स्वाहा॥"

सर्वकर्मकरमंत्रः, कालापानीयेन छण्टनं पानं च, लावण्य-चक्षुः शरोऽर्द्धशिरोऽर्त्यादिषु कार्येषु।

**ज्वरनिवारणमंत्र :**

"ॐ ह्रीँ नमो लोए सव्वसाहूणं ॥"

ईत्यादि प्रतिलोमतः पञ्चपदैः ॐ ह्रीं पूर्वैः ("ॐ ह्रीं णं हू सा व्व स ए लो मो न ह्रीं ॐ।") पट्यदौ ग्रन्थि दत्त्वा १०८ परिजप्य आच्छाद्यते ज्वर उत्तरति, यावज्जपनं तावद् धूप उद्ग्राह्यः, परं नूतनेन कार्यः।

**महापन्नवारणमंत्र :**

"ॐ ह्रीं नमो अरिहंताणं, ॐ ह्रीं नमो (सव्व) सिद्धाणं, ॐ ह्रीं नमो आयरियाणं, ॐ ह्रीं नमो उवज्झायाणं, ॐ ह्रीं नमो लोए सव्वसाहूणं ॥"

एषा पञ्चचत्वारिंशदक्षरा विद्या यथा स्वयमपि न श्रूयते तथा स्मर्तव्या। दुष्टचौरादिसङ्कटे महापत्स्थाने च शान्त्यै, जलवृष्टये चोपांशु गुण्यते।

**विद्यासिद्धिमंत्र :**

"ॐ ह्रीं श्रीं अरिहंत-सिद्ध-आयरिय-उवज्झाय-सव्वसाहु-सव्वधम्मतित्थयराणं ॐ नमो भगवईए सुयदेवयाए संतिदेवयाणं सव्वपवयणदेवयाणं दसण्हं दिसापालणं पंचण्हं लोगपालाणं ॐ ह्रीं श्रीं सर्वजनमोहनं कुरु कुरु, सर्वजनवशं कुरु कुरु, विज्जासिद्धि कुरु कुरु स्वाहा ॥"

नवपुष्पाण्यनुक्रमेण निक्षिप्यन्ते, दशममूर्ध्वमुखाङ्गुल्या गगने तथा क्षेप्यं यथैककोष्ठे पतति, अनेन क्रमेण दशाष्टोत्तरशतानि जातिपुष्पैः सिद्धिः।

**बन्दिमोचनमंत्र :**

"णं हू सा व्व स ए लो भो न, णं या ज्झा व उ मो न, णं या रि य आ मो न, णं द्धा सि मो न, णं ता हं रि अ मो न ॥"

**सर्वकर्मकरमंत्र :**

"ॐ नमो अरिहंताणं, ॐ नमो सिद्धाणं, ॐ नमो आयरियाणं, ॐ नमो उवज्झायाणं, ॐ नमो लोए सव्वसाहूणं, ॐ ह्रीँ हू ह्रौं हृः स्वाहा : ॥"

**कर्मक्षयङ्करमंत्र :**

आद्यं पदं ब्रह्मरन्ध्रे, द्वितीयं भाले, दक्षिणश्रवणे तृतीयं, तुर्यमवटौ, पञ्चमं वामकर्णे, चूलापदानि दक्षिणशङ्खादिविदिक्षु, इति पद्मावर्त्तजापः, कर्मक्षयातिरेकाय मनःस्थैर्यहेतुत्वात् ।

**ग्रामप्रवेशमंत्र :**

"ॐ नमो अरिहंताणं, ॐ नमो भगवईए चंदाइमहाविज्जाए भत्तट्ठाए गरे गरे हुलु हुलु चुलु चुलु मयूरवाहिनीए स्वाहा ॥"

**महासकलीकरण :**

'पढमं हवइ मंगलं' वज्रमयीं शिलां मस्तकोपरि, 'नमो अरिहंताणं' अङ्गुष्ठयोः, 'नमो सिद्धाणं' तर्जन्यों, 'नमो आयरियाणं' मध्यमयोः, 'नमो उवज्झायाणं' अनामिकयोः, 'नमो लोए सव्वसाहूणं' कनिष्ठिकयोः, 'एसो पंचनमुक्कारो' वज्रमयः प्राकारः, 'सव्वपावप्पणासणो' जलभृतां खातिकाम्, 'मंगलाणं च सव्वेसिं खदिराङ्गारपूर्णां खातिकामात्मनश्चिन्तयेत् । महासकलीकरणम् ।

**महारक्षा :**

'ॐ नमो अरिहंताणं ज्म्ल्वर्यूं हृदय रक्ष रक्ष ह्रां स्वाहा' (हृदये), 'ॐ नमो सिद्धाणं भ्म्लूर्युं 'शिरो रक्ष रक्ष हू (ह्रीँ) स्वाहा' (शिरसि),' ॐ नमो आयरियाणं म्म्ल्व्यूँ शिखां रक्ष रक्ष हैं (हू) स्वाहा' (शिखायाम्) 'ॐ नमो उवज्झायाणं ह्म्ल्व्यू वज्राणां वज्रकवचं रक्ष रक्ष है (हैं) स्वाहा (वचम्), 'ॐ नमो लोए सव्वसाहूणं क्ष्मल्व्यूं सर्वदुष्टान् निवारय निवारय हृः स्वाहा ॥" महारक्षा ।

**सर्वकामदमन्त्र :**

"ॐ ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः अ सि आ उ सा ।" प्रत्यन्तरे – "अ सि आ उ सा नमः स्वाहा ॥" इति (पाठः) दश्यते ।

**सर्वकामदमन्त्र :**

"ॐ ह्रीं श्रीं अर्हं अ सि आ उ सा नमः ॥"

द्वावपि मंत्रौ सर्वकामदौ । अत्रापि प्रथममंत्रेण शाकिनीनिग्रहः ।

**बन्दिविभोचनमंत्र :**

"ॐ नमो अरिहंताणं ज्म्ल्व्र्यूँ नमः, ॐ नमो सव्वसिद्धाणं भ्म्ल्व्र्यूँ नमः, ॐ नमो आयरियाणं म्म्ल्व्र्यूँ नमः, ॐ नमो उवज्झायाणं हम्ब्लूर्यूँ नमः, ॐ नमो लोए सव्वसाहूणं क्षेष्म्ल्वर्यूँ नमः ॥" इत्यपि, प्रत्यन्तरे - "अमुकस्य मम वा वन्दिमोक्षं कुरु कुरु स्वाहा ॥'

पार्श्वनाथप्रतिमाऽग्रे जातीपुष्पैं ५०० ऊर्ध्वस्थितो जपेत् । पट्टके मंत्र लिखित्वा तदुपरियाणं म्म्ल्वर्यूँ नमः, ॐ नमो उवज्झायाणं ह्रम्ल्व्यूं नमः, ॐ नमो लोए सव्वसाहूणं क्ष्म्ल्व्यूं सर्व दुष्टान् निवारय निवारय स्वाहा ॥" इति महारक्षार्थम् ।

**बन्दिविमोचनमंत्र :**

"ॐ नमो अरहंताणं ज्म्ल्वूँ नमः, ॐ नमो सव्वसिद्धाणं भ्म्ल्व्र्यूँ नमः, ॐ नमो आयरियाणं म्म्ल्व्र्यूँ नमः, ॐ नमो उवज्झायाणं हूम्ल्व्यूं नमः, ॐ नमो लोए सव्वसाहूणं क्षष्म्ल्व्यूं सर्वदुष्टान् निवारय निवारय स्वाहा ॥" इति महारक्षार्थम्।

"अमुकस्य ग्रहमोक्षं कुरु कुरु स्वाहा क्षष्म्ल्व्यूं नमः ॥"

**सर्पभयनिवारणमंत्र :**

"ॐ गुरु (रवे) नमः, परमगुरु (रवे) नमः, ॐ नमो सिद्धाणं, पवेलं पवेलं जावज्जीवं अहिणा न डसियं (डसिज्जइ) ॥"

दीपोत्सवे चतुर्दश्यां १००८ जापेन साधनं, वर्षं यावत् सर्पभयं (यो) न भवति, शुभाशुभं कथयति, साधयता पादप्रोञ्छने उपवेष्टव्यम् ।

**षोडशाक्षरी विद्या :**

"अरिहंत-सिद्ध-आयरिय-साहू ॥"

षोडसाक्षर्याऽस्याः विद्यायाः २०० जापे चतुर्थफलम्।

**कल्याणकरमंत्र :**

नाभिपद्मे 'अ', मस्तकाम्भोजे 'सि', मुखाम्भोजे 'आ', हत्पद्मे 'उ', कण्ठपद्मे 'सा' सर्वकल्याणकारी जापः ।

**रक्षामंत्र :**

"ॐ नमो अरहंताणं' नामौ, 'ॐ नमो सिद्धाणं' हृदये, 'ॐ नमो आयरियाणं' कण्ठे, 'ॐ नमो उवज्झायाणं' मुखे, 'ॐ नमो सव्वसाहूणं' मस्तके, 'सर्वाङ्गेषु मां अह्मं (अस्मान्) वा रक्ष रक्ष हिलि हिलि मातङ्गिनी (नि!) स्वाहा ॥" - मंत्रः ।

**दुष्टनिवारणमंत्र :**

"ॐ ह्रीँ अ सि आ उ सा सर्वदुष्टान् स्तम्भय, मोहय मोहय, अम्भय अम्भय, अन्धय अन्धय, बधिरय बधिरय, मूकवत् कारय कारय कुरु कुरु ह्रीँ दुष्टान् ठः ठः ठः ।"

**रक्षामंत्र :**

"ॐ ह्रीं नमो अरहंताणं पादौ रक्ष रक्ष, ॐ ह्रीं नमो सिद्धाणं कटीं रक्ष रक्ष, ॐ ह्रीं नमो आयरियाणं नाभिं रक्ष रक्ष, ॐ ह्रीं नमो उवज्झायाणं हृदयं रक्ष रक्ष, ॐ ह्रीं नमो लोए कण्ठं रक्ष रक्ष, ॐ ह्रीं नमो सव्वसाहूणं ब्रह्माण्डं रक्ष रक्ष, ॐ ह्रीं एसो पंचनमुक्कारो शिखां रक्ष रक्ष ॐ ह्रीं सव्वपावप्पणासणो आसनं रक्ष रक्ष, ॐ ह्रीं मंगलाणं च सव्वेसिं पढमं होई मंगलं आत्मचक्षुं परचक्षुं रक्ष रक्ष ॥" मंत्र इति ।

**विद्वेषमंत्र :**

"ॐ ह्रीं श्रीं अ सि आ उ सा अनाहतविद्ये ह्रीँ हूँ देवदत्तयोर्विश्लेषं कुरु कुरु स्वाहा ॥"

**एष मंत्रः सप्ताहं जप्यते १०८, ततः श्मशानाङ्गारखरलिण्डरस-धत्तूररसैः काकपिच्छ लेखिन्या भूर्जे लिखित्वा मार्गे निक्षिप्यते, परस्परं विरोधो**

भवति ।

**तस्करभयनिवारणमंत्र :**

"ॐ नमो अरहंताणं आभिणि मोहिणि मोहय मोहय स्वाहा ।"

मार्गे गच्छद्भिरियं विद्या स्मर्तव्या, तस्करदर्शनमपि न भवति ॥

एतद्यंत्रमध्ये आत्मानं दीप्रतेजसं ध्यायेत्, ततः पूर्वाशाभिमुखः पूर्वं पूर्वदलादारभ्याष्टाक्षरं मंत्र जपेत्, ११०० जपेत् । तत आग्नेयदलादारभ्यामुमेव मंत्र जपेत्, ११००, एवमन्यदलेष्वपि यावदीशानदलं, एवमष्टरात्रं जापे कृते दुष्टव्यन्तरादिसर्वप्रत्यूहशान्तिः सर्वकष्टनिवारणयन्त्रमिदं सम्यग्दष्टिभिः कार्यं, न त्वन्यैः ।

**जलस्तम्भनमंत्र :**

"ॐ नमो अरहंताणं, ॐ नमो सिद्धाणं, ॐ नमो आयरियाणं, ॐ नमो उवज्झायाणं, ॐ नमो लोए सव्वसाहूणं, हुलु हुलु कुलु कुलु चुलु चुलु मूलु मूलु स्वाहा ॥"

अस्य जापात् मत्स्य-तिङ्गादिजीवहत्यारक्षा । अत्र मंत्रे सप्रणवा पञ्चपदी, ततो विद्या-एवं वर्णाः ५८ । अस्मिन् स्मर्यमाणे हन्ता जन्तून् हन्तुं न शक्नोति ।

"ॐ नमो सिद्धाणं वाउयंसि अचगालं सक्को त्ति ।"

**सर्वभयप्रणाशनमंत्र :**

"ॐ थंभेइ जलं" इत्यादि "घोरुबसग्गं मम अमुकस्य (स्स) वा पणासओ स्वाहा ॥"

इयं गाथा चन्दनादिद्रव्यैः पटे लिखित्वा नवकारभणनपूर्वकं वार १०८ स्मर्तव्या, पूज्या च सुगन्धितपुष्पैरक्षतैर्वा, रक्षा वा कार्या, सर्वभयप्रणाशः ।

**बप्पभट्टिसारस्वतमंत्र :**

"ॐ ह्रीं अ सि आ उ सा नमः, अर्हं वाचिनि सत्यवादिनि वाग्वादिनि बद बद, मम वक्त्रे व्यक्तवाचया (वाचा) ह्रीं सत्यं ब्रूहि ब्रूहि सत्यं वद वद,

अस्खलितप्रचारं सदेवमनुजासुरसदसि अर्हं अ सि आ उ सा नमः स्वाहा ॥" लक्षजापेन सिद्धि बप्पह (भ)ट्टि सारस्वतम् ।

**विद्यासिद्धिमंत्र :**

"ॐ नमो हिरीए बंभीए भगवईए सिज्झउ मे भगवई महाविज्जा, ॐ बंभी महाबंभी स्वाहा ॥"

लक्षं पूर्वसेवायां जपः, तत्र त्रिसन्ध्यं सदा जपः ॥

**पञ्चतत्त्वरक्षामंत्र :**

"क्षिप ॐ स्वाहा ॥" इति पञ्चतत्त्वरक्षापूर्वं कार्य :, प्राङ्मुखं च ध्यानम्, एष विधिः सर्वसारस्वतोपयोगी ज्ञेयः ॥

**त्रिभुवनस्वामिनी विद्या -**

"ॐ अर्हते उत्पत उत्पत स्वाहा ॥" त्रिभुवनस्वामिनीविद्या । एवं हृत्पुण्डरीके १०८ नमस्कारं जपन् चतुर्थफलमासादयति ॥

**दुष्टक्षयविक्रयलाभमंत्र :**

"नट्ठट्ठमयट्ठाणे पणट्ठकम्मट्ठनट्ठसंसारे ।

परमिट्ठिनिट्ठियट्ठे अट्ठगुणाधीसरं वंदे ॥"

श्मशानाङ्गारेण कृष्णपुष्पाणि कृत्वा राजिकालवणधूंराकनिम्ब-पत्रकटुतैलगुग्गुलेन सह होमयेत्, प्रतिदिनं शत ३०० होमः कार्यः, पादोनप्रहारोऽद्‌र्धमरम्भणीयो दिनैः ७ दुष्टक्षयो भवति । २५ वार २१ क्रयाणकमश्वादि वाऽभिमन्त्रयेद् विक्रयो भवति, आहकस्तत्रैवोपढौकते ॥

**श्रुतदेवीमंत्र :**

"पूर्वं पञ्चपरमेष्ठिपदानि - "ॐ नमो भगवईए सुयदेवयाए सव्वसुयमायाए बारसंगपवयणजणणीए सरस्सईए सच्चवाइणि सुवण्णवण्णे ॐ अवतर अवतर देवि ! मम सरीरं पविस, पुच्छंतस्स मुहं पविस सव्वजणमयहरीए अरिहंतसिरीए सिद्धिसिरीए आयरियसिरी उवज्झायसिरी सव्वसाहुसिरी दंसणसिरी नाणसिरी चरितसिरी स्वाहा ॥"

**चिन्तामणिमंत्र :**

"ॐ अ सि आ उ सा चुलु चुलु हुलु हुलु कुलु कुलु मूलु मूलु इच्छियं मे कुरु कुरु स्वाहा ॥" चिन्तामणिमंत्र: १२००० जाप: ॥

**त्रिभुवनस्वामिनी महाविद्या :**

"ॐ ह्रीं श्रीं अर्हं क्लीं असिआउसा चुलु चुलु कुलु कुलु हुलु हुलु मूलु मूलु इच्छियं मे कुरु कुरु स्वाहा ॥" त्रिभुवनस्वामिनी महाविद्या ॥

**प्रसादनमंत्र :**

"पंचहिं परमिट्ठिहिं खीलियओ डीलियओ रहि ॥"

बार २१ जप्यन्ते, दर्शनादेव रुष्टः प्रसीदति, विरूपं न चटति, स्तभ्यते सः॥

**पञ्चाङ्गुलीसकलीकरणः -**

नमस्कारपञ्चपदैः पञ्चाङ्गुलीन्यस्तैः सकलीकरणं क्रियते -"ॐ नमो अरहंताणं ह्राँ स्वाहा" अङ्गुष्ठे। "ॐ नमो सिद्धाणं ह्रीँ स्वाहा" तर्जन्याम्। "ॐ नमो आयरियाणं हूँ स्वाहा" मध्यमायाम्। "ॐ नमो उवज्झायाणं ह्रौँ स्वाहा" अनामिकायाम्। "ॐ नमो लोए सव्वसाहूणं ह्रः स्वाहा" कनिष्ठिकायाम् ॥

वेलात्रयमङ्गुलीषु जप्यते। एतत् कृत्वा सिद्धिचक्रं ध्यायेत्, गोरोचना-चन्दनादिना स्थाले यंत्र लिखेत्। पुष्पैः २१ जापः, एकासनं, ब्रह्मचर्यं, सुप्यते, ततः स्वार्थ / सर्वार्थ / सिद्धिः ॥

एवं वारत्रयमङ्गुलीषु विन्यस्य एवमेव च मस्तकस्योपरि पूर्वदक्षिणापरोत्तरभागेषु विन्यस्य च जपः कार्यः। सर्वमंत्रसाधारणो विधिरयम् ॥

**लाभकरमंत्र :**

"ॐ क्षाँ ह्राँ नमो अरिहंताणं, ॐ क्षीँ ह्रीँ नमो सव्वसिद्धाणं, ॐ क्षूँ हूँ नमो आयरियाणं, ॐ क्षौँ ह्रौँ नमो उवज्झायाणं, ॐ क्षँः ह्रीँ नमो लोए सव्वसाहूणं इति मंत्राक्षरगर्भपञ्चपरमेष्टिन्! आपदं हन हन, संपदं उपनय उपनय, शत्रूणां स्तम्भं कुरु कुरु स्वाहा ॥"

सङ्कटादिषु लाभार्थे नेमं १०८ स्मरेत् ॥

**समीहितपूरणमंत्र :**

"ॐ ह्रीँ अरिहंताणं सिद्धाणं सूरीणं उवज्झायाणं साहूणं मम ऋद्धिं वृद्धिं समीहितं कुरु कुरु स्वाहा ॥" शुचिना प्रातः सायं वार ३२ स्मृतिः ॥

**सरस्वतीसाधनमंत्र :**

"ऐँ क्लीँ हसौँ वालात्रिपुरायै नमः ॥" नित्यजापः ॥

(आदर्शे हांशीयास्थः) मंत्रः बप्पभट्ट(ट्टि)सूरिसारस्वतः ३ लक्षजापः महाव्रतधारिणा भाव्यं, तस्तदशो भवति । 'कलमरालविहङ्गभवाहना' इति स्तोत्रकर्ता।

**सिद्धिविद्या :**

"ॐ नमो अरिहंताणं तिलोयपूइयाणं सत्तभयवज्जियाणं अमरनररायमहियाणं अणाइनिहणो सिवं दिसउ स्वाहा ॥" एषा सिद्धविद्या ॥

**दुष्टादिनिवारणमंत्र :**

"ॐ ह्रीँ नमो अरिहंताणं" ५ पदकम् ।

दुष्टो न प्रभवति, अवरिसणादिपूत्पत्रेषु तदा सहस्रं १ जप्यते, अगुरुश्चोद्गाहनीयः ॥

**लाभमंत्र :**

"ॐ ह्रीँ नमो अरिहंताणं अरे अरिणि (अरिणि) मोहिणि मोहिणि मोहय मोहय स्वाहा ॥" लाभमंत्रः, १०८ वारजापः ॥

**वशीकरणमंत्र :**

ॐ ह्रीँ अरिहंताणं अरे अरिणि अरिणि मोहिणि मोहिणि सर्वं मम वशीकुरु वशीकुरु स्वाहा ॥" १०८ जापः ।

**मोहनमंत्र :**

"ॐ नमो अरिहंताणं अरे अरिणि मोहिणि अमुकं मोहय मोहय स्वाहा ॥"

खटिकया श्रीखण्डेन वा इदं यंत्रं लिखित्वाऽमुना मंत्रेण श्वेतपुष्पैं श्वेताक्षतैर्जपेत्, यमाश्रित्य जापः क्रियते स वश्यो भवति ॥

**लाभकरमंत्र :**

"ॐ नमो अरिहंताणं अहो ! अहं स्वाहा ॥"

अनेन वार १०८ स्मृतेन कायोत्सर्गस्थस्य स्वस्य वाह्योरूद्धीभवनम् ॥

**घण्टाकर्णमंत्र :**

"ॐ घण्टाकर्णो महावीरः सर्व व्याधिविनाशनः ।

विस्फोटकभये प्राप्ते रक्ष रक्ष महाबल ! ॥"

भूर्जे कुङ्कुम-गोरोचनया जातिलेखिन्या कूपस्य नद्या वा तटे उपविश्य लिखेत् । ततोऽनेन द्वितीयमंत्रेण –

**स्फोटकविस्पतानिवारणमंत्र :**

"ॐ नमो अरिहंताणं ह्राँ स्वाहा, ॐ नमो सिद्धाणं ह्रीँ स्वाहा, ॐ नमो आयरियाणं हूँ स्वाहा, ॐ नमो उवज्झायाणं ह्रौँ स्वाहा, ॐ नमो लोए सव्वसाहूणं हूँः स्वाहा ॥"

सुगन्धिपुष्पैं १०८ जापं दत्त्वा कषायवस्त्रेण रक्षां वेष्टयित्वा स्फोटकसंजातपात्रस्य गले बाहोर्विबद्धयते, स्फोटकाः विरूपा न भवन्ति, विरूपा अपि भव्यां भवन्ति ।

**विघ्नक्षयङ्करमहामंत्र :**

"ॐ ह्रीँ नमो अरिहंताणं ५ ॥"

**विघ्नक्षयङ्करमहामंत्र :**

"ॐ ह्रीँ ह्रीँ हूँ ह्रौ नमो अरिहंताणं -ऐवं ५ ॥"

द्वावपि महामंत्रौ विघ्नक्षयाय सिद्धौ ॥

**सर्वार्थसिद्धिकरी विद्या :**

"ॐ ह्रीँ ह्रीँ हूँ ह्रौं ह्रः अ सि आ उ सा स्वाहा ॥ सर्वार्थसिद्धिः ॥

**शुचिविद्या :**

"ॐ नमो अरिहंताणं ॥"

**सर्वरक्षामंत्र :**

"ॐ नमो अरिहंताणं, ॐ नमो सिद्धाणं, ॐ नमो आयरियाणं, ॐ नमो उवज्झायाणं, ॐ नमो लोए सव्वसाहूणं, एसो पंचनमुक्कारो, सव्वपावप्पणासणो, मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॐ ह्रीँ हूँ फट् ॥" सर्वरक्षामंत्रमिदम् ।

**चौरभयनिवारणमंत्र :**

"ॐ नमो अरिहंताणं धणु धणु महाधणु स्वाहा ॥"

एनं मंत्रं खललाटे ध्यायेत्, चौरस्तम्भो भवति । तथैनं खटिकया लिखित्वा वामहस्तेन (?) भङ्क्त्वा मुष्टिर्बध्यते । वामहस्ते धनुरस्तीति ध्येये चौरा मंत्रिणं न पश्यन्ति, स चौरान् पश्यति ॥

**स्वप्नविद्या :**

"ॐ ह्रीँ अर्हं नमः इवीँ ह्रीँ स्वाहा ॥"

चन्दनेन हस्तौ लिप्त्वाऽयं मंत्रो जप्तः १०८ रात्रौ शयितस्य स्वप्ने शुभाशुभं कथयति ।

**चतुर्थफलमंत्र :**

"ॐ अर्हं अ सि आ उ सा नमो अरिहंताणं नमः ॥"

एवं हत्पुण्डरीके जपेत् १०८ चतुर्थफलमासादयति ।

**स्वप्नविद्या :**

"ॐ गुरुभ्यो नमः, ॐ परमगुरुभ्यो नमः ॥"

इति मंत्रादौ पठित्वा सर्वमंत्रेण तैलं १०८ परिजप्य मुखाभ्यङ्गे सुप्तस्य स्वप्नो भवति, तपोविशेषश्च कार्यः । तैलशालिगन्धमूलं धृष्टा तैलमध्ये क्षिप्त्वा तेन मुखाभ्यङ्गे परस्यापि स्वप्नः ॥

**प्रत्यङ्गारोपणमंत्र :**

"ॐ ह्रीँ अर्हं निर्वृताय नमः ॥" प्रत्यङ्गारोपणमंत्रः ॥

**लक्ष्मीप्राप्तिमंत्र :**

"ॐ ह्रीँ हूँ अर्हं नमो अरिहंताणं ह्रीँ नमः ॥"

त्रिसन्ध्यमष्टोत्तरशतं श्वेतपुष्पैरेकान्तस्थाने जापेन क्रियमाणेन सर्वसंपत्करी लक्ष्मीर्भवति ।

**सर्वाभ्युदयमंत्र :**

"ॐ ह्रीँ श्रीँ इँ ऐँ अर्हं अर्हं क्लीँ ब्लूँ ब्लूँ नमः ॥"

सर्वाभ्युदयहेतुः परमेष्ठिमयोऽयम् ॥

**शत्रुनिवारणमंत्र :**

"ॐ ह्रीँ श्रीँ अमुकं दुष्टं साधय साधय असिआउसा नमः ॥"

वार १०८ जापे शत्रुरुपशाम्यति ।

**सर्वरोगहरमंत्र :**

ॐ नमो आमोसमहिपत्ताणं, ॐ नमो खेलोसहिपत्ताणं ॐ नमो जल्लोसहिपत्ताणं स्वाहा ॥" कला(ल)पानीयं सर्वरोगहरणम् ॥

**व्रणस्वास्थ्यमंत्र :**

"जिणाणं जावयाणं न य पूई न सोणियं एएण सच्चवाएण वणं मा पच्चओ मा दुःखओ मा फुट्टओ स्वाहा, ॐ ठः स्वाहा ॥"

रक्षामभिमंत्रय नवव्रणे पुनः लगाड्यते खड्गादिघातेषु धृतं रक्षां वाऽभिमंत्रय दीयते पीडाऽपि न भवति, द्रुतं व्रणं सज्जं भवति ॥

**विषहरमंत्र :**

"ॐ ह्रीँ पञ्चपरमेष्ठिने नमः ॥"

अयं मंत्रो धवलध्यानपूर्वं दष्टव्रणे वार २१ विधिना जप्ते विषमपहरति श्रीपार्श्वनाथस्मरणपूर्वम् ॥

**रोगनिवारणमंत्र :**

"ॐ नमो अरिहंताणं, ॐ नमो सिद्धाणं, ॐ नमो आयरियाणं, ॐ नमो

उवज्झायाणं, ॐ नमो लोए सव्वसाहूणं, ॐ नमो आमोसहिपत्ताणं, ॐ नमो खेलोसहिपत्ताणं, ॐ नमो विप्पोसहिपत्ताणं, ॐ नमो सव्वोसहिपत्ताणं एएसिं नमोक्कारं किच्चा जमियं विज्जं पउंजामि सा मे विज्जा पसिज्झउ स्वाहा ॥"

रोगविमुक्तये वासाद्यमिमंत्रणम्॥

(आदर्शे हांशिया-टिप्पण्यां लिखितमिदम्-

"नमोऽस्तु गुरुचन्द्राय यत्करस्पृष्टमूर्धनि ।

आविर्भवति भव्येऽस्मिन्नधि वाक्यसुधार (स)म् ॥")

निस्सेससाइणी-गहविणासणी जिणवरेहिं णिद्दिट्ठा ।

णवयारपंचसहियाण ओलीविज्जा पउंजेह ॥

**ओलीविद्या :**

"ॐ नमो अरिहंताणं, ॐ नमो सिद्धाणं, ॐ नमो आयरियाणं, ॐ नमो उवज्झायाणं ॐ नमो लोए सव्वसाहूणं, ॐ ह्रीं नकुलीनाम् ॥"

**स्वप्नविद्या :**

"ॐ नमो भगवते चन्द्रप्रभाय, लब्धानन्तचतुष्टयाय, ह्रीँ श्रीँ क्लीँ ह्सौँ अ सि आ उ सा नमः ॥" रात्रित्रयजापादादेशः ॥

**विसूचिकास्तम्भनमंत्र :**

"ॐ नमो भगवते नमो अरिहंताणं, नमो जिणाणं, ह्राँ ह्रीँ ह्रूँ ह्रैँ ह्रः अप्रतिचक्रे फट् विचक्राय ॐ ह्रीँ ह्रीँ ह्रूँ अ सि आ उ सा झ्रौँ झ्रौँ स्वाहा ॥" वार १०८ ज्वरस्तम्भनं करोति ॥

**ज्वरस्तम्भनमंत्र :**

"ॐ नमो भगवते नमो अरिहंताणं, नमो ओहिजिणाणं ह्रीँ ह्रीँ ह्रूँ ह्रूँ ह्रः अप्रतिचक्रे फट् विचक्राय ह्रीँ अ सि आ उ सा झ्रौँ झ्रौँ स्वाहा ॥" वार १०८ ज्वरस्तम्भनं करोति ॥

**गगनगमनमंत्र :**

'ॐ आदि 'ह्रीँ हीन:' 'पञ्चबीजै:' तत: 'सर्वसिद्धयै नम: ॥'

पुष्पलक्ष १ जाप: वृक्षे सिक्ककं कृत्वा १०८ तणी वद्धं, तत्रारूढो अग्निकुण्डे होमयेत्, एकधा तेन पादास्त्रोट्यन्ते खे गमनम् ।

"ॐ ह्राँ ह्रीँ हूँ हूँ ह्र: अ सि आ उ सा सर्वसिद्धयै नम:"

**महामंत्र :**

इच्छामि । इच्छाकारेण संदिसह भगवन् ! महामंत्रतणी स्मरणा करिसिउं -

"नमो अरिहं... हवइ मंगलं नवकारमंत्र जपेत् ।

ॐ क्ष्रीँ रीँ रीँ नमो अरिहंताणं, ॐ क्ष्रीं रीँ रीँ नमो सिद्धाणं ॐ क्ष्रीं रीँ रीँ नमो आयरियाणं, ॐ क्ष्रीँ रीँ रीँ नमो उवज्झायाणं, ॐ क्ष्रीँ रीँ रीँ नमो लोए सव्वसाहूणं ।" एवं

"ॐ नमो भगवते श्रीपुण्डरीकप्रथमगणधर

– प्रथमसिद्धसंसिद्धसंसिद्धसुहारिसहो असुहो संसिद्धि (?) स्वाहा ३ ।"

4 4 4 4 4 4 4 4 4 4

## श्री वर्धमान विद्या मंत्र

**वेरनां वमळमांथी साभार**
**मुनिश्री भद्रसेन विजयजी म.सा.**

**ॐ नमो अरिहंताणं, ॐ नमो सिद्धाणं, ॐ नमो आयरियाणं, ॐ नमो उवज्झायाणं, ॐ नमो लोए सव्वसाहूणं, ॐ नमो ओहिजिणाणं, ॐ नमो परमोहिजिणाणं, ॐ नमो अरहओ भगवओ महावीरस्स सिज्जउ मे भगवई महई महाविज्जा वीरे वीरे महावीरे जयवीरे सेणवीरे वध्धमाणवीरे जयंते अपराजिए ॐ ह्रीँ अणिहये ठ: ठ: ठ:स्वाहा ॥**

આ વિદ્યા અતિશયવાળા (તીર્થ ક્ષેત્રવાળા) ચૈત્યમાં વાચનાચાર્ય અને પ્રવર્તિનીને શુભ દિવસે આપવી, જે તમને બધા કાર્યો સિદ્ધ કરનારી નિવડે છે.

## સર્વ કાર્યસિદ્ધ મહાપ્રભાવિક યંત્ર

❖ ॐ तारे तारे वीरे, ॐ तारे वीरे वीरे ह्रीँ फट् स्वाहा ।

આ મહા પ્રભાવિક મંત્ર રવિવારે સૂર્યોદય વખતે ભોજપત્ર ઉપર અષ્ટગંધથી લખીને પછી તેના સાડાબાર હજાર જાપ કરવા, રોજ એક માળા ગણવી ને એક ગાંઠ વાળવી, સર્વ કાર્ય સિદ્ધ મંત્ર છે. ચૌદ પૂર્વનો સાર છે.

## અભયદેવ સૂરિશ્વર રચિત
## સૂરિ મંત્ર

**ॐ सिद्धि ॐ सव्व सिद्धि, ॐ ह्रीँ नमो ओहिजिणाणं, ॐ ह्रीँ नमो परमोहीजिणाणं, ॐ ह्रीँ नमो अणंतोहिजिणाणं ॐ ह्रीँ नमो अणंताणंतोही जिणाणं ॐ ह्रीँ नमो केवली जिणाणं, ॐ ह्रीँ नमो भवत्थ केवली जिणाणं, ॐ ह्रीँ नमो अभवत्थ केवलीणं, ॐ ह्रीँ नमो उग्गतव चरण चारिणं, ॐ ह्रीँ नमो चउदसपुव्वीणं, ॐ ह्रीँ नमो दसपुव्वीणं, ॐ ह्रीँ नमो एगारस अंगीणं, सव्वे सो पिए एसं मम कारं किच्चा जमियं सिज्जं पउंजामि सामे तिज्जा पसिज्जाउ भो भगवउ बाहुबलिस्स पन्ना समणस्स सिज्जउ मे भगवइ महइ महाविज्जा ॐ वग्गु वग्गु निवग्गु निवग्गु समण सोमणसो मेह महुरे इरि इरि किलि किलि, गीरि कालिं सिरि कालिं, हिरि कालिं महाकालिं, आयग्यि कालिं स्वाहा, ॐ अरि अरि, कालिं कालिं, किरि, किरि, कालिं कालिं स्वाहा, ॐ णं द्रीं श्रीं इरि मेरु, किरि मेरु, गिरि मेरु, पीरि मेरु, हिरी मेरु, सिरि मेरु, आयरिय मेरु अहम सव्व सिद्धि कुरु कुरु स्वाहा ॥**

લોગસ્સનો મહાન પ્રભાવિક મંત્ર.

**ॐ ह्रीँ श्री ऐं लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे जिणे । अरिहंते कित्तइस्सं, चउवीसंपि केवली मम मनो वांच्छित' कुरु कुरु ॐ स्वाहा॥**

**વિધિ :** રાત્રિના ચાર વાગે ઉઠીને એક માળા ગણવી, મનની ઈચ્છાઓ સફળ થાય.

**તા.ક.:** બીજા યંત્રમાં એક ગાથાને સ્થાને પાંચ ગાથા લખવી હોય તો તેના એકવીસ કોઠા કરવા.

## ચક્રેશ્વરીદેવીના મંત્રો

❖ **ॐ ह्रीँ श्रीं चक्रेश्वरी चक्रवासणी चक्रधारिणी चक्रवेगेन मम उपद्रव**

**हनहन शांति कुरु कुरु स्वाहा ।**

(આ મંત્ર એકવીસ દિવસ સુધી ત્રિકાળ ગણવો રોજની દશ માળા ફેરવવી. પછી નિત્ય એક ફેરવવી. દરેક ઉપદ્રવોની શાંતિ તેમ જ મહાન્ લાભને આપનાર છે.)

❖ **ॐ ह्रीं श्रीं क्लीं चक्रेश्वरी मम रक्षां कुरु कुरु स्वाहा ।**

(રાતના સુતી વખતે રોજ પાંચ માળા ગણવી, રક્ષણ થાય છે.)

❖ **ॐ ह्रीं श्रीं क्लीं कलिकुंड दंडस्वामिन् आगच्छ, आगच्छ, आत्म मंत्रान् रक्ष रक्ष पर मंत्रान् छिन्द छिन्द, मम सर्वं समिहितं कुरु कुर हुँ फट् स्वाहा ।**

(માગશર વદ દશમને રવિવારે (ગુજરાતી) આ મંત્રની સાધના કરવી. ગુરૂ પાસે મંત્ર શીખી લઈ સવારના સ્નાન કરી પૂર્વ દિશા સન્મુખ બેસી શ્રી પાર્શ્વનાથ પ્રભુની તથા બાજુમાં શ્રી ચક્રેશ્વરીની મૂર્તિ અથવા આકર્ષક છબી રાખી અષ્ટ પ્રકારની પૂજા કરી રોજની એક માળા છ મહિના સુધી ગણે તો ચક્રેશ્વરી વરદાન આપે.

❖ **ॐ श्रीं चक्रेश्वरी देवी चक्रहस्ते मम विघ्नं हरय हरय ।**

(આ મંત્ર રોજ સવારના ગણવાથી વિઘ્ન નાશ થાય છે. દશ માળા ગણવી.)

❖ **ॐ नमो आदेश गुरुको ॐ श्रीं ह्रीं चक्रेश्वरी शंखचक्रगदाधारिणी मम स्वप्ने दर्शय दर्शय कुरुकुरुस्वाहा ।**

**વિધિ :** આ મંત્ર દર ગુરુવાર, શુક્રવાર, શનિવાર આ ત્રણ વારે જ આરાધિ સિધ્ધિ કરી શકાય છે ચક્રેશ્વરી માતાની મૂર્તિ અથવા છબી પૂર્વ દિશા તરફ રાખી આપણું મુખ પૂર્વ દિશા તરફ રાખવું. રાતના દશ માળા રોજ ગણવાની પણ સ્થાપના સવારના જ કરી લેવી ત્રણે દિવસ ખીર જ ખાવાની. તે પણ માતાને ધરવી. તે ખીર બીજાને આપી દેવી. બાકીની પોતે ખાવી રાતના માળા ગણતા પહેલાં ચક્રેશ્વરી દેવીની પૂજા કરવી-દીવો અખંડ રાખવો, ગુગળનો ધૂપ કરવો, તેની સન્મુખ એક આંબાનો પાટલો મુકી, તેની ઉપર એક સફેદ શુદ્ધ કાપડનો કકડો મૂકવો ને તે કકડામાં આંઠ પાંખડીવાળું કમળ કંકુથી ચિતરવું, તેના ઉપર કોરો પાણીનો ઘડો શ્રીફળ


॥ શ્રી સરસ્વતી દેવીને નમઃ ॥

સહિત લીલા કપડા વડે નાડા છડીથી બાંધવો. ઘડા ઉપર કંકુના સાથીયા કરવા ને પાટલા ઉપર સાથીયો કરીને તેની ઉપર ઘડો મૂકવો. લીલું આસન, લીલા કપડાં, લીલી માળા રાખવી. રાતના સૂતી વખતે સાત તાલી વગાડીને જે વસ્તુની ઈચ્છા હોય તેની માંગણી કરી સૂઈ જવું, બ્રહ્મચર્ય પાળવું ત્રણ દિવસ આ પ્રમાણે કરવું.

❖ **ॐ ह्रीं श्रीं क्लीं ब्लूं ऐं त्वं चक्रेश्वरी मम स्वप्ने मनो इच्छितं कथय कथय स्वाहा ॥**

**વિધિ :** રવિવારે રાતના ૨૭ માળા ગણવી. ધૂપ દીપ, પ્રગટાવવા. ગુલાબ, મોગરો, અગર, ચમેલીના પુષ્પો ચડાવવાં, અત્તર ઉચ્ચ જાતનું વાપરવું, ચક્રેશ્વરી દેવીનો ફોટો સામે રાખવો, સાત દિવસ સુધી રોજ સતાવીશ માળા ગણવી. ભુત ભવિષ્ય, વર્તમાન બધો ખુલાશો કરશે. સવાલોના જવાબો પણ આપશે. દિશા પૂર્વે યા ઉત્તર રાખવી. સટ્ટાના જવાબ પણ આપશે.

❖ **ॐ नमो चक्रेश्वरी चिन्तित कार्य कारिणी मम स्वप्ने श्रुताश्रृत कथय कथय दर्शय दर्शय स्वाहा ॥**

**વિધિ :** શુભ યોગમાં શુભચંદ્રમાં જાપ શરૂ કરવા. ૧૨૫૦૦ સાડાબાર હજાર જાપ પુરા થયા પછી રોજ એક માળા ચાલુ કરવી સ્વપ્રામાં જવાબ આપશે.

❖ **ॐ नमो चक्रेश्वरी वैरोट्या उच्चत्था माणिभद्र यक्षाय ह्रीं ह्रीं हूं ॐ क्लीं श्रुताश्रुतं मम स्वप्ने दर्शय दर्शय कथय कथय स्वाहा ॥**

સ્વપ્રમાં જવાબ આપે. વિધિ ઉપર મુજબ.

## પદ્માવતીદેવીના મંત્રો

❖ **ॐ धरणेन्द्रपद्मावती सहिताय पार्श्वनाथाय भक्ताय शिघ्र गति सहिताय ममदुखं निग्रह निग्रह स्वाहा ।**

આ મંત્રની પાર્શ્વનાથ પ્રભુના જન્મ કલ્યાણકને દિવસે દશ માળા ગણવી પછી રોજ એક માળા ગણવાથી આપત્તિ મટી જાય છે.

❖ ॐ ह्रीं श्रीं क्लीं श्री पार्श्वनाथाय नमः पद्मावती सहिताय नमः धरणीधर पूजायै नमः मम महालक्ष्म्यै देहि देहि फट् स्वाहा ।
(ત્રિકાળ એક માળા ગણવી.)

❖ ॐ नमो धरणेन्द्र पद्मावती सहिताय श्रीं क्लीं ऐं अर्हं नमः ।

સારા દિવસે, સારા યોગે, રોજની દશ માળાથી શરૂ કરવી. ચાલીસ દિવસ સુધી ગણવી લાલ માળાથી ગણવી પછી રોજ એક માળા ગણવી.

❖ ॐ नमो भगवते श्री पार्श्वनाथाय भक्ति परेण धरणेन्द्रेण प्रिय देवी श्री पद्मावती मम वाञ्छितं लक्ष्मी कुरुकुरुस्वाहा ।

પીળી માળા, પીળું આસન, પીળાં કપડાં, સારા દિવસે, સારા યોગે જાપ શરૂ કરવા સાડા બાર હજાર જાપ પુરા કરવા પછી રોજ એક માળા ફેરવવી.

❖ ॐ ह्रीं श्रीं धरणेन्द्र पद्मावती सहिताय श्री शंखेश्वर पार्श्वनाथाय नमो नमः

અઠમનો તપ કરી સાડા બાર હજાર જાપ કરવા પછી રોજ ત્રિકાળ એક એક માળા ગણવી ચિંતામણી સમાન સર્વ વિઘ્ન હરનાર છે.

## શ્રી પદ્માવતી પ્રત્યક્ષ મંત્ર

❖ ॐ आँ क्रौं ह्रीं ऐं क्लीं ह्रौं पद्मावत्यै नमः ॥

**વિધિ :** પદ્માવતી દેવીને પ્રત્યક્ષ બોલાવવા માટે સવા લાખ જાપ કરવા અને સાડા બાર હજાર જાપ કરવાથી સ્વપ્નમાં દર્શન દે છે. શુદ્ધ ચારિત્ર પાળવું.

❖ ॐ आँ क्रौं ह्रीं ऐं क्लीं ह्रां देवी श्री पद्मावती त्रिपुर कामसाधनी दुर्जनमति विनाशिनी त्रैलोक्य क्षोमिणी श्री पार्श्वनाथ उपसर्ग निवारिणी क्लीं क्लीं मम दुष्टान् हन हन क्लीं क्लीं मम सर्वकार्याणि साधय साधय कुरुकुरुस्वाहा ॥

**વિધિ :** અઠમનો તપ કરી સાડા બાર હજાર જાપ કરવા પછી રોજ એક માળા ફેરવવી, સર્વ કાર્ય સિદ્ધ થાય, આ સત્ય વસ્તુ છે સંદેહ રાખવો નહિ. બ્રહ્મચર્ય પાળવું.

## સરસ્વતિદેવીના મંત્રો

❖ **ऐं नमः** આ ત્રણ અક્ષરનો મંત્ર મહા પ્રભાવિક છે રોજ ત્રિકાળ દશ દશ

માળા ગણવાથી જરૂર વિદ્યા ચઢે છે. સફેદ માળા રાખવી.

❋ **ॐ ह्रीं अर्हं नमो बिय वुद्धिणं, ॐ ह्रीं नमो भगवती गुणवती महामानसी स्वाहा**

એક કરોડ જાપ મૌન પણે કરવાં. (પ્રાતઃકાળે બ્રાહ્મી મુહુર્તમાં રોજ પાંચ પાંચ માળા ગણવાથી મહાબુદ્ધિમાન થાય છે.) સિદ્ધિ કરવાથી સરસ્વતી પ્રત્યક્ષ થાય છે.

❖ **ॐ ऐं श्रीं सौं क्लीं वद् वद् वाग्वादिनी ह्रां सरस्वत्यै नमः**

(વિધિ ઉપર મુજબ)

❋ **ॐ ह्रीं चउद्दस पुव्वीणं, एकादशअंगाण धारिणं, अट्ठावीसलद्धीण, केवली सदृश मम विद्यां देहि मम तिमिर हरय हरय ज्रौं ज्रौं स्वाहा**

આ મંત્ર સારા દિવસે, સારા યોગે બેતાલીસ દિવસ સુધી પીળા વસ્ત્ર પહેરી પીળી માળાથી પીળા આસન ઉપર બેસી પૂર્વ દિશા તરફ સરસ્વતી દેવીની મૂર્તિ અથવા છબી સન્મુખ બેસી સવા લાખ જાપ કરવા પછી રોજ એક માળા ગણવી.

❋ **श्री तीर्थंकर गणधर प्रसादात् एषः योगः फलतु ।**

આ પદ શરૂઆતમાં એક વખત બોલી પછી નીચેના મંત્રની માળા ગણવી.

**ॐ ह्रीं चउदस्स पुव्वीणं,**
**ॐ ह्रीं पयाणु सारीणं,**
**ॐ ह्रीं एगारसंगधारीणं,**
**ॐ ह्रीं उज्जमइणं,**
**ॐ ह्रीं विउल मईणं स्वाहा.**

ઉપરના પાંચે પદો દરેક પારે પારે ગણવા, સવારના બ્રાહ્મી મુહૂર્તે સ્નાન કરી સફેદ ધોએલા સ્વચ્છ વસ્ત્ર પહેરીને પવિત્ર અંગે સ્ફટિકની માળાથી દરરોજ ત્રિકાળ એક માળા ગણવાથી સરસ્વતી પ્રસન્ન થાય છે અને ઘણી વિદ્યા ચઢે છે.

આ સરસ્વતી મહાવિદ્યા છે સાક્ષાત્ સરસ્વતી પ્રસન્ન થાય છે અનુભવસિધ્ધ સત્ય છે.

❖ ॐ ह्रीं श्रीं क्लीं वाग्वादिनी देवी सरस्वती मम जिह्वाग्रे वासं कुरुकुरु स्वाहा ।

विधि : રોજ ત્રિકાળ એક માળા ગણવી.

❖ ॐ ह्रीं श्रीं श्रीं श्रूं श्रः हं तं यः यः ठः ठः ठः सरस्वती भगवती विद्याप्रसाद कुरुकुरुस्वाहा ॥

સરસ્વતી દેવીની છબી સન્મુખ સફેદ માળા, સફેદ વસ્ત્ર પહેરી, ૨૧ દિવસ સુધી રોજ ૧૦૦૮ જાપ કરવા.

❖ ॐ ह्रीं श्रीं क्लीं ब्लूं ऐं नमः ॥

**રોજ દશ માળા ફેરવવી. વિદ્યા ચડે.**

❖ ॐ ह्रीं अ सि आ उ सा नमो, अर्हं वादिनी सत्यवादिनी वाग्वादिनी वद वद् मम वक्त्रे कंठे वचया सत्त्यं ब्रूहि ब्रूहि सत्यं वद् अस्खलि। प्रचारा सदैव मनुजाः सुर सदृशी ह्रीं अर्हं ॐ असि आ उ सा नमः॥

विधि : આ મંત્ર એક લાખ વાર જાપ કરવો તથા સિદ્ધ કરવો જ્યારે અભ્યાસ કરવા બેસે ત્યારે ૨૧ વખત બોલી અભ્યાસ કરવા બેસવું, તુરત વિદ્યા ચડે, પરીક્ષા આપવા જતી વખતે ૧૦૮ વાર ગણીને જાય તો પરીક્ષામાં પાસ થાય તેમ જ વાદીઓમાં જીત થાય.

❖ ॐ ह्रीं श्रीं क्लीं उच्चीष्ट चांडाली मातंगी सर्वजन वशीकरी स्वाहा॥

विधि : માલકાકણીનું તેલ એક ટીપાથી ચાર ટીપા સુધી લઈ. આ મંત્ર વડે તેલ મંત્રી પીવાથી વિદ્યા ચડે.

❖ ॐ ह्रीं श्रीं क्लीं ऐं हंसवाहिनी मम जीह्वाग्रे आगच्छ आगच्छ वासं कुरु कुरुस्वाहा ।

કાળી ચૌદશ, પર્યુષણ તથા આયંબીલની ઓળીમાં ૧૨૫૦૦ સાડા બાર હજાર જાપ કરવા. લાલ વસ્ત્ર પહેરવું, રવિવારના દિવસે સારા ચોઘડીએ સરસ્વતી દેવીના ફોટાનું વાસક્ષેપથી પૂજન કરવું. ધૂપ, દીપ પ્રગટાવવા. પોતાનું નામ લખી મૂકવું, પાંચ વખત મંત્ર બોલી આંખે હાથ લગાડવો.

❖ ॐ नमो दस पुव्वीणं ज्रौं स्वाहा ।

સૂર્યાસ્ત સમયે ૮૦ દિવસ સુધી રોજ એક માળા ગણવી, એકાંતરે ઉપવાસ કરવો, શાસ્ત્રનો જાણકાર થાય, મહામૂર્ખ પણ વિદ્વાન થાય.

❖ ॐ ऐं ह्रीं स्त्रीं वद वद वाग्वादिनी भगवती सरस्वत्यै नमः ।

વિધિ : હંમેશાં ત્રિકાળ એક એક માળા ગણનારને જરૂર વિદ્યા બહુ ચડે છે.

## વ્યાખ્યાન શ્રેષ્ઠ રીતે આપી શકે તેનો મંત્ર

❖ ॐ नमो काली चीडी कुलकुलकरे धोली उडे आकाश फीर आवे पास शत्रुनाश धवा रहे संसार न करे उकाश वीर वैताल करे प्रकाश ठः ठः ठः स्वाहा ।

વિધિ : વ્યાખ્યાનમાં પાટ ઉપર બેસતી વખતે સાત વખત બોલવો.

❖ ॐ ज्रौं ज्रौं शुद्धिंबुद्धिं प्रदेहि श्रृतदेवी मर्हत तुभ्यं नमः ॥

રોજ એક માળા ત્રણે કાળ જપે તો વ્યાખ્યાન ભાષણ સારી રીતે કરી શકે. વ્યાખ્યાન કરતાં પહેલાં સાત વખત મનમાં મંત્ર ગણવો. તો સારૂં વ્યાખ્યાન આપે. આ મંત્ર હીંગલો તથા સુરભીગંધે, કાગળમાં લખી ચીઠ્ઠી પાટ પાસે રાખે, પછી વ્યાખ્યાન કરવું. મંત્રના સાડા બાર હજાર જાપ કરવા. અજવાળિયાના ગુરુવારથી શરૂ કરવા.

## શ્રી લક્ષ્મીદેવી મંત્ર

❖ ॐ श्रीं ह्रीं क्लीं महालक्ष्म्यै नमः

રોજ પાંચ માળા પીળી માળાથી ગણવી.

❖ ॐ ह्रीं श्रीं क्लीं नमः ॥

રોજ પાંચ માળા પીળી માળાથી ગણવી.

❖ ॐ ह्रीं अर्हं नमः विशायंत्र धारिणी लक्ष्मीदेवी मम वाञ्छियं पूरय पूरय कुरु कुरुस्वाहा ॥

એકાસણાનો તપ કરી પીળી માળાથી રોજ દસ માળા ફેરવવી.

એકવીશ દિવસ સુધી જાપ કરવા પછી રોજ પાંચ માળા ફેરવવી. આ શ્રેષ્ઠ મંત્ર છે.

❖ **ॐ ह्रीं श्रीं क्लीं ब्लूं नमिऊण सुर असुर गरूड भूजंग परिवंदिये गए किलेसे अरिहे सिद्धायरिए उवज्झाये सव्वसाहूणं नमः स्वाहा॥**

વિધિ : આ ગાથા શુદ્ધ ઉચ્ચારપૂર્વક શીખવી. કામ પડે ત્યારે તિથિ ૫-૧૦-૧૫ રવિ પુષ્ય, રવિ હસ્ત, રવિ મૂળ, ગુરુ પુષ્ય આ નક્ષત્રો લઈ ૧૨૫૦૦ સાડા બાર હજાર જાપ કરવા, જાપ શરૂ કરો તે દિવસે તથા જાપ પૂરા થાય તે દિવસે બંને દિવસોએ ઉપવાસ કરવો. સફેદ માળા, સફેદ વસ્ત્રથી, એકાગ્રચિતે માળા ગણવી. મનોવાંછિત સિદ્ધિ થાય, એકાએક અણધારી રીતે અચૂક લાભ થાય ૨૧ વાર ભણવાથી દુષ્ટ ભય દૂર થાય છે. ભવનપતિ દેવતા પ્રસન્ન થાય છે. એકાંતવાસમાં શુભ યોગે પ્રારંભ કરવો. પછી રોજ એક માળા ગણવી.

❖ **ऐं नमः उच्छिष्टं चांडालिनी मातंगी सर्वभूत वश्यंकरी स्वाहा ॥**

સર્વ ઇચ્છિત કાર્ય સિદ્ધિ, આકર્ષણ મહામંત્ર, સાડા બાર હજાર જાપ શુભયોગમાં કરવા પછી એક માળા ગણવી.

**श्री तीर्थंकर गणधर प्रसादात् एषः योगः फलतु ।**

❖ **ॐ ह्रीं वीयबुद्धिणं, ॐ ह्रीं कुट्ठवुद्धिणं, ॐ ह्रीं संभिन्नसोआणं, ॐ ह्रीं अक्खीणं महाणस्स लद्धिणं, सव्वलद्धिणं नमः स्वाहा ॥**

વિધિ : આ મહામંત્રનો ત્રણ ઉપવાસ - અઠ્ઠમ કરીને સાડા બાર હજાર (૧૨૫૦૦) જાપ કરવા, બની શકે તો દૂધ, ઘી, સાકર, ચોખા અને રોટલીનું એકવાર ભોજન કરવું અને ઉકાળેલું પાણી પીવું. આ મહામંત્રનો જાપ કરતી વખતે પીળા કપડા, પીળું આસન, પીળી માળા રાખવી, સાડા બાર હજાર જાપ પૂરા થયા પછી હંમેશા ૧૦૮ વાર જાપ કરવો જેથી ધન સંપત્તિ, પુત્ર, પરિવારનું સંપૂર્ણ સુખ મળે.

❖ **ॐ नमो भगवओ गोयमस्स, सिद्धस्स, बुद्धस्स, अक्खीणमहाणस्स, लद्धिसंपन्नस्स, भगवन् भास्कर मम मनोवांछितं कुरुकुरुस्वाहा॥**

મુસાફરીએ જતાં ને ગામમાં પ્રવેશ' કરતાં આ મંત્ર બોલવાથી (૧૦૮

વાર ગણવાથી) મનોવાંછિત કાર્ય સિધ્ધ થાય.

**चउवीस तीर्थंकरतणी आण, पंच परमेष्ठीतणी आण, चउवीस तीर्थंकरतणी तेजी, पंच परमेष्ठीतणी तेजी, ॐ ह्रीं अर्हं उत्पत्तये स्वाहा ॥**

**વિધિ :** રવિપૂષ્યનો યોગ આવે ત્યારે સંધ્યાના સમયે સ્નાન કરીતેલ, ચુઆ, ચંદન, વગેરેનું શરીરે વિલેપન કરી, ગાત્ર પવિત્ર કરી, સુગંધીદાર ફૂલની માળા પહેરી, જ્યાં સ્ત્રીનો સંઘટ્ટો ન થાય એવા એકાંત સ્થાનમાં આવી, પવિત્ર લીંપણ કરાવી, તેના ઉપર ઉભા રહી, પૂર્વ દિશા સન્મુખ ઉભા રહી, સ્ફટિકની માળાથી ૧૦૮ વાર મંત્ર ભણી, પછી દક્ષિણ દિશા તરફ ઉભા રહી ૧૦૮ વાર મંત્ર ભણી, પછી પશ્ચિમ દિશા તરફ ઉભા રહી ૧૦૮ વાર મંત્ર ભણી, પછી ઉત્તર દિશા તરફ ઉભા રહી ૧૦૮ વાર મંત્ર ભણી લેવો. આ પ્રમાણે વિધિ કર્યા પછી જે કાર્ય મનમાં ધાર્યું હોય તે ચિંતવીને અડધી રાત્રી વિતી ગયા બાદ સંથારે સુઈ રહેવું. પાછલી રાત્રિની બે ઘડી બાકી રહે ત્યારે સ્વપ્ન દેખે. સ્વપ્નમાં જે કાર્ય ચિંતવ્યું હોય તેના શુભાશુભ ફળની જાણ થાય, ત્યારબાદ જાગી જવું પરંતુ સુવું નહીં.

## "લક્ષ્મી પ્રાપ્તી મંત્ર"

**ॐ ह्रीं श्रीं क्लीं क्रौं ॐ घंटाकर्ण महावीर**

**लक्ष्मी पूरय पूरय सुख सौभाग्य कुरु कुरु स्वाहा ॥**

પહેલે દિવસે ચાલીસ માળા, બીજે દિવસે બેતાલીસ માળા અને ત્રીજે દિવસે તેંતાલીસ માળા ઘંટાકર્ણના લક્ષ્મી મંત્રની ગણવી, ધનતેરસ, કાળીચૌદશ અને દિવાળી.

## શ્રી માણિભદ્ર મંત્રો

ઉત્તર દિશા... લાલ માળા

**ॐ ह्रीं, श्रीं, क्लीं, क्लां, नमो नमः स्वाहा, ॐ माणिभद्राय, महा प्रचंडाय, डमरुकसलाय गाजत आवे, घोरंत आवे, गाजंत आवे, धोरत आवे, बीजे जिम चमकत आवे, सहस्त्र यज्ञ, जेक्ष, सहस्त्र यक्षजेक्ष दे, ओंकार शब्द देहि देहिसे स्वाहा ।**

રોજની એક માળા ગુરુવારથી શરૂ કરવી, આ મૂલ મંત્ર છે.

## નવગ્રહોનો સંયુક્ત મંત્ર :

❖ ॐ श्री सूर्यसोमांगारक वुध बृहस्पति शुक्र शनैश्चर राहु केतवः सर्वे ग्रहाः मम सानुग्रहाः भवन्तु स्वाहा । ॐ ह्रीं, असि, आ, उ, सा, नमः ।

વિધિ : આ મંત્રના સાડાબાર હજાર જાપ કર્યા પછી નિરંતર એક માળા ફેરવવાથી ગ્રહોની શાંતિ થાય છે.

## પ્રત્યેક ગ્રહોના સાદા રોજ જપવાના મંત્રો

સૂર્ય :(१) ॐ ह्रीं नमो सिद्धाणं (દશ માળા)
(२) ॐ ह्रीं पद्मप्रभ नमस्तुभ्यम् मम शान्ति शान्ति ।
(એક માળા)

ચંદ્ર :(१) ॐ ह्रीं नमो अरिहंताणं (દશ માળા)
(२) ॐ ह्रीं चन्द्रप्रभ नमस्तुस्यम् मम शान्ति शान्ति ।
(એક માળા)

મંગળ :(१) ॐ ह्रीं नमो सिद्धाणं । (દશ માળા)
(२) ॐ ह्रीं वासूपूज्यप्रभो नमस्तुभ्यम् मम शान्ति शान्ति ।
(એક માળા)

બુધ :(१) ॐ ह्रीं नमो उवज्झायाणं (દશ માળા)
(२) ॐ ह्रीं शान्तिनाथप्रभो नमस्तुभ्यम् मम शान्ति शान्ति
(એક માળા)

ગુરુ :(१) ॐ ह्रीं नमो आयरियाणं । (દશ માળા)
(२) ॐ ह्रीं ऋषभदेवप्रभो नमस्तुभ्यम् मम शान्ति शान्ति ।
(એક માળા)

શુક્ર :(१) ॐ ह्रीं नमो अरिहंताणं । (દશ માળા)
(२)ॐ ह्रीं सुविधिनाथ प्रभो नमस्तुभ्यम् मम शान्ति शान्ति ।
(એક માળા)

શનિ :(१) ॐ ह्रीं नमो लोए सव्वसाहूणं । (દશ માળા)
(२) ॐ ह्रीं मुनिसुव्रत प्रभो नमस्तुभ्यम् मम शान्ति शान्ति ।
(એક માળા)

સાહુ :( १ ) ॐ ह्रीं नमो लोए सव्वसाहूणं । (દશ માળા)
( २ ) ॐ ह्रीं नेमिनाथप्रभो नमस्तुभ्यम् मम शान्ति शान्ति ।
(એક માળા)
કેતુ :( १ ) ॐ ह्रीं नमो लोए सव्वसाहूणं । (દશ માળા)
( २ ) ॐ ह्रीं पार्श्वनाथ प्रभो नमस्तुभ्यम् मम शान्ति शान्ति ।
(એક માળા)

નવગ્રહોની ઉપર પ્રમાણે લખેલ મંત્રની માળા રોજ ગણવાથી ગ્રહોની પીડા દૂર થાય છે અને ગ્રહોની શાંતિ થાય છે.

## નવ ગ્રહના વિધિપૂર્વક જપવાના મોટા જાપ

### સૂર્યની વિધિ

મંત્ર : **ॐ पद्मप्रभु जिनेन्द्रस्य, नामो च्चारेण भास्कर ।**
**शांति, तुष्टिं च पुष्टिं च, रक्षां कुरु कुरु श्रीये । (એક માળા)**

**વિધિ :** શ્રી પદ્મપ્રભુની મૂર્તિ યા છબી સન્મુખ બેસવું, સ્નાન કરી, પવિત્ર થઈ પવિત્ર સ્થાનમાં પૂર્વ કે ઉત્તર દિશા સન્મુખ બેસવું, લાલ આસન, લાલ માળા રાખવી લાલ રંગના ધોતીયું ખેસ રાખવા, વાસક્ષેપથી પૂજા કરવી, ધુપ કરવો, દીવો પ્રગટાવવો, લાલ રંગના ફૂલ ચડાવવા, ચોખા કંકુથી રંગી લાલ રંગનો સાથીયો કરવો. નૈવેદ્ય (ઘઉંનો લાડુ) સાથીયા ઉપર મુકવો. લાલ કેળા અથવા લાલ રંગના ફળ મુકવા. એકવીસ દિવસ એકાસણા કરી સાડા બાર હજાર જાપ કરવા. (રોજની છ માળા ગણવી). માણેકની વીંટી પહેરવી.

### ચંદ્રની વિધિ

મંત્ર : **ॐ चन्द्रप्रभ जिनेन्द्रस्य, नाम्ना तारागणाधिप ।**
**प्रसन्नो भव शांति च, रक्षां कुरु जय ध्रुवम् ।**

**વિધિ :** શ્રી ચંદ્રપ્રભુની મૂર્તિ યા છબી સન્મુખ બેસવું, સ્નાન કરી પવિત્ર થઈ પવિત્ર સ્થાનમાં પૂર્વ કે ઉત્તર દિશા સન્મુખ બેસવું. સફેદ આસન, સફેદ માળા રાખવી. ધોતીયું, ખેસ સફેદ રાખવા, વાસક્ષેપથી પૂજા કરવી ધૂપ કરવો. દીવો પ્રગટાવવો. સફેદ રંગના ફુલ ચડાવવા. અક્ષત, નૈવેદ્ય અને ફળ સફેદ રંગના ચડાવવા. એકવીશ દિવસ એકાસણા કરી સાડા બાર

હજાર જાપ કરવા. (રોજ છ માળા ગણવી.) **મોતીની વીંટી પહેરવી.**

## મંગલની વિધિ

**મંત્ર :** **ॐ सर्वदा वासुपूज्यस्य, नाम्ना शांतिं जयश्रीयम् ।**
**रक्षां कुरु धरा सुनो !, अशुभोऽपि शुभो भव ॥**

**વિધિ :** શ્રી વાસુપૂજ્ય સ્વામીની મૂર્તિ યા છબી સન્મુખ બેસવું. સ્નાન કરી, પવિત્ર થઈ પવિત્ર સ્થાનનાં પૂર્વ કે ઉત્તર દિશા સન્મુખ બેસવું. લાલ આસન , લાલ માળા તથા ધોતીયું ખેસ લાલ રાખવા. વાસક્ષેપથી પૂજા કરવી, ધૂપ કરવો, દીવો પ્રગટાવવો, લાલ રંગના ફૂલ ચડાવવા, અક્ષત, નૈવેદ્ય અને ફળ લાલ રંગના ચડાવવા. એકવીશ દિવસ એકાસણા કરી સાડા બાર હજાર જાપ કરવા. (રોજ છ માળા ગણવી) **પરવાલાની વીંટી પહેરવી.**

## બુધની વિધિ

**મંત્ર :** **ॐ विमलानन्त धर्मागः शान्ति कुन्थुर्नमिस्तथा ।**
**महावीरश्च यन्नाम्ना, शुभो भूयाः सदा बुध ! ॥**

**વિધિ :** શ્રી મહાવીર સ્વામીની મૂર્તિ યા છબી સન્મુખ બેસવું. સ્નાન કરી પવિત્ર થઈ, પવિત્ર સ્થાનમાં પૂર્વ કે ઉત્તર દિશા સન્મુખ બેસવું. લીલું આસન લીલી માળા તથા ધોતીયું - ખેસ લીલા રાખવા વાસક્ષેપથી પૂજા કરવી ધૂપ કરવો, દીવો પ્રગટાવવો, લીલા રંગના ફુલ ચડાવવા, લીલા રંગથી ચોખા, રંગી લીલા રંગનો સાથીયો કરવો, નૈવેદ્ય તથા ફળ લીલા રંગના મૂકવા, એકવીશ દિવસ એકાસણા કરી સાડા બાર હજાર જાપ કરવા. (રોજ છ માળા ગણવી) નીલમની વીંટી પહેરવી.

## ગુરુની વિધિ

**મંત્ર :** **ॐ ऋषभाजित सुपार्श्वा, श्चाभिनन्दन शीतलौ ।**
**सुमतिः संभवस्वामि, श्रेयांसश्च जिनोत्तमः ॥**
**एतत्तीर्थकृतां नाम्ना, पूज्योऽशुभः शुभो भव ।**
**शांति तुष्टिं च पुष्टिं च, कुरु देवगणार्चित ॥**

**વિધિ :** ઋષભદેવ પ્રભુની મૂર્તિ યા છબી સન્મુખ બેસવું. સ્નાન કરી, પવિત્ર થઈ, સ્નાન કરી, પવિત્ર થઈ, પવિત્ર સ્થાનમાં પૂર્વ કે ઉત્તર દિશા સન્મૂખ બેસવું, પીળું આસન, પીળી માળા તથા ધોતીયું ખેસ પીળા રાખવા,

વાસક્ષેપથી પૂજા કરવી ધૂપ કરવો. દીવો પ્રગટાવવો, પીળા રંગના ફુલ ચડાવવા. પીળા રંગથી રંગી રંગનો સાથીયો કરવો. નૈવેદ્ય તથા ફળ પીળા રંગના મૂકવા. એકવીશ દિવસ એકાસણા કરી. સાડાબાર હજાર જાપ કરવા. (રોજ છ માળા ગણવી) **પોખરાજની વીંટી** પહેરવી.

## શુક્રની વિધિ

**મંત્ર :ॐ पुष्पदंत जिनेन्द्रस्य, नाम्ना दैत्यगणार्चित !।**
**प्रसन्नो भव शांति च, रक्षां कुरु कुरु श्रीयम् ॥**

**વિધિ :** શ્રી સુવિધિનાથ પ્રભુની મૂર્તિ યા છબી સન્મુખ બેસવું. સ્નાન કરી પવિત્ર થઈ, પવિત્ર સ્થાનમાં પૂર્વ કે ઉત્તર દિશા સન્મુખ બેસવું, સફેદ આસન, સફેદ માળા તથા ધોતીયું-ખેસ સફેદ રાખવા. વાસક્ષેપથી પૂજા કરવી. ધુપ કરવો. દીવો પ્રગટાવવો. સફેદ રંગના ફૂલ ચડાવવા, અક્ષત, નૈવેદ્ય અને ફળ સફેદ રંગના ચડાવવા. એકવીસ દિવસ એકાસણા કરી સાડા બાર હજાર જાપ કરવા. (રોજ છ માળા ગણવી.) **હીરાની વીંટી** પહેરવી.

## શનિની વિધિ

**મંત્ર :ॐ श्री सुव्रत जिनेन्द्रस्य, नाम्ना सूर्यांग संभव !।**
**प्रसन्नो भव शांचि च, रक्षां कुरु कुरु श्रीयम् ॥**

**વિધિ :** શ્રી મુનિસુવ્રતપ્રભુની મૂર્તિ યા છબી સન્મુખ બેસવું સ્નાન કરી. પવિત્ર થઈ પવિત્ર સ્થાનમાં પૂર્વ કે ઉત્તર દિશા સન્મુખ બેસવું. આસમાની આસન, અકળબેરની માળા તથા ધોતીયું - ખેસ આસમાની રાખવા. વાસક્ષેપથી પૂજા કરવી. ધૂપ કરવો. દીવો પ્રગટાવવો. લવીંગના ફૂલ ચડાવવા. આસમાની રંગથી રંગી આસમાની ચોખાનો સાથીયો કરવો. નૈવેદ્ય (અડદનો લાડું) ચડાવવો. ફળ (કમળ, કાકડી, દ્રાક્ષ) ચડાવવા. એકવીશ દિવસ એકાસણા કરી સાડા બાર હજાર જાપ કરવા. (રોજ છ માળા ગણવી) **શનિની વીંટી** પહેરવી.

## રાહુની વિધિ

**મંત્ર :ॐ नेमिनाथ तिर्थेश, नामतः सिंहिकासुत !।**

**प्रसन्नो भव शांतिं च, रक्षां कुरु कुरु श्रीयम् ॥**

**વિધિ :** શ્રી નેમિનાથ પ્રભુની મૂર્તિ યા છબી સન્મુખ બેસવું. સ્નાન કરી, પવિત્ર થઈ, પવિત્ર સ્થાનમાં પૂર્વ કે ઉત્તર દિશા સન્મુખ બેસવું. આસ્માની આસન, અકળબેરની માળા તથા ધોતીયું - ખેસ આસ્માની રાખવા. વાસક્ષેપથી પૂજા કરવી. ધૂપ કરવો દીવો પ્રગટાવવો. લવીંગના ફૂલ ચડાવવા. આસ્માની રંગના ચોખાનો સાથીયો કરવો. નૈવેદ્ય (કાળા તલનો લાડુ) ચડાવવો. ફળ (કમળ, કાકડી-દ્રાક્ષ) ચડાવવા. એકવીશ દિવસ એકાસણા કરી સાડાબાર હજાર જાપ કરવા (રોજ છ માળા ગણવી). **ગોમેદની વીંટી** પહેરવી.

## કેતુની વિધિ

**મંત્ર : ॐ राहोः सप्तम राशिस्थ ! कुरु च प्रसन्नो भव ।**
**श्री मल्लिपार्श्वयो नाम्ना, केतो ! शांति जय श्रीयम् ॥**

**વિધિ :** શ્રી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ યા છબી સન્મુખ બેસવું. સ્નાન કરી, પવિત્ર થઈ, પવિત્ર સ્થાનમાં પૂર્વ કે ઉત્તર દિશા સન્મુખ બેસવું. લીલા રંગનું આસન, લીલા રંગની માળા તથા લીલા રંગનુ ધોતીયું - ખેસ રાખવા, વાસક્ષેપથી પૂજા કરવી, ધૂપ કરવો, દીવો પ્રગટાવવો. લીલા રંગ (મરવા)ના ફુલ ચડાવવા. લીલા રંગના ચોખાનો સાથીયો કરવો. નૈવેદ્ય (પીસ્તાની બરફી ચડાવવી), (લીલા રંગના કેળા) ચડાવવા. એકવીશ દિવસ એકાસણા કરી સાડાબાર હજાર જાપ કરવા. (રોજ છ માળા ગણવી). **નીલમની વીંટી** પહેરવી.

**તા.ક.: માળાઓ સુતરની રંગેલી રાખવી. સગવડતા હોય તો પીળી માળા કેરબાની, લાલ માળા મુંગાની સફેદ માળા સ્ફટીકની રાખવી.**

## શ્રી પાર્શ્વનાથ પ્રભુનું યંત્ર

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૭ | ૨ | ૪ | ૐ | ૩ | ૯ | ૧ |
| ૨૬ | ૩૩ | ૪૨ | पा | ૨૮ | ૩૧ | ૪૦ |
| र्श्व | ना | था | य | ह्रीँ | न | मः |
| ૧૭ | ૨૦ | ૩૭ | घ्र | ૮ | ૧૨ | ૨૪ |
| ૫૦ | ૫૫ | ૮૩ | ह्रीँ | ૩૯ | ૫૨ | ૫૫ |

આ પાર્શ્વનાથ ભગવાનનું યંત્ર પ્રભુના જન્મ કલ્યાણકના દિવસે ત્રાંબાના પતરા ઉપર કોતરાવી. સુગંધી દ્રવ્યથી લખી. એકાસણું એકધાનનું કરી, યંત્રને જાઈના ફુલથી પૂજન કરી આરાધના કરનાર મનુષ્યને ધરણેન્દ્ર અને પદ્માવતી દેવી પ્રસન્ન થાય છે. સર્વ પ્રકારના વિઘ્નો દૂર કરે છે અને મનવાંછિત આપે છે.

## ૧૩૦ નો સર્વતોભદ્ર યંત્ર સિદ્ધમંત્ર

**ॐ ह्रीँ श्रीँ चतुर्दश पूर्वेभ्यो नमो नमः ॥**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૩૦ | ૧૩૦ | ૧૩૦ | ૧૩૦ | ૧૩૦ | ૧૩૦ | ૧૩૦ |
| ૧૩૦ | ૩૪ | ૪૮ | ૨ | ૧૬ | ૩૦ | ૧૩૦ |
| ૧૩૦ | ૪૬ | ૧૦ | ૧૪ | ૨૮ | ૩૨ | ૧૩૦ |
| ૧૩૦ | ૮ | ૧૨ | ૨૬ | ૪૦ | ૪૪ | ૧૩૦ |
| ૧૩૦ | ૨૦ | ૨૪ | ૩૮ | ૪૨ | ૬ | ૧૩૦ |
| ૧૩૦ | ૨૨ | ૩૬ | ૫૦ | ૪ | ૧૮ | ૧૩૦ |
| ૧૩૦ | ૧૩૦ | ૧૩૦ | ૧૩૦ | ૧૩૦ | ૧૩૦ | ૧૩૦ |

આ યંત્ર રવિપુષ્યમાં શુભ યોગે બનાવી બાજુમાં દર્શાવેલ મંત્રના સવા લાખ જાપ કરે તો મહા વિદ્યાવાન તેમજ સર્વ પ્રકારે સુખી થાય.

# વર્તમાન કાળમાં અનુભવ સિદ્ધ અદ્ભુત વિદ્યા પ્રાપ્તિ યંત્ર




આ યંત્ર રવિપુષ્યમાં કાંસાની થાળીમાં તૈયાર કરાવી સુગંધી દ્રવ્યથી લખી સુદ પાંચમથી વદ દશમ સુધી રાત્રિ પર્યંત ચંદ્રના અજવાળામાં થાળીમાં પાણી ભરી રાખી મૂકે, સવારના તે થાળી ધોઈ તેનું પાણી પીએ તો તેનું અજ્ઞાનપણું દૂર થાય છે. વિદ્યા બહુ ચડે છે. પુર્વધરોએ રચેલ છે. માટે સત્ય સમજવું. અનુભવ થયેલ છે.

## વિદ્યા યંત્ર

| | | |
|---|---|---|
| ૫ | ૭ | ૨ |
| ૧૪ | ૨૧ | ૨૬ |
| ૨૮ | ૪૯ | ૫૬ |

આ યંત્ર સુગંધી દ્રવ્યથી ભોજપત્ર ઉપર લખી જે માણસ હંમેશા પૂજન કરે તે માણસને વિદ્યા બહુ જ ચડે છે.

## ઋદ્ધિ સિદ્ધિ, મનોકામના, માન-સન્માન યંત્ર




આ યંત્ર દિવાળીના દિવસે ગુરુ પુષ્ય યોગે અષ્ટગંધથી જાઈની કલમથી લખી જે માણસ પૂજન કરે તે માણસને સર્વ પ્રકારની ઋદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. જે માણસ આ યંત્રનું પૂજન કરી તિલક કરે તો સર્વ પ્રકારનું માન-સન્માન પામે.

# શ્રી વિજય રાજયંત્ર

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭૧ | ૬૪ | ૬૯ | ૮ | ૧ | ૬ | ૫૩ | ૪૬ | ૫૧ |
| ૬૬ | ૬૮ | ૭૦ | ૩ | ૫ | ૭ | ૪૮ | ૫૦ | ૫૨ |
| ૬૭ | ૭૨ | ૬૫ | ૪ | ૯ | ૨ | ૪૯ | ૫૪ | ૪૭ |
| ૨૬ | ૧૯ | ૨૪ | ૪૪ | ૩૭ | ૪૨ | ૬૨ | ૫૫ | ૬૦ |
| ૨૧ | ૨૩ | ૨૫ | ૩૯ | ૪૧ | ૪૩ | ૫૭ | ૫૯ | ૬૧ |
| ૨૨ | ૨૭ | ૨૦ | ૪૦ | ૪૫ | ૩૮ | ૫૮ | ૬૩ | ૫૬ |
| ૩૫ | ૨૮ | ૩૩ | ૮૦ | ૭૩ | ૭૮ | ૧૭ | ૧૦ | ૧૫ |
| ૩૦ | ૩૨ | ૩૪ | ૭૫ | ૭૭ | ૭૯ | ૧૨ | ૧૪ | ૧૬ |
| ૩૧ | ૩૬ | ૨ | ૭૬ | ૮૧ | ૭૪ | ૧૩ | ૧૮ | ૧૧ |

આ વિજય યંત્ર દરેક કાર્યમાં વિજય અપાવે છે. રવિપુષ્પ તથા શુભ યોગે ભોજપત્ર, ચાંદીના કે ત્રાંબાના પતરામાં કોતરાવી અષ્ટગંધથી રોજ પૂજન કરવું, મહાન લાભદાયક છે. ચાલુ કાર્યમાં કોર્ટ, દરબાર, શત્રુ આદિથી રક્ષણ મેળવવા માટે આ યંત્ર સવાર, બપોર અને સાંજ એમ ત્રણ વખત પાટી તથા કોરા કાગળ ઉપર લખવો, પછી ભૂંસી નાંખવો. લખતી વખતે શરૂઆત મોટા આંકથી કરવી. એટલે કે પહેલા ૮૧ જે ખાનામાં છે તેમાં પહેલા ૮૧ લખવા. પછી ૮૦, ૭૯, ૭૮ જે જે ખાનામાં હોય, તેમ તેમ ઉતરતા ક્રમે લખતા જવું. છેલ્લું ખાનું એક ૧ નું આવશે જે ખાનામાં જે આંકડા હોય તે જ ખાનામાં તે આંકડા મૂકવા.

❄ ❄ ❄ ❄ ❄ ❄ ❄ ❄ ❄

## ભુત, પ્રેત, પિશાચ, ડાકણ વગેરે ઉપદ્રવ નિવારણ યંત્ર




આ યંત્ર જે માણસ, હળતાલ, મણસિલ, હિંગળો તથા ગોરોચનથી આકડાના પત્ર ઉપર લખી ધૂપ દઈ, જેને ગળે, ભૂજાએ અગર તો કમરે બાંધે તો તેના ભૂત, પિશાચ, ડાકણ વગેરે સર્વે ઉપદ્રવો શાંત થઈ જાય છે. આ યંત્ર પણ ઉપરની પ્રતિમાંથી ઉપરનાજ આચાર્યે બનાવેલ છે. માટે સાચું સમજવું. આ બધા યંત્રો ઉપર સંદેહ ન રાખવો.

## કોર્ટ કચેરી જીતવાનો યંત્ર

| | | | |
|---|---|---|---|
| ૫૯૨ | ૫૯૯ | ૨ | ૭ |
| ૬ | ૩ | ૫૯૬ | ૫૯૫ |
| ૫૯૮ | ૫૯૩ | ૮ | ૧ |
| ૪ | ૫ | ૫૯૪ | ૫૯૭ |

આ યંત્ર ચાંદીના પતરા ઉપર રવિપુષ્ય, ગુરુપુષ્ય, રવિવાર હસ્ત નક્ષત્ર રવિવાર મૂળ, અથવા દિવાળીના દિવસે જ્યારે આપણો સૂર્યસ્વર ચાલતો હોય ત્યારે કોતરાવી પ્રતિષ્ઠા કરવી, પછી રોજ પૂજન કરે તો અવશ્ય કોર્ટ કચેરી વિગેરે દરેક પ્રકારના કજીયામાં જીત થાય, સત્ય છે. તેમાં શંકા લાવવી નહિ યંત્ર જરૂર પડે ત્યારે ખીસામાં રાખવું.

# શ્રી એકાક્ષી નાળિયેર યંત્ર




**વિધિ :** આ એકાક્ષી નાળિયેરની ઉપર સોનાકે ચાંદીના વરખ લગાવી તેના ઉપર આ પ્રમાણે યંત્ર **ॐ श्रीं क्लीं श्रीं देव्यै नमः कुरुकुरु ऋद्धिवृद्धि स्वाहा ।।** અષ્ટગંધથી લખી આ મંત્ર દિવાળીના દિવસે ૧૨,૫૦૦ સાડા બાર હજાર જાપ કરવા. ટોપરાના ગોળામાં આ મંત્ર ૧૦૮ વાર બોલી હોમ કરવો હોમ કરવાથી સિદ્ધ થાય છે. સિદ્ધ કર્યા પછી આ નાળિયેર પોતાના ખજાના ભંડારમાં મૂકે તો દ્રવ્યની પ્રાપ્તિ થાય. કોઈ જાતની આપત્તિ-સંકટ આવે નહિ, હંમેશા લીલાલહેર રહે. આ બાબતમાં કોઈપણ જાતની શંકા કરવી નહિ.

# શ્રી એકાક્ષી નાળિયેર યંત્ર



પૂર્વ દિશાએ ચોકે સૂચી પણે દેઈ તે ઉપર શ્વેત વસ્ત્ર બીછાવવું તેની ઉપર શ્રીફળ મુકવું કંકુ કેશરના છાંટણા દેવા પછી મંત્ર ગણવો.

**ॐ ह्रीं श्रीं क्लीं एकाक्षय भगवते विश्वरुपाय सर्व योगेश्वराय त्रैलोक्यनाथाय सर्व काम प्रदायनमः** ॥ પદ્માસને બેસી પૂર્વ દિશા સન્મુખ બેસી દિવાળીના દિવસે સાડાબાર હજાર જાપ કરવા. માળા પરવાળાની વાપરવી. પછી હોમ કરવો. બદામ ૧૦૮ ખારેક ૧૦૮ અખરોટ, ૧૦૮ સોપારી ૧૦૮, લોબાન શેર ૧।।, મરી શેર ૧।।, દ્રાક્ષ ૦।, ટોપરૂ શેર ૦।।, જવ શેર ૦।, ઘી શેર ૨, ખેરનું લાકડું, અર્ધ રાત્રે હોમ કરવો. ઉત્તર દિશા સામે બેસવું ચૈત્ર શુદ આઠમ આશો સુદ આઠમ દીવાળી હોળી તેમજ ગ્રહણમાં નાળીયેરની પૂજા કરવી. યંત્રમાં જ્યાં દેવદત્ત નામ છે ત્યાં પોતાનું નામ લખવું.

## એકાક્ષી નાળીયેર કલ્પ

**मंत्र :** ॐ ह्रीं श्रीं क्लीं ऐं एकाक्षय श्रीकलाय भगवते विश्वरुपाय सर्वे योगेश्वराय त्रैलोक्य नाथाय सर्व काम प्रदाय नमः ।

द्विजटश्चैकनेत्रस्तु नारिकेलो महीतलो ।
चिंतामणिसम प्रोक्तौं, वांच्छितार्थप्रदान ।

**अर्थ :** બે ચોટલીવાળું, એક નેત્રવાળું, નાળીયેર આ પૃથ્વીમાં ચિંતામણી સરખું ગણાય છે, તે મનોવાંછિત ફળ આપે છે.

## પુજન વિધિ

હાથમાં પાણી લઈ પ્રથમ સંકલ્પ કરવો. **अत्राध संवतः-मिलाब्दे महामांगलय कलप्रद अमुक मासे, अमुक पक्षे, तिथौ वासरे ममा मिष्ट सिद्धय बहु धन प्राप्तये एकाक्षी श्रीफल पूजनं अहं करिष्यामि** એમ કહી પાણી હેઠે છાટવું. પછી ઉપરનો મંત્ર બોલતા જવું ને પંચામૃતથી શ્રીફળને અભિષેક કરવો પછી સારા સ્વચ્છ સુંદર આસન ઉપર રેશમી લુંગડુ બીછાવી તેની ઉપર શ્રીફળ પધરાવવું પછી ચંદન, ફૂલ, ધૂપ, દીપ, ચોખા, ફળ, નૈવેદ્ય વગેરે ધરવું. રેશમી વસ્ત્ર ઓઢાડવું પછી માળા ગણવી. માળા સોનાની, પરવાળાની રૂદ્રાક્ષની કે કમર કાકડીની વાપરવી ચૈત્ર મહિનાની

કે આસો મહિનાની ઓળીમાં આનું નવે દિવસ વિધિપૂર્વક પૂજન કરવું ને ઉપલા મૂળ મંત્રના સાડા બાર હજાર જાપ કરવા પછી રોજની એક માળા ફેરવવી દિવાળીના દિવસે, સૂર્યગ્રહણ કે ચંદ્ર ગ્રહણ વખતે પણ પૂજન કરવું.

**ॐ श्रीं ह्रीं क्लीं ऐं महालक्ष्मी स्वस्माय एकाक्षी नालीकराय नमः सर्व सिद्धि कुरु कुरु स्वाहा** ॥ ઉપર છાપેલું યંત્ર રેશમી વસ્ત્ર ઉપર અષ્ટગંધથી અથવા કેશરથી દાડમની લેખનથી લખી તેના ઉપર એકાક્ષિ, નાળિયેરની સ્થાપના કરી, ઉપરના મંત્રથી ચંદન, કંકુ, અક્ષત, પુષ્પ, ધૂપ દીપ, અક્ષત, ફળ, નૈવેદ્યથી નિત્ય સવાર-સાંજ પુજન કરવું, ને ઉપલા મંત્રની એક માળા ફેરવવી. અખૂટ લક્ષ્મી પ્રાપ્ત થાય.

**ॐ ऐं ह्रीं ऐं ह्रीं श्रीं एकाक्षिनालिकेराय नमः ।**

આ મંત્રની એક માળા ફેરવી,ગુલાબના ફુલ નંગ ૧૦૮ ચડાવવાથી સર્વ જન વશ થાય.

**ॐ ह्रीं ऐं एकाक्षिना लकेराय नमः ।**

આ મંત્રથી કરેણના ફુલ ૨૧ ચડાવી, દશ માળાનાં જાપ પાંચ દિવસ સુધી કરવો, સ્વપ્ન આવે.

**ॐ भ्रूं क्रों एकाक्षिनालिकेराय नमः**

રવિવારના દિવસથી અગ્યાર દિવસ સુધી જાસુદના ફુલથી પૂજા કરવી. રોજ એક માળા ફેરવવી.

**ॐ ए ह्रीं श्रीं अेकाक्षिनालिकेराय नमः ।**

૨૧ દિવસ સુધી રોજ એક માળા ગણવી, રોજ પૂજન કરવું, રોજ ડોલરના ફુલ ૧૦૮ ચઢાવવા.

## ફળ વિચાર

એકાક્ષી શ્રીફળ સુવાવડી સ્ત્રીને સુંઘાડવાથી કષ્ટથી છુટે પીડા પામે નહીં છોડને પાય છોડ વધે છે ઋતુસ્નાન કર્યા પછી ઘોળીને પીએ તો ગર્ભ ધારણ કરે. ત્રીકાળ પુજા કરે તો લક્ષ્મી વધે. રાજદ્વારે દુશ્મન નાશ પામે.

જાઈના ફુલ દિવસમાં બે વખત ચઢાવે, ધૂપ લોબાનનો કરવો ઘરમાં ઉપદ્રવ હોય તો નાળિયેર સાતવાર અબોટ પાણીમાં બોળી સાતવાર મંત્ર ભણી, ઘરમાં પાણી છાંટવાથી ઉપદ્રવ મટે. કોઈ દુશ્મન વેરી હોય તો,

રાતા કરેણના ફૂલ લઈ, વેરીનું નામ દઈ, દક્ષિણ દિશામાં સામે બેસી ૧૦૮ વાર મંત્ર ગણી ફુલ વેરી, સામા નાંખીએ તો શત્રુ નાશ થાય. નીચેના યંત્રો ત્રાંબુ, ચાંદી કે સોનાના પતરા કે ભોજપત્ર ઉપર લખવા પછી યંત્ર ઉપર એકાક્ષી શ્રીફળ મુકવું, એ મંત્રનો જાપ એક હજાર કરવો. મંત્ર : **ॐ ह्रीं श्रीं क्लीं ऐं महालक्ष्मी मम सर्व सिद्धि कुरु कुरु स्वाहा** । આ મંત્રનો જાપ કરવાથી સર્વ મનોવાંછિત કાર્યો સિદ્ધ થાય.

## શ્રીફળ નીચે રાખવાના યંત્રો







વીસો યંત્ર

## શ્રી વિશા યંત્ર વિધિ

**ॐ अर्हं नमः विशा यंत्र**




**આ વીસાયંત્ર :** સોનાના પતરા ઉપર ખાસ કોતરાવવો; નહિં તો પછી ચાંદીના, ત્રાંબાના, પતરા કે ભોજપત્ર ઉપર બનાવવો. આ યંત્ર રવિપુષ્યમાં, રવિહસ્તાર્ક, રવિમૂળ અથવા પોતાના ચંદ્રસ્વર ચાલતો હોય ત્યારે કરાવવો. ચડતા આંકડે લખવો. પછી તેની ઉપર અભિષેક કરી, પ્રતિષ્ઠા કરી,

પૂજન કરી, ખીસામાં રાખવો વીસો યંત્ર ઘણાં કાર્યોમાં મહાન્ કાર્ય કરે છે. તેમાં લક્ષ્મીમાં ખાસ ઉપયોગી છે. વીસા યંત્રના મંત્રના ૧૨,૫૦૦ સાડા બાર હજાર જાપ કરવા તથા તે યંત્ર ૧૨,૫૦૦ વાર કાગળ ઉપર લખી નદીમાં પધરાવવો પછી મહાન્ લાભ આપે છે.

કોઈને વસ કરવો હોય તો..........૧ ના આંકથી લખો.
કોઈને આકર્ષણ કરવું હોય તો ......૪ ના આંકથી લખો.
કોઈને ઉચાટ કરવો હોય તો ........૫ ના આંકથી લખો.
ધન તથા યશ પ્રાપ્તિ માટે...........૯ ના આંકથી લખો.
વસ્તુની જરૂરિયાત માટે............૫ ના આંકથી લખો.

નીચેનો મંત્ર ભણતાં ભણતાં ખાના ભરવું.

**ॐ ह्रीँ श्रीँ क्लीँ अमुक कार्य कुरु कुरु स्वाहा ॥**

એક લાખ એંસી હજાર, બસો નવાણું ખાના ભરવા અને તે જળમાં પધરાવવા. દિવાળીની મધ્ય રાત્રિથી લખવું શરૂ કરવું.

**બત્રીસો યંત્ર**

| | | | |
|---|---|---|---|
| ૮ | ૧૫ | ૨ | ૭ |
| ૬ | ૩ | ૧૨ | ૧૧ |
| ૧૪ | ૯ | ૮ | ૧ |
| ૪ | ૫ | ૧૦ | ૧૩ |

વ્યાપાર તથા લક્ષ્મી પ્રાપ્તિ માટેના યંત્રો છે. ચાલુ વિધિ પ્રમાણે તૈયાર કરવા.

**ચોત્રીસો યંત્ર**

| | | | |
|---|---|---|---|
| ૧૬ | ૯ | ૪ | ૫ |
| ૩ | ૬ | ૧૫ | ૧૦ |
| ૧૩ | ૧૨ | ૧ | ૮ |
| ૨ | ૭ | ૧૪ | ૧૧ |

વ્યાપાર તથા લક્ષ્મી પ્રાપ્તિ માટેના યંત્રો છે ચાલુ વિધિ પ્રમાણે તૈયાર કરવા.

**ચોત્રીસો યંત્ર**

| | | | |
|---|---|---|---|
| ૪ | ૧૪ | ૧૫ | ૧ |
| ૯ | ૭ | ૬ | ૧૨ |
| ૫ | ૧૧ | ૧૦ | ૮ |
| ૧૬ | ૨ | ૩ | ૧૩ |

વ્યાપાર તથા લક્ષ્મી પ્રાપ્તિ માટેના યંત્રો છે ચાલુ વિધિ પ્રમાણે તૈયાર કરવા.

**ચોત્રીસો યંત્ર**

| | | | |
|---|---|---|---|
| ૧૦ | ૧૭ | ૨ | ૭ |
| ૬ | ૩ | ૧૪ | ૧૩ |
| ૧૬ | ૧૧ | ૮ | ૧ |
| ૪ | ૫ | ૧૨ | ૧૫ |

વ્યાપાર તથા લક્ષ્મી પ્રાપ્તિ માટેના યંત્રો છે ચાલુ વિધિ પ્રમાણે તૈયાર કરવા.

**૬૫-૧**

| | | | |
|---|---|---|---|
| ૨૪ | ૩૨ | ૨ | ૭ |
| ૬ | ૩ | ૨૯ | ૨૭ |
| ૩૧ | ૨૫ | ૮ | ૧ |
| ૪ | ૫ | ૨૬ | ૩૦ |

**૬૫**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | ૧૮ | ૧ | ૧૪ | ૨૨ |
| ૧૧ | ૨૪ | ૭ | ૨૦ | ૩ |
| ૧૭ | ૫ | ૧૩ | ૨૧ | ૯ |
| ૨૩ | ૬ | ૧૯ | ૨ | ૧૫ |
| ૪ | ૧૨ | ૨૫ | ૮ | ૧૬ |

આ યંત્ર ફુલડીમાં નાંખી સોપારી, રૂપિયા નાણું મૂકી, દુકાનમાં પેઢી નીચે દાટવું, તે ઉપર બેસવું, તો વ્યાપાર ઘણો થાય, સત્ય સમજવું. શ્રીફળ ૧, કાપડ ગજ ૧ પહેલા પૂજા કરવી. આ યંત્ર બહુજ પ્રાચીન છે.

**૬૫**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨ | ૩ | ૯ | ૧૫ | ૧૬ |
| ૧૪ | ૨૦ | ૨૧ | ૨ | ૮ |
| ૧ | ૭ | ૧૩ | ૧૯ | ૨૫ |
| ૧૮ | ૨૪ | ૫ | ૬ | ૧૨ |
| ૧૦ | ૧૧ | ૧૭ | ૨૩ | ૪ |

**૬૫**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫ | ૮ | ૧ | ૨૪ | ૧૭ |
| ૧૬ | ૧૪ | ૭ | ૫ | ૨૩ |
| ૨૨ | ૨૦ | ૧૩ | ૬ | ૪ |
| ૩ | ૨૧ | ૧૯ | ૧૨ | ૧૦ |
| ૯ | ૨ | ૨૫ | ૧૮ | ૧૧ |

## ૬૫ ના યંત્રોના જાપના મંત્રો

**( १ )ॐ ज्रौं ज्रीं श्रीं क्लीं स्वाहा**

**( २ )ॐ ह्रां ह्रीं नमो देवाधिदेवाय**

**अरिष्टनेमिय, अचिंत्य चिंतामणि त्रिभोवन जगत्र कल्पवृक्ष ॐ ह्रां ह्रीं समिहितं सिध्धये स्वाहा ।**

પુનર્વસુ-પુષ્ય, શ્રવણ અને ધનિષ્ઠા નક્ષત્રમાં-જાપ કરવા ૧૨૫૦૦ જાપ કરવા પછી રોજ એક માળા ફેરવવી.

**( ३ )ॐ अरिहंत सिद्ध आयरियउवज्झाय सव्वसाहू सव्वधम्म तिथ्थयराणं ॐ नमो भगवइ सुअदेवयाए संति देवयाणं, सव्वपवयण, देवाणं,**

पंचलोगाणं, ॐ ह्रीँ अरिहंत देव नमः ॥

ત્રણ આયંબીલ કરી ત્રણ દિવસમાં સાડાબાર હજાર જાપ ૬૫ યા યંત્ર સન્મુખ કરવા પછી રોજ એક માળા નિયમિત સમયે ગણવી સર્વ ઈષ્ટ સિદ્ધિ થાય.

## ચમત્કારી વીંટી

### ભક્તામર સ્તોત્ર ગાથા પ્રથમ

**તથા પ્રથમ ગાથાની ઋધ્ધિને મંત્ર ઉપરથી તૈયાર કરવામાં આવે છે.**

### ગાથા પહેલી

ભક્તામર પ્રણતમૌલિ, મણિપ્રભાણા,
મુદ્યોતકં દલિત પાપ તમો વિતાનં
સમ્યક્ પ્રણમ્ય જિન પાદ યુગં યુગાદા,
વાલમ્બનં ભવજલે પતતાં જનાનામ ॥૧॥

ઋદ્ધિ : ૐ હ્રીં નમો અરિહંતાણં, નમો જિણાણં હ્રાં હ્રીં હ્રૂં હ્રૌં હ્રઃ અ, સિ, આ, ઉ, સા, અપ્રતિચક્રે, ફુટ્ વિચક્રાય ઝ્રૌં ઝ્રૌં સ્વાહા.

**મંત્ર : ૐ હ્રાં, હ્રીં, હ્રૂં શ્રીં ક્લીં બ્લું ક્રૌં, ક્રૌં, હ્રીં નમઃ**

**વીંટી કેવી રીતે બનાવવી.**

તાર તામ્ર સુવર્ણંચ, ઈંદુ અર્ક ષોડશભી
પુષ્યાર્કે ઘાટિતાં મુદ્રા, દ્રઢ દારિદ્ર નાશિની.

એક રતી સોનું, બાર રતી ચાંદી, સોલ રતી ત્રાંબુ એ સર્વ રવિપુષ્યમાં લઈ ભેગા કરવાથી ઓગણત્રીસ રતી થાય, તેની વીંટી રવિપુષ્ય નક્ષત્રના સમયમાંજ બનાવી, ને રવિપુષ્ય નક્ષત્રના સમયમાં જ દેરાસર જઈ, પ્રભુ પૂજા કરી, સ્નાત્ર ભણાવવી. તે વીંટી સ્નાત્રમાં રાખવી, સ્નાત્ર ભણાઈ ગયા બાદ, વીંટી ઉપર ભક્તામરની ગાથા તથા ઋદ્ધિ તથા મંત્ર બોલી અભિષેક કરવો. તેવી રીતે અભિષેક એકસો આઠ વખત કરવો. એકસો આઠેય વખત ગાથા, રૂદ્ધિ, મંત્ર બોલવા પછી વીંટીને ચંદનની ટીલી કરી જમણા હાથની અંગુઠાની બાજુની આંગળીમાં (તર્જની) નવ નવકાર ગણી પહેરવી, તો ગમે તેવી દરિદ્રતાનો નાશ કરે ને લક્ષ્મીનો લાભ કરે તેમાં સંદેહ નથી. ઘણા માણસોએ અજમાવેલ છે. સત્ય છે, આ વીંટી જમતી વખત ડાબા

હાથમાં પહેરવી ને જમી લીધા બાદ વીંટી પાછી પેલી આંગળીમાં પહેરી લેવી. તેમજ આ વીંટી પર શત્રુની નજર પડવાથી શત્રુ કાંઈ કરી શક્તો નથી. તેથી કુંવારી કન્યા તેમજ સ્ત્રીઓને મન વાંચ્છિત ફળ આપે છે.

# શંખનો કલ્પ

## જમણા શંખની પરીક્ષા

શંખને ટાઢા (ઠંડા) પાણીમાં પાંચ દિવસ રાખવાથી જો કૃત્રિમ બનાવટી હોય તો તેના કટકા થઈ જાય.

દહીં, દૂધ, ઘીના જેવા ધોલા રંગના શંખ ઉત્તમ ગણાય છે. ધુવાડા જેવા રંગનો તે શંખ સ્ત્રી જાતીનો શંખલી જાણવો. અઢી તોલાથી વધુ વજન હોય તો તે ઉત્તમ ગણાય છે. ચાર ગદીયાણાનો મધ્યમ ગણાય છે અને તેથી ઓછા વજનનો સાધારણ ગણાય છે.

## જમણા શંખના પ્રયોગો

જેને ઘેર જમણો શંખ હોય તેને ઘેર મંગળ કાર્યો શરૂ થયા કરે છે. લક્ષ્મી પોતાની મેળે તેને આવીને વરે છે. શંખની સોનાની મેખલા કરાવી. તેને યોગ્ય સ્થાને રાખવો. નહાઈ ધોઈ પવિત્ર થઈ ધોયેલા સફેદ કપડાં પહેરી રોજ ચંદન, પુષ્પથી જમણા શંખની પૂજા કરવી. પ્રથમ ન્હવણ કરી પછી ચોખ્ખા પાણીનો અભિષેક કરી પછી અષ્ટપ્રકારી પૂજા કરવી, ને શંખને પ્રસન્ન કરવો. આ જમણો શંખ અખૂટ લક્ષ્મી આપે છે.

## શંખનું પૂજન કરતી વખતે કરવાનો સંકલ્પ

<u>હાથમાં પાણી લઈ સંકલ્પ કરવો.</u>

**अत्रद्य अमुक वर्षे, अमुक मासे, अमुक पक्षे, अमुक तिथौ, मम मनवाञ्छितकार्यं सिद्धार्थे ऋध्धिं सिध्धिं प्राप्तानार्थे अहम दक्षिणावर्त शंखस्य पूजनं करिष्यामि,**

ઉપલા મંત્રમાં અમુકની જગ્યાએ તે દિવસે જે વાર, તિથિ વગેરે હોય તે બોલવું.

## શંખની પૂજાનો મંત્ર

ॐ ह्रीं श्रीं क्लीं श्रीधरकरस्थाय पाथोनिधि जाताय श्री दक्षिणावर्त शंखाय ह्रीं श्रीं क्लीं श्रीकराय पूज्याय नमः ॥

આ મંત્રથી શ્રી શંખને દુધનો અભિષેક કરવો, અષ્ટપ્રકારી પૂજા કરવી, મંત્ર બોલીને પૂજા કરવી, જુઈ કે ચમેલીના ૧૦૮ ફૂલ ચડાવવા, પછી ચંદન કે બીજા ઠામમાં, સાકર, એલચી, કેશરવાળું દૂધ, કેળા તથા નૈવેદ્ય ધરવું તથા પોતાના ઘરમાં જે રસોઈ થઈ હોય તે ધરવી, આ રીતે જે સ્ત્રી કે પુરૂષ રોજ સુખડ કે અગરનું ચંદન, પુષ્પ, કંકુ, ધૂપ, દીપ, નૈવેદ્ય તથા ફળથી પૂજન કરે, કપુરની આરતી ઉતારે, તેના ભાગ્યમાં શ્રીકૃષ્ણ જેવા અને લક્ષ્મીના કુબેર જેવા થાય.

## પૂજન કર્યા પછી શંખનું નીચેના મંત્રનું ધ્યાન ધરવું.

ॐ ह्रीं श्रीं क्लीं श्रीधरकरस्थाय पाथोनिधि जाताय लक्ष्मि महोदराय चिंतितार्थ स पादकाय श्री दक्षिणावर्त शंखाय श्री कराय पूज्याय क्लीं श्रीं ह्रीं ॐ नमः वर्वा भरणे भूतिताय पशस्या गोणंग संयुताय कल्पवृक्षाय स्थिताय कामधेनु चिंतामणी नवनिधिरुपाय चतुर्दश रत्न परिवृताय अष्टादश महासिद्धि सहिताय श्री लक्ष्मि देवता श्री कृष्णदेव करतल ललिताय श्री शंखनिधये नमः ॥

<u>આ ધ્યાન ધરવાનો મંત્ર છે.</u>

## માળા ગણવાનો મંત્ર

મંત્ર : ॐ ह्रीं श्रीं क्लीं ब्लूं दक्षिणमुखाय शंखनिधये समुद्र प्रभवाय शंखाय नमः ॥

રોજ દશ માળા ગણવી.

શંખ ઉપર ચાંદીનો રૂપિયો મૂકવાથી શંખ ફરવા માંડે તે શંખ ખરો ગણવો.

# ૭૪. બાર ભાવનો ફળાદેશ

## પહેલા ભાવનું ફળ

- જેને ૭ મે કે ૧૨ મે રહેલા, શુક્ર, મંગળ ને પાપગ્રહ જોતા હોય તો વાયુનો રોગી થાય. વૃશ્ચિક અથવા કર્કના નવમાંશમાં પાપગ્રહ સાથે ચંદ્ર હોય તો ગુહ્ય રોગી થાય.
- જ્યારે પાપગ્રહના મધ્યમાં ચંદ્રમા હોય, ને સાતમે સૂર્ય હોય, તો તે ક્ષય, શ્વાસ, ગુલ્મ (ગોળના) રોગવાળા થાય. જન્મમાં કે નવમાંશમાં સૂર્ય ચંદ્ર, સામ સામે, કે સાથે હોય, તો શરીર ઘણું કૃશ (પાતળું) રહે.
- ૩,૫,૯, મે રહેલા પાપગ્રહ, ને શુભગ્રહ નજોતા હોય તો, તે કાનનો રોગી, ને સાતમે રહેલા પાપગ્રહ,ને શુભગ્રહ ન જોતા હોય, તો દાંતનો રોગી કરે છે.
- સર્વ ગ્રહો લગ્નને જોતા હોય તો, રાજા થાય, તે ગ્રહો બળવાન હોય, તો સર્વ પ્રકારનું સુખ આપે ને ભયરહિત થઈ ઘણા વર્ષ જીવે છે.
- સૂર્ય, મંગળ, ગુરૂ, શુક્ર, લગ્નમાં બેઠા હોય તો સ્થિર પ્રકૃતિ થાય, શનિ રાહુ ભેગા જે ભાવમાં હોય તે ભાવ શરીરનો જે ભાગ દેખાડતો હોય, તે ભાગમાં શરીર ઉપર કાળું ચિન્હ થાય.
- લગ્નમાં લગ્નો સ્વામી શુભગ્રહ હોય કે લગ્નને જોતો હોય તો ઘણાઆયુષ્યવાળો, સુખી, કલેશ રહિત થાય.
- મંગળ કે ચંદ્ર લગ્નમાં હોય, તો ૧૨ મે વર્ષે માથામાં ચિન્હ થાય.
- લગ્નમાં મંગળ કે બુધ અને ત્રિકોણમાં કે છઠ્ઠે રાહુ હોય તો લિંગ તથા ગુદા ઉપર તલ અથવા મસાનું ચિન્હ હોય.
- નવમે શુક્ર, ૮ મે સૂર્ય ૧૦ મે રાહુ શનિ હોય તો નાભિ (ડુંટી)માં ચિન્હ થાય છે.

૧૨મે ગુરૂ તે ૩-૬ કે ૧૧ મે બુધ અને ત્રીજે શુક્ર હોય તો છાતી ઉપર ચિન્હ થાય.

૧૨ મે કે ૪ થે મંગળ હોય, ને ૧૨મા ભાવમાં શત્રુના નવમાંશનો શનિ પડયો હોય, તો ભ્રમિત, સર્વ ઠેકાણે નિંદાયેલોને કૃતઘ્ની થાય.

લગ્નમાં સૂર્ય, રાહુ મંગળ, શનિ, હોય તો રૂધિર વિકાર તથા પરિતાપ કરાવે ને જો શુભગ્રહો હોય તો રોગનો નાશ કરે છે.

ગુરૂ, શુક્ર, ચંદ્ર, બુધ લગ્ને હોય તો શરીરની પુષ્ટિ કરનારા, સારી કાંતિને આપનારા, ને સઘળા રોગોનો નાશ કરનારા થાય છે. પાપગ્રહો હોય તો શરીર દુર્બળ કરી પરિતાપ કરાવે.

સૂર્યથી બીજે શનિ હોય. ૧૦મે સ્થાને ચંદ્ર, ને ૭મા ભાવે મંગળ હોય તો અંગમાં ખોડ આવે છે.

પાપગ્રહના મધ્ય (વચ)માં ચંદ્ર હોય,ને સાતમે શનિ હોય તો શ્વાસ, ક્ષય, ગાંઠ, ગોળાના રોગથી પીડા પામે છે.

૧૨।૬।૮।૨ આ ભાવમાં ચંદ્ર, મંગળ, સૂર્ય શનિ, આ ગ્રહ બળવાન થઈને રહ્યા હોય, તો વાયુના રોગથી આંખોને વિકાર કરે.

૩।૫।૧૧ ભાવમાં પાપગ્રહ હોય, ને શુભગ્રહ જોતા ન હોય, તો કાનનો રોગ થાય. ૭મે શુક્ર કે મંગળ હોય, તો કાનનો રોગ, ને તેમાં ચંદ્ર સાથે હોય, તો આંખનો રોગ થાય.

ચંદ્ર,ને લગ્નનો સ્વામી ૬।૮।૧૨મા ભાવે હોય, તો દુબળો રોગનો ભય,ને હમેશાં શત્રુનો ભય થાય.

લગ્નેશ પોતાની રાશિમાં, કે ઉચ્ચમાં, કે પોતાના નવમાંશમાં હોય, તો દીર્ઘ આયુષ્ય, સુખી, બળવાન, ને ભોગ ભોગવનાર થાય.

લગ્નનો સ્વામી, કે ચંદ્રની રાશિનો સ્વામી, બળવાન થઇને ૩-૧૨-૬ બેઠો હોય, કે નીચનો કે અસ્તનો થઈ ૨ જે, ૮મે હોય તો શરીરમાં

દુર્બળતાને ઘણા રોગ થાય.

- કેન્દ્ર ત્રિકોણ (૧-૪-૭-૧૦-૫-૯: માં પાપગ્રહો ન હોય લગ્નનો સ્વામી,ને ગુરૂ ચોથાને આઠમા ભાવે રહ્યા હોય, તો તે પવિત્ર કાર્ય કરનાર, અને રોગરહિત થાય.ને નાના પ્રકારનાં સુખ ભોગવી ૧૦૦ વર્ષ જીવે છે.

- લગ્નમાં ગુરૂ, શુક્ર બુધ, કે ચંદ્ર હોય કે ચંદ્ર સાથે કેન્દ્રસ્થાનમાં હોય, તો તે પુરૂષ રાજાનો પ્રીતિપાત્ર થાય.

## બીજા ભાવનું ફળ

- બીજે બુધને સૂર્ય હોય તો તેનું ધન સ્થિર રહે છે અને સ્ત્રી ગ્રહ સાથે પુરુષ ગ્રહ હોય, તો સ્ત્રી તરફથી દ્રવ્યનો વ્યય થાય. જો શનિ હોય તો ધર્મ તથા સારે માર્ગે ધનનો ખરચ થાય.

- બીજાનો સ્વામી ૧૦-૯ કે ૧૧ મે બળવાન હોય, કે ધનેશસ્વગૃહી ઉચ્ચ-કે મિત્રના ઘરનો હોય તો લક્ષ્મીવાળો થાય.

- કન્યા રાશિમાં રાહુ, મંગળ, શુક્ર, શનિ રહ્યા હોય, તો કુબેર થકી અધિક ધનવાળો થાય.

- સૂર્ય રાશિમાં રાહુ, મંગળ શુક્ર શનિ રહ્યા હોય, તો કુબેર થકી અધિક ધનવાળો થાય.

- સૂર્ય કે ચંદ્ર ૧-૪-૭-૧૦માં મિત્રના નવમાંશના, ચંદ્ર ને ગુરૂ જોતો હોય, તો ધનવાન ને જ્ઞાનવાન થાય.

- બુધ, ગુરૂ, શનિ, પોતપોતાની રાશિમાં હોય, તો ઘણા વરસ જીવનારો, પગલે પગલે સંપત્તિ મેળવનારો થાય.

- લગ્નનો સ્વામિ લગ્નમાં હોય, તો લક્ષ્મી નિરંતર વાસ કરે છે. જેમ કુલિન સ્ત્રી પોતાના ઘરનો ત્યાગ કરતી નથી તેમ જાણવું.

- ચંદ્ર, મંગળ, ભેગા હોય, તેના ઘરમાં લક્ષ્મી નિરંતર વાસ કરે.

જે સાલમાં જન્મ હોય, ને તે માસના જેટલા દિવસ ગયા હોય, તેટલી સંખ્યાના વરસ પછી તે માણસ ધન ભોગવનારો થાય.

બીજે શુક્ર હોય ને ચંદ્ર જોતો હોય, તો ધનવાન થાય. ને શુભ ગ્રહ જોતો હોય, તો નિરંતર ધનનું સુખ રહે.

બીજાનો ને દશમાંનો સ્વામી ભેગો હોય તો તત્કાળ ધન મળે તેમજ દશમાનો સ્વામી નવમાંશમાં જે રાશિનો હોય તેનો સ્વામીને લાભ ભાવનો સ્વામી સાથે રહ્યા હોય તો પણ તત્કાળ ધન મેળવે.

લગ્નનો માલિક ધનભાવમાં હોય, ને લાભનો માલિક દસમા ભાવમાં હોય તો ધનવાન થાય ને ધનેશ શુભ ગ્રહના નવમાંશમાં હોય તો ધનવાન થાય.

લગ્નેશ ને ધનેશ શુભ ગ્રહના નવમાંશમાં હોય, ને ગુરૂ જોતો હોય, તો તે માણસ હજાર મહોરનો માલિક થાય.

લગ્નેશ બીજે હોય, ને લાભેશ દશમે હોય, ને લાભેશ ને ગુરૂ જોતો હોય તો તે હજાર સોનામહોરનો માલિક થાય.

લગ્નેશના નવમાંશનો પતિ ગોપુરાંશમાં હોય,ને દશમેશ જોતો હોય તો, હજાર સોનામહોરનો માલિક થાય.

કર્મેશ જે નવમાંશમાં હોય તેનો પતિ જે સપ્તમાંશમાં હોય, તેનો પતિ બળવાન હોય અને શુક્ર ગુરૂ જોતા હોય, તો તે બે હજાર મહોર મેળવે.

લગ્નેશ ગુરૂ સાથે ધનમાં હોય, ને તે વૈશેષિકાંશમાં હોય અથવા કેન્દ્ર કે ત્રિકોણમાં પડયા હોય, તો દશ હજાર મહોરથી વધારે ધનવાન હોય છે.

જેના ચાર કેન્દ્રમાં શુભ ગ્રહો હોય અને ધનેશ સિહાંસનાંશમાં અથવા પારાવતાંશમાં હોય, તો તે બે લાખ મહોરનો માલિક થાય,

ધનેશ ને લાભેશ બળવાન થઈને ૩-૬-૧૦-૧૧-૪-૭મા ભાવોમાં

પડયા હોય, તેમજ ભાગ્યનો પતિ બળવાન, હોય તો તે લાખ કરતાં વધારે મહોરનો માલિક થાય.

- લગ્નના નવમાંશનો સ્વામીને ભાગ્યેશ પરમ ઉચ્ચમાં હોય, અને લાભેશ વૈશેષિકાંશમાં હોય, તો કરોડપતિ થાય.
- બીજે પાપગ્રહ હોય અને લગ્નેશ બારમે હોય, ને અગીયરમાના સ્વામીએ જોયેલો કે યુક્ત દસમાનો સ્વામી હોય તો દેવાદાર થાય.
- ધનેશ અસ્તનો ને નીચ રાશિનો હોય, ને બીજે આઠમે પાપગ્રહ હોય, તો દેવાદાર થાય.
- બીજે પાપગ્રહ હોય, અને લગ્નેશ બારમે હોય ને અગીયારના સ્વામીએ જોયેલો કે યુક્ત દસમાનો સ્વામી હોય, તો દેવાદાર થાય.
- ધનેશ અસ્તનોને નીચ રાશિનો હોય, ને બીજે આઠમે પાપગ્રહ હોય, તો દેવાદાર થાય.
- છઠ્ઠે, આઠમે ને બારમે, ધનેશ લાભેશ હોય, ને ૧૧મે મંગળ બીજે રાહુ હોય, તો રાજયદંડથી ધનનાશ થાય.
- બીજાનો પતિ પરમ ઉચ્ચમાં હોય કે તેને બૃહસ્પતિ જોતો, હોય તો હજારોનું પાલન કરનાર, પૃથ્વીમાં પ્રતાપી થાય.
- ધનનો સ્વામી શુક્ર બુધ સાથે પારાવતાંશમાં હોય-કે ઉચ્ચ કે મિત્રના ઘરનો હોય તો તે પુરુષ ઘણા કુટુંબવાળો થાય.

## ત્રીજા ભાવનું ફળ

- ત્રીજે પાપગ્રહ હોય તો ભાઈઓનું સુખ હોતું નથી શુભગ્રહ હોય તો ભાઈઓનું સુખ, કીર્તિ ને ધનવાળો થાય.
- લગ્નથી ત્રીજે કેતુ સાથે ચંદ્ર હોય તો લક્ષ્મીવાળો ને ભાઈઓ વિનાનો થાય.

* ત્રીજે સૂર્ય હોય તો મોટા ભાઈનો નાશ કરે. મંગળને શનિ હોય તો નાના ભાઈનો નાશ કરે, ને રાહુ મોટાને નાના સર્વનો નાશ કરે. ને કેતુ હોય તો હાનિ કરતો નથી.

* કન્યાનો રાહુ હોય, ગુરૂ, બુધ બીજે હોય તો ત્રણ ભાઈઓનું સુખ આપે.

* ૧લે ચંદ્ર બીજે શુક્ર બારમે બુધ સૂર્યને પાંચમે રાહુ હોય તો બંધુને બંધન કરનાર થાય.

* લગ્નમાં ગુરૂ ધનમાં શનિ, ત્રીજે રાહુ હોય તો ભાઈઓનું સુખ હોય જ નહીં.

* ત્રીજે ઉચ્ચનો પુરુષગ્રહ હોય તો છ ભાઈઓને સ્ત્રીગ્રહ હોય તો છ બેનોનું સુખ હોય છે.

* ત્રીજે, શનિ ને મંગળ જોતો હોય તો ભાઈઓનો નાશ થાય પણ જો ગુરૂ શુક્ર જોતો હોય તો નાના ભીઈઓનું સુખ થાય.

* નવમે સિંહનો સૂર્ય હોય તો નાનાભાઈનો નાશ કરે. કદાચ એકાદ જીવે તો રાજા તુલ્યને આયુષ્યવાન થાય.

* ત્રીજે શુભગ્રહ હોય કે જોતા હોય તો કીર્તિવાન થાય, કુટંબથી સુખીને ભાઈના સુખને ઘણા મિત્રવાળો, સારા ચાકરના સુખ યુક્ત હોય.

* ત્રીજે પોતાના સ્વામીને શુભગ્રહ જોતા હોય અથવા યુક્ત હોય તો મોટા ભાઈનું સુખ આપે અને પોતાનો સ્વામી યુક્ત હોય કે જોતા ન હોય તો સુખ આપતો નથી.

* ત્રીજે સૂર્ય હોય તો ભાઈનું સુખ ન હોયતે કુટુંબથી કલેશ કરાવે પણ સિંહ રાશિનો હોય તો સુખ આપે. તે સિંહનો સૂર્ય ચાર કે ત્રણ ભાઈઓ તથા બે બેનોનું સુખ આપે ને ત્રણ બાળક (સહોદર)નો નાશ કરે છે.

* ત્રીજે મંગળ હોય તો ભાઇઓનું સુખ થવું દુર્લભ છે. ને તેને ચંદ્ર, ગુરૂ

જોતા હોય તો એક ભાઈનું સુખ આપે.

- ત્રીજે બુધ હોય કે, જોતો હોય તો ભાઈ તથા બેનનું સુખ
- ત્રીજે શુક્ર હોય તો ઘણી બેનો થાય, તથા ત્રણ ભાઈઓ થાય છે. અને પાપગ્રહો જોતા હોય તો કેટલાકનો નાશ કરે છે. તેમ જ ત્રીજે રહેલા શુક્રને પાપગ્રહના જોવાથી તથા ભેગા રહેવાથી ઓરમાન ભાઈઓ હોય છે. તે મધ્યે કેટલાક નાશ થાય છે.
- ત્રીજે શનિ કે રાહુ હોય કે જોતા હોયતો ભાઈઓનું સુખ ન હોય.
- ત્રીજે રાહુ અને બીજે ગુરૂ હોય ને બુધ તેની સાથે હોય તો તેને ત્રણ ભાઈઓનું સુખ હોય છે.
- ત્રીજાનો સ્વામી કેન્દ્રમાં હોય ને તેનાથી ત્રિકોણમાં ત્રીજાનો કારક ઉચ્ચનો ને બૃહસ્પતિ સાથે હોય તો બાર સહોદરવાળો થાય.
- બારમાનો સ્વામી મંગળ કે ગુરૂ સાથે હોય ને ત્રીજે ચંદ્ર હોય તો સાત ભાઈ થાય.
- ત્રીજાનો સ્વામી શુભગ્રહના નવમાંશમાં શુભગ્રહ યુક્ત હોય તો ધીરજવાન થાય. ને ત્રીજાના કારક ગ્રહ શુભગ્રહની રાશિમાં હોય તો શૂરો હોય છે.
- ત્રીજાનો સ્વામી બુધની સાથે પોતાના વેશેષિકાંશમાં સંપૂર્ણ બળમાં કે મૃદંશકમાં હોય તો તે પુરુષ લડાઈમાં અભિલાશીને લડવામાં ઘણો ચતુર હોય છે. આ થકી ત્રીજાનો સ્વામી વિપરીત હોય તો યુદ્ધની ઈચ્છા વિનાનો થાય.
- ત્રીજામાં પાપગ્રહ હોય અથવા જોતા હોય તો કાનનો રોગી થાય ત્રીજાનો સ્વામી ક્રૂરાદિષષ્ટમાંશમાં હોય તો પણ કાનનો રોગી થાય

## ચોથાભાવનું ફળ

- ચોથે પાપ ગ્રહો હોય તો નાની ઉંમરમાં માને પીડા થાય, શુભ ગ્રહ

હોય તો 'મા'નું સુખ આપે, ને રાજદ્વારમાં સારું માન મળે.

- ચોથે બળવાન પાપગ્રહ હોય, ને કેંદ્રમાં શુભ ગ્રહ ન હોય તો 'મા'નો નાશ કરે.
- પાપગ્રહના મધ્યમાં લગ્ન હોય, કે પાપગ્રહ સાથે ચંદ્ર હોય તો 'મા'નો સાત દિવસમા નાશ થાય છે. બીજે શુભગ્રહ રહિત પાપગ્રહ હોય તો પણ તેમ જાણવું.
- ચોથે પાપગ્રહો 'મા'નો, દશમે પાપગ્રહો પિતાનો અને સાતમે પાપગ્રહો સ્ત્રીનો નાશ કરે છે.
- શનિ મંગળના મધ્યે (બેની વચમાં) સૂર્ય હોય, તો પિતાનો, ને ચંદ્ર હોય તો 'મા'નો નાશ થાય.
- ચંદ્રથી આઠમે પાપગ્રહ હોય, ને ચંદ્ર પાપ યુક્ત હોય, ને બળવાન પાપગ્રહો ચંદ્રને જોતા હોય, તો તરત 'મા'નો નાશ કરે છે.
- પહેલે ગુરૂ, બીજે શનિ ને ત્રીજે રાહુ હોય, તો મરણ પામે.
- સિંહનોમંગળ, તુલાનો શનિ, કે કન્યાનો શુક્ર હોય ને મિથુનનો રાહુ હોય તો 'મા'નું મરણ થાય.
- ચંદ્ર સાથે પાપગ્રહ હોય, અથવા પાપગ્રહના મધ્યમાં (આગળને પાછળ બેઉ જગ્યાએ પાપ ગ્રહ હોય, તો 'મા'નો નાશ થાય.
- બીજે રાહુ, બુધ, શનિ, શુક્ર, સૂર્ય, હોય તો બાળક 'મા' સાથે નાશ પામે છે.
- ૧૨-મે ૬ઠે પાપગ્રહ હોય તો, 'મા'ને ને ૪ થે-૧૦ મે હોય તો બાપને ભયકારક છે.
- ૩-જે-૭ મે સૂર્ય હોય ને લગ્નમાં મંગળ હોય, તો 'મા'નો એક વર્ષ ને બે પળમાં નાશ થાય.

ચોથાનો સ્વામી બળવાન થઈ, ત્રિકોણ કે, કેન્દ્રમાં ઉચ્ચનો મૂલ ત્રિકોણ કે, સ્વગૃહી હોય, તો નવાં નવાં વાહનોનું (ઘોડાગાડી વિગેરે) સુખ મળે.

ચંદ્રને, ત્રણ પાપગ્રહ જોતા હોય ને શુભગ્રહની દૃષ્ટિ હોય, તો 'મા'નો નાશ કરે. ૧૨-૭-૧ લે પાપગ્રહ હોય, તો પરિવારનો નાશ કરે.

બીજે શનિ, લગ્નમાં ગુરૂ ને સાતમે રાહુ હોય તો 'મા'નો નાશ થાય.

ચોથાનો સ્વામીબળવાન હોય, ચોથામાં શુભગ્રહ હોય ને જોતા હોય તો વાહનનું સુખ આપે.

સુવર્ણ, વસ્ત્ર, આભૂષણ વાહન શુક્રથી કે ચોથા ભાવથી બળાબળ વિચારી કહેવાં. ચંદ્ર ચોથાનો ને લગ્નનો સ્વામી ત્રણે લગ્નમાં હોય, તો ઘોડાનો લાભ થાય.

શુક્ર સાથે ચોથાનો સ્વામી લગ્નમાં હોય તો, નરવાહન (પાલખી) મેનાનું સુખ મળે. તેની સાથે ગુરૂ હોય તો ઘોડા, હાથી, રથ મનુષ્ય, ચાર પ્રકારની સવારીઓનું સુખ હોય.

૧।૪।૯ માનાં સ્વામીઓ દશમે નીચ કે અસ્ત વિનાના હોય ને દશમાનો સ્વામી લગ્નમાં હોય, તો સિંહાસનનો લાભ થાય.

ચોથાનો સ્વામી નવમે ને ગુરૂ શુક્ર ચોથે ને ભાગ્યનો સ્વામી કેન્દ્ર કે ત્રિકોણમાં હોય તો ઘણા આભૂષણ ધનને વાહનો મેળવે.

ચોથાનો સ્વામી જે કેન્દ્રમાં હોય તે કેન્દ્રનો સ્વામી લગ્ને હોય, તો ઘણા વાહનનો યોગ કરે છે. દશમાનો સ્વામી લગ્નમાં ને લગ્નનો સ્વામી દસમે હોય તો ઘણાં વાહન હોય છે.

ચોથાનો સ્વામી શુભ ગ્રહ સાથે ચોથે હોય તો, હથીઆર, ઘોડા, ખજાનાનો માલિક થાય. જો બળવાન થઈ અગીયારમે હોય કે ચોથા ૧૧ માં મંગળ સાથે હોય તો રાજ્ય, ધન, સુખ વસ્ત્ર, આભૂષણાદિ

વાહન મળે છે.

❊ ધનેશ ઉચ્ચનો કેન્દ્રમાં હોય તો સિંહાસન મેળવે.

❊ સુખેશ બારમે હોય તો બાપના ઘરથી બીજું ઘર પરદેશમાં બનાવે અને ચોથાનો સ્વામી આઠમે હોય તો પોતે પોતાનું ઘર બનાવે.

❊ લગ્નેશ, વાહનેશ, ભાગ્યેશ, પરસ્પર કેન્દ્રમાં પડ્યા હોય તો કે લગ્નનો સ્વામી બળવાન હોય તો તે માણસ વાહનનો માલિક થાય.

❊ પોતાની રાશિનો, પોતાના નવમાંશનો, કે ઉચ્ચનો ગ્રહ પાંચમે હોય તો, શંખ ભેરી ઢોલ વગેરે નાના પ્રકારનાં વાજીત્રો સાથે સુખ અને વાહનની વૃદ્ધિ થાય.

❊ ચોથાનો સ્વામી શુભ હોય કે શુભ ગ્રહોએ જોયેલો હોય, ને લગ્નમાં બુધ હોય તો વિદ્વાનોને પૂજવા યોગ્ય થાય.

❊ ચોથે શુભ ગ્રહ હોય ને ચોથાનો સ્વામી ઉચ્ચનો હોય, ચોથાનો કારક બળવાન હોય તો 'મા' ઘણાં વર્ષ જીવે.

❊ ચોથે શનિ સૂર્ય, નવમે ચંદ્રને લાભમાં મંગળ હોય તો તેને ગાયો ભેંસો વિગેરે ચતુષ્પદનો લાભ કરે છે.

❊ ચોથે સૂર્ય, સુખેશ ઉચ્ચનો શુક્ર સાથે હોય તો બત્રીસ વર્ષે વાહનો મળે છે.

❊ દશમાના સ્વામી સાથે ઉચ્ચનો ચોથાનો સ્વામી નવમાંશમાં હોય તો ૪૨ વર્ષે વાહનનો લાભ થાય.

❊ અગીયારમાનો સ્વામી ચોથે ને ચોથાનો સ્વામી અગીયારમે હોય તો, બારમા વર્ષે નર વાહન (પાલખી મેનાં) વિગેરે વાહનો મળે .

## પાંચમા ભાવનું ફળ

❊ પાંચમે બે કે ત્રણ પાપગ્રહ હોય અથવા જોતા હોય તો સ્ત્રી પુરૂષ

વાંઝીયાં રહે.

- **લગ્નમાં મંગળ ને આઠમે શનિ કે પાંચમે સૂર્ય હોય તો, પાછલી અસ્થામાં પુત્ર થાય.**

- લગ્નમાં શનિ ને આઠમે ગુરૂ ને પાંચમે **મંગળ** હોય, તો, ઘણા વર્ષે પુત્ર થાય.

- ૫-૯ ને ૭ માના સ્વામીઓ લગ્નમાં જ એકઠા હોય, તો પુત્ર પ્રાપ્તિ યોગ થાય છે.

- સંતાને વિના પુરૂષને જેવું દુઃખ થાય છે તેવું સ્ત્રીને થાય છે. તે બન્નેના પૂર્વ જન્મમાં કરેલાં કર્મથી સંતાનનો અવરોધ થાય છે.

- પાંચ પ્રકારનું પુત્રનું દુઃખ નીચે પ્રમાણે.

  ૧ વિયોગ. ૨ મરણ. ૩ નપુંસક. ૪ અપ્રસવ. ૫ દેશાંતર ગમન.

  આ પાંચ પ્રકારે પુત્રનું દુઃખ સમજવું.

- સ્ત્રી પુરુષના નામના અક્ષરોમાં સાત સાત જોડવા ને ત્રણ ભાગવા, શેષ ૧ વધે તો પુરુષના કર્મથી ૨ વધે તો સ્ત્રીના કર્મથી **વધે તો સ્ત્રી પુરુષ** બેના કર્મથી સંતાનનો અવરોધ કહેવો.

- વાંઝણી યોગ—આઠમે પોતાની રાશિના શનિને સૂર્ય હોય, તેની સ્ત્રી વંધ્યા (વાંઝણી) થાય. ને આઠમે ચંદ્ર ને બુધ હોય તો દોષવાળી અથવા કાક વંધ્યા (એક જ પ્રજા) થાય.

- આઠમે શુક્ર ને ગુરૂ હોય તો, મૃત પ્રજા થાય,, ને મંગળ હોય તો ગર્ભનો શ્રાવ (અધુરે જવું) થાય, બળવાન અષ્ટમેશ આઠમે હોય તો, સ્ત્રીને સારા ગર્ભને આપનારું ઋતુ પ્રાપ્ત થતું નથી.

- પાંચમે ત્રણ પાપગ્રહો હોય, અથવા ત્રણ પાપગ્રહો પાંચમેશના શત્રુ થઈ પાંચમે જોતા હોય તો સ્ત્રી-પુરુષ વાંઝયાં હોય.

- નીચ, અસ્ત કે શત્રુની રાશિના પાંચમે ગુરૂ સૂર્ય કે મંગળ હોય, તો

પુત્ર તત્કાળ નાશ પામે છે.

- પાંચમે પાપગ્રહ હોય તો પ્રજાનો વારેવારે નાશકરે સાતમે પાપગ્રહ હોય તો, બે સ્ત્રીઓ થાય.
- પાંચમે, નવમાના સ્વામી રાહુ કે મંગળ સાથે હોય અથવા રાહુને મંગળના મધ્યમાં હોય તો પુત્રનો નાશકરે.
- પાંચમે, નવમે ને ચોથામાં ગ્રહો હોય તો, આગળનાં સંતાનનો નાશ કરે. ને પાછળનાંસંતાન જીવે.

## શાથી છોકરાં મરે તેનું કારણ

- પાંચમાથી આઠમે સૂર્ય હોય તો, તાવથી, ચંદ્રપાણીને સીતથી, મંગળ શસ્ત્ર (હથિઆર) થી બુધ શીતળાના દોષથી, ગુરૂ ઝેરથી કે સાપથી, શુક્ર જનાવરથી, શનિ બાલ (વાળ) ખેંચવાથી ને રાહુ ઝડપથી, ને કેતુ હોય તો ઘણી જાતના વિકારોથી પીડાઓ થાય.
- પાંચમે કે અગીયારમે રહેલા મંગળને, શનિ જોતો હોય, તો તેની સ્ત્રીને ગર્ભપાતથી દુઃખ ને સંતાનનું દુઃખ થાય.
- પાંચમે સાતમે પાપગ્રહ હોય ને આઠમે મંગળ હોય તો, તેની સ્ત્રીને ગર્ભશ્રાવ (અધુરે જવું) ગ્રહ પ્રમાણથી થાય. વધારે પાપગ્રહને વળી બળવાન હોય, તો ઘણી વખત, ને થોડા કે નિર્બળ હોય તો એકાદ વખત થાય.
- પંચમેશનો નવમાંશ કર્ક, વૃશ્ચિક, કે મીનનો, આવે ને સાતમે શુક્ર, ને લગ્નમાં શનિ હોય તો, તેને સંતાનનું સુખ હોતું નથી. તથા તેની સ્ત્રી વાંઝણી હોય. સાતમે પાપગ્રહો હોય તો ગર્ભનો શ્રાવ (અધુરે જવું) થાય.
- પાંચમા નવમાના સ્વામીઓ, સાતમાના સ્વામી સાથે ખોટા (૬।૮।૧૨) સ્થાનમાં હોય ને નિર્બળ હોય ને કોઈ શુભ ગ્રહ ન જોતો હોય તો ઘણી સ્ત્રીઓ છતાં પુત્ર થતો નથી,

ઘણા પુત્ર થવાનો યોગ- સ્ત્રીઓના જન્મકાળમાં કેન્દ્ર ત્રિકોણમાં, મંગળ શનિ, રાહુ બળવાન હોય, સાતમે ચંદ્ર બળવાન હોય બુધ, ગુરૂ, શુક્ર ગમે તે ભાવમાં બળવાન હોય, લગ્નેશ સાતમે ને સપ્તમેશ અગીયારમે ને લાભેશ પાંચમે, હોય તો, તે સ્ત્રીને ઘણા પુત્રો થાય.

પંચમેશ નીચનો છઠ્ઠે, આઠમે, બારમે હોય ને પાંચમે બુધ કેતુ હોય, તો નિશ્ચય કાક વંધ્યાનો યોગ કરે છે.

પંચમેશ નીચનો થઈ પાંચમે, જોતો હોય ને પાંચમામાં બુધ શનિ હોય તો કાક વંધ્યા યોગ કરે છે.

ગુરૂ પરમ ઉચ્ચમાં હોય ધનેશ રાહુ સાથે હોય ને ભાગ્યેશ નવમે હોય તો તેને ૯ પુત્ર થાય. પાંચમેથી પાંચમે શનિ જે રાશિનો હોય તે રાશિનો સ્વામી પાંચમે આવે તો ૬ પુત્ર થાય. તેમાં બે જોડીયાં (સાથે જ જન્મેલાં) હોવાં જોઈએ.

બીજા ને પાંચમાના સ્વામીઓ પાંચમે હોય, તો ૬ સંખ્યા પુત્રની થાય. તેમાં ત્રણ નાશ પામે છે.

પાંચમે ગુરૂ, ગુરૂથી પાંચમે શનિથી પાંચમે રાહુ હોય તો એક પુત્ર કહેવો.

પાંચમે પાપગ્રહ ને ગુરૂ થકી પાંચમે શનિ હોય તો બીજી સ્ત્રીથકી પુત્ર થાય, ને ત્રણ સ્ત્રીઓ થાય.

## છઠ્ઠા ભાવનું ફળ (જાતકપારિજાતક)

શુભગ્રહ કેડ (કટી) પગ, ગુહ્યસ્થળ ને ગુદા, ને વિષે ઘણા રોગ કરે ને તે શુભગ્રહના ભેગો શનિ હોય તો વાયુનો રોગ કરે.

છઠ્ઠે મંગળ સૂર્ય શુભ ગ્રહની દૃષ્ટિ રહિત હોય તો મામાનો શસ્ત્રથી ઘાત, અગ્નિ દાહ, કે વીષથી નાશ કરે છે.

છઠ્ઠે ચંદ્ર શુક્ર કે બુધ હોય, ત્યારે મામાને કન્યા પ્રજા હોય છે, છઠ્ઠે ગુરૂ

હોય તો મામાને પુત્રનું સુખ હોય, ને સુખી હોય ને પોતાના ભાઈઓ તરફથી સુખ સારુ હોય.

- ધનેશ સાથે શુભગ્રહો છઠ્ઠે હોય કે શુભગ્રહો જોતા હોય તો વિજય નામનો યોગ થાય છે. તે સંગ્રામમાં જય મેળવે, ને વાહન આયુદ્ધથીજય પામે.

- છઠ્ઠે બળવાન ચંદ્ર શુક્ર, બુધ, કે ગુરૂ હોય તો ગૌધન (ગાય બળદ) ગોધન મળે.

- છઠ્ઠે બળવાન રાહુ શનિ કે કેતુ હોય તો મહિષી (ભેંસ)નું ધન મળે.

- ગુરૂ શુક્ર કે ચંદ્ર હોય તો ભાઈ, મામા ને સસરા તરફનું સુખ સારું હોય.

- છઠ્ઠે ચંદ્ર શુક્ર બુધ હોય તો મામા ને કન્યા પ્રજા થાય ને ગુરૂ હોય તો મામો પુત્રવાળો, સુખી ને ધનવાન હોય છે.

- ગુરૂ છઠ્ઠે હોય તો તેજસ્વી, ને ઘણા પ્રકારે શુભ ફળ આપે.

- લગ્નનો સ્વામી છઠ્ઠે, ને છઠ્ઠાનો લગ્ને હોય , રાહુ શનિ કે કેતુ ભેગો હોય તો તેને શત્રુથી પીડા થાય.

- નિર્બળ છઠ્ઠાના સ્વામીને પાપગ્રહો જોતા હોય કે તે પાપગ્રહના મધ્યમાં હોય તો શત્રુથી પીડા થાય.

- છઠ્ઠાનો સ્વામી નીચ, અસ્ત, કે શત્રુના ઘરનો ૬-૮-૧૨-મે હોય ને લગ્નનો સ્વામી બળવાન હોય તો શત્રુનો નાશ થાય છે.

- છઠ્ઠાના સ્વામીને શુભ ગ્રહ જોતા હોય કે ષષ્ઠેશ શુભ ગ્રહની રાશિમાં શુભ યુક્ત હોય તો શત્રુથી મિત્રતા થાય.

- લગ્નના સ્વામીથી છઠ્ઠાનો સ્વામી બળહીન હોય ને શુભગ્રહ જોતા અથવા યુક્ત હોય તો શત્રુ સાથે મિત્રતા થાય.

- આઠમે લગ્નેશ ને છઠ્ઠાનો સ્વામી જોતો હોય, કે લગ્નેશને ષષ્ટેશ લગ્નમાં રહ્યા હોય તો પોતાની જ્ઞાતિથી પીડા થાય.
- ષષ્ટેશ સાથે ગુરૂ શુક્ર લગ્નમાં હોય, ને શનિ, મંગળ, રાહુ જોતા હોય તો જ્ઞાતિથી પીડા થાય.
- છઠ્ઠે મંગળ, ને છઠ્ઠાનો સ્વામી આઠમે હોય, રાહુ સાથે શનિ હોય તો નિરંતર રોગી હોય.
- છઠ્ઠે કે આઠમે સૂર્ય હોય, ને તેનાથી બારમે ચંદ્રમાં હોય તો પાંચમે કે નવમે વર્ષે જળથી ભય થાય.
- આઠમે શનિ હોય ને આઠમાથી બીજે કે બારમે મંગળ હોય તો ૩૦ કે ૧૮ મે વર્ષે વિસ્ફોટકનું દરદ થાય.
- પાંચમાનો સ્વામી છઠ્ઠે હોય, ને છઠ્ઠાનો સ્વામી ગુરૂ સાથે હોય, ને બારમાનો સ્વામી લગ્નમાં હોય, તો પોતાનો પુત્ર શત્રુ થાય.

## સાતમા ભાવનું ફળ

- સાતમે શુક્ર હોય તો કામાતુર થાય, બુધથી બીજાની સ્ત્રી ઉપર પ્રીતિવાળો, ગુરૂથી પોતાની સ્ત્રી પર પ્રીતિવાળો શનિથી દુષ્ટ સ્ત્રી ઉપર પ્રીતિવાળો, અને સાતમાનો સ્વામી બળવાન હોય તો સારી સ્ત્રીવાળો થાય.
- મંગળથી, ઘણી સ્ત્રીઓ ઉપર પ્રીતિવાળો ને કુલનો નાશ. કરનારો, સૂર્યથી ઘણા કુટુંબવાળો, ને બહુ સ્ત્રીઓ ઉપર પ્રીતિવાળો થાય. બીજા છઠ્ઠા ને સાતમાના સ્વામીઓ શુક્ર ને પાપગ્રહની સાથે લગ્નમાં હોય તો તે માણસ પારકી સ્ત્રીમાં પ્રીતિ રાખે, ને ખોટા માર્ગે ચાલે પણ શુભ ગ્રહ યુક્ત કે જોતા ન હોય તો જ તેમ થાય છે. લગ્ન ને છઠ્ઠાના સ્વામીઓ પાપગ્રહ સાથે હોય તો તે પરસ્ત્રીમાં પ્રીતિ રાખે છે.
- ક્ષીણ ચંદ્ર પાપગ્રહ સાથે સાતમે હોય તો પરસ્ત્રી ભોગવે, લગ્નમાં

પાપગ્રહ સાથે સાતમાનો સ્વામી હોય તો પરસ્ત્રીઓમાં પ્રીતિવાળો ને ખોટા રસ્તે ચાલનારો થાય.

- પંચમેશ સાતમે હોય, ને સપ્તમેશ પાયુક્ત હોય, ને શુક્ર નિર્બળ હોય તો, ગર્ભવતી સ્ત્રી નાશ પામે છે.
- લગ્નેશ આઠમે હોય ને સાતમે પાપગ્રહ સાથે ધનેશ હોય તો બે સ્ત્રીઓનો યોગ થાય છે.
- સપ્તમેશ શત્રુ કે નીચનો થઈને શુભગ્રહ સાથે હોય ને સાતમે પાપગ્રહ હોય તો બે સ્ત્રીઓ થાય છે.
- પાપગ્રહો બીજે, કે સાતમે હોય, ને સપ્તમેશને પાપગ્રહો જોતા હોય તો ત્રણ સ્ત્રીઓનો યોગ થાય છે.
- લગ્ને બીજે કે સાતમે પાપગ્રહો હોય, ને સપ્તમેશ નીચ કે અસ્તનો હોય તો ઘણી સ્ત્રીઓનો યોગ થાય છે.
- લગ્નેશથી દશમે બળવાન બુધ હોય ને સપ્તમેશથી ત્રીજે ચંદ્ર હોય તો ઘણી સ્ત્રીઓ થાય.
- બારમા ને બીજાના સ્વામીઓ ત્રીજે હોય, ને ગુરૂ જોતો હોય, કે નવમાનો સ્વામી જોતો હોય તો ઘણી સ્ત્રીઓવાળો થાય.
- સપ્તમેશ ઉચ્ચ, મિત્ર, કે પોતાના નવમાંશમાં અથવા વર્ગમાં રહીને ૧-૪-૭-૧૦-૫-૯ મે ભાવે હોય, અથવા દશમાના સ્વામી સાથે હોય તો ઘણી સ્ત્રીવાળો થાય.
- સપ્તમેશને લાભેશ સાથે હોય કે પરસ્પર જોતા હોય કે બળવાન થઈને ત્રિકોણમાં બેઠા હોય તો ઘણી સ્ત્રીઓ થાય.
- બળવાન સાતમાના સ્વામીને ગુરૂ જોતો હોય કે બીજે હોય કે સાતમાના કારકને ગુરૂ જોતો હોય, તો સ્ત્રી સ્વામીની સેવા કરનારી થાય.
- સૂર્યને સાતમાનો સ્વામી બળ પામેલા હોય, શુભગ્રહ જોતા હોય કે

લગ્નના સ્વામી સાથે તે બે ગ્રહોને મિત્રતા હોય તો સ્ત્રી પતિવૃતા હોય છે.

- સાતમાનો સ્વામી બળવાન હોય તો તેને ઘણી સ્ત્રીઓ થાય. સાતમાનો સ્વામી શુભગ્રહની રાશિમાં હોય, ને શુક્ર ઉચ્ચ કે પોતાની રાશિમાં હોય તે વિવાહ (વેવિશાળ કે અદરાવું) ઘણું કરીને પાંચ નવ વર્ષે થાય. સાતમે સૂર્ય હોય, ને સાતમાનો સ્વામી શુક્ર સાથે હોય તો તેનો વિવાહ સાત કે અગીયારમા વર્ષે થાય.
- સાતમાનો સ્વામી અગીયારમે હોય, ને શુક્ર બીજે હોય તો વિવાહ ૧૦ કે ૧૬ વર્ષે ઘણું કરીને થાય છે.
- લગ્નથી કેન્દ્રમાં શુક્ર ને શુક્રથી સાતમે શનિ આવે તો તેનો વિવાહ ૧૨ વર્ષે કે ૧૯ વર્ષે થાય.
- બીજે રાહુ ને સાતમે મંગળ હોય તો લગ્ન પછી ત્રીજા દિવસે સાપ કરડવાથી સ્ત્રીનું મરણ થાય.
- આઠમે શુક્ર હોય ને આઠમાનો સ્વામી શનિની રાશિમાં હોય તો ૧૨ કે ૧૯ વર્ષે સ્ત્રીનો નાશ થાય.
- લગ્નેશ નીચનો, ને ધનેશ આઠમે હોય, તો ૧૩ મે વર્ષે સ્ત્રીનો નાશ થાય.
- શુક્ર થકી સાતમે ચંદ્ર હોય, તો ૧૦ વર્ષે વિવાહ થાય ચંદ્ર થકી સાતમે બુધ હોય, તો ૨૨ વર્ષે ને અષ્ટમેશ પાંચમે હોય, તો ૩૩ વર્ષે વિવાહ થાય. તેમાં કાંઈ પણ વિચાર કરવા જેવું નથી.

## આઠમા ભાવનું ફળ

- ઉપરના યોગોમાંનો કોઈ પણ યોગ્ય ન થયો હોય તો તેના મરણનું કારણ જન્મના દૈષ્કોણથી બાવીસમાં દેષ્કાણના સ્વામીની ધાતુના વિકારથી મૃત્યુ થાય.
- બાવીસમો દેષ્કાણ અગ્નિ હોય તો તે મુડદાને અગ્નિથી બાળવામાં

આવે છે,

❋ સૂર્ય કે ચંદ્રમાં જે બળવાન હોય તેના દ્રેષ્કોણનો સ્વામી, ગુરૂ હોય, તો માણસ દેવલોકંમાંથી દ્રેષ્કાણ પતિ ચંદ્ર કે શુક્ર હોય તો પિતૃલોકમાંથી, સૂર્ય કે મંગળ હોય તો જાનવરોમાંથી શનિ બુધ હોય તો, નારકી અવતારમાંથી આવેલો હોય છે. દેષ્કોણ પતિ ઉચ્ચનો હોય તો તેની છેલ્લી જિંદગી ઘણી જ ઉત્તમ થાય છે. જો ઉચ્ચને નીચ સ્થાનની મધ્યમાં રહ્યો હોય તો જિંદગી ઘણી જ ઉત્તમ થાય છે. જો ઉચ્ચ ને નીચ સ્થાની મધ્યમાં રહ્યો હોય તો જિંદગી સામાન્ય થાય છે. ને નીચમાં રહેલો હોય તો છેલ્લી જિંદગી ઘણી જ નિકૃષ્ટ થાય છે.

❋ છઠ્ઠે આઠમે ગ્રહ ન હોય તો તે ભાવોના દ્રેષ્કોણના પતિમાંનો જે બળવાન હોય તે તે લોકમાં મરણ પછી જશે, કે છઠ્ઠા સાતમા ને આઠમામાં પડેલા ગ્રહોમાં જે બળવાન ગ્રહ હોય, તેના લોકમાં મરણ પછી તે જાય છે. ગુરૂ છઠ્ઠે, કેન્દ્રમાં, કે આઠમે, ઉચ્ચનો હોય કે લગ્ને મીનનો ગુરૂ હોય ને શુભ ગ્રહના નવમાંશમાં હોય ને બીજા ગ્રહ નિર્બળ હોય તો તે માણસ મોક્ષ પામે છે.

❋ અષ્ટમેશ કેન્દ્રમાં હોય ને શુભ ગ્રહો કેન્દ્રમાં હોય, તો તીર્થમાં મરણ પામે છે.

❋ લગ્નમાં સૂર્ય, પાંચમે મંગળ, આઠમે શનિ ને નવમે ચંદ્ર હોય તો લોભના કારણથી મૃત્યુ થાય.

❋ દશમે મંગળ ગુરૂ, ને સાતમે સૂર્ય હોય તો ઘોડાથી મૃત્યુ થાય.

❋ લગ્ને શનિ, છઠ્ઠે સૂર્ય, સાતમે બુધ, દશમે ચંદ્ર ને નવમો મંગળ હોય તો આખલા કે બળદથી કે અગ્નિથી મૃત્યુ થાય.

❋ છઠ્ઠે અથવા દશમે મંગળ, ને બીજે વા આઠમે ચંદ્ર હોય તો ભંગદરથી કે રક્તપિત્તથી મૃત્યુ થાય.

❋ ચોથે સૂર્ય મંગળ, ને દશમે શનિ હોય તો, હાથીથી મૃત્યુ થાય.

- સાતમે ચંદ્ર, મંગળ, શનિ, હોય તો પરસ્ત્રીના લીધે મૃત્યુ થાય.
- લગ્નમાં શનિ સૂર્ય, સાતમે ચંદ્ર મંગળ, ને બીજે શુક્ર હોયતો સ્ત્રીના કારણથી મૃત્યુ થાય.
- સાતમે મંગળ સૂર્ય, આઠમે શનિ, ચોથે ક્ષીણ ચંદ્ર હોય તો, પક્ષીથી મૃત્યુ થાય.
- સિંહનો શનિ લગ્નમાં, પાંચમે કે આઠમે મંગળ, ને નવમે ચંદ્ર હોય તો વૃક્ષ, (ઝાડ) કે વીજળી પડવાથી કે કોઈ પ્રકારે દબાણ થવાથી મરણ થાય.
- આઠમે અથવા ચોથે ક્ષીણ ચંદ્ર, સાતમે શનિ ને બીજે મંગળ હોય તો, લાકડું વાગવાથી મરણ થાય.
- સૂર્ય મંગળ બારમે, રાહુ ચંદ્ર સાતમે, ને ગુરૂ કેન્દ્રમાં હોય તો, સારી ભૂમિમાં કે દેવલાયકમાં કે બગીચામાં મરણ થાય.
- નવમાનો સ્વામી નવમે, લગ્નનો સ્વામી લગ્ને, ને આઠમાનો સ્વામી આઠમે જોતા હોય તો, તેનું તીર્થમાં મરણ થાય.
- લગ્નનો સ્વામી ઉચ્ચનો હોય ને ચંદ્ર ૧૧ મે હોય ને આઠમે ગુરૂ હોય તો, તે લાંબા આવરદાળાળો થાય.

## નવમાં ભાવનું ફળ (જાતકાભરણ)

- લગ્ન અથવા ચંદ્રથી નવમું ભાગ્યભવન છે તેના સ્વામીઓ યુક્ત કે જોતા હોય તો, પોતાના દેશમાં, ને બીજા ગ્રહો યુક્ત જોતા હોય તો પરદેશમાં ભાગ્યોદય કરે છે. જો નવમે શુભગ્રહો ઉચ્ચ મૂળત્રિકોણ કે પોતાની રાશિના થઈને બેઠા હોય કે જોતા હોય તો સર્વ યુક્ત મૂળત્રિકોણ કે પોતાની રાશિના થઈને બેઠા હોય કે જોતા હોય તો સર્વ પ્રકારથી ભાગ્યોદય કરે ને પાપગ્રહો ઘણા નિર્બળ થઈને બેઠા હોય તો અત્યંત દુઃખની પ્રાપ્તિ કરે છે.

❁ ભાગ્યેશ નવમે હોય તેને શુભગ્રહ જોતા હોય તો ભાગ્યવાન, ને જેમ માનસરોવરમાં હંસ શોભે છે તેમ પોતાના કુળમાં શ્રેષ્ઠ થાય.

❁ નવમે ગ્રહ ઉચ્ચનો હોય તો, ઘણા ધનવાળો થાય. ને તેને શુભગ્રહ જોતા હોય તો તે ઘણા હાથીની સમૃદ્ધિવાળો, ને ઘણા વિલાસ યુક્ત રાજા થાય.

## જાતકસંગ્રહ

❁ નવમાનો સ્વામી કેન્દ્ર ત્રિકોણમાં હોય, ને લગ્નેશ ઉચ્ચનો હોય તો મરણ પર્યંત સુખ સમૃદ્ધિવાળો હોય.

❁ નવમે શનિ સ્વગ્રહી હોયતો, મોટું પૂજન ભણાવે. મહાધર્મી થાય છે ઘણો જય મેળવે, ને રાજા તુલ્ય વાહનવાળો થાય.

❁ ભાગ્યમાં ગુરૂ હોય તો, રાજમંત્રીને ભાગ્યવાન થાય. ને નવમે નિર્બળ શુભગ્રહ હોય તો પણ ધર્મવાન સારા આચરણવાળો થાય.

❁ ભાગ્યમાં ગુરૂ હોય ને તેને બધા ગ્રહો જોતા હોય તો સમૃદ્ધિ વાળો, ધાર્મિક, તેજસ્વી, પરાક્રમી રૂપવાન ને સારા ગુણવાળો થાય.

❁ નવમે રહેલા સર્વે શુભગ્રહો રાજ્યને આપનારા જાણવા ધન ભાવમાં રહેલા સર્વે શુભગ્રહો ધન, વસ્ત્ર, આભૂષણ, ધાન્ય આયુષ્ય, ધર્મ ને સૌભાગ્ય ને વૃદ્ધિ કરનારા જાણવા.

❁ નવમે રહેલા સર્વે શુભગ્રહો રાજ્યને આપનારા જાણવા ધન ભાવમાં રહેલા સર્વે શુભગ્રહો ધન, વસ્ત્ર, આભૂષણ, ધાન્ય, આયુષ્ય, ધર્મ ને સૌભાગ્ય ને વૃદ્ધિ કરનારા જાણવા.

❁ ભાગ્યનો સ્વામી કેન્દ્રમાં હોય તો, પહેલી અવસ્થામાં સુખનો ઉદય કરે ને ઉચ્ચનો કે નવમે પાંચમે હોય તો મધ્યાવસ્થામાં સુખોદય કરે.

❁ ભાગ્યેશ સ્વગૃહી કે મિત્રના ઘરનો હોય તો અંત્ય (છેલ્લી) અવસ્થામાં ભાગ્યને ઉદય કરે છે. પણ શુભગ્રહ યુક્ત કે જોતા હોય તો સરળતાથી

કરે.

- પાપગ્રહ પોતાની રાશિના નવમે હોય, ને શુભગ્રહ જોતા હોય તો, તે માણસ સમર્થને સારા ગુણવાળો થાય.

- કોઈ પણ ગ્રહ ઉચ્ચનો નવમે હોય, તો તે સુવર્ણ, ધનસમૃદ્ધિને શ્રેય મેળવે છે. ને તેને શુભ ગ્રહ જોતા હોય તો, તે સારી કાંતિવાળો, ને ઘણા શત્રુઓને નાશ કરનારો રાજા થાય.

## કુંડલી કલ્પતરુ

- આઠમે મંગળ, નવમે, કે પાંચમે સૂર્યને દશમે ચંદ્ર હોય તો, ભીખ માગી નિર્વાહ કરે. જો નીચનો ચંદ્ર નવમે હોય તો સર્વ પ્રકારે ભાગ્યનો નાશ કરે.

- નવમે નીચનો ગુરૂ કે શુક્ર હોય તો તે સદા ભાગ્યહીન થાય.

- જ્યારે કેન્દ્રમાં ચંદ્ર સાથે ગુરૂ હોયને શુક્ર જોતો હોય તો, તે ભાગ્યશાળી ને લાંબા વખત સુધી જીવનારો થાય.

## તત્ત્વ પ્રદીપ

- ભાગ્યેશ ૯ા૧૦ા૧૧ા૧૨ા૪થે કે ૫ મે મિત્ર રાશિનો કે ઉચ્ચનો હોય, ને નીચનો કે સંધિગત ન હોય તો, ધર્મિષ્ટ થાય, ને તેના ઘરમાં લક્ષ્મી નિવાસ કરે છે.જો નીચ કુળમાં જનમ્યો હોય, તો પણ તે સુખ ભોગવનાર ને કુળમાં શ્રેષ્ઠ થાય.

## વૃદ્ધ હોરા પ્રકાશ

- નવમાનો સ્વામી શત્રુના મધ્યમાં હોય, કે નવમે શત્રુ ગ્રહ જોતો હોય, કે યુક્ત હોય, તો બીજા ધર્મને માનનાર થાય. અને તે ગ્રહ ઉચ્ચનો કે પોતાની રાશિનો હોયતો સ્વધર્મ પાળનાર થાય.

## સર્વાર્થ ચિંતામણિ

- ગુરૂ અથવા શુક્ર ઉચ્ચમાં કે મિત્રના નવમાંશમાં નવમે હોય, ને નવમાનો

સ્વામી બળવાન હોય, તો તે ધર્મનો આગેવાન થાય.

- ગુરૂને શુક્ર બુધના નવમાંશમાં હોય ને નવમાના સ્વામીને શુભગ્રહ જોતા હોય, અથવા શુભગ્રહના મધ્યમાં હોય તો તે ધર્મવાન થાય.
- નવમે રહેલો શુભગ્રહ પાપગ્રહના નવમાંશમાં અથવા ક્રૂષયવંશમાં હોય તો, તે દંભથી ધર્મ જણાવે છે.
- ભાગ્યેશ-ને લગ્નેશ ત્રીજે કે નવમે બળવાન હોય અથવા ઉચ્ચના હોય તો શ્રેષ્ઠ, સર્વ ગુણ યુક્ત હોય છે.
- બીજાનો સ્વામી અગીયારમે, અગીયારમાનો નવમે, ને નવમાનો સ્વામી ધનભાવે હોય અને દશમાના સ્વામી જોતો કે યુક્ત હોય તો, તે માણસ મહાભાગ્યશાળી થાય.
- ભાગ્યેશ ત્રીજાના સ્વામી સાથે હોય ને શુભ ગ્રહયુક્ત કે જોતા હોયકે શુભગ્રહના નવમાંશમાં હોય, તો ભાઈના ધનથી ભાગ્યવાન થાય.
- પાંચમાને સ્વામી નવમે હોય, ને નવમાનો સ્વામી યુક્ત કે જોતો હોય ને નવમાનો કારક પુત્ર ભાવમાં હોય તો પુત્રથકી ભાગ્યદય થાય.
- ચોથાનો સ્વામી ભાગ્યમાં, ને ભાગ્યનો સ્વામી ચોથે હોય,ને જ્ઞાતિકારક ગ્રહ ભેગો હોય તો, તેનો જ્ઞાતિથી ભાગ્યોદય થાય છે.
- ભાગ્યેશને શત્રુ કે નીચ ગ્રહ જોતા હોય કે પાપગ્રહના નવમાંશમાં કે નીચ નવમાંશમાં આઠમે, હોય તો ભાગ્યહીન થાય છે.
- લગ્નેશ નવમે હોય ને ભાગ્યેશ લગ્ને કે અગીયારમે હોય, તો નાશ પામેલી સમૃદ્ધિનો લાભ ફરીથી મળે.
- ભાગ્યેશ ઉચ્ચનો હોય ને તેને શુભગ્રહ જોતા હોય ને નવમે શુભગ્રહ હોય તો તે ઘણું દાન આપનાર થાય.
- લગ્ન, કે લગ્નેશને, ભાગ્યેશ જોતો હોય,, ને લગ્નેશ કેન્દ્ર કે ત્રિકોણમાં હોય, તો તે માણસ મહા દાન કરનાર થાય.



**પ.પૂ. બાળમુનિશ્રી જ્ઞાનપ્રભ વિજયજી મ.સા.**

જન્મ : તા. ૧૨-૨-૧૯૮૫, મુકામ - ડુમા, તા. જાંબુઘોડા (જી. પંચમહાલ)

દીક્ષા : અષાઢ સુદ - ૩, બુધવાર, સં. ૨૦૫૨, મુ. પેટલાદ

નવમાંનો સ્વામી ચોથે, દશમાનો સ્વામી કેન્દ્રમાં ને બારમાના સ્વામીને ગુરૂ જોતો હોય તો તે મહાદાન કરનાર થાય.

## બૃહત પારાશર હોરા

ભાગ્યમાં ગુરૂને ભાગ્યેશ કેન્દ્રમાં હોય, તો ભાગ્યનો ઉદય ૨૦ વર્ષ પછી ઘણો થાય.

લગ્નનો સ્વામી નવમે, ને નવમાનો સ્વામી લગ્ને હોય, ગુરૂ સાતમે ભાવે હોય, તો ધન અને વાહનનો લાભ થાય.

નવમે ચંદ્ર સાથે શનિ હોય, ને લગ્નેશ નીચનો હોય તો ભીખ માગી ખાનારો થાય.

## માનસાગરી

કેટલામે વર્ષે ભાગ્યોદય થાય તે બાબત - નવમા ભાવે સૂર્ય હોય તો ૨૨ વર્ષ, ચંદ્ર ૨૪, મંગળ ૨૮, બુધ ૩૨, ગુરૂ ૧૬, શુક્ર ૨૫,ને શનિ નવમે ભાવે હોય તો ૩૬, મે વર્ષે ભાગ્યનો ઉદય થાય. નવમે રહેલો ગ્રહ બળવાન હોય તો તેના કહેલા વર્ષથી પણ જલ્દી ભાગ્યનો ઉદય કરે ને નિર્બળ હોય તેથી પણ મોડો પણ ઉદય કરે છે. તેમજ દશમાના સ્વામીને લગ્નના સ્વામીના વર્ષોથી વેપારને આજીવિકાનો વધારો થાય છે.

## દશમાં ભાવનું ફળ

લગ્ને શનિ,સાતમે મંગળ, છઠ્ઠે ચંદ્ર હોય તો બાપ જીવે નહિ.

લગ્ને ગુરૂ, બીજે શનિ, રવિ, મંગળ ને બુધ હોય તો તેના વિવાહ વખતે પિતા (બાપ)નો નાશ થાય.

સૂર્ય પાપગ્રહના ભેગો હોય કે પાપગ્રહના મધ્યમાં હોય ને સૂર્યથી સાતમે પાપગ્રહ હોયતો પિતાનો ઘાત કે વધ થાય.

સાતમે સૂર્ય દશમે, મંગળ ને બારમે રાહુ હોય તો બાપ કષ્ટથી જીવે છે

(દુ:ખી હોય.)

- શત્રુની રાશિનો મંગળ દશમે હોય તો પિતા તત્કાળ મરણ પામે છે સ્વામી નવમે હોય તો બાપુનું મરણ ૪૪ વર્ષે મરણ પામે છે.
- છઠ્ઠે ચંદ્ર લગ્ને શનિ ને સાતમે મંગળ હોય તો બાપ જીવે નહિ.
- મંગળના નવમાંશમાં સૂર્ય હોય ને તેને શનિ જોતો હોય તો જન્મ પેલાં પિતા નાશ પામે.
- ચોથે, દશમે, ને બારમે પાપગ્રહો હોયતો, માતા, પિતાનો નાશ થાય ને દૂર દેશમાં જાય.
- રાહુ ગુરૂ શત્રુની રાશિમાં લગ્ન કે ચોથે હોય તો ૨૩ વર્ષે પિતાનું સુખ પુત્ર જોતો નથી.
- મંગળ સૂર્ય દશમે હોય તો પિતાના કે માના શરીર વર્ણ અગ્નિદાહ, તથા શસ્ત્રનો ઘાત વક્ષસ્થળ કે જાનુના મૂળમાં થાય છે.
- રાહુ શનિ દશમે હોય તો ઝાડથી પડવું, અથવા જળઘાત, અથવા પશુઓથી ઘાત થઈ માનો કે પિતાનો નાશ થાય, ને પોતાના કુળમાં સ્ત્રી વગેરે પણ અકાળ મૃત્યુથી નાશ પામે છે.
- ગુરૂ દશમે હોય ને પાપગ્રહ ન જોતા હોય ને ન યુક્ત હોય તો સારા પુત્રોનું સુખ, ચંદ્ર દશમે હોય તો રાજયથી સુખ મળે છે. બુધ દશમે હોય તો પોતાની બુદ્ધિ અનેક રીતે લાભ મેળવે ને સુખી હોય છે.
- દશમાનો સ્વામી આઠમે કે રાહુ સાથે હોય તો લોકોનો દ્રેશ કરનાર મૂર્ખ અને પાપી દુર્ગતિ પામે છે.
- દશમાંનો સ્વામી ઉચ્ચનો ગુરૂની સાથે હોય, ને નવમાનો સ્વામી દશમે હોય તો તે પુરુષ માનવાળો, આશ્રયવાળો, ને મોટા પ્રતાપવાળો થાય છે. અગીયારમાનો સ્વામી દશમે ને દશમાનો સ્વામી લગ્ને હોય અથવા તે બન્ને કેંદ્રમાં હોય તો તે સુખરૂપ જીવનને ભોગવે છે.

- દશમાનો સ્વામી ઉચ્ચનો કેન્દ્ર કે ત્રિકોણમાં હોય ને ગુરૂ જોતો કે યુક્ત હોય તો તે પુરુષ ભાગ્યવાન થાય.
- દશમે ચંદ્ર ને દશમાનો સ્વામી દશમેથી ત્રિકોણમાં હોય ને લગ્નેશ કેન્દ્રમાં હોય તો સારી કીર્તિ મેળવે.
- લાભેશ દશમે ને દશમેશ બળવાન હોય ને ગુરૂ જોતો હોય તો સારી કીર્તિવાળો થાય.

## અગીયારમાં ભાવનું ફળ

- લાભ ભાવનો સ્વામી કેન્દ્ર, ત્રિકોણમાં હોય, ને લાભમાં પાપગ્રહ હોય તો ધનનો લાભ આપે.
- ધનનો સ્વામી ૧૧ મે ને લાભનો સ્વામી બીજે હોય કે તે બે કેન્દ્રમાં હોય તો ધનનો લાભ આપે.
- અગીયારમાનો સ્વામી જે રાશિમાં હોય, તેના સ્વામી ને શુભ ગ્રહો જોતા હોય કે શુભના મધ્યમાં હોય તો ધનનો લાભ કરે.

## બૃહુત પારાશ હોરા

- લાભનો સ્વામી જે નવમાંશમાં હોય તે રાશિનો સ્વામી શુભ ગ્રહ હોય, ને તેને ધનેશ જોતો હોય, તો ધનનો લાભ કરે.
- લાભના સ્વામીનો દ્રેષ્કોણ શુભ ગ્રહનો હોય, ને દશમાનો સ્વામી તેને જોતો હોય તો ધનનો લાભ કરે.
- અગીયારમાનો સ્વામી પાપગ્રહ સાથે સંબંધ કરતો હોય તો ધનનો નાશ, અગીયારમાનો સ્વામી જે દિશાનો સ્વામી હોય તે દિશાથી ધનનો લાભ થાય.
- આગીયારમે સૂર્ય મંગળ હોય તો જાનુ, કે પગમાં વાગવાથી ખોડ થાય કે ઝેરથી, અગ્નિથી, શસ્ત્રથી ઝંઘા ને પગમાં ખોડ થાય.

- અગીયારમે રાહુ શનિ હોય તો લાકડું, પથ્થર, ઝાડ, વાગવાથી, પગ ને પડખામાં ઘાત થાય. તથા સાપ કે કુતરૂં કરડવાથી દુઃખ થાય.

- અગીયારમે શુભ ગ્રહ કે પૂર્ણ ચંદ્રહોય તો સર્વે ભાવો સારા ફળ આપનારા થાય ને પાપગ્રહો હોય તો ધન વસ્ત્રનો લાભ આપે.

- લાભનો સ્વામી જો લાભ, કેન્દ્ર, કે ત્રિકોણમાં હોય તો ઘણો લાભ આપે.

- લાભેશ બીજે, ને બીજાનો સ્વામી કેન્દ્રમાં હોય, ગુરૂ લાભમાં આવે તો ઘણો લાભ થાય.

- બીજાનો સ્વામી અગીયારમે ને અગીયારમાનો સ્વામી બીજે હોય તો તે પુરુષનો વિવાહ થયા પછી ભાગ્યનો ઘણો ઉદય થાય.

## બારમાં ભાવનું ફળ

### (જાતકાભરણ)

- બારમે ક્ષીણ કળાનો ચંદ્ર હોય અથવા સૂર્ય હોય કે તે બે ભેગા હોય, ને મંગળ જોતો હોય, તો તેનું ધન રાજાથી નાશ થાય.

- બારમે પૂર્ણ કળાનો ચંદ્ર, બુધ ગુરૂ કે શુક્ર હોય, તો ધનનો સંગ્રહ કરે, શનિ હોય, ને મંગળ જોતો હોય, કે યુક્ત હોય, તો ધનનો નાશ કરે.

### સર્વાર્થ ચિંતામણી

- બારમે પાપગ્રહ હોય ને તેનો સ્વામી પાપગ્રહ હોય,ને પાપગ્રહ જોતા હોય તો ખોટા માર્ગમાં ધન ખર્ચાય છે.

- બારમે શનિ રાહુ કે કેતું, હોય ને બારમાનો સ્વામી પાપગ્રહના નવમાંશમાં હોય તો ખોટા માર્ગમાં ધન ખર્ચે છે.

- બારમે ગુરૂ, શુક્ર, હોય તો સારા માર્ગમાં ધન ખર્ચાય છે.

* દશમાનો સ્વામી પાપગ્રહ થઈ બારમાના સ્વામીને જોતો હોય ને બારમાનો સ્વામી શત્રુ કે નીચના નવમાંશમાં હોય, તો પાપમાર્ગમાં ધન ખર્ચાય.

* દશમાનો સ્વામી શુભગ્રહ, બારમાના સ્વામીને જોતા હોય, અથવા યુક્ત હોય, ને બારમાનો સ્વામી ઉચ્ચ, મિત્ર, ને પોતાના વર્ગમાં રહ્યો હોય, તો ધર્મ માર્ગથી ધનનો ખર્ચ થાય.

* સાતમાનો સ્વામી નિર્બળ થઈને બારમાના સ્વામીને જોતો કે યુક્ત હોય, અથવા પાપગ્રહના નવમાંશમાં હોય, તો સ્ત્રીના કારણથી ધનનો નાશ થાય.

* પુત્ર ભાવનો સ્વામી નિર્બળ થઈને બારમાના સ્વામીને જોતો કે યુક્ત હોય, ને પાપગ્રહના નવમાંશમાં હોય, તો પુત્રથી ધનનો નાશ થાય.

* દશમાનો સ્વામી બારમાના સ્વામીને જોતો કે યુક્ત હોય, કે કારકથી યુક્ત હોય તો બાપના કારણથી ધનનો નાશ થાય.

* ચોથાનો સ્વામી, બારમાના સ્વામીને જોતો કે યુક્ત હોય, ને પાપગ્રહના ઘર્માં, પાપગ્રહના ભેગો હોય, તો ધનનો નાશ થાય.

* બારમે ઘણા પાપગ્રહો હોય,ને બારમાનો સ્વામી, શનિ કેતુ કે રાહુ સાથે હોય તો દેહને વિકલતા કરે છે.

* શુભગ્રહ ઉચ્ચનો, બારમે હોય ને શુભગ્રહ તેને જોતો હોય, ને દેવ લોકાંશમાં હોય, તો સ્વર્ગની પ્રાપ્તિ થશે.

* દશમેશ ગુરૂ, બારમે હોય ને શુભગ્રહો જોતો હોય , તો સ્વર્ગની પ્રાપ્તિ થશે.

* બારમાનો સ્વામી શુભગ્રહ ભેગો કે શુભગ્રહના નવમાંશનો હોય, શુભગ્રહની સાથે સંબંધ કરતો હોય, તો તેને આંખોનું સુખ કહેવું તેમ બીજા ભાવથી પણ જાણવું.

## બૃહુત પારાશર હોરા

- બારમે રાહુ, મગંળ શનિ કે સૂર્યની સાથે હોય, કે બારમાના સ્વામી સાથે સૂર્ય હોય તો,પણ તે પુરુષ નરકમાં જાય.
- બારમે બુધ હોય, ને બારમાનો સ્વામી ઉચ્ચ રાશિમાં હોય, કે શુભગ્રહો સાથે કે શુભગ્રહો જોતા હોય, તો ખરેખર પરોક્ષ ઓચિંતો સટ્ટા કે લોટરી, કે જુગારમાંથી ન ધારેલો લાભ થાય.
- બારમાનો સ્વામી પાપગ્રહ સાથે હોય, બારમે પાપગ્રહ હોય, પાપગ્રહ જોતો હોય, તો પરદેશ જવું.
- બારમાનો સ્વામી શુભગ્રહની રાશિનો હોય, ને બારમે શુભગ્રહ હોય કે શુભગ્રહ જોતો હોય, તો તે પુરુષ પોતાના દેશમાં જ રહે છે.
- બારમે શનિ રાહુ કે કેતું, મંગળની સાથે હોય, ને શુભગ્રહો જોતા હોય, તો પાપથી ધન મેળવે.
- બારમાનો સ્વામી લગ્નમાં હોય ને લગ્નનો સ્વામી બારમે હોય તેમાં શુક્ર યુક્ત હોય, તો ધર્મના કારણે ધનનો વ્યય થાય.

## દશાઓના ફળ બાબત

### *માનસાગરી પદ્ધતિમાં નીચે પ્રમાણે છે.*

૨-જેનો શુક્લ પક્ષમાં જન્મ હોય તેને અષ્ટોત્તરી અને કૃષ્ણનો જન્મ હોય તેને વિશોત્તરી દશા પ્રમાણે ફળ કહેવું એવો સ્વર શાસ્ત્રનો મત છે.

૩-જેનો કૃષ્ણ પક્ષનાં દિવસે, ને શુક્લ પક્ષમાં રાત્રી એ જન્મ હોય તેને વિશોત્તરી દશાથી શુભ અને અશુભ ફળ કહેવું. આ માનસાગીતા બન્ને શ્લોકો ઘણા વિદ્વાનો માન્ય કરતા નથી માટે તે રીતે દશા લાગુ પાડવી નહિ.

<u>અને જાતક દિપકા નામના ગ્રંથમાં નીચે પ્રમાણે છે.</u>

૪-૫-૬ જ્યારે સત્ય યુગ ને ત્રેતાયુગ હોય તો, ગ્રહોના પોતાના ગળના પ્રમાણથી જે દશા છે તેજ પ્રમાણ ગણવી. ને દ્વાપરયુગ ચાલતો હોય ત્યારે સર્વ ઠેકાણે વિશોત્તરી દશા પ્રમાણ ગણવી ને કલીયુગના આરંભમાં અષ્ટોત્તરી દશા પ્રમાણ ગમવી. ને તે પથીના આખ્ખા કલીયુગમાં યોગિની દશા સર્વે ઠેકાણે કોઈપણ જાતના તફાવત સિવાય પ્રમાણ ગણવી. તેનું ફળ વધારે જ મળશે. તેથી સુગમને સ્પષ્ટ દશા પાડવાનો અનુક્રમ કહીએ છીએ.

સમજ-શ્લોક પહેલામાં જે દેશ પરત્વે દશા જોવાની કહી છે, તે પ્રમાણે જોવી પણ આ જાતક દિપિકાના શ્લોકમાં કહ્યું છે કે કલિયુગના આરંભમાં અષ્ટોત્તરી જ દશા લેવી, ને આખા કલિયુગમાં યોગિની લેવી, માટે પેલા શ્લોકમાં જે દેશોમાં અષ્ટોત્તરી લેવાની કહી છે તે દેશોમાં અષ્ટોત્તરીને યોગિની બેઉ દશાઓના આધારે ફળ કહેવું અને કલિયુગનો આરંભ છે માટે જે દેશોમાં વિશોત્તરી કહી છે. તે દેશોમાં વિશોત્તરીને યોગિની દશા ઉપર વધારે ધ્યાન આપવું, ને સાથે અષ્ટોત્તરીનો પણ કોઈક આધાર લેવો પણ યોગિની દશા તો દરેક ઠેકાણે લાગુ જ પાડવી. હવે જ્યાં અષ્ટોત્તરીને યોગિની બેનું ફળ જોવાનું છે. ત્યાં અષ્ટોત્તરી ઘણી સારી હોય ને યોગિની ખરાબ હોય તો મધ્યમ ને અષ્ટોત્તરી ખરાબ ને યોગિથી સાહી હશે તો ખરાબ ફળ થોડું મળશે ને બેઉ સારી હશે તો ઘણું જ સારું ફળ આપશે. તેમ જ જ્યાં ત્રણ દશાઓજોવાની છે ત્યાં વિશોત્તરી દસાને યોગિની બેઉ સારી હોય ને અષ્ટોત્તરી ખરાબ હોય તો સારું ફળ કરશે ખરું, પણ કંઈક ઓછું કરશે. તેમ જ વિશોત્તરી સારીને અષ્ટોત્તરી ને યોગિની ખરાબ હશે તો મધ્યમ ફળ મળશે. વિંશોત્તરી સારીને યોગિની ખરાબ અને અષ્ટોત્તરી સારી હશે તો સારું ફલ આપશેને સહેજ ખરાબ ફળ પણ આપશે તેમજ યોગિની સારી પણ વિંશોત્તરી ને અષ્ટોત્તરી બેઉ ખરાબ હોય તો ખરાબ ફળ આપશે ને સાથે સહેજ સારું ફળ પણ કરશે, તેમજ ત્રણે દશાઓ ખરાબ હોય તો તદ્દન ખરાબ જ ફળ કરશે. માટે શ્લોક પહેલામાં જે દેશોમાં અષ્ટોત્તરી કહી છે તો દેશોમાં અષ્ટોત્તરી અને બાકીના દેશોમાં વિશોત્તરી ઉપરથી જ ફળ કહેવું ને સાથે યોગિની પણ જોડવી.

## દશા પ્રવેશ વખતે આવેલા વાહનનું ફળ

❋ ખર (ગધેડું) વાહનનું ફળ-ભોગી, મૂર્ખ, લાજ ધનધાન્યને કપડાં વિનાનો,

❋ **તુરગ (ઘોડો) વાહનનું ફળ - ચપળ,** ચંચળ, બહુ ભોજન કરનાર, બુદ્ધિશાળી, મોટા શબ્દ કરનારા લશ્કરનો ઉપરી, પુષ્ટ શરીરવાળો, ને બહુ કામ કરનાર.

❋ **ગજ (હાથી) વાહનનું ફળ** - ઘણાં કાર્યો કરવાથી સુખવાળો, માનવાળો, સારા રસ્તે ચાલનાર, લશ્કરનો સ્વામી શોભાવાળો, સર્વ સુખવાળો, સુંદર અલંકારો ને ધારણ કરનાર, ચંચળ, શત્રુ વિનાનો, નાના પ્રકારની કળા કૌશલ્યતામાં ચતુર થાય.

❋ **મહિષ (પાડો) વાહનનું ફળ - બળ,** બુદ્ધિ ને જય વિનાનો, ભયંકર અગ્નિના ભયથી પીડાતો, ગાડીઓના બળ વડે બળવાળો થાય.

❋ **જંબુક શિયાળ વાહનનું ફળ - બળ,** બુદ્ધિ ને જય વિનાનો, ભયંકર અગ્નિના ભયથી પીડાતો, ગાડીઓના બળવડે બળવાળો થાય. **જંબુક (શિયાળ) વાહનનું ફળ** - ચંચળ રોગ ને દુઃખથી પીડાતી સ્ત્રીવાળો, ક્લેશવાળો, શત્રુઓથી પીડાતો, ધનના નાશવાળો, ને બહુ ક્ષય રોગી, ભોગી, સરખા લાભ ખર્ચવાળો, વેપારમાં સફેદ પદાર્થ ને સફેદ કપડાંથી નુકશાન ભાગેવનાર થાય.

❋ સિંહવાહનનું ફળ - અનેક પ્રકારે બળવાન, ભોગ ભોગવનાર, ઘણા હેતુઓનો નાશ કરનાર થાય. **કાક (કાગડો) વાહનનું ફળ - ચંચળ,** વિનાનો, સંતોષવાળો, મલિન, ખરાબ પોષાક પહેરનારો નીચ માણસોને પૂજવા લાયક, સ્થાનમાં રાજાના ભયવાળો, શત્રુના ભયવાળો, માણસોથી માન અપમાન ભોગવનાર, દુષ્ટ માણસોથી પીડાને ક્લેશ ભોગવનાર, દુષ્ટ માણસોથી પીડાને ક્લેશ ભોગવનાર, ખરાબ ચેષ્ટાવાળો સ્ત્રીનો દ્વેષ કરનારા થાય.

❋ **હંસવાહનનું ફળ** - ભંડાર, રમત કરનાર, બ્રાહ્મણોથી સુખવાળો, સારું ભોજન કરનાર, હવે માર્ગે ચાલનાર થાય.

❋ **મયૂર (મોર) વાહનનું ફળ** - દશાનો સ્વામી ભાવમાં ન હોય, ને

મયૂર વાહન હોય તો બહુ સુખવાળો, અનેક ભાગોમાં ચતુર, યજ્ઞ કરનાર, મીઠું બોલનાર, મીઠા પદાર્થ ઉપર પ્રીતિ રાખનાર થાય.

ઉપર મુજબ અષ્ટોત્તરી વિંશોતરી ને યોગિની એ ત્રણે મહા દશાઓના વાહનનું ફળ છે.

## મહાદશાના ફળ બાબત (જાતક પારિજાત)

મુનિઓ જન્મેલાનું ફળ કે અશુભ ફળ, દશાના આધારે કહે છે. જો સાર લઈને તેજ પ્રમાણે દશામાં સારું કે ખોટું ફળ મળવાના ભેદોને વિસ્તારથી કહું છું.

ગ્રહોના સ્થાનોના બળ પ્રમાણે સારા અથવા ખરાબ યોગ થાય ને યોગથી દશા પ્રાપ્ત થાય તે દશાથી થતાં સારાં કે માઠાં ફળ મનુષ્યોને જાતિનો વિચાર કરી કહેવાં.

૧-આરોહીત, ૨-અધિક બળવાળા, ૩- ભાવને તુલ્ય, ૪-વધારો બિંદુવાળા, ૫-લગ્ને ૧૦ મે કે ૧૧ મે હોય, ૬-ઉચ્ચના, મૂલત્રિકોણી, સ્વગ્રહી, માતા ઘરના તથાં શુભગ્રહની રાશિના, એ પ્રમાણે છ બળો છે. ષડ્ પામેલા ગ્રહો શુભ ફળો આપે. (અર્થાત્ જે ગ્રહ તેમાંનું એક પણ પામેલો હોય તે સારું ફળ આપે.)

ગ્રહો માન્દિ રાશિના સ્વામી કે માન્દિ ભાવમાં બેઠા હોય, શુભ બિંદુઓ ઓછાં હોય, શત્રુ ગ્રહની રાશિમાં નીચની રાશિમાં, કે અસ્તના અથવા પાપગ્રહો સાથે, ભાવની સંધિમાં હોય, કે રાશિસંધિઓના પગોમાં હોય, તો ખરાબ ફળ આપે.

દશાનો સ્વામી (જે ગ્રહની દશા ચાલતી હોય તે ગ્રહ) લગ્નમાં થવા લગ્નથી ૩-૬-૧૦-૧૧ મે હોય ને તે સપ્તક વર્ગમાં પોતાના કે મિત્રના ઘરનો હોય, અથવા લગ્નમાં હોય, ને શુભ ગ્રહની રાશિનો હોય તો તે ગ્રહની દશા સારું ફળ આપનારી જાણવી.

ચંદ્ર, દશાના સ્વામીના, મિત્ર ગ્રહના, ઘરમાં, ઉચ્ચમાં કે દશના સ્વામીથી સાતમે, ત્રિકોણમાં કે ઉપચય (૩-૬-૧૦-૧૧) સ્થાનમાં હોય, તો તે ગ્રહની દશા સારૂ ફળ આપનારી જાણવી. તેમ ન હોય તો ખરાબ ફળ આપે.

ઉપર કહેલી શુભ રાશિઓમાં રહેલો ચંદ્ર, જન્મ સમયે લગ્ન, થતા વગેરે જે ભાવોમાં હોય, તે તે ભાવોની મનુષ્યોની વૃદ્ધિ કરે ને તે સિવાય અશુભ રાશિમાં રહીને જે ભાવે હોય, તે તે ભાવની હાનિ (નુકશાન) કરે.

ગ્રહોનું પહેલાં ઈષ્ટ કષ્ટ કાઢવું. તે ઈષ્ટ કષ્ટ પ્રમાણે દશાઓમાં મનુષ્યોનું શુભ કે અશુભ ફળ કહેવું.

ઈષ્ટ વધારે હોય તો શુભ અને કષ્ટ વધારે હોય, તો અશુભ ફળ ને ઈષ્ટ ને કષ્ટ બન્ને સરખાં હોય, તો મિશ્ર ફળ આપે છે. આ પ્રમાણે સર્વ જગ્યાએ વિચાર કરવો.

ગ્રહોનું આજીવિકાનું જે ફળ કહેલું છે તે ભાવમાં રહેવાથી કહ્યું છે, ને દૃષ્ટિ, યોગથી થતું તે સઘળું ફળ તેની દશામાં પોતાની કહેલી ધાતુથી આપશે.

દશાધિપતી લગ્નમાં મિત્રની રાશિમાં કે પોતાના વર્ગમાં કે શુભગ્રહની રાશિમાં, અથવા લગ્નથી ઉપચય સ્થાન (૩। ૬। ૧૦। ૧૧)માં હોય, તો તેની ભોગવાતી દશાને પ્રારબ્ધ દશા જાણવી. તે દશા સારા ફળને આપનારી છે.

દશાનો સ્વામી પોતાના ઘરમાં, પોતાની ઉચ્ચ રાશિમાં, પોતાના મિત્રના ઘરમાં, અથવા ઉપચય સ્થાનમાં હોય, ને તેને જે શુભ કે મિત્રગ્રહ જોતો હોય; તેની દશા અંતર્દશામાં સારું ફળ આપે છે. બહુ શુભ ફળ આપનાર શુભગ્રહ કેન્દ્ર (૧-૪-૭-૧૦) કે ત્રિકોણ (૯/૫)માં અને પાપમાં ૩-૬-૧૧ મે હોય, તેમાંથી પોતાના ઉચ્ચમાં, ઉપચયમાં અને બળવાન જે ગ્રહો હોય, તેઓની દશા સારું ફળ આપે છે.

બે ગ્રહો એક બીજાના મિત્રો હોય, અને ષડબળમાં બળવાન હોય તો તેમની દશામાં સુખ સમજવું. બે ગ્રહો શત્રુગ્રહની રાશિમાં નિર્મળ હોય, તો તેની દશા અંતર્દશામાં ખરાબ ફળ સમજવું.

ગ્રહ જે ભાવમાં હોય, તે ભાવનું ફળ પોતાની દશામાં આપે. તે ફળ જેવી રીતે તે ગ્રહ રહેલો હોય, તે પ્રમાણે સારું માઠું ફળ સમજવું. શુભગ્રહની દશામાં સારું ફળ અને પાપગ્રહની દશામાં ખરાબ ફળ જોશીઓ કહે છે.

જેની દશા હોય, તે ગ્રહ શુભગ્રહ સાથે હોય, તો બહુ શુભ ફળ અને પાપગ્રહ સાથે હોય તો ખરાબ ફળ આપે છે. દશાનો સ્વામી મિશ્ર ગ્રહ સાથે અને મિશ્ર બળવાન હોય તો મધ્યમ ફળ આપે છે.

ગ્રહની જે ધાતુ હોય, તે ધાતુમાંથી દ્રવ્ય પેદા કરવાનું તે ગ્રહની દશ અંતર્દશમાં જોશીઓ કહે છે. પાપગ્રહની દશામાં ધાતુનો ક્ષય અને શુભગ્રહની દશામાં ધાતુનો વધારો જાણવો.

જેની દશા ચાલતી હોય, તે ગ્રહ પોતાના શત્રુગ્રહ સાથે બેઠો હોય, તો શત્રુઓનો વધારો, અને બધા કામનો નાશ કરે જે ગ્રહ જે કામને લગતો કારક થયો હોય, તે ગ્રહની દશામાં તે કામની સિદ્ધિ મુનિઓ કહે છે.

કાર્ય કરનાર જે ગ્રહ હોય, તે ગ્રહની દશામાં માણસોની કાર્યસિદ્ધિ જોશીઓએ કહેવી, કાર્ય કરનાર શુભગ્રહ હોય, તો કાર્યનો સુધારો અને પાપગ્રહ હોય તો કાર્યનો નાશ કહેવો.

દશમાના સ્વામીની અને રાજ્યકારક ગ્રહની દશામાં રાજ્યથી માન તથા મહેરબાની મળે છે. જે દેવની આરાધના કરવી હોય, તે દેવના લગતા ગ્રહની દશા અંતર્દશામાં, તે દેવની ઉપાસના થઈ શકે છે. નવમાના સ્વામીની દશામાં તપ અને ધર્મ સંબંધીના કામની સિદ્ધિ કહેવી અને ૧૦માના સ્વામીની દશામાં યજ્ઞાદિક કર્મોને એવાં જ બીજા શુભ ગ્રહો બની શકે છે.

ગ્રહ શીર્ષોદય રાશિમાં હોય, તો પોતાની દશાની શરૂઆતમાં, પૃષ્ટોદયમાં હોય તો દશાના ઉતરતા ભાગમાં અને ઉભયોદય રાશિમાં રહેલો ગ્રહ દશામાાં દરેક વખતે ફળ આપે છે.

જે ભાાવના સ્વામીનો અધિશત્રુ થઈ જે ગ્રહો રેખા શૂન્ય રાશિમાં (એટલે જે ભાવમાં રેખા ન હોય તેમાં હોય, તેની એટલે તે અધિશત્રુ ગ્રહની) દશામાં લગ્નાદિ ભાવોનો નાશ કહેવો. એમ મુનિઓ કહે છે.

જે પાપગ્રહ ઉચ્ચાદિક વર્ગમાં બળવાન હોય, તે દશાપ્રવેશ વખતે (દશા બેસતાં જ) જે જે ભાાવ સંબંધી ફળ આપતો હોય, તે અશુભ ફળ જાણવું. પાાપગ્રહોની દૃષ્ટિથી થતું અશુભ ફળ, દશામાં અંતમાં મળવાનું મુનિઓ કહે છે. (અર્થાત્ દશાની શરૂઆતમાં શુભફળ મળે છે.)

શુભગ્રહો, ભાવ સંબંધી ફળ દશાના આરંભમાં, રાશિ સંબંધી ફળ દશાના મધ્યમાં અને દૃષ્ટિ સંબંધી ફળ દશાના અંતમાં આપે છે. આ સર્વે શુભગ્રહોની નક્ષત્ર દશાના ભેદ છે.

<u>જાતક પારિજાત :</u> સૂર્યની દશાના આરંભમાં બાપને રોગ, ને ધનનો નાશ, મધ્યમાં સર્વ પ્રકારનું દુઃખ, ને દશાના અંતમાં સુખ મળે છે.

પોતના ઉચ્ચનો થઈ નીચ નવમાંશમાં રહેલા સૂર્યની દશામાાં અપવાદ, ભય, પુત્ર, સ્ત્રી, બાપ, સગાંઓ ને ભાઈઓનું મરણ, ખેતવાડી ને ધનનો નાશ થાય. સૂર્ય નીચનો થઈ ઉચ્ચ નવમાાંશમાાં હોય, તો તેની દશામાાં રાજાથી સંપત્તિ ને સુખવાળો થાય પણ દશા ઉતરતાં ધનનો નાશ યા મરણ થાય છે.

ચંદ્રની દશામાં પહેલાં ભાવફળ, વચમાં રાશિફળ, ને સ્થાનફળ આપે છે. ને દશાના અંતમાં દૃષ્ટિથી ઉત્પન્ન થયેલું જાણવું.

મંગળની મહાદશાની શરૂઆતમાં ધનનો, માનનો નાશ, વચમાં રાજવંશીઓથી અગ્નિને ચારથી ભય થાય. ને અંતમાં પણ તેમ જ થાય.

ઉચ્ચમાં રહેલો મંગળ, નવમાંશમાં નીચનો હોય, તો તેની દશામાં છોકરાંને ભાઈઓનું મરણ થાય. નીચમાં રહેલો મંગળ નવમાંશમાં ઉચ્ચનો હોય, તો તેની દશામાં ખેતીવાડીમાં ફતેહ મેળવાનાર, જમીન, ધન ને અનાજવાળો થાય છે.

ઉચ્ચ રાશિમાં રહેલો બુધ નીચના નવમાંશમાં હોય તો પોતાની દશામાં કામ કરવાની શક્તિ વિનાનો, અને અવળાં કામ કરનાર કરે છે.

બુધ નીચનો થઈને ઉચ્ચના નવમાંશમાં હોય તો પોતાની દશામાં કામ કરવાની શક્તિ વિનાનો અને અવળાં કામ કરનાર કરે છે.

ગુરુ નવમાંશમાં નીચનો હોય, ને જન્મમાં પોતાના ઉચ્ચ ઘરમાં હોય, તો ચોર, દુશ્મન અને રાજાથી ભયવાળો, અને પુત્ર, સ્ત્રી વગેરેથી ધીક્કારતો થાય છે. ગુરુ નવમાંશમાં ઉચ્ચના ઘરનો હોય અને જન્મમાં પોતાની નીચમાં હોય તો મહારાજાની પ્રીતિ, ઘરનો સુખી, વિદ્યા, જ્ઞાાન આબરૂ, ધન અને વૈભવવાળો અથવા દેશનો સ્વામી થાય.

ઉચ્ચ રાશિમાં શુક્ર હોય અને નવમાંશમાં નીચનો હોય તો પોતાની

દશામાં ધનનો, નાશ હોદ્દો ને માન ગુમાવે છે. (પદવી ઉતરી જાય)

નીચ રાશિમાં રહેલો શુક્ર, નવમાંશમાં ઉચ્ચનો હોય તો પોતાની દશામાં ખેતીવાડી અને વેપારમાં ધનનો લાભ આપે છે.

<u>શનિ :</u> પોતાના ઉચ્ચનો થઈ નીચ નવમાંશમાં હોય, તો દશની શરૂઆતમાં સુખ અને દશા ઉતરતી વખતે પ્રાણીઓને બહુ દુઃખ થાય છે. શનિ નીચનો થઈ ઉચ્ચ નવમાંશમાં હોય, તો દશા ઉતરતી વખતે સુખ અને દશાની શરૂઆતમાં શત્રુ અને ચોરથી ભય. દુઃખી અને પરદેશમાં ભટકનાર થાય છે.

<u>રાહુ :</u> કર્ક, વૃષભ ને મેષ એ ત્રણે રાશિનો હોય તેની દશામાં પૈસા અને અનાજના લાભવાળો, વિદ્યાનો શોખીન, રાજાથી માનવાળો તથા સ્ત્રી, નોકર ચાકર અને બંધુ વર્ગથી સુખી કરે છે.

રાહુ, કન્યા અને મીન ધનમાં હોય તો તેની દશામાં છોકરા અને સ્ત્રીના લાભવાળો, દેશનો અધિપતિ નરવાહન (માણસથી ઉચકાતી પાલખી કેમ્પનો) વાળો થાય અને દશાના અંતમાં બધી વસ્તુઓનો નાશ થાય છે. સિંહ, વૃષભ, કન્યા કે કર્કમાં રાહુ હોય તો તે દશામાં રાજા કે રાજા જેવો (પ્રધાન) હાથી, ઘોડા ને લશ્કરનો ઉપરી, બધા માણસો ઉપર ઉપકાર કરનાર, બહુ ધનવાન, સુખી, સારા સ્વભાવનો, પુત્ર ને સ્ત્રીમાં પ્રીતિવાળો થાય. રાહુની દશા શરૂઆતમાં દુઃખી, મધ્યમાં મોટું સુખ ને અંતમાં પિતાનો ને હોદ્દાનો નાશ થાય.

**કેતુની દશાનું ફળ ત્રણ પ્રકારનું છે.** દશાની શરૂઆતમાં ગુરુ અને સગાવહાલાં પીડા ભોગવે, વચમાં પૈસો મળે અને અંતમાં પોતાને સુખી કરે છે.

દશાનો સ્વામી બળવાન થઈ ઉચ્ચનો હોય તો સંપૂર્ણ દશા કહે છે. તે પૂર્ણ ફળ આપે છે. નિર્બળી ગ્રહની દશાને રિક્તા કહે છે. તે કંઈ ફળ આપતી નથી. ગ્રહ નીચનો હોય અને નવમાંશમાં શત્રુના ઘરનો હોય તો ખરાબ ફલ આપનારી દશા જાણવી.

જે જે ભાવથી બીજા સાતમા સ્થાનના સ્વામીની દશા અંતર્દશા હોય, તે તે ભાવના કારક જેવી દશા છે, તેના ભેગા હોય કે તેને જોતા હોય તો

તે ભાવનો નાશ કહેવો.

ત્રિકોણ (૯૫)માં બીજા અને અગીયારમાં ભાવમાં બળવાન શુભ મળતો હોય તો તે પોતાની દશા અંતર્દશામાં બહુ સુખ આપે છે.

<u>જાતક કેશવી :</u> પૂર્ણ નીચના અંશાદિકને ત્યાગ કરેલા ગ્રહની દશા આરોહી કહેવાય છે. ને તે સારું ફળ આપે છે. પણ તેજ ગ્રહ શત્રુના ઘરનો નવમાંશમાં ને જન્મકુંડળીમાં નીચનો હોય તો આરોહી દશા સારા ફળને આપનારી છે. છતાં ખરાબ ફૂલ આપનારી જાણવી.

પોતાના ઉચ્ચના અંશાદિકને ત્યાગ કરેલા ગ્રહની દશા અવરોહિણી જાણવી ને તે દશા ખરાબ ફળ આપે છે. પણ તેજ ગ્રહ જન્મમાં ને નવમાંશમાં ઉચ્ચનો, મિત્રની રાશિનો ને પોતાની રાશિનો હોય, તો તે અવરોહિણી છતાં પણ મધ્યમ ફળ આપે છે. પણ જો તે ગ્રહ ને શુભગ્રહ જોતો હોય, અથવા તે ગ્રહની સાથે **શુભગ્રહ** બેઠો હોય. ઉદયનો હોય, ને ષડ્બળમાં છ થી વધારે બળ પામ્યો હોય, ને તેનું ઈષ્ટ વધારે હોય તો તે દશા સારા ફળવાળી જાણવી.

<u>સર્વાર્થ ચિંતામણિ :</u> ગ્રહ જે ભાવમાં હોય, તે ભાવની આરંભ સંધિના અંશાદિકથી ભાવના અંશાદિક સુધીમાં, જે ગ્રહ બેઠો છે તેમાં ગ્રહના અંશાદિક હોય, તો તેને આરોહી જાણવો. ને જે ભાવમાં રહેલો છે, તેના અંશાદિકથી વધારે અંશાદિકવાળો હોય, તો અવરોહી જાણવો. ગ્રહ ઉચ્ચનો, સ્વગ્રહી, મિત્રની રાશિનો, ષડ્બળમાં છ થી વધારે બળવાળો હોય. પણ ભાવની સંધીના અંશાદિ સરખો એટલે સંધિગત હોય તો તે ગ્રહની દશા જ્યારે જ્યારે હોય ત્યારે ત્યારે તે ગ્રહ ઉચ્ચાદિકનું બળ ધરાવતો છતાં ફળ આપી શકશે નહિ.

દશાના સ્વામીથી ફળ આપનારો ગ્રહ ૬/૮/૧૨ મે હોય, તો શત્રુ જાણવો. ૧।૨।૩।૪।૫।૯।૧૦।૧૧ મે હોય, તો મિત્ર જાણવો, ને ૭ મે હોય તો ખરાબ ફળ આપનારો જાણવો.

પાપગ્રહો સાથે રહેલો ગ્રહ શત્રુ, શુભગ્રહો સાથે ને શુભ સ્થાનમાં હોય, તો તે ઘણો શુભ જાણવો. એ રીતે સ્થાનોને અનુસરીને શુભાશુભ ફળ જાણવું.

નવમાંશમાં સ્વગ્રહી થયેલા ગ્રહની દશામાં, તેજસ્વી, ઘણો સુખી સ્થિર વૈભવવાળો રાજાઓથી ધનની પ્રાપ્તિવાળો, ધનવાન પ્રસિદ્ધ થાય.

શુભગ્રહની દૃષ્ટિવાળા ગ્રહની દશામાં કીર્તિવાળો, ધનવાન, દરેક કામમાં જશ મેળવનાર, પવિત્ર, રૂપવાન ને કોમળ થાય.

કોઈપણ ગ્રહ નવમાંશમાં ઉચ્ચનો હોય, તો તે ગ્રહની દશા સારું ગ્રહ આપનારી જાણવી ને નવમાંશમાં નીચનો હોય તો તે ગ્રહની દશા ખરાબ ફળ આપનારી જાણવી.

<u>ભાવ કુતુહલ :</u> ઉચ્ચના ગ્રહની દશામાં યશનો વધારો, નવાં વસ્ત્ર આભૂષણ વગેરેનું સુખ, સુંદર, સ્ત્રી મળે, શ્રીકૃષ્ણ કે ચક્રવર્તિ રાજા જેવો, અમી ઐશ્વર્યવાળો, સારા હાથી, ઘોડા, રથ ને બળવાળો ને શત્રુઓનો નાશ કરનાર થાય.

સ્વગ્રહી ગ્રહની દશામાં નવાં વસ્ત્ર, નવું ઘર, વિહાર વિગેરે સુખ, નવી સ્ત્રી, ઘણી, જગ્યા ને આભૂષણવાળો, યશવાળો ને શત્રુઓનો નાશ કરનાર થાય.

મિત્રની રાશિમાં રહેલાની દશામાં સ્ત્રી, પુત્ર મિત્રથી ને મિત્રના પુત્રોથી ઘણું સુખ, રાજાથી હોદ્દા ને માનવી વૃદ્ધિ થાય.

શત્રુની રાશિમાં રહેલા ગ્રહની દશામાં ઘણો કામી, શત્રુથી ભય, શરીરમાં દુર્બળતા, ધનનો નાશ, દરેક કામમાં વિઘ્ન ને વિલંબ થાય વૃદ્ધિનું બગડવું ને ચલાયમાન ચિત્તવાળો થાય.

છઠ્ઠાનો સ્વામી નિર્બળી હોય, તો તેની દશામાં, માણસોથી ક્લેશ, રોગ શત્રુને વ્યાધિનું થવું. માનસિક ચિન્તા, ગડગુમડાની પીડાથી ક્લેશ, ખરાબ માણસોથી કલંક માનભ્રષ્ટ, બુદ્ધિ, જ્ઞાન ને ધનનો નાશને મનમાં વ્યાકુળતા થાય ને જો ષષ્ટેશ પાપગ્રહ સાથે કે પાપગ્રહની દૃષ્ટિવાળો હોય, તો ધાતુ ક્ષય કરે.

અષ્ટમેશની દશામાં રાજાઓથી ભય, રોગી, પોતાના માણસોનો નાશ ને મરણનો ભય થાય.

વ્યયેશની દશામાં રાજાઓથી ધનનો નાશ, માનસિક ચિન્તા, રોગ ને

મૃત્યુ સમાન કષ્ટ, ભેંસ ને ગધેડા જેવા ખરાબ વાહનવાળો, ને ખરાબ માણસોની સોબત કરનાર થાય.

સપ્તમેશની દશામાં હૃદયમાં રોગનો ભય શત્રુઓથી દુઃખ, ધનનો નાશ ને રાજાથી ભય થાય.

અસ્તના ગ્રહની દશામાં પોતાથી બળવાન માણસની સાથે વિરોધ, હૃદયમાં ને પેટમાં ઘણા રોગો, મનની પીડા, શત્રુથી દુઃખ, વ્યસન, જ્ઞાનનો ભંગ ને રાજાથી ધનનો નાશ થાય.

બળવાન ગ્રહની દશામાં પોતાનું કહેલું ફળ પૂર્ણ આપે છે. ને નિર્મળી ગ્રહ પૂર્ણ ફળ આપતો નથી. મધ્યમ બળીગ્રહ મધ્યમ ફળ આપે છે. લગ્નેશથી દશામાં ઘણો ધનવાન, ધનેશથી દશામાં મૃત્યુ અથવા કન્યા સહજેશની દશામાં ઘણું કરીને પાપફળ, સુખેશની દશામાં ઘરનું સુખ, પંચમેશની દશામાં વિદ્યાનું સુખ, ષષ્ટેશની દશામાં શત્રુથી ભય, સપ્તમેશની દશામાં શોક અષ્ટમેશની દશામાં નિશ્ચય મરણ, ભાગ્યેશની દશામાં પુણ્યાદિકર્મ, કર્મેશની દશામાં ધન ને રાજાનો આશ્રય, લાભેશની દશામાં લાભ, વ્યયેશની દશામાં રોગ, ધનનો નાશથી ને ઘણાં કષ્ટ થાય. એવી રીતે પૂર્વના પંડિતોએ લગ્નની બારે ભાવના સ્વામીનું સાધારણ દશાનું ફળ કહેલું છે.

જે ભાવોનો સ્વામી બળવાન, પોતાની રાશિનો, ઉચ્ચનો મૂળ ત્રિકોણનો, શુભગ્રહોના વર્ગમાં, હોવાથી પૂર્ણ બળી ગયો છે ગ્રહ દશાનું કહેલું પૂર્ણફળ આપે છે. પણ જો શત્રુની રાશિમાં નીચનો કે નિર્બળ હોય તો તે ઘણું કરીને અશુભ ફળ આપે છે.

## વક્રીગ્રહની દશા બાબત (સર્વાર્થ ચિંતામણિ)

વક્રી મંગળની દશા હોય તો ચોર, અગ્નિ ને રાજાથી પીડા, મોટો ભય, વનવાસ ને સ્થાન નાશ થાય.

બુધ હોય તો, ઐશ્વર્ય, પુત્ર ને ધનનો વધારો, કથા શ્રવણ પર પ્રીતિ સમુદ્ર સ્નાનને દાન કરે.

ગુરુ વક્રી હોય તો, ધનની સંપત્તિ, સ્ત્રી, પુત્ર, ધનનો લાભ, લડાઈમાં જીતવું, રાજાથી મિત્રતા, સુગંધિ પદાર્થોને ઉત્તમ વસ્ત્રો મળે, ને વાણીનો

વિલાસ થાય.

શુક્ર વક્રો હોય તો, રાજાથી પુજાય, મૃદંગ નગારાં જેવાં વાજીંત્રો સાથે પોતાની સ્વારી ચઢે, ઘણા પ્રકારે લુગડાં આભૂષણને રાજયસુખ મળે.

શનિ વક્રી હોય તો, ધંધાનો ભાઈનો નાશ થાય ને દુ:ખ આપે.

**(જાતક પારિજાત) દીપ્તગ્રહની દશામાં રાજયયોગ,** ધન, યશ, દાન, વિદ્યા અને વિનોદ ભોગવનાર થાય છે. સ્વસ્થ ગ્રહની દશામાં આચાર ધર્મ સાંભળનાર, બહુ સુખ, આરોગ્ય અને ધનવાળો થાય છે. મુદિત ગ્રહની દશામાં રાજાની પ્રતિવાળો, વૈભવ અને સુખ ભોગવનાર થાય છે. શાંત ગ્રહની દશામાં આરોગ્ય, સૌખ્ય, સંપત્તિ અને રાજાની પ્રીતિવાળો, ઉત્સાહી થાય.

સશક્તગ્રહની દશામાં વિદ્યા, વિનય, ધન, તપ અને ધર્મવાળો થાય છે. પીડિત ગ્રહની દશામાં ચોર, શત્રુ અને રાજાથી ભયવાળો થાય છે ને તેના નાના ભાંડુનું મરણ થાય છે. દીન ગ્રહની દશામાં ગરીબ, વિકલ ગ્રહની દશામાં દુ:ખી, શોકવાળો, રોગી થાય. ખલ ગ્રહની દશામાં માનસિક પીડા અને ભીત ગ્રહની દશામાં હંમેશા શત્રુથી ભયવાળો થાય.

## બાધકસ્થાન તથા ગ્રહ બાબત (જાતક પારિજાત)

લગ્ન ચર રાશિનું હોય તો ૧૧મા, સ્થિર રાશિનું હોય તો ૯ અને દ્વિસ્વભાવનું હોય તો ૭મા ભાવને બાધક સ્થાન અથવા સ્થાન જાણવું.

બાધક સ્થાનમાં રહેલો ગ્રહ તથા બાધક સ્થાનથી કેન્દ્રમાં રહેલા ગ્રહને બાધક ગ્રહ જાણવો.

બાધક સ્થાનના સ્વામીની દશા અને તેથી સાથે રહેલા ગ્રહની દશા દુ:ખી અને રોગી કરે છે. બાધક સ્થાનથી કેન્દ્રમાં રહેલા ગ્રહની દશા અંતર્દશા ચાલતી હોય તો દુ:ખી અને પરદેશમાં ભમનાર કરે છે. ગ્રહો એક બીજાથી છઠ્ઠે આઠમે હોય, તો તેની દશામાં ભય અને દેશ ત્યાગ વગેરે ખરાબ ફળ કહેવું. પણ એકબીજાથી છઠ્ઠે, આઠમે રહેલાને શુભ કે મિત્રગ્રહો હોય તો મિશ્રફળ કહેવું.

જે ગ્રહ જન્મ વખતે નીચ રાશિમાં હોય તે અને તેની સાથે જે ગ્રહ હોય તે, બન્ને ગ્રહ ખરાબ ફળ આપે છે. નીચનો ગ્રહ રાહુ સાથે હોય તો અનિષ્ટ (ખરાબ) ફળ આપે છે. નીચનો જે ગ્રહ છે. તેની રાશિમાં રહેલો ગ્રહ અને તે નીચનો ગ્રહ જે રાશિમાં છે તે રાશિનો સ્વામી ખરાબ ફળ આપે છે. સારું ફળ આપતા નથી.

## દશારિષ્ટ બાબત (સારાવલી)

પાપગ્રહોની દશામાં, પાપગ્રહની અંતર્દશા જ્યારે હોય, ત્યારે મૃત્યુ (મરણ)નો સંભવ, અથવા મોટા દુશ્મન થશે તેમ કહેવું.

મંગળની મહાદશામાં જ્યારે શનિની અંતર્દશા આવે ત્યારે ઘણો વખત જીવવાની હોય તેવા માણસોનું પણ નિશ્ચય મરણ થાય. પાપગ્રહની રાશિમાં પાપગ્રહ છઠ્ઠે કે આઠમે હોય તો, કે પાપગ્રહની રાશિમાં ૬ઠ્ઠે, ૮મે રહેલો ગ્રહ પોતાના શત્રુગ્રહને જોતો હોય તેવા ગ્રહની આ અંતર્દશામાં મરણ થાય.

લગ્નના સ્વામીની મહાદશામાં લગ્નના સ્વામીના શત્રુગ્રહની અંતર્દશા આરે આવે ત્યારે અકસ્માત (ઓચિંતુ) મરણ થાય એમ સત્યાચાર્ય કહે છે.

**(જાતક પારિજાત)** ૬-૮-૧૨મા ભાવમાંથી એક ભાવમાં જે નિર્બળ પાપગ્રહ હોય તેની દશામાં મરણ જાણવું પણ જો તે ગ્રહની સાથે શુભગ્રહ હોય તો મરણ કરતો નથી.

ઋક્ષ સંધિમાં રહેલા ગ્રહની દશા ચાલતી હોય, તો દિલગીરીને રોગથી પીડાશે ને ૩૦મા અંશમાં રહેલા ગ્રહની દશામાં મરણ થાય છે.

છઠ્ઠાના સ્વામીની મહાદશામાં આઠમાના સ્વામીની અંતર્દશા અને આઠમાના સ્વામીની મહાદશામાં ષષ્ટેશની અંતર્દશા હોય, તો માણસોને મરણ કે હોદ્દાનો નાશ કહેવો. - વિશેષ સ્થાન બદલી, રાજ્યદ્વારથી ભય તાબાના માણસથી ને સ્ત્રીથી વિરોધ અથવા સ્ત્રી પુત્રનો નાશ, ચોર, અગ્નિને ને કુટુંબના માણસોથી દુઃખ ને માનસિક વિકાર ઉત્પન્ન કરે છે.

છઠ્ઠે આઠમે એક રાશિમાં બેઠેલા ગ્રહોની દશા અંતર્દશા હોય અને બન્ને નર્બળી હોય તો મરણ કહેવું.

પાપગ્રહો ક્રૂર રાશિમાં હોય અને શત્રુગ્રહો જોતા હોય કે સાથે હોય

તો તેની દશામાં મરણ થાય છે.

મહાદશાનો જે સ્વામી હોય તે ગ્રહની મહાદશામાં તેના શત્રુગ્રહની અંતર્દશા આવે ત્યારે મરણ જાણવું. તે પાપગ્રહ હોય તો અવશ્ય મરણ જાણવું.

છિદ્રગ્રહ બાબત : ૧, આઠમા ભાવનો સ્વામી, ૨, આઠમે ભાવે રહેલો ગ્રહ, ૩, આઠમા ભાવને જે ગ્રહ જોતો હોય તે ગ્રહ, ૪, ખરેખર એટલે (લગ્નથી બાવીસમા શ્રેષ્કાણનો સ્વામી) ૫, આઠમા ભાવના સ્વામી ભેગો જે ગ્રહ હોય તે ગ્રહ. ૬, જે નવમાંશમાં ચંદ્ર બેઠો હોય તેનાથી ચોસઠમા નવમાંશનો સ્વામી (એટલે ચતુ:ષષ્ટયંશ નાયક) હા, આઠમાં ભાવના સ્વામીનો અધિશત્રુ, આ સાત ગ્રહો છિદ્રગ્રહો અથવા ઘા કરનાર ગ્રહો કહેવાય છે. તે સાતમાંથી જે ગ્રહ બળવાન હોય તે ગ્રહની દશામાં મરણ થાય છે. એવું પંડિતો કહે છે.

પોતાનું, ભાંડુનું, માનું, પ્રજાનું, સ્ત્રીનું પિતાનું વગેરે જેનું મરણ જોવું હોય તેના ભાવ થકી સાતમે રહેલો ગ્રહ ને તેના ભાવમાંથી આઠમાનો સ્વામી તે બેમાં જે ગ્રહ વધારે બળવાન હોય તે ગ્રહની દશમાં મરણ જાણવું. દાખલો - બાપનું મરણ જોવું છે તો ૧૦માંછી ૬ઠ્ઠો એટલે ચોથે ભાવે રહેલો ગ્રહ અને ૧૦મા થકી આઠમાનો સ્વામી એટલે પાંચમા ભાવનો સ્વામી તે બેમાં જે બળવાન હોય તે ગ્રહની દશામાં બાપનું મરણ જાણવું. એવી રીતે જેનું મરણ જાણવું હોય તેના ભાવથી જોવું.

## દશારિષ્ટ ભંગયોગ (આશાવલી)

જે ગ્રહની મહાદશા શરૂ થાય તે ગ્રહ બળવાન હોય કે તેને શુભ ગ્રહ જોતો હોય કે શુભગ્રહ સાથે રહ્યો હોય ને શુભગ્રહના કે અધિમિત્રના વર્ગમાં હોય, રિષ્ટયોગ થવા છતાં રિષ્ટભંગ કરે છે. (તેવો ગ્રહ મારી શક્તો નથી.)

જે ગ્રહની મહાદશા ચાલતી હોય તે ગ્રહ તદ્દન નિર્બળી હોય ને અંતર્દશાવાળો ગ્રહ બળવાન હોય, તો નિશ્ચય કરીને રિષ્ટયોગનો સંગ થાય.

રિષ્ટ કરનાર ગ્રહ યુદ્ધમાં જીત પામ્યો હોય ને તેને શુભગ્રહ જોતા હોય તો તે ગ્રહ પોતાના ઉચ્ચાદિકમાં રહ્યો હોય, તો કષ્ટ કરતો નથી.

## અંતર્દશા બાબત (સર્વાર્થ ચિન્તામણિ)

જે ગ્રહની મહાદશા ચાલતી હોય તેની સાથે રહેલા ગ્રહની અંત દશાંશમાં સ્ત્રી, પુત્ર, ચાકર, ધન ને ખેતીવાડીને ઉદ્યોગનો નાશ પોતાના માણસોથી વિરોધ ને ન ધારેલું તહોમત આવે.

દશાપતિથી બીજે રહેલા ગ્રહની અંતર્દશામાં, હલકું ખાનાર, પીનાર, સારાં ને જીણાં વસ્ત્ર પહેરનાર, ચંદન ને પુષ્પની માળા ધારણ કરનાર, બીજા ઉપર ઉપકાર કરનાર, પોતાના માણસો સાથે મિત્રતા વધારનારો, સ્ત્રી પુત્ર ને ભાંડુથી સુખી ને આનંદમાં રહેનાર થાય.

દશાપતિથી ૩ જે, રહેલા ગ્રહની અંતર્દશામાં રાજાઓથી માન ને ધન મળે, સુગંધિ વસ્તુઓ, પુષ્પ, વસ્ત્ર ને આભૂષણ ધારણ કરનાર મિત્રનો વધારો, ને તે તરફથી ભોજનનું સુખ મળે.

દશાપતિથી ૪થે રહેલા ગ્રહની અંતર્દશામાં, સ્ત્રી, પુત્ર, ધન, ઘર, ધર્મ, વાહન, મીઠું ખાનાર પીનાર, વસ્ત્રને આભૂષણ ધારણ કરનાર, પણ જો તે અંતર્દશાપતિ શુભગ્રહ હોય ન તો, તેનાથી વિપરીત (ઉલટું) ફળ થાય છે. મહા દશાપતિથી ૪ થે, રહેલો ગ્રહ સ્વગ્રહી, કે ઉચ્ચાદિક બળ પામેલો હોય, ને તે પાપગ્રહ હોય, તો પણ શુભ ફળ આપે છે, પણ સ્વગ્રહી ને ઉચ્ચાદિક બળને પામેલો ન હોય એવો શુભ ગ્રહ હોય, તો અશુભ ફળ કરે.

દશાપતિથી પમે, રહેલા શુભગ્રહની અંતર્દશામાં પુત્રાદિનું સુખને પાપગ્રહની અંતર્દશામાં પુત્રનો નાશ થાય.

દશાપતિથી ૬ ઠે, રહેલા પાપગ્રહની અંતર્દશામાં ચોર ને લેણદારથી ભય, પુત્ર, દેહથી પીડા ને પદભ્રષ્ટ કરે. પણ તે શુભગ્રહ હોય, તો તે દરેકથી સુખ મળે ને તે ઉચ્ચનોકે મૂળ ત્રિકોણાદિ બળ પામ્યો હોય તો પુત્રને મિત્રની વૃદ્ધિ થાય.

દશાપતિથી ૭મે રહેલા પાપગ્રહની અંતર્દશામાં સ્ત્રી, ધન, પુત્ર બંધુ વિગેરેનો નાશને રાજાથી ભય થાય, ને તે શુભ ફળ હોય તો તે દરેકથી સુખ મળે ને જો નીચ કે શત્રુની રાશિનો ન હોય તો સારાં રત્ન, વસ્ત્ર,

આભૂષણ મળે.

દશાપતિથી ૮ મે રહેલા શુભગ્રહની અંતર્દશામાં, પ્રથમ સુખ ને શુભફળ થાય, ને અંતમાં કષ્ટ થાય છે. ને તે પાપગ્રહ હોય તો ભય, મૃત્યુ, ખરાબ, અન્ન ચોર, અગ્નિ ને રાજાથી ભય થાય.

દશાપતિથી ૯ મે રહેલા પાપગ્રહની અંતર્દશામાં, અશુભ કર્મ, સ્થાનનો નાશ ને મનની વ્યાકુળતા થાય ને તે શુભગ્રહ હોય તો ભય, મૃત્યુ, ખરાબ અન્ન, ચોર, અગ્નિને રાજાથી ભય થાય.

દશાપતિથી ૧૦મે રહેલા પાપગ્રહની અંતર્દશામાં, કર્મનો નાશ, ખરાબ કીર્તિવાળો, ને ઘણા પ્રકારની આપદા થાય. ને તે શુભગ્રહ હોય તો સુખ, તલાવ, ગામનો દરવાજો ને પુણ્ય કર્મો કરવામાં વધારો થાય.

દશપતિથી ૧૧મેં રહેલા પાપગ્રહની દશામાં, પુત્ર, મિત્ર, ધન, સ્થાન (જમીન ઘર)ની પ્રાપ્તિ થાય. ને તે શુભગ્રહ હોય તો, સુખ, ભાગ્યની વૃદ્ધિ, રાજાથી પ્રીતિ, સ્રીને મિત્રનો વધારો થાય.

મહાદશાપતિથી ૧૨મે રહેલા પાપગ્રહની અંતર્દશામાં, દુઃખ ધનનો નાશ, રાજાનો કોપ, સ્થાનનો નાશ ને યાદ શક્તિનો ઘટાડો થાય. ને તે શુભગ્રહ હોય તો, વાહન વૈભવ ને ભાગ્યનો વધારો વસ્ત્ર અને આભૂષણ મળે.

ઉપર મુજબના દરેક નિયમોનો અષ્ટોત્તરી વિશોત્તરી કે યોગિની કોઈપણ દશા જોતી વખતે વિચાર કરીને જ દશા ફળ કહેવું.

## (માનસાગરી પદ્ધતિ) અષ્ટોત્તરી મહાદશાઓનું ફળ

<u>સુર્યની મહાદશામાં -</u> તીખાં ને ગરમ ભોજન ખાનાર, માન આબરૂનો વધારો, ધન, ચામર, છત્ર ને ભાઈનું સુખ થાય.

<u>ચંદ્રની મહાદશામાં -</u> આભૂષણ, મણિ ને વસ્ત્રનો લાભ, સારાં મીઠાં ભોજન ખાનાર-પીનાર, સ્રીયોમાં ઘણી પ્રીતિ, રાજાઓમાં પૂજાય ને સારું ફળ મળે.

<u>મંગળની મહાદશામાં -</u> હથિયારનું વાગવું, રાજાની બંધન કે મરણ

જેવી પીડા, ચિંતા, લડાઈ, ક્લેશ ને ભય, ઘરમાં રોગ, ચોર ને અગ્નિનો ભય, ધનનો નાશ ને મરણ જેવાં અશુભ ફળ થાય.

બુધની - શુભ ફળ, પ્રિય મિત્રનો મેળાપ, સોનાના દાગીના ને, વિદ્યા ને ધનનો લાભ ને મનમાં સારો હર્ષ થાય.

શનિની - કિલ્લો, સિમાડો ને પહાડોની રક્ષા કરનાર, સારું ધાન્ય, જૂનાં વસ્ત્ર, જમીનનો લાભ ને પીડા થાય અને વૈભવવાળો થાય.

ગુરુની - ઘણું સુખ, ગુણ ને બુદ્ધિનો વધારો, સ્ત્રીથી ધન મળે. જ્ઞાનને તેજનો વધારો, વૈભવવાળો ને મહાત્મા જેવા સારા આચરણવાળો ને સારું ફળ થાય.

રાહુની - ધર્મ વિનાનો, કામ વિલાસનો નાશ, સ્ત્રી, પુત્ર મિત્રને પીડા, પરદેશ જેવું બુદ્ધિનો બગાડો, કલેશ ને કોઢ જેવા રોગનો ભય થાય.

શુક્રની - પરાક્રમી, ગાયનનો શોખીન, હર્ષિત, વૈભવવાળો, દ્રવ્ય ને ખાનપાનથી પૂર્ણ સુખી, સારી સ્ત્રી મળે, બુદ્ધિમાન, ઘણા ઉપકાર કરનાર, નાના પ્રકારની લક્ષ્મીને ભોગવનાર, ધર્મ સંબંધી જ્ઞાન, ઔષધ, મંત્રને સ્ત્રીગિરીથી સારું ધન પેદા કરે, સુખી, આંખે પીડા, જમવામાં વધારે પ્રીતિ, પોતાના પરાક્રમને કીર્તિનો વધારો થાય.

## અષ્ટોત્તરી મહાદશાઓમાં અંતર્દશાઓનું ફળ (માનસાગરીપદ્ધતિઃ) સૂર્યની મહાદશામાં અંતર્દશાઓનું ફળ

સૂર્યની મહાદશામાં સૂર્યની અંતર્દશા હોય તો, ભાઈને કુટુંબમાં માન મળે, ભાઈનું મરણ થાય, સૂર્યમાં ચંદ્રની, શત્રુ, ચિન્તાને વ્યાધિનો નાશ, ધનનો લાભ ને સુખ થાય, મંગળની, રાજાથી પ્રવાળું, ખેતી, સોનું વગેરે ધન મળે વૈભવ ને સારું સુખ મળે, બુધની ગ્રહોની પીડા, વાયુનો રોગ, ધનનો ફળનો નાશ ને લોકોમાં અવિશ્વાસ થાય, શનિની મહાદુઃખ પુત્ર મિત્રનો નાશ ને શત્રુઓથી ભય થાય, ગુરુની હૃદય રોગ, ને શત્રુનો નાશ, લક્ષ્મીનો લાભ, સુખ, સારાં મંગળ કામ, ને ઉત્સાહમાં વધારો થાય, રાહુની માનનો ભંગ, શોક, મોટો ભય, દુઃખને દરેક ઠેકાણે ખરાબને અમંગળની

કાર્યો થાય, શુક્રની વાત અતિસાર, ને રોગથી શરીરે પીડા, ભય, ત્રાસ ને ધનનો નાશ થાય.

## ચંદ્રની મહાદશામાં અંતર્દશાઓનું ફળ

ચંદ્રમાં ચંદ્રની, સુખ, સર્વ ઠેકાણે વિજય, કુટુંબમાં વેર, સ્ત્રી મળે, છોકરાનો જન્મ ને ઊંઘમાં પ્રીતિ થાય, મંગળની, હથિયાર, રોગ, અગ્નિને ચોરનો ભય, ધન નાશને માનસિક દુઃખ થાય, બુધની, હાથી, ઘોડા, ગાય, ધન વગેરેનો લાભ ને છોકરીઓનો જન્મ થાય, શનિની, લડાઈઓમાં વેર, શોક, ક્લેશ, દુઃખ ને દરેક કામમાં ગુંચવાડા થાય, ગુરુની ધર્મ, ધન, સુખ, વસ્ત્ર, ઘરેણાંનો લાભ, વિજય થાય ને રાજાથી માન મળે, રાહુની, ભાઈઓ ને સ્થાનનો નાશ, શત્રુથી વધારે ભય થાય ને કોઈ જગ્યાએ સુખ મળે નહિ, શુક્રની છોકરીઓનો જન્મ, સુખ મળે, સૂર્યની રાજાના આશ્રયથી સુખ, રાજ્ય પ્રાપ્તિ, શત્રુ ને રોગનો નાશ વૈભવનું સુખ વધારે મળે.

## મંગળની મહાદશામાં અંતર્દશાઓનું ફળ

મંગળમાં મંગળની, શત્રુથી પીડા, ભાઈઓથી ક્લેશ ને પોતાના સગાઓમાં પીડા, વૃદ્ધ સ્ત્રીને વેશ્યાઓમાં પ્રીતિ રાખે, બુધની રાજા, અગ્નિ, ચોર ને મોટા માણસથી ભય, તાવ વગેરે રોગ થાય. ને દુષ્ટ માણસો સાથે ક્લેશ થાય, શનિની મોટું દુઃખ, પાણીથી ઘાત, રાજાને પૂજવામાં પ્રીતિ, ને ઘણું ધન મળે, રાહુની, શાસ્ત્ર, અગ્નિ, રાજાને ચોરથી ભય, રાજાથી મૃત્યુ કે ભય, ને મનમાં દુઃખ થાય, શુક્રની શત્રુથી ભય ઘણો ક્લેશ, ધર્મને સુખનો નાશ, રાજાથી બંધન ને બીટ થાય, સૂર્યની, રાજા સાથે ઘણો પરિચય ને બહાદુર માણસનો મેળાપ ને ખરાબ સ્ત્રીનો સમાગમ થાય, ચંદ્રની બહુ ધન, મોતી, સોનું મણી વગેરે લક્ષ્મી મળે, મિત્રથી સુખ ને મોટો હોદ્દો મળે.

## બુધની મહાદશામાં અંતર્દશાઓનું ફળ

બુધમાં બુધની, બુદ્ધિનો વધારો, શરીરનું ને સ્ત્રીનું સુખ, ઘણા પ્રકારથી દ્રવ્યનું સુખ, ને યશ મળે, શનિની, મિત્રથી ધન મેળવનાર, ગુણને ધર્મના કામોની સિદ્ધિ કરનાર, ને દરેક કામમાં મહેનતું થાય, ગુરુની, શત્રુ, રોગ

ને ભય વિનાનો, ધર્મને જાણનાર, રાજાની પ્રીતિ ને સેતું વિગેરે ધાતુઓથી શોભાવાળો થાય, રાહુની, અકસ્માત ભાઈઓથી હુત પડવું ને રસ્તે ચાલતે રાજાનો કોપ, ભય ને પૈસાનો નાશ થાય, શુક્રની, ગુરુ, દેવને બ્રાહ્મણને પૂજનાર, દાન ધર્મ કરનાર, વસ્ત્ર, ઘરેણાં ને લાલ વસ્તુથી લાભ થાય, સૂર્યની, સોનું, ઘોડા, માણેક, સુખ ને જય મળે, રાજ્ય લક્ષ્મી બળ ને તેજ પ્રાપ્ત થાય, ચંદ્રની આચારવાન્, ઘણું ધન, હાથી, ઘોડા વિગેરે સુખવાળો, શૈય્યા, છત્ર ને સંપત્તિથી સુશોભિત થાય, ને મંગળની, માથા ને ગુદાના રોગથી દુઃખી, અગ્નિ ચોર ને રાજાથી ભયને ભાઈ છોકરાઓથી દુઃખી થાય.

## શનિની મહાદશામાં અંતર્દશાઓનું ફળ

શનિમાં શનિની, ભાઈ, સ્ત્રી ને પુત્રથી પીડા ને ધનનો નાશ પરદેશ જવું. ને દુઃખી થાય. ગુરુની, દેવબ્રાહ્મણને પુજનાર સુખ, ધન સારાં ગુણનો વધારો, સારો હોદ્દો મળે, ને મનની ઈચ્છા પૂર્ણ થાય, રાહુની વાયુનો રોગ ને પેઢુમાં પીડા થાય, પરદેશ જવું, ડાહ્યા માણસ સાથે અદેખાઈ ને સુખનો નાશ થાય, શુક્રની ભાઈ, મિત્ર, સ્ત્રી, ધન, સુખને સંપત્તિ મળે, રાજાથી મિત્રતા, ને ધનનો લાભ થાય, આયુષ્યનો ભય ને દરેક રીતે ખરાબ ફળ થાય, ચંદ્રની. સ્ત્રી, જય, ને સુખ મળે, ભેંસો ને ગાયોના ધનવાળો ને છોકરીનો જન્મ થાય, મંગળની. ભાઈ સ્ત્રી પુત્રનો નાશ, વીજળીથી ભય, મોટો રોગ ને ખરાબ ફળ થાય, ને બુધની સુખ, સૌભાગ્ય, શરીરે સુખ, યશ ને સંતોષનો વધારો, મિત્ર ને જમીનથી લાભ થાય.

## ગુરુની મહાદશામાં અંતર્દશાઓનું ફળ

ગુરુમાં ગુરુની ધર્મનાં કામ, દ્રવ્ય, ઘોડા, સોનું, ઘર, જમીન, ઝાડ વગેરેનો લાભ, રાજ્યની માન ને ગુણનો વધારો થાય, રાહુની નીચે માણસો સાથે મિત્રતા, વાયુને પિત્તના વિકારથી ભય, ને દરેક કામનો નાશ થાય, શુક્રની શત્રુથી ભય, ધનનો નાશ, બંધન, ક્લેશ, રોગ ને સ્ત્રીનો વિયોગ થાય, સૂર્યની રાજાના જેવા વૈભવવાળો શરીરે સુખી, ઘણી સ્ત્રીઓના સુખને સંતોષવાળો થાય, ચંદ્રની, શત્રુઓનો નાશ, સુખી, પુણ્યશાળી, શરીરે ઘણો મજબૂત ને કુટુંબીઓની સાથે રહેનાર થાય, મંગળની ધન ને કીર્તિનો લાભ,

ભાઈઓની કીર્તિને વધારનાર, સુખી, શત્રુ ને રોગ વિનાનો ને શોભાયમાન થાય, બુધની, દુઃખને સુખ સરખા ગણનાર ધનવાન, ગુરુ. દેવ ને અગ્નિને પૂજનાર ને સરખા મિત્રાને શત્રુવાળો થાય, ને શનિની, વેશ્યાઓની સોબતથી દુઃખી થાય. ખરાબ ચાલનો ધર્મ વિનાનો, કામી, લોભી, નીચ માણસો સાથે મિત્રતા રાખનાર થાય.

## રાહુ મહાદશામાં અંતર્દશાઓનું ફળ

રાહુમાં રાહુની, ભય, રોગ ને પાપથી પીડા, સ્ત્રી, પુત્ર મિત્રથી ક્લેશ કે તેઓનો નાશ કે પોતાના ભાઈઓથી ક્લેશ થાય, શુક્રની બ્રાહ્મણને રાજાથી સ્નેહ, સ્ત્રીની સોબતથી ધનનો સંચય, ને લડાઈમાં જીત થાય, સૂર્યની શત્રુ, ને રોગ, ઝેરથી મોટો ભય, ધનનો નાશ અગ્નિને ચારનો ભય થાય. ચંદ્રની શત્રુ ને રોગથી મોટો ભય, ભાઈને ધડનો નાશ, ક્લેશ, ને ભાઈઓથી વેર થાય, મંગળની ઝેર, અગ્નિ, શસ્ત્રનો ચોરથી વખતો વખત મોટો ભય, તથા ધન, સ્ત્રીને ભાઈનો નાશ થાય. બુધની ભાઈ, સ્ત્રી ચાકર, મિત્ર, ધન વગેરેથી સુખી ને ભય વગરનો થાય, શનિની, વાયુ ને પિત્તનો રોગ, ભાઈઓ સાથે ક્લેશ, દેશ નિકાલને ધનનો નાશ થાય, ને ગુરુની, રોગ વિનાનો પોતાના માણસોથી યુક્ત, દેવ-બ્રાહ્મણની ભક્તિ, ધર્મને તીર્થમાં પ્રીતિવાળો થાય.

## શુક્રની મહાદશામાં અંતર્દશાઓનું ફળ

શુક્રમાં શુક્રની, લાભ ને સ્ત્રીનો મેળાપ થાય, ધર્મ કરવાથી સુખ, ઈચ્છાપૂર્ણ ધન, કીર્તિ ને હુશિયારીમાં વધારો થાય, સૂર્યની આંખને ગાલમાં રોગ, રાજાને ભાઈઓથી પીડા, મરણ જેવું દુઃખ થાય, ચંદ્રની ઉદ્વેગ, કુશળતાની હાની, ઘોડાઓ વગેરે ધનનો નાશ, ઘણો ક્લેશને મનમાં દુઃખ થાય, મંગળની નખ, પેટને માથામાં વ્યાધિ, ક્લેશને ભાઈઓથી દુઃખને શરીર દુર્બળ થાય, બુધની ધન ધાન્ય ને સુખનો લાભ, માન, ધર્મ ને યશથી સુખ ને મોટા માણસો સાથે સ્નેહ થાય, શનિની, વૃદ્ધ સ્ત્રીઓને ભોગવવાની પીડા, પુત્રનો નાશ ને દુઃખ થાય, શત્રુનો નાશ ને મિત્રોનો મેળાપ થાય, ગુરુની ધાન ધાન્યમાં વધારો, ધર્મવાન, સુખી સ્ત્રીનું સુખ ને કીર્તિનો વધારો

થાય ને રાહુની પરદેશ જવું, ભાઈથી દ્વેષ ખરાબ માણસોની સોબત, ને પોતાના વંશને થાય.

## ગ્રહોની વિંશોત્તરી મહાદશાઓનું ફળ (જાતક પારિજાત)

❋ **સૂર્યની મહાદશામાં** ચોરી, ઉચાટ વિગેરેથી ધન મળે ને અગ્નિ તથા ઢોરોથી પીડા, આંખોનો રોગ, પુત્ર સ્ત્રી, વગેરેના પોષણ માટે ચિંતા, ગુરુને બાપનું મરણ, ચાકર ગાય ને ધનનો નાશ થાય.

❋ **ચંદ્રની દશામાં** મંત્ર, દેવ ને બ્રાહ્મણોની ભક્તિ, બળવાન સ્ત્રીવાળો, સ્ત્રી, સંપત્તિને જમીનનું મળવું. ફળ, કપડાં, અલંકાર, અત્તર વગેરે સુગંધી પદાર્થોને ઘણા પ્રકારના ધનવાળો થાય. જો નિર્બળી હોય તો ધનનો નાશ ને વાયુનો રોગી થાય.

❋ **મંગળની,** શસ્ત્ર, અગ્નિ ક્રિયા અને વાહન વગેરેથી તેમજ દવા પેટે પ્રપંચ ને ઘણાં ઘાતકી કામોથી ધન મળે. પિત્ત ને લોહીનો બગાડો, તાડની પીડા ને નીચ પુરુષોની સ્ત્રીઓની ચાકરી કરનાર, છોકરાં સ્ત્રી, થઈ ને ગુરુઓથી ધિક્કાર પામનાર ને ખરાબ અનાજ ખાનાર થાય છે.

❋ **રાહુની** સુખ શાંતિને ધનનો નાશ. સ્ત્રી પુત્રોના વિયોગથી દુઃખી, બહું રોગી, પરદેશ રહેનાર ને વિવાદ કરનારી બુદ્ધિ કરે.

❋ **ગુરુની સ્થાનની પ્રાપ્તિવાળો,** પૈસા, ગાડી ને કપડાંવાળો, રાજ્યની શાંતિવાળો, શુદ્ધ ચિત્તનો વૈભવવાળો, જ્ઞાની તેમ જ પુત્ર ને સ્ત્રી વગેરેના લાભવાળો થાય.

❋ **શનિની,** બકરાં, ગધેડાં, ઊંટ, બુઢ્ઢી સ્ત્રીઓ, પક્ષીને ખરાબ અનાજનો લાભ થાય. નીચ વર્ગનો અધિકારી થઈ અને ફળી (પોળ) શહેર એ ગામડાઓમાં ધન મેળવો.

❋ **બુધની,** મુરબ્બી (ગુરુ) સગાંવહાલાંને મિત્રોથી ધન મેળવે, કીર્તિને સુખવાળો, રાજ્ય દરબારી સંદેશો લઈ જનાર, સોના રૂપાના દાગીના વેચવાથી ધનવાન, વાયુનો રોગી ને સારાં કામ કરનાર થાય.

❋ **કેતુની,** ગરીબ બુદ્ધિ ને વિવેક વિનાનો રોગથી પીડાનાર, શરીરે બહું દુઃખી, પાપનો વધારો, બહુ ખરાબ કામ કરનાર કંઈક સુખી થાય.

❋ **શુક્રની,** સ્ત્રી છોકરાં દોલતવાળો, બહુ સુખી, સુગંધ, પુષ્પ, માળાઓ, ઘરેણાં, ગાડીઓ, પાલખી વગેરે ભોગવનાર, રાજા જેવી કીર્તિવાળો થાય.

## વિશોત્તરી મહાદશાઓમાં દરેક ગ્રહોની અંતર્દશાઓનું ફળ (જાતક પારિજાત) સૂર્યની મહાદશામાં બીજા ગ્રહોની અંતર્દશાઓનું ફળ

સૂર્યમાં સૂર્યની - બ્રાહ્મણ, રાજા ને શસ્ત્ર વગેરેથી ધનની પ્રાપ્તિ, માનસિક ચિંતા, પરદેશ કે વનમાં ભટકવું થાય. ચંદ્રની સગા વહાલાં મિત્રોથી ધન, મિત્ર ને સજ્જનોથી દોષિત, પાંડું વિગેરે રોગથી પીડા મંગળની રત્ન સોનું ને ધનની પ્રાપ્તિ, રાજાનો બહુ જ સ્નેહ ને વિગેરે રોગ થાય. રાહુની - કાળ વિનાની મૃત્યુ પીડા, સગાં વહાલાં ને શત્રુથી દુઃખી, સ્થાનનો નાશ અને મનનું દુઃખ થાય. **ગુરુની - સૂર્યને પૂજવા લાયક, છોકરાથી ધન, દેવ બ્રાહ્મણની ભક્તિ, સારાં કર્મને આચારવાળો, સારી વાતો કરનાર થાય.** શનિની - સર્વ જગ્યાએ શત્રુથી આળસ, ખરાબ વૃત્તિ, મનનું દુઃખ ને, રાજા કે ચોરથી ભય થાય. બુધની ભાઈઓને પીડા, મનને દુઃખ યજ્ઞ વગેરે કામોમાં ઉત્સાહી, ધનનો નાશ ને કંઈક સુખી થાય, કેતુની - કંઠ રોગ, મનને પીડા, આંખોનો રોગી, તેમજ કાળ વિનાનું મરણ થાય. શુક્રની - બહુ મહેનતથી ને પાણીથી ધન મળે, ખરાબ સ્ત્રીની સાથે સંભોગ કરનાર ફોકટ વિવાદ કરનાર થાય.

## ચંદ્રની મહાદશામાં અંતર્દશાઓનું ફળ

ચંદ્રમાં ચંદ્રની - વિદ્યા, સ્ત્રી, ગાયનને વાજામાં પ્રીતિવાળો, સારાં રેશમી કપડાં પહેરનાર, પુરુષોની સોબત કરનાર, લાંબા આયુષ્યવાળો, રાજા પ્રધાન, ને સેનાધિપતિઓ વડે વખાણતો, સારી કીર્તિવાળો, પોતાના કુટુંબને મિત્રો સાથે સારાં યાત્રા સ્થાનોમાં ફરનાર, પૃથ્વી, ગાય, ઘોડા, વગેરે મેળવનાર, ને બહુ ધનવાન થાય. મંગળના - રોગ વિરોધી, બુદ્ધિને સ્થાનનો નાશ, પૈસાની ખુવારી, મિત્રોથી ને ભાઈઓથી ક્લેશ. રાહુની - શત્રુ ને રોગના ભયથી ક્લેશ, ભાઈઓનો નાશ, ધનનો નાશ ને કંઈ સુખ મળતું નથી. ગુરુની-ગાડી, વાહન ઘણા પ્રકારના પૈસા (ઝવેરાત વગેરે)

કપડાં, ઘરેણાં સંપત્તિ વિગેરે આપે, મહેનતથી પોતાની ઈચ્છા પૂરી પાડે. શનિની-માતાને પીડા, પોતાના મનને ક્લેશ, કફ ને વાયુનો રોગ, દઢ બોલી, ને શત્રુઓ સાથે સંવાદ કરાવે. બુધની - માતાના તરફના સગાંઓથી ધન, વિદ્વાનોનો મેળાપ, વસ્ત્રને અલંકારની પ્રાપ્તિ કરાવે. કેતુની - રોગથી સ્ત્રી, ભાઈઓને નાશ, પેટના રોગથી પીડા. ને ધન-મિલકતનો નાશ. શુક્રની - સ્ત્રી તરફથી ધન, ખેતીવાડીને ઢોરાંથી સુખ, પાણીને કપડાંનું સુખ, માતાને રોગી કરે છે. સૂર્યની - રાજા જેવું ઐશ્વર્ય મેળવે, રોગ શત્રુનો નાશ કરી સારું સુખ આપે.

## મંગળની મહાદશામાં અંતર્દશાઓનું ફળ

મંગળમાં મંગળની - બહુ ગરમી, મિત્રોનો દ્વેષ, ભાઈઓને દુઃખ રાજાથી, ભય, ને દરેક કામનો નાશ કરે. રાહુની - રાજાને ચોરથી વિગેરેથી ભય, ધન તથા અનાજનો નાશ. ને દુષ્ટ કામની સિદ્ધિ કરે. ગુરુની બ્રાહ્મણો તરફથી પૈસા ને જમીનના લાભવાળો, નિરોગી, સર્વ માણસોથી ખાનાર, જયવાળો, ને સુખી કરે. શનિની - દુઃખી, રોગી, શત્રુ, ચોર ને રણથી ભય ને ધનનો નાશ કરે. બુધની - વૈશ્ય કે વૈપારથી ધનનું મળવું. ઘર ગાય ને અનાજની સંપત્તિ મળે શત્રુથી દુઃખને મનને ક્લેશ કરે. કેતુની - પેટના રોગથી સંતાપવાળો. સગાં ને ભાઈઓથી દુઃખી ને ખરાબ માણસોથી શત્રુપણું કરાવે. શુક્રની - સ્ત્રી, દાગીના, કપડાં, ભાઈઓથી ધન વગેરેનું સુખ આપે, સ્ત્રીઓના દ્વેષથી વાર્તા કરનાર થાય. સૂર્યની - અપવાદ ભોગવનાર, ગુરુનો દ્વેષ કરનાર, ક્લેશ કરનાર, રોગી, કુટુંબથી મનમાં દુઃખી થાય. ચંદ્રની - ઘણા પ્રકારનું ધનનું સુખ, વસ્ત્ર, મોતી, મણિઓ, ઝવેરાત, દાગીના, ગર્વ, નિદ્રા (ઊંઘ) ને આળસ ઉત્પન્ન કરે.

## રાહુની મહાદશામાં અંતર્દશાઓનું ફળ

રાહુમાં રાહુની - રોગી સ્ત્રીવાળો, મારામારી કરનાર, બુદ્ધિનો નાશ, ધનનો નાશ, દૂર દેશ ફરનાર તેમજ બહુ દુઃખી કરે. ગુરુની-રોગને શત્રુનો નાશ, રાજાનો માનીનો ધનવાન, છોકરાના લાભવાળો, ને રાહુ ઉત્સાહી થાય. શનિની-વાયુ ને પિત્તનો રોગી, ભાઈ ને મિત્રોથી પીઠ, લાંબા (દૂર) દેશે ફરનાર થાય. બુધની - મિત્ર, સગાંવહાલાં, બંધુ, સ્ત્રી વગેરેના

સુખવાળો, ધન મેળવનાર, ને રાજાની પ્રીતિવાળો થાય. કેતુની-ચોરી કરનાર, માનનો નાશ, પુત્ર નાશ, ઢોરાંનાં મરણ, ને દરેક રીતે ઉપદ્રવ થાય. શુક્રની - પરદેશથી ગાડી, છત્ર ચામરને સંપત્તિ મેળવનાર, રોગી, શત્રુ ને ભાઈઓથી ભયવાળો થાય, સૂર્યની - દાન અને વર્ગમાં પ્રીતિવાળો, સંતોષી, પ્રકારની ચિન્તાઓનો નાશ, ને સંસાર સંબંધીથી રોગી. ચંદ્રની સ્ત્રીના લાભવાળો, ક્લેશી, ધનનો નાશ, ચંચળનો વેવાઈઓ સાથે વિરોધ કરનાર. મંગળની - સર્વ ઉપદ્રવ, બધા કામોમાં મૂઢુને યાદશક્તિ વિનાનો કરે છે.

## ગુરુની મહાદશામાં અંતર્દશાઓનું ફળ

ગુરુમાં ગુરુ - રાજાની પ્રીતિવાળો, બહુ આનંદી, દરેક કામમાં ફત્તેહ મેળવનાર. વિદ્વાન, જ્ઞાની ને હુન્નરવાળો, શનિની - દ્વેષ બુદ્ધિવાળો, મનમાં સંતાપવાળો, પુત્રથી ધનનો નાશ, ને ચાલુ કામધંધાનો નાશ કરે. બુધની વાણીઆથી ધનની પ્રાપ્તિ, રાજાનો સ્નેહ, સુખી ને સારાં કર્મથી સિદ્ધિ મેળવનાર. કેતુની - મોતી, પરવાળાં ને ભૂષણવાળો, તીર્થ યાત્રામાં થનાર. ધનવાળો, ગુરુ (ઉપરી) ને રાજાથી દુ:ખી. શુક્ની - ગાડીઘોડાને ધનવાળો, છત્રને ચામરના વૈભવવાળો, સ્ત્રીથી પીડાનાર, ને માણસોમાં અપમાન પામનાર સૂર્યની - શત્રુનો નાશ, જયવાળો, સુખી, બહુ આનંદી, ધનવાન, રાજા સાથે પ્રીતિવાળો ને તંદુરસ્ત. ચંદ્રની - સ્ત્રીએ કરેલા કામોથી આનંદ ઐશ્વર્યવાળો, રાજાની પ્રીતિવાળો, સુખી, સુંદર, કપડાંને ઘરેણાંવાળો કરે. મંગળની - ધંધામાં નુકશાન, ભટકનાર, તાવ ને બહુ ભયવાળો, ધનનો નાશ ને નિરૂત્સાહી કરે. રાહુની - સર્વ રીતે ક્લેશ, ભય, રોગ, ધનનો નાશ ને ઉપદ્રવ કરે છે.

## શનિની મહાદશામાં અંતર્દશાઓનું ફળ

શનિમાં શનિ - ક્લેશ ને પીડાથી દુ:ખી, અદેખાઈને ગર્વ કરવાથી બહુ દિલગીર, રાજા ને ચોરોથી ધન તથા અનાજનો નાશ. બીજા માણસો પોતાની સાથે વિરોધ કરે. રાજાના માણસોથી દુ:ખી, ચાકર ને વૃદ્ધ સ્ત્રીની પ્રાપ્તિ, પશુઓને ને ઝેરના ભયવાળો, દુ:ખી સ્ત્રીને છોકરાંવાળો, તાવ, વાયુ, કફ ને શૂળનો રોગી કરે. બુધની - સુખ, ધન ને યશનો વધારો,

સત્કર્મ કરનાર, આચારવાળો, સંપત્તિવાળો, ખેતીવાડીને વેપાર કરનાર. કેતુની - વાયુને પિત્તનો રોગી, નીચ ને દુર્જનો સાથે ક્લેશ કરનાર, ને ખરાબ સ્વપ્નોથી ભયવાળો. શુક્રની - સગાંવહાલાંઓનો સ્નેહ, લોકોની પ્રીતિ, સ્ત્રીઓથી ધન ને મિલકતવાળો, ખેતીવાડીને બીજા એવા ધંધાઓથી સુખી થાય. સૂર્યની - બૈરી, છોકરાંનો નાશ રાજાને ચોરોથી પીડા, ને મનમાં ભય કરે. ચંદ્રની - ગુરુની બૈરીનું મરણ, દુઃખ, સગાં વહાલાંઓનો અણગમો, ધનની આવક, ને વાયુનો રોગી કરે. મંગળની - જમીનનો નાશ, મહારોગ, ઘણા પ્રકારનો મનમાં ભય, ભાઈઓને મિત્રોથી પીડા કરે. રાહુની - આખા શરીરમાં રોગ, સંતાપ, ચોરો, શત્રુઓ, ને રાજાઓથી બહુ જ ખરાબી, ને પૈસાનો નાશ કરે. ગુરુની દેવને બ્રાહ્મણોને પૂજનારો, રાજ્ય પ્રીતિ, બહુ સુખ, ને હોદ્દાઓવાળો.

## બુધની મહાદશામાં અંતર્દશાઓનું ફળ

બુધમાં બુધની - સુંદર ઘર ને ધનવાળો, બ્રાહ્મણો, ને સગા વહાલાંઓથી પૈસો મળે, ને દરેક કામમાં ફત્તેહ કરે. કેતુની-સગાંઓથી પીડા, મનમાં સંતાપ ને સુખનો નાશ, દુશ્મનોથી બીક રહે ને દરેક કામધંધામાં નુકશાની કરે. શુક્રની - ગુરુ, દેવ, અગ્નિને બ્રાહ્મણોને દાન આપનાર, ધનમાં પ્રીતિ રાખનાર, તપ કરનાર, તેમજ ધન વસ્ત્રો ને દાગીના વાવો કરે, સૂર્યની - વસ્ત્રો, દાગીનાઓ ને ધનવાળો, રાજાની પ્રીતિવાળો, બહુ સુખી, તે ધર્મનાં ભાષણ સાંભળનાર કરે. ચંદ્રની - રોગી, શત્રુઓથી અદેખાઈ માતો, દરેક કામનો નાશ, ને ઢોરથી ભય કરે. મંગળની રોગ ને સ્ત્રીઓના ભયનો નાશ, પુણ્ય કર્મોથી યશવાળો, ને રાજ્યની પ્રીતિવાળો. રાહુની - મિત્રો ને સગાંવહાલાંથી ધન મેળવનાર, સુખ, વિદ્યા, દાગીના કે રાજ્ય પ્રીતિવાળો. ગુરુની - દોસ્તો, સગાંવહાલાંઓ ને ગુરુથી ધિક્કાર પામનાર, ધન ને છોકરાંઓનો વધારો, ને રોગના ભયવાળો, શનિની ધર્મ, સારાં કામ ને પૈસાનો વધારો, નાના નાના ઉમરાવોથી સુખી, ને ખેતીવાડી વિગેરેનો નાશ કરે છે.

## કેતુની મહાદશામાં અંતર્દશાઓનું ફળ

કેતુમાં કેતુ - સ્ત્રીઓ ને છોકરાનું મરણ, ને ધનનો નાશ ને શત્રુથી

ભય. શુક્રની - સ્ત્રી પુત્રના રોગથી ક્લેશી, બંધુઓ ને મિત્રોનો નાશ, તાવ ને સંગ્રહણીનો રોગી. સૂર્યની - ઈચ્છાનો ભંગ, શરીરે દુઃખ, પરદેશ જવું, ભય ને દરેક કામમાં વિરોધ કરે. ચંદ્રની સ્ત્રી પુત્રો ને નોકરોનો નાશ, આળસુ, ધન ને અનાજનો નાશ, ને મનમાં સંતાપ કરે. મંગળની પોતાના છોકરાઓ, સ્ત્રીને નાના, ભાઈઓથી ધિક્કાર પામનાર, રોગ, શત્રુ ને રાજાઓથી પીડા, ને સગાંવહાલાનું મરણ કરે. રાહુની રાજા ને ચોરોથી ભય, દુઃખ, દરેક કામનો નાશ ને ખરાબ માણસ સાથે વિવાદ કરનાર. ગુરુની - દેવ બ્રાહ્મણ ને ગુરુની પ્રીતિ, રાજાઓથી સ્નેહ, રોગ વિનાનો, જમીન ને છોકરાંવાળો. શનિની-મનમાં ભય, સંતાપ, પોતાના ભાઈઓને સગાંવહાલાંઓ સાથે કજીઓ કરનાર, ને દેશનો ત્યાગ કરનાર કરે. બુધની - સગાવહાલાંને દોસ્તોનો મેળાપ, પુત્ર ને સ્ત્રી તરફથી ધનની આવક, ને વિદ્યાર્થી સુખી કરે છે.

## શુક્રની મહાદશામાં અંતર્દશાઓનું ફળ

શુક્રમાં શુક્રની - સુવાના છત્ર પલંગો, બૈરી, ધન, સારાં કપડાં વગેરેનું સુખ ભોગવનાર, ધર્મ સુખ સંતાપવાળો, શત્રુનો નાશ ને કીર્તિનો લાભ કરે. સૂર્યની - માથાનો, પેટનો, અથવા આંખોનો રોગી, ખેતીવાડી, ઢોરાં ને ધનનો નાશ ને રાજાનો ક્રોધ થાય. ચંદ્રની - નખ ને હાડકાંથી થયેલી માથાની પીડા, ને કમળો વગેરે રોગ ને શરીરમાં ક્લેશ વગેરે કરે. મંગળની - પિત્ત લોહીને આંખોનો રોગી, બહુ આનંદી, ધનની આવકવાળો, ને સ્ત્રી જમીનના લાભવાળો કરે છે. રાહુની કાળી વસ્તુથી ધનનો લાભ ને બંધુઓ સાથે ક્લેશવાળો, મિત્રોથી ભય ને અગ્નિથી નુક્સાન કરે. ગુરુની - ધન, વસ્ત્ર, ઘરેણાંવાળો, મિત્રોથી ભય ને અગ્નિથી નુક્શાન કરે. ગુરુની - ધન, વસ્ત્ર, ઘરેણાંવાળો, ધર્મ પ્રમાણે વર્તનાર, સુખી, રોગી સ્ત્રી ને રોગી છોકરાંવાળો, અથવા ઘરમાં ક્લેશ કરનાર. શનિની ઘરડી સ્ત્રીઓ ભોગવનાર, ઘર, જમીન ને ધનની આવક થાય. ને શત્રુનો નાશ કરે. બુધની - છોકરાં ને મિત્રથી સારું સુખ, ધનવાન, રાજા સાથે પ્રીતિવાળો, બહુ સુખી, ને નિરોગી કરે. કેતુની - ક્લેશ, સગાં સ્નેહીઓમાં મરણ, શત્રુથી પીડા ને મનમાં ભય કરે છે.

## મંગલાદિ યોગિની મહાદશાઓનું ફળ

મંગલાનું ફળ : સારો ધર્મ, બ્રાહ્મણ, દેવ, ને ગાયોમાં માનતા ઉત્સાહ (ભક્તિ)ને વધારનાર, નાના ભોગ, યશ, પૈસા, રાજાથી સન્માન, હાથીને સુંદર પુત્રો આપનાર, સારા અલંકાર, કપડાં ને સ્ત્રીનું સુખ, જ્ઞાન ને આનંદ આપનારી દશા જાણવી.

પિંગલાનું ફળ : હૃદયરોગ, શોક, અનેક રોગ, ખરાબ સોબત, શરીરને મનની પીડાં, શત્રુપીડા, કાળું શરીર, તાવ, પિત્ત ને શૂળનો રોગ, મલિનતા, સ્ત્રી, પુત્ર, નોકરથી, મળેલા માનનો નાશ, ધનનો ખર્ચને દયાનો નાશ કરનારી દશા જાણવી.

ધાન્યાનું ફળ : ધનની આવક, સુખ, વ્યાપાર, ને ભોગનું સુખ, માનનો વધારો, શત્રુઓનો નાશ, સુખ, વિદ્યા વડે રાજાના માણસોથી સન્માન જ્ઞાનના અંકુરને વધારનાર, સારાં તીર્થ, દેવતા ને સિદ્ધલોકની સેવામાં પ્રીતિ તેમ ભાગ્યને વધારનારી દશા જાણવી.

ભ્રામરીકાનું ફળ : કિલ્લા, વન, રાજા, ઝાડી, બાગને તથા વગેરેથી દુઃખ, દૂરથી દૂર મૃગલાની માફક તૃષ્ણાથી ભમાવનારી દશા જાણવી.

રાજકુળમાં જન્મ્યો હોય, પણ આ દશામાં પોતાના રાજ્યને છોડી ભિક્ષુકની માફક દુર્બળ અવસ્થામાં ભમે છે.

ભદ્રિકાનું ફળ : પોતાના માણસો બ્રાહ્મણો ને દેવતાઓની અગ્નિ, મિત્રથી સન્માન, ઘરમાં માંગલિક કાર્ય શ્રેષ્ઠ વ્યાપારમાં લાગેલું માન, રાજ્ય, સુંદરગાલ, હાર, તિલક વગેરેથી શોભા, સાત અપ્સરાઓ જેવી સ્ત્રીઓથી ભોગ ક્રીડાનું સુખ ને આનંદ થાય.

ઉલ્કાનું ફળ : માન, પૈસો, ગાય, વાહન, વેપાર, કપડાં વગેરેનો નાશ, હંમેશાં રાજાથી ક્લેશ, નોકર, પુત્ર ને સ્ત્રીથી શત્રુતા કરાવે, શાંતિનો નાશ, હૃદય, આંખો, પેટ, કાન ને પગમાં રોગ અને શરીરે રોગ કરનારી દશા જાણવી.

સિદ્ધાનું ફળ : કાર્યની સિદ્ધિ, સુંદર ભોગ, માન ને પૈસો, વિદ્યા, રાજાનો માણસ, પ્રતાપ, ધનને સારા ધર્મની પ્રાપ્તિ કરાવનારી, વ્યાપાર,

કપડાં, અલંકાર વગેરે અને વિવાહનાં માંગલિક કાર્ય સારી સોબત ને પુણ્યથી રાજ્ય વૈભવ આપનારી દશા જાણવી.

<u>સંકટાનું ફળ :</u> રાજ્યથી ભ્રષ્ટ, શહેર, નગર, ગામ ને સભા વગેરેમાં અગ્નિથી બળવું, તૃષ્ણા રોગ, ધાતુનો ક્ષય, પુત્ર સ્ત્રીનો વિયોગ, મોહ શત્રુથી ભય, શરીરે દુર્બળતા, વિરોધ ને મરણમાં પણ સંકટ આપનારી દશા જાણવી.

## યોગિની અંતર્દશાઓનું ફળ (માનસાગરી પદ્ધતિ)
## મંગલા મહાદશામાં અંતર્દશાઓનું ફળ

મંગળાની મહાદશામાં મંગળાની અંતર્દશા હોય તો, મિત્ર, પુત્ર, સ્ત્રી તથા શરીરે સુખ, ધન આપે, ને સારાં માંગલિક કામો થાય, પિંગલાની, કુટુંબમાં ક્લેશ, મનમાં ચિંતા ને ઘણી પીડા થાય, ધાન્યાની હાથી, ઘોડા, ગાય ને ધન મળે, પુત્ર મિત્રથી સુખ ને ઘણી પ્રકારના વિલાસ ભોગવે, ભ્રામરિકાની સ્ત્રી મિત્રથી ક્લેશ, હંમેશાં પરદેશ રહેવું, ધનનો નાશ, ને રાજાથી દુઃખ થાય. ભદ્રિકાની, ધન ધાન્યનો લાભ, પુત્ર, સ્ત્રી ને પોતાના માણસોની પ્રીતિ, હરખ ને સારી બુદ્ધિ થાય, ઉલ્કાની ધન, કીર્તિ ને પુત્રથી ઉદ્વેગ, સ્ત્રી, મિત્ર, પશુ ને રાજાથી દુઃખ, સિદ્ધાની, પુત્ર, ધન ને સ્ત્રીથી વિલાસ, ઘણા પ્રકારનાં સુખ, બંધુને મિત્રોનો સમાગમ થાય, ને સંકટાની પાણી, અગ્નિ, ચોર ને રાજાથી દુઃખ, ક્લેશનો વધારો ને મરણ સરખું કષ્ટ થાય છે.

## પિંગલા મહાદશામાં અંતર્દશાઓનું ફળ

પિંગલામાં પિંગલાની, રોગ, શોક, વ્યસન, દુઃખ, મનમાં ઉદ્વેગ, સંતાપ, ક્લેશ ને ચિત્તનું ભમવું થાય, ધાન્યાની, ધન, ક્ષમા, સારા ભોગ વિલાસને પુત્ર, સ્ત્રી વગેરેનું સુખ થાય, ભ્રામરીની, પણગામ, દેશ ને શહેરના લોકોનો ત્યાગ ધનનો નાશ ને કુટુંબમાં ક્લેશ થાય ભદ્રિકાની, કલ્યામ, સ્થાનના બદલાથી કીર્તિ, પુત્ર લાભ ને વેપારથી ધનનો લાભ થાય, ઉલ્કાની ભાઈઓથી છૂટાં પડવું, રાજા ને ચોરથી ભય ને માણસોનું દુઃખ, સિદ્ધાની, મંત્ર યંત્રોની સિદ્ધિ, ધન ધાન્યનો લાભ, ખાંસી શ્વાસ ને પ્રમેહ ને બીજા રોગ થાય, સંકટાની, ધનની હાનિ, ખરાબ વ્યાધિ, શત્રુથી વિરોધ

ને રાજાથી ભય થાય, ને મંગલાની ઘણા પ્રકારની વ્યાધિ, શોક, મોહ, ભયને દુઃખ થાય છે.

## ધાન્ય યા મહાદશામા અંતર્દશાઓનું ફળ

ધાન્યામાં ધાન્યાની, જમીન, ગામ ને ધન ધાન્યનો લાભ, રાજા પોતાના માણસો, સ્ત્રીને પુત્રનું સુખ મળે, ભ્રામરીની પરદેશ ભમવું, ક્લેશ, નુક્સાન, સ્થાન બદલીથી લાભ, ને પોતાના માણસોથી વિરોધ થાય, ભદ્રિકાની, સૌભાગ્ય, મિત્રથી સુખ, પ્રધાન કે અધિકારી, વાહન વસ્ત્ર ને જમીનનો લાભ થાય, ઉલ્કાની, ઘણું દુઃખ, કષ્ટ ને ઉત્પન્ન થાય. છાતી ને કહેડમાં શૂળ જેવાં દુઃખ, ને ધનનો નાશ થાય, સિદ્ધાની પુત્ર, મિત્ર, ઉત્સાહ ને વિદ્વાન માણસોથી ઘણા ભોગવિલાસ મળે, સંકટાની, બંધન, ધનનો નાશ ને પરદેશ જવું થાય, મંગલાની નીતિ વ્યાપારને રાજાથી માન ને ઉત્સાહ થાય, પિંગલાની ઘણા પ્રકારે પોતાના હાથથી પૃથ્વીને ધન મેળવનાર, ઉત્સાહી, રાજાથી ભય, માથાનો રોગ ને શૂળથી પીડા થાય છે.

## ભ્રામરી મહાદશામાં અંતર્દશાઓનું ફળ

ભ્રામરીમાં ભ્રામરીની, ચિત્તનું ભમવું, મોહ ને ઝેરથી પીડા, પોતાના ઘરમાં કે કુટુંબમાં શત્રુ થાય, ખરાબ માણસથી ને પાણીથી ભય, ભદ્રિકાની, પરદેશ જવું. મિત્ર ને વિદ્યાનો લાભ, ને રાજાથી માન મળે, ઉલ્કાની તાવ ને શૂળના રોગથી દુઃખી, ધન, પુત્ર, સ્ત્રી ને શરીરે દુઃખનો નાશ થાય, સિદ્ધાની, કામની સિદ્ધિ, વિવેકને વિદ્યાનો ભંડાર, થાય, રોગ ને દુઃખનો નાશ થાય, સંકટાની મરણ, ક્લેશ, શોક, મોહન, રાગને રાજા તથા ચોરોમાં પ્રસિદ્ધ થાય, મંગલાની ઘણા ભોગ વિલાસથી થાય, રાજાની સેવા, વધારે પુષ્ટિ ને માંગલીક કામો થાય, પિંગલાની, ગુંદા, પગ, ને મુખમાં રોગ, હાથી, ઘોડા, ભેંસ, વાઘનો ને ઘા થવાનો થાય, ને ધાન્યાની, ધન ને વાહનનો ભોગ મળે, રાજાથી પ્રીતિ ને ભીલ લોકો સાથે વેર થાય છે.

## ભદ્રિકા મહાદશામાં અંતર્દશાઓનું ફળ

ભદ્રિકામાં ભદ્રિકાની, યશ, સુખની વૃદ્ધિ, વ્યસનને દુઃખનો નાશ, ને ધર્મમાં વિઘ્નો થાય, ઉલ્કાની, વિવાહ ને રોગ થાય, સ્થાનને ધનનો

નાશ, ને ક્લેશ થાય, સિદ્ધાની, દેવ બ્રાહ્મણને પૂજનાર, પુત્ર, મિત્ર, સ્ત્રી શરીર, ઘર ને ગામના માણસોથી આનંદ રહે, સંકટાની, સંકટ, દુઃખ, મોહ, શોક, વ્યસન, ચિત્તનું ભમવું, પરદેશ જવાનુંને દુઃખ થાય, મંગલાની, સારું માન, ધન, જમીન, કીર્તિ, વેપારને પુત્રથી સુખને પિતૃવંશનો વધારો થાય, પિંગલાની, પિત્તરોગ થાય, ખેતી, વેપાર, જમીનને વૃદ્ધ માણસોના આશ્રયથી ઘણાં સુખ ભોગવે, કન્યાની, જમીન, ઘરને કીર્તિનો વધારો, સ્ત્રી પુત્રનું સુખ થાય, ને ભામરીની, લોહી, અગ્નિ, યમથી ભય, ઘર, ખેતર વિગેરેના સુખવાળો શત્રુનો નાશ ને પોતાના કુટુંબનું સુખ મળે છે.

## ઉલ્કા મહાદશામાં અંતર્દશાઓનું ફળ

ઉલ્કામાં ઉલ્કાની, શત્રુઓ સાથે સાહસ કરવાથી ધનનો નાશ, ઘેરું દુઃખને રાજ્ય તરફથી હોદ્દો નાશ થવાનો ભય થાય, સિદ્ધાની, પોતાનું ફળ નહિ આપતાં બીજીનું એટલે ઉલ્કાનું ફળ આપશે ને પરદેશ થવાનું થાય, સંકટાની, મરણ સમાન દુઃખ, સ્ત્રી, પુત્ર, નોકરને કુળનો નાશ થાય, મંગલાની, મોહ, ધન, મિત્ર, વિવેકને સ્ત્રીનું સુખ, ને હીતતાનો નાશ થાય, પિંગલાની, કોડ (કોઢ) ગરદન ને માથાના રોગથી દુઃખી ને પૃથ્વી પર ભમવાનું થાય, ધાન્યાની, લાભ ને સુખનો નાશ, વાયુ ને કફની વ્યાધિ, સ્ત્રી, પુત્ર ને કુટુંબમાં ક્લેશ થાય, ને ભદ્રિકાની સુખ ને દ્રવ્યનો લાભ થાય, ઘરેણાંને વસ્ત્રની હાનિ, કુળ ને મિત્રથી સુખ મળે છે.

## સિદ્ધા મહાદશામાં અંતર્દશાઓનું ફળ

સિદ્ધામાં સિદ્ધાની, દ્રવ્ય મળે, કુટુંબમાં સુખ, વૈભવ ને મિત્રનું સુખ મળે, સંકટાની, બંધન, ચોર ને રાજાથી ધન નાશ, મોટો ભયને દેશનો ત્યાગ થાય, મંગલાની ભોગ વિલાસ, કુટુંબમાં સુખ, રાજાથી ધન મળે. ને ઘણા પ્રકારની સિદ્ધિ થાય, પિંગલાની, માન નાશ, ક્રોધ, અગ્નિથી બળવું, કુટુંબમાં વેર, ને પારકા તરફથી દ્રવ્ય મળે, ધાન્યાની, પૂર્વના પુણ્યનું ફળ મળે, ને મનની ધારેલી સંપૂર્ણ ઈચ્છાની સિદ્ધિ થાય. ભ્રામરીકાની વ્યસન, પોતાના સ્થાનનો ત્યાગ, ને રાજાના કુળથી ભાવ થાય, ભદ્રિકાની, સારાં કામ, ભોગવિલાસ, વિદ્યા, સુખ, સારા ગુણને દરેક કામની સિદ્ધિ

થાય, ને ઉલ્કાની, ધન ધાન્યનો નાશ, ક્લેશ, શોક, વ્યસન, ગુદાનો રોગ ને મોહ થાય છે.

## સંકટા મહાદશામાં અંતર્દશાઓનું ફળ

સંકટામાં સંકટાની, મરણ, રાજકુટુંબથી હાનિ, દેશનો ત્યાગને ધનનો નાશ થાય, મંગલાની, માથાનો રોગ, વ્યાધિ, વ્યસન, ઘણા પ્રકારના રોગ, દુ:ખને સ્ત્રીથી કષ્ટ થાય, પિંગલાની, અકસ્માત ધનનો નાશ, પુત્રથી શોક, શત્રુથી ભય, ને પોતાના માણસોથી વિયોગ થાય, ધાન્યાની, ગુદ્રમ (ગોળાના) રોગથી પેટમાં દુ:ખ, કુટુંબમાં આગેવાનને પોતાના દેશના લોકોમાં કીર્તિવાળો થાય, ભ્રામરીકાની, પરદેશ રખડવું, દેશ, ગામ, પુર ને દ્વારનો ત્યાગ, રાજ્ય કે હોદ્દાનો નાશ ને શત્રુથી ભ્રમ થાય, ભદ્રિકાની વિદ્યા, ઘણા પ્રકારનાં ઘરેણાં ને વસ્ત્ર, સારો યશ ને બીજા માણસોથી વિરોધ થાય, ઉલ્કાની, ધનનો નાશ, ને ગામનો ત્યાગ મરણ સમાન દુ:ખ થાય, ને પશુ ને કુટુંબથી ક્લેશ થાય ને સિદ્ધાની ઘણા ઉત્સાહ, સુખ, પુત્રથી લાભ ને મનમાં આનંદ થાય છે.



# ૭૫, સામુદ્રિક શાસ્ત્ર

## યુગલિકાઓનું વર્ણન

દેવકુરુ તથા ઉત્તરકુરુ ક્ષેત્રના યુગલિયા સંબંધી લખ્યું છે કે :"દેવકુરુ તથા ઉત્તરકુરુ ક્ષેત્રમાં યુગલિયા વનમાં વિચરે છે, પગે ચાલે છે, તેઓ ભોગમાં શ્રેષ્ઠ હોય છે. ભોગના લક્ષણને ધરનારા હોય છે, તેમનાં રૂપ વર્ણન કરવા યોગ્ય અને ચંદ્રની જેમ જોવા યોગ્ય હોય છે, તેઓ સર્વ અંગે સુંદર હોય છે."

આ યુગલિયા (સ્ત્રીઓ અને પુરુષો) આદ્ય સંહનન તથા આદ્ય સંસ્થાનવાળા હોય છે. તેમનાં અંગોપાંગ રૂપાળા હોય છે. તેમનાં શ્વાસમાં કમળ જેવી સુગંધ હોય છે. તેમનાં ગુહ્ય ભાગ ઉત્તમ અશ્વનાં ગુહ્યાંગની જેમ ગુપ્ત હોય છે. તેમનાં ક્રોધાદિક કષાય પાતળા હોય છે. મણિ મૌક્તિકાદિક પદાર્થો તથા હાથી, ઘોડા વગેરેના અપાર ઉપભોગના સાધન હોવા છતાં તેઓ તેનાથી પરાઙ્મુખ હોય છે. રોગ ગ્રહ, ભૂત, મારી અને વ્યસનથી દૂર હોય છે. તેમનામાં સ્વામી-સેવકભાવ ન હોવાથી તેઓ બધા અહમિંદ્ર હોય છે. તે ક્ષેત્રમાં વાવ્યા સિવાય સ્વભાવે જ જાતિવંત ધાન્ય પુષ્કળ થાય છે, પણ તે તેમના ભોગમાં આવતા નથી. તે ક્ષેત્રમાં પૃથ્વી સાકરથી પણ અનંતગણી માધુર્યવાળી હોય છે. તેઓ કલ્પવૃક્ષના પુષ્પફળનું આસ્વાદન કરે છે. આ ફળ ચક્રવર્તીના ભોજનથી પણ અત્યંત સ્વાદુ અને મધુર હોય છે.

કલ્પવૃક્ષથી તેમને ખાન-પાન વગેરે દસ વાના પ્રાપ્ત થાય છે. તેની નીચે જ તેઓ રહે છે. ત્યાં ડાંસ, મચ્છર, માખી, માંકડ વગેરેનો ઉપદ્રવ થતો નથી. વાઘ, સિંહાદિ હિંસક પશુઓ ત્યાં **હિસ્ય-હિંસક** ભાવે વર્તતા નથી. તે ક્ષેત્રમાં ઘોડા, હાથી વગેરે ચોપગાં પ્રાણી. ઘો વગેરે ભુજપરિસર્પ, સર્પ વગેરે ઉપરિસર્પ તથા ચકોર, હંસ વગેરે પક્ષીઓ બધા યુગલિયા રૂપે જ થાય છે. આ બધા યુગલિયાઓ મરણ પામીને પોતાના આયુષ્ય જેટલા આયુષ્યવાળા અથવા ઓછા આયુષ્યવાળા દેવતા થાય છે. અધિક આયુષ્યવાળા દેવ તરીકે ઉત્પન્ન

નથી થતા.

## અવસર્પિણીના યુગલિયાનાં આરા પ્રમાણે શરિર આયુષ્યાદિ દર્શાવતું કોષ્ટક.

| આરો | આરાપ્રમાણ | શરીર | આયુષ્ય | પાંસળીઓ | આહાર | સતની પાલન |
|---|---|---|---|---|---|---|
| પહેલો | ૪ કોકાકોડી સાગરોપમ | ૩ ગાઉનું | ૩ પલ્યોપંમ | ૨૫૬ | ૩ દિવસના આંતરે તુવેર જેટલો | ૪૯ દિવસ |
| બીજો | ૩ કોડાકોડી સાગરોપમ | ૨ ગાઉનું | ૨ પલ્યોપમ | ૧૨૮ | ૨ દિવસના આંતરે બોર જેટલો | ૬૪ દિવસ |
| ત્રીજો | ૨ કોડાકોડી સાગરોપમ | ૧ ગાઉનું | ૧ પલ્યોપમ | ૬૪ | એકાંતરે આમળા જેટલો | ૮૧ દિવસ |

## (સામુદ્રિકશાસ્ત્ર) ચિહ્નોનું ફળ

- કેટલાક માણસોને શરીર ઉપર તલ, મસો અને લાખા જેવા કેટલાક ચિહ્નો હોય છે. હવે આપણે તેનું ફળ જોઈએ.
- તલ મસા, લાખુ, સારા આકારનું હોય તો તે માણસને સારું ફળ આપે.
- તલ મસા, કે લાખુનો આકાર કદરૂપો કે ખંડન થયેલો હોય તો માણસને સારું ફળ આપતા નથી.
- કોઈ માણસને માથા ઉપર તલ, મસા કે લાખાનું નિશાન હોય તો તે માણસને દરેક જગ્યાએ ઈજ્જત આબરૂ અને ધનમાં ફાયદો થાય છે. એમ માનવમાં આવે છે.
- કોઈ માણસના કપાળની જમણી તરફ તલ હોય તો સારૂ ફળ આપે અને ડાબી તરફ હોય તો થોડું ફળ આપે.
- કોઈ માણસના કપાળ ઉપર ડાબી કે જમણી બાજું તલ હોય તો વધારે

કે ઓછું ફળ આપે. પરંતુ ફળ ન આપે એવું બનતું નથી.

- કોઈ માણસની ભ્રમર ઉપર તલ હોય તો પરદેશ ગમન થાય અને ત્યાં સારો લાભ થાય.
- આંખ ઉપર તલ હોય તો અધિકારી થાય.
- કોઈ માણસના મોઢા ઉપર તલ હોય તો ધન તથા ઐશ્વર્ય મળે.
- કોઈ પણ પુરુષના ગાલ ઉપર તલ હોય તેને સુંદર સ્ત્રી મળે.
- કોઈ માણસના ઉપલા હોઠ ઉપર તલ હોય તો ધનનો લાભ થાય, અને પોતાના બોલની બીજા ઉપર અસર પાડે.
- કોઈ માણસના નીચલા હોઠ ઉપર તલહોય તો તે માણસ ખૂબ કંજૂસ બને
- કોઈ માણસના કાંન ઉપર તલ હોય તો તે માણસ ઘરેણાનો શોખીન થાય.
- કોઈ માણસને ગળા ઉપર કે ડોક ઉપર તલ હોય તો તે એશો આરામી બને અને સ્ત્રી તરફથી વારસો મળે તથા આવરદા લાંબી થાય.
- કોઈ પુરુષને જમણી છાતી ઉપર તલ હોય તો સ્ત્રી તરફથી ફાયદો થાય. ધારેલી ઈચ્છા પૂર્ણ થાય.
- કોઈ માણસને ડાબી છાતી ઉપર તલ હોય તો સ્ત્રી તરફથી થોડો ઘણો ફાયદો અને ધારેલી ઈચ્છા થોડી પૂર્ણ થાય.
- કોઈ માણસને જમણા હાથ ઉપર તલ હોય તો પોતાની હાથે કમાણીનો રોટલો ખાવા પડે.
- કોઈ માણસને ડાબા હાથ પર તલ હોય તો લાભ થાય છે. એમ માનવામાં આવે છે.
- જમણા ખભા ઉપર કોઈ માણસને તલ હોય તો ખૂબ ભણશે એમ

મનાય છે.

- કોઈ માણસને જાંગ ઉપર તલ હોય તો તે માણસ ઘોડેસવાર અથવા લડાઈમાં વિજય મેળવનાર થાય.
- કોઈ માણસને પગે તલ હોય તો પરદેશ મુસાફરી કરાવે તથા ત્યાં ખૂબ લાભ કરાવે.
- આ બધા તલ જમણી તરફ હોય તો વધુ ફળ આપે જ્યારેડાબી તરફ ઓછું ફળ આપે. પરંતુ નિષ્ફળ નથી જતા.
- કોઈના સ્ત્રીના ડાબા અંગ ઉપર તલ, મસા, અથવા લાખુ હોય તો તે સારુ ફળ આપે.
- કોઈ પણ સ્ત્રીના કપાળ ઉપર તલ હોય તો પતિ ધન તથા ઐશ્વર્યવાળો મળે.
- કોઈ પણ સ્ત્રીની આંખ ઉપર તલ હોય તો પતિ પૂરેપૂરો પ્રેમ તેની સાથે કરે.
- કોઈ પણ સ્ત્રીના ગાલ ઉપર તલ હોય તો તે સ્ત્રી એશઆરામી તથા રાજાશાહી સુખ ભોગવનારી બને.
- કોઈ પણ સ્ત્રીની છાતી ઉપર તલ હોય તો તે પુત્રની જ માતા બને છે.
- કોઈ પણ સ્ત્રીના કાન ઉપર તલ હોય તો તે ઘરેણાં તથા ઝવેરાત પહેરવાની શોખીન બને.
- કોઈ પણ સ્ત્રીના ગળા ઉપર તલ હોય તો તે ઘરનો વહીવટ જાળવી રાખનારી તથા બીજા પાસે કામ કરાવનારી બને.
- જે સ્ત્રીને હાથ પર તલ હોય તે ખૂબ સુખ ભોગવનારી બને એમ કેટલાક માને છે.
- સ્ત્રીને સાથળ ઉપર તલ હોય તો તે સ્ત્રીની નોકર-ચાકર તથા દાસ-

દાસીઓ ખૂબ જ સેવા કરતા હોય છે.

- કોઈ પણ સ્ત્રીના પગ ઉપર તલ હોય તો તેને પરદેશની મુસાફરી થાય.

- જેના નખના રંગ અંત્યંત સુંદર ગુલાબ જેવા હોય, તે માણસ હંમેશાં અભંગ રીતે રાજયને ભોગવી શકે છે, તથા જેના નખો ત્રાંબાના રંગ સરખા હોય છે, તે અત્યંત ધનવાન થાય છે, તથા તેનામાં ઘણા ગુણો આવીને નિવાસ કરે છે.

- જેના હાથમાં નવ ચક્રો હોય, તે મોટો રાજા થાય, તથા દશ ચક્રો હોય, તે સિદ્ધ થાય, દશ ભમરા હોય, તે ભોગી અને ધનવાન થાય તથા તે મહાદાનેશ્વરી થાય.

- વળી વચલી તથા ટચલી આંગળીમાં ભમરો હોય, તો તે ઉત્તમ જાણવો, અને તર્જનીમાં જે ચક્ર હોય, તો પણ તે ઉત્તમ જાણવું.

- જેના પગ પહોળા હોય, તથા આંગળીઓ ઘાટી હોય, તથા સુંદર કાચબાના આકાર સરખી હોય, તથા તે પરના નખો અત્યંત સુંદર લાલ રંગના હોય, તે માણસને ઉત્તમ લક્ષણવાળો જાણવો.

- જે માણસની બન્ને પગની તર્જની આંગળીને અંગૂઠાથી વધી ગયેલી હોય, તેને ઘણી સ્ત્રીઓથી સુખ મળે.

- વળી અંગૂઠાથી જો અનામિકા મોટી હોય, તો તેને વિદ્યા ઘણી મળે, તથા તે મહાભોગી થાય, અને વળી અત્યંત સુખને મેળવે.

- જેની વચલી આંગળી અંગૂઠાથી વધી ગયેલી હોય, તેને કોઈ પણ સ્ત્રી ન હોય.

- જેની અનામિકા નાની હોય, તે માણસ લંપટ હોય, તથા જો જાડી હોય, તો તે માણસ પુરુષના સંગને ઈચ્છે છે.

- જો પગની સઘળી આંગળીઓ નાની હોય, તો તે જોકે રાજાને ઘરે જન્મયો હોય, તો પણ તેને દાસોનું કાર્ય કરવું પડે છે.

- જેના પગની આંગળીઓ સરળ, ઘાટી લાંબી તથા મનોહર આકારની

હોય, તેને ઉત્તમ લક્ષણવાળો જાણવો, તથા તેને ઘેર સઘળી સંપદાઓનો નિવાસ થાય.

- વળી પગની નીચે જો એક અથવા બે થર હોય, તો ઉત્તમ જાણવા, અને તેથી બાળપણમાં તેને પારણું મળે છે, તથા પછી તેને બેસવા માટે પાલખી મળે છે.
- જેના પગનાનખ છેડેથી વાંકા હોય, તે માણસ કામભોગનાં સુખથી રહિત હોય, દુષ્ટ આચરણવાળો, અપજશવાળો, તથા અતિ કઠોર હોય છે.
- વળી જેના નખ વાંકા, ફાટેલા તથા જાડા હોય, તે બહુ જ દરિદ્ર હોય, અને તેનું દરિદ્રીપણું કદી પણ મટે નહીં; તથા જેના નખો લીલા રંગના હોય, તે દુષ્ટ પાપકાર્યોમાં જ આસક્ત હોય છે.
- જેના અંગૂઠોના મૂળમાં જવની શ્રેણિ (પંકિત) હોય, તેને સમસ્ત જગત પોતાનો સ્વામી કરી માને, તથા તે અત્યંત સુખસંપદા મેળવી શકે.

## જંઘાના લાંછનોનું સ્વરૂપ

- જેની જંઘાઓ ભેંસ જેવી હોય, તેને મૂઢ જાણવો, તથા જેની જંઘાઓ ગધેડા સરખી હોય, તેને પણ દુષ્ટ જાણવો, તથા જેની જંઘાવિષય કાગડા સરખી હોય, તે રાજા થાય, એમ સામુદ્રિક શાસ્ત્ર કહે છે.
- જેની જંઘાઓ ઘોડા સરખી હોય છે. તે માણસ અત્યંત ધનવાન થાય છે, તથા જેની જંઘાઓ હરિણ સરખી હોય છે, તે મોટો રાજા થાય છે, તથા જેની જંઘાઓ જાડી હોય છે, તે બળવાન હોય છે, તથા તેને અકાળે પરદેશ જવું પડે છે.
- જેની જંઘાઓ સિંહવાઘ જેવી હોય છે, તે માણસના સંગને ધન, કીર્તિ અને સુખ તજતાં નથી તથા જેની જંઘાઓ રોમ વિનાની હોય છે, તે માણસ જન્મથી જ દરિદ્ર હોય છે.
- જેની જંઘાઓ બિલાડી જેવી હોય, તેને ઘેર કંઈ પણ સંપદા હોય નહિ; વળી જેની જંઘાઓ મત્સ્યના આકાર સરખી હોય, તે લક્ષ્મીના સ્થાનરૂપ હોય, તથા જેની જંઘા ઊંટ સરખી હોય, તે ભોગોથી નિરાશ થાય છે.

## રોમનું લક્ષણ

જો એક રોમ હોય, તો તે રાજ્યરોમ ભોગવે છે. તથા બે રોમ હોય તો ઘણું ધન મેળવે છે, ત્રણ રોમ હોય તો બહુ જ વિદ્વાન થાય, તથા ઘણાં રોમ હોય, તો દરિદ્ર થાય.

## ગતિનું લક્ષણ

- જેની જંઘાઓ લાંબી હોયતે, ઉત્તાવલ ગતિવાળો હોય છે. તેને રાજા સરખો જાણવો; તથા જેની સિંહ સરખી જંઘા હોય અને ઉતાવળી ગતિએ ચાલતો હોય, તે ધનવાન તથા રાજા થાય, તથા તેની કીર્તિ જગતમાં ફેલાય, અને સહુ કોઈ તેની ચાહના રાખે. જેની ગતિ વાંદરા સરખી હોય, તે માણસ રાજાનો પ્રધાન થાય, તથા જેની મત્સ્યના જેવી ગતિ હોય, તે રાજા થાય, તથા તેનુ પરાક્રમ પણ અતિ ઉત્કૃષ્ટ થાય. જેની જંઘાઓ રોમ સહિત અને જાડી હોય, તે માણસ દુઃખી અને દીન હોય, તથા તે ક્ષણે ક્ષણે રોગી, અને વળી તે બુદ્ધિ વિનાનો થાય.
- જેની જંઘાઓ રોંમ સહિત હોય છે, તે સઘળાઓ ઉત્તમ કહેવાય; તથા રોમ સહિત જંઘાવાળાઓ દુઃખની ખાણ સમાન છે, વળી જેઓની જંઘા પર અનંતાં રોમ છે, તેને અનંતું દુઃખ હોય છે.
- હવે જેવી હાથીની, હંસની તથા વૃષભની ગતિ હોય, તેવી ગતિ જેઓની હોય તે માણસ અતિ ઉત્તમ કહેવાય છે.
- જે માણસ પાણી, હરણ અને અશ્વ સરખી ગતિથી ચાલે છે, તે માણસને ભાગ્યહીન જાણવો.
- બકરા, ઊંટ અને સસલા જેવી ગતિથી જે માણસ ચાલે તેને પણ ભાગ્યહીન જાણવો.
- પાણીના મોજાં, કાગડા અને ઘુવડ સરખી જેની ગતિ હોય, તેને દ્રવ્યહીન તથા ગુણહીન માણસ જાણવો તથા તે અત્યંત દુઃખી થાય.
- કૂતરા ઊંટ અને ભેંસ સરખી જેની ગતિ હોય તથા ગધેડા અને સુઅર સરખી જેની ગતિ હોય, તેને પણ સુખ અને ભાગ્યથી હીન માણસ જાણવો.

* વળી જેઓની ગતિ કૂકડાઓ સરખી હોય, તેઓના પર કલંક ચડે છે, તથા જેઓનું માન બિલકુલ વૃદ્ધિ પામતું નથી.
* વળી જેઓની ગતિ સૂકર સરખી હોય, તે માણસ કુકર્મો કરે, અને તેને કોઈની પણ સાથે પ્યાર હોય નહિ.

## માણસોના રંગના સંબંધી

* જેનો રંગ દૂધ સરખો સફેદ હોય, તે મહાન રાજા થાય, તથા જેનો રંગ શ્યામ હોય, તે સુખોનો ભોગવનારો થાય, અને પીળા રંગવાળો દરિદ્રી તથા રોગી થાય.

## રુધિર સંબંધી

* જેનું રુધિર પ્રવાલાના રંગ સરખું હોય છે, તે માણસ હમેશાં સુખોમાં મગ્ન એવો રાજા થાય છે, તથા જેના રુધિરનો રંગ અળતા સરખો હોય, તે માણસ ઉત્તમ રૂપવાન હોય, તથા ઘણી કન્યાઓને જન્મ આપે, તથા તે દાનેશ્વરી અને મોટી સંપદાવાળો થાય; વળી જેઓનું રુધિર કૂતરા તથા સસલા સરખું હોય, તે માણસ નિર્ભાગી જાણવો, તથા જેનું રુધિર કમળપત્ર સરખું હોય, તેને કોઈ સાથે પણ પ્રીતિ ન હોય.

## કેડ સંબંધી

* જેની કેડ વિશાલ હોય, તે માણસને પુત્રોથી સુખ મળે છે, તથા જેની કેડ માંસથી રહિત હોય, તેને પણ બહુ સુખ મળે છે; તથા જેની કટિનો લંક કેસરીસિંહ સમાન હોય, તે ચતુર એવો નાયક થાય; અને જેની કેડ વાંદરા સરખી હોય, તે માણસને અત્યંત દુઃખ થાય છે.

## નાભિ સંબંધી

* જેની નાભિ પાણીના હ્રદ (ધરા) સરખી ગંભીર હોય તેને ઉત્તમ જાણવો; પણ જેને વિષમ તથા બહુ જ ઊંડી અથવા બહુ જ ઊંચી હોય તેને ખરાબ જાણવો.

## પેટ સંબંધી

* હરણ, મયૂર તથા દેડકા સરખું પેટ જેનું હોય, તે માણસ રાજા થાય,

તથા જેનું ઉદર (પેટ) વાઘ, ઉંદર, હાથી, કૂતરા અને શિયાળ સરખુ હોય, તેને દુષ્ટ જાણવો.

## હૃદય સંબંધી

- જે માણસનું હૃદય નગરના દરવાજા સરખું વિશાળ અને દ્રઢ હોય છે, તે મણસ શત્રુઓનો નાશ કરીને સજ્જનોને સુખ દે છે.
- વળી જેના વિશાળ હૃદય પર રોમની શ્રેણિ હોય, તે માણસ અત્યંત વિદ્વાન થાય છે, તથા તેનું આયુષ્ય અને બળ વૃદ્ધિ પામે છે, અને રાજા તરફથી પણ તેને ઘણું માન મળે છે.
- વળી જેનુ હૃદય વિશાળ હોય તેને ધન ઘણું મળે, તથા તે રાજા થાય, અને તેને ઘણા પુત્રો પણ થાય.

## પીઠ સંબંધી

- જેની પીઠ સિંહના સરખી હોય છે, તે દરિદ્ર થાય અને જેની પીઠ કાચબા સરખી હોય છે, તેને ઘણા ચાકર નોકરો હોય છે, તથા તે અત્યંત ગુણી કહેવાય છે.

## હાથ સંબંધી

- જે માણસના હાથ છેક ઘુંટણ સુધી લાંબા અને દરવાજાની ભોગલ સરખા સીધા હોય છે, તે માણસને અત્યંત ગુણી જાણવો, તથા જેના હાથ ટૂંકા હોય, તેને ધન રહિત જાણવો.

## કંઠ સંબંધી

જેનો કંઠ શંખના આકાર સરખો હોય, તેને ઉત્તમ જાણવો; તથા જેનો કંઠ મયૂર, ઊંટ અને બગલાના કંઠ જેવો હોય, તેને અનિષ્ટ જાણવો તથા તે માણસ હમેશાં પરાધીનપણું ભોગવે છે.

વળી જેનો કંઠ ટૂંકો તથા ભરેલા કુંભ સરખો હોય, તેને પણ ઉત્તમ જાણવો; વળી જેનો કંઠ બહુ જ પાતળો તથા વિષમ હોય, તેનું કાર્ય સુધરે નહિ.

જેનો કંઠ જાડો હોય, તે દરિદ્રી તથા કુળનો નાશ કરનારો થાય; વળી

જેના કંઠમાં ત્રણ રેખાઓ હોય, તેને અત્યંત ઉત્તમ જાણવો.

## હોઠ સંબંધી

- જેના હોઠ લાલ રંગના હોય, તે મોટો ભાગ્યશાળી હોય, તથા તે સ્ત્રીઓને બહુ જ વલ્લભ થઈ પડે છે, અને તેઓ તેના પર અત્યંત પ્રેમ રાખે છે.
- વળી જેના હોઠ પાકેલા ઘોલાં સરખા ગોળ, અને લાલ રંગના, તથા હંમેશા લીલા રહેતા હોય, તેને ઉત્તમ જાણવો, વળી જેના હોઠ કાળા અને સુકાએલા, તરડાએલા તથા વિષમ હોય, તે માણસના રહેવાથી કુળમાં વિરોધ થાય છે, અને તેથી તે પણ દુઃખી થાય છે; વળી જેના હોઠ પીળા હોય, તે માણસ બહુ જ જાડા હોય છે, તે અલ્પ કાળ સુધીજ જીવી શકે છે; વળી જેના હોઠ બહુ જ ખુલ્લા રહેતા હોય, તે માણસને પણ દરિદ્ર જાણવો; જેના હોઠમાં ફાટ હોય, તે માણસ પહેલાં સુખી હોય, તો પાછળથી દુઃખી થાય, અને પહેલાં દુઃખી હોય, તો પાછળથી સુખી થાય છે.

## દાંત સંબંધી

- જેના મુખમાં બત્રીશં દાંત હોય, તે માણસ રાજા થાય છે, તથા જેના મુખમાં એકત્રીશ દાંત હોય તે મંત્રી થાય છે, ત્રીસ દાંત જેના મુખમાં હોય, તે સુખી થાય છે; તથા તેથી જેમ ઓછા ઓછા દાંત હોય તેમ તેમ તેને અનિષ્ટ ફળો મળે છે. જેના દાંત છૂટા છૂટા હોય, તે માણસ વિદ્વાન થાય છે. જેના દાંત અત્યંત મળેલા હોય, તે મૂર્ખ રહે છે, જેના દાંત સફેદ રંગના હોય, તે લોકોમાં ઘણું માન મેળવે છે. તથા જેના દાંત લાલ રંગના હોય, તે માણસ લંપટ હોય છે, જેના આગળના દાંત બહાર નીકળેલા હોય, તે માણસને ભાગ્યશાળી જાણવો.
- વળી જેના દાંતની નીચલી હાર ઉપર દાંતની હારથી દૂર જતી હોય, તેને ધન રહિત જાણવો; જેના દાંત પર હંમેશા દુર્ગંધી મેલ ભરાય, તેને અત્યંત દરિદ્રી જાણવો; જેના દાંતનો રંગ પીળો હોય, તેને કપટી જાણવો.

## જીભ સંબંધી

- જેની જીભ શ્યામ રંગની હોય, તે દાસપણું કરે, લીસી જીભ દરિદ્રપણું

આપે, મેલી જીભ અશુભ કાર્ય નિપજાવે, તથા સફેદ જીભ લંપટપણું શિખાવે છે; વળી જેની જીભ તીક્ષ્ણ તથા ખરબચડી હોય, તેને મિષ્ટાન્ન ભોજન મળે છે, તથા જેની જીભ વાંકી હોય, તે રાજ્ય તરફનું કષ્ટ ભોગવે; જેની જીભ બોલતાં અચકાતી હોય, તે સર્વ લોકોથી માન પામે તથા તેને ઘેર પુત્રોનો જન્મ થાય; વળી જેની જીભ લાલ રંગની તથા અણીદાર હોય, તે વિદ્વાન થાય; વળી જેની જીભ મુખની બહાર ન નીકળી શકે, તે માણસ પાપી અને નરકગામી થાય, તથા જેની જીભ તાળવાને અડી ન શકે, તે દુઃખી થાય, જેની જીભ સ્વાદને જાણી ન શકે, તેનું તત્કાલ મૃત્યું થાય.

## તાલુ સંબંધી

- જે માણસનું તાળવું શ્યામ રંગનું હોય, તે માણસ કુળનો નાશ કરે છે, તથા જે માણસનું તાળવું લાલ રંગનું હોય, તે રાજા થાય, તથા જેનું તાળવું હમેશાં સુકાએલું રહે, તે દુઃખ પામે; વળી જેનું તાળવું વચ્ચે સાંધાની લીટીવાળું ન હોય, તે ધન રહિત થાય, જેનું તાળવું હમેશાં ભીનું રહે, તે સુખી થાય; વળી જેને મુખમાં ગયેલા ઉષ્ણ આદિ પદાર્થો તાલુને લાગ્યાથી પણ તેનો સ્પર્શ ન જણાય, તે માણસનું તત્કાલ મૃત્યુ થાય.

## નાસીકા સંબંધી

- જેની નાસિકા વાંકી તથા વિષમ હોય, તે માણસ ભાગ્યહીન તથા ધનહીન થાય છે, અને અંતે તે અત્યંત દુઃખી થાય છે.
- જેની નાસિકા પીળી હોય, તેને કાર્યોમાં ધીરો જાણવો, તથા જેની નાસિકા દાંડીની સરખી હોય તે અત્યંત ભક્તિભાવવાળો જાણવો.
- જેની નાસિકા પોપટની ચાંચ સરખી હોય, તેને મોટો ભાગ્યશાળી રાજા જાણવો, તથા જેની નાસિકા દીપકની શિખા સરખી હોય, તેને પણ ઉત્તમ જાણવો.

## નેત્ર સબંધી

- જેનાં નેત્રો વિશાળ હોય, તે મોટો ભાગ્યશાળી રાજા થાય; વળી જેની આંખોના ખૂણાઓ લાલ રંગના હોય, તે માણસ કુટુંબમાં બહુ રાગ (પ્રીતિ)

વાળો હોય; વળી જેની આંખો લાંબી હોય, તે મંત્રી થાય, તથા જેની આંખો ગોળ આકારવાળી હોય, તે શુરો થાય; વળી જેની આંખો કુટિલ હોય, તે માણસ દુરાચારી હોય, પીળી આંખોવાળો રોગી હોય, કમળ સરખી આંખોવાળો ધનવાન અને ધ્યાન ધરનારો થાય; વળી જેની આંખો બિલાડા જેવી હોય, તેને લંપટ જાણવો, તથા જેની આંખો સુવર્ણ સરખી હોય, તે ધનવાન થાય, તથા તેને રાજા તરફથી ઘણું માન મળે; વળી જેની આંખો પારા સરખી હોય, તેને પણ ઉત્તમ જાણવો, તથા જેની આંખો મત્સ્ય સરખી હોય, તેને રાજા જાણવો; વળી જેની આંખો માંજરી હોય, તેને પણ ઉત્તમ નહિ જાણવો, જેની આંખો ત્રાંસી હોય, તે પણ દરિદ્રી થાય, તથા જેની એક આંખ ગયેલી હોય, તે કપટી અને નિર્બુદ્ધિ હોય.

## ભ્રમર સંબંધી

જેની ભ્રમરો રોમવાળી તથા તલવાર જેવી વાંકી હોય, તેને ગુણવાન માણસ જાણવો, તથા જેની ભમર સીધી અને છૂટાં છૂટાં રોમવાળી હોય, તેને દરિદ્રી જાણવો; વળી જેની ભમર તમામ નીચી હોય, તેને ધન ગુમાવનારો તથા નિર્બુદ્ધિ જાણવો; વળી જેની ભમરનમા વાળો ભૂરા રંગના હોય, તેને લંપટ જાણવો; વળી જેની ભમરો બહુ જ જાડી હોય, તેનું આયુષ્ય ટૂંકું હોય છે.

## કપાળ સંબંધી

જેનું કપાળ વિશાળ હોય, તે મોટી પદવીને મેળવી શકે છે, તથા જેનું કપાળ નાનું હોય, તેનું આયુષ્ય તથા બળ હીન થાય છે; વળી જેનું લલાટ વિષમ હોય, તે ધનહીન થાય, તથા જેનું લલાટ વાંકુ હોય, તે અપમાન પામે તથા ધનનો નાશ કરે, જેના લલાટ પર કેશો ઊગે, તેને કુળનો નાશ કરનારો જાણવો; વળી જેના કપાળ પર હાથ ફેરવવાથી જો તે ખરબચડું લાગે, તો તેને ભાગ્યશાળી જાણવો તથા જો તમામ લીસું લાગે, તો તેને દરિદ્ર જાણવો; વળી જો કપાળ અર્ધચંદ્ર સરખુ હોય, તો તેને ઘણા સુખભોગનો વિલાસી જાણવો, તથા જેનું ભાલ હમેશાં શીતલ રહેતું હોય, તથા દુ:ખ્યા કરતું હોય, તેને દુ:ખી તથા રોગી જાણવો.



**પ.પૂ. બાળમુનિશ્રી તપપ્રભ વિજયજી મ.સા.**

જન્મ : તા. ૮-૯-૧૯૮૨, મુકામ - ઉદેપુર, (રાજસ્થાન)

દીક્ષા : જેઠ સુદ - ૩, રવિવાર, સં. ૨૦૫૩, કૃષ્ણનગર, અમદાવાદ.

## મસ્તક સંબંધી

❈ જેનું મસ્તક વિશાળ હોય, તેને ઉત્તમ ભાગ્યશાળી તથા બુદ્ધિવાન જાણવો, તથા જેનું મસ્તક ખૂણાઓવાળું અને વિષમ હોય, તેને દરિદ્રી અને દુરાચારી જાણવો, તથા જેનું મસ્તક પર્વતના શિખરની પેઠે ઉપર ટોચવાળું હોય, તેને એકાવતારી જાણવો, જેના મસ્તકમાં ટાલ પડેલી હોય, તેને ધન તથા પુત્રોથી સુખી જાણવો, જેના મસ્તકમાં બિલકુલ વાળ ઊગતા ન હોય, તેને પણ દરિદ્રી જાણવો.

## વાળ સંબંધી

❈ શ્યામ ભમરા સરખા રંગવાળા જેના કેશો હોય, તેને ભોગી જાણવો, તથા જેના કેશો ભુરા હોય, તેને લંપટ જાણવો; વળી જેના કેશો જાડા હોય, તેને ટૂંકા આયુષ્યવાળો જાણવો, તથા જેના કેશો ટૂંકા હોય અને છૂટા છૂટા હોય, તેને મોટા લોભિષ્ટ જાણવો, તથા જેના કેશો બરડ હોય, તેને સુખ મળી શક્તું નથી; વળી જડેના કેશો લાલ રંગની ઝાંય મારતા હોય, તે બહુ જ લોકપ્રિય થાય છે, તથા જેના કેશો અત્યંત લાંબા વધે છે, તે સ્ત્રીઓને વલ્લભ થાય છે, અને જેના કેશો નરમ રેશમ જેવા હોય છે, તે રાજા તરફથી પણ માન મેળની શકે છે.

# અશ્વોનાં ચિન્હોનું સ્વરૂપ

## કાનના લક્ષણો

જે ઘોડાના બન્ને કાનો અખંડિત તથા અણીઓવાળા હોય છે, તેને અતિ ઉત્તમ જાતિનો તથા કીર્તિ અને ધનને વધારનારો જાણવો. જે ઘોડાનો જમણો કાન ડાબા કાનથી જરા મોટો અથવા નાનો હોય, અને તે અકડ નહીં રહતાં નમી જતો હોય, તેને તેના સ્વામીનો નાશ કરનારો જાણવો.

❈ જે ઘોડાના જમણા કાનમાં ભમરાનું ચિન્હ હોય, તેને પણ તેના સ્વામીના કુળનો નાશ કરનારો જાણવો, પણ જો તેના જમણા કાનમાં દક્ષિણાવર્ત ચક્રનું ચિન્હ હોય, તો તેના સ્વામીને તે રાજ્ય આદિક લક્ષ્મીને મેળવનારો જાણવો. જે ઘોડાના જમણા કાનની અંદરની બાજુએ સફેદ ચાઠું હોય, તેને ઉત્તમ જાતિનો ઘોડો જાણવો; પણ તે સફેદ ચાઠાની વચ્ચે લાલ અથવા

કાળો ડાઘ હોય, તો તેને તેના ધણીના દ્રવ્યનો તથા કુળનો નાશ કરનારો જાણવો.

- જે ઘોડાનો ડાબો કાન જમણા કાનથી જરા નાનોમોટો હોય, તેને દેશમાં પણ દાખલ થવા દેવો નહિં, કેમકે તેનો ઘોડો દુકાળ અથવા મારી (મરકી) આદિક ભયને ઉત્પન્ન કરે છે.
- જે ઘોડાનો ડાબો કાન જરા ફાટેલો અને અંદરની બાજુએ સફેદ ડાઘવાળો હોય, તેને ધનધાન્યાદિકનો નાશ કરનારો જાણવો.
- જે ઘોડાના ડાબા કાનની ઉપરની બાજુએ શંખનું ચિન્હ હોય, તે ઘોડાનો સ્વામી વાસુદેવપણાને નક્કી પામે.
- જે ઘોડાના ડાબા કાનની અંદરની બાજુએ ઘણા મસો હોય, તે ઘોડો રાજ્યમાં રહેવથી રાજ્યનો નાશ કરે છે, તથા શત્રુ તરફના ભયને હરે છે. અણીવાળો ન હોય, તથા ત્યાં કંઈ ફાટ પડી હોય, તો તેવો ઘોડો ધનનો નાશ કરે છે, માટે તેવા ઘોડા પર સ્વારી બિલકુલ કરવી નહીં.

## આંખોનાં લક્ષણો

- જે ઘોડાની આંખો પરની ભમરો પર બિલકુલ કેશ ન હોય, તે ઘોડાને કનિષ્ઠ ઘોડો જાણવો.
- જે ઘોડાની આંખો પરની ભમરો પર ઘણા જ કેશો હોય, અને તે લાંબા વધીને આંખોને પણ ઢાંકી દેતા હોય, તેને ધનનો નાશ કરનારો જાણવો.
- જે ઘોડાની આંખ ગોળ અને તેના ડોળા બહાર ઊપસી આવેલા હોય તો તેને કુટુંબ તથા લક્ષ્મી આદિકનો નાશ કરનારો જાણવો.
- જે ઘોડાની આંખો અણીઓવાળી તથા ચળકતી અને સૌમ્ય હોય, તેને લક્ષ્મીનો વધારો કરનારો જાણવો.
- જે ઘોડાની આંખોને રંગ પીળાશ પર હોય, તેને રોગી જાણવો.
- જે ઘોડાની આંખો અત્યંત સાંકડી તથા માંઝર રંગની હોય, તેને મરકી આદિકનો ઉપદ્રવ કરનારો જાણવો.
- જે ઘોડાની એક આંખ બીજી આંખ કરતાં મોટી અને ભયાનક હોય, તેને

રાજાએ પોતાના ઉપયોગમાં લેવો નહીં, કેમકે તે ઘોડો શત્રુઓ તરફનો અત્યંત ભય દેખાડે છે.

- જે ઘોડાની આંખોનો રંગ જરા રતાશ મારતો અને તેજવાળો હોય, તેને ઉત્તમ જાતિનો ઘોડો જાણવો; તે પર સ્વારી કર્યાથી લડાઈમાં શત્રુનો નાશ થાય છે, તથા ધનની વૃદ્ધિ થાય છે.
- જે ઘોડાની જમણી આંખમાં ચક્રનું ચિહ્ન હોય, તે ઘોડો તેના સ્વામીની કીર્તિ પૃથ્વી પર ફેલાવે છે.
- જો ઘોડાની જમણી આંખના પોપચા પર શંખનું ચિન્હ હોય, તે ઘોડો ખરીદ કરવાથી રાજ્ય આદિકની સંપદા પોતાની મેળે આવીને ભેટે છે.
- જે ઘોડાની જમણી આંખ ફૂટેલી અથવા હમેશાં અત્યંત મેલવાળી (પીયાવાળી) રહેતી હોય, તેવો ઘોડો અત્યંત નુકશાનકારક હોય છે, માટે તેવો ઘોડો રાખવો નહીં.
- જે ઘોડાની બન્ને આંખોનાં પોપચાં પર બીજના ચંદ્રને આકારે ચિહ્ન હોય, તે ઘોડો ફક્ત ચક્રવર્તીને જ ઉપયોગમાં આવે છે; અર્થાત્ તેવા ઘોડા પર બીજા કોઈ સ્વારી કરી શકે નહીં.
- જે ઘોડાની ડાબી આંખના પોપચા પર સફેદ ડાઘા હોય, તે ઘોડો ધનનો નાશ કરે છે.
- જે ઘોડાની બન્ને આંખો હંમેશાં મલિન (પીયાવાળી) હોય છે, તે ઘોડો ચાલતી વખતે સ્ખલના પામે છે, માટે તેવા ઘોડા પર સ્વારી કર્યાથી જીવનું જોખમ થાય છે.
- જે ઘોડાની આંખો સોનેરી રંગની ચળકતી અને અણીદાર હોય છે, તેમાં કંઈ પણ સંશય નથી.
- જે ઘોડાની આંખો ભયંકર હોય છે, તે ઘોડો નુકશાન કરનારો છે.
- જે ઘોડાની જમણી આંખના પોપચા પર એક જ મસ હોય, તો તે તેના સ્વામીના કુટુંબની કીર્તિ વધારે છે; પણ જો એક કરતાં વધારે મસ હોય, તો તે ધનધાન્યનો નાશ કરે છે.
- જે ઘોડાની બન્ને આંખોનાં પોપચા પર ઘણા મસો હોય છે, તો તે અગ્નિ

આદિકનો ભય ઉપજાવે છે.

## નાસિકાનું સ્વરૂપ

- જે ઘોડાની નાસિકાનાં બન્ને દ્વારની બહારની ચામડી લાલ રંગની હોય, તેને ઉત્તમ જાતિનો અશ્વ જાણવો.
- જે ઘોડાની નાસિકાનાં બન્ને દ્વારોની ચામડી કાળા રંગની હોય, તેને મધ્યમ જાતિનો અશ્વ જાણવો.
- જે ઘોડાની નાસિકાનાં બન્ને દ્વારોની ચામડી જરા લીલાશ મારતાં રંગની તથા કોમળ હોય, તેવો ઘોડો કોઈ મહાન પુરુષોને જ મળે છે; કેમ કે તે સર્વ જગાએ હનુમાનની પેઠે વિજય જ વર્તાવે છે.
- જે ઘોડાની નાસિકાનું જમણું દ્વાર ડાબી નાસિકા કરતાં જરા મોટું હોય, તે ઘોડો લક્ષ્મીનો નાશ કરે છે.
- જે ઘોડાની જમણી નાસિકાના દ્વાર પર સફેદ ચાઠું હોય, તેને ઉત્તમ જાતિનો તથા કુટુંબની વદ્ધિ કરનારો ઘોડો જાણવો.
- જે ઘોડાની જમણી નાસિકા પર કમળના આકારનું ચિહ્ન હોય, તેવો ઘોડો તેના સ્વામીને રાજ્ય આદિક સંપદાનો લાભ મેળવી આપે છે.
- જે ઘોડાની જમણી નાસિકા પર મત્સ્યના આકારનું ચિહ્ન હોય, તે ઘોડો પાણીમાં પણ સુખેથી તરી શકે છે, તથા તેના સ્વામીને લક્ષ્મીની વૃદ્ધિ કરે છે.
- જે ઘોડાની જમણી નાસિકા પર ચક્રનું લંછન હોય, તેવો ઘોડો પુત્રપરિવારની વદ્ધિ કરે છે.
- જે ઘોડાની ડાબી નાસિકા પર ત્રિશૂલના આકારનું ચિહ્ન હોય, તેવો ઘોડો લડાઈ આદિકમાં શત્રુને અર્જુનની પેઠે ભય પમાડે છે.
- જે ઘોડાની ડબી નાસિકા પર ભમરાનું ચિહ્ન હોય, તેવો ઘોડો તેના સ્વામીનું સંશયરહિત બાર માસની અંદર મૃત્યું ઉપજાવે છે.
- જે ઘોડાની ડાબી નાસિકા પર બદામના આકારનું લંબગોળ સફેદ ચાઠું હોય, તેવો ઘોડો કીર્તિનો નાશ કરે છે, માટે તેવા ઘોડાને સર્પની પેઠે

તુરત તજવો.

- જે ઘોડાની ડાબી નાસિકા પરબિલકુલ વાળ ન હોય, તેવા ઘોડાને રાક્ષસરૂપ માનીને તુરત તજવો, કેમકે તેવો ઘોડો રાખ્યાથી કુટુંબ તથા ધનની હાનિ થાય છે.
- જે ઘોડાની નાસિકાનાં બન્ને દ્વારો સારી રીતે ખુલ્લાં નહીં રહેતાં - ચપટાં રહે છે, તેવો ઘોડો રોગ આદિકનો ઉપદ્રવ કરનારો કહ્યો છે, માટે બન્ને નાસિકાઓ કઠોર અને અંદરથી પણ ચીકાશ વિનાની રહેતી હોય, તેવા ઘોડાને તજવાને જ કુટુંબની આબાદી વધે છે
- જે ઘોડાની બન્ને નાસિકાઓ પર ગુચ્છાબંધ તથા અત્યંત લાંબા વાળ ઊગેલા હોય, તેવો ઘોડો શત્રુ આદિકના ભયની પૃષ્ટિ (વૃદ્ધિ) કરે છે, માટે તેવા ઘોડાનો પણ ત્યાગ કરવો. એવી રીતે નાસિકાનું લક્ષણ જાણવું.

## મુખનાં લક્ષણો

- જે ઘોડાના મુખમાંથી શબના (મુડદાના) જેવો કુર્ગંધ ફેલાવનારો વાસ નીકળતો હોય, તેવો ઘોડો રોગ આદિકના ઉપદ્રવને વધારે છે
- જે ઘોડાના મુખમાંથી કમળની સુંગધ સરખો ઉત્તમ વાસ નીકળતો હોય, તેવો ઘોડો રાખવાથી રાજા આદિકની મહેરબાની થાય છે, તથા તેથી લક્ષ્મી કીર્તિ વિગેરેનો વધારો થાય છે.
- જે ઘોડાના મુખમાંથી કટું (કડવો) શ્વાસ નીકળે છે. તે કુટુંબની તથા લક્ષ્મીની હાનિ કરે છે.
- જે ઘોડાનો શ્વાસ તમામ શીતલ હોય છે, તે લડાઈમાં શત્રુ તરફનો પરાભવ આપે છે.
- જે ઘોડાનો શ્વાસ કવોષ્ણ (થોડો ઉષ્મ) હોય છે, તે તેજી તથા ચિંતવેલું કાર્ય કરી આપનારો હોય છે.
- જે ઘોડાનો શ્વાસ અત્યંત ઉષ્મ હોય છે, તે તેના સ્વારનું કોઈ વખતે પણ મૃત્યું કરે છે.
- જે ઘોડાના દાંતો દાડમની મોટી કળી સરખા જરા લાલાશ રંગના અને સફેદ હોય છે, તેવો ઘોડો તેના સ્વામીને સાર્વભૌમનું (ચક્રવર્તીનું) રાજ્ય

અપાવે છે.

- જે ઘોડાના દાંતોનો રંગ પીળો હોય છે, તે દુકાળ આદિકનું દેશમાં સંકટ ઉપજાવે છે, માટે તેવા ઘોડાને દેશમાંથી પણ હાંકી કાઢવો.
- જે ઘોડાના દાંતો એકબીજાને મળીને રહેલા હોય છે, તેવો ઘોડો તેના સ્વામીને ધન આદિકનો લાભ કરે છે;
- જેના દાંતો છૂટા છૂટા તથા ખોખરા હોય છે. તેવો ઘોડો તેના સ્વામીનું મૃત્યું ઉપજાવે છે.
- જે ઘોડાના દાંતોનો રંગ જરા આકાશના રંગ સરખો તથા તેજસ્વી હોય છે, તેવો ઘોડો તેના સ્વામીની અત્યંત કીર્તિ વધારે છે.
- જે ઘોડાના કપાળમાં ત્રિશૂલને આકારે સફેદ ચિહ્ન હોય, તેને લડાઈ આદિકમાં વિજય કરનારો જાણવો.
- જે ઘોડાના કપાળમાં સફેદ ચક્રનું ચિન્હ હોય, તેને પણ વિજય આપનારો જાણવો.
- જે ઘોડાના કપાળમાં અર્ધ ચંદ્રને આકારે સફેદ ચિન્હ હોય, તેને તેના સ્વામીની લક્ષ્મી વધારનારો જાણવો.
- જે ઘોડાના કપાળમાં ગોળ આકારનું સફેદ ચિહ્ન હોય, તેને તેનાં સ્વામીનું કલ્યાણ કરનારો જાણવો.
- જે ઘોડાના કપાળમાં સફેદ કમળના આકારનું ચિહ્ન હોય, તેને પણ શુભ સૂચવનારો જાણવો.
- જે ઘોડાના કપાળમાં સફેદ સર્પના આકારનું ચિહ્ન હોય, તેને કુટુંબનો ક્ષય કરનારો તથા ધનનો પણ નાશ કરનારો જાણવો.
- જે ઘોડાના કપાળમાં સફેદ મત્સ્યના જોડલાના જેવું ચિહ્ન હોય, તેને મહામંગલિક જાણવો; તથા તેનું ચોર આદિકથી સારી રીતે રક્ષણ કરવું.
- જે ઘોડાના કપાળમાં શ્યામ રંગનું અંકુશના આકારનું ચિહ્ન હોય, તેને તેના સ્વામીનું મૃત્યું કરનારો જાણવો.
- જે ઘોડાના કપાળમાં શ્યામ રંગનું તથા વચ્ચે સફેદ ચાઠાવાળું કોઈ પણ

પક્ષીના આકારનું ચિહ્ન હોય, તો તેને લડાઈમાં શત્રુનો નાશ કરનારો જાણીને રાજાએ તેને નિધાનની પેઠે ઘણી જ સાવચેતીથી રાખવો. એવી રીતે તેના મુખ આદિકનું સામાન્ય લક્ષણ જાણવું.

## કંઠનું લક્ષણ

- જે ઘોડાના કંઠ પર સોનેરી રંગનો આભાસ મારતી ગુચ્છાદાર તથા કોમળ કેશવાળી હોય, તેને ઉત્તમ જાતિનો અશ્વ જાણવો.
- જે ઘોડાના કંઠ પર કર્કશ (કઠોર) અને તેજ વિનાની કેશવાળી હોય, તેને કનિષ્ઠ (હલકી) જાતિનો અશ્વ જાણવો.
- જે ઘોડાના કંઠ પર કેશવાળી બિલકુલ ન હોય, તેને ધનનો નાશ કરનારો જાણીને દૂરથી જ તજવો.
- જે ઘોડાના કંઠ પર છૂટી છૂટી તથા વચ્ચે આંતરાવાળી કેશવાળી ઊગેલી હોય, તેને તેના સ્વામીનું મૃત્યું સૂચવનારો જાણવો.
- જે ઘોડાની કેશવાળી લીલા સોનેરી રંગનો આભાસ મારનારી હોય, તેને દેવાંગી એટલે દેવતાઈ ઘોડો તેવો ઘોડો લક્ષ્મી, કીર્તિ તથા કુટુંબની અત્યંત વૃદ્ધિ કરે છે.

## ઘોડાના લંછનોનું સ્વરૂપ

- જે ઘોડાના આગલા જમણા પગના સાથળમાં ધોળા રંગનું દક્ષિણાવર્ત ચક્ર હોય, તેને તેના સ્વામીની લક્ષ્મીની વદ્ધિ કરનારો જાણવો, પણ જો તે વામાવર્ત હોય, તો ઊલટો ધનની હાનિ કરનારો જાણવો.
- જે ઘોડાના આગલા જમણા પગના ઘૂંટણ પર વાળોનો ગુચ્છો હોય, તેને કુટુંબનો નાશ કરનારો જાણવો.
- જે ઘોડાના આગલા જમણા પગના સાથળમાં મત્સ્યના આકારનું ચિહ્ન હોય, તેને ધનની વૃદ્ધિ કરનારો તથા વિજય મેળવાનારો જાણવો.
- જે ઘોડાના આગલા જમણા પગના સાથળ પર સફેદ રંગનું ત્રિશૂલનું ચિહ્ન હોય, તે પર કદી પણ સ્વારી કરવી નહી, કેમ કે તેવો ઘોડો વક્ર ચાલનો હોય છે; અર્થાત્ જે જગાએ જવું હોય, તે જગાએ નહી જતાં

ઊલટી જગાએ તે જાય છે.

- જે ઘોડાના આગલા જમણાં પગના ગોઠણમાં વીંછીના આકારનું શ્યામ રંગનું ચિહ્ન હોય, તેને રોગ આદિકના ઉપદ્રવ કરનારો જાણવો. જે ઘોડાના આગલા જમણા પગના ઘૂંટણની નીચેના ભાગમાં સફેદ રંગનું મુશલને આકારે ચિહ્ન હોય, તેને કુટુંબ તથા ધનનો પણ ક્ષય કરનારો જાણવો.

- જે ઘોડાના જમણા પગની ખરી પર ઘણા ખાડા હોય, તે ઘોડો રાજ્ય આદિકનો નાશ કરે છે.

- જે ઘોડાના આગલા જમણા પગની ખરીમાં ઘણી ફાટો હોય, તે રાજ્ય તથા કુટુંબનો પણ નાશ કરે છે.

- જે ઘોડાના આગલા જમણા પગની ખરી આકાશી રંગની હોય, તેવો ઘોડો ધન વિગેરેની વૃદ્ધિ કરે છે. ઘોડાની આગલા જમણાં પગની ખરી કાળા રંગની હોય, તેને મધ્યમ જાતિનો અશ્વ જાણવો.

- જે ઘોડાના આગલા જમણાં પગની ખરીનો નીચેનો ભાગ ભાંગેલો તથા જમીન પર બરોબર નહીં રહી શકે તેવો હોય, તેવો ઘોડો કુટુંબનો નાશ કરે છે.

- જે ઘોડાના આગલા ડાબા પગના ઘુંટણ પર ભમરાનું ચિહ્ન હોય, તે શત્રુનો ભય ઉપજાવે છે.

- જે ઘોડાના આગલા ડાબા પગના સાથળમાં ઘણા મસો હોય, તે તેના સ્વામીને રોગી બનાવે છે.

- જે ઘોડાના આગલા ડાબા પગના સાથળમાં સફેદ ચક્રનું ચિહ્ન હોય, તે તેના સ્વામીને ઘણો વલ્લભ હોય છે, તથા તેની કીર્તિ આદિકની વૃદ્ધિ થાય છે.

- જે ઘોડાના આગલા ડાબા પગના ઘૂંટણ નીચે કાળા રંગનું ત્રિશૂલને આકારે ચિહ્ન હોય, તે તેના સ્વામીને વિદ્યા આદિકનો લાભ અપાવે છે. જે ઘોડાના આગલા ડાબા પગની નીચે મુશલનું કાળા રંગનું ચિહ્ન હોય, તે લડાઈ આદિકમાં ઉપયોગી નથી, કેમકે તેવો ઘોડો પોતાના સ્વામીના કહ્યામાં

નહીં રહેતાં શત્રુનો જય કરાવી, પોતાના સ્વામીનો નાશ કરે છે.

- જે ઘોડાના આગલા ડાબા પગની ખરી લાલ રંગની હોય છે, તે ઘોડો તેના સ્વામીને સ્ત્રી આદિકનું સુખ મેળવી આપે છે.
- જે ઘોડાના આગલા ડાબા પગની ખરી સોનેરી રંગની તથા ચળકાટ મારતી હોય, તેવો ઘોડો નિર્ધન સ્વામીને પણ રાજ્ય અપાવે છે.
- હવે જે ઘોડાના આગલા બન્ને પગોની વચ્ચે ચક્રનું ચિહ્ન હોય છે. તે ઘોડો તેના સ્વામીને રાજા તરફથી માન અપાવે છે.
- જે ઘોડાના નીચેના ભાગમાં પેટ પર શંખના આકારનું ચિહ્ન હોય છે, તેને કલ્યાણકારી તથા ધનની વૃદ્ધિ કરનારો જાણવો.
- જે ઘોડાના પેટ પર સર્પને આકારે ચિહ્ન હોય તે તેનો સ્વામીનું છ માસની અંદર મૃત્યું કરે છે, તે વાત સંદેહ વિનાની છે. જે ઘોડાના પેટ પર ઘણા મસો ઊગેલા હોય, તેને રાક્ષસ સમાન જાણીને દૂર તજવો.
- જે ઘોડાના પેટ પર બિલકુલ કેશ ન હોય, તેવો ઘોડો સ્ત્રી તથા સંતાનોની હાનિ કરે છે. જે ઘોડાના મેટ પર પદ્મના આકારનું લંછન હોય, તે ઘોડો ધનધાન્યની વૃદ્ધિ કરે છે. જે ઘોડાના પેટ પર વીંછીનું આકારનું ચિહ્ન હોય, તે તેના સ્વામીના પરિવારનો નાશ કરે છે. જે ઘોડાના પેટ પર ચીરા પડેલા હોય છે, તેવો ઘોડો તેના સ્વામીને વ્યાધિ આદિકનો ઉપદ્રવ કરે છે, માટે તેવો ઘોડો તજવો કહ્યો છે.
- જે ઘોડાના પેટ પર અંકુશનું ચિહ્ન હોય છે, તેને ઉત્તમ જાતિનો જાણવો, તેવો ઘોડો કીર્તિ તથા પરિવારની વૃદ્ધિ કરે છે.
- જ ઘોડાના પેટ પર કાગડાના આકારનું લંછન હોય છે, તેવો ઘોડો ભોજન આદિકનો ત્યાગ કરાવે છે, અર્થાત્ રોગનો ઉપદ્રવ કરે છે.
- જે ઘોડાના પેટ પર વૃક્ષના આકારનું ચિહ્ન હોય છે, તેવો ઘોડો તેના સ્વામીને ધાન્ય આદિકની વૃદ્ધિ કરી આપે છે. જે ઘોડાનો પાછળનો જમણો પગ ખોડંગાતો હોય, તેવો ઘોડો તેના સ્વામીનાં સંતાનનો નાશ કરે છે.
- જે ઘોડાનો પાછળનો જમણો પગ વાંકો હોય, તેવો ઘોડો લક્ષ્મીનો નિશ્ચયે નાશ કરે છે.

❖ જે ઘોડાના પાછળના જમણા પગના સાથળમાં બહારના ભાગમાં શંખનું ચિહ્ન હોય છે, તેવો ઘોડો તેના સ્વામીની અત્યંત ઋદ્ધિ વધારે છે.

❖ જે ઘોડાના પાછળના જમણા પગના સાથળમાં નોળિયાના આકારનું ચિહ્ન હોય છે, તેવો ઘોડો તેના સ્વામીનું તુરત મૃત્યુ કરે છે, માટે તેવો ઘોડો ગ્રહણ કરવો નહી.

❖ જે ઘોડાના પાછલા જમણા પગનાં ઘૂંટણમાં કમલના આકારનું ચિહ્ન હોય છે, તેવો ઘોડો તેના સ્વામીને ધર્મમાં જોડે છે, તથા ધન આદિકની વૃદ્ધિ કરે છે.

❖ જે ઘોડાની પાછળના જમણા પગના ઘૂંટણની નીચે સર્પને આકારે ચિહ્ન હોય, તેવો ઘોડો તેના સ્વામીની લક્ષ્મીનો નાશ કરે છે.

❖ જે ઘોડાના પાછળના જમણા પગના ઘૂંટણની નીચે સફેદ રંગનું મુશલને આકારે ચિહ્ન હોય, તેનો ઘોડો તેના સ્વામીને લડાઈ આદિકમાં જોડે છે, તથા તેમાં તેનો નાશ કરાવે છે.

❖ જે ઘોડાના જમણા પગની ખરીનો રંગ કાળો હોય, તેનો ઘોડો મધ્યમ જાતિનો જાણવો; તેવો ઘોડો લાભ અથવા નુકશાન કંઈ પણ કરી શકતો નથી. શંખને આકારે ચિહ્ન હોય, તેવો ઘોડો તેના સ્વામીની લક્ષ્મીની વૃદ્ધિ કરે છે, તથા પૃથ્વીમાં તેના કીર્તિ ફેલાવે છે.

❖ જે ઘોડાના પાછળના જમણા પગની ખરી પર સફેદ રંગનું કમલને આકારે ચિહ્ન હોય, તેવો ઘોડો ગ્રહણ કરવાથી ધનધાન્યની વૃદ્ધિ થાય છે.

❖ જે ઘોડાના જમણા પગની ખરીમાં ઘણી ફાટો હોય, તેવો ઘોડો તેના સ્વામીની સંતતિનો નાશ કરે છે.

❖ જે ઘોડાના પાછળના જમણા પગની ખરીમાં મસો ઊગેલો હોય, તેવો ઘોડો તેના સ્વામીની લક્ષ્મીનો તથા તેના પરિવારનો નાશ કરે છે.

❖ જે ઘોડાના પાછળના જમણા પગની ખરી પર વાળ ઊગેલા હોય, તે રાક્ષસની પેરે ધન તથા કુટુંબનું ભક્ષણ કરી જાય છે.

❖ જે ઘોડાના પાછળના ડાબા પગ પરના સાથળમાં ધનુષ્યને આકારે ચિહ્ન હોય, તેવો ઘોડો તેના સ્વામીને લડાઈ આદિકમાં વિજય મેળવી આપે

છે.

- જે ઘોડાના પાછળના ડાબા પગની જાંઘમાં ખીસકોલીના આકારનું ચિહ્ન હોય, તેવો ઘોડો તેના સ્વામીને પરદેશગમન કરાવે છે, તથા ત્યાં તેને અત્યંત કષ્ટ અપાવે છે. જે ઘોડાના પાછળના ડાબા પગના સાથળમાં નળ સહિત કમલના આકારનું ચિહ્ન હોય, તેવો ઘોડો રણસંગ્રામમાં વિજય મેળવી આપે છે. જે ઘોડાના પાછળના ડાબા પગની જાંગમાં શુકના (પોપટના) આકારનું ચિહ્ન હોય, તેવો ઘોડો આકાશમાં પણ ગમન કરે છે.

- જે ઘોડાના પાછળના ડાબા પગના ઘૂંટણ પર સફેદ રંગનું ભ્રમરને આકારે ચિહ્ન હોય, તેવા ઘોડાને તેના સ્વામીનું મૃત્યું સૂચવનારો જાણવો.

- જે ઘોડાના ખરી કાળા રંગની હોય, તેને મધ્યમ જાતિનો અશ્વ જાણવો. જે ઘોડાના પાછળના ડાબા પગની ખરી સફેદ રંગની હોય, તેને ઉત્તમ જાતિનો અશ્વ જાણવો, તેવો ઘોડો તેના સ્વામીને પુત્રપરિવારનું અત્યંત સુખ આપે છે.

- જે ઘોડાની પાછળના ડાબા પગની ખરી પર સફેદ રંગનું પુષ્પના આકારનું ચિહ્ન હોય, તેવો ઘોડો તેના સ્વામીની લક્ષ્મીનો ક્ષય કરે છે; તથા તેને શત્રુ આદિકનો ત્રાસ ઉપજાવે છે..

- જે ઘોડાના પાછળના ડાબા પગની ખરીની નીચે અનેક ફાટો પડેલી હોય, તેવો ઘોડો તેના પર સવારી કરનારનો નાશ કરે છે, માટે તેવા ઘોડા પર સવારી કરવી નહી. એવી રીતે ઘોડાના પગ તથા ઉદરનું સ્વરૂપ કહ્યું.

## પૃષ્ઠભાગનું (પીઠનું) સ્વરૂપ

- જે ઘોડાનો પૃષ્ઠભાગ વિસ્તારવાળો તથા વચ્ચેથી જરા ચપટો હોય, તેને ઉત્તમ જાતિનો અશ્વ જાણવો.

- જે ઘોડાનો પૃષ્ઠભાગ ખાડાવાળો તથા વિષમ હોય, તેવા ઘોડા પર સ્વારી કર્યાથી સ્વારી કરનારને રોગની ઉત્પત્તિ થાય છે; માટે તેવા ઘોડા પર સ્વારી કરવી નહીં.

- જે ઘોડાના પૃષ્ઠભાગ પર છત્રને આકારે લંછન હોય, તેવો ઘોડો વાસુદેવને

જ મળે છે; પણ બીજાને મળતો નથી.

- જે ઘોડાના પૃષ્ઠભાગ પર શંખનું ચિહ્ન હોય છે, તેવો ઘોડો તેના સ્વામીનું રક્ષણ કરે છે, તથા તને અત્યંત સંપત્તિ મેળવી આપે છે.
- જે ઘોડાના પૃષ્ઠભાગ પર મત્સ્યનું ચિહ્ન હોય છે, તેવો ઘોડો પાણીમાં સુખેથી તરી શકે છે.
- જે ઘોડાના પૃષ્ઠભાગ પર સિંહના પંજાના આકારનું ચિહ્ન હોય, તેવો ઘોડો રણસંગ્રામમાં સર્વથી ઉત્કૃષ્ટ વિજય મેળવે છે, અને તેવો ઘોડો રાજાને બહુ જ ઉપયોગી તથા પ્રિય થઈ પડે છે.
- જે ઘોડાના પૃષ્ઠ પર ત્રિશૂલને આકારે ચિહ્ન હોય છે, તેવો ઘોડો તેના સ્વામીનો તથા તેના પરિવારિનો પણ નાશ કરે છે.
- જે ઘોડાના પૃષ્ઠ પર સફેદ રંગનુ પદ્મના આકારનું ચિહ્ન હોય, તેવો ઘોડો તેના સ્વામીની સંપત્તિ વધારે છે.
- જે ઘોડાના પૃષ્ઠ પર બિલકુલ રોગ ઊગેલાં ન હોય, તેવો ઘોડો તેના સ્વામીનું એક માસમાં મૃત્યું નિપજાવે છે.
- જે ઘોડાના પૃષ્ઠ પરથી સ્વારી કરવાથી વારંવાર રુધિર નીકળતું હોય, તેવા ઘોડા પર સ્વારી કરવાથી સ્વારી કરનારને ભગંદર આદિક રોગની ઉત્પત્તિ થાય છે.
- જે ઘોડાના પૃષ્ઠ પર કળશના આકારનું ચિહ્ન હોય, તેવા ઘોડાને મહામંગલિક જાણવો, અને તેથી તેના સ્વામીને લક્ષ્મી આદિકનો ઘણો લાભ થાય છે.
- ઘોડાના પૃષ્ઠ પર ચામરના આકારનું ચિહ્ન હોય, તેવો ઘોડો ચક્રવર્તીને ત્યાં જ ઉત્પન્ન થાય છે; પણ સાધારણ જગાએ તેની ઉત્પત્તિ થતી નથી.
- જે ઘોડાના પૃષ્ઠ પર દીપકની શિખાના આકારનું સફેદ ચિહ્ન હોય, તેવા ઘોડો અગ્નિનો ભય ઉપર ઘોડાને ગ્રહણ કરવો નહીં.
- જે ઘોડાના પૃષ્ઠભાગ પર અંદરનું હાડકું ઊપસીને બહાર દેખાતું હોય, તેવો ઘોડો રણ સંગ્રામમાં શત્રુ તરફનો ત્રાસ ઉપજાવે છે.

- જે ઘોડાના પૃષ્ઠની પાછળનો ભાગ પૃષ્ટ અને માંસલ હોય છે, તેને ઉત્તમ જાતિનો અશ્વ જાણવો; તથા તેવો ઘોડો દોડવામાં બહુ જ વેગવાળો હોય છે.
- જે ઘોડાના પૃષ્ઠના પાછળના બન્ને ભાગો પર શંખના આકારનાં ચિહ્નો હોય છે, તેવો ઘોડો તેના સ્વામીના મહત્વની વદ્ધિ કરે છે.

એવી રીતે તેના પૃષ્ઠભાગનું સ્વરૂપ કહ્યું.

## (પૂંછડાનું) સ્વરૂપ

- જે ઘોડાનું પૂછડું જમીનને સ્પર્શ કરતું હોય, તેવો ઘોડો તેના સ્વામીની લક્ષ્મીનો નાશ કરે છે.
- જે ઘોડાનું પૂછડું તેના પાછળના પગોના ઘૂંટણોની ઉપર રહેતું હોય, અર્થાત્ તેટલું લાબું હોય, તેવો ઘોડો તેના સ્વામીના પરિવારનો નાશ કરે છે.
- જે ઘોડાનું પૂછડું કોમળ, ચળકતું અને ગુચ્છાદાર હોય તથા ઘૂંટણથી નીચે રહેતું હોય, તેવો ઘોડો તેના સ્વામીની લક્ષ્મીની વૃદ્ધિ કરે છે.
- જે ઘોડાનું પૂછડું કર્કશ હોય છે, તેવો ઘોડો તેના સ્વામીના પરિવારનો નાશ કરે છે.
- જે ઘોડાનું પૂછડું અલ્પ કેશોવાળું હોય છે, તેવો ઘોડો તેના સ્વામીની લક્ષ્મીનો નાશ કરે છે. જે ઘોડાનું પૂછડું વાંકુ રહેતું હોય, તેવો ઘોડો તેના સ્વામીના કુટુંબનો નાશ કરે છે.
- જે ઘોડાનું પૂછડું અત્યંત સ્થૂલ જાડું હોય, તેવો ઘોડો તેના સ્વામીને પરદેશગમન કરાવી કષ્ટ આપે છે.
- જે ઘોડાનું પૂછડું સ્નિગ્ધ હોય છે, તેવો ઘોડો તેના સ્વામીને રાજ્ય આદિકનો લાભ મેળવી આપે છે.
- જે ઘોડાનું પૂંછડું કેસરના રંગનું તથા કોમળ અને મનોહર હોય છે, તેવો ઘોડો તેના સ્વામીની લક્ષ્મી તથા કીર્તિની વૃદ્ધિ કરે છે.

## ગતિનું સ્વરૂપ

- જે ઘોડો સ્વારી કર્યાથી સ્થિર નહીં રહેતો ચપળ જ રહે, તેને ઉત્તમ જાતિનો તેજી ઘોડો જાણવો.
- જે ઘોડો તીરછી ગતિથી ચાલતો હોય, તેવો ઘોડો પણ ઉત્તમ જાતિનો કહેવાય છે; તથા તે પોતાના સ્વામીની સંપત્તિની વૃદ્ધિ કરે છે.
- જે ઘોડાની ગતિ ધીમી તથા સ્વાર ને કંટાળો ઉપજાવનારી હોય છે, તેને કનિષ્ઠ (હલકી) જાતિનો અશ્વ જાણવો.
- જે ઘોડાની ગતિ સુખ ઉપજાવનારી હોય છે, તેને ઉત્કૃષ્ટ જાતિનો અશ્વ જાણવો.
- જે ઘોડાને દોડતાં થકા શરીરે ફેન (ફીણ) આવતાં હોય, તેને પણ ઉત્તમ જાતિનાં તથા તેના સ્વામીની લક્ષ્મીની વૃદ્ધિ કરનારો અશ્વ જાણવો. જે ઘોડાની તીવ્ર ગતિમાં સઘળા સંપૂર્ણ પગો જમીન સ્પર્શ કરતા ન હોય, તેને ઉત્કૃષ્ટ જાતિનો અશ્વ જાણવો.

## નાદનું સ્વરૂપ

- જે ઘોડાનો નાદ ગંભીર હોય છે, તેને ઉત્તમ જાતિનો અશ્વ જાણવો; તથા તેવા ઘોડોનો નાદ તીવ્ર અને ભયાનક હોય છે, તેવો ઘોડો તેના સ્વામીના પરિવારનો તુરત નાશ કરે છે.
- જે ઘોડાનો નાદ સૂક્ષ્મ હોય છે. તેને હલ્કી જાતિનો અશ્વ જાણવો, તેવો ઘોડો ગ્રહણ કરવાથી નુકસાની થાય છે.
- જે ઘોડો વારંવાર હેષારવ કરતો હોય, તેવો ઘોડો તેના સ્વામીના મહત્વનો નાશ કરે છે.
- જે ઘોડો કવચિત્ જ તથા લાભને સૂચવે છે; તેવો ઘોડો ગ્રહણ કરવાથી રાજા આદિક વિજય મેળવે છે.
- હવે ઘોડીની પરીક્ષા પણ અશ્વ પ્રમાણે જાણવી, પણ ઘોડી પર કલ્યાણ ઈચ્છનાર મનુષ્યે સ્વારી કરવી નહીં, કેમકે ઘોડી પર સ્વારી કર્યાથી સામાન્ય રીતે લક્ષ્મી તથા રાજ્ય આદિકની હાનિ થાય છે;

# હસ્તીનાં લક્ષણોનું સ્વરૂપ

- જે હસ્તીનો રંગ સફેદ બરફ સરખો હોય છે, તેને અત્યંત ઉત્તમ જાતિનો હસ્તી જાણવો. તેવો હસ્તી કોઈ પુણ્યશાળી ને જ મળે છે.
- જે હાથીનો રંગ શ્યામ હોય છે, તેને મધ્યમ જાતિનો હાથી જાણવો. જે હાથીના બન્ને કર્ણો અષ્ટમીના ચંદ્ર સરખા આકારના હોય છે, તેને ઉત્તમ જાતિનો હસ્તી જાણવો.
- જે હસ્તીના કર્ણો તૂટેલા હોય છે, તેને કનિષ્ઠ જાતિનો હસ્તી જાણવો. તેવો હસ્તી તેના સ્વામીના પરિવારનો નાશ કરે છે.
- હસ્તીનાં ગંડસ્થળોમાંથી મદની ધારાઓ નીકળતી હોય, તેને ઉત્તમ જાતિનો હસ્તી જાણવો, તેવો હસ્તી તેના સ્વામીની લક્ષ્મીની વૃદ્ધિ કરે છે.
- જે હસ્તીનાં ગંડસ્થળો ચંપટાં અને દષ્ટિમાં આવે તેવાં ઊંચા ન હોય, તેવો હસ્તી તેના સ્વામીનું મૃત્યુ નિપજાવે છે માટે તેવો હસ્તી રાજા આદિકે ગ્રહણ કરવો નહીં.
- જે હસ્તીનાં બન્ને ગંડસ્થળો પર શંખનાં શ્વેત રંગનાં ચિહ્નો હોય છે, તેવો હસ્તી તેના સ્વામીની લક્ષ્મી વધારીને તેને સમસ્ત પૃથ્વીનો સ્વામી બનાવે છે.
- જે હસ્તીની સૂંઢ પર શ્વેત રંગનું કમલના આકારનું ચિહ્ન હોય, તેવો હસ્તી તેના સ્વામીની લક્ષ્મીની અત્યંત વૃદ્ધિ કરે છે, તથા તેની કીર્તિ જગતમાં ફેલાવે છે.
- જે હાથીની સૂંઢ પર ત્રિશૂલનું ચિહ્ન હોય છે, તેવો હાથી રાજયલક્ષ્મીનો નાશ કરે છે.
- જે હાથીના લલાટમાં સંપૂર્ણ ચંદ્ર સરખું શ્વેત રંગનું ચિહ્ન હોય છે, તેવો હસ્તી તેના સ્વામીનું મહત્વ વધારે છે.
- જે હસ્તીના બહારના બન્ને દાંતો અત્યંત સફેદ રંગના તથા અખંડ અણીઓવાળા હોય છે, તેવો હસ્તી તેના સ્વામીની લક્ષ્મી તથા પરિવારની

વૃદ્ધિ કરે છે.

- જે હસ્તીના આગળના બન્ને દાંતો પર ફાટો પડેલી હોય છે, તેવો હસ્તી તેના સ્વામીની લક્ષ્મીનો નાશ કુટુંબનો નાશ કરે છે.
- જે હસ્તીના બહારના જમણાં દાંત પર ચક્રનું ચિહ્ન હોય, તેવા હસ્તી તેનાં સ્વામીને રાજયસંપદા મેળવી આપે છે. જે હાથીના આગળના બન્ને પગોમાંથી ડાબો પગ જરા નાનો હોય, તેવો હાથી તેના સ્વામીના સંતાનનો નાશ કરે છે.
- જે હાથીના આગલના બન્ને પગોમાંથી ડાબો પગ જરા નાનો હોય, તેવો આગળનો જમણો પગ ડાબા પગ કરતાં જરા ટૂંકો હોય, તેવો હાથી તેના સ્વામીનું મૃત્યું નિપજાવે છે.
- જે હાથીના આગળના જમણાં પગના ઘૂંટણ પર વાળો ઊગેલાં હોય છે, તેવો હાથી તેના સ્વામીની સંપદાનો નાશ કરપે છે.
- જે હાથીના આગળના ડાબા પગના તળિયામાં ખાડો હોય છે. તેવો હાથી તેના સ્વામીને ધનરહિત કરે છે.
- જે હાથીના આગળના જમણા પગનાં તળિયે સ્વસ્તિકનું ચિહ્ન હોય છે, તેવો હાથી તેના સ્વામીનું કલ્યાણ કરે છે, તથા તેની લક્ષ્મી અને સંતતિની વૃદ્ધિ કરે છે.
- જે હાથીની બન્ને આંખો લાલ રંગની લંબગોળ તથા નાની હોય છે, તેને ઉત્તમ જાતિનો હાથી જાણવો; તેવો હાથી તેના સ્વામીની કીર્તિ તથા લક્ષ્મીની વૃદ્ધિ કરે છે. જે હાથીની આંખો માંઝરી, ગોળ અને મોટી હોય છે, હાથીના નીચેના ભાગમાં પેટ પર કમલના આકારનું શ્વેત રંગનું ચિહ્ન હોય છે. તેવા હસ્તી પર વાસુદેવ જ સ્વારી કરી શકે છે, તથા તેવો હસ્તી તેને જ મળે છે.
- જે હાથીના ઉદર પર ધનુષ્યનું ચિહ્ન હોય છે, તેવા હાથી પર સ્વારી કર્યાથી રણસંગ્રામમાં રાજાને વિજય મળે છે.
- જે હસ્તીના ઉદર પર શ્વેત રંગનું શંખના આકારનું ચિહ્ન હોય છે, તેનો સ્વામી માંડલિક રાજા થાય છે.

- જે હાથીના ઉદર પર શ્વેત રંગનું ભ્રમરને આકારે ચિહ્ન હોય છે, તેવો હસ્તી તેના સ્વામીની લક્ષ્મીનો નાશ કરીને તેને અત્યંત વિપત્તિમાં નાખે છે.
- જે હસ્તીના પાછળના જમણા પગના ઘૂંટણ પર મત્સ્યના આકારનું ચિહ્ન હોય, તેવા હસ્તીને લક્ષ્મી આદિકનો નાશ કરનારો જાણવો.
- જે હસ્તીના પાછળના જમણા પગના ઘૂંટણની નીચે સફેદ રંગનુ શંખને આકારે ચિહ્ન હોય, તેને કલ્યાણકારી જાણવો,
- જે હસ્તીના પાછળના જમણા પગના ઘૂંટણની નીચે ઘણા કેશો તથા મસો ઊગેલા હોય, તેવો હસ્તી તેના સ્વામીનું છ માસની અંદર મૃત્યું કરે છે.
- જે હાથીના પાછળના ડાબા પગના સાથળમાં સફેદ રંગનું ચક્રને આકારે ચિહ્ન હોય, તેવો હસ્તી તેના સ્વામીને રાજ્યાસન મેળવી આપે છે.
- જે હસ્તીના પાછલા ડાબા પગના સાથળમાં સફેદ રંગનું ધ્વજના આકારનું ચિહ્ન હોય, તેવા હસ્તીના પાછળના ડાબા પગના સાથળમાં દીપકની શિખાના આકારનું સફેદ રંગનું પાટલના પુષ્પના આકારનું ચિહ્ન હોય છે, તેવો હસ્તી તેના સ્વામીની અત્યંત લક્ષ્મી વધારે છે,
- જે હસ્તીના પાછળના ડાબા પગના ઘૂંટણ પર ઘણા મસો ઊગેલા હોય, તેવો હસ્તી તેના સ્વામીના પરિવારનો નાશ કરે છે.
- જે હસ્તીના પાછળના ડાબા પગના ઘૂંટણની પાછળ સફેદ રંગનું ત્રિશૂલ આકારે ચિહ્ન હોય છે, તેવો હસ્તી તેના સ્વામીને રોગની ઉત્પત્તિ કરે છે, માટે તેવા હસ્તીને દૂરથી જ તજવો.
- જે હસ્તીના પાછળના ડાબા પગના ઘૂંટણની નીચે સફેદ રંગનુ તીરના આકારનું ચિહ્ન હોય, તેવો હસ્તી તેના સ્વામીને રણસંગ્રામમાં વિજય મેળવી આપે છે, તથા તેની કીર્તિ પણ અત્યંત વધારી આપે છે.
- જે હસ્તીના પાછળના ડાબા પગની તલી ઉપર ભ્રમરા આકારનું ચિહ્ન હોય છે, તેવો હસ્તીના તેના સ્વામીનું તુરત મૃત્યુ નિપજાવે છે.
- જે હસ્તીની પૂંછડી પર બિલકુલ વાળ ન હોય, તેવો હસ્તી તેના સ્વામીની લક્ષ્મીનો તુરત ક્ષય કરે છે, તેમાં સંદેહ નથી.

- જે હસ્તીની ઉપરના ભાગથી જ ઘણા વાળો હોય કે જેથી પૂંછડીનું ચર્મ દેખાતું પણ ન હોય તેવો હસ્તી તેના સ્વામીના પરિવાર તથા ધનનો નાશ કરે છે, અને તેની કીર્તિનો પણ નાશ કરે છે.
- જે હસ્તીનું પૂછડું નીચે જમીનને સ્પર્શ કરતું હોય, તેવો હસ્તી તેના સ્વામીની લક્ષ્મી તથા કીર્તિનો નાશ કરે છે.
- જે હસ્તીનું પૂંછડું ઘુંટણથી જરા નીચે રહેતું હોય, તેવો હસ્તી તેના સ્વામીની ઋદ્ધિનો વધારો કરે છે.
- જે હસ્તીના પૂંછડામાં ઉપરના ભાગમાં ઘણા કેશ હોય, અને છેડા ઉપર બિલકુલ વાળ ન હોય, તેવો હસ્તી રાક્ષસની પેઠે કુટુંબનું ભક્ષણ કરે છે, અર્થાત્ કુટુંબનો નાશ કરે છે.
- જે હસ્તીના પૂછડા પરના કેશો સફેદ રંગના હોય, તથા ચળકાટ કરતા હોય, તેવો હસ્તી તેના સ્વામીની વૃદ્ધિ કરે છે તથા તેને રાજાની કૃપા મેળવી આપે છે.
- જે હસ્તીના પૂંછડા પર ઉપરના ભાગમાં સફેદ રંગનો પટ્ટો હોય, તેવો હસ્તી તેના સ્વામીની લક્ષ્મીનો નાશ કરે છે.
- જે હસ્તીની પીઠના પાછળના બન્ને ભાગો પર મત્સ્યના આકારનાં ચિહ્નો હોય, તેવો હસ્તી તેના સ્વામીના સુખને વધારે છે, તથા તેની કીર્તિ જગતમાં ફેલાવે છે.
- જે હસ્તીની પીઠના પાછળના બન્ને ભાગો પર ગદાના આકારનાં ચિહ્નો હોય, તેવો હસ્તી તેના સ્વામીને રણસંગ્રામમાં શત્રુ તરફનો ભય ઉપજાવે છે.
- જે હસ્તીની પીઠના પાછળના બન્ને ભાગો પર છત્રના આકારનાં ચિહ્નો હોય. તેવો હસ્તી તેના સ્વામીને પ્રતિવાસુદેવની પદવી મેળવી આપે છે.
- જે હસ્તીની પીઠના પાછળના બન્ને ભાગો પર સફેદ રંગના દેવવિમાનના આકારનાં ચિહ્નો હોય, તેવો હસ્તી તેના સ્વામીને ધર્મકાર્યમાં જોડે છે. તથા તેની લક્ષ્મીમાં વૃદ્ધિ કરે છે.

- જે હસ્તીની પીઠ પર અંકુશના આકારનું ચિહ્ન હોય, તેવો હસ્તી તેના સ્વામીને રણસંગ્રામમાં વિજય મેળવી આપે છે.
- જે હસ્તીની પીઠ પર સફેદ રંગનું કમલ સરખું ચિહ્ન હોય છે, તેવો હસ્તી તેના સ્વામીને સ્ત્રીઓનું તથા પરિવારનું સુખ મેળવી આવે છે.
- જે હસ્તીના કુંભસ્થલમાંથી મદ વહેતો હોય, તેને ઉત્તમ જાતિનો હસ્તી જાણવો; તેવો હસ્તી તેના સ્વામીની લક્ષ્મીની વૃદ્ધિ કરે છે.
- જે હસ્તીની પીઠ પર વિષમતા હોય, તથા ઘણા મસો ઊગેલા હોય, તેવો હસ્તી તેના સ્વામીની લક્ષ્મી તથા પરિવારનો પણ નાશ કરે છે.
- જે હસ્તીની પીઠ પર અત્યંત કેશો ઊગેલા હોય, તેવો હસ્તી તેના સ્વામીના કુટુંબનો નાશ કરે છે. જે હસ્તીની ગતિ વિષમ હોય તેવો હસ્તી ધનધાન્ય આદિકની નાશ કરે છે.
- જે હસ્તીની ગતિ અત્યંત ધીમી હોય, તેવો હસ્તી દેશમાં દુકાલ આદિનો ભય ઉપજાવે છે.
- જે હસ્તીની સાધારણ ગતિ અત્યંત ઉતાવળી હોય, તેવો હસ્તી સ્વામીને શત્રું તરફના સંકટમાં પાડે છે.
- જે હસ્તી વારંવાર ગર્જના કરતો હોય, તેવો હસ્તી તેના સ્વામીના રાજ્યનો ભ્રંશ (નાશ) કરે છે.
- હસ્તીની ગર્જના ગંભીર તથા વારંવાર ન થતી હોય તેવો હસ્તી તેના સ્વામીને રણસંગ્રામમાં વિજય મેળવી આપે છે, તથા તેની લક્ષ્મી અને પરિવાર આદિકની વૃદ્ધિ કરે છે.
- જે હસ્તીના ગર્જના ભયંકર હોય છે, તેવો હસ્તી તેના સ્વામીની પરિવારનો નાશ કરે છે.
- જે હસ્તીની ગર્જના તીવ્ર તથા કર્ણને કટુ લાગે તેવી હોય છે, તેવો હસ્તી તેના સ્વામીનો નાશ કરે છે.
- એવી રીતકે હસ્તિપરીક્ષાનું સ્વરૂપ જાણવું. હસ્તિનીનાં (હાથણીનાં) લક્ષણો પણ તે જ પ્રમાણે જાણવાં; પણ તે પર સવારી કરવાનો શ્રી સર્વજ્ઞ પ્રભુએ નિષેધ કરેલો છે, માટે રાજા આદિકે હાથણીઓને સવારી માટે

નહી રાખવી. વળી હસ્તીઓ પણ પ્રાય: રાજા આદિકે જ સવારી માટે રાખવા; પણ બીજા ગૃહસ્થોએ સવારી માટે રાખવા નહીં કેમકે હસ્તી ઉપર ચડવાને રાજા જ યોગ્ય છે.

## બળદોનાં લક્ષણો

- પ્રાય: બળદ સફેદ અથવા લાલ રંગનો જ પસંદ કરવો, પણ શ્યામ રંગનો કલ્યાણની ઈચ્છાવાળા ગૃહસ્થોએ બળદ ગ્રહણ કરવો નહી. બળદની ઊંચાઈ આગળના પગની ખરીથી માંડીને કકુદ સુધાંની (ખુંધ સુધીની) પંચાણું આંગુલથી માંડીને એકસો આંગલ સુધીની હોય, તેને ઉત્તમ જાતિનો બળદ જાણવો; તેથી ઓછી અથવા અધિકી ઊંચાઈ હોય, તો તેને કનિષ્ઠ જાતિનો બળદ જાણવો.
- જે બળદની લંબાઈ શ્રૃંગના (શિંગડાંના) મૂળથી માંડીને પૂંછડા સુધાં એકસોને સાઠ આંગુલથી માંડીને એકસોને સિત્તેર આંગુલની હોય, તેને ઉત્તમ જાતિનો બળદ જાણવો; તથા તેથી ઓછી અથવા અધિકી લંબાઈ હોય, તેને કનિષ્ઠ જાતિનો બળદ જાણવો. એવી રીતે બળદનાં સામાન્ય લક્ષણ જાણવાં.
- જે બળદનાં બન્ને શિંગડાં અર્ધ ચંદ્રના આકાર સરખાં હોય, તેને ઉત્તમ જાતિનો બળદ જાણવો; તેવો બળદ તેનાં સ્વામીની સંપત્તિની વૃદ્ધિ કરે છે.
- જે બળદનાં શિંગડાંઓમાં ચીરા પડેલા હોય, તેવો બળદ તેનાં સ્વામીની લક્ષ્મી વિગેરેનો નાશ કરે છે;
- જે બળદનું જમણી તરફ કરતાં ડાબી તરફનું શિંગડું મોટું હોય, તેવો બળદ તેના સ્વામીની લક્ષ્મીનો તુરત નાશ કરે છે.
- જે બળદના જમણી તરફના શિંગડાં પર વાળો ઊગેલા હોય, તેવો બળદ તેના સ્વામીની લક્ષ્મી તથા કીર્તિનો નાશ કરે છે. જે બળદનાં શિંગડાંઓનો રંગ હાથીના અગ્ર દાંતો સરખો સફેદ હોય, તેનો બળદ તેના સ્વામીની કીર્તિ તથા પરિવારની વૃદ્ધિ કરે છે.
- જે બળદના ડાબી તરફના શિંગડા પર સફેદ રંગનું ચક્રના આકારનું

ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીને રાજ્ય આદિકથી લાભ મેળવી આપે છે, તથા તેની કીર્તિની પણ વૃદ્ધિ કરે છે.

- જે બળદનાં બન્ને શિંગડાઓના મૂળમાં મસો ઊગેલા હોય, તેવો બળદ તેના સ્વામીના પરિવારનો નાશ કરે છે;
- જે બળદનાં બન્ને શિંગડાં વાંકાં-ચૂંકા હોય, તેવો બળદ તેના સ્વામીના ધનની હાનિ કરે છે, તથા અગ્નિ આદિકનો પણ ભય ઉપજાવે છે.
- જે બળદનાં બન્ને શિંગડાંઓ ઘણાં જ ટૂંકાં, એટલે સોળ સોળ આંગુલથી પણ ઓછાં લાંબાં હોય, તેવો બળદ તેના સ્વામીને રોગ આદિકનો ભય ઉપજાવે છે.
- જે બળદના બન્ને શિંગડાઓ વાંકા વળીને પરસ્પર સ્પર્શ કરતાં હોય, તેવો બળદ તેના સ્વામીની અત્યંત લક્ષ્મી વધારે છે તથા રાજ્ય આદિકમાં તેની કીર્તિ ફેલાવે છે.
- જે બળદનાં બન્ને શિંગડાંનો રંગ ચળકતા લીલા રંગનો હોય છે. તેવો બળદ તેના સ્વામીને અકસ્માત અત્યંત ધનની પ્રાપ્તિ કરે છે, તથા તેવો બળદ કોઈ અત્યંત પુણ્યશાળીને જ મળે છે.
- જે બળદના કપાળમાં સફેદ રંગનું શુક-પોપટના આકારનું ચિહ્ન હોય છે, તેને ઉત્તમ જાતિનો બળદ જાણવો, તેવો બળદ તેના સ્વામીને રાજ્ય તરફનું સુખ મેળવી આપે છે.
- જે બળદના કપાળમાં સર્પને આકારે સફેદ અથવા લાલ રંગનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીને પરદેશગમન કરાવે છે, તથા ત્યાં તેને અત્યંત સંકટમાં પાડે છે.
- જે બળદના કપાળમાં સફેદ રંગનું પદ્મના આકારનું ચિહ્ન હોય છે, તેને ઉત્તમ જાતિનો બળદ જાણવો, તેવો બળદ તેના સ્વામીને ધનની તથા કીર્તિની પ્રાપ્તિ કરાવે છે.
- જે બળદના કપાળમાં પીળા સોનેરી રંગનું ભ્રમરને આકારે ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીની લક્ષ્મીનો નાશ કરે છે, તથા તેને અત્યંત સંકટમાં નાખે છે.

* જે બળદના કપાળમાં લાવા અથવા સફેદ રંગનું શંખના આકારનું ચિહ્ન હોય છે, તેવો બળદ તેના સ્વામીને જલમાર્ગે પર્યટન કરાવે છે, તથા તેને વ્યાપારમાં અત્યંત ધન મેળવી અપાવે છે.
* જે બળદના કપાળમાં કલશના આકારનું સફેદ રંગનું ચિહ્ન હોય, તેને મહામંગલકારી જાણવો, તેવો બળદ તેના સ્વામીની લક્ષ્મી તથા કીર્તિની વૃદ્ધિ કરે છે.
* જે બળદના કપાળમાં શ્યામ રંગનું મુશળના આકારનું ચિહ્ન હોય છે, તેવો બળદ તેના સ્વામીના પરિવારનો તથા લક્ષ્મીનો પણ નાશ કરે છે. જે બળદના કપાળમાં સફેદ રંગનું મુશળના આકારનું ચિહ્ન હોય છે, તેવો બળદ તેના સ્વામીને મૃત્યું સંબંધી ભય ઉપજાવે છે.
* **જે બળદના કપાળમાં લાલ રંગનું મૃત્યું સંબંધી ભય ઉપજાવે છે.** જે બળદના કપાળમાં લાલ રંગનું ધનુષ્યના આકારનું ચિહ્ન હોય છે. તેવો બળદ સ્વામીને રાજયલક્ષ્મીની પ્રાપ્તિ કરે છે, પણ જો તે ધનુષ્યમાં બાણ ચડાવેલું હોય, તો રાજયલક્ષ્મીની **પ્રાપ્તિ કરાવીને શત્રુને હાથે તેનો સહાર કરાવે છે.**
* જે બળદના કપાળમાં લાલ રંગનુ પદ્મ કોશના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીની લક્ષ્મીની તથા કીર્તિની પણ અત્યંત વૃદ્ધિ કરે છે.
* જે બળદના બન્ને કાનો સીધા ઊંચા રહેતા હોય, તથા અણીશુદ્ધ હોય, તેને અત્યંત ઉત્તમ જાતિનો બળદ જાણવો; તેવો બળદ કોઈ ભાગ્યશાળીને જ મળે છે, તેવો બળદ તેના સ્વામીની કીર્તિ, લક્ષ્મી તથા પરિવારની અત્યંત વૃદ્ધિ કરે છે તથા તેને મૃત્યુપર્યંત સુખી અવસ્થામાં રાખે છે.
* જે બળદનો જમણો કાન ડાબા કાનથી વધારે લાંબો હોય છે, તેવો બળદ તેના સ્વામીના પરિવારનો નાશ કરે છે, અથવા તેને અગ્નિ આદિકનો ભય ઉપજાવે છે.
* જે બળદનાં ડાબા કાન પર ઘણા મસો ઊગેલા હોય, તેવો બળદ તેના સ્વામીનાં સંતાનોનો નાશ કરે છે, તથા રાજય આદિકનો તે ભય ઉપજાવે છે.

* જે બળદના જમણા કાનની  અંદરના ભાગ પર સફેદ રંગનો લીસોટો હોય, તેવો બળદ તેના સ્વામીને જળનો ભય ઉપજાવે છે.

* જે બળદના બન્ને કાનો પર ઉપરના ભાગમાં લાલ રંગના લીસોટા હોય, તેવો બળદ તેના સ્વામીને શત્રુ તરફનો ભય ઉપજાવે છે, તથા તેને મહા સંકટમાં નાખે છે.

* જે બળદની અત્યંત ઉત્તમ જાતિનો જાણવો; તેવો બળદ તેના સ્વામીને સ્ત્રી તરફનું સુખ વધારી આપે છે, તથા તેની લક્ષ્મીની પણ વૃદ્ધિ કરે છે. જે બળદના કંઠની નીચે સફેદ અથવા લાલ રંગનું ચક્રના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીની લક્ષ્મીની વૃદ્ધિ કરે છે.

* જે બળદનો આગળનો જમણો પગ ડાબા પગથી જરા નાનો હોય, તેવો બળદ તેના સ્વામીને ભયંકર રોગની પ્રાપ્તિ કરે છે, માટે પોતાનું શ્રેય ઈચ્છતા માણસે તેવો બળદ ગ્રહણ કરવો નહીં.

* જે બળદનો આગલો જમણો પગ જરા ખોડંગાતો હોય, તેવો બળદ તેના સ્વામીનું છ માસની અંદર મૃત્યું નિપજાવે છે. જે બળદના આગલા જમણા પગની જાંઘમાં સફેદ રંગનું યોનિના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીના પરિવારનો તુરત નાશ કરે છે.

* જે બળદના આગલા જમણા પગની જાંઘમાં લાલ રંગનું ધ્વજને આકારે ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીની કીર્તિને ચારે દિશામાં ફેલાવે છે.

* જે બળદના આગલા જમણા પગની જાંઘમાં ગુલાબના રંગ જેવા તથા કોમળ વાળ હોય છે. તેવો બળદ વાસુદેવને જ પ્રાપ્ત થાય છે.

* જે બળદનાં આગલા જમણા પગની જાંગમાં સફેદ રંગનું ત્રિશૂલના આકારનું ચિહ્ન હોય છે, તેવો બળદ તેના સ્વામીને શત્રુ તરફનો ભય ઉપજાવે છે.

* જે બળદના આગલા જમણા પગના ઘૂંટણ પર સફેદ રંગનું શંખના આકારનું ચિહ્ન હોય છે, તેવો બળદ તેના સ્વામીની કીર્તિનો ફેલાવો કરે છે.

* જે બળદના આગળના જમણા પગના ઘૂંટણની નીચે સફેદ રંગનું વલયને

આકારે ચિહ્ન હોય તેવો બળદ તેના સ્વામીને ચક્રવર્તીપણાનું રાજ્ય અપાવે છે.

- જે બળદના આગળના જમણા પગની ખરીના મૂળમાં સફેદ રંગનું અર્ધ ચંદ્રના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીની સંપત્તિની વૃદ્ધિ કરે છે. પણ તે અર્ધ ચંદ્ર સરખા આકારમાં વચ્ચે ફાટ પડેલી હોય, તો તે લક્ષ્મીનો નાશ કરે છે.

- જે બળદના આગળના ડાબા પગની જાંઘમાં લાલ રંગનું કૂર્મના (કાચબાના) આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીની લક્ષ્મી સ્થિર કરે છે.

- જે બળદના આગલા પગની જાંઘમાં સફેદ રંગનું બાણના આકારનું ચિહ્ન હોય છે, તેવો બળદ તેના સ્વામીને રણસંગ્રામમાં શત્રુની તરફથી પરાજય અપાવે છે.

- જે બળદના આગલા ડાબા પગની જાંઘમાં લાલ રંગનું દીપકની શિખાના આકારનું ચિહ્ન હોય છે, તેવો બળદ તેના સ્વામીને અગ્નિનો ત્રાસ ઉપજાવે છે.

- જે બળદના આગલા ડાબા પગની જાંઘમાં સફેદ રંગનું ગદાના આકારાનું ચિહ્ન હોય છે, તેવો બળદ તેના સ્વામીનું એક વર્ષની અંદર મૃત્યુ નિપજાવે છે, તે વાત સંદેહ વિનાની છે.

- જે બળદના આગળના ડાબા પગની ઘૂંટણની પાછલા ભાગમાં લાલ રંગનું મુશળના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીને ઘણા સુવર્ણની પ્રાપ્તિ કરાવી આપે છે.

- જે બળદના આગળના ડાબા પગના ઘૂંટણ પર લાલ રંગનું કમળના બીજ સરખા આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીને અકસ્માત્ ધનની પ્રાપ્તિ કરાવે છે.

- જે બળદના આગળના ડાબા પગના ઘૂંટણમાં સફેદ રંગનું પુષ્પના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીની લક્ષ્મીનો નાશ કરે છે.

- જે બળદના આગળના ડાબા પગના ઘૂંટણની નીચે લાલ રંગનું મુશળના

આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીનું એક વર્ષની અંદર મૃત્યુ નિપજાવે છે.

- જે બળદના આગળના ડાબા પગના ઘૂંટણની નીચે ઘણા લાંબા વાળો ઊગેલા હોય, તેવો બળદ તેના સ્વામીના પરિવારનો નાશ કરે છે. જે બળદના આગળના ડાબા પગની ખરી પર સફેદ રંગનું યોનિના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીના પરિવારની વૃદ્ધિ કરે છે.

- જે બળદના આગળના ડાબા પગની ખરીના મૂળમાં ઘણા મસો ઊગેલા હોય, તેવો બળદ તેના સ્વામીની લક્ષ્મીનો તુરત નાશ કરે છે. જે બળદના આગળના ડાબા પગની ખરીના મૂળમાં ઘણા ચીરા પડેલાં હોય, તેવો બળદ તેના સ્વામીને રાજ્ય આદિકનો ભય ઉપજાવે છે.

- જે બળદના આગળના બન્ને પગની ખરીનો રંગ હાથીદાંત સરખો સફેદ હોય, તેવો બળદ તેના સ્વામીને વ્યાપાર આદિરમાં ઘણો જ લાભ મેળવાવી આપે છે.

- જે બળદના આગળના બન્ને પગોની વચ્ચે સફેદ રંગનું ગદાના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીના પરિવારની વૃદ્ધિ કરે છે, તથા તેની કીર્તિ ચોતરફ ફેલાવે છે.

- જે બળદના આગળના બન્ને પગોની વચ્ચેના ભાગમાં લાલ રંગનું અંકુશના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીને રોગ આદિકનો અત્યંત ભય ઉપજાવે છે; માટે તેવો બળદ પોતાનું શ્રેય ઈચ્છનાર ગૃહસ્થોએ રાખવો નહીં.

- જે બળદના ઉદરના ભાગ પર સફેદ રંગનું પતાકાના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીની કીર્તિ ફેલાવે છે, પણ જો તે પતાકા ધ્વજદંડ સહિત હોય તો તેવો બળદ તેના સ્વામીને અખૂટ લક્ષ્મી અકસ્માત મેળવી આપે છે.

- જે બળદના ઉદરભાગ પર લાલ રંગનુ નકુલના (નોળિયાના) આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીની લક્ષ્મીનો તુરત નાશ કરે છે.

- જે બળદના ઉદરભાગ પર લાલ રંગનુ વીછુંના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીના પરિવારનો નાશ કરે છે.

- જે બળદના ઉદરભાગ પર સફેદ રંગનું કલશના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીની લક્ષ્મી વિગેરેની વૃદ્ધિ કરે છે. જે બળદના ઉદરભાગ પર બિલકુલ કેશ નથી હોતા, તેવો બળદ તેના સ્વામીને મરણાંત કષ્ટમાં પાડે છે.

- જે બળદના ઉદરભાગ પર શ્યામ રંગનું શુકના (પોપટના) આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીની કીર્તિની અત્યંત વૃદ્ધિ કરે છે.

- જે બળદના ઉદરભાગ પર જમણી તરફના પાસામાં શ્યામ રંગનું યોનિના આકારનું ચિહ્ન હોય છે, તેવો બળદ તેના સ્વામીના પરિવારની વૃદ્ધિ કરે છે. જે બળદના ઉદરભાગ પર જમણી તરફના પાસામાં સફેદ રંગનું પુષ્પના આકારનું ચિહ્ન હોય છે, તેવા બળદ તેના સ્વામીને ખેતીવાડીમાંથી અત્યંત દ્રવ્ય મેળવી આપે છે.

- જે બળદના ઉદરભાગ પર જમણી તરફના પડખામાં લાલ રંગનું ધનુષ્ય આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીને રણસંગ્રામમાં વિજય મેળવી આપે છે.

- જે બળદના ઉદરભાગ પર જમણી તરફ પડખામાં સફેદ રંગનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીને લોભિષ્ટ કરે છે.

- જે બળદના ઉદરભાગ પર જમણી તરફના પાસામાં લાલ રંગનું સિંહના નખના આકારનું ચિહ્ન હોય છે, તેવો બળદ તેના સ્વામીનાં બીજા પશુઓનો નાશ કરે છે.

- જે બળદના ઉદર ભાગ પર જમણી તરફના પાસામાં સફેદ રંગનું કૂર્મના (કાચબાના) આકારનું સૂક્ષ્મ ચિહ્ન હોય છે, તેવો બળદ તેના સ્વામીને જલપર્યટન કરાવીને અત્યંત ધન મેળવી આપે છે.

- જે બળદના ઉદરભાગ પર જમણી તરફના પાસામાં શ્યામ રંગનું મત્સ્યયુગલના આકારનું ચિહ્ન હોય છે, તેવો બળદ તેના સ્વામીને જલમાર્ગના વ્યાપારમાં ઘણો જ ફાયદો કરાવે છે.

- જે બળદના ઉદરભાગમાં જમણી તરફના પડખામાં પુષ્પની માલાના આકારનું સફેદ રંગનું ચિહ્ન હોય છે, તેવો બળદ તેના સ્વામીની સંપત્તિ વધારી આપે છે.

* જે બળદના ઉદરભાગ પર જમણી તરફના પાસામાં સ્વસ્તિકના આકારનું ચિહ્ન હોય છે, તેવો બળદ તેના સ્વામીને પુત્રપ્રાપ્તિ કરાવી આપે છે.

* જે બળદના પાછળના જમણા પગના સાથળમાં લાલ રંગનું વલયના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીના પરિવારની વૃદ્ધિ કરે છે.

* જે બળદના પાછળના જમણા પગના સાથળમાં સફેદ રંગનું ચામરના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીને રાજ્યનું સુખ મેળવી આપે છે.

* જે બળદના પાછળના જમણા પગના ઘૂંટણ પર શ્યામ રંગનું સિંહના નખના આકારનું ચિહ્ન હોય તેવો બળદ તેના સ્વામીના પરિવાર તથા ધનનો નાશ કરે છે.

* જે બળદના પાછળના જમણા પગના ઘૂંટણની પાછળના ભાગમાં ભમરના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીની સ્ત્રીઓનો નાશ કરે છે.

* જે બળદના પાછળના જમણા પગના ઘૂંટણ પર એકથી વધારે વળીઓ પડતી હોય, તેવો બળદ તેના સ્વામીને જળનો ભય ઉપજાવે છે.

* જે બળદના પાછળના જમણા પગના ઘૂંટણ પર લાંબા વાળો ઊગેલા હોય, તેવો બળદ તેના સ્વામીની સંપત્તિનો તુરત નાશ કરે છે, તે વાત સંદેહ રહિત છે, માટે તેવો બળદ કોઈએ પણ પોતાના શ્રેયની ઈચ્છાથી ગ્રહણ કરવો નહી.

* જે બળદના પાછળના જમણા પગના ઘૂંટણની નીચે લાલ રંગનું લાબું નકુળના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીની સ્ત્રી તથા પરિવારનો નાશ કરે છે. જે બળદના પાછળના જમણા પગના ઘૂંટણની નીચે સફેદ રંગનું દાડમના પુષ્પના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીને આદિકાથી અત્યંત દ્રવ્ય ઉપાર્જન કરાવી આપે છે.

* જે બળદના પાછળના જમણા પગના ઘૂંટણની નીચે પીળા રંગનું શંખના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીને જળમાર્ગ પર્યટન કરાવે છે, તથા વ્યાપારમાં તેને અખૂટ ઘૂંટણની નીચેના ભાગમાં ઘણા મસો

ઊગેલા હોય, તેવો બળદ તેના સ્વામીના પરિવારનું તુરત મૃત્યુ કરે છે.

* જે બળદના પાછળના જમણા પગના ઘૂંટણની નીચે એકથી વધારે કરચલીની વળીઓ પડતી હોય, તેવો બળદ તેના સ્વામીને અસાધ્ય રોગની ઉત્પત્તિ કરનારો થાય છે, માટે તેવો બળદ ઘરમાં રાખવો નહીં. જે બળદના પાછળના જમણા પગના ઘૂંટણની નીચેના ભાગમાં બિલકુલ રૂવાં ઊગેલાં ન હોય, તેવો બળદ તેના સ્વામીનું છ માસની અંદર નીશ્ચે મૃત્યુ નિપજાવે છે.

* જે બળદના પાછળના જમણા પગના ઘૂંટની નીચે શ્યામ રંગનું કપોત પક્ષીના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીને અત્યંત સુર્વણનો લાભ મેળવી આપે છે.

* જે બળદના પાછળના જમણા પગની ખરી પર લાલ રંગનું ગોળ આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીની લક્ષ્મીની વૃદ્ધિ કરે છે, તથા તેની કીર્તિ ફેલાવે છે.

* જે બળદના પાછળના જમણા પગની ખરી પર શ્યામ રંગનું કાગડાની ચાંચના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીના પરિવારમાં ભયંકર રોગની ઉત્પત્તિ કરે છે, તથા તેથી ઘણા માણસોનાં મૃત્યુ નિપજે છે.

* જે બળદના પાછળના જમણા પગની ખરીની મૂળમાં એટલા લાંબા વાળ ઊગેલા હોય કે જેથી ખરીઓ ઢંકાઈ જતી હોય, તેવો બળદ તેના સ્વામીના પરિવારનો અગ્નિથી નાશ કરે છે.

* જે બળદના પાછળના ડાબા પગના સાથળમાં સુવર્ણના રંગ જેવું મયૂરના પગના પંજાના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીની સંપત્તિ વધારી આપે છે.

* જે બળદના પાછળના ડાબા પગના સાથળમાં સફેદ રંગનું મનુષ્યની નાસિકા આકારનું ચિહ્ન હોય, તેવા બળદ તેના સ્વામીનું છ માસની અંદર મૃત્યુ નિપજાવે છે.

* જે બળદના પાછળના ડાબા પગના સાથળમાં કળશના આકારનું લાલ રંગનુ ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીની લક્ષ્મીની વૃદ્ધિ કરે છે. જે

બળદના પાછળના ડાબા પગના સાથળમાં કળશના આકારનું લાલ રંગનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીની લક્ષ્મીની વૃદ્ધિ કરે છે.

❃ જે બળદના પાછળના ડાબા પગના સાથળમાં ઈંદ્રવજ્રના આકારનું શ્યામ રંગનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીના પરિવારની તથા લક્ષ્મીની પણ હાનિ કરે છે.

❃ જે બળદના પાછળના ડાબા પગના સાથળમાં લાલ રંગનું અર્ધ ચંદ્રના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીની સંપત્તિની વૃદ્ધિ કરે છે.

❃ જે બળદના પાછળના ડાબા પગના સાથળમાં સફેદ રંગનુ મનુષ્યના પંજાના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીને ચોર આદિકનો ભય ઉપજાવે છે.

❃ જે બળદના પાછળના ડાબા પગના સાથળમાં શ્યામ રંગનું મત્સ્યના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીનું જલ આદિકના ભયથી રક્ષણ કરાવે છે.

❃ જે બળદના પાછળના ડાબા પગના સાંથળમાં ત્રણથી વધારે શ્યામ રંગના મશો ઊગેલા હોય, તેવો બળદ તેના સ્વામીના પરિવારનો અગ્નિથી તુરત નાશ કરે છે; માટે પરિવારનું કલ્યાણ ઈચ્છનાર ગૃહસ્થોએ તેવા બળદને ગ્રહણ કરવો નહીં.

❃ જે બળદના પાછળના ડાબા પગના સાંથળમાં કૂર્મના (કાચબાના) મુખના આકારનું અથવા સર્પના મુખના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીની સ્ત્રીનો નાશ કરે છે.

❃ જે બળદના પાછળના ડાબા પગના સાંથળમાં શ્યામ રંગનું જવની શ્રેણિના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીના ખેતી આદિકના વ્યાપારમાં વૃદ્ધિ કરે છે.

❃ જે બળદના પાછળના ડાબા પગના ઘૂંટણ પર ત્રિકોણના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીની સંપત્તિનો તુરત નાશ કરે છે.

❃ જે બળદના પાછળના ડાબા પગના ઘૂંટણ પર લાલ રંગનું વીછીની પૂંછડીના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીના પરિવારનું

નિકંદન કાઢે છે.

❋ જે બળદના પાછળના ડાબા પગના ઘૂંટણની પાછળ લાલ રંગના મક્ષિકાઓના આકારનાં બેથી વધારે ચિહ્નો હોય, તેવો બળદ તેના સ્વામીની લક્ષ્મીની વૃદ્ધિ કરે છે.

❋ જે બળદના પાછળના ડાબા પગના ઘૂંટણની નીચે લાલ રંગનું પાટલ નામના વૃક્ષના પુષ્પના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીને અકસ્માત્ ઘણું દ્રવ્ય મેળવી આપે છે.

❋ જે બળદના પાછળના ડાબા પગના ઘૂંટણની નીચેના ભાગમાં પોપટની ચાંચના આકારનું ચિહ્ન હોય છે, તેવો બળદ તેના સ્વામીને રાજા આદિકની કૃપા મેળવાવી આપે છે.

- જે બળદના પાછળના ડાબા પગના ઘૂંટણની નીચેના ભાગમાં કાળા રંગનું મુદ્રિકાના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામી પર રાજાની ઈતરાજી કરાવે છે, તથા તેને બંધનયુક્ત કેદખાનામાં નખાવે છે.
- જે બળદના પાછળના ડાબા પગની ખરી લંબગોળ આકારની હોય, તેવો બળદ તેના સ્વામીને મિત્રોની સાથે વિરહ કરાવે છે.
- જે બળદના પાછળના ડાબા પગની ખરી ચોખૂણ આકારની હોય, તેવો બળદ તેના સ્વામીના પરિવારનું રક્ષણ કરે છે, પણ જો ત્રિકોણ આકારની હોય, તો તેનો બળદ તેના પરિવારનો ઊલટો નાશ કરે છે.
- જે બળદના પાછળના ડાબા પગની ખરી પર મનુષ્યની આંખના આકારનું સફેદ રંગનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીને અંધાપાનું દુઃખ આપે છે.
- જે બળદના પાછળના ડાબા પગની ખરી પર લાલા રંગનું ઉંદરના મુખના આકારનું ચિહ્ન હોય, તેવા બળદ તેના સ્વામીને કેદખાનાનું દુઃખ આપે છે.
- જે બળદના પાછળના ડાબા પગની ખરી પર ઘણી ફાટો પડેલી હોય, તેવો બળદ તેના સ્વામીને સ્વજનોનો વિરહ ઉપજાવે છે. જે બળદના પાછળના ડાબા પગની ખરીના મૂળમાં કંકણને આકારે લાલ રંગનું ચિહ્ન

હોય, તેવો બળદ તેના નિર્ધન સ્વામીને પણ રાજકન્યા મેળવી આપે છે. તથા ઘણી લક્ષ્મીનો અકસ્માત્ રીતે તેને સ્વામી બનાવે છે.

- જે બળદના પૂંછડામાં એટલા બધા લાંબા વાળ હોય કે જેથી તે પૂંછડું જમીનને અડકતું હોય, તેવો બળદ તેના સ્વામીના પરિવાર તથા ધનનો નાશ કરે છે.
- જે બળદના પૂંછડામાં બિલકુલ વાળ ન હોય, તેવો બળદ તેના સ્વામીના પરિવારનો નાશ કરે છે, તથા તેને રાજ્ય આદિકનો ભય ઉપજાવે છે.
- જે બળદના પૂંછડામાં તેના મૂળથી જ વાળ હોય, તેવો બળદ તેના સ્વામીના સંતાનનો નાશ કરે છે.
- જે બળદના પૂંછડામાં સફેદ તથા લાલ રંગના પટા હોય, તેવો બળદ તેના સ્વામીની લક્ષ્મીનો વધારો કરે છે. જે બળદના પૂંછડામાં વાળો અતિશય કર્કશ હોય. તેવો બળદ તેના સ્વામીના પરિવારમાં ભયંકર રોગની ઉત્પત્તિ કરે છે.
- જે બળદના પૂંછડાના મૂળમાં ઘણા માસા ઊગેલા હોય, તેવો બળદ તેના સ્વામીને અગ્નિ આદિકનો ભય ઉપજાવે છે. તથા તેની લક્ષ્મીનો પણ નાશ કરે છે. જે બળદના પૂંછડાનો છેડો તેના ઘૂંટણથી પણ ઊંચો રહેતો હોય, તેવો બળદ તેના સ્વામીના પરિવારનો રોગ આદિકથી નાશ કરે છે, તથા તેની લક્ષ્મી તથા પરિવાર વિગેરેની વૃદ્ધિ કરી આપે છે.
- જે બળદના પૂંછડાના વાળ કાળા રંગના હોય, તેવો બળદ તેના સ્વામીને પિશાચ આદિકનો ઉપદ્રવ કરાવે છે.
- જે બળદનું પૂંછડું મરડાએલું હોય, તેવો બળદ તેના સ્વામીનું અકસ્માત્ મૃત્યુ નિપજાવે છે.
- જે બળદનું પૂછડું અતિ સ્થૂલ (જાડું) હોય, તેવો બળદ તેના સ્વામીને ખેતી આદિક વ્યાપારમાં ઘણું નુકસાન કરે છે.
- જે બળદનું પૂંછડું અતિશય કૃશ (પાતળું) હોય, તેવો બળદ તેના સ્વામીની લક્ષ્મી તથા પરિવારનો પણ નાશ કરે છે.
- જે બળદના પૂછડાંમાં ઉપરના ભાગમાં વાળ હોય અને છેડાના ભાગમાં

વાળ ન હોય, તેવો બળદ તેના સ્વામીની સંપત્તિ નો તુરત નાશ કરે છે.

- જે બળદના પૂંછડાના મૂળ આગળ શ્વેત રંગનું વલયના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીને ચક્રવર્તીપણાનું રાજ્ય મેળવી આપે છે.
- જે બળદના પૂંછડાના છેડા પર મસો ઊગેલા હોય, તેવો બળદ તેના સ્વામીને જળનો ભય ઉપજાવે છે.
- જે બળદની પૃષ્ઠના પાછળના બન્ને ભાગો પર મત્સ્યયુગલનાં લાલ અથવા સફેદ રંગનાં ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીને જળપર્યટન કરાવે છે, તથા તેથી તેને ઘણા દ્રવ્યની પ્રાપ્તિ કરાવી આપે છે.
- જે બળદના પૃષ્ઠની પાછળના બન્ને ભાગો પર શ્વેત અથવા લીલા રંગના એકેક મત્સ્યનાં ચિહ્નો હોય, તેવો બળદ તેના સ્વામીને જલપર્યટન કરાવે છે, પણ તેમાં તેનું મૃત્યું નિપજાવે છે.
- જે બળદના પૃષ્ઠની પાછળના બન્ને ભાગો પર દંડ સહિત છત્રના આકારનાં શ્વેત રંગના ચિહ્નો હોય, તેવો બળદ તેના સ્વામીને અકસ્માત્ રાજ્યપ્રાપ્તિ કરાવી આપે છે.
- જે બળદના પૃષ્ઠની પાછના બન્ને ભાગો પર શ્યામ રંગનું ગૃધ્ર (ગીધ) પક્ષીના મસ્તકના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીના પરિવાનું ભક્ષણ કરે છે.
- જે બળદના પૃષ્ઠની પાછળના બન્ને ભાગો પર શ્વેત રંગનું કૂર્મના આકારનાં સૂક્ષ્મ ચિહ્નો હોય, તેવો બળદ તેના સ્વામીના પરિવાર રક્ષણ કરે છે, તથા કીર્તિને સર્વ જગોએ વિસ્તારે છે.
- જે બળદના બન્ને ભાગો પર લાલ રંગના દક્ષિણાવર્ત શંખના આકારનાં ચિહ્નો હોય, તેવો બળદ તેના સ્વામીના પરિવારની કીર્તિ વધારે છે, તથા તેની લક્ષ્મીની પણ વૃદ્ધિ કરે છે.
- જે બળદના પૃષ્ઠની પાછળના બન્ને ભાગો પર શ્યામ રંગના કાગડાની ચાંચના આકારનાં ચિહ્નો હોય, તેવો બળદ તેના સ્વામીની લક્ષ્મીનો તથા તેની કીર્તિનો પણ નાશ કરે છે.
- જે બળદના પૃષ્ઠની પાછળના બન્ને ભાગો પર સફેદ રંગનાં જિહ્વા સહિત

સર્પના મુખના આકારનાં ચિહ્નો હોય, તેવો બળદ તેના સ્વામીની લક્ષ્મીનો નાશ કરે છે, તથા તેને અને તેના પરિવારને પણ આપઘાત કરાવે છે.

- જે બળદના પૃષ્ઠની પાછળના બન્ને ભાગો ચપટા અને બેસી ગયેલા હોય, તેવો બળદ તેના સ્વામીની લક્ષ્મીનો નાશ કરે છે. તથા તેના દુનિયામાં અપજશ ફેલાવે છે.

- જે બળદના પૃષ્ઠની પાછના બન્ને ભાગો પર શ્યામ રંગના કપોત પક્ષીઓનાં ચિહ્નો હોય, તેવો બળદ તેના સ્વામીને ભયંકર રોગની ઉત્પત્તિ કરે છે, તથા તેથી તુરત તેનું મૃત્યું નિપજાવે છે.

- જે બળદના પૃષ્ઠની પાછળના બન્ને ભાગો પર સફેદ રંગના દીપકની શિખાના આકારના ચિહ્નો હોય, તેવો બળદ તેના સ્વામીને અગ્નિનો ભય ઉપજાવે છે.

- જે બળદના પૃષ્ઠની પાછળના બન્ને ભાગો પર લાલ રંગનાં કોટિક નામના ફળના આકારનાં ચિહ્નો હોય, તેવો બળદ તેના સ્વામીને ખેતીવાડીમાં ઘણો લાભ મેળવી આપે છે.

- જે બળદના પૃષ્ઠની પાછળના બન્ને ભાગો પર શ્યામ રંગનાં કોટિક નામના ફલના આકારનાં ચિહ્નો હોય, તેવો બળદ તેના સ્વામીને ખેતીવાડીમાં ઘણો લાભ મેળવી આપે છે.

- જે બળદના પૃષ્ઠની પાછળના બન્ને ભાગો પર શ્યામ રંગના અર્ધ ચંદ્રના આકારનાં ચિહ્નો હોય, તેવો બળદ તેના સ્વામીના પરિવાર તથા ધનનો નાશ કરે છે.

- જે બળદના પૃષ્ઠ ભાગ પર લાલ રંગનું સર્પના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીનું છ માસની અંદર મૃત્યુ નિપજાવે છે.

- જે બળદના પૃષ્ઠ ભાગ પર લાલ રંગનું પુષ્પની માળાના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીના પરિવારની વૃદ્ધિ કરે છે.

- જે બળદના પૃષ્ઠ ભાગ પર સફેદ રંગનું નકુળના (નોળિયાના) આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીનું તુરત મૃત્યું નિપજાવે છે.

- જે બળદની કકુદ (ખાંધ) બેઠેલી તથા માલૂમ ન પડે તેવી હોય, તેવો

બળદ તેના સ્વામીના પરિવારનો તથા તેની કીર્તિનો પણ નાશ કરે છે.

- જે બળદની કકુદ ઊંચી, પુષ્ટ તથા ચાલતી વખતે જરા નમેલી રહેતી હોય, તેને ઉત્તમ જાતિનો બળદ જાણવો. જે બળદની કકુદ પાતળી હોય, તેવો બળદ તેના સ્વામીની સઘળી સંપત્તિનો નાશ કરે છે.
- જે બળદની કકુદ (કોંઢ) બાર આંગુલથી પણ વધારે ઊંચી હોય, તેવો બળદ તેના સ્વામીને રાજ્યનો ભય ઉપજાવે છે.
- જે બળદની કકુદ પર ઘણા જ લાંબા વાળો ઊગેલા હોય, તેવો બળદ તેના સ્વામીની લક્ષ્મીનો નાશ કરે છે.
- જે બળદની કકુદના મધ્ય ભાગમાં ખોડો પડેલો હોય, તેવો બળદ તેના સ્વામીની સ્ત્રીઓના નાશ કરે છે. જે બળદની કકુદ ગોળ, મનોહર તથા પુષ્ટ હોય, તેવો બળદ તેના સ્વામીની સંપત્તિની વૃદ્ધિ કરે છે.
- જે બળદની કકુદ પર સફેદ રંગનું બન્ને બાજુએ સિંહના નખના આકારનું ચિહ્ન હોય, તેવો બળદ તેના સ્વામીના કુટુંબનો નાશ કરે છે.



## ૭૬, હસ્તરેખા શાસ્ત્ર




૧૦ મણિ બંધ રેખા ૧૦

વધારે પડતું જમીને, શ્રમ કરીને વ્યાયામ કરીને હાથ નહીં બતાવવો જોઈએ.

બહુ જ ગરમીમાં કે શરદીમાં હાથ ન બતાવવો જોઈએ, કારણ કે તેથી રેખાના સ્વાભાવિક રંગમાં ફેરફાર થાય છે.

<u>હાથની મુખ્ય રેખાઓ :-</u>

**હાથમાં નીચે મુજબની મુખ્યરેખાઓ હોય છે.**

※ જીવન રેખા કે અથવા પિતૃરેખા કહે છે.

❋ મસ્તક કે અથવા માતૃરેખા કહે છે.

❋ હૃદયરેખા અથવા આયુષ્ય રેખા કહે છે.

❋ ભાગ્ય રેખા

❋ સૂર્ય રેખા અથવા યશરેખા કહે છે.

❋ આરોગ્ય રેખા અથવા વેપાર રેખા કહે છે.

❋ ચંદ્રરેખા

❋ મંગળ રેખા અથવા કે ભગિની રેખા (જીવનરેખાની) પણ કહે છે.

❋ શુક્ર કંકણ

❋ મણિબંધ રેખાઓ કે જે સાંકળી આકારની કાંડા ઉપર હોય છે.

## મુખ્ય રેખાની અભાવ

ખાસ કરીને દરેક હાથમાં ત્રણ રેખાઓ જોવા મળે છે, જીવનરેખા, મસ્તકરેખા, અને હૃદયરેખા. જ્યારે કેટલાક હાથમાં બે રેખાઓ પણ હોય છે, જીવનરેખા અને મસ્તકરેખા. તેમાં હૃદયરેખાનો અભાવ લાગણીહિન અને જડબુદ્ધિનું સૂચન કરે છે. જ્યારે કેટલાક હાથમાં મસ્તકરેખા અને હૃદય રેખાને બદલે એક જ હથેલીની મધ્યમાં સીધી રેખા હોય છે. ત્યારે તેને મસ્તક રેખા માનવી કે હૃદયરેખા તેની ગૂંચ ઉત્પન્ન થાય છે. પરંતુ જો તે પર્વતો તરફ વધારે પડતી હોય તે હૃદયરેખાનો અભાવ સમજીને કહેવું. જ્યારે કેટલીક વખતે બિલકુલ મધ્યમાં હોય ત્યારે તેવા માણસો જ્યાં લાગણીઓથી જ દોરાય ત્યારે બુદ્ધિ લગારે કામ કરતી નથી અને જો બુદ્ધિથી દોરાય તો લાગણીઓનો બિલકુલ અભાવ થઈ જાય છે. આ બધી બાબતો વિષે આગળ તે રેખાઓના વર્ણન વખતે જોઈશું. જીવનરેખાનો અભાવ હોય તેવું ભાગ્યે જ બને છે.

## ભાગ્ય રેખા

આ રેખાનું હોવું જ પૈસાદાર બતાવે છે તે માન્યતા બિલકુલ કાઢી નાખવી. કારણ કે ભાગ્યરેખા વગરના પણ ધનાઢ્ય હોય છે.

## સૂર્યરેખા

ઘણા હાથમાં બિલકુલ હોતી નથી. જયારે કેટલાક હાથમાં ટૂકડાના સ્વરૂપમાં હોય છે.ત્યારે ઘણા ખરા હથમાં ફક્ત હૃદય રેખાના ઉપરના જ ભાગમાં હોય છે. જે પણ આગળ જોઈશું. સૂર્યરેખાનું હોવું ઘણું જ સારું છે.ત્યારે ન હોવું ખરાબ નથી.

## સ્વાસ્થય રેખા (આરોગ્ય રેખા)

આ રેખા જો હોય તો બિલકુલ સાફ અને સરળ હોય તો જ સારી અને તેનાથી જીવનરેખા કપાતી ન હોય તો જ સારી, ૧ અને ૧-૧ ચોકડી



તે મસ્તકરેખા પર ત્રિકોણ કરવાની કુદરતી શક્તિ. ૨. ત્રિકોણ : વિજ્ઞાનમાં ફતેહ. ૩. તારક તેમજ જાળું :મહાન ચોર બાકી ટુકડાના સ્વરૂપમાં કે અસ્તવ્યસ્ત આરોગ્યની બાબતમાં ઘણી જ ખરાબ છે. તેના કરતાં બિલકુલ ન હોય તે ઘણું સારું.

## મંગળની રેખા

(ભગિની રેખા) : આ રેખા જો હાથમાં હોય તો હિંમત અને ઉત્સાહ જીવનમાં વધારે છે. આવા માણસો કદી પણ નાસીપાસ થતા નથી અને આયુષ્યનો બચાવ કરે છે. આ રેખા ન હોય અને જીવનરેખા સુંદર હોય તે ખરાબ નથી.

## શુક્રકંકણ

() કેટલાકના હાથમાં અસ્તવ્યસ્તપણે જોવા મળે છે જે દુર્ગુણોનો વધારો કરે છે. જ્યારે એક જ ગોળાકાર રેખાથી બનતું હોય તો સારું પરિણામ આપે છે. ત્રુટક કરતાં, ન હોવું વધારે સારું છે.

રેખાઓનું ધોવાવું ઘણું જ અશુભ છે. કેટલીક વાર મોટી બિમારીઓના પરિણામે પણ રેખાઓ ઝાંખી પડી જાય છે. આ બાબતો આરોગ્યની સાથે વધારે સંબંધ રાખનારી છે. જે પણ તે વખતે જોઈશું.

પહોળી રેખાઓ સારું પરિણામ આપતી નથી. ઘણાનાં હાથમાં આવી ધનરેખા હોય છે. પરંતુ ધનનો બિલકુલ અભાવ હોય છે.

## ચિન્હોની સમજ

મુખ્ય રેખાઓની સાથે બીજા ચિન્હો પણ જાણી લેવાં આવશ્યક છે. કારણ કે કેટલાક ચિન્હો શરૂઆતથી જ હોય છે, જ્યારે કેટલાક પાછળથી ઉત્પન્ન થાય છે. અને જેમાં કેટલાક ચિન્હો અમુક પ્રકારના સારા યા માઠા બનાવો બન્યા બાદ અદશ્ય પણ થઈ જાય છે.

ચોરસ : આ એક શુભ ચિન્હ છે અને કેટલીક વાર અશુભ રેખાઓની આસપાસ પડી બચાવ કરે છે. પર્વતો (માઉન્ટ) પર ઘણું જ શુભ પરિણામ આપે છે.




મોટે ભાગે શુભ નિશાન છે. હથેલીમા જીવનરેખા, બુદ્ધિરેખા તેમજ સ્વાસ્થ્ય રેખાથી પણ મોટા ત્રિકોણ બને છે. બીજા પ્રકારમાં જો પર્વતો પર સ્વતંત્ર ત્રિકોણ હોય તે ઘણુ જ સારું પરિણામ તે પર્વતની બાબતમાં આપે છે.

કોણ એ ત્રિકોણથી ઊતરતું શુભ ચિન્હ છે.

## યવ

ફક્ત અંગૂઠા પરના યવને છોડીને બાકી બીજી દરેક જગ્યાએ યવ અશુભ છે.કેટલીક વાર યવ અને ફાટેલી રેખાને ઓળખવામાં ભૂલ થઈ જાય છે. કારણ કે રેખાનું ફાટવું જુદી બાબત છે, જ્યારે યવ એક રેખામાંથી જ બીજો ફાંટો નીકળીને આગળ જઈને યવાકાર બને છે. જે રેખા પર પડે છે, તેનું ઊંધું પરિણામ સૂચવે છે.

## ફાટેલી રેખા

મોટે ભાગે હૃદયરેખા તેમજ જીવનરેખા છેવટના ભાગમાં વૃદ્ધાવસ્થાની નબળાઈનું સૂચન કરે છે. પરંતુ આ પ્રમાણે જો કોઈ બીજી રેખા મધ્ય ભાગમાં કે બીજી જગ્યાએ ફાટે તો તે ઘણું જ ભયંકર પરિણામ તે રેખાની બાબતમાં લાવે છે.

## જાળું

આડી અવળી રેખાઓથી જાળુ બને છે. મોટે ભાગે શુક્રના પર્વત પર કે તેના નીચેના ભાગમાં વધુ દેખાય છે. ત્યારે કોઈ કોઈ હાથમાં ચંદ્ર તેમજ ગુરુના પર્વત પર પણ જોવામાં આવે છે. આ અશુભ ચિન્હ હોઈને જે પર્વત પર પડે છે, તે પર્વત બાબતના દુર્ગુણોને ઉશ્કેરીને અવળે માર્ગે લઈ જાય છે.

## ચોકડી

આ ચિન્હ એક રેખા બીજી રેખાને છેદે છે, ત્યારે બને છે અને કોઈવાર સ્વતંત્ર પણ જોવા મળે છે. આ ચિન્હની બાબતમાં જુદા જુદા મત છે. પરંતુ અનુભવે મુખ્ય રેખાઓ પર ખરાબ પરિણામ સૂચવનારું છે. જ્યારે અમુક પર્વતો પર સ્વતંત્ર રીતે સુંદર ચોકડી હોય તે સારું પરિણામ આપે છે.

## તારક

લગભગ ચોકડીના જેવું પરંતુ ચોકડીનાં ચાર પાંખીયા હોય છે, જ્યારે તારકમાં છ કે આઠ પાંખીયાં હોય છે. આ ચિન્હ આઘાતજનક બનાવોનું સૂચન કરે છે.

## વર્તુળ

રેખાઓ પર વર્તુળ ખરાબ છે અને જે પર્વત પર પડે તેની બાબતમાં અચોક્કસપણું ઉત્પન્ન કરે છે. કેટલીક વખતે શુભ અને કેટલીક વખતે અશુભ.

## ડાઘા અને ટપકાં

હથેળીમાં કેટલીકવાર રેખાઓ ઉપર તેમજ પર્વતો પર ઊંડા પહોળાં નાનાં એવા ડાઘા કે ટપકાં પડે છે ત્યારે કોઈવાર કાળાં કે ભૂરા પણ હોય છે. ખરાબ પરિણામ સૂચવે છે.

## કાળા તલ

તલના માટે આપણા જૂના શાસ્ત્રોમાં એક અલગ જ વિભાગ લખેલો છે, પરંતુ અનુભવે હથેલીમાં તલ કેટલીકવાર ખરાબ પરિણામ આપતો માલૂમ પડ્યો છે.

## રેખાઓનું તૂટવું

ઘણું જ ખરાબ નિશાન છે. તેમાં પણ ભાગ્યરેખાનું તૂટવું બહુ જ અશુભ નિશાન છે. જો આ પ્રમાણે રેખા તૂટતી હોય પરંતુ તેની સાથે

જ જો એક બીજી રેખા સમાંતરે ચાલતી હોય તો તેનો બચાવ થાય છે, પરંતુ ખરાબ પરિણામ તો આપે છે જ. જીવનરેખાની તૂટ માટે બંને હાથમાં જોયા વગર કોઈ પણ જાતનો ઉતાવળીયો અભિપ્રાય આપવો નહીં.

## ચીપીઓ

આના સારા યા માઠા પરિણામનો આધાર તે રેખા પર છે. કારણ કે મસ્તકરેખાના છેડા પરનો ચીપીયો સારું પરિણામ આપે છે માટે તેને દરેક રેખાના વર્ણન વખતે જોઈશું.

## પાંખિયા

કોઈ પણ મુખ્ય રેખામાંથી ઉપરની તરફ જતાં પાંખિયા શુભ પરિણામ આપે છે, જ્યારે નીચેની તરફ જતાં અશુભ છે..



## ઝાડુ આકાર

ખાસ કરીને આ નિશાની જીવનરેખા તેમજ હૃદયરેખાનાં અંતમાં બને છે, અને જે વૃદ્ધાવસ્થાની માનસિક કે શારીરિક નબળાઈનું સૂચક કરે છે.

## કરપૃષ્ઠ તેમજ હથેલી પરથી ભાવી સૂચન

ગયા પ્રકરણમાં આપણે હાથનાં ચિન્હોની સમજ જોઈ ગયા. રેખાઓ વિષે જાણતાં પહેલાં રેખાદર્શનથી બીજી એવી કેટલીય વિગતો છે કે જેને પ્રથમ જાણી લેવી આવશ્યક છે. કારણ કે હાથની આંગળીઓ કરતલ, હાથનો આકાર વગેરે પરથી આપણે તેનામાં રહેલ ગુણધર્મ જાણી શકીએ છીએ, જે જન્મથી જ મળેલા હોય છે.જ્યારે રેખાઓ માણસના પોતે પ્રાપ્ત કરેલા ગુણાવગુણનો ખ્યાલ આપે છે.

હવે જેને કરપૃષ્ઠ કહેવામાં આવે છે તે હથેલીના પાછળના બાગ વિશે જોઈએ. હથેલીના પાછળના ભાગમાં બહુ વાળવામાં ચાંચલ્યવૃત્તિ વધારે હોય છે અને જેને બિલકુલ વાળ નથી હોતાં તેવા માણસો તર્કટી અને ઓછી બુદ્ધિના છીછરા હોય છે. જ્યારે આછા આછા થોડા વાળવાળા એશઆરામી છતાં તેમનામાં દૂરંદેશીપણું વધારે હોય છે.

જે સ્ત્રીઓના કરપૃષ્ઠ પર વધારે વાળ હોય છે. તેવી સ્ત્રીઓ બહુ જ સંકુચિત વિચારની, નિર્દય સ્વાભવની હોય છે.

આંગળીઓના ત્રીજા વેઢા પર (પાછળના ભાગમાં) વાળ હોય તે સખત સ્વાભાવના હોય છે અને જેના દરેક વેઢા પર વાળ હોય તે તેવા માણસો તમોગુણી તેમજ બહુ બોલનારા હોય છે.

જેના કરપૃષ્ઠ ઉપર બિલકુલ વાળ હોતા નથી અને તેવા માણસો ડરપોક અને કવચિત્ પુરુષત્વહિન માલૂમ પડે છે.

ખાસ કરીને જેનું કરપૃષ્ઠ પહોળું, માંસલ, કાચબાની પીઢ જેવું અને નસો વગરનું (ઊભરાયેલી નસો ન દેખાય તેવું) હોય તો તે ઉત્તમ ગણાય છે.

સાંકડું, રૂક્ષ ચપટું તેમજ નસોવાળું અશુભ છે. આમાં સામાન્ય

મતભેદ છે. આપણા જૂના શાસ્ત્રમાં વાળવાળું અશુભ અને વાળ વગરનું શુભ માનેલું હોય છે. પરંતુ અનુભવે પાછળના ભાગમાં આછા આછા વાળનું હોવું તંદુરસ્તી માટે સારું છે, અને બિલકુલ વાળ વગરનાની સારી તંદુરસ્તી રહેતી નથી.

## કરતલ-હથેળી

કરતલ કે જેને આપણે હથેળી કહીએ છીએ તેનો વિચાર કરીએ.

જેની હથેળીમાં ચારે તરફ પર્વતો સારા ભરાવદાર હોય અને જેના પરિણામે વચ્ચે સામાન્ય ખાડો દેખાતો હોય તેવા માણસો સંપત્તિવાળા હોય છે.

વિકસિત વચ્ચેથી ઊંચી ઊઠેલી હોય તેવી હથેલીવાળાની ધર્મ પર શ્રદ્ધા વધારે હોય છે, તેમજ તેને શુભ માનેલી છે.

છીછરી હથેળીવાળા પોતાના પિતાનું ધન ગુમાવે છે. કોઈવાર ધન હોતું જ નથી.

જેનું કરતલ એટલે હથેળી વિષમ આકૃતિની હોય, પહોળી અને છીછરી હોય, પર્વતો બેસી ગયેલા હોય, આંગળીઓ વાંકીચૂંકી હોયતેવા માણસો દરિદ્ર અને અસ્થિર સ્વભાવના હોય છે.

જેની હથેળી બહુ જ પાથલી હોય, માંસ વગરની, કરપૃષ્ઠમાં નસો ઊભરાયલી દેખાતી હોય તેવા માણસો બહુ જ દુઃખી અને અભાગી હોય છે. કેટલીકવાર રોગના ધામ જેવા હોય છે.

પહોળી અને મજબૂત માંસલ હથેલીવાળાને ખુલ્લા વાતાવરણમાં રહેવું ગમે છે, તેમજ તેઓ ધંધામાં પણ નિપુણ હોય છે.

સાંકડી હથેલીવાળાને લડાઈ ઝઘડા વધુ પસંદ હોય છે. ખાસ કરીને તેમના સ્વભાવમાં જીદ વધારે પડતી હોય છે, જેને તેની સંગાથે લડતા ફરતા હોય છે.

હથેળીમાં બહુ જ રેખાવાળાઓ ડરપોક સ્વભાવના તેમજ બીજાથી દોરવાઈ જનારા હોય છે.

સફેદ રંગની હથેળીવાળા સ્વાર્થી તેમજ પોતાના વખાણ સાંભળી રાજી થનારા હોય છે. આવા માણસો જ્યાં ને ત્યાં પોતાનાં જ રોદણાં રોતા હોય છે.

પીળા રંગની હથેળીવાળા માણસો પર વધુ વિશ્વાસ કદી મૂકવો નહિ તેઓ ક્રોધી સ્વભાવના, જલ્દીથી ઉશ્કેરાઈ જનારા હોય છે.

કાળા રંગની હથેળીવાળા સ્વભાવે નરમ તેમજ કફના રોગથી કેટલીકવાર પીડાતા હોય છે, ભૂરી જેની હથેળી હોય તેવા માણસો નિસ્તેજ અને પુરૂ, સત્વહિન હોય છે.

ગુલાબી એટલે લાલ રંગની આછા ગુલાબી રંગ જેવી હથેળીવાળા માણસો બુદ્ધિશાલી, ન્યાયી અને ઘણા જ સુખી હોય છે.

બહુ જ લાલ રંગની હથેળીવાળા વધુ પડતા ઉદાર હોય છે.

એટલું ચોક્કસ છે કે જેની હથેળી માંસલ આછા ગુલાબી રંગની હોય તેવા માણસો સુખી હોય છે.

કાળી, ભૂરી કે પીળી હથેળીવાળા માણસો રોગી, વહેમી અને આળસુ પ્રકૃતિના હોય છે. જેથી પોતાનો ધંધો નોકરી નિયમીત કરી શકતા નથી અને અંતે દુઃખી થાય છે.

હાથના મુખ્ય ત્રણ પ્રકાર છે. પરંતુ દરેક હાથ દરેક બાબતમાં મુખ્ય એક જ પ્રકારનો હોતો નથી. હથેળી ચોરસ હોય છે અને આંગળીઓ ટૂંકી હોય. કોઈવાર આંગળીઓ સારી હોય તો હથેળીમાં ખાડો હોય કે બહુ જ છીછરી હોય છે, જેથી પ્રથમ તો આપણે દરેક મુખ્ય પ્રકાર વિષે જોઈએ. અને તેમાંથી જે હાથમાંથી જેટલું મળતું આવે તે મેળવી જોવું.

## ઉત્તમ પ્રકારનો હાથ

જેની હથેળી ભરાવદાર, માંસલ અને સ્નિગ્ધ તેમજ લાંબી અણીદાર આંગળીઓ હોય, પર્વતો સમાન ઊંચાઈવાળા, નખોનો તેમજ હથેળીનો રંગ ગુલાબી હોય, તેવા માણસો, બુદ્ધિશાળી, વિચારવાનું, શાંત પ્રકૃત્તિવાળા, સગા સાથે આનંદપૂર્વક રહેનારા અને ભાગ્યશાળી

હોય છે.

તેમના વિચારો ઉમદા હોય છે પરંતુ તેમનામાં ખામી એટલી હોય છે કે પોતે તે વિચારો અમલમાં નહિ મૂકતાં બીજાને તે મુજબ ચાલવાનું કહેનારા હોય છે.

## બીજો મધ્ય પ્રકાર

હથેળી સમકોણ ચોરસ, આંગળીઓ સાધારણ લંબાઈવાળી, હાથની રેખાઓ સાધારણ પીળાશ પડતી, આંગળીઓના આગળના ભાગ ચોરસ, પહોળા આંગળીઓ ભેગી કરતાં વચ્ચે સાધારણ છિદ્રો દેખાતો હોય તેમજ પર્વતો પર સાધારણ ઊંચાઈવાળા હોય અને હથેળી કાંઈ કઠણ માલૂમ પડે, આવા માણસ પોતાના જ બુદ્ધિબળથી ચાલવાવાળા, દૃઢ-નિશ્ચયી, પોતાના કામમાં કુશળ, નિષ્કપટી, લોકપ્રિય, પરોપકારી કામ કરવાવાળા, તર્કશક્તિવાળા અને કોઈ વાત ગળે ન ઊતરે ત્યાં સુધી માનતા નથી, બીજાથી દોરવાતા નથી જેથી તેઓ સુખી હોય છે.

## ત્રીજો પ્રકાર-કનિષ્ઠ દરજ્જાનો હાથ

ગોળ, પાતળો અને ચપટો હાથ, હથેળીમાં પહોળો ખાડો રેખાઓ જાડીને ફેલાઈ ગયેલી અને ઘણી જગ્યાએ તૂટેલી, આડીઅવળી, પર્વતો અસમાન, આંગળીઓ વાંકીચૂકી, આંગૂઠો નાનો, હથેળી કાળાશ પડતી અને સખત હોય છે. આવા માણસો મંદબુદ્ધિવાળા, ખૂબ ખાવાવાળા તેમજ શરીરશ્રમનાં કામ કરવાળા હોય છે. તેમના જીવનમાં પુષ્કળ ફેરફારો થાય કરવાના. તેઓ કરામતવાળા કામો પસંદ કરવાવાળા હોય છે. આવા માણસો પાસે ધન સંચય થતું નથી. પાશ્ચાત્ય પદ્ધતિમાં હાથના સાત પ્રકાર ગણેલા છે.

(૧) પ્રાથમિક હાથ

(૨) તત્ત્વદર્શન હાથ

(૩) માનસિક હાથ

(૪) ચોરસ હાથ

(૫) ચપટો હાથ

(૬)ગંઠાવાળો હાથ

(૭) અણીદાર હાથ

આ પ્રમાણેના પ્રકારો છે પરંતુ આગળ જણાવ્યું તેમ એક જ પ્રકારનો તમામ રીતે મળતો કોઈ હાથ ભાગ્યે જ હોય છે.

## આંગળીઓ

**આંગળીઓનું પ્રથમ દર્શન**

પ્રથમ તો આપણે ચારે આંગળીઓને જોવી જોઈએ કે તે સીધી પાતળી અને લાંબી છે કે અણીદાર કે જાડી આંગળીગાંઠદાર છે કે બીજી આંગળી ગાંઠદાર છે કે બીજી આંગળી તરફ વળગેલી છે તે અને તેનાથી આંગળીઓમા પડતાં છિદ્રો વગેરે જોઈ લેવા જોઈએ.

દરેક આંગળીમાં જે વેઢા છે, ત્યાં આંગળીનાં સાધાં છે. આ સાંધાવાળા ભાગને ગાંઠ કહે છે.

**હાથની આંગળીઓ શું સૂચવે છે ?**

નખના આગળના પહેલા સાધાંની જે ગાંઠ છે, તે જો પહેલી (તર્જની) આંગળી ઉપર હોય તો તેવા માણસો ધર્મની બાબતમાં બહુ જ સ્વતંત્ર વિચારના હોય છે. પોતાના મનમાં વાત ન ઊતરે ત્યાં સુધી માનતા નથી.

જો ઉપર મુજબની ગાંઠ અંગૂઠાના પહેલા વેઢા ઉપર ફુલેલી હોય અને પ્રથમ ભાગ લાંબો હોય તો માણસ બહુ જ બુદ્ધિસાલી હોય છે. પરંતુ જો પહેલો વેઢો ટૂંકો હોય તો આંધશ્રદ્ધા અને ખરાબ બુદ્ધિ હોય છે.

જો બીજી ગાંઠ ફૂલેલી હોય તો નિયમિત વ્યાપારી બુદ્ધિના અને વ્યવહારું હોય છે.

જો આંગળીઓના પહેલા તમામ સાંધા ગાંઠદાર હોય અને બીજા સાફ હોય તો આવા માણસો અવ્યવહારુ અને ખરાબ આચારણવાળા

હોય છે.

જો બંને સાધા ગાંઠદાર હોય તો બુદ્ધિશાળી અને તર્કશક્તિવાળા હોય છે. દરેક બાબતોનો સારાનરસાનો વિચાર કરવાળાળા હોય છે.

આંગળીઓમાં ગાઠો ન હોય અને સાફ હોય તો તરત વિચાર કરવાવાળા, કલાવિજ્ઞાનના શોખીન હોય છે. પરંતુ તેમના કાર્યો કાલ્પનિક અને તર્ક શક્તિ ઉપર રચાયેલા હોય છે, ગાંઠો વગરના માણસોનાં કામો શરૂઆતમાં બુહજ નિયમિત હોય છે, પરંતુ છેવટમાં ધ્યાનમાં ધ્યાન ન આપતાં ઘણાંખરા કામોનું પરિણામ સારુ નથી આવતું. આટલું ચોક્કસ છે કે (બંને ગાંઠાદાર આંગળીઓવાળા માણસો નિયમિત, વ્યવહારુ અને સમજાદર હોય છે, સાફ આંગળીઓવાળા કેવળ કલ્પનામાં વિચારતા હોય છે.

<u>આંગળીઓના નામ</u>

- હાથની સામાન્ય રીતે પાંચ આંગળીઓ બોલીએ છીએ.
- પરંતુ ખરી રીતે ચાર આંગળીઓ અને એક અંગૂઠો છે.
- પહેલી તર્જની તે ગુરુની આંગળી તરીકે ઓળખાય છે.
- બીજી મધ્યમાં તે શનિની આંગળી તરકી ઓળખાય છે.
- ત્રીજી અનામિકા સૂર્યની આંગળી તરીકે ઓળખાય છે.
- ચોથી કનિષ્ટિકા બુધની આંગળી તરીકે ઓળખાય છે.
- હવે આપણે દરેક આંગળીઓ વિષે જુદું જુદું જોઈએ.

## પહેલી તર્જની-ગુરુની આંગળી

ગુરુની આંગળીના ગુણ (૧) મહત્ત્વાકાંક્ષા (૨) સત્તા આગેવાની (૩) ધર્મ અધ્યાત્મક પ્રેમ (૪) સ્વમાન પ્રતિષ્ઠા (૫) કુદરત ઉપરનો વિશ્વાસ (૬) પોતાના ઇછકાર માટે બીજા ઉપર જુલમ.

જેના થી આપણને પ્રતિષ્ઠા, સદાચાર, ગર્વ ન્યાય વગેરે માલુમ

પડે છે, તે ગુરુની આંગળી જો સૂર્યની આંગળીની બારબર હોય અને સાધારણ શનિની આંગળીથી નાની હોય તો તે ઉત્તમ લક્ષણ છે.

જો આ આંગળી ઘણી જ લાંબી હોય તો તેવા માણસો અભિમાની અને પોતાની પ્રતિષ્ઠાની બડાઈ કરનારા તેમજ બીજા ઉપર જુલ્મ કરવામાં કે બીજાના અધિકારની કે હક્કની પરવા નહિ કરનારા હોય છે. આવા માણસોની લાગણીઓની લગારે ,પરવા કરતા નથી.

તર્જની ટૂંકી હોય તો કંઈક ઉતાવળીયો સ્વભાવ, સાહસિકતા અને કર્તવ્યપ્રેમ દાખવે છે.

આ આંગળી વાંકીચૂકી હોય તો તેવા માણસોની આબરૂ પ્રતિષ્ઠા વધતી નથી.

જો શનિની આંગળી તરફ તર્જની વળેલી હોય તો શનિના પ્રર્વતની અસરમાં આવી જાય છે અને તેથી માણસ જ નક્કી સ્વભાવનો તથા અભિમાની બને છે.

તર્જની લંબાઈ શનિની આંગળીના પ્રથમ વેઢા સુધી ની હોય તો ઢોંગી અને ધાર્મિક બાબતોમાં બહુ જ પાખંડી હોય છે.

હવે જો પ્રથમ પેરવું બીજા બે કરતાં વધારે લાંબુ હોય તો તેનો આધ્યાત્મક વિદ્યા ઉપર સારો અભ્યાસ હોય છે, તેમજ ધાર્મિક વિષયોનો પ્રચાર સારો કરી શકે છે.

બીજું પેરવું (એક વેઢાથી બીજા વેઢા વચ્ચેનો ભાગ) બીજાઓ કરતાં વધારે લાંબુ હોય તો તેવા માણસો બહુ જ મહત્ત્વાકાંક્ષી હોય છે.

ત્રીજું પેરવું જો બીજા બે કરતાં વધારે લાંબુ હોય તો એવા માણસો સત્તાશોખીન તેમજ ગર્વિષ્ઠ હોય છે.

ઉપર પ્રમાણે જે વધારે ઓછું હોય તે પ્રમાણે વિચાર કરી લેવો.

જેનું પ્રથમ પેરવું ટૂંકું અને નખની બરાબર હોય તેવા માણસોને બે લગ્ન થાય છે.

હવે જો પહેલા વેઢાની ગાંઠ વધારે પડતી હોય તો બહુ જ વહેમી હોય છે.



**પ.પૂ. બાળમુનિશ્રી દર્શનપ્રભ વિજયજી મ.સા.**

જન્મ : તા. ૧૭-૬-૧૯૮૮, મુ કામ - ગડોથ, (ડુમા) તા.- જેતપુર (જી. વડોદરા)

દીક્ષા : અષાઢ સુદ - ૩, બુધવાર, સં. ૨૦૫૨, મુ. પેટલાદ

આ વેઢાને જો કોઈ રેખાવેધ ન કરતી હોય તો તેમને મસ્તકમાં વાગવાનો પ્રસંગ બને છે.

આ પ્રમાણેની રેખા જો બીજા વેઢાને વેધ કરતી હોય તો તેઓ લફંગા હોય છે અને જો ત્રીજા ઉપર ગુરુના પર્વત આગળ ઉર્ધ્વ રેખા હોય તો વારસો મળે છે.

ગુરુની આંગળી ઉપર પહેલા ટેરવા ઉપર ઊભી રેખાઓ હોય તો ધાર્મિક ઘેલછા અને જો તેના ઉપર ચોકડી હોય તથા હૃદયરેખા નબળી હોય કે મસ્તક રેખા ટૂંકી હોય તો આવા માણસોના વિચારો પુષ્કળ અસ્થિર હોય છે. એને લીધે તેમને ભયાનક સ્વપ્નનાં આવે છે, જેથી તેઓ ભ્રમિત થઈ જાય છે. કોઈ વખતે અચાનક મરણ પણ થાય છે.

ટેરવા પર તારક હોય તો તે અશુભ છે. તેમને અચાનક દ્રવ્ય લાભ થાય છે. ત્રિકોણ હોય તે મંત્રવિદ્યા, આધ્યાત્મવિદ્યાનો શોખ હોય છે. વર્તુળ હોય તો શ્રદ્ધાળું સ્વભાવ હોય છે. જો જાળું હોય અને મસ્તક રેખા તથા હૃહયરેખા વચ્ચેનો ભાગ સાંકડો બનતો હોય તો ગુનો કરવાની વૃત્તિ પ્રબળ બને છે અને જો જાળું એકલું હોય તથા ઉપર પ્રમાણે રેખાઓ ન હોય તો કોઈ મઠ કે આશ્રમમાં એકાંત જીવન ગાળે છે.

એક અથવા બે ત્રણ ઊભી રેખા હોય તો તેની ઇચ્છા ઓ પાર પડે છે અને જો આ રેખાઓ વાંકીચૂકી હોય તેમજ આડી રેખાઓથી છેદાતી હોય તો તેવા માણસો ઈર્ષાળુ અને લુચ્ચા હોય છે. તેમજ રેખાઓ ચીપિયાકારક હોય તો તેમને ખોટી ઇચ્છાઓ થાય અને તેમાં નિષ્ફળતા મળે છે.

બીજા ટેરવા ઉપર જો ચોકડી (વચ્ચોવચ્ચ) હોય તો તે મોટા લેખક યા ચિત્રકાર થાય છે, અને તેની કીર્તિ ખૂબ વધે છે.

બીજા ટેરવા પર તારક હોય તેવા માણસો નિર્લજ્જ હોય છે. ત્રિકોણ હોય તો બાહોશ રાજનીતિજ્ઞ થાય છે. જો ચોરસ હોય તો બહુ જ ચીવટવાળો અને ખંતીલો થાય છે. વર્તુળ હોય તો મહત્ત્વાકાંક્ષી અને જાળું હોય તો વિશ્વાસઘાતી હોય છે. બે ચોકડી હોય તો તેવા માણસો કોઈ શ્રીમંત કે રાજા મહારાજાની સાથે મિત્રતાવાળા હોય છે.

ત્રીજા ટેરવા ઉપર એક કે વધારે સીધી રેખાઓ હોય તો તેવા માણસો જાત મહેનતથી પૈસાવાળા બને છે. ફક્ત જો આડી રેખાઓ હોય તો કોઈનો વારસો મળે છે.

ચીપિયાકાર રેખાવાળાઓની યોજનાઓ નિષ્ફળ જાય છે, ચોકડી કે તારક હોય તો નિર્લજ્જ સ્વભાવ, ખરાબ કુટેવો અને જો વર્તુળ હોય તે ઇચ્છાઓ પાર પાડે છે. જાળું હોયતે અપ્રમાણિકતા અને કોઈ વખતે તેના લીધે ગુનો થાય છે. સીધી સળંગરેખા સારી મહત્ત્વવાકાંક્ષી સૂચવે છે.

## બીજી મધ્યમા-શનિની આંગળી

મધ્યમાં અથવા બીજી આંગળી કે જેને શનિની આંગળી કહે છે. ખાસ કરીને બીજી બધી આંગળીઓ કરતાં આ આંગળી કંઈક લાંબી હોય છે. એટલે એટલું તો સ્વાભાવિક જ છે કે આ આંગળીથી કંઈક વધુ ભાવિનું સૂચન થતું હોવું જોઈએ.

જન્મપત્રિકામાં પણ શનિની ઘણી મહત્તા છે અને આજે જ્યાં કંઈક ચડતી પડતી થાય છે કે પનોતી યાદ આવે છે. શનિ માણસને સાચા-ખોટાનું ભાન કરાવે છે. કોણ તેનું છે, અને ખરા મદદગાર કોણ છે તે પણ શનિ જ સમજાવે છે. જાણે આતો થઈ જન્મપત્રિકાની વાત, પરંતુ હસ્તરેખાશાસ્ત્રમાં પણ આ આંગળીની ઘણી જ મહત્તા છે. કારણ કે જેના પર આપણો કાબૂ નથી તેની સૂચવનારી આ આંગળી છે.

## શનિની આંગળીના ગુણ :

(૧) ડહાપણ અને ગાંભીર્ય

(૨) વહેમ અને શંકાશીલતા

(૩) શોક અને દુઃખ.

(૪) મનસંયમ અને ઇન્દ્રિયનિગ્રહ

**જો આ આંગળી બહુ લાંબી અને ભરાવદાર હોય તો તેવા માણસો ઉપર દરેક બાબત ની અસર બહુ જ જલદી થાય છે. તેમની કલ્પનાશક્તિ**

બહુ જ થોડી હોય છે. દરેક બાબતમાં નસીબ ઉપર આધાર રાખનાર નાની બાબતમાં શંકાશીલ, કંઈકપણ સહેજ અસફળતા મળે કે નિરાશા અને ખોટી આશાના મિનારા બાંધતા હોય છે.

જો આંગળી ચપટી દબાઈ ગયેલી હોય જેમ કે પ્રેસમાં દાબી નાખી હોય તેવી હોય તો આવા માણસો ખારવૃત્તિમાં અને ખૂની સ્વભાવના હોય છે.

આ આંગળીનો આગળનો ભાગ ચોરસ હોય તો ગંભીર સ્વભાવ હોય. છે તેમાંય જો આંગળી ગાંઠદાર હોય તો ગણિતશાસ્ત્રનું સારું જ્ઞાન ધરાવનાર બને છે.

જો આગળી અર્ધગોળકાર હોય તો કલ્પનાશક્તિ સારી હોય છે. તેમજ કળા પર કંઈક રસ હોય છે.

આગળથી અણીદાર, આંગળીવાળા છીંછરા સ્વાભાવના, વિશ્વાસ નહિ કરવા લાયક, તેમજ અર્ધદગ્ધ જ્ઞાનવાળા અને તેમાંય જો અંગૂઠો નાનો હોય તો નાલાયક અને બિનવિશ્વાસુ હોય છે અને છેલ્લા દુર્લક્ષણમાં મસ્તકરેખા ટૂંકી હોય તો દૂરથી જ નમસ્કાર કરવા લાયક, તદ્દન વિશ્વાસઘાતી અને નિર્લજ્જ હોય છે.

જો આંગળી અણીદાર હોય અને અંગૂઠો નાનો હોય અને શુક્રનો પર્વત ઉઠાવદાર હોય તો બેપરવા, રખડેલ અને વિષયવાસનામાં જ રચ્યાપચ્યા રહેનારા હોય છે.

જો આ આંગળી બહુ જ લાંબી લક્કાજેવી તેમજ શનિનો પર્વત વધુ પડતો ઉપસેલો હોય તો આવા માણસોમાં સહનશીલતા બિલકુલ હોતી નથી. સામાન્ય પણ દુઃખ આવે તો મરવાની જ વાતો કરનારા હોય છે. આવા માણસોને કાયમ આપઘાત કરવાના વિચારો વધુ પડતા આવતા હોય છે. વળી ડરપોક હોય છે.

આ આંગળી બહુ જ જાડી હોય તો પુષ્કળ વહેમી હોય છે અને મનમાં ખોટા તર્ક વિતર્ક કરીને જીવનમાં કંઈ જ કરી શકતા નથી જ્યાં ને ત્યાં તેમને અવિશ્વાસ જ દેખાતો હોય છે.

જો આંગળી ચપટી અને ગોળ તથા બીજી આંગળીઓના પ્રમાણમાં

લાંબી હોય તો તેમનામાં શારીરિક તેમજ માનસિક ચપળતા સારી હોય છે.

ટૂંકી આંગળીવાળા અલ્પબુદ્ધિના હોય છે. જેથી જીવનમાં દુઃખી થાય છે. વાંકીચૂકી હોય તેનું સ્વાસ્થ્ય સારું રહેતું નથી.

શનિની આંગળીનો પ્રથમ વેઢો બીજા વેઢા કરતાં લાંબો હોય તો તે માણસ અંધશ્રદ્ધાળુ અને ઉદાસીન વૃત્તિનો હોય છે.

જો બીજો વેઢો લાંબો હોય તો યાંત્રિક કામો તથા ખેતીવાડીમાં કુશળ હોય છે અને જો ત્રીજો વેઢો લાંબો હોય તો વાચાળ હોય છે, જેથી લોકપ્રિય બને છે.

જો આ આંગળી પર વાંકીચૂકી રેખાઓ હોય તેમજ શનિના પર્વત પર આડી રેખાઓ હોય તો તેમના જીવનમાં ઘણા અશુભ બનાવો અદૃષ્ટ સત્તાથી બનશે એ ચોક્કસ છે.

પહેલા વેઢા પર ઊભી રેખાઓ પડી હોય તો તેમના જીવનમાં ઘેલછા વિશેષ હોય છે અને વારે ઘડીએ જિંદગીથી કંટાળી જાય છે.

જો આ વેઢા પર કાળો ડાઘ પડે તો મેલેરિયા તાવનું સૂચન થાય છે. ચોકડી હોય તો વહેમી સ્વભાવ અન તેને પરિણામે ઘેલછા તથા ગુનો કરવાની વૃત્તિ સૂચવે છે.

જો આ વેઢા પર તારક હોય તો કાં તો લક્ષધાપતિ કે પછી રસ્તાનો રખડતો ભિખારી. આ તારક જેને હોય તેના હાથની બીજી રેખાઓ તેમજ પર્વતોનું ચોક્કસપણે ધ્યાન કરી લેવું જોઈએ.

આ તારક આંગળીની બાજુએ હોય તો તેવા માણસો પરોપકાર વૃત્તિના હોય છે. પરંતુ જો આ પ્રમાણેનો તારક હોય અને શનિના પર્વત પર ત્રિકોણ હોય તો નીચ સ્વભાવનું સૂચન થાય છે.

જો બંને વેઢા પર તારક હોય, પહેલાને બીજા તો-કમોતે મરણ થાય છે. જો એક રેખા પ્રથમ વેઢામાંથી નીકળીને બીજા પર આવતા હોય તો આવા માણસો અવિચારીકાર્યો કરતાં અચકાતા નથી. જો જાડી આડી રેખા આ વેઢા પર હોય તો ઝહરીલી ચીજોથી સંભાળ રાખવી.

નહિ તો કોઈવખતમાં ભૂલમાં પીવામાં આવતાં મરણ પામે છે.

જો ચોકડી હોય તો ભયંકર બનાવો જિંદગીમાં બને છે અને જો બીજા વેઢા પર તારક હોય તો અનિવાર્ય ગુનાહિત કૃત્યની આગાહી છે.

રેખાવિજ્ઞાનમાં અનિવાર્ય ગુના ચોક્કસ બતાવનારાં કોઈ ચિન્હો હોય તો એક આ તારક, બીજા આગળ ઉપર જણાવીશ. આ વેઢા પરનો ત્રિકોણ તે ગુપ્ત શાસ્ત્રનો શોખ, અને વર્તુળ હોય તો અધ્યાત્મ વિદ્યામાં ફતેહ અને જાળું રોગિષ્ટ શરીરનું સૂચન કરે છે.

ત્રીજા વેઢા ઉપર એક બીજી ઊભી રેખાઓ હોય તો બુદ્ધિશાળી અને જો આ ઊભી રેખાઓ આડી રેખાઓથી છેદાય તો રણમોરચે મરણ થાય છે. ઊભી રેખાઓ વાંકીચૂકી હોય તો નિરાશાવાળો હોય છે. ચિપિયાકાર રેખાઓ હોયતો એકલવાયું જીવન ગાળનારો શાંતિપ્રિય હોય છે.

સ્ત્રીઓના હાથમાં આ વેઢા પર કે શનિના પર્વત પર ચોખ્ખું ચોકડીનું નિશાન વંધ્યત્વની નિશાની છે.

જો આડી રેખાઓ ઉપર ચોકડી હોય તો તેવા માણસો ચોર હોય છે તેના પરનો ત્રિકોણ ભાગ્યહીન દુષ્ટ સ્વભાવનું નિશાન છે. ચતુષ્કોણ કંજૂસાઈ બતાવે છે. વર્તુળ વિજ્ઞાનશાસ્ત્રમાં કુશળતા અને જાળું હોય તો કંજૂસાઈને લીધે ગાંડપણ પ્રાપ્ત થાય છે.

જો આ આંગળી ગુરુની આંગળી તરફ વળતી હોય તો આત્મશ્રદ્ધાથી પોતાનું તકદીર આગળ ધપાવવાળો હોય છે.

જો સૂર્યની આંગળી તરફ વળતી હોય તો કુદરતના ભરોસે આગળ વધવાવાળા તેમજ કંઈક કલાપ્રેમી પણ હોય છે.

## ત્રીજી અનામિકા - સૂર્યની આંગળી

સટ્ટા, જુગાર, અકસ્માત દ્રવ્યપ્રાપ્તિ તેમજ કલા અને સાહસિક તરફ પ્રેમ સૂચવતી આંગળી.

**સૂર્યની આંગળીના ગુણ :**

(૧) કળા અને પ્રભુત્વ

(૨) કીર્તિ અને વિજય

(૩) હિંમત અને મર્દાનગી

(૪) સુખ અને સંતોષ

હાથની ત્રીજી આંગળીને અનામિકા કહેવાય છે. રેખાદર્શનમાં આ આંગળી સૂર્યની આંગળી તરીકે ઓળખાય છે.

જો આ આંગળી બીજી આંગળીઓના પ્રમાણમાં હોય તેમજ સૂર્યનો પર્વત સારો ઉઠાવદાર અને જો સૂર્યની કીર્તિ રેખા હોય તો સૂર્યના સારા ગુણો તે માણસમાં ઊતરી આવે છે.

આવા માણસોને સ્વાભાવ ઉદાર છૂટા હાથનો તેમજ પારકાનું ભલું કરવાનો હોય છે. તેમજ જેની સાથે મિત્રતા બાંધે છે, સ્ત્રી મિત્રતા નિભાવે છે. આપેલા વચનો પાળે છે. વિરાવંત અને ખરાબ કાર્યોને હંમેશા ધિક્કારે છે.

અને જો આ આંગળી બીજી આંગળીઓના મુકાબલે વાંકીચૂકી હોય અને પર્વત દબાઈ ગયેલ હોય તો ખોટી ડંફાસ મારનારો ખર્ચાળું, ડામોડાળ વિચારનો, તોફાની અને ઘાતકી સ્વભાવનો થાય છે. તેમજ સટ્ટા જુગારમાં પાયમાલ થઈ અંતે દેવાળું કાઢે છે.

હવે જો આપણે વિગતવાર જોઈએ : જો આ આંગળી પ્રમાણ કરતાં વધારે લાંબી હોય અને જો ભરાવદાર હોય તો આવાં માણસો ધન સારું પેદા કરી શકે છે.

જો આ આંગળી પહેલી ગુરુની આંગળી જેટલી લાંબી હોય અને તેનો પહેલો વેઢો ચપટો હોય તો આવા માણસોને કળા તરફ પ્રેમ હોય છે. તેમજ યાંત્રિક મશીનરી વગેરેના ધંધામાં સારું ધન પેદા કરી શકે છે.

જો આંગળી શનિની આંગળી જેટલી લાંબી હોય અને બીજો વેઢો ભરાવદાર હોય તેમજ મંગળનો પર્વત ઉઠાવદાર હોય તો આવા માણસો હરિફાઈ, રેસ, લોટરી વગેરેમાંથી સારો પૈસો પેદા કરી શકે છે.

પરંતુ રેખાદર્શનમાં એ જ બાબત ઉપર પૂર્ણ ભરોસો રાખવો નહિ સાથે બીજી રેખાઓનો તેમજ પર્વતોનો અભ્યાસ કરી લેવા બહુ જ જરૂરી છે.

કારણ કે મારા અનુભવમાં ઘણી વખત આ પ્રમાણે લાંબી સૂર્યની આંગળીવાળા ખાસ કરીને સટ્ટા જુગારમાં જ પાયમાલ થતા જોવામાં આવેલ છે. કારણ કે લાંબી આંગળી તેમને તેવા ધંધામાં ખેંચાણ કરે પરંતુ બીજા ચિન્હો જો મદદ કરતાં ન હોય તો તેવા માણસોએ આવી લતોથી દૂર જ રહેવું સલાહભરેલું ગણાય.

જો આ આંગળી શનિની આંગળી જેટલી લાંબી હોય અને બીજા કોઈપણ અશુભ ચિન્હો આ આંગળી ઉપર ન હોય અને સૂર્ય રેખા પણ ઉઠાવદાર હોય તેમજ બુધના પર્વત પર ઊભી નાની રેખા હોય તો તેવા માણસો શેરબજારમાં મોટા દલાલ બને છે, અને લાખો રૂપિયા પેદા કરે છે.

જો આ આંગળી ગુરુની આંગળીથી વધારે લાંબી હોય અને મંગળનો



પર્વત સારો હોય તો ગમે તેવાં સાહિસક કાર્યોમાં પડતા અચકાતાં નથી અને જો મંગળ પર ખરાબ નિશાન હોય તો તેવા સાહિસક કાર્યોમાં ફસાઈ જાય છે. પરંતુ તેમ ન હોય તો પોતાના બુદ્ધિબળથી આવા કાર્યોમાં ફતેહ મેળવે છે.

સૂર્યની તેમજ ગુરુની આંગળી બંને જો સરખી હોય તો આવા માણસો પાકા ગણત્રીબાજ હોય છે. કોઈપણ કાર્ય પહેલાં તેના સારાનરસાનો પ્રથમથી જ વિચાર કરી લે છે.

જો આ આંગળી આગળથી અર્ધગોળાકાર હોય તેમજ શનિની આંગળી જેટલી લાંબી હોય તો જુગાર અને સટ્ટો આવા માણસોના જીવનમાં વણાયેલો હોય છે. તેમને તે સિવાય ચેન પડતું નથી.

જો આ આંગળી શનિની આંગળી કરતાં પણ લાંબી હોય અને સૂર્ય રેખા ઉઠાવદાર હોય તો તમે ગમે તેવા સંકટોમાંથી પાર ઊતરી જાય છે અને કળામાં પોતાની પ્રવિણતા વધારી ઘણી જ કીર્તિ મેળવે છે.

જો આગળથી અણીદાર આંગળી હોય તો નકલી ચીજોમાં વિશ્વાસવાળા તેમજ દરેક વિચિત્ર કાર્યો કરવાવાળી હોય છે. આવા માણસો નવા નવા સ્ટંટો કરતાં હોય છે.

જો આગળથી ચોરસ આંગળી હોય તો શોધકબુદ્ધિ વધારે હોય છે. નવી નવી શોધો કરે છે અને તેમાં સારી નામના મેળવે છે.

જો આ પ્રમાણેની આંગળી હોય અને અંગૂઠો બહાર તરફ વળતો હોય અને ચંદ્રનો પ્રર્વત ઉઠાવદાર હોય તો નાટકી વૃત્તિના હોય છે.

જો અર્ધ ગોળાકાર આકૃતિ આગળથી હોય તો આવા માણસો લડાઈ ઝગડા તેમજ જાગૃતિ દેખાડનારાં ચિત્રો દોરી શકનારા ચિત્રકાર થાય છે.

જો આ આંગળી સહેજ વાંકી હોય તો પોતાના ધંધામાં સ્થિર અને સ્થાયી વેપારમાંથી સારું ધન પેદા કરી શકે છે.

જો આંગળીના વેઢા ભરાવદાર હોય અને સપ્રમાણમાં હોય તો સારો કલાકાર બને છે.

જો પહેલો વેઢો લાંબો હોય તો કળા અને સુંદરતા પ્રીતિ હોય છે. જો બીજો વેઢો લાંબો હોય તો વેપાર તેમજ કામમાં પ્રીતિ હોય છે. અને જો કળાકાર બને તો ઐતિહાસિક ચિત્રો સારાં દોરી શકે છે.

અને ત્રીજો વેઢો લાંબો હોય તો મિથ્યાભિમાન તેમજ ખોટો ડોળ કરનારા હોય છે.

જો આ આંગળી ગાંઠાદાર હોય તો આવા માણસો પૈસો પેદા કરવાના જ વિચારવાળા અને તેની પાછળ જ રચ્યાપચ્યા રહેનારા હોય છે. તેમના જીવનમાં કળા કે બીજી કોઈ ચીજોનું આકર્ષણ હોતું નથી.

જો આ આંગળીના મુખમાંથી એક સીધી રેખા નીકળી છે તે ઉપર સુધી ગઈ હોય તો આવા માણસો બહુ જ ભાગ્યશાળી હોય છે. તેમજ સાથે સાથે જો સૂર્યરેખા પણ સારી હોય તો મિલમાલિક કે કોઈ કારખાનાના માલિક બને છે.

જો આ આંગળી ઉપર ઊભી રેખાઓ બહુ જ હોય તો આવા માણસો સ્ત્રીઓના ફંદામાં ફસાઈને ધન બરબાદ કરે છે.

જો ત્રીજા વેઢા પર બે કે ત્રણ સીધી રેખાઓ હોય તો બહુ જ સુખી અને વિદ્વાન હોય છે. તેમજ જો આ રેખાઓમાંથી એક રેખા છેક સુધી લાંબી હોય તો આવા માણસો જાતમહેનતથી આગળ વધીને પુષ્કળ કીર્તિ પેદા કરે છે.

જો આંગળીના મુખમાં નીચેના ભાગમાંથી રેખા નીકળીને બીજા વેઢાના સાંધાની મધ્યમાં અટકી જતી હોય તો આવા માણસો ખોટો ડોળ વધુ પડતો કરતાં હોય છે.ખોટાં ભાષણો કરી લોકોને છેતરતા હોય છે.

જો પહેલા વેઢા ઉપર જ રેખા હોય તો કળા ઉપર ઘેલછા જેવો પ્રેમ હોય છે, જેથી નિષ્ફળતા પ્રાપ્ત થાય છે અને જો તેના પર ચોકડી હોય તો કળા ઉપરના પ્રેમમાં અતિશયતાને લીધે ઘણી વખતે મગજ ઉપર કાબુ ખોઈ બેસે છે.

જો પહેલા વેઢા પર તારક હોય તો કળામાં પુષ્કળ ફત્તેહ મળે છે.

જો બીજા વેઢા પર જાળું હોય તો અર્ધદગ્ધતા, આડી રેખાઓ હોય તો બુદ્ધિની ખામીને લીધે ઈર્ષાળુ સ્વભાવ, ચિપિયાકાર રેખાઓ હોય તો જેમાં ને તેમાં માથું મારવાની ટેવ અને તેમાં નિરાશા, ચોકડી હોય તો ખોટો દંભ, વધારે તારક હોય તો અજોડ બુદ્ધિશાળી, ત્રિકોણ હોય તો કળામાં નિપુણ, ચતુષ્કોણ વિશેષ વિદ્વતા બતાવે છે. વર્તુળ હોય તો અણધારી ફતેહ મળે છે.

ત્રીજા વેઢા પર જો બીજા વેઢાથી નીકળીને એક સીધી રેખા હોય તો આવા માણસોને સ્ત્રી જાતિથી સારી સહાયતા મળે છે અને જેથી કળા અને સાહિત્યમાં નામના કાઢે છે. પરંતુ આ પ્રમાણેની રેખા છેક આંગળીના મૂળમાં જતી હોય તો નિષ્ફળતા પ્રાપ્ત થાય છે.

આડી રેખાઓ હોય તો દુર્ભાગ્યને ગરીબાઈ, જો ચીપિયાકાર રેખાઓ હોય તો ધાર્મિકકાર્યોમાં નિષ્ફળતા, જો અર્ધવર્તુળ હોય તો દુઃખી જીવન, ચોકડી હોય તો ખોટો દંભ, ત્રિકોણ હોય તો તેમને પોતાના જ વખાણ વધારે પસંદ, જો વર્તુળ પૂરેપૂરું હોય તો કીર્તિ અને સારું ધન મળે છે. જાળું હોય તો નિષ્ફળતા અને તારક હોય તો પુષ્કળ ધન, માન અને કીર્તિ મળે છે.

## ચોથી કનિષ્ટકા - બુધની આંગળી

બુધની આંગળીના ગુણ : (૧) વિજ્ઞાનનો શોખ (૨) હુન્નર ઉદ્યોગ (૩) વકતૃત્વ (૪) વેપારી કુનેહ

જો આંગળી તેમજ બુધનો પર્વત સપ્રમાણ હોય તો ઉપર મુજબના સારા ગુણો હોય છે. પરંતુ જો તે પ્રમાણે ન હોતાં આંગળી વાંકીચૂકી હોય, બુધનો પર્વત બેસી ગયેલો હોય, ખરાબ ચિન્હો હોય તો અલ્પબુદ્ધિ, મગજમાં ખોટી ડંફાસ, નિંદાખોર જુઠ્ઠો અને ખુશામતીઓ તેમજ નાની નાની બાબતમાં ચોરી કરવાવાળો હોય છે.

જો આ આંગળી સીધીને સરળ હોય તો સમાજમાં તેમજ વેપારમાં સફળતા મળે છે, તેમજ મળતા પ્રસંગોનો સારો લાભ ઉઠાવી શકે છે.

જો આ આંગળી બીજી આંગળીઓના કરતાં બહુ નીચેથી નીકળતી હોય તો તેવા માણસોના જીવનમાં સંકટો બહુ આવે છે. પરં તેની

વિશિષ્ટતા એ છે કે જો આ આંગળી સામાન્ય વાંકી હોય તો સંકટોમાંથી બચાવ થાય છે.

જો આ આંગળી તેના પ્રમાણ કરતાં વધારે લાંબી હોય તો અપ્રમાણકિતાની નિશાની છે. પરંતુ જો આગળથી પહોળી હોય તો અપ્રમાણિકતા કરતાં અચકાય છે.

જો આ આંગળી બહુ જ લાંબી હોય તો આવા માણસોના વિચારમાં બિલકુલ સ્થિરતા હોતી નથી. ડામાડોળ મગજના હોય છે. જેથી કોઈપણ કાર્યમાં ફતેહમંદ થતા નથી.

જો આ આંગળીની લંબાઈ શનિની આંગળીના પ્રથમ વેઢા જેટલી હોય તો તેમને નવું જ્ઞાન તેમજ શિક્ષણ મેળવવાની ધગશ હોય છે તેમજ આવા માણસો નવાં નવાં કાર્યોમાં સારો રસ લે છે. તે તેમાં સફળતા મેળવે છે.

જો આ આંગળી સૂર્યની આંગળી જેટલી લાંબી હોય અને ગુરુનો પ્રર્વત સારો ઉઠાવદાર હોય તો તત્ત્વજ્ઞાની થાય છે. પરંતુ જો ગુરુના પર્વત પર ખરાબ નિશાનો હોય અને આ પ્રમાણેની આંગળી હોય તો ઢોંગીને પાખંડી થાય છે.

જો આંગળી કંઈક ટૂંકી હોય તો દરેક વાતને સમજવાની શક્તિ સારી હોય છે, પરંતુ સમજવા છતાં તેઓ દુરુપયોગ કરીને ઊંધા માર્ગે દોરવાય છે. પરંતુ જો અંગૂઠો સારો હોય અને મસ્તક રેખા સારી હોય તો ઘણી જ સારી નામના મેળવે છે.

જો આ આંગળી વાંકીચૂકી હોય તો આવા માણસો વિવાહમાં વરશી કરવા જેવા વિચારવાળા હોય છે. જયાં ખાય ત્યાં જ ખોદે. આવા માણસોથી દૂર રહેવું જોઈએ.

જો આ આંગળી અણીદાર હોય તો આવા માણસો જો કોઈ બાબત ન જાણતા હોયતો પણ બીજા તેમનું અજ્ઞાન જાણી ન શકે તેવા ચતુર હોય છે.

અને જો આંગળી બહુ જ તીણી હોય તો બીજાઓને ફસાવવામાં હોંશિયાર હોય છે.

જો આગળનો ભાગ ચોરસ હોય તો શિક્ષક થાય છે. અને તેનો જો પ્રથમ વેઢો લાંબો હોય તો બોલવામાં બહુ જ હોંશિયાર થાય છે. આ જ પ્રમાણેનો પહેલો વેઢો લાંબો હોય તેમજ અંગૂઠાનો બીજો ભાગ ભરાવદાર હોય તો આવા માણસો હાજર જવાબી હોય છે. તર્કશક્તિથી પોતાની ઊણપ બીજાને દેખાવા દેતા નથી.

જો આગળનો ભાગ ચપટો હોય તો મશીનરી તેમજ શિલ્પકળામાં હોંશિયાર હોય છે.

ગોળ તેમજ ચપટી આંગળી હોય તો વેપારી કુનેહ બુદ્ધિ સારી હોય છે.

જો આંગળી આગળથી સમકોણ હોય તો વૈજ્ઞાનિક બુદ્ધિ સારી હોય છે.

આંગળીથી અર્ધગોળાકાર હોય અને મસ્તકરેખા ટૂંકી હોય તેમજ બુઠ્ઠો અંગૂઠો હોય તો ભંયકર ડાકુ થાય છે.

સપ્રમાણ આંગળી હોય તેમજ મસ્તકરેખા છેવટના ભાગમાં ફોર્ક હોય તો રાજદ્વારી કુશળ નેતા થાય છે.

જો આગળી ઉપર સળંગ સીધી એક જ રેખા હોય તો શાસ્ત્રીય શોધમાં સફળતા મળે છે. ધાર્મિક વૃત્તિઓ સારી હોય છે અને જો બે રેખાઓ હોય તો પ્રમાણિક અને સત્યવાદી હોય છે.

જો પ્રથમ વેઢામાં જ ઊભી રેખા હોય તો દરેક બાબતમાં ખોટું માથું મારવાનો સ્વભાવ હોય છે. આડી રેખાઓ હોય તો જુઠો અને તર્કટી હોય છે. ચિપિયાકાર ઊભી રેખાઓ હોય તો ગમે તેમ કરીને પોતાનું ગુજરાન ચલાવવાળો, ચોકડી હોય અને મસ્તક રેખા ફાંટાદાર હોય તેના પર સ્વાસ્થ્યરેખાથી ત્રિકોણ બનતો હોય તો ગમે તેમ કરીને પોતાનું ગુજરાન ચલાવવાવાળો, ચોકડી હોય અને મસ્તક રેખા ફાંટાદાર હોય તેના પર સ્વાસ્થ્યરેખાથી ત્રિકોણ બનતો હોય, તેવા માણસોમાં આગાહી કરવાની કુદરતી બક્ષિસ હોય છે.

જો આ પ્રમાણેની ચોકડી જ હોય અને બીજા ચિન્હો સારા ન હોય તો ચોર કે ઠગ થાય છે. તારક હોય તો સારો ભાષણકર્તા થાય છે.

જો આ વેઢા પર ત્રિકોણ હોય તો અધ્યાત્મશાસ્ત્રમાં સારો રસ ધરાવનાર બને છે. ચોરસ હોય તો મેલી વિદ્યા જાણવાવાળો થાય છે.

બીજા વેઢા પર જો વાંકીચૂકી રેકાઓ હોય તો આવા માણસો બીજાને ફસાવવામાં હોંશિયાર હોય છે, જેને આપણે ધૂર્ત કહી શકીએ. જો એક જ સીધી રેખા બીજા વેઢા પર હોય તો શોધખોળ કરવાની શક્તિ સારી હોય છે. પંરતુ જો આ રેખા સીધી ન હોતાં ચિપિયાકાર હોય તો ડામાડોળ વિચારોને લીધે કોઈપણ કામમાં ફતેહ મેળવી શકતો નથી.

આડી રેખાઓવાળા વિચિત્ર સ્વભાવના ઝગડાળું હોય છે. જો ચોકડી હોય તો આવા માણસો પર અવાનવાર સંકટ આવે છે. અને જો તારક હોય તો મહાન ઠગ તરીકે પ્રસિદ્ધ થાય છે. ત્રિકોણ હોય તો વિજ્ઞાનશાસ્ત્રનો સારો શોખ હોય છે અને જાળું હોય તો ચોરીના આરોપસર જેલ થાય છે.

ત્રીજા વેઢા પર વાંકીચૂકી રેખાઓ હોય તો આવા માણસો બિલકુલ ભરોસો કરવા લાયક હોતા નથી, જૂઠા હોય છે. અને જો ચોકડી હોય તો ચોરી કરવાવાળા, જો તારક હોય તો ધાડપાડુ અને જો બે તારક હોય તો ચોરી કે ધાડ પાડતી વખતે કમોતે મોત થાય છે.

જો આ વેઢા પર ત્રિકોણ હોય તો રાજનીતિજ્ઞ પુરુષ થાય છે. રાજકીય બાબતોમાં કુનહોથી કામ કાઢીને નામના મેળવે છે.

જો આ વેઢા પર ત્રિકોણ હોય તો રાજનીતિજ્ઞ પુરુષ થાય છે.રાજકીય બાબતોમાં કુનેહથી કામ કાઢીને નામના મેળવે છે.

જો ચોરસ હોય તો આવા માણસોને, સ્વભાવ સમજી શકાય નહી તેવા વિચિત્ર હોય છે. બોલે કંઈને ચાલે કંઈ તેવા, વર્તુળ હોય તો ચોરી કરવાની વૃત્તિવાળો પરંતુ ચોરી કરી ન શકે અને જો વેઢા પર જાળું હોય તો અપ્રમાણિક અને ચોર થાય છે.

આ પ્રમાણે હાથની દરેક આંગળીઓ પરનાં ચિન્હો વિશે આપણે જોયું, પરંતુ આ બધી બાબતોનો પૂર્ણ આધાર તેના મૂળમાં રહેલા પ્રર્વતો કે જેને ગ્રહો કહેવામાં આવે છે. તેના પર છે, તથા તેના પર પડેલા ચિન્હો, તેની સાથે સાથે બીજી રેખાઓનો પણ અભ્યાસ હોવો બહુ જ

જરૂરી છે.

## પર્વતો-ગુરૂનો પર્વત

હથેળીઓનો આકાર આંગળીઓ તેમજ તેના ઉપર પડતાં ચિન્હો પરથી ભાવિ પરથી થતા અસરો વિષે જોઈ ગયા. પરંતુ ફક્ત આટલી કોઈપણ એક જ બાબત પર પૂર્ણ આધાર રહેતો નથી. અનુભવમાં મૂકતાં ગણું જ મુશ્કેલ અને ગૂંચવણભરેલું લાગે છે. વાચકોને સરળાથી સમજાય તેટલા માટે દરેક બાબતોને જુદી જુદી રીતે રજુ કરું છું.

હથેળીમાં દરેક આંગળીઓના મૂળમાં જે ઉપસેલો ભાગ છે. તેને પર્વત અથવા ગ્રહો કહે છે.

પહેલી આંગળી ગુરુની છે. તેના નીચેનો જે ઉપસેલો ભાગ છે તેને ગુરુનો પર્વત કહે છે. બીજી આંગળી જે મધ્યમાં કહેવાય છે, તેની નીચે શનિનો પર્વત છે. ત્રીજી આંગળી જે તર્જની કહેવાય છે, તેની નીચે સૂર્યનો પર્વત છે. તે કનિષ્ઠિકાની નીચે બુધનો પર્વત છે. અંગૂઠાની નીચે શુક્રનો પર્વત છે. તે સામે ચંદ્રનો પર્વત આવેલો છે.



આંગળીના મૂળમાં રહેલા ગ્રહો પર પાશ્ચાત્ય જ્યોતિષીઓએ ઘણી જ સારી શોધ કરેલ છે, અને માણસને કયો ધંધો અનુકૂળ આવશે તેના પર ઘણું જ સારું લંબાણ પૂર્વક વિવેચન કરેલ છે.

ખાસ કરીને આ બાબતમાં શ્રી બેનહામનું પુસ્તક આ શાસ્ત્રના અભ્યાસીઓએ વાંચવા જેવું છે.

ઘણી વખતે આપણા હાથમાં પર્વતો પોતાના સ્થામાંથી ભ્રષ્ટ થયેલા એટલે કે બીજા પર્વત તરફ ઝૂકેલા જોવામાં આવે છે. જયારે તે પ્રમાણે જોવામાં આવે ત્યારે સમજવું કે જે પર્વત બીજા પર્વત તરફ ઝૂકેલા હોય તેનો પ્રભાવ વધારે તેમજ જે પર્વત દબાય તેનો પ્રભાવ ઓછો હોય છે.

કોઈ કોઈ પર્વતોનો હાથમાં બિલકુલ અભાવ પણ હોય છે. ત્યારે તેને ફલનો પણ ઊલટો પ્રભાવ સમજવો.

બેહદ ઊંચા બેઠેલા પ્રર્વતોનો પ્રભાવ અશુભ હોય છે. કારણ કે તેમના શુભ ગુણોનુ ફલ વિપરિત થઈ જાય છે. અતિરેક થાય છે :

સામાન્ય પ્રમાણસર ઊંચા બેઠેલા પર્વતોનું ઘણું સારું ફળ મળે છે.

એ ખાસ ધ્યાનમાં રાખવું કે દરેક પર્વત પર સ્વતંત્ર ઊભી રેખા, કોઈપણ આડી રેખાથી કપાઈ જતી ન હોય તો તે પર્વતના શુભ ગુણોને ઘણા જ વધારે છે અને તે તે પર્વતથી સૂચવાનું ઉત્તમમાં ઉત્તમ ફળ આપે છે.

## ગુરુનો પર્વત

ગુરુના પર્વતના ગુણ : (૧) ધાર્મિક વિચારો (૨) ઊંચી રહેણીકરણી (૩) ધર્મગુરુપંડિત (૪) નેતાગીરીના ઉત્તમ ગુણો

ખાસ કરીને જો ગુરુનો પર્વત સપ્રમાણ ઉઠાવદાર હોય તો ઉપરના ગુણો સારા પ્રમાણમાં જોવા મળે છે અને જો દબાઈ ગયેલો હોય તેનાથી વિપરીત અસરોએ ઉશ્કેરે છે.

ગુરુના પર્વત પર સ્વતંત્ર ચોકડીનું નિશાન સુખી લગ્નજીવન બતાવે છે.

ગુરુની અસર આપણા શરીરમાં ખાસ કરીને લોહીના ભ્રમણ પર હોય છે અને તેમાંયે લોહીમાં ફેરફારો ઉત્પન્ન થવાના પરિણામે ગાંઠ કે ટ્યુમર કે પછી શરીરને વધુ જાડું કરી નાખે છે. મુખ્ય અસર લીવર પર છે. જેના હાથમાં ગુરુનો પર્વત અતિશય વિકસિત હોય તેણે ખાવાપીવામાં બહું જ નિયમિત રહેવું જોઈએ. કારણ કે આવા માણસોની રહેણીકરણી અને આનપાન ઘણું જ અનિયમિત હોય છે, જેની અસર શરીર પર થયા વગર રહેતી નથી. (૧-૧ દરેક કાર્યમાં ફતેહ અપાવનારી રેખા ૨-૨ ધન-માન અને આબરૂ વધારનારી રેખા. ૩-૩ કૌટુંબિક મુશ્કેલીઓ અને અપયશ.)

ગુરુનો પર્વત જો અતિશય ઉપસેલો હોય તો તે માણસ અહંકારી બને જાય છે, તેમજ તેને બીજા પર સત્તા ચલાવવી બહુ જ ગમે છે. ખોટા ઘમંડમાં આવા માણસો ખર્ચાળ બની ઘણી વખતે બહુ જ મોટા ખર્ચ કરી નાખી છેવટે દેવાદાર બને છે.

જો ગુરુના પર્વતનો અભાવ અને શનિનો પર્વત અધિક ઊંચો હોય તો આવા માણસો સમાજથી અતડા રહે છે. તેમજ તેઓ પોતાના ઘમંડમાં કુટુંબનો પણ તિરસ્કારકરે છે. મોટે ભાગે તેઓ લાગણીશૂન્ય હોય છે.



જો ગુરુનો પર્વતન અંદર દબાઈ ગયેલો હોય તો માણસો સ્વાર્થી, અધર્મી તેમજ દુરાચારી હોય છે.

ગુરુ અને ચંદ્રના પર્વતો બહુ જ ઉઠાવદાર હોય તો માણસો વિચારો બહુ જ અદ્‌ભૂત કરશે પરંતુ અમલમાં કંઈ જ મૂકી શકતા નથી.

સમાન અને સારો ઉઠાવદાર ગુરુનો પર્વત હોય તો સમાજમાં સારો હોદ્દો ભોગવે છે. ખાસ કરીને પ્રમુખ કે સારા ધર્મગુરુ બની શકે છે.

ગુરુના પર્વત પર એક જ સીધી રેખા ઘણા જ સારા ભાવિની નિશાની છે. આવા માણસોની ઘણી મનોકામનાઓ પૂર્ણ થાય છે.

જો આ પ્રમાણેની બે રેખાઓ હોય તો તે નિષ્ફળતા સૂચવે છે.જો તે ઊભી રેખાઓ હોય તો તે પાંખિયાને કાપે તો તે દુર્ભાગ્ય સૂચક હોઈ ઘણે ભાગે વિવાહ ભંગ સૂચવનારું ચિન્હ છે. ઘણી વખતે આવા માણસોને પોતાની પત્ની સાથે મનમેળ હોતો નથી.

ગુરુના પર્વત ઉપર ખૂબ જ રેખાઓ હોય તો જીવનમાં અપજશ બહુ જ મળે છે. જો તારાનું ચિન્હ હોય તો સારું ફળ આપે છે, પરંતુ આવા માણસોને કુટુંબ સાથે બનતું નથી.

પરંતુ જો ગુરુના પર્વતની બાજુ પર તારાનું ચિન્હ હોય તો અગ્નિથી ભય રહે છે. તેના પર નાની ચોકડીનું નિશાન હોય તો તેવા માણસોને માથા પર વાગે છે.

પરંતુ મધ્ય ભાગમાં સ્પષ્ટ ચોકડી સુખી લગ્નજીવનની નિશાની છે.

ગુરુના પર્વત પર ટાપુનું ચિન્હ હોય તો આવા માણસો ઝગડાખોર સ્વભાવના હોય છે. અને તેનાથી પોતાની આબરું ગુમાવે છે.

જો ત્રિકોણનું ચિન્હ હોય તો આવા માણસો રાજદ્વારી નેતા તરીકે આગળ આવે છે, તેમજ પોતાની નાતજાતમાં પણ આગેવાની ભર્યો ભાગ ભજવે છે.

ગુરુના પર્વત પરનો ચોરસ ભયાનક સંકટો તેમજ રોગ અને મુશ્કેલીઓમાંથી બચાવ કરે છે તેમજ પ્રતિષ્ઠાનો વધારો કરે છે. આવા

માણસો સામાન્ય સ્થિતિમાં હોય તો પણ ઊંચી પાયરીએ પહોંચે છે.

જો કાળું ટપકું હોયતો આબરુને ધોકો લાગે છે. સાંકળી આકારનું ચિન્હ હોય તો દુષ્ટ સ્વભાવનો અને ખોટાં કાર્યો કરનારો બને છે.

## શનિનો પર્વત

શનિનો પર્વત, બીજી આંગળી કે જેને મધ્યમા તરીકે ઓળખી છે, તેની નીચેના ભાગને શનિનો પર્વત કહે છે.

**શનિના પર્વત પરથી નીચે મુજબ જાણી શકાય છે :**

(૧) ગંભીરતા, ડહાપણ (૨) દિલગીરી, વહેમ (૩) સંયમ, એકાંતવાસ, (૪) અદેખાઈ, લોભ, (૫) દગાબાજ, જૂઠ

શનિનો પર્વત જો સપ્રમાણ હોય તો માણસ ગંભીર મિતાહારી ઊંડા ભેદને સમજી શકનારો કંઈક હઠીલો અને લોભી હોય છે.

અને જો દબાઈ ગયેલો અને ખરાબ હોય તો અદેખાઈ, લુચ્ચાઈ અને હલકાં કામને વધારે પસંદ કરનારો જુઠ્ઠો હોય છે.

શનિના પર્વત પરથી નીચે મુજબના રોગો જાણી શકાય છે. શનિ મુખ્યત્વે શરદી, પરસેવાના રોકાવાથી ગમ દિલગીરી તથા ખાસ કરીને શરીરના હાડકાં ઉપર વધારે અસર કરનારો છે. જેથી સંધીવા, ગાઉટ, રૂમેટીઝમ, દાંતની ખરાબી વગેરે જાણી શકાય છે.

શનિનો પર્વત જો વધુ પડતો વિકસિત હોય તો આવા માણસો બહુ જુદી વહેમી અને ભયભીત વિચારના તેમજ તેમના જીવનમાં નિરાશાવાદ વધુ પડતો હોય છે. સહેજ કંઈક કામ ન બન્યુ કે નિરાશા મળી કે મરવાની કે આપઘાત કરવાની મનોવૃત્તિવાળા હોય છે.

આવા માણસોના ચહેરા શોકાતુર અને ગમગીન દેખાય છે તેમને એકાંત વધુ પસંદ પડે છે.

જો શનિના પર્વત પર તારાનું નિશાન હોય તો જીવનમાં અશુભ ઘટનાઓ વધુ પડતી બને છે. પરંતુ જો ભાગ્યરેખા સારી અને ઉઠાવદાર હોય તેમજ તેના પર જો તારક હોય તો અશુભ ઘટનાઓમાંથી કુદરતી

બચાવ થાય છે.

બેસી ગયેલા શનિના પર્વત પર તારાનું નિશાન ઘણું જ ખતરનાક છે. આવા માણસોએ ખાસ કરીને નીચેની બાબતોથી સંભાળ રાખવી (૧) સર્પદંશનો ભય (૨) વીજળી પડવાથી મૃત્યુ (૮૩) કોઈપણ ચોપગા જનાવરથી ભય (૪) સંધીવાનું ભયંકર દર્દ અને તેમાંથી અર્દાગવાયુ થવાથી મૃત્યુ પણ થાય.

આવા ચિન્હવાળાના હાથમાં જો ગુરુના પર્વત પર ચોરસ હોય તો બચાવ થાય છે.

હસ્તરેખાનું સચોટ નિશાન સ્ત્રીઓ માટે : જે સ્ત્રીઓના હાથમાં શનિના પર્વત પર ચોકડીનું ચોખ્ખું નિશાન હોય તેવી સ્ત્રીઓને સંતાન થતા નથી. આ પ્રમાણે જો બંને હાથમાં હોય તો જિંદગીભર વંધ્યત્વ ભોગવવું પડે છે.

પુરુષના હાથમાં શનિના પર્વત પર ચોકડી હોય તો આવા માણસો મેલી વિદ્યાના ઉપાસક હોય છે. જો મસ્તક રેખા આવા માણસોની ટૂંકી હોય તો લોકોને છેતરી ખાનારા ધુતારા હોય છે. આવા માણસોના જીવનમાં અકસ્માત ઘણા બને છે.



૧-૧ ટૂંકી હૃદયરેખા

૨-૨ ટૂંકી મસ્તરેખા

૩. બુઠ્ઠો ગદા જેવો અંગૂઠો

૪-૪ જાડી આંગળીની અંદર સુધી જતી ભાગ્યરેખા

૫. તારક અને જાળું. ઉપરનાં ચિન્હો ખૂની તેમજ ડાકુ માણસનાં છે.

શનિના પર્વત પર તારક જો બંને હાથમાં હોય અને અંગૂઠો બુઠ્ઠો ગદા જેવો હોયતો તેની ખૂની પ્રકૃતિના ડાકુ થાય છે, અને આવા માણસોનું મોત હથિયારથી કે પછી ફાંશીથી થાય છે.

શનિના પર્વત પર એક જ સીધી રેખા હોય તો ઘડપણ સુખમાં જાય છે, પરંતુ જો નાની આડી રેખાઓથી આ રેખા કપાતી હોય તો દુર્ભાગ્યની નિશાની છે.

શનિના પર્વત પર વર્તુળ હોય અને પર્વત સમાન ઉઠાવદાર હોય તો જમીનમાંથી ગુપ્ત ધન મળે છે. આવા માણસોને જમીન કે ખાણોના ધંધામાંથી સારો લાભ થાય છે.

જો ચોરસ હોય તો મકાન-જમીન સારાં વસાવી શકે છે, તેમજ આફતોમાંથી બચાવ થાય છે.

શનિના પર્વત પરથી આડી રેખાઓ નાનીનાની નીસરણીની માફક ગુરુના પર્વત પર જતી હોય તો આવા માણસોનો ભાગ્યોદય ધીમેધીમે થાય છે, અને પ્રગતિ કરી શકે છે.

શુક્ર કંકણ છિન્નભિન્ન રૂપમાં હોય અને શનિ તેમજ સૂર્યના પર્વતની મધ્યમાં તારકનું ચિન્હ હોય તો આવા માણસો લુચ્ચા લંફંગા અને વ્યભિચારી હોય છે, તેમજ ગુપ્ત રોગનું ઘર હોય છે.

શનિના પર્વત પર આવતી બારીક ઉઠાવદાર ભાગ્યરેખા ઉત્તમ ભાગ્યની નિશાની છે. પરંતુ જો આ પ્રમાણે ન હોતા કંઈક જાડી રેખા હોય અને તે આંગળીઓના ઉપરના ભાગ સુધી જતી હોય તેનાથી ઊલટું ભિખારી થવાની નિશાની છે.

આવી જાડી રેખાવાળાના હાથમાં તેના ઉપર તારક હોય, અંગૂઠો બુઠ્ઠો ગદા જેવો હોય તો આવા માણસો ભયંકર હોય છે.

શનિ પરનો ત્રિકોણ માણસને યોગવિદ્યામાં નિપુણ બનાવે છે, પરંતુ તેની મસ્તકરેખા પણ સારી હોવી જોઈએ.

શનિના પર્વત પર હૃદયરેખાનો વિરામ થતો હોય તેમજ ખૂબ નીચાણમાં વળાંકદાર થવાથી મસ્તકરેખાને તેની વચ્ચેનો ભાગ સાંકડો બનતો હોય તો મેલા મનના માણસો હોય છે.

## સૂર્યનો પર્વત

તર્જની આંગળીના નીચેના ભાગમાં સૂર્યનો પર્વત આવેલો છે.

સૂર્યના પર્વતના ગુણ : (૧) કલાકૌશલ્ય (૨) કીર્તિ તેમજ પ્રતિષ્ઠાની ઝંખના (૩) સુખ, વિજય (૪) ઉદારતા, મોટાઈ (૫) પરગજુ, વિચારવંત.

આ પ્રમાણેનો જો પર્વત સમાન હોય તો સારા ગુણો છે. બાકી બેસી ગયેલો અને ખરાબ ચિન્હોવાળો આ પર્વત હોય તો માણસમાં નીચ બુદ્ધિ ખોટા વિચારો, અછકલાઈ તેમજ દરેકની સાથે ખોટી તકરાર કરનારો કરનારો થાય છે.

સૂર્યના પર્વત પરથી ખાસ કરીને આંખને લગતાં દરદો જાણી શકાય છે. ઉપરાંત હૃદયની બિમારી, ગળાનાં તેમજ મોઢાંના દરદો, માનસિક દરદો, બેશુદ્ધિ વગેરે જાણી શકાય છે.

જેનો સૂર્યનો પર્વત સમાન અને સુંદર ઉઠાવદાર હોય તેવા માણસો દયાળુ, કલાકૌશલ્ય, નવીન પ્રકારની શોધોના શોખીન, ચિત્રકલામાં પ્રીતિવાળા તેમજ તેમાં સારી નામના મેળવે છે. ઉપરાંત ઉદાર સ્વભાવના તેમજ ખુલ્લા દિલના, સત્ય તથા સૌન્દર્યપ્રેમી અને સુખી હોય છે.

જો સૂર્યનો પર્વત બહુ જ ઉઠાવદાર હોય તો આવા માણસો અદેખા તેમજ ખોટો આડંબર રાખનારા, પૈસામાં જ બધી દુનિયા સમાઈ જાય તેમ વિચારનાર હોયછે તેમજ આવા માણસો કાચા કાનના અને એશઆરામી હોય છે. અનેક જાતની કલ્પનાઓ કરનારા અને કંઈક થોડો

ઘણો કલાનો પણ શોખ હોય છે, પરંતુ તેમાં દેખાવ વધુ પડતો રાખેલ છે.

જો સૂર્યનો પર્વત દબાઈ ગયેલો હોય તો આળસુ, મંદબુદ્ધિના, દયા વગરના, ખોટા વિચારના અને બેદરકાર હોય છે. પરંતુ આ પર્વત પર જો સૂર્યરેખા હોય તો ખરાબ અવગુણોનો નાશ કરે છે જો સૂર્ય તેમજ બુધના પર્વતો બીજા પર્વતો કરતાં વધારે ઉઠાવદાર હોય તો સમજદાર બુદ્ધિશાળી તેમજ તત્ત્વજ્ઞાની અને લેખક થાય છે.

સૂર્ય અને ચંદ્રના પર્વતો બીજા પર્વતો કરતાં ઉઠાવદાર હોય તો શિલ્પકળામાં હોંશિયાર, સાહિત્યશોખીન કવિત્વશક્તિવાળો, ન્યાયી અને વિચારક હોય છે.

સૂર્ય અને મંગળના પર્વતો બીજા પર્વતો કરતાં ઉઠાવદારહોય તો બહુ જ ક્રોધી અને ઉતાવળીઓ સ્વભાવ, લડાઈકરવામાં તૈયાર, મરવા મારવાથી નહિ ડરવાવાળો થાય છે. સૂર્ય અને શનિના પર્વતો બીજા પર્વતો કરતાં જો વધારે ઉઠાવદાર હોય તો આવા માણસો લડાઈના ચિત્રો દોરવામાં હોંશિયાર તેમજ બોલવામાં પણ લડાઈની જ વાતો કરે છે. જો લેખક હોય તો લડાઈના સંવાદો સારો જુસ્સો ઉત્પન્ન કરે તેવા લેખ લખી શકે છે.

સૂર્ય અને ગુરુના પર્વતો બીજા પર્વતો કરતાં ઉઠાવદાર હોય તો એવા માણસો ન્યાયી, આબરુ અને પ્રતિષ્ઠાનો ખ્યાલ રાખનારા, સારા ઊંચા હોદ્દાને વફાદારીપૂર્વક નિભાવનારા હોય છે અને તેમાંય જો સૂર્યરેખા હોય તો પૈસા તેમજ આબરુ બંને સારા મળે છે. ખાસ કરીને આવા માણસો વ્યવહારકુશળ વધારે હોય છે.

જો સૂર્યના પર્વત પર તૂટક તૂટક બે ત્રણ રેખાઓ હોય તો અવારનવાર ફેરફાર થાય છે, અને તેમાંય જો પર્વત સારો ન હોય તો નિષ્ફળતા મળે છે.

જેના સૂર્યના પર્વત પર સમાન્તરે જો બે સીધી રેખાઓ હોય તો ઘણો જ પૈસા અને સારી આબરુ મેળવે છે. ઘણું કરીને આવા માણસોને આવકનું સાધન ડબલ હોય છે. એકી સાથે બે-ત્રણ ધંધા કરતા હોય

છે.

સૂર્ય રેખા પર જો ડોટ (ટપકું) હોય તેની આબરુને નુકશાન પહોંચે છે. જેની સૂર્યરેખાની ઉપર નાની સ્વતંત્ર ચોકડી હોય તેવા માણસો સારા કીર્તનકાર થાય છે, ધર્મભાવના સારી રહે છે.

જો આ પર્વત ફક્ત ચોકડી જ હોય તો આવા માણસો વગર વિચાર્યા સાહસો કરીને પોતાની જિંદગી જોખમમાં મૂકી દે છે.

જો આ રેખાની બાજુમાં જ તારક હોય તો આવા માણસો જાત મહેનતથી નાની સ્થિતિમાંથી ઘણી સારી નામના મેળવીને પ્રસિદ્ધ થાય છે. સૂર્યરેખાની બાજુમાં પડેલો તારક જાહેર કીર્તિ ઘણી જ સારી આપે છે.

આવો તારક આપણા માનનીય વડા પ્રધાન સ્વ. શ્રી મોરારજીભાઈ દેસાઈના હાથમાં તેમજ ગુજરાતના પ્રસિદ્ધ કલાકાર શ્રી કનુભાઈ દેસાઈના હાથમાં પણ છે.

અને જો ફક્ત તારક એકલો જ હોય સૂર્યરેખા ન હોય તો મધ્યમાવસ્થામાં કીર્તિ આબરૂ વધે અને પછી પાછી પડતી થાય છે.

સૂર્યના પર્વત પરનો ચોરસ માણસને ખોટા ધંધેથી ખુવાર થતી આબરુમાંથી બચાવ કરે છે, (પૈસાવાળાઓ પૈસાના મદમાં ખોટા ધંધા કરે છે, અને જાહેરમાં દેખાવ કરે છે તેવાં).

સૂર્યનો પર્વત સમાન ઉઠાવદાર હોય અને ચોખ્ખું વર્તુળ હોય તો કીર્તિ વધારે છે. બાકી તૂટક સ્વરૂપમાં વર્તુળ આંખોને ચોક્કસ નુકશાન કરે છે.

સૂર્યના પર્વત પરનો ત્રિકોણ કલાના ક્ષેત્રમાં સારી નામના અપાવે છે. અને તેમાંથી સારા પૈસા પેદા કરી શકે છે. જે કોઈ કલામાં રસ હોય તેમાં નિષ્ણાત થાય છે.




**૧-૧ અને ૨-૨ અકસ્માત**

સૂર્યના પર્વત પરનું જાળું માણસને ધન તેમજ આબરુથી પાયમાલ કરે છે. ખોટા ડોળમાં પૈસા તેમજ આબરૂ ગુમાવે છે.

જે સ્ત્રીના હાથમાં સૂર્યના પર્વતપર એકલી ચોકડી હોય તેવી સ્ત્રીઓથી બહુ જ સાવધાન રહેવું. આવી સ્ત્રીઓ પૈસા ખાતર ગમે તેવા કૃત્યો કરતાં અચકાતી નથી. તેમાંય જો સુંદર સ્ત્રીના હાથમાં આવુ નિશાન હોય તો જાસૂસી સારી કરી શકે છે. પરંતુ તેનો અંજામ બૂરો આવે છે.

સૂર્યનો પર્વત બુધના પર્વત બાજુ ઢળતો હોય તો માણસ બુદ્ધિશાળી થાય છે. બોલવામાં બહુ જ હોંશિયાર અને ચાલાક હોય છે.

સ્વતંત્ર રીતે જીવન જીવતી સ્ત્રીઓના હાથમાં સૂર્યરેખાનું હોવું ઘણું જ સારું છે, કારણ કે તેમની આબરૂને વધારે છે.

જો સૂર્યનો પર્વત સારો હોય અને તેના પર સૂર્યરેખા બારીક સારી કપાયાં વગરની હોય અને તેને એક રેખા ઉપલા મંગળમાંથી આવીને

મળતી હોય તો અચાનક ધન લોટરી કે હરિફાઈમાંથી ધન મળે છે. મંગળમાંથી આવીને મળતી હોય તો જ. બાકી તેનાથી સૂર્યરેખા કપાવી ન જોઈએ. આ પ્રમાણેનું નિશાન મેં અનુભવેલું છે અને મારી ધારણા પ્રમાણે અમદાવાદના બે-ત્રણ ભાઈઓને નાનાં મોટા ચોક્કસ ઇનામો મળેલા છે.

જો સૂર્યરેખાની નજીક હૃદયરેખાની ઉપર બરોબર ત્રિકોણ બનતો હોય, તો પણ અચાનક કોઈ મોટા લાભ મળે છે. ઉપરની બાબતમાં એટલું જોવાનું કે જે પ્રમાણેની રેખાનો ઉઠાવ હોય તે પ્રમાણે ઇનામ યા બીજા પ્રકારે અચાનક ધન લાભ મળે.

## બુધનો પર્વત

ચોથી છેલ્લી આંગળી કે જેને કનિષ્ઠિકા કહીએ છીએ.તેની નીચેના ભાગને બુધનો પર્વત કહે છે.

બુધના પર્વતના ગુણ : (૧) વેપારમાં પ્રવીણતા (૨) ચાલાકી જ્ઞાન, ૯૩) ચોર, ડરપોકપણું (૪) નિંદાખોરી, જુઠ્ઠી ખુશામત વગેરે.

બુધના પર્વત પરથી ખાસ કરીને નીચે મુજબના રોગો વિશે જાણી શકાય છે. યાદશક્તિની ખામી, માથામાં દુઃખાવો નર્વસ સીસ્ટમ (જ્ઞાનતંતુઓની નબળાઈ) વગેરે જાણી શકાય છે.

જો બુધનો પર્વત સપ્રમાણ ઉઠાવદાર હોય તો સાહિસક તેમજ વિનોદી સ્વભાવ અને વેપાર ધંધામાં સારી સફળતા અપાવે છે.

ખાસ કરીને આ પર્વત પર શુભ ચિન્હ હોય તેમજ સારો ઉઠાવદાર હોય તો વકીલાત કે ડોકટરની લાઈનમાં સારી ફત્તેહ મળે છે.

બીજી રીતે બુધનો પર્વત કંઈક વધુ પડતો ઉઠાવદાર હોય તો ખાસ કરીને આવા માણસો છળકપટ કરવામાં હોંશિયાર તથા ઢોંગી હોય છે. આવા માણસો લગારે વિશ્વાસ કરવા લાયક હોતા નથી. જીભે મીઠાબોલા પરંતુ તેમના દિલમાં હળાહળ ઝેર ભરેલું હોય છે.

બુધનો પર્વત જો બહુ જ દબાઈ ગયેલો હોય તો આળસુ, વહેમી તેમજ બુદ્ધિ વગરના વગર વિચાર્યા કામ કરવાવાળા અને ડરપોક હોય

છે.

બુધ અને ગુરુના પર્વત જો બીજા પર્વતો કરતાં સારા ઉઠાવદાર હોય તો સામાજિક સાંસારિક બાબતોમાં સારી સફળતા મેળવે છે. આવા માણસો સારી નામના મેળવે છે.

બુધ અને મંગળના પર્વતો જો બીજા પર્વતો કરતાં ઉઠાવદાર હોય તો કંઈક વધારે પડતી સાહિસક વૃત્તિના, બેપરવાહ અને મશ્કરા હોય છે.

બુધ અને શુક્રના પર્વતો કરતાં સારા ઉઠાવદાર હોય તો બહુ જ એશઆરામી, નાટક સિનેમાના શોખીન તેમજ વિલાસવૃત્તિવાળા હોય છે.

જો આ પ્રમાણે ના ઉઠાવદાર પર્વતો હોય અને બુધની આંગળી સારી હોય તો એકટર તરીકે નામના મેળવે છે.




૧. બુધના પર્વત પર એક જ સીધી રેખા.

૨ સૂર્ય રેખા : અકસ્માત મોટો ધનલાભ સટ્ટા, લોટરી કે હરિફાઈમાંથી મળે.

નં. ૨ બુધના પર્વત ઉપર એક જ સીધી રેખા હોય તો રેસ સટ્ટા

લોટરી કે હરિફાઈમાંથી અચાનક સારામાં સારા ધનલાભ થાય છે. આવા માણસોને આવા આજ પ્રકારના બીજા વિષયોમાંથી મોટા પ્રમાણમાં ધન મળે છે.

૧. બુદ્ધના પર્વત પર સમાંતરે પડતી ઉર્ધ્વ રેખાઓ.

૨. સીધી મસ્તક રેખા : પ્રખ્યાત સર્જન ડોકટર બને છે.

જો બુધના પર્વત પર સમાંતરે ત્રણથી ચાર ઊભી રેખાઓ હોય તો નામાંકિત ડોકટર થાય છે. જો સ્ત્રીઓના હાથમાં પણ ઉપર મુજબની રેખાઓ હોય તો લેડી ડોકટર તરીકે પ્રખ્યાતિ મેળવે છે અને જો બેથી ત્રણ નાની નાની રેખાઓ હોય તો કમ્પાઉન્ડર કે નર્સ થાય છે.

આ રેખાઓ બહુ જ ધ્યાનપૂર્વક જોવી.કારણ કે આવી રેખાઓ જો વાંકીચૂકી કે બેડોળહોય અને હૃદયરેખાને કાપતી હોય તો આવા માણસોમાં સારા-નરસાનો વિચાર કરવાની શક્તિ હોતી નથી અને તેમને ફસાવનારા ઘણા મળે છે. કારણ કે આવા માણસો ફુલણી હોય છે.




૧. ખોટી ઘેલછા.

૨-૨ તૂટક સૂર્યરેખા

૩. આડી રેખાથી સૂર્યરેખાનું કપાવું

આ બધા ચિન્હો અચાનક ધનનું મોટું નુકશાન સૂચવે છે. ચોરીથી ધન ચોરાઈ જવું વગેરે.

જો આવી રેખાઓ હૃદયરેખાને ન કાપતી હોય અને વાંકીચૂકી હોય તો કોઈપણ બાબતમાં ખોટી ઘેલછા હોય છે. ખાસ કરીને ધાર્મિક ઘેલછા વધુ પડતી જોવામાં આવે છે.

જો સમાંતરે ત્રણથી ચાર સારી ઉઠાવદાર હોય તો નામાંકિત સર્જન ડોકટર થાય છે.

જો સ્ત્રીઓના હાથમાં બુધના પર્વત પરની વાંકીચૂકી રેખાઓથી તેમની લગ્ન રેખા કપાતી હોય અને મણીબંધ રેખા વળાંકદાર હથેળી ઉપર અર્ધચંદ્રાકાર બનતી હોય તો આવી સ્ત્રીઓને ગર્ભાશયનાં દરદો થાય છે. અને તેમાંય સુવાવડ આવે તો ખાસ કરીને ઓપરેશન કરાવવું પડે છે.




૧. અર્ધ ચંદ્રાકર મણીબંધ રેખા

૨. ચંદ્ર પરઆડીઅવળી રેખાઓ,

૩. તે જ પ્રમાણે બુધ પર આડી અવળી રેખાઓથી કપાતી લગ્નરેખાઓ જો ઉપર પ્રમાણે હોય તો સુવાવડમાં કષ્ટ અને ઓપરેશન

કરાવવું પડે.




બુધના પર્વત પરથી આડી રેખા નીકળીને જો સૂર્ય રેખાને કાપતી હોય તો ધંધામાં અચાનક મોટું નુકસાન થાય છે. કોઈ વખત આવા નિશાનવાળાને ચોરીથી પણ નુકસાન થાય છે. બુધનો પર્વત સમાન ઉઠાવદાર હોય અને તેના ઉપર સ્વતંત્ર ચોખ્ખી ચોકડી હોય તો ઉસ્તાદ વેપારી થાય છે. આવા માણસો ભલભલાને પાણી પાણી કરી નાખી પોતાનો માલ પધરાવી દે છે. પણ જો બુધનો પર્વત ઉઠાવદાર હોય અને એવી એક કે બે ચોકડીઓ પડેલી હોય તો માણસો અવ્વલ નંબરના બદમાશ અને ચોર હોય છે.

તેમાંયે જો ઉપર પ્રમાણેની ચોકડીઓની સાથે જો તેમની હૃદયરેખા ફક્ત શનિની આંગળી નીચે જ ખતમ થઈ જતી હોય તો આવા માણસોને નવગજના નમસ્કાર કરવા સારા, નહિતો તેમની છાયા પણ નુકશાનીમાં ઊતારી નાખે છે.

મતલબ કે તમારી પાસેથી તેમની દાનત કંઈક પડાવવાની જ હોય છે. આવા માણસો કાયમ કોઈને ફસાવવાની તરકીબો જ વિચારતા હોય છે.

જો પર્વત સારો હોય અને તારક હોય તો સારું ફળ આપે છે. બાકી પર્વત બેસી ગયેલો હોય તો અવળા માર્ગે બુદ્ધિનો ઉપયોગ કરે છે.

બુધના પર્વત પર વર્તુળનું નિશાન બહુ જ ભયંકર છે. આવા માણસોનું કમોત થાય છે. તેમજ કોઈ વખત દગા કે છેતરપિંડીથી પણ નુકશાન થાય છે, માટે સાવચેત રહેવું જોઈએ.

બુધના પર્વત પરનો ત્રિકોણ પ્રબળ રાજનીતિજ્ઞતા બતાવે છે અને ગમે તેવાને પણ પોતાની પ્રતિભાશક્તિથી આંજી નાખીને કામ કાઢી લે છે.

બુધના પર્વત પર જાળુ હોય તો આવા માણસો કોઈના ટ્રસ્ટી કે વાલી તરીકે મૂકયા હોય તો નાણાં ઉચાપત કરી જાય છે. ખાસ ખૂબી તો એ છે કે આવા માણસો પોતાની ચાલાકીથી સામાવાળાનો પ્રબળ વિશ્વાસ સંપાદન કરી લે છે.




**મંગળના પર્વતોનાં સ્થાનો**

# મંગળનો પર્વત

મંગળના પર્વતનાં ત્રણ સ્થાનો હાથમાં રહેલા છે. હૃદયરેખા તેમજ મસ્તકરેખાની વચ્ચેનો ભાગ હથેલીના છેડા પર છે, તેને ઉપલો મંગળ કહે છે . તેમજ આ જ બે રેખાઓની વચ્ચેના ભાગને મંગળનું મેદાન કહે છે. જ્યારે, જીવનરેખાની શરૂઆતમાં અંદર જે નાનો ઉપસેલો ભાગ હોય છે, તેને નીચલો મંગળ કહે છે.

ઉપલાં મંગળના ગુણ : (૧) સાહસ, શૌર્ય (૨) મર્દાનગી, હિંમત (૩) શત્રુઓ પર વિજય, લડાઈમાં આગેવાની, સૈનિક જીવન વેગેરે.

ઉપલા મંગળ પરથી નીચે મુજબનાં દરદો જોવાય છે. ખાસ કરીને મંગળના આ પર્વત પરનાં નિશાનો પરથી ગળાને લગતાં દરદો, માથામાં વાગવું, કમળો, આંતરડાની બિમારીઓ સંગ્રહણી,હોજરીમાં સોજો વગેરે જોઈ શકાય છે.

નીચલો મંગળ : ખાસ કરીને આ મંગળ પરનાં નિશાનો પરથી કૌટુંબિક બાબતો વધુ જાણી શકાય છે.

મંગળનું મેદાન : આ ભાગનું મહત્ત્વ ઘણું જ છે. કારણ કે દરેક માણસની જિંદગીમાં ખાસ કરીને ફેરફારો કે સ્થિર જિંદગી જશે કે કેમ તે સમય આ ભાગ પરથી જોવાય છે. લગભગ ૩૫ વર્ષની ઉંમરથી ૫૫ વર્ષની ઉંમર સુધીની જિંદગીમાં થતાં ફેરફારો જોવાનું આ સ્થાન છે. માટે આ ભાગને બહુ જ બારીકાઈથી જોવો જોઈએ. આ ભાગમાં બીજી ઘણી મુખ્ય રેખાઓ તેમજ ચિન્હોની જુદી જુદી અસર થતી હોવાથી ફક્ત એક જ મંગળના મેદાનની બાબતમાં રજૂ કરવાથી સમજાશે નહિ. માટે આ પર્વતમાં પડતી રેખઓવાળા બાગમાં વિગતવાર ચર્ચા કરીશ.

ઉપલો મંગળ : જો પર્વત સારો ઉઠાવદાર હોય તો માણસમાં હિંમત અને મર્દાનગી હોય છે. પરંતુ જો તેના બદલે વધુ ઉપસેલો હોય તો માણસ નિર્દય સ્વભાવનો ને ઝનૂની બની જાય છે.

ઘણી વખતે ખૂબ જ ઉપસેલા મંગળવાળા માણસોના હાથમાં જો હૃદયરેખા અને મસ્તકરેખા જુદી જુદી ન હોતાં એક જ હોય કે મસ્તક રેખા ટૂંકી હોય તો ઝનૂનમાં ઊંધા કામો કરી બેસે છે. લડાઈ તકરાર

તો  હાલતાં ચાલતાં કરવાવાળા હોયછે.

કોઈવાર મંગળ ઉપરનો કાબુ ગુમાવીને સામા માણસનું ખૂન પણ કરી નાખતાં આવા માણસો અચકાતાં નથી.

આ પર્વત પરની આડી રેખાઓ દુશ્મન સૂચવે છે. જો આમાંથી એક રેખા નીકળીને મસ્તક રેખાને કાપતી હોય તો કોઈપણ મિત્ર તરફથી મોટું નુકશાન થાય છે.

અને જો ઉપર પ્રમાણેની રેખા નીકળીને સૂર્ય રેખાને કાપતી હોય તો કોર્ટથી નુકસાન થાય, અને આજ પ્રમાણેની રેખા ધનરેખાને કાપતી હોય તો ધંધામાં મોટું નુકશાન થાય છે.

ઉપલા મંગળ પર એક જ સીધી રેખાવાળા માણસો ખૂબ જ હિંમતવાળા અને બહાદુર હોય છે. આવા માણસો લડાઈના મેદાનમાં સારી બહાદુરી બતાવી શકે છે.

આ પર્વત જો વધુ પડતો ઉપસેલો હોય અને જો તેના પર તારક હોય તો ઘણું જ ભયંકર પરિણામ લાગે છે. આવા માણસોએ કદી પણ પોતાની પાસે હથિયાર વગેરે રાખવું નહિ તો તેમના હાથે કોઈને પણ ઈજા થવાનો ભય રહે છે. કારણ કે આવા માણસો ઝનુની હોય છે. તેમને ગુસ્સો ચઢતાં વાર લાગતી નથી અને આવેશમાં આવી જઈને તેમના હાથમાં જે કંઈહોય તે સામાવાળને મારી બેસે છે.

આ પર્વત પર ત્રિકોણનું ચિન્હ હોય અને બુધના પર્વત પર સમાંતરે ઊભી રેખાઓ હોય તો કુશળ સર્જન ડોકટર થાય છે. ઓપરેશનમાં બહુ જ સફળતા મેળવે છે.

અને જો ફક્ત એકલો મંગળના પર્વત પર ત્રિકોણ હોય તો આવા માણસો લડાઈના મોરચા પર સારી કામગીરી બજાવે છે. નીડરતાપૂર્વક પોતાની ફરજ બચાવે છે. આવા માણસોને માનચાંદ પણ મળે છે.

મંગળના પર્વત પર આડીઅવળી બારીક રેખાઓ હોય તો શ્વાસનળીમાં સોજો થાય છે અને જો આ સાથે સ્વાસ્થ્ય રેખા પણ તૂટક હોય તો મેનજાઈટીસ જેવા રોગો થાય છે.

આ મંગળ પરથી નીકળેલી રેખા હાથમાં જે કોઈ રેખાને કાપતી

હોય તે રેખા સંબંધી નુકશાન કરે છે. ફક્ત સૂર્યરેખાની બાજુમાં સમાઈ જતી એક જ રેખા અચાનક લાભ આપે છે. આ રેખા તેમ ન હોતાં જો કાપતી હોય તો નુકશાન જ સમજવું.

આ પર્વત પર ચોકડી હોય તો તકરારી સ્વભાવ હોય છે. કેટલીક વાર નીચેના ભાગમાં ચોકડી જેવા ચિન્હો હોય તો ઓપરેશન પણ કરાવવું પડે છે.

આ પર્વત પર વર્તુળ હોય તો આંખ ઉપર વાગે કે આંખ ફુટી પણ જાય. માટે આવા માણસોએ ધ્યાન રાખવું.

આ પર્વત પર ચોરસ હોય તો અકસ્માત વાગવાથી લડાઈ ઝગડામાં થતા હુમલાથી બચાવ થાય છે.




૧-૧. સ્ત્રીનું મરણ

૨-૨. સામાન્ય માંદગી

૩-૩. કૌટુંબિક આઘાતજનક બનાવ

૪-૪. દારિદ્ર યોગ

૫-૫. પૈસાનું નુકશાન

સમસ્ત હાથમાં જો રોગ પારખવા માટે કોઈ પણ સ્થાન હોય તો તે ઉપલો મંગળ તેમજ તેની આજુબાજુનો ભાગ. આ પર્વતની ઉપરનાં જાળા કે આડીઅવળી રેખાઓ તેમજ તેમાંથી નીકળીને જુદી જુદી જગ્યાએ જતી રેખાઓ બહુ જ બારીક સંશોધન માગી લે છે.

નીચલો મંગળ : જો આ પર્વત સમાન ઉઠાવદાર હોય તો ક્ષમા, ધૈર્ય અને પ્રસંગનો ઓળખીને વર્તવાના ગુણો આપે છે.

પરંતુ જો વધારે પડતો ઉપસેલો હોય તો સંકુચિત વિચારોવાળો અને જક્કી હોય છે. અને જો આ પર્વતનો અભાવ હોય તો તેવા માણસોમાં બિલકુલ સહનશક્તિ હોતી નથી.



૧-૧. કોર્ટ કચેરીથી નુકશાન

૨-૨. ધંધામાં નુકસાન

૩-૩. મિત્રોથી નુકશાન

૪-૪ કૌટુમ્બિક મરણ કે તેમનાથી નુકશાન અને દરિદ્ર સૂચક છે.

જો બીજો પર્વતોના મુકાબલે આ બંને પર્વતો સમાન ઉઠાવદાર હોય

તો આવા માણસોને સ્વાસ્થ્યનું સુખ સારું હોય છે. તેમજ તેમને જમીનની દલાલી કે ખેતીવાડીથી ફાયદો થાય છે.

જેના હાથમાં આ બંને પર્વતો બેસી ગયેલા હોય છે તેને પોતાના જમીન મકાન હોતા નથી.

નીચલા મંગળ ઉપર કાળું ટપકું હોય તો સ્થાવરનો નાશ થાય છે.

આ પર્વત પર જો તારક હોય તો આવા માણસોનું ધન,કોર્ટ અને કચેરી લડવામાં ખર્ચાઈ જાયછે.

જો આ પર્વત તદ્દન બેસી ગયેલો હોય અને તેમાં ક્રોધ હોય તો આવા માણસોમાં સહનશીલતાનો બિલકુલ અભાવ હોય છે. જેથી કોઈપણ કાર્યમાં નિષ્ફળતા મળતાં આત્મઘાત તરફ મનોવૃત્તિ ઢળે છે.

નીચલા મંગળમાંથી નીકળીને જીવનરેખા સુધી જનારી રેખાઓ કૌટુંબિક મૂંઝવણો સૂચવે છે અને જો જીવનરેખાને કાપતી હોય તો પોતાની બિમારી સૂચવે છે.

જો આ રેખા આગળ જઈને ધનરેખાને કાપે તો કૌટુંબિક ચિંતાથી કે કૌટુંબિક અવરોધોથી ધંધામાં નુકશાન સૂચવે છે.

જો આ રેખા આગળ જઈને મસ્તકરેખાનેકાપે તો માનસિક આઘાત લાગે તેવા બનાવો કુટુંબમાં બને છે. અને આથી પણ આગળ જઈને હૃદયરેખાને કાપે તો નજીકના સગાનું મરણ થાય છે અને જેથી આઘાત લાગે છે.

ઘણી વખતે આ રેખા જો શરૂઆતમાં જ સીધી નીકળીને હૃદયરેખાને કાપતી હોય તો સાથીનું મરણ સૂચવે છે.

નીચલા મંગળના નીચાણમાંથી નીકળીને કોઈ રેખા સીધી જઈને હથેલીના બે ભાગ કરતી હોય તો આવા માણસોની જિંદગીમાં ૩૨ કે ૩૬ની ઉંમર બાદ ધનસંબંધી મહાન મુસીબતો આવે છે.

નીચેલા મંગળમાંથી જ જીવનરેખાની સાથેજનારી રેખાને મંગળ રેખા કે સીસ્ટર લાઈન કહે છે.

આ પર્વત પરથી નાનપણમાં બનેલા કૌટુંબિક બનાવો સારી રીતે જાણી શકાય છે જો નાની નાની રેખા નીકળીને જીવનરેખાને કાપતી હોય તો શારીરિક તંદુરસ્તી બાળપણમાં સારી રહેતી નથી.

## ચંદ્રનો પર્વત

હથેલીના છેડા પર, શુક્રના પર્વતની સામી બાજુના ભાગને ચંદ્રનો પર્વત કહે છે.

ચંદ્રના પર્વતના ગુણ : (૧) કલ્પના તર્ક (૨) અદ્‌ભૂતતા, કવિત્વશક્તિ (૩) ગહનવિષયોનો શોખ (૪) પાણીની મુસાફરી.

ચંદ્રના પર્વતના અવગુણ : (૧) ગાંડપણ (૨) વિચારોની અસ્થિરતા (૩) ઘેલછાઈ (૪) મનની નિર્બળતા વગેરે.

ચંદ્રનો પર્વત જો સમાન હોય તો સારા ગુણોની અસર સારી હોય છે. બાકી જો આ પર્વત બહુ જ ઉપસેલો હોયતો માનસિક નિર્બળતા વધુ પડતી હોય છે. ચંદ્રએ મનનો કારક ગ્રહ છે. ખાસ કરીને જન્મપત્રિકામાં પણ ચંદ્રની મહત્તા ઘણી જ છે. તેના પરથી નામ નક્કી કરવામાં આવે છે. તેમજ જન્મપત્રિકાના ચાલુ ગોચર ગ્રહો જોતી વખતે ચંદ્ર લગ્ને ખાસ મહત્તા આપવામાં આવે છે અને તેની સાથે થતા યોગોથી ચાલુ પરિસ્થિતિ જોવાય છે.

ઉપરાંત ચંદ્ર ઉપરથી દશામહાદશા પણ નીકળે છે અને જેના ગ્રહોનું ફળ ક્યારે મળશે તે જોવાય છે.



૧-૧. વિકાસ રેખા અર્ધગોળાકાર

૨-૨. દત્તક થવાથી વારસો મળે

૩-૩. આંતરજ્ઞાન

મતલબ કે ચંદ્રની જેટલીમહત્તા જન્મપત્રિકામાં છે, તેટલી જ હાથમાં પણ છે. માટે આ ભાગ પણ બહુ જ બારીકાઈથી જોવો જોઈએ.

ચંદ્રનો પર્વત સમાન ઉપસેલો હોય તો સારીકલ્પનાશક્તિ, તર્કશક્તિ પવિત્ર અને સંયમી હોય છે. કાવ્યોનો શોખ, અદ્ભૂત બનાવોમાં રસ, ગહન વિષયોનો શોખ તેમજ રસિકતા હોય છે.

ચંદ્રનો પર્વતનો જો અભાવ હોય તો કલ્પનાશક્તિ વિનાનો અને તેને પોતાના ભાવિનું સારા-નરસાનું ભાન હોતું નથી.

જો આ પર્વત બહુ જ ઉપસેલો હોય તો આળસુ, શેખીખોર, ઘેલછાવાળો, વ્યસની અને મૂર્ખ હોય છે.

જો બીજા પર્વતો કરતાં ચંદ્ર અને બુધના પર્વતો સારા ઉઠાવદાર હોય તો બુદ્ધિશાળી અને વેપારધંધામાં હોંશિયાર થાય છે.

જો બીજા પર્વતો કરતાં ચંદ્ર અને શુક્રના પર્વતો સારા હોય તો ઉત્તમ કલ્પના શક્તિવાળો, અભિનેતા કે પ્રેમના ઉત્તમ કાવ્યો લખનારો કવિ થાય છે.

પંરતુ જો આ બંને પર્વતો બહુ જ ઉપસેલા હોય અને તેના પ્રમાણમાં બીજા પર્વતો તદ્દન બેસી ગયેલા હોય તો આવા માણસો બહુ જ આળસું, વ્યસની અને વ્યભિચારી મનોવૃત્તિવાળા હોયછે.

જો શનિ અને ચંદ્રના પર્વતો ઉઠાવદાર હોયતો ડરપોક સ્વભાવના, ઓછી કલ્પના શક્તિ તેમજ વિચારોની અસ્થિરતા રહે છે.

જો ચંદ્રના પર્વત પર સહેજ વળાંકદાર ઊભા રેખાહોય તો તેમને ભાવિ સંકટોની આગાહીઓ થાય છે, તેમજ તેમના સ્વપ્નો સાચાં પડતાં હોય છે.




૧-૧. ગાંડપણ અને તેમાંથી આપઘાત

૨-૨-. લકવો થવાની નિશાની

૩-૩. કિડનીની શસ્ત્રક્રિયા અને ઉપરના ભાગ પર હોય તો જળઘાત ચંદ્રના પર્વત પર તારક કે ક્રોસનું નિશાન સચોટપાણીની ઘાતનું ચિન્હ છે. તેમજ જો આ પર્વત ઉપરની બાજુમાં આ પ્રમાણેનું નિશાન હોય તો પેટનું ઓપરેશન સૂચવે છે.

અને જો ક્રોસ કે તારક નું નિશાન નિચાણના ભાગમાં હોય તો કીડનીના ભાગનું ઓપરેશન સૂચવે છે.

ચંદ્રના પર્વત પરથી વળાંકદાર રેખા નીકળીને જીવનરેખા તરફ ઝૂકતી હોય તો રૂમેટીઝમ લકવો ભાવિમાં થાય છે. આ પણ સચોટ નિશાન છે અને મારા અનુભવમાં આવેલા કેટલાક ભાઈઓને આપ્રમાણેની રેખાથી તેવાં દરદો થયાના સચોટ દાખલા છે.

આ પ્રમાણેની રેખાવાળા જો પોતાની રહેણીકરણીમાં અને

ખાવાપીવામાં અને નિયમિત બને તો ભાવિમાં થતા અચાનક હુમલાથી બચી શકે.

હવે કેટલાક આ રેખાને લાંબી મુસાફરીની રેખા માને છે તેવી ભૂલ કરવી નહિ. આડી રેખાઓ અને આ રેખા બંને જોવામાં ભૂલ ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ.

આ જ પ્રમાણે એક રેખા નીચેના ભાગમાં સહેજ વળાંકદાર હોય છે. તેને વિકાર રેખા કહે છે. તેવાં માણસો લુચ્ચા, લફંગા અને વ્યસની હોય છે.

ચંદ્રનો પર્વત મણિબંધ તરફ ઝૂકતો હોય અને તેના ઉપર ત્રિકોણનું નિશાન હોય તેવા માણસો સારી સફળતા મેળવી શકે છે.

જો ચંદ્રના પર્વત પર વર્તુળ હોય તો બહુ જ ખરાબ નિશાન છે. આવા માણસો પોતાના ગુસ્સાને કાબુમાં રાખી શકતા નથી. તેમજ આવેશમાં આવી જઈને કોઈને મારી બેસે છે. આવા માણસોએ ઝગડાના સમયે હથિયાર કે તેવી કોઈ તીક્ષ્ણ ચીજ પાસે રાખવી નહીં. તેમજ પાણીથી સંભાળવું જોઈએ, નહીં તો ડૂબવાનો પ્રસંગ બને.

આ પર્વત ર ચોરસનું નિશાન દરેક જાતની મુસીબતોમાંથી બચાવ કરે છે.

જો જવ કે જાળીનું નિશાન હોય તો નુકશાનકર્તા છે. આ પર્વત પરનું જાળું ઘેલછાનો આંતિરક અને જેનાથી ગાંડપણ સૂચવે છે. જાળું દુર્ભાગ્યસૂચક છે.

જો સ્ત્રીના હાથમાં ચંદ્રનો પર્વત ઉઠાવદાર હોય અને તેના ઉપર જાળું હોય તો આવી સ્ત્રીઓને વિષયવાસનાના અંસતોષથી હીસ્ટીરીયા જેવા રોગો થાય છે.

આ પ્રમાણેના જાળાવાળી સ્ત્રીઓનો હાથ જો બીજી રીતે સારો ન હોય તો તેમની ચાલચલગત ઘણી જ ખરાબ હોય છે.

દરિયાઈ મુસાફરી માટે મણિબંધ તરફથી રેખા નીકળીને જો સીધી ઉપરના ભાગમાં જતી હોય તો જ પાણીની મુસાફરી થાય છે.




૧-૧. દરિયાઈ મુસાફરી

૨-૨. જમીનની મુસાફરી

૩-૩.

૪-૪. ખૂબ જ પૈસાદાર ધનાઢ્ય થાય

ચંદ્રના પર્વત પર જો જીવનરેખામાંથી રેખા નીકળીને સીધી આવતી હોય તો આવા માણસોને ધનનો વારસો દત્તક થવાથી મળે છે.

આ પર્વત જો વધુ પડતો ઉઠાવદાર હોય અને ગોળાકાર રેખાઓ હોયતો ધનૂર્વાત થાય છે.

ચંદ્રના ઉઠાવદાર પર્વત પર આડી રેખા અને બારીક ચોકડીઓ હોય તો અંતરગાંઠ થવાનો ભય રહે છે.

જો મસ્તક રેખામાંથી એક રેખા નીકળીને ચંદ્રના પર્વત પર આવતી હોય અને સૂર્યના પર્વતપર જાળું હોય તો વ્યભિચારી અને બદમાસ હોય

છે. આવા માણસો સમાજમાં હડધૂત થાય છે. માન આબરુ લગારે હોતા નથી.

આડી રેખાઓ કે જેને નાની કે મોટી મુસાફરી સૂચક છે, તે જો બીજી રેખાથી કાપતી હોય તો મુસાફરીમાં નુકસાન થાય છે.

નાનીનાની બારીક રેખાઓ જ્ઞાનતંતુની નબળાઈનું સૂચક કરે છે.

ચંદ્રના પર્વત પરથી રેખા નીકળીને ગુરુના પર્વત પર જતી હોય તો ખૂબ જ ધનાઢ્ય થાય છે.

મસ્તક રેખા ખૂબ જ ઢળતી ચંદ્રના પર્વત પર આવતી હોય અને શનિનો પ્રવત દબાયેલો હોય તો આવા માણસો આપઘાત કરે છે.

ચંદ્રનો પર્વત પર ઢળતી મસ્તકરેખાના ચેડા પર તારક કે ક્રોસ ગાંડપણ લાગે છે.

આડ રેખા નીકળીને જીવનરેખાને કાપતી હોય તો ડાબાબિટીસ (મધુપ્રેમેહ) થાય છે.

## શુક્રનો પર્વત

અંગૂઠાની નીચેના છેડા પાસે હેથેલીનો જે ઉપસેલો ભાગ છે : તે શુક્રના પ્રવત તરીકે ઓળખાય છે.

શુક્રનો ગુણ :(૧) પ્રેમ, દયા (૨) ઉદારતા, મોટાઈ ૯૩) સંગીત, કળા (૪) સારું ચારિત્ર્ય, મોજશોખ.

અવગુણો : (૧) હૃદયહીન, (૨)સ્વાર્થી (૩) કપટી ખોટી બડાઈ (૪) વિષયાંધ અવળા માર્ગો.

ખાસ કરીને બીજા પર્વતો કરતાં આ પર્વતનો ભાગ વિશાળ હોય છે. તેમજ વધુ પડતી રેખાઓ પણ આ પર્વત પર હોય છે. તેથી જયારે ફિલ્મી ગાયનોના ઢાળ મુજબ ગવાતાં ભજનો, હાતાં ચાલતાં ફિલ્મી એકટીંગ કરવી, માથામાંની બીજી રેખાઓ તેમજ પર્વતોની હકીકતો ધ્યાનમાં લીધા બાદ જ ફળકથન કરવું.

ખાસ કરીને ચાલુ જમાનામાં શુક્રની તીવ્ર અસર હોય એમ મને

લાગે છે.કારણ કે જ્યાં જુઓ ત્યા ફિલ્મી ગાયનોના ઢાળ મુજબ ગવાતાં ભજનો, હાલતાં ચાલતાં ફિલ્મી એકટિંગ કરવી, માથાના વાળ સુદ્ધાં ફિલ્મી એકટરોની નકલ કરીને ઓળખાવમાં આવે છે. મોજશોખ અને સસ્તા વિલાસનું વાતાવરણ વધુ દેખાય છે.

આ બધો પ્રતાપ શુક્ર મહારાજનો જ છે : ખાસ કરીને શુક્રની અસર માવનજીવન ઉપર ૧૬ થી ૩૦ વર્ષની વયમાં બહુ જ પ્રબળ હોય છે અને જો શુક્રનો પર્વત બગડેલો હોય તો યુવનો તેમજ યુવનીઓ બહુ જખરાબ માર્ગે લઈ જઈ તેમનું અધઃપતન કરાવે છે.

કેટલીક વખત રસ્તે ચાલતાંકે વાર્તાવ કરતાં જ્યારે આજના યુવાનોને ફિલમી એકટર જેમ વર્તતા હું જોઉં છું ત્યારે મને એમ થાય છે કે આ ભાઈ શુક્રની પ્રથમ અસર નીચે છે.

આજે ફિલ્મોમાં નોકરી કરવાની લાલચે કેટલાક યુવાનો અને યુવતીઓના ચારિત્ર્ય બગડ્યાં છે. આવા, યુવાનો ખોટા માર્ગે દોરવાઈ "ન ઘરના ન બારના" જેવા થઈ પોતાનું જીવન વેડફી નાખે છે.

જ્યોતિષ એક માર્ગદર્શન છે. જ્યોતિષ કોઈને કંઈ જ આપી દેતું નથી. ફક્ત તેને સૂચન કરે છે. આ માર્ગ તમારા માટે સારો છે કે ખરાબ અને જો તેવા માણસોને યોગ્ય દોરવણી અને સૂચન મળે તો તેમનાં બગડતાં જીવન ચોક્કસ સુધારી શકાય છે.

જો શુક્રનો પર્વત બહુ જ ઉઠાવદાર હોય તેમજ તેના પર જાળું કે આડી અવળી વધુ પડતી રેખાઓ હોય તો બહુ જ એશઆરામથી, આળસુ તેમજ બેપરવા હોય છે અને જેના પર્વત પર ખરાબ રીતે જાળું પડેલું હોય તેવા માણસો તેમની વિષયલાલસા સંતોષવા માટે ગમે તે રસ્તે જાય છે. વ્યસની બનાવે છે. તેમજ દુષ્ટ સ્વાભાવ, બડાઈખોર અને છળકપટથી લોકોને છેતરતા હોય છે. તેમના થોડા સ્વાર્થમાં બીજાનું બહુ નુકસાન કરવામાં પાછા પડતા નથી.

શુક્રનો પર્વત જો સમાન હોય તો આવા માણસો ઉમદા વિચારના સૌન્દર્યસંગીતના પ્રેમી, દયાળું, આનંદી સ્વાભાવના અને તેમનો પ્રેમ પવિત્ર હોય છે. (સાથે ગુરુનો પર્વત સારો હોવો જરૂરી છે.)

શુક્રનો પર્વત ખાસ કરીને સ્નેહ અને સંગાસંબીધીઓનો સૂચક છે. આ ભાગ પર પડતી આડી રેખાઓને કેટલાક ભાઈબહેનની રેખા માને છે, તો કેટલાક સંતાનરેખા માને છે. પરંતુ મારા અનુભવે ભાઈઓ અને બહેનોની સંખ્યા સૂચક વધુ લાગે છે : છતાં આ બાબતમાં ચોક્કસ કહેવા માટે બહુ જ લાંબા અનુભવ જરૂર છે.



૧-૧ શુક્ર કંકણ તૂટક હોય અને ૨. શુક્ર ઉપર જાળું હોય તે માહન વ્યભિચારી-વ્યસનની થાય છે.

જેટલી રેખાઓ કંઈક જાડી અને લાંબી હોય તે ભાઈઓની અને બારીક નાની રેખાઓ બેહનોની સંખ્યા સૂચવે છે.

તૂટેલી કે કપાતી બગડી ગયેલી રેખાઓ ભાઈ કે બહેનોનું મરણ સૂચવે છે.

જીવન રેખાની સમાંતરે ભાગમાં એક રેખા ચાલે છે. તેને મંગળની રેખા જીવનરેખાની ભગિની રેખા કહે છે. તેને મંગળની રેખા જીવનરેખાની ભગિની રેખા કહેવામાં આવે છે. આ ઉપરાતંમ જો બીજી અંદરના બાગમાંવળાંકેલી રેખાઓ હોય તો તે સ્નેહસંબંધ સૂચવે છે.

અંગૂઠાના મૂળમાંથી નીકળતી જીવનરેખા તરફ ઊભી જ નારી રેખાઓ ખાસ કરીને સ્ત્રી સાથેના પ્રેમપ્રસંગો સૂચવે છે. આવી રેખાઓને જો બહુ જ બારીકાઈથી જોવામાં નહીં આવે તો ઘણું સ્પષ્ટ કથન કરી શકાય છે. હવે જો આ રેખાઓ બેવડાયેલી યવાકાર તૂટેલી હોય તો

તે પ્રેમ નહિ, પણ ફકત વિષયવાસનાનાન સંતોષ ખાતર જ બીજી સ્ત્રીઓ સાથેના સંબંધો સૂચવે છે. પ્રેમ લાગણી તથા સચ્ચારિત્ર્ય દર્શાવતો જો શુક્રનો પર્વત બગડે તો માણસને વ્યભિચારી દંભી અને રોગીષ્ટ બનાવી મૂકે છે.

આવા માણસો વિષયાંધી બનીને પોતાના શરીરની ખુમારી કરે છે. ઉપરાંત શરીરમાં ખોટા રોગો દાખલ કરી ભવિષ્યની પોતાની સંતતિને પણ રોગના વારસદાર બનાવે છે.



૧-૧ દમ કે શ્વાસનો રોગ ૨-૨ પરસ્ત્રી સંબંધ

૩-૩ પરસ્ત્રી સંબંધ ૪. તૂટક ચોરસ જેલ.

આ રેખાઓ પર પડેલાં ટપકાં કે કાળા ડાઘ જનનેન્દ્રિયના રોગ બતાવે છે.

જો આ પર્વત પર એક જ ચોખ્ખી કોકડી હોય તો ખાસ એક જ તરફ પ્રેમ સૂચવે છે. અને જો છે તો તે પ્રમાણેની જ ચોકડી ગુના પર્વત ઉપર હોય તો તો પોતાની સ્ત્રી સાથે જ પ્રેમ હોય છે. આપ્રમાણેની જો ચોકડી સ્ત્રીના હાથમં હોય તો તેની બાબતમાં પણ ઉપર મુજબ જ સમજવું જો આ પર્વત ઉપર તારક હોય તો ઘણું કરીને નપણમાં પિતાનું મરણ સૂચવે છે. અને ડાબા હાથમાં હોય તો માતાનું મરણ સૂચવે છે.

જો સ્ત્રીના અંગૂઠાના નીચેના ભાગમાં શુક્રના પર્વત ઉપર બે થી ત્રણ ચોકડીઓ કે તારક હોય તે સ્ત્રી પૈસા ખાતર વ્યભિચારી કરે છે.

જીવનરેખાની નજીક જો પર્વત ઉપર તારક હોય તો ખરાબ સ્ત્રી સાથે સંબંધ થાય અને તેમાં પાયમાલ થવું પડે.

જો ત્રિકોણ હોય તો આવા માણસો બહુ જ ગણતરીબાજ હોય.

તેમના અનુમાનો સાચા પડે અને તેમાંએ ખાસ ગણિતશાસ્ત્રમાં ઘણી પ્રવીણતા મેળવે છે, પરંતુ કંઈક વધારે પડતાં સ્વાર્થી હોય છે.

જો આ પર્વત પર ચોખ્ખો ચોરસ હોય તો આવા માણસો કોઈપણ સ્ત્રીના ફંદામાં ફસાય પરંતુ તેમનો બચાવ થાય મતલબ કે આબરુ પ્રતિષ્ઠા જતાં જતાં બચી જાય. જો આ ચોરસ ચોખ્ખો ન હોય અને તૂટક હોય તો જેલમાં જવું પડે છે.

શુક્રના પર્વત ઉપર જાળું હોય તો વ્યબિચારી તેમજ વ્યસનનાં લક્ષણ છે પંરતુ જો ચોકડી આકારનું મોટું જાળું હોય તો આવા માણસો છૂપા વ્યભિચાર કરે છે. સમાજમાં ખોટો ડોળ આવ માણસો વધુ કરતાં હોય છે.

શુક્રનો પર્વત ઉઠાવદાર હોય તેમજ સૂર્યનો પર્વત જો સારો હોય તો આવા માણસોને નાટક કે ફિલ્મમાં સારી સફળતામળે છે.

શુક્રના પ્રર્વત ઉપરથી આડી નીકળતી રેખાઓ ને અસર રેખા કે પ્રભાવ રેખા કહે છે.

જો શુક્રનો પર્વત મણિબંધ તરફ ઢળતો હોય તો નાચ કરવામાં પ્રવીણતા મેળવે છે. ડાન્સીંગ માસ્તર બને છે.

આ પર્વત પરના ખરાબ નિશાનોની સાથે શુક્ર કંકણ છે કે કેમ તે ખાસ જોઈ લેવું તે તૂટક હોય તો શુક્રના અવગુણ ખૂબ જ વિકાસ પામે છે. પતનના માર્ગે લઈ જાય છે. પરંતુ શુક્રનું કંકણ સંપૂર્ણ સારું હોય તો બચાવ થાય છે, એમ મારું માનવું છે.

શુક્રના પર્વત ઉપરથી આડી વાંકી રેખા નીકળીને જો હથેળીના મધ્યભાગમાં આવીને અટકતી રોકાતી હોય તો આવા માણસોનો શ્વાસનો

કે દમનો રોગ થાય છે.

## મંગળનું મેદાન અથવા મોટો ચોરસ

આપણા હાથમાં મસ્તક રેખાથી હાથના બે ભાગ પડે છે. પહેલા ભાગમાં શુક્ર તેમજ ચંદ્રના પર્વતો આવેલા છે.

ચંદ્ર મન ઉપર અસરકરનારો છે, તેમજ શુક્ર ભોગવિલાસ, સુખરામનો પર્વત છે જેથી તે ભાગથી સાંસારિક તેમજ વિલાસિકાત કે જેને ભૌતિક ભાગ ગણી શકાય અને મસ્તક રેખાની ઉપરનો ભાગ જ્ઞાન, ધર્મ, કીર્તિ વહેવાર માટેનો છે.

હૃદયરેખા તેમજ મસ્તક રેખાની વચ્ચે શનિ તેમજ સૂર્યના પ્રવતના નીચેના બાગનો મોટો ચોરસ કહે છે. આ ભાગની મહત્તા ઘણી છે કારણ કે આપણા જીવનમાં ૩૦ થી ૫૦ વર્ષનો સમય આ ચોરસમાં જોવાય છે જેમ કે જીવનની આંટીઘૂટીં. સાસંસારિક સુખદુઃખ વગેરે જેનો આ સમય સુધર્યો તેની લગભગ જિંદગી સુધરી કહેવાય.

હવે મસત્ક રેખા સામાન્ય રીતે ઢળતી હોય છે. જેથી હથેળીના બીજા છેડા તરફ આ ચોરસ કંઈક મોટો બને છે. હેવ જો આ બાગમાં ધનરેખા, કીર્તિરેખા (સૂર્યરેખા) કે બીજી સીધી પર્વતોતરફ જનારી રેખાઓ વિચની આડી રેખાઓ વગેરનો ભાગ હોય તો તે સારો ગણાય છે. આવા માણસો ૩૦ થી ૫૦ વર્ષની અંદર સારો પૈસો તેમજ કીર્તિ મેળવી સુખી થાય છે. હેવે બીજી બાબત એ છે કે દરેકને માટે ૩૦ થી ૫૦નો



૧. નંબર ચોકડી : સ્ત્રીજાતિથી લાભ

૨. નંબર ચોકડી : મિત્રોથી લાભ

સામાન્ય નહિ ગણવો જોઈએ. જો ભાગ સાંકડો બનતો હોય તો ૩૫ થી ૪૫ વર્ષ કે તે મુજબ વધતો ઓછો જેટલી મસ્તકરેખા ઉપર જાટ તેટલાં વર્ષો ૩૦ થી ઉપર ગણાય અને જેટલો હૃદયરેખા ઉપર જઈને પર્વતોવાળો ભાગ સાંકડો કરે તો ૫૦ થી ઉપરનો સમય સમજવો.

હવે જો આ ભાગમાં આડીઅવળી રેખાઓ વધારે હોય તો ચિંતા, જીવનમાં નિષ્ફળતા, ધંધામાં નુકસાન સૂચવે છે.

જો આ ભાગ બહુ મોટો અને અંતમાં પહોળો વધારે હોય તો આવા માણસો જિદ્દી તેમજ મૂર્ખ હોય છે. જેથી આ સમયમાં પૈસા ગુમાવે છે. જો આ ભાગ શનિ કરતાં સૂર્યના પર્વત નીચે વધારે પહોળો થતો હોય તો આવા માણસો દયાળુ તેમજ પોતાની આબરૂ પ્રતિષ્ઠાનો ખાસ ખ્યાલ રાખીને જ ચાલનારા હોય છે.

મસ્તકરેખા નીચે જવાને બદલે ઉપરની તરફ મંગળના પર્વત પર જતી હોય તો આવા માણસો લાગણીપ્રધાન બહુ હોય છે અને જો હૃદયરેખા નીચે વધારે ઝૂકીને આ ભાગને સાંકડો કરતી હોય તો માણસો સંકુચિત વિચારના અને કંજૂસ હોય છે.

જો આ ભાગ સમાન હોય તો ઉદાર અને સારો વિચારનો બને છે,

તેમજ જો પર્વત સાહો હોય તો ધનસંચય કરે છે.

અને જો ભાગ પહોળો અને છીછરો થઈ જતો હોય તો ધન ટકતું નથી.

આ ભાગ કઠણ હોય તો ઉત્સાહી અને હિંતમવાળો બને છે. જો નરમ અને સુંવાળો હોય તો શરીરમાં નબળાઈ રાખે છે. આ પ્રમાણે હોવાના કારણમાં આ ભાગને આપણા મસ્તકમાં આવેલા 'નર્વસ સેન્ટર' સાથે સીધો સંબંધ છે.

જેની આંગળીઓ વળેલી હોય ને આ ભાગ સાંકડો બનતો હોય તેવા માણસો બીજાનું લઈને પછી પાછું આપવામાં સમજતા નથી.

જો આ ભાગમાંની સૂર્યેરેખા નીકળીને સૂર્યના પર્વત તરફ જતી

હોય તો આવા માણસોને સારી મદદ મળે છે. અને પોતે સારી ફત્તેહ મેળવે છે.

જો આ ભાગ સાંકડો હોય તે બુધના પર્વત ઉપર આડી આવળી રેખાઓછી જાળું બનતું હોય તો આવો માણસો ચોરી કરવાની વૃત્તિવાળા અને જુઠ્ઠા હોય છે.

આ ભાગમાં હૃદયરેખાની નીચે ચોકડી હોય તો સ્ત્રી જાતિ તરફથી સારો ફાયદો થાય છે. તેવી જ રીતે સ્ત્રીઓને પુરુષોથી પરંતુ આ ચોકડીથી ભાગ્યરેખા કે સૂર્યરેખા કપાવી ન જોઈએ અને જો આ પ્રમાણે ચોકડી મસ્તકરેખા ઉપર હોય તો સારા મિત્રો મળે છે.

જો આ ભાગમાં શનિના પર્વતની નીચે ભાગ્યરેખાને અડીને ચોકડી હોય તો આવા માણસોને ધાર્મિક વિષયોનું સારું જ્ઞાન હોય છે.




આડી અવળી રેખાઓથી ખરાબ થતો ભાગ અને ચોકડીઓ જે બીજા પર્વતોના અવગુણને વધારી મૂકે છે.

પરંતુ જો આ ભાગ નબળો હોય, આડી અવળી રેખાઓ પડતી



**પ.પૂ. બાળમુનિશ્રી ચારિત્રપ્રભ વિજયજી મ.સા.**

જન્મ : તા. ૫-૯-૧૯૮૯, મુકામ - ગડોથ, (ડુમા) તા. - જેતપુર (જી. વડોદરા)

દીક્ષા : અષાઢ સુદ - ૩, બુધવાર, સં. ૨૦૫૨, મુ. પેટલાદ

હોય અને જો બંને હાથમાં ચોકડી હોય તો તે ચોકડી હાથમાં રહેલા પર્વતોમાં જે પર્વત પ્રબળ હોય તેનાં ગુણો વધારી મૂકી અતિરેક કરે જે ખરાબ પરિણામ લાવે.

જેમ કે ગુરુનો પર્વત મોટો હોય તો ખોટી બડાઈ, મોટી મોટી ઇચ્છાઓ પરંતુ તેની પાછળ અમલમાં મૂકવાની કાર્યશક્તિ નહિ.

શનિનો પર્વત મોટો હોય તો એકાંતપ્રિય તેમજ નિરાશા. જીવનમાં જાણે કંઈ જ નથી ! સાધુ થઈ જવાની પ્રબળ મનોવૃત્તિઓ.

સૂર્યનો પર્વત મોટો હોય તો લોભી તેમજ પોતાની પાસે જે કંઈ બાબતનું સામાન્ય જ્ઞાન હોય છતાં મોટો પંડિત છું તેવું ખોટું અભિમાન અને દરેક બાબતમાં પોતાનો કક્કો ખરો કરે.

બુધનો પર્વત મોટો હોય તો જુઠ્ઠો અને ચોર અને પોતાની




તારક - જે પર્વત નીચે હોય તેમાં ફત્તેહ શનિ નીચે ચોકડી અધ્યાત્મ
ચોરસ : મુસીબતોમાંથી બચાવ, મોટાભાગથી વધુ પડતી ઉદારતા.

ચાલબાજીથી દરેકને છેતરવાનો પ્રયત્ન કરે. ખોટી બડાઈ ને ઊંધું બોલીને છેતરવાની જ વાત

ઉપલો મંગળ હોય તો મિજાજી અને કઠોર, વાતવાતમાં લડવાની વાતો કરે. પોતાના જેવી તાકાત કે હિંમતવાળો કોઈ જ નથી અને પોતે મહાન હિંમતવાળો છે, એમ માને છે.

નીચલો મંગળ હોય તો બાયલો અને કોઈપણ સાહસમાં જાણે પાયમાલ થઈ જઈશું તેવી મનોવૃત્તિવાળો સાહસ કરવું ગમે જ નહિં.

શુક્ર હોય તો બધી દુનિયા ફક્ત સ્ત્રી અને વ્યસનોમાં જ છે તેમ સમજવાળો, વ્યભિચારી અને વ્યસની, આળસુ બેદરકાર હોય છે

અને જો ચંદ્રનો પર્વત હોય ઘેલછા અને વિચારવાયુનો અતિરેક જેથી છેવટ જતાં ગાંડપણ આવે.

હવે આ ભાગમાં તારક ને શુભ માનેલો છે. અને આ તારક જે પર્વતની નીચેના ભાગમાં હોય તે પર્વત સંબંધી ફતેહ, મશીનરી કારખાનાઓના ધંધામાં ફતેહ સૂર્યનો પર્વત નીચેના ભાગમાં હોય તો કલા, સાહિત્યમાં કીર્તિ અને પૈસો અપાવે છે. બુધનો પર્વત નીચે હોય તો વૈજ્ઞાનિક ડોકટરી ધંધામાં ફતેહ મળે છે. ગુરુ આગળ હોય તો ધર્મપ્રચારક થાય છે.

આ વિભાગમાં ત્રિકોણ હોય તો વિજ્ઞાનમાં ફતેહ અપાવે છે. ચોરસનું નિશાન ધંધામાં આબરુ, પ્રતિષ્ઠા અને વર્તુળ હોય તો આંખના રોગ થાય છે.

હવે જેમને મસ્તકરેખા તેમજ હૃદયરેખા એક જ હોય અને આ ભાગ ન બનતો હોય તેવા માણસોને જ્યારે બુદ્ધિ ચાલે ત્યારે હૃદય ન ચાલે (દયા, પ્રેમનો અભાવ) અને જ્યારે દિલ લાગણી બતાવે ત્યારે બુદ્ધિ કામ ન કરે જેથી કોઈ વખતે પુષ્કળ લાગણીપ્રધાન બને તો કોઈ વખતે નિષ્ઠુર બને છે.

# મોટો ત્રિકોણ

જીવનરેખા, મસ્તકરેખા તેમજ સ્વાસ્થ્ય રેખાથી આપણા હાથમાં એક મોટો ત્રિકોણ બને છે. કેટલાક હાથમાં સ્વાસ્થ્ય રેખા નથી હોતી છતાં આ ભાગનો દેખાવ જ ત્રિકોણ જેવો લાગે છે. ઘણા ખરા જીવનમાં બનતા લાભ-હાનિના બનાવો અને આ ત્રિકોણમાં પડતી નિશાનીઓ પરથી જાણી શકાય છે.

આ ત્રિકોણમાં જો હથેળી વધારે પડતી ઉપસેલી હોય તો માણસ બહુજ ખર્ચાળ બને છે. તેમજ સ્વભાવ વધારે ક્રોધી હોય છે અને જો તેમ ન હોતાં હથેળી બેસી ગયેલી હોય અને નસો દેખાતી હોય તો નબળાઈનું સૂચન કરે છે.

જો સ્વાસ્થ્ય રેખા જીવનરેખાના બહુ જ ઉપરના ભાગ આગળથી નીકળવાને લીધે આ ભાગ નાનો બનતો હોય તો આવા માણસો બહુ જ સ્વાર્થી અને હલકટ વિચારના હોય છે.

તેજ પ્રમાણે જો આ રેખા નીચેના ભાગમાંથી નીકળીને મસ્તકરેખા તરફ સીધી જવાથી આ ભાગ સાંકડો બનતો હોય, તો પણ ઉપર પ્રમાણે જ સમજવું.

આ ભાગ એટલે જીવનની શરૂઆત લગભગ ૨૨ થી ૩૦ વર્ષ ઉંમર સુધીના બનાવો આ ભાગમાં આવે છે. જેથી આ ભાગમાં આડીઅવળી રેખાઓ હોય અને આ ભાગ ખરાબ બનતો હોય તો ઉપર જણાવેલો સમય બહુ જ ખરાબ જાય છે.

જીવનરેખા ને મસ્તકરેખા બનતા સુધી ઘણાખરા હાથમાં જોડાયેલી હોય છે. હવે જ્યાં સુધી આ બંને રેખાઓ જોડાયેલી હોય ત્યાં સુધી માણસનું જીવન પરતંત્ર હોય છે અને જ્યાંથી મસ્તકરેખા અલગ પડે ત્યાંથી ધંધામાં કે નોકરીમાં જોડાવાનાની શરૂઆત ગણાય. છતાં ઉપરની બાબતોમાં ખાસ એ જ જોવાનું કે બહુ લાંબા સમયથી આ બંને રેખાઓ જોડાયેલી હોય છે, તેવાઓનું જીવન નાનાપણમાં બીજાના ભરોસે પસાર થાય છે.




અભાગી ચિન્હો : ટૂંકો, બુઠ્ઠો અંગૂઠો, ટૂંકી મસ્તક રેખા તેમજ બંને રેખાઓને કાપતી ચોકડી-ખુની સ્વભાવ

ત્યારે કેટલાક હાથમાં મસ્તકરેખા જીવનરેખા આખી અલગ હોય છે. અલગ રેખાવાળા બહુજ મક્કમ વિચારના, પોતાનું ધાર્યુ કરવાવાળા હોય છે. પરંતુ આ બંને રેખાઓ વચ્ચે જો બહુ વધારે પડતું અંતર હોય તો વધુ પડતા જિદ્દી અને વગર વિચાર્યા કામ કરવાવાળા હોય છે જેથી જીવનમાં વધુ પડતી નિરાશા મળે છે.

જીવનરેખા અને મસ્તકરેખાથી બનતો ખૂણો અણીવાળો, આડીઅવળીરેખાઓ વગરનાં હોય તો માણસ વહેવારુ બુદ્ધિનો



૧. કપાતી જીવન-રેખા જેથી ઘાતક બિમારી.

૨. સાંકડો ત્રિકોણ-હલકટ સ્વભાવ, આગળના ભાગમાં સાંકડી. અને સાફ દિલનો હોય છે. પણ જો આ ભાગ આગળ સુધી મસ્તકરેખાથી અને પછી હથેલીના મધ્યાભાગમાંથી મસ્તક રેખા જુદી પાડવાને પરિણામે પહોળો થઈ જતો હોય તો આવા માણસો જડ બુદ્ધિના અને લાગણીશૂન્ય હોય છે.

જે હાથમાં તદ્દન સીધી મસ્તકરેખા જતી હોય તે હાથમાં પણ આ પ્રમાણે પહોળો ત્રિકોણ બને છે. પરંતુ તેમની રેખા જીવનરેખાને શરૂઆતમાં જ અડતી હોય છે : જેથી કંજૂસ સ્વભાવ અને પોતાનો જ સ્વાર્થ જોનારા તેમજ એક જ પ્રકારની લાગણી ધરાવનાર હોય છે.

મસ્તકરેખા જ્યાં સ્વાસ્થ્યરેખા મળે ત્યાં પણ એક ખૂણો બને છે. જો આ ખૂણો ચોખ્ખો હોય તો આવા માણસો બહુ જ બુદ્ધિશાળી હોય છે. તેમજ સ્વાસ્થ્ય રેખા તદ્દન સરળ અને જીવનરેખાને કાપતી ન હોય તો લાંબુ આયુષ્ય આપે છે.

જો આ ખૂણો સાંકડો હોય તો નબળી તંદુરસ્તી રાખે છે, તેમજ ચીડિયો સ્વભાવ બતાવે છે.

જીવનરેખા નજીકથી જ આ સ્વાસ્થ્ય રેખા નીકળી હોય તો સારી બાકી જો કાપીને નીકળી હોય તો મોટી ઘાતક બિમારી આવે છે અને જો આ રેખા તૂટક હોય તો મરણ પણ કરે છે.

સ્વાસ્થ્ય રેખા સીધી બુધના પર્વત તરફ જતી હોય તે બુધનો પર્વત સારો હોય તો વહેપાર ધંધોમાં સારી સફળતા મળે છે.

જો આ ત્રિકોણવાળા ભાગમાં ચોકડી હોય તો તકરારી સ્વભાવની નિશાની છે અને જો આ પ્રમાણેની ચોકડી બંને હાથમાં હોય અને મસ્તકરેખા ટૂંકી હોય અને જો અંગૂઠો બુઠ્ઠો હોય તો ઘાતકી સ્વભાવ હોય છે.

આ ભાગમાં જીવનરેખામાંથી રેખાઓ નીકળીને ઉપરના ભાગમાં જતી હોય તો આવા માણસોને નવરા બેસી રહેવું ગમતું નથી. ગમે તે ધંધો કરતા હોય છે. આવા પ્રકારની જેટલી રેખાઓ મસ્તકરેખામાંથી ઉપર જતી હોય તેમાં સારી સફળતા મળે છે.

જીવનવરેખા અને મસ્તકરેખાના ઉગમ આગળ ચોકડી હોય અને તે ચોકડીને પરિણામે મસ્તકરેખા તેમજ જીવનરેખા કપાતી હોય તો કોર્ટ કેસ થાય છે અને હાર મળે છે. પરંતુ જો આ ચોકડી સ્વતંત્ર હોય તો પોતાની જીત થાય છે.

જો આ ભાગમાં આ આડીઅવળી રેખાઓ હોય અને શનિના



મસ્તક તેમજ જીવનરેખાને કાપતી (૧) ચોકડી : કોર્ટમાં કેસ અને તેમાં હાર (૨) તારક : જાતમહેનતથી આગળ આવવા મોટું નિશાન. પર્વત ઉપર જાળુ હોય તો આવા માણસો બહુ જ નિરાશાવાદી તેમજ આળસુ હોય છે અને તેથી જીવનમાં કોઈ પણ પ્રકારે સફળતા મેળવી શકતા નથી.

જો આ ભાગમાં તારક હોય તો જાતમહેનતથી ભાગ્યશાળી થાય છે. પરંતુ જો આવો તારક જીવનરેખા ઉપર હોય. મસ્તકરેખા ટૂંકી હોય અને અંગૂઠો બુઠ્ઠો હોય તો કોઈની સાથે મારામારીમાં સામાવાળાને મારી બેસે છે, જેના પરિણામે ફાંસીની સજા થાય છે.

જો આ ભાગમાં વર્તુળ હોય અને ચંદ્રનો પર્વત વધારે ઉપસેલો હોય તો આવા માણસોમાં સ્ત્રીલોલુપત હોય છે.

જો ચોરસ હોય તો તેવા માણસો ઉપર ભવિષ્યમાં બહુ જ આફતો આવે છે અને જો હાથ બીજી રીતે સારો હોય તો તેમાંથી બચાવ થાય છે.

જો ત્રિકોણ હોય તો જીવનમાં ઘણી જ સારી સફળતા મળે છે. તેમજ ઉપલો મંગળ સારો હોય તો લશ્કરમાં સારો હોદ્દો મળે છે. આ ભાગમાં જાળું અભાગીપણાની નિશાની છે. આવા માણસોના હાથ સારો હોય તો ગુપ્ત શત્રુઓ વધારે રહે છે.

મસ્તકરેખા ઉપર સ્વાસ્થ્યરેખાથી તેમજ ધનરેખાથી ત્રિકોણ બનતો હોય તો આવા માણસો જ્યોતિષ વિદ્યા, ગુપ્ત ગહન આધ્યાત્મિક વિદ્યાઓને સારી જાણે છે.

આજ સુધી આપણે પર્વત તેમજ તેના ઉપર પડતાં ચિન્હોથી તેમજ હથેલીમાં રહેલી બીજી બાબતો વિશે જોઈ ગયા હવે જે મુખ્યરેખાઓ છે. તેને વિગતવાર જાણતા પહેલાં દરેક રેખાઓ સારું ફળ આપે છે તેતો કંઈ રેખાઓ હોવા છતાં જોઈએ તેટલું ફળ નથી મળતું તે તમામ બાબત પહેલા જાણવી જોઈએ.

હસ્તરેખા વિજ્ઞાનમાં મારા આજ સુધીના અનુભવમાં મે જોયું છે કે જેના પર્વતો સારા હોય અને હાથનો આકાર તેમજ આંગળીઓ સારી

રીતે હોય, તો ધનરેખા ન હોવા છતાં લક્ષાધિપતિ હોઈ શકે છે, તેમજ બીજી રીતે પણ સુખી હોય છે.

રેખાઓ હંમેશા પાતળી કાપકૂપ વગરની ને સ્વસ્થ હોય છે. તેનું ફળ સારું મળે છે. બહુ પહોળી રેખાઓનું ફળ જોઈએ તેટલુ મળતું નથી. વળી સામાન્ય રીતે ખૂબ જ રેખાઓવાળો હાથ સારો નથી ગણાતો.

હથેલીના રંગની મહત્તા પણ છે જ, જે આપણે આગળ જોઈ ગયા છીએ.

જીવનરેખા તેમજ મંગળની રેખા ઘણી પાસે પાસે હોય તેમજ તેના પર આડીઅવળી રેખાઓથી ચોરસ બનતા હોય એવા માણસો પર કાયમ ફોજદારી કેસો થયા કરે છે. અને જો હાથ બીજી રીતે સારો ન હોય તો જેલ પણ થાય છે. કારણ કે આવા માણસો કાયમ ગુન્હાઈત પ્રવૃતિમાં રચ્યાપચ્યા રહેતા હોય છે ! જો ગુરુના પર્વત પર ચોરસ હોય તો કોઈપણ રીતે જ લથી બચાવ થાય છે.

હાથમાં મંગળની રેખાનું ઘણું જ મહત્વ છે, અને જો આ રેખા સુંદર હોય તો કોઈનો વારસો પણ મળે છે. તેમાંય ખાસ કરીને સ્ત્રી તરફથી લાભ મળવાની ઘણી શક્યતા રહે છે.

શુક્રના પર્વત પરની આડી રેખાઓ પણ જમીનની મુસાફરી વધારે કરાવે છે.

જીવનરેખામાંથી જો શનિના પર્વતના તરફથી સીધી રેખાઓ એક યા બે સમાંતરે જતી હોય અને કાપકૂપ વગરની હોય તો આવા માણસો સામાન્ય સ્થિતિમાંથી મોટા લક્ષાધિપતિ બને છે, અને ખાસ કરીને આવા માણસોને સટ્ટાથી જ ધન મળે છે. કોન્ટ્રાકટરના ધંધામાંથી પણ સારો લાભ થાય છે.

આ જ પ્રમાણેની રેખા જો સૂર્યના પર્વત પર જતી હોય તો આવા માણસોને મોટા ઈલ્કાબો મળે છે, તેમજ મિલ માલિક કે એજન્ટ પણ બને છે. તેમાંય જો સાથે સૂર્યરેખા પણ સારી હોય તો મોટો હોદ્દો મળે છે, ને આબરૂ, માન, પ્રતિષ્ઠા વગેરે મળે છે.

આ જ પ્રમાણેની રેખા નીકળીને જો બુધના પર્વત પર જતી હોય તો વેપારથી પુષ્કળ ધન મળે છે, ને મોટો વેપારી થાય છે.

જો આ પ્રમાણેની રેખા નીકળીને ચંદ્રના પર્વત પર જતી હોય તો આવા માણસો વિદેશ જાય છે, ને ત્યાંના ધંધા તેમજ ઘણા જ માફક આવે છે, ને તેમાંથી ખૂબ પૈસા મેળવે છે.

જો જીવનરેખામાંથી અંદરના ભાગમાં શુક્રના પર્વત પર ત્રાંસી રેખાએ જતી હોય તો આવા માણસોને ઊંચેથી પડવાનો ભય રહે છે.

જો આ રેખામાંથી ઉર્ધ્વ રેખાઓ નીકળીને અંગૂઠાને મૂળમાં જતી હોય તો આવા માણસોમાં વિષયવાસનાનું પ્રમાણ વધારે હોય છે.

જીવનરેખા, મસ્તકરેખા તેમજ હૃદયરેખા જો શરૂઆતમાં ભેગી નીકળતી હોય તો આવા માણસનું મૃત્યુ આકસ્મિક થાય છે. આવા માણસોએ પહેલેથી જ પોતાના વારસો માટે બંદોબસ્ત રાખવો જોઈએ. જેથી અકસ્માત થતાં પાછળ બીજાને રખડવાનો વખત આવે નહિં.

જો આ પ્રમાણેની રેખાઓ બંને હાથમાં ભેગી થતી હોય અને ગુરુ શનિના પર્વતો ઉઠાવદાર હોય તો આવા માણસો સંસાર છોડી યોગી થઈ જાય છે.

નીચલા મંગળમાંથી રેખા નીકળીને જો જીવનરેખાને કાપતી હોય તો મસ્તક, કંઠ કે ગળાના રોગ થાય છે.



આ રેખાની શરૂઆતમાં કાળું ટપકું હોય તો આંખની બિમારી થાય છે.

ટપકાં : વિષય જવર ટાઈફોઈડ વગેરે

૫-૫. ગળાની બિમારીઓ

૧-૧. વાસનાનો અતિરેક

ચોરસ : મોટી બિમારીમાંથી બચાવ

૭-૭. માનસિક આઘાત

૨-૨. માથામાં વાગવાથી મોટો અકસ્માત

૩. અર્ધચંદ્રાકાર : ધાતક બિમારી

૮-૮. સ્ત્રીનું મૃત્યુ

૪. ત્રણે રેખાનું સાથે નીકળવું : અકસ્માત મરણ

એક હાથમાં લાંબી અને બીજા હાથમાં ટૂંકી જીવનરેખા હોય તો અશુભ છે. આવા માણસોને મરણનો ખૂબ જ ભય રહે છે. સાથે સાથે આગળ જણાવેલી બીજી રેખાઓ જોયા બાદ જ અનુમાન કરવું.

જીવનરેખા હાથમાં બહુ પહોળી હોય તો આવા માણસો પુષ્કળ ક્રોધી હોય છે. જીવનરેખામાંથી નીચેના ભાગમાં જો રેખાઓ નીકળીને જતી હોય તો આવા માણસો ખોટા ઘમંડમાં પોતાનું ધન પાયમાલ કરીને ભિખારી થાય છે.

જીવનરેખા છેવટના ભાગમાં વળી જતી હોય ને તેનું પાંખિયું શુક્ર તરફ જતુ હોય તો આવા માણસોનું ઘડતર ખરાબ થાય છે.

જીવનરેખાને કાપીને નીકળતી રેખા જો ચંદ્રના પર્વત પર જતી હોય અને તે રેખાના અંતમાં જો ચોકડી કે તારક હોય તો પરદેશગમન થાય અને ત્યાં મરણ થાય છે. ખાસ કરીને પાણીની ઘાતથી મૃત્યુ થવાનો વધારે સંભવ રહે છે.

શુક્રના પર્વત પરથી રેખા નીકળીને જીવનરેખા તેમજ મસ્તકરેખાને કાપે તો તેવા માણસોને ચિંતાનો બોજ વધારે રહે છે. માનસિક આઘાતજનક બનાવો જીવનમાં વધારે આવે છે.

આ જ પ્રમાણે રેખા આગળ ચાલીને જો હૃદયરેખાને પણ કાપે તો નજીકનાં સગાનું મૃત્યુ થાય અને જો તે રેખાને લગ્નરેખાને કાપે તો સ્ત્રીનું મૃત્યુ કરે છે.

જીવનરેખામાંથી નીકળતી ઉર્ધ્વરેખાઓ જો સીધીને સરળ રીતે પર્વતો તરફ જતી હોય તો તે શુભ ફળ આપે છે.

જીવનરેખામાંથી નીકળીને ઉપરની તરફ જતાં પાંખિયા શુભ ફળ આપે છે.

અંગૂઠાના મૂળમાંથી નીકળતી રેખા જો જીવન રેખાને કાપે તો તેવા માણસોને માથામાં વાગે છે જે પ્રાણઘાતક પણ નીવડે.

જીવનરેખાના જે ભાગ ઉપર (x )(૨) કે તારક (★) પડતો હોય તે ગાળામાં જીવલેણ બિમારી આવે છે.

જીવનરેખા પર વર્તુળનું ચિહ્ન હોય તો આંખની બિમારી થાય છે.

જીવનરેખામાંથી નીકળીને સીધી રેખા બુધના પર્વત પર જતી હોય તો તેવા માણસો મળતાવડા અને બુદ્ધિશાળી હોય છે, તેમજ વેપારી કુનેહ બુદ્ધિ પણ સારી હોય છે.

## મસ્તકરેખા યાને બુદ્ધિ રેખા

આ રેખાનું મહત્વ ઘણું જ છે. કારણ કે તેના પરથી માણસના બુદ્ધિબળનો તેમજ વ્યવહારકુશળતાનો ખ્યાલ આવી શકે છે. જૂના શાસ્ત્રમાં આ રેખાનો વ્યગ્ર વિલાસની રેખા કહેવામાં આવે છે. જેના પરથી માણસની ધનદોલતનો પણ વિચાર કરવામાં આવતો હતો.

આ રેખાનું આરંભસ્થાન તર્જની આંગળી અથવા જેને ગુરુની આંગળી કહેવામાં આવે છે. તેની નીચે ગુરુના પર્વત આગળથી તેમજ જીવનરેખાની સાથે છે. ઘણા હાથમાં જીવનરેખા સાથે જોડાયેલી જ હોય છે, જ્યારે કોઈ કોઈ હાથમાં જીવનરેખામાં અલગ ગુરુના પર્વત નજીકથી પણ તે નીકળે છે.

આ રેખા પરથી માણસની બુદ્ધિમત્તા, વિચારશક્તિ તેમજ વ્યવહારકુશળતા જોવામાં આવે છે.

**જ્યોતિષશાસ્ત્રના નિયમ મુજબ ભાવિફળ કહેતાં પહેલાં સમાજ, સ્થાન**

અને સમયનો વિચાર કરી લેવો આવશ્યક છે.

ખાસ કરીને આ રેખા પરથી માણસ કેવો પૈસો મેળવી શકાશે તે પણ કહી શકાય છે, કારણકે લાખોની સંપત્તિ હોય અને બુદ્ધિ ન હોય તો એ માણસ મળેલું ધન પણ ખોઈ નાખે છે, અને જ્યારે નિર્ધન પોતાની બુદ્ધિમતાથી ધન મેળવી શકે છે.

જો આ રેખા ચંદ્ર તેમજ ઉપલા મંગળના પર્વતની વચ્ચે જતી હોય તો તેને ઉત્તમ પ્રકારની સમજવી. જો ચંદ્રના પર્વત તરફ પુષ્કળ નમતી હોય તો સારી ન સમજવી.




૧-૧. તૂટક મસ્તક રેખા : માનસિક આઘાત તેમજ મગજને લગતા દરદો.

૨-૨. ટૂંકી મસ્તક રેખા : જેને લીધે મળતા લાભ ઉઠાવી ન શકાય.

૩-૩. અલગ મસ્તક રેખા : મક્કમતા અને વધુ પડતી હોય તો ખોટી જીદ

પ્રમાણથી વધારે પડતી લાંબી રેખા માણસને અવિચારી, જક્કી અને

નિર્લજ્જ બનાવે છે. કારણ કે આવા માણસો પોતાની બુદ્ધિનો દુરપયોગ કરીને લોકોની સાથે પ્રપંચ કરે છે, તેમજ જૂઠું બોલીને છેતરે છે.

આવી રેખાવાળાના વિચારો સ્થિર હોતા નથી આજે આ ધંધો તો કાલે બીજો ધંધા આ પ્રમાણે ધંધા બદલતા રહે છે. જેથી કોઈ પણ ધંધામાં સ્થિર થઈને સારું ધન મેળવી શકતા નથી. તેમના વિચારો પણ અસ્થિર રહે છે, જે કોઈ પણ સ્થાને રહી શકતા નથી.

આ રેખા જે હાથમાં ઢળતી અને લાંબી હોય તેવા માણસોમાં કલ્પના શક્તિ તેમજ વિચારોમાંતરંગીપણું વધારે હોય છે, પણ એમનાંમાં વ્યવસાહિક જ્ઞાન હોતું નથી. આથી તેઓ સમાજમાં સ્થાન મેળવી શકતા નથી.

આ રેખા સરખી અને લાંબી હોય તો તેમના માં એકાગ્રતા વધારે હોય છે અને સહજ ટૂંકી હોય તો અમુક જ બાબતોનું ખાસ જ્ઞાન હોય છે.

જો આ રેખા ચંદ્ર તરફ ઝૂકતી હોય તો તેવા માણસો તરંગી હોય છે, જો નાની અને સીધી હોય તો વ્યવહારિક જ્ઞાન સારું હોય છે અને જો તદ્દન સીધી અને લાંબી હોય તો એક તરફી વિચારો કે ધન કેમ એકઠું કરવું તેના વિચારો આવતાં હોય છે.

જો આ રેખા બહુ લાંબી ન જતાં સહેજ વળાંક લઈ ચંદ્ર ને મંગળના પર્વતની વચ્ચે જતી હોય તો માણસ બહુ જ બુદ્ધિશાળી, વિચારી તેમજ ગમે તેવી બાબતોને મર્મ તરત જ સમજી જનાર હોય છે.

જો આ રેખા ચંદ્રના પર્વત તરફ જતી હોય ને ચંદ્રનો પર્વત સારો ઉઠાવદાર હોય તેમજ આ રેખા છેવટમાં પંખાદાર (ફોર્ક) હોય તો મહાન લેખક થાય છે ને મોટાં મોટાં પુસ્તકો લખે છે.

જો આ રેખાનું ડબલ હોય તો ગમે તે એક વિષયમાં માણસ ખાસ પારંગત થાય છે.

આ રેખાનું ડબલ હોવું શુભ માનયું છે. આવા માણસો ડબલ ધંધો કરે છે. અને તેમાં સારું ધન પેદા કરે છે.




**૧-૧. માનસિક અસ્થિરતાને લીધે પાણીમાં પડવાથી મૃત્યુ**

**૨-૨. જીવનમાં આધાતજનક બનાવોથી મગજ ગુમાવી નાખવું.**

**૩-૩. ઉત્તમ બુદ્ધિબળ**

**૪-૪. રાજકારણીની આંટીઘૂંટી ઉકેલવામાં હોશિયાર**

જો આ રેખા છેડા પર વળેલી હોય તો આવા માણસો ખાસ રાજકારણમાં રસ લેતા હોય છે. અને ગમે તેવી આંટીઘૂંટીમાંથી રસ્તો કાઢવાવાળા હોય છે. તેમાં જો બુધની આંગળી લાંબી હોય તો જૂઠું બોલવામાં એક્કા હોય છે, અર્થાત્ તેમનાં જૂઠ્ઠાણાંને સત્યમાં જાહેર કરતા હોય છે.

જો આ રેખા બહુ જ આગળ સુધી જીવનરેખાથી જોડાયેલી હોય તો આવા માણસો ડરપોક હોય છે. તેમનામાં આત્મવિશ્વાસનો અભાવ હોય છે. જો આ રેખા જીવન રેખાથી અલગ હોય તો તેવા માણસો જીદ્દી સ્વભાવના હોય છે. જો તે પ્રમાણે બંને હાથમાં અલગ અલગ હોય તો ખૂબ જ મક્કમ વિચારના હોય છે, પરંતુ જો ફકત જમણાં હાથમાં અલગ અલગ હોય તો તેવા માણસો ખોટી જીદ

પકડનારા હોય છે. આ રેખા (મસ્તકરેખા) જીવનરેખા સાથે જોડાયેલી હોય તો સારું નિશાન તો નથી જ કારણ કે આ પ્રમાણે બંને રેખા ઓ જોડાયેલી હોવાથી કંઈક મગજ શક્તિની કમજોરી રહે છે. સહેજ કોઈ બાબત બને કે તરત મગજ તે તરફ ઢળે છે. આ પ્રમાણે મોટા મોટા માણસો પણ જે ભૂલ કરી બેસલે છે. તે ફક્ત જીવનરેખાને મસ્તકરેખાની જોડાણને લીધે છે. પરંતુ જો અલગ હોય તો તેવા માણસો ખોટી લાગણીઓથી દોરવાતા નથી તે આત્મવિશ્વાસથી મહાન કાર્યો કરે છે.

જો આ રેખા ચંદ્રના પર્વત તરફ પુષ્કળ ઢળતી હોય અને ચંદ્રનો પર્વત ખૂબ ઉપસેલો હોય તેમજ તેના પર જો તારક હોય તો તેવા માણસોનું મરણ પાણીમાં ડૂબવાથી થાય છે. માટે આવા નિશાનીવાળાઓએ પાણીથી દૂર રહેવું સલાહ ભરેલું ગણાય.

આ રેખા જો મંગળના પર્વતની બાજુમાં લાંબી જતી હોય તો આવા માણસો સ્વાર્થી, મિજાજી તેમજ કોઈનું સારું ન જોઈ શકે તેવા ઈર્ષાળું હોય છે. આવા માણસો પોતાના કામમાં બહુ જ પેક યાને હોશિયાર હોય છે.

જો આ પ્રમાણે ની મસ્તરરેખા મંગળનવા પર્વત તરફ ન જતાં સીધી બુધના પર્વત તરફ જતી હોય તો આવા માણસો બહુ જ હોશિયાર અને જે કામને હાથમાં લે તેને વિચારપૂર્વક પાર પાડવાવાળા હિંમતવાન હોય છે. ખાસ કરીને કોન્ટ્રકટના ધંધામાં સારા ફાવે છે, આવા લોકો બીજાના ભરોસે બેસી રહેતા નથી.

પરંતુ જો આ પ્રમાણેની રેખા હોય અને સાથે સાથે બુધની આંગળી વાંકીટેડીને ટૂંકી હોય તો પોતાના સ્વાર્થ ખાતર પોતાના ખાસ મિત્રોને ફસાવવામાં પાછા પડતા નથી.

જો આ રેખા શનિના પર્વત તરફ ઊંચી ઉઠીને ગઈ હોય તો આવા માણસો દગાબાજ, જક્કી સ્વભાવના અને પ્રમાણિક હોય છે, જેથી તેમની ઉન્નતિ કોઈ પણ દિવસ થતી નથી.

જો મસ્તકરેખા તેમજ હૃદયરેખા વચ્ચેનો ભાગ સાંકડો બનતો હોય તો પણ આવા માણસો બહુજ સ્વાર્થી હોય છે. તેમન નિષ્ઠુર હૃદયના અને લોભી વધારે હોય છે.

આ બંને રેખાઓ વચ્ચે સમાન અંતર હોય તો ઉદાર તેમજ ચોખ્ખા મનના હોય છે, પરંતુ વધુ પડતુ અંતર (પહોળાઈ) અતિઉદારતા તેમજ ભોળાપણું સૂચવે છે, જેથી બીજા તેમની આ વૃતિનો લાભ લઈને ફસાવે છે.

જો મસ્તકરેખા, જીવનરેખાસાથે વધુ દીર્ઘ સુધી જોડાયા બાદ છૂટી પડતી હોય તેમજ જોડાણવાલો ભાગ સાંકળી આકારનો હોય તો આવા માણસોને પોતાની જાત પર ભરોસો હોતો નથી. તેમજ બહુ જ ડરપોક હોય છે. ઉપરાંત તેમનું બાળપણ માંદગીમાં જાય છે. આવા માણસોની ભાગ્યોદય બહુ જ મોટી ઉમરે અને ધીરે ધીરે થાય છે.

**જો મસ્તકરેખા ઉગમમાં જીવનરેખાથી જોડાઈને**




**૧-૧. ધાર્મિક વિષયોનું સારું જ્ઞામ તેમજ તે દ્વારા ઉન્નતિ અને વિજય**

**૨-૨. છત્રીસમા વર્ષથી સારો ભાગ્યોદય, ખાણ જમીન કે કોન્ટ્રેકટના ધંધાથીલાભ**

**૩-૩. સાહિત્ય અને કળાનો શોખ તેમજ ધંધામાં આબરુ માન અને સારા પૈસા મળે.**

૪-૪. વહેપારી કુનેહ, બુદ્ધિ ધંધામાં ફત્તેહ.

૫-૫. મસ્તકરેખાનો ફોર્ક અને તેના પર બનતો ત્રિકોણ : સ્વપ્ન દ્વારા આગાહી

નીકળતી હોય અને મસ્તકરેખા તેમજ જીવનરેખા વચ્ચે અંતર રેહતું હોય તો આવા માણસો સ્પષ્ટવક્તા, નિસ્પૃહ અને સ્વાવલંબી હોય છે, પરંતુ કંઈક ઉતાવળીયા સ્વભાવના હોય છે; તેમજ પોતાની તંદુરસ્તી માટે બેપરવાહ રહે છે, જેથી પાછળથી તંદુરસ્તી માટે પસ્તાય છે.

મસ્તકરેખાના છેડે જો ચિપિયો થતો હોય તો આવા માણસો બહુ જ બુદ્ધિશાળી હોય છે. તેમજ ધનબુદ્ધિથી કમાય છે, પરંતુ તેમના સ્વભાવમાં ચંચળતા વધારે હોય છે. ઘડીમાં ક્રોધી તો ઘડીમાં હસમુખા બને એવો તેમનો સ્વભાવ રહે છે.

જો આ રેખા ગુરુના પર્વત ઉપરથી નીકળતી હોય તેમજ ગુરુના પર્વત પર ઊભી રેખા હોય તેમજ મસ્તકરેખામાંથી એક રેખા નીકળીને સૂર્યના પર્વત તરફ જતી હોય તો એવાં માણસો ધનાઢ્ય થાય છે. આબરૂ પુષ્કળ મેળવે છે. તેમને દરેક કાર્યમાં સારી સફળતા મળે છે.

જો મસ્તક રેખામાંથી સૂર્યરેખાથી નીકળતી હોય ને સૂર્યના પર્વત તરફ જતી હોય તો આવા માણસો કલા દ્વારા સારી નામના મેળવે છે. તેમજ જો સૂર્યની આગંળીથી લાંબી હોય તો સટ્ટામાંથી પુષ્કળ ધન કમાય છે.

જો આ પ્રમાણેની રેખા હોય અને બીજી રેખા બુધના પર્વત તરફ જતી હોય તો શાસ્ત્રજ્ઞ થાય છે. સાહિત્યમાં સારામાં સારી નામના તેમજ ધન મેળવે છે.

જો મસ્તકરેખા વાંકીચૂંકી હોય અને હૃદયરેખાની નજીકમાં હોય તો આવા માણસો ઠગ હોય છે. પોતાના સ્વાર્થ ખાતર સગાભાઈનું બગાડતા અચકાતા નથી.

આવા માણસોનો જો અંગૂઠો ટૂંકો હોય ( ગદા જેવો ) તે ખૂની હોય છે.

જો મસ્તકરેખા ઊંચી વળાંક લેતી હોય તો મસ્તક સંબંધી રોગ થાય છે.

જો આ રેખાનો અભાવ હોય અને હૃદયરેખા આ રેખાનું કામ ન કરતી

હોય તો આવા માણસો સદાય રોગી રહે છે. તેમજ



૧-૧. સર્પાકાર મસ્તકરેકાથી સાંકડો બનતો મોટો ચોરસ સગાબાઈ સાથે પણ દગાબાજી કરનારો લોભી, સ્વાર્થી, પ્રપંચી.

૨-૨. યવાકાર મસ્તક રેખા : ગાંડાપણ, મસ્તકના રોગો

૩-૩. શનિ પરવ વળાંક લઈ એકમ નીચે ઢળી જતી મસ્તકરેખા : મધ્યમ અવસ્થા બાદ ગરીબાઈ.

૪-૫. ક્રોસ કે નક્ષત્ર : આઘાતજનક બનાવોનું સૂચન

૬. કાળા ટપકાં નાના મોટા, વિષય જવર, ઝેર આપવું વગેરે.

તેમનું મરણ અકસ્માત થાય છે. ખાસ ધ્યાન રાખીને જોવું કારણે કે ઘણા હાથમાં હૃદયરેખા તેમજ મસ્તકરેખા બેય એક જ હોય છે. ઉતાવળે મત બાંધી ન લેવો.

મસ્તક રેખા જો તૂટતી હોય તો તે સમયે માથામાં સખ્ત વાગવાનો ભય રહે છે.

મસ્તકરેખા યવાકાર હોય તો ખાસ મસ્તક સંબંધી રોગ થાય છે અને ઘણી વખતે આવા માણસોનું ગાંડપણથી મૃત્યુ થાય છે.

મસ્તકરેખા ઉપર ચોકડી કે નક્ષત્રનું ચિન્હ હોય તો કોઈ આઘાતજનક બનાવ બને અને તેની મગજ પર અસર થાય, પરંતુ જો મસ્તકરેખા સારી થતી હોય તો તે સમય પૂરતી જ મગજ ઉપર અસર રહે છે. પછી સુધારો થાય છે.

જો સાંકળી આકારની મસ્તકરેખા હોય તો મગજના તેમજ ગળાના રોગ થાય છે. મસ્તકરેખામાં નાના નાના ખાડા હોય તો આંખની બિમારી થાય છે. જો કાળા ટપકાં હોય તો વિષમજ્વરની પીડા થાય છે. અને જો આ કાળું ટપકું મોટું હોય અને પર્વતો સારા ન હોય તો ઝેર અપાવાનો સંભવ રહે છે. જો શફેદ બિંદું હોય તો બહેરાશ આવે છે.

મસ્તકરેખા બહુ ઊંડી જીવનરેખાની સાથે કે ગુરુના પર્વતની નીચેથી ન નીકળતાં હથેળીના મધ્યભાગમાંથી નીકળતી હોય તો આવા માણસોને શિક્ષણ મળતું નથી. અને તેના માટે ઘણીજ મુસીબતો ઉઠાવવી પડે છે.

જો મસ્તકરેખાને છેડે ચિપિયો થતો હોય અને તેનો બીજો છેડો ચંદ્રના પર્વત તરફ જતો હોય તો આવા માણસોને સ્વપ્નમાં સાચી આગાહીઓ થાય છે.

મસ્તકરેખામાંથી શનિના પર્વત તરફ રેખા જતી હોય તો પણ જીવનમાં સારી સફળતા મળે છે. પાછલી અવસ્થા ઘણી જ સુખમાં પસાર થાય છે.

ખાસ કરીને ખૂની માણસોના હાથમાં મસ્તકરેખા સીધી મંગળના પર્વત પર જાય છે. અને મંગળનો પર્વત કઠણ ટેકરા જેવો હોય છે. સાથે સાથે અંગૂઠો પણ ટૂંકો હોય છે.

મસ્તકરેખાથી હથેળીના બરોબર બે ભાગ થતાં હોય એવા માણસો પુષ્કળ ગણતરીબાજ હોય છે. તેમજ ગણિતશાસ્ત્રમાં નામના કાઢે છે.

મસ્તકરેખામાંથી રેખા નીકળીને હૃદયરેખામાં મળી જતી હોય તેમજ શુક્રનો પર્વત ઉઠાવદાર હોય તો આવા માણસો કદીક વ્યભિચારી બનવા લલચાય છે.

મસ્તકરેખા શનિની આંગળી નીચે જો એકદમ ઢળી જતી હોય તો આવા માણસોનું ધન મધ્યવસ્તથામાં એકદમ જતું રહે છે, જેથી ગરીબી ભોગવવી પડે છે.

# હૃદયરેખા

આ રેખાને આપણા જૂના શાસ્ત્રમાં આયુષ્યરેખા તરીકે ગણેલી છે. જ્યારે ખરી રીતે આ રેખા જીવનરેખાની મદદરેખા ગણી શકાય. બાકી આ રેખા વગરના માણસો લાંબી ઉંમર સુધી જીવે છે. જે જોતાં આ રેખાને આયુષ્યની જ રેખા તો ન કહેવાય.

આપણા હાથમાંથી જે ત્રણ મુખ્યરેખાઓ તેમાંની આ ત્રીજી મુખ્ય રેખા છે, માટે તેનું મહત્વ તો છે જ.

આ રેખા પરથી માણસ કેવા દિલના હશે તેમજ તેના જીવનમાં પ્રેમપ્રસંગોમાં કેવી સફળતા કે નિરાશા મળશે. તે ઉપરાંત હૃદય બિમારી, જીવનમાં બનતા મોટા આઘાતજનક બનાવો કે જેની માણસના હૃદય પર તીવ્ર અસર થાય છે, તે જોવાય છે.

આ રેખાનું ઉગમસ્થાન બુધ અને ઉપલા મંગળની વચ્ચેનું છે. તેમજ વિરામસ્થાન, ખાસ કરીને ગુરુના પર્વત ઉપર થાય છે, જ્યારે કેટલાક હાથમાં ગુરુ અને શનિની આંગળીઓ વચ્ચે જાય છે.

અને કોઈ કોઈ હાથમાં આ રેખાને બદલે સળંગ વચ્ચે મસ્તકરેખાને આ રેખા બંને એક જ હોય છે, ત્યારે આ રેખાને ઓળખવી મુશ્કેલ બને છે. કે કઈ રેખાઓનું પ્રાધાન્ય વધારે છે.

જ્યારે કેટલાક હાથમાં આ રેખા જીવનરેખા તરફ ઝૂકીને તેમાં મળી જાય છે. ખાસ આટલા પ્રકારની આ રેખા ભિન્ન



૧-૧. સંકુચિત અને સ્વાર્થી વિચારો.

૨-૨. હૃદયની બિમારી

૩-૩. ઉત્તમ પ્રકારની હૃદયરેખા

૪-૪. અકસ્માત મરણ

૬-૬. અકસ્માત મરણ

૫-૫. સ્વાર્થી અને ગુનાહિત કાર્યોમાં રસ રહે.

ભિન્ન હાથમાં જોવા મળે છે.

હવે બીજી ભૂલ આ રેખા ઓળખવામાં એ થાય છે. કે કેટલાક હાથમાં જ્યાં શુક્રકંકણ જ હોય અને આ રેખા ન હોય ત્યારે કેટલાક શુક્રકંકણને જ આ રેખા માની બેસે છે. તો તે ધ્યાનમાં રાખવું જોઈએ.

જો આ રેખા પૂર્ણ રીતે કોઈ પણ જાતની તૂટ વગરની સળંગ રીતે ગુરુના પર્વતસુધી જતી હોય તો ઉત્તમ સમજવી.

બહુ જ ઊંડી કે પહોળી આડીઅવળી રેખાથી કપાતી હોય તો તેનું શુભત્વ ઓછું થાય છે. આ રેખાનું તૂટવું ઘણું જ અશુભ માનેલું છે. સાંકળી આકારની કે યવાકાર રેખા પણ સારી નથી.

જો આ રેખાથી પર્વતવાળો ભાગ સાંકડો બનતો હોય તો ઈર્ષાળુ સ્વભાવના એ સંકુચિત માનસ ધરાવતા હોય છે.

જો આ રેખાથી પર્વતવાળો તેમજ મોટો ચોરસવાળો ભાગ સપ્રમાણ બનતો હોય તો આવા માણસો ઉદાર, સાચા અને પ્રામાણિક હોય છે.

આ રેખા જો શનિ કે ગુરુના પર્વત ઉપર અખંડિત રીતે જતી હોય તો તેવા માણસોમાં પ્રેમની ભાવના ખૂબ હોય છે. તેમજ જેના પર પ્રેમ હોય તેના માટે ગમે તેવી મુશ્કેલીઓનો પણ સામનો કરે છે.

ગુરુના પર્વત પર જતી રેખા ઉત્તમ છે, પરંતુ જો આ રેખા ગુરુના પર્વતથી આગળ વધીને તેના કિનારા બાજુ વળી જતી હોય તો અતિશય વિષયી માણસો હોય છે.

ફક્ત શનિના પર્વત નીચે જ આ રેખા અટકી જતી હોય તો સ્વાર્થીપ્રવૃતિ

વધુ પડતી હોય છે. આ પ્રમાણેની રેખાવાળાનો અંગૂઠો બુઠ્ઠો તેમજ મસ્તકરેખા ખાસ જોવી; કારણકે આ પ્રમાણેની રેખાવાળાના જો અંગૂઠો બુઠ્ઠો હોય અને મસ્તક રેખા પણ ટૂંકી હોય તો ગમે તેવા ગુનાહિત કાર્યો કરતાં આવા માણસો અચકાતા નથી.

ખાસ કરીને હૃદયરેખામાં નાની નાની રેખાઓ નીચેની તરફ નીકળતી હોય તો તેવા માણસોનું મિત્રમંડળ મોટું હોય છે. અને તેને શુભ માનેલી છે, કારણકે આવા માણસો માયાળું સ્વભાવના હોય છે.



૧-૧. પ્રેમમાં નિરાશા

૨-૨. તૂટક હૃદયરેખામાં : બીકણપણુ અને આત્મવિશ્વાસનો અભાવ.

૩. હૃદયરેખાનું તૂટવું : નજીકના સગાના મરણથી આઘાત.

૪. વૃષણની બિમારી : શનિની નીચે યવ.

૫. મંદાગ્નિ, અપચો

૬. આંખોની બિમારી

૭. મિત્રોથી નુકશાન

પરંતુ જો આ પ્રમાણે નીચેની તરફ નીકળતી નાની નાની રેખાો જો બીજી રેખાઓથી કપાતી હોય તો પ્રેમમાં નિરાશા મળે છે.

ગુરુના પર્વત સુધી જતી હૃદયરેખા જો છેવટના ભાગથી ફાંટાદાર બનતી હોય અને તેમાંથી એક રેખા શનિ પર જતી હોય તો આવા માણસો વૃદ્ધાવસ્થામાં સુખી હોય છે, દિલના પણ સાફ હોય છે.

ગુરુના પર્વત પર બરાબર આંગળીના મધ્યભાગ સુધી જતી રેખા હોય તો સદાચારી અને સાફ દિલના હોય છે.મધ્યભાગ એટલે પર્વતની મધ્યમાં આંગળીની ઉપર રેખા ન ચઢી જવી જોઈએ.

ગુરુને શનિની આંગળીના મધ્યમાં ઊંડાણ સુધી જતી રેખાવાળો વહેમી સ્વભાવના હોય છે, તેમજ કોઈકવાર પરસ્ત્રી સાથેના સંબંધથી બદનામી પણ મેળવે છે.

ટૂંકી હૃદયરેખાની સાથે જો જીવનરેખા પણ ટૂંકી હોય તો યુવાવસ્થામાં મરણ થાય છે.

નીચેની તરફ વધારે પડતાં પાંખિયા નીકળતાં હોય તો નિર્બળ હૃદયના પોચા, દિલના બીકણ સ્વભાવના હોય છે.

ગુરુના પર્વત પર આ રેખા ન જતાં તેની નજીક આવી ને અટકી જતી હોય અને ગુરુનો પર્વત અતિશય વિકસીત હોય તો આવા માણસો ઘમંડી અને શેખીખોર તેમજ પોતાના સ્વાર્થ ખાતર બીજાનું બૂરું કરતાં લગોરે અચકાતા નથી.

રેખા વગરના અને અખંડિત રેખાવાળા કઠોર દિલના મજબૂત હૃદયના હોય છે.

જો આ રેખા વચ્ચેથી ઝોક ખાઈને મસ્તકરેખાને મળી જતી હોય તો આવા માણસોનું મોત પણ અકસ્માત રીતે થાય છે.

હૃદયરેખામાં જો યવ બનતા હોય તો હૃદયની મોટી બિમારી આવે છે. જો આ રેખા તૂટતી હોય તો આઘાતજનક બનાવ બને છે, ખાસ કરીને જેના પર વધુ પ્રેમ હોય તેનું મૃત્યું થાય છે.

હૃદયરેખા જો ઘણી જ ટૂકડાના સ્વરૂપમાં હોય તો આવા માણસોમાં આત્મવિશ્વાસનો અભાવ હોય છે, જેથી કરીને કોઈનો પણ વિશ્વાસ મેળવી શકતા નથી.

હૃદયરેખા જો પાંખિયાવાળી હોય અને એક પાંખિયું શનિના પર્વત પર જતું હોય અને બીજું જીવનરેખા તરફ ઢળતું હોય તો આવા માણસોનું જીવન કલુષિત હોય છે. અને તેમનું લગ્નજીવન પણ દુઃખી હોય છે. તેમની પોતાની સ્ત્રી સાથે સારો મેળ હોતો નથી.

બુધના પર્વત નજીક જ્યાંથી આ રેખા નીકળે છે, ત્યાં જો આ રેખાને શાખાઓ ન હોય તેવા તેમ જ બુધના પર્વત પર લગ્નરેખા નજીક ઊભી રેખાઓ ન હોય તો સંતાન થવામાં વિલંબ થાય છે.

હૃદયરેખા પર લાલ રંગના બિંદુ હોય તો ધાર્મિક વિચારો પ્રબળ હોય છે.

સૂર્યના પર્વત નીચે આ રેખા પર સફેદ બિંદુ હોય તો કોઈપણ એક કળામાં નામ કાઢે છે.

હૃદયરેખામાંથી નીચેની તરફ પાંખિયા નીકળીને જો મસ્તકરેખાને કાપતાં હોય તો આવા માણસોને ધંધામાં તેમજ લગ્નજીવનમાં સારી સફળતા મળતી નથી.

આ રેખા નક્ષત્રનું નિશાન હોય તો આંખો નબળી પડે છે. અને જો તેની સાથે ચંદ્રના પર્વત પર જાળું હોય તો આંખનું નૂર જતું રહી માણસ આંધલો થાય છે.

આ રેખા પર ક્રોસ હોય તો મિત્રોથી નુકશાન થાય, સૂર્યના પર્વત નીચે આ રેખા પર ટાપુ હોય તો અપચો મંદાગ્નિ વિગેરે થાય છે.

**શનિના પર્વત નીચે ટાપુનું ચિન્હ હોય તો વૃષણની બિમારી થાય છે.**

## સ્વાસ્થ્ય રેખા યાને આરોગ્યરેખા

આ રેખાની બાબત બીજી રેખાઓ કરતાં જુદી જ છે. જો આ રેખા સળંગ અને સ્વાચ્છ-બીજી કોઈ પણ આડીઅવળી રેખામાંથી કપાયા વગરની તેમજ બીજા કોઈ ખરાબ ચિન્હો વગરની હોય તો જ સારું, બાકી તૂટક રૂપમાં કે અસ્તવ્યસ્ત હોવા કરતાં હાથમાં બિલકુલ ન હોય તો તંદુરસ્તી સારી રહે છે.

ખાસ કરીને આ રેખાને જોતા પહેલા હાથમાં નખ પહેલાં જોઈ લોવા જોઈએ. બીજું આવા પ્રકારની એક બીજી વહેપાર રેખા પણ હોય છે. જે અને આ બંને વચ્ચેનો ફેર સમજી લેવો જોઈએ. વહેપાર રેખા જીવનરેખાના મધ્યભાગમાંથી નીકળીને હથેલીના મધ્યભાગ સુધી ઉપર સીધી રીતે જઈને મસ્તક રેખા આગળથી વળાંક લઈને બુધના પર્વત પર જાય છે. જ્યારે આ રેખા બુધના પર્વતથી જીવનરેખા છેડા તરફ ત્રાંસી રીતે પડેલી હોય છે.

બીજી એક બાબત પણ ખાસ ધ્યાન રાખવાની કે આ રેખા કેવા રંગની છે. આછી ગુલાબી રંગની હોય તો જ સારી. બીજું આ રેખા જતી વખતે નખનું પણ સાથે સાથે નિરીક્ષણ કરી લેવું, જેથી કરીને તંદુરસ્તી કેવી રહેશે અને ક્યાં પ્રકારના રોગ થશે તે કહી શકાય.

આ રેખાનું ઉગમસ્થાન જીવનરેખાની નજીક પહોંચી અને ત્યાંથી ત્રાંસી બુધાના પર્વત પર જાય છે. આ રેખાથી જીવનરેખા કપાવી ન જોઈએ. જીવનરેખાનું કપાવું અશુભ છે.

અને જો આ રેખાથી જીવનરેખા કપાતી હોય તો તે વર્ષમાં ઘાતક બિમારી આવે છે.

જો આ રેકા અસ્તવ્યસ્ત ત્રુટક પાસે હાથમાં હોય તે આવા માણસનું સ્વાસ્થ્ય કાયમ માંદું રહે છે.

જો આ રેખા લહેરાતી કે આરીના દાંતા સમાન હોય તો તેવા માણસો વિશ્વાસઘાતી હોય છે, તેમજ તેમને ફેફસાનાં રોગ થાય છે.

જો આ પ્રમાણેની લહેર ખાતી રેખા હોય અને હાથ ઠંડો હોય તો લો બ્લડ પ્રેશર થાય છે. જો કોઈકવાર ઘાતક નીવડે છે.

પહોળી રેખાવાળા પિત્ત પ્રકૃતિના હોય છે. અને તેમાંયે જો વધુ પડતી લાલ રંગની હોય તો મગજે પિત્ત ચઢી જવાથી મરણ પણ કરે છે.

જો આ રેખા તૂટક અને શનિનો પર્વત બહુ પહોળો હોય તો પાયોરિયાથી હોજરી બગડી અપચો થાય છે.

જો યવકાર રેખા હોય તો પેટની બિમારી થાય છે. અને જો મંગળના પર્વત પર ક્રોસ હોય તો પેટનું ઓપરેશન કરાવવું પડે છે. હૃદયરેખા તેમજ આ

રેખા જો યવાકાર હોય અને નખ વળી ગયેલા પાતળા હોય તો ક્ષયની બિમારી થાય છે.

આ રેખા પર તારક હોય તો શરીરના કોઈપણ ભાગ પર ઑપરેશન કરાવવું પડે છે.

જે સ્ત્રીના હાથમાં આ રેખા પર તારક હોય અને મણીધરની પહેલી રેખા વળાંકદાર હોય અને હથેળી ઉપર ચઢી જતી હોય તો ચોક્કસ સુવાવડના અંગે ઓપરેશન કરાવવું પડે છે.




૧-૧. સારી તંદુરસ્તી

૨-૨. વ્યાપાર રેખા

૩-૩. જીવનરેખા નજીક તૂટક રેખા પર યવ : ગુહ્યભાગની બિમારી

તૂટક સ્વાસ્થયરેખા કાયમ બિમારી

જીવનરેખાના છેવટના ભાગમાં થોડે સુધી આ રેખા સાથે ચાલીને પછી જીવનરેખામાં જોડાઈ જતી હોય તો વૃદ્ધાવસ્થામાં પાંચનશક્તિ તદ્દન ખરાબ

થઈ જાય છે. અને કોઈપણ જાતના ખોરાકો પચતા નથી.

જીવનરેખા બહુ ઝાંખી હોય અને આ રેખા વધુ પડતી ઉઠાવદાર હોય તો અકસ્માત મરણ થાય છે.

આ રેખા બારીક બાલની જેવી હોય તો આવા માણસો પુષ્કળ ક્રોધી હોય છે.

જો બુધના પર્વત નજીક વધુ પડતી લાલ હોય તો માથામાં પીડા થાય છે. આધાશીશી, માથાનો વારંવાર દુઃખાવો વગેરે રહ્યા કરે છે.

મધ્યભાગમાં જો વધુ પડતી લાલ હોય તો વારંવાર તાવ આવ્યા કરે છે.

અને જો જીવનરેખા આગળ વધુ પડતી લાલ હોય તો છાતીમાં ગભરામણ કે જલન વગેરે થાય છે.

જાડી અને લાલ રંગની વધુ પડતી હોય તો આવા માણસો જડ નિર્દય સ્વભાવના હોય છે.

જો આ રેખામાંથી ઊર્ધ્વરેખા નીકળીને મસ્તકરેખામાં મળી જતી હોય અને તેના પરિણામે ત્રિકોણ બનતો હોય તો આવા માણસો યોગ કે ગુપ્તવિદ્યાના સારા જાણકાર બને છે.

આ રેખા પર મસ્તકરેખા નજીક યવ હોય તો આવા માણસોને કાયમ સ્વપ્નાં આવ્યા કરે છે.

આ રેખા તૂટક હોય અને જો હૃદયરેખા નજીક અટકી જતી હોય તો છાતીની નબળાઈ તેમજ કફને લગતા રોગો થાય છે.

આ રેખાથી ભાગ્યરેખા કપાતી હોય અને ત્યાં જો કોઈ ખરાબ ચિન્હો હોય તો તે વર્ષમાં પોતાની મોટી બિમારીને અંગે કરીને ધંધામાં ધ્યાન ન રાખવાથી ગેરહાજરીથી મોટું નુકસાન થાય છે.

આ રેખાથી ભાગ્યરેખા કપાતી હોય અને ત્યાં જો કોઈ ખરાબ ચિન્હ હોય તો તે વર્ષમાં પોતાની મોટી બિમારીને અંગે કરીને ધંધામાં ધ્યાન ન રાખવાથી કે ગેરહાજરીથી મોટું નુકસાન થાય છે.

આ રેખાથી મસ્તકરેખા કપાતી હોય અને ત્યાં મસ્તકરેખા તૂટક હોય

અને મસ્તકરેખાના મધ્યવમાં યવ પડેલો હોય તો માનસિક આઘાતથી ગાંડપણ આવે છે.

જો આ રેખા જીવનરેખાને કાપતી હોય અને ત્યાં જો યવ કે ખરાબ ચિન્હ હોય તો જલ્દી મોત આવતું નથી રિબાઈને લાંબી બિમારી ચાલ્યા બાદ મરણ થાય છે.

આ રેખામાં લાંબા યવાકાર ચિન્હો જીવનરેખા નજીક હોય તો ખરાબ ફળ ક્રોસ હોય તો ઓપરેશન અવશ્ય કરાવવું પડે છે.

આ રેખા જોતાં ધ્યાનમાં રાખવું કે તેનાથી જીવનરેખા કપાવી ન જોઈએ. ફક્ત જીવનરેખા આગળ જ અટકી જાય તો સારી. બાકી જો જીવનરેખામાં મળી જતી હોય તો તે વર્ષમાં મોટી બિમારી આવે છે.

## સૂર્યરેખા યાને કીર્તિરેખા

આ રેખાનું ઉગમસ્થાન હથેળીના મધ્યભાગમાંથી થઈને તેનો વિરામ સૂર્યના પર્વત પર થાય છે.

જ્યારે ઘણાના હાથમાં આ રેખા મસ્તકરેખા તેમજ હૃદયરેખામાંથી નીકળેલી જોવામાં આવે છે.

સૂર્યરેખામાં કીર્તિરેખા તેમજ સંપત્તિ રેખા પણ કહેવામાં આવે છે. ધન તથા પ્રતિષ્ઠા અપાવનાર રેખા છે.

જે હાથમાં ધન રેખા ન હોય તેવા હાથમાં આ રેખા ધનરેખાનું કામ કરે છે.

આ રેખા જો હાથમાં પૂર્ણ હોય તો ધન સંબંધી દુઃખ પડતું નથી તેમજ આબરૂ બંને માણસ મેળવી શકે છે. : તેથી આ રેખાની મહત્તા વધારે છે.

આ રેખા ઘણી વખતે ઉપલા મંગળમાંથી પણ નીકળતી હોય છે. જો આ પ્રમાણે ઉપલા મંગળમાંથી આ રેખા નીકળી અતૂટ રીતે બીજી આડી રેખાઓથી કપાયા સિવાય સૂર્યુના પર્વત પર જતી હોય અને સૂર્યની આંગળી ગુરુની આંગળીથી પ્રમાણમાં લાંબી હોય તો આવા માણસોને ખાસ કરીને સટ્ટો રેસ કે લોટરીમાંથી સારા પૈસા મળે છે.




૫-૫. સગા સંબંધીઓથી ધનલાભ.

૧-૧. સગાંઓથી ધનનું નુકશાન

૬-૬. ગુપ્ત ધન મળે.

૨. વહેપાર ધંધાની સારો લાભ.

૩. જમીન, ખાણ કે કોન્ટ્રેક્ટના ધંધાથી લાભ

૪. ધાર્મિક વિષયોનું સારુ જ્ઞાન તેમજ ધર્મગુરુ તરીકેની ખ્યાતિ મળે.

૨-૪. આ મુજબનાં પાંખિયા હોય અને સરળ સૂર્યરેખા હોય તો જગતભરમાં કીર્તિ ફેલાય.

ઘણાના હાથમાં આ રેખા હોવા છતાં પણ પૈસા નથી મળતાં. ત્યારે તેમની આંગળીઓ વાંકીચૂકી તેમજ હથેળીનો ભાગ બહુજ પહોળો હોય છે (છીછરો) તેમજ ગુરુ, શુક્ર, સૂર્યના પર્વતો દબાયેલો હોય છે; ત્યારે આ રેખા કંઈ જ ફળ

આપવા માટે અશક્તિમાન બને છે.

બહુ પહોળી તેમજ સૂર્યની આંગળી ઉપર આ રેખા જતી હોય તો કંઈક જ ફળ મળતું નથી.

હૃદયરેખાથી જ શરૂ થતી ખાસ કરીને પાછલી અવસ્થામાં સુખ આપે છે.

પરંતુ જો આવા હાથમાં ગુરુ, શુક્ર, સૂર્યના પર્વતો સારા હોય અને બીજી રીતે હાથ સારો હોય તો તેવા માણસોને સામાજિક કાર્યોમાં વધારે રસ હોય છે. તેમજ તેમાં સારી નામના મેળવે છે.

જો આ રેખાનો ઉગમ જીવનરેખામાંથી થતો હોય તો જરૂર કોઈનો વારસો મળે છે.

જો આ રેખા ડબલ હોય તો ઘણા સારો ફાયદો આપે છે. વગર મહેનતે ધન મળે છે. તેમજ આવા માણસો એક સાથે બેવડા ધંધા કરતાં હોય છે. તેમાંય ખાસ કરીને સામાજિક પ્રવૃતિઓમાં વધુ રસ હોય છે.

મતલબ કે એક સાથે બે પ્રવૃતિઓ કરતા હોય છે. મસ્તકરેખામાંથી આ રેખા નીકળતી હોય તો ખાસ કરીને સાહિત્ય તેમજ લેખન પ્રવૃતિમાંથી આ રેખા નીકળતી હોય તો ખાસ કરીને સાહિત્ય તેમજ લેખન પ્રવૃતિમાંથી સારું ધન તેમજ નામના મેળવે છે. ઉપરાંત કળાનો પણ શોખ હોય છે.

સૂર્યનો પર્વત ઉઠાવદાર હોય તો મોટો કળાકાર થાય છે, તેમજ તેમાં નામના મેળવે છે.

ખાસ કરીને આ રેખાનો મોટો ગુણ ધન સાથે કીર્તિ આપવાનો છે. માટે આ રેખાને કીર્તિરેખા કહેવામાં આવે છે.

જો આ રેખામાંથી બીજી ઉર્ધ્વરેખાઓ નીકળતી હોય તો તે સમયમાં બીજા કોઈ ધંધાથી અચાનક પૈસા મળે છે. જો સૂર્યના પર્વત પર આ રેખાને બદલે તૂટક તૂટક નાની નાની રેખાો હોય તો તેવા માણસો વારેઘડીએ ધંધા બદલતા રહે છે. અને એક પણ ધંધામાં પરિપૂર્ણ થતા નથી.

જો સૂર્યરેખા ખંડિત થતી હોય તો તે સમયમાં ધન સંબંધી મોટું નુકશાન થાય છે. અને તેનાથી કીર્તિને પણ બટ્ટો લાગે છે.

જો આ પ્રમાણે ડાબા હાથમાં આ રેખા ખંડિત થતી હોય તો કૌટુંબિક

નુકસાન થાય છે. કુટુંબમાં વડીલનું મરણ થાય અને પોતે નાની ઉંમરમાં જ બીજા આશ્રયે મોટા થવું પડે કે પછી નાનપણથી જ કૌટુંબિક જવાબદારીઓ આવી પડે.

જો આ રેખાને જીવનરેખામાંથી ઉર્ધ્વરેખા આવીને મળતી હોય તો સગા સંબંધીઓથી ધનલાભ થાય છે, પરંતુ જો આ પ્રમાણે આવેલી ઉર્ધ્વરેખા સુર્યરેખાને કાપે તો સગાઓથી ધનનું નુકસાન થાય છે.

જો સૂર્યરેખાને બુધ કે ઉપલા મંગળમાંથી રેખા નીકળીને આવીને મળતી હોય તો અચાનક ધનલાભ થાય છે. પરંતુ જો આ પ્રમાણે આવેલી ઉર્ધ્વરેખા સૂર્યરેખાને કાપે તો સગાસંબંધીથી ધનનું નુકસાન થાય છે.

જો ચંદ્રના પર્વત પરથી રેખા આવીને સૂર્યરેખાને મળતી હોય તો પિતૃઓનું ગુપ્ત ધન મળે છે.

જો સ્ત્રીઓના હાથમાં સૂર્યરેખા સારી હોય તો જાહેર કાર્યોમાં ભાગ લે છે. અને સારી નામના મેળવે છે. સૂર્યરેખાનું સ્ત્રીઓની પ્રતિષ્ઠા કાયમ સારી રાખે છે.

મસ્તકરેખા વળાંકદાર હોય અને જો સૂર્યરેખા સારી હોય તો કવિ થાય છે, તેમજ સંગીતમાં પણ સારી નામના મેળવે છે. ચંદ્રના પર્વત પરથી જો સૂર્યરેખા નીકળતી હોય તો કોઈપણ મિત્રની મદદથી પોતાનો સારો ભાગ્યોદય થાય છે અને આવા માણસો દરિયાપાર જાય છે. અને ત્યાં સારી નામના મેળવે છે.

જો મંગળના મેદાનમાંથી આ રેખા નીકળતી હોય અને બીજી આડી રેખાઓથી કપાતી હોય તો પોતાની મિલકત માટે કોર્ટ લડવી પડે છે.

સૂર્યરેખામાંથી ઉર્ધ્વરેખા નીકળીને જો બુધના પર્વત પર જતી હોય તો વહેપાર ધંધાથી સારા લાભ થાય છે.

જો શનિના પર્વત તરફ ઉર્ધ્વરેખા જતી હોય તો જમીન તેમજ ખાણના ધંધાથી લાભ થાય છે. કોન્ટ્રેકટના ધંધા પણ લાભદાયી થાય છે.

જો તેજ પ્રમાણેની ઉર્ધ્વરેખા ગુરુના પર્વત તરફ જતી હોય તો તે ધર્મગુરુ થાય છે તેમજ ધાર્મિક વિષયોનું ઊંડુ જ્ઞાન હોય છે.

જો સૂર્યરેખા સીધીને સરળ હોય તેમજ તેમાંથી એક રેખા નીકળીને બુધના

પર્વત તરફ જતી હોય તેમજ એકરેખા ગુરુ તરફ જતી હોય અને જેના પરિણામે ત્રિશૂળ જેવો આકાર બનતો હોય તો સાહિત્ય કળા ઉપરાંત ધાર્મિક વિષયોનું બહુ જ ઊંડુ જ્ઞાન હોય છે. આવા માણસોની કીર્તિ વિશ્વવ્યાપી બને છે.

જો સૂર્યરેખા બહુ જ નીચેના ભાગમાંથી નીકળતી હોય અને શરૂઆતમાં ખરાબ હોય તો શરૂઆતની જિંદગીમાંથી પુષ્કળ દુઃખ પડે છે, અને પોતાની જાતમહેનતથી આગળ આવી પાછળ જિંદગીમાં ઘણી જ કીર્તિ મેળવે છે.

સૂર્યરેખાનું કપાવું અશુભ છે. જેના પરિણામે ધંધામાં નુકશાન થાય છે.

સૂર્યરેખામાં બીજી રેખા આવીને મળતી હોય તો ભાગીદારી થાય, ધંધો બદલાય અને લાભ મળે.

ખાસ કરીને જે હાથમાં મસ્તકરેખા સારી તેમના હાથમાં સૂર્યરેખા અવશ્ય હોય છે.

જો નીચલા મંગળમાંથી ઉર્ધ્વરેખા નીકળીને સૂર્યરેખાને મળતી હોય તો તેવા માણસોને તેમની પ્રેમિકા સ્ત્રીથી ધનલાભ થાય છે.

સૂર્યરેખા છિન્નભિન્ન હોય અને સૂર્યની આંગળી લાંબી હોય તો તેવા માણસોને તેમની પ્રેમિકા સ્ત્રીથી ધનલાભ થાય છે.

બેવડી સૂર્યરેખાવાળાને ઉર્ધ્વરેખા અચાનક દ્રવ્યલાભ થવાની ઘણી તક રહે છે. સૂર્યરેખામાંથી ઉર્ધ્વરેખાઓ નીચેની તરફ નીકળતી હોય તો ઘણું જ અશુભ ચિન્હ છે. કારણકે આવા માણસો પોતાની મિલકત ખોટા ધંધામાં પાયમાલ કરે છે. અને અંતે આવક વગરના થઈ જાય છે.

ધનરેખા તેમજ સૂર્યરેખા સાથે સાથે હોય તો સારો લાભ મળે છે, પંરતુ જો આ બંને રેખા મળી જઈને એકબીજાની કાપતી હોય તો તે વખતે ધંધામાં પુષ્કળ નૂકસાન થાય છે. સૂર્યરેખાનું સારું ફળ ત્યારે જ મળે છે. જ્યારે પર્વત સારો હોય, નહિ તો જોઈએ તેટલું સારું ફળ મળતું નથી.

સૂર્યરેખાની બાજુમાં તારકનું ચિન્હ હોય તો કોઈ મિત્ર દ્વારા સારો લાભ થાય છે. તેમજ મધ્યમાવસ્થા પછી કીર્તિ ઘણી જ વધે છે.

સૂર્યરેખા તેમજ હૃદયરેખાના મિલનસ્થાન આગળ કાળું ટપકું હોય તો આંખોની બિમારી રહે છે.

સૂર્યરેખામાં યવનું નિશાન એ દેવાળું કાઢવાની સચોટ નિશાની છે. અને જો આ પ્રમાણે બંને હાથમાં તો કુટુંબ વગેરેની પણ પાયમાલી થાય છે.

જો આ પ્રમાણે નાં યવના ચિન્હ બાદ આ રેખા સારી હોય અને એક જ હાથમાં આ પ્રમાણે યવ હોય તો પછી પાછું ધન મેળવે છે, અને પોતનું દેવું ચૂકવી નામના કાઢે છે.

બહુ જ જાડી સૂર્યરેખાવાળા પોતાની જાતને બહુ જ હોંશિયાર સમજતા હોય છે. જેથી તેઓ પ્રગતિ કરી શકતા નથી.

હથેળીના મધ્યભાગમાં સૂર્યરેખા તેમજ ધનરેખાથી ત્રિકોણ બનતો હોય તો પુષ્કળ ધનસંપત્તિનો માલિક બને છે.

બીજા પર્વત કરતાં ફક્ત જો સૂર્યનો જ પર્વત ઉઠાવદાર હોય અને તેના પર સૂર્યરેખાને જો હૃદયરેખામાંથી નીકળતી હોય તો આવા માણસો પુષ્કળ ઘંમડી હોય છે. તેમજ પોતે જશ ખાટવા માટે બીજાને થતાં અન્યાયની પરવા કરતા નથી અને જો આ પ્રમાણે સૂર્યરેખાને બદલે જાળા જેવું હોય તો ખોટા તેમજ અપ્રમાણિક ધંધામાં નામના કાઢે છે.

સૂર્યરેખાની બાજુમાં ક્રોસનું નિશાન હોય તો તે બહુ જ લોભી અને ધનાઢ્ય થાય છે. ફકત પૈસા જ તેમના માટે પરમેશ્વર હોય છે.

## શુક્ર કંકણ

આ રેખા સૂર્ય અને બુધના આંગળી વચ્ચેથી નીકળીને ગુરુ અને શનિની આંગળી વચ્ચે જાય છે. આ રેખા પૂર્ણ રૂપમાં હોય છે.

આ રેખાનું આ પ્રમાણેનું હોવું અશુભ છે; કારણકે તે પ્રમાણેની રેખાવાળાના વિચારો ઘણા જ અસ્થિર અને ઉતાવળીઆ હોય છે. તેમાંયે શુક્રના પર્વત પર જાળું હોય તો માણસને વિષયી બનાવે છે.

જે હાથમાં શુક્રનો પર્વત તેમજ આ રેખા હોય તેવા માણસોનું મન કાયમ વિષયવાસના માં જ ભટકતું હોય છે. છેવટે આવા માણસો ખોટા રોગના ભોગ થઈ પડે છે.

બાકી જો આ રેખા પૂર્ણ રૂપમાં હોય અને શુક્રનો પર્વત સારો હોય અને બીજી રેખાઓ મસ્તકરેખા વગર સારી હોય તો આવા માણસો વિદ્વાન થાય છે.

જે કામ હાથમાં લે છે. તેને પૂરું કર્યા સિવાય બેસતા નથી.

આ રેખાને શુક્ર કંકણ તરીકે ઓળખવાની પાછળ આજ રહસ્ય છે કે તેના ખરાબ થવાથી માણસ વ્યભિચારી થઈ જાય છે. તેમજ તેના સારા નરસા માટે શુક્રના પર્વત પર આધાર રાખે છે.




**મંગળની રેખા**

આ રેખાનો ઉગમ નીચલા મંગળમાંથી થાય છે. અને જીવનરેખાની સાથે સાથે અંદરના ભાગમાં છેક શુક્રના પર્વતના છેડા સુધી જાય છે.

આ રેખાને જીવન રેખાની ભગિની રેખા તરીકે ઓળખી છે. કારણકે જીવનરેખાની ત્રુટીઓ આ રેખાથી પૂર્ણ થાય છે.

આ રેખા જો પૂર્ણપણે હોય તો ગમે તેવા કાર્યોમાં અણનમ જુસ્સો અને હિંમત આપે છે. આવા માણસો ગમે તેવી પરિસ્થિતિમાં નાસીપાસ થતા નથી.

જો આ રેખા પૂર્ણ હોય અને બંને મંગળના પર્વતો સારા હોય તો આવા માણસો લશ્કરમાં જોડાઈ સારું કામ આપે છે. અને હિંમતપૂર્વક આગળ વધે છે.



૧-૧. ત્રુટક શુક્ર કંકણ : વિચારોની અસ્થિરતા

૨. શુક્રના પહાડ પર જાળું વ્યભિચારી માનસ

૩-૩. ત્રુટક મંગળની રેખા : આ રેખા જેટલા ભાગમાં હોય ત્યાં આયુષ્યનો બચાવ થાય છે.

૪-૪. બાળ, લકવાની બિમારીની નિશાની

૫-૫. જમીનની મુસાફરી

૬-૬. જમીનની મુસાફરી

૭-૭. દરિયાઈ મુસાફરી

૮-૮. દરિયાઈ મુસાફરી

આ રેખાથી જીવનરેખામાં તૂટ કે ખરાબીપણું દૂર થવામાં ઘણી જ મદદગાર થઈ પડે છે. કેટલાક હાથમાં નાના ટુકડાના રૂપમાં હોય છે : છતાં પણ જયાં આવો નાનો ટુકડો હોય તો જીવનરેખાની કંઈ ખરાબી હોય તો આ રેખાથી દુર થાય છે.

એ જોતા મંગળની રેખાને ખરેખર મંગળમયી કહેવાયમાં આવે તો ખોટું નથી.

**ચંદ્રરેખા યાને અંતજ્ઞાનની રેખા**

આ રેખા ચંદ્રના પર્વતથી બુધના પર્વત સુધી ચંદ્રાકાર હોય છે.

ભાગ્યે જ હજારો હાથમાં એકાદ હાથમાં જોવા મળતી આ રેખા છે.

આ રેખાવાળા કુદરતી રીતે જ આત્મજ્ઞાની હોય છે. તેમજ આવા માણસો ભાવિમાં બળવાન બનાવો પોતાની શક્તિથી કહી શકે છે.

થોડો પ્રમાણમાં પણ આ રેખા જો ફક્ત ચંદ્રના પર્વત પર હોય તો પણ આવા માણસો યોગ વિદ્યામાં નિપુણ થાય છે.

જેના હાથમાં ચંદ્રરેખા સારી હોય અને જો ગુરુ ના પર્વત પર ત્રિશૂળ જેવું નિશાન હોય તો આવા માણસો ત્રિકાળજ્ઞાની હોય છે. ફક્ત ચંદ્રના પર્વત પર જ નાની આવી રેખા હોય અને શનિનો પર્વત સારો હોય તો આવા માણસો જાદુમંત્ર વગેરે મેલીવિદ્યામાં પ્રવીણ થાય છે.

આ રેખા પૂર્ણ રૂપમાં હોય અને ગુરુની આંગળી મોટી લાંબી અણીદાર હોય તેમજ ચંદ્રનો પર્વત ઉઠાવદાર હોય તો આવા માણસો પોતાના ઈચ્છાબળથી ગમે તેવા કઠીન કામો કરે છે. અને તેમાં સફળ થાય છે. આવા માણસો બીજા ઉપર પોતાનો સારો પ્રભાવ પાડી શકે છે.

જો કે આ રેખાની બાબતમાં આટલું જાણી શકાયું છે બાકી જો કોઈના હાથમાં પૂર્ણ રૂપમાં હોય તેવા હાથ જોવા મળે તો જ આપણે વધારે જાણી શકીએ.

**પ્રવાસ રેખા**

આ રેખાઓ ચંદ્રના પર્વત પર આડી તેમજ ઊભી હોય છે. ખાસ કરીને આડી રેખાઓ જમીનની મુસાફરીઓ સુચવે છે, જયારે ઊભી રેખાઓ દરિયાઈ મુસાફરીઓ સુચવે છે.

આ રેખાઓ જો લાંબી સીધી અને સરળ હોય તો સુખરૂપ મુસાફરીઓ થાય છે. પરંતુ તેમ ન હોતા જો કોઈ બીજી નાની રેખાથી આ રેખાઓ કપાતી હોય તો મુસાફરીમાં મુસીબતનું સૂચન કરે છે.

બીજી આડી રેખાઓ જોતી વખતે ખાસ ધ્યાન બીજું એ રાખવાનું કે આ રેખા આગળ ચાલીને ભાગ્યરેખા કે જીવનરેખાને કાપતી હોય તો ઘણુ જ અશુભ છે.

જો આ પ્રમાણેની આડી રેખાથી ભાગ્યરેખા કપાય તો મુસાફરીને કારણે ધનનું મોટુ નુકશાન થાય છે, અને જો આગળ ચાલીને જીવનરેખા ને કાપે તો મુસાફરી પ્રાણઘાતક નીવડે છે.

જો ઊભી દરિયાઈ મુસાફરીની રેખા સીધી અને સરળ હોય તો મુસાફરી સુખરૂપ નીવડે છે.

બાકી જો આ પ્રમાણે ઊભી રેખા પર તારક હોય તો જળઘાત થાય છે. આ રેખામાં યવ હોય તો પરદેશમાં નામોશી મળે છે.

આ પ્રમાણેની જમીનની મુસાફરીની રેખા જોતા પહેલાં આટલું ધ્યાન રાખવું કે કેટલીક વળાંકદાર આ પ્રમાણેની જ રેખા ચંદ્ર પરથી નીકળીને જીવનરેખાને તરફ ઢળી જાય છે. આ રેખાવાળાને ખાસ લકવાની અસર થાય છે. આ એકદમ સચોટ નિશાન છે.

માટે આ રેખાને કદી મુસાફરી રેખા માનવાની ભૂલ થવી ન જોઈએ.

જેટલી આડી રેખાઓ હોય તેટલી જમીનની મુસાફરી કરવી પડે છે.

જો આ ભાગ્યરેખામાં જાય તો મુસાફરીથી લાભ થાય છે.

## પ્રભાવરેખાનું મહત્વ

પ્રભાવરેખા એટલે કે આપણા જીવનમાં સારા યા નરસા બનાવો બનવાની આગાહી કરનારી રેખા. તેનાથી આપણે જાણી શકીએ કે આ પ્રમાણેનો બનાવ બનવાની સંભાવના છે.

આ રેખાઓનું મુખ્ય સ્થાન શુક્રના પર્વત પરથી નીકળવાનું છે. બીજું સ્થાન ચંદ્રના પર્વત પર છે. અને ત્રીજું બુધના પર્વત પર છે. (જુઓ ચિત્ર)

નોંધ : જીવનરેખા જો આ રેખાથી તૂટતી હોય તો અચૂક મોત કરે છે.

આપણા જીવનમાં બનતા બનાવો જેવા કે મા-બાપ, ભાઈ-બહેન કે સ્ત્રીનું

મરણ, કોર્ટ કચેરીના ઝઘડા કે અચાનક દ્રવ્યની પ્રાપ્તિ કે કોઈના મરણથી થતી માનસિક વ્યથા આ બધા બનાવો આપણે શુક્રના પર્વત પરથી નીકળતી પ્રભાવ રેખાઓથી જાણી શકીએ છીએ.

જીવનરેખાની અંદરના ઘેરાવામાં જે મંગળનો પ્રદેશ છે, તે તેમજ શુક્રના પર્વતનો તમામ ભાગ આ રેખાનું ઉગમ સ્થાન છે. તેમાં આવેલી ઉભી અને આડી રેખાઓ જો બારીકાઈથી તપાસવામાં આવે તો જીવનમાં બનતા બનાવોની ઘણી ખરી આગાહી કરી શકાય છે. (શુક્રનો પર્વત એવો મહત્વનો છે કે




૧-૧. સંબંધીનું મૃત્યું કે આઘાતજનક બનાવ.

૨-૨. પૂર્ણ સિદ્ધિ આપતી રેખા

ક-ખ. તેમાં અડચણ કરતી નાની પ્રભાવ રેખા

૩-૩. વાહનથી અકસ્માત સૂચવતી પ્રભાવ રેખા

૪-૪. અકસ્માત સંગાનો વારસો મળવાની રેખા

૫-૫. છૂટાછેડા સૂચવતી રેખા

૬-૬. સગાઓની સાથેની તકરારમાં વાગે કે પોતે પણ અકસ્માત કરે.

### ૭-૭. કોઈ સ્ત્રીના કારણે બદનામીથી આપઘાત સૂચવતી રેખા.

આ રેખાઓ પરથી ભાવિ આગાહી કરવા માટે ઘણા ઊંડા અભ્યાસની જરૂર છે; કારણકે આડી અવળી અસંખ્યા રેખાઓ પરથી બનવાના બનાવની આગાહી કરવી મુશ્કેલી છે. પરંતુ જેમ જેમ આ વિષયનો અભ્યાસ વધતો જાય તેમ ઘણી ખરી બાબતો ચોક્કસપણે કહી શકાય છે.

ઘણી વખતે રેખાઓ પર જ્યોતિષ દુર્લક્ષ કરે છે. કે કંટાળે છે. પણ કંટાળવાથી ફાયદો નથી. કારણકે આપણે જે કંઈ અનુમાન બાંધીને કહીશું તે સામાવાળો ના કહેશે, પરંતુ એમ નહિ તો આમ બન્યું હતું તેમ કહેશે, એનાથી પ્રતિષ્ઠા ઘટી જતી નથી પરંતુ આપણને બીજી વખતે સચોટ કહેવાનું મળશે. ખાસ કરીને આ રેખાઓ જો કોઈ અશુભ ચિન્હમાંથી નીકળતી હોય તો ચોક્કસ ખરાબ બનાવ બને છે જ ફક્ત બનાવ બને પરંતુ તેથી કોઈ વધારે ખરાબ થતી નથી.

આ રેખાઓમાં પ્રવીણતા મેળવવી તેનું નામ ખરું હસ્તરેખા શાસ્ત્રનું જ્ઞાન હોવાની નિશાની છે.

હવે આ રેખાઓ વિષે વિચાર કરીએ. જ્યારે આ રેખાઓ ફક્ત જીવનરેખા સુધી જ આવીને જો અટકી જતી હોય તો તે ફક્ત ચિંતા અથવા કોઈપણ કામમાં અડચણ આવવાની નિશાની છે.

સામાન્ય રીતે જેના હાથમાં આવી આડીઅવળી રેખા વધારે પડતી હોય ત્યારે એટલું તો ચોક્કસ થાય છે. કે આવી રેખાઓવાળા જીવનમાં તેના વડીલો તરફથી કે સંબંધીઓ તરફથી જ્યારે તે પોતાના હિતને માટે કોઈપણ કાર્ય કરતો હોય ત્યારે વિરોધ થવાની નિશાની છે, ને જેથી તેને દુઃખ કે નુકસાન ભોગવવું પડે છે.

જ્યારે શુક્રના પ્રદેશમાંથી આવી આડી રેખાઓ નીકળીને જીવનરેખાની કાપીને જો બીજી કોઈ મુખ્ય રેખાને કાપતાં ફક્ત હથેળીના મધ્યભાગમાં રોકાઈ જતી હોય તો તેના કોઈપણ કાર્યમાં મહાન વિરોધ આવે છે. અને તે પણ તેના સંબંધીઓ તરફથી જ, તેમજ આવી બહુ રેખાઓવાળાને કાયમને માટે ખોટી ચિંતાઓ કરવાની ટેવ હોય છે.

આવી એક મોટી રેખા સીધી અંગૂઠાના ઉપરના ભાગમાંથી નીકળીને

જીવનરેખા કાપીને નીકળી હોય તો કોઈ સંબંધીનું મૃત્યુ સૂચવે છે, અથવા તો કોઈ સંબંધી તરફથી મહાન વિશ્વાસઘાતનો પ્રસંગ બને અને તેના દિલને આઘાત થાય.

જો આ પ્રમાણેની રેખા અંગૂઠાના છેક બીજા વેઢામાંથી નીકળીને જીવનરેખાને કાપતી હોય તો ખાસ કરીને માથામાં વાગવાનો પ્રસંગ બને છે.

જો જીવનરેખામાંથી એક બીજી રેખા નીકળીને ગુરુના પર્વત પર જતી હોય તો મહાન ફતેહ મળે છે, પરંતુ તે રેખા જો આડી રેખાઓથી કપાતી હોય તો તેવા માણસના વિચારો ખૂબ જ ઉંચા હોય, મોટાં મોટાં કાર્યો ઉઠાવે પરંતુ તેમાં કોઈ વિઘ્ન આવે ને કાર્યો પાર પડે.

જો શુક્રના પર્વતમાંથી એક રેખા નીકળીને શનિના પર્વત પર જતી હોય અને ત્યાં આ રેખા ચિપિયાના આકારની બનતી હોય કે બીજું કોઈ ખરાબ ચિન્હ હોય તો વાહનથી કે, ચોપગાં જનાવરથી અકસ્માત થાય છે. અને જે જગાએ આ રેખા જીવનરેખાઓ કાપે ત્યાં જો જીવનરેખા તૂટતી હોય તો મોત થાય છે.

પરંતુ આજ પ્રમાણેની રેખાથી કોઈપણ ખરાબ ચિન્હ ન બનતું હોય અને બીજા કોઈ ખરાબ ચિન્હો ન હોય તેમજ આ રેખા વેઢા ઉપર ન ચઢી જતી હોય તો સંગાવહાલાની મદદથી ઘણી જ ફતેહ મેળવી આબાદ થાય છે. માટે રેખા જોતાં પહેલાં બહુ જ બારિકાઈથી નિરિક્ષણ કરીને જ અભિપ્રાય બાંધવો.

જો આ પ્રમાણેની રેખા સૂર્યના પર્વત પર જતી હોય અને સૂર્યને કાપતી ન હોય તો કોઈ નજીકના સગાનો અચાનક વારસો મળે છે.

પરંતુ આ પ્રમાણેની રેખાજો સૂર્ય રેખાને કાપતી હોય તો વડીલોની મિલકત માટે કોર્ટ લડવી પડે છે. અને બીજી રીતે વાંકી ચૂંકી આ રેખા હોય તો પાયમાલી થાય છે.

આ પ્રમાણેની પ્રભાવરેખા બુધના પર્વત પર જતી હોય અને ત્યાં લગ્નરેખાને કાપતી હોય તો સ્ત્રીથી છૂટાછેડા લેવા પડે છે.

અને જો મંગળના પર્વત પર જતી હોય અને ત્યાં જો બીજી આડી અવળી રેખા હોય તો કોઈ સગાસંબંધીઓ સાથે તકરાર થાય અને તેમાં વાગવાનો પ્રસંગ બને છે.

તેમાંય જો ઉપલા મંગળનો પર્વત બહુ જ ઉપસેલો હોય અને આ પ્રમાણેની રેખાઓ ત્યાં જતી હોય તો અને મંગળ પર આડી અવળી રેખાઓ હોય તો આવા માણસ ખોટા આવેશમાં પોતાની જાતે જ આત્મઘાત કરે છે.

અને જો આ પ્રમાણેની રેખા ચંદ્રના પર્વત પર જતી હોય તો સ્ત્રીના કારણથી બદનામી મળે છે.

## પ્રભાવ રેખા

શુક્રના પ્રદેશમાંથી કોઈ રેખા નીકળીને જો ભાગ્યરેખાને મળે તો તે સમયે માણસનું લગ્ન થાય છે. આ જ પ્રમાણે જો ચંદ્ર ના પર્વત પરથી એક રેખા આવીને ભાગ્યરેખાને મળતી હોય તો પણ લગ્ન થાય છે.

હવે જો આજ પ્રમાણેની રેખા ભાગ્યરેખાને કાપતી હોય તો લગ્નમાં અંતરાય ઊભો થાય છે.

માતા-પિતાનું મરણ ક્યારે થાય તે જણવા માટે ખાસ તો જીવનરેખાને મસ્તકરેખાના ઊગમસ્થાન પર ચોકડી કે તારકનું નિશાન છે જ પરંતુ તેની વધારે મજબૂતી આ રેખાથી જાણી શકાય છે.

માતાનું મરણ દરેકને દિલ પર વધારે અસર કરનારું હોય છે. કારણ કે માતાને ખાસ વધારે પ્રેમ હોય છે. જ્યારે પિતાના મરણથી માણસના ભાગ્યમાં અવરોધ આવે છે, જેથી તેની અસર તેના ભાગ્ય ઉપર થતી હોવાથી તેનું નિશાન ભાગ્યરેખા પર હોય છે.

નીચલા મંગળમાંથી એક રેખા નીકળીને મસ્તકરેખાને કાપીને હૃદયરેખાને કાપે અને ત્યાં ક્રોસ જેવું નિશાન હોય તો તે વખતે માતાનું મરણ થાય છે; કારણ કે માતાનું મરણની અસર માણસના દિલ પર વિશેષ થાય છે.

આ જ પ્રમાણેની રેખા લગભગ નીચલા મંગળની નીચેના ભાગમાંથી નીકળીને ભાગ્યરેખાને કાપે અને ત્યાં ક્રોસનું નિશાન હોય તો પિતાનું મરણ સૂચવે છે. કારણ કે પિતાના મરણથી ભાગ્યમાં રૂકાવટ આવે કે પોતાના પર જવાબદારીઓ વધે . જેથી આ બધી બાબતો ભાગ્યને અસર કરનારી હોવાથી તેનું નિશાન ખાસ કરીને ભાગ્યરેખા પરથી વધારે નક્કી કરી શકાય છે.

પતિનું મરણ કે સ્ત્રીનું મરણ જો થવાનું હોય તો આ પ્રમાણેની શુક્રના

પર્વત કે નીચલા મંગળમાંથી એક રેખા નીકળીને ભાગ્યરેખાને કાપે છે. અને જ્યાં ભાગ્યરેખા તૂટતી હોય.



૧-૧. માતાનું મરણ.

૨-૨. પિતાનું મરણ

૩-૩. પત્ની કે પતિનું મરણ.

૪-૪. લગ્ન સંબંધ સૂચવતી રેકા

૫. પ્રેમલગ્ન સૂચવતી રેખા

તો ચોક્કસ સ્ત્રીનું મરણ કરે છે.આ પ્રમાણેની રેખા સ્ત્રીના હાથમાં હોય તો તેના પતિનું મરણ કરે છે.

બીજું એક નિશાન એ પણ છે કે જો આ પ્રમાણેની રેખા નીકળીને લગ્નરેખા નજીક જતી હોય અને લગ્નરેખા ઝુકેલી હોય અને આ રેખા તે ઝુકેલી રેખાને કાપતી હોય તો સ્ત્રીનું મરણ થાય છે.

પ્રેમસંબંધમાં આ પ્રમાણેની શુક્રના પર્વતમાંથી એક રેખા નીકળીને જો હૃદયરેખામાં મળી જતી હોય-બુધના પર્વત નીચે - તો સ્નેહલગ્ન થાય છે. ધ્યાન એટલું જરૂર રાખવાનું કે આ રેખાથી હૃદયરેખા કપાતી ન હોવી જોઈએ.

બીજુ એક નિશાન જો આ પ્રમાણેની રેખા શુક્રના પર્વતમાંથી નીકળીને મસ્તકરેખાને મળી જતી હોય તો પણ સ્નેહલગ્ન સૂચવનારું છે.

જે માણસો અનીતિમય જીવન ગુજારતા હોય છે. તેમના હાથમાં

ભાગ્યરેખામાં મોટો યવ હોય છે, અને તેમાં આ પ્રમાણેની શુક્રના પર્વત પરથી આવીને રેખા મળતી હોય તો તેવા ખરાબ સંબંધ સૂચવે છે. સ્ત્રી કે પુરુષનું અનીતિમય સંબંધને કારણે છૂટાછેડા લેવાનું નિશાન છે.

શુક્રના પર્વત પર તારક હોય અને તેમાંથી એક રેખા નીકળીને હૃદયરેખા તેમજ મસ્તકરેખાના વચ્ચેના ભાગમાં ભાગ્યરેખાને કાપે તો પણ સ્ત્રીનું મરણ સૂચવે છે.

ઘણી વખતે માણસના જીવનમાં એવું પણ બને છે. કે એક બાજુ એક વ્યક્તિના મરણને આઘાત લાગે અને બીજી બાજુ તે વ્યક્તિના મરણથી લાભ થાય, જેમ કે કોઈ નજીકના સગામાં મામા કે કાકા હોય અને તેમનું મરણ થાય તે આઘાતજનક બનાવ ગણાય અને તેના મરણથી તેમનો વારસો મળે તે એક રેખા નીકળીને સૂર્યના પર્વત પર જાય છે. અને ત્યાં સૂર્યરેખાને જઈને મળી જાય છે.

તારક પરથી રેખાનું નીકળવું તેમજ જીવનરેખા મસ્તકરેખાને કાપવું એ આઘાત સૂચવનારું થયું અને સૂર્યરેખાનું મળી જવું ફાયદો સૂચવનારું છે. આ પ્રમાણે ખાસ કરીને શુક્રના પર્વત તેમજ તેની નજીકમાંથી કોઈપણ એક રેખા નીકળીને જો મુખ્યરેખાઓને મળી જતી હોય તો તેનાથી કંઈક ફાયદો થાય છે.



**૧-૧. અનીતિમય સંબંધને કારણે છૂટાછેડા**

**૨-૨. સગાના મરણથી નુકશાન તેમજ આબરૂનો ભય.**

**૩-૩. સગાના મરણનો આઘાત તેમજ વારસાનો લાભ.**

૪-૪. અનીતિમય સંબધની પૈસા તથા આબરૂનું નુકશાન

૫-૫. યવાકાર ભાગ્યરેખા અનીતિવાન માણસનું નિશાન.

પણ સાથે સાથે જ્યાં કાપે છે. ત્યાં દિલ પર કંઈક અસર પણ થાય છે. આ રેખા જોતી વખતે ખાસ ધ્યાન એક જ રાખવાનું કે આ રેખાથી મુખ્ય રેખા કપાતી હોય તે સંબંધી નુકશાન અને જે મુખ્ય રેખાને મળી જતી તે સંબંધી ફાયદો.

જે પર્વત પર આ રેખા જતી હોય તે સંબંધી ફાયદો થાય છે, પરંતુ નીકળતી વખતે અને જ્યાં વિરામ થતો હોય ત્યાં કોઈપણ જાતનું ક્રોસ તારક કે ચીપિયા જેવું નિશાન હોવું ના જોઈએ.

જેમ કે જો આ પ્રમાણેની રેખા શુક્રના પર્વતમાંથી નીકળીને સૂર્યરેખાને કાપતી હોય અને ત્યાં તારક હોય તો તે સમયે તેનો જેના પરઆધાર હોય તેવા સગાસંબંધીનું મરણ થાય છે. : અને તેના પરિણામે તેને પૈસાનું ભારે નુકશાન થાય છે. તેમજ આબરૂને પણ આંચ આવે છે.

જો ભાગ્યરેખા પર યવ હોય અને તેમાં આવી રેખા આવીને મળતી હોય તો પરસ્ત્રીના સંબંધમાં આવા માણસો આવે છે જેના પરિણામે પૈસાથી ખુવાર થાય છે. અને આબરૂ ગુમાવે છે.

જો આવી રેખા યવાકાર હોય કે કોઈ પણ સ્થાને યવમાં મળતી હોય તો અનીતિમય સંબંધ સૂચવે છે.

## સ્ત્રી સ્વભાવ અને ચારિત્ર્ય

કોઈ પણ સ્ત્રી કે પુરુષના હાથમાં અનીતિમય જીવનનું નિશાન હોય તો તેના તરફ ખરાબ લાગણીઓથી ન જોતાં તેને યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ.

જે સ્ત્રીઓનો અંગૂઠો ટૂંકો હોય અને અંગાળીઓ ભેગી કરતાં વચ્ચે પોલાણ હોય તો તેવી સ્ત્રીઓ પોતાની વાતો છુપાવી શકતી નથી. બહુજ બોલકણી તેમજ ઈર્ષાળું સ્વભાવની હોય છે.

પરંતુ જો અગંઠો તેમજ આંગળીઓ લાંબ અને ગાંઠાદાર હોય, હાથમાં મસ્તકરેખા સારી હોય, આંગળીઓ લાંબી અને ગાંઠાદાર હોય, હાથમાં મસ્તકરેખા સારી હોય, આંગળીઓના ટેરવા ચોરસ હોય, તો આવી સ્ત્રીઓ સંગીતશાસ્ત્રમાં સારી નામના મેળવે છે.

આવી સ્ત્રીઓ બહુ ઓછાબોલી, પોતાના કામ પૂરતી જ વાત કરનારી હોય છે. તેમને ખટપટ કરવાની ટેવ હોતી નથી.

જે સ્ત્રીનો અંગૂઠો લાંબો હોય, આંગળીઓ લાંબી અને આગળથી ચોરસ હોય તેમજ મસ્તકરેખા જીવનરેખાથી અલગ હોય, હાથ કંઈક પહોળો કે ચોરસ હોય, અને સૂર્યરેખા સારી હોય તો અભિનય કળામાં નામના મેળવે છે. પ્રખ્યાત નટી થાય છે.

ખાસ કરીને ઘણી ખરી સ્ત્રીઓના અંગૂઠા ટૂંકા કે હથેળી સાથે સાથે મળી ગયેલા જેવા હોય છે.

જે સ્ત્રીઓની આંગળીઓ આગળથી અણીદાર હોય છે. તેવી સ્ત્રીઓ બહુજ અભિમાની હોય છે. અને લાગણીપ્રધાન વધારે પડતી હોય છે.

જે સ્ત્રીઓની હૃદયરેખા ગુરુના પર્વત પર જતી હોય તેમજ આ રેખા બહુ પહોળી ન હોય તો તેમનું ચારિત્ર ઘણું જ સારું હોય છે.

જેની હૃદયરેખા શનિ તેમજ ગુરુની આંગળીઓની વચ્ચે જતી હોય અને જો જીવનરેખા તેમજ મસ્તકરેખા વચ્ચે સહેજ અંતર હોય તો આવી સ્ત્રીઓ જેની સાથે પ્રેમ કરે છે, તેની સાથે જ લગ્ન કરવાના મક્કમ વિચારની હોય છે.

જેની હૃદયરેખા ફક્ત શનિની આંગળી સુધી ન જતાં ફક્ત શનિના પર્વત પર અટકી જતી હોય અને મસ્તક રેખા તેમજ હૃદયરેખા વચ્ચે અંતર ઓછું હોય તો તેમનું ચારિત્ર્ય શંકાસ્પદ હોય છે.

જેની હૃદયરેખામાં યવ પડેલા હોય છે. તેવી સ્ત્રીઓનું હૃદય પોચું હોય છે. અને કોઈવાર લાગણીઓથી દોરવાઈને પોતાનું ચારિત્ર્ય ભ્રષ્ટ થવા દે છે અને તેમાં પણ જો ઊંડા ટપકાં હોય અને તેમાંથી રેખાઓ નીકળતી હોય તો તેમનો પ્રેમ એક પર ન હોતાં મન ભટક્યાં કરે છે.

સ્ત્રીઓનાં હાથમાં ખરાબ સંબંધો ખાસ કરીને હૃદયરેખા તેમજ નીચલા મંગળ પરથી જાણી શકાય છે.

જો હૃદયરેખા યવાકાર હોય અને તેમાં ઊંડા ટપકાં હોય અને સૂર્યરેખા પર યવ હોય તો તેમનો અનીતિમય સંબંધ ઉઘાડો પડી જાય છે. અને આબરૂને કલંક લાગે છે.

નીચલા મંગળમાંથી જ એક રેખા નીચેની તરફ વળીને જીવનરેખાને

મળી જતી હોય તો તે અયોગ્ય સંબંધ સૂચવે છે.



૧-૧. કોઈ પ્રખ્યાત પુરુષ સાથેનો અનીતિમય સંબંધ

૨-૨. હલકા માણસો સાથેનો ખરાબ સંબંધ

૩-૩. કલાકારની સાથેનો સંબંધ

૪-૪. વહેપારી સાથે ખરાબ સંબંધ

૫-૫. અનીતિમય જીવન.

૬-૬. છેલ્લી વખતે પ્રેમી તરફથી વિશ્વાસઘાત થાય જેથી બદનામી મળે.

૭-૭. યવાકાર ભાગ્યરેખા

૮-૮. યવાકાર હૃદયરેખા

જો આ પ્રમાણેની રેખા નીકળીને નીચેના ભાગ તરફ જઈને જીવનરેખાને ન મળતાં જો વચ્ચે અટકી જતી હોય અને તેના પર જો તારક હોય તો આવી સ્ત્રી જે ને પ્રેમ કરે છે. તેને છેવટે બદનામી મૂકીને નાસી જાય છે.

મસ્તકરેખા ટૂંકી હોય અને જીવનરેખાથી અલગ હોય તેમજ તેની વચ્ચે નાની નાની ચોકડીઓ હોય તો આવી સ્ત્રીઓનું ચારિત્ર્ય ઘણું જ ખરાબ હોય છે.

હૃદયરેખા પર યવ હોય અને તેમાં ઊંડા ટપકામાંથી એક રેખા નીકળીને જો ગુરુના પર્વત પર જતી હોય તો આવની સ્ત્રી પરણેલી હોવા છતાં બીજા કોઈ

મોટા માણસ સાથે સંબંધ રાખે છે.

આ પ્રમાણેના અનીતિમય સંબંધો જોતાં પહેલા ખાસ ધ્યાન એક વાતનું ચોક્કસ રાખવાનું કે જો આવી સ્ત્રીઓની સૂર્યરેખા પર કે ભાગ્યરેકા પર યવ હોય તો ખાસ કલંક લાગે છે. બાકી ખાનગી સંબંધ બહાર આવતો નથી.

આ જ પ્રમાણે હૃદયરેખા પરના યવમાં પડેલા ટપકામાંથી નીકળીને એક રેખાને જે કોઈ પર્વત પર જતી હોય અને ત્યાં કંઈ ખરાબ ચિન્હ હોય તો તે સ્ત્રી એવી જાતના પુરુષની સાથે અયોગ્ય્ સંબંધ બાંધે છે, અને યવથી કીર્તિ ગુમાવે છે.

બાકી જો યવ ન હોય અને આ પ્રમાણેની રેખાઓ નીકળીને જતી હૃદય તેમજ મસ્તકરેખા સારી હોય તો આવા સંબધો જાહેરમાં આવતા નથી, ફક્ત આ જાતની રેખા જાણી શકાય કે આ સ્ત્રી આવી જાતના પુરુષ સાથે ખરાબ સંબંધમાં છે.

ટૂકો અંગૂઠો આવી બાબતમાં મહત્વનો ભાગ ભજવે છે. કારણકે ટૂકા અંગૂઠાવાળી સ્ત્રીઓ ભવિષ્યનો ખ્યાલ કરતી નથી. તરત જ મન ઉપરનો કાબુ ગુમાવી ખોટા સંબંધો બાંધી જીવન બગાડે છે. જે જોતાં આવા ટૂંકા અંગૂઠા તેમજ આંગળીઓવાળી સ્ત્રીઓને પહેલેથી સારું જ્ઞાન આપવું જોઈએ જેથી તેમનાં જીવન ઓછા બગડે.

ટૂંકો અંગૂઠો હોય, મસ્તકરેખા અલગ હોય અને વચ્ચે ચોકડીયો હોય તેમજ મસ્તકરેખા બુધના પર્વત તરફ વળેલી હોય તો પૈસાના લોભની ખાતર સ્ત્રીઓ પોતાનું શિયળ વેચતી હોય છે.

સ્ત્રીઓના જીવન ભ્રષ્ટ થવામાં કોઈ કારણ હોય તેમનું અતિ લાગણીપ્રધાન માનસ સહેજ ઉશ્કેરાઈને તેમને પતનનાં માર્ગે લઈ જવામાં જવાબદાર બને છે.

ચારિત્ર ધર્મની આરાધના કરવાથી આ સર્વે દોષોનો નાશ થાય છે.

## કેટલીક જાણવા જેવી રેખાઓ અસર

ખાસ કરીને આ જ માનામાં ગઠિયાગીરી તેમજ વાકચાતુરથી બીજાને ફસાવી પોતાના સ્વાર્થ સાધનારા ઘણા મળે છે. જો આપણે તેની સાથેની વાતચીત વખતે આડકતરી રીતે તેના હાથ સામે નજર રાખતા રહીને આવી રેખાનું

નિરીક્ષણ કરીએ તો આપણને તેવા માણસોથી બચવામાં આ શાસ્ત્ર ઘણું જ મદદગાર છે.

શુકનસાસ્ત્ર પરથી તથા ચહેરાપરથી તથા હાથની રેખા ઉપરથી માણસને ઓળખવો

જો કે આપણામાં કહેવત છે કે માણસના ચહેરાથી જ તેનાં અડધાં લક્ષણ તો જાણી શકાય છે. તો દરેકે પોતાનું પરિચયમાં આવતા માણસોનું, તેમની સાથેની વાતચીત પરથી સ્વભાવનું નિરીક્ષણ કરવાની ટેવ પાડવી જોઈએ. જે ઘણી વખતે બહુ જ ઉપયોગી થઈ પડે છે.

(૧) એક તો ખાસ કરીને જેના હાથમાં હૃદયરેખા તેમજ મસ્તકરેખા વચ્ચેનું અંતર બહુ જ થોડું હોય તેવાઓનો કદી વિશ્વાસ ન કરવો. તેમાંય જો બુધનો પર્વત બહુ જ ઉઠાવદાર હોય તો આવા માણસો પોતાની વાકચાતુરીમાં બીજાને ફસાવીને પોતાનો સ્વાર્થ સાધી લે છે.

(૨) અંગૂઠો ટૂંકો હોય અને તેના પ્રમાણમાં આંગળીઓ વધારે પડતી લાંબી હોય તેમજ ચંદ્રનો પર્વત બહુ જ ઉઠાવદાર હોય તો પણ વિશ્વાસ ન કરવો, કારણ કે આવા માણસો બીજાના અનિષ્ટમાં પોતાને સામાન્ય લાભ થતો હોય તો ચૂક્તા નથી.

(૩) હૃદયરેખા પર.યવ હોય અને મસ્તકરેખાપર નાનાં નાનાં ટપકાં હોય તોયે વિચાર કરવો, કારણ કે યવાકાર હૃદય રેખાવાળા કંઈક વધારે પડતા જુઠાબોલા હોય છે, અને મસ્તકરેખા પર વધારે પડતાં ટપકાં માણસોને કંઈક વધુ કઠોર બનાવે છે.

(૪) શુક્ર કંકણ બુધના પર્વત સુધીનું હોય તો આવા માણસો બહુ જ દુષ્ટ હોય છે. તેઓ કામવાસના પાછળ સગાઈ કે સંબંધના બિલકુલ ખ્યાલ કરતા નથી.

ઉપર જણાવેલી નિશાનીઓ જેટલી વધારે તેટલી મહેનત કરવા છતાં ધન પેદા કરી શક્તો નથી. જેમ કે જન્મકુંડળીમાં અમુક સારા યોગ હોવા છતાં ફક્ત જો એક જ ગ્રહ ખાડામાં કે વિપરીત રીતે પડ્યો હોય તો ઘણા સારાં યોગોને નષ્ટ કરી નાખે છે, અને

માણસની તમામ મહેનતો બરબાદ જાય છે.

(૧) ભાગ્યરેખા સાંકળી આકારની હોય અને જીવનરેખાને જોનાની નાની રેખાઓ કાપતી હોય તો આવા માણસોને જીવનમાં ઉપરાં ઉપરી નિષ્ફળતા મળે છે.

(૨) ધનરેખાનો ઉગમ મણિબંધની નીચેના ભાગમાંથી થતો હોય અને વિરામ છેક શનિની આંગળીની અંદર થતો હોય તો ગમે તેટલી મહેનત કરવા છતાં ધન મળતું નથી.

(૩) શુક્રના પર્વત બે ત્રણ ક્રોસ હોય કે તારાનું નિશાન હોય તો પણ ધન મળતું નથી.

(૪) શુક્રના પર્વત પરથી એક રેખા નીકળીને સીધી મંગળના પર્વત પર જતી હોય તો ધન મળતું નથી.

(૫) શુક્રના પર્વત પર જાળું હોય અને હૃદયરેખા પર નાના નાના કાપા હોય તો આવા માણસો વ્યભિચારમાં ધન ગુમાવીને બરબાદ થઈ જાય છે.

(૬) શુક્રના પર્વત પરથી સીધી રેખા નીકળીને બુધના પર્વત પર છેક આંગળીઓ ઘૂસી જતી હોય તો અચાનક દ્રવ્યનું મોટું નુકશાન થાય છે, ને ભિખારી જેવી હાલત થઈ જાય છે. આ પ્રમાણે પાયમાલ થયેલાના હાથમાં નિશાન જોયેલું છે.

(૭) મસ્તકરેખામાંથી એક રેખા નીકળીને જો ગુરુના પર્વત પર જઈને ક્રોસમાં મળી જતી હોય તો પણ ધન જતું રહે છે.

(૮) મસ્તકરેખા, જીવનરેખા તેમજ હૃદયરેખા ત્રણનું મિલન પણ નિર્ધનતાની નિશાની છે.

(૯) જીવનરેખા તેમજ ધન રેખાની વચ્ચે ક્રોસ નાના હોય તો કોર્ટ કેસ લડવામાં ધન ખર્ચાઈ જાય છે.

(૧૦) શનિના પર્વત પર જાળી હોય તો પણ નિર્ધનતા પ્રાપ્ત થાય છે.

ઉપર જોયેલા જેટલા ચિન્હો વધારે તેટલા પ્રમાણમાં નિર્ધનતા વધારે.




<u>સમજુતિ</u>

૧-૧ શુક્રના પર્વત પરથી નીકળીને બુધની આગંળીમાં ધૂસી જતી રેખા.

૨-૨ તે જ પ્રમાણે શુક્રમાંથી મંગળ પર જતી રેખા

૩-૩ અચાનક દ્રવ્યનું મોટું નુકશાન સૂચવતી રેખા.

૪-૪ એ જ મુજબ ગુરુ પર ક્રોસનું સમાઈ જતી રેખા ધન ગુમાવડાવે છે.

૫-૫ નીચે મણિબંધની અંદરથી નીકળેલી રેખા જે છેક શનિની આંગળીમાં જાય છે.

૬ શુક્રના પર્વતપર ક્રોસ કે તારો

૭ મસ્તકરેખા, જીવનરેખા તેમજ હૃદયરેખાનું મળી જવું.

કેટલાક માણસો શ્રીમત હોવા છતાં બહુ જ લોભી હોય છે. તેમના હાથમાં નીચે જણાવેલાં ચિન્હો હોય છે.

(૧) શનિ તેમજ સૂર્યની આંગળીનો ત્રીજો વેઢો લાંબો હોય અને આગળનો ભાગ ચોરસ હોય તો ધન લોભી થાય છે.

(૨) અંગૂઠો પાછળની તરફ ઝુકતાં કંઈક હથેળી તરફ નમતો હોય અને સૂર્યનો પર્વત વધારે પડતો ઉઠાવદાર હોય તો 'ચમડી તૂટે પણ દમડી ન તૂટે' તેવો લોભી હોય છે.

(૩) હૃદયરેખાનો અભાવ પણ લોભીની નિશાની છે.

(૪) હૃદયરેખા શનિ સુધી હોય અને મસ્તકરેખા પ્રમાણમાં વધારે લાંબી હોય તેમજ સૂર્યની આંગળીનો ભાગ ચોરસ હોય તો પણ લોભીની નિશાની છે.

## હસ્તરેખા અને દરદો

જે પ્રમાણે જન્મકુંડળીનાં ગ્રહો જોઈને માણસને કઈ જાતના રોગ કે ભયંકર દરદો થશે તે કહી શકાયછે. તેવી રીતે હસ્તરેખામાં પણ એવાં ભયંકર દરદો થશે તે કહી શકાય છે : તેવી રીતે હસ્તરેખામાં પણ એવાં ચિન્હો હોય છે. અને જો તેવાં ચિન્હોવાળા પોતાની રહેણીકરણીમાં તેમજ ખાનપાનમાં જો યોગ્ય દરકાર રાખે તો ભાવિમાં અણધાર્યા રોગના હુમલા સામે ટકી શકવાની શક્તિ ધરાવે.

પર્વતમાં પ્રથમ સ્થાન ગુરુના પર્વતનું છે, જયારે ગુરુની મુખ્ય અસર ખાસ કરી આપણા શરીરમાં લોહીના ભ્રમણ સાથે છે. લોહી માથે ચઢી જાય તો તેના પરિણામે ચકરી દરદો જાય છે. તેમજ લોહીના દબાણના રોગ પણ ગુરુના પર્વત પરથી જાણી શકાય છે.

શનિની ખાસ અસર હાડકાં પર છે ; જેથી દાંત ખરાબ થઈ જવા, સાંધા દુખવા, વાયુના રોગો, પક્ષઘાત તેમજ લોહીનું નીચેના ભાગ તરફ વધારે પડતું દબાણ વગેરે માલુમ પડે છે.

સૂર્યના પર્વત પરથી ખાસ કરીને હૃદયને લગતાં દરદો અને બીજે નંબરે સૂર્ય આંખને પણ અસરકર્તા છે.

બુધના પર્વત પરથી પેટની બિમારી, લિવરની ખરાબી, કમળો, ગેસ, વાયુ, અપચો, વગેરે જણાય છે.

મંગળના પર્વત પરથી લોહીને લગતા, રોગ, ગળા તેમજ શ્વાસનળીની ખરાબી કે આંતરડાની વ્યાધિ.

ચંદ્રના પર્વતની ખાસ અસર મૂત્રાશય, પથરી, પેઢાની બિમારી જણાય છે. બીજું સ્ત્રીઓના ખાસ અસરકાર્તા આ ગ્રહ છે. જેથી ગર્ભાશયને લગતાં દરદો જલંધર તેમજ આંખની બિમારી જાણી શકાય છે.

શુક્ર તેમજ નીચલાં મંગળ પરથી જનનેન્દ્રિયના રોગો જાણી શકાય છે. તમામ બાબતો જે પ્રમાણે જન્મકુંડળીમાના ગ્રહોની છે તેવી જ છે.

ત્યારે જન્મકુંડળીમાં તે ગ્રહ કઈ રાશિમાં છે તેમજ ક્યા સ્થાનમાં છે તેમજ પાપગ્રહોથી દબાયેલ છે. કે કેમ તે પરથી દરદો નક્કી કરવામાં આવે છે; ત્યારે હસ્તરેખામાં તે પર્વતો પર પડેલા ચિન્હોથી જાણી શકાય છે આટલો જ ફરક છે. બાકી જે જાતના રોગો જન્મકુંડળીના ગ્રહો જાણી શકાય છે તે જ જાતના રોગો પણ હસ્તરેખાના પર્વતોની અસરથી થાય છે.



<u>સમજૂતિ</u>

૧. બુધના પર્વત પરથી આડી અવળી રેખાઓ લિવરની બિમારી તેમજ અપચાની નિશાની

૨. સૂર્યના પર્વત પરથી આડી અવળી રેખાઓ હૃદય રોગની નિશાની.

૩. ઉપલા મંગળ પરથી આડી અવળી રેખાઓ તેમજ નં. ૬નો + તથા જીવનરેખા પરનો યવ આ બધા ચિન્હો પેટની બિમારીને લગતા દરદોની નિશાની માટે ના છે.

૪. હૃદયરોગની નિશાની મસ્તકરેખા તેમજ હૃદયરેખાની વચ્ચેની ઉભી રેખાઓ

૬. જીવનેરેખા પરના ટપકાં મેલેરિયા કે ટાઈફોઈડની નિશાની

૭-૮. હૃદયરેખાને કાપતી રેખા-હૃદય રોગની નિશાની.

પ્રથમ તો આપણે અવારનવાર લગભગ દરેક માણસની ખબર લેતા તાવ માટે જોઈએ કે તે શાથી થાય છે.

❋❋❋❋❋❋❋❋❋❋❋❋

# ૭૭, વાસ્તુ શાસ્ત્ર

## મંદિર

- મંદિરની જે જગ્યા પસંદ થાય તેના પૂર્વ કે ઉત્તરમાં જો દરિયો, નદી કે તળાવ હોય તો મંદિર માટે શ્રેષ્ઠ. પાણીના ભંડારને લીધે ઉત્તર પૂર્વમાં ઢાળ હોય, જે મંદિરને સમૃદ્ધ બનાવે છે.
- જો નાની પહાડી ઉપર આવું સ્થળ હોય તો આજુબાજુ વસ્તી ન રહેવાથી શુદ્ધિ રહે છે. મંદિરના મુખ્ય દ્વાર સામે કોઈ પ્લોટ ન જોઈએ.
- મંદિરની જગ્યા ચોરસ અથવા લંબચોરસ જોઈએ અને દિશાઓ (પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ) પ્લોટનો સાઈડ સાથે સમાંતર હોવી જોઈએ.




**દિશાઓ ખૂણામાં ન હોવી જોઈએ (નીચે)**




- પ્લોટના ૪ ભાગ કરવા

૧. અહીં બોરવેર કૂવો, પાણીનું ટાંકુ હોવું જોઈએ.



૨. અહીં રસોડું તથા યાત્રા કરવા આવનાર માટે ધર્મશાળા

૩. અહીં મુખ્ય મંદિર તથા ચારેય દિશામાં પ્રદક્ષિણા કરવા ખુલ્લી જગ્યા.

૪. રસોઈ, પ્રસાદ, સામગ્રીનો ભંડાર તથા બગીચો.

- પ્લોટનો ઉતાર, ઈશાન ખૂણામાં હોવો જોઈએ.
- મંદિરને ચારેય દિશામાં કંપાઉન્ડની દિવાલ જરૂરી છે. પૂર્વનો દરવાજો અથવા ઉત્તરનો દરવાજો શ્રેષ્ઠ છે.
- જો મંદિરને ચાર દિશામાં દરવાજા હોય તો શુભ છે. પૂર્વ ઉત્તર અથવા બન્ને દરવાજા ઉપર કમાન લેવી સારી છે. મુખ્ય દરવાજો ઊંચો અને સજાવટવાળો હોવો જોઈએ.
- મંદિરના આંગણાનો પત્થર, કલર, મૂર્તિની ઊંચાઈ, તેના પત્થરની ઊંચાઈ, આકાર, મુગટમાં કઈ ધાતુ વાપરવી, મંદિરની ઊંચાઈ, ધજાની ઊંચાઈ, સ્તંભોની સંખ્યા, આકાર વિગેરે મંદિરના નિષ્ણાત પાસે નક્કી કરવું.
- આ ગણત્રીથી બનેલું મંદિર સદા ભક્તોથી ભરેલું રહે છે. ચહેલ પહેલ રહે છે.
- મંદિરની બાહર અને કંપાઉન્ડ વોલની અંદર ચારે તરફ પ્રદક્ષિણા કરવા માટે ખુલ્લી જગ્યા જરૂરી છે.
- મંદિરમાં પ્રવેશ કરતી વખતે દક્ષિણ દિશામાં બુટ-ચંપલ કાઢવાની જગ્યા રાખવી. હાથ પગ ધોવા ઈશાન ખૂણામાં પાણીની વ્યવસ્થા રાખવી. નહાવાનો કુંડ પૂર્વમાં રાખવો.
- સંડાસ-બાથરૂમ મંદિરની બહાર રાખવા અંદર ન રાખવા.
- લગ્ન, કથાઓ વિગેરે શુભ પ્રસંગો માટે હોલ મંદિરની બહાર દક્ષિણ અને પશ્ચિમ દિશામાં રાખવા. મંદિરમાં નહિ.
- ગાડી, સ્કુટર, સાયકલ પૂર્વ અને ઉત્તરની ખુલ્લી જગ્યામાં રાખવા.
- ફૂલના કૂંડાઓ, બગીચા વિ. ઈશાન ખૂણામાં રાખવાં.

❀ જો મંદિરની કંપાઉન્ડ વોલની બહાર ચારેય દિશામાં રોડ હોય તો શ્રેષ્ઠ.

❀ મંદિરમાં પૈસાની તીજોરી પૂર્વે, ઉત્તર અથવા ઈશાનમાં રાખવી.

❀ મંદિર જો હનુમાનજીનું હોય તો મૂર્તિનું મોઢું દક્ષિણ તરફ રાખવું. બીજા બધાં ભગવાનનાં દક્ષિણ દિશા છોડી ગમે તે દિશામાં રાખી શકાય.

❀ શ્રી તીરૂપતિ બાલાજી મંદિરની ઋદ્ધિ-સિદ્ધિનાં કારણો.

૧. દક્ષિણ પશ્ચિમ દિશામાં ઊંચા પહાડો

૨. ઉત્તર પૂર્વમાં ખૂલ્લી જગ્યા.

૩. મંદિરની ચારેય તરફ રસ્તા.

૪. ઈશાન દિશામાં તળાવ.

૫. રસોડું આગ્નેય દિશામાં

૬. કુંડી ઈશાન દિશામાં

૭. શ્રી બાલાજી ભગવાનનું મુખ પૂર્વ તરફ છે.

## કારખાનું

❀ ફેકટરીની જગ્યા ચોરસ અથવા લંબચોરસ હોવી જોઈએ. અને ઈશાન તથા નેઋત્ય ખૂણા કાટકોણ ૯૦° માં જોઈએ.

❀ ઉત્તર પૂર્વની કંપાઉન્ડ વોલ દક્ષિણ - પશ્ચિમ કરતાં હલકી હોવી જોઈએ. ઉત્તર પૂર્વમાં કાંટાળા તાર પણ દિવાલને બદલે ચાલે.

❀ બોરવેલ, કૂવો, પાણીની ટાંકી (જમીનની નીચે) ઈશાનમાં રાખવી.

❀ આગ્નેય દિશામાં ટ્રાન્સફોર્મર અગ્નિની વસ્તુઓ, ચોકીદાર, કામદારના રૂમ પણ પૂર્વ દિવાલને અડ્યા વગર બનાવી શકાય.

❀ નૈઋત્ય ખૂણામાં વજનદાર વસ્તુઓ રાખવી - ભંગાર વિગેરે.

❀ પશ્ચિમમાં ઓફિસ, પ્રયોગ શાળા, સ્ટાફ ઓફિસ રાખવી.

❀ નોકરોના રૂમ વાયવ્ય દિશામાં રાખવા.

❀ મુખ્ય પ્લાન્ટ નૈઋત્ય દિશામાં હોવો જોઈએ.

❀ ભારે મશીનરી દક્ષિણ, દક્ષિણ- પશ્ચિમ અને હલકી મશીનરી ઉત્તરમાં રાખવી.

❀ પાણીને ઈશાનમાં અને જમીનનો ઢાળ આ દિશામાં નીચો.

- બોઈલર, ટ્રાન્સફોર્મર, ઈલેક્ટ્રીક સામાન, ભઠ્ઠી આગ્નેયમાં, કાચો માલ, સ્ટોરરૂમ, નકામો સામાન નૈઋત્યમાં રાખવો.
- તૈયાર માલ વાયવ્ય ખૂણામાં રાખવો. માલની ડીલીવરી ઉત્તરના દરવાજેથી કરવી.
- ઓ. ટી. વાયવ્ય અથવા પશ્ચિમ ભાગમાં રાખવી. (અગાશીમાં પાણીની ટાંકી)
- પાર્કીંગ ઉત્તર અથવા પૂર્વમાં રાખવું.
- મુખ્ય પ્રવેશદ્વાર ઉત્તર અથવા પૂર્વમાં રાખવો. નૈઋત્યમાં કદાપિ ન રાખવો.

## તલઘર

- તલઘર સૂર્યનો કિરણોને રોકે છે. જે સ્વાસ્થ્ય માટે સારું નથી. પણ જો સંપૂર્ણ મકાન નીચે તલઘર આઠ ફૂટ ઊંડું કરવામાં આવે તો જમીનનો નીચેનાં વાસ્તુદોષ નીકળી જાય છે. આ સારું ગણાય.
- માંદા માણસે તલઘરમાં ન રહેવું જોઈએ તે સારો થઈ શકાશે નહીં.
- તલઘર ફક્ત પશ્ચિમ અથવા દક્ષિણમાં ન હોવું જોઈએ.
- પૂર્વ અને ઉત્તરમાં તલઘર હોય તો સારું ગણાય. અહીં જો પાણીનું સાધન રાખવામાં આવે તો બહુ ફાયદાકારક ગણાય. તલઘરમાં દરવાજા અને વેન્ટીલેશન પૂર્વ અથવા ઉત્તર દિશામાં હોવાં જોઈએ. તલઘરમાં ધંધો કરવો હોયતો ત્યારે સામાન નૈઋત્યમાં રાખી ઉત્તર તરફ મોઢું રાખી ધંધો કરવામાં આવે તો બહુ ફાયદાકારક રહેશે.
- તલઘર ગોડાઉન તરીકે વપરાય તે વધુ સારું છે. જો તલઘરની નૈઋત્ય દિશામાં બોરવેલ અથવા જમીન નીચે પાણીનું ટાંકું કરવામાં આવે તો તે બહુ જોખમી ગણાશે. ઘરમાં મુખ્ય માણસનું અકસ્માત મોત થઈ શકે છે. આત્મહત્યાનો બનાવ બની શકે છે.
- તલઘરની આગ્નેયની દિશામાં હોટલ સારી ચાલે. તે વસ્તુ નિયમ મુજબ બનાવવી જોઈએ.
- મંદિરના તલઘરનો સૌથી નીચો ભાગ ચુંબકીય શક્તિથી સમૃદ્ધિ હોય છે. અને ત્યાં બીજી અનેક શક્તિઓ હોય છે. જે સાધુ સન્યાસીઓએ

ભક્તિ કરી મૂકેલી હોય છે.

- જો તલઘરમાં ધંધો કરવામાં આવે તો ત્યાં બિલ બનાવવાં સુધીની વિધિ કરવી. કેશ કાઉન્ટર ગ્રાઉન્ડ ફ્લોર ઉપર જ હોવું જોઈએ.

**<u>તલઘર ક્યાં કરી શકાય ?</u>**




૧. ઈશાન ભૂતળ સારું છે.

૨. વાયવ્ય અને આગ્નેય દિશામાં ભૂતળ ખરાબ ગણાય.

૩. દક્ષિણનું ભૂતળ સારું ન ગણાય.

૪. ઈશાન ખૂણાનું ભૂતળ બરાબર છે. પરંતુ નૈઋત્યનું ભૂતળ બહુ ખરાબ ગણાય.

**વાસ્તુ પ્રમાણે કોલોનીનો નકશો.**



## પહેલો માળ

- જો મકાનમાં એકજ માળ બાંધવાનો હોયતો તે પશ્ચિમ, દક્ષિણ અને નૈઋત્યમાં બાંધવો.
- પહેલાં માળ ઉપર યજમાનનો શયનખંડ અથવા ઓફિસ રૂમ રાખવાં
- પહેલા માળે દરવાજા પૂર્વ અથવા ઉત્તર તરફ રાખવાં. બારી વાયવ્ય દિશામાં સારી.
- પહેલાં માળની છતની ઊંચાઈ, નીચેનાં માળ કરતાં વધું નહોવી જોઈએ.
- પહેલાં માળનો ફલોરીંગનો ઢાળ પૂર્વ અને ઉત્તર તરફ જોઈએ.
- વરસાદનું પાણી પહેલા માળમાંથી પૂર્વ, ઉત્તર અથવા ઈશાન થી નીકળવું જોઈએ.
- પહેલા માળની બાલ્કની કદી નૈઋત્ય દિશામાં ન રાખવી. તેને આ ખૂણાથી દૂર રાખવી અને તે ગોળાકાર અથવા ખુંણાવાળી ન હોવી જોઈએ.

## વરંડો

- વરંડો પૂર્વ અથવા ઉત્તરમાં હોવો જોઈએ.
- વરંડાની ઊંચાઈ બાકીનાં મકાનની ઊંચાઈથી ઓછી હોવી જોઈએ.
- વરંડો પશ્ચિમ અથવા દક્ષિણમાં ન રાખવો.
- વરંડાનો કોઈ ખૂણો કપાયેલો, તેમજ ગોળાકાર ન હોવો જોઈએ.

## બેઠક રૂમ

- વાસ્તુ શાસ્ત્રનો નિયમ છે કે દક્ષિણ તરફનાં રૂમ ઉત્તર કરતાં મોટાં હોવો જોઈએ અને દક્ષિણનાં રૂમની ઊંચાઈ ઉત્તર કરતાં ૧" થી ૩" વધુ હોવી જોઈએ.
- આ રૂમ ઉત્તરમાં હોય તો વધુ સારું.
- બેઠક રૂમમાં ફલોર લેવલનો ઢાળ પૂર્વ અને ઉત્તર તરફ હોવો જોઈએ.
- આ રૂમનો દરવાજો નૈઋત્યમાં ન હોવો જોઈએ. દરવાજા પૂર્વ અને

ઉત્તરમાં હોય તો વધુ સારું.

- આ રૂમમાં ફર્નિચર, કબાટ, વિગેરે વજનદાર વસ્તુઓ પશ્ચિમ કે દક્ષિણ દિશામાં રાખવી.
- ઘરનાં મુખ્ય માણસે બેઠક એવી રીતે રાખવી કે વાત કરતી વખતે તે પૂર્વ અથવા ઉત્તર તરફ જૂએ.
- ટી. વી. ઈશાન અથવા નૈઋત્ય ખૂણામાં ન હોવા જોઈએ. તે આગ્નેય ખૂણામાં, અથવા દક્ષિણ દિશામાં હોવાં જોઈએ. જો તે વાયવ્ય ખૂણામાં હોય તો તેમાં રીપેરીંગ ઓછું આવશે.
- બેઠકમાં ટેલિફોન ઈશાન, ઉત્તર અથવા પૂર્વમાં હોવાં જોઈએ.
- ભારતીય પદ્ધતિથી બેઠક પૂર્વ કે ઉત્તરમાં હોવી જોઈએ.
- બેઠકનાં દરવાજા ઉપર અંદર કે બહાર ભગવાનના ફોટાં ન રાખવાં.
- બેઠકનું ફર્નિચર ચોરસ કે લંબચોરસ હોવું જોઈએ. તે કદી ગોળાકાર, ત્રિકોણ, અંડાકાર ખૂણાવાળું ન હોવું જોઈએ.
- જો જગ્યાના અભાવે ફર્નિચર પૂર્વ કે ઉત્તરમાં ગોઠવવુંજ પડે તો તે પાયાવાળું હોવું જોઈએ. તેને પણ ૧" થી ૩" ઊંચા પત્ર રાખવા. ફર્નિચર વજનમાં હલકું પોકલ રાખવું.
- કુલર, એ.સી., પશ્ચિમમાં અથવા ઉત્તરમાં રાખવાં.

## શયન કક્ષ

- પૂજા ઘરમાં શયનકક્ષ ન રાખવો.
- સુતી વખતે માથું દક્ષિણ, પશ્ચિમ કે પૂર્વમાં રાખી શકાય, ઉત્તરમાં માથું રાખી કદી સુવું નહીં.
- મુખ્ય યજમાનનો શયનખંડ નૈઋત્યમાં હોવો જોઈએ. જો એક કરતાં વધુ માળ હોય તો આ શયનખંડ નીચેના માળે રાખવો. સૌથી મોટો દિકરો પણ આ રૂમમાં સૂઈ શકે છે, પણ જો નાનો ભાઈ અહીં સૂવે તો મતભેદ થવાની સંભાવના રહે છે.
- વાયવ્ય દિશાના શયનખંડમાં બાળકો, નાનોભાઈ અથવા દિકરો સૂઈ

શકે છે.

- પૂર્વનો શયનખંડ લગ્ન ન થયાં હોય તે બાળકો અથવા મહેમાન વાપરી શકે છે.
- આગ્નેય અથવા ઈશાન્ય દિશાનો શયનખંડ પતિ-પત્નીમાં મતભેદ લાવી શકે છે. અણધાર્યા ખર્ચા આવી શકે છે. અગ્નિ દિશામાં શયનખંડ હોય તો સારી ઊંઘ પણ આવે.
- મુખ્ય શયન ખંડનું ભારે ફર્નિચર, કબાટો વિ. નૈઋત્યના ખૂણામાં રાખવાં.
- શયન ખંડમાં ડ્રેસીંગ ટેબલ પૂર્વ અથવા ઉત્તરમાં રાખવું.
- શયન ખંડમાં લખવાનું ટેબલ પશ્ચિમ દિશામાં રાખવું.
- શયન ખંડમાં ટી.વી. હીટર વિ. આગ્નેય દિશામાં રાખવાં.
- શયન ખંડમાં કપડાં કબાટો વાયવ્ય અથવા નૈઋત્ય ખૂણામાં રાખવાં.
- શયન કક્ષનાં દરવાજા પૂર્વ, ઉત્તર અથવા પશ્ચિમમાં રાખવાં અને એક પેટનાં હોયતો વધુ સારું. બારીઓ પૂર્વ આપવા ઉત્તરમાં હોવી જોઈએ.
- શયન ખંડનો નૈઋત્યનો ખૂણો કદી ખાલી ન રાખવો.
- જો શયનખંડ સાથે બાથરૂમ, સંડાસ હોય તો તે ઉત્તર અથવા પશ્ચિમમાં હોવાં જોઈએ.
- સુતી વખતે માથા ઉપર (બીમ્બ) ન હોવું જોઈએ.

## પૂજા રૂમ

- પૂજા રૂમ હમેંશા ઈશાનમાં હોવો જાઈએ. ફલોરીંગનું લેવલ આ દિશામાં ઊંચુ કર્યા વગર મંદિર રાખવું.
- પૂજા રૂમ દક્ષિણમાં ન રાખવો.
- શયનકક્ષામાં પૂજા ન કરવી.
- ભગવાનની મૂર્તિ પૂર્વ અથવા પશ્ચિમમાં રાખવી. તે ઉત્તર કે દક્ષિણમાં ન હોવી જોઈએ. જો તે ઉત્તરમાં હોય તો પૂજા, ધ્યાન વખતે આપણું મુખ

દક્ષિણ તરફ રહે, જે એકાગ્રતા ન આવવા દે.

- ભગવાનની મૂર્તિ પૂજા રૂમમાં કોઈ ખૂણામાં ન હોવી જોઈએ.
- પૂજા રૂમનાં ઉપર કે નીચે સંડાસ ન હોવું જોઈએ.
- પૂજા રૂમનો દરવાજો પૂર્વ અથવા ઉત્તરમાં હોવો જાઈએ.
- કબાટ અથવા શોકેશ પૂજા રૂમમાં પશ્ચિમ કે પૂર્વમાં હોઈ શકે.
- પૂજા રૂમની ઉત્તર અથવા દક્ષિણ દિવાલ ઉપર કોઈ પણ ભગવાનના ફોટાઓ ન રાખવાં.
- ભગવાનની ખંડિત મૂર્તિ કદી પૂજા રૂમમાં ન રાખવી.
- જરૂરિયાત વગરની કોઈ વસ્તુ પૂજા રૂમમાં ન રાખવી.

## રસોઈ ઘર

- રસોડું આગ્નેય ખૂણામાં હોવું જોઈએ.
- રસોડામાં પ્લેટફોર્મ આગ્નેય ખૂણા તરફ હોવું જોઈએ. પૂર્વ દિશામાં ગેસ આગ્નેય ખૂણામાં હોવો જોઈએ. અને રસોઈ કરનારનું મુખ પૂર્વ દિશા તરફ હોવું જોઈએ.
- પાણીની જગ્યા (વોશ-બેસીન) ઈશાન્ય ખૂણા તરફ હોવી જોઈએ.
- પીવાનું પાણી ઈશાન્ય તરફ હોવું જોઈએ.
- પશ્ચિમ અને દક્ષિણ દિશામાં રસોડાનો સ્ટોર રૂમ હોવો જોઈએ.
- રસોડામાં ગેસની સામે રસોડાનો દરવાજો ન જોઈએ.
- રસોડામાં બારી પૂર્વ - પશ્ચિમ દિશામાં હોવી જોઈએ.
- જો રસોડામાં ડાઈનીંગ ટેબલ રાખવું હોયતો તે પશ્ચિમ અથવા વાયવ્ય દિશામાં જોઈએ.
- ઈશાન દિશાનું રસોડું આર્થિક નુકશાની અને માનસિક, તાણ લાવે છે.
- વાયવ્ય દિશાનું રસોડું ખર્ચ વધુ કરાવે છે. હોટલ, ધાબાના રસોડાં વાયવ્ય દિશામાં હોય છે.

- જો રસોડું ઉત્તર દિશામાં હોય તો મહેમાન વધુ આવે છે.

## ડાઈનીંગ રૂમ

- પશ્ચિમ દિશામાં શ્રેષ્ઠ છે. પૂર્વ અને ઉત્તર દિશામાં માર્કસ ઓછાં થાય.
- જમતી વખતે મુખ્ય યજમાનનું અને બને તો બાકી સદસ્યોનું મુખ પૂર્વ, ઉત્તર અથવા પશ્ચિમમાં રહી શકે પણ દક્ષિણ તરફ ન રાખવું, દક્ષિણ તરફ મુખ રાખી ભોજન કરવાથી પાચન બરાબર થતું નથી.
- ડાઈનીંગ રૂમનો દરવાજો પૂર્વ, પશ્ચિમ અથવા ઉત્તરમાં હોવો જોઈએ.
- ડાઈનીંગ ટેબલનો આકાર ગોળાકાર, અંડાકાર, શષ્ટકોણ અથવા ખૂણાવાળો ન હોવો જોઈએ. તે દિવાલને અડીને ન રાખવું. અને દિવાલ સાથે વળવું ન જોઈએ.
- ડાઈનીંગ રૂમનાં ઈશાનમાં પાણી હોવું જોઈએ.
- ડાઈનીંગ રૂમ સાથે સંડાસ ન હોવું જોઈએ, કપડાં, વાસણ ધોવાનો રૂમ રાખી શકાય.
- જમતી વખતે બીહું નીચે ન બેસવું.

## અભ્યાસ રૂમ

- નૈઋત્ય અને વાયવ્ય દિશા છોડી તે પશ્ચિમમાં રાખી શકાય.
- ભણતી વખતે વિદ્યાર્થીનું મુખ પૂર્વ અથવા ઉત્તરમાં હોવું જોઈએ.
- ભણવાનાં રૂમનો દરવાજો પૂર્વ, ઉત્તર, પશ્ચિમ, ઈશાન દિશામાં હોવો જોઈએ.
- આ રૂમમાં બારીઓ, પૂર્વ, ઉત્તર, પશ્ચિમ દિશામાં હોવી જોઈએ.
- ભણવાની ચોપડીનાં કબાટ, અલમારી નૈઋત્ય અથવા વાયવ્યમાં ન જોઈએ. નૈઋત્ય દિશાની ચોપડીઓનો વપરાશ ઓછો થશે. વાયવ્ય દિશાની ચોપડીઓ ચોરાઈ જાય. આથી પૂર્વ અને ઉત્તર દિવાલ સાથે ચોપડીઓ રાખવી.

## નકામી વસ્તુનો રૂમ

- આ રૂમ નૈઋત્ય ખૂણામાં હોવો જોઈએ અથવા મુખ્ય યજમાનના શયનકક્ષાની બાજુમાં નાનો રૂમ હોવો જોઈએ.
- ઓછાં વપરાશની વસ્તુનો તૂટેલી વસ્તુઓ, લોખંડનો ભંગાર, પાનાં, કરવત વિ. વસ્તુઓ આ રૂમમાં રાખવી.
- આ રૂમમાં સાઈઝમાં નાનો હોવો જોઈએ.
- આગ્નેય, ઈશાન અને દક્ષિણ દિશા છોડી દરવાજો રાખવો અને બારી પશ્ચિમ દિશા છોડી રાખવી.
- આ રૂમ ભાડે ન આપવો અથવા નોકરને પણ ન દેવો. જો આમ બને તો આમાં રહેનાર વ્યક્તિ મકાન-માલિકને ઘણો ત્રાસ આપશે.
- આવાં રૂમને કદી તલઘર ન બનાવવું.

## સ્ટોર રૂમ

- સ્ટોર રૂમ વાયવ્ય દિશામાં રાખવો. તે કદાપિ ખાલી નહી રહે.
- આમાં મેળો બનાવવો હોય તો પશ્ચિમ અથવા દક્ષિણમાં બનાવવો.
- નૈઋત્ય દિશા છોડી દરવાજો રાખી શકાય.
- પૂર્વ અને પશ્ચિમ દિવાલમાં બારી અથવા વેન્ટીલેટર રાખી શકાય.
- આ રૂમના દરવાજાને બે પટ હોવાં જોઈએ.

## બાથ રૂમ

- બાથરૂમ પૂર્વ દીવાલ ઉપર આગ્નેય ખૂણા તરફ હોવો જોઈએ. જેથી શરીર ઉપર સૂર્યના કિરણ પડવાથી લાભ થાય છે.
- બાથરૂમ અને આગ્નેય ખૂણાના રસોડા વચ્ચે કપડાં વાસણ ધોવાની જગ્યા રાખી શકાય અને કવર કરેલ નાલીમાં પૂર્વ તરફ પાણીનું વહેણ ફાયદો કરે છે.
- બાથરૂમમાં ફુવારો અને વોશ બેસીન ઈશાન અથવા પૂર્વમાં હોવાં જોઈએ.
- બાથરૂમમાં સ્વીચ બોર્ડ, પાણીના હીટર આગ્નેય ખૂણામાં હોવાં જોઈએ.

- કપડાં બદલવાનો રૂમ પશ્ચિમ અથવા દક્ષિણ દિશામાં રાખી શકાય.
- જો બાથ - ટબ રાખવાનું હોય તો પૂર્વ - પશ્ચિમ અથવા ઉત્તર - દક્ષિણ દિશામાં હોવું જોઈએ પણ પગ, દક્ષિણમાં ન આવવાં જોઈએ.
- જમીનનું પાણી પૂર્વ, ઉત્તર અને ઈશાન ખૂણા તરફ નીકળવું જોઈએ.
- પાણી બહાર નીકળવાનું આગ્નેય અથવા નૈઋત્ય ખૂણા તરફથી ઈશાન તરફ જવું જોઈએ.
- બાથરૂમમાં અરીસા પૂર્વ અથવા ઉત્તરની દિવાલ ઉપર હોવાં જોઈએ.
- નૈઋત્યમાં બાથરૂમનો દરવાજો ન હોવો જોઈએ. વેંટીલેશન, બારીઓ પૂર્વ અથવા ઉત્તર દિશામાં હોવો જોઈએ.
- નહાવાની જગ્યા પૂર્વ અથવા ઉત્તરમાં હોવી જોઈએ.
- કપડાં ધોવાનું વાયવ્ય દિશામાં હોવું જોઈએ.

## તીજોરી ઘર

- ઉત્તર દિશા કુબેરની હોઈ તીજોરી ઘર ઉત્તરમાં હોવું જોઈએ.
- નૈઋત્ય ખૂણામાં તીજોરી દક્ષિણની દિવાલ થી ૧" દૂરરાખી ઉત્તર તરફ ખુલે એમ રાખવી જોઈએ.
- તીજોરી ઘરને એકજ દરવાજા બે પટવાળો હોવો જોઈએ.
- સ્ટ્રોંગરૂમનો દરવાજો આગ્નેય, વાયવ્ય, નૈઋત્ય ખૂણામાં ન રાખતાં ઈશાનમાં રાખવો.
- તીજોરી ઘરનો દરવાજો પૂર્વ અથવા ઉત્તર દિવાલ ઉપર હોય તો વધુ સારું કેશની અલમારી ઉત્તર દરવાજા સામે ન રાખવી પણ તે દરવાજા સામે ન આવે તેમ ગોઠવવી.
- ઉત્તર અને પૂર્વ દિવાલ ઉપર ઊંચાઈ ઉપર બારી રાખવી.
- જો ઈશાન દિશામાં કેશ, અલમારી રાખવામાં આવે તો નુકશાની થશે.
- કેશ અલમારીને ચાર પાયા હોવાં જરૂરી છે. તેનો પાયો ઠોસ ન રાખવો.

**લેખક : નવનીત બી. લોટીયા (બી. એસ. સી. બી. ઈ. અમેરીકા)**



# શ્રદ્ધાંજલી

**સ્વ. ભુપેશકુમાર (પીન્કુ) જીતેશભાઈ મોદી**

જન્મ : તા. ૧૫-૭-૧૯૭૩ • સ્વર્ગવાસ : તા. ૩-૬-૧૯૯૭

નથી હયાત પણ તમો સાથે છો. એવુ હંમેશા લાગ્યા કરે છે.
યાદોમા તમારા સતત દર્શન અમોને થયા કરે છે.

# ૭૮, વૈદક શાસ્ત્ર

## શ્રી નવકાર સારવાર કેન્દ્ર

### લીમડાના ગુણ

निंबो वातहरः कलौ सुरतरुः शाखाप्रशा कुलः,प

पितधः कृमिनाशनः कफहरो दुर्गन्ध निर्नाशनः ।

कृष्ठ व्याधि विषापही व्रणहशो द्राक्णचनः शोधनो,

बलानां हितकारको विजयते निंबाय तस्मै नमः ॥१॥

**ભાવાર્થ :** "શાખા-પ્રશાખાએ કરીને યુક્ત એવો આ લીંબડો કલિયુગને વિષે કલ્પવૃક્ષ સમાન વિજય પામે છે, તે વાતનું હરણ કરે છે, પિત્તને હણે છે, કૃમિનો નાશ કરે છે, કફનું હરણ કરે છે, દુર્ગંધનો નાશ કરે છે, કૃષ્ઠ (કોઢ)ના વ્યાધિનો અને વિષયનો નાશ કરે છે, વ્રણ-ચાંદા વિગેરનું હરણ કરે (રુઝાવે) છે, શીઘ્ર પાચન કરનાર છે, કોઠાને શુદ્ધ કરે છે, વળી બાળકોને વિશેષ હિત કરનાર છે માટે તે નિંબ વૃક્ષને નમસ્કાર છે.

वर्षासु लवण ममृतं, शरदि जल गोपायश्च हेमन्ते
शिशरे चामलक रसो, धृत वसन्ते गुडश्चाडन्ते ॥१॥

- વર્ષાઋતુમાં (એટલે શ્રાવણ ભાદરવા માસમાં) લવણ અમૃત સમાન છે.
- શરદ ઋતુમાં (એટલે આસો-કાર્તિકમાસમાં) જળ અમૃત સમાન છે.
- હેમંત ઋતુમાં (એટલે માગસર, પોષમાં) ગાયનું દુધ અમૃત સમાન છે.
- શિશિર ઋતુમાં (મહા-ફાગણમાં) ખાટો રસ અમૃત સમાન છે.
- વસંત ઋતુમાં (ચૈત્ર-વૈશાખમાં) ઘી અમૃત સમાન છે.

❋ ગીષ્મઋતુમાં (એટલે જેઠ, અષાઢ માસમાં) ગોપી ગાયનું પંચામૃત અમૃત સમાન છે.

## કબજિયાત

❋ અજમો અને સોનામુખીનું ચુર્ણ હુંફાળા ગરમ પાણી સાથે લેવાથી કબજિયાત મટે છે.

❋ પાકાં ટામેટાંનો એક કપ રસ પીવાથી આંતરડાનો મળ છુટો પડી કબજિયાત મટે છે.

❋ નરણે કોઠે સવારમાં થોડું ગરમ પાણી પીવાથી કબજિયાત મટે છે.

❋ રાત્રે સહેજ ગરમ કરેલા પાણીમાં થોડું મીઠું નાખી પીવાથી કબજિયાત મટે છે

❋ લીબુંનો રસ ઠંડા અથવા ગરમ પાણીમાં સવારે અને રાત્રે પીવાથી કબજિયાત મટે છે.

❋ ખજૂરને રાત્રે પલાળી રાખી, સવારે મસળી, ગાળીને આ પાણી પીવાથી કબજિયાત મટે છે.

❋ કાળી દ્રાક્ષને ઠંડા પાણીમાં પલાળી રાખી, સવારે દ્રાક્ષને મસળી, ગાળી, તે પાણી પીવાથી કબજિયાત મટે છે.

❋ એકાદ બે સંતરા ખાવાથી કબજિયાત મટે છે.

❋ ત્રણ ગ્રામ મેથીનું ચુર્ણ સવાર-સાંજ ગોળ અને પાણી સાથે લેવાથી કબજિયાત મટે છે.

❋ ચાર ગ્રામ હરડેને એક ગ્રામ તજ સો ગ્રામ પાણીમાં ગરમ કરી તે ઉકાળો સવારના પહોરમાં પીવાથી કબજિયાત મટે છે.

❋ અજમાના ચુર્ણમાં સંચર નાખી ફાકવાથી કબજિયાત મટે છે.

❋ તુલસીના ઉકાળામાં સિંધવ અને સુંઠ મેળવી પીવાથી કબજિયાત મટે છે.

❋ જાયફળ લીંબુના રસમાં ઘસીને તે ઘસારો લેવાથી કબજિયાત મટે છે.

❋ જમ્યા પછી એકાદ કલાકે ત્રણથી પાંચ હિમેજ ખૂબ ચાવીને ખાવાથી કબજિયાત મટે છે.

## કમરનો દુખાવો-સંધિવા

- અજમો અને ગોળ સરખે ભાગે મેળવી સવાર-સાંજ ખાવાથી કમરનો દુખાવો મટે છે.
- સુંઠ અને ગોખરૂ સરખે ભાગે લઈ તેનો ઉકાળો કરી રોજ સવારે પીવાથી કમરનો દુખાવો મટે છે.
- સુંઠ અને હિંગ નાખીને તેલ ગરમ કરી તેની માલિસ કરવાથી કમરનો દુખાવો તથા શરીર જકડાઈ ગયેલું હોય તો તે મટે છે. સાંધાનો દુખાવો પણ મટે છે.
- જાયફળને સરસિયાના તેલમાં ઘસી, માલિસ કરવાથી જકડાયેલા સાંધા છુટા પડે છે અને સંધિવા મટે છે.
- લવિંગનું તેલ ઘસવાથી સંધિવાનો દુખાવો મટે છે.
- સુંઠ, સાજીખાર અને હિંગનું ચુર્ણ ગરમ પાણીમાં લેવાથી સર્વ પ્રકારના શૂળ મટે છે.
- જીરૂં, હિંગ અને સિંધવની ફાકી ઘી સાથે લેવાથી શૂળ મટે છે.
- એક ચમચી શેકેલી હિંગ થોડા ગરમ પાણીમાં પીવાથી પડખાનો દુખાવો મટે છે.
- સુઠનો ઉકાળો કરી, તેમાં એક ચમચી દિવેલ નાખીને પીવાથી સંધિવાનો

દુખાવો મટે છે.

- દોઢ બે તોલા મેથી ફાકવાથી વા મટે છે.
- કોઈ પણ પ્રકારનાં શુળ-પડખાં, છાતી, હૃદય કે માથામાં દુખાવો હોય ત્યારે તુલસીનો રસ ગરમ કરી તેના પર માલિસ કરવાથી તરત આરામ થાય છે. આવા પ્રસંગે બે ચમચી તુલસીનો રસ પી જવો.
- મેથીને થોડા ઘીમાં શેકી તેનો લોટ કરવો, તેમાં ગોળ, ઘી ઉમેરીને લાડુ બનાવી લેવા. આ લાડુ ૮-૧૦ દિવસ સુધી ખાવાથી કમરનો દુખાવો અને સંધિવા મટે છે. જકડાઈ ગયેલાં અંગો છૂટાં પડે છે અને હાથે પગે થતી કળતર પણ મટે છે.

## કમળો

- સુંઠ અને ગોળ ખાવાથી કમળો મટે છે.
- હળદરનું ચૂર્ણ એક તોલો, ચાર તોલા જેટલા દહીમાં લેવાથી કમળો મટે છે.
- હળદરનું ચૂર્ણ તાજી છાશમાં નાખીને સવાર-સાંજ પીવાથી કમળો અઠવાડિયામાં મટે છે.
- શેરડીને ઝાકળમાં રાખી સવારે તેને ચુસીને ખાવાથી કમળો મટે છે.
- લીંબુની ચીરી ઉપર સોડા-બાય-કાર્બ (ખાવાના સોડા) નાખીને સવારના પહોરમાં ચુસવાથી કમળો મટે છે.
- ૧૦૦ થી ૨૦૦ ગ્રામ દહીમાં ૨ થી ૪ ગ્રામ પાપડખાર મેળવીને વહેલી સવારે નરણે કોઠે લેવાથી ૩ દિવસમાં કમળો મટે છે.
- કરીયાતું બે ચમચી અને સાકર દોઢ ચમચી ફાકવાથી કમળો મટે છે.
- હિંગને પાણીમાં ઘસીને આંખમાં લગાડવાથી કમળો મટે છે.

- અરીઠાનું પાણી નાકમાં નાખવાથી કમળો મટે છે.

## કાકડા

- સાધારણ ગરમ પાણીમાં મીઠું ઓગાળીને દિવસમાં બે-ત્રણ વાર કોગળા કરવાથી કાકડાની પીડા મટે છે.
- હળદર અને ખાંડ એક એક ચમચી લઈ ફાકી મારવી. તેના ઉપર ગરમ દુધ ધીમે ધીમે પીવાથી વધેલા કાકડા બેસી જાય છે.
- કેળાની છાલ ગળા ઉપર (બહાર) બાંધવાથી કાકડા હોય તો મટે છે.

## કાનની પીડા

- તલના તેલમાં હિંગ નાખી ઉકાળી તે તેલનાં ટીપાં કાનમાં નાંખવાથી દુખાવો મટે છે.
- તુલસીના રસનાં ટીપાં કાનમાં નાંખવાથી કાનનો દુખાવો અને સણક મટે છે અને પરુ નીકળતું હોય તો તે બંધ થાય છે.
- નાગરવેલના પાનનો રસ ગરમ કરી તેનાં ટીપા નાખવાથી કાનના સણકા અને દુખાવો મટે છે.
- આંબાનાં પાનનો રસ ગરમ કરી તેનાં ટીપાં નાખવાથી કાનના સણકા અને દુખાવો મટે છે.
- ફુલાવેલી ફટકડી અને હળદર ભેગી કરી કાનમાં નાખવાથી કાન પાકયો હોય અને રસી નીકળતી હોય તો તે મટે છે.
- વરીયાળી અધકચરી વાટીને પાણીમાં ખૂબ ઉકાળો. તે પાણીની વરાળ દુઃખતા કાન પર લેવાથી બહેરાશ, કાનનું શુળ અને કાનમાં થતા અવાજ મટે છે.
- તેલમાં થોડી રાઈ વાટીને કાનના સોજા પર લેપ કરવાથી સોજો મટે છે.

✿ કાનમાં બગાઈ ,કાનખજુરો જેવા જીવજંતુ ગયાં હોય તો મધ અને તેલ ભેગાં કરી કાનમાં ટીપાં નાખવાથી ફાયદો થાય છે, કાનનું શુળ અને રસી પણ મટે છે.

## કોલેરા

✿ લવિંગના તેલનાં બે ત્રણ ટીપાં ખાંડ કે પતાસામાં લેવાથી કોલેરા મટે છે.

✿ ફુદીનાનો રસ પીવાથી કોલેરા મટે છે.

✿ જાયફળનું એક તોલો ચુર્ણ ગોળમાં મેળવી નાની નાની ગોળીઓ કરી, તેમાંથી એક એક ગોળી અર્ધા કલાકે લેવાથી અને ઉપર થોડું ગરમ પાણી પીવાથી કોલેરા મટે છે.

✿ હિંગ, કપૂર અને આંબાની ગોટલી સરખે ભાગે લઈ ફુદીનાના રસમાં ઘુંટી ચણા જેવડી ગોળીઓ બનાવી લેવાથી કોલેરા મટે છે.

✿ પાણીમાં લવીંગ નાખી ઉકાળીને પીવાથી કોલેરામાં થતી તરસ મટે છે.

✿ જાયફળનો ઉકાળો પીવાથી કોલેરામાં થતી તરસ મટે છે.

## કરમ

✿ થોડા ગરમ પાણીમાં સોપારીનો ભુકો દિવસમાં ત્રણ ચાર વાર લેવાથી કરમ મટે છે.

✿ તુલસીના પાનનો રસ પીવાથી કરમ મટી જાય છે.

✿ ફુદીનાનો રસ પીવાથી કરમ મટે છે.

✿ સુંઠને વાવડિંગ ચુર્ણ મધમાં લેવાથી કરમ મટે છે.

❋ સવારના પહોરમાં પાણીમાં અર્ધો તોલો મીઠું ઓગાળી પીવાથી કરમ મટે છે

❋ ટામેટાના રસમાં હિંગનો વઘાર કરીને પીવાથી કરમ મટે છે.

❋ કારેલીના પાનનો રસ સહેજ ગરમ કરી, પાણી સાથે પીવાથી કરમ મટે છે.

❋ અનાનસ અથવા સંતરાં ખાવાથી કરમ મટે છે.

## કફ

❋ એલચી, સિંધવ, ઘી ભેગાં કરીને ચાટવાથી કફ મટે છે.

❋ દરરોજ થોડી ખજુર ખાઈ ઉપર પાંચ ઘુંટડા ગરમ પાણી પીવાથી કફ પાતળો થઈને બહાર નીકળે છે અને ફેફસાં સાફ બને છે.

❋ દૂધમાં હળદર, મીઠું અને ગોળ નાખી ગરમ કરી પીવાથી કફ મટે છે.

❋ સૂર્યાસ્ત પહેલા ત્રણ ચાર તોલા શેકેલા ચણા ખાઈ ઉપર પાશેર દૂધ પીવાથી શ્વાસ નળીમાં એકઠો થયેલો કફ નીકળી જાય છે.

## ગુમડાં

❋ ગુમડાં ઉપર માખણ લગાડી રૂનો પાટો બાંધી રાખવાથી ગુમડું ફુટી જાય છે.

❋ ઘઉંના લોટમાં હળદર અને મીઠું નાખી પોટીસ બનાવી ગુમડાં પર બાંધવાથી ગુમડું પાકીને ફૂટી જશે.

❋ સરગવાની છાલ ઘસીને ચોપડવાથી ગુમડું બેસી જશે.

❋ બોરડીનાં પાન વાટી ગરમ કરી પોટીસ બનાવી ગુમડા પર બાંધવાથી ગુમડું પાકીને ફુટી જશે.

❊ હળદરની રાખ અને ચુનો ભેગો કરી લેપ કરવાથી ગુમડું ફૂટી જશે.

## ખીલ

- જાબુંના ઠળિયાને પાણીમાં ઘસીને ખીલ પર લગાડવાથી ખીલ મટે છે.
- દુધની મલાઈ સાથે મીંઢળ ઘસીને ખીલ પર લગાડવાથી ખીલ મટે છે.
- જાયફળને દુધની મલાઈમાં ઘસીને ખીલ પર લગાડવાથી ખીલ મટે છે.
- નારંગીની છાલ ઘસવાથી ખીલ મટે છે.
- લીલા નાળિયેરનું પાણી રોજ પીવાથી અને થોડાક પાણીમાં મોં ધોવાથી ખીલ મટે છે.
- છાશ વડે મોં ધોવાથી ખીલના ડાઘા, મોં પરની કાળાશ દુર થાય છે.
- રાતે સુતી વખતે ગરમ પાણીમાં મોઢું ધોવું, પછી ચારોળીને દુધમાં ઘસી લેપ બનાવી મોઢા પર લગાવી સુઈ જવું. સવારના સાબુથી મોં ધોવું, આ પ્રયોગથી ખીલ મટે છે.
- નાળિયેરનું દુધ કાળી જીરી સાથે મેળવી લસોટી ખીલ પર લગાડવાથી ખીલ મટે છે.
- કાચા પપૈયાને કાપવાથી જે દુધ જેવું પ્રવાહી નીકળે તે ખીલ ઉપર દરરોજ થોડા દિવસ લગાડવાથી ખીલ કાયમ માટે જડમુળથી મટી જશે.
- ખુબ પાકી ગયેલા પપૈયાને છોલીને છુંદીને તેની માલિસ મોઢા પર કરવી પંદરવીસ મિનિટ પછી તે સુકાઈ જાય ત્યારે પાણીથી ધોઈ નાખવું ને જાડા ટુવાલ વડે મોઢાને સારી રીતે લુછીને જલ્દી કોપરેલ લગાડવું.

એક અઠવાડિયા સુધી આ રીતે કરવાથી મોઢા પરના ખીલના ડાઘ મટે છે. મોઢાની કરચલીઓ અને કાળાશ મટે છે.

- તુલસીનાં પાનના રસમાં લીંબુનો રસ મોઢા ઉપર લગાડવાથી અને સુકાઈ જાય પછી પાણીથી ધોઈ નાખવાથી મોઢા પરના કાળા ડાઘ મટે છે

- પાકા ટામેટાને કાપીને તેની ચીર ખીલ ઉપર ધીરે ધીરે લગાડીને થોડી વાર સુકાવા દો. ત્યાર બાદ સહેજ ગરમ પાણીથી સાફ કરવાથી ખીલ મટે છે.

- ગરમ પાણીની તપેલીમાં રૂમાલનો ટુકડો ભીંજાવીને નિચોવી તેને મોઢા પર સાધારણ ગરમ હોય ત્યારે મૂકવાથી ખીલ મટે છે.

- લોબાન, સુખડ અને આમળાનો પાઉડર મોઢા ઉપર ચોપડીને થોડો સુકાયા બાદ લીંમડાના પાન નાખી પાણીથી ધોવાથી ખીલ મટે છે.

- કાચી સોપારી અથવા જામફળને પાણીમાં ઘસીને લગાડવાથી ખીલ મટે છે.

## ખરજવું, ખસ, ખુજલી, દરાજ

- ખારેક અથવા ખજુરના ઠળિયાને બાળી તેની રાખ કપુર અને હિંગ સાથે મેળવી ખરજવા પર લગાડવાથી ખરજવું મટે છે.

- કળી ચુનો અને પાપડખાર મેળવી પાણીમાં ભીજવી ખરજવા ઉપર લગાડવાથી ખરજવું મટે છે.

- તાંદળિયાની ભાજીના રસમાં સાકર મેળવીને પીવાથી ખસ મટે છે.

- ખરજવા ઉપર લીમડાનાં બાફેલાં પાન બાંધવાથી અને લીમડાનો અર્ધો કપ રસ સવાર સાંજ પીવાથી ખરજવું મટે છે.

- પપૈયાનું દુધ અને ટંકણખારને ઊકળતા પાણીમાં મેળવીને લેપ કરવાથી

ખરજવું ખસ મટે છે.

- જવના લોટમાં તલનું તેલ અને છાશ મેળવીને લગાડવાથી ખુજલી મટે છે.
- કોપરૂં ખાવાથી અને કોપરૂં બારીક વાટી શરીરે ચોપડવાથી ખંજવાળ મટે છે.
- ટામેટાના રસમાં તેનાથી બમણું કોપરેલ મેળવી શરીર પર માલિસ કરી, અર્ધા કલાક પછી સ્નાન કરવાથી ખુજલી મટે છે.
- આમળાં બાળી, તલના તેલમાં મેળવી ચોપડવાથી ખસ મટે છે.
- ચણાનો લોટ પાણીમાં મેળવી શરીરે માલિસ કરવાથી અને સ્નાન કરવાથી ખુજલી મટે છે.
- રાઈને દહીંમાં ઘુંટીને તેમાં સહેજ પાણી નાંખી દરાજ પર ચોપડવાથી દરાજ મટે છે.
- એળિયો દહીંમાં વાટીને ચોપડવાથી દરાજ મટે છે.
- તુવેરના પાન બાળી દહીંમાં મેળવી ચોપડવાથી ખસ મટે છે.
- આખા શરીરે ખુજલી આવતી હોય તો સરસિયાના તેલનું માલિસ કરવાથી ખુજલી મટે છે.
- કોપરેલ અને લીંબુનો રસ મેળવી શરીર પર માલિસ કરવાથી ખુજલી, દરાજ મટે છે.
- ખંજવાળ આવતી હોય તો તુલસીના પાનનો રસ ઘસવાથી મટે છે.

## ગળું

- ગળું આવી ગયું હોય તો સરકાના કોગળા કરવાથી મટે છે.
- પાન ખાવાથી મોઢું આવી ગયું હોય તો મોઢામાં લવિંગ રાખવાથી મટે છે.

- ટંકણખારને પાણીમાં ઓગાળી કોગળા કરવાથી મોંની ચાંદી તથા જીભની ચાંદી મટે છે.
- બાવળની છાલ ઉકાળીને કોગળા કરવાથી મોંની ચાંદી મટે છે.
- ગળું બેસી ગયું હોય તો મીઠાના ગરમ પાણીથી કોગળા કરવાથી મટે છે.
- ગરમ પાણીમાં હિંગ નાખી પીવાથી અવાજ બેસી ગયો હોય તો ખુલશે.
- ગરમ કરેલા દુધમાં થોડી હળદર નાખી પીવાથી ગળું બેસી ગયું હોય તો તે મટે છે.
- પાકું દાડમ ખાવાથી અવાજ બેસી ગયો હોય તો ખુલશે.
- શેકેલા ચણા ખાઈ ઉપર ગરમ પાણી પીવાથી અવાજ બેસી ગયો તો ખૂલશે.
- બોરડીની છાલનો કકડો ચુસવાથી અવાજ બેસી ગયો હોય તો ખૂલશે.
- દ્રાક્ષને સારી પેઠે લસોટી ઘી, મેળવી ચાટણ બનાવી જીભ ઉપર ચોપડવાથી જીભ ઉપર કાતરા પડી ગયા હોય તો મટશે.
- લવિંગને જરા શેકી મોંમાં રાખી ચુસવાથી ગળાનો સોજો મટે છે.
- ભોજન કર્યા પછી મરીનું ચુર્ણ ઘી સાથે ચાટવાથી અવાજ બેસી ગયો હોય તો ખુલશે.
- કંઠમાળ પર જવના લોટમાં કોથમીરનો રસ મેળવી રોજ લગાડવાથી કંઠમાળ મટે છે.
- તાજી મોળી છાશ પીવાથી મોંનાં ચાંદા મટે છે.
- તુલસીનાં પાન ચાવવાથી તથા તુલસીનાં પાનના ઉકાળાના કોગળા કરવાથી મોંની દુર્ગંધ મટે છે.

# ઘા-જખમ

- લાગેલા ઘા, વાઢ કે કાપ ઉપર તાજો પેશાબ લગાડવાથી જલદી રૂઝ આવે અને પાકતો નથી.
- ઘામાંથી લોહી નીકળતું હોય તો સરકો લગાડવાથી લોહી નીકળતું બંધ થાય છે.
- ઘા કે જખમમાંથી લોહી નીકળતું હોય તો તેના પર મીઠાના પાણીમાં ભીંજવેલો પાટો બાંધવાથી જખમ પાકતો નથી અને રૂઝ આવે છે.
- તલના તેલનું પોતું મુકી પાટો બાંધવાથી જખમ જલદી રુઝાય છે.
- વાગેલા ઘા પર હળદર દબાવી દેવાથી ઘામાંથી નીકળતું લોહી બંધ થાય છે ને ઘા પાકતો નથી.
- હળદરને તેલમાં કકળાવી તે તેલ ઘા-જખમ પર ચોપડવાથી ન રૂઝાતા ઘા જલદી રૂઝાઈ જાય છે.
- તલ પીસી તેમાં ઘી મેળવી ઘા પર ચોપડી પાટો બાંધવાથી ઘા જલદી રૂઝાઈ જાય છે.
- ફુલાવેલી ફટકડીનો પાઉડર ઘા પર નાખી પાટો બાંધવાથી ઘામાંથી નીકળતું લોહી બંધ થાય છે અને ઘા પાકતો નથી.
- તુલસીના પાન પીસીને ઘા પર બાંધવાથી ઘા રુઝાઈ જાય છે.
- લોહી નીકળતા ઘા પર પાનમાં ખાવાનો ચુનો જાડો ચોપડી તેના પર તેલનું પોતુ મુકી પાટો બાંધવાથી ઘા રૂઝાઈ જાય છે.
- હિંગ અને લીમડાનાં પાન વાટી તેનો લેપ કરવાથી ઘા રૂઝાઈ જાય છે.
- રાઈના લોટને ઘી-મધમાં મેળવી તેનો લેપ કરવાથી ઘા રૂઝાઈ જાય છે.

- દાઝેલા ઘા ઉપર કકડાવેલું તેલ ચોપડવાથી ખુબ ફાયદો થાય છે.
- દાઝેલા ઘા પર તાંદળજાનો રસ ચોપડવાથી આરામ થાય છે.
- દાઝેલા ઘા પર મેદીનાં પાનને વાટી પાણી સાથે પીસીને લગાડવાથી આરામ થાય છે.
- દાઝેલા ઘા પર ખુબ પાકા કેળાને બરાબર મસળી, ચોપડી, પાટો બાંધવાથી તરત જ શાંતિ થાય છે અને આરામ થાય છે.
- દાઝેલા ઘા પર તુલસીનો રસ અને કોપરેલ ઉકાળીને ચોપડવાથી દાઝેલાની બળતરા મટે છે, ફોલ્લાં અને જખમ ઝડપથી રૂઝાઈ જાય છે.
- ગરમ પાણી કે વરાળથી દાઝી જવાય તો તે ભાગ પર ચોખાનો લોટ છાંટવાથી ખુબ આરામ થાય છે.
- જખમ ઘા, ગુમડાં, ચાંદા, શીતળા જેમાં બહુ બળતરા થતી હોય તેમાં ચોખાનો બારીક લોટ પાઉડરની જેમ ચાંદા પર લગાડવાથી દાહ, બળતરા મટે છે.

## જીવજંતુના ડંખ

- મધમાખીના ડંખ ઉપર મીઠું ચોપડવાથી પીડા મટે છે.
- મધમાખીના ડંખ ઉપર તપકીર અથવા ઝીણી કરેલી તમાકુ ચોપડવાથી પીડા મટે છે.
- મધમાખીના ડંખ ઉપર સુવા અને સિંધવ-મીઠું પાણી સાથે વાટી ચોપડવાથી પીડા મટે છે.
- કાનખજૂરાના ડંખ ઉપર ગોળ બાળીને ચોપડવાથી પીડા મટે છે.
- કાનખજૂરો કાનમાં ગયો હોય તો સાકરનું પાણી કરી કાનમાં નાખવાથી

કાનખજૂરો નીકળી જશે અને આરામ થશે.

- કોઈ પણ ઝેરી જીવજંતુ કરડ્યું હોય તો તરત જ તુલસીના પાનને પીસીને ડંખ ઉપર મસળવાથી ઝેરની અસર નાબુદ થાય છે.
- કોઈપણ ઝેરી જીવજંતુના ડંખ ઉપર લીમડાના પાન વાટીને ચોપડાવાથી ડંખની પીડા અને સોજો ઊતરે છે અને ઝેરની અસર નાબુદ થાય છે.
- કોઈ પણ જીવજંતુના ડંખ ઉપર હળદર ઘસીને સહેજ ગરમ કરી ચોપડવાથી પીડા મટે છે.
- વીંછી કરડયો હોય તો સુંઠને પાણીમાં ઘસી સુંઘવાથી વીંછીનું ઝેર ઊતરે છે.
- વીંછી કરડયો હોય તો ફુદીનાનો રસ પીવાથી કે ફુદીનાનાં પાન ખાવાથી ઝેર ઊતરે છે.
- વીંછીના ડંખવાળો ભાગ મીઠાના પાણીથી વારંવાર ધોવાથી તથા સહેજ મીઠું નાખેલા પાણીનાં ટીપા બંને આંખોમાં નાખવાથી વીંછીનું ઝેર ઊતરે છે.
- તાંદળજાનો રસ સાકર સાથે પીવાથી વીંછીનું ઝેર ઊતરે છે.
- આમલીનો કચુકો સફેદ થાય ત્યાં સુધી પાણીમાં ઘસી એ સફેદ થયેલો કચુકો વીંછીના ડંખ પર ચોટાડવાથી ઝેર શોષી લે છે અને પોતાની મેળે ખરી પડે છે અને વીંછીનું ઝેર ઊતરે છે.
- મચ્છરો કે કીડી-મંકોડાના ડંખ ઉપર લીંબુનો રસ ચોપડવાથી પીડા મટે છે.
- ગરોળી કરડે તો સરસિયું તેલ અને રાખ મેળવીને ચોપડવાથી ઝેર ઊતરે છે.
- મચ્છરના ડંખ ઉપર ચુનો લગાડવાથી પીડા મટે છે.

❋ સાપ કરડે ત્યારે દસથી વીસ તોલા ચોખ્ખું ઘી પીવું પછી, પંદર મિનિટ પછી નવશેકું પાણી પી શકાય એટલું પીવાથી ઊલટી થઈને ઝેર બહાર નીકળી જશે.

## શીળસ

❋ કળથીની રાબ બનાવીને તેમાં ગોળ નાખી પીવાથી અને જુલાબ લેવાથી શીળસ મટે છે.

❋ રોજ સવારે નરણે કોઠે અજમો અને ગોળ ખાવાથી અને જુલાબ લેવાથી શીળસ મટે છે.

❋ ૮ થી ૧૦ કોકમ ૧૦૦ ગ્રામ પાણીમાં ૨-૩ કલાક પલાળી, તેમાં સાકર તથા થોડું જીરૂં નાખી દિવસમાં ૨-૩ વાર પીવાથી કોઈ દવાથી ન મટતું શીળસ મટે છે.

❋ ૧ ગ્રામ મરીનું ચુર્ણ ઘીમાં મેળવીને બે વાર ખાવાથી તથા શીળસ પર લેપ કરવાથી શીળસ મટે છે.

❋ ૧ ડોલ નવશેકા પાણીમાં ૧ થી ૨ ચમચી ખાવાનો સોડા (સોડા બાય-કાર્બ) નાખી તે પાણીથી સ્નાન કરવાથી શીળસ મટે છે.

## કૂતરું કરડે

❋ કૂતરૂં કરડયું હોય તો તેના પર હિંગને પાણીમાં ઘુંટીને ચોપડવાથી ફાયદો થાય છે.

## તાવ

❋ કોઈ પણ જાતનો તાવ આવ્યો હોય તો બે આનીભાર મીઠું ગરમ પાણીમાં દિવસમાં ત્રણ વાર લેવાથી તાવ ઊતરી જાય છે અને તાવ ઊતર્યા પછી સવાર-સાંજ દોઢ આનીભાર મીઠું બે દિવસ લેવાથી તાવ પાછો આવતો નથી.

❋ કોઈ પણ જાતનો તાવ આવ્યો હોય તો ફુદીનાનો ઉકાળો પીવાથી તાવ ઊતરી જાય છે.

❋ સખત તાવમાં માથા પર ઠંડા પાણીનાં પોતા મૂકવાથી તાવ ઊતરે છે અને તાવની ગરમી મગજમાં ચડતી નથી.

❋ કોફી બનાવતી વખતે તેમાં તુલસી અને ફુદીનાનાં પાન નાખી ઉકાળી, નીચે ઉતારી, ૧૦ મિનિટ ઢાંકી રાખી પછી પીવાથી કોઈ પણ જાતનો તાવ મટે છે.

❋ તુલસી અને સૂરજમુખીનાં પાન વાટીને તેનો રસ પીવાથી બધી જાતના તાવ મટે છે.

❋ પાંચ ગ્રામ તજ, ચાર ગ્રામ સુંઠ, એક ગ્રામ લવિંગનું ચૂર્ણ બનાવી તેમાંથી બે ગ્રામ જેટલું ચૂર્ણ, એક કપ ઊકળતા પાણીમાં નાખી ૧૫-૨૦ મિનિટ પછી તેમાં પીવાથી ફલુના તાવ-બેચેની મટે છે.

❋ ૧૦ ગ્રામ ધાણા અને ત્રણ ગ્રામ સૂંઠ લઈ તેનો ઉકાળો બનાવી પીવાથી ફલુનો તાવ મટે છે.

## તાવ

❋ એક ચમચી ગંઠોડાનું ચુર્ણ ગરમ પીવાથી ટાઢીયો તાવ મટે છે.

❋ ગરમ કરેલા દૂધમાં હળદર અને મરી મેળવીને પીવાથી ટાઢિયો તાવ મટે છે.

❋ મરીનું ચૂર્ણ તુલસીના રસ પીવાથી ટાઢિયો તાવ મટે છે.

❋ જીરું વાટીને ચારગણા પાણીમાં પલાળીને સવારે નરણે કોઢે પીવાથી ટાઢિયો તાવ મટે છે.

❋ તુલસી, કાળા મરી અને ગોળનો ઉકાળો કરી તેમાં લીંબુનો રસ નાખીને ગરમાગરમ પીવાથી મલેરિયાનો તાવ મટે છે.

❋ ઠંડી લાગીને આવતા તાવમાં અઢી ગ્રામ જેટલો અજમો ગળી જવાથી

ઠંડીનું જોર નરમ પડે છે અને પરસેવો વળી તાવ ઊતરે છે.

❀ મલેરિયાના તાવમાં વારંવાર ઊલટીઓ થાય ત્યારે અધકચરા ખાંડેલા ધાણા અને દ્રાક્ષ પાણીમાં પલાળી, મસળી, ગાળી, થોડી થોડી વારે પીવાથી ઊલટી મટે છે.

❀ ફુદીનાનો અને તુલસીનો ઉકાળો પીવાથી રોજ આવતો તાવ મટે છે.

❀ મઠ કે મઠની દાળનો સૂપ બનાવી પીવાથી રોજ આવતો તાવ મટે છે.

❀ એલચી નંગ ૩ તથા મરી નંગ ૪ પાણીમાં ભીંજવી રાખી સવારે તે બરાબર ચોળીને પાણી ગાળીને દિવસમાં ચાર વાર પીવાથી જીર્ણ તાવ મટે છે.

❀ તુલસીનો રસ ૧૦ ગ્રામ, મરીનું ચૂર્ણ ૫ ગ્રામ ૦। ચમચી મેળવીને લેવાથી ટાઈફોઈડનો તાવ મટે છે.

❀ વરિયાળી અને ધાણાનો ઉકાળો કરી સાકર નાખી પીવાથી પિત્તનો તાવ મટે છે.

❀ સંનિપાતના તાવમાં શરીર ઠંડું પડી જાય ત્યારે ગરમી લાવવા માટે રાઈના તેલની માલિશ કરવાથી આરામ થાય છે.

❀ હિંગ અને કપૂરની સરખે ભાગે ગોળી બનાવી (કપૂર-હિંગવટીની ગોળી જે દવાવાળાને ત્યાં મળે છે) એકથી બે ગોળી લઈ પીવાથી સનેપાત (લવરી)નો તાવ મટે છે અને દર્દી ભાનમાં આવે છે.

## શીતળા

❀ શીતળાનો રોગચાળો ચાલતો હોય ત્યારે આમલીના પાન અને હળદર ઠંડા પાણીમાં પીવાથી શીતળા નીકળવાનો ભય રહેતો નથી.

❀ હળદર અને કાથાનું બારીક ચૂર્ણ શીતળાના જામી ગયેલા ઘા પર ભભરાવવાથી ફાયદો થાય છે.

❀ ધાણા અને જીરું પલાળી રાખી, સવારે મસળી, ગાળી, તેમાં સાકર

નાખી ચાર-પાંચ દિવસ પીવાથી શીતળા પછીની શરીરમાં થયેલી ગરમી નીકળી જાય છે.

- શીતળા નીકળે ત્યારે ધાણા પાણીમાં પલાળી રાખી, મસળી, ગાળી તેના વડે આંખો ધોવાથી આંખોમાં શીતળા નીકળતા નથી.
- શીતળા નીકળે ત્યારે સોપારીનો બારીક ભૂકો પાણી સાથે પીવાથી શીતળાનું ઝેર સહેલાઈથી નીકળી જાય છે અને વેદના ઓછી થાય છે.

## ઝાડા-મરડો

- ચીકુની છાલનો ઉકાળો પીવાથી ઝાડા બંધ થાય છે.
- ખજૂરના ઠળીયામાંથી રાખ કરી ઠંડા પાણી સાથે પીવાથી ઝાડા બંધ થાય છે.
- એલચીનાં છોડાની રાખ ચાસણીમાં ચાટવાથી ઝાડા બંધ થાય છે.
- સહેજ ગરમ પાણીમાં થોડું મીઠું અને લીંબુનો રસ પીવાથી ઝાડા અને મરડો મટે છે.
- તુલસીના પાંચ પાન અને સંચળ બે ગ્રામ ૫૦ ગ્રામ દહીમાં મેળવીને ખાવાથી ઝાડા અને મરડો મટે છે.
- માખણ અને ખડીસાકર મેળવીને ખાવાથી મરડો મટે છે.
- કેરીની ગોટલી, છાસ અથવા ચોખાના ઓસામણમાં વાટીને લેવાથી મરડો મટે છે.
- મરીનું ચુર્ણ છાસમાં લેવાથી મરડો મટે છે.
- મેથીની ભાજીના રસમાં કાળી દ્રાક્ષ મેળવીને પીવાથી મરડો મટે છે.
- ગરમ પાણી સાથે સુંઠ ફાકવાથી અથવા સુંઠનો ઉકાળો બનાવી તેમાં રૂપીયાભાર એરંડિયું નાંખીને પીવાથી મરડો મટે છે.

- લીંબુના રસને ગરમ કરી તેમાં સિંધવ અને ખાંડ મેળવીને પીવાથી મરડો મટે છે.
- અજમો, હરડે, સિંધવ અને હિંગની ફાકી લેવાથી મરડો મટે છે.
- ઈન્દ્રજવને તવી પર શેકી તેને બારીક વાટી ૦। તોલો દિવસમાં બે વાર લેવાથી મરડો મટે છે.
- આંબાના સુકા ફુલોનું ચુર્ણ ગમે તેવો જુનો મરડો મટાડે છે.
- થોડા તલ અને સાકર વાટી ચાટવાથી ઝાડામાં પડતું લોહી બંધ થાય છે.
- કોકમનું ઘી ગરમ કરીને દિવસમાં બે-ત્રણવાર બબ્બે તોલો જેટલું પીવાથી લોહીવાળો મરડો મટે છે.
- કાચું પપૈયું પાણીમાં ઉકાળીને ખાવાથી ઝાડા મટે છે.
- જાયફળ પાણીમાં ઘસીને અડધી ચમચી જેટલું, સવાર-સાંજ ચાટવાથી ઝાડા બધ થાય છે.

## હરસ-મસા

- તલ વાટી માખણમાં ખાવાથી હરસ-મસા મટે છે.
- સુંઠનું ચૂર્ણ છાશમાં નાખીને પીવાથી હરસ-મસા મટે છે.
- સવારે નરણે કોઠે એક મૂઠી જેટલા કાળા તલ થોડી સાકર સાથે ખૂબ ચાવીને ખાવાથી મસામાંથી પડતું લોહી બંધ થાય છે.
- સૂકા હરસ થયા હોય તો છાશમાં ગોળ નાખીને અને લોહી પડતા મસા હોય તો છાશમાં ઇન્દ્રજવ નાખીને પીવાથી હરસ-મસા મટે છે.
- કેરીના ગોટલાનું ચૂર્ણ લેવાથી હરસ-મસા મટે છે.
- મીઠા લીમડાનાં પાનને પાણી સાથે પીસી, ગાળી, પીવાથી હરસ-

મસા મટે છે.

કળથીના લોટની પાતળી રાબ પીવાથી હરસ-મસા મટે છે.

ધાણાને પલાળી રાખી, સવારે ખૂબ મસળીને, તે પાણી પીવાથી અથવા કોથમીરનો રસ પીવાથી મસામાંથી પડતું લોહી બંધ થાય છે.

ગોળ અને સાકરનો ઉકાળો પીવાથી મસામાંથી પડતું લોહી બંધ થાય છે.

ગરમાગરમ શેકેલા ચણા ખાવાથી મસામાંથી પડતું લોહી બંધ થાય છે.

કોથમીરને વાટી ગરમ કરી પોટલી બાંધી શેક કરવાથી મસાની પીડા મટે છે.

જીરાને વાટી, તેની લુગદી કરીને બાંધવાથી મસામાંથી પડતું લોહી બંધ થાય છે અને બહાર નીકળેલા અને ખૂબ દુખતા મસા અંદર જાય છે.

ચોખ્ખી હળદરનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી પાણી સાથે સૂતી વખતે લેવાથી મસા મટે છે.

મસૂરની દાળ, રોટલીને ને છાશ રોજ ખાવાં તેમ જ દાળમાં ઘી અથવા માખણ નાખી ખાવાથી તેમ જ મરચું અને ગરમાગમર મસાલા વગરનું ખાવાથી દૂઝતા મસા મટે છે.

કોકમના ફુલનું ચૂર્ણ દહીંની મલાઈ સાથે મેળવી, જરાક ગરમ કરી દિવસમાં ત્રણ વાર ખાવાથી હરસમાં પડતું લોહી બંધ થાય છે.

જીરાને શેકીને તેમાં સરખે ભાગે કાળાં મરી તથા સિંધવ મેળવીને ચૂર્ણ બનાવી જમ્યા પછી છાશ સાથે લેવાથી હરસ-મસા મટે છે.

સુંઠ, જીરૂં અને સિંધવનું ચૂર્ણ દહીંના મઠામાં મેળવી, જમ્યા પછી લેવાથી હરસ-મસા મટે છે.

- જુવારની કાંજી રોજ સવારે પીવાથી હરસ-મસા મટે છે.
- ગરમ દુધ સાથે ૧-૨ ચમચી દિવેલ પીવાથી હરસની પીડા મટે છે અને ગુદા પર થતા ચીરા પણ મટે છે.
- કોકમની ચટણી દહીંની મલાઈ સાથે ખાવાથી દુઝતા હરસ મટે છે.
- હળદરનો ગાંઢિયો તુવેરની દાળમાં બાફી, છાંયડે સૂકવી, ગાયના ઘીમાં પીસી, હરસ-મસા પર લેપ લગાડવાથી હરસ-મસા નરમ પડીને તરત જ સણકા બંધ થાય છે.

## દમ-શ્વાસ

- દમનો હુમલો થયો હોય તો એક પાકું કેળું લઈ, તેને દીવાની જ્યોત પર ગરમ કરી, પછી તેને છોલીને મરીનો ભૂકો ઉપર ભભરાવીને ખાવાથી આરામ થાય.
- ઘી સાથે દળેલી હળદર ચાટી ઉપર ગરમ દૂધ સાથે પીવાથી દમમાં આરામ થાય છે.
- હળદર, મરી અને અડદ એ ત્રણેને અંગારા પર નાખી ધુમાડો લેવાથી દમમાં તરત રાહત મળે છે.
- દસ પંદર લવિંગ ચાવીને તેનો રસ ગળવાથી દમ મટે છે.
- એલચી, ખજૂર અને દ્રાક્ષ ચાટવાથી દમ મટે છે.
- બે ત્રણ સૂકાં અંજીર સવારે દૂધમાં ગરમ કરીને ખાવાથી કફનું પ્રમાણ ઘટે છે અને દમ મટે છે.
- નાગરવેલના પાનમાં બે રતીભાર જેટલી ફુલાવેલી ફટકડી ખાવાથી દમ મટે છે.
- અજમો ગરમ પાણી સાથે લેવાથી શ્વાસમાં રાહત થાય છે.
- ફુલાવેલી ફટકડી અને સાકર સરખે ભાગે લઈ દિવસમાં ચાર વખત

અર્ધા તોલો જેટલી ફાકવાથી દમ મટે છે.

- આમળાંના અઢી તોલા રસમાં એક તોલો મધ અને ૦| તોલો પીપરનું ચૂર્ણ મેળવી લેવાથી શ્વાસ મટે છે.

## દાહ-હળતરા

- મમરા અને ખડી સાકરનો ઉકાળો પીવાથી બળતરા મટે છે.
- દ્રાક્ષ અને ખડી સાકર ભેગી કરી સવારે ખાવાથી બળતરા મટે છે.
- ધાણા અને સાકર પાણીમાં લેવાથી બળતરા મટે છે.
- ધાણાજીરૂંનું ચૂર્ણ ખાંડ સાથે લેવાથી એસિડિટિને લીધે જમ્યા બાદ છાતીમાં થતી બળતરા મટે છે.
- તાંદળજાનો રસ સાકર નાખી પીવાથી હાથપગની બળતરા તથા પેશાબની બળતરા મટે છે.
- એલચીને આમળાંના ચૂર્ણ સાથે લેવાથી શરીરની બળતરા, પગનાં તળિયાની બળતરા મટે છે.
- કોકમનું ઘી ગરમ કરીને ચોપડવાથી હાથપગનાં તળિયાની બળતરા મટે છે.
- એક ગ્લાસ પાણીમાં એક લીંબુનો રસ નાખી, તેમાં થોડી સાકર મેળવીને પીવાથી પિત્તનો દાહ મટે છે.

## ક્ષય

- ક્ષયની કોઈ પણ દવા કરાવી શકે એમ ન હોય તેમણે બકરીના ૨૦૦ ગ્રામ દૂધમાં થોડું મીઠું નાખી સવારસાંજ પીવાથી દર્દીનું બળ ટકી રહેશે. કફ, સેહલાઈથી નીકળી જશે અને શરીર વધુ સુકાઈ જતું અટકશે.
- સાકરમાં એનાથી અર્ધા ભાગનું હળદરનું ચૂર્ણ મેળવી, તેમાંથી એક

એક ચમચી ચૂર્ણ દિવસે ત્રણ વખત લેવાથી ક્ષયનો તાવ, ઉધરસ અને ક્ષયની શરદી મટે છે.

- ખજૂર, દ્રાક્ષ,સાકર ઘી, મધ અને પીપર સરખે ભાગે લઈ તેનું ચાટણ બનાવી દરરોજ બેત્રણ તોલા જેટલું ચાટવાથી ચાવાથી ક્ષય, ક્ષયની ખાંસી અને શ્વાસમાં ફાયદો થાય છે.
- અરડૂસીના પાનનો રસ ૨૫ થી ૩૦ ગ્રામ રોજ સવાર-સાંજ પીવાથી ક્ષયરોગ મટે છે.

## દાંતની પીડા

- હિંગને પાણીમાં ઉકાળી કોગળા કરવાથી દાંતનો દુખાવો મટે છે.
- દાંત હાલતા હોય અને દુખાવો થતો હોય તો હિંગ અથવા અક્કલગરો દાંતમાં ભરવાથી આરામ થાય છે.
- સવારના પહોરમાં કાળા તલ ખુબ ચાવીને, ખાઈને ઉપર થોડું પાણી પીવાથી દાંત મજબૂત બને છે.
- વડની વડવાઈનું દાંતણ કરવાથી હાલતા દાંત મજબૂત બને છે.
- તલનું તેલ હથેળીમાં લઈ આંગળી વડે પેઢાં પર ઘસવાથી હાલતા દાંત મજબૂત બને છે.
- લીંબુનો રસ દાંતના પેઢા પર ઘસવાથી દાંતમાંથી નીકળતું લોહી બંધ થાય છે.
- સરસિયાના તેલ સાથે મીઠું મેળવીને દાંતે ઘસવાથી પાયોરિયા મટે છે.
- તલના તેલનો કોગળો મોઢામાં દસ-પંદર મીનીટ ભરી રાખવાથી પાયોરિયા મટે છે અને દાંત મજબુત બને છે.
- ફુલાવેલી ફટકડીનો પાવડર દાંતના પેઢા પર દબાવવાથી દાંતમાંથી

નીકળતું લોહી બંધ થાય છે.

- દાંતનું પેઢું સૂજી ગયું હોય તો મીઠું અને હળદરનો પાવડર મેળવી પેઢાં પર ઘસવાથી મટે છે.
- દાંતનું પેઢું સૂજી ગયું હોય તો મીઠાના ગાંગડાથી તેને ફોડી તેના પર ફુલાવેલી ફટકડીનો પાવડર લગાડવાથી મટે છે.
- તેલ, લીંબુનો રસ અને મીઠું મેળવી દાંતે ઘસવાથી દાંતનો દુઃખાવો, દાંતની પીળાશ અને દાંતમાંથી નીકળતું લોહી બંધ થાય છે.
- સફરજનનો રસ ખાવાના સોડા સાથે મેળવી દાંતે ઘસવાથી દાંતમાંથી નીકળતું લોહી બંધ થાય છે અને દાંતની છારી મટે છે
- પાકાં ટામેટાનો રસ ૫૦ ગ્રામ જેટલો દિવસમાં ત્રણ વાર પીવાથી દાંતમાંથી નીકળતું લોહી બંધ થાય છે.
- દાંતમાં સડો લાગે તો મીઠાના પાણીના કોગળા વારંવાર કરવાથી આરામ મળે છે.
- કોફીનો ઉકાળો કરી તેના કોગળા કરવાથી દાંતનો સડો અને દાંતનો દુખાવો મટે છે.
- રોજ સવારે મેથી પાણીમાં પલાળીને નરણે કોઠે ચાવીને ખાવાથી પાયોરિયા મટે છે.
- તુલસીનાં પાન ચાવવાથી અને તુલસીના પાનના ઉકાળાના કોગળા કરવાથી દાંત અને પેઢાં મજૂબત થાય છે.
- પોલી થયેલ અને કોહવાઈ ગયેલ દાંતના પોલાણમાં લવિંગ અને કપૂર અથવા તજ અને હિંગ વાટી દબાવી દેવાથી આરામ મળે છે.
- દાંત પીળા પડી ગયા હોય તો પીસેલું મીઠું અને ખાવાના સોડા મેળવીને દાંતે ઘસવાથી પીળાશ મટે છે.

# નસકોરી

- નસકોરી ફૂટે ત્યારે તાળવા ઉપર ઠંડા પાણીની ધાર પાડવી તેમ જ નાકમાં ઠંડા પાણીની છાલક મારવાથી લોહી બંધ થાય છે.
- નસકોરી ફુટે ત્યારે બરફનો ટુકડો માથે, કપાળે અને ગરદન પર ફેરવવાથી લોહી બંધ થાય છે.
- લીંબુનો રસ કાઢી નાકમાં પિચકારી વાટે નાખવાથી નસકોરીનું દર્દ કાયમ માટે નાબૂદ થાય છે.
- નસકોરી ફૂટે તો શેરડીના રસનાં ટીપાં, ગાયના ઘીના ટીપાં, દુધના ટીપાં, ખાંડના પાણીના ટીપાં, દ્રાક્ષનાં ટીપાં, ઠંડા પીણાના ટીપાં, ગમે તે એક વસ્તુનાં ટીપાં નાકમાં નાંખવાથી લોહી પડતું બંધ થાયછે.
- નસકોરી ફૂટે તો ફટકડીનું ચૂર્ણ સૂંઘવાથી અને ફટકડીનું પાણી નાકમાં નાંખવાથી લોહી તરત બંધ થાય છે.
- ઘઉંના લોટમાં સાકર અને દુધ મેળવી પીવાથી નાકમાંથી પડતું લોહી બંધ થાય છે.
- મરી અને દહીં જૂના ગોળમાં મેળવીને પીવાથી નાકમાંથી લોહી નીકળતું બંધ થાય છે.
- કેરીની ગોટલીનું ચૂર્ણ નાક વડે સૂંઘવાથી નાકમાંથી લોહી નીકળતું બંધ થાય છે.
- દુધીનો રસ સાકર સાથે પીવાથી નાકમાંથી પડતું લોહી બંધ થાય છે.
- મરી અથવા અજમો નાખીને ગરમ કરેલું તેલ નાકમાં નાંખવાથી કે સૂંઘવાથી નાક બંધ થઈ ગયું હોય તો ખુલે છે.
- આમળાંના ચૂર્ણને દૂધમાં કાલવી મગજના ભાગે લગાડવાથી વારંવાર ફૂટતી નસકોરી બંધ થાય છે.

અરડુસીના પાનનો રસ ૩ થી ૪ ટીપાં નાકમાં નાખવાથી નસકોરી બંધ થાય છે અને અરડૂસીનાં પાનનો રસ પીવાથી નાક કે મોં વાટે લોહી પડતું બંધ થાય છે.

## પેટના દર્દો

- અજમો ફાકી ઉપર ગરમ પાણી પીવાથી પેટનો દુઃખાવો, અજીર્ણ અને વાયુ મટે છે.
- અજમો અને મીઠું વાટીને તેની ફાકી લેવાથી પેટનો દુખાવો મટે છે.
- ફુદીનાના રસમાં સિંધવ મીઠું નાખીને પીવાથી પેટનો દુખાવો મટે છે.
- શેકેલા જાયફળનું એક ગ્રામ ચૂર્ણ ગરમ પાણી સાથે લેવાથી પેટનો દુખાવો મટે છે.
- જમ્યા પછી કેટલાકને ૨-૩ કલાકે પેટમાં સખત દુખાવો થાય છે તે માટે સુંઠ, તલ અને ગોળ સરખા ભાગે લઈ દુધમાં નાખી સવાર-સાંજ લેવાથી પેટનો દુખાવો મટે છે.
- લીંબુના રસમાં થોડો પાપડખાર મેળવી પીવાથી પેટનો દુખાવો ને આફરો મટે છે.
- ગોળ અને ચૂનો ભેગો કરી ગરમ પાણી સાથે લેવાથી પેટનો દુખાવો મટે છે.
- ચીકણી સોપારીનો બે આનીભાર ભુકો મોળા મઠામાં સવારે લેવાથી ગેસ મટે છે.
- કોકમનો ઉકાળો કરી, તેમાં થોડું મીઠું નાખી, પીવાથી પેટનો વાયુ અને ગોળો મટે છે.
- સાકર અને ધાણાનું ચૂર્ણ પીવાથી બળતરા મટે છે.

* જીરું અને ધાણા બંને સરખે ભાગે લઈ, પલાળી રાખી, સવારના ખૂબ મસળી, તેમાં સાકર નાખીને પીવાથી પેટની બળતરા મટે છે.

* ઊકળતા પાણીમાં સુંઠનું ચૂર્ણ નાંખી, તેને ઢાંકી, ઠંડુ થયા બાદ ગાળી, તેમાંથી પાંચ ચમચી જેટલું પીવાથી પેટનો આફરો, પેટનો દુખાવો મટે છે. આ પાણીમાં સોડા-બાય-કાર્બ (ખાવાનો સોડા) નાખી દિવસમાં બે ત્રણ વાર પીવાથી ખરાબ ઓડકાર અને પેટમાં રહેલો વાયુ મટે છે.

* એક રૂપિયાભાર તલનું તેલ અને ૦। તોલો હળદર મેળવીને લેવાથી પેટની ચૂંક મટે છે.

* રાઈનું ચૂર્ણ થોડી સાકર સાથે લેવાથી અને ઉપરથી પાણી પીવાથી વાયુ અને કફથી થતો પેટનો દુખાવો મટે છે.

* હિંગ, સુંઠ, મરી, લીંડી પીપર, સિંધવ, અજમો, જીરૂં, શાહજીરૂ આ આઠ ચીજો સરખે ભાગે લઈ ચૂર્ણ બનાવી (જેને હિંગાષ્ટક, ચૂર્ણ કહેવામાં આવે છે. જે દુકાને પણ મળે છે.) લેવાથી પેટના દર્દો મટે છે.

* સાકરવાળા દુધમાં એકથી બે ચમચી દિવેલ નાખી દિવસમાં બે વાર પીવાથી પેટનાં અનેક જાતના દર્દો મટે છે.

* રાઈનું ચૂર્ણ પાણી સાથે લેવાથી પેટની ચૂંક અને અજીર્ણ મટે છે.

* અજમો, સિંઘવ અને હિંગ વાટી તેની ફાકી ફાકવાથી ગોળો મટે છે.

* એલચી, ધાણાનું ચૂર્ણ ચારથી છ રતીભાર અને શેકેલી હિંગ એક રતીભાર લઈ લીંબુનાં રસમાં મેળવીને ચાટવાથી વાયુ, પેટનો દુખાવો અને આફરો મટે છે.

## પેશાબ

* પેશાબ ઓછો થતો હોય કે બંધ થયો હોય તો તાજી છાશમાં ગોળ નાખીને પીવાથી પેશાબની અટકાયત મટે છે.

- અર્ધા તોલા લીંબુના બીજનું ચૂર્ણ કરી પાણી સાથે પીવાથી તુરત પેશાબ છુટે છે.

- પેશાબની બળતરા તથા અટકાયત થતી હોય તો ગરમ કરેલા દુધમાં સાકર અને ચોખ્ખું ઘી નાખી પીવાથી રાહત થાય છે અને તકલીફ મટે છે.

- ચોખાના ધોવાણમાં સાકર તથા ચપટી સુરોખાર મેળવી પીવાથી પેશાબ ઓછો થતો હોય તો વધે છે, કોઈ પણ કારણસર પેશાબ અટકતો હોય મટે છે.

- પેશાબ અટકી અટકીને થવો, વધુ થવો અને બળતરા સાથે થવો વગેરેમાં તલ ખાવાથી ફાયદો થાય છે.

- કેળનું ચારપાંચ તોલા પાણી ગરમ કરેલા ઘીમાં નાખીને પીવાથી, બંધાયેલો પેશાબ તરત જ છૂટી જાય છે.

- ઘંઉને પાણીમાં પલાળી રાખી, સવારે વાટી, તેમાં સાકર નાખીને હલવો બનાવી ખાવાથી પેશાબ છુટથી થાય છે.

- આમળાંના ચૂર્ણમાં ઘી અને ગોળ મેળવી રોજ લેવાથી પેશાબની બધી તકલીફ મટે છે.

- પેશાબ અટકી અટકીને આવતો હોય તો એલચીનું ચૂર્ણ ચાટવાથી પેશાબ સાફ અને છુટથી આવશે.

- ૧૦૦ ગ્રામ દુધમાં ખાવાનાં સોડા એક ગ્રામ નાખી દિવસમાં બે વાર પીવાથી પેશાબની છુટ થશે અને પેશાબની બળતરા દૂર થાય છે.

- જવને ખાંડીને તેની ઉપરનાં ફોતરા કાંઢીનાખી, જવદાણા કાઢી, તેને પાણીમાં ઉકાળી (૧ લિટર પાણીમાં ૧ થી ૨ ચમચી જવનાદાણા નાંખવા.) જવ બફાઈ જાય એટલે ઉતારી લઈ પાણી ગાળી લેવું. જવનું આ પાણી આખો દિવસ પાણીની તરસ લાગે ત્યારે સાદા પાણીની જગ્યાએ પીવાથી પેશાબ અટકી અટકીને આવવો, પેશાબમાં

બળતરા થવી,કિડનીનું શૂળ, મૂત્રાશયનું શૂળ, પથરી વગેરેમાં ફાયદો થાય છે.

✿ એલચી અને સુંઠ સરખે ભાગે લઈ દહીંના નીતર્યા પાણીમાં સિંધવ મેળવીને પીવાથી પેશાબ તરત છૂટે છે.

✿ જવ ઉકાળીને પાણી પીવાથી પેશાબ સાફ આવે છે અને પેશાબની બળતરા મટે છે.

✿ શેરડીનો રસ પીવાથી પેશાબ છૂટથી થાય છે. બળતરા મટે છે અને પેશાબમાં લોહી પડતું હોય તો તે પણ મટે છે.

✿ પાતળી છાશમાં બે આનીભાર સૂરોખાર નાખી પીવાથી પેશાબની બળતરા મટે છે.

✿ વરિયાળીનું સરબત બનાવી તેમાં જરાક સૂરોખાર નાંખી પીવાથી પેશાબની બળતરા મટે છે.

✿ એલચીના ચુર્ણને આમળાંના ચુર્ણ સાથે કે આમળાંના રસમાં લેવાથી પેશાબની બળતરા દુર થાય છે.

✿ ચાર તોલા કાળી દ્રાક્ષને ઠંડા પાણીમાં પલાળી પીવાથી પેશાબ સાફ આવે છે.

✿ સુંઠના ઉકાળામાં હળદર અને ગોળ નાખીને પીવાથી ધાતુસ્ત્રાવ મટે છે તથા પેશાબ સાથે જતી ધાતુ બંધ થાય છે.

✿ એલચી અને શેકેલી હિંગનું ત્રણ રતી જેટલું ચુરણ ઘી ને દૂધની સાથે લેવાથી પેશાબમાં ધાતુ જતી હોય તો બંધ થાય છે.

✿ અર્ધા તોલા જેટલું સુંઠનું ચુર્ણ ગાયના અર્ધા શેર દૂધમાં પીવાથી વેદના સાથે પેશાબમાંથી લોહી પડતું હોય તો તે બંધ થાય છે અને વેદના મટે છે.

✿ વારંવાર પેશાબ કરવા જવું પડતું હોય તો અજમો અને તલ ભેગા

કરીને ખૂબ ચાવીને સવાર-સાંજ ખાવાથી આરામ મળે છે.

- ક્યારેક ડાયાબિટીસ ન હોવા છતાં વારંવાર ખુબ પેશાબ કરવા જવું પડે છે. તે માટે અડદની પલાળેલી દાળને વાટીને ઘીમાં શેકી, ખાંડ નાખીને શીરો બનાવીને સાત દિવસ ખાવાથી આરામ થાય છે. આ શીરા પર દહીમાં ખાંડ નાખી રોટલી સાથે ખાવાથી વધુ લાભદાયક બને છે.

- અર્ધી ચમચી અજમો અને અર્ધી ચમચી ગોળ મસળી મિક્સ કરી સવાર-સાંજ લેવાથી વારંવાર પેશાબ કરવા જવું પડતું હોય તો મટે છે.

- ક્યારેક ડાયાબિટીસ ન હોવા છતાં વારંવાર પેશાબ કરવા જવું પડતું હોય તો પેટ પર ડૂંટીની નીચે કોઈ પણ તેલનું માલિસ કરવું પછી બાજરીને તાવડી પર ગરમ કરી કપડામાં બાંધી, પેટ, પેઢુ તથા કમર પર ૧૦-૧૫ મિનિટ રોજ શેક કરવાથી આરામ મળે છે.

- કાળા તલ ૨૫૦ ગ્રામ, ખસખસ ૧૦૦ ગ્રામ તથા અજમો ૧૦૦ ગ્રામને અધકચરા શેકી, ખાંડીને ચુર્ણ બનાવી શીશીમાં ભરી રાખવું તેમાંથી દરરોજ ૨ થી ૫ ગ્રામ ચૂર્ણ થોડી સાકર અને ચપટી હળદર મેળવી સવાર-સાંજ બે વાર લેવાથી બહુમૂત્ર રોગ વારંવાર પેશાબ કરવા જવું પડતું હોય તે મટે છે.

- મેથી ત્રણ ભાગ, સુંઠ એક ભાગ તથા અજમો એક ભાગનું ચૂર્ણ બનાવી પાણીમાં દિવસમાં સવાર-સાંજ બે વાર લેવાથી બહુમૂત્ર રોગ મટે છે.

- મેથીની ભાજીનો રસ દસ તોલો, તેમાં ૦। ચમચી કાથો અને ૦॥ ચમચી સાકર મેળવીને પીવાથી બહુમૂત્ર મટે છે.

## પથરી

- લીંબુના રસમાં સિંધવ મીઠું મેળવીને ઊભાં ઊભાં પીવાથી પથરી ઓગળી જાય છે.

- ગાયના દૂધની છાશમાં સિંધવ મીઠું નાખીને ઊભા ઊભા રોજ સવારે

૨૧ દિવસ સુધી પીવાથી પથરી પેશાબ વાટે બહાર નીકળી જાય છે અને આરામ થાય છે.

- ગોખરુંનું ચૂર્ણ મધમાં ચાટવાથી પથરી ઓગળી જાય છે.
- ટંકણખારને બારીક વાટી તેનો ભૂકો ઠંડા પાણી સાથે ફાકવાથી પથરીનો ચૂરો થઈ પેશાબ વાટે નીકળી જાય છે.
- નાળિયેરના પાણીમાં લીંબુનો રસ મેળવી રોજ સવારે પીવાથી પથરી મટી જાય છે.
- કારેલાનો રસ છાશ સાથે પીવાથી પથરી ઓગળી જાય છે.
- જૂનો ગોળ અને હળદર છાશમાં મેળવીને પીવાથી પથરી ઓગળી જાય છે.
- કાળી દ્રાક્ષનો ઉકાળો પીવાથી પથરી ઓગળી જાય છે.
- કળથી ૫૦ ગ્રામ રાત્રે પલાળી રાખી, સવારે મસળી, ગાળી, એ પાણી રોજ સવારે પીવાથી પથરી મટે છે.
- કળથીનો સુપ બનાવો તેમાં ચપટી સુરોખાર મેળવી પીવાથી પથરી ઓગળી જાય છે અને પથરીને લીધે થતી ભયંકર પીડા મટે છે.
- ઘઉં અને ચણાને સાથે ઉકાળી, તેના ઉકાળામાં ચપટી સુરોખાર નાખી ઉકાળો પીવાથી પથરી ભાંગીને ભૂકો થઈ જાય છે.
- મહેંદીનાં પાનનો ઉકાળો પીવાથી પથરી મટી જાય છે.
- મકાઈના દાણા કાઢી લીધા પછી ખાલી ડોડાને બાળી, તેની ભસ્મ બનાવી, ચોળીને આ ભસ્મ ૧ ગ્રામ જેટલી સવાર સાંજ પાણી સાથે લેવાથી પથરીનું દર્દ તથા પેશાબની અટકાયત મટે છે.

## શરદી

- ગરમાગરમ રેતી અથવા રેતીનો શેક કરવાથી શરદી મટે છે.

- ગરમાગરમ ચણા સૂંઘવાથી શરદી મટે છે.
- સુંઠ, કાળાં મરી અને તુલસીનાં પાનનો ઉકાળો પીવાથી શરદી મટે છે.
- નાગરવેલના બે-ચાર પાન ચાવીને ખાવાથી શરદી મટે છે.
- ગરમ પાણીમાં લીંબુનો રસ મેળવીને પીવાથી શરદી મટે છે.
- રાઈને વાટી મધમાં મેળવીને ખાવાથી શરદી મટે છે.
- અજમાને વાટી તેની પોટલી સૂંઘવાથી શરદી મટે છે.
- ગરમ દૂધમાં મરીની ભૂકી અને સાકર નાખીને પીવાથી શરદી મટે છે.
- મરી, તજનો ઉકાળો પીવાથી શરદી મટે છે.
- પાણીમાં સુંઠ નાખી ઉકાળીને પાણી પીવાથી શરદી મટે છે.
- કાળાં મરી અને શેકેલી હળદરનું ચૂર્ણ ગરમ દૂધ સાથે લેવાથી શરદી મટે છે.
- હળદરનો ધુમાડો સૂંઘવાથી શરદી તરત જ મટે છે.
- ફુદીનાનો તાજો રસ પીવાથી શરદી મટે છે.
- ફુદીનાના રસનાં ટીપાં નાકમાં નાખવાથી પીનસ (સળેખમ) મટે છે.
- લવિંગના તેલને રૂમાલમાં નાખી સૂંઘવાથી શરદી, સળેખમ મટે છે.
- સુંઠના ચૂર્ણમાં ગોળ અને થોડુંક ઘી નાખી તેની ત્રણ ચાર તોલા જેવડી ગોળીઓ બનાવી સવારે ખાવાથી ચોમાસાની શરદી અને વાયુ મટે છે.વરસતા વરસાદમાં સતત પલળી કામ કરનાર માટે આ ઉપાય ખુબ જ લાભદાયક છે. આનાથી શરીરની સક્તિ અને સ્ફુર્તિ જળવાઈ રહે છે.

- સુંઠ, તલ અને ખડી સાકરનો ઉકાળો કરીને પીવાથી શરદી સળેખમ મટે છે.
- સાકરનો બારીક પાવડર છીંકણીની જેમ સૂંઘવાથી શરદી મટે છે.
- તુલસીનાં પાનવાળી ચા પીવાથી શરદી, સળેખમ મટે છે.
- તુલસી, સુંઠ, કાળા મરી અને ગોળનો ઉકાળો કરીને દિવસમાં ત્રણવાર પીવાથી ગમે તેવી શરદી મટે છે.

## સોજો - મૂઢમાર

- કડવા લીમડાનાં પાન બાફીને સાધારણ ગરમ હોય ત્યારે સોજા પર બાંધવાથી સોજો ઊતરે છે.
- લવિંગ વાટી તેનો લેપ સોજા પર ચોપડવાથી સોજો ઊતરે છે.
- રાઈ અને સંચળ વાટીને લેપ કરવાથી સોજો ઊતરે છે.
- હળદર અને કળી ચૂનાનો લેપ કરવાથી મૂઢમારનો સોજો ઊતરે છે.
- હળદર અને મીઠાનો લેપ કરવાથી કે મચકોડાવાથી આવેલો સોજો મટે છે.
- તાંદળજાનાં પાનનો લેપ કરવાથી સોજો મટે છે.
- ધાણાને જવના લોટની સાથે મેળવી તેનો લેપ કરવાથી સોજો મટે છે.
- આમલીના પાન અને સિંધવ-મીઠું વાટી તેનો ગરમ લેપ સોજા ઉપર કે ઝલાઈ ગયેલા સાંધા પર ચોપડવાથી સોજો મટે છે.
- મૂંઢમાર કે મરડાયેલા હાડકા પર આમલીને બાવળના પાનનો લેપ ગરમ કરી લગાડવાથી સોજો ઊતરે છે.
- શિંગોડાની છાલ ઘસીને લેપ કરવાથી સોજો ને દુખાવો મટે છે.

- સરસિયા કે તલના તેલમાં થોડો અજમો નાખી તેલ ગરમ કરી તેલનું સંધિવાના સોજા પર માલિસ કરવાથી આરામ થાય છે.
- મીઠું લસોટીને ચોપડવાથી સોજો ઊતરી જાય છે.
- તુલસીનાં પાનને પીસીને સોજા પર લગાડવાથી સોજા ઉતરી જાય છે.
- જાયફળને સરસિયાના તેલમાં મેળવીને સાંધાઓના સોજા પર લેપ કરવાથી જ કડાયેલા સાંધા છૂટા થઈ સોજો મટે છે.
- મૂંઢમાર કે મોચ પર લોહચુંબકનો સાઉથ પોલ મૂકવાથી તરત જ આરામ થાય છે અને લોહચુંબક લાકડી જેવું બ્લોક આકારનું હોવું જોઈએ અને નોર્થ પોલશરીરના બીજા ભાગને અડે નહિ તેની કાળજી લેવી.

## સ્ત્રીરોગો

- પાકાં કેળાં, આમળાંનો રસ ને સાકર એકત્ર કરી પીવાથી સ્ત્રીઓના પ્રદર અને બહુમૂત્ર રોગ મટે છે.
- જીરા અને સાકરનું ચૂર્ણ પાવલીભાર, ચોખાના ધોવાણમાં પીવાથી સ્ત્રીઓનું શ્વેતપ્રદર મટે છે.
- એક પાકું કેળું અર્ધા તોલા ઘી સાથે સવાર-સાંજ ખાવાથી પ્રદરરોગ મટે છે.
- હિંગનું સેવન કરવાથી ગર્ભાશય સંકોચાય છે, માસિક સાફ આવે છે અને પેટનો દુખાવો મટે છે.
- સ્ત્રીઓને માસિક વખતે ખૂબ પીડા થતી હોય કે માસિક બરાબર ન આવતું હોય તો તલ ખાવા. એક તોલા કાળા તલને વીસ તોલા પાણીમાં ઉકાળવું, પાંચ તોલા પાણી બાકી રહે એટલે તેમાં ગોળ નાંખી ઉકાળી પીવાથી માસિક સાફ આવે છે.

- ત્રણ તોલા મેથીનો લોટ લઈ વીસ તોલા દૂધમાં ભીંજવેલો મેથીનો લોટ નાખી એકરસ કરી ઉતારી લેવું. પછી તેમાં બે તોલા ગોળ નાંખી બરાબર મિક્સ કરી પ્રસુતા સ્ત્રીને એકવીસ દિવસ સુધી ખવડાવવાથી ધાવણ છૂટથી આવે છે.
- જીરાની ફાકી ફાકવાથી સ્ત્રીનું ધાવણ વધે છે.
- ઘીમાં શેકેલી હિંગ ઘી સાથે ખાવાથી સુવાવડી સ્ત્રીને આવતાં ચક્કરને શૂળ મટે છે.
- સુવાવડમાં તાવમાં અને સુવાવડ પછી થતા કમરના દુખાવામાં અજમો અડધી ચમચી, સુંઠ અડધી ચમચી અને ઘી બે ચમચી ભેગું કરી સવારે ખાવાથી તાવ અને કમરનો દુખાવો મટે છે.

## અનિંદ્રા - ઊંઘ ન આવવી

- સૂતાં પહેલાં ઠંડા પાણી વડે હાથ પગ ધોઈ તાળવે અને કપાળે ઘી ઘસવાથી ઊંઘ આવે છે.
- ચોથા ભાગનું જાયફળ પાણી સાથે લેવાથી ઊંઘ આવે છે.
- ગોળ સાથે ગંઠોડાનું ચૂર્ણ ખાવાથી અને ઉપર ગરમ દૂધ પીવાથી ઊંઘ આવે છે.
- વરિયાળી, દૂધ અને સાકરનું ઠંડું શરબત પીવાથી ઊંઘ સારી આવે છે.
- ૨ થી ૩ ગ્રામ ખસખસ વાટીને સાકર અને મધ અથવા સાકર અને ઘી સાથે સૂતી વખતે લેવાથી ઊંઘ સરસ આવે છે.

## હેડકી

- થોડી હળદર પાણી સાથે ફાકી જવાથી હેડકી બંધ થાય છે.
- દૂધમાં સુંઠ ઉકાળીને તેનાં ટીપાં નાકમાં નાંખવાથી હેડકી બંધ થાય છે.

- સરગવાનાં પાનનો રસ પીવાથી હેડકી બંધ થાય છે.
- જાયફળને ચોખાના ધોવાણમાં ઘસીને પીવાથી હેડકી બંધ થાય છે.
- સુંઠ અને ગોળને ગરમ પાણીમાં મેળવી તેનાં ટીપાં નાકમાં નાંખવાથી હેડકી બંધ થાય છે.
- ગોળના પાણીમાં સુંઠ ઘસી થોડી થોડી વારે સુંઘવાથી હેડકી બંધ થાય છે.
- શેરડીનો રસ પીવાથી હેડકી બંધ થાય છે.
- અડદ અને હિંગનું ચૂર્ણ દેવતા પર નાંખી તેનો ધુમાડો લેવાથી હેડકી બંધ થાય છે.
- નાળિયેરનાં છોડાંને બાળી તેની રાખ ચાટવાથી હેડકી બંધ થાય છે.
- ગાયનું દુધ ઉકાળીને પીવાથી હેડકી બંધ થાય છે.
- તુલસીનો રસ ૧૦ ગ્રામ પીવાથી હેડકી બંધ થાય છે.
- જીરૂં ખાવાથી હેડકી બંધ થાય છે.
- આંબાના પાંદડાને બાળીને તેનો ધુમાડો લેવાથી હેડકી બંધ થાય છે.

## ડાયાબિટીસ

- આમલીના કચૂકા શેકીને ખાવાથી ડાયાબિટીસ મટે છે
- લીમડાનાં પાનનો રસ નિયમિત પીવાથી ડાયાબિટીસ મટે છે.
- કુમળા કારેલાંના નાના કટકા કરી છાયંડામાં સૂકવી, બારીક ભૂકો કરી, એક તોલા જેટલી ભૂકી સવાર-સાંજ લેવાથી ડાયાબિટીસ મટે છે.
- સારાં, પાકાં જાંબુને સૂકવી, બારીક ખાંડી, ચૂર્ણ બનાવી પાણી સાથે

દિવસમાં બેવાર લેવાથી ડાયાબિટીસ મટે છે.

- આમળાંનું ચૂર્ણ ફાકવાથી ડાયાબિટીસમાં રાહત થાય છે.
- હળદરના ગાંઠિયાંને પીસી ઘીમાં શેકી, થોડી સાકર મેળવી , રોજ ખાવાથી ડાયાબિટીસમાં ખૂબ ફાયદો થાય છે.
- હરડે, બહેડાં, કડવા લીમડાની અંતરછાલ અને જાંબુના ઠળિયા સરખે ભાગે લઈ બારીક ચૂર્ણ કરી સવાર-સાંજ લેવાથી ડાયાબિટીસ મટે છે.
- હળદર એકચમચી અને આમળાનું ચૂર્ણ એક ચમચી ભેગાં કરી રોજ સવાર-સાંજ લેવાથી ડાયાબિટીસમાં ખૂબ રાહત થાય છે.
- ૫૦ ગ્રામ લીલી હળદર,કાળી તુલસીનાં પાન ૧૦, બીલીપત્રના પાન ૩૦ને વાટી ૧ ગ્લાસ પાણીમાં રાત્રે ભીંજવી, સવારે ખૂબ મસળી કપડાથી ગાળી, સવારે નરણે કોઠે પીવું, આ પાણી પીધા પછી એક કલાસ સુધી કંઈપણ ખાવું પીવું નહિં. ૨૧ દિવસ સુધી આ પ્રમાણે લેવાથી ડાયાબિટીસ ચોક્કસ મટે છે.

## રતવા

- શેકેલા જવનો લોટ અને જેઠીમધનું ચૂર્ણ ધોયેલા ઘીમાં મેળવી લેપ કરવાથી રતવા મટે છે.
- ઠંડા પાણીમાં ચીકણી સોપારી ઘસી લેપ કરવાથી રતવા મટે છે.
- નાગરના પાન વાટી લેપ કરવાથી રતવા મટે છે.
- કમળકાકડીનું ચૂર્ણ બનાવી દૂધમાં નાંખી ખીર જેવું બનાવી ખાવાથી રતવા મટે છે.

## આંખની પીડા

- ત્રિફળા ચૂર્ણ ૧૦૦ ગ્રામ તથા વરિયાળી ૧૦૦ ગ્રામ મેળવી સવાર-સાંજ ૧ ચમચી પાણી અથવા ઘી સાથે લેવાથી આંખોની દૃષ્ટિ વધે છે.

- ક્યારેક આંખમાં દૂધ, કચરો, ચૂનો કે આકડાનું દૂધ પડે તેથી થતી બળતરામાં આંખમાં દિવેલ આંજવાથી આરામ થાય છે.
- આંખમાં ચૂનો કે એસિડ પડયો હોય તો આંખની અંદર અને બહારથી ઘી ઘસવાથી શાંતિ થાય છે.
- આંખ લાલ રહેતી હોય તો આંખમાં ઘી આંજવાથી રતાશ દૂર થાય છે.
- હળદરના ૨-૪ ગાંઠિયાં તુવેરની દાળ સાથે બાફી, તે હળદર છાંયડે સૂકવી દિવસમાં બે વાર સૂર્યાસ્ત પહેલાં પાણી સાથે ઘસીને આંખમાં આંજવાથી આંખનું ઝામર, ધોળા રંગનું ફૂલું, રાતી રહેતી આંખ, આંખની ઝાંખપ વગેરે દર્દો મટે છે.
- ધાણા વરીયાળી અને સાકર સરખે ભાગે, લઈ ચુર્ણ બનાવી રોજ જમ્યા પછી પાણી સાથે લેવાથી આંખની બળતરા, આંખમાંથી પાણી પડવું લાલ આંખ રહેવી, આંખે અંધારા આવવા જેવા દર્દો મટે છે.
- ધોળા મરીને દહીંમાં ઘસીને સવાર-સાંજ આંજવાથી રતાંધળાપણુ મટે છે.
- મરીને પાણીમાં ઘસીને આંજણી ઉપર લેપ કરવાથી આંજણી જલ્દી પાકીને ફુટી જાય છે.
- બકરીના દૂધમાં લવીંગ ઘસીને આંખમાં આંજવાથી રતાંધળાપણું મટે છે.
- સાકર અને ઘી સાથે જીરાનું ચુર્ણ ખાવાથી રતાંધળાપણું મટે છે.
- પાકા ટામેટાનો રસ સવાર-સાંજ પીવાથી રતાં આંધળાપણામાં ખુબ ફાયદો થાય છે.
- આંખનાં ઠંડા પાણીની છાલક દરરોજ સવાર-સાંજ મારવાથી આંખોની

ગરમી દૂર થાય છે. અને આંખોનું તેજ વધે છે.

- કોથમીરનો રસ કાઢી, ચોખ્ખા કપડાથી ગાળી, તેના બબ્બે ટીપાં આંખમાં નાંખવાથી દુ:ખતી આંખો સારી થાય છે. ખીલ, ફુલુ, છારી વગેરે મટે છે ચશ્માના નંબર ઉતરે છે.

- નાંગરવેલના પાનનો રસ આંખમાં નાંખવાથી દુ:ખથી આંખો સારી થાય છે.

- જીરાનું ચુર્ણ રોજ ફાકવાથી આંખોની ગરમી ઓછી થાય છે.

- ધાણાને પાણીમાં પલાળી રાખી, મસળી ગાળી તે પાણીથી આંખો ધોવાથી દુ:ખતી આંખો સારી થાય છે.

- અધકચરા ત્રિફળા ચુર્ણને રાત્રે પાણીમાં પલાળી રાખી, સવારે ગાળી, તે પાણી આંખમાં છાંટવાથી આંખોનું તેજ વધે છે.

- સાકરને પાણીમાં ઘસી તે ઘસારો સવાર-સાંજ આંખમાં આંજવાથી આંખોનાં ફુલાં મટે છે. આંખ સ્વચ્છ થાય છે અને આંખોનું તેજ વધે છે.

- હળદર, ફટકડી અને આમલીનાં પાન સરખા પ્રમાણમાં લઈ, તેને વાટી, પોટલી કરી, ગરમ કરીને આંખે શેક કરવાથી આંખોની રતાશ અને બળતરા મટે છે.

- સાકર અને તેનાથી ત્રણગણા ધાણા લઈ, બન્નેનું ચુર્ણ કરી, પાણીમાં ઉકાળી, ઠંડુ થાય ત્યારે કપડાથી ગાળી, બાટલીમાં ભરી લેવું. એ પાણીમાં બબ્બે ટીંપા દરરોજ સવાર-સાંજ આંખમાં નાંખવાથી દુ:ખતી આંખો સારી થાય છે.

- તેલ વગરની તુવેરની દાળ પાણી સાથે પથ્થર પર ઘસી આંખમાં આંજવાથી આંખનું ફુલું અને જાળું મટે છે.

- જાયફળ પાણીમાં ઘસીને તેનો ઘસારો પાંપણ તથા આંખની આજુબાજુ

ચોપડવાથી આંખની ચળ કે પાણી પડતું હોય તો તે મટે છે અને આંખનું તેજ વધે છે.

❁ આંખમાં દાડમનો રસ નાંખવાથી ચશ્માંના નંબર ઉતરે છે.

## એસિડિટી

❁ અનાનસના ટુકડા પર સાકર અને મરી ભભરાવીને ખાવાથી એસિડિટી મટે છે.

❁ આમળાનો રસ એક ચમચી, કાળી દ્રાક્ષ એક તોલો અને મધ અર્ધી ચમચી ભેગુ કરી ખાવાથી એસિડિટી મટે છે.

❁ દ્રાક્ષ અને બાળહરડે સરખે ભાગે લઈ, એટલી જ સાકર મેળવી, તેની રૂપિયાભાર જેવડી ગોળીઓ બનાવી, લેવાથી એસિડિટી મટે છે.

❁ કોળાના રસમાં સાકર નાખીને પીવાથી એસિડિટી મટે છે.

❁ ગંઠોડા અને સાકરનું ચૂર્ણ લેવાથી એસિડિટી મટે છે.

❁ સૂંઠ, ખડી સાકર અને આમળાનું ચૂર્ણ લેવાથી એસિડિટી મટે છે.

❁ અર્ધા લિટર પાણીમાં એક લીંબુનો રસ નાખી અર્ધી ચમચી સાકર નાંખી બપોરના જમવાના અર્ધા કલાક પહેલાં પીવાથી એસિડિટી મટે છે.

❁ ધાણાજીરાનું ચૂર્ણ ખાંડ સાથે લેવાથી એસિડિટી મટે છે. જમ્યા પછી છાતી માં બળતરા થતી હોય તો તે પણ મટે છે.

❁ ૧૦૦ થી ૨૦૦ ગ્રામ દૂધમાં થોડી સાકર તથા ઘીમાં સાંતળેલાં ૪-૫ નંગ કાળાં મરીનું ચૂર્ણ નાખી પીવાથી એસિડિટી મટે છે.

❁ ૧ થી ૨ ગ્રામ જેટલો ખાવાનો સોડા ધાણાજીરૂંના ચુર્ણમાં અથવા સુદર્શન ચુર્ણમાં મેળવી લેવાથી એસિડિટી મટે છે.

❁ તુલસીનાં પાનને દહીં કે છાશ સાથે લેવાથી એસિડિટી મટે છે.

❊ આમળાનું ચુર્ણ રોજ સવારે અને રાત્રે એક એક ચમચી લેવાથી એસિડિટી મટે છે.

❊ લીમડાનાં પાન અને આમળાંનો ઉકાળો બનાવી પીવાથી એસિડિટી મટે છે.

❊ ધાણા અને સુંઠનું ચૂર્ણ પાણી સાથે લેવાથી એસિડિટી મટે છે.

## અશક્તિ-નબળાઈ

❊ જમ્યા પછી ત્રણ-ચાર પાકાં કેળા ખાવાથી અશક્તિ દુર થાય છે.

❊ અંજીરને દૂધમાં ઉકાળીને અંજીર ખાવાથી અને તે દૂધ પીવાથી શક્તિ આવે છે, લોહી વધે છે.

❊ રોજ સવારે સાકર અને સોનામુખી સરખે ભાગે લઈ ચૂર્ણ ફાકવાથી અશક્તિ મટે છે.

❊ મોસંબીનો રસ પીવાથી નબળાઈ દૂર થાય છે.

❊ પાંચ પેસી ખજૂર ઘીમાં સાંતળીને ભાત સાથે ખાવાથી અને અર્ધો કલાક ઊંઘ લેવાથી નબળાઇ દૂર થઈ શક્તિ અને વજન વધે છે.

❊ એક સૂકું અંજીર અને પાંચ દસ બદામ અને સાકર દૂધમાં ઉકાળી પીવાથી લોહીની શુદ્ધિ થઈ, ગરમી મટી , શરીરમાં શક્તિવધે છે.

❊ દૂધમાં બદામ, પીસ્તાં, એલચી , કેસર અને ખાંડ નાખી ઉકાળીને પીવાથી ખૂબ શક્તિ આવે છે.

❊ ચણાંના લોટનો મગજ, મોહનથાળ અથવા મેસુબ બનાવીને રોજ ખાવાથી તમામ પ્રકારની નબળાઈ દુર થાય છે અને શક્તિ આવે છે.

❊ સૂકી ખારેકનું ૨૦૦ ગ્રામ ચૂર્ણ બનાવી, તેમાં ૨૫ ગ્રામ સૂંઠનું ચૂર્ણ નાખી બાટલી ભરી દેવી, તેમાંથી ૫ થી ૧૦ ગ્રામ ચૂર્ણ ૨૦૦ ગ્રામ

દુધમાં ઉકાળી, તેમાં જરૂર જેટલી ખાંડ નાંખી, રોજ સવારે પાવાથી શક્તિ આવે છે.

## અજીર્ણ ભૂખ ન લાગવી

- ફુદીનાના રસમાં સંચળ મેળવી ચાટવાથી અજીર્ણ મટે છે.
- અર્ધી ચમચી અજમો, ચપટી સિંધવ-મીઠું લીબુંના શરબતમાં મેળવીને પીવાથી અજીર્ણ મટે છે.
- ભૂખ લાગતી જ ન હોય કે ભૂખ મરી ગઈ હોય તો દિવસમાં બે વાર અર્ધી ચમચી અજમો ચાવીને ખાવાથી ભૂખ ઉઘડશે.
- રાઈનું ચૂર્ણ પાણી સાથે લેવાથી અજીર્ણ મટે છે.
- પાકા અનાનસના ટુકડા કરી તેની ઉપર મરી અને સિંધવ-મીઠું ભભરાવી ખાવાથી અજીર્ણ મટે છે.
- લીંબુ કાપી, તેની ઉપર સિંધવ-મીઠું ભભરાવી જમતાં પહેલાં ચૂસવાથી અજીર્ણ મટે છે.
- ચણા જેટલી હિંગ ઘી સાથે લેવાથી અજીર્ણ મટે છે.
- સૂંઠ, મરી, પીપર અને સિંધવ-મીઠું સરખે ભાગે લઈ તેનું ચુર્ણ છાશમાં પીવાથી અજીર્ણ મટે છે.
- કોકમનો ઉકાળો કરી ઘી નાખી, પીવાથી અજીર્ણ મટે છે.
- મેથી અને સુવા સરખે ભાગે લઈ, બન્ને શેકી, અધકચરા ખાંડી, તેમાંથી અર્ધો અર્ધો તોલો ફાકવાથી આફરો, ખાટાં ઘચરકાં અને ઓડકાર મટે છે.
- પેટમાં ખૂબ જ આફરો થયો હોય પેટ ઢોલ જેવું થયું હોય અને પેટમાં દુખાવો થતો હોય તો ડૂંટીની આજુબાજુ અને પેટ ઉપર હિંગનો લેપ

કરવાથી તરત આરામ થાય છે.

## આધાશીશી-માથાનો દુઃખાવો

- દ્રાક્ષ અને ધાણાને ઠંડા પાણીમાં પલાળી પીવાથી આધાશીશી મટે છે.
- હિંગને પાણીમાં મેળવી નાકમાં ટીપાં નાંખવાથી આધાશીશી મટે છે.
- સૂંઠને પાણીમાં ઘસી તેનો ઘસારો કપાળે લગાડવાથી આધાશીશી મટે છે.
- દૂધમાં ઘી મેળવી, પીવાથી આધાશીશી અને માથાનો દુઃખાવો મટે છે.
- સૂરજ ઊગે તે પહેલાં ગરમાગરમ, તાજી, ચોખ્ખા ઘીની જલેબી ખાવાથી આધાશીશી મટે છે. આધાશીશીને વૈદકમાં સૂર્યાવર્ત કહે છે.
- માથું દુઃખતું હોય તો કપાળે ચોખ્ખું ઘી ઘસવાથી માથું ઊતરે છે.
- આમળાંનું ચૂર્ણ, સાકર અને ઘી સરખે ભાગે લઈ ખાવાથી માથું દુઃખતું હોય તો ઊતરે છે.
- એક કપ પાણીમાં એક ચમચી હળદર નાંખી, ઉકાળીને પીવાથી માથાનો દુઃખાવો મટે છે.
- ઠંડા દુધમાં સૂંઠ ઘસીને, તે દુધનાં ૩-૪ ટીપાં નાકમાં નાંખવાથી આધાશીશી મટે છે.
- અર્ધો ચમચો લીંબુનો રસ અને અર્ધો ચમચો તુલસીનો રસ ભેગો કરી પીવાથી માથાનો દુઃખાવો મટે છે.
- માથુ દુઃખતું હોય તો તુલસીનાં પાન અને અગરબત્તી વાટીને માથે ચોપડવાથી તરત જ ઊતરે છે.
- નાળિયેરનું પાણી પીવાથી આધાશીશી અને માથાનો દુઃખાવો મટે છે.

- લવિંગનું તેલ ઘસવાથી માથાનો દુઃખાવો મટે છે.

## ચક્કર આવવા

- વરીયાળી તથા ખાંડ સરખે ભાગે લઈ ચુર્ણ બનાવી સવાર-સાંજ લેવાથી ચક્કર બંધ થાય છે.
- મરીનું ચુર્ણ ઘી અને સાકરમાં લેવાથી ચક્કર આવતા બંધ થાય છે.
- તુલસીના પાન સાથે મરી ચાવવાથી ચક્કર આવતા બંધ થાય છે.
- બસમાં ચક્કર આવતા હોય તો તજ અથવા લવીંગ મોંમાં રાખવા.
- હિંગને શેકી, ખાંડીને પાવડર બનાવવો તેમાંથી થોડી હિંગ સુવાવડી સ્ત્રીને ઘી સાથે અથવા પાણી સાથે આપવાથી તેને આવતા ચક્કર તથા પેટનો દુઃખાવો બંધ થાય છે.

## અંગ જકડાઈ જવું

- અંગ જકડાઈ ગયું હોય તો, રાઈની પોટીસ લગાડવાથી ફાયદો થાય છે.
- પગના ગોટલા ચઢી જાય તો, કોપરેલ તેલ ગરમ કરી, માલિસ કરવાથી આરામ થાય છે.
- સરસિયાનાં તેલમાં કપુર મેળવી માલિસ કરવાથી દુઃખતા સાંધા, ગરદન જકડાઈ જવી તથા સંધિવાના દર્દમાં આરામ થાય છે.
- તલના તેલમાં હિંગ અને સૂંઠ નાખી સહેજ ગરમ કરી, માલિસ કરવાથી કમરનો દુઃખાવો, સાંધાનો દુઃખાવો, શરીરનું જકડાઈ જવું, લકવો વગેરે મટે છે.
- ધતુરાનાં પાનનો ૮૦૦ ગ્રામ રસ કાઢી, તેમાં ૧૦ ગ્રામ હળદર અને ૨૫૦ ગ્રામ સરસિયું તેલ નાખી, ગરમ કરી, રસ બાળી, માત્ર તેલ

બાકી રાખો. આ તેલનું માલિસ કરવાથી શરીરનાં જકડાઈ ગયેલાં અંગો છૂટાં પડી તકલીફ મટે છે.

- બે નાળિયેરનું કોપરૂં કાઢીને, તેના નાના ટુકડા કરી, ખાંડી નાંખવું, ખાંડેલા કોપરાને વાસણમાં ધીમે ધીમે ગરમ કરવું, તેલ છુટું પડશે. તે તેલ ઠર્યા પછી કપડામાં નિચોવીને ગાળી લેવું. બે નારિયેળના નીકળેલા તેલમાં ત્રણથી ચાર ગ્રામ મરીનું ચૂર્ણ અને લસણની કળી વાટીને નાખવી. આ તેલથી જકડાઈ ગયેલા ભાગ પર હળવા હાથે સવારે અને રાત્રે માલિસ કરવી અને તે પછી ગરમ રેતીનો શેક કરવાથી ખૂબ આરામ થાય છે.

- વાયુ કે કફદોષથી કમરનો દુ:ખાવો કે ડોક જકડાઈ ગઈ હોય તો થોડા પાણીમાં મરચાં નાંખી, ઉકાળો કરી, તેમાં કપડું બોળી દર્દવાળા ભાગ પર ગરમ ગરમ પોતાં મૂકવાથી આરામ મળે છે.

## હૃદયની બીમારી-બ્લડપ્રેશર

- એક ચમચી લીંબુનો રસ મેળવી સવાર-સાંજ પીવાથી બ્લડપ્રેશર ઓછું થાય છે.

- એલચી દાણા અને પીપરીમૂળ સરખે ભાગે લઈ ઘી સાથે રોજ ખાવાથી હ્દયરોગ મટે છે.

- હ્દયનો દુ:ખાવો ઊપડે ત્યારે તુલસીનાં આઠ-દસ પાન અને બેત્રણ કાળા મરી ચાવી જવાથી જાદુ જેવી અસર થઈ દુ:ખાવો મટે છે.

- છાતી, હ્દય કે પડખામાં દુ:ખાવો થયો હોય તો ૧૦ થી ૨૦ ગ્રામ તુલસીનો રસ ગરમ કરીને પીવો, પાનને વાટીને લેપ કરવાથી દુખાવો મટે છે.

## ઉધરસ-ખાંસી

- લવિંગને મોંમા રાખી ચૂસવાથી ઉધરસ મટે છે.

- મરીનું ચૂર્ણ દૂધમાં ઉકાળી પીવાથી ઉધરસ મટે છે.
- મરીનું ચૂર્ણ સાકર, ઘી સાથે મેળવી ચાટવાથી ઉધરસ મટે છે.
- થોડી હિંગ શેકી, તેને ગરમ પાણીમાં મેળવી, પીવાથી ઉધરસ મટે છે.
- દ્રાક્ષ અને સાકર મોંમાં રાખી ચૂસવાથી ઉધરસ મટે છે.
- દાડમના ફળની છાલનો ટુકડો મોંમાં રાખી ચૂસવાથી ઉધરસ મટે છે.
- થોડી ખજુર ખાઈ ઉપરથી થોડું ગરમ પાણી પીવાથી કફ પાતળો થઈને નીકળી જશે અને ઉધરસ તથા દમ મટશે.
- મીઠાની કાંકરી મોંમાં રાખી મૂકવાથી ઉધરસ ઓછી આવશે.
- ગરમ કરેલા દૂધમાં હળદર અને ઘી મેળવીને પીવાથી ઉધરસ અને કફ મટે છે.
- ફુદીનાનો રસ પીવાથી ઉધરસ મટે છે.
- હળદર અને મીઠાવાળા તાજા શેકેલા ચણા એક મુઠ્ઠી જેટલા સવારે ખાવાથી (ઉપરથી પાણી ન પીવું) કાયમી શરદી અને ઉધરસ રહેતી હોય તે મટે છે,
- મીઠું અને હળદરવાળો શેકેલો અજમો જમ્યા પછી મુખવાસ તરીકે ખાવાથી ઉધરસ અને શરદી મટે છે.
- હળદર અને સૂંઠ સવાર-સાંજ ફાકવાથી ઉધરસ મટે છે.
- હળદરને તાવડીમાં શેકી તેની ગાંગડી મોંમાં રાખી ચૂસવાથી કફની ખાંસી મટે છે.
- નવશેકા પાણી સાથે અજમો ખાવાથી કફની ખાંસી મટે છે.
- તુલસીનો રસ સાકર સાથે પીવાથી ઉધરસ તથા છાતીનો દુખાવો મટે છે.

- થોડાક શેકલા ચણા ખાઈ, ઉપર પાણી પીધા વગર સૂઈ જવાથી ઉધરસ મટે છે.
- અરડુસીનાં પાનનો રસ લેવાથી ઉધરસ મટે છે.

## વાળની માવજત

- વાળ ખરે તો દિવેલ ગરમ કરીને વારંવાર વાળ ઉપર લગાડવાથી વાળ ખરશે નહિ.
- આમળાં, કાળા તલ, ભાંગરો અને બ્રાહ્મી સરખે ભાગે લઈ, વાટીને પાવડર બનાવી, રોજ સવાર-સાંજ ફાકવાથી સફેદ વાળ કાળા થાય છે.
- ખાંડ અને લીંબુનો રસ બંને ભેગા કરી માથું ધોવાથી જૂ અને ખોડો મટે છે.
- ચણાને છાશમાં પલાળીને, ચણાં એકદમ પોચા થાય ત્યારે , માથા ઉપર મસળીને બે કલાક પછી માથું ધોવાથી જૂ અને ખોડો મટે છે.
- તલનાં ફુલ, ગોખરુ અને સિંધવને કોપરેલમાં નાંખી તેનો લેપ કરવાથી માથાની ટાલ મટે છે.
- પાશેર કોપરેલમાં ખોબો ભરીને મહેંદીનાં પાન ઉકાળવાં . તે તેલ રોજ ચોળી ને માથામાં લગાડવાથી માથાના વાળ ખૂબ વધે છે અને કાળા પણ થાય છે.
- લીમડાનાં પાનને પાણીમાં વાટીને, તે પાણીથી માથું , ધોવાથી માથાનો ખોડો મટે છે.
- વાળ ખરી પડતા હોય ત્યારે તે પર ગોરાળુ માટી પ્રવાહી લીંબુના રસમાં મેળવીને ચોપડવાથી વાળ ખરતા અટકે છે.
- છાલ સાથેની કાકડી ખાવાથી વાળ પર ચમક આવે છે.

❀ ગરમ પાણીમાં આમળાનો ભૂકો નાખી, ઉકાળી , એ પાણી થી વાળ ધોવામાં આવે તો વાળ સુંદર અને ચમકતા બને છે.

## ચામડીના રોગો

❀ ગ્લીસરીન, ગુલાબજળ અને લીંબુનો રસ સરખે ભાગે લઈ શીશીમાં ભરી રાખો . આ મિશ્રણની માલિસ કરવાથી ચામડી સાફ બનશે. હાથપગમાં ચીરા પડ્યા હોય તો તે મટે છે.

❀ એક ડોલ ગરમ અથવા ઠંડા પાણીમાં એક લીંબુ નિચોવી તેનાથી સ્નાન કરવાથી ચામડી સુંવાળી થાય છે અને ચામડીમાં ચમક આવે છે.

❀ કારેલીનાં પાનનો રસ ચોપડવાથી ચામડીનાં બહુ જૂના કોઈ પણ રોગ મટે છે.

❀ કાકડીને ખમણીને તેનો રસ ચોપડવાથી ચીકાશવાળી તેમ જ ચીમળાયેલી ચામડી સુંવાળી બને છે.

❀ હાથ કે પગની ચામડી ફાટે ત્યારે વડનું દૂધ લગાડવાથી જલદી મટે છે.

❀ સંતરાની છાલને સૂકવી, તેને પાવડર કરી, ગુલાબજળમાં મેળવી તેને મોં પર લગાડી અર્ધો કલાક રહેવા દઈ પછી ધોવાથી ચામડી મુલાયમ બનશે, ડાઘા નીકળી જશે અને ચહેરાની કરચલી નીકળી જશે.

❀ હાથ કે પગમાં ચીરા પડ્યા હોય તો એક ભાગ લીંબુનો રસ તેનાથી ત્રણગણુ તલનું અથવા કોપરેલ મેળવી લગાડવાથી રાહત થાય છે.

❀ ચણાના લોટમાં પાણી અને થોડું ઘી મેળવી શરીર પર અને મોં પર માલિસ કરવાથી ચામડી ગૌરવર્ણ અને તેજસ્વી બને છે.



- દૂધ અને દિવેલને સરખે ભાગે લઈ નિયમિત શરીરે માલિસ કરવાથી શરીર પરથી કરચલી દુર થાય છે.

- લીમડાનાં સો પાન લઈ તેનું ચૂર્ણ રોજ ૬ મહિના સુધી લેવાથી સફેદ કોઢ મટી જાય છે.

- ચોખાના ધોવાણમાં થોડીક હળદર મેળવીને ચહેરા પર તથા શરીર પર માલિસ કરી પછી સ્નાન કરવાથી શરીર અને ચહેરાની સુંદરતા વધે છે. દુધની મલાઈનો લેપ સ્નાન કરતાં પહેલાં અર્ધા કલાક અગાઉ ચહેરા પર કરવો. સૂકાયા બાદ મોં પર હાથથી માલિસ કરવું જેથી બધી મલાઈ ચહેરાનો મેલ લઈ પોપડા થઈ ઉખડી જશે અને ચામડી ગોરી, ચકચકતી અને લીસી થાય છે.

- રસ કાઢી લીધેલા લીંબુના ફાડિયા ચહેરા પર ઘસવાથી ચામડી સહેજ તમતમે છે પરંતુ ચહેરાની લાલી એકદમ આવે છે. થોડી વાર મોં પર છાલ ઘસ્યા પછી ઠંડા પાણીએ મોં ધોઈ નાખવું. તેથી પસીનાનાં મેલથી બંધ થયેલાં ચામડીનાં છિદ્રો ખુલ્લા થઈ જાય ને ચહેરા પર લોહી ફરવા લાગે અને લાલી આવે છે.

- જેનો રંગ શામળો હોય, મોં દેખાવડું ન હોય તે જો આમળાંના ચુર્ણને હળદર પાઉડર સાથે મેળવી દૂધમાં કાલવી, સ્નાન કરતી વખતે મોં પર ઘસીને ચોળે તો તેનાથી લાંબા સમયે દેખાવડા થાય છે.

- ગરમ પાણીમાં આમળાંનો ભૂકો નાંખી, ઉકાળી તે પાણીથી સ્નાન કરવાથી ચામડી મુલાયમ બને છે.

- દૂધમાં લીંબુનો રસ મેળવી સવાર-સાંજ ચહેરા પર માલિસ કરવાથી ચહેરો સ્વચ્છ, કોમળ અને ચમકદાર બને છે. આખા શરીરે માલિસ કરવાથી શરીર તંદુરસ્તી ભર્યું બને છે.

- એક શેર પાણીને ઉકાળી ૦ા શેર બનાવી દીધા બાદ તેમાં સરખે ભાગે

ગ્લીસરીન અને લીંબુનો રસ નાંખી એક શીશીમાં ભરી રાખવું અને ખૂબ હલાવી એકસરખું મિશ્રણ કરવું. આનાથી દિવસમાં બે-ત્રણ વાર મોં પર માલિસ કરવાથી મોં પરના ડાઘા અને મેલ નીકળી જાય છે. ઠંડીમાં આ મિશ્રણથી ચામડી તરડાતી નથી અને ગરમીમાં એનાથી ઠંડક રહે છે, આ મિશ્રણથી સ્નો વાપરવાની જરૂર પડતી નથી.

- કેટલાકને ચહેરો સુગંધિત બનાવવા સ્નો વાપરવાની ટેવ હોય છે. તેને બદલે સ્નાન કર્યા બાદ બે ટીપા સુખડના તેલનાં મોં પર ઘસવાથી સુંગંધ આવે છે અને ચામડીને ઠંડક આપે છે.
- અળાઈ થઈ હોય તો હરડે અને ફટકડીનું પાણી બનાવી તે અળાઈ પર રોજ લગાડવાથી તરત ફાયદો થાય છે.
- શિયાળામાં હાથપગની આંગળીઓની વચ્ચે ચળ આવે અને ચામડીમાં ચીરા પડે તો ઘંઉના ભૂંસામાં એક ચમચી મીઠું નાખીને પાણી નવશેકુ ગરમ કરી આ પાણીમાં હાથ પગ રાખીને શેક કરવાથી ચળ મટી જાય છે.

## ઉલટી

- ફુદીનાનો રસ પીવાથી ઉલટી મટે છે.
- રાઈને ઝીણી વાટી, પાણીમાં પલાળી, પેટ ઉપર લેપ કરવાથી ઊલટી મટે છે.
- મરી અને મીઠું વાટીને ફાકવાથી ઉલટી મટે છે.
- તજનો ઉકાળો પીવાથી ઊલટી મટે છે.
- લીંબુ કાપી તેના ઉપર ખાંડ ભભરાવીને ચૂસવાથી અન્નવિકારથી થતી ઊલટી મટે છે.
- શેરડીનો રસ પીવાથી પિત્તની ઊલટી મટે છે.

- એલચી અને તુલસીનાં પાન ખાવાથી ઉલટી મટે છે.
- એલચીના દાણા વાટીને ફાકી મારવાથી અથવા મધમાં ચાટવાથી જીવ ડહોળાતો હોય કે ઉલટી થાય એવું લાગતું હોય તો તે મટે છે.
- લીંબુ કાપી, તેના ઉપર સૂંઠ, સિંધવ-મીઠું નાખી, ગરમ કરી ચૂસવાથી અજીર્ણની ઉલટી મટે છે અને ખાટા ઓડકાર મટે છે.
- એક એક તોલો દ્રાક્ષ અને ધાણા વાટી પાણીમાં એકરસ કરી પીવાથી પિત્તની ઉલટી મટે છે.
- આમલીને પાણીમાં પલાળી તેનું પાણી ગાળીને પીવાથી પિત્તની ઊલટી મટે છે.
- ચોખાના ધોવાણમાં જાયફળ ઘસીને પીવાથી ઉલટી-ઉબકા મટે છે.
- મમરાનો ઉકાળો બનાવી તેમાં ૨-૪ એલચી, ૨-૩ લવિંગ તથા સાકર નાંખી ૫-૭ ઊભરા આવવા દઈ, ઉતારીને ઠંડું પાડી લો, તે પાણી ગાળીને ૧-૨ ચમચી લીંબુ નિચોવીને અથવા બરફનો ટુકડો નાંખીને પીવાથી ઉલટી મટે છે.
- અર્ધો કપ ગરમ પાણીમાં ૧ ગ્રામ ખાવાના સોડા નાંખી પીવાથી ઊલટી મટે છે.
- ગાડી કે મોટરબસની મુસાફરીમાં ચક્કર આવે અથવા ઊલટી થવા માંડે ત્યારે મોમાં લવિંગ અથવા તજ રાખી ચૂસવાથી ચક્કર અને ઊલટી બંધ થાય છે.

## અન્ય ઉપચારો

**૧. લૂ લાગવી :** (૧) કાચી કેરી પાણીમાં ઉકાળી સાકર મેળવી શરબત બનાવી પીવાથી આરામ થાય છે.

(૨) તુલસીના પાનનો રસ ખાંડ મેળવીને પીવાથી આરામ થાય છે.

૨. તુષારોગ : (૧) ધાણા, પાણીમાં પલાળી રાખી, મસળી, ગાળી, તે પાણીમાં ખાંડ નાખી વારંવાર પીવાથી ઉલટી શાંત થાય છે.

(૨) ખાંડને પાણીમાં ઓગાળી પીવાથી તૃષારોગ શાંત થાય છે.

(૩) ટામેટાંના રસમાં ખાંડ ને લવિંગનું ચૂર્ણ મેળવી પીવાથી આરામ થાય છે.

૩. બેહોશી : (૧) મરીનું ચુર્ણ આંખમાં આંજવાથી માણસ બેશુદ્ધ થયો હોય તો તે ચેતનામાં આવે છે.

(૨) મરીનું ચુર્ણ નાકમાં ફૂંકવાથી બેશુદ્ધ માણસને ઘણી છીંકો આવે અને બેહોશી મટે છે.

(૩) કોઈ દર્દને કારણે દર્દીનું શરીર એકદમ ઠંડું પડતું જાય કે નાડી ડૂબતી જાય તો ૧૦૦ ગ્રામ પાણીમાં ૫ ગ્રામ લવિંગનો ભૂકો નાખી ઉકાળી તે પાણીથી દર્દીના હાથપગનાં તળિયાં, છાતી, માથું ગરદન બધે સારી રીતે માલિસ કરવું. આખા શરીરમાં ગરમાવો આવી જશે અને મંદ નાડી તેજ થશે.

૪. જાડાપણું : (૧) એક પાકા લીંબુના રસમાં ચાસણી મેળવીને ચાટવાથી જાડાપણું મટે છે.

(૨) પાકા લીંબુનો રસ અઢી તોલા તથા વીસ તોલા ચાસણી લઈ, સહેજ ગરમ પાણીમાં મેળવી, જમ્યા બાદ તરત પીવાથી એક-બે મહિનામાં જાડાપણું મટે છે.

(૩) તુલસીનાં પાન એકલાં કે છાશમાં ખાવાથી વજન ઘટે છે. શરીરમાંથી ચરબી ઓછી થાય છે અને શરીર સપ્રમાણ બને છે.

૫. વજન વધારાવા : (૧) કોથમીરનો તાજો રસ અને લીંબુ રસ ભેળવી રોજ સવારે પીવાથી લોહી શુદ્ધ બને છે ને વજન વધે

છે.

(૨) ભેંસના દૂધમાં આખા ચણા પલાળી રાખી સવારે ખાવાથી શક્તિ અને વજન વધે છે.

૬. ઝેર (૧) અર્ધો તોલો વાટેલી રાઈ અને અર્ધો તોલો મીઠું ગરમ પાણીમાં પીવાથી ઉલટી થઈ ઝેર બહાર નીકળી જાય છે.

(૨) એકથી પાંચ તોલા જેટલું મીઠું પાણીમાં મેળવીને પીવાથી તાત્કાલિક ઉલટી થઈ ઝેર બહાર નીકળી જાય છે.

(૩) કોઈ પણ પ્રકારનું ઝેર પેટમાં ગયું હોય તો તુલસીનો રસ જેટલો પી શકાય તેટલો પીવાથી ઝેરનો દોષ નીકળી જશે.

૭. વાયુ : (૧) અજમો ગરમ કરી તેના સરખા ભાગે સિંધવ-મીઠું લઈ, વાટી , ભેગું કરી, તેમાંથી ત્રણભાગ જેટલું ગરમ પાણી સાથે લેવાથી કોઠાનો વાયુ મટે છે.

(૨) નાગરવેલનાં પાન અને સરગવાની છાલને એકત્ર કરી રસ કાઢી પીવાથી નળ ફૂલ્યા હોય તો મટે છે.

૮. અંડનો સોજો : (૧) ચણાના લોટને પાણીમાં રગડીને, તેમાં મધ મેળવી અંડ પર લગાડવાથી સોજો મટે છે.

(૨) સિંધવનું ચૂર્ણ ગાયના ઘીમાં મેળવી ખાવાથી સોજો મટે છે.

૯. પિત્ત : (૧) ટામેટાંના સૂપમાં સાકર મેળવી પીવાથી પિત્ત મટે છે.

(૨) શેરડીનો રસ પીવાથી પિત્ત મટે છે.

૧૦. રસોળી : (૧) રાઈ અને મરીનાં ચૂર્ણને ઘીમાં મેળવી લેપ કરવાથી રસોળી મટે છે.

૧૧. તોતડાપણું : (૧) સૂકા આમળાંના ચૂર્ણને ગાયના ઘી સાથે મેળવીને

ચાટવાથી તોતડાપણું મટે છે.

**૧૨. બરો :** (૧) તાવ ઊતર્યા પછી હોઠ પર બરો મૂતરી ગયો હોય તો પાણીમાં જીરૂં વાટી ચોપડવાથી બરો મટે છે.

**૧૩. યાદશક્તિ :** (૧) સવારના સ્નાન કર્યા પછી તુલસીનાં પાંચ પાન પાણીની સાથે લેવાથી મગજની નિર્બળતા દૂર થાય છે અને યાદશક્તિ વધે છે.

**૧૭. થાક :** (૧) લીંબુનું શરબત ખાંડ નાંખીને પીવાથી થાક મટે છે.

(૨) ખૂબ મહેનતનું કામ કરવાથી કે વધુ ચાલવાથી થાક લાગે ત્યારે, ઠંડા પાણીમાં ૨૦ ગ્રામ ગોળ ઓગાળી, તેમાં એલચી દાણા વાટી, પીવાથી થાક દૂર થશે અને શક્તિ આવે છે.

(૩) તાંબાના લોટામાં ભરી રાખેલું પાણી સવારે ઊઠી તરત પીવાથી દસ્ત સાફ આવે છે અને આરોગ્ય સારૂં રહે છે.

**૧૮.અન્ય :** (૧) મરીના બે-ત્રણ દાણા રોજ ખાવાથી કોઈ પણ રોગ થતો નથી.

## ૭૯, યોગાસન

અત્રે બિનઅનુભવી, સાધારણ અનુભવી અને યોગાભ્યાસીઓ માટે ત્રણ ક્રમોન્નત અભ્યાસક્રમો રજૂ કર્યા છે. વૈયક્તિક જરૂરિયાતો અને સમયની સગવડ અનુસાર આમાં ફેરફારો કરી શકાય.

### ૧. પ્રારંભિક યોગાસન

**૧. વજ્રાસન**
૧ - ૩ મિનિટ



**૨. અર્ધ પવનમુક્તાસન**
૧૦ - ૩૦ સેકન્ડ;
૨ - ૪ વખત



**૩. એકપાદ ઉત્તાનાસન**
૧૦ સેકન્ડ;
૪-૬ વખત



**૪. સુપ્ત ભદ્રાસન**
૧૦ - ૩૦ સેકન્ડ;
૨-૪ વખત



**૫. ભુજંગાસન**
૧૦ - ૩૦ સેકન્ડ;
૪ - ૬ વખત



**૬. અર્ધ શલભાસન**
૧૦ - ૩૦ સેકન્ડ;
૫ - ૭ વખત



**૭. પાદહસ્તાન**
૨ - ૧૦ સેકન્ડ;
૪-૫ વખત



**૮. ત્રિકોણાસન (૨)**
૨ - ૩ સેકન્ડ;
૪-૫ વખત



**૯. શવાસન**
સમયાનુસાર;
૫ - ૧૦ મિનિટ



# ૨. મધ્યમ યોગાસન

**૧. વજ્રાસન**
૧ - ૩ મિનિટ
૨ - ૪ વખત



**૨. પૂર્ણ પવનમુક્તાસન**
૩૦ સેકન્ડ;



**૩. ભુજંગાસન**
૩૦ સેકન્ડ;
૪ - ૬ વખત



**૪. પૂર્ણ શલભાસન**
૩૦ સેકન્ડ;
૫ - ૭ વખત



**૫. મકરાસન**
૩ - ૫ મિનિટ
૪ - ૬ વખત



**૬. ઉત્થિત દ્વિપાદાસન**
૧૦ સેકન્ડ;



૭. પાદહસ્તાસન
૧૦-૧૫ સેકન્ડ;
૪ - ૬ વખત



૮. ત્રિકોણાસન (૨)
૪ - ૬ સેકન્ડ;
૪ - ૬ વખત



૯. જાનુશિરાસન
૮ - ૧૦ સેકન્ડ;
૪ - ૬ વખત



૧૦. વક્રાસન
૩૦ સેકન્ડ;
૪ - ૬ વખત



૧૧. હલાસન
૧૦ - ૩૦ સેકન્ડ;



૧૨. ભૂનમન - વજ્રાસન
૧૦ - ૩૦ સેકન્ડ;



**૧૩. વિપરીત કરણી**
૧ - ૩ મિનિટ



**૧૪. પ્રાણાયામ**
૧ - ૩ મિનિટ



**૧૫. શવાસન**
સમયાનુસાર
૫ - ૧૦ મિનિટ



## ૩. ઉચ્ચ યોગાસન

**૧. વજ્રાસન**
૧ - ૩ મિનિટ
૨ - ૪ વખત



**૨. પૂર્ણ પવનમુક્તાસન**
૩૦ સેકન્ડ



### ૩. ભુજંગાસન
૩૦ સેકન્ડ;
૪ - ૬ વખત



### ૪. પૂર્ણ શલભાસન
૩૦ સેકન્ડ;
૫ - ૭ વખત



### ૫. ધનુરાસન
૧૦ - ૩૦ સેકન્ડ;
૪ - ૬



### ૬. મકરાસન
૩ - ૫ મિનિટ



### ૭. તોલાંગુલાસન
૩૦ સેકન્ડ;
૪ - ૬ વખત



### ૮. હલાસન
૩૦ સેકન્ડ;



**૯. પૂર્ણ મત્સ્યેંદ્રાસન**
૧/૨ થી મિનિટ
૪ - ૬ વખત



**૧૦. ત્રિકોણાસન (૨)**
૪ - ૬ સેકન્ડ;



**૧૧. પશ્ચિમોત્તાનાસન**
૧/૨ થી ૩ મિનિટ



**૧૨. ભૂ-નયન-વજ્રાસન**
૩૦ સેકન્ડ;



**૧૩. સર્વાંગાસન**
૧/૨ થી ૧ મિનિટ



**૧૪. મત્સ્યાસન**
૧૦ થી ૩૦ સેકન્ડ



**૧૫. પર્વતાસન**

૧૦ થી ૩૦ સેકન્ડ



**૧૬. શીર્ષાસન**

૩૦ - ૬૦ સેકન્ડ



**૧૭. શવાસન**

૨ થી ૫ મિનિટ



**૧૮. ઉડ્ડિયાનબંધ**

શક્તિ અનુસાર



**૧૯. કપાલભાતિ**

શક્તિ અનુસાર



**૨૦. ઉજ્જાયી**

શક્તિ અનુસાર



૨૧. શવાસન

૫ - ૧૦ મિનિટ



# ૮૦. ગ્રહોની તેજ છાયા

લેખક : રશ્મિકાંત વી. શાહ

## આત્માનો કારક સૂર્ય

ગ્રહ મંડળમાં સર્વ ગ્રહોનાં રાજા તરીકે સૂર્યને ગણવામાં આવે છે. સૂર્ય એ આત્માનો કારક છે. કુંડળીમાં બળવાન સૂર્ય કુંડળીની ઘણી ખામીઓને દૂર કરી છે. જ્યોતિ તરીકે એ આત્મામાં સૂક્ષ્મરૂપે બિરાજે છે. સૂર્ય કાળપુરુષનો આત્મા છે. ઋગ્વેદમાં ઋષિ મુનિઓએ સૂર્યની સ્તુતિ માટે મંત્રોની રચના કરી છે. અને એ રીતે સૂર્યને ઘણું મહત્વ આપ્યું છે. આત્મા નિરાકાર અને નિર્ગુણ હોવાથી તેની ઉપાસના થઈ ન શકે તેથી લોકો સૂર્યની પૂજા કરે છે. સૂર્ય સત્વગુણી હોવાથી સત્વ આપનાર છે.

સૂર્યના અન્ય નામો આ પ્રમાણે પ્રચલિત છે. હેલી, ભાનુમાન, ચંડાંશુ, દિનમણી, સવિતા, રવિ, તિક્ષ્ણાશુ, દિવાકર, વિવસ્વાન, અહસ્કર, ભાસ્કર, ભાનુ, તમોહંતા, પૂષ, અરૂણ, અર્ક, દિનેશ, પ્રભાકર, માર્તંડ, દિનમાન, દિનકૃત, તપન, દીપ્તરશ્મિ, નલિનીપતિ, દિવામણિ,

સૂર્ય પુરુષ ગ્રહ છે. સ્વભાવે ગરમ અને સૂકો છે. ઘણું કરીને મોટા હાડકાવાળો અને મજબૂત શરીરનો હોય છે. ઘણો વિચારવંત, ભેદી, રોફ કરનાર, બધી જ ખરાબ- જુઠી નીતિ તથા અવળી ચીજોને ધીક્કારનારો હોય છે.

આ ગ્રહનો અમલ પુરુષની જમણી આંખ, અને સ્ત્રીની ડાબી આંખ, હૃદય, બરડો, ગુદા અને કમરનાં પાછલા ભાગ પર હોય છે.

હૃદય, પેટ, નર્વસ સીસ્ટમ, આંખ, માથાનો દુઃખાવો, ક્ષય, હૃદયરોગ,

હૃદયના ધબકારા, નજરની ખામી, તાવ, મગજનાં રોગ, ગળા અને મોઢાના રોગ, અજીર્ણ વિગેરે રોગ સૂર્ય અશુભ થાય છે, ત્યારે થાય છે.

સૂર્યનું કારકત્વ - આત્મા, હિંમત, પિતા, હાડકા, મગજ, ગૌરવ, માન-સન્માન, મોભો, આંખ, સ્વાધિનતા, જમીન, સ્વાદ, આત્મ સાક્ષાત્કાર, કડવાશ, દવાવાળા, વૃદ્ધપણું, માનસિક પવિત્રતા, દ્રઢબુદ્ધિ, માનસિક વિકાસ, પ્રયત્નો, ઉષ્ણતા, પ્રભાવ, અગ્નિ, શિવ ઉપાસના, વન, પૂર્વ દિશા, લોહી, વિગેરેના દર્દો મોં, મુસાફરી અને અથડામણો, શાસન,વનમાં ભ્રમણ, પિત્ત, શિરદર્દ, ગુસ્સો, સોનું, તાંબુ, રાજા, રક્ત, ઉમદાપણું, અધિકાર, જ્ઞાન, વૈદ્યકીય અગર, ડોકટરી જ્ઞાન, કાંટાળા વૃક્ષ, ઘરેણા, સામાજિક પ્રવૃત્તિઓ, ઢોર-ઢાંખર, સોની, ધીરધાર કરનાર, ઈશ્વરપણુ. સચ્ચાઈ, અધિકાર, તર્કશાસ્ત્ર, પ્રાર્થનાની જગ્યા, રાજકીય સત્તા, મનુષ્યનું ખમીર વિગેરે ઉપર સૂર્યનું કારકત્વ છે.

દરબારગઢ, મહેલો, નાટક શાળાઓ, જમવાના ઓરડા, મોટા દિવાનખાના, જાહેર દમામદાર ભભકાવાળી જગાઓ, રાજાનું આસન, વગેરે સૂર્યથી જોવાય છે.

રાજા, રાજકુંવર, ગવર્નર, મેજીસ્ટ્રેટ, દરબારી, નવાબ, સોની, કંસારો, પિત્તળનો સામાન બનાવનાર, શેરીફ, કમિશ્નર, મોટા રાજવંશી, પૈસાવાળાનો કારભારી, ગૃહસ્થ, મેયર વિગેરે અંગે સૂર્યથી સમજાય છે.

એક રાશિમાં સૂર્યનું પરિભ્રમણ ૩૦ દિવસનું હોય છે. સિંહ રાશિનો માલિક થાય છે. કૃતિકા, ઉત્તરા ફાલ્ગુની, ઉત્તરષાઢા નક્ષત્રો સૂર્યના નક્ષત્રો છે. એક નક્ષત્રમાં સૂર્ય ૧.૪ દિવસ રહે છે. ભાગ્યોદયનું વર્ષ ૨ ૨ મું હોય છે. વિશોંતરી દશામાં સૂર્યની મહાદશા ૬ (છ) વર્ષની હોય છે.

સૂર્ય ક્ષત્રિય છે. દિવસે બળવાન સૂર્યનું નંગ માણેક છે. દેવાલયમાં રહે છે. વસ્ત્ર જાડું. વૈદ્યક વિદ્યાનો જાણકાર

ચંદ્ર - મંગળ - ગુરુ- તેના મિત્રો છે. શનિ - રાહુ - શુક્ર તેના શત્રુ છે. સૂર્ય પાપગ્રહ ગણાય છે.

સૂર્ય ધન રાશિમાં આવતાં મિનાર્ક ગણાય છે. છે.સૂર્ય મીન રાશિમાં આવતાં મિનાર્ક ગણાય છે. જેમાં શુભ કાર્યો કરવા અનિષ્ટ ગણાય છે. સૂર્ય ૧૪ જાન્યુઆરીએ ઉત્તર અયનમાં દાખલ થાય છે. જે ઉત્તરાયન ગણાય છે. તેમાં છ માસ રહે છે. બાકીના છ માસ દક્ષિણ અયનમાં રહે છે.

# ચંદ્ર

આકાશ મંડળમાં શોભામય બે ગ્રહો - સૂર્ય અને ચંદ્ર મનનો કારક છે. માનવજીવનમાં રોજ-બરોજ બનતાં સુખ-દુઃખ-આઘાત-હતાશા-આનંદ વગેરે તાત્કાલિક અસર કરતાં બનાવો ઉપર ચંદ્ર અસર કરે છે.

ચંદ્ર સત્વગુણી છે. સ્ત્રી ગ્રહ છે. એક રાશિમાં ચંદ્ર સવા બે દિવસ પરિભ્રમણ કરે છે. શુભ ગ્રહ ગણાય છે. વૈશ્ય વર્ણનો ગણાય છે. જળ તત્વ છે. રાત્રિએ બળવાન. ચંદ્રનું નંગ મોતી છે. જે ધારણ કરવાથી હતાશા - ચંચળતા ઘટાડે છે. વસ્ત્ર નવું પહેરે છે. જયોતિષ વિદ્યાનો જાણકાર. કર્ક રાશિનો માલિક છે.

ચંદ્ર ગુરુવારે પુષ્ય નક્ષત્રમાં આવતાં ગુરૂ પુષ્યયોગ રચાય છે. જે યંત્રો બનાવવા તથા શુભ કાર્યો કરવામાં ઘણો મહત્વનો ગણાય છે. આ રીતે સૂર્યથી રવિ પુષ્યયોગ રચાય છે. સમુદ્રમાં ભરતી અને ઓટ ચંદ્રને લીધે થાય છે.

સૂર્ય-મંગળ-ગુરૂ તેનાં મિત્ર ગ્રહ છે. શનિ-રાહુ-શુક્ર તેનાં શત્રુ છે. ભાગ્યોદય વર્ષ ૨૪ છે.

ચંદ્રના અન્ય નામ આ પ્રમાણે પ્રચલિત છે. સૌમ્ય, નક્ષત્રનાથ, શીત, ઈન્દુ, શશી, સુધાકર, હિમાંશુ, સોમ, શીતદ્યુતિ, ઉડુપતિ, ગ્લૌ, મૃગાંક વિગેરે.

ચંદ્રનું કારકત્વ ★ મન, બુદ્ધિ, ચંચળતા, સુંદરતા, સૌમ્યતા, સુગંધ, ફૂલ, આળસ, મનોભાવ, સ્ત્રી, નિંદ્રા, લોહી, પાણી, દરિયો, સુખ, જળ તત્વ પ્રધાન વસ્તુ, ચાંદી, યાત્રા, કુવો, તળાવ, માતા, સફેદ રંગ, મોતી, તટસ્થતા, ઢીંગુજીપણુ, ક્ષય, મધ્યાન્હે, રાત્રિ, કાંસુ, કમ્મરપટો, શરદઋતુ, હીરો, ૪૮ મિનિટનો ગાળો, મુખકાંતિ, ઉદર, મધ, ગૌરીભક્તિ, ઘંઉ, ભવ્યતા, તપસ્વી, ત્વરિત વિચાર શક્તિ, પશ્ચિમ દિશા, નોકરી મેળવવા માટે, મધ્યવય, વિદ્વાન, પરદેશગમન, ખભાનો દુઃખાવો, સારા ફળફળાદિ, શુદ્ધ સ્ફટિક, રેશમી કપડાં - વસ્ત્ર, નરમ વસ્ત્ર, સૂર્ય, મણી, કફ જન્ય રોગ, વાયવ્ય ખૂણો, પુષ્ટિ વિગેરે ઉપર ચંદ્રનું કારકત્વ છે.

ચંદ્રનો અમલ મગજ, પેટ, આંતરડા, પુરુષની ડાબી અને સ્ત્રીની જમણી આંખ ઉપર હોય છે.

ગાંડપણ, નિદ્રાનાશ, ભગંદર, જલંદર, આંતરડાની બિમારી, નાના બાળકોની દરેક પ્રકારની બિમારી, સંધીવા કે અન્ય વા, સંગ્રહણી, દમ, ઝાડા, માનસિક નબળાઈ વિગેરે ચંદ્રથી જોઈ શકાય છે.

માછીમાર, યાત્રા અંગેનો ધંધો કરનાર, ખલાસી, દારૂવાળો, સમુદ્રને લગતી કાર્યવાહી કરનાર અધિકારી, સ્ત્રી ટાઈપીસ્ટ, ઘોડાવાળો, મુસાફરી કરનારો, મોતીનો ધંધો કરનાર, આયા, શિકારી, કોઈ પણ વ્યવસાય કરનારી સ્ત્રી, રાણી, ભાડુતી ગાડીવાળો, વેશ્યા સ્ત્રી, ઉચ્ચ અધિકારી, ઉચ્ચ ગૃહસ્થ, સ્ત્રીઓને લગતા કાર્ય વગેરે ચંદ્રથી જોવાય છે.

ચંદ્ર ૨૭ દિવસ ૭ કલાક ૪૩ મિનિટમાં રાશિ મંડળની બારે રાશિઓનું પરિભ્રમણનું પૂરુ કરે છે. એક નક્ષત્રનું પરિભ્રમણ એક દિવસમાં પૂરુ કરે છે. રોહિણી, હસ્ત અને શ્રવણ નક્ષત્રો ઉપર ચંદ્રનું આધિપત્ય છે. વિંશોતરીમાં ચંદ્રની મહાદશા દશ વર્ષની હોય છે.

## મંગળ

સૂર્ય આત્મા, ચંદ્ર મન, આ બંનેને કાર્ય કરવા માટેનું ભૌતિક બળ એટલે મંગળ, આકાશમાં રતુંબડો ચળકતો તારો એટલે મંગળ. સૂર્યની આજુ બાજુ તે ૬૮૭ દિવસમાં એકવાર ફરી રહે છે. પૃથ્વીથી બીજા ગ્રહો કરતાં મંગળ ઘણો જ નજીક છે. એક રાશિમાં મંગળનું પરિભ્રમણ દોઢ માસનું આશરે હોય છે.

મંગળ ગ્રહ ગરમ, ગુસ્સાવાળો, જાતિએ પુરુષ, ઝનુની તત્વોથી ભરેલો, દેખાવે ઝનુની, મધ્યમસરનો સારો બાંધો હોય, બહાદુર, આંખો તેજદાર દેખાવનો હોય છે.

મંગળ પ્રધાન વ્યક્તિ નિડર હોય છે. તેઓને કોઈના સૂચનો પસંદ આવતા નથી. સંગ્રામનો સેનાપતિ હોય છે.

લોહિતાંગ,ભૌમ, ક્ષિતિજ, રુધિર, કર, કુજ, વક્ર, આર, અંગારક, ક્રૂરનેત્ર વગેરે મંગળના વિશિષ્ટ નામ છે.

શરીરના સ્નાયુઓ, જનનેન્દ્રિયની બહારની પરિસ્થિતિ, ડાબો કાન, મોઢું અને માથુ, સ્વાદ અંગેની સમજણ, પિત્તાશયની બાજુમાં આવતી બ્લેડર, ગર્ભાશય, કીડનીનો અમુક ભાગ, ગુદાનો અંદરનો નળાકાર, મુત્રાશયની થેલી વિગેરે ઉપર મંગળનું આધિપત્ય છે.

બળીયા, ઓરી, અછબડા, લોહી વિકાર, ગૂમડાં, પ્લેગ, ધગધગતો તાવ, ચેપી રોગો, લોહી ઝરતા ઘા, વાઢીયા, મગજનો તાવ, દાઝયાના ડામ, રક્તવાહીનીઓની તકલીફ, મસાથી થતા ભગંદર, ટાઈફોઈડ તાવ, આંતરડાના ચાંદા, મેલેરિયા, લોહીવા, સ્નાયુઓનો લકવા, એપેન્ડીસાઈટીસ, ટ્યુમર, પાકી

જઈને ઝેર વ્યાપવું, ધનુર વિગેરે દૂષિત મંગળને કારણે થાય છે.

પોલિસ, બંદૂક અંગેના કાર્યો, તોપ, લશ્કર, પોલિસખાતું, શિકાર, દાંતના ડોકટરો, વાઢકાપના ડોકટરો, લોખંડ, સ્ટીલ, રસોડા, બોયલર, રસાયણીકો, વાળંદ, ભઠ્ઠી તેમજ વરાળથી ચાલતા એન્જિનો, રાતી ચીજો, ચોર, લૂંટારા, ધાડપાડુઓ વગેરે મંગળના ક્ષેત્ર નીચે આવે છે.

મંગળ તમોગુણિ, ક્ષત્રિય અને પાપગ્રહ છે. મેષ અને વૃશ્ચિક રાશિનો માલિક છે. આયુષ્યનો ઘાતક છે. મૃગશીર્ષ, ચિત્રા, ધનિષ્ઠા નક્ષત્ર મંગળનાં નક્ષત્રો છે. ભાગ્યોદય વર્ષ ૨૮ છે. સ્વભાવે ક્રૂર છે. રહેવાનું સ્થળ દેવતામાં છે. ધાતુ સોનું છે. દક્ષિણ ખૂણાનો કારક છે. રાત્રિએ બળવાન. મંગળનું નંગ પરવાળું હોય છે. વિંશોતરીમાં મંગળની મહાદશા સાત વર્ષની હોય છે. એક નક્ષત્રમાં પરિભ્રમણ કરતાં આશરે ૨૦ દિવસ થાય છે.

મંગળનું કારકત્વ ★ પરાક્રમ, ભાઈ, યુદ્ધ, શસ્ત્ર, શત્રુ, વિરોધ, ઉદારતા, ધૈર્ય, અગ્નિ, પિત્ત, સોનું, દક્ષિણ દિશા, શૌર્ય, ઉષ્ણતા, લાલ રંગની વસ્તુઓ, તલવાર, ભાલો, યુવાવસ્થા, પૃથ્વીતત્વ, ગ્રીષ્મ ઋતુ, સુવર્ણકાર, ધનુવિદ્યા, લોહી, હાડકાની ચરબી, સામવેદ, ચિત્તની ચંચળતા, તાંબુ, કટુ રસ, માંસ ભક્ષણ, શત્રુ વિજય વિગેરે ઉપર મંગળનું કારકત્વ છે.

પાયલોટ, દવા, રસાયણ, સાયકલો તથા તેના સ્પેર પાર્ટ વેચનાર, સૈનિક, લોખંડ, એન્જીનીયર, ડોકટર, ડ્રાયવર, યુદ્ધની મશીનરી વેચનાર, સર્જન, કેમીસ્ટ, હજામ, ચમાર, કસાઈ, મોટર પાર્ટસ વેચનાર તથા રીપેર કરનાર, રસોઈયો, ચોરી કરનાર વિગેરે મંગળથી જોવાય છે.

જન્મકુંડળીમાં મંગળ ૧લે - ૪થે - ૭મે - ૮મે અને ૧૨મે હોતાં મંગળદોષ માનવામાં આવે છે. મંગળ-ચંદ્રનો સંબંધ થતાં માંગલ્ય કે લક્ષ્મીયોગ મનાય છે. મંગળ એ લગ્નમાં વિલંબિતનો કારણ નથી બનતો પણ મારક બને છે.

## બુધ

બુધ એ સૂર્યથી અતિ નજીકનો સૌથી નાનો અને સૌથી હલકા વજનનો ગ્રહ છે. સૂર્યની આસપાસ એક પરિભ્રમણ ૮૮ દિવસમાં કરે છે. બુધ કુમાર અવસ્થાનો ગ્રહ છે. માટે વિદ્યાર્થી અવસ્થામાં વિદ્યાભ્યાસનો, બુદ્ધિનો, યાદશક્તિનો, વિદ્યાનો કારક બુધ બને છે.

સૌમ્ય, તારા તનય, વિધ, બોધન, ઈન્દુપુત્ર એ બુધના નામ છે.

બુધ બહુરૂપી જેવો છે. જે ગ્રહને તે સંગ કરે છે. તેવો તે બને છે. શુભગ્રહ સાથે શુભ અને અશુભ ગ્રહ સાથે અશુભ. બુધ પોતે નપુંસક ગ્રહ છે. સૂર્ય અને બુધની વચ્ચેનું અંતર કદી પણ ૨૫ ડીગ્રીથી વધતુ નથી.

કોઈ પણ ધ્યેય વગરના વાતોડીઆ, ભટકી ગયેલા અને દાધારંગા લાગતા અસ્થિર અને બણગાખોર વ્યક્તિ પ્રબળ દૂષિત બુધની અસર નીચે આવેલા હોય છે.

સપ્રમાણ લાંબુ સશક્ત શરીર, લાંબા અને સપ્રમાણ હાથ, સૂચક આંખ અને કાળા વાળ, ધ્રુજારી ભર્યો અવાજ, ઉતાવળી ઝટપટ ચાલવાળા અને પોતાની ઉંમર કરતાં નાના લાગતા હોય છે.

બુધ કરતાં સૂર્યના અંશ વધારે હોય એ જાતક વધુ બુદ્ધિશાળી હોય છે.

બુધનો અમલ ખાસ કરીને વાણી અને જ્ઞાનતંતુ સાથે છે. નબળા બુધને કારણે બોલવામાં તોતડાવું, કાનની બહેરાશ વગેરે રોગો થાય છે.

દૂષિત બુધવાળી વ્યક્તિઓમાં ગાંડપણ, લુચ્ચાઈ, નનામા પત્રો લખવા, મહાન ખોટા બોલા, અભિમાની, આંડબરખોર, પોતાની મોટાઈનું પ્રદર્શન છોકરડા વેડાથી અને બેઢંગી રીતે કરતાં હોય છે. કોઢ કે ત્વચાના રોગ પણ થાય છે.

બુધનું કારકત્વ ★ જ્ઞાનતંતુ, સંદેશા વ્યવહાર, ડહાપણ, ગણિત, શિક્ષણ, વાણી, તિજોરી, હિસાબ, લખાણો, લીલો રંગ, સ્થાપત્ય, શિલ્પ, જ્યોતિષ શાસ્ત્ર, વડપણુ, વિદ્યા, નપુંસક્તા, વ્યાપાર, ત્વચા, નવા વસ્ત્રો, વિષ્ણુની ભક્તિ, બુદ્ધિ, જ્ઞાન, વૈરાગ્ય તંત્ર, તીર્થયાત્રા, ઉત્તરદિશા, નમ્રતા, ભય, ભક્તિભાવ, વ્યંગ અને મશ્કરાપણુ, લુચ્ચાઈ, જમીન તથા આકાશની મુસાફરીઓ, ઉદ્યોગો, વ્યાપારી, બગીચા, સ્કોલરશીપ, ચુનાનો પથ્થર, વહાણવટુ, ભાષા અને કુશળતા, પુસ્તક વિક્રેતા, વાણી ચાતુર્ય, વણાટકામની આવડત, માનસશાસ્ત્ર, નાગરવેલના પાન, મંત્રીપદ, ધનસંચય, કુટુંબવૃદ્ધિ, હાસ્ય, શૂલરોગ, કર્મકાંડ, વ્યાકરણ, પરીક્ષા, તાંત્રિક વિદ્યા, દુઃસ્વપ્ન, મામા, નૃત્ય, ઘોડો, દૂત, કવિ, શબ્દશાસ્ત્ર, શિક્ષણની સફળતા, વાતરોગ વિગેરે ઉપર બુધનું કારકત્વ છે.

યાદશક્તિ, સમજશક્તિ, વાણી પ્રભાવ, તર્ક, બુદ્ધિ, વાર્તાલાપ, શૈક્ષણિક સામર્થ્ય વિગેરે ઉપર બુધનું વર્ચસ્વ છે.

લેખક, શિક્ષક, પ્રાધ્યાપક, સંદેશા પંહોચાડનારા, ખગોળશાસ્ત્ર, અને જ્યોતિષનો જ્ઞાતા, વિમા એજન્ટ, તંત્રી, પત્રકાર, કારકુન, દલાલ, એકાઉન્ટન્ટ, સેક્રેટરી, ટાઈપીસ્ટ, પુસ્તક વિક્રેતા, વ્યાજે નાણાં ધીરનાર વિગેરે બુધના વ્યવસાય છે.

બુધ શુભ ગ્રહ ગણાય છે. એક રાશિમાં આશરે ૨૫ દિવસમાં પરિભ્રમણ પુરુ કરે છે. એક નક્ષત્રનું પરિભ્રમણ કરતાં બુધને ૮ અગર ૯ દિવસ લાગે છે. બુધનું ભાગ્યોદય વર્ષ બત્રીસ વર્ષ ગણાય છે. આશ્લેષા, જયેષ્ઠા, રેવતી, નક્ષત્રનો માલિક છે. વિશોત્તરીમાં બુધની મહાદશા ૧૭ વર્ષની હોય છે. ચંદ્ર બુધનો શત્રુ છે. સૂર્ય, શુક્ર, રાહુ તેના મિત્ર છે. મંગળ, ગુરુ, શનિ સાથે શત્રુતા છે. બુધનું નંગ પાનુ છે.

બુધ-શુક્ર યુતિ લક્ષ્મીયોગ કરે છે. બુધ-ગુરુનો યોગ જાતકને પંડીત સમાન બનાવે છે. બુધ-શનિની યુતિ દ્રારિદ્રયોગ કરે છે. બુધ-ચંદ્ર યુતિથી જાતકની યાદશક્તિ તીવ્ર હોય છે. બુધ-મંગળની યુતિ જાતકને નિર્ધન બનાવે, જો ૨-૬-૮-૧૨માં હોય તો.

## ગુરૂ

ગુરૂ અગ્નિ તત્વવાળો, સુખી, પરગજુ, ફળદાયક, સ્નાયુબદ્ધ, આનંદી સ્વભાવનો, ઉત્સાહી, આશાવાદી, ખર્ચાળ, હંમેશા સવળી બાજુ જોનારા, પ્રતિષ્ઠિત હોય છે. દરેક કાર્યમાં પ્રમાણિકતા અને ઉદારતા આગળ પડતી દેખાઈ આવે છે. ભણતર બાબતમાં ગુરુ જ પ્રભુત્વ ધરાવે છે.

જીવ, સૂરિ, વાકૃપતિ, મંત્રી, દેવગુરુ, વાચસ્પતિ, અંગીરા, ઈન્દ્રમંત્રી, વધી, સૂરગુરુ, ઈજય, ત્રિદિવેશ, અંગિરાસૂનું, દેવેજય. પ્રશાંત, સુરેય, વિગેરે ગુરુના અન્ય નામો છે.

કાયદો, નાણાંનિગમ, વેપારી પેઢીઓનો વહીવટ, ધર્મ, તર્કશાસ્ત્ર, વકીલ, મુદ્રક, પુસ્તક, પ્રકાશક, ન્યાયાધીશ, અર્થશાસ્ત્ર, નાણાની લેવડ-દેવડ, સંશોધક, બેરીસ્ટર, ધર્માધિકારી, અધિકારી, પ્રોફેસર, આજીવિકા, ધનપ્રાપ્તિના સાધનો, ધર્મમયતા, વિગેરે ગુરુથી જાણી શકાય છે.

જાંઘ, નિતંબ, લિવર, જમણો કાન, કીડની, નસો, પિત્તાશય વિગેરે અંગો ઉપર ગુરુનું પ્રભુત્વ હોય છે.

લિવરની બિમારી, જળોદર, મંદાગ્નિ, હર્નીયા, ચામડીના કફજન્ય રોગો, વાતરોગ, કાનના રોગ, કમળો, કફ, મૂર્છા, ગુલ્મ, આંતરડાનો રોગ, મંદાગ્નિ વિગેરે ગુરુનાં રોગ છે.

ગુરુનું કારકત્વ ★ દેવ, ગુરુ, બ્રાહ્મણ, જ્ઞાન, વિદ્યા, યજ્ઞ, શાસ્ત્ર, દેવાલય, ધર્મ, શુભ કાર્ય, ન્યાય, શાસ્ત્રો, રાજનીતિ, વિવેચન, રાજ્યાશ્રય, વેદોનું જ્ઞાન, ભાગ્ય, પુત્ર, કીર્તિ, દીક્ષા, દર્શનશાસ્ત્ર, લેખન, પ્રકાશન, ગ્રંથ લેખન, ગ્રહણશક્તિ, મંત્રી, તીવ્ર બુદ્ધિ, ઘી, યાદશક્તિ, વ્યાખ્યાતા, કર્મયોગ, જ્ઞાન યોગ, વસ્ત્ર, ગૃહ, મિત્ર, સુખ-સમૃદ્ધિ, રાજ્યકૃપા, તત્વવિચાર, શાંતિ, વિદ્યાપીઠ, સંસદ, કારખાનાનો માલિક, ડોકટર, ઉપકુલપતિ વિગેરે ઉપર ગુરૂનું કારકત્વ છે.

ધન અને મીન રાશિનો માલિક એવો ગુરુ ૩૦ વર્ષનો યુવાન અને શુભ ગ્રહ ગણાય છે. પુનર્વસુ, વિશાખા, પૂર્વાભાદ્રપદ નક્ષત્રો ગુરુના છે. વિશોત્તરી મહાદશામાં ગુરુના ૧૬ વર્ષ છે. એક નક્ષત્રમાં પરિભ્રમણ કરતાં આશરે ૧૬૦ દિવસ લાગે છે. એક રાશિમાં પરિભ્રમણ પૂરું કરતાં ૧૩ માસ લાગે છે. ભાગ્યોદયનું વર્ષ ૧૬ છે. સૂર્ય - ચંદ્ર - મંગળ એ ગુરુના મિત્રો છે. શનિ અને રાહુ સમ છે. તથા બુધ-શુક્ર તેનાં શત્રુ છે.

ચંદ્રથી કેન્દ્રમાં ગુરુ હોતા ગજકેસરી નામનો ભાગ્યકારક યોગ બને છે. ગુરુ સ્વગ્રહી હોતા હંસયોગ બને છે. સાથે ઉચ્ચનો કે કેન્દ્રમાં હોય ત્યારે પણ આ યોગમાં ફળ મળે છે.

## શુક્ર

સૂર્યથી વધુમાં વધુ ૪૮° દૂર રહેતો અને સૂર્યાસ્ત પછી ૩ કલાક અને ૧૨ મિનિટે આકાશમાં દેખાઈ આવતો ચળકતો સુંદર તારો એટલે શુક્રનો ગ્રહ છે. પ્રણયની દેવી તરીકે ઓળખાતો આ ગ્રહ લગ્ન, પ્રેમ, મોજમઝાહ અને સૌન્દર્યનો ખાસ કારક છે. જીવનનો સાચો ભરપૂર આનંદ શુક્રનો આભારી હોય છે.

સ્ત્રી પ્રકૃતિનો ગ્રહ વૃષભ તેમજ તુલા રાશિનો માલિક ગણાય છે.

શુક્રપ્રધાન વ્યક્તિ કુટુંબને પ્રણયની પ્રેમની લાગણીની એક પાતળી દોરીથી બાંધીને રાખે છે. એને પ્રેમમય વાતાવરણ જ ગમે છે. કુદરતી વાતાવરણ અને સૌન્દર્યનાં શોખીન હોય છે.

શુક્ર પ્રાધાન્ય વ્યક્તિઓની સરેરાશ ઊંચાઈની ભરાવદાર શરીરવાળી હોય

છે. તેમનો ચહેરો ગોળ અને ફૂલેલો હોય છે. તરી આવે એવી આકર્ષક આંખો, અણીયાળુ મરોડદાર નાક તેમજ કાળા - ઘાટા - ચમકીલાવાળ, મધુર સ્મિત ભર્યો ચહેરો હોય છે.

આંખો, ગળુ, દાઢી, ગાલ, કીડની, જનન ક્રિયાના અવયવો, હોઠ, વીર્યસ્થાન, અશુદ્ધ લોહી લઈ જનારી રક્તવાહિની, પ્રજનન અવયવો વિગેરે ઉપર શુક્રનું વર્ચસ્વ હોય છે.

શુક્ર દૂષિત હોય કે થાય ત્યારે આંખોની તકલીફ, સ્ત્રીઓના ઋતુસ્ત્રાવની અનિયમિતતા તથા ચીકણા સ્ત્રાવની તકલીફો, કીડની બગડવી, વીર્યપાતની તકલીફો, સ્વપ્નદોષ, શરીરનું ધોવાવું, ગુદાની થેલી, ગૃહ્ય ભાગોમાં કેન્સર વિગેરે રોગો થાય છે.

ભૃગુસુત, કવિ, ભાર્ગવ, કાવ્ય, સિત, અચ્છ, દૈત્યગુરુ, રત્ન, પુંડરીક, કામ, અચ્છારસ્ફુરજીત, આસ્ફુજીત વિગેરે શુક્રના પર્યાય નામ છે.

પતિ, પત્નિ, જાતીયવૃતિ, કામસુખ, શરીરધાતુ, ઓજસ, રતિક્રીડા, શયન, શયનખંડ, વસ્ત્ર, આભૂષણ, લાગણી, મૃદુતા, ચોખા, ચંદન, શણગાર, સંગીત, સૌન્દર્ય, ધંધાની ભાગીદારી, સાહિત્ય, કળા, નૃત્ય, કાવ્ય, માયાળુપણું, રત્ન, હીરો, લેખન, અગ્નિ દિશા, કસ્તુરી, સફેદ, વસ્તુઓ, પરસ્પરનાં સંબંધમાં પ્રેમ અને સંવાદિતા, નાટયગ્રહો, સિનેમાગૃહ, બગીચાઓ, જમવા, માટેનો ઓરડો, વહાણ બનાવવાની જગ્યાઓ, વિમાનઘર, કેમીકલ ઉદ્યોગની જગ્યા, અબરખની ખાણો, કાચના ઉદ્યોગના સ્થાનો, રેશમ, રેયોન, ફળફૂલની વાડીઓ, ફૂવારાઓ, અગરબત્તી બનાવવાની જગ્યા, સંગીતના સાધનો બનાવવાની જગ્યા, નાચગાન થતી જગ્યાઓ, વાહન બનાવવાના કારખાનાઓ વિગેરે ઉપર શુક્રનું કારકત્વ રહેલું છે.

મુક્ત વેપારી બજારો, શાંતિની લડતની પરિસ્થિતિ, મોંઘા શોખના કાપડ ઉદ્યોગ માટેની વિકાસ યોજનાઓ, સ્ત્રીઓના ઉત્કર્ષ તેમજ શૃંગારના સાધનો, કલાકારો, એકટરો, ગાયકો, વાદકો, રેલ્વે, ટ્રાન્સપોર્ટ, વહાણવટા વિગેરે ઉપર શુક્રનો સંપૂર્ણપણે કાબૂ છે.

સુખડનું તેલ, સ્ત્રીઓની હોઝીયરી, ફળફળાદી, ખાંડ, શોખની ચીજ વસ્તુઓ, રબર, નાની મોટરો, ભરતકામની વસ્તુઓ, સીવવાં તથા ભરતગુંથણના સંચાઓ, સંગીતના સાધનો, રેડીયો, પેટ્રોલ, સુખડનું લાકડું, બદામ,

આસોપાલવના ઝાડ, સફરજન, તેજાના, ભરતકામની વસ્તુઓ, તજ, લવીંગ, કેસર, કસ્તુરી, બરાસ, રસની કેરીઓ, તમાકું, ગુંથણના સંચાઓ વિગેરે શુક્રનું ઉત્પાદન છે.

ઉપર જણાવેલ ચીજ વસ્તુ સાથે સંકળાયેલા ધંધાઓ તેમજ ઝવેરીઓ, વાદ્ય વગાડનારા, ગાનારાઓ, એકટરો, નાચનારાઓ, દરજી, શણગારના કામમાં પડેલા, રંગનારાઓ ચા - કોફી તેમજ રબરના ઉદ્યોગોમાં કામ કરનારાઓ, ઢોર તેમજ ફળફૂલ ઉછેરનારા, રમતગમતના ખેલાડીઓ, ચશ્મા બનાવનાર તથા વેચનાર વિગેરે શુક્રથી જોવાય છે.

લગ્નનો કારક શુક્ર છે. લગ્નજીવનમાં મતભેદ શુક્ર દૂષિત હોય ત્યારે સર્જાય છે. જાતીય સુખનો અભાવ શુક્રને લીધે સર્જાય છે. વિશ્વાસપાત્ર-લાગણીશીલ-પ્રેમાળ જીવનસાથી શુક્ર સારો હોય ત્યારે મળે છે.

એક રાશિમાં શુક્રનું પરિભ્રમણ એક માસનું હોય છે. અગિયાર દિવસમાં તે એક નક્ષત્રનું પરિભ્રમણ પૂરું કરે છે. શુક્રનું ભાગ્યોદય વર્ષ ૨૫ છે. ભરણી, પૂર્વા ફાલ્ગુની અને પૂર્વાષાઢા નક્ષત્રો શુક્રના છે. વિંશોતરી મહાદશા શુક્રની ૨૦ (વીસ) વર્ષની હોય છે. બુધ - શનિ - રાહુ એ શુક્રના મિત્રો છે. મંગળ - ગુરુ સમ છે. સૂર્ય - ચંદ્ર તેનાં શત્રુ છે. શુક્રનું નંગ હીરો છે.

## શનિ

સૂર્યનો પુત્ર મનાતો અને શિશિર ઋતુનો માલિક, દરેક રાશિમાં ૩૦ માસ રહેતો, પૃથ્વી કરતાં કદમાં ૭૦૦ ગણો મોટો અને ગુરૂ કરતાં નાનો એવો પાપગ્રહ એટલે શનિગ્રહ છે.

સૂકો, રક્ષણાત્મક સ્વભાવવાળો, મનનો મેલો, મીંઢો, નાસીપાસ થતો, ગુપ્તતાના સિધ્ધાંતવાળો, ઠંડો, વાંઝીયો, બંધનનો કારક, કઠણ આ ગ્રહ છે.

શનિ પ્રાધાન્ય વ્યક્તિઓને ગરમ પીણા તથા ઊની ગરમ વસ્તુઓ પસંદ હોતા નથી. ઠંડી વસ્તુમાં વધારે રસ હોય છે. ભૂખ્યા રહી, શરીરને કષ્ટ આપી, આરામદાયી વસ્તુઓનો ત્યાગ કરી આત્મ નિગ્રહમાં માને છે. બીજાએ કરેલી મહેનતનો ખોટો લાભ લેતો નથી. ધીરજવાળો, કંજૂસ, કરકસરીયો, રૂઢિચુસ્ત, વ્યવહારદક્ષ, ઊંડી કલ્પનાવાળો, ઈર્ષાવાળો, વહેમી હોય છે.

હાડકા, શરીર ઉપરના તથા માથાના વાળ, કાન, દાંત તથા પેટના વાયુ

વિગેરે શનિના આધિપત્યમાં છે.

હાડકાં ભાંગવા, ટાલ, પડવી, માથાના વાળ ખરવા, દાંત પડી જવા, બળીઆ, ઓરી, અછબડા , કેન્સર, સાંધાના દુઃખાવા, વગર જોઈતા ઓપરેશન, મગજમાં લોહીનો સ્ત્રાવ થવો, દરાજ, કોઢ વગેરેમાં શનિ કારણ ભૂત છે.

લાંબા સમય સુધી ના મટે અગર જેને મટતાં વાર લાગે તેવા દર્દો પણ શનિથી રચાય છે.

વિજ્ઞાન અને શોધખોળો માટે બાંધવામાં આવેલા મોટા મોટા મકાનો, કાયદાની કોર્ટ, મજૂરોના હિતાર્થે બાંધવામાં આવેલી સંસ્થાઓ, સ્વાતંત્ર્યને રૂકાવટ કરતા હુકમો, લોકસભામાં થતી ઉથલ પાથલો વિગેરે શનિથી જોવાય છે.

પેટ્રોલ, ઘાસલેટ, પેટ્રોલની પેદાશો, કોલસો, ખાણો, સીમેન્ટના મોટા પાઈપો, ખણીયાઓ, કલાઈ, સીસું, જર્મન સીલ્વર, લોંખડ તથા તેમાંથી બનતી વસ્તુઓ, પત્થર, રેતી, ખનિજ, ચામડા, જૂની વસ્તુઓ, ભંગાર, મિલ મજૂર, ગોવાળ, ઢોર, વિગેરે શનિના કારકત્વ છે.

હડતાલ, ધરતીકંપ, દુષ્કાળ, નદીઓમાંથી પુરથી થતાં નુકશાનો અને તેના તરફનું દુર્લક્ષ, રખડતા-ભટકતા, લોકોનાં ટોળા, પ્રજા, મજૂરવર્ગ, વાહન વ્યવહાર અંગેની અડચણો, હથિયાર, દારૂગોળો વિગેરે માટે શનિ જવાબદાર છે.

ભાગ્યોદયનું વર્ષ ૩૬ છે. બુધ-શુક્ર-રાહુ મિત્ર છે. ગુરુ સમ છે. જયારે સૂર્ય-ચંદ્ર-મંગળ એ શનિના શત્રુ છે. એક રાશિમાં પરિભ્રમણ ૩૦ માસમાં પુરુ કરે છે. એક નક્ષત્રનું પરિભ્રમણ પુરુ કરતા ૪૦૦ દિવસ લાગે છે. પુષ્ય, અનુરાધા અને ઉત્તરાભાદ્રપદ નક્ષત્રો શનિના છે. શનિની પનોતિ સાડાસાત વર્ષની હોય છે. શનિ કેન્દ્રમાં, ઉચ્ચનો સ્વગ્રહી હોતા શશકયોગ નામનો કિર્તિ આપનારો યોગ બને છે. રાજકારણીઓમાં શનિ જ મહત્વનો ભાગ ભજવે છે. શનિનું નંગ નીલમ છે.

## રાહુ - કેતું

રાહુ અને કેતુ કોઈ આકાશી પદાર્થ નથી પરંતુ સૂર્યની પરિભ્રમણ કક્ષાએ ચંદ્રનો પૃથ્વીની આજુબાજુ ફરવાનો માર્ગ જયાં આગળ છેદે છે તે બંને છેદન બિંદુઓને અનુક્રમે રાહુ અને કેતુ એવુ નામ આપવામાં આવેલું છે. આમ આ બંને ગ્રહો છાયા ગ્રહો છે. આ છાયા ગ્રહો રોજની ૩ કળાની વક્ર ગતિથી રાશિ ચક્રમાં પરિભ્રમણ કરે છે. આ બંને બિંદુ એકબીજા ૧૮૦ ના સરખા અંતરે હોય છે.

રાહુ, અસુર, તમ, સૈતૃકેય, આક, સ્વર્ભાનું, વિંધુતુંદ, દાનવ, અમૃત ચોર, ફણી, ધાતા, ભુજંગ, ભોગી, વિગેરે રાહુના પર્યાય નામો છે.

બુધ - શુક્ર અને શનિ તેનાં મિત્રો છે. સૂર્ય-ચંદ્ર-મંગળ શત્રુ છે. એક રાશિમાં તેનું પરિભ્રમણ અઢાર માસનું છે. એક નક્ષત્રમાં આશરે બસો બાવન દિવસ રહે છે. આદ્રા - સ્વાતિ - શતતારકા રાહુના નક્ષત્રો છે. વિંશોત્તરી મહાદશામાં રાહુના ૧૮ વર્ષ છે. રાહુનો ભાગ્યોદય વર્ષ ૪૨ છે. કેતુનો ભાગ્યોદયનું વર્ષ ૪૮ છે.

રાહુને સર્પની અને કેતુને વીંછીની ઉપમા આપી છે. રાહુ અને કેતુની વચ્ચે બધા ગ્રહો આવી જાય ત્યારે કાલસર્પ યોગ રચાય છે.

## કાલસર્પયોગ

વિના ભાગ્યેન વૃથા ફલમ્. ભાગ્ય વિના મનુષ્ય કઈ જ વધારે પામી શક્તો નથી. કુદરતે મનુષ્યને પોતાના કર્મો એમાંય પાપકર્મોનું ભાન કરાવવાની દોરી રાહુ-કેતુને આપી હોય એમ લાગે છે. જ્યારે કોઈ મંત્ર-તંત્રના પ્રયોગથી કે મેલી સાધનાથી કે અપત્યયોગમાં કે તેમજ એક અવલોકન મુજબ મા-બાપની કુંડળીમાં કાલસર્પયોગ હોય છે. ત્યારે પણ તેમનાં સંતાનમાં પણ આ યોગ દેખાય છે.

રાહુ અને કેતુની વચ્ચે સૂર્યાદી સાતે ગ્રહો આવી જતા હોય ત્યારે કાલસર્પયોગ રચાય છે. દ્રશ્યચક્રાર્ધમાં તેની અશુભ અસર વધારે હોય છે. કાલસર્પયોગને લીધે જાતકને સંઘર્ષ વેઠવો પડે છે. તેમજ આકસ્મિક પતન પણ સહન કરવું પડે છે. તેમજ ક્યારેક સંતાનદોષ પણ કરે છે. રાહુનાં સ્થાનથી કાલસર્પયોગને ગણવો.

પરંતુ બધાજ દેખીતા કાલસર્પયોગ ખરાબ ફળ આપતા નથી. નીચેની બાબતોને લીધે તેનો ભંગ થાય છે. અથવા તેનો દોષ નબળો થાય છે.

- કુંડળીમાં કાલ સર્પયોગ ઉપરાંત કોઈ રાજયોગ બનતો હોય.
- કાલસર્પયોગ અદ્રશ્ય ચક્રાર્ધમાં બનતો હોય.
- રાહુ કે કેતુની જોડે કોઈ બીજો ગ્રહ પડ્યો હોય અને તેનાં અંશ રાહુ - કેતુ કરતાં વધારે હોય.
- કાલસર્પયોગ ૩, ૬, ૧૧ ઉપચય સ્થાનમાં તથા ૧૦ માં ભાવથી થતો હોય ત્યારે અને તેમાંય કન્યા, મિથુન કે શનિની રાશિ કુંભથી થતો હોય ત્યારે મહારાજયોગનું ફળ જાતકને મળે છે. આદ્રા, સ્વાતિ કે

શતભિષા નક્ષત્રમાં રાહુ હોય.

- કોઈ પોતાની કુંડલીની શક્તિ જાગૃત કરે કે એવા કોઈ સંત-મહાત્મા-યોગીના આશીર્વાદ પ્રાપ્ત કરે.
- કેન્દ્ર (લગ્ન સિવાય) ત્રિકોણથી થતો કાલસર્પયોગ શુભયોગ કે શુભદ્રષ્ટ હોય.
- રાહુ-કેતુની બહાર ચંદ્ર સિવાયનો કોઈ ગ્રહ હોય.
- રાહુ ને સ્થાનબળ પ્રાપ્ત થતું હોય.
- રાહુ સ્વગૃહી અને અસ્તનો હોય.
- રાહુ-કેતુની વચ્ચે આવેલાં ગ્રહો ઉચ્ચના કે સ્વગૃહી થતાં હોય.

કાલસર્પયોગ અનિષ્ટ જ કરે એમ નથી. જો તે પાપકર્મોનો ક્ષય કરવાની વિધિ કરવામાં આવે તો કાલસર્પયોગનું નડતર બિલ્કુલ રહેતું નથી.

શનિ + રાહુની યુતિથી શ્રાપિતયોગ રચાય છે. ચોથે - પાંચમે - આઠમે - બારમે કાલસર્પયોગ બને તો પિતૃદોષ બને તેમાં

૧. મંગળ + રાહુ + સૂર્ય  ૨. રાહુ + સૂર્ય + શનિ  ૩. શનિ + રાહુ + ચંદ્ર  ૪. સૂર્ય + મંગળ + રાહુ + શનિ આ બધા યોગ રચાય તો પિતૃદોષ જાણવો અને વિધિ કરવી.

## કેમદ્રુમ યોગ

પૂર્વભવના સંચિત પાપકર્મો આકરા ભોગવવાનાં હોય છે, તેવા જાતકમાં આ યોગ અધિક જોવા મળે છે. આખી જીંદગી મહેનત અને મહેતન જ કર્યા કરે. કદી ક્યાંય મરણપર્યંત હાશકારો અનુભવાતો નથી. કદી જીવનમાં ઊંચો આવતો નથી.

જ્યારે જન્મ કુંડળીમાં ચંદ્રની આસપાસ બીજે કે બારમે કોઈ ગ્રહ ન હોય ત્યારે કેમદ્રુમ યોગ રચાય છે.

આ યોગને લીધે જાતક દ્રારિદ્રયભરી જીંદગી વિતાવે છે. કાં તો એવી પરિસ્થિતિ જીવનમાં એકવાર કે વધારેવાર સર્જાય છે. પણ બધાજ દેખીતા કેમદ્રુમ યોગ એ ખરેખર કેમદ્રુમયોગ હોતા નથી કે તેનાથી ખરાબ ફળ કે અનિષ્ટ થતું નથી. જો નીચેની બાબતો રચાય તો કેમદ્રુમયોગનો ભંગ થાય છે કે તેની અસર

બિલ્કુલ હળવી થઈ જાય છે.

- જો ચંદ્રથી છઠ્ઠે કે આઠમે ગુરૂ હોય તો ચંદ્રાધિયોગ - રાજયોગ થતો હોય.
- લગ્નથી છઠ્ઠે કે આઠમે ગુરૂ હોય અને લગ્નાધિયોગ થતો હોય.
- ચંદ્રથી કેન્દ્રમાં ગુરૂ હોય.
- ચંદ્ર ઉપર ગુરૂ કે શુક્રની શુભદ્રષ્ટિ હોય.
- ચંદ્ર - ગુરૂની પ્રતિયુતિથી ગજકેસરી યોગ થતો હોય.
- ચંદ્રથી દસમે ગુરૂ થતાં અમલાયોગ થતો હોય.
- ચંદ્રથી કેન્દ્રમાં મંગળ હોય અને મંગળથી રૂચકયોગ થતો હોય.
- ચંદ્રથી દસમે શુભગ્રહ હોય.
- ચંદ્રથી દસમે કોઈપણ ગ્રહ સ્વગૃહી, ઉચ્ચનો કે રાજયોગ કર્તા હોય.
- ચંદ્ર જે સ્થાનમાં હોય તે સ્થાનનો અધિપતિ ચંદ્ર ઉપર અસર કરતો હોય. (શનિ સિવાય)
- ચંદ્ર સ્વગૃહી કે ઉચ્ચનો હોય.
- સર્વ ગ્રહો કેન્દ્રમાં હોય.

કેમદ્રુમયોગ બરાબર રચાય છે, તેની ખાત્રી થયા પછી જ તેની વિધિ કરવી બાકી ઉપરની બાબતો માંથી કોઈપણ બાબત અસરકર્તા હોય તો કેમદ્રુમયોગનો ભંગ થાય છે. અને તેનુ અનિષ્ટ પરિણામ મળતું નથી.

ચંદ્રની આસપાસ રાહુ કે કેતુની ગણના કરવી નહિ.

કેમદ્રુમયોગથી માણસ ભટકતું જીવન ગાળે છે. વ્યર્થ ભટક્યા કરે છે. પોતાનું જીવન નક્કી કરી શક્તો નથી. નાણાંકીય કર્મ કરવા પ્રેરાતો નથી. અને પોતાના સગાવ્હાલાથી પણ તરછોડાય છે. મન વિહવળ અને અંજપાભર્યુ રહે છે. સદાય કોઈ એક અજ્ઞાત ભય રહ્યા કરે છે.

આ યોગમાં ચંદ્રની વિધિ કરવી.

# મંગળ દોષ

જીવનમાં તરવરાટ, ઉત્સાહ, આક્રમકતા, દરેક કાર્યમાં પહેલ કરાવનાર એવો મંગળ ગ્રહ જ્યારે કુંડળીમાં પહેલાં, ચોથા, સાતમા, આઠમાં બારમાં સ્થાનમાં પડે છે, ત્યારે મંગળદોષ રચાય છે. પૂર્વભવના સંચિત આયુષ્યકર્મને અટકાવી દેવાનું કે લગ્નજીવનનાં નડતર સ્વરૂપ કરવાનું કામ મંગળ આ બધા સ્થાનોમાં પડીને કરતો હોય છે.

મંગળદોષને લીધે લગ્ન વિલંબમાં પડતું નથી. મંગળદોષ મારક બને છે, વિલંબીત બનતો નથી. જેની જન્મકુંડળીમાં મંગળદોષ ખરેખરો બનતો હોય તો સામેનાં પાત્રનું આકસ્મિક અવસાન થાય છે, કે મોટી મરણતુલ્ય ખોડ-ખાંપણ આપે છે. નહિ તો, લગ્નજીવન કંકાશમય અને નિસ્તેજ પસાર થાય છે.

પુરુષને મંગળદોષ હોય તો પાઘડીએ કહેવાય અને સ્ત્રીને મંગળદોષ હોય તો ઘાટડીને કહેવાય.

મંગળદોષ ભલે દેખાતો હોય પણ જો નીચેની કોઈપણ એક બાબત અસરકર્તા હોય તો મંગળદોષ ગણાતો જ નથી. અને કોઈ જ વિધિની જરૂર રહેતી નથી.

- ૧લે મેષનો મંગળ
- ચોથે વૃશ્ચિકનો મંગળ
- સાતમે મીનનો મંગળ
- આઠમે મકરનો મંગળ
- બારમે ધનનો મંગળ
- સૂર્યની સિંહ રાશિનો મંગળ
- ગુરુની ધન અને મીન રાશિનો મંગળ
- ઉચ્ચનો મંગળ
- મંગળ ઉપર ગુરુની દ્રષ્ટિ
- બંને બાજુ મંગળ સામે મંગળ હોય એટલે કે છોકરા અને છોકરી બંનેને મંગળદોષ હોય.
- મંગળ સામે શનિ મળતો હોય.

- અસ્તનો મંગળ હોય.
- મંગળથી રૂચકયોગ રચાતો હોય.
- શુભગ્રહો ગુરુ અને શુક્ર લગ્ને કે સાતમે પડ્યા હોય.
- બુધની રાશિ મિથુન કે કન્યાનો મંગળ
- મેળાપકમાં ગુણાંક સારા આવતાં હોય અને યોનિદોષ કે ગણદોષ ન આવતો હોય.

## શનિની પનોતિ

જગતનાં તમામ જીવને આત્મિય શક્તિ આપનાર સૂર્ય છે. તો સહનશક્તિ, કષ્ટ આપનાર શનિ છે. મનુષ્યને પોતાના પૂર્વભવનાં સંચિત પાપકર્મોનો સાચા અર્થમાં અનુભવ કરાવનાર અને વાસ્તવિકતાનો સાક્ષાત્કાર કરાવનાર શનિ છે. ધીરજ અને સહનશીલતા આપવાની સાથે કરેલ પાપકર્મો ભોગવાનાં જ છે તેનું સાચું ભાન કરાવનાર શનિ છે. શનિને લીધે જ મનુષ્ય ભગવાન, કર્મ, પાપકર્મ, પૂર્વભવ, ધર્મ, ગુરુ વિગેરેને માનતો હશે. બાકી એ પોતાની દુનિયાનો કર્તા-હર્તા જ પોતે છે એમ માનતો હોત.

શનિની પનોતિને લીધે ભલભલા રાજા-મહારાજા-કરોડપતિ-અમલદારો કોડીના થઈ જાય છે. પનોતિમાં સર્વ રાજપાટ, જાહોજલાલી, સુખ-સમૃદ્ધિ, રિદ્ધિ-સિદ્ધિ, ધંધા-રોજગારનો નાશ થઈ જાય છે.સુખની છોળોની જગ્યાએ પગલે પગલે દુઃખનો અનુભવ કરવાનો આવે છે.

શનિ કોઈપણની રાશિથી બારમે આવે, ત્યારથી મોટી સાડાસાતવર્ષની પનોતિ બેસે છે. શનિ પહેલે આવતાં અઢી વર્ષ ઓછાં થાય છે. જેની રાશિથી શનિ બીજે આવતાં અઢી વર્ષની પનોતિ રહે છે. નાની પનોતિ અઢી વર્ષની હોય છે. જન્મરાશિથી ચોથે કે આઠમે શનિ હોય ત્યારે નાની પનોતિ ગણાય.

મેષ રાશિને જ્યારે શનિ મીન રાશિમાં પ્રવેશે પછી મેષમાં આવે અને વૃષભ રાશિમાં રહે ત્યાં સુધી મોટી સાડાસાત વર્ષની પનોતિ ગણાય. શનિ દરેક રાશિમાં અઢીવર્ષ રહેતા સાડાસાત વર્ષની પનોતિ પૂરી ગણાય.

મેષ રાશિમાં શનિ હોય ત્યારે મકર રાશિ અને કન્યા રાશિને અઢી વર્ષની નાની પનોતિ ગણાય.

શનિની પનોતિના સમયમાં આકસ્મિક ધનહાની, અકસ્માત, વારંવાર માંદગી, કંકાશ, દરેક કાર્યમાં વિલંબ, ધનની આવક ઓછી કે બંધ, આકસ્મિક ખર્ચા, કુટુંબીજનો વિખુટા વિગેરે અનેક અનિષ્ટ બાબતોનો અનુભવ પનોતિના સમયમાં થાય છે.

શનિ પોતાના સ્થાનથી જ્યાં જ્યાં દ્રષ્ટિ કરે તે તે સ્થાન દુષિત કરી તે તે સ્થાન બાબતે તકલીફ વિશેષ આપે છે.

પણ શનિની પનોતિ ખરાબ જ અસર આપે કે અનિષ્ટ ફળ જ મળે એમ નથી. શનિની પનોતિની શુભ-અશુભ અસર તેના પાયા ઉપર અવલંબિત છે.

જ્યારે શનિ રાશિ પ્રવેશ કરે ત્યારે ગોચરનો ચંદ્ર જન્મરાશિનાં ચંદ્રથી જ્યાં આવે એટલે પનોતિનો જે તે પાયો શરૂ ગણાય.

| **ચંદ્રથી એટલે કે જન્મરાશિથી ગોચરનો શનિ** | **પનોતિનો પાયો** | **પાયાનું ફળ** |
|---|---|---|
| (૧) પહેલો-છઠ્ઠો-અગિયારમો હોય | સોનાનો પાયો | મધ્યમ ખરાબ |
| (૨) બીજો-પાંચમો-નવમો | રૂપાનો પાયો | સારો |
| (૩) ત્રીજો-સાતમો-દસમો | તાંબાનો પાયો | સારો શ્રેષ્ઠ |
| (૪) ચોથો-આઠમો-બારમો | લોંખડનો પાયો | ઘણો ખરાબ |

<u>સોનાનો પાયો :-</u> ધન આપે, જવાબદારી વધારે, દોડાદોડી વધારે, માનસિક ચિંતા વધારે.

<u>રૂપાનો પાયો :-</u> ધન આપે, પાછલા અટકેલા કાર્યોનો ઉકેલ થાય, ફસાયેલા-રોકાયેલા નાંણા આવે, મધ્યમ ખર્ચા કરાવે, સારા પ્રસંગ પાછળ ખર્ચા થાય.

<u>તાંબાનો પાયો :-</u> મન આનંદમાં રહે, કાર્યશક્તિ વધારે, ધ્યેય સુધી પહોંચવાની ધીરજ-સહનશક્તિ આપે, કાર્યોના ઉકેલ થાય, શુભ અવસર રચાય, ધાર્મિક કે સામાજિક પ્રસંગમાં નાણું વપરાય.

<u>લોંખડનો પાયો :-</u> શારિરીક વેદના થાય, શારિરીક તકલીફ વધે, માનસિક ભય અને અજંપો થાય, હોસ્પિટલ ખર્ચ થાય, સતત માંદગી રહે, ઘરમાં કંકાશ થાય, મિત્રો જોડે - સગા જોડે વિખવાદ થાય, આકસ્મિક ખર્ચા આવ્યા કરે, દરેક કાર્ય અટકતા જાય.

<u>શનિની પનોતિના સમયમાં શનિની આરાધના, જાપ, દાન, નંગ ધારણ</u>

કરવું, સંતો - મહાત્મા - યોગીના સંપર્કમાં રહેવું, સુપાત્ર દાન કરવું, અબોલા પ્રાણીને બંધનમાંથી છોડાવવા, અબોલા પ્રાણીને ખવડાવવું. આમ કરવાથી શનિની પનોતિની ખરાબ અસર જરૂર ઓછી થાય છે. શનિની વિધિ જાતે જ કરવી યોગ્ય છે. પોતાના પાપકર્મ પોતાને જ ખપાવવાના છે.

શનિની મહાદશામાં પણ ઉપર મુજબ કોઈપણ બાબત કરવાથી શુભફળ પ્રાપ્ત થાય છે. અને જીવનની અણધારી તકલીફોનું શમન થઈ જાય છે, જીવનની પ્રગતિ અટકતી નથી.

## ઈન્ટીરીયર વાસ્તુ શાસ્ત્ર

ઘરની અંદર અને કુટુંબમાં સદાય મન પ્રસન્ન રહે અને મનને શાંતિ મળે એમ દરેક મનુષ્ય ઈચ્છતો હોય છે. પોતાનું ઘર હોય અને ઘરમાં સદાય સુખ સમૃદ્ધિ, રિદ્ધિ, સિદ્ધિ, લક્ષ્મી, વૈભવ રહે એમ દરેક મનુષ્યની આકાંક્ષા હોય છે.

ઘરને મંદિર સમાન ગણેલ છે. એ મંદિરને સદાય મંગલમય રાખવા ઘરમાં અને બહાર એવી રીતે ગોઠવણી કરો કે સદાય ત્યાં શાંતિ - સમૃદ્ધિ - વૈભવ વધતો જાય.

એ માટે વાસ્તુશાસ્ત્ર પ્રમાણે ઘરમાં ગોઠવણી રચતાં જીવન મંગલમય, આનંદમય, પ્રગતિકારક રહે છે. ટૂંકમાં બતાવેલ શુભ દિશા કે શુભખૂણા પ્રમાણે બતાવેલ બાબતો રાખવી કે કરવી કે ગોઠવવી.

| વાસ્તુ પ્રકાર | શ્રેષ્ઠ | મધ્યમ | કનિષ્ટ |
|---|---|---|---|
| ૧. રસોડું - ચૂલો | અગ્નિખૂણો | પશ્ચિમદિશા | ઈશાનખૂણો |
| ૨. તિજોરી-કબાટનું મુખ | ઉત્તર દિશા | પૂર્વ દિશા | ઈશાનખૂણો/ અગ્નિખૂણો |
| ૩. ડાઈનીંગ ટેબલ | પશ્ચિમ/વાયવ્ય | --------- | --------- |
| ૪. ડાઈનીંગ રૂમ | પશ્ચિમદિશા | પૂર્વ/ઉત્તરદિશા | દક્ષિણદિશા |
| ૫. પીવાનું પાણી | ઈશાનખૂણો | --------- | --------- |
| ૬. વોશબેસીન | પૂર્વ/ઉત્તર દિશા | --------- | --------- |
| ૭. ઘરના દરવાજા | ઉત્તર/પૂર્વ દિશા | પશ્ચિમદિશા | દક્ષિણદિશા |
| ૮. ટેલિફોન | પૂર્વ દિશા | ઉત્તર દિશા | --------- |
| ૯. ફર્નિચર | દક્ષિણ દિશા | પશ્ચિમ દિશા | --------- |
| ૧૦. ટેલિવીઝન | અગ્નિખૂણો | દક્ષિણ/પશ્ચિમ | --------- |
| ૧૧. કુલર | પશ્ચિમ દિશા | --------- | --------- |

| વાસ્તુ પ્રકાર | શ્રેષ્ઠ | મધ્યમ | કનિષ્ટ |
|---|---|---|---|
| ૧૨. બગીચો | પૂર્વ | ઉત્તર | ---------- |
| ૧૩. વૃક્ષ | દક્ષિણ દિશા | પશ્ચિમ દિશા | ---------- |
| ૧૪. પૂજાનો રૂમ | ઈશાન ખૂણો | પૂર્વ દિશા | ---------- |
| ૧૫. ભગવાનનું મુખ | પશ્ચિમ દિશા | દક્ષિણ દિશા | ---------- |
| ૧૬. પગથિયા | પશ્ચિમ ચઢતા-<br>દક્ષિણ ચઢતા | ---------- | ઈશાન ખૂણો |
| ૧૭. સંડાસ | દક્ષિણ ખૂણો/<br>અગ્નિ ખૂણા | પશ્ચિમ દિશા | ---------- |
| ૧૮. દિવાન ખંડ | ઉત્તર દિશા | પૂર્વ દિશા | દક્ષિણ દિશા |
| ૧૯. વાંચન રૂમ | નૈઋત્ય ખૂણો/<br>પશ્ચિમ દિશા | ---------- | ---------- |
| ૨૦. દવાઓ | ઈશાન ખૂણો | ---------- | ---------- |
| ૨૧. માળીયું | પશ્ચિમ દિશા | દક્ષિણ દિશા | ---------- |
| ૨૨. કચરો નાંખવા/<br>ભંગાર મૂકવો | નૈઋત્ય ખૂણો | દક્ષિણ દિશા | પૂર્વ દિશા/<br>ઉત્તરદિશા |
| ૨૩. સ્ટોર રૂમ | નૈઋત્ય ખૂણો | ---------- | ---------- |
| ૨૪. બાલ્કની | પૂર્વ દિશા | ઉત્તર દિશા | દક્ષિણ દિશા |
| ૨૫. ગેરેજ | વાયવ્ય ખૂણો | વાહનનું મુખ<br>પૂર્વ તરફ | ---------- |
| ૨૬. અનાજ કોઠાર રૂમ | વાયવ્ય ખૂણો/<br>નૈઋત્ય ખૂણો | ---------- | ---------- |
| ૨૭. વરંડો | પૂર્વ દિશા/<br>ઉત્તર દિશા | ---------- | દક્ષિણ દિશા/<br>પશ્ચિમ દિશા |
| ૨૮. ભોંયરુ | ઉત્તર દિશા/<br>પૂર્વ દિશા | ---------- | નૈઋત્ય |
| ૨૯. ઓવર હેડ<br>પાણીની ટાંકી | પશ્ચિમ દિશા/<br>નૈઋત્ય દિશા | પશ્ચિમ દિશા | અગ્નિ ખૂણો |
| ૩૦. બાથરૂમ | પૂર્વ દિશા | પશ્ચિમ દિશા | ---------- |
| ૩૧. અરીસો | પૂર્વ દિશા | ઉત્તર દિશા | ---------- |
| ૩૨. સૂવાનો પલંગ | માથું દક્ષિણ દિશા | પશ્ચિમ દિશા | ઉત્તર દિશા |

ઉપર જણાવેલ બાબતો માટેની દિશા કે ખૂણા શાસ્ત્રોકત નિયમની જેમ નથી. પરંતુ આ પ્રમાણે શક્ય ફેરફાર કરી શકાય. બાકી વસ્તુ બાબતો સંજોગ - જગ્યા પ્રમાણે ફેરફાર કરવી. એ માટે નિષ્ણાત વાસ્તુશાસ્ત્રી પાસેથી જાણકારી મેળવી આગળ વધવું. અધૂરી જાણકારીને લીધે અર્થનો અનર્થ થતાં સારૂં કરવા જતાં નુકશાની જાય, વાસ્તુ શાસ્ત્ર પ્રમાણે ગોઠવણી થતાં ઘરમાં સુખ - શાંતિ - સમૃદ્ધિ - રિદ્ધિ - સિદ્ધિ - વૈભવ જરૂરથી વધે છે.

✡✡✡✡✡✡✡✡✡✡✡✡✡






અલગ અલગ કાર્ય સિદ્ધીના અલગ અલગ યંત્રો આપ્યા છે છતાં કોઈ પણ યંત્રથી કામ પરિપૂર્ણ (સિદ્ધ) ના થાય તો આ શ્રી સિદ્ધચક્રજી મહાયંત્ર છે. માત્ર એક યંત્રના પ્રભાવથી સઘળાં કાર્ય સિદ્ધ થાય છે. માટે આ મહાયંત્રની આરાધના જરૂરથી કરવી

# પ.પૂ. આચાર્ય વિજયભૂવન શેખર સૂરિ લેખિત મંત્રો

(૧)

અનેકશઃ ઘણા પુરુષોને રાત્રીના સમયમાં ભરનીંદમાં સ્વપ્નદોષથી ઘણાઓને કલીબવત પરિસ્થિતિ સર્જાય છે. આ ભયંકર નૂકશાનમાંથી બચવા માટેજ આ સોલ્યુશન અત્યંત ઉપયોગી છે.

**કુમાર નારદં ભીષ્મં, હનુમંતં તથા શુકં પંચૈતાનિ સ્મરેતૂનિત્યં, ન સ્ખલંતિ કદાચન શયના રૂઢ** થતી વખતે ઓછામાં ઓછું સાત વખત અને વધુમાં વધુ એકવીશ વખત મનમાં સ્મરણ કરીને સૂઈ જાવ બસ પછી નીરાંતે સૂઈ જાવ પછી જોઈલ્યો મજા કેવી મસ્તનીંદરડી આવે છે.

(૨)

**ૐ ભ્રાઁ હ્રીં ભ્રૂઁ કૌલિકાદેવી મહામાયા આકર્ષય (૨) સ્વાહા ૦**

પ્રતિદિન પ્રાત : કાલે પવિત્ર થઈને પાંચ અથવા ત્રણ માળા ગણતાજ ચાલો થોડા સમયમાં સગાઈનો સથવારો મળી આવે અંતે કર્મ યોગજ મહત્વ ભર્યો ભાગ ભજવે છે. કેમ! બરાબરને ? ચાલો આગળ વધો ?

(૩)

**સ્વરક્ષા મંત્ર ૐ નમો ભગવતે શ્રી પાર્શ્વનાથાય હ્રીં ધરણેન્દ્ર પદ્માવતી સહિતાય આત્મચક્ષુ, પરચક્ષુ, ભૂતચક્ષુ, પ્રેતચક્ષુ, પીશાચચક્ષુ, ડાકિણીચક્ષુ, શાકિણીચક્ષુ સર્વગ્રહાન્ નાશય નાશય, સર્વજ્વરાન્ નાશય નાશય હ્રીં પાર્શ્વનાથાય સ્વાહા,** રવિવારે વીશ માળા ગણવાથી કોઈ પણ નડતર દુર થઈ શકે છે.

(૪)

**ૐ શ્રીં હ્રીં કૅલીં ઐં મહાલક્ષ્મી મમ વાંછિતાર્થસિદ્ધિં કુરુ કુરુ સ્વાહા - 卐**

પ્રતિદિન પાંચ માળા ગણતાજ રહો.

(૫)

**ૐ નમો ભગવતી પદ્માવતી સર્વજન મોહિની સર્વકાર્ય કરિણી, મમ વિકટ સંકટ સંહારિણી મમ મહામનોરથ - મમ સર્વચિંતા ચૂરણી ૐ નમો હ્રીં પદ્માવત્યૈ નમઃ**

શુદ્ધ થઈને ઉપરના મંત્રની ત્રણ માળા ગણો સારૂં જ થશે.

(૬)

ઉગમતે સૂર આથમતે ભાણે રાજા પ્રજા વશ કર આણે અજોહ જોહણી અમોહ મોહિની ૐ હ્રીં શ્રીં કૅંલીં કાલિકાયૈ નમઃ - પ્રતિદિન પ્રાતઃ કાલે પવિત્ર થઈને પાંચ માળા ગણો - સારૂં થશેજ.

(૭)

**વીંછી (વૃશ્ચિક મંત્ર)નો મંત્ર**

**ૐ હ્રીં શ્રીં** જઃ જઃ જઃ ઠઃ ઠઃ ઠઃ **સ્વાહા** ૨૧ વાર ઝાડો દીજે વીંછીનું ઝેર ઉતરે છે.

(૮)

**સ્વ રક્ષામંત્ર મહાન પ્રભાવિક છે.**

**ૐ બજરંગ બાલા લોકી લાડી વજકા ખીલા જોઈ નર આવે માર માર કરંતા ઓહી આવે પાઉં પડંતા, ગુ૦ શ૦ ભક્તિ ભ્રમ કહારી ગુરૂકે હાથ ચડે મસાણે રક્ષા કરે ગુરૂ ગોરખનાથ.**

વિધિ : ક્યારેય પણ નાહી ધોઈને જાપ ૧૦૮ વાર એટલે કે એક માળા ગણો કોઈ પણ કાર્ય માટે ઉપયોગી થઈ પડશે,

(૧૦)

**ૐ નમો આદેશ ગુરૂકો, અગસ્ત્યં કુંભકરણં શનિ ચ વડવાનલ, આહાર પાચનાર્થાય સ્મરેત્ ભીમસ્ય પંચકમ્ - ગુ૦ શ૦ મેરી ભક્તિ સ્ફૂરો મંત્ર ઈશ્વરો વાચા.** વિધિ :- જમ્યા પછીથી સાત વખત મંત્ર બોલવો પછી પેટ ઉપર હાથ ફેરવવો અસર થશે જ.

(૧૧)

**ૐ હ્રીં શ્રીં કૅંલીં બ્લૂઁ હ્રાઁ હ્રીં શ્રીં પુરૂષદત્તાયૈ નમઃ**

વિધિ :- પ્રતિદિન પવિત્ર થઈને ત્રણ માળા ગણો ૧૬ વિદ્યાદેવીઓ પૈકી છઠ્ઠી પુરુષદત્તા દેવીનો જાપ સંતાન પ્રાપ્તિ માટે જ છે. સદાને માટે જાપ ચાલુ રાખો પુરુષ દત્તા દેવી તમારા મનની મુરાદ એવં અંતરની અભિલાષા પરિપૂર્ણ કરશેજ. પરિણામે સંતાનની પ્રાપ્તિ થશે.

લિ. આ. વિજય ભુવનશેખરના.
શુભ આશિર્વાદ.

# ૮૧, સંગીત સરગમ

સરગમ રચયિતા - મુનિ હરિ પ્રભ વિજય

## શ્રી નવકાર મહામંત્ર

**નમો અરિહંતાણં**
**નમો સિદ્ધાણં**
**નમો આયરિયાણં**
**નમો ઉવજ્ઝાયાણં**
**નમો લોએ સવ્વ સાહૂણં.**
**એસો પંચનમુક્કારો.**
**સવ્વ પાવપ્પણાસણો**
**મંગલાણં ચ સવ્વેસિં**
**પઢમં હવઇ મંગલં ॥**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૐ | ન | મો | અ | રિ | હં | તાડ | ણં |
| ધ | પ | મ | પ | ધ | પ | મસા | રે. |
| ૐ | ન | મો | અ | રિ | હં | તા | ણં |
| રે | રે | રે | સા | ડ | ધ઼ | સા | રે |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૐ | ન | ડ | મો | ડ | સિ | ડ | દ્ધા | ડ | ણં |
| ધ | પ | મ | પ | ધ | પ | મ | પ | સા | રે |
| ૐ | ન | મો | સિ | દ્ધા | ણં. | | | | |
| રે | રે | સા | ધ. | સા | રે. | | | | |

(આવી રીતે આગળના પદો પણ જાણવા (સરગમ જાણવી)

(રાગ :- રઘુપતિ રાઘવ રાજા રામ)

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૐ | ન | મોડ | અ | રિ | હં | તા | ણ ડ | મ્ |
| મપ | પ | ધ પ | મ | ગ | મ | ધ | ધસાંની | સાં |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓ૦મ્ | ન | મોડ | સિ | દ્ધા | ણં | | | | |
| ધનીધ | પ | મ ગ | મ | ધ | પં | | | | |
| ૐ | ન | મો | આ | ય | રિ | યાડ | ણં | | |
| સાં | સાં | સાં | સાંની | ધ | ની | સાંની | સાં | | |
| ઓ૦મ્ | ન | મો | ઉ | વ | જ્ઝા | યાડ | ણં | | |
| નીસાંડ | સાં | રેં | ગં | રેં | સાં | નીધ | પ | | |

બાકીનું આ પ્રમાણે જ)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ન | મો | લો | એ | સ | વ્વ | સા | હૂ | ણ | મ્ |
| મ | પ | પ | ધપ | મ | ગ | મ | ધ | ધસાંની | સાં. |
| એ | સો ડ | પં | ચ | ન | મુ | ક્કા | રો | | |
| ધ | નીધ | પ | મ | ગ | મ | ધ | પ | | |
| સ | વ્વ | પા | વ | પ્પ | ણા | સ | ણો | | |
| સાં | સાં | સાં | સાં | નીધ | નીસાં | ની | સાં | | |
| મં | ગ | લા | ણં | ચ | સવ્વેડ | સિં | | | |
| ની | ડ | સાં | રે | ગંરે | સાં | નીધ | પ | | |
| મં | ગ | લા | ણંડ | ચડ | સ | વ્વે | સિં | ડ | |
| મ | પ | પ | ધપ | મગ | મ | ધ | ધસાં | ની | સાં |
| પ | ઢ | મં | હ | વ | ઈ | મં | ગ | લં | |
| ધ | ધ | નીધ | પ | મ | ગ | મ | ધ | પ | |

## શ્રી નવકાર મહામંત્ર માલકોષ રાગ માં

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ઓડડ | મ | ન | મોડ | અ | રિ | હં | તાડ | ણં. |
| ગમગ | ડ | રે | સારે | ધ. | ની. | સા | મગ | મ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ઓડમ્ | ન | મો | સિ | દ્ધાડ | ણં. | | |
| ગમડ | ધ | નીધ | સાં | સાંની | સાં | | |
| ૐ | ન | મો | આડ | ય | રિ | યાડ | ણંડ |
| ની | ની | ની | નીધ | ધ | ની | સાંની | ધમ |

પછી ૐ નમો ઉવજ્ઝાયાણં પ્રથમ પદ પ્રમાણે જાણવું (આગળનું પદ તે પ્રમાણે) દા.ત.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૐડડમ્ | ન | મોડ | ઉ | વ | જ્ઝા | યાડ | ણં. |
| | ગમગ | રે | સારે | ધૂ | ની | સા | મગ | મ |
| ન | મો | લો | એ | સવ્વ | સા | હૂડ | ણં | |
| ગ | ગ | મ | ધ | નીધ | સાં | સાંની | સા. | |
| એ | સો | પં | ચ | ન | મુડ | ક્કા | રોડ. | |
| ની | ની | ની | ની | ધ | ધની | સાંની | ધમ | |
| સવ્વ | પા | વ | પ્પ | પ | ણાડ | સ | ણો. | |
| ગમ | ગરે | સારે | ધ.ડે | ની. | સામ | ગ | મ | |
| મં | ગ | લા | ણં | ચડ | સ | વ્વેડ | સિં. | |
| ગ | ગ | મ | ધૂ | નીધ | સાં | સાંની | સાં. | |
| પ | ઢ | મં | હ | વ | ઈ | મંડ | ગડ | લમ્ |
| ની | ની | ની | ની | ની | ધ | ધનીડ | સાંની | ધમડ |

## તું છે મહાવીર

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ઉ | જ | ળી | તારી | વા | ણી | થી |
| મ | મ | મ | મય | ની | ની | ધ |

ઉ જ ળું મા રૂં દી લ
ની ડ સાં ની ધ પ ધ
પ્ર ભુ તા રી (૨) વાડ ણી માંડ
પ ધ પ ધ પમ મ પધ
બ ન વું સ દાડ લી ન
પ પ ની ધ પમ મ ડ
બ ન વું સ દા લી ન
સાં સાં સાં સાં સાં સાં સાં
પ્ર ભુ તું છે મ હા વીર
રેં સાં ની સાં ધ ની સાંડ

## પ્રભુ તેરે ચરણો મે આયાહું

આ યા હુંડડડ આ યા· હુંડડડ
સા રે ગરેગરે સા રે ગ
પ્ર ભુ તે રેડ ચ ર ણો મેં આડ યાડ હું.
મ મ મ પમ ગ રે સા રે ગમ ગરે સા.
પ્ર ભુ સુ ન લે મેડ રી બા ત ય હી!
એ ક કા મ હૈ
પ પ ધ ધ ધ ધસાં સાં સાં સાં ની ની
ની ની ધ. પ પ
અ બ મે રા જીડ વ ન બ તા નેડડ
પ પ પ પ પધ ધ ડ પ મ ગ રેસા
આ પા હુંડડડ....?
સા રે ગરેગરે..?

ઈત્યાદિ

# નેમિવનલો

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મ તિ જા | ઓ | ને | મિ | મોડ રાડ | વ | ન | લા | જી |
| પ મ પ | ધ | ધ | પ | મરે રેમ | મ | પ | પ | પ |
| ત મે | સુ | ણિ | રે | પશુડાં રી | પુ | કા | ર | |
| પ પ | ધ | ધ | ધ | સાં સાં ધ | ધ | પ | ધ | ફ |
| મ ને | છો | ડી | ને | હા લ્યાડ | ગી | ર | ના | ર |
| પ પ | ધ | ધ | ધ | સાં સાંધ | ધ | પ | ધ | પ |

મ તિ જા ઓ....?

પ મ પ ધ.....?

# જિનવર સમરૂં રે

રીડ જ રી જ ત્રિ ભૂ વન પ તિ મા રા

રેમ મ મ મ મ પ ધધ ધ ની ધપ પધ

સુ ણ મા રી અ ર જી રેડ

મ મ મ મ મ પ ધ પમ

જિનવર સ મરૂ રેડ જિ ન વર સ મરૂ ર)

પધધધ પ પધ પમ (સાં સાં સાં સાં સાં ધ પ ઈ પ મ)

તુ મે પ્ર ભુ ત રી પાડ શિ ળ શુ ખ

ળ રી પાડ

ધ ધ ધ ધ ધ ધ ધપ પ પ પ ધ

પ મ મરે

ક ર મ તુ મા રા ખ રી યા રેડ

રે મ મ પ ધની ધપ મ પ ધ પમ

મુ જ હી ત ક ર વાડ કાં ઈ ક રો

કીરી યા

ધ ધ ધ ધ ધ ધ ધપ પ ડ પ ધ

પ મ મ

હ મ તુ મ ચ રણેંડ ચ રિ યા રેડ

રે મ મ મ ધ નીધપમ પ ધ પમ

જિનવર સમરૂં રેડ

પધધધ પ પ પ યમ

ઈત્યાદિ

## શ્રીશાન્તિનાથજીનું સ્તવન

તુંડ સાંડ ભ ળી લે મા રી વા ત રેડડ

પરે રેપ પ પ ધ પ મ પ ધ ધસાંની

હું પ લ પ લ ક રૂં ત ને યા દ રે

ધ ધ ડ ધ પ મ પ ધ ની ધ પ પ

નિ ર ખું પ્ર ભુડ ત ને ધ્યા ન માં

રેં ડ રેં સાં નીધ સાં ની ધ પ પ

મ ને જુ વોડ પ્ર ભુ જ્ઞા ન માં

જન્મો જ ન મ ર હી સા થ માંડડ

રેપપ પ પ ધ પ મ પ ધ ધસાંની

લી ન બ ન વુંડ મા રા ના થ માં

ધ ધ પ ડ મય ધ ની ધ ય પ

તુ સાંભળી લે...?

# પ.પૂ.આ.શ્રી કનક પ્રભ સૂરીશ્વરજીનું ગીત

મા રૂંડ અંડ તર પુ કાડ રેડ દીડ નડ રા ત ગુડ રુડ દેડડડવ

સાં સાંની સાં રે રેડ રેં રેંગં રેંગં રેંસાં સાંની પની ની સાંરે સાંની પધપધપમડ

મા રૂંડ અડન્ તરપુ કાડરેડ દીડ નડરાડત

સાં સાંની સાંરેડ રેં ડરેં રેંગ રેં ગં રેં સાસાંની પની ની

ગુડ રૂ દેડડડડ વ

સાં રેં સાંની પધપધપમ ડ

થાંડ રે ચ ર ણોડ મે આ યાઆડ શિ ષ લે નેડડડ

મપ પ મ રે રેમ મ પની સાંની પ મ મમપમરે

થાંડ રે ચ ર ણોંડ મેં આ યા આડ શિષ લે ને

મપ પ મ રે રેમ મ પ ની સાંની પ મ મ મ

"મારા ઉપર મિઠી નજર કરજો ગુરુદેવ"

આવાક્ય "મારૂ અંતરની જેંમ જાણવું)

કરૂણા સાગર કનક ગુરુવર ક લ પ ત રુડકલયુગમેડડડ

ગગગ મમરે મમમ મમ મમ પ સાં સાં ની નીપપમમમ મપમગ

કરુણા સાગર કનક ગુરુવર કલ્પતરૂડકલ યુ ગ મે

ગગગ ગગરે ગમમ મમમ પ પ સાં સાંની ની પ પ મ મ મ મ

મા રાડ અં ત ર માં આ ડવિ ડ દરશન દે ડ જો

સા સાંની સાંરેરેં રેં રેંગં રેંગ સાંનીનીપપનીની

ગુડ રૂ.ડદેડડડડવ

સાંરે સાંની પધપધમ મ

થારે ચરણો મે...

# જાતે સરગમ શીખો

**સૂરજ્ઞાન**

**સંગીતકાર..ભાવેશ ભરડાસર મહેન્દ્ર કુકણા**

ઓરગન ચાર સપ્તકનું આવે છે અને એમાં ૪૯ સૂર છે પહેલું સપ્તક ખરજ માં છે બીજું સપ્તક ટીપમાં છે ત્રીજું તાર સપ્તકમાં છે. ચોથે શરૂથી ઊંચે તાર સપ્તક છે. ચારે સપ્તક મળીને કુલ ૪૯ સૂર થાય છે. દરેક સપ્તકમાં સ્વર હોય છે અને છેવટના સપ્તકમાં એક વધારાનો સૂર હોય છે. એમ મળી ૪૯ સ્વર (સૂર) થાય છે. દરેક સપ્તકની અંદર સાત શુદ્ધ સ્વર આવે છે અને ૪ કોમલ સ્વર આવે છે અને એક તીવ્ર સ્વર આવે છે. શરૂઆતમાં કોઈ પણ ગીતની શરૂઆત કરીએ છીએ તેને સ્થાયી કહેવામાં આવે છે. ત્યારપછી સંગીતનો બીજો ભાગ અંતરો કહેવાય છે. આ અંતરો એક ગીતમાં, એક રાગમાં અથવા એકથી વધુ પણ હોય છે. સંગીત શીખનાર વિદ્યાર્થીઓએ આરોહ અને અવરોહ તેમજ સૂરની પૂરી જાણકારી પ્રાપ્ત કરવી જોઈએ. ઓરગનના ચાર સપ્તક અને એમાં આપેલા શુદ્ધ તીવ્ર અને કોમલ સ્વરની જાણકારી મેળવવી જોઈએ જે આ પુસ્તકમાં આપેલ છે. એટલે કે પહેલાં ઓરગનના જ સપ્તક છે, તેના ખરજમંદ્રમાં સપ્તકમાં સૂર નીચેના ભાવમાં ટપકાં આવે છે જેમ કે,

**સા. રે. ગ. મ. પ. ધ. ની.**

ત્યારપછી ટીપ પાને કે બીજા સપ્તકમાં મીડાં વગરના સ્વર આવે છે જેને

**સા રે ગ મ પ ધ ની**

ત્યાર પછી ત્રીજા સપ્તકમાં સૂરનાં તાર સપ્તકમાં સૂરની ઉપરના ભાગમાં ટપકાં આવે છે.

**સાં રેં ગં મં પં ધં નિં**

ત્યારબાદ ચોથા સપ્તકમાં સૂરની ઉપર ઊભી લીટી બતાવવામાં આવે છે.

**। । । । । । ।**<br>**સા રે ગ મ પ ધ નિ**

આમ દરેક સપ્તકમાં બાર સ્વર એટલે કે સાત શુદ્ધ, ચાર કોમળ, એક તીવ્ર મળી બાર સ્વર થાય છે, જે નીચે પ્રમાણે છે.

સા રે રેગ ગમ મ પ ધ ધ નિ નિ સા

આમ ચારે સપ્તકમાં ૧૨ સ્વરો મળી ૪૯ અને છેવટના સપ્તકમાં હોય છે.

સપ્તકમાં એક વધારાનો સ્વર ૪૯ સ્વર હોય છે.

ઓરગનમાં ચાર સપ્તક છે.

તેમાં પહેલા સપ્તકમાં

**(૧) ખરજ (મંદ્ર) સા. રે. ગ. મ. પ. ધ. નિ.**

**(૨) ખરજ (મંદ્ર) સા રે ગ મ પ ધ નિ**

**(૩) તાર સાં રેં ગં મં પં ધં નિ**

**(૪) સૌથી ઊંચો સ્વર સો રૈ ગે મે પે ધે નિ**

ઓરગનમાં એક સપ્તકમાં સાત શુદ્ધ, ચાર કોમળ અને એક તીવ્ર મળી એમ બાર સૂર થાય છે.

**શુદ્ધ સ્વરો** : સા રે ગ મ પ ધ નિ

**કોમળ સ્વરો** : રે ગ ધ નિ

**તીવ્ર સ્વરો** : મં

## વગાડવાની રીત :

સા ઉપર પહેલી આંગળી મૂકી, ત્યાર પછી રે ઉપર બીજી આંગળી મૂકી, ત્યારપછી ગ ઉપર અંગૂઠો મૂકી, મ ઉપર પહેલી આંગળી, પ ઉપર બીજી આંગળી મૂકી, ધ ઉપર ૩ આંગળી મૂકી, નિ ઉપર અંગૂઠો મૂકી, સાં ઉપર ૧લી ફરીથી મૂકવી. જેથી ઓરગન વગાડવામાં મુશ્કેલી ન પડે.

**(૧) સપ્તકના બાર સ્વરો ક્રમોમાં નીચે મુજબ છે :**

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | રે | રે | ગ | ગ | મ | મં | પ | ધ | ધ | ની | ની |

**(૨) શુદ્ધ સ્વરો :**

| ૧ | ૩ | ૫ | ૬ | ૮ | ૧૦ | ૧૨ |
|---|---|---|---|---|---|---|
| સા | રે | ગ | મ | પ | ધ | ની |

**(૩) કોમળ સ્વર :**

| ૧ | ૪ | ૯ | ૧૧ |
|---|---|---|---|
| રે | ગ | ધ | ની |

ચઢતીની તરજો પણ સ્વરોની તૈયારી હોવાથી એકદમ દ્રુમ ગતિમાં વગાડી શકાય છે.

તમારો જમણો હાથ પ્રથમ જુઓ. પાંચ આગળી છે. અંગૂઠાને આપણે અંગૂઠો કહીશું. અંગૂઠાની બાજુની આંગળી, એના પછી ચોથી આંગળી સૌથી છેલ્લી ને ટ ચલી આંગળી કહીશું. ઓરગન શીખવા માટે આ પ્રથમ આ પહેલો પાયો સમજી લેવો જરૂરી છે. છેલ્લી આંગળીનો ઉપયોગ થતો નથી.

સ્વર અને તમારી આંગળી અર્થ સબર રીતે ગોઠવો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| સા | - | ૧લી આંગળી | મ | - | ૧લી આંગળી |
| રે | - | ૨જી આંગળી | પ | - | ૨જી આંગળી |
| ગ | - | અંગૂઠો | ધ | - | ૩ જી આંગળી |
| ની | - | અંગૂઠો | | | |

**સપ્તકોના ચાર પ્રકાર**

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| મંદ સમક | મધ્ય સ્વર સમક | તાર સ્વર સમક | સૌથી ઉંચો તાર સ્વર સમક |

મંદ સ્વર સમક, મધ્ય સ્વર સમક, તાર, સ્વર સમક તથા સૌથી ઊંચો તાર સ્વર સમક દરેક સમકમાં શુદ્ધ સ્વર સાત થતાં તેના પેદા સ્વર મળી એકંદરે બાર સ્વર થાય છે.

| મંદ સ્વર સમક | મધ્યસ્વર સમક | તાર સ્વર સમક | સૌથી ઊંચો સ્વર સમક |
|---|---|---|---|
| સા. રે ગ મ. પ. ધ. ની | સા રે ગ મ ધ નિ | સાં રેં ગં મં ધં નિં | સો રે ગે મે પે ધે નિ |

ઓરગન વગાડતા શીખવાનો વિચાર કરો છો, ત્યારે એટલું તો ચોક્કસ કે ગાયન અથવા ગીત ગાવામાં તમને રસ છે. ગીત અને સંગીત જ્યારે ભેગાં થાય છે, ત્યારે પવિત્ર આનંદિત વાતાવરણ સર્જાવે છે. સંગીત શીખનારને મૂળથી જ થોડી ઘણી સંગીતની કુદરતી પાત્રતા હોવી જોઈએ.

## ઓરગન વિશે માહિતી :

ઓરગન ઉપરની પટીઓ કાળી છે. નીચેની બધી પટીઓ સફેદ હોય છે. ઓરગન વગાડતી વખતે દરેક આંગળી નિયમિત રીતે ચલાવવાની હોય છે. તેથી આગળ જતા ઓરગન ઘણી સારી રીતે વગાડી શકાય છે તેમજ ઉપર લખેલા સ્વરો રૂપમાં યાદ રાખ્યા પછી કોઈપણ પટીને સામાની આગળ સરગમ વગાડી શકાય છે. આંગળીઓ ચલાવતી વખતે કાળી પટીઓ ઉપર અંગૂઠો નહીં આવે એ માટે ખાસ ધ્યાન રાખવું તેમજ આંગળીની બીજી પટી પર જવા માટે આંગળી ઊંચકી ઊંચકીને ન મૂકવી પરંતુ સ્વર રીતે એક ઉંચકી જ મૂકવા અને ઊંચકવાની ટેવ રાખવી

(૧) સારેસારેગ રેગરેગમ ગમગમપ મપમપધ પધપધનિ ધનિધનિસા

સાંનિસાંનિધ નિધનિધપ ધપધપમ પમપમગ મગમગરે ગરેગરેસા

(૨) સારેસારેગમ રેગમરેગમપ ગમગમપધ મપમપધનિ પધપધનિસા

સાંનિ સાંનિધપ નિધનિધપમ ધપધપમગ પમપમગરે મગમગરેસા

### અલંકાર

સા

સા રે સા

સા રે ગ રે સા

સા રે ગ મ ગ રે સા

સા રે ગ મ પ મ ગ રે સા

સા રે ગ મ ધ પ મ ગ રે સા

સા રે ગ મ પ ધ નિ ધ પ મ ગ રે સા

સા રે ગ મ પ ધ નિ સાં નિ ધ પ મ ગ રે સા



સૂચના : શુદ્ધ સ્વરોમાં બતાવેલા બધા જ અલંકાર શુદ્ધ સ્વરોમાં અનુક્રમ પ્રમાણે વગાડવા તેમજ સાથે સાથે ગાવાનો પણ મહાવરો રાખવો જરૂરી છે, જેથી સ્વર જ્ઞાન પાકું કરવા મદદરૂપ થઈ શકે.

કોમળ સ્વરોનો અભ્યાસ :

❋ **કોમળ સ્વર એટલે શું ?**

શુદ્ધ સ્વર કરતાં થોડો નીચો ગવાય તેને કોમળ સ્વર કહે છે.

❋ **કોમળ સ્વર કેટલા છે ?**

કોમળ સ્વર ચાર છે.

❋ **કયા કયા ?**

<u>રે</u> <u>ગ</u> <u>ધ</u> <u>નિ</u> - સ્વર કોમળ છે.

❋ **કોમળ સ્વરનું શું ચિહ્ન છે ?**

કોમળ સ્વરનું ચિહ્ન સ્વરની નીચે આડી લીધી

દા.ત., <u>રે</u> <u>ગ</u> <u>ધ</u> <u>નિ</u>

**સૂચના :** ૧ થી ૬ નંબર સુધીના અલંકાર કોમળ સ્વર લઈ ક્રમાનુસાર વગાડવા

તીવ્ર સ્વરનો અભ્યાસ

❋ તીવ્ર સ્વર એટલે શું ?

શુદ્ધ સ્વર કરતાં થોડો ઊંચો ગવાય તેને તીવ્ર સ્વર કહે છે.

❋ તીવ્ર સ્વર કેટલા છે ?

તીવ્ર સ્વર એક છે.

❋ કયા કયા ?

મં સ્વર તીવ્ર છે.

❋ તીવ્ર સ્વરનું શું ચિહ્ન છે ?

તીવ્ર સ્વરનું ચિહ્ન સ્વરના ઉપર ઊભી લીટી કરેલી હોય છે.

।
દા.ત., મ.

**સૂચના :** નંબર ૧ થી ૬ નંબર સુધીના અલંકાર તીવ્ર સ્વર લઈ ક્રમાનુસાર વગાડવા.

**❋ હાર્મોનિયમમાં કુલ કેટલા સપ્તક છે ?**

હાર્મોનિયમમાં કુલ ત્રણ સપ્તક છે.

**❋ કયા કયા ?**

(૧) મંદ્ર (૨) મધ્ય (૩) તાર.

**❋ આ સપ્તકમાં ચિહ્ન શું છે ?**

આ સપ્તકમાં ચિહ્ન નીચે મુજબ છે :

(૧) મંદ્ર સપ્તક : સ્વરની નીચે મીંડુ દા.ત., સા નિ ધ
o o

(૨) મધ્ય સપ્તક : આ સપ્તકમાં કોઈ જ ચિહ્ન નથી.

o oo
(૩) તાર સપ્તક : સ્વરની ઉપર મીંડુ દા.ત., સા રે ગ

**મંદ્ર સપ્તકના સ્વરો સાથે ધૂન :**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| શ્રી | રામ | જય | રામ | જય | જય | રામ |
| સા | રે | સા | નિ | ધ | નિ | o |
| | | | o | o | o | સા |

| | | | |
|---|---|---|---|
| ક્યારે | ભજશો | સીતા | રામ |
| ગગગગ | ગગ | રેગ | રેસારે |

આ ધૂનમાં નિ અને ધ ની નીચે મીંડુ કરેલું છે.
o o

જે મંદ્ર સપ્તકની નિશાની છે.

(૧) મંદ્ર સપ્તક : ચિન્હ સ્વરની નીચે મીંડુ

(૨) મધ્ય સપ્તક : કોઈ ચિન્હ નહિ

(૩) તાર સપ્તક : ચિન્હ સ્વરના ઉપર મીંડુ

## આંગળી મૂકવાની રીત

સામે નકશામાં બતાવ્યા પ્રમાણે મધ્ય સપ્તકની કાળી પટ્ટી નં. ૧ થી શરૂઆત કરવી.

**શુદ્ધ સ્વરોમાં :**

સા - ૧લી આંગળી

રે - ૨જી આંગળી

ગ - અંગૂઠો

મ - ૧લી આંગળી

પ - ૨જી આંગળી

ધ - ૩જી આંગળી

નિ - અંગૂઠો

સાં - ૧ પહેલી ૨જી આંગળી

(બાકીની બધી જ પંક્તિઓ ઉપર પ્રમાણે જ વગાડવી.)

## ચપટી ભરી ચોખા ને

**સંગીતકાર : ભાવેશ ભરડાસર - મહેન્દ્ર કુકણા**

ચપટી ભરી ચોખા ને ઘીનો છે દીવડો,

શ્રી ફળની જોડ લઈને

હાલો હાલો પાવાપુરી જઈએ રે,

ચપટી ભરી ચોખા ને....

કુંભારી આવે ને ગરબો લાવે

ગરબાની જોડ લઈને હાલો
હાલો પાવાપુરી જઈએ રે

ચપટી ભરી ચોખા ને.....

માળીડો આવે ને ફૂલડાં લાવે
ફુલડાંની જોડ લઈને હાલો
હાલો પાવાપુરી જીએ રે

ચપટી ભરી ચોખાને.....

સોનીડો આવે ને ઝાંઝર લાવે
ઝાંઝરની જોડ લઈને હાલો
હાલો પાવાપુરી જઈએ રે

## ચપટી ભરી ચોખા ને

| | | | | | |
|---|---|---|---|---|---|
| × | | | ○ | | |
| ચપ | ટી | ભરી | ચો | ખા | ને |
| સા | સા | સાસા | સા | સા | ધ |
| | | | | ○ | |
| ધી | નો | છે | દી | વ | ડો |
| સા | રે | ગ | રે | સા | સા |
| શ્રી | ○ | ફળ | ની | ○ | જોડ |
| ગ | - | ગગ | ગ | - | રે |
| લ | ઈ | ને | રે | ○ | હાલો |
| સા | રે | - | ગ | - | ગસા |
| હા | લો | પા | વા | ○ | પુરિ |
| સા | ગ | રે | સા | - | નિધ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | ૦૦ |
| જ | ઈ | એ | રે | ૦ | ૦ |
| ધ | રે | રે | સા | - | - |
| ૦ | | | | | |

(બાકીની બધી જ પંક્તિ ઉપર પ્રમાણે જ વગાડવી)

(દરેક આલાપ બે વખત લેવો.)

## ગીત

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | પ્ર | ભુ. |
| | | | | | ૦ |
| | | | | સા | રે |
| તા | રે | તે | મ | દિ | રે |
| ની | ની | ની | સા | સા | સા |
| ૦ | ૦ | ૦ | | | |
| આ | વી | યા | અ | મે | ૦ |
| ગ | મ | પ | મ | મ | - |
| તર | વા | ને | ૦ | પ્રભુ | ૦ |
| તા | ૦ | રો | છે | ૦ | આ |
| પ | - | ધપ | મ | પ | મ |
| ધા | ૦ | ર | પા | ર | ઉ |
| ગ | - | મ | પ | પ | મમ |
| ત | ૦ | ર | વાને | મા | ૦ |
| ગ | - | રે | સા | સા | રે |

(બાકીની બધી જ પંક્તિઓ ઉપર પ્રમાણે વગાડવી.)

## પંખીડા

| | | | | | |
|---|---|---|---|---|---|
| પં | ખી | ડાતું | ઉ | ડીનેં | જાજે |
| ગ | ગ | ગરે | ગ | ગ | ગરે |
| પા | વા | પુરી | રે | ○ | ○ |
| રે | ગ | રેસા | રે | - | - |
| દાદા | જી | ને | જઈ | ને | કહેજો |
| રેરે | રે | રે | રે | રે | રેરે |
| મુ | જરો | માને | રે | ○ | ○ |
| ગ | પ | ગરે | સા | - | - |
| | | | | | ઓલ્યા |
| ગામ | ના | સો | ની | ડા | વીરા |
| પધ | ધ | ધ | પ | પ | ગગ |
| વ્હે | લા | આવો | રે | ○ | મારા |
| રે | ગ | રેસા | સા | - | પપ |
| દા | દા | ને | કા | જે | રૂડા |
| પધ | ધ | ધ | પ | પ | ગગ |
| મું | ગટ | લાવો | રે | ○ | ○ |
| રે | ગ | રેસા | સા | - | - |

(સારી લાવો સુંદર લાવો પંક્તિ પંખીડા તું ઉડી જાજે પ્રમાણે લેવી)

## દાદાને દરબારે

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | મારા |
| | | | | | સાસા |
| દા | દા | ને | દ | ર | બા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| સા | સા | ર | મ | મ | ગ |
| આ | ૦ | રે | ઢો | ૦ | લ |
| ગ | - | સા | ગ | - | સા |
| વા | ૦ | ગે | છે | વા | ૦ |
| સા | - | સા | સા | સા | ની |
| | | | | ૦ | |
| ગે | ૦ | છે | ઢો | ૦ | લ |
| પ | ની | ની | સા | - | ગ |
| ૦ | ૦ | ૦ | | | |
| વા | ૦ | ગે | છે | ૦ | ૦ |
| સા | - | સા | સા | - | - |

(ગામના ગામના માલીડા આવે છે શું શું લાવે છે. આવે છે ફુલડા લાવે છે. મારા દાદાના....

(બાકીની બધી જ પંક્તિ ઉપર પ્રમાણે)

## ગીત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ન | દી | કિ | ના | રે | ૦ |
| સા | ગ | ગ | મ | પ | - |
| ના | ળિ | યે | રી | રે | ભાઈ |
| મ | મ | ગ | સા | ગ | સાની |
| | | | | | ૦ |
| ના | ળિ | યે | રી | રે | ૦ |
| સા | ગ | મ | ગ | મ | - |
| હા | ૦ | ૦ | ૦ | ૦ | મારા |
| પ | - | - | - | - | પમ |
| આ | ૦ | દે | શ્વર | ૦ | ને |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગ | મ | પ | પ | - | મ |
| કા | ૦ | જ | રે | ૦ | ભાઈ |
| મ | ગ | સા | ગ | - | સા |
| ના | ળિ | યે | રી | રે | ૦ |
| સા | ગ | મ | ગ | મ | - |

(બાકીની બધી જ પંક્તિઓ ઉપર પ્રમાણે વગાડવી.)

## ટહુકા કરતો જાય

ટહુકા કરતો જાય મોરલિયો

ટહુકા કરતો જાય

પહેલે ટહુકે ઉડી ને આવ્યો

આદિશ્વરને દ્વાર

હે આદિશ્વરદાદાને લઈને તું તો

આવજે આપણે દ્વાર

બીજે ટહુકે ઊડીને આવ્યો

શંખેશ્વરને દ્વાર

હે પાર્શ્વનાથને લઈને તું તો

આવજે આપણે દ્વાર

ત્રીજે ટહુકે ઊડીને આવ્યો

નેમનાથને દ્વાર

હે નેમનાથને લઈને તું તો

આવજે આપણે દ્વાર

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| × | | ० | | × | | ० | | |
| ટહુ | કા | કર | તો | જા | ય | મોર | લિયો | |
| રે | રે | રે | રે | સા | સા | સા | સા | |
| ટહુ | કા | કર | તો | જા | ० | ० | ય | |
| રે | રે | રે | રે | સા | - | - | - | |
| પહ | લે | ટહુ | કે | ઉડી | ને | આવ્યો | | મારે |
| રે | રે | રે | રે | સાસા | સા | સા | સા | |
| આ | દી | શ્વર | ને | દ્વા | ० | ० | ર | |
| નીની | ગ | રે | સા | સા | - | - | -પ | |
| ०० | | | | | | | | |
| દા | દા | જી | ને | લઈ | ને | તું | તો | |
| પ | પ | પ | મગ | પ | પ | પ | પ | |
| આ | વજે | આપ | ણે | દ્વા | ર | ० | ० | |
| રે | રે | રે | રે | સા | - | - | - | |

(બાકીની બધી જ પંક્તિ ઉપર પ્રમાણે વગાડવી)

# રાષ્ટ્રગીત વિભાગ

## જનગણમન

રાગ : યમન કલ્યાણ તાલ : કેરવા દ્રુત લય માધ્યમ

જનગણમન અધિનાયક જય હે, ભારત ભાગ્યવિધાતા
પંજાબ, સિન્ધુ, ગુજરાત, મરાઠા, દ્રાવિડ, ઉત્કલ, બંગ
વિન્ધ્ય, હિમાચલ, યમુના, ગંગા, ઉચ્છલ, જલધિ તરંગ
તવ શુભ નામે જાગે, તવં શુભ આશિષ માગે,
ગાહે તવ જય ગાથા

જનગણ મંગલદાયક જય હે, ભારત ભાગ્યવિધાતા,
જય હે, જય હે, જય હે, જય જય જય જય હે.

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | રે | ગ | ગ | ગ | ગ | ગ | ગ | ગ | ગ | ગ | ગ | ગરે | ગ | મ | મ |
| જ | ન | ગ | ણ | મ | ન | અ | ધિ | ના | - | ય | ક | જ | ય | હે | - |
| મગ | ડ | ગ | ગ | રે | ડ | રે | રે | સાનિ | ડ | સા | ડ | ડ | ડ | સા | ડ |
| ભા | - | ર | ત | ભા | - | ગ્ય | વિ | ધા | - | તા | - | - | - | પં | - |
| સાપ | ડ | પ | પ | ડ | પ | પ | પ | પ | ડ | પ | પમા | મપ | ધ | ધપ | ડ |
| જા | - | બ | સિં | - | ધુ | ગુ | જ | રા | - | ત | મ | રા | - | ઠા | - |
| મ | ડ | મ | મ | મ | મ | મ | ગ | ગરે | મ | ગ | ડ | ડ | ડ | ડ | ડ |
| દ્રા | - | વિ | ડ | ઉ | ત્ | ક | લ | બ | - | ગ | - | - | - | - | - |
| સગ | ડ | ગ | ગ | ગ | ડ | ગ | રે | રેપ | પ | પ | મ | પમ | ડ | મ | ડ |
| વિં | - | ધ્ય | હિ | મા | - | ચલ | લ | ય | મુ | ના | - | ગં | - | ગા | - |
| ગ | ડ | ગ | ગ | ગરે | રે | રે | રે | સાનિ | રે | સા | ડ | ડ | ડ | ડ | ડ |
| ઉ | - | ચ્છ | લ | જ | લ | ધિ | ત | ર | - | ગ | - | - | - | - | - |
| ગ | ગ | ગ | ગ | ગ | ડ | ગ | મ | મ્રે | ગ | મ | ડ | ડ | ડ | ડ | ડ |
| ત | વ | શુ | ભ | ના | - | મે | - | જા | - | ગે | - | - | - | - | - |
| મગ | મ | પ | પ | મપ | ડ | મ | ગ | ગરે | મ | ગ | ડ | ડ | ડ | ડ | ડ |
| ત | વ | શુ | ભ | આ | - | શિ | ષ | મા | - | ગે | - | - | - | - | - |
| સાગ | ડ | ગ | ડ | રે | રે | ગરે | રે | રેનિ | રે | સા | ડ | ડ | ડ | ડ | ડ |
| ગા | - | હે | - | ત | વ | જ | ય | ગા | - | થા | - | - | - | - | - |
| સાપ | પ | પ | પ | પ | ડ | પ | મા | પ | ડ | પ | પ | પમા | દ | ધપ | ડ |
| જ | ન | ગ | ણ | મં | - | ગ | લ | દા | - | ય | ક | જ | ય | હે | - |
| મ | ડ | મ | મ | મગ | ડ | મ | ગમ | ગરે | મ | મગ | ડ | ડ | ડ | નિ | નિ |
| ભા | - | ર | ત | ભા | - | ગ્ય | વિ | ધા | - | તા | - | - | - | જ | ય |

# ૮૨, ભક્તિ ગીતો તથા સ્તવનો

## રચિયતા : પૂ. મુનિશ્રી હરિપ્રભવિજયજી મ.સા.

### ૧. સમુદાયના ગુરુભગવંતોની સ્તુતી

(રાગ-શંખેશ્વર પાર્શ્વજી પૂજીએ)

શ્રી જિત - હીર - નિરખી હરખું રે, શ્રી બુદ્ધિ-તિલક ગુરુ પ્રણમું રે,
શ્રી શાંતિચંદ્ર સૂરી સમરૂંરે, શ્રી કનક પ્રભસૂરિ વંદુ રે ॥૧॥
શ્રી કીર્તિ ગુરુ કીર્તન કરૂં, ગુરુ ચરણો મેં વંદન કરૂં;
ભવોભવના સઘળા પાપ હરૂં ગુરુ નામ જપી સંસાર તરૂં ॥૨॥

રચના સમય - વિ. સં. ૨૦૫૪ મહાવદ ૧૦ રવિવાર, તા. ૨૨-૨-૯૮
(સાંજે ૬:૫૧ ક. રચના સ્ફૂર્ણા શરૂ) બપોર પછી ૫ લ. ક. સમાપ્ત,
**રચના સ્થળ - હાડેચા (રાજસ્થાન)**

### ૨. પાર્શ્વનાથનું સ્તવન

(રાગ - ભૂપાલિ)

જિન ગુણ ગાવત સુર નપ કિન્નર (એ આંકણી)
અષ્ટ કરમકો ચૂરણ કારણ; જિનગુણ૦....
દયા સાગર પ્રભુ પાર્શ્વ જિનેશ્વર,
અગ્નિ કુંડમે કાષ્ઠ કે ભીતર જલતા નાગ બચાયા; જિનગુણ૦....૧
મહા મંત્રીએ નાગકું મહામંત્ર સુનાયા,
મહા મંત્ર નવકાર સુનકે ધરણેદ્ર પદ પાયા; જિનગુણ૦....૨
નેમનાથજી રાજુલકા દ્રશ્ય દેખકે,
સંસાર સાગર છોડકે પ્રભુજી સંયમ પંથ વર્યા; જિનગુણ૦....૩
દેવ મનુષ્ય પશુકા પરિષહ સંહ કે,
અનંત કેવલ દર્શન કો, પાકે સમવસરણ સુહાયા; જિનગુણ૦....૪

ભવ સાગર મેં ચાંચ પિડત હૈ,
મેરી નૈયા પાર લગાઓ, તું હિ તારણ હારા; જિનગુણ૦....૫
શ્રી જિનેશ્વર પ્રભુકી મહિમા બડી હૈ
હૃદય કમળમેં જીસકો ધ્યાતે દુઃખી જન ભિસુખપાયા; જિનગુણ૦....૬

મેરી અખિયા તેરી મુરત દેખકે,
રંગબેરંગી અંગીયા દેખકે, મનમેરા હરખાયા; જિનગુણ૦....૭
ભવરણમે ફીરતે તરસે જીવોકી
ધર્મ અમૃતરસ પાકે તુજ ને ઉનકી તરસ છીપાયા; જિનગુણ૦....૮
સહુ જન મીલ ગાવો, જિન ગુણ ભાવથી
"**કનક કીર્તિ**" બઢાકે હરિપ્રભ હરખાયા; જિનગુણ૦....૯

**રચના :- સં. ૨૦૫૧ ચૈત્ર સુદમાં રચ્યું, પેટલાદ.**

## ૩. પ.પૂ. આ. શ્રી કનક પ્રભ સૂરિ મ.સા.નું ગીત

**(રામ - મારો બેડોલગાદીજો પાર)**

ગુરૂ કનક પ્રભ સૂરિ રાજ ગુરુવર ભજીએ રે.
જગ ઉપકારી કર્મનિવારી
કરો પાવન મુજ કામ; ગુરુવર૦...૧
કરુણા સાગર કનક ગુરુવર
કૃપા કરો કિરતાર; ગુરુવર૦...૨
કર્મખાણથી દૂર થઈને
થયા શુદ્ધ કંચન; ગુરુવર૦...૩
**ભાભર** નગરે માતની કુખે
જન્મ લીઓ ગુણધામ; ગુરુવર૦...૪
**હાડેચા** નગરમાં કાળ કર્યો રે.

થયો **કનક કીર્તિ** સ્તંભ; ગુરુવર૦...૫
શાન્તિ ચંદ્રસૂરિ જશહીત કર્તા
તપાગચ્છ ધરનાર; ગુરુવર૦...૬
કામ કુંભ ગુરુ કામધેનું રે.
સિધ્યાં સહુનાં કામ; ગુરુવર૦...૭
કૃષ્ટ કુમતિને કુગતિ કાઢો,
નાવ કરો કિનાર; ગુરુવર૦...૮
"**કનક**" તણી ઘણી "**કીર્તિ**" કરતાં
"**હરિ**" થયા કૃતાર્થ; ગુરુવાર૦...૯

વિ.સં. ૨૦૫૩ રચના સમય - વિ.સં. - ૨૦૫૩
પોષ સુદ ૧૫ ગુરુવાર સવારે ૮,૩૦ ક- થી ૮, ૫૫ સુધીમાં રચ્યું.
**સ્થળ : વિજય સોસાયટી, સાંચોરી, જૈન ઉપશ્રય, વડોદરા.**

## ૪. શ્રી શાન્તિનાથજીનું સ્તવન

તું સાંભળીલે મારી વાતરે, હું પળ પળ કરૂં તને યાદ રે (સ્થાઈ)
નિરખું પ્રભુ તને ધ્યાનમાં, મને જુવો પ્રભુ જ્ઞાનમાં
જન્મો જન્મ રહો સાથમાં, લીન બનવું મારા નાથમાં; તું સાંભળી લે૦..૧
ચક્રી પંચમ પ્રભુ સોળમા, રાજ કરે ત્રિભુવન માં,
શાન્તિ આપે જીવનમાં, ભાવો ભર્યા ભજનમાં; તું સાંભળી લે ૦..૨
શાન્તિનાથ પ્રભુ આપણા પુરી કરશે મારી કામના;
ભાવે કરૂં તારી ભાવના; ત્રણ ભૂવનમાં તારી નામના; તું સાંભળી લે ૦..૩
વાણી તારી ગંભીર છે, તારી આણા મારે શીર છે;
કર્મોની સામે તું વીર, તારા નયનોમાં મીઠું નીર છે; તું સાંભળી લે ૦..૪
"શાંન્તિ ચંદ્ર" શાન્તિ નાથજી, "કનક""કીર્તિ" તારા નામની,
"હરિ" ની સુણો એક વાતડી, પુરી કરજો મારી આશડી; તું સાંભળી લે ૦..૫

રચના - સમય - સ્થળ : વિ.સ. ૨૦૫૪ (કા.વં. ૩ સોમવાર,
બપોર પછી ૪ાા ક૦ પૂર્ણ) માગસર સુદ -૧, સોમવાર, તા : ૧-૧૨-૯૭
બપોરે ૨-૩૩ ક૦ પુર્ણ (રચના સમામ, અમદાવાદ

## ૫. શ્રી સરસ્વતી માતાનું ગીત

સરોવર ખેલે સુંદર હંસરાજ (૨)
વિદ્યાવાળી, સરસ્વતીનો રાજકાજ; સરોવર૦..
પુસ્તક વીણા, માળા ધરી દેવીએ હાથમાં
વીણાનો મીઠો, ઝીણો આવે અવાજ; સરોવર૦..૧
સરસ્વતી, હંસવાહિની શારદા રે
વિવિધનામે સ્મરણ કરૂં તારૂં આજ; સરોવર૦..૨
કલિકાલ, સર્વજ્ઞ સૂરિ હેમચંદ્રજીરે..
દેવી કહે અમૃત પીઓ મહારાજ; સરોવર૦..૩
સર્વકળા, સધ્બુદ્ધિ મુજ આપજો રે..
કરજો વળી, ભક્તોનાં સહું કાજ; સરોવર૦..૪
પીસ્તાલીશ, આગમ જ્ઞાન રૂડું આપજો રે
ચારિત્ર ચોક્ખું, પાળીએ (અમે) શિરતાજ; સરોવર૦..૫
વીણાદેવી, વિદ્યાનું વરદાન આપજો રે
જેહથી લઈએ, બીજે ભવે શિવરાજ;સરોવર૦..૬
**"કનક" "કીર્તિ"** ગુરુથી સરસ્વતી પામીએ રે..
તમારી કૃપા, માગે **"હરિ"** મુનિરાજ; સરોવર૦..૭

રચના - સમય : વિ. સં. ૨૦૫૪ પોષ સુદ ૧૨, શુક્રવાર. તા. ૯-૧-૯૮
બપોરે ૧-૩૭ ક૦ સમામ. સ્થળ - **સવપરા** (જી. બ.કાં તા. થરાદ)

## ૬. પ. પૂ. આ. શ્રી કનકપ્રભ સૂરીશ્વરજીનું ગીત

**(રાગ :- મારી અરજી સુણોને ભગવાન પારસનાથ)**

મારૂં અંતર પુકારે દિનરાત ગુરુદેવ (૨)
થારે ચરણો મેં આયા આશિષ લેને (૨) સ્થાઈ
મારા ઉપર મીઠી નજર કરજો ગુરુદેવ થારે ચરણો મેં આયા...
કરુણા સાગર કનક ગુરુવર, કલ્પતરૂ કલિયુગમેં (૨)

મારા અંતરમાં આવી દર્શન દે જો ગુરુદેવ; થાંરે ચરણો મેં ૦..૧
ભારત ભૂમિ પાવન કીધી, કરુણારસ વરસાયા (૨)
ભવિ જીવો કો ધર્મ બતાયા ગુરુદેવ; થાંરે ચરણો મેં ૦..૨
શાન્તિચંદ્ર સૂરિ પાટ દીપાયા, સંઘ સકળ ગુણ ગાયા (૨)
થાંરે ચરણોમેં શીશ ઝુકાયા ગુરુદેવ; થાંરે ચરણો મેં ૦...૩
**સાંચોર** તીર્થ ઉદ્ધાર કીયા તુમ, **ભોરોલ** તીર્થ સુહાયા (૨)
તમે ભાભર નગર કો ધન્ય બનાયા ગુરુદેવ; થાંરે ચરણો મેં ૦..૪
ચૈત્ર વદિ સાતમ દિન આયા, વિયોગ, હુઆ અતિભારી (૨)
ઉપર બેઠા થેં આશિષ મુજને દેજો ગુરુદેવ; થાંરે ચરણો મેં ૦..૫
**હાડેચા** નગરમેં કાલકીયા તુમ, નામ અમર બનાયા (૨)
સંવત (૨૦૪૬) બે હજાર છેતાલીશ (મેં) ગુરુદેવ; થાંરે ચરણો મેં ૦..૬
**"કનક" "કીર્તિ"** ધામ બડા હૈ, જગમેં નામ કમાયા (૨)
થાંરા પ્રશિષ્ય **"હરિ"** ચરણે આયા ગુરુદેવ; થાંરા ચરણોમેં આયા ૦..૭

રચના - સમય - વિ. સં. ૨૦૫૪ મહાસુદ ૬, સોમવાર
તા : ૨-૨-૧૯૯૮ રાત્રે ૮-૧૦ ક. થી ૧૦-૧૫.૫૩ ક. સુધીમાં
(બે કલાકમાં) રચના - સ્થળ - **સાંચોર** (રાજ)

## ૭. કનક સ્તવના

ગુરુ ચરણોમેં વંદન હમારા
સુરિમંત્ર ધારક (૨) કનક પ્રભ સૂરજી કો; ગુરુ ચરણો મેં ૦...
કનક પ્રભ સૂરીશ્વર ગુરુ હૈ હમારા
જૈન શાસનકા મહા સીતારા
ભક્ત જનોકા (૨) તારણ હારા; ગુરુ ચરણો મેં ૦...૧
કનક પ્રભ સૂરીશ્વરજી નામ હૈ પ્યારા
સત્યપુર તીર્થોધ્ધારક હૈ ન્યારા
ભાભર નગર મેં (૨) જન્મ તુમારા; ગુરુ ૦...૨
જિત - હીર - બુદ્ધિ -તિલક - શાન્તિચંદ્ર સારા

મહા પુરુષોકા ગચ્છ તુમને ધારા
સ્વીકાર લીજીએ (૨) વંદન હમારા; ગુરુ૦...૩
ચરણોકી સેવા કરે જગ સારા
દુર હટા દીજો ગાઢ અંધારા
બરસા દીજીએ (૨) તાન કી ધારા; ગુરુ ચરણો મેં ૦...૪
મોહ માયા મમતાકો દુર નિવારા
"કનક" "કીર્તિ" ગુરુકા બજે નગારા
"હરિ" ગુણ ગાતે હૈ (૨) નિશદિન તુમારા; ગુરુ ચરણોમેં વંદન હમારા...૫

રચના - સમય - વિ. સં. ૨૦૫૪, મહા સુદ ૧૨, રવિવારે,
સવારે ૪:૩૧:૩૫ ક. રચના સમાપ્ત સ્થળ :-(સાંચોર રાજ) રાત્રે ૯:૧૯ ક.
ગુરુજીને સંભળાવ્યું (પાસ કરાવ્યું)

## ૮. કીર્તિ ગુરુ કીર્તન

**(રાગ - ગાસ્યાં ગાસ્યાં રે ગુણીયલ ગીતડા)**

ગુણલાગાસુંરે ગુરુવર આપરા, ભાવે ન માવું શીશ;
(ભાવે (શુ) નમાવું શીશ) ગુરુવર ચરણોમેં (સ્થાઈ)
ભરડાસર ગાંવમે હો, ગુરુવર જનમીયા;
દીપાવ્યો હરજીરો વંશ; ગુરુવર૦...૧
સાત ભાઈ એક બેન ત્રીજો નંબર આપરો; (૨)
ફૂલિ દેવીરા તમે નંદ; ગુરુવર ચરણો મેં૦...૨
પ્રભુભાઈ આપરૂં રે, સંસારી નામ હૈ; (૨)
સ્વીકાર્યો પ્રભુજીરો પંથ; ગુરુવર ચરણો મેં...૩
વૈરાગ્યે ભીનુ રે, જીવન આપ જીવતા; (૨)
કીધો કનક ગુરુ સંગ; ગુરુવર૦...૪
હાડેચા નગરમાં રે, સંયમ પામીયા; (૨)
કીર્તિ પ્રભ વિજય નામ; ગુરુવર ૦...૫
સંવત બે હજાર ત્રણ અને પચીશ હૈ; (૨)

જન્મ દીક્ષા કેરી શાલ; ગુરુવર૦...૬
ઉપકારી ગુરુવરકો, કોટિ કોટિ વંદના; (૨)
કરે શિષ્ય હરિરાજ; ગુરુવર૦...૭

રચના - સમય - વિ. સં. ૨૦૫૪, મહાસુદ ૧૪, મંગળવાર, રાત્રે ૯-૦૦ ક. રચના સમાપ્ત (મહા સુદ - ૧૩ સવારે, વિચાર રાત્રે ૮-૦૦ ક. સ્ફૂર્ણા) ગુરુજીને સંભળાવી ૯।। ક. આ નોટ માં ઉતાર્યુ **સાંચોર** (રાજસ્થાન)

## ૯. ગુરુવરને વંદના

**(રાગ : પારસ પ્યારો લાગે)**

**હાડેચા** નગરમે આયા, ગુરુવરકા દર્શન પાયા;
ગુરુવરકી મૂર્તિ માંને પ્યારી લાગે મારા ગુરુજી (૨)
**કનક પ્રભ** સૂરીશ્વરને વંદના ... (સ્થાઈ)...૧
માગસર મહિના આયા, શુકલા પંચમી સુહાયા;
શ્રી કકલબેનને પુત્રકો જાયા, મારા ગુરુજી; કનક પ્રભ૦...૨
વૈશાખ મહીના રૂડા, સંસાર સબ હૈ કુડા;
અક્ષય તૃતીયાકો સંસાર છોડા, મારા ગુરુજી; કનક પ્રભ૦...૩
મહાસુદ પૂર્ણીમા, ચાંદ ખીલે અવનિમાં
શ્રી ગુરુ શોભે પન્યાસ પદવીમાં મારા ગુરુજી
પંન્યાશ પદવીમાં ગુરુવર શોભે; કનક પ્રભ૦...૪
મહા માસ હૈ સારા, ગુરુ કનક પ્રભ સૂરિ પ્યારા;
શુકલા ષષ્ઠીકો તુમને સૂરિપદ ધારા, મારા ગુરુજી; કનક પ્રભ૦...૫
ચૈત્રવદિ સાતમ હૈ, ગુરુ સ્વર્ગ વાસકાદિન હૈ
ગુરુ ચરણોમેં કોટી વંદન હૈ મારા ગુરુજી; કનક પ્રભ૦...૬
**"કનક" "કીર્તિ"** કરતા, ભક્તોના કાજ સહુ સરતા
પ્રશિષ્ય **"હરિ"** ગુરુકા ધ્યાન ધરતા મારા ગુરુજી; **કનક પ્રભ સૂરીશ્વરે** વંદના...૭

રચના - સમય - વિ. સં. ૨૦૫૪ મહા સુદ-૧૫ (પ. પૂ. આ. શ્રી કનક પ્રભ સૂરીશ્વરજીનો પંન્યાસ પદવી દિવસ) બુધવાર તા. ૧૧-૨-૧૯૯૮, રાત્રે ૧૦:૧૧ ક. રચના સમાપ્ત, સ્થળ - **સાંચોર** (રાજ.)

## ૧૦. દયા સાગર ગુરુરાજ

(રાગ : ઝીણો ઝીણો ઉડેરે ગુલાલ)

યા સાગર ગુરુરાજ, ગુરુવર ગુણધારી
શાન્ત સ્વભાવી ગુરુજી અમારા, ગુણલા ગાઈએ અમેં તો તમારા
તાર્યા નરનેનાર, ગુરુ વર ગુણધારી; દયા સાગર૦...૧
કરુણા સાગર બીરૂદ ધરાવે, દીન દુઃખીયા કો દાન દેરાવે
ઉતારે ભવજલ પાર, ગુરુવર ગુણધારી; દયા સાગર૦...૨
કનક ગુરુવર નીત નીત સમરો, ઉડ જાએ મોહ માયારો ભમરો;
દુઃખીયાંકા આધાર, ગુરુવર ગુણધારી; દયા સાગર૦...૩
**ભાભર** નગરશું **સાંચોર** પધાર્યા, સાંચોરશું ગુરુ **હાડેચા** પધાર્યા
કરવા **હાડેચા** ઉદ્ધાર, ગુરુવર ગુણધારી; દયા સાગર૦...૪
ચૈત્ર વદિ સાતમ દિન આયા, પ્રાત : પોણા દશબજે સૂરિ રાયા;
પહોચ્યા સ્વર્ગ મોજાર, ગુરુવર ગુણધારી; દયા સાગર૦...૫
ભારત દેશમેં ગુજરાત રાજ્યે, ભારત દેશમેં રાજસ્થાન રાજ્યે;
**આયરો** બડો, ઉપકાર, ગુરુવર ગુણધારી; દયા સાગર૦...૬
**"કનક" "કીર્તિ"** ધામ સુહાવે, **"હરિ પ્રભ"** થારા ગુણવા ગાવે;
જપે શ્રી નવકાર, ગુરુવર ગુણધારી; દયા સાગર૦...૭

રચના - સમય - વિ. સં. ૨૦૫૪, મહાવદ-૧૪, બુધવાર, તા-૨૫-૨-૯૮
સવારે ૭:૫ ક. સ્ફૂર્ણા, બપોરે ૩:૪૨ ક. રચના સમાપ્ત રચનાસ્થાન - હાડેચા

## ૧૧. શ્રી કનક કીર્તન

ગુરુવર રે! કનક પ્રભ સૂરીશ્વરજી
થાંરી મૂરતિરી (૨) શોભાન્યારી; ગુરુદેવ સમરૂંરે...૧
ગુરુવર રે ! દીન દુઃખીયાંરા બેલી
થાંરી વાણીયે (૨) દુનિયા ઘેલી; ગુરુદેવ સમરૂં રે૦...૨
ગુરુવર રે ! શાન્ત સરળ સ્વભાવી

થાંરા ગુણલા રી (૨) ભાવના ભાવિ; ગુરુદેવ સમરૂં રે૦...૩
ગુરુવર રે! કલ્પતરૂ કલ જ ગમે;
થાંરી લગની રે (૨) લાગી રગ રગ મેં; ગુરુદેવ સમરૂં રે૦...૪
ગુરુવર રે ! હાડેચા નગરમેં આયા
થાંરી મૂર્તિરા (૨) દર્શન પાયા; ગુરુદેવ સમરૂં રે૦...૫
ગુરુવર રે! કીર્તિ સ્થંભ હૈ બડીયા
થાંરા ગુણોરા (૨) કીર્તિન કરીયા; ગુરુદેવ સમરૂં રે૦...૬
ગુરુવરરે ! "કનક" "કીર્તિ" થારી
થાંરા પ્રશિષ્ય (૨) "હરિ" ને પ્યારી; ગુરુદેવ સમરૂં રે૦...૭

રચના - સમય - વિ. સં. ૨૦૫૪, મહાવદ ૧૪, બુધવાર, તા-૨૫-૨-૯૮ (બપોરે ૪॥ ક. સ્ટૂ.) રાત્રે ૯ા ક. રચના - સમાપ્ત (રાત્રે ૧૦ાક. ગુરુજી પાસે રાઈટ કરાવ્યું.) રચના - સ્થળ - હાડેચા (રાજ)

## ૧૨. કનક ગુરુ સ્તુતિ

(રાગ : રત્ના કર પચ્ચીશી)

કનક ગુરુવર નામ જપતા, કર્મ સઘળા નાશતા,
કનક ગુરુવર સ્મરણ કરતા, કલંક સઘળા ભાગતા,
કનક ગુરુવર ધ્યાન ધરતા, કનક રુદ્ધિ આપતા;
કનક ગુરુવર નમન કરતા, કુગતિ હટાવતા ॥૧॥
ભાભર નગર મેં જન્મ લીયો, કકલ કુખ ઉજાલીયો;
કર્ણાવતીમેં સંયમ લીયો, સાધુ વેશ શોભાવીયો;
ભાભર મેં સૂરિ પદવી લીનો, તપાગચ્છ દીપાવી ઓ;
હાડેચા નગર મેં કાલ કીયો, સ્વર્ગ વાસ સુહાવીયો. ॥૨॥
સંસારમેં સબંધિયોકા; જોઈતાભાઈ તુમ નામ હૈ;
મુનિ પણે કંચન વિજયજી, આપકા મુજે કામ હૈ.
આચાર્ય શ્રી કનક પ્રભ સૂરિ, બહોત સુંદર નામ હૈ;
હાડેચા નગરે આપકા બડા, કનક કીર્તિ ધામ હૈ. ॥૩॥

સંવત ઓગણીસો બહોત્તેર, માનવ ભૂમિ ગુરુ આવિયા,
બે હજાર ઓગણ ત્રીશ મેં, આચાર્ય પદવી પામીયા;
બે હજાર છેતાલીશ હાડેચા, સ્વર્ગ વાસ્તે આવીયા ॥૪॥
પંદર વરસની ઉંમરે, સંયમ ગુરુવર પામીયા;
તેતાલીશ વરસની ઉંમરે, પંન્યાસ પદવી પામીયા
સત્તાવન વરસની ઉંમરે, આચાર્ય પધ્વી પામીયા;
ચુમોત્તેર વરસની ઉંમરે, ગુરુકાળ ધર્મ પામીયા ॥૫॥

કનક ગુરુતો કરૂણા સાગર, દુઃખીયાંકા આધાર હૈ
કનક ગુરુતો જ્ઞાન સાગર, જ્ઞાનકા દાતાર હૈ
કનક ગુરુતો શાન્ત સાગર, સબકા દાતાર હૈ
કનક ગુરુતો સંયમ સાગર, ભવિયાંકા કીરતાર હૈં ॥૬॥

હૃદય કમલમેં ધ્યાન ધરત હું, ભક્તિ સે ભવજલ તરૂં;
મન સે ગુરુકા સ્મરણ કરત હું, વચન સે કીર્તન કરૂં;
કાયાસે નિસ દિન કનક ગુરુકે, ચરણો મેં વંદન કરું.
ગુરુ "કનક" "કીર્તિ" નામ સે, ભવોભવકા પાતક હરું.॥૭॥

<u>નોંધ :- રચના સમય વિ. સં. ૨૦૫૪ મહાવદ માં : કનક ગુરુ સ્તુતિ</u>

સ્તુતિ નં - ૧-૬ઠ, મંગળવાર સાંજે ૬-૨૫ લ. ક. તા.-૧૭-૨-૯૮

સ્તુતિ નં-૨ સાતમ (પહેલી) બુધવાર, તા.૧૮-૨-૯૮ સવારે ૬:૪૫ લ. ક.

સ્તુતિ નં.-૩ - સાતમ (પહેલી) બુધવાર, તા.૧૮-૨-૯૮

સ્તુતિ નં. - ૪ નવમ્, શનિવાર, તા.-૨૧-૨-૯૮ (સાંજે ૬:૧૧ ક. સ્ફૂ.) રાત્રે ૯:૭ ક. સમાપ્ત.

સ્તુતિ નં. - ૫ બારસ, મંગળવાર, તા. ૨૪-૨-૯૮, બપોરે ૧૨:૨૦ લ. ક. રચના સમાપ્ત

સ્તુતિ નં.-૬ - અગ્યારસ, સોમવાર, તા. ૨૩-૨-૯૮ રાત્રે ૯॥ ક. સમાપ્ત (રાત્રે ૮:૩૦ ક. સ્ફૂ.)

સ્તુતિ નં.-૭ - આઠમ, શુક્રવાર, તા-૨૦-૨-૯૮ (સાંજે ૫:૫ ક. સ્ફૂ.) રાત્રે ૯:૫૧ ક. સમાપ્ત, રચના - સ્થળ - હાડેચાનગર (રાજસ્થાન)

## ૧૩. ગુરુવર વંદો રે

(રાગ : એકવાર મુખડો)

એકવાર હાડેચા પધારો મારા ભાઈ રે

ત્યાં બિરાજે (૨) કનક ગુરુ રાજ; ગુરુવર વંદો રે...(એ આંકણી)

બાળ પણામે સંયમ લીધો, આતમ નિર્મળ કીધો.

ગુરુ કનક પ્રભ સૂરિરાજ; ગુરુવર વંદો રે૦...૧

નાના મોટા સહુ જનને, ગુરુજી લાગે મીઠા;

મેં તો નજરે દીઠા સૂરિરાજ ગુરુવર વંદો રે...૨

જૈન યાત્રા આવે, અજૈન ગુરુવર માને;

ગુરુ રાંખે નહી મત ભેદ, ગુરુવર વંદોરે...૩

કનક કીર્તિ ધામ બનાયા કનક ગુરુવર નામકા

ઊંચો ઊંચો શોભે કીર્તિ સ્તંભ ગુરુવર વંદો રે...૪

દુઃખી દરિદ્રી થાંરે ચરણે આવે આશિષ લેવા;

ગુરુ કરે, પરમ ઉપકાર, ગુરુવર વંદો રે...૫

દુઃખ ટાળવા સુખ પામવા, જીવન ધન્ય બનાવતા;

તમે જપીલો કનક ગુરુ નામ, ગુરુવર વંદો રે...૬

"કનક" "કીર્તિ" ગુરુજી પ્યારા, જગ જીવ તારણ હારા

થાંરા કીર્તન કરે "હરિ" રાજ, ગુરુવર વંદો રે...૭

રચના : સમય - વિ. સં. ૨૦૫૪ ફાગણ સુદ - ત્રીજ, રવિવાર,
તા. ૧-૩-૯૮, રચના સ્થળ - હાડેચા (રાજસ્થાન)

## ૧૪. કનક ગુરુ પૂજાના દુહા

**અંગુઠે**

વિદ્યા ગુરુવર આપજો, વંદન કરું ગુરુરાજ;
ઘોર અજ્ઞાન નિવારજો, શિવ પદવીને કાજ...૧

**ઢીંચણ**

કાંટા પત્થર કાંકરા, અડવાણે પાયે વિહાર;
ઠંડી ગરમી સહન કરી, કીધા ભવિક ઉદ્ધાર...૨

**હાથે**

સૂરિમંત્ર સૂરિવર ગણે, નવકાર વાળી હાથ;
ત્રીજે પદ વિભૂષિત એવા, કનક ગુરુ મારી સાથ...૩

**ખભે.**

માનપાન, આંડબરે, રસ ન ધરે ગુરુરાજ;
કામ કરે સહું સંઘનાં, એવા હતા સૂરિરાજ...૪

**મસ્તકે**

શુભ ચિંતન શુભધ્યાનમાં, રહે ગુરુ દિન રાત,
છત્તીશ ગુણે અલંકર્યા, શું કહીએ તુજ વાત...૫

**લલાટે**

ભાગ્ય દિશો છે આપનું, દિશે વિશાળ લલાટ;
શાસન શોભા વધારીને, કાઢે કર્મનો કાટ...૬

**કંઠે**

મીઠી મધુરી વાણીમાં, દયા ધર્મ સમજાય;
તેથી કનક ગુરુ વિશ્વમાં, દયા સાગર કહેવાય...૭

**હૃદયે**

રાગ-દ્વેષ રાખે નહી, રાખે સમતા ભાવ;
ભવમાં ભમતા જીવની, પાર ઉતારે નાવ...૮

**નાભિયે**

નાના મોટા વ્યક્તિમાં, રાખે નહીં મત ભેદ
શાંત સરળ સ્વભાવથી કરે કર્મનો છેદ...૯

રચના - સમય - વિ. સં. ૨૦૫૪ ફા. વ. ૧૧ (બપોરે ૧૨ ક. રચના - શરૂ) રાત્રે ૯:૧૦ લ. ક. રચના સમાપ્ત તા. ૨૪-૩-૯૮ મંગળવાર, રચના સ્થળ : **હાડેચા નગર (રાજસ્થાન) રચયિતા : મુનિ હરિપ્રભ વિ.**

## ૧૫. કનક ગુરુ ભમતિ દુહા

ચોરાશિ ચક્કરમાં ભમ્યો, કહેતાં ન આવે પાર;
હવે કનક ગુરુ તારજો, સિદ્ધિ દેજો એકવાર...૧
રત્ન ત્રયિ આરાધતા, ત્રીજે પદે સૂરિ રાજ;
મન વચન કાય એ કરી, કનક ગુરુ મહારાજ...૨
ચાર ગતિ નિવારીને પંચમ ગતિ લહું સાર;
ત્રણ પ્રદક્ષિણા કરી, વંદુ વારં વાર...૩

રચના - સમય - વિ. સં. ૨૦૫૪ ફા. વ. ૧૨ (સવારે ૬:૫૫ લ. ક.
રચના શરૂ લ. ૭ા ક. સમાપ્ત તા. ૨૫-૩-૯૮ બુધવાર,
રચના સ્થળ - હાડેચા નગર (રાજસ્થાન)

## ૧૬. મૂરતિ રે..

મૂરતિ રે મારા કનક ગુરુવરની
ભક્તોને પ્યારી પ્યારી લાગે ગુરુજી મારા
હાથમાં ડાંડીને, બગલાં ઓઘો
સંયમ વેશ છે. મોંઘો ગુરુજી મારા; મૂરતિ રે૦....૧
હોઠે પ્રસન્નતા મુખે મધુરતા
હૃદયે કરૂણતા ધરતા ગુરુજી મારા; મૂરતિ રે૦...૨
જૈન ગુરુ માને અજૈન ગુરુ માને,
ભક્તો આવે નમવાને, ગુરુજી મારા; મૂરતિ રે૦...૩
તરપણી પાતરા ડંડાસણ રાખતા
સંયમ પાળી પાપ હરતા ગુરુજી મારા; મૂરતિ રે૦...૪
રૂડી મૂરતિ મેં તો હાડેચા પધરાવી
ભક્તોની ભીડ ત્યાં જામી ગુરુજી મારા; મૂરતિ રે૦...૫
કનક પ્રભ સૂરિ નામ મને પ્યારૂં

સ્મરણ કરૂં તમારૂં ગુરુજી મારા; મૂરતિ રે૦...૬
**"કનક" "કીર્તિ"** ગુરુવર લાગે છે. ન્યારા
**"હરિપ્રભ મુનિ"** ને પ્યારા ગુરુજી મારા; મૂરતિ રે૦...૭

રચના - સમય : વિ. સં. ૨૦૫૪ ફા. સુ. ૭ બુધવારે તા. ૪-૩-૧૯૯૮.
રચના સ્થળ : **હાડેચાનગર** (રાજસ્થાન)

## ૧૭. કનક ગુરુ શરણંમમ

**ભાભર** નગરના વાસી બોલે કનક ગુરુ શરણં મમ
**ભોરોલવાશી** ભાવથી બોલે કનક ગુરુ શરણં મમ...૧
**સાંચોરવાસી** સાચું બોલે કનક ગુરુ શરણં મમ
**હાડેચા** નગરના હૈયેગાજે કનક ગુરુ શરણં મમ...૨
**ઝાબ** નગરના જોરથી બોલે કનક ગુરુ શરણં મમ
**ચિત્તલવાણાના** ચિત્તથી બોલે કનક ગુરુ શરણં મમ...૩
જૈન ધર્મના અનુયાયી બોલે કનક ગુરુ શરણં મમ
અજૈન ધર્મી લોકો બોલે કનક ગુરુ શરણં મમ...૪
સાધુ અને સાધ્વીજી બોલે કનક ગુરુ શરણં મમ
શ્રાવક શ્રાવિકા સારૂં બોલે કનક ગુરુ શરણં મમ...૫
ખર તર ગચ્છના ખંતથી બોલે કનક ગુરુ શરણં મમ
તપા ગચ્છતો તેજથી બોલે કનક ગુરુ શરણં મમ...૬
વાસુ પૂજ્ય ગચ્છ બોલે કનક ગુરુ શરણં મમ
સ્થાનક વાસી એમ બોલે કનક ગુરુ શરણં મમ...૭
વનવગડાના જોગી બોલે કનક ગુરુ શરણં મમ
મોટા મોટા મહંતબોલે કનક ગુરુ શરણં મમ...૮
વાજીંત્રોના નાદ સાથે કનક ગુરુ શરણં મમ
મોટા સંગીતકાર બોલે કનક ગુરુ શરણં મમ...૯
નાના મોટા સહુકોઈ બોલે કનક ગુરુ શરણં મમ
બૂઢાં ડોસા ડોસી બોલે કનક ગુરુ શરણં મમ...૧૦

રસોઈ કરતી નારી બોલે કનક ગુરુ શરણં મમ
વેપાર કરતા વણિક બોલે કનક ગુરુ શરણં મમ...૧૧
દીન દુઃખીયારા એમ બોલે કનક ગુરુ શરણં મમ
મોટા મોટા ધનિક બોલે કનક ગુરુ શરણં મમ...૧૨
"શાન્તિચંદ્ર સૂરિ" સમુદાય બોલે "કનક" ગુરુ શરણં મમ
"કીર્તિ" ગુરુનો "હરિપ્રભ" બોલે કનક ગુરુ શરણં મમ...૧૩

રચના સમય - વિ. સં. ૨૦૫૪ ફા.સુ. ૧૦ શનિવાર સાંજે - ૫:૩૮ ક. સમાપ્ત. તા. ૭-૩-૧૯૯૮ (ચૈ. સુ. ૧૪ સાંજે - ૫:૨૫ ક. ગુરુજી પાસે પાસ કરાવ્યું (બતાવ્યું) (રાજ) હાડેચા.

## ૧૮. ગુરુ નામ જપીલે મનમાં

ગુરુ નામ જપીલે મનમાં
તારાં કામ થાસે સહુ પલમાં
તું લાગીજા ભજનમાં; ગુરુ નામ....
છત્તિશ ગુણે ગુરુવર શોભે, દયા તણા ભંડાર, દીન, દુઃખીયાંકા કીરતાર,
આશ પુરશે, કર્મ ચૂરશે, ધન્ય જીવન ગુરુ સંગમાં; ગુરુનામ૦...૧
કનક ગુરુવર, કલ્પ તરૂવર, જૈન શાસન શણગાર બન્યા કર્ણાવતી અણગાર
દર્શન કરીલો ભક્તિ કરીલો, ભમશો નહીં તમે ભવરણમાં; ગુરુનામ૦...૨
ગ્રામે ગ્રામે વિહાર કરીને, દેશના દે ગુરુરાજ તારે ભવિકને સૂરિરાજ
એહના શરણે જે કોઈ આવે આનંદ પામે જીવનમાં; ગુરુનામ૦...૩
શાન્તિ ચંદ્ર સૂરિ મહા પ્રતાપી, શિષ્ય હુવા બહુ તેજ, ગુણો લખતાં થાય બહુ પેજ
કનક પ્રભ સૂરિ તપાગચ્છ ધૂરી, કીર્તિ ગાજે મુનિ ગણમાં; ગુરુનામ૦...૪
"**કનક**" ગુરુકા શિષ્ય હૈ પ્યારા, "**કીર્તિ પ્રભ વિજય**" નામ ગુરુ વિચરે ગામો ગામ
"**હરિ પ્રભ**" કહે ઘણા દીપે, કનક ગુરુ શાસનમાં; ગુરુનામ૦...૫

રચના - સમય - વિ.સ. ૨૦૫૪ ફા. વ. ૧૩. તા. ૨૬-૩-૧૯૯૮ ગુરુવાર રચના સમાપ્ત. હાડેચા (રાજ.)

## ૧૯. કનક ગુરુ કા સ્વાગત ગીત

આવો આવો પધારો મારા અંતરીયે રે

મારા મોંઘાં મૂલા ગુરુરાજ (સ્થાઈ)

આજે ભાગ્ય અમારા જાગ્યા

અમે પાપના વિચારો ત્યાગ્યા

મારા મંદિરીયે (૨) એકવાર આવીજાઓરે; મારા મોંઘા મૂલા ગુરુરાજ...૧

ગુરુ કનક પ્રભ સૂરિ રાયા

માતા કકલ બેનના જાયા

મારા હૈયાના (૨) હાર તમે આવી જાઓરે; મારા મોઘાંo....૨

અમે દર્શન કરવાને આવ્યા

અમે ગુરુવરના ગીતડા ગાવ્યા

મારી આશાના (૨) પુરનાર આવીજાઓરે; મારા મોંઘાo...૩

અમે આવકાર મીઠો આપીએ

અમે ભાવથી આંગણા સજાવીએ

દયા સાગરના (૨) ભંડાર આવી જાઓ રે; મારાo...૪

**શ્રી કનક પ્રભ** સૂરિ પ્યારા

તસ શિષ્ય "**કીર્તિ**" ગુરુન્યારા

મુનિ "**હરિ**"ના (૨) શિરતાજ આવી જાઓ રે; મારાo...૫

રચના - સમય - વિ.સં. ૨૦૫૪ ચૈત્ર સુદ ત્રીજ સોમવાર. (બપોરે ૧૨-૦૦ ક.રચના શરૂ) ૩:૨૭:૩૫ ક. રચના સમાપ્ત રચના સ્થળ - હાડેચા. (રાજ.)

## ૨૦. ગુરુવિરહ ગીત

અમને તજીને ગુરુજી ચાલ્યા જવાયના

મીઠી મીઠી યાદ તારી કદી પણ ભૂલાયના (સ્થાઈ)

દયા સિંધુ તમેં એવું કેમ કીધું

ચિત્તડું અમારૂં ચોરી લીધું

દયા સાગરના ગુરુજી ચાલ્યા જવાયના; મીઠી મીઠી૦...૧

પશુ પંખીને માનવ સારા

સહું જીવોના તારણ હારા

સહુંના વ્હાલા ગુરુજી ચાલ્યા જવાયના; મીઠી મીઠી૦...૨

ચૈત્ર વદી સાત દિના ગુરુજી

રડતા મૂકીને ચાલ્યા સૂરીજી

શાન્તિદેનારા ગુરુજી ચાલ્યા જવાયના; મીઠી મીઠી૦...૩

જલ વિના માછલીની કેવી દશારે

પાલક વિના બાળની કેવી દશા રે

સંઘના આધાર એમ ચાલ્યા જવાના; મીઠી મીઠી૦...૪

જીવદયા પ્રેમી શાન્ત સ્વભાવી

કીર્તિ તમારી જગે સહુ ગાવી

"હરિ"ને મલ્યા વિના ચાલ્યા જવાયના; મીઠી મીઠી૦...૫

રચના - સમય - વિ. સં. ૨૦૫૪ ચૈ. વ. ૨ મંગળવાર તા. ૧૪-૪-૧૯૯૮
બપોર બાદ ૪:૩૯. ક. રચના સમાપ્ત. મુ. હાડેચા

## ૩૧. ગુરુ ચરણે વંદના

ગુરુરાજના ચરણે વંદના,

મારે કરવી છે કર્મ નિકંદના (સ્થાઈ)

ગુરુજી અમારા, તારણહારા જિન શાસનના તમે સિતારા

શાન્તિ દેનારા, દયા કરનારા, નામ જપે સહુ જગ તુમારા

જગ તુમારા. ગુરુરાજના૦...૧

વાણીતુમારી, દુઃખ હરનારી, પાપ હિંસાના છોડાવનારી

જે સુણે એ ભવિકપ્રાણી, તે પામશે સિદ્ધિ રાણી સિદ્ધિ રાણી; ગુરુરાજના૦...૨

જ્યારે જાગું છું હું સવારે, નામ લહું છું તમારું ત્યારે,

દર્શન દેશો મુજને ક્યારે, એહીજ મારૂં મનડું વિચારે મનડું વિચારે;

ગુરુરાજના૦...૩

કનકપ્રભ સૂરિ નામ તમારૂં જગમાં લાગે છે. સહુને પ્યારૂં
સ્મરણ તમારૂં સુખ દેનારૂં, કામ કરજો સહુ આજ અમારું
આજ અમારું; ગુરુરાજના ચરણે વંદના૦...૪
બુદ્ધિ દેજો અમને બહું સારી, ગુણલા ગાવે નરને નારી,
કીર્તિ તુમારી જગ વિસ્તારી "હરિ"ને મૂકશો નાહી વિસારી નાહી વિસારી

રચના - સમય - વિ. સં. ૨૦૫૪ ચૈ. વ. ૨ મંગળવાર તા. ૧૪-૪-૯૮ બપોરે ૨:૧૫ ક. સમાપ્ત (ચૈ. સુ. ૧૩ રાત્રે ૯-૦૦ ક. સ્ફૂર્ણા થઈ) રચના સ્થળ- હાડેચા

## ૨૨. દીક્ષા ધૂન

(રાગ - ધોતીયા વાળો ગમતો નથી)

મને સંયમ પ્યારૂં લાગે રાજ
સંસાર મુજને ગમતો નથી...૧
મારે (ગુરુની) વીરની વાણી સુણવીરાજ
સંસારી વાતો મને ગમતી નથી...૨
મને વિહાર કરવો ગમશે રાજ
ગાડી વાડીમાં મને ગમતું નથી...૩
મારે ભૂમિ સંથારે પોઢવું રાજ
ગાદી તકીયા મને ગમતા નથી...૪.
મને તપસ્યા કરવી ગમસે રાજ
મેવા મીઠાઈ મને ગમતા નથી...૫
મારે નવકાર વાળી ગણવી રાજ
હીરાના હાર મને ગમતા નથી...૬
મારૂં મુહપત્તિએ મન મોહ્યું રાજ
હાથ રૂમાલ મને ગમતા નથી...૭
મને તરપણી પાત્રા ગમશે રાજ

થાળી વાટકા મને ગમતા નથી...૮
મને ઓઘો પ્યારો લાગે રાજ
પાકીટ રાખવું ગમતું નથી...૯
મને ગુરુ સંગતમાં ગમશે રાજ
સંસારી સંગમને ગમતો નથી...૧૦
મારે સિદ્ધિ વધૂને વરવું રાજ
મોહનારી મને ગમતી નથી...૧૧
મને સંયમ મીઠું લાગે રાજ
ખારો સંસાર મને ગમતો નથી...૧૨
જેની કીર્તિ "હરિ" પણ કરે રે
એવા સંયમ વિનામને ગમતું નથી...૧૩

રચના - સમય - વિ. સં. ૨૦૫૪ વૈ. સુ. ૧૩, તા. ૯-૫-૯૮
(સાજે - ૫-૦૦ ક. સ્ફૂ.) સાંજે ૬:૪:૯૫ ક. સમાપ્ત, હાડેચા. (રાજસ્થાન)

## ૩૩. જય બોલો જય ગુરુવરકી

**(રાગ - અચકો મચકો કારેલી)**

અમે ઉત્તમ ગુરુવર પામ્યા રાજ
જય બોલો જય ગુરુવરકી...૧
ગુરુ ક્યા નગરમાં જન્મ્યા રાજ
જય બોલો જય ગુરુવરકી...૨
ગુરુ ભાભર નગરમાં જન્મ્યા રાજ
જય બોલો જય ગુરુવરકી...૩
ગુરુ ક્યાં જઈ દીક્ષા લીધી રાજ
જય બોલો જય ગુરુવરકી...૪
ગુરુ કર્ણાવતીમાં દીક્ષા રાજ
જય બોલો જય ગુરુવરકી...૫

ગુરુ કયા ગુરુને પામ્યારાજ

જય બોલો જય ગુરુવરકી...૬

ગુરુને શાન્તિચંદ્ર સૂરિ મલ્યા રાજ

જય બોલો જય ગુરુવરકી...૭

ગુરુ કયા તે નામથી દીખ્યા રાજ

જય બોલો જય ગુરુવરકી...૮

ગુરુ કંચન વિજયજી નામે રાજ

જય બોલો જય ગુરુવરકી...૯

ગુરુ ક્યાં સૂરિ પદવી પામ્યા રાજ

જય બોલો જય ગુરુવરકી...૧૦

ગુરુ ભાભરમાં સૂરિપદ પામ્યા રાજ

જય બોલો જય ગુરુવરકી...૧૧

ગુરુ (ને) ક્યા તે નામથી ભજીએ રાજ

જય બોલો જય ગુરુવરકી...૧૨

ગુરુ કનક પ્રભ સૂરિ નામે રાજ

જય બોલો જય ગુરુવરકી...૧૩

ગુરુ કયા તે ગુણના રાગી રાજ

જય બોલો જય ગુરુવરકી...૧૪

ગુરુ જીવ દયાના રાગી રાજ

જય બોલો જય ગુરુવરકી...૧૫

ગુરુએ શાનો તે ઉપદેશ આપ્યો રાજ

જય બોલો જય ગુરુવરકી...૧૬

ગુરુએ અહિંસાનો ઉપદેશ આપ્યો રાજ

જય બોલો જય ગુરુવરકી...૧૭

ગુરુ ક્યાં જઈ કાળને પામ્યા રાજ

જય બોલો જય ગુરુવરકી...૧૮

ગુરુ હાડેચા નગરે આવ્યા રાજ

જય બોલો જય ગુરુવરકી...૧૯

ગુરુનો કેવો પ્રભાવ ત્યાં જામ્યો રાજ

જય બોલો જય ગુરુવરકી...૨૦

ત્યાં થપં થયૂં કનક કીર્તિ શુભ ધામ

જય બોલો જય ગુરુવરકી...૨૧

હવે ક્યાં જઈ ગુરુને ભેટશું રાજ

જય બોલો જય ગુરુવરકી...૨૨

હવે હાડેચા નગરમાં જઈશું રાજ

જય બોલો જય ગુરુવરકી...૨૩

ગુરુની કીર્તિ (તો) કોણ કોણ કરશે રાજ

જય બોલો જય ગુરુવરકી...૨૪

ગુરુની કીર્તિ તો "હરિ" કરશે રાજ

જય બોલો જય ગુરુવરકી...૨૫

રચના - વિ. સં. ૨૦૫૪ વૈશાખ વદ ચૌથ શુક્રવાર, દિનાંક : ૧૫-૫-૧૯૯૮ સાંજે ૭:૪૦ લ. ક. સમાપ્ત. મુ. હાડેચા

## ૪૪. શ્રી સિમંધર સ્વામીનું સ્તવન

(રાગ - ભીમપલાસી)

સિમંધર સ્વામી મેરે મન વસીયા ......(૨)

દર્શન કરવા નયનો તરસીયા

ગુણ કીર્તનમાં હોઠ હરખીયા

અમૃત ઝરણા અંતર ઝરીયા; સિમંધર સ્વામી મેરે મન વસીયા (સ્થાઈ)...૧

નયનો તુમારા અમૃત ભરીયા

પ્રભુજી અમારા જ્ઞાન ગુણ દરિયા

અમને પ્યારા સ્વામી મળીયા; સિમંધરસ્વામી૦...૨

શિશ તુમારે ચરણે ધરીયા

સિદ્ધિ તણા અમે ભાવે ભરીયા
સિદ્ધિ દેજો ઓ જિનવરીયા; સિમંધરસ્વામી૦...૩
પ્રભુ (તુજ) મુખ જોતાં પાપ વિખરીયા
તુમે તો પ્રભુજી કેવળ વરીયા
તુમે (આપ) પસાએ કાજ સહુ સરિયાં..; સિંમધિર સ્વામી૦...૪
"શાન્તિ" દેજો સિંમધર અરિહા
"કનક" સિહાંસને વાણી વરસીયા
"કીર્તિ" કરવા હરિપ્રભ રસીયા....; સિંમધર સ્વામી મેરે મન વસીયા...૫

રચના - સમય - વિ. સં. ૨૦૫૪ જેઠ સુદ - ૧૨, શનિવાર, ૨૯:૧૫ ક. સમાપ્ત, તા. ૭-૬-૧૯૯૮, રચના સ્થળ - મહેસાણા (ઉ.ગુ.)

## ૩૫. ગુરુવરકી કરુણા

(રાગ - લાવણી)
(રાગ - રાણાજી મારે કાંઈ કરશે)

તમે સુણજો ગુરુવરરી મીઠી વાત
ગુરુવરરી કરૂણા જગમાં ગાજે (ટેક)
ગૌશાળાના શ્રાવક આવે, અરજી કરે ગુરુવાસ
સહાય કરો મારા ગુરુવરજી પશુ પીડા નહીં પાર; ગુરુવરરી કરૂણા૦...૧
લાભ લેવા કોઈ ભગત આવે તો, ગુરુ કહે એવી વાત
લાભ લેવો હોય તો તું લેજે, જીવદયારે ધામ; ગુરુવરરી કરૂણા૦...૨
ગૌશાળા સાધર્મિક સેવા, અન્ય ઘણા ઉપકાર,
જીવ દયાના કોઈપણ આવે, અરજી કરાવે પાસ; ગુરુવરરી કરૂણા૦...૩
અશુભ કર્મથી બહુ દુઃખીયારા, વેદના વેદે અનેક
જીવમાત્ર કોઈ પણ દુઃખી હોવે, કરૂણા કરે ગુરુરાજ; ગુરુવરરી કરુણા૦...૪
બાહ્ય આશાન્તિ અંતર પીડા, નહીં કોઈ આધાર,
જે કોઈ ગુરુના ચરણે જાવે, દુઃખડાં ટલે તતકાલ; ગુરુવરરી કરૂણા૦...૫

પરહિત કરવા ગુરુવર બેઠાં, છોડી સહું નિજકાજ,
શિષ્ય કહે ગુરુ પધારીયે રે, ગોચરી ઠંડી થાય; ગુરુવરરી કરૂણા૦...૬
ગુરુજી એવી વાત સુણાવે, જીવદયા ઘણીવાર,
જીવદયાનો ઉપદેશ દીધો, કીધો ઘણો ઉપકાર; ગુરુવરરી કરૂણા૦...૭
ગુરુવાણીને જો અનુસરશો, તો લહેશો શિવરાજ,
દયા ધર્મકા મૂલ કહા હૈ, દયા બિના નહીં સાર; ગુરુવરરી કરૂણા૦...૮
કનક ગુરુના શિષ્ય કહાવે, કીર્તિ પ્રભ ગુરુરાજ,
તાસ શિષ્ય મુનિ "હરિ" કહેરે, કનક ગુરુ તણી વાત; ગુરુવરરી કરૂણા૦...૯

રચના - સમય - વિ. સં. ૨૦૫૪, જેઠ સુદ - ૧૩, રવિવાર,
તા. ૭-૬-૧૯૯૮ બપોર પછી ૪:૯ ક. સમાપ્ત (વિ. સં. ૨૦૫૪ જેઠ સુ.-૮
સવારે ૭ લ. ક. સ્ફૂ.) રચના સ્થળ - સેફ્રોની હોલીડે રીસોર્ટ (મહેસાણાથી
અમદાવાદ- તરફ ૧૨ કી.મી. છે.) ગુજરાત



# જ્યોતિષનું જૈન શાસ્ત્રમાં મહત્વ

જ્યોતિષ વ્યક્તિના ભાગ્યને જાણવાની રીત છે.

જ્યોતિષ કાંઈ ફેરફાર કરતું નથી. અભાગ્યનું પરિવર્તન ધર્મ કરવાથી થાય છે.

જ્યોતિષ એક પ્રકારનું જ્ઞાન છે, તે ઠુકરાવવા લાયક નથી. અમુક જનો જ્યોતિષને પાપ માનતા હોય છે. પણ તે તેમની ભૂલ છે. કેમકે જ્યોતિષ તો પરમાત્મા એ પોતે કહેલ છે. આપણા જૈન શાસ્ત્રોમાં સારી રીતે વર્ણવ્યું છે. આપણા ૪૫ આગમમાંથી શ્રી સૂર્ય પ્રજ્ઞપ્તિ આગમ, શ્રી ચંદ્ર પ્રજ્ઞપ્તિ આગમ તથા ગણિ વિજ્જા પયન્ના આગમ વિગેરે જૈનાગમોમાં જ્યોતિષને સ્થાન આપવામાં આવ્યું છે. આપણા મહાન આચાર્યોએ જ્યોતિષ દ્વારા ઘણી શાસન પ્રભાવના કરી હતી. જૈન શાસ્ત્રમાં ૮ પ્રભાવક વર્ણવ્યા છે. તેમાંથી ચોથા પ્રભાવક છે. નૈમિકિત (એટલે જ્યોતિષિ) કે જેઓ જ્યોતિષ દ્વારા શાસન પ્રભાવના કરે છે. તે વિષે ભદ્રબાહુ સ્વામીજી વિગેરે જાણવા.

જ્યોતિષ ખરાબજ છે, પાપજ છે તેવું નથી, જ્યોતિષનો દુરુપયોગ કરવો તે પાપ છે. માટે શાસ્ત્રમાં યોગ્યને વિદ્યા આપવી અયોગ્યને ન આપવી વિગેરે કહ્યું છે. કેમકે યોગ્ય વ્યક્તિ જાણીને સદુપયોગ કરશે, શાસન પ્રભાવનાદિ સુદુપયોગ કરી તરે તથા તારે છે. જ્યારે અયોગ્ય પાસે જ્યોતિષાદિનું જ્ઞાન હોવાથી સ્વાર્થ સંસારિક પ્રપંચ વિગેરે દુરુપયોગ કરી પોતે ડુબે છે. તથા અન્યને પણ સંસારમાં ડુબાડે છે.

આપણા પૂર્વના મહાત્માઓ જ્યોતિષ - મંત્ર યંત્રાદિ સારી રીતે જાણતા હતા અને જ્યારે શાસનનો પ્રશ્ન આવે ત્યારે સદુપયોગ કરી શાસન રક્ષા કરતા હતા.

જ્યોતિષ જૈન શાસનમાં ઘણું જ જરૂરી છે. પ્રતિષ્ઠા કરાવવી હોય તો મુહૂર્ત જોવું જ પડે, દીક્ષા આપવી, સંઘ કઢાવવો વિગેરે કાર્યોમાં જ્યોતિષની જરૂર પડે છે. તથા જિનેશ્વરોનાં કલ્યાણક તિથિ વિગેરે જાણવા માટે ખાસ જ્યોતિષની જરૂર પડે છે. આપણું જૈન જ્યોતિષ સારા પ્રમાણમાં હાજર હોત તથા સારા જાણકાર હોતતો એક તિથિ બે તિથિ ના ઝગડા શાસનમાં ના પડત પણ શું થાય ? કાળ ક્રમે દુષમ આરામાં કારણો સર જ્યોતિષાદિ જ્ઞાન નષ્ટ થતું ચાલ્યું.

અત્યારના કાળમાં જ્યોતિષ મંત્રાદિ જ્ઞાન ઘણું ઓછું થઈ ગયું છે. તેનાં કારણો અનેક છે. (તે આ પ્રમાણે) - દુષમકાળના જીવોનું અભાગ્ય તથા અયોગ્યતાના કારણે પૂર્વા ચાર્યો એ અમુક પાઠો લોપાવ્યા (જેમ કે ભદ્રબાહુ સ્વામીજીએ જાણ્યું કે આગળના જીવો આ નો દુરુપયોગ કરશે માટે ૪ પૂર્વ લોપાવ્યા)

બીજું એ કારણ કે જીવોની ઓછી થતી સ્મૃતિ પહેલાં તો વિદ્યા મુખપાઠ ચાલતિ એટલે ગુરુભગવંત પાઠ આપે પણ પોતાની સ્મૃતિ, હોય તેટલું જ ગ્રહણ કરી શક્યા..

પછી જ્યારે સિદ્ધાન્ત (જ્ઞાન) પુસ્તકારુઢ થયો ત્યારે પૂ. આ. ભગવંતોએ વિચાર્યુ કે આવિ ચમત્કારીક વિદ્યા જો પુસ્તકારુઢ થાયતો કોઈ પણ વાંચી શકે છે માટે આવા અમુક પાઠો તો યોગ્યને કંઠસ્થ જ કરાવવા તેમ વિચારી અમુક પાઠ પ્રતારૂઢ ન થયા. જેને જેટલું યાદ રહ્યું તેમ અમુક જ્ઞાન મુખપાઠ જ રહ્યું.

તથા મંત્ર વિદ્યા સંબંધ માં તે મ પણ કહેવાય છે કે યતિઓ પાસે મંત્ર વિદ્યા હતી યતિઓના કાળમાં સાધુ તથા યતિ ઓ વચ્ચે વિખવાદ થવાથી તથા તે કાળમાં યતિઓનું જોર વધારે હોવાથી તેઓએ આચાર્ય પદવી અટકાવી તથા મતભેદ વિખવાદ થી સાધુઓને મંત્રવિદ્યા ના શીખવી તથા સાધુઓએ તે પાપ પાપ કહી વખોડી વગોવી નાખી અને યતિઓ કોઈને આપ્યાવિના ચાલ્યા ગયા. છતાં જુનિ પ્રતો યતિઓની તથા અન્ય પણ ઘણીપ્રતો અનેક પ્રકારના જ્ઞાનવાળી મંત્ર-યંત્ર-ધાર્મીક તત્વજ્ઞાનાદિથી યુક્ત જુનિ પ્રતો લોકોના ઘરમાં પડી રહી હોય અને લોકોને ભીડ સ્વરૂપ તથા બિનજરૂરી લાગવાથી કે અન્ય પણ અનેક કારણોસર કોઈએ પ્રતાદિ સળગાવી દીધું કોઈએ જળમાં પધરાવ્યું કોઈએ વેચી દીધું પરદેશ ચાલ્યું ગયું તથા કોઈ પ્રતો જીર્ણ શીર્ણ થઈ ફાટી ગઈ વિગેરે અનેક કારણે જ્યોતિષાદિ જ્ઞાન નષ્ટ થતું ચાલ્યું.

જ્યોતિષ કાળક્રમે ક્ષીણ થતું ગયું તે હકીકત છે. કેમકે અત્યારે તો માત્ર અતિ અલ્પ જ રહ્યું છે. છતાં અત્યારના જીવોથી પચાવી શકાતું નથી, અજીર્ણ થઈ જાય છે. તો ઘણું હોત તો શી દસા થાત ? જે થાય છે. તે કાળક્રમે જીવોના કર્મ પ્રમાણે થયા કરતું હોય છે.

અત્યારે જ્યોતિષાદિ ઓછુ જ છે એમ નહી આપણા પ્રમાણે તો આટલું ય ઘણું છે આટલું પચાવીએ તોય બહું છે.

અમુક લોકો એવી પણ શંકા કરતા હોય છે કે "જ્યોતિષ જાણવાથી ચીતા

થાય, શંકા પડે એના કરતાં ન જાણવું સારૂં ઉત્તર-આમિ શંકા કરવી અયુક્ત છે કેમકે જ્યોતિષ બધું ખોટું જ બતાવે છે. એવું નથી સારૂં હોયતો સારૂં અને ખોટું હોયતો ખોટું જેવું તમારા ભાગ્યમાં હોય તેવું બતાવે છે.

જ્યોતિષથી ચિંતા ન થાય પણ સાવધાની પ્રામ થાય છે. ખરાબ થવાનું છે માટે તરત સાવધાન બની જવાય જેમકે એક શ્રાવક મંત્રીએ પોતાના એક ના એક પુત્રની કુંડળી જોશીને બતાવી જોશીએ કહ્યું એક મહિનો આ છોકરાને ભારે છે. રાજ્ય તરફથી મરણાંત મહા ભય છે. ૯૯ ટકટ બચી શકે તેમ નથી" આ જાણી મંત્રી સાવધાન થયા પુત્રને સમજાવી. માસ ખમણ કરાવી કાણાવાળી પેટીમાં પુરી તાળું વાસી રાજ ભંડારમાં રાજા હસ્તક મૂકાવી બરોબર ચોકસાઈ પર્વક રાજાને ભલામણ કરી મંત્રી મહીના માટે યાત્રાએ નીકળ્યા. મહીનાને અંતે એવું બન્યું કે રાજકુંવરી સ્નાનાગારમાં સ્નાન કરી રહી હતી ત્યાં મંત્રી પુત્ર આવી ચોટલો પકડી લઈ જવા લાગ્યો કુંવરીએ બુમ પાડી રાજપુરુષો આવ્યા, મંત્રીપુત્ર છરીથી ચોટલો કાપી ભાગી ગયો. રાજાજ્ઞાથી સેવકો તપાસ કરવા લાગ્યા મંત્રી પણ મહીનો પુરો થતાં ઘેર આવ્યા, રાજપુરુષો કહે તમારા પુત્રે અનુચિત કર્યું છે. ફાંસીએ ચઢાવવાનો છે. મંત્રી કહે હમણાં આવ્યા છીએ ઘર ખોલવા દો, પછી. વાત મંત્રી રાજા પાસે આવ્યા કહ્યું સાહેબ ! પેલી પેટી આપો પછી બધું કરીએ રાજાએ પોતે પેટી ખોલી જોયું આશ્ચર્ય અહો ! મંત્રી પુત્ર, છરી, રાજકુંવરીનો ચોટલો, નીકળ્યાં રાજાએ મંત્રીને કહ્યું આશું ? મંત્રીએ જોશી વિગેરેની વાત જાણાવી કહ્યું મારા પુત્રનાં પૂર્વનો શત્રુ વ્યંતર દેવે આ કર્યું લાગે છે.

સારાંશ - મંત્રીએ જ્યોતિષ દ્વારા અશુભ જાણી સાવધાન થયા અને ધર્મ (માસખમણ) કરાવ્યું તપ ધર્મન પ્રતાપથી અશુભ ઓછું થયું અને પુત્ર બચી ગયો માટે શંકા ચિંતાદિ ન કરવાં. જો સારૂં જાણવા મળશે તો આનંદ થશે અને અશુભ જાણવા મળશે તો સાવધાની આવશે.

આ દ્રષ્ટાંત ઉપરથી એવું પણ સિદ્ધ થાય છે. કે જ્યોતિષથી ભાગ્ય જણાય છે. અને ધર્મથી પરિવર્તન કરી શકાય છે.

તમારા ઘરમાં રેડ પડવાની હોય કે ચોરો ઘુસવાના હોય અને તેની તમને જાણ હોયતો તમે સાવધાન થઈ આડું અવળું કરી મોટા નુકશાનથી બચી શકો છો. પણ જો ખ્યાલ જ, ના હોયતો અચાનક ચોરો ઘુસી જાયતો મહાનુકશાન થાય.

તેમજ તમે અજાણ્યા રસ્તે જતા હો તમને કોઈ કહે કે "આગળ તોફાન

ચાલે છે જશો નહી" તમને ખાસ કાંઈ ખ્યાલ નહોય કોઈ વ્યક્તિ કહે "આ રસ્તે ભયંકર સિંહ હાથી વિગેરે છે, સાવધાન રે જો રસ્તો બદલી લો."

આવા સમાચાર આપનાર ને શું તમે ખરાબ કહેશો ? ના ખરાબ નહી કહો, તેમ જ્યોતિષ પણ અગાઉ સમાચાર આપે છે તે ખરાબ કેમ કહેવાય ?

હજુ પણ વાતને વિશેષ સમજવા માટે તમને એક દાખલો આપું, એક ભાઈ પોતાના દિકરાના લગ્નની જાન લઈને જતા હતા રસ્તામાં બિલાડી આડી વળી ડ્રાયવરને ખ્યાલ કે આ અપશુકન થયા તેણે શેઠને વાત કરી કે અપશુકન થયા છે. પાછા વળીએ અથવાતો થોડી વાર ઉભા રહીએ. શેઠે કહ્યું આવાંતો કુતરાં બિલાડાં કેટલાંય રસ્તા પર ફરતાં હોય એવું કોઈ અપશુકન ના સમજવું તથા આપણે સમય સર પહોંચવાનું છે. માટે જવાદે ગાડી, ડ્રાયવરે કહ્યું તો હું નથી આવવાનો શેઠ કહે ન આવવું હોયતો કાંઈ નહી. ડ્રાયવર તો નીચે ઉતરી ગયો શેઠે ગાડી આગળ ચલાવી રસ્તામાં એકસીડંટ થયો મહા હાનિ થઈ.

આ દ્રષ્ટાંત ઉપરથી સમજવાનું છે કે બિલાડી, એ, તો (જ્યોતિષેતો) સમાચાર આપ્યા કે આગળ જવામાં નુકશાન છે છતાં ના માન્યું તો છેવટ કાયમ ના ગયાને ? સમય સર પહોંચવું હતું હવે સમય સચવાયો ? નહી. જ્યારે ડ્રાયવર જ્યોતિષ માનતો હતો તેથી ઉતરી ગયો તો તે બચી ગયો હવે આના ઉપરથી સમજી લેવું વધારે આ બાબતમાં શું કહીએ ?

એ પણ એક વાત ખાસ ખ્યાલમાં રાખવી કે જેનું જેવું કર્મ હોય તેમ થયા જ કરતું હોય છે. તે અશુભ જેનું જેવું કર્મ હોય તેમ થયા જ કરતું હોય છે. તે અશુભ થી બચવા માટે ગમે તેટલું કરે પણ બચી શકતો નથી ફક્ત ધર્મ આરાધવાથી કર્મ નાશ પામે છે અને શુખ મળે છે. જે ધર્મારાધના કરતો હોય તેને અશુભ નાશ પામે છે.અશુભ કર્મ ઉદયમાં ધર્મારાધના કરવાથી સુખ શાંતિથી પતિ જાય છે.

મારે તો ટુંકમાં એટલું જ કહેવું છે કે જ્યોતિષ નક્કામું જ નથી પાપ જ નથી પણ તે એક મહાવિદ્યા છે. (જ્યોતિષ થી ભાગ્ય જણાય છે. અને તે જાણી) વ્યક્તિ ધર્મારાધના વિશેષ કરે એવી શુભભાવના

## મંત્ર મહાત્મ્ય

મત્રો તથા વિદ્યાઓ જૈન શાસ્ત્રમાં અનેક બતાવવામાં આવ્યાં છે. દેવાધિષ્ઠિત હોય તે મંત્ર તથા દેવી અધિષ્ઠિત હોય તે વિદ્યાં કહેવાય છે. ૧૪ પૂર્વમાંથી દશમું

વિદ્યા પ્રવાદ પૂર્વ કે જેમાં અનેક ચમત્કારીક વિદ્યાઓ બતાવવામાં આવી છે. (તે ૧૪ પૂર્વ અત્યારે વિચ્છેદ ગયાં છે.) તથા દશમાં અંગ પ્રશ્ન વ્યાકરણાંગમાં પણ મંત્ર વિદ્યા ઘણું આપવામાં આવ્યું હતું તેમ જાણવા મળે છે.

જૈન શાસ્ત્રમાં કહેલા ૮ પ્રભાવકો માંથી છઠ્ઠા પ્રભાવક મંત્રવાદી કહેલા છે.

મંત્રોમાં કોઈના સવાલાખ જાપ કોઈના સાડા ૧૨ હજાર થાય વિગેરે અલગ અલગ વિધિ વિધાનો હોય છે. અમુક પાઠ વિદ્યાઓ હોય છે કે જે કોઈક ૭ વખત કોઈક ૨૧, કોઈક ૨૭ વખત માત્ર ગણવાથી કાર્ય સિદ્ધ થઈ જતું હોય છે. તેને પાઠ સિદ્ધ વિદ્યા કહેવાય છે.

મંત્ર વિગેરેનો કાળક્રમે પ્રભાવ ઘટતો જાય છે, કેમ કે તેમાં વ્યક્તિ ની શુદ્ધતા સચવાતી નથી. મંત્રાદિ સિદ્ધ કરવા પ્રથમ તો વ્યક્તિનું ચિત શુદ્ધ તથા એકાગ્રતા વાળુ હોવું જોઈએ. તથા શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન, સદાચાર આદિ સદ્ગુણોથી યુક્ત જેનું જીવન હોય તથા ગુરુગમ પૂર્વક મંત્ર સાધના પ્રાપ્ત કરેલ હોય અને વિધિ પ્રમાણે સાધના કરવામાં આવે તો જ સફળ થાય છે.

**સર્વ મંત્ર શીરોમણિ સર્વોત્તમ સર્વશ્રેષ્ઠ મંત્ર હોયતો શ્રી નવકાર મહામંત્ર છે. આ મહામંત્ર શુદ્ધ વિધીથી આરાધના કરવામાં આવેતો તે સઘળાં કાર્ય સિદ્ધ થાય છે. અને અનંતસુખની પ્રાપ્તિ થાય છે. જો આ મંત્ર સિદ્ધ થઈ જાયતો અન્ય મંત્રોની જરૂર રહેતી નથી.**

મંત્રાદિ સિદ્ધાંજ પુસ્તકમાંથી ગ્રહણ કરી સાધના કરવાથી સિદ્ધ નથી થતાં પણ ગુરુગમ લેવો પડે છે તો જ સિદ્ધ થાય, તો જ સારૂં ફળ મળે છે.

એટલું ખાસ યાદ રાખવું કે મંત્ર જ્યોતિષાદિ જેના ભાગ્યમાં હોય તેનેજ પ્રાપ્ત થાય છે. અને ફળે છે, જેને તેને મળતું નથી તથા ફળતું નથી. મંત્રાદિમાંતો ખાસ પ્રથમ સાધકે યોગ્ય બનવાની જરૂર હોય છે.

અયોગ્ય પામી શક્તો નથી યોગ્ય જ સારી રીતે સાધી શકે છે.

બસ અંતે એટલું જણાવું છું કે આનાં દુરુપયોગ થવોનાં જોઈએ અને સાર પ્રાપ્ત કરી શિવપદ પામે એજ શુભાભિલાષા.

મારાથી આ વિષયમાં કાંઈ પણ પ્રકારનો દોષ ભૂલ થઈ હોય જિજ્ઞાશા વિરુદ્ધ લખાયું હોય તો હું ક્ષમા યાચું છું મિચ્છામિ દુક્કડંમ.

મુનિ હરિપ્રભ વિજય

# અંતે છેલ્લે.

## જ્યોતિષ જાણો અને શીખો

જ્યોતિષ દીવો છે, પ્રકાશ છે. જ્યોતિષ ભુત ભવિષ્ય અને વર્તમાનના સ્પષ્ટ ભાવો બતાવે છે. જ્યોતિષ સાચું છે પણ આપણે જ્યોતિષ જોવામાં કાચા છીએ જ્યોતિષ સત્ય જ્ઞાન છે. વિતરાગ ભગવાને જ્યોતિષ પ્રરૂપેલું છે. જ્યોતિષએ શાસ્ત્રીય વસ્તુ છે. જ્યોતિષ શાસ્ત્રમાં જે પ્રમાણે હોય તેજ પ્રમાણે લેવું પડે છે. તેમાં આપણું ઘરનું આપમત્તિનું ડોઢ ડહાપણ ચાલેજ નહિ.

જ્યોતિષ શીખવામાં પાપ નથી પણ તેના દૂરુપયોગમાં પાપ છે. માટે જ્યોતિષ શીખો પણ તેનો સદુપયોગ કરતાં શીખો જ્યોતિષ શીખવાથી ચિંતા નાશ થાય છે. શાંતિ સુખ થાય છે. જ્યોતિષ ત્રણ કાળના સાચા સમાચાર આપી દે છે. જેમ પેપરમાં સમાચાર આવે છે. ટપાલથી સમાચાર આવે છે. કોઈના માધ્યમથી સમાચાર આવે છે. ત્યારે ચિંતા નથી થતી પણ આનંદ થાય છે. એવી રીતે જ્યોતિષતો અગાઉથી ભાવિ બનવાના બનાવોને જણાવી દે છે. તો ચિંતા શાની ? ખુશી જ થાય ! અજ્ઞાની મનુષ્ય જ્યોતિષને ખોટું માને છે. જ્યોતિષ શિખવાથી ચિંતા થાય છે. આથી જ્યોતિષ નકામું છે. શિખવા જેવું નથી તેવું માને છે. પણ હું માનું છું કે જ્યોતિષ એક મસ્ત મહાવિદ્યા છે. જ્ઞાન છે. તે શીખવા જેવી ટોપ વસ્તુ છે. શીખવાથી સારું જ થાય છે. જો ખોટું થતું હોયતો પ્રથમથી જ ખ્યાલ આવી જવાથી આપણે તેની સાવધાની રાખીએ છીએ સાવધાન માણસ સદા સુખી રહે છે. જ્યોતિષ સાવધાન કરે છે.

દા.ત. : કોઈ અંધારામાં માણસ રસ્તામાં જતો હોય અને આગળ કુવો હોય છે. પણ તે માણસને કુવાની ખબર હોતી નથી પરંતુ તેને બીજો માણસ સાવધાન કરે છે કે ભાઈ આગળ કુવો છે. કુવામાં પડી જશો માટે આગળ જશો નહિ તો માણસને કેટલો બધો હર્ષ થાય છે. તેવી જ રીતે જ્યોતિષ સમાચાર આપીને માણસને બચાવે છે. તો પણ ખુશી જ થવી જોઈએ ને !

જ્યોતિષ કોઈ ભાગ્યમાં ફેરફાર કરતું નથી પરંતુ આપણા ભાગ્યમાં શું છે. તે ફક્ત દેખાડે છે. કુવામાં ટાંકામાં કે બીજે ક્યાંય પાણીનો સ્ટોક કેટલો છે. તે જાણવાની જરૂર હોય છે. અને બધાજ જાણે છે. ઘરમાં કેટલી સગવડ છે. અને

કેટલું કામ લેવાનું છે વિગેરે બધાજ અગાઉથી જ અંદાજ કાઢે છે. અને પછી કામ કરે છે. અંદાજ કાઢયા વિના કોઈ પણ કામકરતા નથી એવીજ રીતે જ્યોતિષ પ્રથમથી જ આપણ નશીબમાં શું છે તે દેખાડે છે. એટલું યાદ રાખવાનું કે જે જ્યોતિષ શીખે છે. તેનુ ભાગ્ય પણ તેવી રીતે જ વળી જાય છે. અને જે જ્યોતિષ જોઈ પગલાં ભરે છે. તેને ભાગ્યમાં પણ સારું જ હોય છે. અને જ્યોતિષ પણ સારું જ દેખાડે છે. જ્યોતિષ ધર્મ ભાગ્ય કર્મ વિગેરે સર્વે એકજ રીતીમાં ચાલે છે. પણ જુદા પડતા નથી સાથે જ રહે છે.

દા.ત. : કોઈ માણસ મહાભાગ્યશાળી અને ધર્મી હોય છે. તેનો જન્મ થયો તો કુંડલીના નવમા ભાવમાં જ્યોતિષના ગ્રહો વિગેરે સ્પષ્ટ આ માણસ મહાભાગ્યશાળી થશે અને મહાધર્મી થશે અધર્મી હશે તો જ્યોતિષ પણ અધર્મી દેખાડશે જે માણસ જેવો હોય છે. તેવો દેખાડે છે. તેમાં ખોટુ શું છે ? ઉલટાનું ઘણું સારું જ કહેવાય છે. અમને તો જ્યોતિષમાં ઘણીજ શ્રદ્ધા છે. જ્યોતિષના આધારે જ જીવન પણ જીવીએ છીએ અમને તો જ્યોતિષની વિદ્યા કુળ પરંપરાથી નાની ઉમરમાંજ ઘરમાંથી સંસારી પિતા અને દાદી માની પાસેથી મળેલ છે. અને પછી ગુરુ પાસેથી મળેલ છે. અમને જ્યોતિષે ઘણોજ ઉપકાર કર્યો છે. ઘણું જ રક્ષણ કર્યુ છે. જ્યાં ત્યાં ઘણી જ સાવધાની આપી છે. આથી અમેતો જ્યોતિષને સંપૂર્ણ મહાવિદ્યા માનીએ છીએ.

જ્યોતિષને જો કાઢી નાંખીએતો પૂરા વિશ્વનો વ્યવહાર બંધ થઈ જાય છે. જ્યોતિષ વિના કયાંય ચાલતું નથી કે ચાલવાનું નથી ત્રણે કાળમાં જ્યોતિષતો જીવતું હોય છે.

છઠ્ઠા આરામાં ધર્મનો લોપ થશે પણ જ્યોતિષનો લોપથવાનો નથી સૂર્ય ચંદ્રતો રહેવાનાજ છે. જ્યોતિષ અમર છે. અનાદિ અનંત છે, કાયમ માટે જ્યોતિષતો હોય જ છે. જ્યોતિષ સત્ય છે. કોઈ માને કે ન માને તો પણ જ્યોતિષનું કામતો ચાલુજ હોય છે.

દા.ત. : તિથિ, વાર, નક્ષત્ર, યોગ કરણ, સૂર્ય, ચંદ્ર, બાર રાશિ, શિયાળો, ઉનાળો, અને ચોમાસું વિગેરે ઋતુઓ જે છે તે સર્વે જ્યોતિષ છે. તેના વિના વિશ્વનો વ્યવહાર કેવી રીતે ચાલે ? ન જ ચાલે જયારે ગ્રહો પરમઉચ્ચના હોય છે. ત્યારે તિર્થંકરનો જન્મ થાય છે. માતા-પિતાની કુંડલીમાં ભગવાનના જન્મ પહેલાં જ ગ્રહો તિર્થંકરનો જન્મ થશે તે દેખાડે છે. પ્રથમ જ્યોતિષ ભવિષ્ય ભાખે પછી ભગવાનનો જન્મ થાય છે. જ્યોતિષ કહે છે કે જેના મનના પરિણામો નીર્મળ તેનું કલ્યાણ થાય છે. અને વિચારો અશુભ તેનું અકલ્યાણ થાય છે.

જ્યોતિષના પણ અનેક પ્રકારો હોય છે. તે માંથી ઘણા ખરા આ પુસ્તકમાં આપેલ છે. જે જાણવા જેવા છે. શીખવા જેવા છે. સમજવા જેવા છે. વળી સમજ પડે તેવી સરળ ભાષામાં આપેલ છે. મુનિ હરિપ્રભ વિજય મ.ને પ્રથમ અભ્યાસ કરાવેલ છે. અને પછી તેની ખુશાલી રૂપે પુસ્તક દ્વારા પ્રગટ કરેલ છે.

મુનિ હરિપ્રભને જ્યોતિષનો ઘણોજ ઊંડો અભ્યાસ કરાવ્યો છે. તો કાંઈ બગડી નથી ગયો ઉલટાનો જાહેરમાં એવો નિયમ કર્યો છે. કે ૪૨ વર્ષ અથવા ૪૫ આગમ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી સ્ત્રીઓની સામે જોવું નહિ અને તેમની સાથે વાત ચીત કરવી નહિ તેમાં સાધ્વીજી પણ આવી જાય છે. દુનિયાને ભુલી જઈને સતત જ્ઞાન ધ્યાન સાધના, આરાધના અને અભ્યાસમાં રોકાયેલ છે. તેમાંજ તેમને મજા પડે છે. બાકી હવે ખોટી વાતો વિકથાઓ કે એવી બીજી બીન જરૂરી વાતોમાં રસ નથી ભક્તકે ભક્તાણીનો મોહ નથી કે કોઈ પણ ક્ષેત્રને તાબે કરવાનો પણ મોહ નથી કંચન કામી નીનો સાચે સાચો ત્યાગ આવ્યો છે. જૈન ધર્મમાં સદાને માટે રક્તજ રહે છે. કોઈ પણ ને મંત્ર તંત્ર દોરા ધાગા કે હાથ જોવાનો બીલકુલ શોખ નથી ઉલટાનો એ વસ્તું કરવામાં કંટાળો આવે છે. જાણવાનો શોખ છે. પણ દોરા ધાગા કરવાનો શોખ નથી માટે તમો બધા સમજો કે જ્યોતિષ ખરાબ નથી કરતું ઉલટાનું ખરાબી સુધારે છે. મને પણ બીજાને જ્યોતિષ શીખવવાનો ઘણોજ શોખ હતો ઘણાને શીખવ્યું પણ ભાગ્ય વિના ખાસ કોઈને કામ ન લાગ્યું પણ મારું તો વારે વારે શીખવવાથી પાકું થયું છે તે મને ફાયદો થયો છે. અને આ મુનિ હરિપ્રભ વિજય મ. બાર વર્ષની ઉમરે દીક્ષા લીધી છે. ત્યારથી જ જ્યોતિષ નો અભ્યાસ શરૂ કરાવ્યો છે. આજે તો પૂરા સાત વર્ષ ઉપર વખત થઈ ગયો છે. હજી પણ બાર વર્ષ સુધી સતત જ્યોતિષનો અભ્યાસ કરાવવાની ભાવના છે. તે મુનિ જેટલો અભ્યાસ કરે તેટલું પુસ્તક સ્વરૂપે પ્રગટ કરવાની ભાવના છે.

આ પુસ્તકમાં જુદા જુદા ગ્રંથોમાંથી મુનિને અભ્યાસ કરાવીને પુસ્તક સ્વરૂપે પ્રગટ કરેલ છે. અગાઉ પણ એક કનક જૈન વિવિધ સંગ્રહ નામનું પુસ્તક બહાર પાડેલ છે. તેનો પણ અભ્યાસ કરાવીને ૬૧૬ પાનાનું પુસ્તક પ્રગટ કરેલ છે. જે સર્વે ને મહા ઉપયોગી છે. યાદ કરવા જેવું છે. અમારા ૪ બાળ મુનિઓને પણ અમો કંઠસ્થ કરાવીએ છીએ ભવિષ્યમાં પણ સાધુ માત્રને કનક જૈન વિવિધ સંગ્રહ નામનો ગ્રંથ કંઠસ્થ કરવાની અતિ જરૂર રહેશે અને જે તે ગ્રંથ કંઠસ્થ કરશે તે ક્યાંય જ્ઞાનની જાણ કારીમાં મુજવણ નહિ અનુભવે પણ હર્ષ પામશે એવીજ રીતે આ જ્યોતિષ સંગ્રહ પણ જે યાદ કરશે તે પણ મહાન બનશે.

વર્તમાન કાળમાં ઘણીજ જાણકારી માટે "કનક જૈન વિવિધ સંગ્રહ" અને

"શ્રી કનક જૈન જ્યોતિષ સંગ્રહ" યાદ કરવા જેવા છે અને કનકજૈન વિવિધ સંગ્રહ વિહારમાં પણ સાથે રાખવા જેવો છે. તેમાંથી ઘણી ખરી બાબતો મળી રહે છે.

આ બંને મહા ગ્રંથોમાં અતિજરૂરી મહાન બનવા માટેની સામગ્રી આપેલ છે. જેને મહાન જાણકાર થવાની ભાવના હોય તે સર્વે આ ગ્રંથનો અભ્યાસ કરીને મહાન બને સારા અને સજ્જન બને ગુણીયલ મહાધર્મી બનીને સંસાર સમુદ્રને ત્વરીત તરી જાય તેવી અતિતિવ્ર અમારી મહા ભાવના છે.

જ્યોતિષ સદાને માટે અમર રહો અને સદાને માટે આત્માને કલ્યાણનો માર્ગ દેખાડો. આત્માની શુ શુદ્ધિનું ભાન કરાવો. અમને ધર્મની સાથે જ્યોતિષ ફળ્યું છે. તમને સૌને પણ જ્યોતિષ સારી રીતે ફળ આપો.

સૌ કોઈ જ્યોતિષ ને શીખીને સન્માર્ગે વળે એવી શુભેચ્છા.

અમને જ્યોતિષ શીખવનારને અમો આ અવશરે યાદ કરીએ છીએ કે પ્રથમ તો અમારા સંસારી પિતાજી તથા અમારી સંસારી દાદીમાં જ્યોતિષ શીખવતા હતા. તે પછી અમારા ગુરુદેવ **પ.પૂ. આ. શ્રીકનક પ્રભ સૂરીશ્વરજી મ.સા.** તથા તે પછી વિરમગામના બ્રાહ્મણ ઉપરાંત છેલ્લે **પ.પૂ. આ. શ્રી કૈલાસ સાગર સુરીજીએ** જ્યોતિષનો સારો અભ્યાસ કરાવ્યો હતો. તે સર્વેનો અમો સદાને માટે ઉપકાર માનીએ છીએ **આચાર્યશ્રી કૈલાસ સાગર મ.સા.** મહાન ધ્યાની મહારાજા હતા. મંત્રની જાણકારી આપનાર અમારા ગુરુજી તથા **પ.પૂ. આચાર્યશ્રી શાંતિવિમળ સૂરિ** (હિમ્મતવિહાર, પાલીતાણા) તેમનો પણ અમો ઘણોજ ઉપકારમાનીએ છીએ. મારો સ્વભાવ સુધારનાર **પ.પૂ. આચાર્યશ્રી પદ્મસાગર સુરિ** તથા **પ.પૂ. આ. માનતુંગ સૂરિ** ને સદાવંદન તથા સુરેશ કુમાર બાલચંદ સંઘવી ભાભર, ખીમરાજજી સાગરમલજી સંઘવી સાચોર અને ખાસ સંજયકુમાર હીરાલાલ રોલીયા - (ભાભર) ની માતાએ પણ મારા સ્વભાવને સુધારવામાં ઘણીજ મદદ કરી છે. તેઓ શ્રીને પણ હુ ધન્યવાદ આપું છું.

અંતે વૈરાગ્યને આપનાર **પ.પૂ.આ. શ્રી રામચંદ્ર સૂરિ.** ત્યાગને આપનાર **પ.પૂ. ભુવનભાનુ સૂરિ** તથા વ્યાખ્યાનના પદાર્થો આપનાર **પ.પૂ. આચાર્યશ્રી રાજેન્દ્ર સૂરિ મ.સા.** (ડહેલાવાળા) ક્રીયા શુદ્ધી આપનાર **પ.પૂ. આ. શ્રી જિનપ્રભ સૂરિ** તથા **મુનિ રાજ શ્રી વારિષેણ વિજયજી મ.સા.**ને વારંવાર વંદના કરીએ છીએ.

મુનિકીર્તિપ્રભ વિજય.

આસો સુદ - ૬, રવિવાર - તા. ૨૭-૯-૯૮,

સ્થળ :- શ્રી ઝવેરીપાર્ક જૈન સંઘ અમદાવાદ.

# આર્થિક અનુદાતા

૧. પ.પૂ. આ ભગવંત શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.સા.ની ૬૬મી વર્ષગાંઠ ઉજવણી નિમિત્તે, મુ. થરા, આસો સુદ-૬ તા ૨૭-૯-૯૮.
૨. શ્રી ઝવેરીપાર્ક જૈન સંઘ - અમદાવાદ.
૩. હાડેચા શ્રી જૈન સંઘ - હાડેચા
૪. કંચનગૃપ - હાડેચા (મુંબઈ)
૫. માડકા શ્વે. મૂ. પૂ. શ્રી જૈન સંઘ મુ. માડકા (વાવ)
૬. ઢીમા શ્વે. મૂ. પૂ. શ્રી જૈન સંઘ મુ. ઢીમા (વાવ)
૭. ધરણીધર શ્વે. મૂ.પૂ. જૈન સંઘ - મુ. ઢીમા (વાવ)
૮. રામપુરા શ્વે. મૂ. પૂ. શ્રી જૈન સંઘ મુ. રામપુરા (થરાદ)
૯. શ્રી પેટલાદ જૈન સંઘ, મુ. પેટલાદ (ખેડા)
૧૦. શ્રી શાંતિનગર શ્વે. મૂ.પૂ. જૈન સંઘ- અમદાવાદ.
૧૧. શ્રી ધર્મચક્ર પ્રભાવક મંડળ - પેટલાદ
૧૨. શ્રી શાસન સમ્રાટ જૈન દહેરાસર પેઢી વડોદરા. હ. હસમુખભાઈ
૧૩. રમણલાલ વાડીલાલ શાહ કટોસણવાળા -અમદાવાદ.
૧૪. માવજી ટોમાજી વરસીતપ નિમિત્તે હ. ધેવરચંદ મુ. હાડેચા
૧૫. ઉકજી રૂપાજી મહેતા મુ. સાંચોર (રાજસ્થાન)
૧૬. આદિનાથ જૈન મહિલા મંડળ - મુ. હાડેચા (સાચોર)
૧૭. હીરાલાલ વાલચંદ ત્રિભોવનદાસ - માધપુરાવાળા - ગંજબજાર - ભાભર
૧૮. સીમરથમલજી નેમીચંદજી - અરણાયા - મુ. હાડેચા હા. મુંબઈ
૧૯. મથુબહેન કકલદાસ કપુરચંદ રોલીયા - મુ. ભાભર
૨૦. બાલચંદ મણીલાલ સંઘવી હ. સુરેશકુમાર મુ. ભાભર
૨૧. બાબુલાલજી વરધીચંદજી મહેતા હ. જડાબહેન, સાચોર
૨૨. રામચંદભાઈ ગમાનચંદભાઈ હ. મહાસુખભાઈ મુ. સવપુરા (થરાદ)
૨૩. જીતેન્દ્રકુમાર હેમરાજજી સાચોરવાળા હા. મુંબઈ
૨૪. ઘેવરચંદજી અનરાજજી બુર્ડ સાચોરવાળા હા. મુંબઈ
૨૫. પવનરાજજી હંસરાજજી બુર્ડ
૨૬. સગથાચંદજી જીતમલજી મહેતા મુ. માલસણ (વાવ, થરાદ)
૨૭. શાંતિલાલ હેમજીભાઈ મુ. વાવડી (વાવ, થરાદ)
૨૮. વાઘજીભાઈ હેમજીભાઈ મુ. વાવડી, માલસણ (વાવ, થરાદ)
૨૯. જયંતિભાઈ હેમજીભાઈ મુ. વાવડી (વાવ, થરાદ)

૩૦. દોશી ચુનીલાલ માણેકચંદજી મુ. વાવડી, (વાવ, થરાદ)
૩૧. દોશી દેવચંદ માણેકચંદ મુ. માલસણ (વાવ, થરાદ)
૩૨. મોદી માણેકચંદજી રતનસીભાઈ પરિવાર હ. રજનીભાઈ - ભાભર
૩૩. હસમુખલાલ લહેરચંદ તારાચંદજી ગરાંમડીવાળાં - ભાભર
૩૪. અરવિંદભાઈ ભોગીલાલ ગાંધી - મુ. ભાભર
૩૫. ભુરાલાલ દેવસીભાઈ વહોરા મુ. ભાભર હ. પ્રકાશ
૩૬. કાળીદાસ ભીખાલાલ ભરડવાવાળા મુ. ભાભર
૩૭. ચંદુલાલ રાયચંદભાઈ વીરમગામ વાળા હાલ- અમદાવાદ હ. દિપકભાઈ
૩૮. કેતનકુમાર મનુભાઈ - દસાડાવાળા
૩૯. રાજેશકુમાર વિનુભાઈ - દસાડાવાળા
૪૦. મીલનકુમાર વિનુભાઈ - દસાડાવાળા
૪૧. બિપીનકુમાર અંબાલાલ શાહ - પેટલાદવાળા
૪૨. પ્રદિપભાઈ સી. શાહ, ઝવેરીપાર્ક - અમદાવાદ.
૪૩. વિનોદભાઈ સી. શાહ, ઝવેરીપાર્ક - અમદાવાદ.
૪૪. ભુપેન્દ્રભાઈ રતીલાલ શાહ (માસ્તર) - ઝવેરીપાર્ક, અમદાવાદ.
૪૫. બાબુલાલ મણીલાલ શાહ - નારણપુરા -ઝવેરીપાર્ક, અમદાવાદ.
૪૬. યશવંતલાલ મણીલાલ શાહ - ઝવેરીપાર્ક - નારણપુરા - અમદાવાદ.
૪૭. શ્રી રમણલાલ ગોકળદાસ સંઘવી (બહીયલવાળા) અમદાવાદ.
૪૮. નગરાજ કસ્તુરચંદજી જૈન - પ્રતાપનગર - વડોદરા.
૪૯. દોશી પારસમલ દલીચંદજી હાડેચાવાળા - વડોદરા
૫૦. ડો. વિક્રમકુમાર શાંતિલાલ શાહ - નવાવાડજ - ઝવેરીપાર્ક, અમદાવાદ.
૫૧. વિરેન્દ્રભાઈ એન્ડ પ્રવિણભાઈ સી. શાહ - ચિ. આરતીની અઠ્ઠાઈ નિમિત્તે કીરણપાર્ક - નવાવાડજ - ઝવેરીપાર્ક, અમદાવાદ.
૫૨. સુરેશકુમાર બાબુલાલ શાહ કીરણપાર્ક - નવાવડજ - ઝવેરીપાર્ક, અમદાવાદ.
૫૩. રોહીતકુમાર રતીલાલ શાહ - વિજયનગર રોડ - ઝવેરીપાર્ક, અમદાવાદ.
૫૪. શેઠ શ્રી ચંપકલાલ ભીખાલાલ વડસ્માવાળા - ઝવેરીપાર્ક, નારણપુરા.
૫૫. શેઠ પ્રકાશચંદ્ર આત્મારામ કલોલવાળા - ઝવેરીપાર્ક, નારણપુરા - અમદાવાદ.
૫૬. મનુભાઈ બબલદાસ શાહ - માંકણજવાળા - ચિ. મનીષની અઠ્ઠાઈ નિમિત્તે - ઝવેરીપાર્ક - અમદાવાદ.
૫૭. અમુલખભાઈ ચંદુલાલ શાહ - ઝવેરીપાર્ક, અમદાવાદ.
૫૮. સ્વ. માનમલજી હેમાજી વખેયારી હાડેચાવાળા - અમદાવાદ.
૫૯. પુષ્પાબહેન પ્રવિણચંદ્ર શાહ - ઉસ્માનપુરા -ઝવેરીપાર્ક, અમદાવાદ.

૬૦. રમણલાલ ડાહ્યાલાલ ઝવેરીપાર્ક - અમદાવાદ.
૬૧. રમેશભાઈ કાન્તિભાઈ ઝવેરીપાર્ક - અમદાવાદ.
૬૨. મહેશકુમાર ફકીરચંદ મહેતા - શાંતિનગર - અમદાવાદ.
૬૩. સુખલાલભાઈ શનાલાલ શાહ - વડોદરા (નિઝામપુરા)
૬૪. જીતેશભાઈ જયંતિલાલ મોદી - વડોદરા (નિઝામપુરા)
૬૫ ચંપકભાઈ રતિલાલ શાહ - વડોદરા (નિઝામપુરા)
૬૬. છગનલાલ ફુલચંદ શાહ પરિવાર - વડોદરા (નિઝામપુરા)
૬૭. ઉગરચંદ કાળીદાસ શાહ - વડોદરા (નિઝામપુરા)
૬૮. જવાહરભાઈ (નિઝામપુરા)
૬૯. જેસિંગભાઈ બાદરમલ પરીખ - વડોદરા (નિઝામપુરા)
૭૦. વિનોદભાઈ સોભાગચંદ શાહ - વડોદરા (નિઝામપુરા)
૭૧. રજનીકાંતભાઈ પોપટલાલ શાહ - વડોદરા (નિઝામપુરા)
૭૨. રજનીભાઈ ચંપકલાલ શાહ - વડોદરા (નિઝામપુરા)
૭૩. નિરંજનભાઈ ઠાકોરલાલ શાહ - વડોદરા (નિઝામપુરા)
૭૪. કાંતિલાલ નગીનદાસ શાહ - વડોદરા(નિઝામપુરા)
૭૫. કુમારપાળ ચીમનલાલ શાહ - વડોદરા (નિઝામપુરા)
૭૬. વિનોદભાઈ જે. દોશી - વડોદરા (નિઝામપુરા)
૭૭. હસમુખભાઈ મોહનલાલ શાહ - વડોદરા (નિઝામપુરા)
૭૮. અનિલકુમાર હીરાલાલ શાહ - વડોદરા (નિઝામપુરા)
૭૯. ઉત્તમભાઈ નાથાલાલ શાહ - વડોદરા (નિઝામપુરા)
૮૦. જશવંતભાઈ મગનલાલ કાપડીયા - વડોદરા (નિઝામપુરા)
૮૧. રમેશભાઈ શાંતિલાલ શાહ - વડોદરા (નિઝામપુરા)
૮૨. જશવંતભાઈ એમ. મહેતા - વડોદરા (નિઝામપુરા)
૮૩. મહેન્દ્રભાઈ નરોત્તમદાસ શાહ - વડોદરા (નિઝામપુરા)
૮૪. પ્રફુલ્લભાઈ પી. મહેતા - વડોદરા (નિઝામપુરા)
૮૫. હેમાબેન નરેન્દ્રભાઈ શાહ - વડોદરા (નિઝામપુરા)
૮૬. સુવર્ણાબેન ભરતભાઈ શાહ - વડોદરા (નિઝામપુરા)
૮૭. અરૂણાબેન પ્રકાશભાઈ શાહ - વડોદરા (નિઝામપુરા)
૮૮. ગુણવંતીબેન નટવરલાલ શાહ - વડોદરા (નિઝામપુરા)
૮૯. ચંદ્રકાંતાબેન (વનલીલાબેન) - વડોદરા (નિઝામપુરા)
૯૦. હંસાબેન પ્રકાશભાઈ નાણાવટી - વડોદરા (નિઝામપુરા)
૯૧. કલાબેન - ઉમેટાવાળા - વડોદરા (નિઝામપુરા)

૯૨. વિમળાબેન એમ. ભણશાલી - વડોદરા (નિઝામપુરા)
૯૩. પૂર્ણિમાબેન મનોજભાઈ શાહ - વડોદરા (નિઝામપુરા)
૯૪. મનુબેન મફતલાલ શાહ - વડોદરા (નિઝામપુરા)
૯૫. ઉષાબેન ઈંદ્રવદનભાઈ શાહ - વડોદરા (નિઝામપુરા)
૯૬. અમિતાબેન શૈલેષભાઈ શાહ - વડોદરા (નિઝામપુરા)
૯૭. રસીલાબેન પ્રવિણભાઈ શાહ - વડોદરા (નિઝામપુરા)
૯૮. મધુબેન મુકુંદભાઈ ભાવસાર - વડોદરા (નિઝામપુરા)
૯૯. દમયંતિબેન ચંદુલાલ શાહ - વડોદરા (નિઝામપુરા)
૧૦૦. પ્રેમાબેન મહેન્દ્રભાઈ શાહ - વડોદરા (નિઝામપુરા)
૧૦૧. સરોજબેન મહેન્દ્રભાઈ શાહ - વડોદરા (નિઝામપુરા)
૧૦૨. શ્રી રોનક જયવદનભાઈ શાહ - નિઝામપુરા, વડોદરા.
૧૦૩. શ્રી પરાગ વિનોદભાઈ દોશી - નિઝામપુરા, વડોદરા.
૧૦૪. શ્રી હર્ષલ અનીલભાઈ શાહ - જયપ્રકાશ, વડોદરા.
૧૦૫. શ્રી વિલેશકુમાર પ્રથ્થુભાઈ શાહ - નિઝામપુરા, વડોદરા.
૧૦૬. રમણલાલ રીખવચંદ શાહ - ગણેશપુરાવાળા
૧૦૭. કોરડીયા મફતલાલ નાગરદાસ હ. અમૃતલાલ, મુ. આંતરોલ
૧૦૮. કુમુદચંદ ડાહ્યાલાલ વરસોડાવાળા - સાબરમતી - રામનગર - અમદાવાદ.
૧૦૯. જીતેન્દ્રકુમાર છબીલદાસ શાહ, વરસોડાવાળા - સાબરમતી - અમદાવાદ.
૧૧૦. તારાચંદભાઈ ભલાજી કીરણનગર, શાહપુર - અમદાવાદ.
૧૧૧. મહેન્દ્રકુમાર નાનજીભાઈ મુ. કુકણા
૧૧૨. શેઠ શ્રી ચુનીલાલજી કપુરચંદ સંઘવી - યુવરાજ હોટલવાળા - વડોદરા.
૧૧૩. શ્રી ભૂપેશકુમાર જીતુભાઈ મોદી - નિઝામપુરા, વડોદરા - ૨
૧૧૪. શ્રી પારસમલ રૂગનાથ મલ જૈન - સાચોરવાળા (હા. વડોદરા)
૧૧૫. શ્રી રમણલાલ કેશવલાલ પરીખ - મામાની પોળ, વડોદરા.
૧૧૬. શ્રી કોઠીપોળ જૈન સંઘ (વડોદરા)
૧૧૭. આશમલજી ગણેશમલજી જૈન સાચોરવાળા (મુંબઈ)
૧૧૮. શ્રી પારસમલજી ભગજી કાનુગો - સાચોરવાળા (વડોદરા)
૧૧૯. શ્રી પારસમલજી વાઘજી જૈન - સાચોરવાળા (વડોદરા)
૧૨૦. શ્રી પુખરાજજી પીરાજી દોશી - સાચોરવાળા (વડોદરા)
૧૨૧. શ્રી સાગરમલજી દૂદાજી સંઘવી - સાંચોરવાળા (વડોદરા)
૧૨૨. શ્રી ઘેવરચંદજી ગુમાનમલજી દોશી - હાડેચાવાળા (વડોદરા)
૧૨૩. શ્રી ચંપકલાલ કાળુજી જૈન - ઝાબવાળા (વડોદરા)

૧૨૪. શ્રી સુમેરમલજી ભગજી જૈન - સાચોરવાળા (વડોદરા)
૧૨૫. શ્રી પવનકુમાર વચ્છરાજજી બોકડીયા - સાચોરવાળા (વડોદરા)
૧૨૬. શ્રી બાબુભાઈ પદ્માજી શાહ - સાચોરવાળા (વડોદરા)
૧૨૭. શ્રી હરખચંદભાઈ અચલાજી શાહ - સાચોરવાળા (વડોદરા)
૧૨૮. શ્રી મીલાપચંદજી કલજી શાહ - સાચોરવાળા (વડોદરા)
૧૨૯. શ્રી જયેશકુમાર વરધીચંદજી શાહ - સાચોરવાળા (વડોદરા)
૧૩૦. શ્રી ગોવિંદકુમાર સોહનલાલજી શાહ - સાચોરવાળા (વડોદરા)
૧૩૧. શ્રી જયંતિલાલ ગુમાનમલજી શાહ - સાચોરવાળા, વડોદરા.
૧૩૨. શ્રી પારસમલજી સરદારમલજી જૈન - સાચોરવાળા, વડોદરા.
૧૩૩. શ્રી ઓખરાજજી બોકડિયા - સાચોરવાળા, વડોદરા.
૧૩૪. શ્રી બાબુલાલજી દલિચંદજી દોશી - હાડેચા વાળા, વડોદરા.
૧૩૫. શ્રી મીશ્રીમલજી તેજમલજી શાહ - નેનાવાવાળા, વડોદરા.
૧૩૬. શ્રી સુરજમલજી ચેલાજીચંદન - હં. પ્રકાશ સાચોરવાળા, વડોદરા.
૧૩૭. શ્રી રમેશકુમાર દીપાજી મહેતા - સાચોરવાળા, વડોદરા.
૧૩૮. શ્રી કાન્તિલાલ જી. જીવાજી ભણસાલી - ઝાબવાળા, વડોદરા.
૧૩૯. શ્રી ઘેવરચંદ અચલાજી જૈન - સાચોરવાળા, વડોદરા.
૧૪૦. શ્રી જયંતિલાલ મદરૂપજી જૈન - સાચોરવાળા, વડોદરા.
૧૪૧. શ્રી માંગીલાલ અચલાજી જૈન - સાચોરવાળા, વડોદરા.
૧૪૨. શ્રી શંકરકુમાર દીપાજી મહેતા - સાંચોરવાળા, વડોદરા.
૧૪૩. શ્રી ચંપાલાલ મિશ્રીમલજી ચંદન - સાચોરવાળા, વડોદરા.
૧૪૪. શ્રી જીવરાજજી ઉકાજી જૈન - સાચોરવાળા, વડોદરા.
૧૪૫. શ્રી કેતનકુમાર કુમુદભાઈ શાહ - અમદાવાદ.
૧૪૬. શ્રી મહેન્દ્ર કુમાર - સાચોરવાળા - વડોદરા.
૧૪૭. મણીબેન ભાયચંદ દોશી પરીવાર - મલાડ (પશ્ચિમ) - મુંબઈ.
૧૪૮. શાહ કાંતિલાલ છગનલાલ - મલાડ (પૂર્વ) - મુંબઈ
૧૪૯. કંચનબેન ઠાકોરલાલ - મલાડ (પૂર્વ) - મુંબઈ
૧૫૦. મહેશ મુક્તિલાલ કોઠારી - મલાડ (પૂર્વ) - મુંબઈ
૧૫૧. વિજયકુમાર કે. શાહ - મુંબઈ
૧૫૨. સૂર્યકાંત શાંતિલાલ શાહ - (ગોરેગાવ) વેસ્ટ-મુંબઈ
૧૫૩. શ્રીમતિ પુષ્પાબેન છોટાલાલ શાહ - (અંધેરી) મુંબઈ
૧૫૪. ચુનીલાલ દુદાજી - હાડેચાવાળા (હા. મુંબઈ)
૧૫૫. મફતલાલ સંઘવી - હાડેચાવાળા (હા. મુંબઈ)
૧૫૬. મોતીલાલ મન્જાજી શાહ - દાંતરાઈવાળા - ઝવેરીપાર્ક

# શુદ્ધિ પત્રક

(પાના નં.-૧૮ મુદ્રણ દોષ નીચે મુજબ વાંચો)

## સ્ત્રી સંતાન મંત્ર - યંત્ર

ઋદ્ધિ-ૐ હ્રીં અર્હં નમો વિપ્પોસહિ પત્તાણં

મંત્ર-ૐ હ્રીં કલિકુન્ડ દન્ડસ્વામિન્ આગચ્છ આગચ્છ આત્મ મંત્રાન્ આકર્ષય આકર્ષય આત્મમંત્રાન્ રક્ષ રક્ષ પર મંત્રાન્ છિન્દ છિન્દ મમ સમીહિતં કુરુ કુરુ સ્વાહા ॥



| નંબર | પાનું | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૩૯ | ૯૮ | ૨ | પુરપ | પુરય |
| ૪૩ | ૧૦૧ | ૧૨ | પદ્મહ્રદ | પદ્મદ્રહ |
| ૪૫ | ૧૦૪ | ૫ | કુંકમ | કુંકુમ્ |
| ૪૬ | ૧૦૮ | ૭ | પોતાવી | પોતાની |

**દૈવીક ટેલિફોન (મંત્ર)**

જેમ દૂર રહેલી વ્યક્તિને સમાચાર ફોન દ્વારા અપાય છે, તેમ મંત્ર પણ એક પ્રકારનો દેવને સમાચાર આપવાનો ફોન છે. દેવ અધિષ્ઠિત મંત્ર તથા દેવી અધિષ્ઠિત વિદ્યા કહેવાય છે. જે વ્યક્તિમાં સદાચાર, શીલ, સત્ય, પવિત્રતા, એકાગ્રતા આદિ ગુણો હોય તેને મંત્રાદિ સારૂં ફળ આપે છે. મંત્રાદિકનો દુરુપયોગ કરવો ના જોઈએ.

*મુનિ હેમપ્રભ વિજય*




મુદ્રક : નવનીત પ્રિન્ટર્સ ફોન : ૫૬૨ ૫૩ ૨૬